શ્રીયુત જુગલકિશોરજીને

સપ્રેમ ભેટ

મોહનલાલ દલીચંદ દેસાઈ

૧૨-૮-૨૫

જૈન ગૂર્જર કવિઓ.

પ્રથમ ભાગ.

[વિક્રમ તેરમા શતકથી તે સત્તરમા શતક સુધીના ગૂજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી.]

'જૂની ગુજરાતી ભાષાના ઇતિહાસ'ની વિસ્તૃત પ્રસ્તાવના સમેત,

સંગ્રાહક અને સંપ્રયોજક.

મોહનલાલ દલીચંદ દેશાઇ.

બી. એ. એલ્. એલ્. બી.

વકીલ હાઇકૉર્ટ, **મુંબઈ.**

[જૈન રાસમાળા પુરવણી, જૈન ઐતિહાસિક રાસમાળા, જિનદેવદર્શન, સામાયિકસૂત્ર, જૈન કાવ્ય પ્રવેશ, નયકર્ણિકા આદિના લેખક-વિવેચક, વિવેકાનંદના પત્રોના અનુવાદક, ગત 'જૈન શ્વે૦ કૉન્ફરન્સ હેરૅલ્ડ' અને ચાલુ 'જૈનયુગ'ના તંત્રી.]

વિ. સં. ૧૯૮૨ વીરાત્ સં. ૨૪૫૨ ઈ. સ. ૧૯૨૬

કિંમત પાંચ રૂપીઆ.

નિવેદન.

શ્રીમતી જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે મૂળથી પ્રયાસો થયા છે અને તેને અંગે તેણે જૂદા જૂદા ભંડારો-માંના ગ્રંથોની ટીપો કરાવી યા મંગાવી એકત્રિત કરી હતી. સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય માટેની સૂચિ 'જૈન ગ્રંથાવલી' એ નામથી તેણે પ્રકટ કરી છે તે પરથી ઘણો પ્રકાશ પડયો છે.

વિશેષમાં તેણે ગૂજરાતી યા ભાષા સાહિત્યમાટે રા. મનઃસુખલાલ કિરતુચંદ મહેતાએ પ્રયોજેલી રાસાઓની યાદી-ટીપ 'જૈન રાસમાળા' એ નામથી પ્રકટ કરી અને ત્યાર પછી તેમાં ન આવેલ એવા બીજા રાસાઓ-ચોપાઇઓની વધુ ટીપ મેં તૈયાર કરેલી તે 'જૈન રાસમાળાની પૂરવણી' એ નામથી પ્રકટ કરી હતી. આ બન્ને ટીપમાં નાની ભાષા પદ્ય કૃતિઓ-સ્તવન સઝાય સ્તોત્રાદિ તેમજ ગદ્યકૃતિઓ-બાળાવબોધોની સૂચિ આવેલી નથી. શ્રીમતી કૉન્ફરન્સ દેવીએ આ રીતે જૈન રાસમાળાના બે ભાગ ટીપ તરીકે પ્રકટ કરી ગૂર્જર સાહિત્યમાં જૈનોનો મોટો ફાળો હતો એવો ખ્યાલ આપ્યો હતો તે માટે તેને ધન્યવાદ ઘટે છે.

આ ખ્યાલ માત્ર સપાટીપરનો નહિ, પણ ખરેખરો સાચો અને પ્રમાણપૂર્વક આવી શકે તે માટે દરેક રાસ-ચોપાઈ, ફાગ, ઢાળ, સ્તવન, સ્તુતિ, ચોવીશી તેમજ અન્ય પદ્ય કૃતિના રચનારને શબ્દાનુક્રમે લઇને તે દરેકની કૃતિઓનું વિગતવાર વર્ણનાત્મક 'લિસ્ટ'-સૂચી, તેનો પરિચય, તેનો સમય અને કૃતિઓ સંબંધીની માહિતી દરેક ભંડારોની ટીપો મળી તે પરથી-પણ વિશેષે ભંડારોમાંની પ્રતોને જાતે તપાસી તેમાંથી તેના આદિ અને અંતના ભાગો લેખકની પ્રશસ્તિ વગેરે ઉતારી લઈ તે ફેરિસ્ત એક પુસ્તકાકારે પ્રકટ કરાવવા માટે હું એક સંગ્રાહક તરીકે માત્ર પ્રીતિશ્રમની ખાતર આજથી આશરે પંદર વર્ષથી તે માટેનો સંગ્રહ કરતો આવ્યો છું.

આ સર્વ સંગ્રહ કરવામાં અથાગ પરિશ્રમ, પ્રતો જોવા તપાસવામાં ને તેમાંથી ઉતારા કરવામાં પુષ્કળ સમયનો વ્યય મેં એક ' ધૂળધોયા ' તરીકે આનંદથી ભોગવ્યો છે. આ સંગ્રહ માટે બીજા સજ્જનો પૈકી મુનિમહારાજો, ભંડારના માલેકો-સંઘો યા સંઘના શેઠો-વિદ્વાનોએ પ્રતો જોવા માટે થોડા સમય માટે મોકલવા રૂપે તેમજ જોઇ જવા માટે સગવડ કરી આપવા રૂપે તેમજ જૂદી જૂદી સહાય અને સલાહરૂપે ટુંકમાં આ સંગ્રહ માટે જે જે અપેક્ષાઓ રહેતી તે પૂરી પાડવા રૂપે કૃપા બતાવી છે તે માટે તે દરેકનો ખરેખર મારાપર, સમાજપર અને સાહિત્યપર ઉપકાર થયો છે.

પહેલાં પ્રથમ જે મુદ્રિત રાસાઓ આદિ બહાર પડેલા તે એકઠા કરી તેમાંથી તેમજ કૉન્ફરન્સ પાસેની આવેલી ટીપો પરથી તૈયાર કરેલી સૂચિઓ પરથી, હકીકત નોંધી લીધી. પછી મેં જાતે પ્રવાસ શરૂ કર્યો. વડોદરા અને અમદાવાદ જઈ આવ્યો. વડોદરામાં પૂજ્ય પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી, મુનિમહારાજ શ્રી ચતુરવિજય-જિનવિજયાદિએ સર્વ પુસ્તકો જોવાની સગવડતા કરી આપી હતી, પરંતુ થોડા દિવસના ફાજલપણાથી પૂરૂં કામ નહોતું થયું તેથી મુનિશ્રી જિનવિજયજીએ પ્રશસ્તિઓ લખી લખાવી મને મોકલાવી આપી હતી. અમદાવાદમાં મુરબ્બી ભાઇશ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલની ભલામણથી મુનિ શ્રી ગુલાબવિજયજીએ કેટલાક રાસોની પ્રતો જોવા આપી હતી તેમાંથી પ્રશસ્તિઓ તેમની પાસેજ રહી કેટલાક દિવસો અખંડપણે ચાર ચાર કલાકો ગાળી લખી લીધી હતી. સને ૧૯૧૫ માં ઉક્ત પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજીએ મારી દ્વારા સુરતની ગૂજરાતી સાહિત્યપરિષદના પ્રદર્શનમાં લગભગ સવાસો ઉપરાંત પ્રતો મોકલી હતી તેનો ઉપયોગ પણ કર્યો. આ વખત સુધી છેવટની પ્રશસ્તિજ નોંધવાનું લક્ષ રહ્યું હતું. ભાવનગર સંઘ તરફથી મુરબ્બી શ્રી કુંવરજી આણંદજીએ પંદર રાસની પ્રતો મોકલાવી હતી. ત્યાર પછી કૉન્ફરન્સદ્વારા બીજા કેટલાક સંઘોને પ્રતો ઉછીની મોકલવા માટે વિનંતિપત્ર લખતાં મોરબીના સંઘ તરફથી કાનજી સંઘ-

થીએ, ગારીઆધરના સંઘે, ધોરાજીમાંના માણેકચંદજીના સંગ્રહીત ભંડારના સેક્રેટરી રા. વનેચંદ પોપટે, ભરૂચના સંઘ તરફથી શેઠ અનોપચંદ મલુકચંદે પ્રતો મોકલાવી હતી. આ બધી પ્રતો જોવાઇ ગયા પછી તે તે સ્થળે મોકલાવી દીધી, પછી અમૃતસર કોંગ્રેસથી આવતાં આગ્રામાં શ્રીયુત દાલચંદજીદ્વારા ત્યાંની અમુક કૃતિઓ મેં જોઇ તપાસી.

સન ૧૯૨૧ માં અકટોબરની છુટીમાં લીંબડીનો મોટો ભંડાર હું જાતે જઈ જોઇ આવ્યો, અને ત્યાં રા. છોટાલાલ હરજીવન પારેખ અને રા. કેશવલાલ લગડીએ સારી મદદ તથા સગવડ મને કરી આપેલી. સન ૧૯૨૩-૨૪ માં પૂનામાં જઈ, મુંબઈસરકારે ખરીદેલી હસ્તલિખિત પ્રતોનો જે સંગ્રહ પહેલાં ડેકકન કૉલેજના મકાનમાં રાખેલો હતો ને પછી સર ભાંડારકર ઇન્સ્ટિટયૂટમાં લઈ જવામાં આવેલો છે તે ત્યાંથી સાક્ષર મુનિશ્રી જિનવિજયજીદ્વારા જોઈ આવ્યો; તેમજ તે મુનિશ્રીએ પાટણના હાલાભાઇ ભંડાર ને સાગર ભંડારમાંના પુસ્તકોની પ્રશસ્તિઓ પોતે ઉતારેલી હતી તે પૂરી પાડી. આ દરમ્યાન વિજયધર્મસૂરિનું ચોમાસું મુંબઇમાં થતાં તેમના પ્રસિદ્ધ શિષ્યો મુનિશ્રી ઇંદ્રવિજયજી તથા મુનિશ્રી વિદ્યાવિજયજીને મેં મારો સંગ્રહ જોવા આપ્યો, અને તેઓશ્રીએ પછી કૃપા કરી પોતાની પાસે તે વખતે જે હસ્તલિખિત પ્રતો હતી તે અને તે ઉપરાંત પંડિત હરગોવિન્દદાસ પાસે ઇડરની બાઇઓનો ભંડાર તથા ઉદયપુરના ભંડારોમાંનાં પુસ્તકોમાંથી તૈયાર કરાવેલ પ્રશસ્તિસંગ્રહ-મને જોવા આપતાં તેનો ઉપયોગ કર્યો. રાજકોટ શ્રી પૂજ્યના અપાસરામાં યતિ નાનચંદ્રજીએ પોતાની પાસેનાં પુસ્તકો બતાવ્યાં.

આ પછી ૧૯૨૪ ના સપ્ટેમ્બરથી આ પુસ્તક અમદાવાદના ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવા ગયું. તેના માલિકના સુપુત્ર રા. પોપટભાઇએ જે મહેનત લીધી છે તે પ્રશંસનીય છે ને તે માટે તેમનો ઉપકાર છે. આ પુસ્તક છપાતું ગયું અને સાથે સાથે બીજા ભંડારોની તેમજ અન્યત્ર જોવા મળ્યે જતી હસ્તલિખિત પ્રતોમાંથી વિશેષ નોંધ કરવાનું પણ ચાલુ રાખવામાં આવ્યું.

મુંબઈમાં માંડવી પરના શ્રી અનંતનાથજી મંદિરના ભંડાર હા. મેનેજર માસ્તર ખીમજી હીરજી લોડાયા, જૈન એસોસિએશન ઑફ ઇંડિયા તથા શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરી હસ્તકનો ભંડાર, સ્વ. યતિ નાનચંદજીના શિષ્ય મોહનલાલજી પાસેનો મુંબઈમાં પાયધુની પરના શ્રી શાંતિનાથજી મંદિરમાં રાખેલ સંગ્રહ તેમજ મુંબઇનો ભુલેશ્વરમાંનો દિગંબર પન્નાલાલ ઐલક સરસ્વતી ભુવનનો સંગ્રહ જોવા મળ્યા. શેઠ જીવણચંદ સાકરચંદે શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર લાયબ્રેરી સુરતથી પ્રતો મંગાવી આપી; જાલોરથી મુનિશ્રી કલ્યાણવિજયજીએ રદ્દી જેવાં છૂટક પાનાંઓ મોકલ્યાં. રાજકોટના દેરાસરમાં પણ તેવાં પાનાંઓ જોવા મળ્યાં.

વિશેષમાં ખાસ નોંધી રાખવા યોગ્ય ઉપયોગી સંગ્રહ ગત વર્ષ એટલે સન ૧૯૨૫ માં જોવા મળ્યા. તે વર્ષની મેની છુટીમાં હું વડોદરા ગયો હતો ને ત્યાં પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીના પ્રીતિપૂર્વક સહકારથી પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજીનો, મુનિશ્રી હંસવિજયજીનો, અને વડોદરા સરકારની સેંટ્રલ લાયબ્રેરીનો—એ ત્રણ સંગ્રહમાંનાં ભાષા—પુસ્તકો જોવા મળ્યાં; અને અકટોબરની છુટીમાં અમદાવાદ ગયો હતો ત્યાં વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીના તેવાજ પ્રીતિપૂર્વક સહકારથી ડેહલાના અપાસરાના ભંડારો જોવાની સુંદર તક મળી હતી તેમજ ત્યાંની જૈન શાલાનો નાનો ભંડાર પણ જોયો.

ત્યારપછી આ વર્ષના એપ્રિલ માસમાં મુંબાઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાનમાં ભરાયેલ આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌ના અંગેના પ્રદર્શનમાં મૂકવા માટે મેં 'જૈનયુગ'ના તંત્રી તરીકે જૈન હસ્તલિખિત ભાષાનાં પુસ્તકો સર્વે સંઘ, સાધુ, યતિ તેમજ ગૃહસ્થોને વિનતિ[1] કરતાં આવેલાં પુસ્તકો પૈકી ખાનગામવાળા યતિવર્ય શ્રી બાલચંદ્રજીએ, મુંબઈના કચ્છી ગૃહસ્થ શા. વર્ધમાન રામજીએ તેમજ સુરતથી રા.

---

૧. જુઓ જૈનયુગ સં. ૧૯૮૨ ના માઘનો અંક. પૃષ્ઠ ૨૦૭.

લક્ષ્મીચંદ સુખલાલે મોકલેલાં પુસ્તકોને પણ જોવાનો લાભ મળ્યો. મુંબઇ-ની વિલ્સન કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર વેલનકર કે જેઓ સર્વે જૈન પુસ્તકોનું અંગ્રેજીમાં વર્ણનાત્મક કેટલોગ તૈયાર કરે છે તે પૈકી ભાષા–પુસ્તકોની તેમની નોંધો રા. કેશવલાલ પ્રેમચંદ મોદી દ્વારા મળી તેનો અને સીનોર ભંડારમાંનાં પુસ્તકોના આદિ અંત ભાગો મુનિશ્રી અમરવિજ-યજીએ પોતાના વિદ્વાન્ શિષ્ય મુનિ ચતુરવિજય પાસે લખાવી મોકલ્યા તેનો પણ લાભ લીધો. વળી આ વર્ષના મેની છુટીમાં રાજકોટમાં રા. ગોકુળદાસ નાનજી ગાંધી હસ્તકનો મુનિ વિનયવિજયજીનો પુસ્તકભંડાર પણ જોવાની તક મળી હતી.

આ સર્વેમાંથી આ પુસ્તકને ઉપયોગી જે જે મળ્યું તે નોંધી લીધું છે અને આ પુસ્તક છપાતું હતું તેથી તેમાં જેટલું ન આવી શક્યું તેટલું આ પુસ્તકના બીજા ભાગના પરિશિષ્ટમાં મૂકવામાં આવશે. આનું દળ પણ ઘણું સારૂં થયું છે. ટુંકામાં આ પુસ્તકને જેટલું બને તેટલું સંપૂર્ણ કરવાની દરેક જાતની સાવધાની અને મ્હેનત લેવામાં આવી છે અને આવશે.

અનેકની મદદથી આ પુસ્તકમાંનો સંગ્રહ એકત્રિત કરી શક્યો છું અને તેથી તેના યશના ભાગી તે સર્વ સજ્જનોને લેખું છું અને તેમનો દરેકનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું. આવા મહાભારત સંગ્રહ કાર્યમાં એકલપડે એક સાહિત્યસેવક બીજાઓની સહાય સામગ્રી વગર વિશેષ ન કરી શકે એ સ્વાભાવિક છે. એ સર્વ સત્પુરૂષોનો મારા પ્રત્યેના તેમના સદ્‌ભાવભર્યા પ્રેમ અને વર્ત્તન માટે હું ઋણી છું. એમનું અનુકરણ કરી અન્ય મહાશયો આવા સાહિત્યના કાર્યમાં પોતાથી બની શકે તે સહાય આપી સાહિત્યના ઉદ્ધારના પવિત્ર કાર્યમાં નિમિત્તભૂત બનશે. આવો સંગ્રહ ગમે તેટલી મહેનત છતાં સંપૂર્ણ બની શકે નહિ; છતાં તેને બને તેટલો સંપૂર્ણ કરવાની અને તે માટે સામગ્રી પૂરી પાડવાની દરેક સાહિત્યોત્કર્ષકચિંતકની ફરજ છે. હજુ તો ઘણા ભંડારો જોવા બાકી છે. રાજપુતાનામાં જેસલમેર, વીકાનેર, જોધપુર,

આદિ, ને ગૂજરાતમાં પાટણ, ખંભાત, અમદાવાદ આદિ તેમજ અન્ય જૂદા જૂદા ગામોમાં ત્યાં ત્યાંના સંઘહસ્તકના, કેટલાક યતિવર્યો અને શ્રીપૂજ્યો પાસેના, સંવેગી મુનિ મહારાજાઓ પાસેના ભંડારો છે (કે જેની ટીપ માટે જુઓ 'મુદ્રિત જૈનગ્રંથ નામાવલિ' એ પુસ્તકના પ્રથમના પૃ. LV થી LXII પર જ્ઞાન-પુસ્તક ભંડારો.) તેમને મારી ખાસ વિનંતિ છે કે પોતાની પાસેનાં પુસ્તકો જોવા તપાસવાની સગવડ કરી આપવા તેઓ કૃપાવંત થાય.

પહેલાં આ સંગ્રહનું નામ 'જૈન દેશી કવિ **નામાવલિ**'—જૈન કવિ નામાવલિ આપવાનું મેં ધાર્યું હતું અને આ સંબંધીનો ઉલ્લેખ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડ'ના ફેબ્રુઆરી ૧૯૧૭ ના (માઘ સં. ૧૯૭૩ ના) અંકમાં તેના તંત્રી તરીકે ' તંત્રીની નોંધ ' માં પૃ. ૩૯ અને ૪૦ માં મૂકેલી નોંધમાં મેં કર્યો હતો, પરંતુ 'દેશી' નામને બદલે 'ગૂર્જર' કે 'ગૂજરાતી' મૂકવું ઠીક થઇ પડશે અને 'નામાવલિ' એ મૂકતાં આખું નામ લાંબું થાય તે ઠીક નહિ તેથી તે કાઢી નાખી 'જૈન ગૂર્જર કવિઓ' (એટલે ગૂજરાતી ભાષાના જૈન કવિઓ) એ ટુંકું અને અર્થપૂર્ણ નામ રાખવું એવી એક સાક્ષરની સૂચના થતાં તે ટુંકું નામ સ્વીકાર્યું છે. પહેલાં તેની યોજના કવિઓના અક્ષરાનુક્રમ પ્રમાણે ગોઠવી હતી, પરંતુ શતકવાર તેમાંના રચનાસંવત્ પ્રમાણે કવિઓને ગોઠવવાની યોજના કરવાની એક સજ્જને કરેલી સૂચના મહત્ત્વની લાગતાં શતકવાર ગોઠવણ કરી છે.

તેરમા શતક પહેલાંનું ભાષાસાહિત્ય અપભ્રંશ ભાષા (અતિ જૂની ગૂજરાતી ભાષા) નું છે અને જૂની ગૂજરાતીનો-એટલે કે ગૂજરાતીનો જૂનામાં જૂનો આરંભ વિક્રમસંવત્ તેરમાથી થાય છે કારણકે તે સમયની પદ્યકૃતિઓ મળી આવે છે, તેથી તેરમા શતકથી પ્રારંભ કરવામાં આવ્યો છે. સત્તરમા શતક સુધી પહોંચતાં આ સંગ્રહનું કદ ઘણું વધી ગયું તેથી તેટલાનો ' પ્રથમ ભાગ ' સ્વીકારી પ્રકટ કર્યો છે, અઢારમા શતકથી બીજો ભાગ મુદ્રિત થતો ચાલુ છે.

આ સંગ્રહની યોજના એ પ્રમાણે રાખી છે કે ૧ કર્તાનું નામ, ૨ તે કયા ગચ્છમાં કેની પરંપરામાં–તે પરંપરાથી કયા મુનિના શિષ્ય છે તે પરિચય, ૩ તેની નીચે રચનાસમયાનુક્રમે કૃતિ, ૪ તે કૃતિનો રચના સમય, ૫ તે સાથે તે રચનાનું સ્થલ, ૬ તેની નીચે તે કૃતિનો આદિ ભાગ, ૭ તે કૃતિનો અંત ભાગ–કવિની પ્રશસ્તિવાળો, ૮ તે પ્રશસ્તિ નીચે તે જે પ્રતમાંથી લીધેલ હોય તે પ્રતના લેખકની પ્રશસ્તિ લખ્યા સાલ લખ્યા ગામ વગેરે, ૯ તે પ્રતિનાં પાનાં અને પંક્તિની સંખ્યા, ૧૦ તે પ્રતિ કયા ભંડારમાં મળે છે તે. ૧૧ પ્રસિદ્ધ થયેલ હોય તો તે ક્યાં પ્રસિદ્ધ થયેલ છે તે. (તે પ્રસિદ્ધ થયાનું બતાવવા માટે + આ ચિન્હનો ઉપયોગ કૃતિ પાસે કર્યો છે.)

આ ચિન્હ સિવાય આ પુસ્તકમાં વાપરેલાં બીજાં ચિન્હો અને ટૂંકા અક્ષરો સમજવા માટે '**સાંકેતિક અક્ષરોની સમજ**' આ પછી જૂદી મૂકી છે.

પ્રસ્તાવનામાં '**જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ**' એ નામનો નિબંધ લખીને મૂકયો છે. તે લખવામાં સદ્‌ગત ચંદ્રસેન ગુલેરીજી એમ. એ. ના 'પુરાની હિન્દી' એ નામના નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૨ ના અંક ૧ થી ૪ માં આવેલા લેખો, દોધકવૃત્તિ (સંશોધક પં. ભગવાનદાસ હર્ષચંદ્ર પ્ર૦ હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી, પાટણ), સદ્‌ગત પ્રો૦ ગુણેની 'ભવિસયત્ત કહા' (ગા. ઓ. સીરીઝ નં. ૨૦) પરની અંગ્રેજી પ્રસ્તાવના તથા તેમના ઇ. સ. ૧૯૨૨ ના મેથી અકટોબરના વિવિધજ્ઞાનવિસ્તારના અંક માંના મરાઠી ભાષા સંબંધીના લેખો, શ્રીયુત હીરાલાલ જૈનના બે લેખ નામે હિંદી માસિક મનોરમા (જુલાઇ ૧૯૨૪)માંનો ' જૈન સાહિત્યમેં હિન્દી કી જડ ' એ લેખ તેમજ અલ્હાબાદ યુનિવર્સિટી જર્નલમાંનો 'અપભ્રંશ લિટરેચર' નામનો અંગ્રેજી લેખ (પૃ. ૧૫૭ થી ૧૮૪), જૈન સાહિત્ય સંશોધકમાં શ્રીયુત નાથુરામજી પ્રેમીનો લેખ, સદ્‌ગત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલના લેખો, તેમજ

રાયબહાદુર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાના રાજપૂતાનેકા ઇતિહાસ પહલાખંડ વગેરેનો આધાર લઇ-કેટલાકમાંથી અનુવાદ કરી, કેટલાકમાંથી સાર લઈ ઉપયુક્ત માહિતીઓ ૩૩૧ પારામાં એકત્રિત કરી છે. તો તે સર્વેનો હું પરમ ઋણી છું. આ નિબંધ સાત વિભાગ અને તેના કુલ ૩૬ પ્રકરણમાં વહેંચેલ છે અને તે 'ગૂજરાતી સાહિત્યના પાયા જૈનોએ નાંખ્યા છે'[૨] એ વસ્તુસ્થિતિ સબળ પ્રમાણથી પૂરવાર કરશે, અને તેમાંથી ભાષાના અભ્યાસીને ઘણું નવીન અને રસપ્રદ જાણવા જેવું મળી આવશે તો હું મારો પરિશ્રમ સફલ થયેલો માનીશ. આ નિબંધની વિષયસૂચી **વિષયાનુક્રમમાં** મૂકી છે. આ પછી વિક્રમ તેરમી સદીના કવિઓ અને તેની કૃતિઓ શરૂ થાય છે અને તે સત્તરમી સદીના કવિઓની કૃતિઓ સુધીમાં આ પ્રથમ ભાગ પૂરો થાય છે. છેવટે **ચાર અનુક્રમણિકાઓ** આપવામાં આવી છે. (૧) કવિઓની, (૨) મોટી કૃતિઓની (૩) નાની કૃતિઓની એ ત્રણ અક્ષરાનુક્રમે અને (૪) સંવત્‌વાર અનુક્રમણિકા જોડવામાં આવી છે કે જેથી કોઇ પણ હકીકત મેળવતાં સુગમતા મળે.

આ પુસ્તક અમદાવાદ છપાયેલ હોવાથી ત્યાંથી પ્રુફ આવતાં એકવાર સુધારી મોકલવામાં આવેલ, તે કારણે પ્રેસની ભૂલો, સ્ખલનાઓ વગેરે થયેલી છે તેનું શુદ્ધિપત્રક આ ભાગનું કદ અતિ અધિક થવાથી આમાં મૂકેલ નથી, બીજા ભાગમાં મૂકાશે. વિદ્વાનો આની અંદરના સુધારા વધારા સૂચવશે તો તેમનો આભાર માનીશ.

આવું પુસ્તક કોઈ સંસ્થાના કે રાજ્યાશ્રય જેવા આશ્રય વગર પ્રકટ ન થઇ શકે. કારણકે આના ગ્રાહક અતિ અલ્પજ હોય, તેથી મુંબઇની જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસે આ પ્રકટ કરવામાં બતાવેલી ઉદારતા અને કાર્યદક્ષતા માટે તેને ધન્યવાદ ઘટે છે. જૈન સાહિત્યના

---

૨. જુઓ સાબરમતી પુ. ૪ અંક ૫-૬ પૃ. ૨૩૬ લેખક રા. શંકરભાઈ સોમાભાઈ પટેલ.

ઉત્કર્ષ માટેનું તેનું આ કાર્ય યશસ્વી રહેશે. આની પ્રથમ આવૃત્તિનો 'કોપીરાઇટ' મેં તેને આપી દીધેલ છે. બીજી આવૃત્તિ થાય કે નહિ એ એક પ્રશ્ન છે.

'જૈનો અને તેમનું સાહિત્ય' એ સંબંધી લખેલો એક વિસ્તૃત નિબંધ, તપા, ખરતર, અંચલ વગેરે ગચ્છોની પટ્ટાવલીઓ, શતકવાર કવિઓની કાવ્યપ્રસાદી વગેરે ઘણી ઉપયુક્ત બાબતો બીજા ભાગમાં મૂકવા વિચાર છે.

હાલતો આ પુસ્તકનો પ્રથમ ભાગ સમસ્ત ગૂજરાત-ગૂજરાત અને બૃહદ્ ગૂજરાતને ચરણે ધર્યો છે તો તે તેની યોગ્ય કદર-પિછાન કરશે એટલી આશાભરી ખાત્રી રાખી વિરમું છું.

મુંબઈ, ૨૬-૬-૨૬.
જ્યેષ્ઠ વદ ૧ શનિવાર,
સં. ૧૯૮૨.

મોહનલાલ દલીચંદ દેશાઈ.

સાંકેતિક અક્ષરોની સમજ.

+ આ ચિન્હ મુદ્રિત–છપાયેલ કૃતિ સૂચવે છે.
? આ પ્રશ્નચિન્હ, શંકા સૂચવે છે.

અનંત. અનંતનાથજી મંદિર, માંડવી મુંબઇમાંનો ભંડાર.
અમ. અમદાવાદ.
અં. અંચલ ગચ્છીય.
આ. આગમિક,–અંચલગચ્છીય.
આં. આંચલિક.
આ. ક. શેઠ આણંદજી કલ્યાણજીની પાલીતાણાની પેઢીમાં જે ૨૫૦ અંબાલાલ ચુનીલાલનો જ્ઞાનભંડાર સોંપાયેલો તે ભંડાર.
ઉ. ઉપાધ્યાય.
ઋ. ઋષિ.
ઐ. ઐતિહાસિક.
ઐ. રા. સં. ઐતિહાસિક રાસ સંગ્રહ. (પ્ર. યશોવિજય ગ્રંથમાલા ભાવનગર).
ક. વિ. કલ્યાણવિજય મુનિ.
ખ. ખરતરગચ્છ.
ખં. ખંભાતના ભંડાર.
ગ. (૧) ગચ્છ (૨) ગણી.
ગુ. વિ. ગુલાબવિજયજી પં. કે જે અમદાવાદમાં રહે છે તેમની પાસેનો તેમનો ભંડાર—અમદાવાદ.
ચં. ચંચલ બહેનનો ભંડાર ફતાશાની પોળ, હરકોર શેઠાણીની હવેલી—અમદાવાદ.
ચિ. ડા. (સદ્‌ગત) ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ.
ચો. ચોપઇ.
જેસ. જેસલમેરનો ભંડાર.

જૈ. એ. ઈ. જૈન એસોસીએસન ઑફ ઈંડિઆ. મુંબઇ હસ્તકનો ભંડાર
જૈ. જૈન.

ડે. ડેહલાના અપાસરાનો ભંડાર અમદાવાદ.
ब डे. એટલે બીજો ભંડાર (રત્નવિજયજીનો ભંડાર હમણાં) તેમાં સોંપાયેલો છે તે. શેઠ મંગળદાસ તારાચંદ ઝવેરી, દોસીવાડાની પોળમાં—અમદાવાદ.

ડે. કૉ. ડેક્કન કૉલેજ પુનામાં સરકારી ખરીદેલાં હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ રહેતો હતો તે, કે જે હાલમાં કેટલાક વખતથી સરભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ પુનાને સોંપાયેલો છે.

ત૦ તપગચ્છ

દા૦ દાબડો.

દિ. દિગંબર

દે. લા. શેઠ દેવચંદ લાલચંદ પુસ્તકોદ્ધારફંડ, સુરત.

દે. લા. પુ. લા. શેઠ દેવચંદ લાલચંદ પુસ્તકોદ્ધારફંડ લાયબ્રેરી, સુરત.
ધો. ધોરાજી સ્વ. માણેકચંદજીએ સંગ્રહેલ સર્વેદ્ર ભંડાર.
નં. નંબર.

પ. પત્ર

પા. (૧) પાઠાંતર; (૨) પાનાં; (૩) પાટણનો ભંડાર

પા. ૧, પા. ૨ પા. ૩ પાટણના ભંડારો એક બે ને ત્રણ એમ જૂદા પાડવા માટે જણાવેલ છે; પણ તે દરેક કયો છે તે બરાબર જાણી શકાયું નથી,

પં. (૧) પંક્તિ (૨) પંડિત—પંન્યાસ
પૂ. અ. જુઓ રા. પૂ. અ.   પિં. } —પિંપલ ગચ્છીય
પ્ર. પ્રકાશિત   પીં }
પ્રા. તી. સં. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ (પ્ર. યશોવિજય ગ્રંથમાલા, ભાવનગર)

પ્ર. કા.	પ્રવર્તક શ્રી કાંતિવિજયજી પાસેનો ભંડાર નરસિંહજીની પોળમાં—વડોદરા.
પ્રે. ર.	શેઠ પ્રેમચંદ રતનજી ભાવનગરવાળા પાસેનો સંગ્રહ.
બા.	બાળાવબોધ-ટબો.
ભ.	ભરૂચમાંનો ભંડાર
ભા. } ભાવ.	ભાવનગરનો ભંડાર. ડોસાભાઈ અભેચંદનો જૈન સંઘનો ભંડાર.
ભં.	ભંડાર
મ. કી.	રા. મનસુખલાલ કિરતચંદ
મ. બ.	(સ્વ.) મણિભાઇ બકોરભાઈ વ્યાસ.
માણેક.	માણેકવિજય યતિ, ઈંદોરવાળાનો ભંડાર
માં.	માંગરોળના સંઘ હસ્તકનો ઉપાશ્રયમાંનો ભંડાર.
મો.	મોરબી સંઘનો ભંડાર
મો. સેં. લા.	શ્રી મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરી, મુંબઈ
રત્ન.	રત્નવિજયનો ભંડાર, અમદાવાદ કે જે હાલ ડેહલાના અપાસરાના ભંડાર સાથે રાખવામાં આવેલ છે. જુઓ ડે.
રા.	રાસ
રા. પૂ. અ.	રાજકોટ શ્રી પૂજ્યના અપાસરામાંનો ભંડાર યતિ નાનચંદજીના શિષ્ય હસ્તકનો
લિ.	લિખિત, લિપીકૃત
લ.	લખ્યા
લીં.	લીંબડીનો ભંડાર
લોં.	લોંકા ગચ્છીય
વ. સેં.	વડોદરા સેંટ્રલ લાયબ્રેરી.
વડો.	વડોદરા
વા.	વાચક-ઉપાધ્યાય
વિ.	વિક્રમ

વિ. ધ. (સ્વ. શ્રી) વિજયધર્મસૂરિનો ભંડાર કે જે હાલ બેલનગંજ આગ્રામાં રાખવામાં આવ્યો છે.

વિદ્યા. મુનિશ્રી વિદ્યાવિજય (શ્રી વિજયધર્મસૂરિશિ.)

વી. પા. વીરબાઈ પાઠશાળા, પાલીતાણા.

શિ. શિષ્ય

શુ. શુદિ, શુકલપક્ષે.

શ્લો. શ્લોક

સ. સઝાય

સ. મા. ભી. સઝાયમાળા, શા. ભીમશી માણેકની પ્રકટ કરેલી.

સં. (૧) સંવત્ (૨) સંસ્કૃત ભાષા.

સા. ભં. સાગરનો ભંડાર, પાટણ.

સૂ. સૂરિ

સ્ત. સ્તવન

સ્તો. સ્તોત્ર.

સેં. લા. સેંટ્રલ લાયબ્રેરી વડોદરા

હા. ભં. શેઠ હાલાભાઇ મગનલાલનો ભંડાર, ફોફલીયાવાડા પાટણ.

હં. મુનિશ્રી હંસવિજયજીનો ભંડાર, નરસિંહજીની પોળમાં, વડોદરા.

વિષયાનુક્રમ.

વિભાગ સાતમો જૂની ગૂજરાતી સંબંધી કેટલીક હકીકતો.

વિક્રમ સોળમી સદી.

૩૬ દેપાલ ૩૭ રત્નાકરસૂરિ ૩૮ સંઘવિમલ ૩૯ ધનદેવગણિ ૪૦ સંઘકલશગણિ ૪૧ આનંદમુનિ ૪૨ આસાયત ૪૩ રત્નશેખર ૪૪ કલ્યાણસાગર ૪૫ ઋષિવર્દ્ધસૂરિ ૪૬ મતિશેખર ૪૭ જિનવર્દ્ધન ૪૮ ન્યાયસુંદર ૪૯ રત્નસિંહસૂરિ શિષ્ય ૫૦ રાજતિલક ૫૧ (પ્ર૦) જિનદાસ ૫૨ જ્ઞાનસાગરસૂરિ શિ૦ ૫૩ ભક્તિવિજય ૫૪ પેથો ૫૫ લક્ષ્મીરત્ન શિ૦ ૫૬ જ્ઞાનસાગર ૫૭ મંગલધર્મ ૫૮ દેવકીર્તિ ૫૯ પુણ્યનંદિ ૬૦ દેવપ્રભ ૬૧ ઉદયધર્મ ૬૨ વચ્છ ૬૩ વચ્છભંડારી ૬૪ સંવેગસુંદર ૬૫ હેમવિમલસૂરિ ૬૬ **લાવણ્યસમય** ૬૭ નરપતિ ૬૭ ક. અજ્ઞાત ૬૮ શાંતિસૂરિ ૬૯ પ્રીતિહર્ષ ૭૦ ક્ષમાકલશ ૭૧ મૂલ(ભાવ ?)પ્રભ ૭૨ જયરાજ ૭૩ સુંદરરાજ (?) ૭૪ નન્નસૂરિ ૭૫ હંસધીર ૭૬ જિનાહર (?) ૭૭ નેમિકુંજર ૭૮ લબ્ધિસાગર ૭૯ હર્ષકલશ (? હર્ષકુલ) ૮૦ સિંહકુશલ (?) સંઘકુલ ૮૧ હર્ષમૂર્તિ ૮૨ ઈશ્વરસૂરિ ૮૩ **આણંદ** ૮૪ ધર્મદેવ ૮૫ કુડવા ૮૬ પદ્મસાગર ૮૬ ક. અજ્ઞાત ૮૭ હીરાણંદ (૨) ૮૮ હંસસોમ ૮૯ ઉદયભાનુ ૯૦ લક્ષ્મણ (૧) ૯૧ ધર્મસમુદ્ર ૯૨ દેવકલશ ૯૩ અનંતહંસ ૯૪ **સહજસુંદર** ૯૫ કુશળસંયમ ૯૬ લાવણ્યરત્ન ૯૬ ક. સૂરહંસ ૯૭ સાધુમેરૂ ૯૮ રત્નસિંહસૂરિ ૯૯ તેના શિષ્ય ૧૦૦ ભાવસાગર ૧૦૧ સૌભાગ્યસાગરસૂરિ શિષ્ય ૧૦૨ ભુવનકીર્તિ ૧૦૩ લાભમંડન ૧૦૪ જયનિધાન ૧૦૫ ભીમ (૧) ૧૦૬ સાધુરત્નસૂરિ ૧૦૭ મુનિચંદ્રસૂરિ, ૧૦૮ પાર્શ્વચંદ્રસૂરિ ૧૦૯ વિજયદેવસૂરિ ૧૧૦ સમરચંદ્ર ૧૧૧ બ્રહ્મ (વિનયદેવસૂરિ) ૧૧૨ કવિયણ ૧૧૩ કલ્યાણ ૧૧૪ ખીમો ૧૧૫ લીંબો ૧૧૬ વિજયગણિ (?) ૧૧૭ લાવણ્યદેવ ૧૧૮ કુશલહર્ષ ૧૧૯ ધર્મસિંહ ૧૨૦ દોલતવિજય ૧૨૧ વાસણ ૧૨૨ વિનયસમુદ્ર ૧૨૩ જિનમાણિક્ય ૧૨૪ કનક ૧૨૫ ગજરાજ ૧૨૬ ગુણમાણિક્ય શિષ્ય ૧૨૭ નયસિંહ ૧૨૮ જ્ઞાનાચાર્ય. સોળમા સૈકામાંની ગદ્ય કૃતિઓ. ૩૭—૧૮૦

વિક્રમ સત્તરમી સદી.

૧૨૯ સુમતિ ૧૩૦ દર્શન ૧૩૧ જગો ૧૩૨ **સોમવિમલસૂરિ** ૧૩૩ પુણ્યસાગર ૧૩૪ વિમલચારિત્ર ૧૩૫ રાજપાળ ૧૩૫ ખ પ્રમાદશીલ શિ૦ ૧૩૬ **જયવંતસૂરિ** ૧૩૬ ક સહજરત્ન ૧૩૬ ખ કમલસાગર ૧૩૭ દેવગુપ્તસૂરિ શિષ્ય ૧૩૮ હેમરાજ ૧૩૮ ક દેવીદાસ દ્વિજ ૧૩૯ પ્રીતિવિજય ૧૪૦ હર્ષરાજ ૧૪૧ સિદ્ધિસૂરિ ૧૪૨ હેમરત્નસૂરિ ૧૪૩ **કુશલલાભ** ૧૪૪ લાવ-

ण्यकीर्त्ति १४५ विनयसागर १४६ मान १४७ साधुकीर्त्ति १४८ देवशील १४९ आणंदसोम १५० वेलो १५१ भीम भावसार १५२ सुमतिकीर्त्ति-सूरि १५३ जिनचंद्रसूरि १५४ रत्नसुंदर १५५ हीरकलश १५६ हरखजी १५७ लाईआ १५७ क अज्ञात १५८ हीरविजयसूरि १५९ चारित्रसिंह १६० पुण्यरत्न १६१ भावरत्न १६२ कनकसोम १६३ मंगलमाणेक १६४ हीरकुशल १६५ **नयसुंदर** १६६ धर्मरत्न १६६ क कुशलवर्द्धन १६७ वच्छराज १६८ कल्याणदेव १६९ **सकलचंद्र** १७० विनयशेखर १७१ हेमश्री १७२ रत्नसार १७३ मनजी १७४ हेमाणंद १७५ नगो १७६ मल्लिदेव १७७ नरपति १७८ प्रीतिविमल १७९ धनविजय १८० दयाकुशळ १८१ विजयसेनसूरि (?) १८२ कृष्णदास १८३ सारंग १८४ पद्मविजय १८५ मालदेव १८६ परमाणंद १८७ विवेकहर्ष १८८ धनहर्ष १८९ कुंअरविजय १९० जयचंद्र १९१ ज्ञान-सागर (२), १९२ जयविजय १९३ ललितप्रभ १९४ नर्मदाचार्य १९५ गुण-विनय १९६ **समयसुन्दर** १९६ क रत्नकुशळ १९७ मुनिशील १९८ पद्मराज १९८ क विद्याविजय १९९ जयविजय २०० हेमविजय २०१ जिनचंद्रसूरि शिष्य २०२ आनंदोदय २०३ प्रेमविजय २०४ विमलचारित्र (२) २०५ मेघराज २०५ क गजसागर सूरि शिष्य २०६ दामोदरमुनि=२०७ दयासागर २०८ पुण्यकीर्त्ति २०९ सुधर्मरुचि २१० **ऋषभदास** (श्रा.) २११ कनकसुंदर २१२ पद्मकुमार २१३ संयममूर्ति २१३ क वल्हु २१४ माल २१५ विजय-सागर २१५ क श्रीधर (जैनेतर) २१६ हीरानंद २१७ मेघराज (२), २१८ मुला २१८ क क्षेमकुशळ २१८ ख हर्षकीर्त्तिसूरि २१९ विद्याकमल २१९ क शांतिकुशल २१९ ख गुणविजय (१) २२० संघविजय २२१ विजयमेरु २२६ ज्ञान(दास) २२३ परमानंद (२) २२४ अज्ञात २२५ हीरनंदन २२६ विद्याचंद २२७ गंगदास २२८ कृपासागर २२९ राजसागर २२९ क कीर्त्ति-विजय २३० लालविजय २३१ उदयमंदिर २३२ धर्मकीर्त्ति २३३ विवेकवि-जय २३४ जयसोम २३५ मनोहरदास २३६ ज्ञानमेरु २३७ मतिसागर २३८ गुणसागरसूरि २३९ मतिसार २३९ क प्रभसेवक २४० (सु)धनहर्ष २४१ अमरचंद २४२ कर्मसिंह २४३ ललितकीर्त्ति २४३ क कल्याण २४४ जिनोदयसूरि (२), २४५ कमलविजय २४६ रायचंद (१) २४७ नारायण २४८ गुणविजय (२) २४९ केशराज २५० सहजकीर्त्ति २५१ कल्याण (२), २५२ स्थानसागर २५३ पुण्यसागर (३) २५३ क लाभोदय २५४ श्रीसार २५४ क बालचंद २५५ वानो (श्रा०), २५६ सुमतिहंस २५७ राजसिंह

જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ.

૧ આ આર્યાવર્તમાં જૂનામાં જૂનું સાહિત્ય જે ભાષામાં મળે છે તેને 'સંસ્કૃત' ભાષા કહેવામાં આવે છે. તે નામના અર્થ પરથીજ જણાય છે કે આર્યોની મૂલ ભાષા તે નથી, પણ તે તો શુદ્ધ કરેલી સુધારેલી ભાષા છે. કેટલાં હજારો વર્ષ વીતી ગયા પછી કોણે તે સુધારી આ સ્વરૂપમાં મૂકી તે જાણવાનાં સાધનો બચી શક્યાં નથી. એમ સમજો કે ગંગાની નહેર બાંધી તેમાં બધું પાણી ભરવામાં આવ્યું છે, તેના કિનારા સરખા છે, તેપર હરીયાલી અને વૃક્ષ રહેલ છે, પ્રવાહ નિયમિત છે. કોઈ નાના મોટા કિનારાવાળી, નાની મોટી, પથરવાળી કે રેતાળ જમીનપર વહેતી નદિયોનું પાણી એક તરફ વાળી આ નહેર બનાવવામાં આવી અને તે સમયની સનાતન–ભાષા–પ્રેમીઓએ જૂની નદિયોનો પ્રવાહ 'અવિચ્છિન્ન' રાખવા માટે કંઇપણ કોઇ જાતનું આંદોલન કર્યું કે નહિ, તે આપણે જાણી શકતા નથી. હમેશાં આ **સંસ્કૃત** નહેરને જોતાં જોતાં આપણે **અસંસ્કૃત** યા સ્વાભાવિક, પ્રાકૃતિક નદિયોને ભૂલી ગયા, અને જ્યારે પુનઃ નહેરનું પાણી આગળ સ્વચ્છંદી બની સમતલ બાંધેલા કિનારાને છોડી જલસ્વભાવે ક્યાંહી વાંકું, ક્યાંહી સીધું, ક્યાંહી ગંદુ, ક્યાંક સ્વચ્છ—ક્યાંક પથરવાળી, ક્યાંક રેતાળભૂમિપર અને ક્યાંક જૂના સૂકા માર્ગોપર પ્રાકૃતિક રીતિથી વહેવા લાગ્યું ત્યારે આપણે એવું કહેવા લાગ્યા કે નહેરથી નદી બની છે, નહેર પ્રકૃતિ છે અને નદી વિકૃતિ છે.—દૃષ્ટાંત તરીકે હેમચંદ્રસૂરિએ પોતાના પ્રાકૃત વ્યાકરણનો આરંભ જ એ રીતે કર્યો છે કે સંસ્કૃત પ્રકૃતિ છે, તેમાંથી ઉત્પન્ન થઇ તેથી પ્રાકૃત કહેવાણી.—પણ એમ ન કહેવા લાગ્યા કે નદી હવે સુધારકોના હાથમાંથી છૂટી ફરીથી સનાતન માર્ગ-પર આવી છે.

૨ આ પ્રમાણે વેદ યા છંદસ્‌ની ભાષાનું જેટલું સરખાપણું જૂની પ્રાકૃત સાથે છે તેટલું સંસ્કૃત સાથે નથી. સંસ્કૃતમાં ગાળેલું પાણી લેવામાં આવ્યું છે. પ્રાકૃતિક પ્રવાહનો માર્ગક્રમ આ છે. ૧ મૂલભાષા ૨ છંદસ્‌ની ભાષા. ૩ પ્રાકૃત-૪ સંસ્કૃત. ૫ અપભ્રંશ. સંસ્કૃત અજર અમરતો થઇ, પણ તેનો વંશ ન ચાલ્યો. તે કલમી ઝાડ હતું. એ ખરૂં કે તેની સંપત્તિથી પ્રાકૃત અને અપભ્રંશ અને પછી હિંદી, ગુજરાતી, મરાઠી ભાષાઓ પુષ્ટ થતી ગઇ તેણે પણ કોઇ કોઇ સમયે તેની ભેટનો સ્વીકાર કર્યો.

૩ વૈદિક (છંદસ્‌ની) ભાષાનો પ્રવાહ પ્રાકૃતમાં વહેતો ગયો અને સંસ્કૃતમાં બંધાઈ ગયો. આનાં કેટલાંક ઉદાહરણ છે—(૧) વેદમાં દેવાઃ અને દેવાસઃ એમ બંને રૂપો છે, સંસ્કૃતમાં કેવલ દેવાઃ એ રૂપ રહ્યું છે જ્યારે પ્રાકૃત આદિમાં દેવાસઃ માંનો આસસ્ (બીજો જસ્) પ્રત્યયનો વંશ 'આઓ' આદિમાં ચાલ્યો. (૨) દેવૈઃ ની જગ્યાએ દેવેભિઃ (અધરેહિં) કહેવાની સ્વતંત્રતા પ્રાકૃતને રિકથક્રમ ( ) માં મળી, સંસ્કૃતને નહિ. (૩) સંસ્કૃતમાં અધિકરણનો 'સ્મિન્', સર્વનામમાંજ બંધાઇ ગયો, પરંતુ પ્રાકૃતમાં 'મ્મિ', 'મ્હિં' થતાં થતાં હિંદીના 'મેં', ગુજરાતીના 'માં' સુધી પહોંચી ગયો. (૪) વૈદિક ભાષામાં છઠ્ઠી યા ચોથીનો યથેચ્છ પ્રયોગ કરવાની સ્વતંત્રતા હતી, તે પ્રાકૃતમાં આવી ચોથી વિભક્તિને જ ઉડાવી ગઈ, કિંતુ સંસ્કૃતમાં બંને, પાણી ઉતરી જતાં ટ્હડાણુપર ચિટકી રહે તેમ રહી ગઇ. (૫) વૈદિકભાષાના 'વ્યત્યય' અને 'બાહુલક', પ્રાકૃતમાં જીવિત રહ્યા અને પરિણામ એ આવ્યું કે અપભ્રંશમાં એક વિભક્તિ 'હ' 'હં' ઘણા કારકો તરીકે વપરાઇ, સંસ્કૃતની પેઠે જરાય પીટાઇ નહિ. (૬) સંસ્કૃતમાં પૂર્વકાલિકનો એક 'ત્વા'જ રહી ગયો, અને 'ય' નીકળી ગયો, અહીં પ્રાકૃતમાં 'ત્વાન' અને 'ત્વાય' અને 'ય' સ્વતંત્રતાથી આગળ વધતા ગયા-વપરાતા ગયા. (આગળ જુઓ). (૭) ક્રિયાર્થા ક્રિયા (Infinitive of purpose)નાં કેટલાંક રૂપો-

માંથી (જે ધાતુજ શબ્દોનાં બીજી, છઠ્ઠી યા ચોથીનાં રૂપ છે તે) સંસ્કૃતને ભાગે ' તુમ્ ' એકલુંજ આવ્યું જ્યારે પ્રાકૃતમાં બીજાં ઘણાં રૂપ આવ્યાં (૮) કૃ ધાતુનો અનુપ્રયોગ સંસ્કૃતમાં કેવલ કંઈ લાંબા ધાતુઓના પરોક્ષ ભૂતમાં રહ્યો, છંદસ્‌ની ભાષામાં બીજી જગ્યાએ પણ હતો, કિંતુ અનુપ્રયોગનો સિદ્ધાંત અપભ્રંશ અને હીંદી ગૂજરાતી આદિ ભાષા સુધી પહોંચ્યો. આ વિષય વિશેષ વધારી ઉદાહરણો સાથે લખી બતાવવાની જરૂર છે. અત્યારે ટુંકમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

૪ અકૃત્રિમ-સ્વાભાવિક ભાષાપ્રવાહમાં (૧) છંદસ્‌ની ભાષા (૨) જૈન સૂત્રોની માગધી (૩) બૌદ્ધ ગ્રંથોની પાલી (૪) અશોકની ધર્મલિપિયોની ભાષા (૫) લલિતવિસ્તરની ગાથા યા ગડબડી સંસ્કૃત, અને (૬) ખરોષ્ટી અને પ્રાકૃત શિલાલેખો તથા સિક્કાઓની અનિર્દિષ્ટ પ્રાકૃત-આજ પૂરાણા નમુના છે.

૫ **જૈન સૂત્રોની ભાષા**—માગધી યા અર્ધમાગધી કહેવાય છે, તેને આર્ષ પ્રાકૃત પણ કહેવામાં આવે છે. પછીથી પ્રાકૃત વૈયાકરણીઓએ માગધી, અર્ધમાગધી, પૈશાચી, શૌરસેની, મહારાષ્ટ્રી આદિ દેશ ભેદ અનુસાર પ્રાકૃત ભાષાના ભેદ કર્યા. કિંતુ માગધીવાલા કહે છે કે મગધીજ મૂલ ભાષા છે કે જેને પ્રથમ કલ્પના મનુષ્ય, દેવ અને બ્રાહ્મણ બોલતા હતા.

૬ હેમચંદ્રાચાર્યે ' જિણિન્દાણ વાણી '-જિનેંદ્રોની વાણીને દેશીનામમાલાના આરંભમાં ' અસેસ ભાસ પરિણામિણી ' એ વિશેષણ આપી વંદના કરતાં એવું અવતરણ આપ્યું છે કેઃ—

देवा दैवीं नरा नारीं शबराश्चापि शाबरीम् ।
तिर्यंचोऽपि हि तैरश्चीं मेनिरे भगवद् गिरम् ॥

૭ બૌદ્ધ ભાષાએ સંસ્કૃતનો અધિક આશ્રય લીધેલ છે, સિક્કાઓ તથા લેખોની ભાષા પણ તેવી છે. શુદ્ધ પ્રાકૃતના નમૂના જૈન સૂત્રોમાં મળે છે. અહીં બે વાત બીજી ધ્યાનમાં રાખવાની છે. (૧) એકતો

જે કોઇએ પ્રાકૃતનું વ્યાકરણ બનાવ્યું, તેણે પ્રાકૃતને ભાષા સમજીને વ્યાકરણ નથી લખ્યું. સામાન્ય વાતો જેવી કે પ્રાકૃતમાં દ્વિવચન અને ચોથી વિભક્તિ નથી, એ વાત એક બાજુપર રાખીએ તો બધાં પ્રાકૃત વ્યાકરણો કેવલ સંસ્કૃત શબ્દોના ઉચ્ચારણમાં શું શું ફેરફાર થાય છે તેની પરિસંખ્યા–સૂચિ માત્ર રૂપે છે. (૨) બીજી વાત એ છે સંસ્કૃત નાટકોની પ્રાકૃતને શુદ્ધ પ્રાકૃતના નમૂના ગણવા ઉચિત નથી–તે તે પંડિતાઈ ભરેલી યા નકલી યા બનાવેલી પ્રાકૃત છે, કે જે સંસ્કૃતમાં મુસદ્દો બનાવી પ્રાકૃત વ્યાકરણના નિયમો પ્રમાણે ત ની જગ્યાએ ય, અને ક્ષ ની જગ્યાએ ખ એમ મૂકીને સંચામાં વસ્તુ બને તેમ બનાવવામાં આવી છે. એટલે કે સંસ્કૃતનું રૂપાંતર કરી મૂકેલી છે, પ્રાકૃત ભાષા નથી. અલબત, ભાસનાં નાટકોની પ્રાકૃત શુદ્ધ માગધી છે. જૂના કાળની પ્રાકૃતની રચના, દેશભેદ નિયત થઈ જવાથી કાંતો માગધીમાં પરિણમી યા કાંતો મહારાષ્ટ્રી પ્રાકૃતમા. શૌરસેની પૈશાચી આદિ કેવલ ભાષામાં વિરલ દેશભેદ માત્ર રૂપે રહી ગઇ–એવું તે ભાષાપર પ્રાકૃત વ્યાકરણોમાં કેટલું થોડું ધ્યાન દેવામાં આવ્યું છે તે પરથી સિદ્ધ થાય છે. માગધી અર્ધમાગધી તો આર્ષ પ્રાકૃત બની જૈન સૂત્રોમાંજ બંધ થઇ ગઈ, તે પણ એક જાતની છંદસ્‌ની ભાષા બની ગઇ.

૮ પ્રાકૃત વ્યાકરણોએ મહારાષ્ટ્રીનું પૂરી રીતે વિવેચન કરીને તેને આધારરૂપે માની, શૌરસેની આદિના અંતરને તેમણે અપવાદો રૂપે જણાવેલ છે. આનો અર્થ એ કે દેશભેદથી કેટલીક પ્રાકૃત થવા છતાં પણ પ્રાકૃત સાહિત્યની પ્રાકૃત–એક જ હતી. જે પદ પહેલાં માગધીનું હતું તે મહારાષ્ટ્રીને મળ્યું. આ પરમપ્રાકૃત અને સૂક્તિરત્નોનો સાગર કહેવાઈ. રાજાઓએ તેની કદર કરી. હાલે (**સાતવાહને**) તેના કવિઓની ચુંટેલી રચનાઓ એકત્ર કરી સતસઇ (ગાથા સપ્તશતી) બનાવી, પ્રવરસેને સેતુબંધ કરી પોતાની કીર્ત્તિ તે દ્વારા સાગરની પેલેપાર પહોંચાડી, વાક્‌પતિએ તે ભાષામાં ગૌડવધ બનાવ્યો,–પરંતુ આ સર્વ પંડિતી પ્રાકૃત થઈ, વ્યવહારની નહિ. જૈનોએ તેને ધર્મભાષા માની તેનું સ્વતંત્ર અનુશીલન કર્યું.

અને માગધીની પેઠે મહારાષ્ટ્રી પણ જૈન રચનાઓમાંજ શુદ્ધ મળે છે, અને છંદો થવાથી જેમ સંસ્કૃતનો 'શ્લોક' તે અનુષ્ટુભ્ છંદોનો રાજા છે, તેમ પ્રાકૃતની રાણી 'ગાથા' છે. લાંબા છંદ પ્રાકૃતમાં આવ્યા તો તેનાપર સંસ્કૃતની છાયા સ્પષ્ટ જોવામાં આવે. પ્રાકૃત કવિતાનું આસન ઉંચું થયું.

પ્રાકૃત કવિતાનું ઉંચું આસન.

૯ એવું કહેવામાં આવ્યું છે કે દેશી શબ્દોથી ભરેલી પ્રાકૃત કવિતાની સામે સંસ્કૃતને કોણ સાંભળે છે? જુઓ—

> લલિએ મહુરક્ખરએ જુવઇયણવલ્લ હે સસિંગારે ।
> સન્તે પાઇયકવ્વે કો સક્કઇ સક્કયં પઢિઉં ॥
>
> —વજ્જાલગ્ગ ૨૯

—લલિત, મધુરાક્ષર, યુવતિ જનવલ્લભ, સશૃંગાર–પ્રાકૃત કવિતા હોવા છતાં સંસ્કૃત કોણ પઢી શકે છે?

રાજશેખર કે જેની પ્રાકૃત તેની સંસ્કૃતની સમાનજ સ્વતંત્ર અને ઉદ્‌ભટ છે, તેણે પ્રાકૃતને મીઠી અને સંસ્કૃતને કઠોર કહી દીધીઃ–જુઓ.

> પરુસા સક્કઅબન્ધા, પાઉઅબન્ધો વિ હોઇ સુઉમારો ।
> પુરુસ મહિલાણં જેન્તિ અ મિહન્તરં તેત્તિય મિમાણં ॥
>
> —કર્પૂરમંજરી

—સંસ્કૃતની રચના પરુષ અને પ્રાકૃતની રચના સુકુમાર હોય છે. જેટલું પુરુષ અને સ્ત્રીઓમાં અંતર હોય છે તેટલું આ બેમાં છે.

૧૦ પ્રાકૃત ભાષાનું મહત્ત્વ જૈન મહર્ષિઓએ ઉંચું આંક્યું છે, કારણકે જૈન ધર્મ ગ્રંથોનો મોટો ભાગ પ્રાકૃત ભાષામાં યોજાયેલો અસ્તિત્વ ધરાવે છે. પરમપૂજ્ય સિદ્ધર્ષિગણિનાં વચનો પણ આ વાતને પુષ્ટ કરે છે. ઉપમિતિભવપ્રપંચા કથાના પ્રથમ પ્રસ્તાવમાં તેઓશ્રી કથે છે કેઃ–

> **संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः**
> **तत्रापि संस्कृता तावद् दुर्विदग्ध हृदि स्थिता ॥५१॥**

बालानामपि सद्बोधकारिणी कर्णपेशला।
तथापि प्राकृता भाषा न तेषामपि भासते ॥५२॥

અર્થાત્—સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાઓ પ્રધાનપણાને યોગ્ય છે, તેમાં પણ (કેવળ) સંસ્કૃત ભાષા દુર્વિદગ્ધ પુરૂષોના ચિત્તમાં સ્થિત હોય છે અને પ્રાકૃત ભાષા (તો) બાલકોને પણ સદ્બોધકારિણી અને કર્ણપેશલા હોય છે. તથાપિ તે (પ્રાકૃતભાષા) દુર્વિદગ્ધ પુરૂષોને રોચતી નથી.

૧૧ આ છતાં પણ પોતે તે ગ્રંથ સંસ્કૃતમાં રચ્યો તેનું કારણ સિદ્ધર્ષિજીએ એમ બતાવ્યું છે કે '**उपाये सति कर्त्तव्यं सर्वेषां चित्तरंजनम्**'—અગર ઉપાય હોય તો દરેકનું ચિત્તરંજન કરવું જોઇએ તેથી તેમણે સંસ્કૃતમાં તે ગ્રંથ લિપિબદ્ધ કર્યો. '**अजित शांति स्तवन**' એ પ્રાકૃત સ્તવન એટલું બધું સુંદર અને જુદાજુદા પ્રાકૃત વૃત્તોથી ભરેલું છે કે તે જો મધુર સ્વરે, છંદોના બરાબર ઉચ્ચારણ અને રાગ સાથે ગાનાર આખી સભાને ચિત્રવત્ સ્થિર કરી નાંખે તેમ છે.

૧૨ 'શંભુરહસ્ય' નામના જૈનેતર ગ્રંથમાં પ્રાકૃત ભાષાની મહત્તા દાખવતા કેટલાક શ્લોકો છે તે અત્ર આપવા યોગ્ય થઈ પડશે (જુઓ ૧૯૧૬ ના સપ્ટેંબરનું 'ઇંડિયન એંટિકવરી' પૃ. ૧૪૫)

" वचः प्रियं भगवतः प्राकृतं संस्कृतादपि।
प्रौढोक्तेरपि हृद्यं हि शिशूनां कलभाषितम् ॥१२॥
को विनिन्देदिमां भाषां भारतीमुग्धभाषितम्।
यस्याः प्रचेतसः पुत्रो व्याकर्ता भगवानृषिः ॥१३॥
गार्ग्यगालवशाकल्यपाणिन्याद्या यथर्षयः।
शब्दराशेः संस्कृतस्य व्याकर्तारो महत्तमाः ॥१४॥
तथैव प्राकृतादीनां षड्भाषाणां महामुनिः।
आदिकाव्यकृदाचार्यो व्याकर्ता लोकविश्रुतः ॥१५॥

यथैव रामचरितं संस्कृतं तेन निर्मितम् ।
तथैव प्राकृतेनापि निर्मितं हि सतां मुदे ॥१६॥
यावत् संस्कृतभाषायाः प्राशस्त्यं भुवि विद्यते ।
तावत् प्राकृतभाषाया अपि प्राशस्त्यमिष्यते ॥१७॥
पाणिन्याद्यैः शिक्षितत्वात् संस्कृती स्याद्यथोत्तमा ।
प्राचेतसव्याकृतत्वात् प्राकृत्यपि तथोत्तमा ॥१८॥
तस्मात् संस्कृततुल्यैव प्राकृती चापि भारती ।
मान्यते शास्त्रतत्त्वज्ञः किमतत्त्वज्ञभाषितैः" ॥१९॥

અર્થાત્—પૂજનીય સંસ્કૃત ભાષાથી પણ પ્રાકૃત વચન પ્રિય હોય છે, કેમકે પ્રૌઢ બોલનાર કરતાં પણ બાલભાષિત મનોહર લાગે છે. ૧૨

સરસ્વતીના મુગ્ધ ભાષણરૂપ આ ભાષાની (પ્રાકૃતની) કોણ નિંદા કરે ? કે જેનું વ્યાકરણ કરનાર **પ્રચેતાનો** પુત્ર **(વાલ્મિક)** ઋષિ છે. ૧૩

જેમ **ગાર્ગ્ય, ગાલવ, શાકલ્ય** અને **પાણિન્યાદિ** ઋષિઓ સંસ્કૃત વ્યાકરણના કર્તા થયા, તેવી રીતે પ્રાકૃતાદિ ૭ ભાષાઓના વ્યાકરણનાં કર્તા પણ આદિકવિ સુપ્રસિદ્ધ આચાર્ય (**વાલ્મિક ઋષિ**) થયા છે. ૧૪–૧૫.

જેવી રીતે સંસ્કૃતમાં તેમણે '**રામચરિત્ર**' બનાવ્યું છે, તેવી રીતે પ્રાકૃતમાં પણ બનાવ્યું છે. ૧૬

યાવત્ સંસ્કૃત ભાષાનું જેટલું પ્રશસ્તપણું જગત્માં વિદ્યમાન છે, તેટલુંજ પ્રાકૃત ભાષાનું પણ છે. ૧૭

પાણિન્યાદિ શિક્ષિત હોવાથી જેમ સંસ્કૃત ભાષા ઉત્તમ ગણાય છે, તેમ વાલ્મિકે વ્યાકરણ બનાવેલ હોવાથી પણ પ્રાકૃત ઉત્તમ છે. ૧૮

અત એવ—સંસ્કૃતની બરાબર જ પ્રાકૃત ભાષા છે, એમ

શાસ્ત્રના તત્ત્વજ્ઞ પુરૂષો માને છે; તો પછી અતત્ત્વજ્ઞ પુરૂષોના બોલવા વડે કરીને શું? ૨૦

૧૩ ઉપરના શ્લોકોના અર્થ ઉપરથી એમ ચોક્કસ જોઈ શકાય છે કે—પ્રાકૃત ભાષા સંસ્કૃત કરતાં કોઈ પણ દરજ્જે હલકી—કમ મહત્ત્વવાળી નથી, એમ જૈનોજ નહિ, પરન્તુ હિન્દુ ધર્માનુયાયી વિદ્વાનો અને ઋષિઓ પણ સ્વીકાર કરી ગયા છે.

શૌરસેની અને પૈશાચી (ભૂતભાષા)

૧૪ આ પ્રાકૃતના ભેદોમાંથી આપણે શૌરસેની અને પૈશાચીનો દેશ-નિર્ણય કરીશું. જો કે આ બને ભાષાઓ માગધી અને મહારાષ્ટ્રીથી દબાઇ ગયેલી હતી અને તેનું વિવેચન વ્યાકરણોમાં ગૌણ યાતો અપવાદ રૂપે જ કરવામાં આવ્યું છે, તથાપિ હાલની હિંદી આદિ ભાષાઓ સાથે તેને ઘણો સંબંધ છે. તેમાં કોઇ મોટો સ્વતંત્ર ગ્રંથ નથી મળતો, પરંતુ તેનું ક્ષેત્ર એ છે કે જે વ્રજભાષા, ખડી બોલી અને રેખતાની પ્રકૃત ભૂમિ છે. પૈશાચીનું બીજું નામ ભૂતભાષા છે. આ ગુણાઢયની અદ્ભુતાર્થા એવી બૃહત્કથાથી અમર થઇ ગઈ છે. આ 'બડ્ડકથા' હમણાં નથી મળતી. બે કાશ્મીરી પંડિતો (નામે ક્ષેમેંદ્ર અને સોમદેવે) કરેલા તેના સંસ્કૃત અનુવાદ (નામે બૃહત્કથામંજરી અને કથાસરિત્સાગર) મળી આવે છે. કાશ્મીરનો ઉત્તર તરફનો પ્રાંત પિશાચ (પિશ્—કાચું માંસ અને અશ્—ખાવું) યા પિશાશ દેશ કહેવાતો હતો અને કાશ્મીરમાંજ બૃહત્કથાનો અનુવાદ મળવાથી પૈશાચી ત્યાંની ભાષા માનવામાં આવતી હતી. કિંતુ વાસ્તવમાં પૈશાચી યા ભૂતભાષાનું સ્થાન રાજપૂતાના અથવા મધ્યભારત છે. માર્કન્ડેયે પોતાના પ્રાકૃત વ્યાકરણમાં બૃહત્કથાને કેકયપૈશાચિમાં ગણેલી છે. કેકય તો કાશ્મીરનો પશ્ચિમોત્તર પ્રાંત છે. સંભવ છે કે મધ્યભારતની ભૂતભાષાની મૂલ બૃહત્કથાનું કંઇ રૂપાંતર ત્યાં થયું હોય કે જેના આધાર પરથી કાશ્મીરીઓના સંસ્કૃત અનુવાદો થયા હોય. (લાકોટે—વિગ્રેના ઓરિએન્ટલ સોસાયટીનું જર્નલ પુસ્તક ૬૪ પૃ. ૯૫ આદિ)

૧૫ રાજશેખર કે જે વિક્રમ સંવત્‌ની દશમી શતાબ્દીના મધ્યભાગમાં હતો તેણે પોતાની કાવ્યમીમાંસામાં એક જૂનો શ્લોક ઉદ્ધૃત કર્યો છે કે જેમાં તે સમયની ભાષા નિવેશની ચર્ચા છેઃ—

"ગૌડ (બંગાલ) આદિ સંસ્કૃતમાં સ્થિત છે, લાટદેશીઓની રૂચિ પ્રાકૃતમાં પરિચિત છે, મરૂભૂમિ, ટક્ક (ટાંક, દક્ષિણ પશ્ચિમી પંજાબ) અને ભાદાનક (બીજોલ્યાના શિલાલેખમાં પણ ભાદાનકનો ઉલ્લેખ છે, તો તે પ્રાંત રાજપૂતાનામાંજ હોવો જોઇએ) ના વાસીઓ અપભ્રંશનો પ્રયોગ કરે છે, અવંતી (ઉજ્જૈન), પારિયાત્ર (બેતવા અને ચંચલનો ભાગ), અને દશપુર (મંદસોર)ના નિવાસી ભૂતભાષાની સેવા કરે છે. જે કવિ મધ્યદેશમાં (કન્નૌજ, અંતર્વેદ, પંચાલ આદિ) રહે છે તે સર્વ ભાષાઓમાં સ્થિત છે." રાજશેખરને ભૂગોલ વિદ્યાપર ઘણો શોખ હતો. કાવ્યમીમાંસાના એક આખા અધ્યાયમાં ભૂગોલનું વર્ણન આપી કહે છે કે વિસ્તારથી જોવા માટે મારો બનાવેલો ભુવનકોશ જોવો. પોતાના આશ્રયદાતાની રાજધાની મહોદય (કન્નૌજ) ઉપર પોતાને ઘણો પ્રેમ હતો. કન્નૌજ અને પંચાલની તેણે ઠેકાણે ઠેકાણે અતિ પ્રશંસા કરી છે. મહોદય (કન્નૌજ)ને પોતે ભૂગોળનું કેન્દ્ર ગણ્યું છે અને દૂરતાનું માપ મહોદયથીજ કરવું જોઈએ— જૂના આચાર્યો અનુસાર અંતર્વેદીથી નહિ— એમ જણાવી (કાવ્યમીમાંસા પૃ. ૯૪) દીધું છે. આ મહોદયની કેન્દ્રતાને ધ્યાનમાં રાખી તેણે બતાવેલા રાજાના કવિસમાજનો નિવેશ ઘણો ચમત્કાર બતાવે છે. તે કહે છે કે રાજા કવિસમાજની મધ્યમાં બેસે, ઉત્તરે સંસ્કૃતના કવિ (કાશ્મીર, પાંચાલ), પૂર્વે પ્રાકૃત (માગધીની ભૂમિ મગધ), પશ્ચિમે અપભ્રંશ (દક્ષિણી પંજાબ અને મરૂદેશ) અને દક્ષિણે ભૂતભાષા (ઉજ્જૈન, માલવા આદિ)ના કવિ બેસે. (કાવ્યમીમાંસા પૃ. ૫૪–૫૫). આ પ્રમાણે રાજાનો કવિસમાજ ભૌગોલિક ભાષા–નિવેશનું માનચિત્ર થયું. આ બાજુ કુરૂક્ષેત્રથી પ્રયાગ સુધીનો અંતર્વેદ, પાંચાલ અને શૂરસેન. અને તે બાજુ મરૂ, અવંતી, પારિયાત્ર અને દશપુર— આ શૌરસેની અને ભૂતભાષાનાં સ્થાન હતાં.

અપભ્રંશ

૧૬ બાંધેલા બંધથી બચેલા પાણીની ધારાઓ, મળીને હવે નદીનું રૂપ ધારણ કરી રહી હતી. તેમાં દેશીની ધારાઓ પણ આવીને મળતી ગઇ. દેશી ભાષા એ બીજું કંઈ નથી, પણ બંધથી બચેલું પાણી છે અથવા જે પાણી નદી માર્ગપર ચાલી આવ્યું ને બંધાયું નહિ તે. તે પાણી પણ કોઇ કોઈ વખત ગાળીને નહેરમાંથી લેવામાં આવતું હતું. બંધનું પાણી પણ ઘસડાતું ઘસડાતું અહીં આવી મળી જતું હતું. પાણી વધવાથી નદીની ગતિ વેગથી નિમ્નાભિમુખી (નીચે નીચે જતી) ગઇ, તેનો ' અપભ્રંશ ' (નીચેથી વિખરાવું) થવા લાગ્યો. હવે કિનારા અથવા નિશ્ચિત ઉંડાઇ રહી નહિ.

૧૭ રાજશેખરે સંસ્કૃત વાણીને સુણવા યોગ્ય, પ્રાકૃતને સ્વભાવમધુર, અપભ્રંશને સુભવ્ય અને ભૂતભાષાને સરસ કહેલ છે. (બાલરામાયણમાં જુઓ) આ વિશેષણો અન્વર્થક–પ્રયોજન સહિત છે, તેથી તેની સાભિપ્રાયતા વિચારવા યોગ્ય છે. તે વળી એવું પણ કહે છે કે કોઇ વાત એક ભાષામાં કહેવાથી સારી લાગે છે, કોઇ બીજીમાં, કોઇ બે ત્રણ ભાષામાં. (કાવ્યમીમાંસા પૃ. ૪૮). તેણે કાવ્યપુરૂષનું શરીર શબ્દ અને અર્થનું બનાવ્યું છે તેમાં સંસ્કૃતને મુખ, પ્રાકૃતને બાહુ–હાથ, અપભ્રંશને જંઘાસ્થલ–સાથળ, પૈશાચને પગ અને મિશ્રને ઉર કહેલ છે.

૧૮ વિક્રમની **સાતમી શતાબ્દીથી અગિયારમી સુધી** અપભ્રંશની પ્રધાનતા રહી અને પછી તે પુરાની હિન્દી–ગૂજરાતીમાં પરિણત થઈ ગઈ. તેમાં દેશીની પ્રધાનતા છે. વિભક્તિઓ ઘસાઇ ગઇ છે, ખરી ગઇ છે. એકજ વિભક્તિ હં યા આહં કંઇક કામે આવી છે, એક કારકની વિભક્તિથી બીજીનું પણ કામ ચાલવા લાગ્યું છે. વૈદિક ભાષાની અવિભક્તિક નિર્દેશની વાત પણ આમાં ભળી. વિભક્તિઓના ખરી જવાથી કેટલાક અવ્યય યા પદ, લુપ્ત–વિભક્તિક પદની આગળ રાખતા જવામાં આવ્યા, કે જે અવ્યય યા પદ વિભક્તિઓ નથી. ક્રિયાપદોનું માર્જન

થયું. હા એટલું ખરૂં કે તેણે કેવલ પ્રાકૃતના જ તદ્ભવ અને તત્સમ પદ લીધાં નથી, પરંતુ ધનવતી અપુત્રા માસી (સંસ્કૃત)માંથી પણ કેટલાય તત્સમ પદ લીધાં છે.

[તદ્ભવ પ્રયોગોના અધિક ઘસાવાથી ભાષામાં એવી અવસ્થા આવે છે કે જ્યારે શુદ્ધ તત્સમોનો પ્રયોગ કરવાની ટેવ પડી જાય છે. હિંદી કે ગૂજરાતીમાં હવે કોઈ જસ કે ગુનવંત નથી લખતું, પણ યશ અને ગુણવાન્ લખે છે. બોલવામાં પણ ગમે તે રીતે જેમકે મોહનદાસ્ બોલવામાં આવશે; પણ લખવામાં આવશે મોહનદાસ.]

૧૯ સાહિત્યની પ્રાકૃત, સાહિત્યની ભાષાજ થતી ચાલી હતી. તેમાં ગતને બદલે ગય, અને ગજને બદલે પણ ગય; કાચ, કાક, કાય (શરીર), અને કાર્ય એ બધાને બદલે કાય વપરાતું હતું. આમાં ભાષાનું જે પ્રધાન લક્ષણ સાંભળવાથી અર્થબોધ છે, તેનો વ્યાઘાત થતો હતો. અપભ્રંશમાં બને પ્રકારના શબ્દો મળે છે. જોકે શૌરસેની, પૈશાચી, માગધી આદિ ભેદો થયા છતાં પણ પ્રાકૃત એકજ હતી, તેવી રીતે શૌરસેની, અપભ્રંશ, પૈશાચી–અપભ્રંશ, મહારાષ્ટ્રી અપભ્રંશ આદિ થઇને એકજ અપભ્રંશ પ્રબલ થઇ. હેમચંદ્રે જે અપભ્રંશનું વર્ણન કર્યું છે તે શૌરસેનીના આધારપર છે. માર્કન્ડેયે એક ' નાગર ' અપભ્રંશની ચર્ચા કરી છે કે જેનો અર્થ નગરવાસી, ચતુર, શિક્ષિત (ગામડીયાથી વિપરીત) લોકોની ભાષા યા ગૂજરાતના નાગર બ્રાહ્મણો, યા નગર (વડનગર, વૃદ્ધનગર)ના પ્રાંતની ભાષા થઇ શકે છે. ગૂજરાતની અપભ્રંશ–પ્રધાનતાની ચર્ચા આગળ આવશે, પરંતુ તેના તે નગરનું વડનગર યા નગર નામ પ્રાચીન નથી, તેથી ' નગરની ભાષા ' એ અર્થ લેતાં માર્કંડેયના વ્યાકરણની પ્રાચીનતામાં શંકા થાય છે.

૨૦ રાજશેખરે કાવ્યમીમાંસામાં કેટલાક શ્લોકો એવા આપ્યા છે કે જેમાં બતાવેલ છે કે કયા દેશનો મનુષ્ય કેવી રીતે સંસ્કૃત અને પ્રાકૃત બોલી શકે છે. અહીં આ પાઠશૈલીના વર્ણનની ચર્ચા કરવી ઘટે છે. આ વર્ણન રોચક પણ છે અને કેટલાક અંશે તે હજુસુધી સત્ય પણ

છે. ઉચ્ચારણની રીત એ પણ એક વિચારણીય વસ્તુ છે. તે કવિ કહે છે કે કાશીથી પૂર્વ તરફ જે મગધ આદિ દેશોના નિવાસ છે તે સંસ્કૃત ઠીક બોલે છે, પરતુ પ્રાકૃત ભાષામાં કુંઠિત છે, બંગાળીઓની હાંસી કરતાં તેણે એક જૂનો શ્લોક ઉદ્ધૃત કર્યો છે કે જેમાં સરસ્વતી બ્રહ્માને પ્રાર્થના કરે છે કે આપને એવી વિજ્ઞાપના કરૂં છું કે મને મારો અધિકાર છોડવાની ઇચ્છા થઈ છે-કાંતો ગૌડલોક ગાથા બોલવાનું છોડી દે અને નહીં તો કોઇ બીજીજ સરસ્વતી બનાવી લ્યો. (**ब्रह्मन् विज्ञापयामि त्वां स्वाधिकारजिहासया, गौडस्त्यजतु वा गाथा मन्या वास्तु सरस्वती**)

૨૧ ગૌડ દેશમાં બ્રાહ્મણો ન અતિસ્પષ્ટ, ન અશ્લિષ્ટ, ન રૂક્ષ, ન અતિ કોમલ, ન મંદ અને ન અતિતાર-એવા સ્વરથી બોલે છે. ગમે તે રસ, રીતિ કે ગુણ હોય, પણ કર્ણાટ લોકો ઘમંડથી અંતમાં ટંકારા દેતાં બોલે છે. ગદ્ય, પદ્ય કે મિશ્ર કોઇપણ જાતનું કાવ્ય હોય, પણ દ્રવિડ કવિ ગાઇનેજ બોલશે. સંસ્કૃતના દ્વેષી લાટ પ્રાકૃતને લલિત મુદ્રાથી સુંદર બોલે છે. સુરાષ્ટ્ર (સોરઠ-ગુજરાત-કાઠિયાવાડ), ત્રવણ (પશ્ચિમી રાજપૂતાના. જોધપુરના રાજા બાઉકના વિ. સં ૮૯૪ ના શિલાલેખમાં પોતાના ચોથા પૂર્વપુરૂષ શિલુકે ત્રવણી અને વલ્લદેશ સુધી પોતાના રાજ્યની સીમા બાંધી હતી એમ જણાવ્યું છે. આમાં વલ્લ દેશ તે ભાટીઓનું જૈસલમીર છે, અને ત્રવણી તેની દક્ષિણનો દેશ હોવો જોઇએ) આદિ, સંસ્કૃતમાં અપભ્રંશના અંશ ભેળવી એકજ રીતે બોલે છે. શારદાના પ્રસાદથી કાશ્મીરીઓ સુકવિ થાય છે પરંતુ તેનો પાઠક્રમ જોશો તો જાણે ગળાની પિચકારી છે. ઉત્તરાપથના કવિઓ બહુ સંસ્કારી છતાં પણ નાકમાંથી બોલે છે. પાંચાલ દેશવાળાના પાઠ તો કાનોમાં મધ વરસાવે છે તેનું તો બોલવું જ શું ? (**मार्गानुगेन निनदेन निधिर्गुणानां, संपूर्णवर्णरचनो यतिभिर्विभक्तः, पांचालमंडलभुवाः सुमनः कवीनां, श्रोत्रे मधु क्षरति किंचन काव्यपाठः ॥**)

૨૨ જૂની અપભ્રંશ સંસ્કૃત અને પ્રાકૃત સાથે મળતી છે, અને પાછળની અપભ્રંશ તે જૂની હિંદી-જૂની ગુજરાતીને મળતી છે. ઉપર બતાવી ગયા છીએ તે પ્રમાણે શૌરસેની અને ભૂતભાષાની ભૂમિ જ અપભ્રંશની ભુમિ થઈ અને તેજ જૂની હિંદી-જૂની ગૂજરાતીની ભૂમિ છે. અંતર્વેદ, વ્રજ, દક્ષિણી પંજાબ, ટક્ક, ભાદાનક, મરૂ, ત્રવણ, રાજપૂતાના, અવંતી, પરિયાત્ર, દશપુર અને સુરાષ્ટ્ર-અહીંની જે ભાષા તે એકજ મુખ્ય અપભ્રંશ હતી-જેવી રીતે પહેલાં દેશભેદ થતાં પણ એકજ પ્રાકૃત હતી. હમણાં અપભ્રંશના સાહિત્યનાં અધિક ઉદાહરણ મળ્યાં નથી, તેમ તે ભાષાના વ્યાકરણ આદિપર હજુ પૂરૂં ધ્યાન આપવામાં આવ્યું નથી.

૨૩ અપભ્રંશ ક્યાં સમાપ્ત થાય છે અને જૂની હિંદી-જૂની ગૂજરાતીનો કયાંથી આરંભ થાય છે તેનો નિર્ણય કરવો કઠણ છે પરંતુ તે રોચક અને અતિ મહત્ત્વનો છે. આ બે ભાષાઓના સમય અને દેશના સંબંધે કંઇ સ્પષ્ટ લીટી દોરી શકાતી નથી. કેટલાંક ઉદાહરણ એવાં છે કે જેને અપભ્રંશ પણ કહી શકાય અને જૂની હિંદી-જૂની ગૂજરાતી પણ કહી શકાય. સંસ્કૃત ગ્રંથોમાં તે લખાઈ તે કારણે અપભ્રંશ અને જૂની હિંદી-જૂની ગૂજરાતીની લેખશૈલીની રક્ષા થઈ-નહિતો મુખસુખાર્થે લેખનશૈલીમાં બદલતી બદલતી એવી થઈ જાત કે તેને પ્રાચીન સમજવી અશકય થાત. તે પ્રાચીનશૈલીને હિંદી કે ગૂજરાતી ઉચ્ચારણાનુસરિણી શૈલીપર લખવામાં આવે (કે જે રીતે તે અવશ્ય બોલાતી હોય) તો અપભ્રંશ કવિતા કેવલ જૂની હિંદી કે જૂની ગુજરાતી થઈ જાય છે અને દુર્બોધ રહેતી નથી. આ પરથી એમ કહી શકાય નહિ કે જૂની હિંદી કે જૂની ગૂજરાતીનો કાલ ઘણો પાછળ હઠાડી શકાય. ઉપમાવાચક 'જિમિ' યા 'જિમ'-જિમ, જ્યમ, તેને આવી જૂની કવિતામાં 'જિમ્વૈં' લખેલો મળી આવે છે. તેનક ઉચ્ચારણમાં પ્રથમ સ્વર સંયુક્તાક્ષરની આગળ હોવાથી ગુરૂ થઈ શકતો નથી (જિમ્મવ), કારણ કે જે છંદમાં તે આવ્યો છે તેનો ભંગ થાય

છે. આથી તેને ભલે ' જિમ્વૈં ' લખ્યો હોય, પણ તેનો ઉચ્ચાર ' જિંવ ' થતો કે જે ' જિમ 'જ છે. સંસ્કૃત ' ઉત્પદ્યતે 'નું પ્રાકૃતરૂપ ' ઉપ્પજ્જઈ ' છે કે જે ઘસાતાં ' ઉપ્પજઇ 'ના રૂપમાં પરિણમે છે. હવે આ ' ઉપ્પજઈ 'ને અપભ્રંશ માનવો કે જૂની હિંદી–જૂની ગૂજરાતી માનવો ? ' જઇ 'ને તેના ઉચ્ચાર અનુસાર લખવાથી ' ઉપજૈ ' થાય છે (સંયુક્ત પ કારને કારણે ઉની માત્રાની ગુરતા માનતાં ઊપજૈ ખરી રીતે થાય) કે જેને હમણાં હીંદી તરીકે પીછાનીએ છીએ અને ગૂજરાતીમાં ' ઉપજે ' એ રૂપ સ્વીકારીએ છીએ; અને આ રૂપ ' ઉપ-જ્જઈ, ઉપજઇ, ઉપજૈ ' ઊપજૈ, એમ કેટલી શતાબ્દીઓ સુધી ચાલુ રહ્યું છે.

૨૪ આ પુસ્તકોના લખનારા સંસ્કૃતના પંડિતો યા જૈન સાધુ હતા. સંસ્કૃત શબ્દોને તો તેમણે શુદ્ધિથી લખ્યા, તેમ પ્રાકૃતને પણ લખ્યા, પરંતુ આ કવિતાઓની લેખશૈલીપર ધ્યાન આપ્યું નહિ. કોઇ વખત જૂનું રૂપ રાખવા દીધું, તો કોઇ વખત વ્યવહારમાં પરિચિત થયેલું નવું રૂપ મૂકી દીધું. આ આગળના પાઠાંતરોથી જાણવામાં આવશે.

૨૫ આવી કવિતાને માટે જૂની હિંદી–જૂની ગૂજરાતી એ શબ્દ જાણીબુજીને વાપર્યો છે. જૂની ગૂજરાતી, જૂની રાજસ્થાની, જૂની પશ્ચિમી રાજસ્થાની આદિ નામ કૃત્રિમ છે અને વર્તમાન ભેદને પાછળ વધારે ધકેલી બનાવવામાં આવ્યાં છે. ભેદબુદ્ધિ દૃઢ કરવા સિવાય આનું ફલ પણ નથી. કવિતાની ભાષા પ્રાયઃ સર્વ જગ્યાએ એકજ જેવી હતી. જેવી રીતે નાનકથી લઈને દક્ષિણના હરિદાસો સુધીની ભાષા ' વ્રજભાષા ' કહેવાતી હતી, તેવીજ રીતે અપભ્રંશને જૂની હિન્દી–જૂની ગૂજરાતી કહેવી અનુચિત નથી, ભલે પછી કવિના દેશ-કાલ અનુસાર તેમાં કોઇ રચના પ્રાદેશિક હો.

૨૬ પછીના સમયમાં હિંદી કવિ સંત લોકવિનોદને માટે એક અર્ધું-પદ ગૂજરાતી યા પંજાબીમાં લખી પોતાની વાણિઓ ભાખામાં લખતા હતા–જેવી રીતે કંઇક શૌરસેની, પૈશાચીની છાંટ દઈ કવિતા મહારાષ્ટ્રી

પ્રાકૃતમાં જ થતી હતી. મીરાંબાઈનાં પદ જૂની હીંદી કે ગૂજરાતી કે મારવાડી કહેવાય ? કવિની પ્રાદેશિકતા આવ્યા છતાં સાધારણ ભાષા 'ભાખા' કહેવાતી હતી. જેવી રીતે અપભ્રંશમાં ક્યાંક ક્યાંક સંસ્કૃતનો પુટ છે, તેવી રીતે તુલસીદાસજી રામાયણને પૂરવી ભાષામાં લખતાં લખતાં સંસ્કૃતમાં ચાલી ગયા છે (જેવી રીતે-કવિહિં અગમ જિમિ બ્રહ્મસુખ અહમમ-મલિનજનેષુ, રન જીતિ રિપુદલ મંધ્યગત પસ્યામિ રામમનામયં ઇત્યાદિ)નાં છાપખાનાં, પ્રાંતિય અભિમાન, મુસલમાનોના ફારસી અક્ષરોનો આગ્રહ અને નવા પ્રાંતિક ઉદ્બોધન ન હોતતો હિંદી ભાષા અનાયાસે દેશભાષા બની જાત. અધિક છાપવા છપાવવા લખવાનું ચાલ્યું ને ઝગડાઓ થયા તેથી આ ગતિ અટકી.

૨૭ આજકાલ લોકો પૃથ્વીરાજરાસાની ભાષાને હિંદીનું પ્રાચીનતમ રૂપ માને છે; પણ કહેવું જોઇએ કે અપભ્રંશની કવિતાઓને જૂની હિંદી-જૂની ગૂજરાતી કહી શકાય તો તે રાસાની ભાષાને રાજસ્થાની યા 'મેવાડી-ગૂજરાતી-મારવાડી-ચારણી-ભાટી' કહેવી ઘટે, હિંદી નહિ. વ્રજભાષા પણ હિંદી નથી અને તુલસીદાસજીની મધુર ઉક્તિઓ પણ હિંદી નથી.

૨૮ આ પુરાણી ભાષા અહીં કહીં વિખરેલી મળે છે-કોઈ મુક્ત શુંગારરસની કવિતા, કોઈ વીરતાની પ્રશંસા, કોઇ ઐતિહાસિક વાત, કોઇ નીતિના ઉપદેશ, કોઈ લોકોક્તિ અને તે પણ વ્યાકરણના ઉદાહરણોમાં યા કથાપ્રસંગમાં ઉદ્ધૃત કરેલી; આવું ભાષાસાહિત્ય ઘણું હતું એમ જણાય છે. આમાં મહાભારત અને રામાયણની સંપૂર્ણ યા તેના આશ્રયપર બનેલી નાની નાની કથાઓ હતી. બ્રહ્મ અને મુંજ નામના કવિઓ મળી આવે છે. જેવી રીતે પ્રાકૃતનાં જૂનાં રૂપ પણ શુંગારની ચટકદાર મુક્તક ગાથાઓમાં (સાતવાહનની સપ્તશતી), યા જૈન ગ્રંથોમાં છે, તેવી રીતે જૂની હિંદી-જૂની ગૂજરાતીના નમુના પણ શૃંગાર વા વીરરસના અથવા કથાઓમાં ચુંટાયેલા યાતો જૈન ધાર્મિક રચનાઓમાં મળી આવે છે. હેમચંદ્રજીને મોટી શાબાશી એ દેવાની છે કે તેમણે પ્રાકૃત

ઉદાહરણોમાં તો પદ યા વાક્યોના કટકાઓ જ આપ્યા, પરંતુ આવી કવિતાઓનાં તો પૂરા છંદ ઉદ્ધૃત કર્યા. આનું કારણ એવું જણાય છે કે જે પંડિતોને માટે તેમણે વ્યાકરણ બનાવ્યું તેઓ સાધારણ મનુષ્યોની 'ભાખા' કવિતાને સંસ્કૃત અને પ્રાકૃત કાવ્યને જેવી રીતે કંઠસ્થ કરતા હતા તેવી રીતે કરતા નહિ હતા.

૨૯ આવી કવિતાનો રાજા જેમ સંસ્કૃતમાં શ્લોક અને પ્રાકૃતમાં ગાથા તેમ દોહા છે. સોરઠા, છપ્પય, ગીત આદિ બીજા છંદ પણ છે, પરંતુ અહીં દોહા ને ત્યાં ગાથા એમ પુરાણી હિંદી-ગૂજરાતી અને પ્રાકૃતના ભેદ છે. 'દોહા'નું નામ કોઇ સંસ્કૃતાભિમાનીઓએ 'દોધક' બનાવ્યું છે, કિન્તુ શાબ્દિક સમાનતાને મૂકી દઇએ તો તેમાં કંઇ સાર લાગતો નથી અને સંસ્કૃતમાં દોધક નામનો છંદ જૂદો હોવાથી આમાં ગોટાળો થાય છે. દોહા પદની નિરૂક્તિ બે એ સંખ્યા પરથી છે, જેમ ચોપાઇ અને છપ્પયની ચાર અને છ સંખ્યા છે તેમ.—દો+પદ, દો+પથ, યા દો+ગાથા. પ્રબંધચિંતામણિમાં એક સ્થલે પ્રાકૃતનો 'દોધક' પણ આપ્યો છે. તે દોહા છંદમાં જ છે. (પૃ. ૫૬, ૧૫૭).પુર્વાર્ધ સપાદલક્ષ (અજમેર —સાંભર) ના રાજાએ સમસ્યાના રૂપમાંમોકલ્યું હતું અને ઉત્તરાર્ધની પૂર્તિ હેમચંદ્રે કરી હતી. (પૃ. ૧૫૭ પ્ર.ચિં 'પહલી તાવ ન અનુહરઇ, ગોરી મુહ કમલસ્સ, અદિટ્ઠિ પુનિ ઉન્નમઇ, પડિપયલી ચંદસ્સ.) પ્રબંધ ચિંતામણિમાં જ એક સ્થળે બે ચારણોને 'દોહાવિદ્યયા સ્પર્ધમાનૌ' અર્થાત્ દોહા વિદ્યાથી હોડાહોડ કરતા જણાવ્યા છે. તેમની કવિતાઓમાં એક દોહા છે, એક સોરઠા, કિંતુ રચના 'દોહા વિદ્યા' એ નામથી જણાવી છે એ ખાસ ધ્યાન દેવા જેવું છે.

૩૦ જૂની હિંદી કે જૂની ગૂજરાતીનું ગદ્ય ઘણું ઓછું લખેલું મળે છે. પદ્ય બે રીતે થએલું છે-મુખથી તેમજ લેખથી. બને રીતની રક્ષામાં-લેખકને હસ્તસુખથી અને વક્તાને મુખસુખથી એટલું પરિવર્ત્તન થઇ ગયું છે કે મૂલ શૈલીની વિરૂપતા થઇ ગઇ છે. લખનારાઓ પ્રચલિત ભાષાના ગ્રંથો યા લોકપ્રિય કાવ્યોમાં 'માખીની માખી' એમ

લખતા નથી. પોતે જાણતા ન હોય છતાં નવાં રૂપો લખી મારે છે. 'તઇસિઇ' 'જુગુતિ' 'કાલસુભાઉ' 'અઉરઉ' તે બદલે 'તૈસેહિ' 'યુક્તિ' 'કાલસ્વભાવ' 'ઔરો' એમ કરી નાંખ્યું છે. જે કવિતા મુખની કાને, મુખથી કાને ચાલી આવે છે તેમાં તો ઘણોજ ફેરફાર થઇ જાય છે. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના ૮મા અધ્યાયનાં ઉદાહરણોમાં એક 'અપભ્રંશ' યા જૂની હિંદી-ગૂજરાતીનો દોહો લઇએ. અપભ્રંશ અને જૂની હિંદી કે જૂની ગૂજરાતી વચ્ચે સીમારેખા ઘણી અસ્પષ્ટ છે, અને કહેવામાં આવશે તેમ જૂની હિંદી-જૂની ગૂજરાતીનો સમય ઘણો પૂર્વનો જણાશે.

૩૧. આ દોહો એ છે કે:—

વાયસુ ઉડ્ડાવન્તિઅએ, પિઉ દિટ્ઠુઉ સહસત્તિ;
અધ્ધા વલયા મહિહિ ગય, અધ્ધા ફુટ્ટ તડત્તિ.

(વિયોગીની કાગડાને ઉડાવવા લાગી કે મારો પિયુ આવે છે તો ઉઠી જા. એટલામાં તેણીએ અચાનક પિયુને દીઠો. કાંતો તેણી વિયોગમાં એટલી દુબળી હતી કે હાથ લંબાવતાં જ અરધી ચુડીઓ જમીનપર પડી, અને કાંતો પ્રિય દર્શનના હર્ષથી એટલી વધી ગઇ કે બાકીની ચૂડીઓ તડ તડ ફુટી ગઈ.]

૩૨. ચારણોના મુખેથી કેલીટગે પેઢીઓ સુધી બોલતાં બોલતાં રાજપૂતાનામાં આ દોહાનું હાલ સાફ કરેલું રૂપ એ પ્રચલિત છે કે:—

કાગ ઉડાવણ જાંવતી, પિય દીઠો સહસત્તિ;
આધી ચૂડી કાગગલ, આધી ટૂટ તડિત્તિ.

આમાં નિશાન ઠીક લાગી ગયું, ચૂડીઓ જમીનપર ન પડતાં કાગડાના ગળામાં પહોંચી ગઈ, અને ચૂડી તૂટવાનું અપશુકન મટી ગયું.

૩૩. એજ વ્યાકરણમાંથી એક દોહો બીજો લઇએ:—

પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ;
જા બપ્પીકી ભુંહડી, ચમ્પિજજઇ અવરેણ.

(એ પુત્રના જન્મથી શું લાભ અને મરી જવાથી શું ખોટ કે જેના રહેવાથી બાપની ધરતીપર બીજો અધિકાર કરી લે.

૩૪. આ દોહાનું પરિવર્તન થતાં થતાં એવું રૂપ થઇ ગયું કેઃ—

ખેટા જાયાં કવણુ ગુણુ, અવગુણુ કવણુ ધિયેણુ;

જો ઊભાં ધર આપણી, ગંજીજે અવરેણુ.

આમાં ધિયેણુ એટલે ધી-પુત્રીથી; ઊભાં=ઉભાં ઉભાં, ધર=પૃથ્વી, ધરા. ગંજીજે=ગંજન કરવામાં આવે, જીતવામાં આવે. આ પણુ ધ્યાનમાં લેવા યોગ્ય છે કે મૂલ દોહામાં 'મુએલા પુત્રથી શું અવગુણુ?' એમ કહેવામાં આવ્યું છે, પરંતુ પાછળથી સ્ત્રી જાતિની પ્રત્યે અપમાન બુદ્ધિ વધી જવાથી અને તેને ઉત્તરાધિકાર ન હોવાથી 'ધી (=પુત્રી, સંસ્કૃત દુહિતૃ. પંજાબી ધી)થી શું અવગુણુ?' એમ થઇ ગયું છે. અસ્તુ. આવી દશામાં જે પુરાણી કવિતા યા ગદ્ય, સંસ્કૃત અને પ્રાકૃતનાં વ્યાકરણુ અને છંદ આદિના ગ્રંથોમાં બચી ગયેલ છે તે પુરાણુા વર્ણુ-વિન્યાસની રક્ષા સાથે તે સમયની ભાષાનું વાસ્તવરૂપ બતાવે છે.

પ્રકરણુ બીજું.

પ્રાકૃત પ્રત્યે જૈનોની રૂચિ અને અપભ્રંશની વિશેષતાઓ.

૩૫ શ્રીયુત હીરાલાલ જૈન મનોરમા (ભાગ ૧-૪) માં 'જૈન સાહિત્યમેં હિન્દીકી જડ' એ નામના લેખના પ્રથમ ભાગમાં જણાવે છે કે:-

"સંસ્કૃત ભાષા સ્વયં, સનાતનાગત પ્રાકૃતભાષાને શોધી બનાવવામાં આવી છે અને તે પ્રાકૃત ભાષાનો સ્વતંત્ર પ્રવાહ પછી પ્રાકૃત સાહિત્યમાં પ્રકટ થયો છે. 'સંસ્કૃત'નો તેના પર કંઇ પ્રભાવ અવશ્ય પડયો પરંતુ તેથી તે મૂલતઃ સંસ્કૃતોપપન્ન કહી શકાતી નથી. આ સ્વતંત્ર પ્રાકૃત-પ્રવાહ આગળ જતાં હજારો વર્ષ આજકાલની પ્રચલિત ભાષાઓમાં વ્યક્ત થયો છે. તે માટે આ ભાષાઓનો સાચો ઇતિહાસ અને સાચું વિજ્ઞાન જાણુવા માટે આપણે પ્રાચીન પ્રાકૃત ભાષાઓ અને વિશેષતઃ નિકટવર્ત્તી ભૂતકાલની 'પ્રાકૃતો'નું પરિશીલન કરવું જોઇએ.

પાણિનિના સમયમાં સંસ્કૃત ભાષાનો કંઇ એવો પ્રભાવ બ્રાહ્મણ વિદ્વાનો પર જામ્યો કે તેઓએ સમયાનુસાર પ્રચલિત ભાષાઓની કંઇ પણ પરવા ન કરી. તેમણે તેને સાહિત્યનું રૂપ આપવાનો કંઇ પણ પ્રયત્ન કર્યો નહિ. હજારો વર્ષો સુધી તેઓ બરાબર કેવળ સંસ્કૃતનું જ પઠન પાઠન અને સાહિત્ય-વર્દ્ધન કરતા રહી તેમાં દત્તચિત્ત રહ્યા. તેઓને પ્રાકૃતભાષાઓ પર કંઇક ઘૃણા જેવું થઇ ગયું. આ પ્રવૃત્તિ કેટલાક પંડિતોમાં આજસુધી વિદ્યમાન છે, અને શાસ્ત્રાર્થ આદિમાં તેઓ કહેવા લાગે છે કે '**भाषारंडायाः किं प्रयोजनम्.**' આવી અવસ્થામાં જો કેવલ બ્રાહ્મણ સમાજનાજ શિરે અત્યાર સુધી દેશની સાહિત્યરક્ષાનો ભાર રહેત—જેવી રીતે આજથી કંઈ અઢી હજાર વર્ષ પૂર્વે સુધી રહ્યો હતો—તો આપણને અવસ્ય દેશની આધુનિક ભાષાઓના ઉદ્‌ગમસ્થાન [ઉત્પત્તિ સ્થાન) નો કંઇ પત્તો લાગત નહિ[१], પરંતુ આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે એ અન્ય (બ્રાહ્મણેતર) સમાજોએ દેશની સાહિત્ય રચનામાં ભાગ લેવાનો પ્રારંભ કર્યો—જેથી પ્રાકૃત ભાષાની રક્ષા થઇ શકી. વિક્રમની પૂર્વે ચોથી પાંચમી શતાબ્દિમાં પૂર્વભારતમાં પ્રચલિત ભાષાનું જ્ઞાન આપણને બૌધ્ધોનાં 'પાલી' ગ્રંથોથી થાય છે. પરંતુ આ સાહિત્ય પણ આપણને અધિક આગળના વખત માટે સહાયક નથી થતું, કારણ કે એક તો બૌદ્ધ સાહિત્યની 'પાલી' ભાષા પણ સ્થિર રૂપ થઇ ગઈ હતી, અને બીજું બૌદ્ધ ધર્મનું આધિપત્ય પણ લગભગ એક હજાર વર્ષના મહત્ત્વ-પૂર્ણ ઇતિહાસની પછી તેની જન્મભૂમિ ભારતમાંથી ચાલી ગયું.

૩૬. વિક્રમની પૂર્વે પાંચમી શતાબ્દિથી આજ સુધી મુખ્ય મુખ્ય ભારતીય ભાષાઓને સાહિત્ય દ્વારા જીવિત રાખવાનું શ્રેય જૈન આચાર્યોને છે. તેઓએજ પ્રાકૃત ભાષાઓને પોતાના ધર્મપ્રચારનું વાહન બનાવી તેને સાહિત્યનું રૂપ આપ્યું. આખું બ્રાહ્મણ સાહિત્ય જોઇ લઇએ. તેમાં

---

१ ડાકટર જેકોબીએ યોગ્ય કહ્યું છે કે 'Had it not been for the Jains, we would never have known what Prakrit Literature was.'—જૈનો વગર આપણે પ્રાકૃત સાહિત્ય શું હતું તે કદી પણ જાણી શકયા ન હત.

રાજશેખર (કે જેનો ઉલ્લેખ પૃ. ૫. ઉપર કરવામાં આવ્યો છે) જેવા ગણ્યા ગાંઠયા ઉદાહરણ એવા કવિઓનાં મળશે કે જેઓએ પ્રાકૃતભાષાની પ્રત્યે કંઇ સાચી સહાનુભૂતિ પ્રકટ કરી હોય અને તેને અપનાવી હોય. બાકીના સર્વ તરફથી તેને તે '**भाषारंडाया: किं प्रयोजनम्**' નો શુભાશીર્વાદ મળ્યો છે. અલબત નાટક ગ્રંથોમાં અવશ્ય કંઈ પ્રાકૃતનાં વાક્ય મળે છે. ભાસ, શૂદ્રક, કાલિદાસ, ભવભૂતિ આદિ સર્વ મહાકવિઓએ પોતાનાં નાટક કાવ્યોમાં થોડી ઘણી પ્રાકૃતની રચના કરી છે પરંતુ સ્વ. પં૦ ચંદ્રધર શર્મા ગુલેરીએ કહ્યું છે કે તે વિશેષે કરી ' કેવલ પંડિતાઇ યા નકલી યા કૃત્રિમ પ્રાકૃત છે કે જે સંસ્કૃતમાં મુસદ્દો બનાવી પ્રાકૃત વ્યાકરણના નિયમોથી 'ત્'ની જગ્યાએ 'ય' અને 'ક્ષ'ની જગ્યાએ 'ખ' મૂકી સંચા પર રાખી બનાવી દીધેલી છે. તે સંસ્કૃત રૂઢિ પ્રયોગના નિયમાનુસાર કરેલું રૂપાંતર છે, પ્રાકૃત ભાષા નથી ' (નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૧ અંક ૨ પૃષ્ઠ ૮). આવી રચના નાટકોને સર્વથા અસ્વાભાવિક બને તેમાંથી બચાવવા માટે કરેલી છે. આ કારણે તેનાથી કોઇ પણ સમયની પ્રચલિત ભાષાનો યથાર્થ બોધ નથી થતો. કેવલ જૈન સાહિત્યજ ભિન્ન ભિન્ન કાલની પ્રાકૃત ભાષાઓને સ્પષ્ટરૂપે વ્યક્ત કરે છે.

૩૭. જૈન આચાર્યોની પ્રાકૃત ભાષાઓ પ્રત્યે કેવી ભક્તિ રહી છે, તેમાં તેમનો કેટલો ઉત્સાહ છે, અને કયા અભિપ્રાય–ઉદ્દેશથી તેઓએ આ ભાષાઓને પોતાના ઉત્સાહનું અવલંબન બનાવી એ એક પ્રાચીન કથાથી સારી રીતે પ્રકટ થઇ જશે. વિક્રમાદિત્યના સિદ્ધસેન નામના એક મહા તર્કવાદી બ્રાહ્મણ વિદ્વાન્ થયા છે. તેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે જે કોઇ મને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરશે તેનો હું શિષ્ય થવાનું સ્વીકારીશ. એકવાર ભૃગુકચ્છપુર (ભરૂચ)માં તેનો એક 'વૃદ્ધવાદિ' નામના જૈન ગુરૂ સાથે ભેટો થયો અને તે તેની સાથે શાસ્ત્રાર્થમાં પરાજિત થઇ ગયો. પોતાની પૂર્વપ્રતિજ્ઞાનુસાર સિદ્ધસેનને તેના શિષ્ય થવું પડયું. તેને જૈન સિદ્ધાન્તના અધ્યયનનો આરંભ કરી દીધો, પરંતુ જૈન સિદ્ધાન્ત પ્રાકૃત ભાષામાં હતાં અને તેને પોતે બ્રાહ્મણ હોવાથી પ્રાકૃતપર

કંઈક ઘૃણા હતી. આથી તે ગર્વમાં આવી બોલી ઉઠયો કે હું આ સમસ્ત સિદ્ધાન્તને આ ગ્રામ્ય ભાષામાંથી સંસ્કૃતબદ્ધ કરીશ. વૃદ્ધવાદિ ગુરૂને પ્રાકૃતની આવી નિન્દા અસહ્ય હતી. તેમણે કહ્યું: "બાલ, સ્ત્રી, મન્દ, મૂર્ખ આદિ સર્વે ચરિત્રના આકાંક્ષીઓના ઉપકારાર્થે તત્ત્વજ્ઞોએ સિદ્ધાન્તને પ્રાકૃતમાં રાખ્યા છે:—

बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणां।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः॥

તમે પ્રાકૃતની નિન્દા કરી ઘોર પાપ કર્યું." પછી તેમણે આ આ પાપને માટે [૨]સિદ્ધસેન દિવાકરને બાર વર્ષ સુધી મૌન રહી પરિભ્રમણ કરવાનું 'પારાંચિક' નામનું પ્રાયશ્ચિત્ત આપ્યું. આથી વિદિત થાય છે કે જૈન આચાર્ય પ્રાકૃતને કેટલું ઉંચું સ્થાન આપતા હતા. વિશેષ અગાઉ પૃ. ૫ થી ૮ ઉપર કહેવાયું છે)

૩૮ વિક્રમ સંવત્ થી ત્રણ ચાર સૈકા પહેલાં, પૂર્વ અને ઉત્તર ભારતમાં પ્રચલિત[૩] માગધી અને અર્ધ-માગધી ભાષાઓના જ્ઞાનને માટે

---

૨ સિદ્ધસેન દિવાકર અન્ય કોઈ નહિ પણ વિક્રમાદિત્યની સભાનાં નવરત્નો પૈકી 'ક્ષપણક' હતા. એવું ડા. સતીશચન્દ્ર વિદ્યાભૂષણનું અનુમાન છે જુઓ તેનો ગ્રંથ નામે Midaeval School of Indian Logic. જૈન કથાઓમાં એ પ્રસિદ્ધ છે કે તેણે મજકુર પ્રાયશ્ચિત્ત પૂરૂં કરતી વખતે પરિભ્રમણ કરતાં કરતાં દિવાકરજી ઉજ્જૈન આવી પહોંચ્યા ને ત્યાં 'મહાકાલ'ના મંદિરમાં એક અતિશય બતાવી તેમણે વિક્રમાદિત્ય રાજાને જૈન બનાવ્યો.

૩ આ ભાષાઓ સંબંધે વાંચો વિચારો પંડિત બહેચરદાસજીના લેખ (૧) ગૂજરાતી ભાષા (આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૫ ની પ્રસ્તાવના) (૨) જૈન આગમ સાહિત્યની મૂળ ભાષા કઇ-અથવા અર્ધ માગધી એટલે શું (જૈન સાહિત્યસંશોધક ભાગ ૧ અંક ૧) (૩) પ્રાકૃત ભાષા અને સાહિત્ય (આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા પૃ. ૧૯૫ થી ૨૩૧) (૪) અર્ધ માગધી ભાષા (પુરાતત્ત્વ પુ. ૩ અંક ૪ પૃ. ૩૪૬ થી ૩૬૬) (૫) તેમનું પ્રાકૃત ભાષાઓનું વ્યાકરણ [પ્ર૦ ગૂજરાત વિદ્યાપીઠ] તથા [૬] મુનિ શ્રી કલ્યાણવિજયજીના લેખ નામે માગધી ભાષા [જૈનયુગ પુ. ૧ અંક ૧ અને ૨]

આપણે જૈન શ્વેતામ્બર સંપ્રદાયનાં સૂત્ર ગ્રંથોનું અવલોકન કરવું જોઇએ. આ ગ્રંથો વિક્રમની પાંચમી શતાબ્દિમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદે સૌરાષ્ટ્ર-વલ્લભીપુરમાં મળેલી જૈન પરિષદમાં લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. આ કારણે તેની ભાષા કંઇક વિકૃત થઇ છે તોપણ તે વિક્રમપૂર્વની કેટલીક શતાબ્દિઓની ભાષા સમજવામાં ઘણી સહાયક થઇ શકે છે આ કાલની ભાષાનું રૂપ બૌદ્ધોના 'પાલી' ગ્રંથો અને અશોકની ધર્મલિપિઓથી પણ થોડું ઘણું જ્ઞાત થાય છે. આથી અગાઉ વિક્રમ સંવતૂના પ્રારંભથી સાતમી આઠમી શતાબ્દ સુધીની ભાષાઓના જ્ઞાન માટે આપણે દિગમ્બર અને શ્વેતામ્બર આચાર્યોના રચેલા શૌરસેની, મહારાષ્ટ્રી અને મિશ્રિત પ્રાકૃતના અનેક ગ્રંથોને જોવા ઘટે. આ સર્વગ્રંથ ગાથાબદ્ધ છે અને તેનો વિષય ધાર્મિક છે. દિગમ્બર જૈનોનાં કુન્દકુન્દાચાર્ય સ્વામી કાર્તિકેય વધકેર આદિ કવિઓના ઘણાક ગ્રંથ તેમજ શ્વેતામ્બરાચાર્ય વિમલસૂરિનું પઉમચરિયમ્ હરિભદ્રસૂરિની સમરાઇચ્ચ કહા, દાક્ષિણ્યાંકસૂરિની કુવલયમાલા રચ્યાં સં. ૮૩૫ આદિ ગ્રંથ આ કાલની ભાષાના વિજ્ઞાનને માટે અત્યન્ત ઉપયોગી છે. નવમીથી સોલમી શતાબ્દિ સુધી જૈન આચાર્યો દ્વારા રચેલા સેંકડો ગ્રંથ એવા છે કે જે દેશની આધુનિક ભાષાઓ-હિન્દી, ગૂજરાતી, મારવાડી, મરાઠી આદિના ઇતિહાસ અને વિજ્ઞાન માટે ઘણા ઉપયોગી છે એટલુંજ નહિ પરન્તુ બહુ આવશ્યક છે. આ અધિકાંશે કથાવિષયક હોવાથી સર્વને માટે રૂચિકર થઇ શકે તેમ છે, અને તેનાથી દેશની તાત્કાલિક ઘણી ઐતિહાસિક સામગ્રી પણ એકઠી કરી શકાય તેમ છે. અપભ્રંશ શબ્દ ઘણો ભ્રમોત્પાદક છે. તેથી જે 'અપભ્રંશ'થી અહીં તાત્પર્ય છે તેને સ્પષ્ટ કરી દેવો આવશ્યક પ્રતીત થાય છે, 'અપભ્રંશ'નો શબ્દાર્થ વિકૃત ભ્રષ્ટ અથવા બગડેલી થાય છે. આ શબ્દ ઘણા કાલથી એક ખાસ 'પ્રાકૃત' ભાષાનો બોધક થયેલો છે. વરરૂચિ 'પ્રાકૃત-પ્રકાશ' નામના વ્યાકરણમાં તો 'અપભ્રંશ' ભાષાનો ઉલ્લેખ આવ્યો નથી પરંતુ આજથી લગભગ બે હજાર વર્ષ પૂર્વના એક પ્રાકૃત વ્યાકરણના કર્ત્તા જૈનાચાર્ય 'ચંડે' આ

ભાષાનો ઉલ્લેખ કર્યો છે અને તેનું વિશેષ લક્ષણ કેવલ એક સૂત્રમાં આપ્યું છે. (જુઓ ડા. આર. હોર્નલ સંશોધિત કલકત્તા ૧૮૮૦ વાળી પ્રાકૃત લક્ષણની આવૃત્તિમાં પ્રસ્તાવના તથા મૂળ-**न लोपोऽपभ्रंशेऽधो रेफस्य** ૩-૩૨૦ પરંતુ ડા. ગુણે ચંડનો કાલ ઈ. સ. છઠા સૈકા પછીનો આપે છે.) કિન્તુ આ અપભ્રંશ અને નવમી દશમી શતાબ્દિની અપભ્રંશમાં બહુ અંતર છે. ડૉ. હૉર્નલનું અનુમાન છે કે 'ચંડના સમયની 'અપભ્રંશ'ના ઉદાહરણ રૂપે આપણે અશોકની જે પ્રશસ્તિઓ શાહબાજગઢી અને 'મન્સહરા'ની શિલાઓ પર ખોદેલી મળે છે અને જેની ભાષાને સર કનિંગહામે ઉત્તરી-ભાષા (northern dialect) કહી છે તે પ્રશસ્તિઓને ગણી શકાય તેમ છે. આ ભાષા થોડી ઘણી માગધીનાજ જેવી છે. વિશેષ ભેદ કેવલ એટલોજ હતો કે માગધીમાં 'ર' ને સ્થાને 'લ' આદેશ થતો હતો પરંતુ અપભ્રંશમાં 'ર' જ રહેતો હતો. પરન્તુ નવમી શતાબ્દિના પછીની અપભ્રંશ પ્રાકૃતમાં કેટલીક એવી વિશેષતાઓ છે કે જે તેથી પૂર્વની પ્રાકૃત ભાષાઓમાં જણાતી નથી.

૩૯. આ વિશેષતાઓ મુખ્યપણે ચાર છે.

(૧) કારક અને ક્રિયા વિભક્તિઓની ઘણી ખરી મન્દતા. ક્રિયાપદોમાં રૂપ બનાવવામાં પ્રત્યયો લગાડવાની મંદતા. ભાષા લગભગ પ્રત્યય વગરની વલણ પકડતી જાય છે.

(૨) ઘણા એવા દેશી શબ્દો અને રૂઢ શબ્દોનો પ્રયોગ કે જેના સમાન-રૂપ શબ્દો સંસ્કૃતમાં મળતા નથી.

(૩) ઘણા નવા છંદો ઉદ્ભવે છે. બીજી પ્રાકૃતમાં આર્યા-ગાથા કે શિષ્ટ સંસ્કૃત છંદો સિવાયના અન્ય છંદો સામાન્ય રીતે દેખાતા નથી પણ અપભ્રંશમાં અસંખ્ય નવા છંદો વપરાયા અને તે અક્ષરમેળ છંદો વપરાયા-માત્રામેળ છંદો કે જે વૈદિક કવિતામાં જોવામાં આવે છે તે નહિ. આ અસંખ્ય નવા છંદોનાં લક્ષણો તથા ઉદાહરણો 'પ્રાકૃત-પિંગલમાં મળી આવે છે.

(૪) પ્રાસબંધ છંદનો પ્રાદુર્ભાવ. તેવા પ્રાસાનુબંધ છંદ પહેલી વખતજ અપભ્રંશમાં મળી આવે છે.[૪]

આમાંની પહેલી અને બીજી વિશેષતાઓ તો કેટલેક અંશે તેનાથી પૂર્વની પ્રાકૃત ભાષાઓમાં મળી આવે પણ ચોથી વિશેષતાનું ઉદાહરણ તેનાથી પૂર્વે મળતું નથી.

પ્રાસાનુબંધ છંદનો પૂર્ણ વિકાસ આધુનિક ભાષાઓમાંજ જોવામાં આવે છે. કેટલાક લોકોનો એવો ખ્યાલ છે કે પ્રાસાનુબંધ છંદનો પ્રયોગ ભારતીય કવિઓએ મુસલમાનો પાસેથી લીધો છે. આ મતથી વિરૂદ્ધ આ સમયે કંઇ પણ નિશ્ચિત રીતે કહી શકાતું નથી, પણ સંસ્કૃત અલંકાર નામે પાદાન્તયમકમાંથી તેનો જન્મ થયો હોય તે વિશેષ સંભવિત છે. વિક્રમની છઠ્ઠી સાતમી સદીની પૂર્વેથીજ અરબ નિવાસીઓનું પશ્ચિમ ભારતમાં ઘણું આવાગમન થયું છે. મહમદ બિન કાસમની ગૂજરાત પર ચડાઇ ઇ. સન ૭૦૭ માં થઇ હતી અને અત્યાર સુધી પ્રાપ્ત થએલ અપભ્રંશ ભાષાનું સાહિત્ય, દેશના આ ભાગ–ગૂજરાતના કવિઓ દ્વારા રચાયેલું સિદ્ધ થાય છે, આ વાતનો બરાબર નિર્ણય કરવા માટે આપણે આપણા સાહિત્યની પૂર્ણ મીમાંસા કરવી જોઇએ અને આ વાતનો પણ નિકાલ કરવો જોઇએ કે મુસલમાની સાહિત્યમાં પ્રાસાનુબંધ કવિતાનો પ્રચાર ક્યારથી જણાય છે. આ પ્રશ્ન ઘણો મહત્વનો છે."

પ્રકરણ ત્રીજું.

અપભ્રંશ અને તેની જીવંતતા.

૪૦. સ્વ. સાક્ષર ચીમનલાલે અપભ્રંશ એ મથાળા નીચે 'સાહિત્ય' માસિકમાં લખતાં જણાવ્યું હતું કે:—

---

૪ ક્લિષ્ટ સંસ્કૃતમાં પ્રાસાનુબંધ છંદનો મળતો એકજ પ્રકાર પાદાન્તયમક નામના અલંકારમાં મળી આવે છે (દંડિના કાવ્યાદર્શ પ્રકરણ ૩ પારાગ્રાફ ૪૨. ૪૪) એ સંભવિત છે કે આ અલંકારમાંથી પ્રાસ મેળવવાનું જન્મ્યું હોય.

"વૈયાકરણોએ છ મુખ્ય ભાષાઓ ગણાવી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પિશાચિકા, માગધી અને સૂરસેની.

संस्कृतं प्राकृतं चैवापभ्रंशोथ पिशाचिका ।
मागधी सूरसेनी च भाषाः षट् समकीर्त्तिताः ॥

વાગ્ભટાલંકારમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પિશાચિકા (ભૂતભાષિત) એમ કાવ્યની શરીરભૂત ચાર ભાષાઓ ગણેલી છે.

संस्कृतं प्राकृतं तस्यापभ्रंशो भूतभाषितम् ।
इति भाषाश्चतस्रोपि यान्ति काव्यस्य कायताम् ॥ २-१

અહીંઆ **अपि** શબ્દથી ટીકાકારો **मागधी** અને **सूरसेनी**નો અંતર્ભાવ કરે છે. **एका भाषा अपभ्रंशः हरिविजयादि...चतस्रोपि भाषा=काव्यशरीरप्राप्ता इत्यर्थः** જે જે દેશોમાં અપર ભાષાથી અમિશ્રિત શુદ્ધ ભાષા તે અપભ્રંશ એવી વ્યાખ્યા વાગ્ભટ આપે છે.

अपभ्रंशस्तु तच्छुद्धं यत्तद्देशेषु भाषितम् ।

તે તે કર્ણાટ પાંચાળાદિ દેશોને વિશે બોલાતી શુદ્ધ બીજી ભાષાથી અમિશ્રિત ભાષા તે અપભ્રંશ. જે દેશને વિષે સ્વભાવથી જે ભાષા બોલાય છે તે અપભ્રંશ. માગધી અને સૂરસેનીનો પણ આમાંજ અંતર્ભાવ થાય છે.

यत्तेषु तेषु कर्णाटपाञ्चालादिषु देशेषु शुद्धमपरभाषादिभिरमिश्रितं भाषितं सोपभ्रंशः । यस्मिन्देशे स्वभावतो या भाषोच्यते सोपभ्रंशो भवतीत्यर्थः । मागधी सूरसेनी चात्रैवान्तर्गता ॥

૪૧. વાગ્ભટના કાવ્યાનુશાસન—જયપુર ભટ્ટારક નરેન્દ્રકીર્ત્તિના શિષ્ય

શ્રેષ્ઠિ પોમરાજના પુત્ર વાદિરાજની ટીકામાં ૨૭ અપભ્રંશ ભાષાઓ ગણાવી છે.

व्राचंडो लाटवैदर्भावुपनागरनागरौ ।
वार्बरावंत्यपांचालटाक्कमलयकैकयाः ॥
गौडोद्रद्व पाश्चात्यपांड्य कौंतलसिंहलाः ।
कालिंगप्राच्यकर्णाटकांच्य द्राविडगौर्जराः ॥
आभीरो मध्यदेशीयः सूक्ष्मभेदव्यवस्थिताः ।
सप्तविंशत्यपभ्रंशा वैडालादिप्रभेदतः ॥

આ શ્લોકો ટીકાકારે કયા ગ્રંથમાંથી લીધેલા છે તે જણાવેલું નથી. તેજ ટીકાકારે પિશાચિકાના ૧૧ ભેદ ગણાવેલા છે.

कांचीदेशीयपांड्ये च पांचालं गौडमागधम् ।
व्राचंडं दाक्षिणात्यं च सौरसेनं च कैकयम् ॥
शावरं द्राविडं चैव एकादश पिशाचजाः ।

આ ઉપરથી જણાય છે કે એકજ દેશમાં (ઉદાહરણ તરીકે **व्राचंड**) **અપભ્રંશ** અને પૈશાચિકા બન્ને ભાષાઓ બોલાતી હતી. **પૈશાચિકા** એ પિશાચોની—ભૂતોની ભાષા હતી. એટલે તે દેશોની મુખ્ય ભાષા અપભ્રંશ હશે, પરંતુ પિશાચ લોકો પૈશાચિકા બોલતા હશે. માર્કંડેયના પ્રાકૃત સર્વસ્વમાં તથા કૃષ્ણમિશ્રની પ્રાકૃત ચંદ્રિકામાં પણ ઉપરના અપભ્રંશ સંબંધી શ્લોકો ઉતારેલા છે.

૪૨. માર્કંડેય આ સતાવીશ ભેદોમાંથી **व्राचंड, उपनागर** અને **नागर**ને મુખ્ય ગણીને બીજાઓને સૂક્ષ્મ ભેદને લીધે પૃથક્ ગણેલા નથી. ઉપરના ત્રણ મુખ્ય અપભ્રંશોનું તેણે વર્ણન કરેલું છે અને બીજાઓની તો ફક્ત ખાસીયતો જણાવી છે.

गौर्जरि અપભ્રંશ ભાષાનો વિશેષ એટલો જણાવ્યો છે કે તે સંસ્કૃત શબ્દોથી ભરપુર છે અને ટાક્ર ભાષાની સાથે તે નિકટ સંબંધ ધરાવે છે.

संस्कृताढ्या च गौर्जरी । चकारात् पूर्वोक्तटक्कभाषाग्रहणम् ॥

व्राचड અપભ્રંશ સીંધમાં બોલાતો હતો એવું માર્કંડેય કહે છે. પરંતુ **नागर, उपनागर** અને **टक्क** ક્યાં વપરાતાં હતાં તે જણાવ્યું નથી. નાગર અપભ્રંશ નગરકોટના પ્રદેશમાં બોલાતો હશે, અને ઉપનાગર તે પ્રદેશના નજીકના ભાગની ભાષા હશે. ટાક્રી ભાષા ઉત્તર પંજાબમાં ટક્ક દેશની ભાષા હતી. (જ. રૉ. એ. સોસાયટી અક્ટો. ૧૯૧૩ પૃ. ૮૭૫–૮૮૩) માર્કંડેયના નાગર અપભ્રંશ અને હેમાચાર્યના સૌરસેન અપભ્રંશને ઘણું મળતાપણું છે. આ ઉપરથી ડૉ. ગ્રીઅર્સન એમ ધારે છે કે **नागर** અપભ્રંશ તે ગૂજરાતમાં બોલાતી ભાષા હશે, અને **उपनागर** અપભ્રંશ ગૂજરાત અને સિંધની વચ્ચેના પ્રદેશ–**पश्चिम** રજપૂતાના અને દક્ષિણ પંજાબના ભાગમાં બોલાતો હશે.

હવે અગ્યારમા શતક સુધી અપભ્રંશ ભાષા જીવંત હતી તેના પુરાવા આપીશું. કઇ ભાષા ક્યારે મરણ પામી, એટલે કે તે બોલવાનો વ્યવહાર તૂટી ગયો એ સંબંધી પ્રત્યક્ષ પુરાવા મળવા ઘણા વિકટ હોય છે, તેમ તે મરણ પામ્યાથી તેનું સાહિત્ય નિર્માણ થઇ શકે છે ઇત્યાદિ વાત જરા દુર્ઘટ છે, તોપણ સુદૈવે અપભ્રંશના સંબંધમાં આપણને પ્રત્યંતર પુરાવા પણ મળે છે.

(૧) અગાઉ પૃ. ૯ ઉપર ટુંકમાં જણાવ્યું છે તેમ વિશેષપણે જણાવતાં રાજશેખર પોતાના કાવ્યમીમાંસામાં (ગાયકવાડ ઓરિએંટલ સીરીઝ પા. ૫૪, ૫૫) પોતાના કવિ–રાજની કાવ્ય પરીક્ષાની સભા કેવી હોવી જોઈએ એ સંબંધમાં લખતાં જણાવે છે કેઃ—

मध्येसभं...वेदिका । तस्यां राजासनम् । तस्य चोत्तरतः संस्कृताः कवयो निवेशेरन् । ततः परं वेदविद्याविदः

प्रामाणिकाः पौराणिकाः स्मार्ता भिषजो मौहूर्तिका अन्येपि तथाविधाः । पूर्वेण प्राकृताः कवयः । ततः परं नटनर्त्तक-गायनवादक वाग्जीवन कुशीलवतालवचरा अन्येपि तथा-विधाः । पश्चिमेनापभ्रंशिनः कवयः । ततः परं चित्र-लेप्यकृतो मणिक्यबंधक वैकेटिकाः स्वर्णकार वर्धकिलोह-कारा अन्येपि तथाविधाः । इ०

—એટલે મધ્યે રાજ્યાસન, તેની ઉત્તરે સંસ્કૃત કવિ, અને તેની પાસે વૈદિક, નૈયાયિક, પૌરાણિક આદિ પંડિત લોક, પૂર્વે પ્રાકૃત કવિ અને તેની પાસે નટ, નાચનારા, ગાનારા, વગાડનારા આદિ કલાવન્ત લોક. પશ્ચિમે અપભ્રંશ કવિ અને તેની પાસે ચિત્ર કરનાર–રંગ પૂરનાર, રત્નકાર આદિ કસબી લોક અને સોની, સુતાર, લુવાર આદિ કારૂ–કારીગર ઇત્યાદિ.

૪૪. આ સભાની રચના કાલ્પનિક હોય તો પણ પ્રત્યેક સાહિત્ય ભાષાના કવિની પાછળ તે ભાષા જેઓમાં વ્યવહાર સાધન રૂપે બોલાતી લાગે છે તેના લોક રાજશેખરે બેસાડયા છે, એ તે પરથી સ્પષ્ટ જણાય છે. સંસ્કૃત કવિ પાછળ પંડિતોનું પૂર, પ્રાકૃતિ કવિ પાછળ જે નાટકમાં પ્રાકૃત વપરાય છે તેનો લગતા નટાદિનું મૂકવું, અને અપભ્રંશ કવિ પછવાડે માત્ર વણિગ્વર્ગ અને કારીગર આદિનો વર્ગ–અર્થાત્ સામાન્ય જનસમૂહ–એમ બેસાડવાથી ઔચિત્ય સાધ્યું છે. એમ ન હત તો વ્યાપારી વર્ગ અને ધંધાદારી લોક સંસ્કૃત કવિ પછવાડે શા માટે ન બેસાડયા અથવા નટ નર્ત્તકાદિ કલાવંતોના વર્ગને અપભ્રંશ કવિની પાછળ કેમ સ્થાન ન આપ્યું ? એવા પ્રશ્નોનો બીજો સમર્પક ઉત્તર નથી. આ પરથી રાજ-શેખરના સમયમાં સામાન્ય જનસમૂહની બોલી અપભ્રંશ હોવાથી તેમનું તેજ ભાષામાં સાહિત્ય હતું એમ માનવામાં હરકત નથી. રાજશેખર ઈ. સ. નવમા શતકના છેવટમાં અને દશમાના આરંભમાં થઇ ગયા.

૪૫. (૨) રૂદ્રટના રૂદ્રટાલંકારના ૨–૧૧ સૂત્ર નામે ‘संस्कृतं प्राकृतं

वाप्यपभ्रंश इति त्रिधा' એ શ્લોક પર પોતાની વૃત્તિમાં ટીકાકાર જૈન નમિ સાધુએ અપભ્રંશના જુદાજુદા ભેદ બતાવી તેના લક્ષણ સંબંધે જણાવ્યું છે કે '**तस्य च लक्षणं लोकादेव सम्यगवसेयम्**'—એટલે તેનું લક્ષણ લોકો પાસેથી-માંથી જ સારી રીતે સમજી લેવું. પ્રાકૃત સંબંધે બોલતાં તેનું લક્ષણ '**ग्रंथान्तरादवसेयं**'-બીજા ગ્રંથોમાંથી જાણી લેવું એમ તે જણાવે છે; આ પરથી '**लोकात्**' એટલે પ્રત્યક્ષ લોકવ્યવહાર પરથી, એવું કહેવાનો તેનો ઉદ્દેશ જણાય છે તે સ્પષ્ટ છે. નમિ સાધુ ઇ. સ. અગ્યારમા શતકના મધ્યમાં થઈ ગયા. તેના સમયમાં અપભ્રંશ જીવંત હોવા સિવાય તે '**तस्य च लक्षणं लोकादवसेयं**' એમ કહે નહિ. આ પરથી અપભ્રંશ ભાષા અગ્યારમા શતકના મધ્ય સુધી ખાસ જીવંત હતી એ કહેવામાં હરકત નથી.

૪૬. (૩) હેમચંદ્રાચાર્યે પોતાના પ્રાકૃત વ્યાકરણના અપભ્રંશ પ્રકરણમાં જે અપભ્રંશનાં ઉદાહરણો અપભ્રંશ કવિતામાંથી આપ્યાં છે તેમાંથી બે મહત્ત્વનાં છે.

(અ) 'બાહ વિછોડિવિ જાહિ તુહું, હઉં તેવઈ કો દોસુ,
હિઅઅટ્ઠિઉ જઈ નીસરહિ, જાણઉં મુંજસું રોસુ,

—(એકમેકના) હાથ છોડી તું જાય છે, તેમ હું પણ જાઉં છું, (તેમાં) કોનો દોષ ? પણ હૃદયમાંથી તું જો નીસરી જશે, તો પછી મુંજનો મારા પર રોષ છે એમ હું જાણીશ.

૪૭. આમાં મુંજરાજા પર ફિદા થયેલી તરુણીના તેને અનુલક્ષીને શબ્દો છે. આમાં તેની પ્રશસ્તિ સરખા મહાકાવ્ય જેવો પ્રકાર બીલકુલ નથી. શિવાય કે મુંજ જેવો રાજા બીજો થયો નહોતો કે તેના સંબંધે કોઇ પછીથી પણ કાવ્ય રચે. તેથી મુંજની અને વિશેષતઃ તેના સ્ત્રીલંપટત્વની વાત લોકહૃદયમાંથી ભુંસાઈ નહોતી, તે વખતે લોકમાં રૂઢ થયેલા આ લોકનાં

જ પદ હોય એમ કહેવામાં હરકત નથી. મુંજ ૧૦મા શતકના મધ્યમાં થઇ ગયો તેના પછી થોડા કાળના તરીકે આ પદને સમજીએ, તો દશમા શતકના છેવટે અપભ્રંશ ભાષા લોકમાં પ્રચાર પામી હતી એમ દિસે છે.

૪૮. (ખ) 'રકખઇ સા વિસહારિણી, તે કર ચુંબિવિ જીઉ;
પડિબિંબિ અ મુંજાલુ જેહિં એ ઊહિઉ પીઉ.'

—જેમાં મુંજાલનું પ્રતિબિંબ પડેલું છે તે સ્વચ્છ પાણી જે હાથે પીધું તેનું ચુંબન લઇને તે પાણીવાલી (તરૂણી) પોતાનો જીવ ટકાવે છે.

ગૂજરાતનો રાજા સિદ્ધરાજ જ્યારે સગીર હતો ત્યારે મુંજાલ એ નામનો પ્રસિદ્ધ પ્રધાન સર્વ કારભાર કરતો હતો, તેના સંબંધમાં આ પદ છે. આ પણ ઉપરના પદ જેવું તાત્કાલિક મહત્ત્વનું લોકસુભાષિત છે, અથવા તે પ્રચલિત લોકભાષામાંનું હોવા યોગ્ય છે. આમાં મુંજાલના તરૂણપણાની અલ્લડ વાતનો–અગર એકાદ અપ્રસિદ્ધ તરૂણીના તેના પર થયેલા ગુપ્ત પ્રેમનો ઉલ્લેખ છે. આ પરથી જણાય છે કે મુંજાલના તારૂણ્ય સુધી તો જરૂર અપભ્રંશ જીવંત હતી. સિદ્ધરાજ ઇ.સ. ૧૦૯૪માં સગીર ઉમરે ગાદીપર આવ્યો, તે સમયે મુંજાલ સારી રીતે મોટી ઉમરનો હતો. એટલે કે ઇ. સ. અગ્યારમા શતકના ઉત્તરાર્ધમાં અપભ્રંશ બોલાતી હતી એમ જણાય છે. પછીનાં શતક સંક્રમણનાં હોઇને, તેમાં નવી ભાષાનું રૂપ કાયમ થયું હોવું જોઇએ એમ આપરથી દિસે છે, કારણ કે પછી વિક્રમ ૧૩ મા શતકમાં જૂની ગૂજરાતી ભાષામાં વાઙ્મય ચમકવા લાગ્યું.

૪૯. (૪) પ્રાકૃતપિંગલ આ નામનો પ્રાકૃત છંદઃશાસ્ત્ર પરનો ગ્રંથ (?) શતકનો છે તેમાં કેટલાંક અપભ્રંશ અને કેટલાંક જૂનાં હિંદી–ગૂજરાતી ઉદાહરણો છે તેમાંથી બેજ અત્ર લેવામાં આવે છે.

(ક) 'કણ્ણ ચલંતે કુમ્મ ચલઇ પુણુવિ અસરણા,
કુમ્મ ચલંતે મહિ ચલઇ ભુવણુ ભયકરણા.

મહિઅ ચલતે મહિહર તહ અ સુરઅણા
ચક્કવઇ ચલંતે ચલાઇ ચક્ક તહ તિહુઅણા.

—કર્ણ (સંગ્રામમાં) ચાલતી વખતે અશ્વ (થઇ) કૂર્મ હલે છે, કૂર્મ હલવાથી પ્રાણી માત્રને ભય દેનારી પૃથ્વી હલે છે, પૃથ્વી હલતાં પર્વત ડોલે છે, અને તેથી (તે પર રહેલ) સુરગણ હલે છે. (આ પ્રમાણે) ચક્રવર્તી (કર્ણ) ચાલ્યો તેથી (દિશાઓનું) ચક્ર અને ત્રિભુવન ચલાયમાન થાય છે.

૫૦. (ખ) 'જે ગંજિય ગોલા હિવઈરાઉ, ઉદ્દંડ ઉડુઉ સભઅ પરાઉ;
ગુરૂ વિક્કમ વિક્કમ જિણિઅ જુજ્ઝ, તા કણ્ણપરક્કમ કોઈ બુજ્ઝ,

—જેણે ગૌડાધિપતિને ગાંજ્યો, ગર્વિષ્ટ ઉત્કલ (રાજા) ને ભયભીત કરી નસાડ્યો, (જેણે) મોટા પરાક્રમી વિક્રમને યુદ્ધમાં જીત્યો, તે કર્ણના પરાક્રમની બુઝ કોણ કરે ?

૫૧. આમાં કર્ણ તે કલચૂરિ વંશના ચેદિ રાજા ઇ. સ. ૧૧મા શતકના મધ્યના સુમારે થઇ ગયો. પ્રાકૃતપિંગલ-ટીકાનો હસ્તલેખિત ગ્રંથ મળ્યો તે સંબંધી ખુલાસામાં ડૉ૦ સર ભાંડારકર કહે છે કે:—

"The last two forms (the Apabhrams'a and the Vernacular forms) must represent the Vernacular speech of the period when the poets wrote, and since they could not have praised the particular princes if they had died and been forgotton at the time when they lived, the conclusion is not un-warranted that the forms of the language used by them were the forms current about the time of Karna i.e. in the first half of the eleventh century, the stage of development at which Vernacular tongues had arrived was still that represented by the Apabhrams'a." (Bhandarkar, Report on the search for Mss 1887-94 p. LXXI ff.)

—છેલ્લાં બે રૂપો (અપભ્રંશ અને દેશી ભાષાનાં રૂપો જ્યારે કવિઓએ લખ્યાં તે સમયની દેશી–લોકભાષાનાં પ્રતિનિધિરૂપજ હોવાં જોઇએ. અને તે કવિઓ જ્યારે પોતે વિદ્યમાન હોય ત્યારે તે અમુક રાજાઓ જો મરી જઈ ભૂલાઈ ગયા હોય તો તે વખતે તે રાજાઓનાં ગુણગાન કરી શક્યા ન હોત; આથી એ નિર્ણય પર આવવું અયોગ્ય નથી કે તે કવિઓએ વાપરેલાં ભાષાનાં રૂપો જે વખતે તે રાજાઓ વિદ્યમાન હતા તે વખતના અરસામાં ચાલુ હતાં. આ પ્રમાણે કર્ણના અરસામાં એટલે કે અગ્યારમા શતકના પૂર્વાર્ધમાં જે વિકાસક્રમ પર દેશી ભાષાઓ પહોંચી હતી તે અપભ્રંશ ભાષાનો જ ચાલુ વિકાસ હતો.

આ સર્વ વિવેચન પરથી ઇ. સ. ૧૧મા શતકના મધ્યસુધી અને વિક્રમ બારમા શતક સુધી તો અપભ્રંશ ભાષા બોલાતી હતી એ નિર્વિવાદ દિસે છે. આની પછી નવીન આર્યભાષાનો દેશી ભાષાનો કાળ શરૂ થાય છે એમ કહી શકાય.

વિભાગ બીજો.

અપભ્રંશ સાહિત્ય.

પ્રકરણ પહેલું.

દશમી સદી સુધીનું અપભ્રંશ સાહિત્ય.

પર. અપભ્રંશ સાહિત્યનું સંખ્યાપ્રમાણુ શું છે આ પ્રશ્ન દશક વર્ષ પહેલાં હાસ્યજનક લાગત કારણકે હજુ હમણાં સુધી અપભ્રંશનું જે કંઇ સાહિત્ય વિદ્વાનોને જ્ઞાત અને માન્ય હતું તે ફક્ત એટલું જ હતું કે ૧. કાલિદાસની વિક્રમોર્વશીના ચતુર્થ અંકમાંનું ૨. પિંગલ કૃત કહેવાતું પ્રાકૃત પિંગલ ૩ હેમાચાર્યનું વ્યાકરણ સૂત્ર ૪-૩૨૯ થી ૪૪૬ કે જેમાં તે જૂદાં જૂદાં સ્થળોએથી અપભ્રંશ ટાંકે છે. ૪ હેમાચાર્યનું કુમારપાલ-ચરિત્ર અથવા પ્રાકૃતદ્વાશ્રય કાવ્ય સર્ગ ૮-શ્લોકો ૧૪ થી ૮૨ કે જે પોતાના વ્યાકરણના નિયમોનાં ઉદાહરણુ તરીકે મૂકેલા છે ૬ જૈનકથાઓ જેવી કે કાલકાચાર્ય કહા અને દ્વારાવતીના નાશની કહા અને અહીં તહીં અલંકારના ગ્રંથો જેવા કે સરસ્વતીકંઠાભરણુ, અને દશરૂપ અને ધ્વન્યાલંકાર એ બંને પરની ટીકાઓમાં મળી આવતી છૂટી ગાથાઓ; આ ઉપરાંત થોડી ગાથાઓ વેતાલ પંચવિંશતિકા, સિંહાસન દ્વાત્રિંશિકા અને પ્રબંધ ચિંતામણિ માંની. આનો ઉપયોગ પિશલે પોતાના વ્યાકરણુમાં કર્યો છે. આમાં પહેલાં બે સિવાય સર્વ જૈનો રચિત સાહિત્ય છે.

૫૩ પિશલના વખત પછી શોધખોળ કરતાં અપભ્રંશ સાહિત્ય વિશેષ અને વિશેષ જૈનો પાસેથી મળી આવ્યું છે. તેમાં ખાસ કરી ભવિસયત્ત કહા નામનું ધનપાલ કૃત લાંબું કાવ્ય ડા. જેકોબીએ અમ-

હાવાદના રા. કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલ પાસેથી પોતાના ભારતના છેલ્લા પ્રવાસ દરમ્યાન તેની એક પ્રત પ્રાપ્ત કરી જર્મની જઇ તેના પર ખૂબ સંશોધન, શોધખોળ કરી, વિવેચન, પ્રસ્તાવના વગેરે લખી મ્યુનિચમાં સન ૧૯૧૮માં છપાવ્યું તેમાં ગૂજરાતી હિંદી આદિ આધુનિક ભાષાની જનની અપભ્રંશ ભાષાનું મહત્વ તેમણે સ્થાપિત કર્યું. ત્યાર પછી અપભ્રંશ સંબંધી હિન્દમાં રસ લેવાવા માંડયો. તેનું કેટલુંક સાહિત્ય સાક્ષરશ્રી સ્વ. દલાલે પાટણ અને જેલસમેરના તેમજ શ્રીયુત હીરાલાલ જૈને કારંજાના જૈન પુસ્તક ભંડારો શોધતાં તેમજ બીજે શોધ કરતાં મળી આવ્યું. આ સર્વની રૂપરેખા સૂચિ સહિત નીચે આપીએ છીએ.

વિક્રમ ૮ મીથી ૧૦ સદી વચ્ચે.

૫૪. હાલ અપ્રકટ પણ મોટા બે અપભ્રંશનાં કાવ્યો હમણા એક પુસ્તકભંડારમાં જણાયાં છે, તેનાં નામ **હરિવંશ પુરાણ** અને **પઉમ ચરિય** છે. તેમનું ગ્રંથપ્રમાણ આશરે અઢાર હજાર અને બાર હજાર શ્લોક અનુક્રમે છે. બંનેના રચનારનું નામ **સ્વયંભૂદેવ** છે. તેણે બંને ગ્રંથો અપૂર્ણ મૂક્યા હતા ને તેના પુત્ર નામે **ત્રિભુવન સ્વયંભૂએ** તે બન્નેને પૂર્ણ કર્યા હતા. હરિવંશ પુરાણમાં સ્વયંભૂદેવ પોતાને 'ધવલઇય'નો અને પઉમચરિઅમાં 'ધનંજય'નો આશ્રિત તરીકે ઓળખાવે છે. બંને નામો એકજ વ્યક્તિને લાગુ પડતાં હોય એવો સંભવ છે. ત્રિભુવન સ્વયંભૂ પોતાને 'બંદઇય' કે જે 'ધવલઇય'નો પુત્ર કદાચ હોય) ના આશ્રિત તરીકે ઓળખાવે છે. હરિવંશ પુરાણના અંતભાગમાં સંધિઓ પરથી જણાય છે કે તે ગ્રંથનો એક ભાગ ત્રિભુવન સ્વયંભૂએ લખેલો તે અપ્રાપ્ત થતાં તે ગ્વાલિયરના જસકિત્તિ (યશઃકીર્તિ) નામના સં. ૧૫૨૧ લગભગ થયેલા ભટ્ટારકે પુનઃ સ્થાપિત કર્યો હતો.

૫૫. હરિવંશ પુરાણમાં ભામહ, દંડિ, બાણ, હરિષેણ અને ચૌમુહના ઉલ્લેખ મળે છે અને પઉમચરિઅમાં રવિષેણ, ભામહ અને દંડિના મળે છે. આ બધા ગ્રંથકારો ઇ. સ. ૭ મી સદી પછી વિદ્યમાન જણાયા

નથી. વિક્રમ ૧૧મી સદીના પુષ્પદન્તે પોતે પોતાના મહાપુરાણમાં સ્વયંભૂ-દેવનો ઉલ્લેખ કર્યો છે. આ પરથી એમ નિર્ણય થઈ શકે કે સ્વયંભૂદેવે ઈ. સ. ૭મી અને ૧૦ મી સદી વચ્ચે કોઇ કાળમાં રચના કરી હશે. ૫૬ ઉક્ત **પઉમચરિય** પ્રારંભમાં એ છે કે

મહણુવ–કોમલ–કોમલ–મણુહર–વર–વહલકંતિ સોહિલ્લં
ઉસહસ્સ પાયકમલં સસુરાસુર વંદિયં સિરસા. ૧

દીહર સમાસનાલં સદ્દલં અત્થ કેસરગ્ઘવિયં,
બુહ મહુયર પીય રસં સયંભુ કવ્વુપ્પલં જયઉ. ૨

તિહુયણુ લગ્ગણુ ખંભુ, ગુરૂ પરમેટ્ઠિ નવેપ્પિણુ.
પુણિ અરેંભિય રામ કહા, આરિસૂ જોએપ્પિણુ. ૩

× × × ×

ઘત્તા

ઇય ચઉવીસ વિ પરમ જિણુ પણુવેપ્પિણુ ભાવેં
પુણુ અપ્પાણઉં પાયડમિ રામાયણુ કાવેં. ૧

વદ્ધમાણુ મુહ કુહર વિણુગ્ગિય, રામકહાણઇ એહ કમાગય,
અક્ખર વાસ જલોહ મનોહર, સુયલંકાર છંદ મચ્છોહર.

દીહ સમાસ પવાહા વંકિય, સક્કય પાયય પુલિણાલંકિય
દેસી ભાસા ઉભય તડુજ્જલ, કવિ દુક્કર ઘણ સદ્દ સિલાયલ.
અત્થ બહલ કલ્લોલાણિટ્ટિય, આસાસય સમતૂહ પરિટ્ઠિય,
એહ રામકહ સરિ સોહંતી, ગણહર દેવહિં દિઠ વહંતી.

પચ્છઇ ઇંદભૂઅ આયરિએં, પુણુ ધમ્મેણુ ગુણાલંકારયં,
પુણુ એવહિં સંસારારાએં, કિત્તિહરેણુ અણુત્તરવાએં.
પુણુ રવિસેણુ ચરિય પસાએં, બુદ્ધિએ અવગાહિય કઇરાએં,
પઉમિણિ જણણિ ગબ્ભ સંભૂએ, મારૂએ એવ રૂપ અણુરાએં,
અઇતણુ એણુ પઇહર ગત્તેં, છિવ્વરણાસેં પવિરલ દત્તેં.

ઘત્તા

સિમ્મલ પુણ્ણુ પવિત્ત કહ કિત્તણુ આઢપ્પાઇ,
જઇણિ સમાણિજ્જંત એણુ, થિર કિત્તિ વિઢપ્પઇ. ૨
બુહયણુ સયંભુ પઇં વિણ્ણવઇ, મઇ સરિસઉ, અણ્ણુણ્ણાહિ કુકઇ,
વાયરણું કયાઇ ન જાણિયઉ, ણુવ વિત્તિ સુત્તુ વક્ખાણિયઉ,
ણુઉ પચ્ચાહાર હો તત્તિ કિય, ણુઉ સંધિએઉ પરિબુદ્ધિ દિય,
ણુ ઉ ણિસુઅઉ સત્ત વિહત્તિયાઉ, છબ્બિહઉ સમા સપઉત્તિયાઉ.
છક્કારય દસલયારણુ સુય વીસોવસગ્ગ પંચય બહુય,
ણુ વલાવલ ધાઉ ણિવાય ગણુ, ણુઉ લિંગુ ઉણાઇ ચક્કુ વયણુ
ણુઉ ણિસુણિઉ પંચ મહાકવ્વુ, ણુઉ ભરહુ ણુ લક્ખણુ છંદુ સવ્વુ,
ણુઉ વુજ્ઝિઉ પિંગલ પચ્છાર, ણુઉ ભમ્મહ દંડિય લંકાર,
વવસાઉ તોવિ ણુઉ પરિહરમિ, વરિ રયડા વુત્તુ કવ્વુ કરમિ

× × × ×

ઇય એત્થ પઉમચરિએ ધણુંજયાસિય સયંભુ એવ કએ,
જિણુ જમ્મુપ્પસિઇયં પઢમં ચિય સાહિયં પવ્વં. ૧

× × × ×

ઇય એત્થ પઉમચરિએ, ધણુંજયાસિય સયંભુ એવ કએ,
જિણુવર ણિક્કમણુ ઇમં, વીયં ચિય સાહિયં પવ્વં. સંધિ ૨

* * * *

આયરઇ અવરઈ અવિસેસઈ કરિયઈ મુણિગણુ સારએણુ,
પરમાગમે જહ ઉદ્દિઠઇ આસિ સયંભુ ભડાર એણુ. ૨૦
ઇય પઉમચરિયસેસે સયંભુ એવસ્સ કહવિ ઉવ્વરિએ,
તિહુઅણુ સયંભુ રઇયં સમાણિયં સીયહીવ પવ્વમિણું.
વદંઇ આસિય તિહુયણુ સયંભુ કઇ કહિય પોમચરિયસ્સ,
સેસે ભુવણુ પગાસે તેઆસીમો ઇમો સગ્ગો.
કઇરાયસ્સ વિજય સેસિયસ્સ વિત્થારિઉ જસો ભુવણે
તિહુઅણુ સયંભુણા પોમ ચરિય સેસેણુ નિસ્સેસો. સંધિ. ૮૩

* * * *

આ ગ્રંથ ની સં. ૧૫૨૧ માં લખાયેલી પ્રત પૂનાના સર ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં નં. ૧૧૨૦ સન ૧૮૯૪-૯૭ માં છે,

૫૭. ઉપરોક્ત હરિવંશ પુરાણના નમુના. તેમાં આદિભાગ એ છે કેઃ—

સિરિ પરમાગમ-ણાલુ સયલ કલા કોમલ દલુ,
કરહુ વિહસિણુ કણ્ણે જાયવ કુરૂ બકુહુપ્પલુ.
પણમામિ ણેમિ તિત્થંકર હો, હરિબલકુલ-નહયલ-સસહર હો-
તઇલોક્કલચ્છિ લચ્છિય ઉર હો, પરિપાલય અજરામરપુર હો.

× × × ×

ચિંતવઇ સયંભુ કાઈં કરમ્મિ, હરિવંશ મહણ્ણવ કે તરમ્મિ,
ગુરૂવયણ તરંડ ઉલચ્છુ નવિ, જમ્મહો વિલજો ઇઉ કોવિ કવિ.
ણુઉ ણાઇ ઉ વાહત્તરિ કલઉ, એકકુવિ ણ ગંથુ પરિમોક્કલઉ
તહિ અવસરિ સરસઈ ધીરવઇ, કરિ કવ્વુ દિણ્ણમઇ વિમલમઇ.
ઈંદેણ સમપ્પિઉ વાયરણુ, રસુ ભરહેં વાસેં વિચ્છરણુ,
પિંગલેણ છંદ પય પચ્છારૂ, ભમ્મહં દંડિણિહિં અલંકારૂ.
બાણેણ સમપ્પિઉ ઘણુ ઘણઉં, તં અકખર ઉંબરૂ અપ્પણઉ,
સિરિ હરિસેણિંય ણિઉ ણિત્તણઉં, અવરે હિમિ કઇરિં કઇત્તણઉં.
છંડણિય દુવઈ ધુવએહિ જડિય, ચઉમુહેણ સમપ્પિય પદ્ધડિય.
જય ણુયણાણંદ જણેરિયએ, આસીસ એ સવ્વહુ કેરિયએ,
પારંભિય પુણ હરિવંસકહા, સસમય પરસમય વિચય સહા.

આ ગ્રંથની સં. ૧૫૮૨માં લખેલી પ્રત પણ તે પૂનાની ઉપરોક્ત સંસ્થામાં નં. ૧૧૭૭ સન ૧૮૯૧-૯૫ની વિદ્યમાન છે તે પરથી શ્રીયુત નાથુરામ પ્રેમીજીની નોંધમાંથી ઉપરનાં અવતરણો લીધાં છે.

દશમી સદી.

૫૮. **ધનપાલ કવિ—તેણે 'ભવિસયત્ત કહા'** અપર નામ 'સુય-પંચમી કહા' એ નામનું મહાકાવ્ય બનાવ્યું છે. તે ૨૨ સંધિઓ (પ્રકરણો)માં છે. આ કથામાં ભવિષ્યદત્ત રાજા એ નાયક છે અને તેમાં

કાર્તિક શુક્લ પંચમી (જ્ઞાનપંચમી)ના ફલવર્ણન રૂપ વિષય છે. આ ગાયકવાડની ઓરિએન્ટલ સીરીઝમાં ૨૦ મા અંકમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે. કવિ પોતાનો પરિચય ટુંકમાં એ આપે છે કે તે ધક્કડ (ધાર્કટ) વણિકવંશમાં ધનશ્રી માતા અને મહેશ્વર પિતાનો પુત્ર હતો. પોતે શ્રુત-જ્ઞાનમાં સરસ્વતી દેવીનાં પુત્ર હોવાનું જણાવે છે. આ વણિક કવિની કવિતા ધવલ અને પુષ્પદંતની કવિતા જેવી છે. તેની અપભ્રંશ હેમ-ચંદ્રના કરતાં વધારે પ્રાચીન લાગે છે. હેમચંદ્રજીમાં દેખાતી એવી વ્યાકરણની વિકૃતિ અને રૂપની બહુલતા તેમાં જણાય છે, એ પરથી જણાય છે કે જ્યારે આ ભાષા બોલાતી બંધ નહિ પડી હોય, ત્યારે તે સમયમાં ધનપાલે આ લખેલ હશે અને હેમચંદ્રજીના સમયમાં તે સાહિત્ય રૂપે વિદ્યમાન રહેવા ઉપરાંત વિકૃતભાષા થઇ ગઇ હશે. આથી તેના અને હેમાચાર્ય વચ્ચે ઓછામાં ઓછું બે સૈકાનું અંતર ગણી શકાય. આ ગ્રંથ ડાક્ટર હર્મન જેકૉબીએ સને ૧૯૧૮ માં મ્યુનિચમાં રોમનલિપિમાં જર્મનભાષામાં ભૂમિકા સહિત પ્રકટ કર્યો છે ને તેમાં અપભ્રંશ સંબંધી અતિ સુંદર, મહત્ત્વપૂર્ણ અને શોધખોળથી યુક્ત વિવેચન વિસ્તારથી કર્યું છે. ત્યાર પછી સ્વ. સાક્ષર ચિમનલાલ દલાલથી સંશોધિત ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝમાં નં. ૨૦ માં સને ૧૯૨૩ માં બહાર પડેલ છે તેમાં સ્વ. ડા. ગુણેએ જેકૉબીનો આધાર લઈ વિસ્તૃત પ્રસ્તાવના અને વિવેચન અંગ્રેજીમાં કરેલ છે ને તેમાં શબ્દકોશ પણ છેવટે આપ્યો છે. અપભ્રંશનો પહેલો સંપૂર્ણ ગ્રંથ પ્રકાશમાં આજ આવ્યો.

૫૯—આમાંથી એક નમુનો લઇએ:—

દુક્કિવિ સહું જણુણિં કિઉ ચંતુ, તુરિઉ તાય પરિવડ્ઢિય તંતુ,
મઈ તં કણયદીઉ પઇસિવ્વઉ, અચ્છઇ તામ એહુ સુહસેવઉ,
તં ણિસુણિવિ પરિવડ્ઢેય મંતિં, કરયલુ વયણિ દિન્નુ વિહસંતિં,
પુડિહિં ચડિવિ જઇ તં કિર કિજ્જઇ, વયણુવિ નઉ કરાલુ જંપિજ્જઈ,
બોલ્લહિ પુત્ત જેમ અણ્ણાણિઉં, કિં વણિઉત્તહં મગ્ગુ ન યાણિઉં;
સુહિયહિ હિયઉં ણહિં અપ્પિવ્વઉ, પરિમિતું થોઉ થોઉ જંપિવ્વઉ,

અત્થુ વિઢપ્પઇ વિવિહપયારિહિં, વંચિવિ કરસન્નાસંચારિહિં;
અપ્પુણુ પક્ખે ભંડુ સલહિવ્વઉ, અણ્ણહો ચિત્તુ વિચિત્તુ લહેવ્વઉ,
અપ્પુણુ અંગ ણાહિ દરિસિવ્વઉ, અણ્ણહો તણુઉં પરામરિસિવ્વઉ,

ઘત્તા—પરકજ્જે સુણંતુવિ ણઉ સુણઇ, અપ્પણુ કજ્જેહો ણઉ ચલઇ,
ણ કલાવઇ કેણુવિ ણિયચરિઉ, પરહો અંગિ પઇસિવિ કલઇ. ૩—૬

—જનની–માતા પાસે જઈ મંત્ર કરી–પૂછગાછ કરી ત્વરિત તાત પાસે ગયો; (કહ્યું કે) તે કનકદ્વીપમાં મારે જવું છે–તે સુખસેવિત સ્થાન છે. તેને આવો વિચાર કર્યો છે એવું જાણી વદનપર કરતલ મૂકી (તાત) હસતો (બોલ્યો). (એક કુશલ વાણીઓ–વેપારી પોતાના ધંધાના કેવા નિયમો રાખે છે તે અત્ર બતાવે છે.) જો કંઇ ત્રુટિઓ–મુશ્કેલીઓ પ્રાપ્ત થાય–કજીઓ થાય તો એવું ખરેખર કરીએ કે (૧) વચનોમાં કરાલ–કઠોર વદવું નહિ, (૨) હે પુત્ર ! જેમ અજ્ઞાની વાણિજ્યનો માર્ગ જાણતો નથી તેમ બોલજે (૩) સુહૃદ્–મિત્રને હૈયું આપીશ નહી–ગુપ્ત વાત કરતો નહિ (૪) પરિમિત થોડું થોડું બોલવું (૫) વિવિધ પ્રકારે-હાથની સંજ્ઞા સંચારથી છેતરી અર્થ–પૈસો કમાવો–મેળવવો (૬) આપણા પક્ષના માલની શ્લાઘા કરવી–વખાણ કરવાં, અને અન્યનું ચિત્ત વિચિત્ત કરી નાંખવું (૭) પોતાનું અંગ (પક્ષ, હકીકત) દેખાડવું નહિ, અને અન્યના અંગને ખ્યાલમાં રાખવું–વિચારવું–તેનો પરામર્શ કરવો. (૮ પરકાર્ય સાંભળતાં છતાં ન સુણી–તે પ્રત્યે બહેરા રહી પોતાના કાજ ચલિત ન કરવાં–સ્થિર કરવાં–દૃઢપણે વળગી રહેવું. (૯) કોઇને પોતાનું ચરિત્ર કળાવવું–જણાવવું નહિ (રખેને કોઈ કળી જાય) અને અન્યનું અંગ (પક્ષ–હકીકત) તેમાં પ્રવેશ કરી કળી જવું–જાણી લેવું.

આનાં વિશેષ ઉદાહરણો આ ગ્રંથ મુદ્રિત થયેલ છે એટલે તેમાંથી જોઈ શકાશે તેથી અત્ર આપ્યાં નથી.

૬૦—**મહાકવિ ધવલ**–પણ દશમી સદીમાં થયો જણાય છે. નિર્ણિત સમય બરાબર કહી શકાતો નથી પરંતુ દશમી સદીથી આગળ તેનો સમય લાવી શકાશે નહિ એમ તો જણાય છે. તેણે ૧૨૨ સંધિમાં

—અધ્યાયમાં અને ૧૮૦૦૦ શ્લોકમાં 'હરિવંશ પુરાણ' રચેલો કારંજા ભંડારમાં જણાયો છે, તેમાં 'મહાવીર' અને 'નેમિનાથ' તીર્થંકરોનાં ચરિત્ર વર્ણવ્યાં છે. મહાભારતની કથા પણ તેમાં છે.

૬૧—આની ભાષાનો પણ થોડો નમુનો લઇએ. કવિ કુંડગ્રામ (મહાવીરના જન્મગ્રામ)નું વર્ણન કરે છે કેઃ—

જંબૂદીવહિં સોહણુ અસેસુ, ઇહિ ભરતખેત્તિણં સુરણિવેસુ,
ધરહરિહિં સરિહિં સુરઉવવણેહિં, આસિહિ મહિસિહિ પર ગોહણેહિં. ૧
ગામિહિ ગોટ્ઠિહિ કોટ્ટહિ પૂરેહિં, વહુ વિહસાયહિ કમલાયરેહિં;
સુપસિદ્ધઉ ભુવણિ વિદેહ દેસુ, ભય રહિઉ પસિદ્ધઉ ણિરવિસેસુ. ૨
તહિં કુંડ મહાપુર ભુવણુ સાર, ઉત્તંગુ મણોહરૂ તહો પયારૂ;
દૂરહો દીસઇ ઉર્જ્જલઉ ભાઇ, મણિમંડિય સુરગિરિ સિહરૂણાઇ. ૩
આઇય પૂરિય ણિમ્મલ જલેણુ, ણં ધિપ્પય ઇરિદિણુયર રહેણુ;
ધવલહરિહિ પવલિહિ ગયણિ લગ્ગુ, પુર દીસઇ ણં સુર લોય અગ્ગુ. ૪
દુતિ પંચ સત્ત ભૂમીયરેહિ, જિણ ભવણિહિ ધય ધુવ્વંત એહિ,
જાણેવિણુ વીર જિણાગમેણુ, ણં ણં અઇસય તુટ્ઠઇ ચમેણુ. ૫

ધત્તા.

બહુ ધણણુ બહુ ગુણુ બહુ સુય જુત્તઉ,
તહિં ણિવ સઇ જિણબક્ખમ ભત્તઉ,
ણિચ્ચ પસાહિય તહ ણરણારિઉ,
ણં સુરલોય મહિહિ અવયારિઉ. ૬

ભાવાર્થ—આ સમસ્ત જંબૂદ્વીપમાં શોભાયમાન, સુરલોકની સમાન ભરતક્ષેત્ર છે. તેમાં પર્વત, નદી, દેવોપવન, આશિખિ, મહિષી અને ગોધન, તથા ગામ, ગોષ્ઠિ, કોટ, પુર અને અનેક વિકસિત કમલાકરોથી (સુસજ્જિત) ભુવન-પ્રસિદ્ધ વિદેહ દેશ છે કે જે ભયથી રહિત અને પૂર્ણ વિખ્યાત છે. આમાં 'કુંડ' નામનું એક ભુવન-શ્રેષ્ટ મોટું 'પુર' છે, જેના ઊંચા અને મનોહર ઉર્જ્જવલ મણિમંડિત પ્રાકાર દૂરથી સુરગિરિ

(સુમેરૂ પર્વત)ની પેઠે ભાસમાન્ જોવામાં આવે છે. (આ પુર)ની ખાઇઓ નિર્મલ જલથી ભરેલી છે.

—ગગનચુંબી ધવલ પ્રાવાલોથી આ પુર એવું દેખાય છે કે જાણે તે સુરલોકનો માર્ગ હોય નહિ. બે બે પાંચ પાંચ સાત સાત ભૂમિ (ખંડ) વાળાં જિનમંદિરોની ઉડતી ધ્વજાઓથી જાણે તે નગર વીર જિનેશ્વરનું આગમન થવાનું જાણીને અત્યન્ત હર્ષિત અને સંતુષ્ટ બની રહ્યું હતું.

—આ નગરમાં બહુ ધન, બહુ ગુણ, બહુ શ્રુતથી યુક્ત, જિનવચનનાં ભક્ત, નિત્ય પ્રસન્નચિત્ત નર નારીઓ નિવાસ કરે છે, જાણે તેઓ સુરલોકથી ભૂમિપર ઉતરી આવ્યાં છે.

૬૨—કવિના ગુરૂનું નામ અંબસેન હતું અને સુર નામના વિપ્રનો તે પુત્ર હતો. તેનું નામ દરેક સંધિની છેલ્લી કડીમાં તેમજ ગ્રંથની પ્રસ્તાવનામાં આવે છે, કે જ્યાં બીજા ગ્રંથકારો અને તેમની કૃતિનો ઉલ્લેખ મળે છેઃ—જેમકે ધીરસેન, સમત્તજુત્ત (પ્રમાણ પરના એક ગ્રંથનો કર્ત્તા), દેવનંદિ (જૈનેન્દ્ર વ્યાકરણનો કર્ત્તા) વજ્રસૂરિ (નય પરના એક ગ્રંથનો કર્ત્તા), મહસેન (સુલોચના ચરિતનો કર્ત્તા), રવિષેણ (પદ્મ-ચરિતનો કર્ત્તા), જિનસેન (હરિવંશ પુરાણનો કર્ત્તા) જડિલમુનિ, [વરાંગ ચરિતનો કર્ત્તા], દિનકરસેન (અનંગ ચરિતનો કર્ત્તા), પદ્મસેન, અંધ-સેન (અમિજારાહમાનો કર્ત્તા), ધનદત્ત (ચંદ્રપ્રભા ચરિતનો કર્ત્તા), વિંધ્યસેન (ઘણાં ચરિતોનો કર્ત્તા), સિંહનંદિ (અનુપ્રેક્ષાનો કર્ત્તા), સિદ્ધસેન (કે જેણે આગમ ગાયું ને ભવિયવિનોદ સારી રીતે પ્રકાશ્યું), રામનંદિ (ઘણી કથાઓનો કર્ત્તા), આસગ (વીર ચરિતનો કર્ત્તા), ગોવિંદ (સનત્કુમાર ચરિતનો કર્ત્તા), શાલિભદ્ર (જીવ ઉદ્યોતનો કર્ત્તા), ચૌમુહ (પઉમ ચરિઅનો કર્ત્તા) અને દ્રોણ. આ પૈકી ઘણા ગ્રંથકારો અને ગ્રંથો સંબંધી કંઇ જણાયું નથી. જેના ગ્રંથો બહાર આવ્યા જણાય છે તે સર્વ ઇ. સ. ૧૦ મી સદીમાં યા પહેલાં વિદ્યમાન જણાયા છે. જૈનોએ લોકભાષા પર કેટલો પ્રેમ અને ભક્તિભાવ બતાવ્યો છે તે આ પરથી જણાઇ આવે છે.

આ પૈકી સૌથી પાછળ થયેલ વીરચરિત્રનો કર્તા આસગ છે કે જે તે ચરિત્રની કેટલીક પ્રતોપરથી ૯૧૦ ના વર્ષમાં થયેલો દેખાય છે. જો તે વર્ષને વિક્રમ સંવત્ ગણીએ તો ૮૫૩ ઇ. સ. તે ગ્રંથકારનો સમય ગણાય. પણ એ વાત આશ્ચર્યજનક લાગે છે કે ધવલે આદિપુરાણના પ્રસિદ્ધ કર્ત્તા જિનસેન કે જેનો ઉલ્લેખ પુષ્પદંત કરે છે તેનો ઉલ્લેખ કર્યો નથી. ધવલ પુષ્પદંતનો પણ ઉલ્લેખ કરતો નથી તેમ પુષ્પદંત ધવલનો કરતો નથી. જો કે બન્ને ઘણા સારા કવિઓ છે. તેથી એ સંભવિત છે કે તેઓ નજીકના સહયોગી હોય. આથી આ કવિને વહેલામાં વહેલા દશમા સૈકામાં મૂકયો છે. તે મોડામાં મોડો અગ્યારમી સદીમાં થયો હોય.

પ્રકરણ બીજું.

અગીઆરમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૬૩. **સંજમમંજરી** શ્વેતામ્બરાચાર્ય **મહેશ્વરસૂરિ**કૃત છે તેમાં ૩૫ દોહા છંદ છે ને અપભ્રંશમાંજ છે. આ મૂળમાં તેના સંસ્કૃત અનુવાદ સહિત ડૉ. ગુણેએ ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના 'ઍનલ્સ' માં સને ૧૯૧૯–૨૦ માં વૉ. ૧ ભાગ ૨જામાં પૃ. ૧૫૭–૧૬૬ ઉપર કંઇક વિવેચન સહિત આપેલ છે. તે ૧૧મી સદીમાં થઇ ગયેલ હશે, કારણકે એક મહેશ્વરકૃત પંચમી કહા (કે જે પણ અપભ્રંશમાં હોવી જોઇએ)ની પ્રત સં. ૧૧૦૯ માં લખાયેલી જેસલમેર ભંડારમાં છે ને મહેશ્વર કૃત આ કૃતિ પણ હોઇ શકે. વળી કાલકાચાર્ય સ્થાનક કે જે એક મહેશ્વર-સૂરિકૃત છે તેની પ્રત સં. ૧૩૬૫ માં લખાયેલી મળી આવે છે.

૬૪. આ સંજમમંજરી ગાથાઓના નમુના નીચે છે:—

સંજમુ સુરસત્થિહિં થુઅઉ, સંજમુ મોક્ખદુવારૂ,
જેહિ ન સંજમુ મણિ ધરિઉ, તહ દુત્તર સંસારૂ. ૨

સંજમભાર ધુરંધરહ, સદ્દુચ્છલિઉ ન જાહ,
નિઅ જણણી જુવ્વણુ હરણુ, જમ્મુ નિરત્થઉ તાહ. ૩

संयमः सुरसार्थैः श्रुतः संयमो मोक्षद्वारम् ।
येनै संयमो मनि धृतः तेषां दुस्तरः संसारः ॥
संयमभारधुरंधरस्य शब्दः उच्चलितो न यस्य
निजजननीयौवनहरणं जन्म निरर्थकं तस्य ॥

—સંયમના સુરસવાળા અર્થ સાંભળ્યા છે. સંયમ મોક્ષદ્વાર છે. જેણે સંયમ મનમાં ધર્યો નથી તેનો સંસાર દુસ્તર છે.

—જે સંયમરૂપી ભાર ધરવા ધુરંધર છે તેનો શબ્દ જેણે ઉચકયો-ગ્રહણ કર્યો નથી તેનો પોતાની માતાના જોબનને હરણ કરનારો જન્મ નિરર્થક ગયો.

૯૫—આ ઉપર **હેમહંસસૂરિના** શિષ્યની કરેલી **ટીકા** છે તે પણ અપભ્રંશના માટે ઉપયોગી છે. તેની પ્રત સં. ૧૫૦૫ ની મળે છે તેથી તે ટીકાકાર તેની પહેલાં અવશ્ય હોવો જોઇએ. તેમાં અપભ્રંશ અવતરણો ઘણાં છે અને કેટલાંક તો લાંબાં છે. નાનાં સુભાષિતરૂપે છે કે જે ટીકાકારના સમયમાં બહુ સામાન્યરીતે વપરાતાં હોવાં જોઇએ. દાખલા તરીકે:—

દિટ્ઠઈ જો ન વિ આલવઈ, કુસલ ન પુચ્છઇ વત્ત
તાસુ તણુઇ ન વિ જાઇઇ, રે હયડા નીસત્ત.
રાસહુ કંધિ ચડાવિયઇ, લબ્ભઇ લત્ત સહસ્સ,
આપહણે કરિ કમ્મડાં, હિયા વિસૂરહિ કસ્સ.
મરણુ તિ બિહઈ બપ્પડા, ધમ્મિ જિ મુક્કા રંક,
સુકિઅ સુસંચિઅ જેહિં પર, તે તિણિવાર નિસંક.

૯૬—એક નગર અને તેનાં ઉપનગરો-પરાંઓનું વર્ણન તે ટીકામાં આ પ્રમાણે છે:—

અહિરામારામવણાઉલ્લાઈ, સુરસુરહિસમાણુય ગોઉલ્લાઈ,
જહિં સયવર બાવીસઇં વરાઈ, વણુસિરીઅ રમણિ કેલીહરાઈ.
મયમત્તય મયગલ ગુલગુલંત, વરતરલતુરય ધપમપધપંત,
જિહિં રહવર ધોરણિ ધડહડંત, ફરફારક પાઇકિ ધમધમંત.
જહિં કૂવ મણોહર સરવરાઈ, નરનારીજણુ-ધણુ-સુંદરાઈ,
રમણીઅરમણિ જણુ અચ્છરાઈ, જહિં વહઈ સરિઅ કિરિજલહરાઈ.
જહિં વસહિં લોય અટ્ઠારહવન્ન, જહિં પઉણુ-બહત્તરિ-નવરન્ન,
જહિં પવરચહુટ્ટઇં મનવહુટ્ટ, જલથલદીવંતરસત્થઘટ્ટ,
જહિં નાગર-સાગર-કિરિનિવાસ, જહિં લીલ કરઇં લીલાવિલાસ,
જહિં સુંદરમંદિર-દેહુરાઇં, જણુ સિચ્છઇં લચ્છીહર-ધરાઇં.

૬૭. આ પ્રતના ૧૦૬ (૨) પાનાં પર તક્ષશિલાના રાજા નામે ત્રિવિક્રમની કથા આવે છે તે ત્રણ પાનાં સુધી લંબાય છે અને તે જિનનમસ્કારના ફલ પર કથારૂપે છે. તે કથાની શરૂઆત રસિક હોવાથી અત્ર આપી છેઃ—

અત્થિ નામિણ નયરૂ તખસિલ । પડિ-વકખ-વછયલસિલમણિ-સિલોહ-સહ-બહુસુરહર, હરિણચ્છિહરિણંકમુહમહિલચક્કચંકમણમણહર ।

ધણુકણુ કંચન-રયણુ-નિહિ, સુરપુરસરિસાયારૂ,
સેસુફણાવલિ કિં ઠિયઉ, પરિરંભિવિ પાયારૂ.

તહિં તિવિક્કમુ ર અત્થિ નરનાહુ । તિઅલોઅવિક્ખાઉ । જસિ દલિય-સયલ-બલિરાયવિક્કમુ સરપંકયસંગહિય મંખનાવઈ તિવિક્કમુ ।

તાસુ મંગલદેવિ પિય, કોમલકમલપયચ્છિ,
રૂવિ વિણિજ્જિય રઇરમણિ, કણુયચ્છવિ નં લચ્છિ.

૬૮—'રાસહુ કંધિ ચડાવિયઇ' વગેરે તેમ 'દિવસિ પહિલ્લઈ પાહુણુ સોનાસસુ વીકાઇ',—આની જેવાં અપભ્રંશ અવતરણો છૂટાં સુભાષિત ગાથાઓ જેવાં લાગે છે ને તે રચનારના સમયમાં પ્રચલિત હોવાં

જોઇએ તેમજ તે એમ પણ બતાવે છે કે અપભ્રંશનું સાહિત્ય કે જેમાંથી વિશેષ પ્રમાણમાં તે લીધાં છે તે ઘણું સમૃદ્ધ હોવું જોઇએ. આ વાતની ખાત્રી આ લાંબી કથા અપભ્રંશમાં છે તે પણ આપે છે.

૬૯. પ્રસિદ્ધ જૈનબ્રાહ્મણ પંડિત **ધનપાલ** માલવપતિ મુંજ અને ભોજની વિદ્વત્ સભામાં અગ્રણી હતા. તેમણે સં. ૧૦૨૯ માં પાઇય-લચ્છી નામમાલા નામનો પ્રાકૃત કોષ, અને પ્રસિદ્ધ જૈનકથા તિલકમંજરી ભોજના રાજ્યમાં રચી છે.

૭૦. ધનપાલનું **સત્યપુર મંડન મહાવીરોત્સાહ** નામનું એક ૧૫ ગાથાનું નાનું સ્તોત્ર અપભ્રંશમાં છે; આ ધનપાલ ઉપરોક્ત ધનપાલ હોય તો તેનો સમય અગ્યારમી શતાબ્દિ છે:—

રખિ સામિ પસરંતુ મોહુ નેહડુય તોડહિ;
સુમ્મદંસણિ નાણુ ચરણુ ભડુ કોહુ વિહોડહિ,
કરિ પસાઉ સચ્ચઉરિ વીર જઇ ઠહું મણિ ભાવઇ,
તઈ તુટ્ઠઇ **ધણુપાલુ** જાઉ જહિ ગયઉ ન આવઈ. ૧૫

[આ ઉત્સાહની પ્રત સં. ૧૬૫૦ માં લખેલી પાટણના શેઠ હાલા-ભાઇના ભંડારમાં છે, તે પ્રતમાં સોમનાથ વગેરેના નાશની વાત પણ છે. મહમદ ગીઝનીની સોમનાથપર ચડાઇ સં. ૧૦૮૦ માં થઇ, સં. ૧૦૬૬ પછી ભોજરાજ ગાદીપર આવ્યા; એટલે તે વખતે ધનપાલ કવિ વિદ્યમાન હતા. વળી વિશેષમાં પ્રભાવક ચરિતમાં જણાવ્યું છે કે તેણે 'દેવનિમ્મલ'થી શરૂ થતી સાચોર (સત્યપુર) મહાવીર જિનસ્તુતિ રચી હતી—એટલે સાચો-રમાં તે ગયેલ હતો એમ જણાય છે. આ પરથી સહીસલામતીથી માની શકાય તેમ છે કે આ ઉત્સાહ પણ પોતાની પાછલી વયમાં-સોમનાથની ચડાઇના સમય આસપાસ આ ધનપાલ કવિએજ રચ્યો હતો, આ પરથી સાચોર ઘણું પ્રાચીન ગામ છે અને ત્યાંની મહાવીરની મૂર્તિ-મંદિર પણ પ્રાચીન છે.]

૭૧. મહાકવિ **પુષ્પદંત**—અપભ્રંશ ભાષાના આ મહાકવિ માન્યખેટના રાષ્ટ્રકૂટ વંશી નરેશ કૃષ્ણરાજ (ત્રીજા)ના સમયમાં થયો છે. બીજે ક્યાંકથી આવી તેણે રાજાના મંત્રી ભરતને ત્યાં આશ્રય લીધો અને

તેના કહેવાથી એક 'મહાપુરાણ'-'તિસટ્ઠિ મહાપુરિસ ગુણાલંકાર'ની રચના કરી. આ ગ્રંથ તેરહજાર શ્લોક પ્રમાણ છે અને ૧૦૨ સંધિમાં —પરિચ્છેદોમાં સમાપ્ત થયો છે. તેને બે ભાગ 'આદિપુરાણ'ને 'ઉત્તરપુરાણ'માં વિભક્ત કર્યો છે. તેમાં જિનસેન અને ગુણભદ્રનાં તે નામનાં સંસ્કૃત ગ્રંથો છે તેમાં જે વિષય છે તેજ વિષય છે–તેમાં ૨૪ તીર્થંકરો અને અન્ય મહાપુરૂષોનાં જીવન વર્ણવ્યાં છે. તેની રચના શક સં. ૮૮૭ (વિ. સં. ૧૦૨૨)માં આષાઢ શુકલ દશમી દિને (૧૧ મી જુન ૯૬૫ રવિવારે) સમાપ્ત થઈ હતી. તેના પછી રચાયેલાં આ કવિનાં બે બીજાં નાનાં નાનાં કાવ્યો અનુક્રમે ચાર અને નવ સંધિનાં મળ્યાં છે તેનાં નામ 'યશોધર ચરિત્ર' અને 'નાગકુમાર ચરિત્ર' છે. તેની રચના કવિએ ભરતમંત્રીના પુત્ર 'નન્ન'ના કહેવાથી તેનાજ ઘરમાં રહીને કરી છે. કવિએ પોતાના સર્વ ગ્રંથોમાં ભરત અને નન્નની પ્રશંસાનાં ઘણાં ગીત ગાયાં છે. 'મહાપુરાણ' અને 'યશોધર ચરિત્ર'નો પરિચય શ્રીયુત નાથૂરામજી પ્રેમીએ પોતાના એક વિદ્વત્તાપૂર્ણ લેખ દ્વારા કરાવ્યો છે અને તેમાં કંઈ અવતરણો પણ મૂકયાં છે. (જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨ અંક ૧.)

૭૨. તે પૈકી થોડાં અત્ર લઇએ: **'મહાપુરાણ'**માંથી.

ઘત્તા.

ઘણુ તણુસમુ મજ્ઝુ ણુ તં ગહણુ ણેહુ ણિકારિમુ ઇચ્છમિ,
દેવી સુઅ સુદણિહિ તેણ હઉં ણિલએ તુહારએ અચ્છમિ. ૨૦

મહુ સમયાગમે જાય હેં લલિય હેં, બોલ્લઇ કોઇલ અંબય કલિયહેં,
કાણણે ચંચરીઉ રુણુરુંટઇ, કીર કિણ્ણુ હરિસેણ વિસટ્ટઇ. ૨૧

મજ્ઝુ કઇત્તણુ જિણપય ભત્તિ હેં, પસરઇ ણઉ ણિય જીવિય વિત્તિ હેં,
વિમલ ગુણા હરણંકિય દેહઉ, એહ **ભરહ** ણિસુણઈ પઇ જેહઉં. ૨૨

કમલગંધુ ણિપ્પઇ સારંગે, ણઉ સાલૂરેં ણીસારંગેં;
ગમણુલીલ જા કયસારંગેં, સા કિં ણાસિજ્જઇ સારંગે. ૨૩

વડ્ઢિયસજ્જણદૂસણુ વસણે, સુકઇ કિત્તિ કિં હમ્મઇ પિસુણે;
કહમિ કવ્વુ વમ્મહ સંહારણુ, અજિયપુરાણુ ભવણ્ણવતારણુ. ૨૪

—(કવિ, મંત્રી ભરતને કહે છે) હું ધનને તરણાસમું ગણું છું અને તેના ગ્રહણને ઇચ્છતો નથી. હું અકૃત્રિમ ધર્માનુરાગ—અકારણ પ્રેમ (ણિક્કારિમુ) ઇચ્છું છું; તેટલા માટે (હે) દેવીસુત શ્રુતનિધિ (ભરત!) તમારા મહેલમાં રહું છું.

—મધુ–વસંતનું આગમન થતાં આંબામાં લલિત મહોરકલિકા આવે છે, ત્યારે કોયલ બોલે છે, અને કાનન–વનમાં ભમરા ગુંજારવ કરે છે, ત્યારે કીર–પોપટ (એવો હું) હર્ષથી શું બોલવા નથી લાગતો? જિન-ચરણ પ્રત્યેની ભક્તિથીજ મારી કવિતા પ્રસરે છે—સ્ફુરાયમાન થાય છે, નહિ કે નિજ જીવિત–વૃત્તિ–આજીવિકાના ખ્યાલથી. હે વિમલ ગુણા-ભરણથી જેનો દેહ અંકિત થયેલો છે એવા ભરત! હવે મારી આ રચના સાંભળ.

—કમલોની સુગંધ ભ્રમર ગ્રહે છે, નહિ કે નિઃસાર અંગ વાળાં એવાં દેડકાં; હાથી–હંસની જે ગતિની લીલા હોય છે, તેવી ચાલથી શું હરણું ચાલી—નાસી શકશે?—આજ રીતે જેઓને સજ્જનો પર દૂષણો મૂકવાની ટેવ પડી ગઇ છે એવા પિશુન–દુર્જન શું સુકવિઓની કીર્ત્તિને હણી શકશે? (હવે હું) મન્મથને સંહારનારા (અને) ભવ સમુદ્રને તારનારા અજિતપુરાણ (નામના) કાવ્યને કહું છું.

૭૩—યશોધર ચરિતમાંનો વિષય અને તેના સમકાલીન સોમદેવે સં. ૧૦૧૬ માં રચેલા યશસ્તિલક ચંપુનો વિષય–બંને સરખા છે. તેને પોતે 'નમના કર્ણોના આભરણ' રૂપ જણાવેલ છે.

તિહુયણ સિરિકંતહો અઇસયવંત હો અરહંતો વમ્મહહો,
પણવિવિ પરમેટ્ઠિહિં પવિમલદિટ્ઠિહિં ચરણ જુયલુ ણયસયમહહો–ધ્રુવકં.
કુંડિલ્લ ગુત્તાણુહ હિણયરાસુ, વલ્લહનરિંદ ઘર મહયરાસુ;
ણણ્ણહુ મંદિરિણિ વસંતુ સંતુ, અહિમાણમેરૂ કઇ પુપ્ફયંતુ.

ચિંતઇ હો વણુ નારી કહાએ, પર્જ્જત્તઉ કય દુક્ખયપહાએ;
કય ધમ્મણિવદ્ધી કાવિ કહવિં, કહિયાઇ જાઇ સિવ સોક્ખલહમિ.

૭૪—હવે **નાગકુમાર ચરિત્ર** કે જેની પ્રતિ માત્ર કારંજા ભંડારમાં મળે છે તે લઇએ:—

છંદ ચોપઈ

ગોત્તમ ગણહર એ વંસિદૃઉ, સૂરિ પરંપરાએ ઉવઇદૃવ;
ણાયકુમાર ચરિત્તુ પયાસિઉ, ઇય સિરિ પંચમિફલ મઈ ભાસિઉ. ૧
સો ણુંદઉ જો પઢઈ પઢાવઇ, સો ણુંદઉ જો લિહઇ લિહાવઇ,
સો ણુંદઉ જો વિવરિ વિદાવઇ, સો ણુંદઉ જો ભાવેં ભાવઇ. ૨
ણુંદઉ સમ્મઇ સાસણુ સમ્મઇ, ણુંદઉ પયસુહુ ણુંદઉ ણરવઇ,
ચિંતિઉ ચિંતિઉ વરિસ ઉપાઉસુ, ણુંદઉ ણુંણુ હોઉ દીહાઉસુ. ૩
ણુંણુ હો સંભવંતુ સુપવિત્તહ, ણિમ્મલ દંસણુ ણાણુ ચરિત્તઈ;
ણુંણુ હોઉ ઉપ્પંચ કલ્લાણઈ, રોય સોય ખય કરણુ વિહાણઇ. ૪

—ગૌતમ ગણધરના વંશમાં સૂરિ પરંપરામાં ઉપદિષ્ટ આ **નાગકુમાર** ચરિત્ર મેં પ્રકાશિત કર્યું અને શ્રી પંચમી ફલનું વર્ણન કર્યું. જે આને શીખે શીખાવે તેને આનંદ રહો, જે લખે કે લખાવે તેને આનન્દ રહો, જે આનું વિવરણ કરે યા કરાવે તેને પણ આનંદ હો. [૪]સંમતિ એટલે મહાવીરનું શાસન (શુદ્ધ શ્રદ્ધાનું શાસન-વીરશાસન) સમ્યક્ પ્રકારે આનંદવાન્ હો, પ્રજાને આનંદ હો અને નરપતિને

---

૪ સંમતિ-સન્મતિ એ મહાવીરનું બીજું નામ હતું. જુઓ ધનંજયકૃત નામમાલા.

सन्मति महतिवीरो महावीरोऽन्त्यकाश्यपः ॥११३॥
नाथान्वयो वर्द्धमानो यत्तीर्थमिह सांप्रतम् ।

—(હવે ૨૪ મા જિનેન્દ્રનાં નામ કહે છે:—સન્મતિ, મહતિવીર, મહાવીર, અંત્યકાશ્યપ, નાથાન્વય, વર્ધમાન, કે જેમનું તીર્થ-શાસન હાલમાં પ્રવર્તે છે.

આનંદ હો. ચિંતવતાં ચિંતવતાં (એક) વર્ષ વીતી ગયું (!) નન્ન દીર્ઘાયુષ્ય થાઓ અને આનંદ કરો. નન્નને સુપવિત્ર અને નિર્મલ 'દર્શન,' 'જ્ઞાન' અને 'ચારિત્ર' (જૈનોના રત્નત્રય) ઉત્પન્ન હો. નન્નને સર્વ રોગ-શોક-ક્ષય-કારી પંચ કલ્યાણ હો.

કવિએ પોતાનો ટુંક પરિચય કરાવ્યો છે તે જોઇએ.

સિવભત્તાઈંમિ જિણુ સણ્ણા સે, વેવિ મયાઇ દુરિયા ણિણ્ણાસે,
બંભણાઇ કાસવ રિસિ ગોત્તઇ, ગુરૂ વયણામય પૂરિય સોત્તઇ. ૧
મુદ્ધા એવી કેસવ ણામઇ, મહુ પિયરાઈં હોતુ સુહ ધામઈં,......

—હું શિવભક્તિ........કાસ્યપ ગોત્રીય બ્રાહ્મણ હતો. જૈન ગુરૂનાં વચનામૃતથી મારાં શ્રોત્રો પૂરાયાં, ત્યારે હું જૈનભક્ત થઇ ગયો. મુગ્ધાદેવી અને કેશવ(ભટ્ટ) નામના મારાં માતપિતા સુખનાં ધામ બનો.

૭૫—તેનાં 'પુરાણો'માંથી વિશેષ હકીકત મળે છે તે એ છે કે મેવાડિ (મેલપાટી અથવા માન્યખેટ)ની વાડીમાં લાંબા પ્રવાસથી શ્રમિત થઇને અને પોતાને થયેલ અપમાનથી ખિન્ન થઇ પોતે થાક લે છે. તે નગરના બે જનો તેને લઇ રાજા શુભતુંગદેવ (વલ્લભરાય)ના મંત્રી ભરત સાથે ઓળખાણ કરાવે છે. ભરત પોતાના મંદિરમાં રાખી તેની કાવ્યપ્રતિભાથી મુગ્ધ થઇ 'મહાપુરાણ' લખવા પ્રેરે છે. કવિ તેના આ આશ્રયદાતાનો ઉપકાર પોતાના આ વીરરસ કાવ્યની દરેક સંધિના અંતે તેનું નામ જોડી અને ઘણે સ્થળે તેની પ્રશંસા કરી સ્વીકારે છે. તેના પિતાનું નામ કેશવભટ્ટ અને માતાનું મુગ્ધાદેવી હતું. તેનું શરીર કૃશ અને રૂપ કુરૂપ હતું. પુષ્પદંત પોતાને માટે બહુ અભિમાની હતો અને 'અભિમાનમેરૂ' એ નામનું બિરૂદ પોતે ધારણ કરી વાપર્યું છે

૭૬—મોટે ભાગે અપભ્રંશ કાવ્યો સંધિમાં (પ્રકરણમાં) વહેંચાયા છે તે પ્રમાણે આ કવિએ સંધિમાં પોતાના મહાપુરાણને વહેંચેલ છે. સંધિ ૧ માં ૭ મો છંદ છે તેમાં પ્રવરસેનના સેતુબંધનો તેમજ સાથે સાથે રામાયણનો ઉલ્લેખ કર્યો છે. નવમા છંદમાં કપિલ અને વ્યાસ

ઉપરાંત ઐતિહાસિક એવા ભારવી અને બાણનો ઉલ્લેખ કર્યો છે. વળી તે અન્યત્ર રૂદ્રટનો તેમજ બીજા ઘણાનો ઉલ્લેખ કરે છે. જેવા કે કણ-ચર (કણાદ–કપિલ), ભરત (નાટયશાસ્ત્ર કર્ત્તા), પતંજલિ, ભાસ, કાલિદાસ, હર્ષ, પિંગલ, અકલંક, કુષ્માંડ, દ્રોણ, સ્વયંભૂ. આમાં દ્રોણ તે એજ છે કે જેનો ઉલ્લેખ હેમાચાર્ય દેશી નામમાલામાં દાખલા તરીકે 'અવિણયવઇ ઇતિ દ્રોણઃ,' ૧–૧૮, 'અજ્જો એષ ઇતિ દ્રોણઃ' ૧–૫૦ વગેરેમાં ઉલ્લેખ કરે છે તેજ છે. સ્વયંભૂ ને નોટ્સમાં પ્રતિકારે–કોઇ અકલંકે એમ જણાવેલ છે કે '**स्वयंभूः कविः पद्धडीबद्ध रामायण कर्त्ता आपलीसंघीयः**' આ પરથી જણાય છે કે તે જૈન છે અને જેણે પ્રાકૃત છંદ પદ્ધડીમાં રામાયણ–પઉમચરિય રચેલ છે (કે જેનો અગાઉ આપણે ઉલ્લેખ કરી ગયા છીએ. પારા ૫૪).

૭૭—**શ્રીચંદ્રમુનિ**—તેનો બનાવેલો એક **કથા કોશ** છે તેમાં ૫૩ સંધિ અર્થાત્ અધ્યાય છે. તેમાં લગભગ તેટલી સંખ્યામાં નાની રોચક ઉપદેશ પૂર્ણ કથાઓ કહેલી છે. કર્ત્તાની ગ્રંથને અંતે પ્રશસ્તિ છે તે પરથી જણાય છે કે આ કવિએ આ ગ્રંથ ગૂજરાતની રાજધાની અણહિલ્લપુર પાટણમાં મૂલરાજ નૃપતિના સમયમાં રચ્યો હતો. અણહિલપુરના ચાલુક્ય (સોલંકી) વંશમાં બે મૂલરાજ થયા–એક વિ.સં. ૯૯૮ થી ૧૦૪૩ સૂધી; અને બીજો માત્ર બે વર્ષ સં. ૧૨૩૩ થી સં. ૧૨૩૫ સુધી. સંભવિત રીતે આ કવિ મૂલરાજ પહેલાના સમયમાં થયો છે. તેની છેવટની સંસ્કૃતમાં પ્રશસ્તિ છે તે પરથી જણાય છે કે કુંદ કુંદાચાર્યના ગણની પરંપરામાં શ્રીકીર્ત્તિ શિષ્ય શ્રુતકીર્ત્તિ શિષ્ય ગુણાકર કીર્ત્તિ શિષ્ય વીરચંદ્રનો શિષ્ય હતો અને તેણે આ ગ્રંથ મૂલરાજ રાજાના ગોષ્ઠિક (સલાહકારક મંત્રી) અને અણહિલ્લપુરના વતની પ્રાગ્વાટ જ્ઞાતિના સજ્જનના પુત્ર કૃષ્ણના કુટુમ્બ માટે રચ્યો હતો.

૭૮—તેની ભાષા ધવલ આદિ કવિઓ જેવી છે, પરન્તુ છંદ કંઇક ભિન્ન છે.

પણુવેપ્પિણુ જિણુ સુવિસુદ્ધમઈ, ચિંતઇ ભણિ મુણિ સિરિચ્ચંદુ કઇ,
સંસારૂ અસારૂ સવ્વુ અથિરૂ. પિય પુત્ત મિત્ત માયાતિમિરૂ. ૧
ખણિ દીસઇ ખણિ પુણુ ઉસ્સરઇ, સંપય પુણુ સંપહે અણુહરઇ;
જોવ્વણુ ગિરિવાહિણિ વેયગઊ, લાયણ્ણુ વણ્ણુ કરસલિલ સઊ. ૨
જીવિઉ જલબુબ્બુય ફેણુ ણિહુ, હરિજાલુ વરજ્જુ અવજ્જુ ગિહુ.

—વિશુદ્ધમતિ જિન (ભગવાન્)ને પ્રણામ કરીને મુનિ શ્રીચંદ્ર કવિ ચિત્તમાં ભણે–ચિંતવન કરે છે કે સંસાર અસાર અને સર્વ અસ્થિર છે. પ્રિય પુત્ર મિત્ર માયાના અંધકાર સમાન છે. ક્ષણમાં દીસે, વળી ક્ષણમાં ઓસરી જાય–ચાલી જાય (એવી) સંપત્તિ વળી 'સાપ'ને અનુસરતી–સરખી છે. જોબન, ગિરિ એટલે પર્વતની વાહિની–નદીના વેગ પેઠે જનારૂં છે, લાવણ્ય વર્ણ–કાન્તિ હાથમાંના પાણી જેમ નાશવંત છે. જીવન જલના બુદ્‌બુદ–પરપોટાના ફીણ જેવું છે, અને ગૃહ ઇત્યાદિ (?) ઇંદ્રજાલ સમાન છે.

૭૯—ઘુવડ અને હંસની એક કથાનો પ્રારંભ જોઇએઃ—

મગહામંડલિ પય સુહય રમ્મિ, પયપાલુ રાઉ પાડલિપુરમ્મિ,
તત્થેવ એક્કુ કોસિઉ ઉયારિ, નિવસઇ મયાવિ ગોઉરદુવારિ. ૧
સક્યાઇ રાય હંસહ સમીવુ, ગઉ વિહરમાણુ સુરસરિહે દીવુ,
એક્કેણુ તત્થ કય સાગએણુ, પુચ્છિઉ હંસે વયસા ગએણુ. ૨
ભો મિત્ત ! તં સિ કો કહસુ એત્થુ, આઉમ્મિ પએસહો કહો કિમત્થુ,
ઘયરટ્ટ હો વયણુ સુણેવિ ઘૂઉ, ભાસઈ હઉં ઉત્તમ કૂલ પસૂઉ. ૩
કયસાવાણુગ્ગહ વિહિ પયાસુ, આયહો વહુ ! પુહઇ મંડલાસુ;
વસવત્તિ સવ્વ સામંત રાય. ભહું વયણુ કરંતિ કયાણુરાય. ૪
કીલાઇ ભમંતઉ મહિપ સત્થ, તુમ્હઈ નિએવિ આઉમ્મિ એત્થ;
ઇય વયણહિં પરિઉસિઉ મરાલુ, વિણુએણુ પયં પિઉ મઇવિસાલુ. ૫

—મગધમંડલ દેશમાં સુખદ અને રમ્ય પાટલિપુત્રમાં પ્રતિપાલ રાજા (હતો), ત્યાંજ (તેના) એક કોટના ગોપુર દ્વાર–દરવાજામાં એક

જાગતો અને માયાવી ઘુવડ વસતો હતો. તે એક દિવસે વિહરતો વિહરતો સુરસદૃશ દ્વીપમાં રાજહંસો સમીપ આવી લાગ્યો. ત્યાં એક ઉમરે પહોંચેલા-વૃદ્ધ હંસે સ્વાગત કરીને તેને પૂછ્યું ' હે મિત્ર! તું કોણ છું, કયાંથી આવ્યો. આ પ્રદેશમાં શા અર્થે આવ્યો છું." ધૃતરાષ્ટ્ર (હંસ)નાં વચન સુણીને ઘુવડ બોલે છે ' હું ઉત્તમ કુલમાં જન્મેલો છું. હું વિધિપુરઃસર શ્રાવક અનુગ્રહ કરી (!) હે પ્રભુ ! પૃથ્વી (પુષ્પપુર !) મંડલમાંથી આવ્યો છું. સર્વસામંત અને રાજા મારા વશવર્ત્તી છે અને હે રાજા ! તેઓ મારા વચનનું ભલે પ્રકારે-અનુરાગથી પાલન કરે છે. ક્રીડાને માટે ભમતા રાજાઓ-મહિપોની સાથે હું અહીં તમારા પ્રદેશમાં આવી નીકળ્યો છું. ઘુવડનાં આ વચનો સાંભળી પરિતુષ્ટ થયેલા આ વિશાલમતિ મરાલે વિનયપૂર્વક તેના પગ પકડયા.

ઉયારિ=જાગતો, હઉં-હૂં, ઘુઉ-ઘુવડ.

૮૧—કવિએ છંદ જુદા જુદા વાપર્યા છે તેનાં ઉદાહરણ :—(૧) વંશસ્થ.

લહેવિ સિદ્ધિં ચ સમાહિ કારણં, સમત્થ સંસાર દુહોહવારણં
પહું જએ જં સરસં નિરન્તરં, સુહં સયાતપ્ફલજં અણુત્તરં.

(૨) દુહડહઉ નામનો છંદ.

તેણાણ માઉ, વદ્ધિઉ પમાઉ,
સમ્મત્ત ણાણ, તવ ચરણ થાણ,
સેણાઇ મોહ, મિચ્છત્ત જોહ,
ઇંદિય કસાય, પરિસહ વિસાય.
ઉવસગ્ગ આઇ, નિદ્ધિવિ અરાઇ,
પાવેવિ મોકખ, સિરિ પહય દુકખ.

(૩) માલિનિ છંદ

વિવિહ-રસ-વિસાલે, ણેય કોઉ હલાલે;
લલિય-વયણ-માલે, અત્થ-સંદોહ-સાલે.
ભુવણ-વિદિદ-ણામે, સવ્વ-દોસોવસામે;
ઇહ ખલુ કહકોસે, સુન્દરે દિણ્ણ તોસે.

૮૨—સં. ૧૦૭૬માં**સાગરદત્ત**નું બનાવેલું **જંબુસ્વામિ ચરિત્ર** (૨૬૯૦ ગ્રંથાગ્ર) તથા તેના ઉપર ટિપ્પન (૧૧૯૦ ગ્રંથાગ્ર) બૃહત્ ટિપ્પનિકામાં નોંધાયેલ છે.

૮૩—**પદ્મકીર્ત્તિ**ના **પાર્શ્વપુરાણ**માં ૧૮ સંધિ છે ને ૩૩૨૩ શ્લોક છે. જૈનોના ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનું ચરિત્ર તેમાં છે. પ્રશસ્તિ પરથી જણાય છે કે તે ચંદ્રસેનના શિષ્ય માધવસેનના શિષ્ય જિનસેનનો શિષ્ય હતો. તેના કાલનો નિર્ણય હાલ થઇ શકે તેમ નથી. પણ તેના આ ગ્રંથની કારંજા ભંડારમાં જે પ્રત છે તેનો લખ્યા સંવત્ ૧૪૭૩ ફાલ્ગુણ વદિ ૯ બુધ છે કે જે વખતે વીરભાણુદેવ રાજ્ય કરતો હતો.

૮૪—**નયનન્દિ**ના **સુદર્શન ચરિત**માં ૧૨ સન્ધિ છે. તેમાં સુદર્શનનું ચરિત્ર છે. પ્રશસ્તિપરથી જણાય છે કે કર્ત્તા કુંદકુન્દાચાર્યગણના પદ્મનંદિના શિષ્ય વિશાખનંદિના શિષ્ય રામનંદિના શિષ્ય માણિક્યનંદિનો શિષ્ય હતો અને તેણે વિ. સં. ૧૧૦૦ માં જ્યારે ભોજદેવરાજા અવંતિદેશમાં ધારાનગરીમાં રાજ્ય કરતો હતો ત્યારે આ ગ્રંથ રચ્યો છે. તેનો આદિ ભાગ આ પ્રમાણે છેઃ—

ॐ नमः सिद्धेभ्यः । णमो अरहंताणं । णमो सिद्धाणं । णमो आयरियाणं । णमो उवज्झायाणं ।णमो लोए सव्वसाहूणं।

ઇહ પંચ ણમોક્કારઈ લહેવિ ગોવહુવઉ સુદંસણુ,
ગઉ મોક્ખહો અક્ખમિતહો ચરિઉ વ ચઉવગ્ગ પયાસણુ.

૮૫—આજ **નયનન્દિ**એ કદાચ **આરાધના** નામનો ગ્રંથ રચ્યો હોય. તેના સંબંધમાં સ્વ૦ સાક્ષર દલાલે જણાવ્યું છે કે તેના કર્ત્તા નયનન્દિ દિગંબર છે. ગ્રંથ બે ભાગમાં–૧ લામાં ૫૬ અને બીજામાં ૫૮ સંધિ છે. પાટણ ભંડારમાં સ્વ૦ દલાલે પોતે જોયેલી પ્રતમાં માત્ર ૩૦ અને ૨૭ સંધિઓ છે.

મુણિવર ણયનંદી સણ્ણિ વધ્ધે પસિધ્ધે સયલવિહિણિહાણે એત્થ કવ્વે સુભવ્વે,
અરિહ પમુહ સુત્ત વુત્ત મારાહણાએ પમણિઉં ફુડુ સંધી અઠ્ઠાવણ્ણું સમેત્તિ.

૮૬. **કનકામરનું કરકંડુ ચરિત** ૧૦ પ્રકરણ કે જેને પરિચ્છેદ નામ આપેલ છે તેમાં છે. તેમાં ઋષિ કરકંડુનું ચરિત્ર છે. કર્તા તેમાં સિદ્ધસેન, સમન્તભદ્ર, અકલંકદેવ, સ્વયંભૂ, અને પુષ્પદંતનો ઉલ્લેખ કરે છે, તે પરથી તેણે ઈ. સ ૧૦ મી સદીમાં કે તે પછી કોઈ કાળે તેની રચના કરેલી હોવી જોઇએ.

૮૭. આનો આદિ અંત ભાગ નીચે પ્રમાણે છે.

મણુ મારવિણાસણુહો સિવપુરવાસહો પાવતિમિરહરદિણયરહો;
પરમપ્પય લીણહો વિલયવિહીણહો સરમિ ચરણુ સિરિ જિણવરહો.
જય અણુવમ સિવસુહ કરણદેવ, દેવેંદ-ફણિંદ-ણુરિંદ સેવ,
જય ણાણ મહોદહિ કલિય પાર, પારાવિય સિવપહે ભવિયતાર.

* * * *

પુણુ કહમિ પયડુ ગુણણિયર ભરિઉ, કરકંડ ણુરિંદહો તણઉ ચરિઉ

* * * *

તો **સિદ્ધસેણ સુસમં**તભદ્દ, **અ**કલંકદેવ સુઅજલ સમુદ;
જય એવં **સયં**ભુ વિલાસચિત્તુ, વાએસરિઘર સિરિ **પુ**પ્ફયંતુ.

* * * *

ચિરદિવવરવંસુપ્પણ્ણએણુ, **ચં**દારિસિગોતેં વિમલએણુ
વઇરાયઈ હુવઈ દિયંબરેણુ, સુપસિદ્ધણામ કણયામરેણુ.
બુહ મંગલ એવ હો સીસએણુ, ઉપ્પાઇયિ જણમણતોસએણુ,
આસાઇયણગુપરિ સંપત્ત એણુ, જિણચરણસરોરુહભત્તએણુ.

આની સં. ૧૯૭૮ માં લખાયેલી પ્રત ઐલક પન્નાલાલ સરસ્વતિ ભવનમાં નં. ૨૮ ની છે.

પ્રકરણ ત્રીજું.

બારમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૮૮. **અભયદેવસૂરિ** બારમી સદીમાં સ. ૧૧૩૩-૩૫ લગભગ સ્વર્ગસ્થ થયા. તેમણે **જયતિહુયણ** સ્તોત્ર રચ્યું છે તે પણ અપભ્રંશમાં છે. તેમાં ૩૩ ગાથા છે.

જયતિહુયણ વર કપ્પ રૂક્ખ જય જિણ ધન્નંતરિ;
જયતિહુયણ કલ્લાણ કોસ દુરિયક્ખરિ કેસરિ
તિહુયણ જણ અવિલંઘિ આણ ભુવણુત્તય સામિય
કુણસુ સુહાઇ જિણેસ પાસ થંભણયપુરિટ્ઠિય. ૩

* * * *

એય મહારિય જત્તદેવ ઇહિન્હવણ મહૂસઉ;
જં અણુલિય ગુણ ગહણ તુમ્હ મુણિજણ અણિ સિદ્ધઉ.
એમ પસીય સુપાસણાહ થંભણયપુરટ્ઠિય;
ઇયિ મુણિવરૂ સિરિ અભયદેઉ વિણ્ણવઇ અણિંદિય. ૩૦

૮૯—સં. ૧૧૨૩ માં **સાધારણ**ના અંક સૂચિત કવિએ ૧૧ સંધિ વાળી અપભ્રંશ ભાષામાં **વિલાસવઇકહા** રચેલી છે તે 'સમરાઇચ્ચકહા' નામની સુપ્રસિદ્ધ હરિભદ્ર સૂરિની પ્રાકૃત કથામાંથી ઉધૃત કરી છે એમ તે કવિએ પોતે જણાવ્યું છે. કથાવસ્તુ જાણવા માટે સમરાદિત્ય કથામાંનું પંચમભવવર્ણન જોવું. ગ્રંથકાર પોતે કોટિકગણ–વજ્રશાખામાં થયેલા બપ્પભટ્ટિ સૂરિના સંતાન છે ને યશોભદ્ર સૂરિના ગચ્છના છે એમ જણાવે છે. કવિ 'સાધારણ' એ નામથી પૂર્વે સુપ્રસિદ્ધ હતા. તે નામથી તેમણે અનેક જાતનાં સ્તુતિસ્તોત્રો રચેલાં હતાં. પાછળથી પોતાનું નામ **સિદ્ધસેનસૂરિ** એ નામથી પ્રતિષ્ઠિત થયું એ પણ તેમણે જ જણાવી દીધું છે. આ 'અપભ્રંશ' કથાની પ્રત જેસલમેર ભંડારમાં છે. તેનું આદિ આ પ્રમાણે છે.

બહુરયણમણોહરૂ નિમ્મલપયહરૂ સગુણ સુવન્ના હિટ્ઠિયઉ,
જ(ભ?)ણુ કસ્સ ન સોહઈ નયણ મોહઇ કવ્વહારૂ કંઠટ્ઠિયઉ. ૧
પઢમં પણમેપ્પુ(વિ ?)ણુ ઉસહસામિ પુણ અજિઉ વિર્વિન(ણિ ?)–
જિજયઉ થુણામિ,
સંભવુ ભાવેવિણુ ભવવિણાસણુ વંદિવિ અભિનંદણુ ગુણનિધાણુ.
—જેસલમેર ભંડાર સૂચી પૃ. ૧૪ પ્રસ્તા. પૃ. ૪૫

૯૦ **માણિક્ય પ્રસ્તારિકા પ્રતિબદ્ધરાસ**નો ઉલ્લેખ સં. ૧૧૭૪ માં યશોદેવ ઉપાધ્યાયના રચેલા નવતત્ત્વભાષ્ય વિવરણમાં કરેલો છે ને તે સંધિ (અપભ્રંશ કાવ્ય) બદ્ધ છે. **अनयोश्च विशेषविधि मुकुट सप्तमी सन्धिबन्ध माणिक्य प्रस्तारिका प्रतिबद्ध रासका द्यावसेयः**) આ પરથી જણાય છે કે ગૂજરાતીમાં જેમ કાવ્યને રાસ કહે છે તેવી રીતે અપભ્રંશ તથા પ્રાકૃત ભાષામાં રાસો હતા.

૯૧. સં. ૧૧૬૦માં શાલિભદ્રસૂરિના શિષ્ય **વર્ધમાનસૂરિએ ઋષભચરિત્ર** રચ્યું છે તેમાં કેટલેક ઠેકાણે અપભ્રંશ ભાગ આવે છે.

૯૧. સદ્‌ગત સાક્ષર શ્રી ચિમનલાલે અપભ્રંશ સંબંધે 'સાહિત્ય' માસિકમાં લખતાં જણાવ્યું છે કેઃ—

' અત્યાર સુધીમાં અપભ્રંશ ભાષાનાં જે ઉદાહરણો અપાયાં છે તે હેમાચાર્યના પ્રાકૃત વ્યાકરણ તથા દ્વાશ્રયમાંથી છે. કેવળ અપભ્રંશ ભાષામાં રચાયેલાં કડવાબદ્ધ કાવ્યો તથા ગ્રંથો જૈન ભંડારોમાં તાડપત્ર ઉપર લખેલાં મોજુદ છે. આ ઉપરાંત ૧૦ મા, ૧૧ મા તથા ૧૨ મા શતકમાં રચાયેલાં પ્રાકૃત કાવ્યોમાં પણ અપભ્રંશમાં રચાયેલો કેટલોક ભાગ માલુમ પડે છે. હેમાચાર્યના ગુરૂ **દેવચંદ્રે** સં. ૧૧૬૦માં [૫]**શાન્તિનાથ ચરિત્ર** નામનું ૧૬૦૦૦ શ્લોકનું કાવ્ય રચેલું છે તેમાંથી કેટલોક અપભ્રંશ ભાગ નીચે આપ્યો છે.

૯૨. આ ભાગમાં શાંતિનાથના જન્મ વખતે દિશા કુમારીએ જે ઉત્સવ કર્યો હતો તેનું વર્ણન છેઃ—

---

૫ આ કાવ્યના પ્રારંભમાં પ્રાચીન કવિઓને નમસ્કાર કરવાની પ્રથા હોય છે તે પ્રમાણે દેવચંદ્રસૂરિ ગૌતમ સ્વામિ, સવાલક્ષપ્રમાણ વસુદેવ કથા (વસુદેવહિંડી)ના કર્તા ભદ્રબાહુ, સમરાઇચ્ચ કહાના કર્તા હરિભદ્રસૂરિ, કુવલયમાલાના કર્તા દાક્ષિણ્ય ઇંદ્રસૂરિ તથા ઉપમિતિભવ પ્રપંચના કર્તા સિદ્ધસૂરિને નમસ્કાર કરે છે. વસુદેવહિંડી સંઘદાસ તથા ધર્મસેન વાચકની બનાવેલી છે, પરન્તુ આમાં તે ભદ્રબાહુએ રચેલી છે. તથા તેનું પ્રમાણ સવાલક્ષનું છે તે વિશેષ છે.

કવિરાયચક્કવટ્ટિં વંદે સિરિ છંદભૂઇમુણિણાહં ।
જસ્સ જલે તેલ્લમ્મિ વ વાણી સવ્વત્થચ્છ વિચ્છરઇ ॥ ૬
વંદામિ ભદ્દબાહુ જેણ ય અઇરસિયબહુકહાકલિયં ।
રઇયં સવ્વાલકખં ચરિયં વસુદેવરાયસ્સ ॥ ૭
વંદે સિરિહરિભદ્દં સૂરિં વિઉસયણણિગ્ગયપયાવં ।
જેણ ય કહાપબન્ધો સમરાઇચ્ચો વિણિમ્મવિઉ ॥
દાક્ખિન્નઇંદસૂરિં નમામિ વરવન્નભાસિયા સગુણા ।
કુવલયમાલેવ્વ સુહા કુવલયમાલા કહા જસ્સ ॥ ૯
પણમામિ સિદ્ધસૂરિં મહામતિં જેણ સવ્વજીવાણ ।
પવ્વરકંપિ વ રઇયં ભવસ્સ રુવં કહાબંધે ॥ ૧૦
જય જય તિહુયણદીવયદાઇ એ, જય જય અસેસહ માઈ એ ।
જય જય તિહુયણસૂરવિયાઈ એ, જય જય અચ્છરિયપસાઇ એ ॥ ૪
મં બીહિસિ પરમેસરિ સામિણિ, જમ્હે દિસાકુમારિ ગયગામિણિ ।
જમ્મકમ્મુ જિણવરહ કરેસહં, અપ્પઉં સિવપુરિપંથિ ધરેસહમ્ ॥ ૬
અવિ ય તિહુયણનાહહ કુચ્છિધરિ જય જય સામિણિ દેવિ ।
અમ્હેહિં તુહ પયપંકયઇં વંદિય સિરહ નમેવિ ॥ ૭
જય જય અઇરાદેવિ તુહું સંતિજિણંદહ માએ ।
પણમહં તુહ પયપંકયઇં સિરિતિહુયણવિક્ખાએ ॥ ૮
જય જય તિહુયણદીવુ તઈં દંસિયસયલપયત્થુ ।
દિંતિય સામિણિ તાડિયઉ ભવિયહં મોહુ સમત્થુ ॥ ૯
જય જય જગગિહખંભુ જિણ દિંતિય સામિણિ લોઇ ।
સંજોઇયભવભીયજણ સયલસુહં સંજોઇ ॥ ૧૦
સયલદુરિયદંદોલિદવજાલાવલિજલવાહુ ।
દિંતિય તિહુયણમાયપઇ કેડિઉ અંગહ દાહુ ॥ ૧૧
જય જય પડિબોહયરુ વિન્નિયપુન્નિમચંદુ ।
માય મહાસઇદેવિપઇ કિઉ ભવિયહ આણંદુ ॥ ૧૨

જય જય ભવસાયરગયણિચ્છારણવોહિત્થુ ।
દિંતિય કિઉ ઉવયારુ પઈં લોયહ અઇસુસમત્થુ ॥ ૧૬

જયં જય સામિણિ તુજ્ઝ સુઉ હોસઇ તિહુયણનાહુ ।
ભવિયાણુ યણુહ અસસહ વિ જે ફેડેસઇ દાહુ ॥ ૨૯

અપ્પડિબંધુ વિહંગુ જિહ ભૂ જિહ ખંતિસમગ્ગુ ।
રંગવિવજ્જિઉ સંખુ જિહ પગુસિંગુ જિહ ખગ્ગુ ॥ ૩૬

હુયવહુ જિમ્વ તવાતવયર ભારૂંડુ વ અપમત્તુ ।
સીહુ જિમ્વ દુદ્ધરિસુ જિણુ સ્તરઉ જિમ્વ કરિમત્તુ ॥ ૩૭

પંચવન્નવરકુસુમભરૂ પુણુ સુર મેલ્લિસ્સંતિ ।
ઉપરિ છત્તત્તયરયણુ ચંદતુલ્લુ ધરિહિંતિ ॥ ૪૮

ઇય પરમેસરિ પુત્તુ તુહ હોસરૂ ગુણુગણુરાસિ ।
તિં વંદહ પણમંત સિર અમ્હિણિ વિઠ્ઠિયપાસિ ॥ ૫૧

પડિવોહેવિણુ ભવિયજણુ જગવિચ્છારિવિકિતિ ।
અંતિવિહેવિણુ તુહતણઉ સેલેસી વરસત્તિ ॥ ૭૫

દેવચંદપરિવંદિયહ કિયલુ હુડકખુડ એસ ।
કો કિર સક્કઇ જિણુવરહ ભત્તિ કરેવિ અસેસ ॥ ૭૬

અઇપંડુસિલાસીહાસણમ્મિ સોહમ્મસામિ ઉવવિસઇ રમ્મિ ।
ઉચ્છંગિ ધરઇ જિણુવરેંદુ જો પાવજલણુઉલ્હવણુકંદુ ॥ ૧૦૨

એત્થંતરિ સારી દુહખયકારી બહુવિહકુસુમગુણાવરિય ।
અચ્ચુયસુરણાહિં ભત્તિસણાહિં કુસુમંજલિ નિયકરિ ધરિય ॥ ૧૦૩

જાઇકુંદમંદારસમુજ્જલચંપયપારિપાયયપિંજલ ।
કેયઇદલમચકુંદસોહિય ગંધલુદ્ધફુલ્લંધયમોહિય ॥ ૧૦૪

એત્તકિંકરહિં એચ્છંતરે સહસઅઠ્ઠેવ ચઉસઠ્ઠહચ્છંતરે ।
કણયકલસાણ સહસક્ક અઠ્ઠોત્તરે વીયઉ રૂપ્પમઇયાણ પુણ ઉત્તરે ૧૦૫

એવન્ન સુરેંદિહિં સહ સુરવિંદિહિં મજ્જણુ જિણુવર અણિંદયહ ।
કિહુ બહુવિઉભત્તિએ નિયવિચ્છિત્તિએ દેવચંદપરિવંદિયહમ્ ॥ ૧૧૪

જયહિ જિણનાહયા કમ્મવણદાહયા પણયસુરનાહયા સિદ્ધિગમવીહયા ।
જયહિ સુભકારયા મોહનિદ્દારયા દુરિયસયવારયા ચત્તસંસારયા ॥ ૧૨૩
જયહિ ગયસંસયા કામભડધંસયા નીરૂનવદસયા ભુવનઅવયંસયા ।
જયહિ હવપાવયા કહિયવરભાવયા દુરકત્તણુલાવયા સજલપ્પણરાવયા ॥ ૧૨૬

૯૩—આ **દેવચંદ્રજી** કૃત **સુલસાખ્યાન** અપભ્રંશમાં છે તેમાં ૧૭ કડવક છે.

એહ સંધિ પુરૂષત્થ વસત્થિય દેવચદસૂરીહિં સમત્થિય,
ઇય બહુગુણ ભૂસિઉ જિણસુપસંસિઉ **સુલસ** ચરિઉમ્મત્થિયહં.
નિસુણંત પઢંતહ ભત્તિએ સત્તણં મોડખુ મોકખત્થિયહં.

૯૪. **હેમચંદ્રજી**ના **વ્યાકરણ**માંથી તેમજ **કુમારપાલ ચરિત દ્વાશ્રય-પ્રાકૃતકાવ્ય**માંથી ઘણુંક અપભ્રંશ સાહિત્ય મળી આવે છે તેના સંબંધે હવે પછી જૂદા વિભાગ અને પ્રકરણમાં જણાવીશું.

૯૫. સસિપાલક કુલસંભવ પાર્શ્વનંદન **ધાહિલ**ના **પઉમસિરિ ચરિત્ર**માં ચાર સંધિમાં પદ્મશ્રી સતીના શીલનું વર્ણન છે. આ ક્યારે રચાયેલું છે તે જણાયલું નથી પરંતુ પાટણ ભંડારની પ્રતનો સંવત્ ૧૧૯૧ નો છે; તેનો આદિ ને અંતભાગ નીચે પ્રમાણે છે:-

ધાહિલુ દિવ્વદિહિ કવિ જંપઇં, અહુ જણરોલુ મુએવિણુ સંપઈ,
નિસુણહ સાહમિ કન્નરસાયણુ, ધમ્મ કહાણઉં પહુગુણ ભાયણુ.

× × × ×

સસિપાલક વુકય આસિ નાહુ, જસુ વિમલુ કિત્તિ જગિ ભમઇ સાહુ,
તસુ નિમ્મલિ વંસિ સમુપ્પવેણુ, **પઉમસિરિ** ચરિઉ કિઉ **ધાહિલેણુ**.
કવિ **પાસહ**નંદણુ દોસવિમદ્દણુ સુરાઇહિં મહાસઇહિં.
જિણુ ચલણહ ભત્તઉ તોયઇ પોત્તઉ દિવ્વ દિટ્ઠિ નિમ્મલમઇહિં.

૯૬. **સંદેશરાસક**–આ રાસક પ્રાકૃત તથા અપભ્રંશમાં છે. તેમાં દોહા, ગાથા, રડ્ડા, પદ્ધડિકા, ચંદ્રાયણ, અર્ધ વગેરે છંદો વાપરેલા છે. પાશ્ચાત્ય દેશમાં મ્લેચ્છ દેશમાં મીરસેણના સંબંધીનો પુત્ર અદ્દહમાન

નામનો હતો, તેની ગીતવિષયક પ્રાકૃત કાવ્યને વિષે પ્રીતિને લીધે તેના સ્નેહથી આ વિરહિણી સંદેશ વિષયક **સંદેશ રાસક** રચેલું છે. તેની પ્રત પાટણ ભંડારમાં છે.

પચ્ચાએસિ પહૂઓ પુવ્વપસિધ્ધો ય મિચ્છદેસોત્થિ,
એહ વિસએ સંભૂઓ આરદ્દો **મી**રસેણસ્સ. ૩
તહ તણઓ કુલકમલો પાઇઅ કવ્વેસુ ગીય વિસએસુ
અદ્દહમાણ પસિધ્ધો સન્નેહઇ રાસયં રઇયં. ૪

૯૭. **ચર્ચરી** નામની જિનવલ્લભ સૂરિની સ્તુતિ સાથે ચૈત્યવિધિ **જિનદત્તસૂરિ** અપભ્રંશમાં રચી છે. જિનવલ્લભનો સ્વર્ગવાસ સં. ૧૧૬૮ માં થયો ને તેના શિષ્ય જિનદત્તે તેના પછી થોડાં વર્ષોમાં આ સ્તુતિ રચી હોય તેમ અનુમાનાય છે. જિનદત્તને આચાર્યપદ સં. ૧૧૬૮ માં મળેલું અને તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૧૧ માં થયો. તેનો આદિભાગઃ—

નમિવિ જિણેસર ધમ્મહ તિહુયણ સામિયહ
પાયકમલુ સસિનિમ્મલુ સિવગય ગામિયહ,
કરિમિ જહટ્ઠિયગુણથુઇ સિરિ **જિણવલ્લહહ**
જુગપવરાગમસૂરિહિ ગુણિગણદુલ્લહહ. ૧

—ત્રિભુવનના સ્વામી, શિવગતિગામી એવા જિનેશ્વર ધર્મનાથના ચંદ્રજેવા નિર્મલ પાદકમલને નમીને યુગપ્રવર આગમાચાર્ય ગુણિગણ-દુર્લભ એવા શ્રી **જિનવલ્લભની** યથાસ્થિત ગુણસ્તુતિ કરૂં છું.

પરિહરિ લોયપવાહુ પયટ્ટિઉ વિહિવિસઉ
પારતંતિ સહુ જેણ નિહોડિ કુમગ્ગસઉ,
દંસિઉ જેણ દુસંઘ-સુસંઘહ અંતરઉ,
વદ્ધમાણજિણતિત્થહ કિયઉ નિરંતરઉ. ૧૦

—જેણે લોકપ્રવાહને પરિહરી-તજી પરતંત્રતા વાળા શત કુમાર્ગને ટાળી વિધિમાર્ગ પ્રવર્ત્તાવ્યો, જેણે નઠારો સંઘ અને સારો સંઘ

એનું-એ વચ્ચેનું અંતર બતાવ્યું અનેવર્ધમાન-મહાવીર જિનના તીર્થને નિરંતરનું-અવિચ્છિન્ન કર્યું.

૯૮. જિનદત્તસૂરિની બીજી બે અપભ્રંશ કૃતિઓ નામે **૨. ઉપદેશ (ધર્મ) રસાયન રાસ**માં ૮૦ ગાથા છે અને **૩. કાલસ્વરૂપ કુલક**માં ૩૨ ગાથા છે. આમાંની છેલ્લી કૃતિની ત્રીજી ગાથામાં '**વિક્કમસંવચ્છરિસય બારહ** હુયઇ પણહુંઉ સુહુ ઘરવારહ' આવા શબ્દો છે તેથી તે કૃતિ વિક્રમના તેરમા સૈકાના પ્રારંભના ૧૧ વર્ષમાં કોઇપણ વખતે બની હોવાનું અનુમાન કરી શકાય કારણ કે વિ. સં. ૧૨૧૧માં જિનદત્તસૂરિનો સ્વર્ગવાસ થયો છે. છતાં આ સર્વને સામાન્ય રીતે ૧૨ મી સદીની કૃતિ તરીકે લેવામાં વિશેષ હરકત જેવું નથી.

૯૯. આ ત્રણે જિનદત્તસૂરિનાં કાવ્ય 'અપભ્રંશ કાવ્યત્રયી' એ નામથી ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં પ્રકટ થનાર ગ્રંથમાં મૂકવામાં આવ્યાં છે, અને તેમાં પ્રથમનાં બે કાવ્યો પરની જિનપાલ ઉપાધ્યાય (જિનપતિસૂરિ શિષ્ય)ની સં. ૧૨૯૪ ની રચાયેલી સંક્ષિપ્ત સંસ્કૃત વૃત્તિ પણ દાખલ કરી છે. છેલ્લી કૃતિપર ઉપાધ્યાય સુરપ્રભ (જિનપતિ સૂરિ શિષ્ય)ની વિવૃત્તિ છે; સાથે એ ત્રણે કાવ્યની સંસ્કૃત છાયા તે ગ્રંથના સંપાદક પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીએ કરીને મૂકી છે. તેમાં સંપાદક સાક્ષર જે પ્રસ્તાવના અને પરિશિષ્ટ મૂકવાના છે તે બહાર પડવાથી વિશેષ પ્રકાશ પડશે.

૧૦૦. **વાદિદેવસૂરિ** એ મહાપ્રભાવક જૈનાચાય થઇ ગયા તેમણે પોતાના ગુરૂ મુનિચંદ્રસૂરિ (સ્વ. સં. ૧૧૭૮) ઉપર તે સમયની બોલાતી ભાષા-અપભ્રંશ ભાષામાં **સ્તવન** રચ્યું છે (મુદ્રિત-જૈન શ્વે. કૉ. હેરલ્ડ પત્રનો ઈ. સ. ૧૯૧૭ ના સપ્ટે. થી નવે. નો ખાસ અંક પૃ. ૩૩૧-૩૩૫). તેનો આદિ અને અંતભાગ નીચે પ્રમાણે છે:—

નાણુ ચરણુ સંમત્તુ જસુ રયણત્તઉ સુપહાણુ,
જયઓ સુ મુણિસુરિ ઇત્થુ, જગિ મોડિ અવમ્મહખાણુ. ૧

× × × ×

જાહે પસન્ના તુહ નયણુ, તહ મણુયહ સયકાલ,
હિયઇચ્છિય સુહ સંપડહિં, અનુ છિંદહિં દુહજાલ. ૨૪
દૂસમ રયણિહિં સૂર જિમ્વ, તુહ ઉટ્ઠિઉ મુણિનાહ,
સિરિ મુણિચંદ મુણિંદ પરમહુ ફેડઇ કુગ્ગાહ. ૨૫

આની હાલની ગૂજરાતી છાયા પં. બહેચરદાસે આ પ્રમાણે આપી છેઃ-

જ્ઞાનચરણ સમ્યક્‌ત્વ જેનું રત્નત્રય સુપ્રધાન,
જયો સ મુનિસુરિ અહીં જગે, માંડ્યો મન્મથસ્થાણુ. ૧

× × × ×

જ્યારે પ્રસન્ન તવ નયનો તથા મનુજોને સદા કાળ,
હૃદયઇચ્છિત સુખ સાંપડે પછી છેદાય દુઃખજાળ. ૨૪
દુઃષમ રજનિમાં સૂર્ય જેમ તું ઉઠ્યો મુનિનાથ,
શ્રી મુનિચંદ્ર મુનીંદ્ર પરમ ફેડે કુગ્રાહ. ૨૫

(૧. ચરણુ—વિશુદ્ધપ્રવૃત્તિ, સમ્યક્‌ત્વ—શ્રદ્ધા, માંડ્યો—મર્દિત–મંડિય–મોડિય–મસળી નાંખ્યો, મન્મથસ્થાણુ–કામરૂપ ખીલો. ૨૪–સાંપડે–સંપડઇ–સંપદ્યતે–સંપતતિ–સંપડઇ–મળે. ૨૫. દુઃષમ રજની–આ પાંચમા દુઃષમ નામના આરા રૂપ રાત્રી. કુગ્રાહ–કદાગ્રહ.]

૧૦૧. **લક્ષ્મણ ગણિએ સુપાસનાહ-ચરિઅં** એ નામનો પ્રાકૃત ગ્રંથ સંવત્ ૧૧૯૯માં માઘ શુદ ૧૦ ગુરૂને દિને ગુરૂ મંડલીપુરીમાં શ્રી કુમારપાલના રાજ્યમાં રચ્યો છે તેમાં ક્યાંક ક્યાંક અપભ્રંશમાં છંદો છેઃ-

ગરૂયભત્તિબ્ભરુબ્ભિન્નરોમંચયા, થુણહિ તિત્થેસરં તત્થ નચ્ચંતયા,
કેવિ મુંચંતિ મંદારસુમણોહરં, ગંધવ સમિલિયસલોહ સુમણોહરં. ૨૬૮
કેવિ મલ્લવ સજ્જંતિ કમદદુરં, અવરિ ગાયંતિ સુહકંઠરવ સુંદરં,
કેવિ ઉત્તાલતાલાઉલં રાસયં, કુણહિં કરનચ્ચિયં અવરિ વરહાસયં. ૨૬૯
કેવિ હરિસુદ્ધરા તિયસગલ દ્દદુરં, કુણહિં હયહેસિયં કેવિ સુઇબંધુરં,
કેવિ ગયગજ્જિયં કુણહિં મયભિંભલં, અન્નિ મુટ્ઠીહિ પહરંતિ ધરણીયલં. ૨૭૦

કેવિ ફોડિંતિ વક્કરિય ઉક્કેરયં, કેવિ કુવ્વંતિ કંઠીરવુન્નાયયં,
કેવિ તક્ખણિણુ ખીરોયજલ સંતિયં, કલસમુવણિંતિ તિયસા
હરિયંતિયં. ૨૭૧

—ત્યાં ગુરૂભક્તિના ભરથી ઉદ્‌ભિન્ન રોમાંચ થયાં છે જેનાં એવા નાચતા (દેવતાઓ) તીર્થેશ્વરને સ્તવે છે. કેટલાક (દેવો) સુગંધથી વશ થઇ જ્યાં સુમનોહર ભ્રમરો થોકબંધ ભેગા થાય છે એવા મંદાર નામના પુષ્પોનો ભર–ઢગ ફેંકે છે, કેટલાક મલ્લોની માફક ફમદ્દુંર ? સજ્જ થાય છે, જ્યારે બીજા સારા કંઠરવથી સુંદર ગાય છે. કેટલાક ઉંચા નીચા તાલવાળા **રાસ** કરે છે, બીજા હાથના નૃત્યવાળું સુંદર હાસ્ય કરે છે, કેટલાક હર્ષથી મસ્ત બની...કરે છે, કેટલાક કર્ણને બધુર એવા ઘોડાના હણહણવાનો અવાજ કરે છે કેટલાક હાથીની ગર્જના કરે છે, બીજા ભૂમિતલને મુઠીથી મારે છે, કેટલાક......અને કેટલાક દેવતાઓ તેજ ક્ષણે ખીરના જલવાળા કલશો ઇંદ્રિ પાસે લઇ જાય છે.

૧૦૨. બીજો નમુનો એ છે કેઃ—

ચઉપ્પઇ.

જહિં ઉપ્પજ્જઇ જલણુ તં નિશ્ચિયં તા ડહઇ,
પાસટ્ઠિઉં ફુલિંગિહિં ડહઇ નવા ડહઇ,
જસુ પુણુ કોહ સુ અપ્પઉં જણુ ડહિઉ,
હાણિ કરેઇ પરત્તહ જિણવરિ ઇહ કહિઉ. ૨૭૦
રોસિણ અબ્ભુક્ખાણુ જુ વિયરઇ અન્નરજણિ,
સો તેણવિ પરિભવિયઇ ડજ્ઝઇ અત્તુમણિ,
તો તં સો ઇહ લોઇવિ વઇરિઉ ભણિ હણઇ.
આલિ જુ દિન્નઇ પાવુ અયાણુઉ ન તં ગણઇ. ૨૭૧
રોસાનલિણ પલિત્તુ મુહુત્તિણ ડહઇ નરૂ,
નિયધમ્મહ ભંડારૂ સુસંઠિઉ જો સુચિરૂ,
રોસપિસાઇણ ગહિઉ ન ભુંજઇ ન ય સુયઇ,
અઇવિલ્લહ ધણુ માણસુ વિણુ દોસિણ મુયઇ. ૨૭૨

જહ કુંડલ કેઉર કિરીડ વિહૂસણુ વિહૂસિઉ,
વિણુયવિહૂણુઉ સોહ ન પાવઇ નર કહવિ,
તહ પંડિઉ દાયારૂ તવસ્સી જઇ તહવિ,
ન લહઇ સુગ્ગઇમગ્ગુ સરોસિરૂ નરૂ કહવિ. ૨૭૩

—જ્યાં અગ્નિ ઉપજે—ઉત્પન્ન થાય તેને પોતે રહે ત્યાં સુધી બાળે, (પણ) પાસે પડેલાને (પોતાના) તણખાથી બાળે કે ન પણ બાળે; જ્યારે ક્રોધ જેને થાય છે તે પોતાને તથા બીજાને પણ બાળીને બીજે સ્થળે પણ હાનિ કરે છે એમ જિનવરે કહ્યું છે.

—જે (જન) રોષથી બીજા મનુષ્યોમાં અભ્યાખ્યાન ચાડી ફેલાવે છે તે તે (રોષ)થી પણ પરાભવ પામે છે, (અને) પોતાના મનમાં બળે છે; તેથી તે આ લોકમાં પણ તેને વૈરી ગણી મારે છે. જે ખોટી રીતે પાપ કહેવામાં આવે છે તે અજાણ્યો (પાપ) ગણતો નથી.

—જે ઘણા કાળ સુધી સુસંસ્કારમાં સ્થિત હોય એવો મનુષ્ય રોષરૂપી અગ્નિથી પ્રદીપ્ત થઇને (એક) મૂહૂર્ત્તમાં નિજધર્મનો ભંડાર બાળી નાંખે છે. રોષરૂપી ભૂત જેને ભરાણો હોય તે ભોગવતો નથી તેમ સૂઇ શકતો નથી, અને અતિ પ્યારૂં ધન મનુષ્યને વિનાદોષે છોડી જાય છે. જેમ કુંડલ, કેયૂર, કિરીટ (મુગટ)થી વિભૂષિત થયેલો નર, વિનયવિહીણો (હોયતો) કોઇ રીતે શોભા પામતો—શોભતો નથી, તેવી રીતે કોઇ માણુસ પંડિત, દાતા, તપસ્વી હોય છતાં પણ રોષવાળો હોય તો સુગતિનો માર્ગ પ્રાપ્ત કરતો નથી.

૧૦૩. આ કવિએ બીજાનું સુભાષિત પણ મૂકયું છે અને તેથી તે તેના સમયથી પ્રાચીન હોવું જોઇએ. યતઃ ઉક્તમઃ—

અપ્પત્થિયઇં ઇંતિ જહ દુક્ખઇં, સહસા પરિણમંતિ તહ સુક્ખઇ,
પુવ્વજ્જિયઇં ધરિવિ કો સક્કઇ, સપ્પુરિસહ ચિત્તુવિ ન ચમક્કઇ.

—જેમ દુઃખો અપ્રાર્થિત (વણમાગ્યાં) આવે છે, તેમ સુખો સહસા—એકદમ પરિણમે છે. પૂર્વોપાર્જિત કોણ અટકાવી શકે ? સત્પુરૂષોનું ચિત્ત છતાંય ચમકતું નથી—ચમત્કાર પામતું નથી—આશ્ચર્ય પામતું નથી.

૧૦૪. આવા અપભ્રંશ ભાષામાં અમુક ભાગો પૃ. ૫૦, ૧૯૦, ૨૧૩, ૨૮૬, ૨૯૫, ૪૪૦ થી ૪૪૨, ૪૬૮, ૫૭૦, ૬૨૫, ૬૩૨, ૬૪૭ પર છે. જુઓ સુપાસનાહ ચરિઅ-સંસ્કૃત છાયા કરીને સંશોધક પંડિત હરગોવિન્દદાસ અને પ્રકાશક જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા અંક ૪, ૮, ૧૨, કાશી.

પ્રકરણ ૪ થું.

તેરમી, ચૌદમી અને પંદરમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૧૦૫—**યોગચંદ્રમુનિના** રચેલા **યોગસાર** ગ્રંથમાં ૧૦૫ દોહા ૧ સોરઠા ને ૧ ચોપઇ છે. તેને દોહાસાર પણ કહે છે. તેનો વિષય અધ્યાત્મોપદેશ છે. યોગચંદ્રમુનિનો સમય નિર્ણિત થયો નથી. કોઈ કહે છે કે વિક્રમની બારમી સદી અથવા વધુમાં વધુ તેરમી સદીનો પૂવ ભાગ સિદ્ધ થાય છે, પણ ભાષા સરલ તેથી આધુનિક ભાષાને એટલી બધી મળતી છે કે તેને તેટલો પ્રાચીન સમય આપવાનો સ્વીકાર કરવા કોઇ ખંચાય; છતાં જ્યાં સુધી તેનો સમય નિર્ણીત રીતે સિદ્ધ ન થાય ત્યાં સુધી તેને અત્ર સ્થાન આપવું યોગ્ય ધાર્યું છે. (આ ગ્રંથ પ્રકાશિત થઈ ગયો છે. માણિકચંદ્ર જૈન ગ્રંથમાલા અંક ૨૧.) તેના દોહાની ભાષા આપણી હાલની દેશી ભાષાનું પૂરાણું સ્વરૂપ બતાવે છે, અને તે અપભ્રંશની સરલ ભાષા છે તેથી તેને જૂની ગૂજરાતી કે જૂની હિંદી નિશ્ચિંતપણે આપણે કહી શકીએ. ઉદાહરણ તરીકે:—

અજરૂ અમરૂ ગુણગણણિલઉ, જહિ અપ્પા થિર થાઇ,
સો કમ્મહિ ણુવિ બંધયઇ, સંચિયપુવ્વ વિલાઇ. ૧

—અજર અમર ગુણગણ નિલય, જે આત્મા સ્થિર થાય.
તે કર્મો નવિ બાંધશે, સંચિતપૂર્વ વિલાય.

એટલે કેઃ-અજર અમર ગુણના સમૂહનું સ્થાન (એવો) આત્મા જેનો સ્થિર થાય છે તેને તે કર્મો બાંધતા-બંધન કરતા નથી. પૂર્વનાં (જે) સંચિત (તેજ) વિલય પામે છે-નાશ પામે છે.

અપ્પ સરૂવહ જો રમઇ, છંડવિ સબ વવહારૂ,
સો સમ્માઇઠી હવઇ, લહુ પાવઈ ભવપારૂ.

—આત્મ સ્વરૂપે જે રમે, છાંડે સહુ વ્યવહાર,
તે સમ્યગ્દૃષ્ટિ થતો, પામે અલ્પ ભવપાર.

(છંડવિ-છોડીને, લહુ-લઘુ-થોડા સમયમાં યા થોડા પ્રયાસથી)

જહ સલિલેણ ણ લિપ્પયઇ, કમલણિ પત્ત કયાવિ,
તહ કમ્મેણ ણ લિપ્પયઇ, જઇ રઇ અપ્પ સહાવિ.

—જલથી થાય ન લિપ્ત જયમ, કમલિની પત્ર કદાપિ,
કર્મથી થાય ન લિપ્ત ત્યમ, યદિ રતિ આત્મસ્વભાવ.

ઇક્ક ઉપજ્જઈ મરઇ કુવિ, દુહુ સુહુ ભુંજઇ ઇક્કુ,
ણરયહ જાઇવિ ઇક્ક જિય, તહ ણિંવાણહ ઇક્કુ. ૪

—એકલો ઉપજે મરત એક, દુખ સુખ ભોગવે એક.
નરક જાય વળી એક જીવ, ત્યમ મુક્તિ પણ એક.

૧૦૬—આમાં સોરઠા છંદ પણ છે.

જીવા જીવહ ભેઉં જો, જાણઈ સો જાણિયઉ,
મોક્ખહકારણ એઉ ભણઈ, જોઇ જોઇહિ ભણિઉ.

—જીવ અને અજીવના ભેદ જે જાણે, છે તે જાણે છે (અર્થાત્ તેજ જ્ઞાની છે.) મોક્ષનું કારણ એજ છે (એમ) યોગી (યોગચંદ્ર) કહે છે (કે જે) યોગીઓએ કહેલું છે.

ધમ્મુ ણ પઢિયા હોઇ, ધમ્મુ ણ પોચ્છા પિચ્છયઇ,
ધમ્મુ ણ મઢિય પયેસિ, ધમ્મુ ણ મુચ્છા લુચ્ચિયઇ.

—પઢયે ન હોવે ધર્મ, પૂછાપૂછિથી ધર્મ નવ,
મઢિ પ્રવેશ્યે ધર્મ નવ, મૂછ લોચ્યે નવ ધર્મ છે.

(આમાં પુછાપૂછી, મઢિ (મઠ), મુચ્છા (મુછ) વગેરે દેશી શબ્દો છે.)

૧૦૭—આ ગ્રંથમાં એક ચોપઇ પણ છે:—

કાસુ સમાહિ કરઉ કો અંચઉ, છોપુ અછોપુ કરિવિ કો વંચઉ,
હલસહ કલહિ કેણુ સમ્માણઉ, જહિં જહિં જોવઉ તહિં
અપ્પાણઉ. ૨૦

—કેની સાથે સમાધિ કરૂં, કોને અર્ચું (પૂજું), છૂત અછૂત કરીને કેની વંચના કરૂં, ભલા કેની સંગાથે કલહ ભોગવું; જ્યાં જ્યાં જુઓ ત્યાં આત્માજ છે.

આ દોહાસારને મળતોજ શ્રાવકાચાર નામનો ગ્રંથ છે કે જેનો ઉલ્લેખ આગળ કરવામાં આવ્યો છે.

૧૦૮—પ્રાયઃ આ કવિનો **પરમાત્મપ્રકાશ** નામનો ઉત્તમ આધ્યાત્મિકગ્રંથ છે તે પણ આજ પ્રકારનો છે. તે ભટ્ટ પ્રભાકરની વિનતિથી રચવામાં આવ્યો હતો. તેમાં પણ દોહા છંદનો ઉપયોગ કર્યો છે. દાખલા તરીકે:—

જઇ ણિવિસધ્ધુવિ કુઈ કરઇ, પરમપ્પંઇ અણુરાઉ,
અગ્ગિકણી જિમ કટ્ઠગિરિ, ડહઈ અસેસુવિ પાઉ. ૧૧૫.

—જો (એક) નિમિષ-ક્ષણુની અર્ધી પણ કોઇ પરમાત્મપ્રત્યે અનુરાગ કરે-રાખે, તો જેમ અગ્નિની એક કણી લાકડાનો પર્વત-મોટો ઢગ બાળી નાંખે છે તેમ તે અશેષ-સર્વ પાપ પણ બાળી નાંખે છે.

હરિહર બમ્હુવિ જિણવરવિ, મુણિવરવિંદવિ ભવ્વ,
પરમણિ રંજણિ મણુ ધરિવિ, મુક્ખુ જિ ઝાયહિ સવ્વ. ૧૩૪

—હે ભવ્યો ! હરિ, હર, બ્રહ્મા પણ (તેમજ) જિણવરો પણ (અને) મુનિવરના સમૂહો પણ પરમનિરંજનમાં મન રાખી મોક્ષનેજ ધ્યાય છે.

ણિટ્ઠુરવયણુ સુણેવિ જિય, જઇ મણિ સહણુ ણ જાઇ,

તો લહુ ભાવહિ બંભુ પરૂ, જિં મણુ ઝત્તિ વિલાઇ. ૩૧૫

—હે જીવ ! જો નિષ્ઠુર વચન સાંભળી મનમાં સહન થાય નહિ તો પરબ્રહ્મને લઘુ–અલ્પ ભાવ–તેની ભાવના કર કે જેથી મન ઝટ વિલીન થાય–દ્રવીભૂત બને.

આમાં ૩૪૫ છંદ છે તેમાં ૩૪૩ દોહા છે ને છેલ્લા બે જુદા છંદમાં છે તે પૈકી—

જં તત્તં ણાણરૂવં પરમમુણિગણા ણિચ્ચ ઝાયંતિ ચિત્તે,
જં તત્તં દેહચત્તં ણિવસઇ ભુવણે સવ્વદેહીણ દેહે,
જં તત્તં દિવ્વદેહં તિહુવણગુરૂગં સિજ્ઝએ સંતજીવે,
તં તત્તં જસ્સ સુદ્ધં ફુરઇ ણિયમણે પાવએ સો હિ સિદ્ધિં. ૩૩૪

૧૦૯—ઉપરનાં ઉદાહરણો મૂલ માત્ર પરથી લીધાં છે; તેના પર સંસ્કૃત છાયા કે કોઈ ટીકા ટિપ્પણી વગેરે મળતી નથી તેથી ક્યાંક ક્યાંક શબ્દો યા પદોના અર્થ સ્પષ્ટ સમજાયા નથી. વાચક પોતાની મેળે તે પર વિચાર કરી લેશે. આ થોડાં ઉદાહરણોથી સ્પષ્ટ થશે કે વિક્રમની નવમી સદીથી પાંચ છ સદી સુધીનું અપભ્રંશ–પ્રાકૃત સાહિત્ય, ગૂજરાતી, હિન્દી, આદિ દેશી ભાષાના મૂળનો પત્તો લગાડવામાં કેટલું ઉપયોગી છે.

૧૧૦—ઉક્ત પરમાત્મપ્રકાશ નામનો ગ્રંથ પ્રકટ થયો છે (રાયચંદ્ર જૈનશાસ્ત્રમાલામાં) તેમાં કર્ત્તાનું નામ યોગીન્દ્રદેવ આપ્યું છે તેજ આ યોગચંદ્રમુનિ એમ સંભવે છે. આ કૃતિની ભાષા પણ અપભ્રંશની સારી અને ઉચ્ચ સ્થિતિ સૂચવે છે. ઉપરની અને આ કૃતિની ભાષા સાથે સાથે એક પ્રવાહમાં અખંડપણે સરલતાથી એવી વહે છે કે જાણે તત્કાલિન બોલાતી ભાષામાં રચાઇ હોય એવું જણાય છે. તેના પર ટીકા બ્રહ્મચારી દેવે સંસ્કૃતમાં રચી છે. વળી આ પરમાત્મપ્રકાશ પરથી શ્વેતામ્બરીય ધર્મમંદિર ગણિએ ગૂજરાતીમાં તેજ નામની કૃતિ સં. ૧૭૪૨

ના કાર્તિક શુદ ૫ ગુરૂવારે મુલતાનમાં રચી પૂર્ણ કરી છે. જુઓ જૈન-ગૂર્જર કવિઓ ભાગ બીજો.

૧૧૧—દશમી સદીમાં દોહાની રચના થતી હતી એવું માલૂમ પડે છે, પણ તે જોઇએ તેવી સર્વત્ર પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા પામી નહોતી એ પણ સાથે સાથે જણાય છે.

દેવસેન આચાર્યે દર્શનસાર, નયચક્ર, ભાવસંગ્રહ, આરાધનાસાર અને તત્ત્વસાર નામના પ્રાકૃત ગ્રંથ રચેલા તે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. તે પૈકી દર્શનસારની રચના વિ. સં. ૯૯૦ માં ધારાનગરીના શ્રી પાર્શ્વ-નાથ ચૈત્યાલયમાં સમાપ્ત થયાનું તેની પ્રશસ્તિપરથી સ્પષ્ટ જણાય છે; તેથી આ આચાર્યનો સમય દશમી સદીમાં થવાનું નિશ્ચિત છે. 'તેમણે નયચક્ર નામનો ગ્રંથ દોહા છંદમાં એટલે તે સમયની અપભ્રંશ–પ્રાકૃત ભાષામાં રચ્યો હતો પરંતુ તેના સમયમાં સમાલોચકોને તે છંદ પસંદ ન પડયો તેથી તેના શિષ્ય **'માઇલ્લ ધવલે'** તેના દોહાને ગાથાઓમાં ફેરવી નાંખ્યા—આ વાત તે ગ્રંથની બે છેલ્લી ગાથાઓ પરથી વિદિત થાય છેઃ—

સુણિ્ ઊણુ દોહરત્થં સિગ્ઘં હસિઊણ સુંહકરો ભણઇ,
એત્થ ણુ સોહઇ અત્થો, ગાહાબંધેણ તં ભણહ.

—દોહાબદ્ધ ગ્રંથને સુણીને શીઘ્ર 'શુભંકરે' હસીને કહ્યું, આ (છંદ)માં અર્થ શોભતો નથી તેથી ગાથાબદ્ધ કરો.

દવ્વસહાવપયાસં દોહયબંધેણ આસિજં દિટ્ઠં
તં ગાહાબંધેણ રઇયં માઇલ્લધવલેણ.

—સ્નેહથી આ દ્રવ્ય સ્વભાવનો પ્રકાશ (ગ્રંથ) કે જે પહેલાં દોહા-બદ્ધ જોવામાં આવ્યો હતો તે માઇલ્લિ ધવલદ્વારા ગાથાબદ્ધ રચ્યો.

૧૧૨—દોહા છંદનો તે વખતે સામાન્યપણે નવો નવોજ પ્રયોગ હતો તેથી 'શુભંકર' મહાશયે તેને પસંદ ન કર્યો. આ દોહાબદ્ધ ગ્રંથ હમણાં મળતો નથી. કોણ જાણે આ જાતનાં બીજા

કેટલાએક ગ્રંથો આવા 'શુભંકરો'ની કૃપાથી નષ્ટ થયા હશે.' (ગુલેરીજી ના. પ્ર. પ્ર. ભા, ૨-૩ પૃ ૨૪૧-૨૪૩).

૧૧૩. આ સર્વ ગ્રંથોથી જૂદો એક અશ્રુતપૂર્વ ગ્રંથ નામે **'શ્રાવકાચાર'** દેવસેન સૂરિએ રચેલો કારંજાના ભંડારમાં ઉપલબ્ધ થયો છે. આમાં લગભગ ૨૫૦ દોહામાં ગૃહસ્થ ધર્મનું વર્ણન છે, તેમાંથી અહીંથી તહીં બે ચાર દોહા લઇએ:—

ણમકારેપિણુ પંચગુરૂ, દૂરિદલિયદુહકમ્મુ,
સંખેવે પયડક્ખરહિ, અક્ખમિ સાવય ધમ્મુ. ૧.

—(જેણે) દુષ્કર્મોને દુર્દલિત કર્યાં છે (એવા)[૬] પંચ ગુરૂઓને નમસ્કાર કરી સંક્ષેપમાં પદ અને અક્ષરો દ્વારા શ્રાવક ધર્મને કહું છું—આખ્યાન કરૂં છું. (પિણુ—પૂર્વકાલની ક્રિયા વિભક્તિ છે અને 'કમ્મુ' તથા 'ધમ્મુ'માં 'ઉ'છે તે કર્મકારક સૂચક છે.)

* * *

સુણુ દંસણુ જિય ! જેણુ વિણુ, સાવય ગુણુ ણુવિ હોઇ,
જહ સામગ્ગિ વિવજ્જિયહ, સિજ્ઝઇ કજ્જુ ન કોઇ.

—(હે) જીવ ! [૭]દર્શનને સાંભળો. (તે એવું છે કે) જેના વિના

૬ જૈનો પાંચ પરમ ઇષ્ટને પૂજે છે:—અર્હન્ત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ. આને જૈન ધર્મમાં 'પંચ પરમેષ્ઠી' કહે છે. અર્હન્ત એટલે તીર્થંકર. સર્વ આત્મઘાતી કર્મોને દૂર કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લોકોને બોધ આપી ધર્મના પ્રવર્ત્તક. સિધ્ધ એટલે સર્વ કર્મોનો ક્ષય કરી સિધ્ધ-મુક્તિ પ્રાપ્ત કરનાર. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ કંચન કામિનીના ત્યાગી વૈરાગીના ચડતા ઉતરતા પ્રકાર છે.

૭ 'દર્શન' એ નામ જૈન ધર્મમાં 'શ્રદ્ધા, વિશ્વાસ, યકીન' ને આપેલું છે. જૈનમાં મોક્ષ પ્રાપ્ત થવા માટે સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્ર એ ત્રણે એકી સાથે કહ્યા છે અને ત્રણને 'રત્નત્રય' કહેવામાં આવે છે. આ રત્નત્રયમાં પહેલું રત્ન 'દર્શન' છે કે જેના હોવા વગર કોઇ ધર્મવાન્ કહી શકાતો નથી.

શ્રાવકના ગુણ હોય (થાય-ઉદ્‌ભવે) નહિ; (કેવી રીતે?) જેવી રીતે (યોગ્ય) સામગ્રી છોડીને (રહિત) કોઇ કાર્ય સીઝતું-સિદ્ધ થતું નથી. ('ણુવિ'માંનો 'વિ' પાદની પૂર્તિ માટે અથવા 'ન' પર જોર દેવા માટે વપરાયો છે)

× × × ×

સચ્ચ સગેણુ વિજાણિયહ, ધમ્મુ ણ ચઢઇ મણે વિ,
દિણયર સઉ જઇ ઉગ્ગમઇ, ઘૂઅઉ અંધઉ તો વિ.

—તે સત્યથી વિશેષપણે જાણીને (જાણ્યા છતાં) ધર્મ મન ઉપર ચઢતો નથી (જેવી રીતે) તે દિનકર-સૂર્ય ઉગે, તો પણ ઘુવડ આંધળો (હોય છે.) (મન ઉપર ચઢવું-ગળે ઉતરવું, કોઇ વાત પૂરી જાણી લેવી એ અર્થમાં હાલની આપણી ભાષામાં વપરાય છે. આ વાણી વ્યવહાર અને ઘૂઅઉ-ઘુવડ એ શબ્દ સર્વથા દેશી છે.)

× × × ×

ખંચઇ ગુરૂ વયણંકુસઇ, મેલ્લિ મ ઢિલ્લઉ તેન.
મુહ મોડઉ મણ હત્થિયઉ, સંજમ ભર તરૂ જેન.

—(કોઇ વિરક્ત પુરૂષ પોતાના મનને સંબોધે છે-) ગુરૂ વચન રૂપી અંકુશોથી ખેંચે છે, તે માટે ઢીલું મેલીશ-મૂકીશ માં-મન! તું ઢીલું પડીશ માં. હે મનરૂપી હાથી! સંયમ રૂપી ભરેલા તરૂ-ઝાડ પ્રત્યે મોં ફેરવ! (આમાં ખેંચે છે, ઢીલું મેલમાં-મૂક માં, મોં મોડ-ફેરવ એ આપણી દેશી ભાષાનાં રૂઢ છે.)

× × × ×

એહુ ધમ્મુ જો આયરઇ, ચઉવણ્ણહ મહ કોઇ,
સો ણરણારી ભવ્વયણ, સુર ઇય પરવહ સોઇ.
—આનું ગૂજરાતી દોહામાં રૂપાંતર આ રીતે મૂકી શકાય:—
એહ ધર્મ જે આચરે, ચતુર્વર્ણમાં કોઇ,
તે નરનારી ભવ્યજન, સુરપતિ પામે તેહ.

૧૧૪. આ શ્રાવકાચારની ભાષા જોતાં તે દશમી સદી જેટલી જૂની ન લાગે અને તેથી તેના અને નયચક્રના કર્ત્તા ભિન્ન ભિન્ન દેવસેનસૂરિ હોઇ શકે, પરંતુ નયચક્રની છેલ્લી બે ગાથા પરથી એમ તો જણાય છે કે દેવસેનસૂરિએ દોહામાં રચના કરી હતી, અને શ્રાવકાચાર દોહામાં છે તો તે પણ તેમનીજ કૃતિ હોઇ શકે. તેમ હોય તો પછી દશમી સદી જેટલી જૂની ભાષા તેમાં નથી જણાતી તેનું કારણ તેની મૂળ ભાષામાં પછીથી ફેરફાર બીજા હાથે થયો હોવો જોઇએ એમ માનવું ઘટે.

૧૧૫. વટગચ્છના જિનચંદ્રસૂરિ શિષ્ય શ્રી ચંદ્રસૂરિશિષ્ય **હરિભદ્રસૂરિનું નેમિનાહ ચરિય** સં. ૧૨૧૬ના કાર્તિક શુદ ૧૩ ને દિને અણહિલ્લવાડ નગરે કુમારપાલના રાજ્યમાં પ્રાકૃત અપભ્રંશ ભાષામાં ૮૦૩૨ શ્લોકમાં સંપૂર્ણ થયું છે; અને તે નવ લીટીના રડ્ડા યા વસ્તુ છંદમાં છે. તેના પહેલા ભાગમાં અરિષ્ટનેમિ અને રાજીમતિના નવ પૂર્વ ભવોનું વર્ણન છે અને પછી તેનાથી નાના બીજા ભાગમાં આ તીર્થંકરનું ચરિત્ર છે કે જેમાં કૃષ્ણ અને પાંડવોનાં ચરિત્રો ઓતપ્રોત છે. આ ગ્રંથ ડૉ. જેકૉબી સંશોધિત કરી પ્રગટ કરવાના છે તેથી અપભ્રંશ ભાષા અને સાહિત્યપર અવ્રનવો પ્રકાશ પડશે. તેનો આરંભ આ પ્રમાણે છે:—

દુહ વિપયડિયકરણુ આયારૂ
દુહદંસિયધમ્મનિહિ દુહનમંતપયવિહવપાવણુ
દુહકમણાણુંદયરૂ દુહસુવન્નરયણુપ્પહાવણુ
મહ સુહુ વિયરઉ વિમલગુણરાસિજલહિરયણિંદુ
પણયસુરાસુરનરનિયરકયથુઇ રિસહજિણિંદુ. ૧

વિશેષ માટે જુઓ જેસલમેર ભાંડાગારીય ગ્રંથાનાં સૂચિ (ગા. ઓ. સી. નં. ૨૧) પૃ. ૨૭

૧૧૬. સં. ૧૨૩૮ માં સિદ્ધરાજ સમકાલીન વાદિ દેવસૂરિના શિષ્ય **રત્નપ્રભસૂરિ** (રત્નાવતારિકાના કર્ત્તા) એ **ઉપદેશમાલા પર દોઘટ્ટી** વૃત્તિ રચી છે તેમાં કેટલોક અપભ્રંશ ભાગ છે.

૧૧૭—વરદત્તનું વૈરસામિચરિઅ ફક્ત બે સંધિનું છે ને તે દરેકમાં ૧૨ અને ૯ અનુક્રમે કડવક (કડવાં) છે. કુલ ગ્રંથાગ્ર ૩૦૦ છે તેની પ્રત પાટણ તેમજ ખંભાત ભંડારમાં મળે છે. તેનો આરંભ આ પ્રમાણે છે:—

અહો જણુ નિસુણ્ણ(ણ્ણિ)જ્જઉ કન્નુ, ધરિજ્જઇ(હુ) વઇર સામિ
મુનિવર ચરિઉ,
સાહઉં સુમણોહર ભવિયહસુંદર, જિં જિણુ રયણુ સમુદ્ધરિઉ. ૧
તુંબવનનામિ પુરવરૂ વહાણું, અત્થેત્થુ ભરહિ વરગુણ નિહાણુ,
જિણુ ભવણિહિ સુંદર કિઉ પવિત્તુ, દેઉલવિહાર મંડિઉ પવિત્તુ. ૨
નંદનવણુ સરિસરવરેહિં રમ્મુ, પાલહિં નર નિત્થુ જિણંદ ધમ્મુ,
તહિં નયરિ અત્થિ ધણુ નાઉ સેટ્ઠિ, જો હત્થુ ન ઉડ્ડઇ કસુ વિ હેટ્ઠિ. ૩
તસુ ધણગિરિ નામિ પહાણુ પુત્તુ, પુરમંડણુ અત્થિ સુગુણેહિં જુત્તુ;
સાવય વંસુપ્ભવઉ સુદ્ધ ભાવઉ, નિમ્મલગુણમંદિરૂ સમિય પાઉ. ૪
ઉવસંતમોહમોક્ખાભિલાસિ, અહિલાસુ ન બંધઈ ગેહવાસિ,
જા કાવિ વરિજ્જઇ તાસુ વાલ, નવજોવ્વણવરનયણુ વિસાલ. ૫
પડિસેહઇ સો મુનિ જેમ નારિ, નિયજોયણુ મ અકયત્થ હારિ,
પવજ્જ લેસુ નિવ્વિન્નકામુ, મઇ સફલુ કરેવિણુ મણુયજમ્મુ. ૬
અન્નઇ પભણિજ્જઇ સુંદરી એ, નિયતાયજણણિ ખામોયણીએ,
હઉ અવસવ સિત્તણિ કરિસુ એહુ, મહુ મણઇટ્ઠુ એહુ વરૂ વરેહુ. ૭

ઘત્તા.

એહુ જઈ ન વરેસઇ, નવિ પરણેસઈ, તો મઇ માઇ મરેવઉ,
એહુ નયણસુસુંદરૂ, રૂવપુરંદરૂ, અવસ નાહુ કરેવઉ. ૮

× × × ×

અંતે—

મુનિવર વરદત્તિં, ગુણહરભત્તિં વઇરસામિગણહરચરિઉ,
સાહિજ્જઉ ભાવિં, મુંચહુ પાવિં, જિં તિહુયણુ નિયગુણભરિઉ.

૧૧૮. તેરમા શતકમાં ધર્મસૂરિના શિષ્ય **રત્નસૂરિ** થયા તેને કોઇ રત્નસિંહસૂરિ નામ આપે છે પણ સ્વ. દલાલ તે ગુરૂશિષ્યનાં નામ ધર્મપ્રભ અને રત્નપ્રભ જણાવે છે, અને તેજ યોગ્ય લાગે છે:—

૧૧૯. '**અંતરંગ સંધિ**-ધર્મપ્રભાચાર્યના શિષ્ય પંડિત **રત્નપ્રભ**-ની અંતરંગ સંધિના નવ અધિકારો (૯ કડવા)માં ભવ્ય અને અભવ્યના સંવાદ રૂપે તથા મોહસેના તથા જિનસેનાના યુદ્ધ રૂપે અંતરંગ રિપુ-ઓના વિજયનું વર્ણન છે. આની પાટણભંડારમાં એક તાડપત્ર તથા બીજી કાગળની એમ બે પ્રતો છે.'

૧૨૦. સુરત ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌ના અહેવાલના ગ્રંથ પ્રદ-ર્શનના છેવટના પૃ. ૬૨–૬૩ પર **રત્નસિંહસૂરિ** (? **રત્નપ્રભ**) માટે જણાવેલ છે કેઃ—

'પોતાના ગુરૂ ધર્મસૂરિનાં ગુણગાનનાં ૩૭ કુલક રત્નસિંહ ?' સૂરિએ રચ્યાં છે તેમજ બીજાં પણ કેટલાંક કુલક પોતાની ભાષા (અપભ્રંશ)માં રચ્યાં છે તે સુરત ગોપીપુરાના જ્ઞાનભંડારમાં તાડપત્ર ઉપર લખેલાં છે. તેમાંથી થોડાંએક કુલકોની નકલ (ઉક્ત પરિષદ્‌ના) પ્રદર્શનમાં મૂકી હતી. નમુનો આ પ્રમાણેઃ—

સિરિ સિલસૂરિ ગુરૂ ગણહરહ પયપંકય પણમેવિ
ધમ્મસૂરિ સૂરિહિ રલિયહઉ દેસણ ગુણ વન્નેવિ.
પરઉવયારહઇ મૂલુ જગિ દેસણ સરિસુ ન દાણુ,
સા ધમ્મસુરિ તુહ વન્નિયઇ, જિણ જાયઇ સુહ ઝાણ. ૨

× × × ×

અલિઉ પયંપઇ એઉ જણુ, કલિજુગિ વટ્ટઇ લોઇ,
ધમ્મસૂરિ સન્નિહુ વર રયણુ, કયજુગુ મિલ્લિ કિ કોઇ. ૫

ધમ્મસૂરિ સુણિજ્જો અમિયસમ, કન્નંજલિહિં પિએઇ,
સો છિંદિવિ ભવબંધણઈ, સિવસોક્ખઈ સેવેઇ. ૬

ઇય પઉમનાહ ગણિણા બાવત્તિરિ જિણવરાણ સંથવણં,
કુમરવિહારટ્ઠિયાણાં. વિહિય મિણં કુણઉ કલ્લાણું. ૧૪
જંમોવિ તાણ સહલો સંસારે ભોયણાણ તાણ ફલં,
અણહિલ્લવાડ નયરે રહજત્તા જેહિં સચ્ચવિયા. ૯
અણહિલ્લનયર ગયણે નંદઉ ક્યરહ વિમાણ વર જત્તો,
કુમર નરિંદ મયંકો, સંપ્રસમુદ્દં સુહા ચિંતો.

× x × ×

બારસ સત્તત્તી (?વી)સે, સુદ્દા સેક્કારસીહ ભદ્દવએ,
ચંદ દિણે સામિતુમં, સુરમંદિ મંવણં જાઉ. ૩૪

× × + ×

સિરિ ધમ્મસૂરિપહુણો, નિમ્મલ કિત્તીઇ ભરિય ભુવણસ્સ,
સીસલવે હિ કુલયં, રઇયં સિરિ રયણસૂરીહિં. ૩૨

આ કુમારપાલ રાજાના સમયમાં–પાટણમાંજ કુમાર વિહાર મંદિરમાં સં. ૧૨૨૭ માં રચાયેલ જણાય છે, નહિ કે સં. ૧૨૩૭ માં કારણકે કુમારપાલ સં. ૧૨૩૨ માં સ્વર્ગસ્થ થયેલ છે.

૧૨૧. **મહાવીર જન્માભિષેક.** ૧૮ ટુંક તેના કર્તા વાદિદેવસૂરિના શિષ્ય રામચંદ્રસૂરિ શિષ્ય **જયમંગલસૂરિ** છે. નમુનોઃ—

તારડ ડરડક્કિ, શૃંગ ઢલક્કિય, ફુટ્ટિઅ તુટ્ટિઅ ટોલ,
ત્રાટક ત્રટક્કિ, રણણ રણક્કિ, રણણિઅ ઝણણિઅ ઝોલ,
તા ગજ્જિઅ, અંબર વજ્જિઅ, જલનિહિ ગુંજિઅ નિજઝરણાઈં,
તા કાયર કંવિય, કામિણિ ઝુંક્કિય, તુટ્ટિઅ આભરણાઈં. ૧૧
તા કુમ્મ કડુક્કિઅ, સેસ ધડુક્કિઅ, થરહારિઉ વારાહ,
સાયર ઝલહલિઆ, ગિરિ ઢલઢલિઆ, હુ નટ્ઠુ નરનાહ,
દિગ્ગય ગડગડિઆ, ગિહ ખડખડિઆ, જહુ નટ્ઠો મત્તંડ,
સહસક્ખુ ચમક્કિઅ, સુરગણ સંકિઅ, ફિરફુટ્ટો બભંડ. ૧૨

× × × ×

તા નેક મંગલ વિત્થ કરિહુણિ વીર જણુણિ અપ્પિઉ,
તા સયલ સુરવર ઠામિ પુહુતલ રંગ જગિ થિર થપ્પિઉ. ૧૭
તા વાદિઅ દેવસૂરિ પાય પણમવિ, અનઇ પુણુ દેવસૂરિ વંદિઅ,
× × સુંદર સુગુરૂ રામચંદસૂરિ જગિ જયઉ મંગલસૂરિ બુલ્લિઅ. ૧૮

૧૨૨. વાદિદેવસૂરિ (જન્મ સં. ૧૧૪૩ દીક્ષા સં. ૧૧૫૨ રામચંદ્રમુનિ નામ, આચાર્યપદ સં. ૧૧૭૪ માં નામ દેવસૂરિ પડયું. સં. ૧૧૮૧ માં દિ. કુમુદચંદ્ર આચાર્યપર સિદ્ધરાજની સભામાં જીત મેળવી, સં. ૧૧૯૯ માં ૨૪ શિષ્યોને આચાર્યપદ આપ્યું. સં. ૧૨૦૪ માં ફલોધીમાં પાર્શ્વનાથ પ્રતિષ્ઠા. સ્વ. સં. ૧૨૨૬) આથી તેમજ જયમંગલ-સૂરિએ સં. ૧૩૧૯ માં સૂંધા પહાડપરના ચાચિગદેવના લેખની પ્રશસ્તિ રચી તેથી આનો સમય તેરમી સદીનો અંત વિનાહરકતે મૂકી શકાય.

૧૨૩. સં. ૧૨૪૧માં **સોમપ્રભાચાર્યે કુમારપાલપ્રતિબોધ** પ્રાકૃત કાવ્ય રચ્યું છે તેમાંથી ઘણું અપભ્રંશ પ્રાપ્ત થાય છે. તેના સંબંધમાં હવે પછી જૂદા વિભાગમાં જૂદા પ્રકરણમાં જૂદું કહીશું.

૧૨૪. મહાકવિ **અમરકીર્ત્તિ**—આ મહાકવિ ચૌલુકય કર્ણ (કાન્હ ?) રાજાના વખતમાં એટલે વિ. સં. તેરમી શતાબ્દીમાં વિદ્યમાન હતો. તેણે વિ. સં. ૧૨૪૭ (૭૪)માં ભાદ્રપદ વદ ૧૪ ગુરૂદિને '**છક્કમ્મુવ-એસો**' નામનો ગૃહસ્થોનાં ષટ્કર્મોનો ઉપદેશ સંબંધીનો ગ્રંથ, ગૂજ-રાતના મહીકાંઠાના પ્રદેશના ગોદહય (ગોધ્રા) નામના ગામમાં રચેલ છે. આ ગ્રંથની રચના તેણે **નાગરકુલ** અને કણ્હઉર (કર્ણપુર ?) વંશના ગુણપાલ અને ચચ્ચિણિના પુત્ર મહાભવ્ય અંબ્વપસાય (અંબાપ્રસાદ)ની પ્રાર્થનાથી કરી છે, અને તે અપભ્રંશ ભાષામાં છે.

૧૨૫. આ કવિએ ઉક્ત અંબાપ્રસાદને પોતાના લઘુબંધુ તરીકે ઓળખાવેલ છે, એથી કવિ જ્ઞાતિથી **નાગરબ્રાહ્મણ** જણાય છે; છતાં તે જૈન ધર્મની દીક્ષાથી દીક્ષિત થયો હતો. તે સાધુ તરીકેની અવ-સ્થામાં માથુરસંઘ (દિગંબરી)ના ચંદ્રકીર્તિનો શિષ્ય હતો, કે જે ચંદ્ર-કીર્તિ પં. અમિતગતિ (મુંજ—ભોજના સમયમાં થયેલ)ના શિષ્ય શાંતિ-સેનના અમરસેનના શિષ્ય પં. શ્રીષેણસૂરિનો શિષ્ય હતો.

૧૨૬. કવિએ ૧૪ સંધિમય પ્રાયઃ અઢીહજાર ગાથા પ્રમાણુ ઉપરોક્ત છક્કમ્મુવએસો (ષટ્કર્મોપદેશ) ગ્રંથને એક મહિનામાં રચ્યો હતો. તેની છેવટની પ્રશસ્તિમાં પોતાની આ કૃતિ સાથેની આઠ કૃતિઓનાં નામ આપ્યાં છે. ૧ નેમિનાથ ચરિત્ર, ૨ મહાવીર ચરિત્ર, ૩ યશોધર ચરિત્ર (પદ્ધડિયાબંધ), ૪ ધર્મચરિત ટિપ્પન, ૫ સુભાષિત રત્નનિધિ (સ્વાધ્યાય-સઝાય, શ્લોક વિગેરે રૂપ), ૬ ચૂડામણિ (ધર્મોપદેશ), ૭ ધ્યાનોપદેશ (ધ્યાનશિક્ષા), અને ૮ ઉક્ત છક્કમ્મુવએસ. આ સિવાય લોકોને આનંદ પમાડનાર સંસ્કૃત પ્રાકૃત કાવ્યો તેણે ઘણાં રચ્યાં હતાં. આ ઉપરથી તેનું સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં કેટલું પ્રાવીણ્ય હશે, તે આપણે કંઇક કલ્પી શકીએ તેમ છીએ.

૧૨૭. છક્કમ્મુવએસો ગ્રંથની સં. ૧૫૪૪ માં લખાયેલી સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવની પ્રતિ ઉપરથી હમણાં લખાવેલી એક પ્રતિ સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરામાં છે. આ ગ્રંથ પ્રકાશિત થયો નથી, પણ પ્રકાશિત થવાની જરૂર છે. આ ગ્રંથમાં આપેલી કેટલીક કથાઓ વિ. સં. ૧૧૨૭ માં પ્રાકૃતમાં રચાયેલા વિજયચંદ કેવલિચરિય (અષ્ટ-પ્રકારી પૂજા વિષયક કથાઓ)ના અનુકરણ રૂપ જણાય છે, કે જેના કર્તા શ્વેતામ્બર ચંદ્રપ્રભ મહત્તર છે.

૧૨૮. આ છક્કમ્મુવએસો ગ્રંથનો આદિ ભાગ નીચે પ્રમાણે છેઃ—

અવ ગુજ્જર વિસયહો મજ્ઝિ દેસુ, ણામેં ણુ મહીયડુ વદ્ધપએસુ
ણયરાયર વરગામહિ ણિરુધ્ધુ, ણાણાપયારસંપઇસિમિધ્ધુ
તહિ ણયરૂ અત્થિ ગોહહય ણામુ, ણં સગ્ગુ વિચિત્ત સુરેસ ધામુ
પાસાયહ પંતિઉ જહ સહંતિ, સરયબ્ભહો તિસાણું વહંતિ
ધયકિંકિણિ કલરવેહિ સરિદ્ધિ, ણુ કહઇ સુરહં પાસિયઇ સિદ્ધિ.

* * * *

તહિ ચાલુક્કવંસિણુ ય જાણુઉ, પાવઇ કણ્હણરિંદ પહાણુઉ
જો ખજ્જુંતરારિ વિદ્ધંસણુ, ભત્તિએ સમ્માણિયચ્છદ્દંસણુ,

* * * *

રિસહો જિણેસહો તહિ ચેઇહર, તુંગુ સહાસોહિઉ ણું સસહર.

—આની ગૂજરાતી છાયા.

અથ ગૂર્જર વિષયની મધ્યે દેશ નામે **મહીતટબહુપ્રદેશ**
નાગરાકર-વર ગામો એ નિરૂધ્ધો નાનાપ્રકાર સંપદ્‌થી સમૃદ્ધ;
ત્યાં નગર છે **ગોધરા** નામે જાણે સ્વર્ગ વિચિત્ર સુરેશધામ,
પ્રાસાદની પંક્તિઓ જિહાં શોભે, શરદભ્રોની તૃષા (શોભા ?)ને વહે છે
ધ્વજા-કિંકિણિના કલરવોએ સ્વઋદ્ધિ જાણે કહે છે સુરોની પાસે સિદ્ધિ.

* * * *

ત્યાં ચૌલુકયવંશનો જાણો પાલે કણ્હ (કાન્હ ? કર્ણ) નરેન્દ્ર પ્રધાન,
જે બાહ્યાભ્યંતરારિ-વિધ્વંસન ભક્તિએ સન્માને છએ દર્શન

* * * *

ઋષભ જિનેશનું ત્યાં ચૈત્યગૃહ તુંગ સભા શોભતો જાણે ચન્દ્ર.

૧૨૯. આ ગ્રંથના અંતનો ભાગ નીચે પ્રમાણે છેઃ—

અંબ્વપસાએ ચચ્ચિણિપુત્તે ગિહત્થચ્છકમ્મપવિત્તિપવિત્તેં
ગૂણુવાલહો સુએણ વિરયાવિઉ અવરેહિમિ મણેણુ સંભાવિઉ.
બારહસયઈ સસત્તચયારીહિ, વિક્રમ સંવ્વચ્છરહો વિસાલિહિ,
ગયહિમિ ભદ્દવયહો પકખંતરિ ગુરૂવાસરમ્મિ ચઉદ્દસિ વાસરિ

—ગૂજરાતી છાયા.

અંબાપ્રસાદે ચાચ્ચિણિ પુત્રે ગૃહસ્થ ષટ્કર્મપ્રવૃત્તિપવિત્રે,
ગુણુપાલના સુતે વિરચાવ્યો અવરે પણ મનથી સંભાવ્યો;
બારસો સાત સાથ ચ્યારે (૧૨૭૪ ?) વિક્રમ સંવત્સરના વિશાલે,
ગયે ભાદરવાના પક્ષાંતરે ગુરૂવાર અને ચઉદશ વાસરે,
એક માસે એહ સમર્થો સ્વયં લખ્યો આલસ અપહરીને.

(આ ઉપરના 'પારા' ૧૧૧ થી ૧૧૬ ની સર્વ હકીકત પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, સેંટ્રલ લાયબ્રેરી વડોદરા વાળાએ કૃપા કરી શ્રમ લઇ પૂરી પાડી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.)

૧૩૦. કેટલીક નાની નાની કૃતિઓ સંધિ યા રાસુ એ નામથી અપભ્રંશ છે. તે પૈકી કેટલીક અત્ર નોંધીએ છીએઃ—

ચઉરંગ સંધિ—તેમાં ૫ કડવક છે. તેમાં ચાર શરણનું વર્ણન છે.

ભાવનાસંધિ—જયદેવ ગણિ (શિવદેવસૂરિ શિષ્ય) કૃત ૭ કડવામાં છે મારી પાસે મુનિ અમરવિજયજીએ ઉતારી મોકલેલી નકલ છે તેમાં ૬૨ ગાથા છે. તેનું આદિઃ—

પણુમવિ પુણુસાયર ભુવણુદિવાયર, જિણુ ચઉવીસઇ ઇક્કમણિ,
અપ્પં પડિબોહઇ મોહ નિરોહઇ, કોઇ ભવ્વ ભાવણ વિસણુ. ૧
રે જીવ! નિસુણું ચંચલ સહાવ, મિલ્હેવિણુ સયલવિ વજ્ઝ ભાવુ,
નવભેય પરિગ્ગહ વિવહ જાલ, સંસારિ અત્થિ સહુ ઇંદિયાલુ. ૨

× × × ×

અંતે—

નિમ્મલગુણુભૂરિહિં સિવદિવસૂરિહિં પઢમ સીસુ જયદેવમુણિ,
કિય ભાવણસંધી સિમાવુ સુગંધી નિસુણઉ અન્નવિ ધરઉ મણિ. ૬૨

૧૩૧. સં. ૧૩૬૧ માં **મેરૂતુંગસૂરિએ પ્રબંધચિંતામણિ** વઢવાણમાં રચ્યો છે. તેમાં અપભ્રંશ ઘણું મળે છે તેનો વિસ્તાર હવે પછી કરવામાં આવશે.

૧૩૨. તેરમા શતકના અંતે તથા ચૌદમાના પ્રારંભે થયેલા આગમગચ્છના જિનપ્રભસૂરિએ કેટલાક સંધિ-ટુંકા ગ્રંથો રચેલા છે. તેમાં કેટલાક તો શત્રુંજયપર રહીને બનાવ્યા છે.

(૧) **મદનરેખા સંધિ**—૫ કડવામાં મયણરેહા સતીનું ચરિત્ર સં. ૧૨૯૭ માં રચ્યું છેઃ—

એસા મહાસઇએ સંધી સંધી વ સંજમનિવસ્સ,
જે નમિ નિવરિસિણા સહ સસક્કરા ખીરસંજોગા.
બારહસસત્તાણુઇએ વરિસે આસો અસુદ્ધ છટ્ઠીએ,
સિરિ સંઘ પત્થણા એ એયં લિહિયં સુયાભિહિયં.

(૨) **જ્ઞાનપ્રકાશકુલક** ૧૨૫ ગાથા શત્રુંજય ઉપર રચ્યું.

સિરિજિણપહલગ્ગા, ભવ્વવગ્ગા સમગ્ગા,
પરમપયસુહાણું જાયઈ તે નિહાણું.

(૩) **ચતુર્વિંધ ભાવના કુલક** ૧૧ કડવાં.

ઉજ્જમુ કુણહુ જિણપ્પહિ લગ્ગિઉ,
મોકખકએસુ વિવેકિહિં જગ્ગિઉ.

(૪) **મલ્લિચરિત્ર** ૫૨ ગાથામાં મત્તાછંદમાં ચંદ્રકંદી સાધ્વીની વિજ્ઞપ્તિથી રચેલું છે.

એગુણવીસમ મલ્લિજિણહ ચરિયં ઇય જયટ્ઠિઉ,
ચંદકંઠિ સુપવિત્તિણીએ વિન્નત્તિ વિરઇઉ.
ચઉવિહ સંઘહ દેઉ લચ્છિ સગ્ગ અપવગ્ગહ,
નિરૂવસગ્ગ અણુ વિમગ્ગ વગ્ગ સિરિ જિણપહ લગ્ગહ.
મત્તાછંદ વિણિમ્મિય ગ્રંથ માનુ પન્નાસ,
ચરિઉ ગુણંત સુણંતહ વિ ભવિયણુ પુજ્જઈ આસ.

(૫) **જીવાનુશાસ્તિ સંધિ** ૧૮ ગાથા.

ઇય વિવિહ પયારિહિં વિહિ અણુસારિહિં ભાવિહિ જિણપહુ મણુસરઇ

(૬) **નેમિનાથ રાસ** ૧૧ કડવાં.

જિણપહિ લગ્ગિઉ ભાવઇ લીજઈ, જિણવર આણ સો વંદીજઈ
જં જિણ આણા નિરૂપમુ તિત્થૂ, એઉ ગણહરિહિં કહિઉ પરમત્થૂ. ૧૧

(૭) **યુગાદિ જિનચરિત કુલક**—૨૭ ગાથા.

ઇય ભવભાવ વિભાવણગ્ગિ કમ્મિં ધણુ જાલિઉ,
કેવલનાણી જાઇ મોક્ખિ સંજમુ પાલિઉ
રિસહ ચરિઉ સંથવણુ રાસિપ્પોરેહિં જો દેઈ,
સો સિરિ જિણપહ લગ્ગઉ સગ્ગુ અપવગ્ગુ વિ લેઇ. ૨૭

(૮) **ભવ્યચરિત્ર**—૪૪ ગાથા.

જિણપહ મેહલિઉ સરણુ ન કોઇ, સુગુરૂ ભણઈ સયલુ વિ જીવલોઈ.

(૯) **ભવિયકુડંબ ચરિત્ર**–૩૪ ગાથા છંદ ચતુષ્પદી દ્રવિડી ભાષામાં ગવાય છે.

ચઉવઇ બંધેણુ ઇમં **ભ**વિયકુડંબસ્સ સંતિયં ચરિયં,
સેત્તુજ તિત્થગએણું સિરિ જિણપહ સૂરિણા રઇયં. ૩૬

(૧૦) **સર્વચૈત્ય પરિપાટિ સ્વાધ્યાય.**
જિણુપહસારહિ જો કરઈ સુ લહઈ સિદ્ધિ પવેસુ.

(૧૧) **સુભાષિત કુલક**—૩૨ ગાથા.

(૧૨) **શ્રાવકવિધિ પ્રકરણ**–૩૨ ગાથા.
ઇયિ આગમવિહિ સાવગઇ, પદ દિણુ કિરિયા સારૂ
જાણિઉ જિણુપહિ રઇ કરહ, જિમ છિજ્જઉ સંસારૂ. ૩૨

(૧૩) **ધમ્માધમ્મ વિચાર કુલક** ૧૮ ગાથા.
આગમ અણુસારિહિં જિણુપહસૂરિહિં ધમ્માધમ્મ વિયારૂ કિઉ. ૧૮

(૧૪) **વયરસ્વામિ ચરિત્ર** ૬૦ ગાથા સં. ૧૩૧૬
ચંદગચ્છિ દેવભદ્દસૂરિ દરક, પુરઈ જિણુપહસૂરિ સમગુણુલરક
નાણુચરણિ ગુણિ કિત્તિ સમદ્ધ, દેઉ વયરસામિ ચરિઉ આણુંદુ. ૫૮
સોહગ્ગ મહાનિહિણો ગુરૂણો સિરિવયરસામિણો ચરિયં,
તેરહ સોલુતરએ રઇયં સુહકારણું જયઉ. ૫૯

(૧૫) **નેમિનાથ જન્માભિષેક** ૧૦ ગાથા.

(૧૬) **મુનિસુવ્રત સ્વામિસ્તોત્ર** ૧૩ ગાથા.

(૧૭) **છપ્પન દિશાકુમારિ જન્માભિષેક** ૧૫ ગાથા.

(૧૮) **જિનસ્તુતિ** ૨૪ ગાથા.

૧૩૩. આ ઉપરાંત જિનપ્રભનું નામ આપેલું નથી, પણ ઘણું કરીને **જિનપ્રભ**નાંજ બનાવેલાં કેટલાંક ઉપરનાજ તાડપત્રના પુસ્તકમાં કાવ્યો છેઃ—

(૧) **ષટ્ પંચાશદ્ દિકકુમારિકા સ્તવન** ૨૫ ગાથા.

(૨) **મહાવીર ચરિત્ર**–૨૪ ગાથા.

(૩) **જંબુચરિત્ર** ૨૦ ગાથા ધન્યાશ્રી ભાષામાં ગવાય છે સં. ૧૨૯૯

બારસ નવ્વાણુઉએ ભદ્દવસિય પડિવ ગુરિ સમુદ્ધરિયં;
ધન્નાસી ભાસાએ ભણિયવ્વં સંઘભદ્દકએ. ૨૦

(૪) **શ્રીજિનપ્રભુ મોહરાજ વિજયોક્તિ** ૨૧ ગાથા.

(૫) **જિનકલ્યાણક**–૪ કડવામાં તેમાં પહેલું ભાસ રાગમાં, બીજું ખંભાઇથી ભાષામાં ત્રીજું દેવકૃતિ ભાષામાં ચોથું ગુડકૃતી ભાષામાં.

(૬) **સુકોશલ ચરિત્ર** ૧૮ ગાથા.

તેર દુરૂત્તર વરિસે સિરિ **વીર** જિણિંદ મોકખ કલ્લાણે,
કલ્લાણં કુણઉ સયા પઢંત ગુણંતાણ ભવ્વાણ. ૨

(૭) **જિનસ્તુતિ** ૨૦ ગાથા.

(૮) **ચાચરી સ્તુતિ** (વેલાઉલ રાગમાં) ૩૫ ગાથા.

(૯) **ગુરૂસ્તુતિ ચાચરિ** (ગુર્જરી રાગમાં) ૧૫ ગાથા.

ચૌદમા શતકમાં.

——o——

૧૩૪. આ શતકમાં નીચેના ગ્રંથો મળી આવેલ છે.

નર્મદાસુંદરી સંધિ. જિનપ્રભ શિષ્ય કૃત. ૭૧ ગાથા સં. ૧૩૨૮ તેરસ સયઅડવીસે વરિસે, સિરિ **જિણ**પહુ પસાયેણું;
એસા સંધી વિહિયા, જિણંદવયણાણુસારેણ. ૭૧.

ગૌતમસ્વામિ ચરિત્ર–જિનપ્રભ શિષ્યકૃત ૨૮ ગાથા–સં. ૧૩૫૮ ગોયમ સામિહિં ગોયમચરિયં રઇયં પઢમંજરીએ ભાસાએ;
કત્તિય અમાવસાએ અટ્ઠાવન્નસ્સ વરિસસ્સ. ૨૮

અંતરંગ રાસ–જિનસૂરિકૃત ૧૧ કડવામાં.

ચચ્ચરિઉ કર્તા **સોલણ** ૩૮ ગાથા, દૂહામાતૃકા ૫૮ ગાથા, **શાલિભદ્ર** કાક (કક્કો) કર્તા પઉમ–પદ્મ ૬૯ ગાથા, વગેરે કે જેનો ઉલ્લેખ આ પુસ્તકમાં અનુક્રમે પૃ. ૧૨, ૧૧, ૧૧, ૫૨ કરવામાં આવ્યો છે તેને અપભ્રંશ (જૂની ગૂજરાતી)માં લઇ શકાય તેમ છે.

૧૩૫. **ચતુર્વિંશતિ જિણ કલ્યાણક** ૧૩ કડવાં, **સ્થૂલિભદ્ર ચરિત્ર** ૨ કડવાં, **જન્માભિષેક સ્તુતિ** ૫ કડવાં, **અવંતિસુકુમાર**

સંધિ ૧૧ કડવાં આ ગ્રંથો વિશેષમાં પાટણના ભંડારમાં જોવામાં આવ્યા છે.

૧૩૬. **પંદરમા શતકના ઉત્તરાર્ધમાં** નીચેના ગ્રંથો છે.

શીલસંધિ જયશેખરસૂરિ શિષ્યકૃત ૩૪ ગાથા.

ઇય શીલસુસંધિ ભાવસુઅંધી જયસેયરસુરી સીસકય,
ભવિઅઉ નિસુણેવિણુ હિયઇ ઠવેવિણુ સિલધમ્મિ ઉજ્જમિ કરહુ. ૩૪

ઉપદેશસંધિ-હેમસારકૃત ૧૯ ગાથા.

ઉવએસ સંધિ નિરમલબંધિ હેમસર ઇમિ રિસિકર એ
જો પઢઈ પઢાવઇ સુહમણિ ભાવઇ, વસુહં સિદ્ધિ વૃદ્ધિ લઇએ.

૧૩૭. **પંદરમા શતકના અંતમાં** રચાયેલ.

તપઃસંધિ-સોમસુંદર શિષ્ય **વિશાલરાજસૂરિ શિષ્ય**કૃત પર ગાથામાં. આની પ્રતીક લખ્યા સંવત્ ૧૫૦૫ ની પાટણ ભંડારમાં છે.

સિરિ સોમસુંદર ગુરુપુરંદર પાયપંકય હંસઓ,
સિરિ વિશાલરાયા સૂરિરાયા ચંદ્રગચ્છવતંસઓ,
પય નમીય સીસિઇં તાસુ સીસિઇ એસ સંધી વિનિમ્મિઆ,
સિવ સુક્ખકારણ દુહ નિવારણ તવ ઉવએસિઈ વમ્મિઆ. પર

૧૩૮. **નાનીકૃતિઓ**-કેશીગોયમ સંધિ ૭૦ ગાથા એ નામનો ગ્રંથ છે અને આ સિવાય મૃગાપુત્રકુલક ૪૦ ગાથા, વીરજિન પારણઉ ૪૭ ગાથા, ઋષભપંચ કલ્યાણક ૧૪, નવકારફલ ૩૦, ઋષભધવલ ૨૬, સીતાસતી ૨૦, આરાત્રિક ન્હવણાદિ ૨૦, ચતુર્વિંશતિ જિનકલ્યાણક ૩૬, લઘુ અજિતશાંતિ કવિ વીરગણિકૃત ૯, ચતુર્વિંશતિ જિન પ્રતિમાકોશ ૧૧, જિન ચૈત્ય સ્તવન ૧૫, બુદ્ધિસૂરિ (પૂર્ણિમાગચ્છના) સ્તુતિ, જિનસ્તુતિ ૨૦, વીરવિજ્ઞપ્તિકા ૧૩, સોમસૂરિકૃત કલ્યાણક સ્તોત્ર, દાનાદિકુલક, દંગ-ડઉ, શાકુન ૩૦, ધર્મસૂરિગુણ, ધર્મસૂરિ બાર માસ વગેરે પરચુરણ ગ્રંથો પાટણના ભંડારમાં છે; વળી ખંભાતના તાડપત્રના ભંડારમાં મહાવીર ચરિત્ર વગેરે ત્રણ ચાર ટુંકા ગ્રંથો અપભ્રંશમાં છે. આ સર્વનો સમય-નિર્ણય થઈ શક્યો નથી, પણ તે પૈકી કેટલાયે તાડપત્રપર લખાયલા

હોવાથી તે ૧૧ કે ૧૨ મા શતકના હોવા ઘટે એવું અનુમાન થઈ શકે છે.

૧૩૯. અપભ્રંશ સાહિત્ય ઘણું વિશાલ હોવું જોઇએ એ આ પરથી પ્રતીત થાય છે, પરંતુ દુર્લક્ષથી નાશ પામી ગયેલું લાગે છે. અહીં તો ગ્રંથોનાં નામ માત્ર થોડાક ઉતારા સાથે આપેલાં છે, પરંતુ તેમાં વપરાયેલા છંદો તથા વ્યાકરણના પ્રયોગો વિષે તેમાંથી ઘણું લખી–મેળવી શકાય. સદ્‌ગત સાક્ષરશ્રી દલાલ એ પર લખવા ઇચ્છતા હતા, પણ તેમનું અકાલ અવસાન થતાં તે મળી શક્યું નથી. ઉપરના પૈકી જે શ્વેતાંબરીય સાહિત્ય જણાવ્યું છે તે મુખ્યત્વે તે સાક્ષરશ્રીના નિબંધ નામે 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય' (સુરત ગૂજરાતી સાહિત્ય પરિષદ્ માટે તૈયાર કરેલો)માંથી લીધું છે.

પ્રકરણ ૫ મું.

સોળમી સદીનું અપભ્રંશ સાહિત્ય.

૧૪૦. **રત્નમંદિર ગણિએ ઉપદેશ તરંગિણિ** નામનો સંસ્કૃત ગ્રંથ રચેલ છે તેમાં સંસ્કૃત અને પ્રાકૃત અવતરણો ઘણાં છે. તેમાં લગભગ ૨૫ ફકરા શુદ્ધ અપભ્રંશમાં છે અને બીજા થોડા એવા છે કે જેને અપભ્રંશ અને જૂની ગૂજરાતી–અથવા ડા. ટેસિટોરી જેને જૂની પશ્ચિમ રાજસ્થાની કહે છે તેની વચલી સીમા પર મૂકી શકાય. તે પૈકી થોડા અત્ર ટાંકીએ છીએઃ—

પત્ત પરિક્ખહ કિં કરઇ, દિજ્જઇ મગ્ગં તાઇ
કિં વરિસંતો અમ્બુહર, જોઇ સમવિ સમાઈ.
હરિ ગઈદ ડગમગિય ચંદ કર મિતિય દિવાયર,
કુલ્લિય મહિહલ્લિ યહ મેરૂ જલઝંપિય સાયર,

સુહડકોડિ થરહરિય ક્રૂર કૂરંમ કડક્કિઅ,
અનલ વિનલ ધસમસિઅ પુહવિ સહુ પ્રલય પલહિય.
ગજ્જંતિ ગયણુ કવિ આમ ભણિ, સુરભણિ સુરભણિ ફ્ણુભણિ છક્કૂઅ
મામહિ હિમ ગહિમ મગહિમગહિ, મુંચ મુંછ જયસિંહ તુહ.
સુંદર સર અસુરાહ, જલ પીધું વયણેહિં,
ઉદય નરિંદહિં કડ્ડીઉ તીહં નારીનયણેહિં,

૧૪૧. આ છેલ્લો દોહો અપભ્રંશ અને જૂની ગૂજરાતી વચ્ચેની ભાષાનો છે. જે રત્નમંદિરગણિએ **ભોજપ્રબંધ** સં. ૧૫૧૭માં રચ્યો તેજ આ હોવા ઘટે તેથી તેમનો સમય સોળમી સદીના પ્રારંભમાં છે.

૧૪૨. **યશઃકીર્તિ**કૃત **ચંદપ્પહ ચરિય**માં પ્રારંભનાં બે પદ્ય પ્રાકૃતભાષામાં છે. શેષ સર્વ ગ્રંથ અપભ્રંશ ભાષામાં છે. આ **યશઃકીર્તિ** પ્રાયઃ એજ હશે કે જેણે સ્વયંભૂનું હરિવંશપુરાણ, વિમલ(કીર્તિ)કૃત જગસુન્દરી પ્રયોગમાલા, યોનિપ્રાભૃત વગેરે ગ્રંથોનો પોતાના સમયમાં અનુપલબ્ધ ભાગ જાતે રચી પૂરો કર્યો હતો, અને તે, અને માથુરસંઘ પુષ્કરગચ્છના આચાર્ય ગુણકીર્તિના શિષ્ય ને રઇધુના ગુરૂ યશઃકીર્તિ કે જે ગોપાચલ–ગ્વાલિયરની ગાદી પર હતા તે–બન્ને એકજ હશે–ને તેમ હોય તો આનો સમય સં. ૧૫૨૧ આસપાસ હોવો ઘટે.

૧૪૩. ઉકત **ચંદપ્પહચરિય** ગ્રંથનો આદિભાગ નીચે પ્રમાણે છેઃ—

ણમિઊણ વિમલકેવલલચ્છી સવ્વંગદિસ્ય પરિરંભં,
લોયાલોયપયાસં ચંદપ્પહસામિયં સિરસા. ૧
તિઉકાલ વટ્ટમાણું પંચવિ પણેટ્ઠિ એતિ સુદાહં,
તહ નમિઊણ ભણિસ્સં ચંદપ્પહસામિણો ચરિયં. ૨
જિણુ ગિરિગુહણિગ્ગયા સિવપહસંગયા સરિસય સરિસુહ કારણિય,
મહુ હોઉ પસાણિય ગુણહિરવાણિય તિહુવણુજણમણુહારિણિય. ૩
હુંબડ કુલણહયલિ પુપ્ફયંત, વહુ દેઉ કુમરસિંહ વિ મહંત,
તહુ સુઅ ણિમ્મલ ગુણગણવિસાલુ, સુપસિદ્ધઉ પભણઇ સિદ્ધપાલુ. ૪

જસકિત્તિ વિબુહકરિ તુહ પસાઉ, ભઉ પૂરટિ પાઇય કવ્વ ભાઉ,
તં ણિસુણિવિ સોભા સેઇ મંદુ, પંગુલ્ત તોડે સઈ કેમ સંદુ. ૫
ઇહિ હુઇ બહુ ગુણહર ણાણવંત, જિણવયણરસાયણ વિરઇરંત,
ગણિ કુંદકુંદ વચ્છલ્લ ગુણૂ, કો વણ્ણણ સક્કઇ ઇયર જણૂ. ૬
કલિકાલિ જેણ સસિ લિહિઉ ણામુ, સઇ દિટ્ઠઇ કેવલણંતધામુ.
ણામે સમંતભદ્દુવિ મુણિંદુ, અઇણિમ્મલ ણં પુણ્ણિમહિ ચંદુ. ૭
જિં રંજિઉ રાયા સદ્દકોડિ, જિણથુત્તિ મિત્તિ સિવપિંડ ફોડિ,
અકલંકુ ણાઈ પચ્ચકખુ ણાણુ, જેં તારા દેવિહિ દલિઉ માણુ. ૮
ઉજ્જાલિય સાસણુ જય પસિદ્ધ, ણિદ્દાઢિ વિધલ્લિય સયલ બુદ્ધ,
સિરિ દેવણંદિ મુણિ બહુ પહાઉ, જસુ ણામ ગહણિ ણાસેઉ પાઉ. ૯
જસુપુજ્જિજ્જય અંવાઇયઇ પાય, સંભરણુ મિત્તિ તકખણિ ણ આય,
જિણસેણુ સિદ્ધસેણુવિ ભયંત, પરવાઇ દપ્પભંજણ કયંત. ૧૧
ઇય પમુહહ જહિ વાણી વિયાસુ, તહ અમ્હહ કહ હોહી પયાસુ,
જહિ થુણપ ફણીસરૂ બહુ જીહાહરૂ, અહ સહસ ખુણિરિ ખઇ,
તહિ પર જિણ ચરણઇ સિવસુહકરણઇ, કિહ સંથુણઇ સમિ ખઇ. ૧

× × × ×

—ઇય સિરિ ચંદપ્પહચરિએ મહાકઇ જસકિત્તિ વિરઇએ મહા ભવ્વ સિભૂ સિદ્ધપાલ સવણભૂસણે સિરિ પઉમણાહુરાય પદબંધો ણામ પઢમો સંધી સમ્મત્તા. ૧ ગ્રંથાગ્રં ૧૬૨.

૧૪૪. ઉક્ત ગ્રંથનો અંતભાગ નીચે પ્રમાણે છે:-

ગુજ્જર દેસહ ઉમ્મત્ત ગામુ, તહિ છ સુઉ હુઅ...ણામુ,
સિદ્ધઉ તહુ ણંદણુ ભવ્વબંધુ, જિણ ધમ્મભારિ જિં દિણ્ણ ખંધુ.
તહુ સુઉ જિટ્ઠઉ બહુ દેઉ ભવ્વ, જે ધમ્મ કજ્જિ વિવકલિઉ દવ્વુ,
તહુ લહુ જાયઉ સિરિ કુમરસિંધુ, કલિકાલ કરિંદહુ હણણ સિંધુ.
તહુ સુઉ સંજાયઉ સિદ્ધપાલુ, જિણ પુવ્વ(?)દાણ ગુણગણ રમાલુ.
તહુ ઉવરોહેં ઇવ કિયઉ ગંથુ, હંઉ ણમુણામિ કિંપિ વિસચ્છ ગંથુ ।।
જા ચંદ દિવાયર સવ્વવિસાયર જાકુલ પવ્વય ભૂવલઉ
તા એહુ પવટ્ટઉ હિયઇ વહુટ્ટઉ, સરસઈ દેવિહિ સુહતિલઉ. ૨૯

—ઇય સિરિચંદપ્પહ ચરિએ મહાકઇ જસકિત્તિ વિરઇએ મહા સિદ્ધપાલ સવણુભૂસણે સિરિ ચંદપ્પહ સામિ ણિવ્વાણુગમણો ણામ એયારહમો સંધી સમ્મત્તો ॥૧૧॥ ગ્રંથાગ્રં ૩૦૦ (?) એવં સર્વં ૨૩૦૬ સંવત્ ૧૫૬૯ (?) શ્રાવણ વદિ ૬ શનિ દિને.

આ ગ્રંથની પત્ર સંખ્યા ૭૪ પ્રતિપત્રમાં લીટી ૧૩ ફરૂખનગરના દિગમ્બર જૈન મંદિરની પ્રતિ પ્રાચીન અને જીર્ણપ્રાય છે.

૧૪૫. **સિંહસેનનું મહેસર ચરિઅ** મેઘેશ્વર ચરિત, હજુ અપ્રકટ છે. તેને 'આદિપુરાણ' પણ કહેવામાં આવ્યું છે, દરેક સંધિને છેવટે 'મહાભવ્ય–ખેમસી–સાહુ–ણામંકિએ' એમ જણાવેલું છે તે પરથી જણાય છે. કે તે ચરિત ખેમસિંહ યા ખેમરાજ માટે લખ્યું છે, કવિનું બીજું નામ 'રઇધુ' હતું. તે હરસિંહ સિંઘઇનો પુત્ર અને ગુણકીત્તિ શિષ્ય યશઃ કીર્તિનો, શિષ્ય હતો. આ યશઃકીર્તિ ગ્વાલિયરમાં ઈ. સ. ૧૪૬૪ (સં. ૧૬૨૧ માં) રાજ કરતા તોમર વંશના કીર્તિ-સિંહ રાજાના સમયની આસપાસ વિદ્યમાન હોવાનું જણાયું છે તેથી સિંહસેન યા રઇધુએ પણ તેજ સમય આસપાસ આ ગ્રંથ રચ્યો હોવો જોઇએ. પોતાના ગ્રંથમાં તેણે ગુણાકર, ધીરસેન, દેવનંદિ, જિન-વરસેન, રવિષેણ, જિનસેન, સુરસેન, દિનકરસેન, સ્વયંભૂ, ચૌમુહ અને પુપ્ફયંત (પુષ્પદંત)નો ઉલ્લેખ કરેલ છે.

૧૪૬ રઇધુએ એક બીજું નાનું કાવ્ય **દહલકખણ જયમાલ** (દશલાક્ષણિક જયમાલા) રચ્યું છે. તેમાં સર્વમળી ૬૮ અપભ્રંશ ગાથા ઓ છે–જૈનધર્મના દશ પૈકી દરેક લક્ષણ પર ૬ થી ૭ આપી છે. રઇ-ધુની આ બંને કૃતિઓ સિદ્ધ કરે છે કે અપભ્રંશ ભાષા વિ. સં. ૧૬ મા સૈકા સુધી દિગંબર જૈનોમાં પણ સાહિત્યના વાહન તરીકે ચાલુ હતી. આ નાના કાવ્યનો અંતભાગ આ છે,:—

બાહિરફસેંદિય સુહ રકખહુ, પરમ બંભુ અબ્ભંતર વિકખહુ,
એણ ઉવાએ લબ્ભઇ સિવહર, ઇમ રઇધુ બહુ ભણઇ વિણય યર.

જિણણાહ મહિજ્જઇ મુણિ પણમિજ્જઇ, દહ લક્ખણ પાલિયઈ થિરૂ,
ભો ખેમસીહસુય ભવ્વ વિણયજુય: હોલુ વ મણ ઇહ કરહુ થિર.
ઇય કાઉણુ ણિજ્જરં, જે હણંતિ ભવપિંજરં
નીરોયં અજરામરં, તે લહંતિ સુક્ખં પરં. ૧
જેણુ મોક્ખુ ફલુ તંપાવિજ્જઈ, સો ધમ્મંગો એહહુ કિજ્જઇ,
ખમ ખમ્માયલુ તુંગય દેહઉ, મદ્દઉ પલ્લઉ અજ્જઉ સાહઉ.
સચ્ચ સઉચ્ચ મૂલ સંજમ દલુ, દુવિહ મહાતવ ણવ કુસુમાઉલુ,
ચઉવિહ ચાઉ પસારિય પરમલુ, પીણિય ભવ્વલોય છપ્પઇયલુ.
દિયસંદોહ સદ્દ કલ કલયલુ, સુરણર વર ખેયર સુહ સયફલુ,
દીણાણાહ દીહ સમણિગ્ગહુ, સુદ્ધ સોમ તણ મત્ત પરિગ્ગહુ.
બંભચેરૂ છાયાઈ સુહાસિઉ, રાયહંસ નિયરેહિ સભાસિઉ,
એહઉ ધમ્મ-રૂક્ખ લાખિજ્જઈ, જીવદયા વયણહિ રાખિજ્જઈ.
ઝાણઝાણ ભલારઉ કિજ્જઇ, મિચ્છા મયઉ પવેસણુદિજ્જઇ,
સીલસલિલ ધારહિ સિંચિજ્જઇ, એમ પયત્તે બડ્ઢારિજ્જઇ.

ઘત્તા.

લોહાનલ ચુક્કઉ, હોઉ ગુરૂક્કઉ, જાઇ રિસિંદય સિદ્ધ ગઈ,
જગતાઈ સુહંકર, ધમ્મ મહાતરૂ, દેઇ ફલાઇ સુમિટ્ઠ મઈ.

૧૪૭. આ ગ્રથ જૈન ગ્રંથ રત્નાકર કાર્યાલય મુંબઈ તરફથી ૧૯૨૩ માં મુદ્રિત થયેલ છે. તેની પ્રસ્તાવનામાં નાથુરામ પ્રેમીજીએ જણાવ્યું છે કેઃ-રઇધુ કવિના રચેલા અન્ય ગ્રથોનો ઉલ્લેખ મળી આવે છેઃ-શ્રીપાલ ચરિત્ર, પ્રદ્યુમ્નચરિત્ર, વ્રતસાર, કારણગુણષોડશી, રત્નત્રયી, ષડ્ધર્મોપદેશ, રત્નમાલા, ભવિષ્યદત્તચરિત્ર, કરકંડુચરિત્ર-આ સર્વ ગ્રંથો પણ અપભ્રંશ ભાષામાં હશે એમ જણાય છે.

૧૪૮. આ પૈકી રઇધુકૃત **શ્રીપાલચરિત્ર** અને એક બીજો ગ્રંથ નામે **સમ્મત ગુણનિહાણ** મુંબઇના ઐલક પન્નાલાલ સરસ્વતિ-ભવનમાં જોયા તે અપભ્રંશમાં છે; તેમાંથી નમુના આપીએ છીએ.

શ્રીપાલચરિત્રનો આદિભાગ.

સિદ્ધહં સુપસિદ્ધહં વસુગુણરિદ્ધહં હિયઇ કમલ ધારેવિ ણિરુ,
અક્ખમિ પુણુ સારઉ સુયસયસારઉ સિદ્ધચક્કમાહપ્પવરુ.
છાગે સાહ હુ વંસિ અસિંકઉ, મુણિવર ગુણભાવઇ ણિરસંકિઉ,
વાટૂ સાહુહુ પુત્તુ ધુરંધરુ, જિણણાહહુ પયપયરુહ મહુયરુ.
દિવચંદહી ભજ્જહિ પુણુ જો વરુ, દાણેં તિવિહપત્ત પોસણયરુ,
કરમસિં ધણુંદેણુ, સમાણઉં, સોહઇ મહિયલિ ઉણ્ણમાણઉં.

૧૪૯. સમ્મત્તગુણ નિહાણમાંથી.

સિવ પયસુહ સાસણુ, કુણયવિણાસણુ તિજયપયાસણુ ભયહાણુ,
પણવિવિ સદ્દવંસણુ દુગ્ગયભંસણુ વિહુણિય જમ્મ જરામરણુ.

—ઇયસિરિ સમ્મત્તગુણિણિહાણે સંવેય નિરૂવેમ ભાવ સુપહાણે સિરિ બુહ રઇધૂવિરઇએ સિરિ સંધાહિવ કમલસીહણામંકિએ ણિક્કંસ્વા ઉવગૂહણંત ગુણવણ્ણણો ણામ તીઓ સગ્ગો ઇમો સિટ્ઠો.

× × × ×

ણંદઉ વીરજિણેસહુ સાસણુ, લોયાલોયસરૂવ પયાસણુ,
ણંદઉ સૂરિયરિત ચરંતઉ, સિરિ જસકિત્તિ મહાતવ તત્તઉ.
ણંદઉ વસુણાહિઉ વસુધારઉ, ચણુવણ્ણસ્સ સંતિ પયચારઉ,
ણંદઉ સયલુ મહાયણુ સારઉ, યયણિય માયરૂ કલિમલુ હારઉ.

૧૫૦. શ્રેણિક ચરિત્ર (સેણિય ચરિય) જયમિત્ર હલ્લકૃત 'સિરિ વર્દ્ધમાણ કવ્વ'માં અંતર્ગત છે તે અપભ્રંશ ભાષામાં છે. તેમાં જ્યાં પ્રત્યેક સંધિ સમાપ્ત થાય છે તેમાં છેલ્લા ધત્તા છંદમાં 'હરિઈંદુ' એ કવિનું અંકિત નામ આપેલું છે. તે સંધાધિપ (સંઘવી–સંઘી) હોલિવર્મા–હોલુ માટે રચેલું છે. અને તે હોલિવર્મા, અને રઇધુએ દશલક્ષણ-જયમાલામાં ઉલ્લેખિત ખેમરાજના પુત્ર હોલુ–બંને એકજ હોવા સંભવ છે. તે હોય તો આનો સમય સોળમી સદી ગણાય.

પણવેવિ અણિંદહો ચરમ જિણિંદ હો વીર હો દંસણણાણુ વહા,
સેણિય હો ણરિંદહુ કુવલયચંદ હો ણિ સુણુહો ભવિય હો પવર કહા.

અહ સેણિય રાય હો લચ્છિ સહાય હો સયલુ સઉણુઉ સુહયરૂ
કુવલય આસાસણુ તમણિણ્ણાસણુ ઉયઉ અરિયણું (હ) હિમયરૂ.

—ઇય પંડિતસિરિ જયમિત્ત હલ્લ વિરઇય વડ્ઢમાણકવ્વે પયડિયચંડ-
વગ્ગ રસભવ્વે શ્રેણિયઅભયચરિત્તે ભવિયણ જણમણહરણે સંધાહિવ
હોલિવમ્મ કણ્ણાહરણે ણંદસિરિવિવાહ સંગમો અભઇકુમાર જમ્મુચ્છવ
વણ્ણણો ણામ છઠ્ઠમો સંધિ પરિચ્છેઉ સમ્મત્તો સંધી ૬

× × × ×

સોણંદહુ જો ણિયમણિમણ્ણઇ, વીરચરિત્તુ વિમલુ ચય છણ્ણઇ
સોણંદહુ જો લિહઇ લિહાવઇ, રસ રસડ્ઢ જો પઢઇ પઢાવઈ.
જો પયચ્છ પયડેવિ સુભવ્વહં, મણિ સદ્દહણુ કરેઈ સુકવ્વહં
ણંદહુ દેવરાવ ણંદણુ ધર, હોલિવમ્મ કણ્ણવ ઉણ્ણયકર,
એહ ચરિત્ત જેણુ વિચ્છારઉ, લેહાવિ વિ ગુણિયણ ઉ વયારિઉ.

૧૫૧. આના અંતમાં નીચેનું આપેલું છેઃ—

આલ્હ સાલ્હ સાહ સુમહુણંદણ સજ્જણ જણમણ ણયણાણંદણુ,
હોઉ ચિરાઉ સણિય કુલ મંડણુ, મગ્ગણ જણ દુહ રેર વિહંડણુ.
હોહ સંત સયલહં પરિવારહં, ભત્તિ પવટ્ટઉ ગુરૂવય ધારહં,
પઉમણંદ મુણિણાહ ગણિંદહુ, ચરણ સરણ ગુરૂ કઇ હરિઇંદહુ,
જં હીણાહઉ કવ્વરસડ્ઢહં, પઉ વિરઇઉ સમ્મઇ અવિયડ્ઢહં.
તં સુઅણાણુ દેવિ જગસારી, મહુ અવરાહહું ખમઉ ભંડારી.

ઘત્તા

દયધમ્મ પવત્તણુ વિમલ સુકત્તણુ ણિસુણંત હો જિણ ઇંદ હુ
જં હોઇ સધણ્ણઉ હઉં ભણિ ભણ્ણઉ તં સુહ જગિ હરિઇંદહુ
—ઇયિ સિરિવડ્ઢમાણ ઇત્યાદિ—એયારહમો સંધી પરિચ્છેઓ સમ્મત્તો. ૧૧

૧૫૨ આની પ્રત સર ભાંડારકર ઇન્સ્ટીટયૂટ–પૂનામાં છે ને તેમાં
છેવટે એમ છે કે ઇતિશ્રી શ્રેણિક ચરિત્ર સંપૂર્ણ. સંવત્ ૧૭૬૬ વર્ષે
શ્રાવણ વદિ ૫ ભગુ અપરાહ્ણિસમએ શ્રી પાલભ નગરિ સ્થાને લિખિતં
બ્રહ્મ કૃપાસાગર તત્સિષ્ય લિખિતં પંડિત સુંદરદાસા શ્રી.

૧૫૩. દિગંબર નિત્ય વિધિમાં ૪૦ ગાથા વપરાય છે તે શુદ્ધ અપભ્રંશમાં છે તેમાંની ૮ દેવજયમાલ ૧૩ શાસ્ત્ર જયમાલ, ૧૩ ગુરૂ જયમાલ અને શેષ ૬ પંચપરમેષ્ઠિ જયમાલ થાય છે. તેમાંની પહેલી તો અગાઉ જણાવેલ પુષ્પદન્તના યશોધર ચરિત્રમાંથી ઉધ્ધૃત કરી લીધી છે અને બાકીની પણ સંભવિત રીતે બીજામાંથી લીધી હોવી જોઇએ, પણ ક્યાંથી લીધી તે હમણાં જાણી શકાયું નથી.

૧૫૪ તેના નમુના નીચે પ્રમાણે છે:—

દેવજયમાલ

વત્તાણુટ્ઠાણે, જણુધણુદાણે, પઇપોસિઉ તુહુ ખત્તધર
તુહુ ચરણ વિહાણે, કેવલણાણે તુહુ પરમપ્પઉ પરમપર. ૧
જય રિસહ રિસીસર ણુમિય પાય, જય અજિય જિયંગમરો સરાય,
જય સંભવ સંભવ કયવિઓય, જય અહિણુંદણ ણુંદિય પઓય. ૨

શાસ્ત્રજયમાલ

સંપઇ સુહકારણુ, કમ્મવિયારણુ, ભવસમુદ્દ તારણુ તરણું,
જિણુવણિણમસ્સમિ સત્ત પયાસ્સમિ સગ્ગમોકખ સંગમકરણું. ૧

ગુરૂ જયમાલ

ભવિયહ ભવતારણુ, સોલહ કારણુ, અજ્જવિ તિત્થયરત્તણુ હં,
તવ કમ્મ અસંગઈ, દય ધમ્મંગઇ, પાલવિ પંચ મહાવ્વયહં. ૧

પંચપરમેષ્ઠિ જયમાલ

મણુય ણુ ઇન્દ સુરધરિય છત્તયા, પંચ કલ્લાણુ સુકખાવલી પત્તયા
દંસણુ ણાણુ ઝાણું અણુંતં બલં, તે જિણા દિંતુ અમ્હં વરં મંગલં ૧

—નિત્યપૂજા (જૈ. ગ્રં. ર. કા. મુંબઇ)

૧૫૫. જસવંતસાગરના જૈન મંદિરમાં એક હસ્ત પ્રતમાં નાની ૩૭ સંસ્કૃત અને પ્રાકૃત કૃતિઓ છે તેમાં ૧૦ અપભ્રંશ છે નામે સુઅંધ દસમી કહા, રોહિણિ વિધાન કથા, મુક્તાવલિ વિધાન કથા, અનંતાવ્રતા કથાનક, નિર્દોષ સપ્તમી કથાનક, પાશપઇકહા, જિનપુરંદર કથા, ઉદ્ધરણુ કથા, જિનરાત્રિ વિધાન કથાનક અને સોલહકારણુ જયમાલ.

આમાંની પહેલી બે બીજા કરતાં લાંબી છે કારણકે તે દરેકમાં બે સંધિ છે. રોહિણિ વિધાન કથાના કર્ત્તાનું નામ દેવનન્દિ મુનિ છે. બીજી કૃતિઓના કર્ત્તા સંબંધી કંઇ જણાયું નથી.

૧૫૬. સુઅંધ (સુગંધ) દસમી કથામાંથી નમુનો

જિણ ચઉવીસ ણવેપ્પિણુ, હિયઈ ધરેપ્પિણુ, દેવત્તહં ચઉવીસહં,
પુણુ ફલુ આહાસમિ, ધમ્મુ પયાસમિ, વર સુઅંધ દસમિહિં જહં.

* * * *

જહિ કોહુણ્ લોહુ, સુહિણુ બિરોહુ, જિઉ જર મરણ વિવજ્જઉ
જહિ હરિસુ વિસાઉ, પુણ્ણુ ણુ પાઉ, તહિણિવાસુ મહુ દિજ્જઉ. ૯

રોહિણિ વિધાન કથામાંથી

જિણુવર વંદેવિણુ, ભાઉ ધરેવિણુ, દિવ્વ વાણિ ગુર ભત્તિએ.
રોહિણિ ઉવવાસહો, દુરિયવિણાસહો, ફલુ અક્ખમિ ણિય સત્તિએ.

૧૫૭. આ સિવાય દિગંબર જૈનનાં અપભ્રંશકાવ્ય સુરતની ગુજરાતી પરિષદ્‌માં મૂકાયાં હતાં તેની નોંધ લઇશું. તેનો સમય નક્કી નથી તેથી તેના રીપોર્ટના પરિશિષ્ટમાંથી જેમ છે તેમ અત્ર મુકેલાં છે.

આદિજિનકલશ (?) **વીર જિનકલશ** જણાય છે.

વદ્ધમાણુ જીણુ પણુવેવિ ભાવેં, કલિમલ કલુસ વિવજ્જિઉ પાવેં,
સંચાલેવિ અઇરાવઉ ગઇંદુ, જસુ જમ્મણ્હવણિ આયઉ સુરેંદુ.
ણિઉ મેરૂ સિહરિ તય લોયણા હુ, અઇ–વિસમ–કમ્મ–વણુ–ડહણુ–ડાહુ,
કલસેહિ ણ્હાયઉ સિંહાસણત્થૂ, ચલ ચામરેહિં વિજ્જિઉ પસત્થૂ.
બાલઉ ણિએવિ ઇંદિસ્સ તામ, જલ સંક પઇસિઇ હિયઈ જામ,
તા અવણિ ણાણુ પરિકપ્પિઉ, તે મેરૂ અંગુટ્ઠઈ ચપ્પિયઉ.
થરહરિય ધરણિ બંભંડુ ખસિઉ, ગિરિ ડોલ્લિઉ સુર સમૂહ તસિઉ.

ધત્તા.

પરમેટ્ઠિ પયાસણુ, ણિરૂવમ સાસણુ, ઇંદે વણ્ણિય જાસુ ગુણ,
જિણુણુવેવિ પયત્તેં, કહસિ હિયયત્તેં, થુઇ અણુમિય સુણેહુ જણહુ,
જય વદ્ધમાણુ, સિવ ઉરિ પહાણુ, તઇલોય પયાસણુ વિમલણાણુ;
જય મયણુ સુહડ, નિહણુણ સમત્થ, જય દોસરહિય બહુ ગુણ પસત્થ.

૧૫૮. નિશિભોજન સંબંધે એક કાવ્ય છે તેના નમુના.
જો ધમ્મુ કરઇ, જિણુણાહુ ણુવઇ, ણુસ સાવઉ જણે અપ્પાણુ ચવઇ,
જોણુ વિરય નિહિ ભોયણુ કરેઇ, મણુ ખંચિવિ ઇંદિય ણિજ્જિણેવિ.
રયણિ ભુજંતહં દોસુ હોઇ, એરિસુ મુણિવર જપંતિ લોઇ,
જહિં ભમઇ ભૂયર ખસિ રમંતિ, જહિંવિં તર મેયઈ સંચરંતિ.
જહિં દિટ્ઠિ ન પસરઇ અંધુ જેમ, તહિં ગાસુ સુદ્ધિ ભણુ હોઈ કેમ,
કિમિ કીડ વયંગઈ જિઝ ગુરાઇ, પિપ્પીલઇ ડંસઈ મચ્છરાઈ,
ખજ્જુરઇ કણુ સલાઇયાઇ, અવરઈ જીવઈ બહુ સયાઇ,
અણુાણેં ણિસિ ભુજંત એણુ, પસુ સરિસુ ધરિઉ અપ્પાણુ તેણુ.

* * * *

ધત્તા.

જો ભોયણુ ભખ્ખઇ, અપ્પુણુ રખઇ, માણુ ભઉ જડબુદ્ધિ ગમઇ,
બાહિહક દંતઉ, અઇ વિલવંતઉ, બહુ સંસારૂ પરિભમઇ. ૭
જહિં વઇરિ ભેય બહુ સંચઇતિ, તહિં રયણિહિં બુહ ભોયણુ ન લિંતિ,
વસિકરણુ દિણાયઉ વગ્ગ વાલુ, જાણિજ્જઇ પયડઉ ણુવિ વિસાલુ.

* * * *

પુણ્ણે જીઉ ણિવ્વાણે જાઇ, ચોરાસિ મારિ કસ્સવણુભાઇ,
પુણ્ણે પુરંદરૂ હવઇ સગ્ગે, પુણ્ણેં પજ્જલિય ન દહડ અગ્ગિ.
પુણ્ણેણુ હોતિ ચક્કવઇરાય, પુણ્ણે ણુ લગ્ગહિ સમરે ઘાય,
પુણ્ણે સિંહાસણુ ચમર ધારિ, કરે કણુયદંડુ પડિહારૂ બારિ,
પુણ્ણેં રહ ગય ઘડ તુરય થટ્ટ, ધય સિંધ ભેરી નીસાણુ ઉટ્ટ

ધત્તા.

ધણુ ધણુણુ પહુત્તણુ જંણિમ્મલું તણુ, જણુણિ જણુણુ સુય સોયરઈ,
તે ધમ્મપહાવેં જિણુમય ભાવેં, લહઈ જીઉ સોખઈ વરઇ.

૧૫૯. **દોહાકોશ** એ ગ્રંથ ડા. હરપ્રસાદ શાસ્ત્રીએ પોતાના બંગાલી ગ્રંથ નામે 'બૌદ્ધગાન ઓ દોહા' માં પ્રગટ કરેલ છે તેમાં અપભ્રંશ ઘણું છે, અને તે શાસ્ત્રી તેને જૂની બંગાલી (બાંગલા) ગણે છે. આ

દોહાઓના બે ભાગ છે (તેમાં બીજા છંદો પણ છે) એક **સરોરૂહ-વજ્રના** છે કે જે પોતાને દોહામાં **સરહ** એ પ્રમાણે જણાવે છે અને બીજો **કૃષ્ણાચાર્ય**પાદનો છે. અને બંને અપભ્રંશમાં છે.

૧૬૦. **સરહ**માંથી નમુનાઃ—

ધરહિ બઇસી દીવા જાલી, કોનેહિ બઇસી ઘંટા ચાલી;
અકિખ નિવેસી આસનબંધી, કન્નેહિં ખુસ ખુસાઇ જનબંધી.
રંડીમૂંડી અન્ય વિ વેસે, દીહણુકખ જે મલિને વેસેં,
ણુગ્ગલ હોઈ (અ) ઉપાડિય કેસેં, ખવનેહિં જાન વિડંબિય વેસેં.
અપ્પણુ વાહિય મોકખઉ ઉએસેં.

જઈ નગ્ગા વિઅ હોઈ મુત્તિ, તા સુનહ સિઆલહ,
લોમોપ્પાટને અચ્છ સિદ્ધિ, તા જુવઈ નિતંબહ.
પિચ્છી ગહણે દિટ્ઠ મોકખ તા કરિહ તુરંગહ,
ઉબ્ભેં ભોઅણે હોઇ જાણ તા કરિહ તુરંગહ,
એવ **સરહ** ભણઇ ખવનાન મોકખ મહુ કિંપિ ન ભાવઇ,
તત્તરહિઅ કાયા ણ તાવ પર કેવલ સાહઈ. ૧
જો ભવસો નિવાણથલ ભેવુ ન મણ્ણહ પણ્ણ,
એક સહાવેં વિરહિઆ, નિર્મલમઇ પડિવણ્ણ. પૃ. ૧૧૮
ઘરહિ મ થક્કુ મ જાહિ વને, જહિં તહિં મણ પરિઆણ,
સઅલુ ણિરંતર બોહિ ઠિઅ, કહિં ભવ કહિં નિવ્વાણ.
ણઉ ઘરે ણઉ વને વોહિ ઠિઉ, એકુ પરિઆણઉ ભેઉ,
નિમ્મલચિત્ત સહાવઉ, કરહ અવિકલ સેઉ. પૃ. ૧૧૯

૧૬૧. **કૃષ્ણાચાર્ય**માંથીઃ—

આગમ વઅ પુરાણે પંડિત માન વહંતી,
પક્વ સિરિફલ અલિઅ જિમ, બાહેરિ ત ભુમયંતિ. ૨ પૃ. ૧૧૩
વરગિરિસિહર ઉતુંગ મુણિ, સબરેં જહિં કિઅ વાસ,
નઉ સો લંધિઅ પંચાનનેહિં, કરિવર દૂરિઅ આસ. ૨૫ પૃ. ૧૩૦

એક્ક ન કિજ્જઇ મંતુ ન તંતુ, ણિઅઘરણિ લઇ કેલિ કરંતુ,
ણિઅઘરઘરિણી જાવ ણ મજ્જઇ, તાવ કિં પંચવણ નિહરિજ્જઇ. ૨૮
પૃ. ૧૩૧

એસ જપહોસેં મંડલકમ્મે, અનુદિન અચ્છસિ કાહિઉ ધમ્મે,
તો વિણુ તરુણિ નિરંતર નેહેં, વોહિ કિ લાહઇ એણુ વિ દેહે. ૨૯ પૃ. ૧૩૧

જિમ લોણુ વિલિજ્જઇ પાણિએહિ, તિમ ધરિણિ લઇ ચિત્ત,
સમરસ જાઇ તક્ખણેં, જઇ પુણુ તે સમ ણિત્ત. ૩૨

૧૬૨. ભારતના પૂરા-છેક પૂર્વભાગ-બંગાલમાંથી આ ગ્રંથ મળી આવે એ હકીકત ઉપયોગી છે અને મહત્ત્વપૂર્ણ છે. તે એટલું બતાવે છે કે સંસ્કૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃત સાથે અપભ્રંશ કેટલીક સદીઓ સુધી તાપીના ઉત્તરના સમસ્ત હિંદના ચારે ખુણામાં સાહિત્યની ભાષા હતી. તે સાહિત્ય શૃંગાર તેમજ ધર્મ-મય હોવાથી લોકપ્રિય થયું જણાય છે. તે ગ્રંથ એ પણ સિદ્ધ કરે છે કે તેની ભાષા પશ્ચિમની અપભ્રંશ-વિશેષ સંભવિત રીતે મહારાષ્ટ્ર અપભ્રંશ હતી કે જે મહારાષ્ટ્રી પ્રાકૃતની પેઠે એટલી ઉંચી કોટિએ લઇ જવામાં આવી હતી કે સાહિત્યની શિષ્ટ ભાષાની સ્થિતિએ લાવવામાં આવી અને તેનો ઉપયોગ પશ્ચિમ અને પૂર્વના કવિઓએ સરખી રીતે કર્યો છે.

૧૬૩. જૈન ગૂર્જરકવિઓમાં તેરમીથી પંદરમી-સોળમી સદીના આવેલ સાહિત્યમાંથી અપભ્રંશને મળતું-જૂની ગૂજરાતી ભાષાનું સાહિત્ય છે. તેના નમુના અત્ર આપ્યા નથી.

૧૬૪. આ સર્વ અપભ્રંશ સાહિત્યનો વિભાગ તેના નમુના-ઉદાહરણ સહિત આપ્યો છે તે પરથી વિશાલપણે સ્પષ્ટ થયું છે કે:—

"Under the socalled Prakrit literature, especially of the Jains with published and unpublished, much valuable Apabhrams'a lies buried. Some works, which in the catalogue are simply dubbed prakrit, might turn out to be Apabhrams'a, and

others, rightly called Prakrit might still contain some Apabhrams'a quotations and stories of value from both the linguistic and literery points of view. It is also likely that the treasures at Patana, Khambhayat and other strongholds of Jainism might contain Apabhrams'a works, yet unknown even to their blessed possessors. It is the duty of all rightminded Jains to make such works available to scholars who would publish them according to approved methods and subject them to literary and historical criticism." Prof. Gune's Introduction to Bhavisayatta Kaha.

—જે હાલ પ્રાકૃત સાહિત્ય કહેવાય છે તે અને ખાસ કરી જૈનોનું પ્રાકૃત સાહિત્ય-પ્રકટ તેમજ અપ્રકટ બંનેમાં ઘણું કીંમતી અપભ્રંશ સાહિત્ય દટાયેલું છે. કેટલાક ગ્રંથો કે જે ગ્રંથસૂચિમાં-ટીપમાં સાદી રીતે પ્રાકૃત તરીકે નોંધેલા છે તે અપભ્રંશ તરીકે નીકળી આવે એવો સંભવ છે, અને બીજા યથાર્થપણે ઓળખાતા પ્રાકૃત ગ્રંથોમાં કોઈ અપભ્રંશ અવતરણો અને ભાષાવિજ્ઞાન તેમજ સાહિત્યની દૃષ્ટિથી મહત્ત્વ ધરાવતી વાર્તાઓ પણ હોય. એ પણ સંભવિત છે કે પાટણ, ખંભાત અને બીજાં જૈનધર્મનાં કેંદ્રસ્થાનોના ભંડારોમાં કેટલાક એવા અપભ્રંશ ગ્રંથો હોઇ શકે, કે જેની હજુ સુધી તેના કબજેદારોને પણ માહીતિ ન હોય. સર્વ યોગ્યદૃષ્ટિવાળા જૈનોની એ ફરજ છે કે આવા ગ્રંથો એવા પંડિતોને હસ્તગત કરાવે કે જેઓ માન્ય પદ્ધતિપર તેઓને પ્રકટ કરે અને તેમનાપર સાહિત્યવિષયક તેમજ ઐતિહાસિક વિવેચન કરે. (પ્રોફે. ગુણેની ભવિસયત્ત કહા પરની પ્રસ્તાવના પરથી.)

વિભાગ ત્રીજો.

હૈન યુગ.

પ્રકરણ પહેલું.

હેમચંદ્રજીનું વ્યાકરણ.

પાણિનિ.

૧૫૫—"**शोभना खलु पाणिनिना सूत्रस्य कृतिः** (પતંજલિ ૨–૩–૬૬)-સંસ્કૃત વ્યાકરણમાં જે યશ પાણિનિને મળ્યો તે કોઇના ભાગ્યમાં નહોતો. એવું સર્વાંગસુંદર પૂર્ણ વ્યાકરણ કોઈ કાલમાં કોઇ ભાષામાં બન્યું નહિ. મહામહોપાધ્યાય હરપ્રસાદશાસ્ત્રી એમતો કહે છે કે[૭] મૅકડોનલે (મુગ્ધાનલાચાર્ય) હાલ પાણિનિ જેવું જ વૈજ્ઞાનિક વ્યાકરણ સ્વતંત્ર રીતિથી બનાવ્યું છે; પરંતુ આ વ્યાકરણની રચના પાણિનિના વ્યાકરણ હોવાથી જ સંભવી. વિભુ આકાશ, સમુદ્ર કે વિષ્ણુની પેઠે પાણિનિના વ્યાકરણનું માપ ન ઇદંકતાથી કે ન ઇય-ત્તાથી થઈ શકે તેમ છે. તેતો તે જ છે. એમ કહી શકાતું નથી કે તે આવું કે આટલું છે. જેમ પાણિનિ પોતાની પહેલાંનાં સર્વ સંસ્કૃત

---

૭. The Professor's Vedic Grammar is unique work in so far as he has done it without Panini's Vaidika Prakriya. He has evolved the grammar from the language itself and is as scientific as his great predecessor Panini.

—એશિયાટિક સોસાયટી બંગાલના વાર્ષિકોત્સવ વખતનું પ્રમુખ તરીકે વ્યાખ્યાન.

વૈયાકરણોનો સંઘાત છે, તે જ પ્રમાણે તે પોતાનાથી પાછળના સર્વ વૈયાકરણોનો ઉદ્‌ગમ છે. પોતાથી પહેલાના જે વૈયાકરણોનાં નામ તેણે, મતભેદ બતાવવાને માટે યા [૮]પૂજાર્થે આપ્યાં તેનાં નામ માત્ર પણ રહી ગયાં, બાકીનાં નામોનો પણ પત્તો નથી. પૂર્વાચાર્યોની જે સંજ્ઞાઓ તેણે પ્રચલિત સમજી લઈ લીધી તે રહી ગઇ[૩], બાકીના જૂના સિક્કા પાણિનિની નવી ટંકશાલની મોહરો આગળ કોણ જાણે ક્યાં નાસી ગયા. પહેલાન વ્યાકરણોનો એકદમ અભાવ જોઇને કોઈ એવી કલ્પના કરે છે કે પાણિનિ શાસ્ત્રાર્થમાં જે વૈયાકરણોને હરાવતો ગયો તેના ગ્રંથોને બાળતો ગયો. કોઇ કહે છે કે શિવજીના હુંકાર–વજ્રથી જે પાણિનિના દુર્બલ પક્ષની હિમાયત ઉપર ચલાવવામાં આવ્યાં હતાં તે નષ્ટ થયાં. કોઇ કહે છે કે સર્વ વૈયાકરણ વિશ્વામિત્રની વ્યુત્પત્તિ વિશ્વનો અમિત્ર શત્રુ એમ કરવાથી વિશ્વામિત્રના શાપભાજન થયા જ્યારે પાણિનીએ 'મિત્રે ચર્ષૌ' સૂત્ર ૬–૩–૧૩૦ એમ કહી તેની ખુશામત કરી તેથી તેનો વર મેળવ્યો. પાણિનિને અન્ય બાળવાની કે શિવકોપ યા વિશ્વામિત્રાનુગ્રહની જરૂર નહોતી; સ્વયસેવ પોતાના તેજની આગળ બીજાં વ્યાકરણો ટકી ન શક્યાં........

હેમચંદ્ર.

૧૬૬—શ્રી હેમચંદ્રનું વ્યાકરણ **સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન** યા **સિદ્ધહેમ** કહેવાય છે. **સિદ્ધરાજ જયસિંહને** માટે બનાવ્યું તેથી 'સિદ્ધ' અને હેમચંદ્રનું હોવાથી 'હૈમ'. આમાં ચાર ચાર પદોના આઠ અધ્યાય છે અને તેમાં લગભગ ૪૫૦૦ સૂત્ર છે. શૈલી કૌમુદિઓ જેવી છે અર્થાત્ વિષયવિભાગથી સૂત્રોનો ક્રમ રાખેલો છે. સાથે સાથે

૮. આપિ શલિ ૬–૧–૯૨, કાશ્યપ ૧–૨–૨૫, ગાર્ગ્ય ૮–૩–૨૦, ગાલવ ૭–૧–૭૪, ચાક્રવર્મણ ૬–૧–૧૩૦, ભારદ્વાજ ૭–૨–૬૭, શાકટાયન ૩–૪–૧૧૧, શાકલ્ય ૧–૧–૧૬, સેનક ૫–૪–૧૧૨, સ્ફોટાયન ૬–૧–૧૨૩, ઉત્તરી (ઉદીચામ્) ૪–૧–૧૫૩, કોઇ (એકેષાં) ૮–૩–૧૦૪, પૂર્વી (પ્રાચામ્) યા જૂના ૪–૧–૧૭.

તેણે પોતાની ટીકા નામે બૃહદ્વૃત્તિ બનાવી છે. હેમચંદ્રનો ઉદ્દેશ સરલ રીતિથી પોતાનો સંપ્રદાય, પોતાનો આશ્રયદાયક રાજા તથા પોતાના ગૌરવને માટે એવું વ્યાકરણ બનાવવાનો હતો કે જેમાં કોઇ વાત રહી ન જાય. તે જૈન શાકટાયન પાછળ લીટે લીટે ચાલેલ છે. પરંતુ બીજા અનુકરણ કરવાવાળાની પેઠે તેણે માત્ર અનુકરણ કર્યું નથી. તેણે સંસ્કૃત વ્યાકરણ સાત અધ્યાયોમાં લખી આઠમો અધ્યાય કેવલ પ્રાકૃતના પૂર્ણ વિવેચન માટે કર્યો છે. પાણિનિએ પોતાની પાછળ દૃષ્ટિ નાંખીને વૈદિક સાહિત્યને મેળવી 'પોતાના સમય સુધીની ભાષા'નું વ્યાકરણ બનાવ્યું, પછી વેદ તેનાથી છૂટી-નિકળી ગયો ને સ્વર પણ છુટી ગયો. હેમચંદ્રે પાછળ ન જોતાં આગળ દૃષ્ટિ નાંખી અહીંથી નીકળ્યું તો અહીં વધારી લીધું ને 'પોતાના સમય સુધીની ભાષા'નું વિવેચન કરી નાંખ્યું. આ **પહેલું મહત્ત્વ** હેમચંદ્રનું છે કે બીજા વૈયાકરણોની પેઠે કેવલ પાણિનિના વ્યાકરણના લોકોપયોગી અંશને પોતાના સંચામાં બદલાવીને તે સંતુષ્ટ ન રહ્યા, પણ તેણે પાણિનિની પેઠે પાછળ નહિતો આગળ દૃષ્ટિ નાંખી પોતાના સમય સુધીની ભાષાનું વ્યાકરણ બનાવ્યું. તેના પ્રાકૃત વ્યાકરણ અર્થાત્ આઠમા અધ્યાયનો ક્રમ શું છે તે નીચે બતાવવામાં આવ્યું છે.

૧૬૭ શ્રી હેમચંદ્ર કહે છે કે—**प्रकृतिः संस्कृतं, तत्रभवं, तत आगतं वा प्राकृतम्।** આ **ભવ** અને **આગત** કહેવું તે ઠીક-બરાબર નથી. વરરૂચિ સંસ્કૃતને શૌરસેનીની પ્રકૃતિ અને શૌરસેનીને મહારાષ્ટ્રી અને પૈશાચીની પ્રકૃતિ કહે છે. 'ષડ્ભાષા' એ નામ આપણે ત્યાં ઘણા જૂના કાળથી ચાલ્યું આવ્યું છે. એક પ્રાકૃત વ્યાકરણ ષડ્ભાષાચંદ્રિકા કહેવાય છે. લોષ્ટદેવ કવિની પ્રશંસા કરતા મંખ કહે છે કે '૭ ભાષાઓ તેના મુખમાં સદા વિરાજે છે.'[९] જયાનક સોમેશ્વરના પુત્ર પૃથ્વીરાજનું માહાત્મ્ય કરતાં કહે છે કે '૭ ભાષાઓમાં તેની

९...**मुखे यस्य भाषाः षडधिशेरते ।...लोष्टदेवस्य...** (શ્રી કંઠચરિત, છેલ્લો સર્ગ)

શક્તિ હતી.[૧૦] પૃથ્વીરાજ રાસાના કર્તા, હિંદીના ઇતિહાસ લેખકોને એવું કહીને ચક્કરમાં નાંખી ગયેલ છે કે

'ષટ ભાષા પુરાનં ચ કુરાનં કથિતં મયા.'[૧૧]

અને તેઓ આમાં પંજાબી, ઓસવાડી, રાજસ્થાની શોધતા ફરે છે. ઓગણીસમી સદીનો બુંદીનો કવિ-વંશભાસ્કરનો કર્તા-મીષણ ચારણ, 'સૂરજમલ પણ છ ભાષાઓ મુખે પઢી ગયો હતો' એમ જણાવે છે.[૧૨] શામળભટ્ટ પણ એક છપ્પામાં જણાવે છે કેઃ—

સંસ્કૃતભાષા સરસ, માગધી મોટે મૂલ્યે,
ગ્વાલેરી ગુણનીધ, અપભ્રંશી તે તુલ્યે,
દેશી ભાષા દાખ, પિશાચી પઢજો પ્રીતે
ચારણ ચોથી ભાખ, રાજદ્વારે શુભ રીતે,
એ ખટે ભાષા જે ખોજશે, ધારી જોતાં ધર્મ છે
કવિ શામળભટ સાચું કહે, ભોગી તેના બ્રહ્મ (બ્રાહ્મણ) છે.

૧૬૮—તો આ છ ભાષાઓ સંબંધી શું ખટપટ છે?

संस्कृतं प्राकृतं चैव शूरसेनी तदुद्भवा
ततोऽपिमागधी प्राग्वत् पैशाची देशजापि च

—સંસ્કૃત, તેમાંથી પ્રાકૃત, તેમાંથી ઉત્પન્ન શૌરસેની, તેમાંથી માગધી, પહેલાની માફક પશાચી અને દેશજા એ છ થઇ.

૧૬૯—માલૂમ પડે છે કે પ્રકૃતિ શબ્દના અર્થમાં ભ્રમ થવાથી તત આગતં, તદુદ્ભવા અને તતઃ આદિની કલ્પના થઈ. પ્રકૃતિનો

---

૧૦ **बाल्येऽपि लीलाजिततारकाणि**
गीर्वाण वाहिन्युपकारकाणि ।
जयंति सोमेश्वरनंदनस्य
षण्णां गिरां शक्तिमतो यशांसि ॥
—પૃથ્વીરાજવિજય પ્રથમ સર્ગ.

૧૧ જુઓ ગુલેરી મહાશયનો લેખ પ્રતિભા વૉ. ૩ પૃ. ૨૬૪-૭.

૧૨ મંખના શ્રીકંઠચરિતની ટીકામાંથી ઉદ્ધૃત.

અર્થ અહીં ઉપાદાનકારણ નથી. જેમ ભાષ્યકારે બહુ સુંદર ઉદાહરણ આપ્યું છે કે સોનામાંથી રૂચક બને છે, રૂચકની આકૃતિને તોડીતોડીને કટક બનાવવામાં આવે છે, કટકોમાંથી વળી ખેરનાં લાકડાંના અંગારથી, કુંડલ બનાવવામાં આવે છે, સોનાનું સોનું રહી જાય છે, તેવીરીતે ભાષાથી ભાષા કદિ બનાવવામાં નથી આવી. અહીં પ્રકૃતિ શબ્દ મીમાંસાના રૂઢ અર્થમાં લેવો જોઇએ. ત્યાં **પ્રકૃતિ** અને **વિકૃતિ** શબ્દ વિશેષ અર્થોમાં લેવામાં આવ્યા છે. સાધારણ નિયમ, નમૂનો, મોડલ, ઉત્સર્ગ એ અર્થમાં પ્રકૃતિ આવે છે. વિશેષ, અલૌકિક, ભિન્ન, અંતરિત, અપવાદ—એ અર્થમાં વિકૃતિ આવે છે. અગ્નિષ્ટોમ યજ્ઞ પ્રકૃતિ છે, બીજા સોમયાગ તેની વિકૃતિ છે. આનો અર્થ એ નથી કે બીજા સોમયાગ અગ્નિષ્ટોમમાંથી નિકળ્યા કે આવ્યા છે. અગ્નિષ્ટોમની જે રીતિ છે તેને બીજા સોમયાગોની રીતિ થોડીઘણી મળતી છે ને કંઇકંઇક ભિન્ન છે. સાધારણ રીતિ પ્રકૃતિમાં બતાવી ભેદોને વિકૃતિમાં ગણી દીધા છે. પાણિનિએ ભાષા (વ્યવહાર)ની સંસ્કૃતને પ્રકૃતિ માની વૈદિક સંસ્કૃતને તેની વિકૃતિ માની છે; સાધારણ યા ઉત્સર્ગ નિયમ સંસ્કૃતના માની વૈદિક ભાષાને અપવાદ બનાવ્યો છે. અહીં પ્રકૃતિનો ઉપાદાન કારણ એવો અર્થ માની શું વૈદિક ભાષાને ‘ તત આગત ’ યા ‘ તદુદ્ભવ ’ કહી શકાય ?—ઉલટી ગંગા વહી શકે ? શૌરસેનીની પ્રકૃતિ સંસ્કૃત અને મહારાષ્ટ્રીની પ્રકૃતિ શૌરસેની કહેવાનો આશય એ છે કે તેના સાધારણ નિયમ સંસ્કૃત યા શૌરસેની જેવા અને વિશેષ નિયમ પોતપોતાના ભિન્ન છે. પ્રકૃતિ સાથે જ્યાં સમાનતા હોય છે, તેનો વિચાર વ્યાકરણોમાં નથી, જ્યાં ભેદ છે ત્યાં બતાવવામાં આવેલ છે. હેમચંદ્રજીએ પહેલી (મહારાષ્ટ્રી) પ્રાકૃતનું વ્યાકરણ લખ્યું. પછી શૌરસેનીના વિશેષ નિયમ લખીને જણાવ્યું કે ‘ शेषं **प्राकृतवत्** ’ (૮–૪–૨૮૬); પછી માગધીના વિશેષ નિયમ જણાવી કહ્યું કે ‘ **शेषं शौरसेनीवत्** (૮–૪–૩૦૨), અર્દ્ધ–માગધીને આર્ષ માની તેનું વિવેચન કર્યું નહિ. પછી પૈશાચીનું વિવેચન કરી દાખવ્યું કે

शेषं शौरसेनीवत् (૮-૪-૩૨૩). તે પ્રમાણે ચૂલિકા પૈશાચી ના નિયમ-વિશેષ બતાવી કહ્યું **शेषं प्राग्वत्**-એટલે **पैशाचीवत्** (૮-૪-૩૨૮). અપભ્રંશના વિશેષનિયમ લખી કહ્યું **शौरसेनीवत्** (૮-૪-૪૪૬) અને ઉપસંહારમાં સર્વ પ્રાકૃતોને લક્ષ્યમાં રાખી લખ્યું કે **शेषं संस्कृतवत्सिद्धम्** (૮-૪-૪૪૮). તો આ પરથી શું આનો અર્થ એમ કરવામાં આવે કે આ ભાષાઓનું કુટુંબવૃક્ષ થયું? શું પહેલી ભાષા જનક થઇ અને પછી પછીની તેમાંથી **આગત** અથવા તેમાંથી **ઉદ્‌ભૂત** થઈ? નહીં, સાધારણ નિયમ 'પ્રકૃતિ'થી સમજાવ્યો અને વિશેષ નિયમ 'વિકૃતિ'થી. આ પ્રકૃતિ અને વિકૃતિનો પ્રકૃત-પ્રસ્તુત અર્થ છે.

૧૭૮. સંસ્કૃત અને બીજી પ્રાકૃતોના વ્યાકરણમાં તે હેમચંદ્રે પોતાની વૃત્તિમાં ઉદાહરણોની પેઠે પ્રાયઃ વાક્ય અથવા પદ જ આપેલ છે, પરંતુ અપભ્રંશના અંશમાં તેણે પૂરી ગાથાઓ, પૂરા છંદ અને પૂરાં અવતરણ આપ્યાં છે. આ શ્રી હેમચંદ્રનું **બીજું મહત્ત્વ છે.** આવી રીતે તેણે એક અતિ ભારે સાહિત્યના નમૂના જીવંત રાખ્યા કે જે તે એમ ન કરત તો નષ્ટ થઇ ગયા હતા. આમ કરવાનું કારણ શું? જેમ હવે પછી કહેવામાં આવશે તેમ જે શ્વેતામ્બર જૈન સાધુઓને માટે યા સર્વ સાધારણ જન માટે તેણે વ્યાકરણ લખ્યું તેઓ સંસ્કૃત પ્રાકૃતના નિયમોને, તેનાં સૂત્રોની સંગતિને પદો યા વાક્યખંડોમાં સમજી લેત-તેણે આપેલ ઉદાહરણોથી ન સમજત તો સંસ્કૃત અને ગ્રંથની-પુસ્તકી-પ્રાકૃતનું વાઙ્મય તેમની સામે હતું-પ્રાપ્ય હતું તેમાંથી નવાં ઉદાહરણો શોધી લેત, પરંતુ અપભ્રંશના નિયમ એવી રીતે સમજમાં આવી ન શકત. મધ્યમ પુરૂષને માટે 'પંઇ', શપથમાં 'થ'ની જગ્યાએ 'ધ' થવાથી સવધ, અને મક્કડઘુઘિના અનુકરણ-પ્રયોગ, પૂરાં ઉદાહરણ આપ્યા વગર સમજમાં આવતા નથી (જુઓ પછી ઉદાહરણ નં. ૫૬, ૮૮, ૧૪૪). જો હેમચંદ્રજી પૂરાં ઉદાહરણ ન આપત તો શીખનારાઓ કે જેઓ સંસ્કૃત અને પ્રાકૃતના આકર ગ્રંથો સુધી પહોંચી જાય, પરંતુ જેઓ 'ભાષા'

સાહિત્યથી સ્વાભાવિક રીતે નાક ચઢાવતા તેઓ તે 'ભાષા'ના નિયમોને સમજાત નહિ.

૧૭૧. આ સર્વે ઉદાહરણોનો સંગ્રહ અને વ્યાખ્યાન આ પછી જૂદા ૬, ૭, અને ૮ પ્રકરણમાં આપેલા છે. આ ઉદાહરણ અપભ્રંશ કહેવામાં આવે છે કિંતુ તે તે સમયની જૂની હિંદી-ગૂજરાતીના જ છે. વર્ત્તમાન હિંદી કે ગૂજરાતી સાહિત્યથી તેનો પરંપરાગત સંબંધ, વાક્ય અને અર્થને સ્થાને સ્થાને સ્પષ્ટ થશે. એ ધ્યાનમાં રાખવાનું છે કે આ ઉદાહરણ શ્રી હેમચંદ્રના પોતાનાં રચેલાં નથી. કોઈ વાક્યો સિવાય સર્વે તેનાથી પ્રાચીન સાહિત્યનાં છે. તે પરથી તે સમયની જૂની હીંદી-ગૂજરાતી સાહિત્યના વિસ્તારનો પત્તો લાગે છે. જો સંસ્કૃત સાહિત્ય બીલકુલ રહ્યું ન હત તો પતંજલિના મહાભાષ્યમાં જે વેદ અને શ્લોકોના ખડો ઉદ્ધત છે તે પરથી સંસ્કૃત સાહિત્યનું અનુમાન કરવું પડત. આ કામ આ દોહાઓથી થાય છે. હેમચંદ્રજીએ મોટી ઉદારતા કરી કે આ પૂરાં અવતરણ આપી દીધાં. તેમાં શૃંગાર, વીરતા, કંઇ રામાયણના અંશ (જેવકુ અન્તરુ૦ ૧૦૧, દહમુહુ ભુવણ૦ ૫), કૃષ્ણકથા (હરિ નચ્ચાવિઉ પંગણહિ-૧૨૨, એક મેક્કઉં જઇવિ જોએદિ૦ ૧૨૯), કંઇ બીજા મહાભારતના અંશ (ઇત્તિઉં બ્રોપ્પિણુ સઉણિ૦ ૭૮), વામનાવતાર કથા (મઇં ભણિઅઉ બલિરાય૦ ૯૬), હિંદુ ધર્મ (ગંગ ગમેપ્પિણુ૦ ૧૬૬, ૧૬૭, વ્રાસ મહારિસિ૦ ૫૧), જૈન ધર્મ (જેપ્પિ ચઇપ્પિણુ ૧૬૫, પેક્ખેવિણુ મુહુ જિનવર હો૦ ૧૭૦), અને 'હાસ્ય (સો એવા પર વારિઆ૦ ૧૫૯)—એ સર્વના નમૂના મળે છે. મુંજ (૧૬૨) અને બ્રહ્મ (૧૦૩) કવિઓનાં નામ મળી આવે છે. કેવું સુંદર સાહિત્ય આ સંગૃહીત છે! કવિતાની દૃષ્ટિથી, આટલા વિશાલ સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં પણ, શું 'ભલ્લા હુઆ જુ મારિઆ ૩૧, જઇ સસણેહી તો મુઇઅ ૫૨, લોણુ વિલિજ્જઇ પાણિએણ ૧૧૫, અજ્જવિ નાહુ મહુજ્જિ ઘરિ ૧૪૪'—આદિની જોડીની કવિતા મળી શકે તેમ છે?

૧૭૨-હેમાચાર્યનું ત્રીજું મહત્ત્વ એ છે કે તે પોતાના વ્યાકરણના

પાણિનિ અને ભટ્ટોજીદીક્ષિત હોવાની સાથે સાથે તેના ભટ્ટિ પણ છે. તેણે પોતાના સંસ્કૃત પ્રાકૃત દ્વાશ્રય કાવ્યમાં પોતાનાં વ્યાકરણનાં ઉદાહરણ પણ આપ્યાં છે તથા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના ઇતિહાસ પણ લખ્યા છે. ભટ્ટિ અને ભટ્ટ ભૌમકની પેઠે તે પોતાના સૂત્રોના ક્રમથી ચાલ્યા છે. સંસ્કૃત દ્વાશ્રય કાવ્યના વીસ સર્ગ છે, તેમાં સિદ્ધરાજ જયસિંહ સુધીના ગૂજરાતના સોલંકી રાજાઓના વંશ વૈભવ આદિનું વર્ણન અને સાથે સાથે હેમચંદ્રના (સંસ્કૃત) શબ્દાનુશાસનના સાત અધ્યાયોનાં ઉદાહરણ છે. આઠમા અધ્યાય (પ્રાકૃત વ્યાકરણ)નાં ઉદાહરણોને માટે પ્રાકૃત દ્વાશ્રય કાવ્ય (કુમારપાલ ચરિત)ની રચના થઇ છે કે જેમાં આઠ સર્ગ છે. સંસ્કૃત દ્વાશ્રયની ટીકા અભયતિલક ગણિએ તથા પ્રાકૃત દ્વાશ્રયની ટીકા પૂર્ણકલશ ગણિએ લખી છે કે જે સંવત્ ૧૩૦૭ ફાલ્ગુન કૃષ્ણ ૧૧ પુષ્ય રવિવારને દિને પૂર્ણ થઈ. કુમારપાલ ચરિત યા પ્રાકૃત દ્વાશ્રય કાવ્યના આરંભમાં અણહિલપુર પાટણનું વર્ણન છે, રાજા કુમારપાલ છે. મહારાષ્ટ્ર દેશના બંદી તેની કીર્ત્તિ વખાણે છે. રાજાની દિનચર્યા, દરબાર, મલ્લશ્રમ, કુંજરયાત્રા, જિનમંદિર યાત્રા, જિનપૂજા આદિના વર્ણનમાં બે સર્ગ પૂરા થાય છે. ત્રીજામાં ઉપવનનું વર્ણન છે–વસંતની શોભા છે. ચોથામાં ગ્રીષ્મ અને પાંચમામાં અન્ય ઋતુઓના વિહાર આદિનું સાલંકાર વર્ણન છે. રાજા અને પ્રજાની સમૃદ્ધિ તથા વિલાસોનાં ચિત્ર કવિઓની રીતિ અનુસાર દેવામાં આવ્યાં છે. છઠ્ઠામાં ચંદ્રોદયનું વર્ણન છે. રાજા દરબારમાં બેઠો છે. સાંધિવિગ્રહિકે વિજ્ઞપ્તિ કરી કે જેમાં કુંકણના રાજા મલ્લિકાર્જુનની સેના સાથે કુમારપાલની સેનાનું યુદ્ધ અને પછી વિજયનું તથા મલ્લિકાર્જુનના માર્યા જવાનું વર્ણન છે. આગળ કહ્યું કે એવી રીતે કુમારપાલ દક્ષિણનો સ્વામી થઇ ગયો. પશ્ચિમનો સ્વામી સિંધુપતિ, જવનદેવ, ઉવ્વ (? ઉચ્ચ), કાશી, મગધ, ગૌડ, કાન્યકુબ્જ, દશાર્ણ, ચેદિ, રેવાતટ, મથુરા, જંગલ દેશના રાજાઓની અધીનતાનું વર્ણન છે. કુમારપાલ શયન કરે છે. સાતમા સર્ગના આરંભમાં રાજા ઉઠીને પરમાર્થચિંતા કરે છે, તેમાં કામ, સ્ત્રી

આદિની નિંદા, જૈન આચાર્યોની સ્તુતિ, નમસ્કાર પહેલાં અને પછી શ્રુત દેવીની સ્તુતિ છે. શ્રુતદેવી કુમારપાલની સામે પ્રકટ થઈ અને રાજાની સાથે તેનું ધર્મવિષયક સંભાષણ ચાલ્યું. આખા આઠમા સર્ગમાં શ્રુતદેવીનો ઉપદેશ છે.

૧૭૩–શ્રી હેમચંદ્રે પ્રાકૃત વ્યાકરણ (સિદ્ધહૈમ શબ્દાનુશાસનના આઠમા અધ્યાય) અને કુમારપાલ ચરિતનો સંબંધ નીચેના કોઠાથી જણાવવામાં આવે છે.

લક્ષ્ય	લક્ષણ	ઉદાહરણ.
પ્રાકૃત ભાષા	અષ્ટમાધ્યાય	કુમારપાલ ચરિત.
	પાદ ૧ સૂ૦ ૧–૨૭૧	સર્ગ ૧, ૨, ૩, ૪. ૫, ૬, ૭
	પાદ ૨ સૂ૦ ૧–૧૨૮	ગાથા ૧–૯૩
	પાદ ૩ સૂ૦ ૧–૧૮૨	
	પાદ ૪ સૂ૦ ૧–૨૫૬	
	અષ્ટમાધ્યાય	કુમારપાલ ચરિત
શૌરસેની	પાદ ૪ સૂ૦ ૨૬૦–૨૮૬	સર્ગ ૭ ગાથા ૯૪–૧૦૨
માગધી	પાદ ૪ સૂ૦ ૨૮૭–૩૦૨	સર્ગ ૮ ગાથા ૧–૭
પૈશાચી	,, ,, ૩૦૪–૩૨૪	,, ,, ૮–૧૧
ચૂલિકા પેશાચી	,, ,, ૩૨૫–૩૨૮	,, ,, ૧૨–૧૩
અપભ્રંશ	,, ,, ૩૨૯–૪૪૮	,, ,, ૧૪–૮૨

૧૭૪. આ પરથી સ્પષ્ટ થશે કે જે ભાષાનું વ્યાકરણ કહ્યું છે તેમાં કુમારપાલચરિતના તે અંશની રચના કરવામાં આવી છે. જૂની હિંદી–ગૂજરાતીના વ્યાકરણના વિશેષ નિયમોનાં ૧૨૦ સૂત્ર છે, ઉદાહરણોમાં જે ઉદાહરણો પ્રાચીન કવિતામાંથી આપવામાં આવ્યાં છે તે ૧૭૫ અવતરણ છે; કોઇ પદો, વાક્યો અને દોહરાઓ અવતરણોની ગણનામાં નથી, (કેટલાક દોહાના ખંડ વારંવાર ઉદાહરણોની પેઠે કેટલાંક સૂત્રો ઉપર આપવામાં આવ્યા છે), પરંતુ સ્વરચિત ઉદાહરણોમાં તે સર્વ વિષય ૬૯ છંદોમાં આવી ગયેલ છે. આનું કારણ એ છે કે એક એક છંદમાં કેટલાંયે ઉદાહરણ સમાવ્યાં છે. હેમચંદ્રજીને એવી રચના પ્રિય હતી.

પ્રકરણ બીજું.

દેશી નામમાલા અને કુમારપાલ ચરિત.

૧૭૫. **હેમચંદ્રજીએ દેશીનામમાલા** નામનો એક કોશ પણ બનાવ્યો છે કે જેમાં પ્રાકૃત રચનામાં આવનારા દેશી શબ્દો ગણ્યા છે. સંસ્કૃતના બીજા કોષોમાં વિષય વિભાગથી (સ્વર્ગ, દેવ, મનુષ્ય આદિ) શબ્દોનો સંગ્રહ થાય છે, યા તો અંતના વર્ણો (જેવા કે કાન્ત, ખાન્ત આદિ) ના વર્ગોથી સંગ્રહ થાય છે, પરંતુ આ દેશીનામમાલા વર્તમાન કોશોની પેઠે અકારાદિ ક્રમે બનેલ છે. તેનું પણ કારણ એ છે કે વ્યાકરણમાં અપભ્રંશની કવિતા પૂરી ઉદ્ધૃત કરવાની છે. સંસ્કૃત પ્રાકૃત કોશોની પેઠે દેશી કોશને કોઇ મોઢે રાખતા નથી. જ્યાં પ્રાકૃત કવિમાં દેશી પદ આવ્યા ત્યાં જોવાને માટે આ કોશનો ઉપયોગ છે. ત્યાં અકારાદિ **ક્રમથી** જ કામ ચાલી શકે છે.[૧૩] તે ક્રમની અંદર પણ એકાક્ષર દ્વિ–અક્ષર આદિનો ક્રમ છે. જે અક્ષરથી આરંભ થનાર શબ્દ જ્યાં ગણવામાં આવ્યા છે ત્યાં તેવા નાનાર્થ શબ્દ પણ ગણવામાં આવ્યા છે. ત્યાં જેટલા શબ્દોનાં ઉદાહરણ એક ગાથામાં આવી શક્યાં તેટલાંને ઠાંસી ભરવામાં આવ્યા છે. કણ્ણોઢિઆ (એટલે ઘુંઘટ, ચાદર, કાન+ઓઢી), કંઠમલ (મુડદાની ઠાઠડી), કપ્પરિઅ, કડંતરિઅ (=ફાડેલું), કડંભુઅ (=ઘડો) આ શબ્દોને સાથે ગુંથી એક ગાથા બનાવવામાં કદી તેમાં અર્થ હોય તો પણ કાવ્ય સુંદરતા આવવી કઠણ છે. હેમચં-

૧૩, પાદલિપ્તાચાર્ય આદિ વિરચિત દેશી શાસ્ત્રો હોવા છતાં પણ આ (દેશી નામમાલા) ના આરંભનું પ્રયોજન...... 'વર્ણક્રમ સુખદ' અથવા 'વર્ણક્રમ સુભગ'... વર્ણક્રમથી નિર્દિષ્ટ શબ્દ અર્થવિશેષમાં સંશય થતાં સુખથી સ્મરણ અને ધ્યાન કરી શકાય છે. વર્ણક્રમને ઉલંઘી કહેવાથી સુખથી અવધારણ થઇ શકતું નથી તેથી વર્ણક્રમનિર્દેશ અર્થવાન્ છે (હેમચંદ્ર–દેશી નામમાલા–બીજી ગાથાની ટીકા)

દ્રજીએ આ પર એક માનિની ખંડિતાની ઉક્તિ બનાવી છે કે હે દાંતોથી ફાડેલા અધરવાળા, નખોથી કાપેલા અંગવાળા, મારી ચદર છોડ, તે ઘડા જેવાં સ્તનો વાળી પાસે જા કે જે કાઠડીને પણ યોગ્ય નથી (દેશી નામવાલા ૨૦). આ ઉદાહરણ બનાવવાની કઠિનતાથી વિવિધ અર્થો માટે ઉદાહરણ–ગાથાઓ તેણે બનાવી નથી. આજ રીતે કુમારપાળ ચરિતમાં કેટલાંક ઉદાહરણ એક એક દોહામાં મૂકેલાં છે, કિંતુ ત્યાં શ્રુત દેવીનો રાજાને ધર્મ વિષયનો ઉપદેશ એ એકજ વિષય છે, તેથી કવિને થોડીઘણી સ્વતંત્રતા મળી છે. આ ૬૯ છંદોમાં જે છંદો આવ્યા છે તે એ છે કે વદનક ૧૪–૨૭, ૭૭, ૭૮, દોહા ૨૮–૫૪, ૮૧, માત્રા ૭૫, ૭૮, વસ્તુ વદનક કર્પૂર (=ઉલ્લાલા ?) નો યોગ ૭૬, સુમનોરમા ૮૨. આમાંથી નમુના તરીકે કંઈક આગળ ઉદાહરણના પ્રકરણમાં આપેલા છે, જૂનાં અપભ્રંશનાં ઉદાહરણોથી આ કંઈક ક્લિષ્ટ છે તેનું કારણ સ્પષ્ટ છે ને વિશેષ હવે પછીથી જણાવીશું અને તે સ્પષ્ટ છે કે આ હેમચંદ્રજીએ પોતે રચેલી જૂની હિંદી–જૂની ગૂજરાતી છે.

૧૭૬. હેમચંદ્રજીની દેશીનામમાલામાં કંઇ શબ્દો તે સમયની રીતિ રિવાજ અને વિનોદ આદિના સૂચક છે તેનો સંગ્રહ પાઠકોના મનોવિનોદ અને જ્ઞાન માટે અહીં આપવામાં આવ્યા છે. હેમચંદ્રે જે અર્થ કરેલ છે તેનો અનુવાદ અહીં કર્યો છે અને કંઈ ટુંક વિવેચન સાથે જરૂર પડી ત્યાં આપ્યું છે.

અંવેટ્ટી (૧–૭) મુઠ્ઠીનો જુગાર (હિંદી–મુઝાવૈલ)

અણ્ણાણ (૧–૭) વિવાહ કાલમાં જે વધૂને આપવામાં આવે છે (પહેરામણી) યા જે વિવાહને માટે વધૂ પોતે વરને આપે છે. (સામી મોં દેખામણી ?)

આણંદવડ (૧–૯૨) પતિથી પ્રથમ યૌવન હરણ થતાં સ્ત્રીના રૂધિરથી છંટાયેલું વસ્ત્ર. તે બાંધવોને આનંદિત કરે છે તેથી આનંદપટ કહેવામાં આવે છે. (કેટલીક જાતિયોમાં હજુ પણ એવી રસમ

છે કે આવા વસ્ત્રમાં મિઠાઇ રાખીને નાતમાં વેંચવામાં આવે છે)

કુંદમહ (૧-૮૧) કૌમાર, કૌમારાવસ્થા.

ઉડુહિઅ (૧-૧૩૭) પરણેલી સ્ત્રીનો ગુસ્સો;

એમિણિઆ (૧-૧૪૫) તે સ્ત્રી કે જેનું શરીર સૂતરથી માપી તે સૂતર ચારે દિશામાં ફેંકી દેવામાં આવે છે. કોઇ દેશની એક જાતની રસમ છે. (સં. मा પરથી मीनाति, मिनोति).

ઓલુંકી (૧-૧૫૩) સંતાઇને રમાતી રમત, જેમાં છોકરાઓ સંતાઇને રમે છે, યા ચક્ષુ:સ્થગન ક્રીડા (આંખ મીંચામણી, સંતાકુકડી)

ઓરૂંજ (૧-૧૫૬) એક જાતની રમત કે જેમાં 'નથી, નથી' એમ કહેવામાં આવે છે.

કાજ્જપ્પ (૨-૪૬) સ્ત્રી રહસ્ય.

ખિકખરી (૨-૭૩) સૂચનાને માટે લાકડી કે જે ઢેઢ આદિ એટલા માટે રાખતા રહે છે કે બીજા લોક તેને અડે નહિ. (રજવાડામાં અસ્પર્શ્ય જાતિઓ કાગડા કે કુકડાનું પર આ રીતે શિર પર રાખે છે).

ગગિજ્જા (૨-૮૮) નવી પરણેલી વહુ.

ગંજોલ્લિઅ (૨-૧૧૦) હાસ્ય સ્થાનમાં અંગસ્પર્શ, જેનું લોક ભાષામાં 'ગિલગિલાવિઅ' રૂઢ થયેલ છે. (ગલગલીઆં).

છિંછટ રમણ (૩-૩૦) આંખ મિંચામણી.

ઝોંડલિયા (૩-૬૦) રાસના જેવો ખેલ કે જેમાં કન્યાઓ (અથવા બાલક) નાચે કુદે છે (રાસ).

ણુવલયા (૪-૨૧) એક રસમ કે જેમાં સ્ત્રીને પતિનું નામ પૂછાય છે અને તે નથી કહેતી તેથી તેને પલાશલતાથી મારવામાં આવે છે. (રાજપૂતાનામાં ક્યાંક ક્યાંક હિંડોળાપર ઝૂલતી વખતે સ્ત્રીઓ આ રમત હજી પણ કરે છે. હેમચંદ્રે એક શ્લોક આનો અર્થ સમજાવવા માટે ઉદ્ધૃત કરેલ છે તે પરથી જણાય છે કે સ્ત્રી

પુરૂષ મળીને આ રમત રમતા હતા અને કંઈ ફજેત ફાળકો જેવું પણ થતું હતું '**नियम विशेषश्च णवलया ज्ञेया । आदाय पलाशलतां भ्राम्यति लोको ऽखिलो यस्यां । पृष्टा पतिनाम स्त्री निहन्यते चाप्य कथयन्ती ।** તેણે જે સ્વરચિત ઉદાહરણ આપ્યું છે તેમાં '**दोला विलास-समए**' છે, કિંતુ '**पुच्छन्ती**' '**सही**=સખી) જ છે (નામ+લેવાની ક્રિયા–લયા)

ણીરંગી (૪–૩૧) માથું ઢાંકવાનું ફ્રૅઅ ઘૂંઘટ–ઘૂમટો (આભાણક શતકમાં–નીરંગિકા (સંસ્કૃત) એક કહેવતમાં આવેલ છે કે અંધશ્વસુરને માટે નીરંગિકા કેવી ?)

ણેડુરિઆ (૪–૪૫) ભાદ્રપદ શુકલ દશમીનો એક ઉત્સવવિશેષ;

તુણુઅ (૫–૧૬) ઝુંખા નામનું વાજું–વાદ્ય (પતંજલિના 'મૃદંગ શંખ તૂણવમાંનું તૂણવ ?)

થેવરિઅ (૫–૨૯) જન્મના અવસર પર વાજાંગાજાં.

દુક્કર (૫–૪૨) માઘ માસની રાત્રિમાં ચાર પહોર (પ્રતિ પહોર) સ્નાનનો નિયમ (દુષ્કર !)

દુદ્ધોલણી (૫–૪૬) જે ગાય એકવાર દોવાય પછી ફરી પણ દોવાઈ શકે તે–દૂધાળી !

દિઅસિઅ (૫–૪૦) સદા ભોજન (દિવસિક)

દિઅહુત્ત (૫–૪૦) સવારનું ભોજન (દિવાભુક્ત) શિરામણી.

દોવેલી (૫–૫૦) સાયંકાળનું–સાંજનું ભોજન (વાળુ)

ધમ્મઅ (૫–૬૩) ચોર દુર્ગાની સમક્ષ પુરૂષને મારી તેના શરીરના લોહીથી જંગલમાં જે ધર્માર્થ બલિ–બળિદાન કરવામાં આવે છે (તે સમયના ઠગ ?)

પંથુચ્છુહણી–(૬–૩૬) સાસરીએથી પહેલાં પ્રથમ (પીયર) લાવવામાં આવેલી નવવધૂ.

પાડિઅજ્જુ (૬–૪૩) જે પીયરથી વહુને સાસરીએ પહોંચાડે તે.

પોઅલઅ (૬–૮૧) આસો માસમાં ઉત્સવ કે જેમાં પતિ સ્ત્રીના હાથથી અપૂપ (પૂઆં) લઇ ખાય છે.

મુક્કય (૬–૧૩૫) જે સ્ત્રીનો વિવાહ થનાર હોય તેને છોડી બીજી નિમંત્રિત સ્ત્રીઓનો વિવાહ થઇ જવો તે. મૂકાણુ.

મટ્ટુહિય (૬–૧૪૬) વિવાહ થયેલી–પરણેલીનો કોપ, મટકો ?

લય (૭–૧૬) નવાં વિવાહિત સ્ત્રી પુરૂષોના જોડાનો અરસ્પરસ નામ લેવાનો ઉત્સવ. આ શબ્દના ઉદાહરણમાં હેમચંદ્રે જે ગાથા બનાવી લખી છે તેનો આશય એ છે કે મહારાજ કુમારપાલ! આપની સેનાને આવતી જોઇને ભાગનારા રિપુ-દંપતિ અરસ્પરસ નામ લઈ લઈને પુકારે છે અને આપના 'લય' ની યાદ કરાવે છે (કે વિવાહ થયાથી પણ આમ કર્યું હતું) જુઓ ઉપર 'ણવલયા'

લયાપુરિસ (૭–૨૦) એક ઉત્સવ કે જેમાં વધૂનું ચિત્ર હાથમાં કમલ દઇને ચિતરવામાં આવે છે.

બહુમાસ (૭–૪૬) જ્યારે નવી વિવાહિતા સ્ત્રીના ઘરથી પતિ બહાર જાય નહિ ને ત્યાં રમણ કરતો રહે તેવી વિશેષ રીતિ યા ઉત્સવ ('હનીમૂન' !)

બહુહાડિણી (૭–૫૦) એક સ્ત્રીની 'ઉપર' જે બીજી સ્ત્રી લાવવામાં આવે તે.

વોરલ્લી (૭–૮૧) શ્રાવણ સુદ ૧૪ નો વિશેષ ઉત્સવ (રાખડી ?).

સુગિમ્મહ (૮–૩૯) ફાલ્ગુનોત્સવ–આ સંસ્કૃત સુગ્રીષ્મકનો તદ્ભવ છે; તે માટે દેશીમાં ગણ્યો નથી. શ્રીહેમચંદ્રે ભામહમાંથી 'સુગ્રીષ્મકના પ્રયોગનું ઉદાહરણ આપ્યું છે (ફાગ ?).

સંવાડઅ (૮–૪૩) અંગૂઠો અને વચલી આંગલીથી ચાપટા–ચટાકા વગાડવા તે.

હિંચિઆહિંવિઅ (૮–૬૮) એક પગ ઉંચો કરી બીજા એકજ પગથી ચાલવાની છોકરાંઓની રમત.

૧૭૭ **કુમારપાલ ચરિત** કુમારપાલના રાજ્યમાં રચાયું. કુમાર-

પાલ રાજા ગાદીપર સં. ૧૧૯૯ માં બેઠો અને તેનો સ્વર્ગવાસ સં. ૧૨૩૦ માં થયો. હેમાચાર્યનો સ્વર્ગવાસ સં. ૧૨૨૯ માં થયો. શિલારા વંશના મલ્લિકાર્જુન સાથે યુદ્ધ સં. ૧૨૧૭-૧૮ માં થયેલું માનવું ઘટે[१४] તેથી કુમારપાલ ચરિત (દ્વાશ્રયકાવ્ય) અને તેમાં અંતર્ગત આ અપભ્રંશ (જૂની હિંદી-જૂની ગૂજરાતી) કવિતાનો રચનાકાલ વિ. સં. ૧૨૧૮ થી વિ. સં. ૧૨૨૯ સુધીમાં કોઇપણ સમય છે. હેમચંદ્રજીનું વ્યાકરણ સિદ્ધરાજ જયસિંહની આજ્ઞાથી તેના રાજત્વકાલમાં અર્થાત્. સં. ૧૧૯૯ ની પૂર્વે બન્યું. વ્યાકરણની બૃહદવૃત્તિ અને તેનો ઉદાહરણ સંગ્રહ સૂત્રોની સાથેજ રચાયેલ હશે. આ માટે શ્રી હેમચંદ્રે પોતા સિવાય અન્ય ઉલ્લેખેલ -ઉદ્ધૃત કવિતા પ્રચલિત થવાનો સમય વિ. સં. ૧૧૯૯થી પૂર્વે છે; એ તો વારંવાર કહેવાની જરૂર નથી કે આ સંવત્ તેની ઉપલબ્ધિનો નિમ્નતમ-છેલ્લામાં છેલ્લો સમય છે. ઉર્ધ્વતમ સમય-સૌથી અગાઉનો સમય મુંજના નામાંકિત દોહાથી લેવો ઘટે-અર્થાત્ આ કવિતા સં. ૧૦૨૯ થી ૧૧૯૯ સુધી લગભગ બે સૈકાની છે.

૧૭૮ જ્યારે હેમચંદ્રજીનાં ઉદાહરણોની વ્યાખ્યા લગભગ લખાઇ ચૂકી હતી ત્યારે **દોધક વૃત્તિ** નામનો ગ્રંથ ઉપલબ્ધ થયો. આ સન ૧૯૧૬ માં અમદાવાદમાં પંડિત ભગવાનદાસ હર્ષચંદ્રે છપાવ્યો છે, જેમાં રચનારનું નામ આપ્યું નથી પરંતુ અંતમાં એવો લેખ છે કે:—

" **इति श्री हैम व्याकरण प्राकृत वृत्तिगत दोधकार्थः समाप्तः लिखितो महोपाध्याय...य सं. १६७२ वर्षे शाके १५३८ प्र० (वर्तमाने) वैशाख वदि १४ शनौ** "—આમાં આ સર્વે ઉદાહરણોની સંસ્કૃત વ્યાખ્યા છે. અંતમાં એક માગધી ગદ્ય-ખંડ અને એક મહારાષ્ટ્રી પ્રાકૃત ગાથાને પણ 'દોધક' માનીને વ્યા-

---

૧૪ સિદ્ધરાજ જયસિંહ પૃથ્વીરાજના પિતા સોમેશ્વરનો નાનો (પિતા-મહ-માનો બાપ) હતો તથા સોમેશ્વરને કુમારપાળે પાળ્યો હતો. મલ્લિ-કાર્જુનની લડાઇમાં સોમેશ્વર સામેલ હતો. જુઓ નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૧ પૃ. ૪૦૦-૧.

ખ્યા કરી દીધી છે. હેમચંદ્રજીના પ્રાકૃત વ્યાકરણના પઠન પાઠનનો પ્રચાર જૈન સાધુઓમાં રહ્યો તેથી આ કવિતાઓના પરંપરાગત યાતો સાંપ્રદાયિક અર્થ જાણવામાં દોધકવૃત્તિ ક્યાંક ક્યાંક ઘણી સહાયતા આપે છે. જ્યાં મતભેદ છે ત્યાં બતાવવામાં આવેલછે.

દોધકવૃત્તિની રચના જૈન સંસ્કૃતમાં થઈ છે-તેમાં જ ભાષાનુગ સંસ્કૃત-એટલે ભાષાપરથી કરેલ સંસ્કૃતના પદો આવ્યાં છે તેની યાદી નીચે પ્રમાણે આપી છે.

ચટિતઃ—ચઢેલો, ચટતિ-ચઢે છે, ચટામઃ—અમે ચઢીએ છીએ (ચડિઅઉ, ચડિઓ)

લગિત્વા—લગાવી-(લાઇ), લગાડીને (લગ્ગિ) લાગી-વળગી સાથે.

બલિં ક્રિયે-વારી જાઉં છું (બલિ કિજ્જઉં)

અર્ગલં-આગળ (એત્તિઉ અગ્ગલઉં)

રફેટયતિ—(ફેડઇ) ઘેરે, નષ્ટ કરે

કિં ન સૃતમ્—શું નહીં સર્યું? સર્વ કાંઇ સિદ્ધ થયું.

મુત્કલેન—દાન, ઉદારતાથી (મોકલડેન) મોકળા હાથથી

ઉદ્વરિત (છાપેલું છે ઉદ્ધરિત) ઉગર્યું, બચ્યું (ઉવ્વરિઅ)

ઉદ્વર્ત્યતે—ઊબરે ત્યજ્યતે (ઉવ્વારિજ્જઇ)

ચૂટકઃ—ચૂડો (ચૂડુલ્લઉ) ચુડલો.

છન્ન—ગુપ્ત (મારવાડી છાનૈ) ગૂ. છાનું.

વિધ્યાપયતિ—બુઝાવે છે-(વધેરે છે-દીવો વધેરે છે)

આવર્તતે—શોષયતિ! (આવટ્ટઇ=આવટે છે, ઓટે છે, ઓટાય છે)

જગટકાનિ—ઝગડા.

ધાટી—ધાડ, ધાડું.

દ્રહે—દહમાં-દ્રોમાં-'ધરો'-ધરામાં [હૃદનો વ્યત્યય)

કલહાપિતઃ—કલહિતઃ

તીમોદ્વાનં—આર્દ્રશુષ્કં-લીલું સુકું, (તિંતુવ્વાણુ).

વિછોટચ—વછોડી,

સ્તાધ—થાહ

મોટર્ઝન્તિ—મોડે છે (મોડંતિ).

૧૭૯—ઉદાહરણાશમાં જે અક્ષરનિવેશ શ્રી શંકર પાંડુરંગ પંડિતે પોતાના કુમારપાલ ચરિતના સંસ્કરણમાં કેટલીક પ્રતિઓની સહાયતાથી રાખ્યો છે તે રાખ્યો છે. પાઠાંતર ઘણા ઓછાં આપ્યાં છે–આનાં કારણ મુખાનુસારીલેખન (જેવું બોલવું તેવું લખવું), અસાવધાનતા, ઉઓ, ઉઐા, સ્થ. સ્છ, આદિ લખતાં એક બીજા સાથે રહેલી સમાનતા, પર સવર્ણની અનિત્યતા, અઈ, એ, અઉ, ઓના વિકલ્પ, અનુનાસિકની અસાવધાનતા, અને અંતના ઉની ઉપેક્ષા આદિ છે." એ ઓ ના અર્ધ ઉચ્ચારણને ધ્યાનમાં રાખવાથી તથા અથી 'ઈ ઉ'ને મેળવી એ, ઓ બોલવાથી છંદ સારી રીતે બોલી શકાય છે તથા ગાતાં બરાબર ગાઇ શકાય છે.

પ્રકરણ ત્રીજું.

હેમચંદ્રજીનું જીવનચરિત તથા કાર્ય.

૧૮૦ હેમચંદ્રજીના જીવનચરિતનો કંઇક આભાસ કુમારપાલ પ્રતિબોધના ઐતિહાસિક વિષય સંબંધી કહેતાં હવે પછી આવશે. તેમનો જન્મ સં. ૧૧૪૫ માં, દીક્ષા સં. ૧૧૫૪ માં, સૂરિપદ સં. ૧૧૬૬ માં અને સ્વર્ગવાસ સં. ૧૨૨૯ માં થયો. તેમનું જન્મ નામ ચંગદેવ હતું. દીક્ષા સમયે સોમચંદ્ર અને સૂરિ થતાં હેમચંદ્ર પડયું. સિદ્ધરાજ જયસિંહની પાસે તેમણે ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. સિદ્ધરાજ પોતે શૈવ હતો છતાં સર્વ ધર્મોનો આદર કરતો હતો. સિદ્ધરાજને માટેજ હેમચંદ્રજીએ પોતાનું વ્યાકરણ બનાવ્યું કે જે સંબંધે ચર્ચા આપણે કરી છે. હેમચંદ્રજીના પ્રભાવથી સિદ્ધરાજનું મન જૈન ધર્મ પ્રત્યે ઝૂક્યું હશે. પરંતુ કુમારપાલ રાજા થવાથી હેમચંદ્ર તે હેમચંદ્રજ ખરા બન્યા, હેમ-

ચંદ્ર 'કલિકાલ સર્વજ્ઞ' થયા અને કુમારપાલ પરમાર્હત બન્યા.

૧૮૧. કુમારપાલના રાજ્યના પ્રથમના પંદર વર્ષ યુદ્ધવિજય આદિમાં વીત્યાં. શ્રી હેમચંદ્રે અગાઉથીજ કુમારપાલ રાજા થશે એવી ભવિષ્ય વાણી કહી દીધી હતી અને સિદ્ધરાજના તેના પરના દ્વેષથી થયેલી સંકટાવસ્થામાં તેને સહાયતા પણ આપી હતી. હવે તેને જિન ધર્મોપદેશ આપી તેના દ્વારા ખૂબ ધર્મપ્રચાર કરાવ્યો. કુમારપાલના ઉત્તરાધિકારી અજયપાલના મંત્રી યશઃપાલે મોહપરાજય નામનું નાટક પ્રબોધચંદ્રોદયની શૈલીનું લખ્યું છે તેમાં એવું વર્ણન છે કે ધર્મ અને વિરતિની પુત્રી કૃપા સાથે કુમારપાળનો વિવાહ સં. ૧૨૧૬ ના માર્ગશીર્ષ શુકલ દ્વિતીયાને દિને હેમચંદ્રે કરાવ્યો તેથી મોહને હરાવી ધર્મને પોતાનું રાજ્ય પુનઃ અપાવ્યું. રૂપકને દૂર કરીએ તો આ તિથિ કુમારપાલના જૈન ધર્મ સ્વીકારની છે. હેમચંદ્રજીના ઉપદેશથી સદાચાર પ્રચાર, દુરાચાર ત્યાગ, મંદિર રચના, પૂજા વિસ્તાર, જીર્ણોદ્ધાર, અમારિઘોષણ, તીર્થયાત્રા આદિ ઘણી ધામધૂમથી કુમારપાળે કર્યા ને કરાવ્યાં. જૈન સાહિત્યમાં આ ગુરૂ શિષ્યના ઘણા પ્રશંસાપૂર્ણ ઉલ્લેખ છે.

૧૮૨. રાજાએ ૨૧ જ્ઞાનકોશ (પુસ્તક ભંડાર) કરાવ્યા, છત્રીશ હજાર શ્લોકોનું ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર હેમચંદ્ર પાસે રચાવી સોના રૂપાથી લખાવી સાંભળ્યું. અગ્યાર અંગ, બાર ઉપાંગ સોનાથી લખાવી સાંભળ્યાં, યોગ્યશાસ્ત્ર આદિ લખાવ્યાં. ગુરૂના ગ્રંથોના લખવાવાળા ૭૦૦ લેખક (લહીઆ) હતા. એક દિન લેખકશાળામાં જઈ રાજાએ લેખકોને 'કાગળો' પર લખતા જોયા. ગુરૂએ કહ્યું કે શ્રી તાડપત્રોનો ટોટો પડયો છે. રાજાને શરમ થઇ. ઉપવાસ કર્યો. ખર તાડો (કઠણ તાડો કે જેના પાન લખવા માટે કામ આવી ન શકે)ની પૂજા કરી તો તે સવારમાં શ્રી તાડ થઇ ગયા પછી ગ્રંથ તેના પર લખાવાતા ગયા! (શ્રી જિનમંડનનો કુમારપાલ પ્રબંધ પૃ. ૯૫-૯૭).

૧૮૩. શ્રી હેમચંદ્રે કેટલાયે લાખો શ્લોકોના ગ્રંથ બનાવ્યા છે તેમાં પ્રધાન ગ્રંથો એ છે કેઃ—અભિધાન ચિંતામણિ આદિ કેટલાક કોશ, કાવ્યા-

નુશાસન, છંદોનુશાસન, દેશી નામમાલા, દ્વાશ્રયકાવ્ય (સંસ્કૃત તથા પ્રાકૃત), યોગશાસ્ત્ર, ધાતુપારાયણ, ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત, પરિશિષ્ટ પર્વ. શબ્દાનુશાસન (વ્યાકરણ). તેના પોતાના રચેલા ગ્રંથોની પ્રાયઃ વૃત્તિઓ પણ રચાઇ છે, ૮૪ વર્ષની અવસ્થામાં અનશનથી હેમચંદ્રે પ્રાણત્યાગ કર્યો. કુમારપાલ પણ લગભગ ૭ માસ પછી સ્વર્ગસ્થ થયો.

સિદ્ધ હૈમ વ્યાકરણની રચના—(જિનમંડનના કુમારપાલ પ્રબંધ પરથી પૃ. ૧૨(૨), ૧૬(૨) વગેરે).

૧૮૪. પહેલાં કદી હેમચંદ્રજી **'परब्रह्ममय परमपुरूष प्रणीत्त मातृका अष्टादश लिपि विन्यास प्रकटन प्रवीण'** બ્રાહ્મી આદિ મૂર્ત્તિઓને જોઇ કાશ્મીર જવા ચાલ્યા તો ભગવતીએ તેનો માર્ગક્લેશ બચાવવા માટે માર્ગમાંજ આવી દર્શન તથા વિદ્યામંત્ર આપ્યાં હતાં. સિદ્ધરાજ જયસિંહને ત્યાં તેનું પાંડિત્ય જોઈ કોઇ અસહિષ્ણુ (બ્રાહ્મણો) એ કહ્યું કે અમારાં શાસ્ત્ર (પાણિનીય વ્યાકરણ) શીખીને આ વિદ્વત્તા પ્રાપ્ત થઇ છે. સિદ્ધરાજે પૂછ્યું ત્યારે હેમચંદ્રે કહ્યું કે શ્રી મહાવીર જિને શિશુ અવસ્થામાં જે ઉપદેશ ઇંદ્ર સમક્ષ આપ્યો હતો તે જનેંદ્ર વ્યાકરણજ અમે શીખીએ છીએ. (જુઓ ઉપર પૃ. ૩૮૧ ટિ. ૨) રાજાએ કહ્યું કે તેટલા પ્રાચીનને છોડીને કોઈ નજીકના કર્ત્તાનું નામ આપો. તેણે કહ્યું કે સિદ્ધરાજ સહાયક થાય તો પોતે નવું પંચ અંગવાળું વ્યાકરણ રચે. રાજાએ સ્વીકાર્યું એટલે શ્રી હેમચંદ્રે કહ્યું કે કાશ્મીરમાં પ્રવરપુર (બિલ્હણની જન્મભૂમિ)માં ભારતી કોશમાં પુરાતન આઠ વ્યાકરણોની પ્રતિ છે તે મંગાવી આપો. પ્રધાનોએ જઇ ભારતીની સ્તુતિ કરી એટલે ભારતીએ કહ્યું કે હેમચંદ્ર મારીજ મૂર્ત્તિ છે, પ્રતિઓ આપી દો. પ્રતિઓ આવી. ઘણા દેશોથી અઢાર વ્યાકરણ લાવવામાં આવ્યાં. ગુરૂ (હેમચંદ્ર) એ એક વર્ષમાં સવા લાખ ગ્રંથનું વ્યાકરણ રચી રાજાના હાથી પર રાખી, ચમર ઢોળતાં રાજસભામાં લાવી પધરાવ્યું અને સંભળાવ્યું. અમર્ષી બ્રાહ્મણોએ કહ્યું કે શુધ્ધા શુદ્ધની પરીક્ષા કર્યા વગર રાજાના સરસ્વતી કોશમાં રાખવા યોગ્ય નથી. કાશ્મીરમાં ચંદ્રકાન્ત મણિની

બનેલી બ્રાહ્મીની મૂર્તિ છે, તેની સમક્ષ જલકુંડમાં પુસ્તક ફેંકવામાં આવે. જો ભીંજાયા વગર નિકળી આવે તો શુદ્ધ જાણો, અન્યથા નહીં[૧૫] રાજાએ સંશયાકુલ થઇ ત્યાં મોકલાવ્યું. પંડિતો સમક્ષ બે ઘડી સુધી વ્યાકરણ કાશ્મીરના સરસ્વતી કુંડમાં પડી રહ્યું. અકિલન્ન નીકળ્યું. રાજાને જ્યારે પ્રધાનોએ આ જણાવ્યું ત્યારે ૩૦૦ લેખકોથી ત્રણ વર્ષ સુધી પ્રતિઓ[૧૬] લખાવરાવી [૧૭]અઢાર દેશોમાં પઠન પાઠન માટે મોકલી.

---

૧૫. ભાસ અને વ્યાસનાં કાવ્યોની અગ્નિપરીક્ષાનાં સંબંધમાં જુઓ. ના. પ્ર૦ પત્રિકા ભાગ ૧ પૃ. ૧૦૦. રાજશેખરે સૂક્તિમુક્તાવલિમાં ભાસના સ્વપ્નવાસવદત્તના ન બળવાનો ઉલ્લેખ કર્યો છે (दाहकोऽभून्न पावकः), અને ગૌડવહોના કર્તા વાક્‌પતિરાજે પ્રાયઃ આટલા માટે ભાસને जलणमित्त (ज्वलन-मित्र) કહ્યો છે. રાજશેખર સૂરિ (જૈન)ના ચતુર્વિંશતિ પ્રબંધમાં કાશ્મીરમાં સરસ્વતીના હાથમાં શ્રી હર્ષનું નૈષધચરિત્ર રાખવાનો અને સરસ્વતીના તે કાવ્યમાં પોતાના કરેલા વ્યકિતગત આક્રમણથી ચીડાઇ તેને ફેંકી દેવાનો ઉલ્લેખ છે. શ્રીહર્ષ ચીડાઈ કહે છે કે 'कापितैः किं छुट्यते कलंकात्'. (ચંદ્રધર શર્માજી) પાસે 'ગન્ધોત્તમા નિર્ણય' નામની એક ખંડિત પોથી છે કે જેમાં શાકત પૂજામાં મદ્યના ઉપયોગના વિધાનનો નિર્ણય છે. તેમાં લખેલ છે કે ભાગવતની કેટલીએ ટીકાઓ પાણીમાં નાંખવામાં આવી હતી, કિંતુ શ્રીધરસ્વામીની ટીકા ભીંજાયા વગર-બૂડયા વગર નીકળી. એજ પ્રમાણે માઘકાવ્ય પણ. ગન્ધોત્તમા નિર્ણયકારે તો એટલા માટે આ કથાઓ મૂકી છે કે શ્રીધર સ્વામીની ટીકામાં 'लोके व्यवायामिष मद्य०' એ શ્લોકની વ્યાખ્યા તથા માઘકાવ્યમાં બલદેવના વર્ણનમાં 'घूर्णयन् मदिरास्वाद०' એ શ્લોક પોતાના પક્ષનું સમર્થન કરે છે. પરંતુ પાણીમાં નાખીને શાસ્ત્ર-પરીક્ષાના સંપ્રદાયની કથા હોવાથી અહીં લખી નાંખી છે.

૧૬. કોઇ સંસ્કૃતાભિમાની માતૃકા, કોષ યા પ્રતિકૃતિની જગ્યાએ પ્રતિઃ એમ લખનારની હાંસી કરે છે, કિંતુ જૈન યા દેશ ભાષાનુગામી સંસ્કૃતમાં આ શબ્દ સં. ૧૪૯૨ માં મળે છે. જિનમંડને પ્રતયઃ, પ્રતીઃ એમ કેટલીએ વાર લખ્યું છે.

૧૭. અઢાર દેશ—કર્ણાટ, ગૂર્જર લાટ, સૌરાષ્ટ્ર, કચ્છ, સિંધુ, ઉચ્ચા, ભંભેરી, મરૂ, માલવ, કોંકણ, રાષ્ટ્ર, કીર, જાલંધર, સપાદલક્ષ, મેવાડ, દીપ, આભીર. જિનમંડનનો કુમારપાલ પ્રબંધ પત્ર ૮૧ (૧).

પ્રકરણ ચોથું.

શ્રી હેમચંદ્ર અને દેશી.

૧૮૫. **युव** (**न्**) (એટલે જુવાન)ના તારતમ્ય વાચકરૂપ **यवीयस्**, **यविष्ट** અને **अल्प**ના **अल्पीयस्** અને **अल्पिष्ट** થાય છે. આ અર્થોમાં **कनीयस्** અને **कनिष्ठ** પણ થાય છે. પાણિનિની આ સંબંધે કહેવાની રીત એવી છે કે **युव** અને **अल्प**ની જગ્યાએ વિકલ્પથી **कन्** થઇ જાય છે (૫-૩-૬૪). આનો ઐતિહાસિક અર્થ એ છે કે પાણિનિના સમયમાં એકલો **कन्** નાનાના અર્થમાં વપરાતો ન્હોતો– કેવલ તેના તારતમ્યવાચક રૂપમાં વપરાતો હતો. વૈયાકરણોની કહેવાની એવી રીતિ છે કે પાણિનિના સૂત્રથી **अल्पीयस्** અને **यवीयस्**ની જગ્યાએ **कनीयस्**, અને **अल्पिष्ठ** અને **यविष्ठ**ની જગ્યાએ **कनिष्ठ** થઇ જાય છે. આવું કંઇ થતું નથી. વ્યાકરણનું સૂત્ર કોઇ નવીન ચીજ બનાવી શકતું નથી. તે તો જે કંઇ હોય તેને નિયમથી રાખી દે છે. 'અમુક સૂત્રથી આમ થયું' એને બદલે વૈજ્ઞાનિક રીતિથી એમ કહેવું ઘટે કે 'આમ ભાષામાં થાય છે, તેનો ઉલ્લેખ અમુક સૂત્રમાં કરેલો છે.' **कन्** કે જેનો અર્થ નાનું છે તેનો એકલપણે વિશેષણ તરીકે તે સમયે સંસ્કૃતમાં વ્યવહાર થવાનું બંધ પડી ગયું હતું. '**कन्या**' માં તે મોજૂદ છે. કન્યાનો પુત્ર '**कानीन**' બનાવવા માટે પાણિનિએ કન્યાને બદલે '**कनीन**' માની પ્રત્યય લગાડયો છે. (૪-૧-૧૧૬). આ કાર્ય (જો '**कन्**'ની સત્તા–તેનું અસ્તિત્વ પાણિનિ માનત તો) **कन्**ને પ્રત્યય લગાડીને પણ થઇ શકતું હતું. નેપાલી 'કાન્–છા' (નાના) હિંદી **कन+अंगुरिया**–નારંગીની 'કન્ની' આદિમાં તે '**कन्**' ચાલુ રહેલો દેખાય છે. તે રીતે જ્યાં પાણિનિએ '**ब्रू**' ના કંઇક રૂપોને બદલે '**आह**'નું થવું, **हन**નું '**वध्**' થઇ જવું, અને**अस्**નું **भू** થઈ જવું જણાવ્યું છે તેનો ઐતિહાસિક અર્થ એ છે કે '**आह्**' '**अस्**' અને '**वध्**' ધાતુઓનાં જે સમયે પુરાં રૂપો પહેલાં થતાં હશે, તે

સમયે જે ધાતુ અધુરી રહી ગઇ હતી તેને પાણિનિએ તે અર્થના બીજા ધાતુઓનાં રૂપોમાં મેળવી દીધી. પાણિનિના વૈદિક રૂપોના વિવેચનથી એવો પત્તો મળે છે કે કેટલાક સમય સુધી કેવા પ્રયોગ થતા હતા અને ક્યારથી તે બદલાયા.

૧૮૬. પ્રાકૃત વૈયાકરણોએ બદ્ધમૂલ સંસ્કૃતને પ્રકૃતિ માની બદ્ધ-મૂલ પ્રાકૃતનું વ્યાકરણ લખ્યું છે. સંસ્કૃતથી શું શું પરિવર્ત્તન થાય છે તેને ગણવામાં આવેલ છે; પ્રાકૃતને ભાષા માની તે વર્ત્યા નથી. વર્ત્તી પણ શકતા નહોતા, તેનું લક્ષ્ય પ્રાકૃત પણ પુસ્તકી એટલે જડ પ્રાકૃત હતું. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના લગભગ બે પાદ આમાંજ ગયા છે કે ક્યા સંસ્કૃત શબ્દમાં ક્યા અક્ષરની જગ્યાએ શું થઇ જાય છે. તો પાણિનિની પેઠે સ્થાન, પ્રયત્ન, અંતરતમ આદિનો વિચાર પ્રાકૃતવાળા કરત તો સંક્ષેપ પણ થાત અને વૈજ્ઞાનિક નિયમ પણ થઇ શકત. તેના વગર પ્રાકૃત વ્યાકરણ અનિયમ પરિવર્ત્તનોની પરિસંખ્યા માત્ર થઇ ગયેલ છે. હેમચંદ્ર કહે છે કે **ङसि** (પંચમી એકવચન, અપાદાન)ની જગ્યાએ પ્રાકૃતમાં **त्तो, दो, दु, हि, हिन्तो** આવે છે, યા કોરી સંજ્ઞા પ્રત્યય વગર આવે છે. બહુ વચનમાં આ વગર **सुन्तो** પણ આવે છે. ૮–૩–૮,૯. આગળ ચાલતાં તેણે મધ્યમપુરૂષ અને ઉત્તમપુરૂષના કેટલાંક રૂપ ગણાવ્યા છે. ૮–૩–૯૦–૧૧૭. શું આ સર્વ રૂપ પ્રાકૃતમાં એક સમયેજ ચાલુ થયાં યા સમયે સમયે આવતાં ગયાં એ જાણવું ઘણું રોચક અને જ્ઞાનદાયક થાત. આથી પ્રાકૃતના પ્રકારો માલૂમ પડત. સંબંધના અર્થમાં **केरअ (सं. केरक**, હિંદી–ગૂજરાતી કેરા) પ્રત્યય આવે છે, હેમચંદ્રે તેને અપભ્રંશમાં આદેશ ગણ્યો છે ૮–૪–૪૨૨, પ્રાકૃતમાં નથી ગણેલ, પરંતુ તે મૃચ્છકટિક અને શાકુંતલની પ્રાકૃતમાં કેટલીએ જગ્યાએ મળી આવે છે.

૧૮૭. પ્રાકૃતોમાં જે સંસ્કૃતસમ યા તત્સમ શબ્દ છે તે સંસ્કૃત પરથી જણાય છે. જે સંસ્કૃતભવ યા તદ્‌ભવ છે તેની લોપ, આગમ, વર્ણવિકાર આદિથી આ વૈયાકરણોએ સમજ આપી છે. હવે બાકી

રહ્યા દેશી. તે અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે કે જેનો નવી જૂની પ્રાકૃતો વાળા વ્યવહાર કરતા આવ્યા છે. તેની પ્રકૃતિ પ્રત્યયનો વિચાર કઠિન છે. સંભવ છે કે અધિક શોધ કરતાં તેમાંથી કંઇક બીજી ત્રીજી પેઢીના તદ્‌ભવ સિદ્ધ થઇ જાય. હેમચંદ્રજીએ દેશીનું વૈજ્ઞાનિક વિવેચન કર્યું નથી.

૧૮૮. પોતાની દેશી નામમાલામાં પોતે શું લીધું છે, શું નથી લીધું તેનો ઉલ્લેખ તેઓ એવી રીતે કરે છે કે (૧) જે લક્ષણગ્રંથ (સિદ્ધ-હૈમ શબ્દાનુશાસન)માં પ્રકૃતિ-પ્રત્યય આદિ વિભાગથી સિદ્ધ કરવામાં આવ્યા નથી તે ત્યાં લેવામાં આવ્યા છે (૨) જે ધાતુ, વૈયાકરણ તથા કોશકારોએ દેશીમાં ગણેલ છે, પરંતુ જેને અમે ધાતુઓના આદેશ માનેલ છે તે લેવામાં નથી આવ્યા (૩) જે પ્રકૃતિ-પ્રત્યય વિભાગથી સંસ્કૃતજ સિદ્ધ થાય છે કિંતુ સંસ્કૃત કોશોમાં પ્રસિદ્ધ નથી તે અહીં લેવામાં આવ્યા છે—જેવા કે અમૃત-નિર્ગમ એટલે ચંદ્ર, છિન્ન-ઉદ્‌ભવા એટલે બીજ, મહાનટ એટલે શિવ ઇત્યાદિ (૪) જે સંસ્કૃત કોશોમાં નથી કિંતુ ગૌણ લક્ષણા યા શક્તિથી જેનો અર્થ બેસે છે—જેવો કે બઇલ્લ (એટલે બેલ, બળદ)=મૂર્ખ તે લેવામાં નથી આવ્યા.

૧૮૯. વળી તે કહે છે કે મહારાષ્ટ્ર, વિદર્ભ, આભીર આદિ દેશોમાં જે શબ્દ પ્રસિદ્ધ છે (જેવા કે મગા=મરાઠી મગ=પછી, હિંગ એટલે જાર) તેને ગણવામાં આવે તો દેશો અનંત હોવાથી પુરૂષાયુષથી પણ તેનો સંગ્રહ થઈ શકે તેમ નથી તે માટે ' **अनादि प्रसिद्ध प्राकृत भाषा विशेष** ' જ દેશીને કહેવામાં આવેલ છે. પોતાની પુષ્ટિમાં એક જૂનો શ્લોક ઉદ્‌ધૃત કરેલ છે કે દિવ્ય યુગસહસ્રમાં વાચસ્પતિની બુદ્ધિ પણ એટલી સમર્થ થઈ શકતી નથી કે જે દેશોમાંના પ્રસિદ્ધ શબ્દો સંપૂર્ણપણે ચુંટી શકે (દેશી નામમાલા ગાથા ૨-૩)[૧૮] આથી

---

૧૮ સરખાવો પતંજલિ-' બૃહસ્પતિએ ઇંદ્રને દિવ્ય વર્ષ સહસ્ર શબ્દ પારાયણ કરાવ્યું પરંતુ અંત આવ્યો નહિ-બૃહસ્પતિ જેવો કહેનાર, ઇંદ્ર જેવો શીખનાર, દિવ્ય વર્ષસહસ્ર જેટલો અધ્યયન કાળ તો પણ અંત ન આવ્યો. આજકાલ જે જીવો છે તે ઘણું ઘણું સો વર્ષ જીવે ઇત્યાદિ (પ્રથમ આહ્નિક.)

સ્પષ્ટ છે કે મનમાની–પોતાની મરજીમાં આવે તેવી આ માલા કરવામાં આવી છે[૧૯]–સંસ્કૃત પ્રયોગને પ્રમાણ ન માનતાં કોશોને માન આપ્યું છે. જો અમૃતનિર્ગમ અને મહાનટ ચંદ્રમા અને શિવના અર્થમાં સંસ્કૃત કોશોમાં ન આપવામાં આવ્યા હોય તેથી શું થયું ? પ્રકૃતિ પ્રત્યય વિભાગ અને શક્તિ, રૂઢિ આદિથી તે સંસ્કૃતજ છે. તેવી રીતે (૩) અને (૪) માં પરસ્પર વિરોધ આવે છે.

૧૯૦. સંસ્કૃતમાં 'અપ્રયુક્ત'નો વિચાર કરતાં પતંજલિએ કહ્યું છે કે ઉપલબ્ધિમાં યત્ન કરો.' શબ્દનો પ્રયોગ–વિષય મોટો છે. સાત દ્વીપની પૃથ્વિ, ત્રણ લોક, ચાર વેદ, અંગ અને રહસ્ય સહિત, તેના ઘણા ભેદ, ૧૦૦ શાખા અધ્વર્યુવેદની, સામવેદના ૧૦૦૦ માર્ગ, ૨૧ પ્રકારના વાહ્‌વૃચ્ય (ઋગ્વેદ), નવ જાતના અથર્વણ વેદ, વાકોવાક્ય, ઇતિહાસ, પુરાણ, વૈદક, આટલા શબ્દના પ્રયોગ–વિષય છે. આટલા શબ્દના પ્રયોગ–વિષયને સાંભળ્યા કે વિચાર્યા વગર શબ્દ અપ્રયુક્ત છે એમ કહેવું તે સાહસમાત્ર છે (પહેલું આહ્નિક). એ પ્રમાણેજ (૧) (૨)માં વિરોધ આવે છે. ધાતુઓમાં શ્રી હેમચંદ્રે ભારે અદ્‌ભુત કાર્ય કર્યું છે. એક ધાતુને પ્રધાન–મુખ્ય ગણેલ છે—અને તેના અર્થની બીજી ધાતુઓને તેનો આદેશ માની ઝઘડો પતાવ્યો છે. જેમકે કહઇ (**कथयति**) ધાતુ લીધો–માન્યો. હવે વજ્જરઇ, પજ્જરઇ, ઉપ્પાલઇ, પિસુણઇ, સંઘઇ,

---

૧૯ વૈયાકરણોની મનમાની પુરાણી લખવાની રીતિ પણ નષ્ટ થઇ. પ્રાકૃત પોથિઓમાં લખનારા 'શોધ શોધ' કરી લખવા લાગ્યા તેથી દક્ષિણનાં પ્રાકૃતનાં પુસ્તકોમાં જૂના પાઠ મળી આવે છે. ઉત્તરનાં પુસ્તકોમાં તે 'સુધારવામાં' આવ્યા છે (બાર્નેટ, જ. રૅ. એ સોસાયટી અક્ટો. ૧૯૨૧). આમ શોધી–સુધારી મુકવાના પરિણામે 'मृगनेत्रासु रात्रिषु' નું 'सुगतैतासु रात्रिषु' થઇ ગયું હતું. (પ્રતિભા, વર્ષ ૩), ભાગવતના દક્ષિણી વૈષ્ણવ ટીકાકારોએ ભાગવતમાં જે વૈદિક પ્રયોગ (આર્ષ) છે તેને બદલી વર્ત્તમાન સંસ્કૃત કરી દીધું છે–શ્રીધર સ્વામીએ નહિ, એ વાત કુંભકોનં સંસ્કરણની ટિપ્પણીઓથી સ્પષ્ટ થાય છે. તેઓએ ભાગવતને 'શુદ્ધ' કર્યું કિંતુ શું તેની પ્રાચીનતાનો લોપ પોતાને હાથે નથી કર્યો ?

ઓલ્લાઈ, ચવઇ, જમ્પઇ, સીસઇ, સાહઈ—ને વિકલ્પે 'કહઈ'ના આદેશ કરી દીધા છે. (૮–૪–૨) ઉબ્બુક્કઇને આમાં ગણેલ નથી કારણકે તેને ઉત્+બુક્કમાંથી નિકળેલી માનેલ છે. આમ જોવામાં આવે તો વજ્જરઇ **उच्चरति**માંથી, પજ્જરઈ **प्रोच्चरति**માંથી, પિસુણઇ **पिशुनयति**માંથી, સંઘઈ **संख्याति**માંથી, જમ્પઇ **जल्पति**માંથી નિકળી શકે છે.

૧૯૧. વળી શ્રી હેમચંદ્ર લખે છે કે બીજાઓએ આને દેશી શબ્દો તરીકે લીધા છે, કિંતુ અમે તેને ધાત્વાદેશ કરી દીધા છે કે જેથી વિવિધ પ્રત્યયોમાં પ્રતિષ્ઠિત થઇ જાય. આમ કરવાથી વજ્જરિઓ એટલે **कथित** વજ્જરિઊણ એટલે **कथयित्वा** આદિ હજારો રૂપ સિદ્ધ થઈ જાય છે"–આતો પોતાની મનમાની થઇ. યાતો તેને સ્વતંત્ર ધાતુ માની લેવાત, યા તેમાં તદ્ભવ અને દેશીની છાટ નાંખી શકાત. વૈયાકરણોના સ્વભાવ પ્રમાણે હેમચંદ્ર કહે છે કે અમે તેને આદેશ એટલા માટે ગણેલ છે કે તેને પ્રત્યય લગાડી શકાય, તે વિવિધ પ્રત્યયોમાં પ્રતિષ્ઠિત થઇ જાય. પતંજલિ, વૈયાકરણોને ચેતવણી આપી ગયેલ છે કે 'જેમ ઘડાનું કામ પડતાં લોક કુંભારને ત્યાં જાય છે કે અમને ઘડો બનાવી આપ તેમ શબ્દનું કામ પડતાં કોઇ; વૈયાકરણને ત્યાં જતો નથી કે ભાઇ! અમારે કામ છે માટે શબ્દ બનાવી આપ" (પહેલું આહ્નિક); કિંતુ વૈયાકરણ સમજે છે કે તેને પ્રતિષ્ઠિત કર્યા વગર લોક આ ધાતુઓ સાથે પ્રત્યયજ નહી લગાડી શકે. કુકડો સવાર થતાં બોલે છે. કિંતુ ફ્રેંચ ભાષાના એક નાટકમાં એક કુકડાને એવું અભિમાન થયેલું બતાવ્યું છે કે હું નવિ બોલું તો સવાર પડશેજ નહિ. અસ્તુ.

૧૯૨. આ ચોથા પાદમાં કેટલીક ધાતુઓના આદેશ ગણાવ્યા છે કે જેમાં કેટલાક તો તદ્ભવ ધાતુ છે અને દેશી છે જેમકે ભ્રમ (એટલે ઘૂમવું) ના અઢાર આદેશોમાં (૮–૪–૧૬૧) ચક્કમઇ–**चंक्रम** પરથી, ભમ્મડઇ, ભમાડઇ–**भ्रम** પરથી સ્વાર્થમાં ડ લગાડી તલઅણ્ટઇ–**तल+अट** પરથી, ભુમઇ, ફુમઇ–**भ्रम** પરથી, પરીઇ, પરઇ–**परि+इ** પરથી તદ્ભવ માની શકાય છે. ટિરિટિલ્લઇ, ઢુણ્ઢુલ્લઈ, ઢણ્ઢલઇ, ઝણ્ટઇ, ઝમ્પઈ, ગુમઈ, ફુસઇ, ઢુમઇ,

દુસઈ બાકી રહ્યા તેને દેશી ધાતુ માનો અથવા અનુકરણ આદિથી બનેલા સમજો. દેશીના ભંડારમાંથી સંસ્કૃત વાળા 'સંસ્કૃત' કરીને અને પ્રાકૃતવાળા એમજ લેતા રહ્યા છે. પહેલાએ એમ નથી કહ્યું કે અમે લીધા છે-તે તો એમજ કહેતા ગયા કે અમારાજ છે, બીજાએ દેશી અને તદ્ભવોની વહેંચણી કરી, કારણ કે તદ્ભવોને પોતાના થોડા નિયમોથીજ બાંધેલા માન્યા વ્યત્યયનો વિચાર કર્યો નહિ.

૧૯૩. હેમચંદ્ર સૂરિએ પોતાની જન્મ ભાષાનું ગૂજરાતી, હિન્દી કે મરાઠી આદિ કોઈ ખાસ–વિશિષ્ટ નામ ન રાખતાં 'અપભ્રંશ' એવું સામાન્ય નામ રાખ્યું છે. આનું કારણ એ છે કે તે ભાષા તે સમયે, તેવાજ રૂપમાં કંઇક થોડા ભેદ સાથે ભારતના ઘણા ખરા પ્રદેશોમાં બોલાતી હતી. આથી આચાર્ય હેમચંદ્રે તેને ખાસ કોઈ પ્રદેશની ભાષા ન માનતાં સામાન્ય અપભ્રંશ ભાષા માની. આ 'અપભ્રંશ' એટલે વિકૃત સ્વરૂપ કઇ ભાષાનું સમજવું? આ પ્રશ્નનો ઉત્તર આપણને કેવલ જૈન સાહિત્યથી મળશે. અન્યથી નહિ. આટલા માટે જે પ્રાકૃત ગ્રંથો હેમ-ચંદ્રાચાર્યની પહેલાં ક્રમથી ૩, ૪ શતાબ્દિઓથી લખાયેલાં છે તે જોવાં ઘટે. જો કે સર્વનું અવલોકન અત્યાર સુધી ઠીક ઠીક પ્રમાણમાં કરવામાં આવ્યું નથી તો પણ જેટલું કરવામાં આવ્યું છે તે પરથી નિઃસંકોચ કહી શકાય તેમ છે કે તે અપભ્રંશ, શૌરસેની અને મહારાષ્ટ્રી પ્રાકૃતનું રૂપ હતું. દશમી સદીના પહેલાના જેટલા જૈન પ્રાકૃત ગ્રંથ છે તેમાં આ બને ભાષાઓની પ્રધાનતા છે. દશમી સદીના પછીના જે ગ્રંથ છે તેમાં તે ભાષાઓ ક્રમેક્રમે લુપ્ત થતી જાય છે અને અપભ્રંશનો ઉદય દૃષ્ટિગોચર થાય છે. મહાકવિ ધનપાલ, મહેશ્વર સૂરિ અને જિનેશ્વર સૂરિ આદિના ગ્રંથોમાં અપભ્રંશના આદિ આકાર, તથા રત્નપ્રભાચાર્યની ઉપદેશ માલાની 'દોઘટ્ટી વૃત્તિ' અને હેમચંદ્ર સૂરિના ગ્રંથોમાં શુધ્ધ શૌરસેની અને મહારાષ્ટ્રી પ્રાકૃત છે અને તે પછી તેનું વિકૃત રૂપ છે. કાલની ગતિની સાથે ભાષાઓનું પરિ-વર્તન—તેના સ્વરૂપના ભ્રંશનેજ હેમચંદ્ર સૂરિએ અપભ્રંશ નામ આપ્યું

એને શૌરસેની તથા પ્રાકૃત પછી પોતાના વ્યાકરણમાં અપભ્રંશનું વ્યાકરણ પણ લિપિબધ્ધ કરી દીધું. (સિદ્ધહૈમ શબ્દાનુશાસન નામના મહાન વ્યાકરણમાં પહેલા સાત અધ્યાયોમાં સંસ્કૃતનું સર્વાંગપૂર્ણ વ્યાકરણ આપી આઠમા અધ્યાયમાં પ્રાકૃત વગેરે વ્યાવહારિક ભાષાઓનું વ્યાકરણ આપેલ છે તેમાં ચતુર્થ પાદના ૩૨૯ મા સૂત્રથી અંતિમ સૂત્ર ૪૪૮ સુધીનાં ૧૨૦ સૂત્રોમાં આ અપભ્રંશનું વ્યાકરણ છે.)

૧૯૪. હેમાચાર્યના કાવ્યાનુશાસનમાં મહાકાવ્યની વ્યાખ્યા આપતાં અપભ્રંશના બે ભેદ પાડેલા છે. **तत्र प्रायः संस्कृतप्राकृतापभ्रंश-ग्राम्यभाषानिबद्धं महाकाव्यम्** અને તે ભાષાઓના દાખલા આપતાં કહે છે કે **अपभ्रंश भाषा निबद्ध सन्धिबन्धम् अब्धि-मन्थनादि ग्राम्यापभ्रंश भाषा निबद्धावस्कन्धनकबन्धम्-भीमकाव्यादि.** અપભ્રંશ ભાષામાંનું મહાકાવ્ય સન્ધિના બંધવાળું હોય છે, દાખલા તરીકે અબ્ધિમન્થન વગેરે અને ગ્રામ્ય અપભ્રંશ ભાષામાંનું મહાકાવ્ય અવસ્કન્ધકના બન્ધવાળું હોય છે-દાખલા તરીકે ભીમકાવ્ય વગેરે. આ પરથી અપભ્રંશ અને ગ્રામ્યાપભ્રંશ એ ભાષાના ભેદ પડેલા છે એટલુંજ નહિ પરંતુ તેમાં લખાયેલાં કાવ્યો પણ હતાં. એ બેની સાથે આપણી જૂની ગૂજરાતીનો સંબંધ છે.

૧૯૫. સન્ધિ એટલે કડવકો (કડવાં)નો સમૂહ એમ હેમાચાર્ય પોતાના છંદોનુશાસનના છઠ્ઠા અધ્યાયમાં કહે છે (**सन्ध्यादौ कडवकान्ते च ध्रुवं स्यादिति ध्रुवा ध्रुवकं धत्ता वा-कडवक-समूहात्मकः सन्धिः तस्यादौ चतुर्भिः पद्धडिकाद्यैश्छन्दोभिः कडवकम्** એટલે કડવાનો સમૂહ તે સન્ધિ. અને તેની આદિમાં ચાર પદ્ધડિકા આદિ છંદોવાળું કડવું જોઇએ. કડવાની અંતે ધ્રુવ-નિશ્ચિતપણે જે હોય તે ધ્રુવા, ધ્રુવક કે ધત્તા એ નામનો છંદ) આવે......સાહિત્ય દર્પણમાં અપભ્રંશ ભાષાના કાવ્યોના સર્ગને 'કડવક' એ નામ આપેલું છે.

अपभ्रंश निबन्धेस्मिन् सर्गाः कडवकाभिधाः ।
तथापभ्रंशयोग्यानि छंदांसि विविधान्यपि ॥
यथा कर्णपराक्रमः ।

૧૫૬. શ્રી હેમચંદ્રના દેહાન્ત પછી થોડાંજ વર્ષોમાં ભારતમાં રાજ્ય-ક્રાંતિ થઈ અને રાષ્ટ્રીય પરિસ્થિતિમાં ઘોર પરિવર્તન થવા માંડયું. પરસ્પર ઇર્ષ્યાગ્નિ સળગવા લાગી અને વિદેશી વિજેતા તેનો લાભ લેવા લાગ્યા. દેશોનો પારસ્પરિક સ્નેહસંબંધ તૂટયો અને એક રાજ્યમાં રહેનારા બીજા રાજ્યમાં વસનારાને જે શત્રુ માનવા લાગ્યા. આ કારણ ગૂજરાત, રજપુ-તાના, અવન્તી–માલવા અને મધ્યપ્રાંતના નિવાસીઓનો આથી પહેલાં જે વ્યાવહારિક સંબંધ વિસ્તૃત હતો તેમાં સંકુચિતતા આવી. આ સંકુચિતતા એ આ પ્રદેશોની જે વ્યાપક ભાષા અપભ્રંશ હતી તેના ભાવી વિકાસને પ્રાન્તીય ભાષાઓના ભિન્ન ભિન્ન ભેદામાં વિભક્ત કરી નાંખ્યો. ત્યાંથી ગૂજરાતી, રાજપૂતાની, માલવી અને હિન્દી ભાષાઓના ગર્ભનો સૂત્રપાત થયો અને ધીરે ધીરે પંદરમી સદી સુધી પહોંચી આ ભાષાઓએ પોતાનું સ્વરૂપ સ્પષ્ટપણે પ્રકટ કરી દીધું.

પ્રકરણ પાંચમું.

શ્રી હેમચંદ્રની રચનાના નમૂના.

૧૫૭, કુમારપાલ ચરિતમાં જે પોતે અપભ્રંશનાં કાવ્ય સૂત્ર સમ-જાવવા રચ્યાં તે અત્રં મુકયાં છે.

(૧) ગિરિહેંવિ આણિઉ પાણિઉ પિજ્જઇ,
તરૂહેવિ નિપડિઉ ફલુ ભક્ખિજ્જઇ,
ગિરિહું વ તરૂહું વ પડિઅઉ અચ્છઇ,વિસયહિં તહવિ વિરાઉ ન ગચ્છઈ.૧૯

—હિંદી–સમ. ગિરિહુંભિ આયો પાની પીજૈ
તરૂહું ભિ નિપત્યો ફૂલ ભકખીજૈ
ગિરિહુ ભિ તરૂહું ભિ પડિયો આછે
વિષયહં તદપિ વિરાગ ન ગચ્છે.

—ગિરિથી આણેલું પાણી પણ પીએ, તરનું પડેલું ફલ પણ

આઇએ. ગિરિથી અને તરૂપરથી પડીએ છીએ, તથાપિ વિષયપર વિરાગ જતો નથી.

(ગિરિહે—અપાદાન, તરૂહે—સંબંધ વિભક્તિ. ગિરિહું, તરૂહું—અપાદાન, પડિઅઉ—નિષ્ઠા, અચ્છઇ—આછે, છે. સં. આસ્તે.)

(૨) જો જહાં હોતઉ સો તહાં હોતઉ, સત્તુ વિ મિત્તુ વિ કિહે વિ હુ આવહુ.
જહિં વિહુ તહિં વિહુ મગ્ગે લીણુ, એક્કએં દિટ્ઠિહિ દોન્નવિ જોઅહુ. ૨૬

—હિંદી-સમ—જો જહં હોતો સો તહં હોતો
શત્રુ ભિ મીત ભિ કોઇહિ આવો
જહાં ભી તહં ભી મારગ-લીના
એકહિં દીઠિહિં દોનહિં જોહો

(જહાં હોતઉ—જ્યાં હતો (વર્ત્તમાન ધાતુજ-કૃદંત)=જ્યાંથી, લીણુ-લીન, લાગુ થયેલો.)

(૩) અમ્હે નિન્દહુ કોવિ જણુ, અમ્હઈં વણ્ણઉ કોવિ,
અમ્હે નિન્દહું કંવિ નવિ, નમ્હઈં વણ્ણહું કંવિ. ૩૭

હિંદીસમ-હમેં નિન્દો કોઇ જન, હમેં વરનો કોઇ,
હમ નિન્દેં કોઇ (કો)ભી નહીં, ન હમ વરનેં કોઇ.

ગૂજરાતીસમ-અમને નિંદો કોઇ જન, અમને વખાણો કોઇ,
અમે નિન્દીએ કોઇને પણ નહીં, ન અમે વખાણીએ કોઇ.

(અમ્હે—અમ્હઇ—પહેલું કર્મ, બીજો કર્તા. ક્રિયાથી કારક મળી આવે છે, વિભક્તિથી નહિ.)

(૪) રે મણુ કરસિ કિ આલડી, વિસયા અચ્છહુ દૂરિ,
કરણઈં અચ્છહ રૂન્ધિઅઇ, કરહઉં સિવફલુ ભૂરિ. ૪૧

—રે મન ! (તું) કરે છે કયમ આલડી, હે વિષયો ! થાઓ-રહો દૂર, હે કરણો (ઇંદ્રિયો)! રહો રૂન્ધિત-રૂંધાયેલી, (હું) કારું શિવફલ (મોક્ષ) ઘણું.

(આલડી-આળ, અનર્થ, ખોટું, સરખાવો—મ ઝંખહિ આલુ આગળ નં. ૬૩. અચ્છહુ-અચ્છહ-જુઓ ઉપર નં. ૧ કડ્ઢઉં-કાઢું—નિકાળીપોતાને વશ કરૂં)

(૫) સંજમ-લીણુહોં મોકખસુહુ, નિચ્છઇં હોસઈ તાસુ,
પિય વલિ કીસુ ભણુન્તિઅઉ, ણાઈં પુહુચ્ચહિં જાસુ. ૪૩

—સંયમ-લીનને મોક્ષસુખ, નિશ્ચય હોસે-થાશે તેને 'હે પ્રિય !-પિયુ ! હું બલિહારી—વારી જઉં છું (એમ) ભણુતી-કહેતી (સ્ત્રીઓ) નથી પ્રભુત્વ (મેળવતી) જેનાપર. હોસઇ=હોશે થશે (પ્રબંધ, નં. ૩) વલિ કીસુ—હું બલી-વારી જાઉં છું-બલહારી જાઉં છું. ભણુન્તિઅઉ-ભણંતી-બોલતી (બહુવચન), પહુચ્ચહિં—પ્રભવન્તિ (સં).

(૬) કઉ વઢ ભમિઅઇ ભવગહણિ મુકખ કહન્તિહુ હોઈ,
એહુ જાણેવઉં જઇ મણુસિ તો જિણુ આગમ જોઇ. ૬૧

—શું, બઢ ! (મૂર્ખ) ભમે છે, ભવગહનમાં, મોક્ષ કયાંથી હોય, એ જાણવાનું જો મનમાં (રાખતો) હો, તો જિનાગમ જો.

જાણેવઉં—જાણવું, મણુસિ—મન્યસે (સં.)

(૭) નિયમ-વિહૂણા રત્તિહિવિ ખાહિં જિ કસરક્કેહિં,
હુહુરૂ પડન્તિ તે પાવદ્રહિ ભમડહિં ભવલકખેહિં. ૬૮

—નિયમવિહીન રાતમાં પણ ખાય જે કસર કસર કરતો, હુહુરૂ કરતો પડે છે તે પાપદ્રહમાં ભમવે છે ભાવલક્ષોમાં—લખો જન્મમાં.

કસરક્કેહિં—અનુકરણ કસર કસર કરતો, ગડપ ગડપ કરતો; હુહુરૂ -પડવાનું યા પડતી વખતે ખીજાવાનું અનુકરણ. તિ-તે, દ્રહ-ધરો-ખાઇ.

(૮) સાગહોં કે હિં કરી જીવદય, દમુ કરી મોકખહો રેસિ,
કહિ કસુ રેસિં તુહું અવર. કમ્મારમ્ભ કરેસિ. ૭૦

—સ્વર્ગને માટે કર જીવદયા, દમ કરી મોક્ષને માટે કહે કેના

માટે તું બીજા કર્માંરંભ કરે છે.

કેહિં, રેસિ, રેસિં, તેહિં, તણેણ—પ્રત્યય તાદર્થ્યમાં આવે છે (હેમચંદ્ર ૮-૪-૪૨૫) તેનો અર્થ 'માટે' છે.

(૯) કાયકુડુલ્લી નિરૂ અથિર, જીવિયડઉ ચલુ એહુ,
એ જાણિવિ ભવદોસડા, અસુહઉ ભાવુ ચએહુ, ૭૨

—કાયાની કુડલી નિશ્ચય અસ્થિર (છે), જીવિત ચલ-ચંચલ (છે) એ જાણી ભવ-સંસારના દોષો અશુભ ભાવ તજો.

કુડુલ્લી, જીવિયડઉ, દોસડા એમાં ઉલ્લ, અડ, ડ સ્વાર્થિક છે.

(૧૦) તે ધન્ના કન્નુલ્લડા, હિઅઉલ્લા તિ કયત્થ,
જો ખીણ ખણિવિ નવુલ્લડઅ, ઘુંટહિં ધરહિં સુઅત્થ. ૭૩

—તે ધન્ય (છે) કાન, હૃદય તે કૃતાર્થ (છે) જે ક્ષણે ક્ષણે નવા સુઅર્થો (યા શ્રુતાર્થો)ને ઘુંટે છે અને ધરે છે ધારે છે.

કન્નુલ્લડ, હિઅઉલ્લ, નવઉલ્લડઅ—સ્વાર્થે. કાન અને હૈયાને માટે ઘુંટહિં અને ધરહિં—યથાસંખ્ય લગાડવું.

(૧૧) પઇઠી કન્નિ જિણાગમહો વત્તડિઆલિ હુ જાસુ
અમ્હારઉં તુમ્હારઉં વિ એહુ મમત્તુ ન તાસુ. ૭૪

—હિંદી-સમ-પૈઠી કાન જિનાગમ(કી) બાતડી ભી જાસુ
હમારો તુમ્હારો યહ મમત્વ ન તાસુ

—ગૂ૦ છાયા.—પેઠી કાન જિનાગમની વાતડી પણ જાસ
અમારૂં તમારૂં પણ એહ મમત્વ ન તાસ.

વત્તુઆ વાત, જુઓ રત્તડી. આગળ નં. (૨)

આ ઉદાહરણોમાં વ્યાખ્યાન યા વ્યાકરણનો વિસ્તાર કરવામાં આવ્યો નથી.

પ્રકરણ છઠું.

શ્રી હેમચંદ્રે અવતરેલ અપભ્રંશ ઉદાહરણો.

૧૯૮ શ્રીહેમચંદ્રે પોતાના અગાઉના સમયના જે દોહા આદિ ઉદ્ધૃત કરેલા છે તે અત્ર મૂકયા છે તેમાં જ્યાં આની સરખા જેવા દોહા અને પદ આવ્યા છે ત્યાં લક્ષ રાખવું ઘટે, પોતાના વ્યાકરણમાં સૂત્રોને પહેલાં પ્રાચીન ઉદાહરણોથી સમજાવી શ્રી હેમચંદ્રે નવા ઉદાહરણોનાં સંગ્રહ-શ્લોક બનાવ્યા છે કે જેમાં તેજ યા તેને મળતાં ઉદાહરણ વિષયની અનુસાર યથાસ્થાન સંગ્રહિત કર્યાં છે.

(૧) ઢોલ્લા સામલુ ધણ ચમ્પા-વણ્ણી,
ણાઇ સુવણ્ણરેહ કસવટ્ટઇ દિણ્ણિ.

—ઢોલો (નાયક) તો શામળો છે, ધણ (પ્રિયા-નાયિકા) ચંપકવર્ણી છે, જાણે કે સુવર્ણની રેખા કસોટી પર લગાવી હોય તેમ.

ઢોલ્લા—સં. દુર્લભ, નાયક. મારવાડી ગીતોમાં ઢોલા બહુ પ્રેમનો શબ્દ છે જેમકે 'ગોરી છાઈ છે રૂપ ઢોલા ધીરાં ધીરાં આવ' 'નિશદિન જોઉં તારી વાટડી મમ ઘર આવોને ઢોલા'—આનંદઘન; ધણ—ગૃહની સ્વામિની. વીકાનેર તરફ હજુ પણ સ્ત્રીને ધન કહેવામાં આવે છે. 'થાંને આય પ્રજાસ્યા ગણ ગોર સુંદર ધણ ! જાવા ઘોજી'—મારવાડી ગીત. ણાઇ—હિં. નાઈ, ગૂ. જાણે. સં० જ્ઞા ધાતુ પરથી ઇતિ જ્ઞાયતે—એમ જાણવામાં આવે છે, અથવા સં. ઇવના અર્થમાં. રેહ—રેખ, કસ-વટ્ટ—સં. કષપટ્ટ, કસોટી. દિણ્ણિ—દીધી, આવી.

આ ભાવનો એક દોહો કુમારપાલ પ્રતિબોધમાંથી આપવામાં આવશે. દોધક વૃત્તિના કર્તાએ નકામું વ્યંગ્યને ખોલીને આ ચિત્રનો આનંદ બગાડી નાંખ્યો છે કે '**विपरीतरतावेतत्तदुपमानं संभाव्यते**'

(૨) ઢોલ્લા મઈં તુહું વારિયા, મા કુરુ દીહમાણુ,
નિદ્દએ ગમિહી રત્તડી, દડવડ હોઇ વિહાણુ.

—ઢોલા! મેં તને વાર્યો હતો કે મા કર દીર્ઘ માન–અભિમાન, નીંદથી જશે રાત! ઝટપટ થશે વાણું–સવાર. નાયિકા નાયકને મનાવે છે.

આ દોહો વરરૂચિના પ્રાકૃત પ્રકાશની પ્રતિમાં પહોંચી ગયો છે જે પરથી પ્રાકૃત વ્યાકરણકાર વરરૂચિ તથા વાર્ત્તિકકાર કાત્યાયન એ બંનેને એક સમજીને એક વિદ્વાન્ ભ્રમથી આ કવિતાને ઘણી જૂની માની લે છે. જૂની પોથીઓથી જેને કામ પડ્યું છે તેઓ જાણે છે કે શીખતી વખતે ઉદાહરણ, ટિપ્પણી આદિ પાનાની બાજુ પર લખી લેવામાં આવે છે અને તેવી પોથીમાંથી પ્રત ઉતારનારા તેને મૂળમાં ઘુસાડી દે છે. તે વિદ્વાને એ નહિ જોયું કે આ દોહો તથા તેનું સૂત્ર એકજ પ્રતિમાં છે. તેણે છાપેલ પુસ્તકને આદિથી અંત સુધી વરરૂચિની જે પ્રમાણે હતી તે સર્વ કૃતિ માની લીધી. વ્યાકરણના ગ્રંથને વિચારતાં એમ જણાય છે કે તે ઉદાહરણ, ટિપ્પણિયોથી એમજ વધતા જાય છે. આ વિષય પર વધારે કહેવું વ્યર્થ છે. સંસ્કૃત વ્યાકરણના વાર્ત્તિકકાર વરરૂચિ–કાત્યાયન, પાલી વ્યાકરણના કચ્ચાઅન અને પ્રાકૃત પ્રકાશનો કર્ત્તા વરરૂચિ એ ત્રણે એક કદાપિ પણ નથી.

(૩) બિટ્ટિએ મઇ ભણિય તુહું, મા કુરુ વંકી દિટ્ઠિ,
પુત્તિ સકણ્ણી ભલ્લિ જિવં, મારઇ હિઅઇ પઇટ્ઠિ. ૩

—હે બેટી! મારાથી તને કહેવામાં આવ્યું, વાંકી દષ્ટિ મા કર, હે પુત્રિ! કાનવાળું ભાલું જેમ મારે તેમ (તારી દષ્ટિ) હૈયામાં પેઠી; વૃદ્ધ કુટણી નાયિકાને સમજાવે છે.

બિટ્ટિએ—આમાં એ સંબોધનનો છે. પઇટ્ઠિ–પવિટ્ઠિ–સં. પ્રવિષ્ટ. હિં. અને ગૂ. પેઠી.

(૪) એઇ તિ ઘોડા એહ થલિ, એઇ તિ નિસિઆ ખગ્ગ;
એત્થુ મુણીસમ જાણીઅઈ, જો નવિ વાલઇ વગ્ગ.

—એજ તે ઘોડા, એજ સ્થલ (છે), એજ તે 'નિશિત'–અણીદાર ખડ્ગ છે. એમાં મનુષ્યત્વ જાણીએ કે જે (ઘોડાની) વાઘ ન વાળે –ઘોડો ના ફેરાવે. એજ ઘોડો હોય, એ રણસ્થલ હોય, અને એ ધારદાર તલવાર હોય કે જ્યાં જો ઘોડાની વાઘ–વાગ વાળીને ભાગી ન જાય અને સામોજ ચાલ્યો જાય તો ત્યાં મનુષ્યત્વ–મરદાનગી જણાય.

મુણીસમ–સંસ્કૃતમાં કેટલેક સ્થળે 'ઇમ' લાગી પુંલિંગ ભાવવાચક બને છે, પ્રાકૃતમાં તો સર્વ સ્થળે એમ થાય છે. નવિ–ન+અપિ, વાલઇ–વલ્ (વળવું) તેનું પ્રેરણાર્થક. રાજપૂતાનામાં આ દોહો પ્રચલિત છે અને ઠાકુર ભૂરસિંહજી શેખાવતના વિવિધ સંગ્રહમાં તેનો ઉતારો કર્યો છે.

(૫) દહમુહુ ભુવણુ–ભયંકરૂ તોસિઅ,–સંકર ણિગ્ગઉ રહ–વરિ ચડિઅઉ,
ચઉમુહુ છંમુહુ ઝાઇવિ એક્કહિં, લાઇવિ ણાવઇ દઇવેં ઘડિયઉ.

—આ કોઇ જૂની રામાયણમાંથી છે. દશમુખ (રાવણ) ભુવન–ભયંકર, તોષિતશંકર, નિર્ગત (નિકળ્યો) રથવર પર ચડેલો, ણાવઇ–જાણે, ઇવના અર્થમાં-ની પેઠે ઉત્પ્રેક્ષ્યતે એ અર્થમાં, ચોમુખ–બ્રહ્માને, છ મુખ–કાર્તિકેયને ધ્યાન કરી એકમાં (એક રાવણમાં) લાવી દેવે ઘડેલો (હોય નહિ તેમ) બ્રહ્માનાં ચાર અને સ્વામિ કાર્તિકેયનાં છ એ દશ મુખ જાણે દેવે એકમાં મેળવી તેને બનાવ્યો હતો.

ણિગ્ગઉ, ચડિઉ, ઘડિયઉ—નિગયો–નિકળ્યો, ચઢયો, ઘડયો. ઝાઇવિ, લાઇવિ–ધ્યાવી–ધ્યાન કરી, લાવી. ણાવઈ–માનો–જાણે કે–(સં. જ્ઞાયતે) સરખાવો હિં. નાઈ, નાઉં, મારવાડી ન્યૂં ઉપમામાં નાવઇ, નાવેં ઉત્પ્રેક્ષામાં અને વૈદિક 'ન' ઉપમાવાચક.

(૬) અગલિઅ–નેહ–નિવટ્ટાહં જોઅણુ–લક્ખુવિ જાઉ,
વરિસ–સએણુ વિ જો મિલઈ સહિ સોક્ખહં સો ઠાઉ.

—ગળ્યા વગરના—અગલિત સ્નેહથી નિર્વૃત્ત—વળેલાઓને લક્ષયોજન પણ જઇને—ગયા પછી પણ (અને) વર્ષશતેન—સો વર્ષ થયા પછી પણ જે (નાયક કે નાયિકા) મળે છે તે હે સખિ! સુખનું તે સ્થાન (થાય છે). અર્થાત્ સાચા પ્રેમને દેશ કે કાલનું બંધન નથી. જાઉ—જઇને. પૂર્વકાલિક.

(૭) અંગહિં અંગ ન મિલિઅઉ, હલિ અહરેં અહરૂ ન પત્તુ;
પિઅ જોઅન્તિ હે મુહ—કમલુ એમ્વઇ સુરઉ સમત્તુ. ૭

—અંગે અંગ ન મળ્યું, હે સખિ! અધર—હોઠને હોઠ પ્રાપ્ત ન થયો—મળ્યો નહિ. પ્રિયના મુખ કમલને જોતી જોતી (રહીને)—એમજ સુરત સમાપ્ત થયો. બીજો અર્થ એ કે પ્રિયને જોતી—જોતી (રહી) ને મુખકમલ સુરા—મધથી સઘથી સમત્ત—મસ્ત બની ગયું, પહેલો અર્થ દોધક વૃત્તિકારે લીધો છે કિંતુ આ વિશુદ્ધ (Platonic) પ્રેમ ચિત્રને એમ કહી બીભત્સ કર્યું છે ને જણાવ્યું છે કે ' **अतिरसातिरेकात् संभोगात् पूर्वमेव द्राव इति भाव:**' આ વગર કયો અર્થ ઉઠતો નહોતો? એમ્વઇ—એવે પંજાબી એંવેં, હિંદીમાં યોંહી. ગૂ૦ એમજ.

(૮) જે મહુ દિણ્ણા દિઅહડા, દઇએં પવસન્તેણ,
તણ ગણન્તિએ અંગુલિઉ, જજ્જરિયાઉ નહેણ.

—જે મને દિવસો પ્રવાસ કરવા જતાં જતાં દયિતે આપ્યા હતા તે ગણતી (ગણતી) (મારી) આંગળીઓ નખથી જર્જરિત થઈ.

પતિએ પ્રવાસ પર જતી વખતે જણાવેલું હતું કે આટલે દિવસે હું પાછો આવીશ. તે સમય જવાથી ગણત્રી કરતાં કંઇ મારી ભૂલતો નથી થઇ એ જોવા ગણત્રી કરતાં મારી આંગળીઓ ઘસાઇ ગઇ. ' ગિણતાં ગિણતાં ઘસ ગઇ, આંગલિયાં રી રેખ ' (મારવાડી દોહા. આ દોહો નાટકમાં પણ—બંસીવાલા આવો હમારે દેશ ! એ ગીતમાં વપરાયો છે)

મહુ—મને, દિઅહડા—દહાડા, દઇએં—દયિતે (પંજાબી કર્તાનો એં પ્રત્યય—રાજેં ગદણુ બ્યાહી. હિંદીમાં મઇ, મૈં મં એ આવે છે. ગૂજરાતીમાં 'એ' ત્રીજીનો કર્ત્તાનો પ્રત્યય છે.

(૯) સાયરૂ ઉપ્પરિ તણુ ધરઇ, તલિ ઘલ્લઈ રયણાઈ;
સામિ સુભિચ્ચુવિ પરિહરઇ, સમ્માણેઈ ખલાઇં.

—સાગર ઉપર તૃણ ધરે છે, ને તળીએ રત્નો ઘાલે છે-રાખે છે (તે પ્રમાણે) સ્વામી સુભૃત્યને પણ પરિહરે છે, ને ખલને સન્માન આપે છે.

(૧૦) ગુણહિં ન સંપઇ કિત્તિ પર, ફલ લિહિઆ ભુંજન્તિ,
કેસરિ ન લહઈ બોડ્ડિઅવિ, ગય લક્ખેહિં ઘેપ્પન્તિ.

—ગુણોથી સંપત્તિ નથી (મળતી) પર-પરં, પરંતુ-પણ કિર્તિ (ભલે થાય); (લલાટમાં) લખેલા ફલ ભોગવે છે, (દૃષ્ટાંતમાં) કેસરી કોડી પણ લેતો નથી—તેને કોડી આપી ખરીદાતો નથી, (જ્યારે) ગજ લાખોથી લેવાય છે. સર્વ પોતપોતાનું લખેલું કર્મફળ ભોગવે છે; ગુણોથી સંપત્તિ નથી મળતી, કીર્તિ ભલે મળે. સિંહનો ભાવ કોઇ કોડી આપીને પૂછતું નથી, હાથી લાખો રૂપીઆ આપી ખરીદાય છે.

ઘેપ્પન્તિ—ગૃહિત થાય છે. મરાઠી—ઘ્યા, સં. ગ્રહ્ ગુ. ગ્રહવું, લેવું.

(૧૧) વચ્છહે ગૃણ્હઇ ફલઇં જણુ. કડુ-પલ્લવ વજ્જેઇ.
તોવિ મહદ્દુમુ સુઅણુ જિવં, તે ઉચ્છંગિ ધરેઇં. ૧૧

—વૃક્ષમાંથી જન ફલો લે છે, કડવાં પલ્લવને વર્જે છે-છોડે છે, તો પણ તે (પલ્લવોને) મહાદ્રુમ ઉત્સંગે સુજનની જેમ ધરે છે.

લોક કડવાં પાંદડાંને છોડી ઘે, પણ વૃક્ષ થોડાં તેને છોડી દેશે ?

(૧૨) દૂરૂડ્ડાણેં પડિઉ ખલુ, અપ્પણુ જણુ મારેઈ;
જિહ ગિરિ-સિંગ હું પડિઅ સિલ, અન્નુવિ ચૂરૂ કરેઈ.

—દૂરના ઉડાણથી-ઉંચા પદથી પડેલો ખળ પોતાના જણને મારે છે, જેવી રીતે ગિરિના શૃંગ-શિખરથી પડેલી શિલા અન્યનો પણ ચૂરો કરે છે. દુષ્ટનું આગળ વધવું પણું પોતાના કુળને અહિતકર થાય છે.

(૧૩) જો ગુણુ ગોવઇ અપ્પણા, પયડા કરઈ પરસ્સુ,
તસુ હઉં કલિજ્જુગિ દુલ્લહહો. બલિ કિજ્જઉં સુઅણુસ્સુ,

—જે પોતાના ગુણ ગોપવે છે–ગુપ્ત રાખે છે, પરના–બીજાના ગુણોને પ્રકટ કરે છે તે કલિયુગમાં દુર્લભ સજ્જનને હું બલી કરૂં છું.

ગોવઇ—સરખાવો હિંદી ગુઇંયાં=અંતરંગ (ગુપ્ત) સખી, હઉં–હું, બલિ કિજ્જઉં–બલિહારી જાઉં, વારી જાઉં, બલૈયા લઉં. સરખાવો ઉપર નં. ૫માં બલિ કીસુ. દોધકવૃત્તિકાર તેનો અર્થ પૂજા કરૂં એમ જણાવે છે.

(૧૪) તણુહં તઇજ્જી ભંગિ નવિ, તેં અવડયડિ વસન્તિ,
અહ જણુ લગ્ગિવિ ઉત્તરઇ, અહ સહ સઈં મજ્જન્તિ.

—તૃણની ત્રીજી ભંગિ–રીત નથી,–ત્રીજો પ્રકાર નથી, તેથી–તે કારણે અવટતટે–કૂપતટે વસે છે, (તે માટે) કાંતો જણ તેને વળગી ઉતરી–ઉગરી જાય છે (અને) કાં સાથ સ્વયં ડૂબે છે. અર્થાત્ અવટ–વિષમકૂપ કે ખાડામાં તટ પર ઉગનારા તૃણોનાં બેજ કામ છે. એકતો તેની કૃપાથી ડૂબતો માણુસ બચી જાય અને કાંતો તેની સાથે ડૂબી જાય. તેની કોઇ ત્રીજી રીત નથી. અન્યોક્તિમાં કાંતો બીજાને તારે વા સ્વયં માર્યો જાય. અહ—અથ.

(૧૫) દઇવુ ઘડાવઇ વણિ તરુહું, સેઉણિહં પક્ક ફલાઈં,
સો વરિ સુક્ખુ પઇટ્ઠ ણવિ, કણ્ણહિં ખલવયણાઈં,

—દૈવ વનમાં તરૂઓનાં પક્વ ફલો શકુનિ–પક્ષીઓને ઘટિત કરે છે–પહોંચાડે છે તે સુખ ખરૂં પણ કર્ણમાં ખલવચનો પેઠેલાં તે (સુખ) નથી. આમાં ભર્તૃહરિના એક પ્રસિદ્ધ શ્લોકનો ભાવ છે. ઘડાવઇ–સં. ઘટયતિ. વરિ–હિં. વર, વરન. ણવિ ન+ અપિ.

(૧૬) ધવલુ વિસૂરઈ સામિઅહો ગરૂઆ ભરૂ પિક્ખેવિ
હઉં કિ ન જુત્તઉં દુહું દિસિહિં, ખંડઇ દોણ્ણિ કરેવિ.

—ધવલ–ધોરિયો–બળદ સ્વામીનો ગુરૂ–ભારે ભાર જોઇને વિસુરે છે–વિષાદ કરે છે–ખેદ કરે છે કે હું મારા બે ખંડ કરીને બંને દિશાએ–બાજુએ જુતાણો કેમ નહિ.

ધવલનો અર્થ શ્વેત છે, પરંતુ રૂઢિથી તેનો ધોરી–ધોરિયો–બળદ યા ધુરિ–ધોંસરી ખેંચનારો પ્રબલ ગાડીનો બેલ એ અર્થ થયેલ છે. હેમચંદ્રની દેશીનામ માળામાં ધવલનો અર્થ જે જાતિમાં ઉત્તમ છે તે ધવલ છે એમ કર્યો છે. ધવલોની દૃઢતા અને સ્વામિભક્તિ પર કેટલાંયે મુક્તક કાવ્ય સંસ્કૃત તથા પ્રાકૃત સુભાષિતોમાં મળે છે. અહીં બોજો ઘણો છે, એક બાજુ ધવલ જુત્યો છે, બીજી બાજુ કોઇ મુડદાલ બળદ છે, ધવલ સ્વામીની ભારે ખેપ જોઈ વિલાપ કરી રહ્યો છે કે બંને બાજુ બે ટુકડા કરીને મનેજ શા માટે ન જુત્યો? પિકખેવિ, કરેવિ–પૂર્વકાલિક–ભૂત કૃદંત. જુત્ત–સં. યુક્ત. દોણ્ણિ–બે, મરાઠી દોન.

(૧૭) ગિરિહે સિલાયલુ તરૂહે, ફલ ઘેપ્પઇ નીસાવંન્નુ
ઘરૂ મેલ્લેપ્પિણુ માણુસહં, તોવિ ન રૂચ્ચઇ રન્નુ.

—નિઃસામાન્યે (વિના ભેદ ભાવે–અથવા સર્વે જનો) ઘર મેલીને ગિરિ પાસેથી શિલાતલ, તરૂ પાસેથી ફલ લે છે,—લઇ શકે છે, છતાં અરણ્ય રૂચતું નથી.

(૧૮) તરૂહું વિ વક્કલુ ફલ મુણિ વિ પરિહણુ અસણુ લહન્તિ,
સામિહું એત્તિઉ અગ્ગલઉં આયરૂ ભિચ્ચુ ગૃહન્તિ.

—મુનિઓ પણ તરૂમાંથી વલ્કલ, ફલ, પરિધાન, અશન (ભોજન) લહે છે–મેળવે છે, (પરંતુ) સ્વામિ પાસેથી આટલો અધિક આદર નોકરો મેળવે છે. તાત્પર્ય કે ખાવું પહેરવું તો જંગલમાં વૃક્ષોમાંથી પણ મળી આવે છે. સ્વામી પાસેથી આદરજ અધિક મળે છે. લહન્તિ–સં. લભ્ પરથી. એત્તિઉ–સં૦ ઇયત્–એટલું, અગ્ગલઉં–સં૦ અગ્રલ, આગલું–રાજ્યસ્થાનીમાં પાંચ ઉપર સત્તરને 'પાંચ આગલા સિત્તર' કહે છે.

(૧૯) અહ વિરલ–પહાઉ જિ કલિહિ ધમ્મુ.

—અથ—હવે કલિયુગમાં ધર્મ જે વિરલ પ્રભાવવાળો–તુચ્છ પ્રભાવ વાળો છે. જિ–પાદપૂરક અથવા જિ–જાણે કે સં. એવ ના અર્થમાં.

(૨૦) અગ્ગિઇં ઉણ્હઉ હોઇ જગુ, વાએં સીઅલુ તેવં
જો પુણુ અગ્ગિં સીઅલા, તસુ ઉણ્હત્તણુ કેવં.

—અગ્નિથી જગ ઉન્હું-ઉષ્ણ થાય છે, તેમ વાયુથી શીતલ થાય છે; જો પુનઃ આગથી શીતલ (થતું હોય) તો તેનું ઉષ્ણત્વ કેનાથી (થાય) ?

વાએં—વાયુથી પંજાબી બાઓ. પુણ્-સં. પુનઃ હિં. પુનિ. ઉણ્હ-ત્તણ-ત્તણ ભાવવાચકનો છે.

(૨૧) વિપ્પિઅ—આરઉ જહવિ પિઉ, તોવિ તં આણહિ અજ્જુ,
અગ્ગિય દડ્ઢા જઇવિ ઘરુ, તો તેં અગ્ગિં કજ્જુ.

—જો-યદ્યપિ પિયુ વિપ્રિયકારક હોય, તો પણ તેને આજે આણુ-લાવ (કારણકે) આગથી દગ્ધ થયેલું યદ્યપિ ઘર (હોય) તો પણ તે આગ સાથે કામ (લેવુંજ પડે છે).

(૨૨) જિવં જિવં વંકિમ લોઅણહં ણિરુ સામલિ સિક્ખેઇ
તિવં તિવં વમ્મહુ નિઅલ સરુ, ખર-પત્થરિ તિક્ખેઇ.

—જેમ જેમ વાંકાં લોચનોથી સ્યામલા-સાંવરી (નાયકા) નિરુ (? કટાક્ષ) શીખે છે, તેમ તેમ મન્મથ નિજ(ક)-પોતાનાં શરોને ખર-કઠણ પત્થરપર તીક્ષ્ણ કરે છે-અહીં વંકિમ-વાંકા એ લોચનનું વિશેષણ લીધું છે તેથી 'નિરુ'નો અર્થ સ્પષ્ટ નથી જણાતો. દોધક વૃત્તિકારે નિરુનો અર્થ 'નિશ્ચય' કરી ' લોચનોથી નિશ્ચય વક્રત્વ શીખે છે ' એમ અર્થ કર્યો છે.

તિક્ખેઇ-તીખાં-તીક્ષ્ણ પરથી નામ ધાતુ. અજ્જુનો અર્થ વૃત્તિકારે એ આર્યે-હે સખિ એમ કર્યો છે. વમ્મહુ-મન્મથ.

(૨૩) સંગરસએહિ જુ વણ્ણિઅઇ, દેક્ખુ અમ્હારા કન્તુ,
અઇમત્તહં ચત્તંકુસહં, ગય કુમ્ભઈં દારન્તુ.

—(હે સખિ!) સો સંગ્રામ-યુદ્ધમાં જેને, અતિમત્ત અને અંકુશો જેણે છોડયા છે એવા ગજ-હાથીનાં કુંભોને વિદારતો વર્ણવવામાં આવે છે એવા અમારા કાન્ત-કંથને દેખ-જો. ચત્તંકુસહ-સં. ત્યક્તાંકુશ.

(૨૪) તરુણ હો તરુણિ હો મુણિઉ મઇં કરહુ મ અપ્પહો ઘાઉ.

—તરૂણો! તરૂણિયો! મને મુણિને–જાણીને–મારી વાત સમજીને અથવા મને અહીં ઉપસ્થિત જાણીને, પોતાનો ઘા ન કરો.

(૨૫) ભાઇરહિ જિવં ભારઇ, મગ્ગેહિં તિહિંવિ પવટ્ટઇ.

—ભાગીરથી જેમ–પેઠે ભારતી ત્રણજ માર્ગે પ્રવર્તે છે. એટલે કે જેમ ગંગા ત્રિપથગા–સ્વર્ગ, મર્ત્ય, પાતાલ એ ત્રણેમાં ચાલે છે તેવી રીતે ભારતી–સરસ્વતીના માર્ગ પણ ત્રણ છે–વૈદર્ભી, ગૌડી, પાંચાલી–એ ત્રણ રીતિઓ.

(૨૬) સુન્દર–સવ્વંગાઉ વિલાસિણીઓ પેચ્છન્તાણ,

—સુંદર સર્વાંગી વિલાસિનીઓ જોતા (પુરૂષો)ના.

(૨૭) નિઅ–મુહ–કરહિંવિ મુધ્ધકર અન્ધારઇ પડિ પેકખઇ
સસિ–મંડલ–ચંદિમએ પુણુ કાંઇ ન દૂરે દેકખઈ.

—(કોઇ) મુગ્ધા સ્ત્રી પોતાના મુખ કર–કિરણથી અન્ધારે કર–હાથ જુએ છે (તો) પુનઃ વળી શશિમંડલની ચંદ્રિકાથી દૂરે–દૂરના પદાર્થને કેમ ન દેખે ?–જરૂર દેખે.

(૨૮) જહિં મરગય–કન્તિએ સંવલિઅં

—જેમ મરકત-કાંતિથી સંવલિત—મિશ્રિત—

(૨૯) તુચ્છ–મજ્ઝહે તુચ્છ જમ્પિરહે
તુચ્છચ્છ–રોમાવલિ હે, તુચ્છ રાય! તુચ્છયર–હાસ હે,
પિયવયણુ અલહન્તિ હે,
તુચ્છ–કાય–વમ્મહ–નિવાસહં,
અન્નુ જુ તુચ્છઉં તહે ધણહં, તં અકખણહ ન જાઈ,
કટરિ થણંતરૂ મુદ્ધડહે જેં મણુ વિચ્ચિ ણ માઇ.

(દૂતી નાયકને કહી રહી છે હે તુચ્છરાગ (શિથિલ પ્રેમવાળા)! જેનો મધ્યભાગ તુચ્છ છે, જેનું જલ્પન–ભાષણ તુચ્છ છે, જેની રોમાવલિ તુચ્છ અને અચ્છ–અચ્છી–સારી છે, વધુ તુચ્છ જેનું હાસ્ય છે, જે પ્રિય–વલ્લભનો વચનો મેળવી શકતી નથી, જેના તુચ્છ કાય–શરી-

રમાં મન્મથનો નિવાસ છે, એવી ધણ-સ્ત્રીનું જે અન્ય તુચ્છ છે તે આપ્યું-કહ્યું જાય તેમ નથી, (એટલું તુચ્છ છે કે કાંઈ કહેવાની વાત નહિ.) આશ્ચર્ય તો એ છે કે તે મુગ્ધાનું સ્તનાંતર (એટલું તુચ્છ છે) કે જેની વચ્ચે મન માય-સમાય તેમ નથી. (સ્તનો ઘણા જાડા છે ને અંતર અતિ તુચ્છ છે એમ કહેવાનો હેતુ છે.)

દોધકવૃત્તિકારે આને યુગ્મ નોંધ્યો છે, પરંતુ આ એક આખો રડ્ડા છંદ છે. આવા છંદ સોમપ્રભસૂરિની રચનામાં મળી આવે છે, કે જે હવે પછી મૂકવામાં આવશે. આમાં નાયિકાના વિશેષણ પ્રાયઃ બહુવ્રીહિ સમાસમાં છે અને 'હે' એ સંબંધકારક ચિન્હ છે. તહે ધણ હે એટલે તહં ધણહં એ તેનો ઉચ્ચાર છે-અર્થાત્ તે ધણ-સ્ત્રીના. અલહન્તી-સં. અલભન્તી. અકખણ-બોલવું. કટરિ-આશ્ચર્યવાચક. મુદ્ધડા-મુગ્ધા. 'ડ' અલ્પ વાચક. જેં-જેથી, વિચ્ચિ-વચ્ચે હીં. બીચ પં. વીચ. માઇ-સમાય.

(૩૦) ફોડેન્તિ જે હિયડઉં અપ્પણઉં, તાહં પરાઇ કવણ ઘણ,
રક્ખેજ્જહુ લોઅહો અપ્પણા, બાલહે જાયા વિસમ થણ.

—જે (એ સ્તન) પોતાનું હિયડું-હૈયું ફોડે છે, તેને માટેની પારકી દયા શું (હોઇ શકે ?) હે લોકો પોતાનું રક્ષણ કરો, (કારણ કે) બાલાના સ્તનો વિષમ થયા છે.

ઘણ—ઘૃણા, દયા. થણ-થાન, થાનોલું, સ્તન. થાન હજુ પશુઓનાં આંચળ માટે વપરાય છે.

(૩૧) ભલ્લા હુઆ જુ મારિઆ, બહિણિ મહારા કન્તુ,
લજ્જેજ્જં તુ વયંસિઅહુ, જઇ ભગ્ગા ઘરૂ એન્તુ.

—હે બહેન ! ભલું થયું જે મારો કંથ મરાયો. જો ભાગીને નાઠેલો-હારેલો ઘેર આવત તો વયસ્યમાં-બહેનપણીઓથી યા તેમાં હું લજ્જા પામત-લજાત. ભગ્ગા-ભગ્ન, હારેલો, વયંસિઅહુ-સરખી ઉમરવાળી વયસ્યાઓમાં સં. વયસ્ એટલે ઉમર પરથી.

(૩૨) વાયસુ ઉડ્ડાવન્તિઅએ, પિઉ દિટ્ઠઉ સહસત્તિ,
અદ્ધા વલયા મહિહિ ગય, અદ્ધા ફુટ્ટ તડત્તિ.

—વાયસ એટલે કાગડો ઉડાવતી (એક સ્ત્રીએ) સહસા-એકાએક પિયુ દીઠો; તેથી બલોયાનો અર્ધો ભાગ મહિપર ચડયો ને અર્ધો તડ દેતો-તડ અવાજ કરી ફુટયો. આ પ્રસિદ્ધ દોહો છે.

(૩૩) કમલઈં મેલ્લવિ અલિ-ઉલઇં, કરિ-ગંડાઇં મહન્તિ,
અસુલહમેચ્છણ જાહં ભલિ, તે ણુવિ દૂર ગણુન્તિ.

—અલિ-કુલ એટલે ભ્રમરોનો સમૂહ કમલને મેલી-છોડીને કરિ એટલે હાથીનાં ગંડસ્થલોને ઇચ્છે છે. અસુલભ એટલે દુર્લભની ઇચ્છા જેઓને ભલી-સારી-વધતી રહે છે-તેનો કદાગ્રહ થઇ જાય છે તેઓ દૂરને ગણતા નથી. જે ચીજની ઇચ્છા થાય તે ચીજ દૂર હોય તો પણ તે લેવા પ્રયત્ન થાય છે. ભલિ-વધતી-પાદપૂરક પણ હોઇ શકે છે,

(૩૪) ભગ્ગઉં દેક્ખિવિ નિઅય બલુ, બલુ પસરિઅઉં પરસ્સુ,
ઉન્મિલ્લઇ સસિ-રેહ જિવં, કરિ કરવાલુ પિયસ્સુ.

—નિજ એટલે પોતાનું બલ એટલે પોતાની સેના ભાગેલી-ભગ્ન દેખીને, પરની-સામાની બલ-સેના પસરે છે-ખીલે છે-વિસ્તાર પામે છે તેવી રીતે (બીજઆદિ દિવસે) શશિરેખા-ચંદ્રરેખાની જેમ પિયુના હાથમાં કરવાલ-ખડ્ગ ખીલે છે-શોભે છે.

નિઅય-નિજક ઉમ્મિલ્લઇ-સં. ઉન્મીલતિ.

(૩૫) જઇ તહો તુટ્ટઉ નેહડા, મઈં સહું નવિ તિલ-તાર
તં કિહે વંકેહિ લોઅણેહિં, જોઇજ્જઉં સય-વાર.

—હે તલ જેવી જેની તારા-કીકી છે એવા હે તિલતાર! જો તારો સ્નેહ મારી સાથે તૂટયો નથી, તો (તારાથી) શા માટે વાંકાં લોચનથી શત-સો વાર (હું) જોવાઉં છું.

તહો—તવ-તારો. તવ એ ગૂજરાતી કાવ્યમાં વપરાય છે. સહું-સહ-સાથે-શું. શું, સ્યું એ સાથેના અર્થમાં ગૂજરાતી કાવ્યમાં વપરાય છે. કિહે-સં. કસ્માત્-શા માટે. કાં.

(૩૬) જહિં કપ્પિજ્જઇ સરિણ સરૂ, છિજ્જઈ ખગ્ગિણ ખગ્ગુ,
તહિં તેહઇ ભડ-ઘડ-નિવહિ કન્તુ પયાસઈ મગ્ગુ.

—જ્યાં શરથી-બાણથી શર-બાણ કપાય છે, ખડ્ગથી ખડ્ગ છેદાય છે ત્યાં-તે સંગ્રામમાં તેવા ભડ એટલે ભટ-યોદ્ધાની ઘટા એટલે સેનાના નિવહ એટલે સમુહમાં (મારો) કંથ માર્ગ પ્રકાશે છે-કાઢે છે-કરે છે. ભડ-ભડ એ કાઠિયાવાડમાં બહાદૂરના અર્થમાં વપરાય છે. 'તું ભડ હો તો આવી જા'-'ભડના દીકરા! ભાળ્યો તને'!

(૩૭) એક્કહિં અક્ખિહિં સાવણુ અન્નહિં ભદ્દવઉ,
માહઉ મહિઅલ-સત્થરિ ગંડસ્થલે સરઉ,
અંગિહિં ગિમ્હ સુહચ્છી-તિલ-વણિ મગ્ગસિરૂ,
તહે મુદ્ધહે મુહ-પંકઇ આવાસિઉ સિસિરૂ.

—આ વિરહાવસ્થામાં પડેલી સ્ત્રીનું વર્ણન છે. તે મુગ્ધાની એક આંખમાં શ્રાવણ છે (અને) બીજી (આંખમાં) ભાદરવો છે. (શ્રાવણ અને ભાદરવો એ બે માસમાં વરસાદ પડે છે, તેવી રીતે આ બે આંખમાં આંસુ પડે છે તેથી તે બે આંખને તે બે માસ સાથે સરખાવેલ છે). મહીતલ સાથરા-ભૂતલ સંસ્તાર-પૃથ્વીના પડમાં માધવ-વસંત છે, વસંત પલ્લવમય થાય છે તે રીતે સાથરામાં નવાં નવાં પાન બીછાવ્યાં છે, ગંડસ્થલમાં-કપોલમાં (પાંડુતા-પીળાશ પરથી) શરદ, અંગમાં (સૂકાવાથી) ગ્રીષ્મ-ઉનાળો, સુખસ્થિતિ રૂપી તલના વનમાં માગશર (માગશરમાં) તલનાં ખેતરો લણી નાંખવામાં આવે છે તેથી ઉજડ થવાથી-સુખનો નાશ થવાથી માગશર) (અને) મુકપંકજમાં શિશિર (કે જે વખતે કમલો સૂકાય છે, આવાસ કરી રહેલ છે.

સુહચ્છી સં. સુખાસિકા-સુખસ્થિતિ. આ પણ યુગ્મ નથી પણ એક આખો છંદ છે.

(૩૮) હિયડા ફુટ્ટિ તડત્તિ કરિ, કાલક્ખેવેં કાઇં
દેક્ખઉં હય-વિહિ કહિં ઠવઇ, પઇં વિણુ દુક્ખ સયાઇં.

—હે હૈડા! તડંત એમને ફુટ, કાલક્ષેપથી શું? (પછી) જોઉં કે અભાગ્યો વિધિ મારા વિના, સેંકડો દુઃખો ક્યાં સ્થાપિત કરે છે? મારૂં હૃદય જ સેંકડો દુઃખોનો આધાર છે. તે ફાટી જાય તો જોઉં કે મુઓ વિધિ મને છોડીને તે દુઃખોને ક્યાં રાખે છે? તડત્તિ–જુઓ ઉપર નં. ૩૨ ત્રટત્ ઇતિ. કાલ્લકખેવ–સમય કાઢવો. ઠવઇ–સં. સ્થાપયતિ. મરાઠી ઠેવ ધાતુ, જૈનમાં ઠવણિ વગેરે સરખાવો.

(૩૯) કન્તુ મહારઉ હલિ સહિએ, નિચ્છઈં રૂસઇ જાસુ,
અત્થિહિં સત્થિહિં હત્થિઈં વિ, ઠાઉવિ ફેડઇ તાસુ.

—હે હલે! હે સખિ! મારો કાન્ત (કંથ) જેનાથી નિશ્ચયે રૂસે–રૂઠે છે–રોષે ભરાય છે તેનું અર્થથી–દ્રવ્યથી, શસ્ત્રથી, અને હાથેથી પણ સ્થાનક–ઠામ કાઢી નાંખે છે. જડમૂળથી તેનો નાશ કરે છે. ઠાઉવિ–સ્થાનક, ઠામ પણ.

(૪૦) જીવિઉ કાસુ ન વલ્લહઉં, ધણુ કણુ કાસુ ન ઇટ્ઠુ,
દોણ્ણિવિ અવસર–નિવડિઆઇં, તિણ–સમ ગણઇ વિસિટ્ઠુ.

—જીવિત કેને વ્હાલું નથી? ફરી–વળી ધન કેને ઇષ્ટ નથી, (પણ) વિશિષ્ટ (જન) એ બંનેને પણ અવસર આવતાં તૃણ સમ ગણે છે.

(૪૧) પંગણિ ચિટ્ઠદિ નાહુ ધ્રું, ત્રં રણિ કરદિ ન ભંત્રિ

—જે નાથ આંગણે બેસે છે, તે રણમાં કરે છે (તેમાં) ભ્રાંતિ નથી. એટલે તે રણમાં વીરતા કરે છે તેમાં શક નથી. એમ ન સમજો કે તે આંગણે બેઠો લડતો નથી. એક મારવાડી દોહા અનુસારઃ—

ભોલો ભોલો દીસતો, સદા ગરીબી સૂત,
કાકી! કુંજર કાટતાં, જાણવિયો જેઠૂત,

(ભોળો ભોળો દેખાતો હતો, સદા ગરીબીથી સીધો સાદો હતો પરંતુ કાકી! લડાઇમાં હાથીઓને કાપતી વખતે મારા જેઠનો દીકરો જણાયો કે તેમાં આ જવાહીર છે.)

જે તેને માટે ધ્રું ત્રં આવે છે (હેમચંદ્ર ૮-૪-૩૬૦) ત્રં માં તે ત(ત્) છે જ. ર લાગ્યો છે-જેવી રીતે ભ્રંત્રિમાં (બીજું રૂપ ભંતિ મળે છે. દે૦ ૪૫) ર લાગવાને માટે આગળ વ્યાસનો વ્રાસ થયો તે જુઓ નં. ૮૧.

(૪૨) તં બોલ્લિઅઇ જુ નિવ્વહઇ.

—જે નિભે-ટકે તે બોલીએ. (જે નિભાવી શકાય તે બોલવું ઘટે).

ઇમુ કુલુ તુહ તણઉં, ઇમુ કુલુ દેક્ખુ.

—ઇમુ-આ કુલ તારૂં-તણું એટલે તારા સંબંધી, આ કુલ જો.

(૪૩) એહ કુમારી એહો નરૂ, એહુ મણોરહ-ઠાણુ,
એહઉં બઢ ચિન્તન્તાહં, પચ્છહ હોઇ વિહાણુ.

—આ કુમારી, આ નર, આ મનોરથસ્થાન-એવું ચિંતવતા વઢ એટલે મૂર્ખોનું પછી વહાણું થાય છે-વહાણું વાય છે એટલે આખી રાત એ વિચારમાં વિચારમાં ચાલી જાય છે. વઢ એ સંબંધ કારક છે યા સંબોધન વિભક્તિમાં પણ લઇ શકાય.

(૪૪) જઇ પુચ્છહ ઘર વડ્ડાઇં, તો વડ્ડા ઘર ઓઇ,
વિહલિઅ-જણ-અબ્ભુદ્ધરણુ, કન્તુ કુડીરઇ જોઇ.

—(કોઇ સ્ત્રી મુસાફરને કહે છે:-) જો મોટાં ઘર (તમે) પૂછતા હો તો મોટાં ઘર તે છે (કે જેમાં દાનાદિ-પરોપકાર થતાં હોય); વિહ્વલિત જનના અભ્યુદ્ધાર અર્થે મારા કન્થને કુટિરમાં-ઝુંપડીમાં જો. મોટાં ઘર મહેલ નથી હોતાં-વિહ્વલિત જનોના ઉધ્ધારક મારા કાંતને કુટીમાં બેસેલો જો—તે ઘર મોટું છે જ્યાં પરોપકાર થાય છે.

ઓઇ-ઓલો-એ. વડ્ડો-વડો સં. બૃહત્ હિં. બડો કચ્છી વડ્ડો.

(૪૫) આયઇં લોઅહો લોઅણઇં, જાઇ સરઇં ન ભન્તિ;
અપ્પિએ દિટ્ઠઇ મઉલિઅહિં, પિએ દિટ્ઠઇ વિહસન્તિ.

—લોકના આયેં-આ લોચનો જાતિનું-પૂર્વ જન્મનું સ્મરણ આપે છે-તેમાં ભ્રાંતિ-સંદેહ નથી. અપ્રિયને જોતાં મુકુલિત થાય છે, પ્રિયને

જોતાં હસે છે. જાઇસ્મર-જાતિસ્મર, જેથી પૂર્વજન્મના પ્રિય અપ્રિયની યાદ થાય-જાતિ સ્મરણ. જો જાઈ અને સરઇ બે પદ જુદા હોય તો જાતિને -પૂર્વજન્મને સ્મરણ કરે છે. અપ્પિએ દિટ્ઠઇ-પિએ દિટ્ઠઇ ભાવવાચક સપ્તમી સં. અપ્રિયે દૃષ્ટે સતિ, પ્રિયે દૃષ્ટે સતિ.

(૪૬) સોસઉ મ સોસઉચ્ચિઅ, ઉઅહી વડવાનલસ્સ કિં તેણ,
જં જલઇ જલે જલણો, આએણ વિ કિં ન પજ્જત્તં.

—ઉદધિ-સમુદ્ર નિશ્ચયે શોષાય કે મ શોષાય તેથી વડવાનલને શું ? જો જલમાં જ્વલન-અગ્નિ જળે છે-બળે છે, તેનાથી પણ પર્યાપ્ત-પૂરતું શું નથી ?-પૂરતું જ છે. કઠિન અથવા અસંભવ કાર્ય સિદ્ધ ન થાય તો ઉદ્યોગમાંજ સફલતા છે. ચ્ચિઅ-નિશ્ચય; આએણ-એનાથી.

(૪૭) આયહો દડ્ઢ-કલેવરહો, જં વાહિઉ તં સાર,
જઇ ઉટ્ટબ્ભઇ તો કુહઇ, અહ ડજ્ઝઇ તો છાર.

—આના દગ્ધ-દાઝેલા કલેવરનું જે ચાલ્યું ગયું તે સારૂં; (મરણ પછી) જો ઢંકાય છે,—સ્થપાય છે તે કોહાય છે અને જો દાઝે છે તે ક્ષાર-છાર-ભસ્મ થાય છે. દડ્ઢ=દગ્ધ, દાઝેલું, બાળેલું. સારૂં-ગૂ.સારૂં ઉટ્ટબ્ભઇ—સં.ઉત્તભ્યતે વૃત્તિકાર—આચ્છાદ્યતે-સ્થાપ્યતે. કુહઇ-ગૂ. કોહાય છે, સં. કુથ્યતે, ક્વથતિ હિં. કુથતા હૈ. છાર-ક્ષાર, રાખ, ભસ્મ.

(૪૮) સાહુ વિ લોઉ તડપ્ફડઇ, વડ્ડત્તણ હો તણેણ,
વડ્ડપ્પણ પરિ પાવિઅઇ, હત્થિં મોક્કલડેણ.

—સર્વે-બધાય લોક વડપણને માટે તડફડે છે. પણ વડપણ મોકળા હાથથી પ્રાપ્ત થાય છે-પમાય છે. સાહુ-સહુ તણેણ-તણાથી-માટેથી એટલે માટે-એમાં બે વિભક્તિ પ્રત્યયો છે. ગૂજરાતીમાં કહેવત છે કે જેનો હાથ પહોળો તેનો જગ ગોલો. દાનથી જનમાં મહત્ત્વ પમાય છે.

(૪૯) જઇ સુ ન આવઇ દૂઇ ઘર, કાઇં અહોમુહુ તુજ્ઝુ,
વયણ જુ ખંડઇ તઉ સહીએ, સો પિઉ હોઇ ન મુજ્ઝુ.

—હે દૂતિ ! જો તે ઘેર ન આવે, તો તારૂં અધોમુખ-નીચું મોં

શા માટે ? હે સખિ ! જે તારૂં વચન ખરે તે મારો પ્રિય નથી થતો. કુમારપાલ પરિશિષ્ટમાં 'સહિ એસો' એવું છપાયેલું છે. આ દૂતિને ઉપાલંભ છે. અધોમુખ-ખંડિત વદનને છુપાવવા માટે છે, વચનનું ખંડન કહેલું ન માનવાથી છે. વયણુ-વચન અને વદન એ બંનેનો શ્લેષ છે. કાંઈ-સં. કિં, શા માટે ?

(૫૦) 'કાંઇ ન દૂરે દેક્ખઇ' એટલે શા માટે દૂર જોતો-જોતી નથી ?

(૫૧) સુપુરિસ કંગુ હે અણુહરહિં, ભણુ કજ્જેં કવણેણ
જિવં જિવં વડ્ડત્તણુ લહહિં, તિવં તિવં નવહિં સરેણ.

—સુપુરૂષ કાંગ (ધાન્ય)નું અનુસરણ કરે છે. કહે, કયા કાર્યથી ? જેમ જેમ વડપણ પામે છે, તેમ તેમ શિરથી નમે છે.

અનુહરહિં-નકલ કરે છે, સદૃશ હોય છે. ભણુ-કહે. કજ્જેં કવણેન-શું કાર્યથી ?

(૫૨) જઇ સસણેહી તો મુઇઅ, અહ જીવઇ નિન્નેહ,
બિહિંવિ પયારેહિં ગઇઅ ધણ, કિં ગજ્જહિ ખલ મેહ.

(કોઇ સ્ત્રીનો ભરથાર દેશાંતર ગયો છે તે મેઘ પ્રત્યે કહે છે) તેણી જો સસ્નેહ-સ્નેહાલ હશે તો મુઇ—મરણ પામી હશે, (મારા વિરહથી), અને જો જીવતી હશે તો નિઃસ્નેહ છે. બંને પ્રકારે ધણ-સ્ત્રી ગઇ છે હે ખલ મેહ ! શું કામ ગાજે છે ? જો સ્નેહવતી હોય તો વિયોગમાં મેઘ ગર્જના સાંભળી મરી ગઇ, જો જીવતી હોય તો તેનામાં સ્નેહ નથી. પ્રિયા તો બંને રીતે ગઇ.

(૫૩) ભમરૂ મ રૂણુઝુણિ રણ્ણડઇ, સા દિસિ જોઇ મ રોઇ,
સા માલઇ દેસન્તરિઅ, જસુ તુહું મરહિ વિઓઇ.

—હે ભ્રમર ! અરણ્યમાં રણુઝુણુ (એ શબ્દ) મા કર, તે દિશામાં જોઇ ન રો. જેના વિયોગથી તું મરે છે તે માલતી દેશાન્તરિત (છે) —દેશમાં નથી. રણ્ણડઇ—રાનમાં અરણ્યમાં.—જુઓ 'રન્નુ' ઉપર નં. ૧૭માં.

(૫૪) પઈ મુક્કાહંવિ વરતરૂ, ફિટ્ટઇ પત્તત્તણું ન પત્તાણું
તુહ પુણુ છાયા જઈ હોજ્જ, કહવિ તા તેહિં પત્તેહિં.

—હે વરતરૂ !–ઉંચા પ્રકારના વૃક્ષ ! તારાથી મૂકાયેલા–તજાયેલા પત્રોનું–પાંદડાનું પત્રત્વ–પાંદડાપણું ફીટતું નથી—બગડી જતું નથી. ચાલ્યું જતું નથી. વળી–પુનઃ તારી જે છાયા હોય તે કોઇ પણ પ્રકારે તેજ પત્રોથી છે. આ અન્યોક્તિ છે. તું જેને તજે તેનાથીજ તારી શોભા છે. મુક્ક–મુક્ત–મૂકેલો, તજેલો. ફિટ્ટઇ–ચાલી જાય છે, બગડે છે. સરખાવો દૂધ ફાટવું, ફિટકાર, સ્ત્રીનું ફીટી જવું, ફીટેલ સ્ત્રી. હોજ્જ–હોય તો, થાતી તો. દોધકવૃત્તિકાર 'વિવરતરૂ' એક પદ લઇને વિ(પક્ષી) +વર (સારા)ના તરૂ–સારા પક્ષીના તરૂ એવો અર્થ પણ કરે છે અને વરતરૂ એમ એક પદ લઈને પણ બીજો ઉપર જણાવેલો અર્થ કરે છે.

(૫૫) મહુ હિયઉં તઇં તાએ, તુહું સવિ અન્નેં વિનડિજ્જઇ,
પિઅ કાઇં કરઉં હઉં કાઇં તુહું મચ્છેં મચ્છુ ગિલિજ્જઈ.

—(નાયિકા અન્યમાં આસક્ત નાયકને કહે છે કેઃ) મારૂં હૃદય તારાથી (લેવાયું), તું તેણીથી ગ્રહાયો, તેણી પણ બીજાથી નચાય છે, હે પિયા ! હું શું કરૂં ? તું શું (કરે ?) (એતો) મચ્છ ગળે છે (તેવું છે.) મોટા મચ્છ નાના મચ્છને ગળે તેવો ' માત્સ્ય ન્યાય' છે. ભર્તૃહરિના 'ધિક્ તાં ચ તં ચ મદનં ચ ઇમાં ચ માં ચ' વાળા શ્લોકનો ભાવ છે. તઇં–તુથી.

(૫૬) પઇં મઈં બેહિં વિ રણગયહિં, કો જયસિરિ તક્કેઇ,
કેસહિં લેપ્પિણુ જમ–ઘરિણિ, ભણુ સુહુ કો થક્કેઈ.

—તું હું બને રણમાં ગયેલાઓમાં કોણ જયલક્ષ્મી ઇચ્છે છે ? યમની ગૃહિણી–સ્ત્રીને કેશથી ખેંચીને કોણ સુખે રહે તે (તું) કહે ?–કોઈ નહિ એ અર્થ છે. પઇં મઈં–સાતમી વિભક્તિ અધિકરણ. તક્કેઇ–તાકે છે–ઇચ્છે છે. લેપ્પિણુ–ભૂતકૃદંત. થક્કેઇ–થાકે, રહે.

(૫૭) પઇં મેલ્લન્તિહે મહુ મરણુ, મઈં મેલ્લન્તહો તુજ્ઝુ
સારસ ! જસુ સો વેગ્ગલા, સોવિ કૃદન્તહો સજ્ઝુ.

—(કોઈ સ્ત્રી નાયકને સારસ કહી અન્યોક્તિ કરે છે) હે સારસ ! તને છોડતી એવી હુંનું એટલે મારૂં મરણ છે (અને) મને મુકતા એવા તારૂં (મરણ છે) જેને જે વેગળો–દૂર છે તેજ કૃતાન્તને–યમને સાધ્ય છે એટલે મરણ પામે છે. પઇં, મઇં–કર્મકારક. મેલ્લન્તી, મેલ્લન્ત વર્તમાન ધાતુજ–કૃદન્ત. હો–સંબંધની છઠી. 'હો' છંદ પ્રમાણે લઘુ બોલાશે.

(૫૮) તુમ્હેહિં અમ્હેહિં જે કિઅઉં, દિટ્ઠઉં બહુઅ જણેણ,
તં તેવડઉં સમરભરૂ, નિજ્જિઉ એક્ક ખણેણ

—તમારાથી અમારાથી જે કરાયું છે–તમે અમે જે કર્યું તે બહુત-ઘણા જણોએ દીઠું. (શું કર્યું ? તેના ઉત્તરમાં) તે તેટલું કે સમરનો સમૂહ એક ક્ષણમાં નિર્જીત કર્યો–જીતી લીધો.

(૫૯) તઉ ગુણ–સંપઇ તુજ્ઝ મદિ તુધ્ર અણુત્તર ખન્તિ,
જઇ ઉપ્પત્તિં અન્ન જણ મહિમંડલિ સિક્ખન્તિ.

—મહીમંડલમાં અન્ય જન જો (તારી પાસે) આવીને તારી ગુણ સંપત્તિ, તારી મતિ, તારી અનુત્તર (નોત્તમ) ક્ષાન્તિ–ક્ષમા શીખે તો (સારૂં). તઉ, તુજ્ઝ, તુધ્ર–તારૂં. ઉપ્પત્તિં–સં. ઉપેત્ય, ઉપ્પંતિઅ.

(૬૦) અમ્હે થોવા રિઉ બહુઅ, કાયર એમ્વ ભણન્તિ,
મુદ્ધિ નિહાલહિ ગયણયલુ, કઇ જણ જોણ્હ કરન્તિ.

—અમ્હે થોડા રિપુ ઘણા, એમ કાયર ભણે છે; હે મુગ્ધા ! —સુંદરી ! નિહાળ ! ગગનતલમાં કયો જણ જ્યોત્સ્ના—ચાંદની કરે છે—એકજ જણ અને તે ચંદ્રજ. થોવા–થોડા સં. સ્તોક. એમ્વ–સં. એવં. પંજાબી એવેં. જોણ્હ–સં. જ્યોત્સના.

પ્રકરણ સાતમું.

હેમચંદ્રે અવતરેલાં અપભ્રંશ ઉદાહરણો (અનુસંધાન)

(૬૧) અમ્માણુ લાઇવિ જે ગયા, પહિઅ પરાયા કેવિ,
અવસ ન સુઅહિં સુહચ્છિઅહિં, જિવં અમ્હઇ તિવં તેવિ.

—પોતાપણું લગાડી–મમત્વ લગાડી જે પરાયા કોઇ પથિક ગયા છે તે અવશ્ય સુખાસિકાથી–સુખથી સૂતા નથી. જેવા અમ્હે તેવા તેઓ. અમ્મણ–આપણાપણું–પોતાપણું–મમતા–સ્નેહ. સુહચ્છિઅહિં–સં. સુખાસિકાથી–સુખની બેઠકથી–સુખની નીંદ (ઉપર નં. ૩૭) અમ્હઈ–અમે હિં હમ, રાજસ્થાની મ્હેં.

(૬૨) મઇં જાણિઉં પિયવિરહિઅહં, કવિ ધર હોઇ વિઆલિ,
ણવર મિઅંકુવિ તિહ તવઇ, જિહ દિણયરૂ ખયગાલિ.

—હે પ્રિયા! મારાથી જણાયું—મેં જાણ્યું કે પ્રિયથી વિરહીઓનાં કોઈ પણ ધર–અવલંબન વિકાલે–સંધ્યાકાળે થાય છે. (આટલું વિરહીઓ માટેજ, નહિ પરંતુ મૃગાંક–ચંદ્ર પણ તેવી રીતે તપે છે જેમ દિનકર–સૂર્ય ક્ષયકાળે–પ્રલયકાળે (તપે છે તેમ) જુઓ સોમપ્રભ નં. ૧૮ હવે પછી.

(૬૩) મહુ કન્તહો બે દોસડા, હેલ્લિ મ ઝંખહિ આલુ,
દેન્તહો હઉં પર ઉવ્વરિઅ, જુજ્ઝન્તઓ કરવાલુ.

—હેલ્લિ! (હે સખિ!) મારા કન્થના બે દોષો (છે), આળ–વૃથા ઝંખ નહિ–બોલ નહિ (તે કયા બે દોષ?–) તેના દેતાં દેતાં–દાન દેતાં હું કેવલ ઉગરી–બચી. અને ઝૂઝતાં–યુદ્ધમાં લડાઈ લડતાં તલવાર બચી. દાન દેતાં બધું દેવાઇ ગયું–એક હું તેની સ્ત્રી બચી ગઇ પણ લડવામાં તો તેણે તલવારને બચાવી–વાપરી નહિ. આમાં એક સ્તુતિ છે ને બીજી નિન્દા એમ બંને સાથે સાથે છે. હો, એ બે બંને

લઘુ બોલવા. દોસડા-સં. દોષ; ડ તે કુત્સિતના અર્થમાં વપરાય છે. હેલ્લિ-હે અલિ! ઝંખ-ઝંખવું હિ-ઝંખના, ઝીખના. આલુ-આળ-ખોટું અગડંબગડં. દેન્ત, જુજ્ઝન્ત-વર્તમાન કૃદંત. હઉં-હું. ઉવ્વરિય-સં. ઉર્વરિત-ઉગરી હિં ઉબરી.

(૬૪) જઇ ભગ્ગા પારક્કડા, તો સહિ મજ્ઝુ પિએણ,
અહ ભગ્ગા અમ્હહં તણા, તો તેં મારિઅડેણ.

—જો પારકા ભાગ્યા હોય-ભગ્ન થયા હોય તો ખરેખરા મારા પિયુથી થયા હોય, અને અમારા સંબંધિઓ ભાગ્યા તો તે (મારો પિયુ] મરાયેલો તેથી.—જો પરાયા પક્ષની સેના ભાગી હોય તો મારા પિયુએ તેને ભગાડી હશે, જો અમારાં ભાગતા હોય તો તે તેના માર્યા જવાથી આવું પરિણામ આવી શકે.

ભગ્ગા—સં. ભગ્નાઃ ભાંગ્યા, તૂટયા, હાર્યા તેથી ભાગ્યા-નાઠા. પારક્કડા, અમ્હહં તણા,—પરાયા અને અમારા. મારિઅડ સં. મારિતક. આ પ્રસિદ્ધ દોહો છે.

(૬૫) મુહ-કબરિ-બન્ધ તહે સોહ ધરહિં.
નં મલ્લ-જુજ્ઝુ સસિ-રાહુ કરહિં
તહે સહહિં કુરલ ભમર-ઉલ-તુલિઅ
નં તિમિર-ડિમ્ભ ખેલન્તિ મિલિઅ.

—તેણીનાં મુખ અને વેણીનો બંધ શોભા ધરતાં જાણે શશિ રાહુ મલ્લયુદ્ધ (કરતા હોય નહિ). તેણીનાં કુરલ-કેશો ભ્રમર કુલ તુલ્ય શોભે છે, જાણે તિમિરનાં-અંધકારનાં બાળકો મળીને ખેલે છે. નં-જેમ, જાણે કે-ઉત્પ્રેક્ષામાં વપરાય છે.

(૬૬) બપ્પીહા પિઉ પિઉ ભણુવિ કિત્તિઉ રૂઅહિ હયાસ !
તુહ જલિ મહુ પુણુ વલ્લહઇ, બિહું વિ ન પૂરિઅ આસ.

—બપૈયા!—ચાતક! પિયુ પિયુ (એમ) કહીને કેટલીવાર (તું)

રૂએ છે? હે હતાશ! તારી જલમાં, પુનઃ મારી વલ્લભમાં—એમ બંનેની આશા પૂરી થઈ નહિ. તને જલ ન મળ્યું, મને વલ્લભ ન મળ્યો.

(૬૭) બપ્પીહા કઇં બોલ્લિએણુ, નિગ્ઘિણ વારઇવાર,
સાયરિ ભરિઅઇ વિમલ જલિ, લહહિ ન એક્કઇ ધાર.

—હે નિર્ઘૃણ-નિર્લજ્જ બપૈયા! વારેવાર બોલવાથી શું? સાગરમાં વિમલ જલથી એક પણ ધારા (તને) મળશે નહિ.

(૬૮) આયહિં જમ્મહિં અન્નહિં વિ, ગોરિ સુ દિજ્જહિ કન્તુ,
ગય મત્તહં ચત્તંકુસહં, જો અબ્ભિડહિ હસન્તુ.

—આ જન્મમાં-અન્યમાં (અન્ય ભવમાં) પણ, હે ગૌરી! તે કન્થ દેજે (કેવો કન્થ છે? કે) જે મત્ત, અને ત્યક્તાંકુશ-જેણે અંકુશ છોડયા છે તેવા ગજોને હસતો આવી મળે—તેની સન્મુખ આવે.

(૬૯) બલિ અબ્ભત્થણિ મહુમહણુ, લહુઇહૂઆ સોઇ,
જઇ ઇચ્છહુ વડ્ડત્તણઉં, દેહુ મ મગ્ગહુ કોઇ.

—બલિની અભ્યર્થના વડે તે મધુમથન-નારાયણ લઘુ થયો-વામન બન્યો. જો વડપણ ઇચ્છો તો ઘો-દાન કરો, કોઇ પાસે મ માંગો. લહુઇહૂઆ-સં. લઘુકીભૂત.

(૭૦) વિહિ વિનડઉ પીડન્તુ ગહ, મં ધણિ કરહિ વિસાઉ
સંપઇ કડ્ઢઉં વેસ જિવં, છુડુ અગ્ઘઇ વવસાઉ.

—વિધિ નાચ કરે. ગ્રહો પીડે, (પણ) હે પ્રિયા! વિષાદ કર નહિ. જો વ્યવસાય-ઉદ્યમ ચાલે છે તો સંપદને વેશની પેઠે કાઢું છું.

વિનડઉ—નટતુ, નાચે. ધન-પ્રિયા જુઓ ઉપર નં. ૧ સરખાવો મિરજાપુરી 'ધનિયા'. વેસ-વેશ. દોધક વૃત્તિકાર વેશ્યા પણ અર્થ કરે છે. વેશ્યાની પેઠે કડ્ઢઉ-સં. કર્ષયામિ ખેંચુ-કાઢું. છુડુ-જો. અગ્ઘઇ-સં. અર્ઘતિ અથવા રાજતે. જો ઉદ્યમ ચાલે તો સંપદ્ સુલભ થાય છે.

(૭૧). મગ્ગ-વિસાહિઉ જહિં લહહું પિય તહિં દેસહિં જાહું
રણ-દુબ્ભિકખેં ભગ્ગાઈં, વિણુ જુજ્ઝેં ન વલાહું.

—હે પ્રિયા ! જે દેશમાં ખડ્ગથી સાધિત થયેલું મેળવું ત્યાં જઇએ. (અહીં) રણ–દુર્ભિક્ષથી ભગ્ન થયેલા–(તેથી) યુદ્ધ વગર પ્રસન્ન થતા નથી–આનંદ આવતો નથી. જ્યાં તલવાર ચલાવી જીવિકાનો નિર્વાહ થઇ શકે ત્યાં ચાલો, અહીં તો રણ–દુર્ભિક્ષ–યુદ્ધના દુકાળથી (દિલ) તૂટી ગયું; યુદ્ધ વિના આનંદ આવતો નથી.

વલાહું—ન રતિં પ્રાપ્નુમઃ—મજા આવતી નથી એમ દોધકવૃત્તિમાં અર્થ કર્યો છે તેને અનુસરી ઉપર અર્થ મૂક્યો છે, પણ તે ઠીક લાગતો નથી. વલાહું એટલે વળું—પાછો આવું. રણ–દુષ્કાળમાં ભાગ્યા છીએ. વિના યુદ્ધ પાછા નહિ આવીએ (જેમ દુર્ભિક્ષ કારણે દેશથી ભાગ્યા વગર સુભિક્ષ પાછો આવતો નથી)—આ અર્થ બરાબર છે.

(૭૨) કુંજર સુમરિ મ સલ્લઇઉ, સર સાસ મ મેલ્લિ,
કવલ જિ પાવિય વિહિ–વસિણ, તે ચરિ માણ મ મેલ્લિ.

—હે કુંજર ! સલ્લકીઓ (એક જાતના બળદો) ને સ્મર નહિ, સરલ એટલે દીર્ઘ શ્વાસ મૂક નહિ. વિધિવશે જે કવળ–કોળીઆ મળ્યા તે ચર, માન રાખ નહિ.

દોધકવૃત્તિ પ્રમાણે મેલ્લિનો અર્થ બને સ્થળે 'છોડવું' કરવાથી નિરર્થક વાકય થાય છે. જે મળે તે ખા, ને માન છોડ નહિ,–એ યોગ્ય નથી લાગતું. ત્યાં મેલ્લિ એટલે રાખ એ અર્થ યોગ્ય લાગે છે.

(૭૩) ભમરા એત્થુ વિ લિમ્બડઇ, કેવિ દિયહડા વિલમ્બુ,
ઘણ–પત્તલુ છાયા–બહુલુ, ફુલ્લઇ જામ કયમ્બુ.

હે ભમરા ! અત્ર–અહીં પણ લીંબડામાં કેટલાક દિવસો ઘણાં-પાંદડાંવાળા અને છાયાવાળા કદમ્બ જ્યાં સુધી ફૂલે ત્યાં સુધી વિલંબ કર.

(૭૪) પ્રિય એમ્વહિં કરે સેલ્લુ કરિ. છડ્ડહિ તુહું કરવાલુ,
જં કાવાલિય બપ્પુડા, લેહિં અભગ્ગુ કવાલુ.

—હે પ્રિય ! હવે હાથમાં શલ્ય–કુન્ત–ભાલું કર–લે, (અને) કરવાલ—તરવારને તું છોડ જેથી બાપડા કાપાલિક અભગ્ન–આખી કપાલ–ખોપરી

મેળવે. તમારા ખડ્ગથી શત્રુઓનાં માથાં ભાંગી-ફાટી જાય છે તેથી કાપાલિકોને આખી સાબુત ખોપરી નથી મળતી તે માટે તમે ભાલાથી મારો કે જેથી ખોપરી સાબુત તો મળે. એમ્વહિં સં. ઇદાનીં.

(૭૫) દિઅહા જન્તિ ઝડપ્પડહિં, પડહિં મણોરહ પચ્છિ
જં અચ્છઇ તં માણિઅઇ, હોસઇ કરતુ મ અચ્છિ.

—દિવસો ઝડપથી જાય છે, મનોરથ પાછા પડે છે-નિષ્ફળ થાય છે. જે છે તે માણીએ-ભોગવીએ, 'હોશે' એમ કરતા મ રહો, -બેસો. દિન જાય છે, જે છે તે ભોગવો, ભવિષ્યના ભરોસે ના રહો. અચ્છઇ-બંગાલીમાં આછે, રાજસ્થાની છૈ.

(૭૬) સન્તા ભોગ જુ પરિહરઇ, તસુ કન્તહો બલિ કીસુ,
તસુ દઇવેણ વિ મુંડિયઉં, જસુ ખલ્લિહડઉં સીસુ.

—વિદ્યમાન હોય છતાં ભોગોને-પાસે હોય છતાં ભોગોને જે પરિહરે-તજે તે કંથને વારી જઇએ. જેનું માથું ટાલીઉં છે તેનું દૈવેજ મુંડન કર્યું છે. એટલે જેની પાસે ભોગો નથી તે તો સ્વયમેવ-દૈવાત્ તજે છે.

આમાં 'સહેજે બાવા બ્રહ્મચારી' યા 'વૃદ્ધા નારી પતિવ્રતા' એ કહેવત લાગુ પડે છે. હિંદીમાં 'બિના મિલતી કે બ્રહ્મચારી' એ કહેવત છે. જે પોતાને ભોગવિલાસો હોય છતાં છોડે તેની બલીહારી છે. સન્તા વર્તમાન કૃદંત. કીસુ-હું કરૂં (હેમ.) તુ કર. ખલ્લિહડઉં-સં. ખલ્વાટ.

(૭૭) અઇતુંગત્તણુ જં થણહં સો ચ્છેયહુ ન હું લાહુ,
સહિ જઇ કેવંઇ તુડિવસેણ, અહરિ પહુચ્ચઇ નાહુ,

—સ્તનોનું જે અતિતુંગત્વ (ઉંચાપણું) છે તે છેદક-ખોટ નથી; પણ લાભ છે. હે સખિ! જો કોઇ રીતે ત્રુટિવશ થઇ નાથ અધરમાં પહોંચે તો. ઉંચાં સ્તન ચુંબનમાં આડાં આવે છે.

છેય-છેદ-ખોટ. કેવઇ સં. કથમપિ, કોઇ રીતે. ત્રુટિવિલંબ પહુ-

અઈ-સં. પ્રભવતિ (?) સમર્થ થાય છે, (દોધકવૃત્તિ). હીંદી પહુંચના-ગૂજરાતી પહોંચવું એ આ વ્યાખ્યામાં બરાબર યુક્ત છે.

(૭૮) ઇત્તઉં બ્રોપ્પિણુ સઉણિ ઠ્ઠિઉ, પુણુ દૂસાસણુ બ્રોપ્પિ,
તો હઉં જાણઉં એહો હરિ, જઇ મહુ અગ્ગઇ બ્રોપ્પિ.

—એટલું બોલીને શકુનિ થોભ્યો; પુનઃ દુઃશાસન બોલીને થોભ્યો. (હવે દુર્યોધન કહે છે કે) જો હરિ મારી આગળ બોલે તો હું જાણું કે આ હરિ છે. ઇત્તઉં-એતો-એટલો સં૦ ઇયત્, બ્રોપ્પિણુ, બ્રોપ્પિ-ભૂતકૃદંત; ઠ્ઠિઉ-સં. સ્થિત-થોભ્યો.

(૭૯) જિવં તિવં તિક્ખા લેવિ કર, જઇ સસિ છોલ્લિજ્જન્તુ.
તો જઇ ગોરિ હે મુહ કમલિ, સરિસિમ કાવિ લહન્તુ.

—જેમ તેમ તીક્ષ્ણ (શસ્ત્ર) લઇને જો શશિ-ચંદ્ર છોલવામાં આવે તો જ (જગમાં !) ગૌરીના મુખકમલની સદૃશતા કાંઇક પણ પામે. તિક્ખા-કેવલ વિશેષણ. વિશેષ્ય (શસ્ત્ર-આયુધ જેવું) અધ્યાહાર છે. જઇ-જગમાં એવો દોધકવૃત્તિમાં અર્થ કર્યો છે ! લહન્તુ-ક્રિયાતિપત્તિ.

(૮૦) ચૂડુલ્લઉ ચુણ્ણીહોઇસઈ, મુદ્ધિ કવોલિ નિહિત્તઉ,
સાસાનલ-જાલ-ઝલક્કિઅઉ, વાહ-સલિલ-સંસિત્તઉ.

—હે મુગ્ધે ! કપોલપર રાખેલો ચુડલો, શ્વાસરૂપી અગ્નિની ઝાળથી દગ્ધ થઈને, (અને) બાષ્પરૂપી પાણીથી સંસિક્ત થઇને ચૂર્ણ થશે-ચૂરેચૂરા થશે. (જુઓ કુમારપાલ પ્રતિબોધ. નં. ૨૩ હવે પછી.)

(૮૧) અબ્ભડ વંચિઉં બે પયઈં, પેમ્મુ નિઅત્તઈ જાવં
સવ્વાસણ-રિઉ-સંભવહો, કર પરિઅત્તા તાવં.

—(૧) અભ્રવાલી રાત્રીમાં બે પગે ચાલી જ્યાં (અભિસારિકા) પ્રેમ નિભાવે છે-પૂરો કરે છે, ત્યાં તો સર્વાશન-સર્વભક્ષ એવો અગ્નિ તેનો રિપુ-શત્રુ તે સાગર અને તેમાંથી સંભવ-જન્મ પામેલ એવા ચંદ્રનાં કર-કિરણો પસર્યાં એટલે કાળી વાદળીથી ઘોર થયેલી રાતે પ્રેયસી જાતી હતી કે ચંદ્રે સહાયતા-સમાધિ આપી. અથવા તો (૨)

ઉલટા બે પગે ચાલી (પ્રવાસી પ્રિય) પોતાની પ્રેમિકા-પ્રેયસીને જ્યાં પાછો વાળતો હતો ત્યાં ચંદ્રનાં કિરણો ફેલાયાં. પ્રિયા વળાવવા આવી હતી અને પ્રવાસીએ તેને પાછી વાળવા ઇચ્છયું. ત્યાં તો ચાંદો ઉગ્યો. પછી શેનું જવું ને આવવું ?

અબ્ભડ-અભ્રટ-મેઘવાળું અથવા અભ્યટય-પાછા વળી. વંચ= સં. વ્રજ-ચાલવું, પયઇ-પગ, નિઅત્તઇ-સં. નિર્વર્તયતિ યા નિવર્તયતિ જાવં તાવં-યાવત્ તાવત્. પરિઅત્તા-પ્રસૃતા. દોધકવૃત્તિમાં આનો અર્થ બરાબર કર્યો નથી લાગતો,

(૮૨) હિઅઇ ખુડુક્કઇ ગોરડી, ગયણિ ધુડુક્કઇ મેહુ,
વાસા-રત્તિ-પવાસુઅહં વિસમા સંકડુ એહુ.

—હે ગૌરી ! હૈયામાં ખટકે છે. મેઘ ગગનમાં ધુડુકે છે. વર્ષા રાત્રિમાં પ્રવાસીઓને આ-આવાં વિષમ સંકટો હોય છે. વિસમા-એ પરથી સંકટ બહુવચન છે. પ્રવાસુ-તેમાં 'ઇન્'ના અર્થમાં 'ઉ' (ઉણ્)

(૮૩) અમ્મિ પઓહર વજ્જમા, નિચ્ચુ જે સમ્મુહ થન્તિ,
મહુ કન્તહો સમરંગણઇ, ગયઘડ ભજ્જિઉ જન્તિ.

—(સ્ત્રી કહે છે) હે અમ્બ !-માતા ! જે નિત્ય સંમુખ-પાસે રહે છે તે પયોધર-સ્તનો વજ્રમય છે કે જેથી મારા કંતના સમરાંગણમાં ગજઘટા ભાગી જાય છે. વજ્જમ-વજ્રમય, ભજ્જિઉ-જુઓ ઉપર નં. ૬૪.

(૮૪) પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ,
જા બાપીકી ભુંહડી, ચમ્પિજ્જઇ અવરેણ.

—જન્મેલા પુત્રથી શું ગુણ-ફાયદો ? મરેલાથી શું અવગુણ ? કે જેથી (જે પુત્ર હોય છતાં) અથવા જેના બાપની ભોંય બીજાથી ચંપાતી હોય-લેવાતી હોય. પુત્તેં જાએં-ભાવલક્ષણ. મુએણ-સં. મૃતેન, મુઆથી. જા=જેની. બપ્પીકી-બાપીકી, ભુહંડી-ભોં-ભૂમિ, ચમ્પિજ્જઇ-દબાવવામાં આવે. સરખાવો પગચંપી-પગ દબાવવા તે.

(૮૫) તં તેત્તિઉ જલુ સાયરહો, સો તેવડુ વિત્થારુ,
તિસહે નિવારણુ પલુવિ નવિ, પર ધુટ્ઠુઅઇ અસારુ.

—સાગરનું તે જલ તેટલું, તેવડો તે(નો) વિસ્તાર; તૃષાનું નિવારણુ પલ પણુ નહી, છતાં અસાર–નકામો ધુધવે છે–ગર્જના કરે છે. દરિયાનું જલ જેટલું તેટલો તેનો મોટો વિસ્તાર છે; પણુ તેથી તરસ છીપે તેમ નથી છતાં તે દરિયો નકામો ગર્જના કરે છે. તેતિઉ–તેતો–તેટલો, તેવડો–તેટલો. તિસ–સં. તૃષા. રાજસ્થાની તિસ. ધુટ્ઠુઅઇ–અવાજ સૂચવતું ક્રિયાપદ, ગર્જે છે. સરખાવો રાજશેખર સૂરિના ચતુર્વિંશતિપ્રબંધ સાથે

'વરિ વિયરો જહિં જલુ પિયઇ, ધુટ્ઠુધુટુ ચુલુએણુ,
સાયરિ અત્થિ બહુય જલ, છિ ખારઉં કિં તેણુ.

—વીરડો સારો કે જેમાં જલ ધુટુધુટુ ચાપવેથી પી શકીએ. સાગરમાં ઘણુંય જળ ખારૂં છે તેથી તેને શું કરવો ?

વરિ–વર, સારો; વિયરો–વીરડો, નાનો કુવો રાજસ્થાની બેરા. ચુલુએણુ–હિં. ચિલ્લૂ, ગૂ. ચાપવું–નામ. અત્થિ–છે.

(૮૬) જં દિટ્ઠઉં સોમગ્ગહણુ, અસઇહિં હસિઉ નિસંકુ,
પિઅ–માણુસ–વિચ્છોહ–ગરુ, ગિલિ ગિલિ રાહુ મયંકુ.

—જે ચંદ્રગ્રહણુ દીઠું કે અસતિઓથી નિઃશંક હસાયું–તેઓ હસી. હે રાહુ! મયંક–ચંદ્ર કે જે પ્રિય મનુષ્યોના વિયોગ કરનાર છે તેને ખા–તેનું ભક્ષણુ કર.

વિચ્છોહગરુ–વિક્ષોભકર. આમાં ક નો ગ થાય છે, ને પાલી ભાષામાં 'કરના' ધાતુનો ફેરફાર 'ગરના'માં થયો છે. 'ક' તેમાં રહ્યોજ નથી, 'ગ' છે. 'પ્રગટ' ને શુદ્ધ કરી 'પ્રકટ' લખનારા આ વાતપર લક્ષ આપે.

(૮૭) અમ્મીએ સત્થાવત્થેહિં, સુધિં ચિન્તિજ્જઇ માણુ,
પિએ દિટ્ઠે હલ્લોહલેણુ, કો ચેઅઇ અપ્પાણુ.

—હે અમ્મ !–માતા, સ્વસ્થ અવસ્થા વાળાઓથી સુખેકરી માન–અહંકાર ચિંતવાય છે–તેઓ ચિંતવે છે, પણુ પિયુ દેખ્યેસતે હલવલથી

–વ્યાકુલતાથી આત્માને કોણ જાણે છે?–આત્માને ભૂલી જાય છે. શુધ રહેતી નથી. સ્વસ્થ હોઇએ ત્યારે માન ગુમાનનું સૂઝે છે, પીયાને દેખતાં એટલી હલવલ મચે છે કે પોતાની શુધ જાતી રહે છે–ત્યાં બીચારા માનને કોણ સંભારે? અમ્મીએ–અમ્મી (નં. ૮૩) એટલે સં. અમ્બિકા હિં. અમ્મા. પિએ દિટ્ઠે–ભાવલક્ષણા, ચેઅઇ–જાણે છે. સરખાવો ચૈત્ય, ચિન્હ.

(૮૮) સવધુ કરેપ્પિણુ કધિદુ મઈ, તસુ પર સભલઉં જમ્મુ,
જાસુ ન ચાઉ ન ચારહડિ, નય પમ્હટ્ઠઉ ધમ્મુ.

—સપથ લઇને (સોગંદપૂર્વક) મારાથી કહેવાયેલું (કે) તેનો જન્મ કેવલ સફલ (છે કે) જેનો ત્યાગ, અને ચારભટી–શૂરવૃત્તિ અને ધર્મ પ્રમુષિત–પ્રભ્રષ્ટ થયેલ નથી. સવધુ, કધિદુ–એમાં 'થ'ની જગ્યાએ ધ આવેલ છે. સભલઉં–સફલ તેમાં 'ફ'ને સ્થાને 'ભ' આવ્યો છે. પમ્હટ્ઠઉ–પ્રભ્રષ્ટ. 'ભ્ર'ને સ્થાને 'મ્હ' આવેલ છે. ચારહડિ–ચારભટી–શૂરવૃત્તિ. ચાઉ–ત્યાગ, પમ્હટ્ઠઉ–ત્રણે એટલે ચાઉ, ચારહડિ અને ધર્મ એ ત્રણેને લાગુ પડે છે. દોધકવૃત્તિમાંનો બીજો અર્થ 'જેને અપવ્યય નથી અને ધર્મભ્રષ્ટ નથી થયો' એ ઠીક નથી.

(૮૯) જઇ કેવંઇ પાવીસુ પિઉ, અકિયા કુડ્ડ કરીસુ,
પાણીઉ નવઇ સરાવિ જિવં, સવ્વંગે પઇસીસુ.

—(સ્ત્રી કહે છે) જો પિયુને કોઇ રીતે પામીશ (તો) અકૃત એવું કૌતક કરીશ. જેમ નવા શારાવમાં–માટીના વાસણમાં પાણી સર્વાંગે પેસે છે તેમ (સર્વાંગે હું પેસીસ)–રોમરોમમાં ઉતરીશ. પાવીસુ, કરીસુ, પઇસીસુ–ભવિષ્યકાળ. સંભાવના અર્થે. ગૂજરાતીમાં 'શ' રાજસ્થાનીમાં 'સ્યું' વપરાય છે.

(૯૦) ઉઅ કણિઆરૂ પફુલ્લિઅઉ, કંચણકન્તિપયાસુ,
ગોરી–વયણુ–વિણિજ્જિઅઉ, નં સેવઇ વણવાસુ.

—ઓ–જો કર્ણિકાર વૃક્ષ કાંચનની કાંતિ પ્રકાશ જેવું ફુલેલું છે જાણેકે ગૌરી વદનથી વિશેષે જીતાયેલુ તે વનવાસ સેવે છે. ઉઅ–પ્રા૦ છે ઓ–જો. કણિઆરૂ–સં. કર્ણિકાર, પંજાબી પહાડી–કનયાર, અમલતાશ–તેને ઘણાં પીળાં ફૂલો થાય છે. ગૌરી–જુઓ હવે પછી પ્રબંધ ચિંતામણી નં. ૧૪ સં. ગૌરી. નં જાણેકે ઉત્પ્રેક્ષા માટે વપરાય છે. વેદનો ઉપમાવાચક 'ન' વ્યાકરણમાં ન બંધાયો, પણ પ્રવાહથી પ્રાકૃતમાં–ભાષામાં ચાલ્યો આવ્યો.

(૯૧) વ્રાસુ મહારિસિ એઉ ભણઇ, જઈ સુઇસત્થુ પમાણુ,
માયહં ચલણ નવન્તાહં, દિવિદિવિ ગંગાણ્હાણુ.

—વ્યાસ મહાઋષિ એ ભણે છે કે જો શ્રુતિશાસ્ત્ર પ્રમાણ છે (તો) માતાના ચરણ નમનારાને દિન દિન ગંગાસ્નાન છે. વ્રાસુ–વ્યાસ. આમાં 'ર'ને માટે સરખાવો શાપનો સ્રાપ–સરાપ. માયહં–માતાઓના. નવંતાહં–નમતા તણા. દિવિ દિવિ–વેદમાં 'દિવે દિવે'–જુઓ ઉપર નં. ૯૦ માં નં.

(૯૨) કેમ સમપ્પઉ દુટ્ઠુ દિણુ, કિધ રયણી છુડુ હોઇ,
નવ–વહુ–દંસણુ–લાલસઉ, વહઇ મણોરહ સોઇ.

—દુષ્ટ દિન કેમ સમાપ્ત થાય (ને,) રજની કેમ ઝટ થાય એવો મનોરથ નવવધુના દર્શનની લાલસાવાળો વહે છે–ધારણ કરે છે. કેમ–ગૂજરાતી કેમ સં. કથં, છુડુ–ઝટ 'છ'નો 'ઝ' થવા માટે જુઓ ઉપર નં. ૮૭, ૮૮ ઝટ. વહઇ–વહે છે–ધારણ કરે છે, કરતા ફરે છે.

(૯૩) ઓ ગોરી–મુહ–નિજ્જિઅઉ, વદ્દલિ લુક્કુ મિયંકુ,
અન્નુવિ જો પરિહવિય–તણુ, સો કિવં ભવંઇ નિસંકુ.

—ઓ ! ગૌરીમુખથી જીતાયેલો મયંક–ચંદ્રમા વાદળમાં લુપાયો–છુપાયો, અન્ય પણ કે જેનું શરીર પરિભૂત–હારેલું છે તે નિઃશંક કેવી રીતે ભમે. હારેલો મુખ છુપાવતો ફરે છે. લુક્કુ–નિલીન. પરિહવિય–સં. પરિ+ ભૂપરથી પરિભૂત–પરાભવ પામેલો તેમાં 'ભૂ' નો 'હો' થયો છે.

(૯૪) બિમ્બાહરિ તણુ રયણુવણુ, કિઉ ઠિઉ સિરિ આણુન્દ,
નિરૂવમ રસુ પિએં પિઅવિ જણુ, સેસહો દિણ્ણી મુદ્દ.

—હે શ્રી આણુંદ (કવિનું નામ) ! અથવા શ્રી આણુંદ-શોભાકર એવો, બિંબ (ફલ) જેવા અધર ઉપરનો, રદનનો વ્રણ-દાંતે મારેલ ઘા કેવો રહ્યો (છે)? જાણે કે પિયુએ નિરૂપમ રસ પીને બાકીના (રસ) માટે મુદ્રા આપી-મારી (હોય)-અધરપર દંતક્ષત કેવો છે, જાણેકે અનુપમ રસ પીને પીયુએ બાકીપર પોતાની મ્હોર લગાવી છે (કે કોઇ બીજા ન પીએ.)

બિંબાહરિતણુ-બિંબાધર ઉપરનો 'બિંબાધર પર, તન્વીના' એ અર્થ કરવાની જરૂર નથી. દોધકવૃત્તિમાં તેમ કર્યું છે. તણુ એટલે તન્વીના -સ્ત્રીના. ખરી રીતે 'તણુ, તણા યા તણો' એ સંબંધસૂચક છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે. ઠિઉ-સં. સ્થિતઃ હિં. થિયો-થો-થા. સેસહો માં હો લઘુ બોલો.

(૯૫) ભણુ સહિ નિહુઅઉં તેવં મઇં, જઇ પિઉ દિટ્ઠુ સદોસુ.
જેવં ન જાણઇ મજ્ઝુ મણુ, પક્ખાવડિઅં તાસુ.

—હે સખિ! જો મેં પિયુને સદોષ દીઠો (હોય તો) તે પ્રમાણે નિભ્રત-ગુપ્ત (છે તે) કહે, કે જેથી (તે) ન જાણઇ; મારૂં મન તેની સાથે પક્ષપાતી છે. મારૂં મન તે (પ્રિયા) નો પક્ષપાતી છે, તે ન જાણે, તેનાથી છૂપાવી કહે. આમાં અમરનો '**नीचैः शंस, हृदि स्थितो हि ननु मे प्राणेश्वरः श्रोष्यति**' માં જે ભાવ છે તે ભાવ છે. 'તે બીજાના પાસે સ્થિત મારૂં મન જેમ ન જાણે'-ભર્તા ઇતિ અધ્યાહાર (!!) આવો દોધકવૃત્તિનો અર્થ બરાબર નથી.

(૯૬) મઈં ભણિઅઉ બલિરાય તુહું, કેહઉ મગ્ગણુ એહુ,
જેહુ તેહુ નવિ હોઇ વઢ, સઇં નારાયણુ એહુ.

—(કોઈ વામનાવતારની કથામાંથી-શુક્રાચાર્ય કહે છે) હે બલિરાજ, મેં તને કહેલું 'એવો કેવો માગણુ (મળ્યો) છે? જેવો તેવો ન

હોય–હોય નહિ, હે મૂર્ખ એ સ્વયં નારાયણ છે. વઢ–મૂર્ખ. સરખાવો વંઢ (હર્ષચરિતનો). દોધકવૃત્તિ એમ કહે છે કે આ દોહાનો ઉત્તરાર્ધ તે બલિનો ઉત્તર છે.

(૯૭) જઈ સો ઘડદિ પ્રયાવદિ, કેત્થુવિ લેપ્પિણુ સિકખુ,
જેત્થુવિ તેત્થુવિ એત્થુ જગિ, ભણુ તો તહિ સારિકખુ.

—જો તે પ્રજાપતિ ગમે ત્યાંથી શિક્ષા લઇને જહીં તહીં–જ્યાં ત્યાં પણ આ જગમાં ઘડે છે તો કહે તે (નાયિકા)ના સરખું (કોણે ઘડયું હશે ?) કેત્થુ, જેત્થુ, તેત્થુ, એત્થુ–

સં. કુત્ર, યત્ર, તત્ર, અત્ર. જૂની પંજાબીમાં કિત્થું જિત્થું તિત્થું ઇત્થું. પંજાબીમાં કિત્થેં, જિત્થેં, તિત્થેં, એત્થેં. ચોથા ચરણનો પાઠ આ હોય એમ સંભવે છે 'ભણુ કો તહે સારિક્ખુ'–કહે કોણ તેના સરીખું છે ?

(૯૮) જામ ન નિવડઇ કુંભયડિ, સીહ–ચવેડ ચડક્ક,
તામ સમત્તહં મયગલહ, પઇ–પઇ વજ્જઇ ઢક્ક.

—જ્યાં સુધી કુંભતટ–કુંભસ્થલપર સિંહની ચપેટની ચટાક–ઝપાટ નથી પડતી, ત્યાંસુધી સમસ્ત મદકલો–ગજોની પદે પદે ઢક્ક–વાજાં વાગે છે. સિંહની ઝપાટ લાગ્યા સુધી માથે નગારાં વાગે છે.

ચડક્ક–અવાજના અનુકરણપરથી શબ્દ. ઢક્કા–એક જાતનું વાજું.

(૯૯) તિલહં તિલત્તણુ તાઉં પર, જાઉં ન નેહ ગલન્તિ,
નેહિ પણટ્ઠઇ તેજ્જિ તિલ, તિલ ફિટ્ટવિ ખલ હોન્તિ.

—જ્યાં સુધી સ્નેહ–તેલ ગલતું નથી–ચાલી નથી ગયું ત્યાં સુધીજ તલનું તલપણું છે. સ્નેહ–તેલ પ્રણષ્ટ થતાં તેજ તલ, તલ મટીને ખલ–ખોળ થાય છે. અહીં નેહના બે અર્થ છે. ચિકણાપણું (તેલ), અને પ્રેમ; ખલના બે અર્થ ખલ–ખોળ, અને ખલ એટલે દુર્જન. નેહ ગયો એટલે ખળ થયો.

દોધકવૃત્તિમાં નેહને બહુવચનમાં લઇ 'ગલન્તિ'નો કર્ત્તા–તરીકે

લીધેલ છે, અધિક સંભવ એ છે કે 'તિલ' કર્ત્તા હોય ને 'નેહ' કર્મ હોય.

તેજ્જિ-તેજ. ગુજ૦ મારવાડીમાં ગુઇજિ. જુઓ. ન.૧૭ પ્રબંધ ભાગ ૨ ફિટ્ટવિ-ફિટ્ટ.—ફીટવું. બગડવું. ભ્રષ્ટ થવું. સરખાવો ઉપર નં. ૫૪.

(૧૦૦) જામહિં વિસમી કજ્જગઇ, જીવહિં મજ્ઝે એઇ,
તામહિં અચ્છઉ ઇયિરૂ જણુ, સુઅણુવિ અન્તરૂ દેઇ.

—જ્યાં સુધી જીવોની મધ્યે વિષમ કાર્યગતિ આવે છે, ત્યાં સુધી ઇતર જન (એકબાજુ-અલગ) રહો, સ્વજન પણ અન્તર દે છે-પીઠ દેખાડે છે.

જામહિં તામહિં, જાઉં તાઉં, જામ તામ-જુઓ નં. ૯૮ અને ૯૯. સં. યાવત્ તાવત્-જ્યાંસુધી ત્યાંસુધી એ અર્થમાં આવે છે. અચ્છઉ-હિં-આછો-હો. તેની વાત જવા દો એ અર્થમાં.

(૧૦૧) જેવડુ અન્તરૂ રાવણુ રામહં, તેવડુ અન્તરૂ પટ્ટણુ ગામહં.

—જેવડું અંતર રાવણ રામનું-વચ્ચે, તેવડું અંતર પાટણ-શહેર અને ગામડાનું-વચ્ચે (સમજવું). જેવડુ તેવડુ-હિં. જિતના તિતના એમ વપરાય છે, જ્યારે ગૂજરાતીમાં તેજ શબ્દો વપરાય છે. આ કોઈ રાવણના પક્ષપાતીની ઉક્તિ છે, તેથી દોધકવૃત્તિકારે કર્યું છે તેમ પાટણ-ગામની બદલી ગામ-પાટણ એ રીતે કરવાની જરૂર નથી.

(૧૦૨) જે મુગ્ગડા હરાવિઆ, જે પરિવિટ્ઠા તાહં,
અવરોપ્પરૂ જોઅન્તાહં, સામિઉ ગંજિઉ જાહં.

—જેઓના નીચે ઉપર-પરસ્પર જોતાં-દેખતાં (તેમના) સ્વામીને ગાંજવામાં આવ્યો હોય, તેમને જે મગ પીરસ્યા તે નકામા ગયા.

અહીં 'મગ પીરસવા' એ મોટા આદર અને ઉત્સવની વાત છે. જમાઈ આવે છે યા તહેવાર આવે છે ત્યારે મગચોખા બને છે. જે કાયરોના અહીં તહીં જોતાં જોતાં સ્વામીને માર પડે તેને મગ પીરસવા વૃથા છે-મગ બરબાદ કરવા જેવું છે. રાજશેખરસૂરિ (સં.

૧૪૦૫) ના ચતુર્વિંશતિ પ્રબંધમાં આ ગાથા રત્નશ્રાવક પ્રબંધમાં જ્યાં એક રાજકુમાર બીજાની રક્ષા માટે પ્રાણ દેવા તૈયાર થાય છે ત્યાં જણાવવામાં આવી છે.

મુગ્ગડા-' મગ ' ' ડા ' ને માટે જુઓ પ્રબંધ ચિંતામણિ નં. ૧. હરાવિઆ-હારવું-વૃથા ખોવું. પરિવિટ્ઠ-સં. પરિવિષ્ટ-પીરસેલા. અવરોપ્પરૂ-અવર અને ઉપ્પર-નીચે ઉપર-અહીં તહીં જોતાં યા ઉંચું નીચું વિચારતાં-દોધકવૃત્તિ અનુસાર ' પરસ્પર '. જોઅન્તાહં-જુઓ ઉપર નં. ૭માં જોઅન્તિએ. ગંજિઉ-ગંજવું, પીટવું, માર્યાજવું એ પરથી.

(૧૦૩) બમ્ભ તે વિરલા કેવિ નર, જે સવ્વંગ છઇલ્લ
જે વંકા તે વંચયર, જે ઉજ્જુઅ તે બઇલ્લ.

હે બ્રાહ્મણ-યા બ્રાહ્મણ કહે છે કે જે કોઈ પણ નરો સર્વ અંગે-પ્રકારે છેલ-દક્ષ હોય છે તે વિરલા હોય છે, જે વાંકા હોય છે તે વંચક-ઠગ હોય છે ને જે ઋજુ-સરલ હોય છે તે બળદ (જેવા) હોય છે.

બંભ-બ્રહ્મ, કવિનું નામ, પ્રાકૃત પિંગલસૂત્રનાં કેટલાંક ઉદાહરણો-પર કોઇ કોઇ ટીકાકારે લખેલ છે કે બંભ (બ્રહ્મ) બંદી યા ભાટના અર્થે વપરાય છે જેમકે હરિબંભ એટલે હરિ નામનો બંદી=બ્રહ્મભાટ ? બંક-સં. વક્ર. આમાં જોડાક્ષરની ' ન ' શ્રુતિ થાય છે. વંચયર એટલે વંચકતર એમ માનવાની જરૂર નથી. ' અર ' યા 'અયર ' એ કર્તૃવાચક પ્રત્યય છે. ઉજ્જુઅ-ઋજુ. તેમાં ઋની ઉ-શ્રુતિ થાય છે.

(૧૦૪-૧૦૫) અન્ને તે દીહરલોઅણ અન્નુ તં ભુઅ-જુઅલુ
અન્નુ સુ ઘણ થણહારૂ તં અન્નુ જિ મુહકમલુ.
અન્નુ જિ કેસકલાવુ સુ અન્નુ જિ પ્રાઉ વિહિ
જેણ ણિ અમ્બિણિ ઘડિઅ સ ગુણ-લાયણ્ણ-ણિહિ.

—તે દીર્ઘલોચન (લાંબા નેણ) અન્ય-ઑરજ, તે ભુજયુગલ અન્ય, ને ઘનસ્તનભાર અન્ય, જે મુખકમલ તે અન્ય, જે કેશકલાપ તે અન્ય, પ્રાયઃ જે વિધિએ ગુણલાવણ્યનિધિ એવી નિતમ્બિની (નારી) ઘડી તે અન્યજ.

પ્રાઉ—પ્રાઇવ નં. ૧૦૬-પ્રાઇમ્વ નં. ૧૦૭, પગ્ગિમ્વ નં. ૧૦૮-સર્વનો અર્થ પ્રાય: છે.

(૧૦૬) પ્રાઇવિ મુણિહંવિ ભન્તડી, તે મણીઅડા ગણન્તિ,
અખઇ નિરામઈ પરમપઈ, અજ્જવિ લઉ ન લહન્તિ.

—પ્રાયઃ મુનિઓને પણ ભ્રાન્તિ થાય છે-તે મણકાઓ-પારાઓ ગણે છે-માળા ફેરવે છે. અક્ષય, નિરામય, પરમપદમાં આજ પણ લય પામતા નથી. (તેથી શુન્ય ધ્યાન કરવાથી શું?

—સરખાવો કબીરનું 'મનકા ફેરત જુગ ગયા'-મણકા ફેરવતાં જુગ ચાલ્યો ગયો. મણિઅડા-મણિક-મણકા તેમાં 'ડ' પ્રત્યય કુત્સાના અર્થમાં.

(૧૦૭) અંસુજલેં પ્રાઇમ્વ ગોરિઅહે સહિ! ઉવ્વત્તા નયણસર
તેં સમ્મુહ સંપેસિઆ દેન્તિ તિરિચ્છી ઘત્ત પર.

—હે સખિ! પ્રાયઃ ગૌરીના અશ્રુજલથી નયનરૂપી શરો ઉવટી ગયાં, તે સંમુખ સંપ્રેષિત (ભલે થાય) તિરછી ઘાત પર દે છે. અશ્રુજલમાં બુઝાયેલા છે નહિ. ચાલ સીધી છે પણ માર તિરછો છે.

ઉવ્વત્તા—સં. ઉદ્‌વૃત્ત, ઉવટેલા. આટેલા. દોધકવૃત્તિ નયનસરનો અર્થ નયનસરોવર કરીને અશ્રુજલમાં ઉલ્લસિત બતાવે છે!!

(૧૦૮) ઐસી પિઉ રૂસેસુ હઉં, રૂટ્ઠી મઇ અણુણેઇ,
પગ્ગિમ્વ એઇ મણોરહઇં, દુક્કર દઇઉ કરેઈ.

—પિયુ આવશે, હું રૂસીસ-રૂસણું કરીશ, હું રૂઠેલીને તે અનુનય કરશે-મનાવશે-સમજાવશે-પ્રાયઃ આવા દુષ્કર મનોરથો દયિતા કરે છે.

એસી-સં. એષ્યતિ રાજસ્થાની આસી. રૂસેસુ-સરખાવો પ્રાકૃત મન્તેસુ, જૂની હિંદી હનિસોં, રાજસ્થાની કરસ્યું, ગૂજરાતી કરીશ. દુક્કર-એટલા માટે કે પૂરા થવાનું વિયોગના કારણે કઠિન છે.

(૧૦૯) વિરહાનલજાલકરાલિયઉ, પહિઉ કોવિ બુડ્ડિવિ ઠિઅઓ,
અનુ સિસિરકાલિ સીઅલજલઉ, ધૂમ કહન્તિહુ ઉટ્ઠિઅઓ.

—કોઇ કવિ જલમાં ધૂમ જોઈ બોલ્યો. 'કોઇપણ પથિક–મુસાફર વિરહાનલની જ્વાલાથી કરાલિત એટલે પીડિત થઇ ડૂબીને ઉભો છે, નહિતો (અન્યથા) શિશિરકાલે શીતજલમાંથી ધૂમાડો ક્યાંથી ઉઠયો.' પાણીની બાફ જોઇને ઉત્પ્રેક્ષા કરી છે.

કરાલિઅઉ–કરાલિયો–દગ્ધ, પહિઉ–મારવાડ પહી 'પાવણો પહી'–પથિક.

(૧૧૦) મહુ કન્તહો ગુટ્ઠટ્ઠિઅહો, કઉ ઝુમ્પડા બલન્તિ,
અહ રિઉ–રુહિરેં ઉલ્હવઇ, અહ અપ્પણેં ન ભન્તિ.

—ગોષ્ટ (ગોઠા)માં બેઠેલા મારા કાન્ત–કંથનાં ઝુંપડાં કેમ બળે છે? કાંતો રિપુ–રૂધિર એટલે શત્રુના લોહીથી ઓલવે છે, કાંતો પોતાના (રૂધિરથી) ઓલવે છે–તેમાં ભ્રાંતિ–શક નથી.

કંથ 'ગોષ્ટ' સંભાળતો ગયો છે, પાછળ શત્રુઓએ ઝુંપડાં બાળી નાંખ્યાં. પોતાની જાતથી તો તેને ઉમેદ છે કે મારશે યા મરશે. અહ–અથ–કાંતો...કાંતો, ગુટ્ઠ–સં. ગોષ્ટ. સરખાવો ગુસાંઇજીની 'ગાઇગોઠ'.

(૧૧૧) પિય સંગમિ કઉ નિદ્દડી, પિઅહો પરોક્ખહો કેમ્વ,
મઈં બિન્નિવિ વિન્નાસિઆ, નિદ્દ ન એમ્વ ન તેમ્વ.

—પ્રિયસંગમમાં કેમ નિદ્રા (આવે ?), પ્રિય પરોક્ષ હોતાં–તેના વિરહમાં (પણ) કેમ નિંદ્રા (આવે ?) હું તો બંને (બાજુ)થી–સંયોગ કે વિયોગથી વિનાશિત થઈ. આમે ન નિંદ્રા આવે, ન તેમ (નિંદ્રા આવે.) કેમ્વ, એમ્વ, તેમ્વ–કેમ, એમ, તેમ; હિંદીમાં ક્યોં, યોં, ત્યોં; કિમિ, ઇમિ, તિમિ; કેવેં, એવેં, તેવેં. (પંજાબીમાં એવેં છે). મઈં બિન્નિવિ વિન્નાસિઆ–આનો અર્થ દોધકવૃત્તિકાર '**मया द्वे अपि विनाशिते**। એવો વિચિત્ર કરે છે.

(૧૧૨) કન્તુ જુ સીહહો ઉવમિઅઈ, તં મહુ ખંડિઉ માણુ;
સીહુ નિરક્ખય ગય હણઇ, પિઉ પયરક્ખસમાણુ.

—કંથ કે જેને સિંહની ઉપમા આપવામાં આવે છે તે મારા માનને ખંડિત કર્યા (જેવું) છે. સિંહ ગજને–હાથીને રક્ષક વગરનો હોય ત્યારે–તેવા નીરક્ષકને હણે છે–(મારો) પિયુ તો પદરક્ષ–પેદલથી સમેત–સહિત–એવા ગજને હણે છે.

જંગલમાં જે હાથીને સિંહ મારે છે તે રખવાળ વગરના–નીરક્ષક હોય છે ને રણભૂમિમાં તેના રક્ષક પેદલ સીપાઈ હોય છે તે સમેત હાથીઓને મારનારા મારા પિયુને સિંહની ઉપમા આપવી એ મારા માનને ઘટાડનારૂં છે.

ઉવમિઅઇ–સં. ઉપમીયતે. પયરક્ખ–પદરક્ષ–પ્યાદા–પાયદલ.

(૧૧૩) ચંચલુ જીવિઉ ધ્રુવુ મરણુ, પિય રૂસિજ્જઇ કાંઈ
હોસઇં દિઅહા રૂસણા, દિવ્વઈં વરિસસયાઈં.

—હે પ્રિય ! ચંચલ જીવિત છે, ધ્રુવ મરણ છે (તો) શામાટે રૂઠે છે–રૂસણાં લે છે. રૂસણાના દિવસ વરસ સમાન દીર્ઘ–લાંબા થશે.

(૧૪) માણિ પણટ્ઠઇ જઇ ન તણુ, તો દેસડા ચઇજ્જ,
મા દુજ્જણકરપલ્લવેહિં, દંસિજ્જન્તુ ભમિજ્જ.

—માન પ્રનષ્ટ થતાં જો તનુ–શરીર ન (તજાય) તો દેશ તજવો પરંતુ દુર્જનના કરપલ્લવથી દેખાડાતા એવા તરીકે ભમવું ન જોઇએ.

માણિ પણટ્ઠઇ–ભાવવાચક સપ્તમિ. ચઇજ્જ, ભમિજ્જ એટલે તજીએ, ભમીએ. દંસિજ્જન્તુ–દેખાડતા એવા. દોધકવૃત્તિ ડંશાતા–ડંખાતા એવો અર્થ કરે છે, તે યોગ્ય નથી લાગતો.

(૧૧૫) લોણુ વિલિજ્જઇ પાણિએણ, અરિ ખલમેહ મ ગજ્જુ,
બાલિઉ ગલઇ સુઝુમ્પડા, ગોરી તિમ્મઇ અજ્જુ.

—પાણીથી લોણુ–(લવણ–લાવણ્ય એ બે અર્થ છે) વિલય પામે છે–અરે ! ખલમેઘ ! ગરજ નહિ. ઝુમ્પડા બળેલા થતાં ગળે છે અને ગોરી આજ ભિંજાય છે. સં. લાવણ્ય હિંદી લૌન ગુ. લુણ–લવણ

(જેમકે સલુણો તેમાં લુણ એ લાવણ્યના અર્થમાં છે)-ફારસી નમક સૌંદર્યના અર્થમાં વપરાય છે. અમરૂશતકમાં એક પ્રક્ષિપ્ત શ્લોક છે કે જ્યારથી પ્રેમપ્રિયાથી મેં તેના અધરનું પાન કર્યું ત્યારથી તરસ વધતી જ જાય છે. કેમ ન વધે? તેમાં લાવણ્ય છે ને? નમકથી તરસ વધે છે. આ પર ટીકાકાર આ કલ્પનાની ગ્રામ્યતાપર મશ્કરી કરે છે કે વાહ કવિ કેવો છે, કોઇ સાંભરની ખાન ખોદનારો છે! અહીં નમક 'પાણી પડવાથી ગળે છે'-એ લઇ ઉક્તિ કરી છે કે દુષ્ટ મેઘ, ગરજ મા. ઝુંપડું ગળતું જાય છે, ગોરી ભીંજાય છે; લવણ-લાવણ્ય ગળે છે-બસ કર. લોણુ-લવણ અને લાવણ્ય. વિલિજ્જઇ-સં. વિલીયતે. બાલિઉ-બળ્યો રાજસ્થાની ગાલી, દગ્ધ. તિમ્મઇ-સં. તિમ્ આર્દ્ર બનવું, ભીંજાવું. દોધ-કવૃત્તિમાં એ અર્થ કરેલા છે છતાં ભાવ અસ્પષ્ટ છે.

(૧૧૬) વિહવિ પણટ્ઠઇ વંકુડઉ. રિદ્ધિહિં જણસામન્નુ
કિંપિ મણાઉં મહુ પિઅહો, સસિ અણુહરઇ ન અન્નુ.

—રિદ્ધિમાં વાંકડા થવું તે જનસામાન્ય છે—તેવો વાંકડો મારો પિયુ વિભવ નષ્ટ થતાં છે. (તેને) કંઇક થોડો શશિ અનુસરે છે—સમાન થાય છે, બીજો નથી.

ચંદ્રમા ક્ષીણ થાય છે તો તેની કલાઓ વાંકી રહે છે. પૂર્ણ થાય છે ત્યારે સામાન્ય ગોળ અને તારાઓ જેવો—તે ચંદ્ર મારા પિયુના જેવો છે. પિયુ સંપત્તિ નષ્ટ થઇ છતાં અકડાતો રહે છે ને સંપત્તિમાં નમ્રતાથી સાધારણ રહે છે.

મણાઉં-સં. મનાક્, કંઇક.

(૧૧૭) કિર ખાઇ ન પિઅઇ ન. વિ દ્દવઇ, ધમ્મિ ન વેચ્ચઈ રૂઅડઉ,
ઇહિ કિવણુ ન જાણઇ જહ, જમહો ખણેણ પહુચ્ચઇ દૂઅડઉ.

—ખરેખર ન ખાય, ન પિયે, ન આપે, ન ધર્મમાં રૂપીઓ ખર્ચે. —અહીં કૃપણ જાણતો નથી-જ્યમ જમનો દૂત ક્ષણમાં આવી પહોંચશે. કિર-કિલ, વેચ્ચઇ-સં. વ્યયતિ ખર્ચ કરે. પહુચ્ચઇ-સં. પ્રભ-

વતિ–પહોંચે. રૂઅડઉ, દૂઅડઉ–રૂપીઓ, દૂતડો–દૂત. જુઓ પ્રબંધ ચિંતામણી નં. ૧ આગળ.

(૧૧૮) જાઇજ્જઈ તહિં દેસડઈ, લબ્ભઈ પિયહો પમાણુ,
જઈ આવઇ તો આણિઅઇ, અહવા તં જિ નિવાણુ.

—જ્યાં પિયુનો પ્રમાણ–પત્તો મળે તે દેશમાં જઇએ; (તે) જો આવે તો આણીએ–લાવીએ, અથવા તે જ નિર્વાણ (માની લેવું.) જિ–પાદપૂરણ.

(૧૧૯) જઈ પવસન્તે સહું ન ગયઅ, ન મુઅ વિઓએં તસ્સુ,
લજ્જિજ્જઇ સંદેસડા, દિન્તેહિં સુહય–જણસ્સુ.

—(કોઇ પ્રોષિતભર્તૃકા સખીને કહે છે) જો પ્રવાસ કરતા (પિયુ) સાથે ન ગઈ, તેમ હું તેના વિયોગથી ન મુઈ; તો તે સુભગજનને સંદેશા આપતાં મને લજ્જા આવે છે.

પવસન્તે દેન્તેહિ–વર્ત્તમાન કૃદંત.

(૧૨૦) એત્તહે મેહ પિઅન્તિ જલુ, એત્તહે વડવાનલ આવટ્ટઇ,
પેક્ખુ ગહીરિમ સાયરહો, એક્કવિ કણિઅ નાહિં ઓહટ્ટઇ.

—(હે નાથ !) અહીંથી મેઘ જલ પીએ છે, અહીંથી વડવાગ્નિ શોષે છે. સાગરની ગંભીરતા જો–એકપણ કણિક–બિંદુ પણ ઓછો થતો–ઘટતો નથી.

આવટ્ટઈ–સં. આવર્ત્તતે. હિં–એટલા હે. ગહીરિમ–સં. ગંભીરિમા. કણિઅ–કણિકા, કણી. ઓહટ્ટઇ–સં. અવઘટતિ.

(૧૨૧) જાઉ મ જન્તઉ પલ્લવહ, દેખ્ખઉં કઇ પય દેઈ
હિઅઇ તિરિચ્છી હઉં જિ પર, પિઉ ડમ્બરઈ કરેઇ.

—(કોઇ સ્ત્રી કહે છે) જાઓ જનારાનો પલ્લો ન (પકડું); જોઉ (છું કે) કેટલાં પગલાં દે છે–આપે છે. હૃદયમાં હું તિરછી–આડી રહી છું; કેવલ પિયુ આડમ્બર કરે છે. (જવાનો નથી.)

હું હૃદયમાં તિરછી–આડી–રસ્તો રોકી ઉભી છું, પિયુ જવાનો આડંબર કરે છે. જાવા આવાનું કંઇ નહિ બને, પલ્લા બલ્લા હું પકડતી નથી. જાઓ, જોઉં છું કે કેટલાં પગલાં જઇ શકે છે. પલ્લવહ–પલ્લાના ?

(૧૨૨) હરિ નચ્ચાવિઉ પંગણઇ, વિમ્હઇ પાડિઉ લોઉ,
એમ્વહિં રાહ–પયોહરહં, જં ભાવઇ તં હોઉ.

હરિ આંગણે નચ્ચાવ્યો, લોકને વિસ્કાયમાં પાડયા–નાંખ્યા. આ રીતે.
—હવે રાધાપયોધરોનું જે ભાવે–થવાનું હોય તે થાઓ. જે આ ઇચ્છે તે કરે, હરિને તો આંગણે નચાવ્યો હવે શું કરશે.

(૧૨૩) સાવ સલોણી ગોરડી, નવખી કવિ વિસ–ગંઠિ,
ભડુ પચ્ચલિઉ સો મરઇ, જાસુ ન લગ્ગઇ કંઠિ.

—સર્વ સલુણી ગોરી કોઇ અનોખી–નવીન વિષગ્રંથિ છે–તે એવી કે જે સુભટના કંઠે તે ન લાગે તે મરે. વિષગાંઠ ગળે લાગવાથી મરણ નિપજાવે અને આ ન લાગે તો મારે એટલા માટે તે અનોખી.

સલોણી–સં. સલાવણ્યા. સલુણી જુઓ ઉપર નં. ૧૧૪. ગોરડી–ગોરી. નવખી–સં. નવકા (નવીના) પંજાબી–નૌકખી, અનૌખી–અનોખી. ભડુ–ભટ દેખો પ્રબંધ ચિં. પચ્ચુલિઉ–પ્રત્યુત (હેમચંદ્ર ૮–૫–૪૨૦) ‘ અનબુડે બુડે તરે ’ એ અહીં ભાવ છે.

(૧૨૪) મઈં વુત્તઉં તુહું ધુર ધરહિ, કસરેહિં વિગુત્તાઇં
પઈં વિણુ ધવલ ન ચડઈ ભરુ, એમ્વઇ વુન્નઉ કાઇં.

—મેં કહ્યું–હે ધવલ !–ધોંસરી ઉપાડનારા ધોરી બળદ ! તું ધુંસરી ધર–લે, કસરથી–નાના બળદોથી વિગુપ્તો–(ધુંસરીઓ ?) ને તારા વિના ભર ન ચડે. એમ શાને ખેદ કરે છે ?–વિષણ્ણ છો ?–આ અન્યોક્તિ છે કે તું ભાર ઉઠાવ, વાછરડાંઓથી શું સરશે ? ધુર–આગળનો ભાર, કસર–નાના બળદ, વિગુત્ત ?–ન ઉપડી શકતી ? ધવલ–જે જાતિમાં જે ઉત્કૃષ્ટ છે તે ધવલ. વુન્નઉ–વુન્નો–વિષણ્ણ–વિષાદયુક્ત.

(૧૨૫) એક્કુ કઇઅ હ વિ ન આવહી, અન્નુ વહિલ્લઉ જાહિ,
મઇં મિત્તડા પ્રમાણિઅઇ, પઇં જેહઉ ખલુ નાહિં.

—એક કદી પણ આવે નહિ, બીજો વહેલો ચાલ્યો જાય. હે મિત્ર! મેં પ્રમાણિત કર્યું છે કે તારા જેવો નિશ્ચય કોઇ પણ નથી. આ અર્થ ઠીક લાગે છે.

(દોધકવૃત્તિ એવો અર્થ બીજી કડીનો કરે છે કે હે મિત્ર મારાથી જેવો પ્રિય પ્રમાણાયો, તેવો તારાથી નિશ્ચયે જણાયો નથી; બીજો અર્થ એકે મેં હે મિત્ર પ્રમાણિત કર્યું કે તારા જેવું ખલુ નહી—નથી. આ અર્થ અસ્પષ્ટ છે.)

(૧૨૬) જિવં સુપુરિસ તિવં ઘંઘલઇં, જિવં નઇ તિવં વલણાઇં;
જિવં ડોંગર તિવં કોટ્ટરઇં, હિઆ વિસૂરહિ કાંઇ.

—જેમ સુપુરૂષ તેમ ઝઘડા થાય છે, જેમ નદી તેમ વલન, જેમ પર્વતો તેમજ કોતરો. હે હૃદય! કેમ વિષાદ પામે છે?—મિત્રતામાં ઝઘડા હોયજ છે. ઘંઘલઇ-ઝઘડો થવો.

(૧૨૭) જે છડ્ડેવિણુ રયણનિહિ, અપ્પઉં તડિ ઘલ્લન્તિ,
તહં સંખહં વિટ્ટાલુ પર, ફુક્કિજ્જન્ત ભમન્તિ.

—જે શંખો રત્નનિધિ—રત્નાકર—સમુદ્રને છોડીને પોતાને તટપર ઘાલે છે—મૂકે છે, તેને વિટ્ટાલુ—વટલેલો—અધમજન કેવલ ફુંકતાં ભમે છે. જે પોતાનું સ્થાન છોડે છે તેને વિડંબના થાય છે.

છડ્ડેવિણુ છાંડીને—છોડીને પૂર્વકાલિક—ભૂતકૃદંત. વિટ્ટાલુ-દોધકવૃત્તિ અધમજન એ અર્થ કરે છે, હેમચંદ્રે અસ્પૃસ્યસંસર્ગ એ અર્થ આપ્યો છે. વિટાલ—બગડેલ, વટલવું—બગડવું. વટલાવવું—બગાડવું.

(૧૨૮) દૈવિહિ વિઢત્તઉં ખાહિ વઢ, સંચિ મ એક્કુવિ દ્રમ્મુ,
કોવિ દ્રવક્કઉ સો પડઇ, જેણ સમપ્પઇ જમ્મુ.

—હે મૂર્ખ! દૈવથી સોંપાયેલું—કમાયેલું ખા, એક પણ દ્રમનો

સંચય ન કર. કોઇ પણ ભય-ડર આવી પડે કે જેથી જન્મારો સમાપ્ત થઇ જાય.

નિઢત્ત—સં. અર્જિત ? (દોધકવૃત્તિ), સોંપેલ. સંચિ-સંચવું. જૂની હિંદીમાં તથા પંજાબીમાં સંચના છે. ગુજરાતીમાં કહેવત છે કે

'કીડી સંચરે તેતર ખાય'-સંચય કરવો-ભેગું કરવું. દ્રમ્મુ-દ્રમ-એક જાતનો સીક્કો, તે પરથી દામ-એટલે નાણું. દ્રવક્કઉ-દ્રવને, ડરને. વઢ-મૂર્ખ-'ઢ' એટલે મૂર્ખ એમ ગૂજરાતીમાં વપરાય છે.

(૧૨૯) એક્કમેક્કઉં જઇવિ જોએદિ, હરિ સુટ્ઠુ સવ્વાયરેણ,
તોવિ દ્રેહિ જહિં કહિંવિ રાહી, કો સક્કઇ સંવરેવિ દડ્ઢનયણા
નેહિં પલુટ્ટા.

—એક એક (ગોપીને) જોકે હરિ સારી રીતે સર્વાદરેથી જુએ છે, તોપણ જ્યાં ક્યાં પણ-ગમે ત્યાં રાધા (હોય) ત્યાં જ દૃષ્ટિ છે. દગ્ધ (દઢ) નયનોને, નેહથી થયેલ પલટાને સંવરણ કરવા કોણ શક્તિમાન છે ? દોધકવૃત્તિનો અર્થ ગડબડીઓ લાગે છે-તે એમ છે કે એકેક અંગને જેમ છે તેમ હરિને જોકે સુષ્ઠુ સર્વ આદરથી રાધા જુએ છે તોપણ દઢ દૃષ્ટિ રાગસ્નેહથી જે કોઈ અંગપ્રદેશે સ્થાપિત થયેલી દૃષ્ટિને સંવરવા કોણ સમર્થ થાય ?

(૧૩૦) વિહવે કસ્સુ થિરત્તણઉં, જોવ્વણિ કસ્સુ મરટ્ટુ,
સો લેખડઉ પઠ્ઠાવિઅઇ, જો લગ્ગઈ નિચ્ચટ્ટુ.

—વિભવમાં કેનું સ્થિરપણું ? યૌવનમાં કેનું મરાઠાપણું-અહંકારીપણું (તોપણ) તે લેખ (કાગળ) લાગે તો બરાબર-એમ સમજી મોકલવામાં આવે છે.

નાયકનો ભરોસો નથી, વૈભવમાં કેની આશા કરી શકાય કે તે સ્થિર રહેશે ? પોતાના યૌવનનો પણ અભિમાન નથી કે તે તેને ખેંચી લાવશે તોપણ ખંડિતા યા પ્રોષિતા શોચે છે કે એવો સંદેશો મોકલું કે જે તીરની માફક બરાબર લાગે.

થિરત્તણુઉં-સ્થિરત્વ. લેખડઉ-લેખડો, લેખ. નિચ્ચટ્ટ-અત્યંત ગાઢ.

(૧૩૧) કહિં સસહર કહિં મયરહર, કહિં બરિહિણુ કહિં મેહુ,
દૂરહિઆહંવિ સજ્જણહં, હોઈ અસડ્ઢલુ નેહુ.

—ક્યાં શશધર (ચંદ્ર), ક્યાં મકરધર (સમુદ્ર), ક્યાં મોર, ક્યાં મેઘ. સજ્જનો દૂરસ્થિત હોય તોપણ અસાધારણ સ્નેહ હોય છે. બરિહિણુ-સં. બર્હિ-મોર; અસડ્ઢલુ-સં. અસંસ્થુલ ?

(૧૩૨) કુંજર અન્નહં તરુઅરહં, કુડ્ડેણુ ઘલ્લઇ હત્થુ,
મણુ પુણુ એક્કહિં સલ્લઇહિં, જઇ પુચ્છહ પરમત્થુ.

—કુંજર (હાથી) અન્ય (પર). તરુવરો પર, કોડે કરી હાથ ઘાલે-નાંખે, પણ જો પરમાર્થ પૂછો (તો), (તેનું) મન એકજ (પર) સલ્લકી (એક જાતના બળદો-જુઓ ઉપર નં. ૭૨) પર (હોય છે). કુડ્ડુ-કૌતક-વિનોદ જુઓ ઉપર નં. ૮૯.

(૧૩૩) ખેડ્ડયં કયમમ્હેહિં, નિચ્છયં કિં પયમ્પહ,
અણુરત્તાઉ ભત્તાઉ, અમ્હે મા ચય સામિઅ.

—અમારી સાથે નિશ્ચયે ખેલ કરવામાં આવ્યો (છે)-શું કહે છે (કહીએ) ?, સ્વામિ ! અનુરક્ત ભક્તો એવા અમોને મ તજ. અનુષ્ટુપ્ છંદ. ખેડ્ડ-ખેલ. પંજાબી ગીતમાં સાડે ખેડણુ દે દિન ચાર. પાઠાંતરમાં અણુરત્તાઉ ભત્તાઓ છે.

(૧૩૪) સરિહિં ન સરેહિં ન સરવરેહિં નવિ ઉજ્જાણુ-વણેહિં
દેસ રવણ્ણા હોન્તિ વઢ, નિવસન્તેહિં સુઅણેહિં.

—(ન) સરિ(તા)ઓથી, ન સરથી, ન સરવરથી, ન ઉદ્યાન-વનોથી પણ દેશ રમણીય થાય છે. (પણ) મૂર્ખ ! નિવાસ કરતા સ્વજનોથી (થાય છે). રવણ્ણ-રમણીય, રમ્ય. વઢ-જુઓ ઉપર નં. ૪૩, ૧૨૮ વગેરે.

(૧૩૫) હિઅડા પઇ એહુ બોલ્લિઅઓ, મહુ અગ્ગઇ સયવાર,
ફુટ્ટિસુ પિએ પવસન્તિ હઉં, ભંડય ઢક્કરિ સાર.

—હૈડા! (તું) મારી આગળ સોવાર એમ બોલ્યું કે પિયુના પ્રવાસ કરતાં(જ) ફાટીશ. હાં,–હે ભંડ!–હે અદ્ભુત દઢતાવાળા! (હજી તું ફાટયું નહિં.)

હિઅડા–હે હૈયા. પઇ–મધ્યમપુરૂષ, તું. ફુટ્ટિસુ–ફુટીશ–ફાટીશ. પિએ પવસન્તિ–ભાવવાચક સપ્તમી. ભંડય–પાખંડી. ઢક્કરીસાર–ઢકરી ગયો છે એટલે નિકલી ગયો છે જેનો સાર–બળ તે, તેવો ઢીલો–નબળો, (દોધકવૃત્તિ); પરંતુ અદ્ભુત સારવાળો (હેમચંદ્ર).

(૧૩૬) એક્કુ કુડુલ્લી પંચહિં રુદ્ધી, તહં પંચહંવિ જુઅંજુઅ બુદ્ધી,
બહિણુએ તં ઘરુ કહિ કિંવ, નન્દઉ, જેત્થુ કુડુમ્બઉં અપ્પણ-છન્દઉં.

—એક કુટી (શરીર રૂપી ઝુંપડી) છે, (તે) પાંચ (ઇંદ્રિયો)થી રૂંધાયેલી છે, તે પાંચને પણ જુદી જુદી બુદ્ધિ (છે), બહેન! તે ઘર કે જ્યાં કુટુમ્બ આપછંદીલું (હોય) તે કેમ નંદે–પ્રસન્ન થાય તે કહે.

કુડુલ્લી–કુટીના કુત્સિત કે અલ્પના અર્થમાં; જુઅંજુઅ–જુદી જુદી. અપ્પણછંદ–આપમતીલું–પોતપોતાના મતવાળું. હીંદીમાં એક દોહો છે કેઃ—

'ખસમ પૂજતે દેહરા, ભૂત પૂજિની જોય;
એકે ઘરમેં દો મતા, કુસલ કહાં તે હોય.

(૧૩૭) જો પુણુ મણિ જિ ખસફસિ હૂઅઉ, ચિન્તઇ દેઇ ન દમ્મુ ન રૂઅઉ,
રસવસ–ભમિરૂ કરગ્ગુલ્લાલિઉ, ઘરહિં જિ કોન્તુ ગુણઇ સો નાલિઉ.

—જે પણ મનમાંજ ધુસપુસ ચિન્તવ્યા કરે, દ્રમ્મ ન આપે, ન રૂપિયો આપે એટલે કે ખર્ચ કરે નહિ, રતિવશ થઇ ભ્રમણ કરનારો ઘરમાંજ હાથના અગ્રભાગથી ઉલાળેલું કુંત–ભાલું ફેરવે તે નાલિઅ–મૂર્ખ છે. જે સદા વ્યાકુળ રહે, પૈસા ખરચે નહિ, ઘર બેઠાં ભાલું ફેરવ્યાં કરે તે મૂઢ છે.

ખસફ્ફસિહૂઅઉ-વ્યાકુલ. દ્રમ્મુ-દ્રમ નામનો સિક્કો-દામ, રૂઅઉ-રૂપક-રૂપીઓ-ચાંદીનો સિક્કો, રઇ-રતિ-મનની લહેર, ભમિરૂ-ભમતો, ઉલ્લાલિઉ-ઉલ્લાલિત, કોન્તુ-કુંત-ભાલું, ગુણઇ-ગણે-સરખાવો માળા ગણે-ફેરવે; નાલિઇ-દુર્લાલિત, મૂઢ ઉપરના વઢના અર્થમાં.

(૧૩૮) ચલેહિં ચલન્તેહિં લોઅણેહિં, જે તઈ દિટ્ઠા બાલિ,
તહિં મયરધ્ધય-દડવડઉ, પડઇ અપૂરઇ કાલિ.

—હે બાલા ! (તારા) ચલ-ચંચલ ચાલતાં લોચનોથી તારાથી જે દેખાયો-તેં જેને દીઠો, તેના પર મકરધ્વજનો દડવડો અધૂરા કાલે પડે છે (દોધકવૃત્તિ); યા તેના પર મકરધ્વજ અપૂર્ણ કાલે દડવડી પડે. જેને તેં ચંચલ નયનોથી જોયો તેના પર દરોડો-હુમલો થાય છે, તે કમોતે માર્યો જાય છે.

દડવડઉ-અચ (?વ) સ્કંદં કટકં ધાટી (દોધક વૃત્તિ) ધાડું, લૂંટ. અપૂરહ કાલિ-અપૂર્ણકાળે-કવખતે.

(૧૩૯) ગયઉ સુ કેસરિ પિઅહુ જલુ, નિચ્ચિન્તઈં હરિણાઈં,
જસુ કેરઈં હુંકારડએં, મુહહું પડન્તિ તૃણાઈં.

—હે હરિણો ! તે કેસરી કે જેના હુંકારથી (તમારા) મુખમાં તૃણ (ખરી) પડતા હતા તે ગયો. (હવે) જલ નિશ્ચિંતપણે પીઓ.

જસુ કેરઇં-જેના કેરા-તણા. જસુ (સં. યસ્ય)માં છઠ્ઠી વિભક્તિ 'સુ' યા 'ઉ' જુદી છે; કેરઈં વિશેષણની પેઠે 'હુંકારએ' ને લાગુ પડે છે. કેર વિભક્તિ નથી કે જેથી 'જસુ' સાથે જોડવામાં આવે. આ કેર, હિંદી 'કા, કી, કે'નો જનક-પિતા કહેવામાં આવે છે પણ આ પોતેજ વિભક્તિ નથી તેમ જુદો પડતો નથી. વળી તેના પુત્ર પૌત્ર કેવી રીતે છૂટા પડી શકે ? આને મળતો એક મારવાડી પ્રસિદ્ધ દોહો છે કે:—

જિણ મારગ કેહરિ વુવો, રજ લાગી તિરણાંહ,
તે ખડ ઉભી સૂખસી, નહિં ખાસી હરિણાંહ.

—જે માર્ગે સિંહ ગયો ત્યાં તૃણોને રજ લાગશે–તે ખડ ઉભું ઉભું સુકાઇ જશે, હરિણો ખાશે નહિ.

(૧૪૦) સત્થાવત્થહં આલવણુ, સાહુવિ લોઉ કરેઈ,
આદન્નહં મબ્ભીસડી, જો સજ્જણુ સો દેઇ.

—સ્વસ્થાવસ્થાવાળા–સુખી (પુરૂષો)નું આલપન–કથન–વાતચીત (જુઓ નં. ૪૮) સૌએ લોક કરે છે, (પરંતુ) આર્ત્ત (જનો)ને 'મ ડરીશ' (એવી અભય વાણી) જે સજ્જન છે તે આપે છે–આશ્વાસન દે છે. સાહુ–સહુ, સર્વે; આદન્નહ–? આપન્ન હં–આપન્નો–આર્ત્તોને. મબ્ભીસડી–મા ડર '**मा भैषीः**' એ વાક્યથી બનાવેલી સંજ્ઞા. 'ડી' છે તે સ્વાર્થમાં છે.

(૧૪૧) જઇ રચ્ચસિ જાઇટ્ઠિઅએ, હિઅડા મુદ્ધ સહાવ,
લોહેં ફુટ્ટણુએણ જિવં, ઘણા સહેસઇ તાવ.

—હે મુગ્ધ સ્વભાવવાળા હૈડા ! જે જે દીઠું તેમાં જો (તું) રચે છે–પ્રેમ કરે છે–રક્ત થાય છે, તો ફુટતા–તુટતા એવા લોઢાની જેમ તું ઘણા તાપ સહેશે. જે દીઠું તેમાં રમવા કે પ્રેમ કરવા તું લાગી જા તો ઘડી ઘડી લોઢાની માફક તને તપાવવામાં આવશે, ત્યારેજ કોઇ એક જગ્યાએજ પ્રેમ કરવાની દૃઢતા શીખીશ. રચ્ચસિ–રચે છે, પ્રેમ કરે છે. જાઇટ્ઠિઅએ–જે જે દૃષ્ટ–દીઠું તે તેમાં. ફુટ્ટણુએણ–ફુટનારાથી–ખંડિત થનારાથી. સહેસહિ–કર્ત્તૃવાચ્ય, કર્મવાચ્યને અડચણ રૂપ થાય છે.

(૧૪૨) મઈં જાણીતું બુડ્ડીસુ હઉં, પ્રેમદ્રહિ હુહુરત્તિ;
નવરિ અચિન્તિય સંપડિય, વિપ્પિય નાવ ઝડત્તિ.

—મેં જાણ્યું (કે) હું હુહુરૂ કરતી–એ શબ્દ કરતી પ્રેમ રૂપી દ્રહમાં બુડીશ, પરંતુ અચિંતિ ઝટ–એકદમ વિપ્રિય (રૂપી) નાવ (વિયોગ બેડા) સંપ્રાપ્ત થયું. પ્રેમ એટલો હતો કે હું દ્રહની સમાન તેમાં ડુબી જાત પરંતુ તેમાંથી મને બચાવવાને વિપ્રિયરૂપી નાવ ઝટ મળી ગઇ. બુડ્ડીસુ–બુડીશ (જુઓ હવે પછી પ્રબોધ ચિંતામણી નં. ૧ માં ડુબ્બિઅઉ એ શબ્દ). હુહુરત્તિ–અનુકરણ–ડૂબતી વખતે શ્વાસ એવો ઉઠે

—ગભરાતી વખતનો શબ્દ નીકળે. નવરિ–સંસ્કૃત છાયાકાર 'કેવલ' એ અર્થ કરે છે તે નહિ, પણ તેનો અર્થ અત્ર પરંતુ, હિંદી વરન છે. સંપડિય–સંયોગથી મળી. વિપ્પિયનાવ–'વિપ્રિય રૂઠવો યા વિયોગબેડા એ દોધક વૃત્તિમાં અર્થ છે.

(૧૪૩) ખજ્જઇ નઉ કસરક્કેહિં પિજ્જઇ નઉ ઘુંટેહિં,
એમ્વઇ હોઇ સુહચ્છડી, પિએં દિટ્ઠે નયણેહિં.

—પિયુ કોળીઆથી ખવાતો નથી, ઘુંટડાથી પીવાતો નથી. એવોજ નયનોથી પીયુ દીઠે સતિ સુખસ્થિતિ હોય છે. ખાવા પીવાની જેવી તો તૃપ્તિ થતી નથી, કિંતુ કોઇ અનિર્વચનીય સુખ મળે છે. ખિજ્જઇ–ખાઇજે; પિજ્જઇ પીજે કર્મવાચ્ય. કસરક–મોટા મોટા કોળીઆ. જુઓ તે શબ્દ ઉપર નં. ૭ માં. એમ્વઇ–એમજ, અથવા એમ હોવા છતાં પણ (દો૦ વૃ૦). સુહચ્છડી (સુખ અને અસ્તિ)પણું– 'ડી' લગાડી નામ બનાવાયું. (દે૦ ૩૭, ૬૧, ૧૪૦) અથવા સુખાશા (દો૦ વૃ૦), પિએં દિટ્ઠે—ભાવવાચક સપ્તમી.

(૧૪૪) અજ્જવિ નાહુ મહજ્જિ, ઘરિ સિદ્ધત્થા વન્દેઇ;
તાઉંજ્જિ વિરહુ ગવક્ખેહિં, મક્કડુ–ઘુગ્ઘિઉ દેઇ.

—આજપણ નાથ મારેજ ઘેર (છે ને) સિદ્ધાર્થોને વંદે છે, તો પણ વિરહ ગવાક્ષો–જાળીઓમાંથી મર્કટવત્ ઘુઘિઓ–હીં. ઘુડકી–ઘુરકીઉં (ચેષ્ટારૂપ) દે છે–કરે છે. હવે નાથ પરદેશ ગયા નથી, ઘરમાંજ છે. યાત્રાકાલનાં મંગલ દ્રવ્યોને માથે લગાડે છે તો પણ વિરહ સમજી ગયો કે મારો વખત આવી ગયો. હવે તે મુખ્ય દરવાજામાંથી ઘુસી શકતો નથી તેથી જાળીના મુખમાંથી વાંદરો ડોકીઉં કરે તેમ દેખાડે છે. અજ્જવિ, મહજ્જિ તાઉંજ્જિ–એમાં 'વિ' અને 'જ્જિ' શબ્દને જોર આપે છે. સિદ્ધત્થ–સિદ્ધાર્થ–પીલાં સરસવ મંગલ શકુન. ગવક્ખ–ગવાક્ષ; જૂની શૈલીની જાળીઓનાં છેદ તદ્દન ગૌની આંખ જેવા હોવાથી. હિંદી ગોખા, ગૂ. ગોખ દરવાજાપરનો ઝરૂખો. મક્ક ડઘુગ્ઘિઉ–હિં. બંદર ઘુંડકી. ઘુગ્ઘિઉનો અર્થ દો. વૃ. માં ચાપલ્ય (!) આપ્યો છે.

(૧૪૫) સિરિ જર-ખંડી લોઅડી, ગલિ મણિયડા ન વીસ,
તો વિ ગોટ્ઠડા કરાવિઆ, મુદ્ધએ ઉટ્ઠ-બઇસિ.

—શિરપર જીર્ણું લોઅડી-કાંબળી (છે), ને ગળામાં (પૂરા) વીસ નહિ એવા મણુકા (ની માળા) છે તોપણુ મુગ્ધાથી ગોઠ-ગામના નિવાસીઓ એવા ગામના યુવકો પાસે ઉઠબેસ કરાવાઇ એટલે મુગ્ધાએ તેમની પાસે કરાવી. મુગ્ધા પાસે શૃંગારનાં સાધનોમાં જુની કાંબળ છે અને ગળામાં પૂરા વીસ મણુકાની માળા પણુ નથી તોપણુ તેણીનું લાવણ્ય એવું છે કે આખા ગામના છેલોને ઉઠબેસ કરાવતી રહી છે. જરખંડી—જીર્ણું, ખંડિત. લોઅડી-લોઇ, લોમપટી, કામળી. મણિઅડા-માં ડ કુત્સાના અર્થે, ગોટ્ઠડા-જુઓ ગોઠ નં. ૧૧૦ માં. ગામની બહાર ગોસ્થાન હોય છે કે જ્યાં યુવકો એકઠા થાય છે. ત્યાંના નિવાસી. ગોઠ એટલે ગોકુલ-ગોસ્થાન ત્યાં જે બેસે છે તે ગોષ્ઠ-ગોષ્ઠક-ગોષ્ઠ પુરૂષ (દો. વૃ.)

(૧૪૬) અમ્મડિ પચ્છાયાવડા, પિઉ કલહિઅઉ વિઆલિ,
ધઇ વિવરીરી બુદ્ધડી, હોઇ વિણાસહો કાલિ.

(સ્ત્રી પતિ સાથે માન કર્યા પછી પસ્તાય છે) હે અમ્મા-માત ! પશ્ચાત્તાપ (થાય છે); વિકાલે-સંધ્યાસમયે પિયુ સાથે ઝગડો કર્યો. વિનાશના કાલે બુદ્ધિ વિપરીત થાય છે. અમ્મડિ-બુદ્ધડી-એમાં ડી સ્વાર્થમાં યા અનુકંપામાં છે. પચ્છાયાવડા-અહીં પણુ પશ્ચાત્તાપની આગળ ડા છે. કલહિઅઉ-કલહાપિત, કલહ કરાયેલો છે. વિઆલિ-જુઓ કુમારપાલ પ્રતિબોધનાં ઉદાહરણુ નં. ૧૮ અને ઉપર નં. ૬૨.) ધઇ-હેમચંદ્રે અનર્થક કહેલ છે-પાદપૂરણુ યા અવધારણુનો અર્થ છે.

(૧૪૭) ઢોલ્લા એહ પરિહાસડી, અઇ ભણુ કવણુહિં દેસિ,
હઉં ઝિજ્જઉં તઉ કેહિં પિઅ, તુહું પુણુ અન્નહિ રેસિ.

હે ઢોલા ! એ ! કહે (કે) કયા દેશમાં આ પરિહાસ-મજાક છે ? હે પિયુ ! હું તારા માટે છીજૂં-સુકાઉં, (ને) તું વળી અન્યને માટે

(સૂકાય છે.) સરખાવો નં. ૫૫. આ કયા દેશની રીત? ઢોલ્લા-જુઓ નં. ૧. પરિહાસડી-મજાક, હાંસી યા પરિભાષા (દો. વૃ.). અઇ ભણુ-એ ! ભણુ કહે. દો. વૃ. અઇભિન એક શબ્દ માની તેનો અર્થ અત્યદ્ભુત ! કરે છે. હેમચંદ્રમાં પણ 'અઇભિ ન' એ પ્રધાન પાઠ માન્યો છે. ઝિજ્જઉ-ઝીણું થવું, સૂકાવું. તઉકેહિ-તારા માટે; રેસિ-વાસ્તે (હેમ૦ ૮-૪-૪૨૫).

(૧૪૮) સુમરિજ્જઇ તં વલ્લહઉં, જં વીસરઇ મણાઉં,
જહિ પુણુ સુમરણુ જાઉં ગઉ, તહો નેહહો કઇં નાઉં.

—જે વલ્લભ મનથી વીસરે છે તે વલ્લભને સ્મરવામાં આવે-સંભારવામાં આવે, જેનું સ્મરણ પુનઃ જો ચાલ્યું જાય (ભૂલી જવાય) તેના નેહનું નામ શું ? જે ભૂલે તેને તો યાદ કરે, અને જેનું સ્મરણ ચાલ્યું જાય (ભૂલી જાય) તેના નેહને નામજ શું હોય? કંઈ નહિ. જેનો નેહ છે તે કદી ભૂલી શકાતો નથી અને તેના સ્મરણની જરૂર નથી. સુમરિજ્જઇ-સમરીજે. મણાઉ-મનાક્-અલ્પ (દો. વૃ.), મનથી. જાઉં-યદિ, જો. કઇં નાઉં-જયપુરીમાં કાઇ નાંવ ?

(૧૪૯) જિબ્ભિન્દિઉ નાયગુ વસિ કરહુ જસુ અધિન્નઇં અન્નઇં,
મૂલિ વિણટ્ઠઇ તુંબિણિ હે અવસેં સુક્કઇં પણ્ણઇં.

—જીભ-ઇંદ્રિય (કે) જેને અન્ય (ઇંદ્રિયો) અધીન છે તેને હે નાયક ! વશ કરો. જેનું મૂલ વિનષ્ટ થયું છે એવી તુંબડીનાં પર્ણો-પાંદડાં અવશ્ય સૂકાય છે. મૂલિ વિણટ્ઠઇ-ભાવવાચક સાતમી.

(૧૫૦) એક્કસિ સીલકલંકિઅહં, દેજ્જહિં પચ્છિત્તાઈં,
જો પુણુ ખંડઇ અણુદિઅહુ, તસુ પચ્છિત્તેં કાઇં.

—એકવાર શીલકલંકિત (કરનારા) ને પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે; જો ફરીવાર અનુદિન (શીલને) ખંડિત કરે છે તેને પ્રાયશ્ચિત્તથી શું ? એક્કસિ-એકશઃ-એકવાર-મારવાડી-એકરસ્યાં, એકસ્યાં. અણુદિઅહુ-અનુદિન, દિને દિને.

(૧૫૧) વિરહાનલજાલકરાલિઅઉ, પહિઉ પન્થિ જં દિટ્ઠુઉ,
તં મેલવિ સવ્વહિં પન્થિઅહિં, સોજ્જિ કિઅઉ અગ્ગિટ્ઠઉ.

—જે પથિક વિરહાનલની જવાલાઓથી કરાલિત પંથમાં જોવામાં આવ્યો, તેને સર્વ પથિકોએ મળીને અગ્નિમય કર્યો—વધારે તમ કર્યો—ઉત્તેજિત કર્યો. વિરહતાપની અધિકતાથી અતિશયોક્તિ. સરખાવો નં. ૧૦૯. દોધકવૃત્તિ તો એ અર્થ કરે છે કે પથિકોએ તેનો અગ્નિસંસ્કાર કર્યો. અગ્નિષ્ઠઃ કૃતઃ મેલવિ—મળી કરી યા રાખી. અગ્ગિટ્ઠઉ—અંગીઠો સ્ત્રી. અંગીઠી (આમાં અનુસ્વાર માટે માટે જુઓ પ્રબંધ ચિંતામણીનાં ઉદાહરણમાં નં. ૬ મંકડ.) અંગીઠીનો અર્થ ગૂજરાતીમાં એ છે કે સોનીની સગડી, પોંકપાડવા માટે ખાડો કરી અગ્નિ કરવામાં આવે છે તે; ક્રોધાગ્નિ. 'લાગી યમને અંગીઠી, પોઢી ગયો તે પળે'—વલ્લભ.

(૧૫૨) સામિ-પસાઉ સલજ્જુ પિઉ, સીમાસંધિહિં વાસુ,
પેક્ખિવિ બાહુ–બલુલ્લડા, ધણ મેલ્લઇ નીસાસુ.

—સ્વામીની જેને મહેરબાની છે તેવો સ્વામિપ્રસાદ, પિયુ સલજ્જ, (તેનો) સીમા સંધિમાં વાસ—એ જોઇને બાહુબલથી ઉલ્લલિત (પિયુને માટે) ધણ—નાયિકા નિઃશ્વાસ મૂકે છે. રાજાની કૃપા, જેથી તે કદી છુટી દે નહિ અને કઠિન કામપરજ મોકલે, પિયુ સંકોચી એટલે કામ માટે ના પાડે નહિ ને છુટી માગે નહિ, સીમાડાપર રહેવું કે જ્યાં નિત નિત નવા નવા ઝગડા થાય અને બાહુબળથી ગર્વિષ્ટ પિયુ ઝગડો આગળ આવી વેચાતો લે—બીચારી આટલાં કારણોથી વિરહના અંતનો સંભવ ન જાણીને નિસાસા નાંખે છે. બાહુબલુલ્લડા—બાહુબલથી ઉલ્લલ—ઉલ્લટ—ઉલ્લલિત, અથવા 'બાહુ' નું વિશેષણ 'બલ્લુલ્લડ' એટલે બલગર્વથી ભરેલા બાહુ (પિયુના જોઇને). ધણ—જુઓ નં. ૧ અને ૭૦. મેલ્લઇ-મેલે—મૂકે—છોડે—નાંખે.

(૧૫૩) પહિઆ દિટ્ઠી ગોરડી, દિટ્ઠી મગ્ગુ નિઅન્ત
અંસૂસાસેહિં કંચુઆ, તિંતુવ્વાણુ કરન્ત.

—હે પથિક ! ગોરી દીઠી ? (હા) માર્ગને નિરખતી, આંસું અને ઉશ્વાસથી કુંચુઆ (કાંચળી)ને ભીંજેલો સુકો (જુઓ નં. ૮૦) કરતી જોઇ. આંસુથી ભીંજેલો ને ઉશ્વાસના બાફથી સુકો. અથવા તિંતુ-વ્વાણુ-તાણો વાણો-આંસુઓનો તાણો ને ઉશ્વાસનો વાણો. ગોરડી-જુઓ નં. ૨, ૧૨૩; તેમાં 'ડી' માટે જુઓ નં. ૧૪૦ નિઅન્ત-દેખતી. તિંતુવ્વાણુ-તીમા-તિમિત-ભીંજેલો જુઓ તિમ્મઇ નં. ૧૧૫.

(૧૫૪) પિઉ આઇઉ સુઅ વત્તડી, ઝુણિ કન્નડઇ પઇટ્ઠ.
તહો વિરહહો નાસન્તઅહો, ધૂલડિઆવિ ન દિટ્ઠ.

—પિયુ આવ્યો એવી વાત સાંભળી,-(તેનો) ધ્વનિ કાને પેઠો (કે તરતજ) તેનો વિરહ નાઠો કે (વિરહના નાસવાની) ધૂળ પણ ન દેખાણી. વત્તડી, કન્નડઇ, ધૂલડિઆ-આમાં આવેલ 'ડી' યા 'ડ' પર ઘણું કહેવાયું છે-હવે વધુ લખવું વ્યર્થ છે. નાસન્ત-સં. નશ્યત્-નષ્ટ થવું, અદર્શન થવું, ભાગવું. ગૂ૦ નાસવું ભાગવાના અર્થમાં છે. પંજાબી ન્હસ્-ભાગવું.

(૧૫૫) સંદેસેં કાઇં તુહારેણ જં સંગહો ન મિલિજ્જઇ,
સુઇણન્તરિ પિએં પાલિએણ, પિઅ પિઆસ કિં છિજ્જઇ.
—જો સંગથી ન મળાય તો, તમારા સંદેશથી શું ?, હે પિયુ ! સ્વપ્નાંતરમાં પીધેલા પાણીથી પ્યાસ-તૃષા કંઈ છીજે-ભાંગે ? કેવલ સંદેશથી શું સર્યું ?

(૧૫૬) એત્તહે તેત્તહે વારિ ઘરિ, લચ્છિ વિસંઠુલ ધાઇ,
પિઅ-પબ્ભટ્ઠવ ગોરડી, નિચ્ચલ કહિં વિ ન ઠાઇ.

—અત્ર તત્ર-અહીં તહીં દ્વારે (કે) ઘેર પ્રિયપ્રભૃષ્ટ ગોરી પેઠે લક્ષ્મી વિસંસ્થુલ ધાય છે (દોડયાં કરે છે). નિશ્ચલ કહિં પણ સ્થિત થતી નથી-ટકતી નથી. લક્ષ્મીની ચંચલતાની વિયોગિનીની સંચલતા સાથે ઉપમા. જેવી લક્ષ્મી તેવી પ્રિયભ્રષ્ટા ગૌરી. વારિ ઘરિ-ઘર દ્વાર, ઘર બાર, પબ્ભટ્ઠ-સં. પ્રભ્રષ્ટ-ભટકી-ચૂકી-ભ્રષ્ટ થએલી.

(૧૫૭) એઉ ગૃણ્હેપ્પિણુ ધ્રું મઇં, જઇ પ્રિઉ ઉવ્વારિજ્જઇ,
મહુ કરિ એવ્વઉં કિંપિ ણુવિ, મરિએવ્વઉ પર દેજ્જઇ.

—આ ગ્રહણ કરીને તે પિયુને મારાથી ઉગારી લેવાય તો મારૂં કરવું–કર્તવ્ય કંઇ પણ નથી (બાકી રહેતું) મરવું પણ દેવાય–જો આ લઇને મારા પિયુનો ઉદ્ધાર થઇ જાય તો મારૂં કર્તવ્ય કાંઇ બાકી રહેતું નથી. હું ચારે મારૂં મરણ દઇ દઉં (મરણ પણ સહી લઉં). દોહક વૃત્તિ અનુસાર " કોઇ સિદ્ધ પુરૂષને વિદ્યા સિદ્ધિ માટે ધન આદિ આપી નાયિકા પાસે બદલામાં પતિ માંગ્યો તો તેણી કહે છે કે જા આ લઇને પતિ ઉત્કર્ષં તેત્સજ્યતે–બદલામાં આપવામાં આવે તો મારે કર્તવ્ય કંઇ કેવલ મરણ આપી શકું છું. " (ચાહે મારો પ્રાણ લઇલે, પતિને આપીશ નહિ). ગૃહેપ્પિણુ–ભૂત કૃદંત ધ્રં–જુઓ ઉપર નં. ૪૧, ઉવ્વારિજ્જઇ–(૧) ઉગાર્યો જાય. (૨) વહેંચાયો જાય ? જુઓ ઉપર ટીકા કરિએ-વ્વઉં, મરિએવ્વઉં–કરવું, મરવું. રાજ્યસ્થાનીમાં કરબો, મરબો, સંસ્કૃતમાં કર્તવ્ય, મર્ત્તવ્ય.

(૧૫૮) દેસુચ્ચાડણુ સિહિકઢણુ, ઘણિકુટ્ટણુ જં લોઇ,
મંજિટ્ટૃ એ અઇરત્તિએ, સવ્વ સહેવ્વઉં હોઇ.

—દેશનું ઉચ્ચાટન–પરિત્યાગ–દેશનિકાળ થવું, શિખિ એટલે આગ પર ક્વાથ–કાઢો થવું–કઢાવું, ઘણું કુટાવું જે લોકમાં (છે) તે અતિરક્ત મંજીઠથી સર્વ સહેવું થએલ છે. મંજીઠ દેશબહાર ગયો, આગપર કઢાયો, ઘણો કુટાયો–એ બધું સહન કર્યું તે 'રક્ત' હોવાનું ફળ છે, તેમ કોઇમાં રક્ત–આસક્ત થવું તો બધાં ફળ ભોગવવાં પડે. સહેવ્વઉં–સહેવું–ખમવું.

(૧૫૯) સોએવા પર વારિઆ, પુપ્ફવઇહિં સમાણુ,
જગ્ગેવા પુણુ કો ધરઇ, જઇ સો વેઉ પમાણુ.

—પુષ્પવતિની સાથે સૂવું વિશેષ વાર્યું–નિષિદ્ધ કર્યું છે (એવું) જો વેદ પ્રમાણ હોય તો, વળી જાગવું કોણ ધરે–અટકાવે છે ? જે વેદમાં

'સાથે સુવા'ની મનાઇ છે તે જો પ્રમાણ હોય તો 'સાથે જાગવા'માં કોણ રોકે છે. સોએવા, જાગેવા–સૂવું, જાગવું–રાજસ્થાની સોબો, જાગબો, વારિઆ–વારિત દોષકવૃત્તિ પરવારિઆ–પરિવારિત સાથે લે છે એટલે નિષિદ્ધ. પુપ્ફવઇ–પુષ્પવતી, રજસ્વલા. આમાંના 'પુષ્પ'નો ઉપચાર હિંદીમાં હજુ સુધી રહ્યો છે, કારણકે પ્રથમ રજોદર્શનને 'ફુલેરા' કહે છે. આ દોહા સાથે સરખાવો નીચેની સરસ્વતી કંઠાભરણ ૩–૨૯ ની ગાથાઃ—

લોઓ જૂરઇ જૂરઇ વઅણિજ્જં હોઇ હોઇ હોઉ સન્નામ
એઇ ણિમજ્જસુ પાસે પુપ્ફઇ ણ એઇ મે ણિદ્દા.

(લોકો ખીજે, ખીજે, વચનીય (નિંદા) સન્નામની થાય તો થવા દો; આવ, પુષ્પવતી ! પાસે સુઈ જા, મને નિદ્રા આવતી નથી.)

(૧૬૦) હિઅડા જઇ વેરિઅ ઘણા, તો કિં અબ્ભિ ચડાહું,
અમ્હાહિં બે હત્થડા, જઇ પુણ મારિ મરાહું.

—હે હૈડા ! જો વૈરી ઘણા (છે) તો શું અભ્ર–આકાશમાં ચડી જાઉં ? જો અમોને (પણ) બે હાથ છે, તો પુનઃ મારી મરૂં. શત્રુઓનાં વચનોને માટે ધરતી છોડી આકાશમાં શું ચાલ્યો જાઉં ? બે હાથ તો છે તો પછી મારીને મરશું,

(૧૬૧) રક્ખઇ સા વિસ–હારિણી, બે કર ચુંબિવિ જીઉ,
પડીબિંબિઅ–મુંજાલુ જલુ, જેહિં અડોહિઉ પીઉ.

—જેમાં મુંજાલનું (મુંજનું) પ્રતિબિંબ પડેલું છે તે સ્વચ્છ પાણી જે હાથે પીધું તેનું ચુંબન લઇને તે પાણીવાલી (તરુણી) પોતાનો જીવ રાખે–ટકાવે છે. કોઈ તળાવના કાંઠે મિલન થયું હતું. કિનારાપર મૂંજ ઉગી હતી, તેનો પડછાયો પાણીમાં પડયો હતો. પિયુએ તેના હાથોથી જલ પીધું હતું, પછી મળવું નહિ થયું. નાયિકા તે હાથોને ચુંબતી ચુંબતી જીવતી રહી છે. વિસ–જલ સંસ્કૃતમાં પણ અપ્રયુક્ત છે; જો બિસ (કમલની નાલ) લાવનારી એવો અર્થ કરીએ તો ઠીક, કારણકે કમલનાલનું મૂલ ત્યાં રહે છે કે જ્યાં જલમાં મુંજનું પ્રતિબિંબ પડયું

હતું–આ માટે કમલનાલ તોડતી વખતે બધું સ્મરણ આવતું જાય છે. એ–દોધકવૃત્તિ કદાચિત્ 'જેહિં'ના નિત્ય સંબંધથી તેને વર્તમાન હિંદીના 'વે' એટલે તે એમ માનતી જણાય છે. મુંજાલુ–'આલા' પ્રત્યય 'વાળા'ના અર્થમાં. અડોહિઉ–પીધું પીવરાવવું. જુઓ આ નિબંધનું પાનું ૩૦.

(૧૬૨) બાહ વિછોડવિ જાહિ તુહું, હઉં તેવંઇ કો દોસુ,
હિઅય–ટ્ઠિઉ જઇ નીસરહિ, જાણઉં મુંજ સ રોસુ.

—(એકમેકના) હાથ છોડી તું જાય છે, તેમ હું પણ જાઉં છું. (તેમાં) કોનો દોષ ? પણ હૃદયમાંથી તું જો નીસરી જશે, તો પછી મુંજનો મારા પર રોષ છે એમ હું જાણીશ. (જુઓ આ નિબંધ પૃ. ૨૯ અને હવે પછી પ્રબંધચિંતામણિનાં ઉદાહરણ પૈકી નં. ૧૦) દોધકવૃત્તિ 'મુંજો ભૂપતિઃ સરોષઃ' બતાવી એમ અર્થ કરે છે કે નાયિકા નાયક મુંજને કહી રહી છે. કોઇ મુંજસુ રોસુ એમ બતાવે છે. મુંજસુ એટલે મુંજ સાથે.

(૧૬૩) જેપ્પિ અસેસુ કસાય-બલુ, દેપ્પિણુ અભઉ જયસ્સુ,
લેવિ મહવ્વય સિવુ લહહિં, ઝાએવિણુ તત્તસ્સુ.

—અશેષ–સંપૂર્ણ કષાયબલ જીતીને, જગતને અભય આપીને–અભયદાન આપીને, મહાવ્રત લઇને, તત્ત્વનું ધ્યાન કરીને શિવ મોક્ષપદ લહે છે–પામે છે. કષાય–જૈનોમાં તે શબ્દના અર્થમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચારનો સમાવેશ થાય છે ને તે જૈનનોજ પારિભાષિક શબ્દ છે. જેપ્પિ, દેપ્પિણુ, લેવિ, ઝાએવિણુ–ભૂતકૃદંત છે.

(૧૬૪) દેવં દુક્કરુ નિઅય-ધણુ, કરણ ન તઉ પડિહાઇ,
એમ્વઇ સુહુ ભુંજણહં મણુ, પર ભુંજણહિં ન જાઇ.

—નિજ ધન દેવું દુષ્કર છે, તપ કરવું (પ્રતિ) ભાવતું નથી, એવી રીતે સુખ ભોગવવાનું મન (છે) પરંતુ ભોગવવાનું જતું–બનતું નથી. દેવં–પાઠાંતર દેવેં, દેવું; ભુંજણુ–ભોજન. ભુંજણહિ ન જાઇ–ભોગવ્યું જતું નથી.

(૧૬૫) જેપ્પિ ચએપ્પિણુ સયલ ધર, લેવિણુ તવુ પાલેવિ,
વિણુ સન્તેં તિત્થેસરેણુ. કો સક્કઇ ભુવણેવિ.

—શાંતિ(નાથ) તીર્થંકર વિના સકલ ધરાને જીતવા, તજવા, અને તપ લઇને પાળવા ભુવનમાં પણ કોણ સમર્થ છે ? જેપ્પિ, ચએપ્પિણુ, લેવિણુ, પાલેવિ–માં ક્રિયાર્થા ક્રિયા–સં૦ તુમ્ છે. આ રૂપ પૂર્વકાલિક ક્રિયાનાં રૂપો સાથે મળતાં આવે છે.

(૧૬૬) ગંપ્પિણુ વાણારસિહિં નર, અહ ઉજ્જેણિહિં ગંપ્પિ,
મુઆ પરાવહિં પરમ–પઉ, દિવ્વન્તરઇં મ જંપિ.

—જે નર વાણારસીમાં જઇને અથ(વા) ઉજ્જયિનીમાં જઇને મરેલા, તે પરમ પદ પ્રાપ્ત કરે છે–બીજા સ્વર્ગોની (વાત) મ કર; અથવા બીજા તીર્થોની (દો. વૃ.) વાત ન કર. ગંપ્પિણુ, ગંપ્પિ–પૂર્વ-કાલિક. વાણારસી યા વારાણસી–વર+અનસ્–સારા રથોવાળી એ અર્થ થાય છે પરંતુ તેનો વરણા+અસી એ બે નદિઓની વચ્ચે હોવાથી એ નામ બન્યાની કલ્પના કરી લીધી છે. હેમચંદ્રે વ્યાકરણમાં વારાણસી, વાણારસીમાં કેવળ વ્યત્યય માનેલ છે (૮–૨–૧૧૬ થી ૧૧૯). આવો વ્યત્યય બોલવામાં થઇ જાય છે. જંપિ–સં. જલ્પ્–તેમાં ' ઇ ' કેવલ છંદને માટે મૂકયો છે.

(૧૬૭) ગંગ ગમેપ્પિણુ જો મુઅઇ, જો સિવ–તિત્થ ગમેપ્પિ,
કીલદિ તિદસાવાસ ગઉ, સો જમ–લોઉ જિણેપ્પિ.

—જે ગંગા જઇ મર્યો, જે શિવતીર્થ (કાશી) જઈ ક્રીડા કરે છે તે ત્રિદશ એટલે દેવના આવાસ–દેવલોકે યમલોક જીતીને ગયો. ગમ્મે-પ્પિણુ, ગમેપ્પિ, જિણેપ્પિ–જઇને, જીતીને. કીલદિ (સં. ક્રીડતિ).

(૧૬૮) રવિ–અત્થમણિ સમાઉલેણ, કંઠિ વિઇણ્ણુ ન છિણ્ણુ,
ચક્કેં ખંડુ મુણાલિઅહે, નઉ જીવગ્ગલુ દિણ્ણુ.

—રવિ આથમ્યો ત્યાં સમાકુલ ચક્રવાકે મૃણાલિકા–કમલિનીનો ખંડ કંઠે સ્થાપિત (કર્યો), છિન્ન ન (કર્યો) જાણે જીવને આગળીઓ

દીધો. ચક્રવાકે મૃણાલનો કટકો મોંમાં લીધો કે સૂર્યાસ્ત થઇ ગયો. વિયોગનો સમય આવ્યો. બીચારે એક કટકો પણ ન કાપ્યો, મોંમાં નાંખ્યો. જાણે (કે વિયોગમાં જીવ ન નીકળી જાય તે માટે આગળીઓ દઇ દીધો. અત્થમણિ–જુઓ પ્રબંધ ચિં. ઉદાહરણ નં. ૩૦ હવે પછી. વિઇણ્ણુ–સં. વિતીર્ણં. ચક્કે–કર્મવાચ્યનો કર્ત્તા. જેમકે મેં, તેં. નઉ–ઉપમાવાચક જુઓ ઉપર નં. ૫. જીવગ્ગલુ–જીવ+અર્ગલા. સંસ્કૃતના નીચેના શ્લોકનો ભાવ છે:—

मित्रे क्वापि गते सरोरुह वने बद्धानने ताम्यति
क्रन्दत्सु भ्रमरेषु ज्ञातविरहाशंकां विलोक्य प्रियाम् ।
चक्राह्वेन वियोगिना बिलसना नास्वादिता नोज्झिता
कंठे केवलमर्गलेव निहिता जीवस्य निर्गच्छतः ॥

—સુભાષિતાવલિ સં. ૩૪૮૩ પીટર્સન.

(૧૬૯) વલયાવલિ–નિવડણ–ભએણ, ધણ ઉદ્ધબ્ભુઅ જાઇ,
વલ્લહ–વિરહ–મહાદહહો, થાહ ગવેસઇ નાઇ.

—વલયાવલિના નિપતનના ભયથી :નાયિકા ઉર્ધ્વભુજ જાય છે–ચાલે છે, જાણે કે વલ્લભના વિરહરૂપી મહા દહ–હ્રદનો તાગ ગવેષતી–શોધતી (હોય નહિ). વિયોગમાં દુબળી થઇ ગઈ છે. ચૂડીઓ પડી ન જાય તેથી હાથ ઉંચા કરીને જાય છે.—ચાલે છે. જાણે કે પ્રિયના વિરહના મહા–પાણીના ધરાનો તાગ લેવા–પામવા–શોધવા લાગી છે, પણ પામતી નથી. જે ઉંડા પાણીનો તાગ લેવા માગે છે તે માથાપર હાથ ઉંચા કરી લે છે, એ જોવા કે માથાપર પાણી કેટલું ઉંચું છે. દહ–હ્રદનો વ્યત્યય. ગવેસઇ–સં. ગવેષયતિ. ધણ, નાઇ માટે જુઓ ઉપર નં. ૧ તથા ૫.

(૧૭૦) પેક્ખેવિણુ મુહુ જિણુવર હો, દીહર–નયણ સલોણુ,
નાવઇ ગુરૂ–મચ્છર–ભરિઉ, જલણિ પવીસઈ લોણુ.

—જિનવરનું સલોણું દીર્ઘનયન પેખીને–જોઇને જાણે ગુરૂ–ભારે

મત્સરથી ભરેલું લોણુ-લવણુ (લાવણ્ય બીજો અર્થ) જવલન એટલે આગમાં પ્રવેશે છે. એટલું સુંદર મુખ છે કે લાવણ્ય મત્સરથી પૂર્ણ બની આગમાં કુદી પડે છે. સુંદરતાપર નજર ન લાગી જાય એ માટે 'રાઈ મીઠું' આગમાં નાંખે છે. લોણુ, નાવઇ-જુઓ નં. ૧૧૫ અને ૫.

(૧૭૧) ચમ્પય-કુસુમહો મજ્ઝિ સહિ ભસલુ પઇટ્ઠઉ,
સોહઈ ઇન્દનીલુ જણિ કણઈ બઇટ્ઠઉ.
—ચંપકકુસુમે મુજ સખિ ભમરો પેઠો,
સોહે ઈન્દ્રનીલ જાણે કનકે બેઠો.

(૧૭૨) અબ્ભા લગ્ગા ડુંગરિહિં, પહિઉ રડન્તઉ જાઇ,
જો એહા ગિરિ-ગિલણ-મણુ, સો કિં ધણહે ધણાઇ.

—ડુંગરપર અભ્ર-મેઘ, લાગેલા (છે), પથિક રટતો-રડતો જાય છે કે જે (મેઘ) આવો ગિરિને ગાળવાના મનવાળો છે તે શું નાયિકાનું ધણીપણું કરશે ?-બચાવશે ?-પહાડોપર મેઘ જોઈ વિયોગી વિચારે છે કે તે મેઘ પહાડોને ગાળે છે તેથી પોકારી ઉઠે છે કે જેનો આવો સ્વભાવ છે તે બીચારી વિયોગિનીને કંઇ છોડશે ?

અબ્ભા-અભ્ર; રડન્તઉ-રડન્તો પંજાબી રડયાના=પુકારવું. ધણ-જુઓ ઉપર નં. ૧. ધણાઇ-દોધકવૃત્તિ 'ધનાનિ ઇચ્છતિ' એટલે ધન ચાહે છે ! ! એવો અર્થ કરે છે એ ઠીક નથી. ધણી એટલે ધની-સ્વામી, તે પરથી નામધાતુ ધણાઇ-ધણી થવું, ધણીપણું કરવું (આચારે ક્વિપ્) અર્થાત્ સ્વામિત્વ દેખાડવું, રક્ષા કરવી, બચાવવું. રાજસ્થાની ધણિયાપ એટલે ધણીપણું, સ્વામિત્વ. ગૂજરાતીમાં ધણી એટલે માલિક, તેપરથી ધણિયાણી-સ્વામિની, પરિણિત બૈરી; વળી ધણિયાતું-સ્વામિત્વવાળું વિશેષણ છે. સરખાવો ધણીજોગ હુંડી, ધણીધોરી, ધણીરણી.

(૧૭૩) પાઇ વિલગ્ગી અંત્રડી, સિરૂ લ્હસિઉ ખંધસ્સુ,
તોવિ કટારઇ હત્થડઉ, બલિ કિજ્જઉં કન્તસ્સુ.
—પગમાં અંત્ર-આંતરડું લાગ્યું-ચોંટી ગયું, શિર ખંધ-ખભાસાથે

લ્હસી પડયું, તો પણ હાથમાં કટારી. (આવા) કંથને બલિહારી જાઉં-વારી જાઉં. વીરતાની પરાકાષ્ઠા. લ્હસિઉ-લ્હસિયો (સં. હસિતં). ખન્ધસ્સુ-ખાંધનું-ખાંધપર, ખભાપર.

(૧૭૪) સિરિ ચડિઆ ખન્તિ પ્ફલઈં, પુણુ ડાલઈં મોડન્તિ,
તો વિ મહદ્દુમ સઉણાહં, અવરાહિઉ ન કરન્તિ.

—શિરપર ચડયા ચડયા ફલો થાય છે, વળી ડાળોને મોડે-તોડે છે, તો પણ મહાદ્રુમ-મહાવૃક્ષ શકુનો (પક્ષિઓ)ને અપરાધી કરતા નથી-દોષ દેતા નથી. મહાપુરૂષોની ક્ષમા. મોડન્તિ-સં. મોટયન્તિ, તોડવું ફોડવું. ' શકુનિયોને અપરાધ કરતા નથી ' એવો અર્થ દોધકવૃત્તિ કરે છે.

(૧૭૫) સીસિં સેહરૂ ખણુ વિણિમ્મવિદુ, ખણુ કંઠિ પાલંબુ કિદુ,
રદિએ વિહુદુ ખણુ મુંડમાલિએ જં પણુએણુ તં નમહુ,
કુસુમ-દામ-કોદંડુ કામહો.

—(આ ગદ્ય એના ઉદાહરણ માટે આપ્યું છે કે અપભ્રંશમાં પ્રાયઃ શૌરસેનીની પેઠે કાર્ય થાય છે. અને કંઈ ખંડ અથવા એક ગાથા એટલા માટે આપી છે કે અપભ્રંશમાં વ્યત્યય અને કોઇ પ્રયોગ સંસ્કૃત જેવા થાય છે. આ અવતરણોને અહીં આપવાનું કંઇ પ્રયોજન નથી.)

આ ગદ્યનો અર્થ એ છે કે-કામના કુસુમદામકોદંડ-ફુલરૂપી ધનુષ્યને નમન કરો. કેવું ફુલ-ધનુષ્ય ? તો કહે છે કે જેને રતિએ (પોતાના) શીર્ષપર ક્ષણ માટે શેખરરૂપ વિનિર્મિત કરેલ છે, ક્ષણભર કંઠમાં પ્રાલંબ (લાંબી માળા) કરી, ક્ષણભર મુંડમાલિકામાં પ્રયણથી વિહિત કર્યું તેવા. કામનું ફુલ-ધનુષ્ય કોઇ વખત રતિ પોતાનું સીસફુલ બનાવે છે, કોઇ વખત ગળે લટકાવે છે, કોઇ વખત મુંડ-માથાપર માલાની પેઠે પહેરે છે તેને પ્રણામ કરો. સેહરૂ-સં. શિખર. વિણિમ્મવિદુ-સં. વિનિર્માપિત. પણુએણુ-પ્રણયથી આને દોધકવૃત્તિ ' નમહુ ' નું વિશેષણ માને છે.

(૧૭૬) હેટ્ઠ–ટ્ઠિય–સૂર–નિવારણાય છત્તં અહો ઇવ વહન્તી,
જયઇ સસેસા વરાહ–સાસ–દૂરુક્ખુયા પુહવી.

—હેઠળ સ્થિત એટલે રહેલા સૂર્ય એટલે સૂર્યના આતપના નિવારણ માટે શેષસહિત વરાહના શ્વાસથી દૂરોત્ખાતા પૃથ્વી કે જે અધઃ એટલે નીચે છત્ર પેઠે વહન કરનારી છે તેનો જય થાઓ.

શ્રી હેમચંદ્રના વ્યાકરણના આ વિભાગમાં જે શબ્દ ઉદાહરણવત્ આપેલા છે તેનો ઉલ્લેખ અત્ર નિષ્પ્રયોજન છે.

આ રીતે પોતાના સમયથી પૂર્વની કૃતિઓમાંથી ઉદાહરણો અવતરેલાં તે અત્ર પૂર્ણ થાય છે. આ પરથી જણાય છે કે અપભ્રંશ શ્રી હેમચંદ્રના સમય પહેલાં સાહિત્યભાષા–શિષ્ટભાષા બની ગઈ હતી.

ઉપર અપાયેલાં ઉદાહરણોમાંના શબ્દોનો કોષ આપવામાં આવે તો વિશેષ યોગ્ય થાત, પણ અવકાશના અભાવે તેમ થઇ શક્યું નથી.

પ્રકરણ ૯ મું.

વાગ્ભટ્ટનું ભાષા સંબંધે વક્તવ્ય.

શ્રી હેમચંદ્રના સમયમાં વાગ્ભટ્ટ થયેલ છે કે જેણે વાગ્ભટ્ટાલંકાર નામનો અલંકાર પર ગ્રંથ રચેલ છે તેમાં ભાષાઓ સંબંધે બીજા પરિચ્છેદમાં જે જણાવેલું છે તે અત્ર આપવું યોગ્ય છે.

संस्कृतं प्राकृतं तस्यापभ्रंशो भूतभाषितं ।
इति भाषा श्चतस्रोऽपि यान्ति काव्यस्य कायताम् ॥१॥

—સંસ્કૃત, પ્રાકૃત, તેની અપભ્રંશ, અને ભૂતભાષા (પૈશાચી) એ ચારે ભાષા કાવ્યનું શરીર પ્રાપ્ત કરે રે. (એ ચારે ભાષા કાવ્યના શરીર પ્રાય છે.)

હવે તે ચાર ભાષાનું સ્પષ્ટીકરણ કરે છે;—

संस्कृतं स्वर्गिणां भाषा शब्दशास्त्रेषु निश्चिता ।
प्राकृतं तज्जतत्तुल्यदेश्यादिकमनेकधा ॥२॥

—દેવોની ભાષા સંસ્કૃત છે (અને તે) શબ્દશાસ્ત્ર–વ્યાકરણોમાં નિશ્ચિત થયેલી છે (સારી રીતે વ્યુત્પત્તિથી નિર્ણીત છે); પ્રાકૃત તદ્ભવ, તત્તુલ્ય–તત્સમ અને દેશ્ય આદિ અનેક પ્રકારની છે. (ટીકાકાર સિંહદેવગણિ આ ત્રણ–તદ્ભવ, તત્સમ અને દેશ્યનાં ઉદાહરણો આપે છેઃ–

તદ્ભવ–તે એટલે સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલ તે; જેમકેઃ—

સિરિ સિદ્ધરાઅ સચ્ચં, સાહસરસિક ત્તિ કિત્તણં તુજ્ઝ,
કહમણ્ણહા મણું મહ, પડન્તમઅણત્થમક્કમસિ.

આમાંના દરેક શબ્દ સંસ્કૃતમાંથી આવેલા છે ને નીચે પ્રમાણે મૂકી શકાય.

શ્રી સિદ્ધરાજ ! સત્યં સાહસરસિક ઇતિ કીર્ત્તનં તવ,
કથમન્યથા મનો મમ પતન્મદનાસ્ત્રમાક્રામસિ.

—હે શ્રી સિદ્ધરાજ (જયસિંહદેવ), તારૂં સાહસરસિક એવું કીર્ત્તન (પ્રસિદ્ધપણું) સત્ય છે; (કારણકે) નહિતો (અન્યથા) શામાટે મારૂં મન કે જ્યાં મદનનાં બાણો પડે છે તે આક્રમણ કરે ?

તત્સમ–તે એટલે સંસ્કૃતની તુલ્ય–સમાન. સમસંસ્કૃત. તેનું ઉદાહરણ 'સંસારદાવાનલદાહનીરં' ઇત્યાદિ સ્તુતિઓ છે. આમાં પ્રાકૃતમાં પણ સંસ્કૃત શબ્દો હોય છે, તે બીજી રીતે–બીજા રૂપમાં થતા નથી.

દેશ્ય—દેશમાં ઉત્પન્ન થયેલ તે, દેશી. જેમકેઃ—

'સત્તાવીસઞ્જોઅણ કરપસરો જાવ અજ્જવિ ન હોઇ,
પડિહત્થબિમ્બગહવઇવઅણે તા વજ્જ ઉજ્જાણં.

—આમાં 'સત્તાવીસઞ્જોઅણ' એ શબ્દ ચંદ્રના અર્થમાં દેશી છે, તેના કરપ્રસર એટલે કિરણનો પ્રસાર જ્યાંલગી અદ્યાપિ ન થાય ત્યાં સુધી હે 'પડિહત્થ' (દેશી શબ્દ સંપૂર્ણ એ અર્થમાં)–પૂરેપૂરા બિંબ–મંડલવાળા 'ગહવઇ' (દેશી શબ્દ ચંદ્રના અર્થમાં)–ચંદ્ર જેવા વદનવાળી ! ઉદ્યાનમાં જા.

'આદિ' આ શબ્દ ઉપરના બીજા શ્લોકમાં મૂકેલ છે તેમાં શૌરસેની અને માગધીમાં પ્રાકૃતથી થોડોજ ભેદ છે. શૌરસેનીમાં એમ થાય છે કે 'ઇદાનીં' (હમણાં) એ શબ્દમાં ઇનો લોપ થાય છે–' જં દાણીં દુવ્વલો અહયમ્' (જેમ હમણાં હું દુર્બલ છું); 'તદ્' એ શબ્દનો 'તા' થાય છે–' તા પહિ' 'નનુ' શબ્દનો 'ણુમ્' થાય છે–' ણું ભણામિ તુમં'; 'અમ્મહે' શબ્દ હર્ષમાં વપરાય છે–' અમ્મહે, એસો વલ્લહો જણો'; અને વિદૂષકોમાટે હર્ષમાં 'હી હી ભો,' એ શબ્દો વપરાય છે–' હી હી ભો, એસ નરૂ જમ્પઇ'–ઇત્યાદિ. માગધી ભાષામાં અકારાન્તના સૌનો એઃ થાય છે–' એસ વલ્લહે'; 'તથા અહં' એ શબ્દનો 'હગે' થાય છે–' હગે અગદા'. તિષ્ઠતિમાં તકારનો ચકાર થાય છે–' ચિટ્ટ તુમં' તથા રેફનો લ થાય છે અને ણકારનો ન થાય છે–જેમકે તરૂણને બદલે 'તલુન', રૂક્ષને બદલે 'લુકખં' ઇત્યાદિ. આવી રીતે અનેક પ્રકારે પ્રાકૃત જાણવું.

હવે વાગ્ભટ્ટ અપભ્રંશ ભાષા અને પૈશાચી ભાષા માટે કહે છે કેઃ–

अपभ्रंशस्तु यच्छुद्धं तत्तद्देशेषु भाषितं।
यद्भूतैरुच्यते किंचित्तद् भौतिकमिति स्मृतं ॥३॥

—અપભ્રંશ કે જે તે તે દેશોમાં (કર્ણાટપંચાલાદિમાં) શુદ્ધ (બીજી ભાષાથી અમિશ્રિત) બોલાય છે તે. (ટીકાકાર–આમાં ક્વચિત્ ર ન હોય તો પણ ર આવે છે જેમકે

'ચારૂદ તુહુ અઇમાં ડિ અઉદીસહ સવ્વ પહન્તુ
કહિમા કઇઅહં આવિસઈ અહ્નં કે રનુ કન્તુ'

(પૈશાચી)–જે ભૂતો–પિશાચોથી બોલાય છે તે ભૌતિક–પૈશાચિક કહેવાય છે. (ટીકા–આમાં દકારનો ત થાય છે, જેમકેઃ–' માલુતેવં તવં નમહ'–મારૂદેવ (દેવને) તું નમ; હૃદયના યકાર નો પકાર થાય છે, જેમકેઃ–' હિતપં પકેઇ'; ર નો લ થાય છે જેમકે શૈદ્રનો 'લુદ્દો' થાય છે ઇત્યાદિ.

વિભાગ ચોથો.

સોમપ્રભાચાર્યનો કુમારપાલ પ્રતિબોધ સં. ૧૨૪૧.

પ્રકરણ ૧ લું.

સોમપ્રભસૂરિ.

મેરૂતુંગાચાર્યે પ્રબંધચિંતામણિ ગ્રંથ સ. ૧૩૬૧ માં બનાવ્યો, તેમાં કોઈ કવિતા તેની પોતાની નથી. જૂની કવિતા કે જે તેણે ઉદ્ધૃત કરી છે તેનો નીચામાં નીચો (નિમ્નતમ) સમય તો તેનો સમય છે તે છે, ને ઉંચામાં ઉંચો (ઊર્ધ્વતમ) સમયનો નિર્ણય થતો નથી. તે કવિતા ઉદ્ધૃત અને વ્યાખ્યાન કરવામાં (આગળ) કરવામાં આવી છે. સં. ૧૨૪૧ ના આષાઢ શુદ અષ્ટમી રવિવારે અણહિલપટ્ટનમાં સોમપ્રભસૂરિએ જિનધર્મપ્રતિબોધ અર્થાત્ કુમારપાલ પ્રતિબોધની રચના કરી[૨૦] તેમાં જે પુરાણી ગૂજરાતી–હિન્દી–કવિતા છે તે અત્ર ચર્ચીશું.

સોમપ્રભસૂરિનો કુમારપાલ પ્રતિબોધ ગાયકવાડ ઓરિયેંટલ સિરીઝના ૧૪ મા નંબરમાં છપાયેલ છે. તેનું સંશોધન પુરાતત્ત્વ મંદિરના આચાર્યશ્રી જિનવિજયજીએ કર્યું છે. તેના પાંચ પ્રસ્તાવ છે અને તેમાં સર્વ મળી લગભગ આઠહજાર આઠસો શ્લોક છે.[૨૧] ગ્રંથ પ્રાકૃત, સંસ્કૃત

---

૨૦. शशि जलधिसूर्य वर्षे शुचिमासे रविदिने सिताष्टम्याम् ।
जिनधर्म प्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे ॥ पृ. ४७८.

૨૧. प्रस्तावपंचकेऽप्यत्राष्टौ सहस्राण्यनुष्टुभाम्
एकैकाक्षरसंख्याता न्यधिकान्यष्टभिः शतैः ॥ पृ. ४७८.

ને અપભ્રંશ ગદ્યપદ્યમય છે, કિંતુ ૩૨ અક્ષરનો એક અનુષ્ટુપ્ શ્લોક માની શ્લોકોમાં ગણના કરવાની જૂની પ્રથા છે. તેની એક પ્રતિ સં. ૧૪૫૮ ની તાડપત્ર પર લખેલી સંપૂર્ણ તથા એક તેનાથી જૂની વિના મિતિની ખંડિત મળી હતી ને તેના પરથી મુનિ જિનવિજયજીએ આ મહત્ત્વપૂર્ણ ગ્રંથનું સંપાદન કર્યું છે અને ભૂમિકામાં પણ કેટલીક બહુ ઉપયોગી વાતો બતાવી છે કે જેમાંથી આધાર લઇ કેટલુંક અત્ર જણાવવામાં આવે છે.

સોતપ્રભ આચાર્ય વૃદ્ધગચ્છની પટ્ટાવલિમાં શ્રી મહાવીર સ્વામીથી ૪૩ મા ગણવામાં આવે છે. તેમના શિષ્ય જગચ્ચંદ્રસૂરિએ તપાગચ્છની સ્થાપના કરી.[૨૨] સોમપ્રભાચાર્યના બનાવેલું સુમતિનાથ ચરિત્ર પ્રાકૃતમાં છે તેમાં પાંચમા જૈનતીર્થંકરની કથા અને પ્રસંગપર જૈનધર્મનો ઉપદેશ છે. તેની સંખ્યા સાડાનવહજાર ગ્રંથ (શ્લોક) છે. બીજો ગ્રંથ સૂક્ત મુક્તાવલી છે કે જે પ્રથમ શ્લોકના આરંભ શબ્દોથી 'સિંદુરપ્રકર' અથવા કવિના નામથી 'સોમશતક' પણ કહેવાય છે. તેમાં પણ સદાચાર અને જૈનધમનો ઉપદેશ છે. જે ગ્રંથ અતિ અદ્ભુત છે તે માત્ર એક શ્લોકનો છે; પરંતુ કવિએ આ એક શ્લોકના સો અર્થ કર્યા છે કે જે પરથી કવિનું નામ પણ 'શતાર્થી' પડયું છે. આ એકજ શ્લોકની વ્યાખ્યાના પ્રભાવથી ચોવીસે તીર્થંકર, કેટલાક જૈન આચાર્ય, શિવ-વિષ્ણુ આદિ અજૈન દેવોથી લઇને સ્વર્ણ, સમુદ્ર, સિંહ, હાથી, ઘોડા આદિનું વર્ણન કરે છે અને જૈનાચાર્યો નામે વાદિદેવસૂરિ, પ્રસિદ્ધ વૈયાકરણ હેમચંદ્ર, ગૂજરાતના ચાર ક્રમાગત સોલંકીરાજા—જયસિંહ (સિદ્ધરાજ), કુમારપાલ, અજયદેવ, મૂલરાજ,—કવિ સિદ્ધપાલ, સોમપ્રભના ગુરૂ અજિતદેવ અને વિજયસિંહ તથા સ્વયં કવિ સોમપ્રભનું વર્ણન કરીને પોતાના ૧૦૦ અર્થ પૂરા કરે છે. પદચ્છેદોથી સમાસોથી અને કાર્યોથી આ એક શ્લોકના ભાગવતના પહેલા શ્લોક 'જન્માદ્યસ્ત

૨૨. ક્લાટ ઇ. એન્ટિક્વરી વૉ, ૧૧ પૃ. ૨૫૪.

યતઃ 'ની પેઠે સો અર્થ કરવા તે પાંડિત્યની વાત છે.[૨૩] તેમનો ચોથો ગ્રંથ તે આ કુમારપાલપ્રતિબોધ છે. શતાર્થકાવ્યમાં કુમારપાલ સંબંધી વ્યાખ્યામાં બે શ્લોક 'યદવરેચામા' એટલે જેમ અમે (અન્યત્ર) કહ્યું છે એમ કહી જે લખ્યું છે તે તેના બીજા કાવ્યોમાં નથી, તેથી સંભવિત છે કે સોમપ્રભસૂરિએ બીજી પણ રચના કરી હોય. આ શતાર્થી કાવ્યની પ્રશસ્તિ પરથી જણાય છે કે સોમપ્રભ દીક્ષા લીધા પહેલાં પોરવાડ જાતિના વૈશ્ય હતા; પિતાનું નામ સર્વદેવ અને દાદાનું નામ જિનદેવ હતું, દાદા કોઈ રાજાના મંત્રી હતા.

સુમતિનાથચરિતની રચના કુમારપાલના રાજ્યકાલમાં થઈ. તે સમયે કવિ અણહિલપાટણમાં સિદ્ધરાજ જયસિંહના ધર્મ–ભાઇ પોરવાડ વૈશ્ય સુકવિ શ્રીપાલના પુત્ર, કુમારપાલના પ્રીતિપાત્ર, કવિ સિદ્ધપાલની પૌષધશાલામાં રહેતા હતા. શ્રીપાલનો ઉલ્લેખ પ્રબંધચિંતામણિમાં છે. આ શ્રીપાલ સોમપ્રભની આચાર્ય પરંપરામાં થયેલા ગુરૂ દેવસૂરિના શિષ્ય હતા અને સોમપ્રભના સતીર્થ્ય હેમચંદ્ર (પ્રસિદ્ધ વૈયાકરણથી ભિન્ન) ના બનાવેલા 'નાભેયનેમિ'–દ્વિસંધાન કાવ્યને તેણે સંશોધિત કર્યું હતું. તે કાવ્યની પ્રશસ્તિમાં શ્રીપાલને 'એક દિનમાં મહાપ્રબંધ બનાવનારા' કહેલ છે.[૨૪] કુમારપાલનુ મૃત્યુ સં. ૧૨૩૦ માં થયું–તેની પછી અજયદેવ રાજા થયો કે જેણે સં. ૧૨૩૪ સુધી રાજ્ય કર્યું. તેના

---

૨૩. આ શ્લોક તે એ છે કેઃ—

> कल्याणसारसवितानहरेक्षमोह
> कान्तारवारणसमान जयाद्यदेव ।
> धर्मार्थकामद महोदय धीर वीर–
> सोमप्रभावपरमागमसिद्धसूरे ॥

૨૪. સરખાવો વિ. સં. ૧૨૦૮ ની આનંદપુરની વપ્ર (વાવ)ની પ્રશસ્તિ (કાવ્યમાલા પ્રાચીન લેખમાલા નં. ૪૫) નો છલ્લો શ્લોકઃ—

एकाह निष्पन्नमहाप्रबंधः श्री सिद्धराज प्रतिपन्नबंधुः ।
श्रीपालनामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत् प्रशस्ताम् ॥

પછી મૂલરાજે બેજ વર્ષ રાજ્ય કર્યું. શતાર્થીકાવ્યમાં ત્યાં સુધીનો ઉલ્લેખ છે. આ માટે તે શ્લોક અને તેની સો વ્યાખ્યાઓની રચના સં. ૧૨૩૬ સુધી થઈ. કુમારપાલ પ્રતિબોધ સં. ૧૨૪૧ માં અર્થાત્ કુમારપાલના મરણ પછી અગ્યાર વર્ષે સંપૂર્ણ થયો. તે સમયે પણ કવિ ઉક્ત કવિ સિદ્ધપાલની વસતિમાં રહેતા હતા. ત્યાં રહી તે ગ્રંથ રચવાનું કારણ નેમિનાગના પુત્ર શ્રેષ્ઠિ અભયકુમારના પુત્ર હરિશ્ચંદ્ર આદિ અને કન્યા શ્રીદેવી આદિની પ્રીતિ અર્થે જણાવ્યું છે. સંભવતઃ હરિશ્ચંદ્રે આ ગ્રંથની કેટલીક પ્રતિઓ લખાવી, કિંતુ પ્રશસ્તિનો તે શ્લોક કે જેના આધારથી આ કહેવાયું છે તે ત્રુટિત છે. શેઠ અભય-કુમાર કુમારપાલના રાજ્યમાં ધર્મસ્થાનોના સર્વેશ્વર અર્થાત્ અધિકારી હતા. કુમારપાલ પ્રતિબોધની પ્રશસ્તિમાં સોમપ્રભસૂરિએ પોતાને બૃહદ્-ગચ્છ (વૃદ્ધગચ્છ, બડગચ્છ)ના આચાર્યોના ઉલ્લેખ યથાક્રમ આ રીતે કરેલ છે કેઃ—મુનિચંદ્રસૂરિ અને માનદેવ (બંને સાથે), અજિતદેવ-સૂરિ (સાથેજ દેવસૂરિ આદિ), વિજયસિંહસૂરિ, પછી સ્વયં સોમપ્રભ. આ ગ્રંથ રચાઇ ગયે હેમચંદ્રના શિષ્ય મહેંદ્ર મુનિરાજે વર્ધમાનગણિ[૨૫] અને ગુણચદ્રસૂરિ (પ્રબંધશત કર્તા મહાકવિ રામચંદ્રને નાટયદર્પણ નામનો ગ્રંથ લખવામાં સહાય આપનાર) ની સાથે આ ગ્રંથ શ્રવણ કર્યો. આ સર્વ વાતો લખ્યા પછી એ કહેવાની જરૂર નથી કે સોમ-પ્રભસૂરિએ સિદ્ધરાજ જયસિંહનો, કુમારપાળનો અને હેમચંદ્રનો સમય જોયો હતો.

---

૨૫. આ વર્ધમાન તે ગણરત્ન મહોદધિના સં. ૧૧૯૭ માં કર્ત્તા વર્ધમાનથી ભિન્ન છે. તે ગણરત્ન મહોદધિના કર્તા વર્ધમાન સિદ્ધરાજ જયસિંહને ત્યાં, સંભવતઃ હેમચંદ્ર પહેલા, હતા અને તેમણે સિદ્ધરાજ વર્ણન નામનું કાવ્ય પણ બનાવ્યું હતું. ૪૦ વર્ષથી ઓછી અવસ્થામાં ગણરત્નમહોદધિ જેવો ગ્રંથ કોઇપણ રચી શકે નહિ અને સં. ૧૨૪૧ માં તે ૮૪ વર્ષનો હોવો ઘટે. આ વર્ધમાન ગણિએ કુમારવિહાર પ્રશસ્તિ બનાવી છે.

પ્રકરણ ૨ જું.

કુમારપાલ પ્રતિબોધમાંનો ઇતિહાસ અને જૈનકથાઓ.

કુમારપાલ પ્રતિબોધમાં ઐતિહાસિક વિષય એટલો છે કે અણુહિલપુરમાં સોલંકીરાજા મૂલરાજની પછી ક્રમે ચામુંડરાજ, વલ્લભરાજ (જગઝંપણ), દુર્લભરાજ, ભીમરાજ, કર્ણદેવ અને (સિદ્ધરાજ) જયસિંહ થયા. છેલ્લાનું મરણ સંતાનરહિત થવાથી મંત્રીઓએ કુમારપાલ કે જે ભીમરાજના પુત્ર ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર અને તેથી જયસિંહનો ભત્રિજો હતો, તેને ગાદીપર બેસાડયો. તેને જે ધર્મજિજ્ઞાસા થઈ તે બ્રાહ્મણોના પશુવધમય યજ્ઞોના વર્ણનથી શાંત થઇ નહિ, ત્યારે બાહડ મંત્રીએ હેમચંદ્રનો પરિચય એ રીતે કરાવ્યો કે ગુરૂ દત્તસૂરિ હતા તેમણે 'ડિંડવાણાપુર' (વાગડ)ના રાજા યશોભદ્રને ઉપદેશ કર્યો, તેથી ત્યાં 'ચઉવીસ જિણાલય' નામનું મોટું જૈનમંદિર બંધાવ્યું અને પછી તે રાજાએ ગૃહસ્થાશ્રમ છોડયો ને દીક્ષા લીધી—તે યશોભદ્રસૂરિ થયા, ને ગિરનારપર સ્વર્ગસ્થ થયા. તેના પછી પ્રદ્યુમ્નસૂરિ (સ્થાનક પ્રકરણના કર્તા)—તેના ગુણસેનસૂરિ અને દેવચંદ્રસૂરિ અનુક્રમે થયા. દેવચંદ્રસૂરિને મોઢજાતિના વૈશ્ય ચાચ અને ચાહિનીના પુત્ર ચંગદેવ શિષ્ય થયા કે જે માતાપિતાની અનિચ્છા છતાં પણ પોતાના મામા સ્તંભતીર્થ (ખંભાત)વાસી નેમિના સમજાવવાથી દીક્ષિત થઇ સોમચંદ્ર મુનિ થયા. આ સોમચંદ્ર વિદ્વાન્ થઇ આચાર્ય હેમચંદ્ર થયા અને સિદ્ધરાજ જયસિંહને ત્યાં માન્ય થયા. ને તે રાજા જૈનધર્મમાં અનુરક્ત થયો. તેમના કહેવાથી સિદ્ધરાજે પાટણમાં રાયવિહાર (રાજવિહાર) અને સિદ્ધપુરમાં સિદ્ધવિહાર નામનાં જિનમંદિરો બંધાવ્યાં અને તેમણે 'નિઃશેષ શબ્દલક્ષણ નિધાન' સિદ્ધહૈમ વ્યાકરણ જયસિંહદેવના વચનથી બનાવ્યું, (પૃ. ૨૨). તેમના અમૃતોપમેય વાણીવિલાસને પૂછયા વગર—શ્રવણ કર્યા વગર જયસિંહને ક્ષણ-

ભરપણ તૃપ્તિ થતી નહોતી–વિશેષ સાંભળવાને ઇચ્છા થયાંજ કરતી હતી. જો આપ પણ યથાસ્થિત ધર્મસ્વરૂપ જાણવા ઇચ્છો તો તે મુનિવરથી પૂછી જાણો. બસ. હેમચંદ્રજી આવ્યા અને રાજાએ ઉપદેશ સાંભળ્યો. અહીં બાહડમંત્રી દ્વારા હેમચંદ્રજીનો પરિચય કરાવ્યાનો ઉલ્લેખ કેવલ 'પૂજાર્થ–માનાર્થ છે કારણ કે રાજા થયા પહેલાંની દુર્ગતિ અવસ્થામાં પણ કુમારપાળ હેમચંદ્રજીના કૃપાપાત્ર હતા, હેમાચાર્યે તેના પ્રાણ બચાવ્યા, રાજા થવાની ભવિષ્યવાણી કહી ઇત્યાદિ વાતો કેટલાય પ્રબંધોમાં પ્રકટ છે. અસ્તુ. હેમાચાર્યે એક એક ધર્મની વાત લઈ તેના પર કોઇ ઇતિહાસ યા કથા કહી, ને રાજાએ કહ્યું કે હું આ કરીશ અને આ તજીશ. પછી રાજાએ તે સંબંધમાં શું શું કર્યું તે પણ આ ગ્રંથમાં વર્ણવેલું છે. ગુરૂશિષ્ય સંવાદરૂપે કથાદ્વારા ધર્મ કહેવો એ સનાતન રીતિ છે. પુરાણોમાં '**अत्राप्युदाहरन्ती ममितिहासं पुरातनम्**'–'**हन्त ते कथयिष्यामि**' ની ધારા વહેતી જાય છે. જૈનસૂત્રોમાં, બૌદ્ધગ્રંથોમાં સર્વ જગ્યાએ છે. ઉપદેશની કથાઓ પણ સર્વ સાધારણ છે. મદ્યપાન નિંદામાં દ્વારકાદાહ અને યાદવોના નાશની કથા, દ્યૂતના વિષયમાં નલની કથા, (સુવર્ણ) ચોરી માટે વરૂણની કથા, તપસ્યામાં રૂક્મિણીની કથા આદિ તેજ છે કે જે હિંદુ પુરાણોમાં છે. વિશેષ જૈન ધર્મો ઉપર પ્રસિદ્ધ જૈન આખ્યાનોની કથાઓ છે. કેટલીક સ્થૂલિભદ્ર જેવી અર્ધ–ઐતિહાસિક કથાઓ પણ છે. પંચતંત્ર જેવી સિંહ વાઘની કથા પણ છે. કુલ ૫૭ કથાઓ છે કે જેમાં એક 'જીવ, મન અને ઈંદ્રિયોની વાતચીત' પૂર્વે જણાવેલા કવિ સિદ્ધપાલની બનાવેલી છે. આ સર્વમાં સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, કથાનક, અલંકારિક આદિ કેટલાક ચમત્કાર છે.

વધુમાં ગુલેરી મહાશય કહે છે કે જે કથાઓને 'હિંદુ કથાઓ' કહેવામાં આવે છે તેમાં કંઈ ભેદ છે. કૃષ્ણને અરિષ્ટ નેમિએ ઉપદેશ અને યદુવંશના નાશની ચેતવણી આપી હતી. દમયંતીની રક્ષા કોઇ જૈનસાધુના આશીર્વાદથી થઈ. રૂક્મિણીનું સૌભાગ્ય કોઇ જિન પ્રતિમાના

અર્ચનથી થયું ઇત્યાદિ જૈનોને ત્યાં રામાયણ મહાભારત પુરાણ પૃથક છે કે જેમાં કથાઓ ભિન્ન છે. જૈનોએ હિંદુઓની કથાઓ બદલાવી, પોતાના ધર્મની પ્રભાવના વધારવાને માટે તેનું રૂપાંતર કરી નાંખ્યું એમ કહેવું એ કંઈ સાહસની વાત છે. નદીનું જળ લાલ ભૂમિ પર વહેતું હોય તો લાલ થઇ જાય છે અને કાળી પર કાળું થાય છે. કથાઓ જૂની આર્યકથાઓ છે, જૈન, બૌદ્ધ, વૈદિક સર્વની સમાન સંપત્તિ છે. પુરાણોમાં પણ કથાઓમાં ભિન્નતા જોવાય છે. એકજ નિદિષ્ટ રાજાની પુત્રપ્રાપ્તિ એક સ્થળે એકાદશી વ્રતથી કહેવાઇ છે, ને બીજી જગાએ કોઇ જૂદા વ્રતથી. હિમવત્‌ની પુત્રી ઉમાએ શિવજેવો પતિ કોઇ કહે છે કે ઘોર યોગ અને તપસ્યાથી મેળવ્યો, કોઇ કહે છે કે **પિતા સાથે અસહયોગ કરીને** અર્થાત્ હરિતાલિકા વ્રતથી મેળવ્યો. જો બૌદ્ધોના દસરથ-જાતકમાં સીતા, રામની બહેન છે તો યજુર્વેદમાં અંબિકા રૂદ્રની સ્વસા (બહેન)[૨૬] છે. આ રીતે આ કથાઓનાં પાઠાંતરોનું સમજવું જોઇએ. હેમચંદ્ર બહુ દૂરદર્શી અને સર્વમિત્ર હતા. જિનમંડનરચિત કુમારપાલ

---

૨૬. કંઇક બંગાળી રામાયણો તથા કશ્મીરની કથાઓમાં રામાયણના આધારપરની એવી અદ્‌ભુત કથા છે કે સીતા રાવણની સ્ત્રી મંદોદરીની પુત્રી હતી નારદે લક્ષ્મીને શાપ દીધો હતો કે તું રાક્ષસીના ગર્ભમાં જન્મ લેજે. અહીં ગૃત્સમદ ઋષિની સ્ત્રીએ ઇચ્છા કરી કે મારા ગર્ભમાં લક્ષ્મી કન્યારૂપે ઉત્પન્ન થાઓ. ઋષિએ એક મંત્રિત કુશા આ માટે ઘડામાં રાખી. રાવણે જ્યારે ઋષિઓને સતાવી તેમનું લોહી લીધું તે આ ઘડામાં ભર્યું અને મંદોદરીને એવું કહીને તે સંભાળવા આપ્યો કે આ વિષથી પણ ભયંકર છે. રાવણે દેવકન્યાઓ સાથેના વિલાસ કરવાથી મંદોદરીને હૃદયમાં ઝાળ લાગી ને તેણીએ આત્મઘાત કરવા ઇચ્છયું અને આ 'વિષથી પણ ભયંકર' ઘટના રૂધિરનું પાન કર્યું. તેનો ગર્ભ રહી ગયો અને રાવણની અનુપસ્થિતિમાં આવું થયાની લજ્જાથી બચવા માટે તે સરસ્વતી તીરે ગર્ભને પાડી આવી. ત્યાં હળ ચલાવતા એવા જનકે તે ગર્ભ કન્યારૂપે પ્રાપ્ત કર્યો અને તેનું નામ સીતા રાખ્યું (ગ્રિયર્સન જ. રૉ. એ. સો. જુલાઈ ૧૯૨૧ પૃ. ૪૨૨-૪)

પ્રબંધ (સં. ૧૪૯૨) માંથી એ કથાઓ ઉધ્ધૃત કરી અત્ર બતાવવામાં આવે છે કે આ કથાઓપર તેમનો શું મત હતો. સિદ્ધરાજ જયસિંહ સાથે મળતાંજ તેમણે 'પુરાણોક્ત' સર્વદર્શનના વિસંવાદની એ કથા કહી કેઃ—શંખ નામના શેઠની સ્ત્રીએ શોકના દુઃખથી કોઇ બંગાળી જાદૂગરનું ઔષધ ખવરાવી પતિને બળદ બનાવી દીધો. પછી બહુ રોઇ પીટયું અને બળદ–પતિને જંગલમાં ચરાવવા લઇ જતી. શિવપાર્વતી ફરતાં ફરતાં ત્યાં આવ્યા. પાર્વતીએ કથા સાંભળી અને તેણીના અત્યાગ્રહથી શિવે બતાવ્યું કે આ વૃક્ષની છાયામાં પશુને પુરૂષ બનાવનારી ઔષધિ છે. સ્ત્રીએ આ વાત સાંભળી બધી છાયાને રેખાંકિત કરી તેની નીચેના સર્વ ઘાસ પાંદડાં બળદને ખવરાવ્યાં ને તે પુરૂષ થઈ ગયો. આ રીતે સર્વ ધર્મોની સેવા કરવાથી સત્ય ધર્મ મળી જાય છેઃ—દયા સત્ય આદિને માની સર્વ ધર્મોનું પાલન કરવું જોઇએ, ઘાસમાં જડી પણ મળી જાય છે. બીજી વાત એ છે કે બ્રાહ્મણોએ હેમચંદ્રપર એવો આક્ષેપ કર્યો કે પાંડવ આદિ અમારા હતા, જૈન જૂઠુંજ કહે છે કે તેઓ મુક્તિ માટે હિમાલય ગયા નથી ઇત્યાદિ. હેમચંદ્રજીએ કહ્યું કે "અમારા પૂર્વસૂરિઓના વર્ણનાનુસાર તેમની હિમાલયમાં મુક્તિ નથી થઇ, કિન્તુ એ જણાતું નથી કે અમારા શાસ્ત્રોમાં જે પાંડવ વર્ણવ્યા છે તે તેઓજ છે કે જેમનું વ્યાસે વર્ણન કર્યું છે કે બીજા; કારણ કે મહાભારતમાં ભીષ્મે પાંડવોને કહ્યું હતું કે મારો (દેહ) સંસ્કાર ત્યાં કરવો કે જયાં પહેલાં કોઇપણ બાળવામાં આવ્યું ન હોય. તેઓ તેનો દેહ પહાડના શિખરપર લઈ ગયા ને તે સ્થાન અસ્પર્શિત સમજી દાહ કરવાના હતા ત્યાં આકાશવાણી થઈ [૨૭] અહીં સો ભીષ્મ બળી ચૂકયા છે, ત્રણસો પાંડવ, હજાર દુર્યોધન, અને કર્ણોની તો ગણત્રીજ નહીં. આ ભારતની ઉક્તિમાંથી અમે કહીએ છીએ કે કોઇ પાંડવ જૈન પણ રહ્યા હશે."

---

૨૭. अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम्।
दुर्योधनसहस्रं तु कर्णसंख्या न विद्यते॥

—બસ આવા પ્રસંગોપર આપણે ત્યાં જે ગડબડ મટાડવાના મહાત્મ્ય છે-પછી ચાહે તે ઐતિહાસિક દૃષ્ટિએ તેમાં ઢીલાપણું કે કડક-પણું હોય—તે અહીં કામ આવે કે—**कल्पभेदेन व्याख्येयम्.**[૨૮]

પ્રકરણ ૩ જું.

કુમારપાલ પ્રતિબોધની રચના.

૨૧૧. સોમપ્રભની રચના મુખ્યતઃ પ્રાકૃતમાં છે. અંતમાં એક બે કથાઓ તદ્દન સંસ્કૃતમાં અને એકાદ અધિક અપભ્રંશમાં છે. આમ પ્રસંગ પ્રસંગપર વચમાં વચમાં સંસ્કૃત શ્લોક અને જૂની દેશીભાષાના દોહા પણ આવી ગયા છે. કિંતુ ગ્રંથ પ્રાકૃતનોજ છે. પ્રાકૃત બહુ સરસ, સ્ફીત અને શુદ્ધ છે, ક્યાંક ક્યાંક શ્લોક બહુ સારી રીતે લાવવામાં આવ્યા છે. એક સ્થળે પ્રાકૃત લખતાં લખતાં કવિ ગદ્યમાંજ તે સમયની હિંદી-ગૂજ-રાતી પર ઉતરી ગયો છે પરંતુ ઝટ તે સાવધાન થઇ ગયો છે:—

'ભો આયન્નહ મહ વયણુ, તણુ-લક્ખણિહિં મુણામિ
ઇહુ બાલક એયહ ઘરહ, કમિણ ભવિસ્સઇ સામી '

—ભો-અરે મારાં વચનો સાંભળો; તનુ-લક્ષણોથી જાણું છું (કે) આ બાળક આ ઘરનો ક્રમે સ્વામી થશે.

આયન્નહ મહ વયણુ—આમાં આયન્નહ પરથી અકનો એટલે સાંભળવું મારવાડીમાં વપરાય છે. તુલસીદાસજીના 'અવનિપ અકનિ રામ પગુ ધારે' એ પદમાં 'અકનિ' શબ્દ છે તેમાં ધાતુ અકન્=આકર્ણું—સાંભળવું, છે.

આવા ઐતિહાસિક વિકાસને ન માનનારા ભલે મહારાષ્ટ્રી પ્રાકૃત કહે પરંતુ આ દેશ ભાષા છે.

---

૨૮. એટલે ભિન્ન ભિન્ન કલ્પોમાં ભિન્ન ભિન્ન ઘટનાઓ થઈ એમ માની વ્યાખ્યા કરો. કલ્પનો અર્થ કલ્પના પણ થાય છે.

૨૧૨ કુમારપાલ પ્રતિબોધમાં જૂની દેશી કવિતા બે જાતની છે—એક તો તે સ્વયં સોમપ્રભની અને બીજી સિદ્ધપાલની રચેલી છે. તે હિંદીની ડિંગલ કવિતા સાથે ઘણી મળે છે અને તેનાં અવતરણ વધુ આપ્યાં નથી. તે પુસ્તક છપાઇ ગયું છે તેથી તેને ફરી પ્રકાશિત કરવાની જરૂર નથી રહેતી. આના જે નમુના આપ્યા છે તેના બે જુદા ભાગ પાડયા છે એટલે કે બીજા ભાગમાં (જુઓ પ્રકરણ ૫ માથી) આ બન્ને કવિઓની રચનાઓની કવિતાઓની સંખ્યા અને પૃષ્ટાંક આપી દીધાં છે અને કેટલાક ચુંટેલા નમુના છે. જ્યારે પ્રથમ ભાગમાં (પ્રકરણ ૪ થું) જૂની કવિતા એટલે કે સોમપ્રભથી જૂની કવિતાનો સંગ્રહ કર્યો છે અને તેને દરેક સ્થાનેથી ઉધ્ધરી લીધી છે. પ્રાકૃત રચનાંમાં ક્યાંક ક્યાંક આવા એક અર્ધા દોહા આવી ગયેલ છે. સોમપ્રભે ગ્રામોફોનની પેઠે હેમચંદ્રજીની ઉક્તિ લખી નથી. તેમણે તો કોઇ વિશેષ ધર્મના ઉપદેશાર્થે કોઇ જૂની લિશેષ કથા કે જે લોકમાં પ્રચલિત હતી તે હેમચંદ્રજીના મુખથી તેમજ પોતાના શબ્દોમાં કહેવરાવી છે. તે કથાઓ કર્ત્તાએ પોતે રચી નથી પણ તે સમયે દેશભાષા ગદ્યપદ્યમાં જે પ્રચલિત હશે તે પ્રચલિત અને પુંરાણી લીધી છે. નહિ તો એવું શું કારણ હોય કે બધી કથા પ્રાકૃતમાં કહીને તે કર્ત્તા કોઈ બીજશ્લોક અથવા કથાના સંગ્રહશ્લોક, અથવા નલે જે દમયંતીને કહ્યું તે, અથવા નલને શોધવા જનાર બ્રાહ્મણનો '**क्व नु त्वं कितव छित्वा**'ના ઢંગનો દોહો, પ્રાકૃતમાંજ ન કહેતાં અપભ્રંશમાં કહી રહેલ છે? જ્યાં તેણે ઇતિહાસ અથવા કુમારપાલનું ધર્મપાલન સ્વયં લખેલ છે ત્યાંતો તે કર્તા ગ્રંથની સમાપ્તિ નજીક બાર ભાવનાઓના વર્ણન સિવાય અપભ્રંશનો ઉપયોગ કરતા નથી. તે કર્ત્તા કથાઓને રોચક બતાવવા માટે તેને સામયિક અને સ્થાનિક રંગ આપવા માટે, અજ્ઞાત અને અપ્રસિદ્ધ કવિઓના દોહા કે જે સર્વ સાધારણ પ્રચલિત હતા તે વચમાં રાખ્યે ગયેલ છે. આ દોહા પૈકી કેટલાક હેમચંદ્રજીના વ્યાકરણના ઉદાહરણોમાં છે, કેટલાક પ્રબંધ ચિંતામણિમાં છે, કેટલાક જિનમંડનના કુમારપાલ પ્રબંધ સુધી પણ ચાલ્યા

આવ્યા છે. જે દોહા સં. ૧૧૯૯ (સિદ્ધરાજ જયસિંહની મૃત્યુ-સંપૂર્ણ હૈમ વ્યાકરણની રચનાનો સંભવિત અંતિમ સમય)માં મળે છે, જે સં. ૧૨૪૧ (સોમપ્રભના રચનાકાલ) સુધી મળે છે, જે સં. ૧૩૬૧ માં (પ્રબંધ ચિંતામણિના રચનાકાળ) ઉપલબ્ધ થાય છે, જે સં. ૧૪૯૨ (જિનમંડનના કુમારપાલ પ્રબંધનો રચના સંવત્) સુધી કથાઓમાં પરંપરાથી ચાલ્યા આવે છે-એટલે કે આવી રીતે જેની આયુ ત્રણસો વર્ષ છે તેની પેલી બાજુ સો સવાસો વર્ષના જૂના નહિ હોય ? આમાં કથાઓના બીજ શ્લોક છે, પ્રચલિત ઉક્તિઓ છે. નાયિકાઓનાં સ્નેહ વાક્યો છે, વિયોગીઓ અને વિયોગિનિઓના વિલાપ છે, કહેવતો છે, ઋતુ વર્ણન છે, સમસ્યા પૂર્તિઓ છે (કે જે પૈકી કોઇ અમુકની રાજસભામાંની જણાવે છે અને કોઈ બીજાની રાજસભામાંની)—અર્થાત્ એવી સામગ્રી છે કે જે અલિખિત દંતકથાઓમાં સુરક્ષિત રહે છે તથા સદા ને સર્વત્ર કથા કહેનારા દિલને પ્યારી છે.

૨૧૩. આજ પણ રાજપૂતાનામાં વાર્તા કહેનારા જ્યાં સુંદરીનું વર્ણન આવે છે ત્યાં વચમાં આ દોહા જોડી દે છેઃ—

કદ તૈં નાગ વિસાસિયા, નૈણ દિયા મૃગ ઝલ્લ,
ગોરી સરવર કદ ગઇ, હંસાં સીખણ હલ્લ.

—ક્યારે તેં નાગોને વિશ્વાસમાં લીધા (કે તે તારા કેશોના રૂપ થઇ ગયા ?), મૃગોએ તને નયન ક્યારે સોંપ્યા ? ગોરી ! હંસોની ચાલ શીખવા તું સરોવર ક્યારે ગઈ હતી ?

જ્યાં મિત્રતાનું વર્ણન આવે છે ત્યાં તેઓ આ દોહો ઘુસાડે છેઃ—
મો મન લગ્ગા તો મના, તો મન મો મન લગ્ગ,
દૂધ વિલગ્ગા પાણિયાં, (જિમિ) પાણિય દૂધ વિલગ્ગ.

—મારૂં મન તારા મનથી લાગ્યું ને તારૂં મન મારા મનથી લાગ્યું, જેમ દૂધ પાણીથી લાગ્યું અને પાણી દૂધથી લાગ્યું તેમ.

જ્યાં કોઇ વીરનારીનો પ્રસંગ આવ્યો કે તુરત આ દોહા આવશેઃ—

ઢોલ સુણંતાં મંગલી, મૂછાં ભૌંહ ચઢંત,
ચંવરી હી પહિચાણિયો. કંવરી મરણો કંત.
ઢોલ બજંતા હે સખી, પતિ આયો મોહિ લૈણ,
બાગાં ઢોલાં મૈં ચલી, પતિકો બદલો લૈણ.
મૈં પરણંતી પરકિઅયો, તોરણરી તણિયાંહ,
મો ચૂડલ્લો ઉતરસી, જદ ઉતરસી ધણિયાંહ.

—(વિવાહના સમયે) મંગળના ઢોલ સાંભળતાં (નાયકની) મૂછો ભવાં સુધી ચઢતી હતી તેથી (નાયિકાએ) ચોરી (વિવાહ મંડપ)માંજ કંથનું (યુદ્ધમાં) મરણ પિછાણી લીધું.

—હે સખી ! પતિ મને લેવા ઢોલ બજાવતો આવ્યો. હું પણ યુદ્ધનાં બાગ (વસ્ત્ર) સાથે (પહેરી) અંતે ઢોલ વાજતાં વાજતાં પતિનો બદલો લેવા ચાલી.

—મેં તોરણની તણ–છિદ્રમાંથી–તોરણની પાસે વિવાહ સમયે (નાયકની વીરતા જોઇ) પીછાની લીધું કે જ્યારે મારો ચૂડલો ઉતરશે (હું વિધવા થઇશ) ત્યારે ધણી(સ્ત્રી)ના ઉતરશે (તે ધણાને મારીને પછી મરશે.) આ દોહા જરૂર વારતા કહેનારાઓના રચેલા નથી પણ પ્રાચીન છે.

૨૧૪. વસ્તુતઃ આ ગાથાઓનું કુમારપાળ પ્રતિબોધમાં તે સ્થાન છે કે જે વિશેષ રાજાઓના યજ્ઞ અને દાનની પ્રશંસાની અભિયજ્ઞ ગાથાઓનું બ્રાહ્મણોમાં સ્થાન છે, ઐતરેય અને શતપથ બ્રાહ્મણમાં ઐંદ્ર મહાભિષેક અને અશ્વમેધ આદિના પ્રસંગ પર એવી નારાશંસી ગાથાઓ આપવામાં આવી છે કે જે અવશ્ય બ્રાહ્મણોની રચનાના સમયે લોકમાં પ્રચલિત હતી અને જેને '**तदेषा अभियज्ञगाथा गीयते**' એમ કહીને બ્રાહ્મણોમાં આવીજ રીતે ઉદ્ધૃત કરેલી છે.[૨૯] તે અથવા તેવીજ

૨૯ જુઓ ગુલેરી મહાશયે આવી કેટલીક ઐતિહાસિક ગાથાઓનો અનુવાદ 'મર્યાદા'ના રાજ્યાભિષેક અંકમાં કરેલો છે તે (મર્યાદા–ડીસેંબર ૧૯૧૧ જાનેવારી ૧૯૧૨). આવી ગાથાઓનો એક નમૂનો આ છેઃ—

કેટલીક ગાથાઓ મહાભારત આદિ પુરાણોમાં ઉદ્ધૃત કરેલી છે.[૩૦] આ પુરાણો અને બ્રાહ્મણોની પહેલાની ગાથાઓ પુરાણોના બીજસ્વરૂપ છે અને એવા પ્રસંગોપર તે ઉધ્ધૃત કરવામાં આવેલી છે કે જેમ સોમપ્રભની રચનામાં અપભ્રંશ કવિતા કરવામાં આવી છે. ભાષાવિચારથી જોઈએ તો જેમ બ્રાહ્મણોની રચનાથી આ ઉધ્ધૃત ગાથાઓમાં અધિક સરલતા છે, તેજ પ્રમાણેજ સોમપ્રભાચાર્યની કૃત્રિમ પ્રાકૃતના નવા ટંકશાલી સિક્કાઓથી આ ઘસાયેલા લોકપ્રચલિત સિક્કા અધિક પરિચિત અને પ્રિય માલૂમ પડે છે.

૨૧૫. કૃત્રિમ પ્રાકૃતની ચર્ચા થઈ તેથી તેની કેટલીક વાત પણ કરી લેવી જોઇએ. કોઇ એમ ન સમજે કે જેવી પ્રાકૃત પોથિઓમાં મળે છે તેવી કદિ યા કોઇ સ્થળની દેશભાષા હતી. મહારાષ્ટ્રી, માગધી અને

मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे ।
आविक्षितस्याग्निः क्षत्ता विश्वेदेवा सभासदः ॥
(शतपथ १३. ५. ४. ६.)

૩૦ જેમકે મહાભારતમાં શકુંતલાની દુષ્યન્ત સાથે વાતચીતઃ—

माता भस्त्रा पितुः पुत्रो यस्माज्जातः स एव सः ।
भरस्व पुत्रं दौष्यंतिं सत्यमाह शकुंतला ॥
रेतोधाः पुत्र उन्नयति नृदेव महतः क्षयात् ।
त्वं चास्य धाता गर्भस्य सत्यमाह शकुंतला ॥

અથવા કર્ણપર્વમાં શલ્ય અને કર્ણની વાતચીતમાં કેટલીક વિનોદાત્મક ગાથાઓ તથા જે કેટલીક "गाथामप्यत्र गायंति ये पुराणविदो जनाः" એમ કહીને ઉધ્ધૃત કરેલી છે—જેમકે વિષ્ણુપુરાણમાં—

शनैर्यात्यबला रम्या हेमंते चंद्रभूषिता ।
अलंकृता त्रिभि र्भावैस्त्रिशंकुग्रहमंडिता ॥

આવી ગાથાઓનો પૂરો તથા તુલનાત્મક સંગ્રહ ઘણો ઉપાદેય–ઉપયોગી નિવડશે.

શૌરસેની નામોથી તેઓને ત્યાંની દેશભાષા માનવી ન જોઇએ. સંસ્કૃતમાં નવાં જૂનાં નાટકોમાં ભિન્ન ભિન્ન પાત્રોના મોંમાંથી જે ભિન્ન ભિન્ન પ્રાકૃત કહેવરાવવાની પ્રથા છે, તેથી પણ એમ ન જાણવું કે તે સમયે તે જાતિ યા વર્ગ તેવી ભાષા બોલતા હતા. આ કેવલ સાહિત્યનો સંપ્રદાય છે કે અમુક પાસેથી અમુક ભાષા યા વિભાષા બોલાવવી જોઇએ. પ્રાકૃત પણ એક જાતની સંસ્કૃત જેવી રૂઢ કિતાબી-પુસ્તકની ભાષા થઈ ગઇ હતી. જૂનામાં જૂના પત્થર અને ધાતુ પરના લેખ સંસ્કૃતમાં નથી મળતા, તે પ્રાકૃત યા ગડબડી સંસ્કૃતના મળે છે. તે પ્રાકૃતને કોઈ દેશભેદમાં બાંધી ન શકાય. માગધીનું મુખ્ય લક્ષણ 'ર' ની જગાએ 'લ' અને અકારાંત શબ્દોના કર્તા કારકના એકવચનમાં સંસ્કૃત 'સ્' (:) યા શૌરસેની 'ઓ'ની જગાએ 'એ' નું આવવું એ ગિરનાર આદિ પશ્ચિમી લેખોમાં મળે છે અને મહારાષ્ટ્રીના કેટલાંક ચિન્હ પૂર્વતટના લેખોમાં મળે છે. શૌરસેનીનાં કેટલાંક માનેલાં લક્ષણ દક્ષિણની કન્હેરી આદિ ગુફાઓના અભિલેખોમાં મળે છે. સાહિત્યની ભાષા તો, વ્યાકરણના જ્ઞાન, રૂઢ પ્રયોગોનો થતો બદલો અને કવિસંપ્રદાયના પ્રભાવથી બદલાતી જાય છે; પુસ્તકોમાં પ્રાચીનભાષાની શૈલી સમયાનુસાર બદલતી રહે છે, પરંતુ પથ્થરની કોરેલી લીટી તે પથ્થરની કોરેલી લીટીજ રહે છે. જૂનામાં જૂના લેખ અનિર્વચનીય પ્રાકૃતમાં મળે છે, વળી પ્રૌઢ સંસ્કૃત આવે છે કે જેના આવવાથીજ લેખોનું પ્રાકૃત ગેબ થઈ જાય છે. અહીં સાહિત્યની પ્રાકૃતના ઉદયથી તાંબા પત્થરની પ્રાકૃત ગેબ થઇ જાય છે. અહીં સાહિત્યની પ્રાકૃત લેખોમાં કદિ પ્રાપ્ત થતી નથી અને લેખોની પ્રાકૃત, સાહિત્યમાં કદિ મળતી નથી. સાહિત્યની પ્રાકૃત લેખમાં કોરેલી મળે છે તો તે ભોજના કૂર્મશતક જેવા કાવ્યની મળે છે. લખેલી પ્રાકૃત સાહિત્યના જે એકત્રિત કરેલા નિયમ છે- ક્યાંક 'ન' તો ક્યાંક 'ણ', ક્યાંક 'ખ' નો 'ક્ખ' અને ક્યાંક 'ઘ', ક્યાંક 'ત, ગ'ની જગાએ 'ય' અને ક્યાંક 'અ'-સર્વનો ભંગ, સર્વનો વિકલ્પ શિલાલેખની પ્રાકૃતમાં મળી આવે છે. જ્યારે પ્રાકૃતોની માગધી, શૌર-

સેની, મહારાષ્ટ્રી આદિ દેશનામ રાખવામાં આવ્યાં ત્યારે તેમાં કંઇકતો તે દેશની પ્રાકૃતભાષાનો આશ્રય લેવામાં આવ્યો, કોઇ વિશેષલક્ષણ ત્યાંની ચાલુ બોલીનાં લેવામાં આવ્યાં, પરંતુ અશુદ્ધ સંસ્કૃતનાં પણ લેવામાં આવ્યાં. એમ માની શકાય કે મગધ, ઓડીસા (ઓરીસા), મદ્રા આદિના પૂર્વના લેખોની વિશેષતાઓ માગધીમાં, ગૂજરાત કાઠિયાવાડ કન્હેરી ગુફા આદિના પશ્ચિમના-દક્ષિણના લેખોની રીતિઓ મહારાષ્ટ્રીમાં, અને મધ્યદેશ અર્થાત મથુરા કુશનો તથા ક્ષત્રપોના સંસ્કૃત અને મિશ્ર લેખોની વાતો સંસ્કૃતપ્રાય શૌરસેનીમાં મળી જાય છે. પરંતુ એમ કહેવું કે સાતવાહન (હાલ)ની સપ્તશતી અને વાકપતિના ગૌડવહોની મહારાષ્ટ્રી મહારાષ્ટ્રની દેશભાષા હતી એ બરાબર નથી. વસ્તુતઃ શબ્દોનું બોધગમ્ય રૂપ અપભ્રંશ અને પૈશાચી આદિ "નીચી પ્રાકૃતો"માં અધિક રહી ગયેલ છે. ઉંચી પ્રાકૃતોમાં 'ર' ઉડી જઇ 'મૂર્ખ'નો પણ 'મુક્ખ' અને 'મોક્ષ'નો પણ 'મુક્ખ', 'ઉષ્ટ્ર'નો 'ઉટ્ઠ' થઇ જાય છે, પરંતુ અપભ્રંશ અને પૈશાચીમાં મૂરૂખ, અને ઉષ્ટ યા ઉષ્ટ્ર પણ જળવાઈ રહ્યા છે. પ્રાકૃત કવિતા વ્યાકરણની મદદથી સમાજના જેટલી લાયક થતી ગઇ, અથવા એમ કહી શકાય કે જેમ પહેલાં ગંગાપ્રવાહમાંથી સંસ્કૃતના નરૌનેના બાંધ બાંધી તૂટા ફુટા કિનારાની નહેર બનાવવામાં આવી હતી તેમ ફરીથી માગધી, શૌરસેની અને મહારાષ્ટ્રીની નહેરો જુદી કરવામાં આવી કે જેના કિનારા પણ **સંસ્કૃતની પ્રકૃતિની પેઠે** આડા અવળા કરવામાં આવ્યા, પરંતુ ભાષાપ્રવાહ,—સાચી ગંગા—અપભ્રશ અને જૂની હીંદી-ગૂજરાતીના રૂપમાં વહેતો ગયો. અપભ્રંશ પ્રવાહ કંઇ (અમુક સ્થળે) નહોતો—અપભ્રંશ (અમુક) એક દેશની ભાષા નહોતી, ક્યાંક ક્યાંક નહેરોનો પડોશ હોવાથી તેને નહેર એ નામથી ભલે કહો પરંતુ તે સમસ્ત દેશની ભાષા હતી કે જે **નહેરોની સમાનાંતર** વહેતી ચાલી જાતી હતી. વૈદિક ભાષા, સાચી સંસ્કૃત, સાચી પ્રાકૃત, અપભ્રંશ, જૂની હિંદી–ગૂજરાતી દેશની એકજ ભાષા રહી છે. પંડિતોની સંસ્કૃત, વૈયાકરણો યા નાટકોની પ્રાકૃત, મહારાષ્ટ્રી અથવા એવાજ

નામની અપભ્રંશ, પશ્ચિમી રાજસ્થાની યા જૂની ગૂજરાતી યા બંગલા, ગૂજરાતી આદિ સર્વે તેના Side-shows-આજુબાજુના ખેલ છે-નદની જૂદી જૂદી ભૂમિકાઓ છે.

૨૧૬. હેમાચાર્ય પ્રાકૃતને કઇ રીતે અર્થ કરે છે તે અગાઉ કહેવાઈ ગયું છે. માર્કંડેયના વ્યાકરણમાં પ્રાકૃતના આટલા ભેદ આપ્યા છે કેઃ—

૧ **ભાષા**—મહારાષ્ટ્રી, શૌરસેની, પ્રાચ્યા, આવંતી, માગધી, અર્દ્ધ-માગધી.

૨ **વિભાષા**—શાકારી, ચાંડાલી, આભીરી, ટાક્કી, ઔડ્રી, દ્રાવિડી.

૩ **અપભ્રંશ.**

૪ **પૈશાચી.**

આ વિભાગ પરિસંખ્યારૂપે માત્ર છે, તર્કાનુસાર વિભાગ નથી, નથી. કોઈ નામ દેશોપરથી અને કોઈ નામ જાતિઓ પરથી બન્યા છે. પ્રાચ્યા એ પૂર્વી બોલી છે કે જે શૂરસેન અને અવંતીની પ્રાકૃતોથી બનેલી કહેવાય છે. અવંતીની ભાષામાં એમ કહેવાય છે કે 'ર'નો લોપ થતો નથી અને લોકોક્તિ અને દેશભાષાના પ્રયોગ અધિક આવે છે. તો તે અપભ્રંશની બહેન જેવી થઇ. અવંતી (માલવા) મહારાષ્ટ્ર અને શૂરસેન એ બે દેશોની વચમાં જ છે. અર્ધ્ધમાગધી તો અહીં ગણાવી, પરંતુ ચૂલિકા પૈશાચી (નાની પૈશાચી) ગણાવી નહિ. શકારની કોઈ અલગ ભાષા નથી; જેમ નાટકનું કોઇ પાત્ર 'હૈ સો ને' અથવા 'જો હૈ શો' અધિક બોલતો હોય તો તેની બોલીમાં તે 'તકિયા-કલામ' અધિક આવશે, એવી બોલી શાકારી છે. ચંડાલ, શબર એ જાતિઓ છે. આભિર જાતિ પણ છે ને દેશ પણ છે. ટક્ક પંજાબનો દક્ષિણ-પશ્ચિમી ભાગ છે કે જેની ચર્ચા આવી ચૂકી છે અને જ્યાંની લિપિ ટાકરી કહેવાઇ. ઉડ એ ઉડીસા-ઓરીસા-ઉત્કલ છે; દ્રાવિડી દ્રવિડની અનાર્યભાષા તામિલ નહીં પરંતુ એક બાંધેલી અપભ્રંશ ભાષા છે. રાજશેખરે કર્પૂરમંજરીમાં કવિતામાં મહારાષ્ટ્રીનો અને ગદ્યમાં શૌરસેનીનો ઉપયોગ કર્યો છે. નાટકોમાં પાત્રાનુસાર ભાષાવિશેષનો પ્રયોગ દૈશિક તત્ત્વ ઉપર નથી તેમજ

જાતિક–જાતિના તત્ત્વપર પણ નથી; કેવલ રૂઢ સંપ્રદાય છે. વરરૂચિની મહારાષ્ટ્રી અને હેમચંદ્રજીની જૈન મહારાષ્ટ્રીમાં પણ બે મુખ્ય અંતર છે–વરરૂચિ કહે છે કે વર્ણનો લોપ થાય ત્યારે બે સ્વરોની વચમાં 'ય' હોતો નથી; જૈન 'ય' શ્રુતિ માને છે–જેમકે કવિતાની મહારાષ્ટ્રીમાં 'સરિત્'નો સરિઆ, જૈન મહારાષ્ટ્રીમાં ઇષિત્ સ્પષ્ટતર 'ય' શ્રુતિથી 'સરિયા' થાય છે. બીજું અંતર એ છે કે કવિતાની મહારાષ્ટ્રીમાં સંસ્કૃત 'ણ'નો સદા 'ન' થાય છે, જૈન બંને ખપમાં લગાડે છે, અને પદાદિમાં 'ણ' કદી પણ લાવતા નથી. સાહિત્યની પ્રાકૃતને જ્યારે જરૂર લાગી ત્યારે તેણે દેશી શબ્દ લીધા અને સંસ્કૃત પણ જ્યારે ઇચ્છા થાય ત્યારે તેને સુધારી સાફ કરી લીધાં કરે છે. સાહિત્યની પ્રાકૃતમાં આ પણ વાત છે કે પ્રત્યેક સંસ્કૃત શબ્દને તે પોતાનાજ નિયમોથી તત્સમ અથવા તદ્ભવ રૂપ બનાવી કામમાં લઈ શકતી નથી–જે શબ્દ આવી ગયા હોય તેનું વિવેચન તેના નિયમો કરે છે; તે નિયમોથી નવા શબ્દ બનાવી શકાતા નથી. હેમચંચંદ્રજી કહી ગયેલ છે કે (૮–૨–૧૭૪) "આ માટે કૃષ્ટ, ધૃષ્ટ, વાક્ય, વિદ્વસ્, વાચસ્પતિ, વિષ્ટર શ્રવસ્, પ્રચેતસ, પોક્ત, પ્રોત આદિ શબ્દોના અથવા જેના અંતે ક્વિપ્ આદિ પ્રત્યય હોય તેવા અગ્નિચિત્, સોમસુત્, સુગ્લ, સુમ્લ આદિ શબ્દોના કે જેનો પ્રયોગ પહેલાના કવિઓએ કર્યો નથી તેનો પ્રયોગ કરવો ન જોઇએ, કારણ કે તેમ કરવાથી પ્રતીતિમાં વિષમતા આવે છે, બીજા શબ્દોથીજ તેનો અર્થ કહેવાય–જેમકે કૃષ્ટને માટે કુશલ, વાચસ્પતિને માટે ગુરૂ, વિષ્ટરશ્રવા માટે હરિ ઇત્યાદિ."

૨૧૭. આગળ ઉદાહરણાંશ બે રીતે વહેંચ્યા છે. પહેલામાં સોમપ્રભાચાર્યની ઉધ્ધૃત કવિતા છે, બીજામાં તેની તથા સિધ્ધપાલની રચનાના નમૂના છે. વિસ્તારભયથી અર્થ આપવામાં એવી રીત રાખી છે કે પ્રત્યેક પદને મળતો ગૂજરાતી–હિંદી અર્થ ક્રમે આપ્યો છે, પછી સ્વતંત્ર અનુવાદ કર્યો નથી–તેને મેળવી બોલવાથી યા બોલતી વખતે મનમાં અન્વય કરવાથી અર્થ પ્રતીત થઇ જશે.

પ્રકરણ ૪ થું.

સોમપ્રભાચાર્યે અવતરેલ અપભ્રંશ ઉદાહરણો.

૨૧૮. અત્ર સોમપ્રભસૂરિએ પોતાના કુમારપાલ પ્રતિબોધ નામના ગ્રંથમાં જે જૂની ભાષા-અપભ્રંશનાં ઉદાહરણો ઉદ્ધૃત કર્યાં છે તે મૂક્યાં છે.

(૧.) માણી પણટ્ઠઈ જઈ ન તણુ, તો દેસડા ચઇજ્જ.
મા દુજ્જન કર પલ્લવિહિં, દંસિજ્જંતુ ભમિજ્જ.

—માન પ્રનષ્ટ થાય, જો, ન, શરીર, તો દેસડો (કુદેશ), તજીએ; મા-ન, દુર્જનના કર પલ્લવોથી, દેખાડાતા, ભમિયે.

—માન પ્રનષ્ટ થાય (તો શરીર તજવું જોઇએ), જો શરીર ન (તજાય) તો દેશને (તો અવશ્ય) તજી દેવો જોઇએ. પણ દુર્જનો પોતાની આંગળીઓથી ચીંધી આપણને બતાવે તેવી રીતે ભમવું ન જોઇએ.

પૂર્વાર્દ્ધનો આ અર્થ આથી પણ વધારે સુંદર છે. **જઈ ન તણુ**-દેહ ન જાય તો પણ માન જાય તો. **દેસડા**-દેખો પ્રબંધચિંતામણિના નં. ૧ માં સંદેસડો એ પર ટિપ્પણી. **ચઇજ્જ, ભમિજ્જ**-તજીજે, ભમીજે. દંસ-દેખાડવાના અર્થમાં પ્રાકૃત ધાતુ. (દૃશ્ ઉપરથી). પંજાબીમાં દસ્સ, જુઓ નં. ૪૬. આ દોહો હેમચંદ્રમાં પણ છે.

(૨.) એક મનુષ્ય યજ્ઞ માટે બકરાને લઇ જતો હતો અને બકરો રાડો પાડતો હતો. એક સાધુએ તેને એક દોહો કહ્યો એટલે બકરો છાનો રહી ગયો. સાધુએ સમજાવ્યું કે આ બકરો આ પુરૂષનો બાપ રૂદ્રશર્મા છે, તેણે આ તળાવ ખોદાવ્યું, પાળપર ઝાડ વાવ્યાં, પ્રતિવર્ષ અહીં બકરા મારવાનો યજ્ઞ આદર્યો. તે રૂદ્રશર્મા પાંચવાર બકરાની યોનિમાં જન્મ લઇ પોતાના પુત્રથી માર્યો ગયો છે. આ છઠો ભવ છે. બકરો પોતાની ભાષામાં કહી રહ્યો છે કે બેટા, માર નહિ, હું તારો બાપ છું. જો તેનો વિશ્વાસ ન પડે તો આ નિશાની બતાવું છું કે ઘરની અંદર તારાથી છૂપાવીને એક નિધાન દાટ્યો છે-તે બતાવી આપું.

મુનિના કહેવાથી બકરાએ ઘરમાં નિધાન બતાવી આપ્યો અને પછી બકરાને તથા તેના મનુષ્ય પુત્રને સ્વર્ગ મળ્યું.

ખડ્ડુ ખણાવિય સંઇ છગલ, સઈ આરોવિય રુક્ખ,
પઈ જિ પવત્તિય જન્ન સઈ, કિં બુબ્બુયહિ મુરુક્ખ.

—ખડ્ડુ એટલે ખાડો, ખણાવ્યો, સ્વયં, હે છાગલ-બકરા !, સ્વયં, આરોપિત કરેલો, રુંખ-ઝાડ પઈ એટલે તેં, જે, પ્રવત્તિત કરેલા, યજ્ઞ, સ્વયં, શું કામ-શા માટે, બેં બેં કરે છે, મૂર્ખ !

ખણાવિય—ખણાવ્યો-ખોદાવ્યો, **આરોવિય**-આરોપ્યો-વાવ્યો. **પઈ**-તેં-તેને માટે જુઓ હેમચંદ્રજી ૮-૪-૩૭૦. **બુબ્બુયહિ**-બેં બેં કરે છે.

(૩.) એક નગરમાં અશુભની શાંતિ પશુવધથી કરવામાં આવનારી હતી, ત્યારે દેવતાએ કહ્યું કે:

વસઇ કમલિ કલહંસિ જિંમ્બ, જીવદયા જસુ ચિત્તિ,
તસુ પય-પક્ખાલણ-જલિણ, હોસઇ અસિવ નિવિત્તિ.

—વસે છે, કમલમાં, કલહંસી, જેમ, જીવદયા, જેના, ચિત્તમાં, તેના પદ (પગ) પખાલવા (ધોવા)ના જલથી હોશે-થશે, અશિવ-અકલ્યાણની, નિવૃત્તિ. **હોસઇ**-હોશે દેખો નં. ૨૩.

(૪.) આભરણ-કિરણ-દિપ્પંત-દેહ, અહરીકિય-સુરબહુ-રૂપરેહ,
ઘણ-કુંકુમ-કદ્દમ ઘર-દુવારિ, ખુપ્પંત-ચલણ નચ્ચંતિ નારિ.

અર્થ સ્પષ્ટ છે **દિપ્પંત**-દીપ્યમાન-દીપતો **અહરીકિય**-અધરીકૃત, નીચી કરેલી-દેખાતી **રેહ**-રેખા, **ઘણકુંકુમ-કદ્દમ**-વિશેષણ આગળ વિભક્તિ નથી. **ઘરદુવારિ**-ઘરના દ્વારમાં અથવા બારણા ઉપર **ખુપ્પંત-ચલણ**-જેના પગ ખુંચી જાય છે (કાદવમાં) એવી નારિઓ.

(૫.) તીયહ તિન્નિ પિયારાઈ, કલિ કજ્જલ સિંદૂર
અન્નઇ તિન્નિ પિયારાઇં, દુધ્ધુ જમ્વાઇ ઉ તૂર

—સ્ત્રીઓના અથવા સ્ત્રીઓને, ત્રણ, પ્યારા (છે) કલિ-ઝઘડો, કાજળ, (અને) સિંદૂર. અન્ય (પણ), ત્રણ, પ્યારા (છે) દૂધ, જમાઇ અને વાજું. **તૂર**-તૂર્ય.

(૬). એક રાજા પોતાની રાણી સાથે પોતાની ગાદીનું ભવિષ્ય કરી રહ્યો છે કેઃ—

નરવઇ આણ જુ લંઘિહઇ, વસિ કરિહઇ જુ કરિંદુ,
હરિહઇ કુમરિ જુ કણગવઇ, હોસઇ ઇહિ સુ નરિંદુ.

—નરપતિ (ની) આણ, જે, ઉલ્લંઘે-ઓળંગે, વશ કરે જે કરીંદ્રને, હરિ જાય, કુમારી જે કનકવતીને, હોશે તેમાં તે નરેંદ્ર. અભયસિંહ કુમારે ત્રણે વાતો પૂરી કરી છે. અહીં 'આણ'ને સંસ્કૃત 'આજ્ઞા' સાથે સરખાવી છે અને તે જૈનમાં સર્વત્ર જોવામાં આવે છે. ગુલેરી મહાશય તેનો અર્થ શપથ કે દુહાઇ કરે છે જેમકે રાજપૂતાનામાં 'દરબારકી આન–' તુલસીદાસ રામાયણમાં નિષાદનું વાક્ય 'મોહિ રામ રાવરિ આન (રાવલી આન) દસરથ સપથ' ને વધુમાં જણાવે છે કે આગળ કથામાં સ્પષ્ટ થાય છે કે 'આન'નો અર્થ અહીં કાંઈ આજ્ઞા નથી. અરધી રાતે અભયસિંહ ચાલ્યો જતો હતો ત્યાં નગરી રક્ષકે અટકાવ્યો અને તે ન અટક્યો ત્યારે રાજાની 'આણ' દીધી. 'તારા બાપને રાજાની આણ દે' એમ કહી અભયસિંહ ચાલ્યો ગયો.[૩૧] આ કથામાં આગળ ચાલતાં એક અદ્ભુત રૂઢિ પ્રયોગ આવે છે. રાજકુમારી કનકવતીપર હાથીએ હુમલો કર્યો. તેણીના પરિજને બૂમ મારી કે 'છે કોઇ 'ચઉદ્દસીજાઓ' –ચતુર્દશીજાયો કે જે અમારી સ્વામિનીને આ કૃતાંત જેવા હાથીથી બચાવે?' અહીં ચૌદશજાયો–ચૌદશને દિને જન્મેલો ઘણો ભાગ્યવાન અથવા પરાક્રમીના અર્થમાં આવ્યો છે. જેમકે જેની છાતીપર વાળ હોય તે આ કામ કરે, જેણે માનું દૂધ પીધું છે, જે ઉજળી ચૌદશે જન્મ્યો છે,

(૭.) વસંતવર્ણન—

અહ કોઇલ–કુલ–રવ–મુહલુ, ભુવણિ વસંતુ પયટ્ટુ
ભટ્ટુ વ મયણ–મહા–નિવહ, પયડિઅ–વિજય–મરટ્ટુ

૩૧ नयरारक्खेण दिन्ना रन्नो आणा ॥ देसु निअपिउणो रन्नो आणंति भणंतो अभयसीहो वच्चइ. पृ. ३८.

—અથ કોયલ-કુલ-રવ-મુખર, ભુવને વસંત પેઠો
ભટ ઇવ મદન મહાનૃપના પ્રકટિત-વિજય-પુરૂષાર્થ,
મરટ્ટ—વીરતા-મરાકાપણું ?

(૮) સૂરૂ પલોઇવિ કંત-કર, ઉત્તર-દિસિ-આસત્તુ,
નીસાસુ વ દાહિણુ-દિસય, મલય-સમીર પવત્તુ.
—સૂર્ય (તે, ના ?) પ્રલોકી કાન્ત(ના)કર, ઉત્તર-દિશા-આસક્ત,
નિઃશ્વાસ ઇવ દક્ષિણદિશના મલયસમીર પ્રવૃત્ત (થયેલા).

આમાં કુમારસંભવના '**कुबेरगुप्तां दिशमुष्णरश्मौ, गन्तुं प्रवृत्ते समयं विलंघ्य । दिग्दक्षिणा गन्धवहं मुखेन व्यलीक-निःश्वासमिवोत्ससर्ज**' નો ભાવ છે, કર-માં શ્લેષ છે. પલોઇવિ-પ્રલોક્ય, જોઇને. વિભક્તિઓનો બરાબર અનુક્રમ ન જાળવ્યાથી આ શબ્દ વચમાં આવી ગયો છે અને સૂર તથા કંત દૂર પડી ગયા છે.

(૯) કાણણુ-સિરિ સોહઇ અરૂણુ-નવ-પલ્લવ-પરિણુદ્ધ,
નં રત્તંસુય-પાવરિય, મહુ-પિયયમ-સંબદ્ધ.

—કાનન-અરણ્યની શ્રી અરૂણ નવ પલ્લવોથી ઢંકાયેલી શોભેછે, જાણે રક્તાંશુક (લાલ વસ્ત્રો)થી ઢંકાયેલી મધુ (ચૈત્ર, વસંત) રૂપી પ્રિયતમથી સંબદ્ધ (હોય નહિ).

લાલ વસ્ત્ર ગૂજરાતી સ્ત્રીઓ પહેરે છે. તેને ' કસુંબો ' કહે છે. પાવરિય-પ્રાવૃત.

(૧૦) સહયારિહિ મંજરિ સહહિ, ભમર-સમૂહ-સણાહ
જાલાઉ વ મયણાનલહ, પસરિય-ધૂમ-પવાહ.
—સહકાર (આંબા)ની મંજરી સોહે છે ભ્રમર સમૂહથી સનાથ
જ્વાલાઓ ઇવ મદનાનલની પ્રસરિત-ધૂમ્ર-પ્રવાહ

અહીં સહહિના અર્થ સહે છે એમ થઈ શકતો નથી. સોહે છે એ અર્થ બેસે છે, સોમાંના 'ઓ'ની એક માત્રા માનવાથી કામ ચલાવ્યું છે. જુઓ નં. ૨૨, ૪૧

(૧૧) દમયંતીના વસ્ત્રપર નલ તેને તજતી વખતે પોતાના લોહીથી લખી ગયો હતો કે—

વડ-રૂકખહ દાહિણ-દિસિહિં, જાઇ વિદબ્ભહિ મગ્ગુ,
વામ-દિસિહિ પુણુ કોસલિહિ, જાહ રૂચ્ચઇ તહિં લગ્ગુ.
—વડ(ના) ઝાડની દક્ષિણ દિશામાં જાય (છે) વિદર્ભનો માર્ગ,
વામ દિશામાં પુનઃકોશલનો (માર્ગ), જ્યાં રૂચે ત્યાં લાગ.
જ્યાં ચાહે ત્યાં જા. જાહ-જહિં, જ્યાં. તહિં-ત્યાં.

(૧૨) કુશલ નામનો વિપ્ર (મહાભારતના નલોપાખ્યાનનો પર્ણાદ) ખુદ્દકને (ક્ષુદ્રક, મહાભારતનો વિકૃત નલ રૂપે બાહુક) જોઇને નીચેનો દોહો (દુહયં) ગાય છે.

નિટ્ઠુર નિક્કિવુ કાઉરિસુ, એકુજિ નલુ ન હુ ભંતિ,
મુક્કિવ મહાસઇ જેણુ વિણિ, નિસિ સુત્તી દમયંતિ.
—નિષ્ઠુર નિષ્કૃપ (કૃપારહિત) કાપુરૂષ એકજ નલ (છે) નથીજ ભ્રાંતિ (એ વાતમાં). મૂકી-છોડી મહાસતી જેણે વનમાં નિશામાં-રાત્રિમાં સૂતી દમયંતી.

મુક્કિ-મુક્તા, મહાસઇ-મહાસતી.

(૧૩) પરદાર ગમનના સંબંધે ઉજ્જયિનીના રાજા પ્રદ્યોતની કથા લખી છે, તેમાં પ્રસંગવશાત્ ઉદયન વત્સરાજ, વાસવદત્તા, યૌગંધરાધરાયણ આદિની કથાઓ પણ આવી છે કે જે બૌધ્ધ જાતકોમાં, બૃહત્કથા (કથા સરિત્સાગર) અને ભાસના નાટક પ્રતિજ્ઞાયૌગંધરાયણની કથાથી કંઇક ફેર છે, કિંતુ બે શ્લોક તે નાટકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. અસ્તુ. રાજગૃહના રાજા શ્રેણિકના પુત્ર અભયને પ્રદ્યોતે છલથી બાંધી પોતાને ત્યાં રાખેલો હતો. તેણે કંઇ ધ્યાન ખેંચે તેવાં કામ કર્યાં. પ્રદ્યોતે તેને 'વર' માગવા કહ્યું ત્યારે તેણે એવું ઉટપટાંગ-ગુંચવડીઓ વર માંગ્યો કે જેમાં અભિપ્રાય-સાર એ હતો કે મને અહીંથી વિદાય કરો.

નલગિરિ હત્થિહિંમિં ઢિતઈં, સિવદેવિહિ ઉચ્છંગિ,
અગ્ગિભીરૂ રહ દારૂઅહિ, અગ્ગિ દેહિ મહ અંગિ.

પ્રદ્યોતને ત્યાં નલગિરિ નામનો પ્રસિદ્ધ હાથી હતો; શિવા દેવી હતી, અગ્નિભીરૂ રથ હતો કે જે આગમાં બળતો નહોતો. અભય કહે છે કે નલગિરિ હાથીમાં (પર) બેઠાં બેઠાં શિવા દેવીના ખોળામાં અગ્નિભીરૂ રથનાં લાકડાંઓથી મારા અંગમાં આગ દે. ઉચ્છંગ–સં. ઉત્સંગ.

(૧૪) જાતી વખતે અભય બદલો લેવાની નીચેની પ્રતિજ્ઞા કરીને ગયો અને પછીથી આવી પરદાર–ગમન–રસિક પ્રદ્યોતને બે સ્ત્રીઓદ્વારા લલચાવી બાંધી લઇ ગયો.

કરિવિ પઇવુ સહસ્સકર, નગરી મજ્જિણ સામિ !
જઇ ન રડંતુ તઇ હરઉં (તઇ) અગ્ગિહિં પવિસામિ.

—હે સ્વામી ! સહસ્રકર–સૂર્યને પ્રદીપ કરી અર્થાત્ ધોળે દહાડે નગરીના મધ્યથી તને રડતો જો હું હરી ન જાઉં તો હું અગ્નિમાં પ્રવેશ કરૂં. રડંતુ–પંજાબી રડયાંદા, હિંદી રટતા.

(૧૫) વેસ વિસિટ્ઠહ વારિયઇ, જઇ વિ મણોહર–ગત્ત,
ગંગાજલ પક્ખાલિય વિ, સુણિહિ કિં હોઇ પવિત્ત.

—યદિ મનોહર ગાત્ર પણ (હોય) છતાં વેશ–વિશિષ્ટોને વારિયે–તેનાથી બચીયે. કુતરી ગંગાજલથી પ્રક્ષાલિત (હોય) છતાં પવિત્ર થાય ? વેસવિસિટ્ઠહ–વેશ–વિશિષ્ટા–સારા વેશવાળી–વેશ્યા; વેશનો અર્થ 'વેશ્યાઓનો વાડો' પણ થાય છે–આ અર્થમાં ' વેશ્યાના વાડામાં ઘુસી ગઇ ' જુઓ નીચેનું ઉદાહરણ નં. ૧૬ સુણિ–સં. શુની–કુતરી.

(૧૬) નયણિહિ રોયઇ મણિ હસઈ, જણુ જાણઇ સઉ તત્તુ,
વેશ વિસિટ્ઠહ તં કરઇ, જં કટ્ઠહ કરવત્તુ.

—જાણે સહુ તત્ત્વ જાણે (જાણતી હોય નહિ તેમ) નયનથી રૂએ, મનમાં હસે. વેશ–વિશિષ્ટા તે (તેમજ) કરે, જે (જેવી રીતે) કાષ્ઠની (કાષ્ઠને) કરવત.

ઉપરના બંને દોહામાં 'વેસ વિસિટ્ઠહ' જુદા જુદા પદ માનીએ તો પહેલામાં 'વેસ્યા વિશિષ્ટો' (સારા લોકો) થી વારતિ કરવામાં આવે છે, એ અર્થ થશે અને બીજામાં 'વેસ્યા વિશિષ્ટોના (=ને) તે કરે' ઇત્યાદિ થશે. કરવત્તુ=સં. કરપત્ર. હિં. કરૌતી, ગૂ૦ કરવત.

(૧૭) પિય હઉં થક્કિય સયલુ દિણુ, તુહ વિરહગ્ગિ કિલંત,
થોડઇ જલ જિમ મચ્છલિય, તલ્લોવિલ્લિ કરંત.

—પિયુ ! હું સકલ-આખો દિન તારા વિરહના અગ્નિમાં ઉકળતી રહી-(કેવી રીતે ?) જેમ માછલી થોડા જલમાં તડફડાટ કરે છે (તેમ). થક્કિય-થાકવું-રહેવું (બંગલા થાક્); તલ્લોવિલ્લિ-તલે ઉપરિ-ઉપર નીચે થવું તે-તડફડાટ.

(૧૮) મઈં જાણિયઉં પિય વિરહિયહ, ક વિ ધર હોઇ વિયાલિ,
નવરિ મયંકુ વિ તહ તવઇ, જહ દિણયરૂ ખયકાલિ.

—મેં જાણ્યું-પ્રિયના વિરહિતને કોઇપણ આધાર રાતમાં હોય, નવરિ-નહિં પરંતુ (તે જવાદો-તે દૂર રહ્યું-ઉલટું) મયંક પણ જેમ દિનકર પ્રલયકાલમાં (તપે) તેમ તપે છે. ધર-આધાર, આલંબન. વિયાલિ-વિકાલે. વિ=દ્વિ, બીજી વેળા અર્થાત્ રાત. મયંક-મૃગાંક-ચંદ્ર. ખયકાલ-ક્ષયકાલ-પ્રલય. નવરિ-આ દેશીના કંઇક યોગ્ય ભાવ પ્રાકૃતની સંસ્કૃત છાયા બનાવનાર લાવી શકતો નથી. તેનો ઉપર અર્થ આપ્યો છે. આ દોહો હેમચંદ્રજીના વ્યાકરણમાં પણ છે. જુઓ પૃ. ૧૪૯ નં. ૬૨.

(૧૯) અજ્જુ વિહાણઉં અજ્જુ દિણુ, અજ્જુ સુવાઉ પવત્તુ,
અજ્જુ ગલત્થિઉ સયલુ દુહુ, જં તુહું મહ ઘરિ પત્તુ.

—આજ વહાણું (પ્રભાત) થયું, આજ દિન, આજ સુવાયુ પ્રવૃત્ત થયો. આજ સકલ દુઃખ કે જે તને મારા ઘરમાં પ્રાપ્ત (થયું) તેને ગલહત્થો (દીધો)-કાઢી નાંખ્યું. વિહાણઉં-નામધાતુ. વિહાન્યો હિંદી વિહાન, ગૂજરાતી વહાણું, સં. વિભાત, વિભાન. ગલત્થિઉ-સં. ગલહસ્તિત-ગળામાં હાથ દઈ કાઢી મૂક્યું .(અર્દ્ધચંદ્ર દીધું, ગલહસ્તેન માધવઃ)

(૨૦) પડિવજ્જિવિ દય દેવ ગુરૂ, દેવિ સુપત્તિહિ દાણુ,
વિરઇવિ દીણજણુદ્ધરણુ, 'કરિ સફલઉં અપ્પાણુ.'

—ચોથા ચરણની સમસ્યા પૂર્ત્તિ છે. દયા, દેવ, અને ગુરૂ પ્રાપ્ત કરી, સુપાત્રોને દાન દઇ–આપી, દીનજનનું ઉદ્ધરણ કરી આત્માને–પોતાને સફલ કર. પડિવજ્જિવિ–સં. પ્રતિપદ્ય–અંગીકાર કરી. વિરઇવિ–સં. વિરચ્ય. અપ્પાણું–આત્માનં. તુલસીદાસે 'અપાન' વાપરેલ છે. પડિવજ્જિવિ, દેવિ, વિરઇવિ–પૂર્વકાલિક ક્રિયાઓ–ભૂતકૃદંત છે.

(૨૧) પુત્તુ જુ રંજઇ જણયમણુ, થી આરાહઇ કંતુ,
ભિચ્ચુ પસન્નુ કરઇ પહુ, 'ઇહુ ભલ્લિમ પજ્જંતુ.'

—સમસ્યાપૂર્ત્તિ. પુત્ર જો જનક એટલે પિતા (ના) મનનું રંજન કરે, સ્ત્રી કંથ(ને) આરાધે, ભૃત્ય પ્રભુ–સ્વામી(ને) પ્રસન્ન કરે તો એ (અથવા અહીં) ભલાઈ પ્રાપ્ત થાય છે. રંજઇ–સં. રંજયતિ–પ્રસન્ન કરે. આરાહઇ–આરાધના કરે. ઇહુ–આ અથવા અહીં. ભલ્લિમ–ભલાઈ (સં. નું ઇમનિચ્). પજ્જંતુ–હિંદી પાઈજતે હૈ, પાતે હૈ. ગુ. પામે છે; અથવા ઇહ ભલ્લિમ પજ્જંતુ–'આ ભલાઇની પર્યંત–સીમા છે' એ પણ અર્થ થઇ શકે છે.

(૨૨) મરગય વન્નહ પિયહ ઉરિ, પિય ચંપયપય દેહ, (સમસ્યા)
કસવટ્ટઇ દિન્નિય સહઇ, નાઈ સુવન્નહ રેહ. (પૂર્તિ)

—મરકત વર્ણના (શ્યામલ) પિયાના ઉરપર ચંપક (જેવી) પ્રભા (વાળા) દેહવાળી પ્રિયા કસોટી પર સુવર્ણની રેખા દીધી–આપી તે પેઠે–તે જેવી શોભે છે. શ્રી હેમચંદ્રના વ્યાકરણમાં આને ઘણી મળતી એક બીજી કવિતા છે તેનું વિવરણ જુઓ પૃ. ૧૨૮ નં. ૧ આ કઇ અવસ્થાનું વર્ણન છે તે કહેવાની જરૂર રહે છે? સહઇ–જુઓ ઉપર નં. ૧૦ અને ૪૧.

(૨૩) ચૂડઉ ચુન્ની હોઇસઇ મુદ્ધિ કવોલિ નિહિત્તુ, (સમસ્યા,)
સાસાનલિણુ ઝલક્કિયઉ, વાહસલિલ સંસિત્તુ. (પૂર્તિ)

—હે મુગ્ધે ! કપાલપર રાખેલો ચૂડો શ્વાસની અનલ—અગ્નિથી જ્વાલિત—બળેલો થઈ અને બાષ્પ (વરાળ)ના સલિલ એટલે જળથી સંસિક્ત એટલે સીંચાયેલા થઇને ચૂર્ણ (ચૂરેચૂરા) થશે. પહેલાં તો બળતો શ્વાસ ચૂડાને તપાવશે પછી તેનાપર આંસુ પડશે તો તે શું ચૂરેચૂરા નહિ થઇ જાય ? મુદ્ધિકવોલિ—એને સમાસ લઇએ તો મુગ્ધાના કપોલપર એવો અર્થ થાય. ચુન્ની હોઇસઈ—અભૂત તદ્ભાવનો 'ઇ' આમાં છે. મુદ્ધિ—જુઓ પ્ર૦ ચિં. ઉદાહરણમાં ' મુધિ ' (નં. ૮). ઝલક્રિયઉ—ઝલ—જ્વાલા જુઓ પ્ર. ચિં. (નં. ૬) ' ઝાળ '. આ દોહો હેમચંદ્રમાં પણ છે. જુઓ પૃ.

(૨૪) હઉં તુહ તુટ્ઠઉ નિચ્છઇણુ, મગ્ગિ મણિચ્છિઉ અજ્જુ,
તો ગોવાલિણુ વજ્જરિઉ, પહુ મહ વિયરહિ રજ્જુ.

—(દેવતાએ કહ્યું કે) હું તારાપર નિશ્ચયે તુષ્ટો (છું), આજ મનનું ઇચ્છ્યું માગ. ત્યારે ગોવાલણીએ કહ્યું ' પ્રભુ ! મને રાજ આપ. ' વજ્જરિઉ—દેશી. ઉચર્યું, કહ્યું. વિયરહિ—સં. વિતર (હિ). આ સોમપ્રભની પોતાનીજ રચના હોય એવો સંભવ છે, પરંતુ અધિક સંભવતો એ છે કે આ કહાણીનો સંગ્રહશ્લોક હોય.

(૨૫) એક કોહલ નામનો કબાડી—જંગલી હતો, તે લાકડાની કાવડ ખાંધપર લઇને ફરતો હતો. તેને સિંહલા નામની સ્ત્રી હતી. તેણીએ પતિને કહ્યું ' દેવાધિદેવ યુગાદિદેવની પૂજા કરો કે જેથી જન્માંતરનાં દારિદ્રય—દુઃખ આવે નહિ, પતિએ કહ્યું કે ' તું ધર્મ—ઘેલી થઈ છો. પરસેવક એવો હું શું કરી શકું તેમ છું ? ' ત્યારે સ્ત્રીએ નદીજલ અને ફૂલની પૂજા કરી. તેજ દિને તે વિષૂચિકા—મરડાથી મરી ગઇ અને જન્માંતરમાં રાજકન્યા અને રાજપત્ની થઇ. પોતાના નવા પતિ સાથે કોઇ દિવસ તેજ જિનમંદિરમાં આવી કે જ્યાં પૂર્વ પતિ દરિદ્ર કબાડીને જોઈ મૂર્છિત થઇ ગઈ. તે સમયે જાતિસ્મરણ થતાં તેણીએ નીચેનો દોહો કહ્યો. કબાડીએ સ્વીકાર કરી જન્માંતર કથાની પુષ્ટિ કરી.

અડવિહિ પત્તી નઇહિ જલુ, તો વિ ન વૂહા હત્થ,
અવ્વો તહ કવ્વાડિયહ, અજ્જ વિસજ્જિય વત્થ.

—અટવી (જંગલ)નાં પાંદડાં, નદીનું જળ (સુલભ હતાં) તો પણ (તેં) હાથ ન હલાવ્યા. હાય! તે કબાડીઆના વસ્ત્ર આજ વિસર્જિત છે (તન પર કપડા પણ નથી, અને હું રાણી થઈ ગઇ.) વૂહા—વ્યૂહિત કર્યા. અવ્વો—આશ્ચર્ય અને ખેદઅર્થે.

(૨૬) જે પરદાર—પરમ્મુહા, તે વુચ્ચહિં નરસીહ,
જે પરિરંભહિં પરરમણિ, તાહં ફુસિજ્જઈ લીહ.

—જે પરદારા(થી) પરાંગ્મુખ (છે) તે નરસિંહ કહેવાય છે. જે પરરમણિ(ને) આલિંગન કરે છે, તેની રેખા (સજ્જનોની હારથી) ફસકી જાય છે—મટી જાય છે—તે સજ્જનની પંગતમાં બેસી—રહી શકતો નથી. વુચ્ચહિ—સં. ઉચ્યતે. ફુસિજ્જઈ—મટી જાય છે. હિં૦ પોંછ દી જાતી હૈ. સંસ્કૃતમાં 'પોંછને' માટે ઉત્+પુંસ્ ધાતુનો કાશ્મીરી કવિઓએ પ્રયોગ કર્યો છે— વાપરેલ છે. લીહ—રેહ, રેખા.

(૨૭) એક વહૂ પશુપક્ષીની ભાષા જાણતી હતી. અર્ધી રાતે શિયાળને એવું કહેતાં સાંભળ્યું કે નદીનું મડદું આપી દે અને તેનાં ઘરેણાં લઇ લે, એટલે તે નદીપર તેમ કરવા ગઈ. પાછી આવતી હતી તે સસરાએ જોઇ લીધું. તેણે જાણ્યું કે તે અ—સતી છે. તે તેણીને પિયર પહોંચાડવા ગયો. માર્ગમાં કરીરના ઝાડની પાસે કૌઓ બોલવા લાગ્યો કે આ વૃક્ષના નીચે દશ લાખનો નિધિ છે, કાઢી લે અને મને દહીં સત્તુ ખવરાવ. પોતાની વિદ્યાથી દુઃખ પામેલી તેણી કહે છે કેઃ—

એક્કે દુન્નય જે કયા, તેહિં નીહરિય ઘરસ્સ,
બીજા દુન્નય જઇ કરઉં, તો ન મિલઉં પિયરસ્સ.

—જે એક દુર્નય કર્યો તેથી ઘરથી નિકળી—નિસરી, બીજો દુર્નય જો કરૂં તો પ્યારાથી (કદી પણ) ન મળું. ઘરસ્સ, પિયરસ્સ—સંસ્કૃત છઠી 'સ્ય'નો 'સ્સ' છે. પિયર—પ્રિયકર.

(૨૮) રૂક્મિણીહરણના સમયે કણ્હ (કાન્હ, કૃષ્ણ) રૂક્મિણીને કહે છે:—

અમ્હે થોડા રિઉ બહુય, ઇઉ કાયર ચિંતતિ,
મુદ્ધિ નિહાલહિ ગયણયલુ, કઇ ઉજ્જોઉ કરંતિ.

—આ હેમચંદ્રમાં પણ છે. જુઓ પૃ. ૧૪૫ નં. ૬૦ અમે થોડા (છીએ), રિપુ ઘણા છે એમ કાયર ચિંતવે છે. ભોળી! ગગનતલમાં જો, કેટલા ઉદ્યોત-પ્રકાશ કરે છે? ઘણા તારા છે તે કે એક ચંદ્રજ? અમ્હે—ગૂ૦ અમે, રાજસ્થાની મ્હે. ગૂજરાતીમાં કોઇ સાક્ષર 'હ', પણ અમ્હે એમ કરી વાપરે છે. મુદ્ધિ—મુગ્ધે! જુઓ નં. ૨૩. નિહાલહિ—આજ્ઞા, ઉપનિષદોનું નિભાલયતિ. ઉજ્જોઉ—ઉદ્યોત.

(૨૯) સો જિ વિયક્ખણુ અક્ખિયઇ, છજ્જઇ સોજ્જિ છઇલ્લુ,
ઉપ્પહ પટ્ઠિઓ પહિ ઠવઇ, ચિત્તુ જુ નેહ-ગહિલ્લુ.

—તે જ વિચક્ષણ કહેવાય છે, તેજ છેલ છાજે છે (શોભિત થાય છે) જે ઉત્પથ-પ્રસ્થિત (કુમાર્ગ પર ચાલતા) નેહઘેલા ચિત્તને પથપર ટકાવે છે. અક્ખિયઇ—આખવામાં આવે—આક્ખ્યા પરથી. પંજાબી આખના. કહેવામાં આવે. છજ્જઇ—છાજે. સોજ્જિ—સોઉ+જિ. તે જ. જિ—જી પાદપૂરણ છે. છઇલ્લુ—સં. છેક એટલે વિદગ્ધ, ચતુર. પ્રાકૃત કવિતામાં છઇલ્લનો અર્થ ચતુર છે. પંજાબીમાં છૈલ એટલે સારૂં. આ છઇલ તથા તે પરથી બનાવેલ પ્રેમી છૈલા (છબિલ, છબિલા)નો ભેદ તુલસીદાસે બતાવ્યો છે કે 'છરે છબીલે છૈલ સબ.' ઠવઇ—સ્થાપે સં. સ્થાપતિ. ગહિલ્લુ—સં. ગ્રહિલ, આગ્રહી, તેપરથી ઘેલું થયેલ છે. હઠીલું.

(૩૦) રિદ્ધિ વિહૂણઉ માણુસહ, ન કુણઇ કુવિ સમ્માણુ,
સઉણિહિ મુચ્ચહિ ફલરહિઉ, તરૂવર ઇત્થુ પમાણુ.

—રિદ્ધિ વિહૂણા માણસનું કોઈ પણ સંમાન કરતું નથી. શકુનિ. પક્ષીઓથી ફલરહિત તરૂવરને છોડાયછે (એ) અહીં પ્રમાણ છે.

રિદ્ધિ—સં. ઋદ્ધિ. વિહૂણુ—સં. વિહીન. નિશાના રૂપમાં ઇ અને

ઉની બદલીમાં–સરખાઓ જીર્ણ ઉપરથી જૂર્ણું અને તે પરથી જૂના. સઉણિ–સં. શકુનિ. ઇત્થુ–પ્રાકૃત એત્થ, સં. અત્ર, પંજાબી ઇત્થું.

(૩૧) જઇવિ હુ સૂરૂ સુરૂવુ વિઅક્ખણુ,
તહવિ ન સેવઇ લચ્છિ પઇક્ખણુ;
પુરિસ–ગુણાગુણ–મુણણુ–પરમ્મુહ,
મહિલહ બુદ્ધિ પયંપહિં જં બુહ.

—યદ્યપિ શૂર, સુરૂપ, વિચક્ષણ હોય તથાપિ લક્ષ્મી (તે મનુષ્યને) પ્રતિક્ષણ સેવતી નથી. (કારણકે) પુરૂષોના ગુણ અને અગુણના વિચારથી પરાઙ્મુખ, મહિલાઓની બુદ્ધિ હોય છે–જેથી બુધ કહે છે. મુણણ–વિચારવું–મનન- પયંપહિં–સં. પ્રજલ્પતે. જં–જેથી અથવા જેમ (યથા).

(૩૨) જેણ કુલક્કમુ લંઘિયઈ, અવજસુ પસરઇ લોઈ,
તં ગુરૂ–રિદ્ધિ–નિબંધણુ વિ, ન કુણઇ પંડિઓ કોઇ.

—જેનાથી કુલક્રમ ઉલંઘાય, (અને) અપજશ લોકમાં પ્રસરે, તે(ને) ગુરૂ એટલે બહુ સંપત્તિ ઉપજાવનાર (કામ) ને પણ કોઇ પંડિત કરતું નથી.

(૩૩) જં મણુ મૂઢહ માણુસહ, વંછઇ દુલ્લહ વત્થુ,
તં સસિ–મંડલ–ગહણુ કિહિં, ગયણિ પસારઇ હત્થુ.

—જો મૂઢ માણસનું મન દુર્લભ વસ્તુને વાંછે છે, તો શું શશિમંડલના ગ્રહણ કરવા માટે ગગનમાં હાથ પસારે છે?

(૩૪) રાવણુ જાયઉ જહિં દિયહિ, દહ મુહ એક્ક સરીરૂ,
ચિંતાવિય તઇયહિ જણણિ, કવણુ પિયાવઉં ખીરૂ.

—શંખપુરના રાજા પુરંદરને ત્યાં એક સરસ્વતી કુટુંબ આવ્યું. રાજાએ આ દોહાનું ચોથું ચરણ 'પુત્ર માતા'થી સમસ્યાની રીતે પૂછ્યું. તેણીએ પૂર્તિ કરી. પ્રબંધ ચિંતામણિમાં સરસ્વતી કુટુંબ ભોજને ત્યાં આવ્યું હતું; ત્યાં પણ આ સમસ્યા ગૃહપત્નીએ આજ રીતે પૂર્ણ કરી છે. આમાંથી એ ફલિત થાય છે કે આ દોહો જૂનો છે. કથાલેખક

આની રચના કોઇપણ રાજાની સભામાં ઠેસવી દે છે. હવે પછીના પ્રબંધ ચિંતામણિવાળા લેખમાં આનો તેમજ આગળના દોહાનો અર્થ આપેલ છે. જુઓ હવે પછી તેમાં નં. ૧૨.

રાવણુ, જાયો (જન્મ્યો), જે દિને દશમુખ એક-શરીર વાળો; ત્યારે ચિંતિત કરી, જનનીને ક(ને)-કયા મુખને ક્ષીર (દુધ) પીવરાવું ?

ચિંતાવિય-સં. ચિંતાપિતા (!) 'પ' નો 'વ' થાય છે.

૧-૪ ૫૦૭.

(૩૫) ઇઉ અચ્ચબ્ભુઉ દિટ્ઠુ મઇ, 'કંઠિ વ લુલ્લઇં કાઉ',

કોઇવિ વિરહ-કરાલિયહે, ઉડ્ડાવિયઉ વરાઉ.

(પુત્રની સ્ત્રીએ આ સમસ્યાપૂર્તિ કરી છે-આ દોહો હેમચંદ્રમાં પણ છે. આ અત્યદ્‌ભુત મેં દીઠું કે હું કંઠમાં શું લગાવું, કોઇપણ વિરહ-કરાલિતાએ વરાક (બીચારા-પતિ)ને ઉડાવી દીધો. ઇઉ=આ.

(૩૬) સીહુ દમેવિ જુ વાહિહઇ, ઇક્કુ વિ જિણિહઇ સત્તુ,

કુમરિ પિયંકરિ દેવિ તસુ અપ્પહુ, રજ્જુ સમત્તુ.

—ગજપુરના રાજા ખેમંકરને સુતારા દેવીથી એક કન્યા ઉત્પન્ન થઇ, રાજા અને રાણી મરી ગયા પછી મંત્રિઓએ તેણીને પિયંકર એ નામ આપી પુરૂષ હોય તેમ ગાદીપર બેસાડી, પછી કુલદેવી અચ્યુતાની પૂજા કરીને પૂછ્યું કે આનો પતિ કોને કરવો ? દેવીએ ઉત્તર આપ્યો કે-સિંહને દમન કરીને જે વાહે-સવારી કરે, એકલો પણ શત્રુઓને જીતશે, તેને કુમારી પ્રિયંકરીને રાજ સમસ્ત અર્પણ કરો. આવોજ પતિ મળી ગયો ને વાર્તા વાર્તાની પેઠે ચાલી આવી.

પ્રકરણ ૫ મું.

સોમપ્રભ અને સિદ્ધપાલે રચેલી કવિતા.

૨૧૯—હવે સોમપ્રભસૂરિ અને સિદ્ધપાલ કવિની રચેલી કવિતાના નમુના આપીએ છીએ.

(૧) કુમારપાલ પ્રતિબોધ (ગાયકવાડ સંસ્કૃત સિરીઝ પૃ૪ ૭૭.) એક છંદઃ-

(૩૭) કુલુ કલંકિઉ મલિઉ માહપ્પુ
મલિણીકય સયણુમુહ
દિન્નુ હત્થુ નિયગુણુ કડપ્પહ
જગુ જઝંપિયો અવજસિણ
વસિણુ વિહિય સન્નિહિય અપ્પહ ।
દૂરહ વારિઉ ભંદુ તિણિ, ઢક્કિઉ સુગઇદુવારૂ,
ઉભયભવુબ્ભડદુક્ખકરૂ, કામિઉ જિણુ પરદારૂ.

આ સાત પદવાળો-સપ્તપદ છંદ તે સમયની રચનામાં બહુ મળે છે. અંતના બે પદ દોહાના છે. પરદાર ગમનની નિંદા કરતાં કવિ કહે છે કે-કુલ, કલંકિત (કર્યું) માહાત્મ્ય (ધૂળ !) મેળવ્યું. સજ્જનોનાં મુખ મલિન કર્યાં, નિજ ગુણસમુહને હાથ દીધો (ધક્કો દઇ બહાર કાઢ્યો), જગને અપજશથી ઝંપ્યું (ગલહત્થો દીધો-ઢાંકી દીધું), વ્યસનથી વિહિત-કરેલા પોતાને સન્નિહિત કર્યો. દૂરથી ભદ્ર-કલ્યાણને વાર્યું, સુગતિના દ્વાર ઢાંકી દીધાં, બંને ભવ (આ ભવ અને પરભવ)માં ઉદ્‌ભટ દુઃખોની કરનારી પરદારાને જેણે કામિત કરી (ચાહી) તેણે.

સયણુ-સજ્જન, મિત્ર હિંદી સાજન. દિન્નુ હત્થુ-હાથ દીધો, ગલહસ્ત કર્યો, અર્ધચંદ્ર આપ્યો, બહાર કાઢી મૂક્યો. જુઓ ઉપર નં. ૧૯. કડપ્પ-? સમૂહ. ઝંપ=ધૂમવું, ઢાંકવું યા જીતવું.

આને મળતો એક શ્લોક સોમપ્રભનીજ સૂક્તિમુક્તાવલી (સિંદૂર પ્રકરણ-સ્તોત્ર)માં છેઃ—

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चकं
चारित्र्यस्य जलांजलि र्गुणगणारामस्य दावानलः ।
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः
शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिंतामणिः ॥

—કાવ્યમાલા ગુચ્છક ૭ પૃ. ૩૭.

(૨) પૃ. ૩૧૧, કુલ ૧૪ છંદમાં બાર ભાવનાઓ છે તેમાંથી ત્રણ નમૂના.

(૩૮) પિઇ માય ભાય સુકલત્તુ પુત્તુ
પહુ પરિયણુ મિત્તુ સણેહજુત્તુ ।
પહવંતુ ન રક્ખઇ કોવિ મરણુ
વિણુ ધમ્મહ કોવિ મરણુ
વિણુ ધમ્મહ અન્નુ ન અત્થિ સરણુ ॥

(૩૯) રાયા વિ રંકુ સયણો વિ સત્તુ
જણુઓ વિ તણુઉ જણુણિ વિ કલત્તુ ।
ઇહ હોઈ નડ વ્વ કુકમ્મવંતુ
સંસારરંગિ બહુરૂવુ જંતુ. ॥

(૪૦) એકલ્લઉ પાવઇ જીવુ જમ્મુ
એકલ્લઉ મરઈ વિઢત કમ્મ ।
એકલ્લઉ પરભવિ સહઇ દુક્ખુ
એકલ્લઉ ધમ્મિણ લહઇ મુક્ખુ ॥

આમાં અર્થ સ્પષ્ટ છે. કઠિન શબ્દોના અર્થ આ પ્રમાણે છે:– પિઇ–પિતા. સુકલત્તુ–સુકલત્ર.(સારી સ્ત્રી), પહુ–પ્રભુ, પરિયણુ–પરિજન. સણેહજુત્તુ–સ્નેહયુક્ત. પહવંતુ–સં. પ્રભવન. સમર્થ હોવા છતાં. રક્ખઈ–સં. રક્ષતિ–રક્ષા કરે છે–બચાવે છે. ધમ્મહ–ધર્મના. અન્નુ–અન્ય. અત્થિ–છે. રાયા–રાજા. સયણો–સજ્જન–સાજન. સત્તુ–શત્રુ. જણુઓ–જનક, પિતા. તણુઉ–તનય–પુત્ર. નડવ્વ–નટ ઇવ–નટની પેઠે. રંગિ–રંગ ઉપર–નાટક ભૂમિપર. બહુરૂપુ–બહુરૂપી. એકલ્લઉ–એકલો. વિઢત–અર્જિત–કમાવેલાં. પરભવિ–પરલોકમાં. ધમ્મિણુ–ધર્મથી. મુક્ખુ–મોક્ષ.

(૩) પૃ. ૩૫૦–૫૧, વસંતવર્ણન છંદ પાંચ તેમાંથી એક નમૂનો.

(૪૧) જહિં રત્ત સહહિં કુસુમિય પલાસ નં ફુટ્ટઈ પહિયગણુ હિયયમાસ,
સયયારિહિ રેહહિ મંજરીઓ નં મયણુ જલણુ જાલાવલીઓ.

—જ્યાં કુસુમિત પલાસ રક્ત સોહે છે જાણે કે પથિકગણુ(ના) હૃદયનું માંસ ફુટે છે; સહકારો (આંબા)માં મંજરીઓ વિરાજે છે જાણે

કે મદન (રૂપી) જ્વલન (અગ્નિ) ની જ્વાલાવલિઓ. સહહિં-જુઓ નં. ૧૦ તથા ૨૨.

(૪) પૃષ્ટ ૧૭૮. ગ્રીષ્મવર્ણન છંદ ચાર તેમાંથી એક નમૂનો.

(૪૨) જહિં દુટ્ઠુ નરિંદુ વ સયલુ ભુવણુ, પરિપીડઇ તિવ્વ કરેહિં તવણુ,
જહિં દૂહવ મહિલય જણુ સમગ્ગ, સંતાવઇ સૂય સરીર લગ્ગુ.

—જ્યાં તવણુ-તપન-સૂર્ય તીવ્ર કરોથી-કિરણોથી દુષ્ટ નરેંદ્રની પેઠે સકલ ભુવનને પીડે છે, જ્યાં દુર્ભગ (વિયોગિની) મહિલા જન સમગ્રને સતાવે સૂર્ય (?) શરીરમાં લાગ્યા. કર-રાજના કર તેમજ કિરણ.

(૫) પૃષ્ટ ૪૨૩ થી ૪૩૭ પર જીવમનઃકરણ સંલાપ છે તેમાં છંદ ૧-૨, ૪-૨૭, ૨૯-૩૦, ૪૭, ૫૧-૫૨, ૫૪-૫૯, ૬૧, ૬૪-૬૫, ૬૭-૧૦૪ એ બધા અપભ્રંશમાં છે-બાકીના પ્રાકૃતમાં છે. કવિ સિદ્ધપાલે જીવ, મન અને ઇંદ્રિયોની વાતચીત રાજા કુમારપાલને સંભળાવી છે. દેહ નામના પટ્ટણ (નગર) માં આત્મા રાજા, બુદ્ધિ મહાદેવી, મન મહામંત્રી, અને ફરિસણ (સ્પર્શ) રસણ (રસ), ઘાણ (ઘ્રાણ), લોયણ (લોચન), સવણ (શ્રવણ) એ પાંચ પ્રધાન-એમ કથા ચાલે છે. તેમાંથી ત્રણ નમૂના આપીએ છીએઃ—

(૪૩) જં તિલુત્તમ-રૂવ-વક્ખિત્તુ
ખણુ બંભુ ચઉમુહુ હુઉ
ધરઇ ગોરિ અદ્ધંગિ સંકર
કંદપ્પપરવસુ ચલણુ
જં પિયાઇ પણમઇ પુરંદર
જં કેસવ નચ્ચાવિઉ, ગોઠંગણિ ગોવીહિં
ઇંદિયવગ્ગહ વિપ્ફુરિઓ, તં વન્નિયહ કઇહિં. ૬૧

—જે તિલોત્તમાના રૂપથી વ્યાક્ષિપ્ત-વ્યાકુલ થએલો બ્રહ્મા ચતુર્મુખ થયો, શંકર ગૌરીના અર્ધાંગમાં ધરે-ધારણ કરે, કંદર્પને પરવશ ચરણ જેના છે તે પુરંદર જે પ્રિયાને પ્રણમે, જે કેશવ ગોષ્ટના આંગણે ગોપીઓથી નચાવ્યો-આ ઇંદ્રિયવર્ગનાં વિસ્ફુરિત કવિયોથી વર્ણવાય છે.

(૪૪) વાલત્તણુ અસુઇ-વિલિત્ત-દેહુ
દુહકર દંસણુગ્ગમ કન્નવેહુ
ચિંતંતહ સવ્વવિવેય રહિઉ
મહ હિયઉં હોઇ ઉક્કંપસહિઉ ॥ ૮૫ ॥

—બાલકપણું, અશુચિ (પદાર્થોથી) વિલિપ્ત દેહ, દુઃખાકર દર્શન એટલે દાંતોનો ઉદ્‌ગમ-આવવું-નીકળવું, કર્ણવેધ, (આ સર્વને) ચિંતવતા સર્વવિવેક રહિત (એવું) મારૂં હૈયું ઉત્કંપ સહિત થાય છે.

(૪૫) ઇસા-વિસાય-ભય-મોહ-માય ।
મય-કોહ-લોહ-વમ્મહ-પમાય ॥
મહ સગ્ગગયસ્સ વિ પિટ્ઠિ લગ્ગ ।
વવહરય જેવ રિણિઅહ સમગ્ગ ॥ ૯૭ ॥

—ઇર્ષા, વિષાદ, ભય, મોહ, માયા, મદ, ક્રોધ, લોભ, મન્મથ, પ્રમાદ (જે સર્વે) મારા સ્વર્ગગતના પણ પીઠપર લાગેલા વ્યવહારી (લેણદાર) જેવી રીતે ઋણી (કરજદાર) ના સમગ્ર-સર્વ.

(૬) પૃષ્ઠ ૪૪૩-૪૬૧ પર સ્થૂલિભદ્ર કથા છે તેમાં ૧-૪, ૧-૧૪, ૨૩-૨૫, ૩૧-૩૨, ૩૪-૩૮, ૪૦-૪૫, ૪૬-૬૨, ૬૪-૬૬, ૬૮-૮૨, ૮૪, ૯૪, ૯૭-૯૮, ૧૦૦, ૧૦૧-૧૦૫ છંદો અપભ્રંશ છે; બીજા પ્રાકૃતમાં છે. પાડલિપુત્તના રાજા નવમા નંદનો મંત્રી સગડાલ (શકટાર) હતો, તેણે કોઇરીતે પોતાની શ્રુતધર કન્યાઓની સહાયતાથી વરરૂચિને નવી કવિતાઓ સંભળાવી નંદ પાસેથી ધન મેળવતો બંધ કર્યો હતો; વરરૂચિનું ગંગા પાસેથી દીનાર મેળવવાનું ચેટક, નંદનો સગડાલપર ક્રોધ, સગડાલના પુત્ર સિરિયે પિતાને મારવો, સિરિયના મોટાભાઇ સ્થૂલિભદ્રનો કોશા નામની વેશ્યા સાથે પ્રેમ, સ્થૂલિભદ્રનું શ્રમણ થવું, તે શ્રમણનું કોશાને ત્યાં જઇ સંયમથી રહેવું, વગેરે વર્ણન ઘણું સુંદર છે. તેમાંથી ૬ નમુના લીધા છેઃ—

(૪૬) જસુ વયણુ વિણિજ્જિયઉ નં સસંકુ, અપ્પાણુ નિસિહિ દંસઇ સસંકુ,

જસુ નયણુકંતિ જિય લજ્જભરિણુ, વણુવાસુ પવન્નય નાઇ હરિણુ. ૮

—જેના વદનથી વિનિર્જિત–જીતાયેલો જાણે શશાંક (ચંદ્ર) પોતાને નિશામાં–રાત્રિમાં સશંક દેખાડે છે, જેની નયનકાંતિ(થી) જિત–જીતાયેલો લજ્જાભરથી જાણે હરિણ વનવાસ પ્રપન્ન થાય છે–પામે છે–સેવે છે

(૪૭) નંદુ જંપઇ પઢઇ પરકવ્વ
કહ એસ વરરૂઇ સુકઇ
કહઇ મંતિ મહ ધૂય સત્ત વિ
એયાઇં કવ્વાઇં
પહુ પઢઇ બાલાઉ હુંત વિ
તત્થ તુમ્હ નરનાહ જઇ, મણિ વટ્ટઇ સંદેહુ ।
તાઉ પઢંતિય કોઉગેણ, તા તુમ્હેં નિસુણેહુ ॥ ૩૨ ॥

—નંદ કહે છે "પઢે–બોલે પરકાવ્ય કેવી રીતે આ વરરૂચિ સુકવિ ?" કહે છે મંત્રી 'મારી પુત્રીઓ સાતેય આ કાવ્યોને પ્રભુ ! બોલે છે, બાલા હોતી–હોવા છતાં પણ, ત્યાં તમો નરનાથને જો મનમાં વર્તે છે સંદેહ, તેઓને બોલતી કૌતુકથી તેમને તમે સાંભળો.'

કન્યાઓમાં પહેલી એકવાર સાંભળી, બીજી બેવાર એમ સાતમી સાતવાર સાંભળી શ્લોક કંઠસ્થ કરી લેતી હતી. વરરૂચિએ નવો શ્લોક બોલતાંજ પહેલી કંઠસ્થ કરીને બોલી જતી. આમ બે વાર સાંભળી બીજી બોલી જતી ઇત્યાદિ. પછી નંદે કુપિત થઇ વરરૂચિને કાઢી મૂક્યો.

(૪૮) ખિવિવિ સંઝિહિં સલિલ દીણાર
ગોસગ્ગિ સુરસરિ થુણઇ
હણઇ જંતસંચારુ પાઇણુ
ઉચ્છિલિવિ તે વિ વરરૂઇહિં
ચડહિં હત્થિ તેણુ ધાઇણુ
લોઉ પઇંપઇ વરરૂઇહિ, ગંગ પસન્નિય દેઇ ।
સુણિવિ નંદુ વુત્તંતુ ઇહુ, સયડાલસ્સ કહેઇ ॥ ૩૫ ॥

—ફેંકીને, સંધ્યાએ, જલમાં, દીનાર, સવારમાં, (વરરૂચિ) ગંગાને,

સ્તવે-સ્તુતિ કરે છે, (અને) હણે છે (દબાવે છે), યંત્ર સંચારને, પગથી, ઉછળીને, તે, પણ, વરરૂચિને, ચડે છે, હાથમાં, તેના, ઘાતથી; લોક, કહે છે (કે), વરરૂચિને, ગંગા, પ્રસન્ન થઇને, દે છે, જાણીને, નંદ, વૃત્તાંત, આ શકટાલને, કહે છે.

ખિવિવિ-સં. ક્ષિપ્. ખિવિવિ, ઉચ્છિલિવિ, મુણિવિ-ભૂતકૃદંત છે. ગોસગ્ગ-સં. ગોસર્ગ-સવાર. થુણઈ-સં. સ્તુ (સ્તુતિ કરવી). હુ (હોમ કરવો) ધાતુ 'નુ' વાળી અર્થાત્ પાંચમા ગણની પણ માનવી જોઇએ. પ્રાકૃત થુણઈ એટલે સ્તુતિ કરે છે. પુરાણો તથા પદ્ધતિઓમાં હુનેતુ અને હુનુયાત્ આવે છે. (તુલસીદાસના રામચરિતમાનસમાં, હુને અનલ મૅહ વાર બહુ). કૃનું કૃણોતિ વેદમાં તથા કુણઇ પ્રાકૃતમાં આવે છે. પઇપિઇ-સં. પ્રજલ્પ. પસન્નિય-સં. પ્રસન્નિના (!).

આ પછી શકટારે પઢાવેલા માણુસ મોકલી વરરૂચિને સાયંકાલે નદીમાં દીનાર રાખતા જોઇ લીધો. પોતે તે કઢાવી લીધી. સવારે નંદની સમક્ષ વરરૂચિએ ઘણી સ્તુતિ કરી અને યંત્ર ચલાવ્યું, પણ કંઇ ન મળ્યું.

(૪૯) કોશાએ વિચાર્યું કે શ્રમણ મારા અનુરાગમાં એટલો મગ્ન છે તો તેને સુમાર્ગમાં લગાવું. તેણીએ કહ્યું કે મને 'ધમ્મલાભુ' થી શું સર્યું, 'દમ્મુલાભુ' (દામ-લાભ) જોઇએ. તેણે પૂછ્યું 'કેટલા?' કોશાએ લાખ માંગ્યા.

તીઈ વુત્તઇ સો સનિવ્વેઉ
મા ખિજ્જસિ કિંચિ તુહું
ઝત્તિ વચ્ચ નેવાલમંડલુ
તહ દેઇ સાવઉ નિવઇ
લક્ખુ મુલ્લુ સાહુસ્સ કંબલુ
સો તહિં પત્તઉ દિટ્ઠુ નિવુ, દિન્નઈ કંબલ તેણ ।
તં ગોવિવ દંડય તલઇ, તો વાહુડિઉ જવેણ ॥ ૮૯ ॥

—તે (કોસા) ને, કહેવામાં આવ્યું, તે, સનિર્વેદ, મા, દુઃખી થા, કંઇપણ, તું, ઝટ, જા, નેપાલમંડલ, ત્યાં, દે-આપે, શ્રાવક, નૃપતિ,

લાખ(ના), મૂલ્યનું સાધુનું, કંબલ, તે, ત્યાં, પ્રાપ્ત થયેલ, દીઠો, નૃપ; આપ્યો કંબલ, તેણે; તેને, ગુપ્ત કરીને—ગોપવીને, દંડના, તળે, તે, પાછો ફર્યો, વેગથી.

વુત્ત—સં. ઉક્ત. વચ્ચ—સં. વ્રજ. વાહુડિઉ—સં. વ્યાઘુટિત.

માર્ગમાં ચોર મળ્યા, જેણે લાખ દીનારો મળવાના શકુન થયા હતા.

(૫૦) તો મુક્કઉ ગઈ દિન્નુ તિણુ, કંબલુ કોસહિ હત્થ ।
સો પેચ્છંતહ તીઈ તસુ, ખિત્તુ ખાલિ અપસત્થિ ॥ ૫૧ ॥

—ત્યારે, મુકયો-મુક્ત કર્યો (ચોરોએ), (તે) ગયો; દીધી તેને, કંબલ, કોશાના, હાથ(માં); તે, જોતાં સતિ, તેણે, તેને, ફેંકયો, ખાળમાં, અપ્રશસ્તમાં.

તિણુ—પંજાબી તિન્ની, પેચ્છંત—સં. પ્રેક્ષત્ ડિંગલ—પેખન્ત. ખાલા—ખાળ, ગંદા પાણીની મોરી.

(૫૧) સમણુ દુમ્મણુ ભણઇ તો એઉ
બહુમુલ્લુ કંબલરયણુ
કાસ કોસિ પઈ ખાલિ ખિત્તઉ
દેસંતરિ પરિભમેવિ
મઈ બહંત દુક્ખેણ પત્તઉ
કોસ ભણઈ મહાપુરિસ, તુહું કંબલુ સોએસિ
જં દુલ્લહુ સંજમ-ખણુ, હારિસ તં ન મુણેસિ ૯૨

—શ્રમણ, દુર્મન (થઇને), કહે છે, તો, 'આ, બહુમૂલ્ય, કંબલ-રત્ન, શામાટે, કોશા !, તેં, ખાળમાં, ફેંકયું, દેશાંતરમાં, પરિભ્રમણ કરી, મેં, મહા, દુઃખથી, પ્રાપ્ત કર્યું." કોશા કહે છે 'મહાપુરુષ ! તું, કંબલ(નો) મોટો વિચાર કરે છે, જે, દુર્લભ, સંયમ(ની)ક્ષણ, હારી ગયો છું, તે, નહી જાણતો."

ખિત્તઉ, પત્તઉ—ખિત્તો, પત્તો, સં. ક્ષિપ્ત, પ્રાપ્ત. મુણ—જાણવું—જુઓ નં. ૩૫.

(૭) પૃષ્ઠ ૪૭૧-૭૨, આઠ છપ્પય માગધોએ ગાયા છે, કે જેને સાંભળી પ્રાતઃકાલે કુમારપાલ રાજા જાગતો હતો. તેમાંથી એક નમૂના તરીકે અહીં આપી તેનું વર્ત્તમાન ગુજરાતી અનુસાર અક્ષરાંતર કરવામાં આવેછે. એમ પહેલાં કહેવાઇ ગયું છે કે જૂની કવિતાથી સોમપ્રભની કવિતા ક્લિષ્ટ છે તથા તેના નમૂનાઓથી પાઠકોને પણ તેમ જણાયું હશે. આ કવિતા હિંદીમાં ડિંગલ કવિતા જેને કહે છે તે જાતની છે અને પૃથ્વીરાજ રાસાના કલ્પિત સમયથી કેટલાંક વર્ષો પહેલાંની છે. આમાં સર્વ સંસ્કૃતના તત્સમ છે. અધિક કઠિન નથી.

(૫૨) ગયણમગ્ગસંલગ્ગલોલકલ્લોલપરંપર
નિક્કરણુક્કડનક્કચક્કચંકમણદુહંકર
ઉચ્છલંતગુરૂ પુચ્છમચ્છરિંછોલિ નિરંતર
વિલસમાણજાલાજડાલ વડવાનલ દુત્તર
આવત્તસયાયલુ જલહિ લહુ ગોપઉ જિમ્વ તે નિત્થરહિ
નીસેસવસનગણનિઠ્ઠવણુ પાસનાહુ જે સંભરહિ.
—ગગન-માર્ગ-સંલગ્ન-લોલ-કલ્લોલ-પરંપર
નિષ્કરૂણોત્કટ-નક્ર-ચક્ર-ચંક્રમણ દુખં (!) કર
ઉછળત ગુરૂ-પુચ્છ-મત્સ્ય-રિંછોલિ-નિરંતર
વિલસમાન-જ્વાલા-જટાલ-વડવાનલ-દુસ્તર
આવર્ત-શતાકુલ જલધિ લઘુ ગોપદ જેમ તે નિસ્તરે
નિઃશેષ-વ્યસન-નિઃસ્થાપન પાર્શ્વનાથ જો સાંભરે.

રિંછોલિ=પંક્તિ (દેશી) | નિઠ્ઠવણ-સં. નિઃસ્થાપન-વીતાડનાર, સમાપ્ત કરનાર નીઠ જવું-વીતવું (મારવાડી). સંભરહિ-સંભરવું, સંભારવું, સાંભરવું. મરાઠીમાં સંભાલના, પંજાબીમાં સુમ્ભાલના=યાદકરવું, સંસ્મરણ કરવું.

વિભાગ પાંચમો.

મેરૂતુંગસૂરિનો પ્રબંધ ચિંતામણિ. સં ૧૩૬૧.

પ્રકરણ ૧ લું.

પ્રબંધ ચિંતામણિ.

૨૨૦. આ નામનો સંસ્કૃત ગ્રંથ જૈનાચાર્ય મેરૂતુંગે સંવત્ ૧૩૬૧ માં કાઠિયાવાડના વઢવાણમાં રચ્યો. મુંબઇના ડૉક્ટર પીટર્સનના શાસ્ત્રી દીનાનાથ રામચંદ્રે મુંબઇમાં સં. ૧૯૪૪ માં કોઈ હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેનું મૂલ છપાવ્યું તે હાલ દુષ્પ્રાપ્ય છે. તેમણે તેની વર્દ્ધિત આવૃત્તિનું ગુજરાતી ભાષાંતર પણ છપાવ્યું છે. સન ૧૯૦૧ માં ટૉનીએ વળી કોઇ મૂલ પ્રતિઓની સહાય લઇ તેનો અંગ્રેજી અનુવાદ છપાવ્યો છે. આમાં કેટલાક ઐતિહાસિક પ્રબંધો યા કિસ્સા છે. શ્રીયુત ચંદ્રધરશર્મા ગુલેરી બી. એ. વિશેષમાં કથે છે કે " કેટલીક બાબતમાં તે ભોજપ્રબંધની ઢબવાળું પુસ્તક છે. જૈન ધાર્મિક સાહિત્યમાં પોતાના મતની 'પ્રભાવના' વધારવા કિસ્સાઓનું સ્થાન ઘણું ઉંચું છે. જૈન ધર્મોપદેશક પોતાના સાધુ તથા શ્રાવક શિષ્યોના મનોવિનોદ અને ઉપદેશ માટે કંઇક કથાઓ કહ્યાં કરે છે કે જે પૌરાણિક, ઐતિહાસિક યા અર્ધ-ઐતિહાસિક હોય છે. આ કથાઓના કેટલાય સંગ્રહ ગ્રંથ છે કે જેમાં પુરાણા કવિયોની રચના, નવા કવિયોનાં નામ, પુરાણા રાજાઓનાં કર્ત્તવ્ય, નવાનાં નામ, વિક્રમાદિત્ય પણ જૈન, સાલિવાહન પણ જૈન, વરાહમિહિર પણ જૈન, બ્રાહ્મણ વિદ્વાનો અને અન્ય શાખા-સંપ્રદાયોના વિદ્વાનોનો પોતાના આચાર્યોથી પરાજય વગેરે બાબતો રહે છે કે જે વર્ત્તમાન દૃષ્ટિથી ઐતિહાસિક કહી શકાતી નથી. કિંતુ તે સમયના

હિંદુ ગ્રંથ પણ એવાજ છે. તેમાં જો જોવામાં આવે તો ઐતિહાસિક તત્ત્વની ઉપેક્ષા જૈનો કરતાં વધારે કરવામાં આવી છે. આથી કેવલ જૈનોને ઉપાલંભ આપી શકાતો નથી. આટલું છતાં પણ જૈન વિદ્વાનોએ ઇતિહાસ પ્રત્યે રૂચિ રાખ્યાનાં તથા તેની મૂલ ભીંતનો આધાર ન છોડયાનાં પ્રમાણ મળે છે. એમ તો સમ્રાટ્ અશોકની ધર્મલિપિના શબ્દોમાં ' આત્મપાખંડે પૂજા પરપાખંડે ગર્હા ' સહુ બતાવે છે."

૨૨૧. સં. ૧૩૬૧ નો સમય પૃથ્વીરાજ અને તેના રાસના કલ્પિત કર્તા ચંદનો સમય (૧૨૫૦ સં.) થી ૧૧૦ વર્ષ પછી છે. તે સમયની પ્રચલિત ભાષા-કવિતા અવશ્ય મનન કરવા યોગ્ય છે. સં. ૧૩૬૧ માં મેરૂતુંગે આ ચિંતામણિનો સંગ્રહ કર્યો છે. કોઇ પણ ઉધ્ધૃત કવિતા તેણે પોતે રચી નથી. કથાઓમાં પ્રસંગો પ્રસંગે જે કવિતા તેણે આપી છે તે અવશ્ય તેનાથી જૂની છે. કેટલી જૂની છે તેનો વધારેમાં વધારે સમય તો સ્થિર કરી શકાતો નથી, પરંતુ પ્રબંધ ચિંતામણિની રચનાનો સમય તેનો નીચામાં નીચો ઉપલબ્ધિ કાલ અવશ્ય છે. તેનાથી પચાસ સાઠ વર્ષ પહેલાં કવિતા લોકકથાઓમાં પ્રચલિત હોય યા આવા ઘસાગેલા સિક્કા જો સો બસો વર્ષ જૂના પણ હોય તો તેમાં આશ્ચર્ય નથી.

૨૨૨. કેટલાક દોહા એવા છે કે જે ધારના પ્રસિદ્ધ રાજા ભોજના કાકા મુંજના નામના છે અને તેના બનાવેલા કહેવામાં આવ્યા છે. એક ગોપાલ નામની વ્યક્તિએ ભોજને કહેલો હતો. બે ચારણોએ હેમચંદ્રને સંભળાવ્યા હતા; કેટલાક નવઘણ રાજાના મરસીયા (રાજીયા) છે. સં. ૧૩૬૧ ના લખેલા ઈતિહાસ અનુસાર તે તેતે સમયના છે. આ કવિતાઓને શાસ્ત્રીએ માગધી અને ટૉનીએ પ્રાકૃત જણાવ્યા છે.

૨૨૩. સેવેલે ગણિતથી સિદ્ધ કર્યું છે (રૉ. એ. સો. જર્નલ જુલાઇ ૧૯૨૦ પૃ. ૩૩૭ આદિ) કે ગૂજરાતના ચાવડા રાજાઓના સંવત્ આદિ, મેરૂતુંગે અશુદ્ધ લખ્યા છે અને મિતિ, વાર, નક્ષત્ર, લગ્ન સર્વમાં ગડબડ છે, તેનું ઐતિહાસિક મૂલ્ય કંઇ નથી. જૂની ઘટનાઓના સંબંધમાં ગમે તેટલી ઐતિહાસિક ગડબડ હોય, પણ પોતાના નજીકના

કાલની ઘટનાઓ તો મેરૂતુંગે જ્યાં સુધી તે પ્રબંધની પુષ્ટિ કરી શકે છે ત્યાં સુધી પ્રામાણિક લખી છે. સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ, હેમચંદ્ર, વસ્તુપાલ, તેજપાલનો કાળ ગૂજરાતમાં સંસ્કૃત અને પ્રાકૃતની વિદ્યા તથા જૈન ધર્મના પ્રચારનો સુવર્ણ યુગ હતો. ભોજના સમયમાં ધારામાં જે વિદ્યા અને વિદ્વાનોની જ્યોતિ ચમકી હતી તે બસો અઢીસો વર્ષ પછી પશ્ચિમ ગૂજરાતમાં પણ દેદીપ્યમાન થઈ. તે સમયની વાતો જૈનોના ગૌરવની છે અને તેની સંરક્ષા તેમણે ઘણી સાવધાનીથી કરી છે.

પ્રકરણ ૨ જું.

તે સમયની જૈન સંસ્કૃત.

૨૨૪. પ્રબંધ ચિંતામણિનો જે અનુવાદ ગૂજરાતીમાં થયો છે, તેના કરતાં ઘણો સારો અનુવાદ થવાની જરૂર છે કે જેમાં ઐતિહાસિક અને શાબ્દિક ટિપ્પણિઓ હોય. આ ગ્રંથની ભાષા સંસ્કૃત છે, પરંતુ તે સંસ્કૃત પણ દેશભાષાઓની ઉત્પત્તિ અને વિકાસને સમજવામાં ઉપયોગી છે. તે સમયની 'જૈન સંસ્કૃત'માં એક મનોહારિતા એ છે કે જૈન લેખક ગૂજરાતી યા દેશભાષામાં વિચાર કરતો ને સંસ્કૃતમાં લખતો. પરિશિષ્ટ પર્વ ૧-૭૫ માં હેમચંદ્રજી લખે છે કે '**स कालं यदि कुर्वीत को (कां) लभेत ततो गतिम्**'—આમાં મરવાના અર્થમાં 'કાલ કરવો' એ સંસ્કૃત રૂઢિ પ્રયોગ નથી પણ દેશ ભાષાનો છે. અણિશુદ્ધ સંસ્કૃતના પ્રેમી આને બર્બર સંસ્કૃત કહે પરંતુ આ જીવિત સંસ્કૃત છે. તેમાં ભાષાપણું છે. એતો રૂચિની વાત છે: કોઇને કાશ્મીરની કોતરણીના કામવાળી અખરોટના લાકડાના સારા ઢંગનો તખતો સારો લાગે ને કોઇને લીલા કુંપળોથી ભરેલી વાંકી ટહની. નીચે કેટલાક શબ્દો અને વાક્ય આવી સંસ્કૃતનાં આપવામાં આવે છે. જેના

૫૨ * આવું ચિન્હ છે તે અન્યત્ર શિલાલેખો, કાવ્યો વગેરેમાં જોવામાં આવેલ છે.

छुत्तबानू—છૂએલા; *ઉચ્છીર્ષક–તકિયા, ઓસીસા. (રાજસ્થાની, બાણની કાદમ્બરી).

करवडी—બે હાથ ભેગા કરી પાણી પીવા માટે પાત્ર જેવું બનાવવું (કરપુટી).

धवलगृह—પ્રધાન મહેલ (ધવલ એટલે જે જાતિમાં ઉત્તમ હોય તે–દેશી શબ્દ છે. હેમ૦ દેશીનામ માલા ૫–૫૭ તુલસીદાસજીના ' ધવલધામ ' નો આ અર્થ છે. સફેદ મહેલ નહિ).

सर्वावसर—રાજાનું સર્વથી મળવું. દીવાને આમ.

राजपाटिका—રાજમાર્ગ.

*__धर्मवहिका__—(ધર્મના લેખની) વહી, ચોપડો.

छुट्टितः—છૂટયો.

झोलिका—ઝોલી (જો ઝોલિકા સંસ્કૃતમાં રૂઢ ન હોય તો આ પણ દેશી શબ્દ છે. હેમ૦ દેશી૦ ૩–૧૫૬)

धाटीप्रपात—ધાડુ પાડવું–ધાડ પાડવી.

*__पंचकुल__—પંચોલી રાજકર્મચારી. (**ना. प्र० पत्रिका भाग १ संख्या २ पृष्ठ १३४**)

उद्ग्राहणक—ઉગાડનાર, **उद्ग्राह्य**–ઉગાડી, **उद्ग्राहित**–ઉગાડેલો.

निरुध्यं—(અમુક કાલથી) લઇને, લગાડીને (જ્યાં સુધી)

वहमान—ચાલતો (**सिंहलग्ने वहमाने**)

न्युंछन—નોછાવર.

नृपतेः कः समयः—મહારાજ શું કામ કરી રહ્યા છો ? કેવો અવસર છે ?

गुरूदर—તમ્બુ.

*__वसहिका__—મંદિર (**ना. प्र. पत्रिका १–२ पृ. ४५०**)

चिन्तायक—સંભાળનાર-રખેવાળ.

***दवरक, कटीदवरकः**—દોરો, કંદોરો (**डोरः कटिसूत्रं**-હર્ષચરિતની ટીકા).

***रसवती**—રસોઇ.

यमलपत्र—(રાજાઓના પોતપોતામાં) પત્ર.

भेटितः—ભેટયા. મળ્યા.

पादोऽवधार्यतां—પધારો.

***गवक्ष**—ગોખલો.

मदनपट्टिका—મીણની પટ્ટી. **मैण** (એટલે મીણ)નું સંસ્કૃત કરેલું ' **मदन** '

कचोलक—કચોળું (ગૂ) કચોલા, કચોલી (રાજસ્થાની) સરખાવો આનંદઘનજીનું 'નિશદિન જોઉં તારી વાટડી' એ પદમાંનું.

जीर्णमंचाधिरूढः—તૂટેલી ખાટપર પડેલા (ક્રોધમાં).

सवाहटिकौ घटः—વાટકા સહિત ઘડો-વાટકો એ શબ્દ કાઠીઆવાડમાં અમુક પાત્ર માટે વપરાય છે.

हक्कितः—બોલાવેલો-સંબોધિત-હાક મારેલો.

कामुक—કામ કરનાર નોકર (પંજાબીમાં કામ્મા, મારવાડીમાં કામેતી, કાર્મ (હર્ષચરિત)

छिम्पिका—છીંપી (વસ્ત્ર રંગનારી જાત)

निजतनक गृह—પોતાનું ઘર. (તણા, યા તણું યા તણી-મારવાડી ગૂજરાતી 'કા')

व्याघुटन्ती—આળોટતી (મારવાડી બાવડના, પંજાબી બૌઢના)

व्याघुटितुं—આળોટવાને.

वलितः—વળ્યો-પાછો ફર્યો.

वासण—વાસણ, રૂપયાની થેલી (વાસણી-વાંસળી-આ કાઠિયાવાડમાં વપરાય છે ને કેડે આવી વાંસળી બંધાતી.

विहंगिका—કાવડ.

*कार्मण—કામણ, જાદુ કરવું (કામણુ–મારવાડી)
उत्तेजितं निर्माप्य—ઉત્તેજિત કરાવી (નિશો ચડાવી)
संग्रहणी—વેશ્યા.
*पट्टकिल—પટેલ, પટ્ટક–(જિલ્લો) તેનો પ્રબંધક.
सेजवाली—પાલખી.
स्थपनिका—ગીરો રાખવું તે–ઘરાણે રાખવું.
समारोपयत्—સોંપી દીધું.
पादौ त्यजसि—પગ તજે છે–છોડે છે (ડરી ભાગે છે.)
पोत—વસ્ત્ર (મારવાડી પોતિયા.)
आरात्रिकमुत्तार्य—આરતી ઉતારીને.
तत्पट्टकं विपाट्य मुमोच—પટ્ટો ફાડી (રાજકરી) મૂકી દીધું.
*मारि—મારવું તે, अमारि–અભય, ન મારવું તે.
युगलिका—ટપાલની ચિઠ્ઠી (હલકારા બે સાથે દોડે છે. ટૅાની).
शकुनं भरितं विधेहि—શકુન ભરો (એટલે શકુન લ્યો.)
पाषाणसत्कजातीय, सत्क એટલે હિંદી का.
*कारापक—કરાવનાર.

*तापिका—તવી. (કડાઇ), તપેલી (तापकोऽपूपादिकरण-स्थानं तापिका काकपालिका यत्र तैलादिना भक्ष्याः पच्यन्ते –હર્ષચરિતપર સંકેત ટીકા.

बप्ता—બાપ (જુઓ આગળ નં. ૧૧)
चतुःसर—ચોસર–એક જાતનો ફૂલનો હાર.
फुल्लावयिष्यसि—ફુલાવશે, ફુલ ઉપજાવશે.
*कर्तुंलग्नः—કરવા લાગ્યો.

૨૨૫. ધાતુઓની અનંતતા આકૃતિગણુ અને ઉણાદિના અક્ષયનિધિથી સંપન્ન એવા જે વિદ્વાનો મા ધાતુથી ડિયાં, ડુલફ, ડૌલાના પ્રત્યય બનાવી મિયાં, મુલક, મૌલાના સિદ્ધ કરી લે છે અથવા અમારા આચાર્યદેશીય સુગૃહીત નામા સર્વતંત્ર સ્વતંત્ર સતીર્થ્ય કે જે ' जयो जय-

शीलौ ऊरू यस्याः सा जयोरूः-जोरू (સ્ત્રી) બનાવે છે તે હીંદી વિદ્વાનોને આ ઉદાહરણોમાં કંઈ ચમત્કાર નહિ જણાય, પરંતુ આ દેશી ભાષાથી અતલગ સંબંધ ધરાવતાં સંસ્કૃતનાં ઉદાહરણો છે. ગમે તેટલું બાંધો, પણ જલ તો નીચી બાજુ તરફ ઢળે છે. દેશી શબ્દ અને વાગ્ધારા સંસ્કૃત માટે અભડાયેલી નહોતી. સંસ્કૃતમાં એટલી સમજ હતી કે તેને પોતાનાં બનાવી લેતી.

૨૨૬. પ્રબંધચિંતામણિમાં એક જગ્યાએ '**आशिष**' શબ્દ અકારાંત તરીકે ઉપયોગમાં લીધેલ છે (**मातुराशिष शिखां कुरिताद्य**–વસ્તુપાલની રચના પૃ. ૨૬૯), '**श्वान**' પણ તેજરીતે વપરાયો છે (**सन्निहित श्वानेन शुण्डा दण्डे निहत्य** પૃ. ૧૮૦–**कुक्करस्तु शुनि श्वान इति वाचस्पतिः**–શાસ્ત્રી) જયમંગલસૂરિ '**चातुर्यता**' લખી હિંદી–ગૂજરાતીના ડબલ ભાવવાચકનાં બી વાવે છે (**पौरवनिताचातुर्यता निर्जिता पृ. १५४**)

૨૨૭. કવિ શ્રીપાલે સિદ્ધરાજ જયસિંહના સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ બનાવી હતી. તેમાં આ શ્લોક પણ હતો કે—

कोशेनापि युतं दलैरुपचितं नोच्छेत्तुमेतत्क्षमं
स्वस्यापि स्फुटकण्टकव्यतिकरं पुंस्त्वं च धत्ते नहि ॥
एकोप्येष करोति कोशरहितो निष्कण्टकं भूतलं
मत्वैवं कमला विहाय कमलं यस्यासिमाशिश्रियत् ॥

—કમલમાં કોશ–ડોડી અને ખજાનો–છે, દલ–પાંદડાં અને સેના–છે ઉખડી શકતું નથી. આપજ આમાં કંટક–કાંટા અને શત્રુ–ને ઉપદ્રવ છો. કદિ તેમાં પુંસ્ત્વ–પુલ્લિંગ (નરજાતિ) અને પુરૂષત્વ–આવતું નથી, અને સિદ્ધરાજ જયસિંહનું ખડ્ગ એકલું, કોશ–મ્યાન વગર, ભૂમંડલને નિષ્કંટક કરી દે છે. આથી લક્ષ્મી કમલને છોડીને તેમાં ચાલી આવી.

૨૨૮. એમ કહેવાય છે કે આમાં રામચંદ્ર પંડિતે બે દોષ કાઢ્યા. એકતો દલ શબ્દનો અર્થ 'સેના' ભાષામાં છે પરંતુ સંસ્કૃતમાં નથી, બીજો

હોય એક કમલ શબ્દ પુલ્લિંગ અને નપુંસકલિંગ (નરજાતિ ને નાન્ય-તરજાતિ) બંને છે. હમેશાં નપુંસક-કલીબ નથી. આથી રાજાએ સર્વ પંડિતોને આગ્રહ કરી (**उपहृत्य**) 'દલ' શબ્દને રાજસેનાના અર્થમાં પ્રમાણિત કરાવ્યો ('દલ' નો સંસ્કૃતમાં 'સેના' અર્થ જયસિંહ અને શ્રીપાલે કરાવ્યો એ કહેવું પૂજાર્થ-માનાર્થ છે કારણ કે સંવત્ ૧૦૮૩ અને ૧૧૦૭ ની વચ્ચે ઉદયસુંદરી કથા ના કર્તા સોડ્ઢલ કાયસ્થ લખે છે કે '**ननु कथमसाध्योऽयमरातिरस्मद् दलानाम्**'-ગાયકવાડ ઓરિયેંટલ સિરીઝ નં. ૧૧ પૃ. ૪) પરંતુ લિંગાનુશાસનમાં કમલની નિત્ય નપુંસકતા નહોતી એનો કોણ નિર્ણય કરે ? આ માટે '**पुंस्त्वं च धत्ते न वा**' (પુરૂષત્વ ધારણ કરે છે યા નહિ) એવો પાઠ બદલાવ્યો (પ્રબંધચિંતામણિ પૃ. ૧૫૫-૬).

૨૨૯. આ રીતે વિષયાંતર થઈ જવાય છે, પરંતુ આ જૈન સંસ્કૃતની એક વાતની ચર્ચા કર્યા વગર આગળ વધી નથી શકાતું. હિંદી-ગૂજ-રાતી-મરાઠીમાં ક્રિયાપદોમાં લિંગ જોઇને ઘણા લોક ચોંકે છે. '**वह आता है, वह आती है**' (હિંદી) તે આવતો નથી, તેણી આવતી નથી. (ગૂ.) આવો પ્રકાર સંસ્કૃતમાં નથી, લેટિનમાં નથી તેમ નથી અંગ્રેજી ફારસી આદિમાં. આથી કેટલાક અન્યભાષાભાષી હિંદી-ગૂજ-રાતી-મરાઠી-શીખતા ગભરાય છે. ક્રિયાપદોમાં લિંગ આવેલ છે તેનો રોચક ઇતિહાસ છે. ધાતુની શુદ્ધ ક્રિયા-વાચક રૂપ (સંસ્કૃત **तिङन्त**) માં તો લિંગભેદ થતો નથી; ધાતુથી બનનારા ક્રિયાવાચક વિશેષણો (વર્ત્તમાન યા ભૂતકૃદત)માં તેના વિશેષણ થવાને કારણે લિંગભેદ થાય છે. હિંદીમાં કેવલ ''**है**' ધાતુનું શુદ્ધ રૂપ છે-તેમાં લિંગ નથી અને જે પદ વર્તમાન યા ભૂતકાલ બતાવે છે તે ધાતુજ વર્ત્તમાન યા ભૂત વિશેષણ છે [**आता है** એટલે **आता (हुआ) है, आती है** એટલે **आती (हुइ) है, करता है, करती है, आता था, आती थी, करता था, करती थी**; સંસ્કૃતમાં **आयान्** (**आयान्त्**) **आयान्ती, कुर्वन्** (**कुर्वन्त्, करन्त्**),

कुर्वन्ती (करन्ती)] अवश्य आज्ञा, विधि क्रियामां लिंग नथी, कारणु के धातुनांज रूप छे. आ धातुज वर्त्तमान अने भूत धातुज विशेषणोने क्रियाने स्थाने उपयोगमां लेवानुं भाषाना विकासमां एक नवो युग प्रकट करे छे. वैदिक संस्कृतमां भूतकालनी क्रियाना तिङन्तरूप (धातुना शुद्ध क्रियावाचकरूप) ज आवे छे. **स गतः, तेन कृतम्, अहं पृष्टवान** आदि रूप क्रिया तरीके वपरायां, तेमां विशेषण होवाने लीधे लिंगभेद पण हतो. भाषामां घणी सरलता आवी. **सः (सा) चकार, अकरोत्, अकार्षीत्**ने बदले **स कृतवान, सा कृतवती, तेन कृतम्, तया कृतम्** एथी काम चालवा लाग्युं. आ भूतकालवाची धातुज कृदन्तने (Past Participle) पछी ते कर्तरि प्रयोग होय के कर्मणि या भावप्रयोग होय,–विशेषणुनी पेठे राखी आगळ **अस्ति** (होवुं ए क्रियानुं वर्त्तमानकालनुं रूप) नो अध्याहार राखी भूतकालनुं काम चलावातुं गयुं. आर्ष प्राकृतमां कंइ भूतकालिक क्रियापद छे, पछी प्राकृतमां **आसी (आसीत्**–पंजाबी सी) ने छोडीने एम समजो के भूतकालिक क्रिया रही नही, आ **त**–वाळां **विशेष्यनिघ्न** शब्दोथी काम चाल्युं. आतो पहेली सीडी भाषानी सरलतामां थई; संस्कृत अने प्राकृतना रचनावैचित्र्यमां आथी घणी सहायता मळी के वैदिक संस्कृतथी प्राकृत अने लौकिक संस्कृतमां आवतां आवतां भूतकालिक क्रियानुं काम विशेषण आपवा लाग्यां, वैयाकरणोनी भाषामां '**कृदभिहितआख्यात**' थइ गयुं. आ रीते वर्त्तमानकालनी क्रिया पण केवल **अस्ति** (होवुं ए धातुनी) रहीने वर्त्तमान धातुज विशेषणो क्रियापदनुं काम आपवा लागी जाय ए बीजी सीडी छे के जे प्राकृतथी अपभ्रंश याने पुरानी हिंदी–गूजराती–मराठी आदि बनवाना समये बन्युं. **उपजइ, उपजै, करइ, करै** आ तो धातुनां (**तिङन्त** शुद्ध क्रियावाचक) रूपछे–तेमां लिंगभेद नथी. तेनो **इ** (या सुप्सुपनो **ये**) ए संस्कृत '**ति**' अने प्राकृत '**इ**' छे, परन्तु हिंदीमां **उपजता है** (या **उपजती है**), **करता है,** (या **करती है**)–तेमां '**है**' (**अहै**–

अहइ-अस्ति) ધાતુનું રૂપ છે અને પહેલું પદ **उपजता** આદિ વર્ત-ધાતુમાંથી જન્મેલું વિશેષણ (Present Partciple) છે (**उत्पद्यन्-उत्पद्यन्त-उपजन्त; उत्पद्न्ती-उपजन्ती-उपजती; कुर्वन्-कुर्वन्त-करन्त-करत; कुर्वन्ती-करन्ती-करती**) આ વિશેષણના વાસ્તવરૂપના અંતમાં **अन्त्, अन्ती** એજ છે કે જે સંસ્કૃત અને પુરાની હિન્દી બંનેમાં સ્પષ્ટ છે:—તેના **अत, अती** થઇ જાય છે. **करतो, उपजतो** એમાં , **ओ** છે તે **उ** ની જગ્યાએ છે કે જે નરજાતિના કર્ત્તાના એકવચનના ચિન્હ (સંસ્કૃત '**स्**' અથવા ' : ') નું અપભ્રંશ છે. ગૂજરાતીમાં ' નથી ' સાથે એટલે નકાર વાચક વર્ત્તમાન ધાતુજ રૂપમાં આવો પ્રયોગ થાય છે જેમકે આવતો નથી, આવતી નથી વગેરે, અને ભૂતકૃદંતમાં જરૂર થાય છે જેમકે આવતો હતો, આવતી હતી વગેરે.

૨૩૦. હવે આ વિષયને અધિક ન લંબાવતાં પ્રસંગની વાત પર આવીએ છીએ કે આ કાલની જૈન સંસ્કૃતમાં પણ વર્ત્તમાન ધાતુજ વિશેષણને ક્રિયાની જેવું કામ આપતા જોવામાં આવે છે. '**यथागतं व्रजामीत्या पृच्छन्नस्मि** (પ્ર૦ ચિં. ૫-૧૧), **नृपस्तस्य सैाधमलंकुर्वन्** (પૃ. ૫૫), **वन्दिनः श्री सिद्धराजस्य कीर्तिं वितन्वतः**' (પૃ. ૧૮૨) ઇત્યાદિ. દેશભાષામાં વિચાર કરનાર કવિએ તેની છાયા સંસ્કૃતમાં પહોંચાડી અને સંસ્કૃતની સ્થિર ભાષામાં પણ સમયની ગતિનો પ્રભાવ પડયો. વર્ત્તમાન ધાતુજ વિશેષણ હિંદીમાં '**होना**' ક્રિયાના વર્ત્તમાનના 'રૂપની સાથે વર્ત્તમાન ક્રિયાનું કામ દેવા લાગ્યા, અને ભૂતકાલિક ધાતુજ વિશેષણ (**निष्ठा**-હિંદી **था-थी, भयो,-भयी; हतो, हती;**) અને ગૂજરાતીમાં પણ 'હતો, હતી.' ની સાથે ભૂતકાળની ક્રિયાનું કામ દેવા લાગ્યા. હિંદી **था** અને **हता**-ગૂજરાતી ' હતા ' એ **अस्** (**अस्ति**) ની અને હિંદી **भया** એ **भू** (**भवति**)ની ક્રિયાનું કામ દેવા લાગ્યા.

પ્રકરણ ૩ જું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો.

૨૩૧. હવે પ્રબંધ ચિંતામણિનું કંઈક [૩૨]પાણી જોઈએ—

(૧) અમ્મણિઓ સંદેસડઓ, તારય કન્હ કહિજ્જ
જગ દાલિદ્દિહિ ડુબ્બિઉં, બલિબંધણુહ મુહિજ્જ.

પાઠાંતર—જૂની જૈન પોથીઓમાં **ओ, औ** ને **उ उं** લખે છે. આથી હેરાન થઇ છાપવાવાળા કયાંક **उ** અને કયાંક **ओ** છાપી દે છે. શુદ્ધ પાઠ માત્રાઓ અનુસાર બોલવો જોઇએ. **अउ** અને **अइ** જૂની લખાવટ છે, તેને બદલે **ओ** અને **ऐ** એ પાછળની છે એમ ઉપર બતાવી દીધું છે. આ માટે અહીંપણ અમ્મણિઅઉ, સંદેસડઉ, ડુબ્બિઅઉ પાઠ ઉચિત છે; પછીના લેખોની મુખસુખાનુકારી લખાવટથી તે અમ્મણિઓ, સંદેસડો, ડુબ્બિઓ થઇ ગયા હશે કે જે કવિતાની હિંદી-ગૂજરાતીથી બહુ દૂર નથી. એવીજ રીતે જૈન પોથીઓમાં **'त्थ'** **'च्छ'** **ज्झ, ब्भ, त, भ** એક સરખા લખેલા મળે છે, તેથી તેવા પાઠાંતર તે પાઠાંતર નથી. પુરાણી લિપિને બરાબર ન વાંચવાથી ઉપજતો ભ્રમ માત્ર છે. શાસ્ત્રી ટૉનીના સંસ્કરણોમાં જે પાઠાંતર આપ્યાં છે, તેમાંથી અમે અહીં થોડાં આપ્યાં છેઃ—નારાયણુહ, કહિજ્જ, જગુ-દુત્થિઉ (દુચ્છિઉ), પરસ વર્ણ નિયમ વૈકલ્પિક હોવાથી અમે ક્યાંક ક્યાંક અનુસ્વારનો પ્રયોગ કર્યો છે અને હ્રસ્વદીર્ઘને વધુ બદલેલ નથી.

અર્થ—એક સમય વિક્રમાદિત્ય રાત્રે નગરમાં ફરતા હતા ત્યાં એક

---

૩૨. હિન્દી તેમજ ગૂજરાતીમાં પાણી મોતીના ઓપ-કાન્તિને માટે વપરાય છે કિંતુ જૈન વૈયાકરણ વર્ધમાને પોતાના ગણરત્નમહોદધિ નામના સંસ્કૃત વ્યાકરણ ગ્રંથમાં પણ એક ઉદાહરણ નામે ' भुजंगस्येव माणिः सदंभाः આપી મણિને માટે પણ अंभः (પાણી) નો પ્રયોગ બતાવ્યો છે.

તેલીને તેણે આ અર્ધો દુહો બોલતો સાંભળ્યો કે ' અમારા સંદેશા ' તારનાર (તારક) એવા કાન્હ (પાઠાંતર–નારાયણ) ને કહેજે, રાજા ઘણો વખત ઉભો રહ્યો કે ઉત્તરાર્ધમાં કંઇ આગળ કહે તો પોતે સાંભળે, પણ ઉત્તરાર્ધ સાંભળવાનું મળ્યું નહિ એટલે પાછો વળ્યો. સવારમાં દરબારમાં તેલીને બોલાવરાવ્યો ને તેણે દુહો આ રીતે પૂરો કર્યો–' જગત્ દારિદ્રયમાં ડૂબ્યું છે, બલિબંધનને છોડી નાંખજે '–દૈત્ય બલિ મોટો દાની હતો કે જેણે નારાયણે બાંધીને પાતાળમાં મોકલ્યો હતો. જો તેલીની પ્રાર્થનાથી તારક કાન્હ તેનું બંધન છોડી દેતતો જગત્ દારિદ્રયથી બચી જાત. બલિનો અર્થ રાજ્યનો કર પણ થાય છે. રાજા કદાચિત્ એમ સમજતો હોય કે તેલી મારી બડાઇ માટે કંઈ કહેશે, પરંતુ તે તો રાજાને મેણું મારી સંભળાવતો હતો કે અમે તો દારિદ્રયમાં ડૂબી રહ્યા છીએ અને બલિબંધન (કરોનો બોજો) છોડવાની પ્રાર્થના કરીએ છીએ.

વિવેચન—**અમ્હણિઅઉ**-અમ્હણિઅઉ સં. **अस्मानं** (!) **अस्मनीय** (!) પાછી અમ્હીણા–અમારા એમ આવશે. ' ણ ' (સં. નામ્) સંબંધકારક પ્રત્યય છે. પ્રા० **अम्हाणं**. ગીતોની પંજાબીમાં ણ નો ડ થઈ ગયો છે. મૈંડા, તૈંડા, (મેણા–ટેણા), **સંદેસડઉ**–જેમ સંસ્કૃતમાં અલ્પ, અજ્ઞાત, કુત્સિત, સ્વાર્થમાં ' **क** ' આવે છે તેમ પુરાણી હિંદી–ગૂજરાતીમાં ' ડ ' યા ' ડલ ' આવે છે. જેમકે મોર–મોરડો, નીંદ–નીંદડલી (મારવાડી), રત્તિ (રાત)–રત્તિડી–રાતડી આદિ. **તારય**–તારક, **કન્હ**–કૃષ્ણ, કન્હ વ્રજભાષાનો કાન્હ, ગૂ० માં કહાન–કાન. **કહિજ્જ**-વિધિ, પ્રેરણાર્થક અને કર્મવાચ્યમાં જ્યાં જ્યાં સંસ્કૃતમાં ' **य** , આવે છે ત્યાં ' જ ' યા ' જ્જ ' આવે છે. મરીજે– (મરવું જોઇએ) કરીજૈ (કરવું જોઇએ) કહજ્યે (રાજસ્થાની), કહેજે (ગૂ०) લિખિજ ગયો (મારવાડી) દીજિએ–(દિજ્જિય, દીજૈ, દિજ્જે)–પહેલાં કર્મવાચ્ય પ્રયોગ હતો, પછી કર્તૃવાચ્ય થઈ ગયો. **દાલિદ્દિહિ**–દાળદર, દળિદ્ર. **ડુબ્બિઅઉ**–સસ્કૃત ધાતુ બ્રુડ્ છે કે જે દેશીપરથી બનાવ્યો જણાય છે. હિંદીમાં ડૂબના, બૂડના બંને રૂપ છે

તેજ પ્રમાણે ગૂજરાતમાં ડૂબવું, બૂડવું બંને રૂપ છે. વ્યત્યયનું આ ઉદાહરણ છે. દુત્થિઅઉ–દુઃસ્થિત. મુહિજ્જ–મૂકીએ, મૂકીજે, છોડીએ. જુઓ ઉપર કહિજ્જ. શાસ્ત્રી આનો અર્થ 'મોચિત'–મૂકી દીધો એમ કરે છે. ?

(૨) કચ્છના રાજા લાષાક[૩૩]ને કપિલકોટિના કિલ્લામાં મૂલરાજે ઘેરી લીધો. લાષાક (લાખા) ઘણાં બોધવાક્ય કહીને રણભૂમિમાં ઉતર્યો અને વીરતા બતાવી કામ આવ્યો–મરાયો. તે બોધવાક્યોમાંથી એક એ આપેલું છે કેઃ–

ઊગ્યા તાવિઉ જહિં ન કિઉ, લક્ખઉ ભણઇ નિઘટ્ટ
ગણિયા લબ્ભઈ દીહડા, કે દહક અહવા અટ્ઠ.

આને નવી લખાવટમાં બદલી લખી દઇએ તો બેસુરૂં એટલું લાગે છે તે નહિ લાગે.

ઉગ્યાં તાવ્યો (તાપિત) જો ન કિયો, લક્ખો ભણે નિઘટ્ટ,
ગણિયા લાભે દીહડા, કે દહક અહવા અટ્ઠ.

—કુશળ લાખો ભણે છે કે ઉગ્યા–ઉદયપામતા (શત્રુ)ને તાપિત

૩૩. આ કચ્છનો પ્રસિદ્ધ રાજા લાખા ફૂલાણી (ફૂલનો પુત્ર હતો તેથી) કે જેનું નામ ધનાઢ્યતા, તથા ઉદારતાને લીધે પ્રસિદ્ધ છે. આ જાડેજા જાતિના ચંદ્રવંશી યાદવોમાંનો હતો. મૂલરાજના હાથથી તેના મૃત્યુનો કાળ જૂની ગૂજરાતી કવિતા પ્રમાણે કાર્તિક શુકલ ૮ શુક્રવાર શક સં. ૯૦૧ (વિ. સં. ૧૦૩૬–ઇ. સ. ૯૮૦) છે, કનોજના રાઠોડ રાજા જયચંદના પૌત્ર યા પ્રપૌત્ર સિયાજીના, મૂલરાજની કન્યા સાથે વિવાહ થવાની તથા તેના પ્રત્યુપકારમાં સિયાજીએ લાખા ફૂલાણીને મારવાની આદિ કથા અપ્રમાણિક છે કારણકે સિયાજીના દાદા ને વડદાદા જયચંદનો સમય વિ. સં. ૧૨૫૦ (ઇ. સ. ૧૧૯૩) છે, તેથી સિયાજીનો સમય વિ. સં. ૧૩૦૦ પછી આવવો ઘટે. તે સમયે લાખા અને મૂલરાજને ત્રણસો વર્ષ થઇ ગયા હતા. (જુઓ પં. ગૌરીશંકર હીરાચંદ ઓઝાનો લેખ 'લાખા ફૂલાણીકા મારા જાના'–સમાલોચક (જયપુર), જાન્યુ. ફેબ્રુ. ૧૯૦૪. મૂલરાજનો રાજ્યાભિષેક વિ. સં. ૧૦૧૭ માં થયો એ વાત પ્રામાણિક છે.

ન કર્યો–તપાવ્યો નહિ તો ગણ્યા (ગણ્યાગાંઠા) દિવસો મળે છે. કાંતો દશ અથવા આઠ. (વીરતા બતાવ્યા વગર પડી રહીએ તો કેટલા દિવસ જીવવાનું છે ? ઉમરના ગણ્યાગાંઠા દિવસોજ, એક દિવસ તો અવશ્ય મરવાનું છે જ. તેથી શત્રુને બાળી–તપાવી મરવું એ વધુ સારૂં.)

ઊગ્યા–ઉગેલા–ઉદિતપરથી યા ઉદિત થયા પછી. **તાવિઉ**–તાપિત, તપાવેલો. **નિઘટ્ટ**–કુશળ (હેમચંદ્ર દે૦ ના. મા. ણિઘટ્ટ ૪–૩૪) શાસ્ત્રી નિકૃષ્ટ (?) એવો ખોટો અર્થ કરે છે. દીહડા–દિવસ. જુઓ ઉપર નં. (૧) ની ટિપ્પણીમાં સંદેસડો. પંજાબી ધ્યાડા, ગૂ૦ દહાડા. ધન્ન ધિયાડો ધિન ઘડી (ઊમા ઝીમાની કવિતા, મારવાડી) કે–અથવા, યા, **દહ**–દશ **અહવા**–અથવા. શાસ્ત્રી અને ટૉની બંનેના અનુવાદ અશુદ્ધ છે.

(૩) માલવાના રાજા (પરમાર) મુંજનું રાજકાર્ય તો રૂદ્રાદિત્ય નામનો મંત્રી સંભાળતો હતો અને મુંજ કોઇ સ્ત્રી પર આસક્ત હતો. રાતે ને રાતે ચિરકિલ્લ નામના ઉંટપર ચઢી તેણીની પાસે બાર જોજન જાતો, ને પાછો વળતો. કેટલેક દિવસે મુંજે આવવું જવું છોડી દીધું તેથી તે ખંડિતાએ મુંજને નીચેનો દોહો લખી મોકલ્યો.

> મુંજ ષડલ્લા દોરડી, પેક્ખેસિ ન ગમ્મારિ (પા. જૈ ગમ્મારિ)
> આસાઢિ ઘણુ ગજ્જીઇ, ચિક્ખિલિ હોસેડવારિ.

અર્થ—મુંજ ! (પ્રેમની) દોરી ખડા–ખસકી ગઇ છે. ગમાર ! તું નથી દેખતો કે આષાઢમાં ઘન (મેઘ) ગાજવાથી હવે ચિખ્ખલ (ગારો–લપસવું) થશે ?

શાસ્ત્રીએ અર્થ એવો કર્યો છે કે ' આષાઢનો ઘન ગરજે છે ' પરંતુ ' આષાઢિ 'માં 'ઇ' એ અધિકરણ કારક છે, અને ગજ્જીઇ વર્ત્ત-માનકાલજ નહિ, પરંતુ વર્ત્તમાન ધાતુજ વિશેષણ (ગરજેલો)ની ભાવ-લક્ષણ સાતમી વિભક્તિ પણ જણાય છે. આગળ શાસ્ત્રી એમ કહે છે કે ' તારા વિરહથી આવનાર આંસુઓની ધારાઓથી લપસણી જમીનપર કેમ આવશો ઇતિ દિક્ '–પરંતુ આ બરાબર નથી–દિશાભૂલ છે. સરલ

વાત એ છે કે ગરમીમાં દોરી સુકાઇ જાય યા ઢીલી થઇ જાય તો વરસાદમાં લીલી-સુંવાળી થઈ છૂટે. (આન ગાંઠ ધ્રુલિ જાત ત્યાં માન ગાંઠ છુટિ જાત-વિહારી) તો વરસાદ આવ્યે તો તમારા આવ્યા વગર ચાલે તેમ નથીજઃ પરાણે આવશો, પરંતુ લપસણી-ગારાવાળી જમીનમાં ઊંટ કેમ ચાલશે? આ માટે હમણાંજ આવી જાઓ. વરસાદમાં ઊંટોને ચાલવામાં કષ્ટ પડે છે-જેવી રીતે એક મારવાડી દોહામાં કહેલું છેઃ-

ઊંટાં દેધાં ટેરડાં ગુડ ગાડર ગાડાંહ
સારા દોહરા આવશી મેંડક બોલ્યાં નાડાંહ.

[ઊંટ, બકરાં, બળદ, ગુડ, ભેડ અને ગાડાં એ સરવે મુશ્કેલીથી જ્યારે દેડકાં નાડિયો (તળાવડી)માં બોલે છે ત્યારે આવી શકે. આમાં ઊંટાં વગેરેમાં 'આં' અને ગાડાંહ એમાં 'આંહ' એ કર્તાના બહુવચનના પ્રત્યય છે. દોહરા એટલે દોહિલા (સં. દુષ્કર), બોલ્યાં નાડાંહ- ભાવલક્ષણ (સપ્તમી.)]

ઉપરનો ૩ નંબરનો દોહો લઇએ.

[**ખડહ્લા**—(સં. **स्खलिता**?) સૂકી, ખડખડી ગઈ, ખડી ગઈ. **દોરડી**-દોરી. દેશી સાથે મિશ્રિત સંસ્કૃત દવરકી, પદ્ધતિઓમાં ડોરક એ સંસ્કૃત શબ્દ પણ બની ગયો છે. બાણના હર્ષચરિતમાં 'ડોર' શબ્દ આવ્યો છે જેનો અર્થ સંકેત ટીકાકારે 'કટિસૂત્ર' કર્યો છે. (જુઓ ઉપર પૃ.) પેકિખસિ-(સં. પ્રેક્ષસે.) પંજાબીમાં અવઇક્ષ-હાલ પણ જોવાના અર્થમાં છે જેમકે તૂ વેખ, વહ વેખદા હૈ. **ગમ્મારિ**- ગમાર હિં. ગંવાર. **આસાઢિ**-છંદને લઇને 'ઇ' ને દીર્ઘ લ્યો. **ગજ્જીઇં**- સં. ગર્જતિ યા ગર્જત્સુ. ઉપર વ્યાખ્યા જુઓ. **ચિકિખલિ**-કીચડવાળી, લપસી પડીએ તેવી. પંજાબી ચિક્કી (સંસ્કૃત પિશ્ચલનો વ્યત્યય) હેમ. દે. ૩-૧૧ ચિકખલ્લ, **હોસે**-હોશે-થશે. **અબ્બારિ**-રાજસ્થાની અબાર હમણાં. ગૂજરાતીમાં આવારૈ પદ્યમાં વપરાય છે તે.

(૪) તેલંગદેશના રાજા તૈલપે (કલ્યાણના સોલંકી તૈલપ બીજો) છેડછાડ કરી તેથી મુંજે તેનાપર ચડાઇ કરી. મંત્રી રૂદ્રાદિત્યે મુંજને

તેમ કરતાં વાર્યો અને સમજાવ્યો કે ગોદાવરીની પેલેપાર તો નજ જવું. પરંતુ મુંજે તૈલપને પહેલાં છવાર હરાવ્યો હતો. તે માટે તેના મંત્રીની તેણે સલાહ માની નહિ. રૂદ્રાદિત્યે રાજાનું ભાવી અનિષ્ટ સમજી અને પોતાને અસમર્થ જાણી ચિતામાં બળી જઇ પ્રાણ આપ્યો. ગોદાવરીને પેલેપાર મુંજની સેનાને છલકપટથી કાપી નાંખી અને તૈલપ મુંજને મુંજની દોરીઓથી બાંધીને લઇ ગયો. ત્યાં તેને લાકડાના પાંજરામાં કેદ રાખ્યો. એક દિવસે મુંજ અરીસામાં મુખ જોઇ રહ્યો હતો તે વખતે મૃણાલવતી પાછળથી આવી ઉભી અને મુંજનું યૌવન અને પોતાની આધેડ ઉમર વિચારતાં તેણીના ચહેરાપર મ્લાનતા આવી ગઇ. આ જોઇ મુંજે આ દોહો કહ્યો.

મુંજ ભણઈ મુણાલવઈ, જુવ્વણ ગયું ન ઝૂરિ,
જઇ સક્કર સય ખંડ થિય, તો ઇસિ મીઠી ચૂરિ.

અર્થ—મુંજ કહે છે, હે મૃણાલવતિ ! ગયેલા જોબન ...રે ઝુરમાં-શોક ન કર; જો સાકરના શત-સો ખંડ-ટુકડા થઇ જાય તો પણ તે ચૂરિ (ચૂર્ણ કરેલી) પણ મીઠી હોય છે.

ભણઇ—ભણે, કહે (સં. ભણતિ) મુણાલવઇ-સ્વર ઋની 'ઉ' શ્રુતિ જુઓ. **જુવ્વણ**-જોબન, યૌવન. ગયું-કર્મકારક ગયેલું **ઝૂરિ**-ઝુરવું-પસતાવું, વિલાપ કરવો, **જઇ**-(સં. યદિ હિં૦ જે, ગૂ૦ જો), **સય**-શત, સો, **થિય**-થઈ સાકર શતખંડ થઇ. નારીજાતિ. સં. સ્થિત હિં-થા ની નારીજાતિ થી. ઈસિ-આ.

વીકાનેરના રાજા પૃથ્વીરાજની રાણી ચાંપાદેએ પતિને પોતાના ધોળા કેશપર પસ્તાવો કરતો જોઇને આવોજ દોહો કહ્યો હતો:—

નરાં નાહરાં ડિગમરાં પાકાં હી રસ હોય
...નરાં તુરંગાં બન ફલાં પક્કાં પક્કાં સાવ. (મહિલામૃદુવાણી)

(૫)—રૂદ્રાદિત્યતો મરી ગયો હતો. તે ઉદયન—વત્સરાજના મંત્રી યૌગંધરાયણની પેઠે પોતાના સ્વામીને બચાવવા માટે ગાંડાનો વેશ લઈ

પહોંચ્યો નહિ, પરંતુ મુંજના કેટલાક સહાયકો તૈલપની રાજધાનીમાં પહોંચી ગયા. તેમણે બંદીગૃહ સુધી સુરંગ કરાવી. નાસતી વખત મુંજે મૃણાલવતીને કહ્યું કે મારી સાથ ચાલો અને ધારામાં રાણી બનીને રહો. તેણીએ કહ્યું કે દાગીનાનો ડબ્બો લઇ આવું છું, પરંતુ તેણીએ એમ વિચાર કર્યો કે આધેડ એવી મને જો ત્યાં જઇને છોડી દે તો પછી ન ઘરની ન ઘાટની એવી સ્થિતિ પોતાની થાય એટલે તેણે બધી હકીકત પોતાના ભાઇ (તૈલપ)ને કહી દીધી. વત્સરાજની પેઠે ઘોષવતી વીણા અને વાસવદત્તાને લઈ નિકળી જવાની વાત તો દૂર રહી, પણ અહીં મુંજ ઘણી નિર્દયતાથી બંધાયો. તેની પાસે શેરીએ શેરીએ ભીખ મંગાવી. તેના વિલાપની કવિતામાં કેટલાક શ્લોકોની સાથે કેટલાક જૂની હિંદી-ગૂજરાતી કવિતા પણ છે કે જેની અહીં ચર્ચા કરવામાં આવે છે. ટૉની કહે છે કે છાપેલા પુસ્તકમાં કેટલાંક પ્રાકૃત કાવ્ય આ પ્રસંગનાં મૂક્યાં નથી કે જે એક પ્રતિમાં હતાં. સંભવ છે કે તેમાં કંઇ બીજી જૂની ભાષાની કવિતા હોય.

સઉ ચિત્ત હરિસઠ્ઠી મમ્મણહ સત્તીસ ડીહિયાં
હિયમ્મિ તે નર દ્દઠ્ઠ સીઝે જે વીસસઇ થિયાં.

પાઠાંતર—ચિત્તહસટ્ઠી મણહ, અસ્સી તે નર, હરિસટ્ઠી મમ્મણુ છત્તિ, હિઅમ્મિ, પંચાસ ડીહિયા, હિયમ્મી, સિય જે પત્તિજ્જઈ તાંહ, અમ્મી સીજે, પંતિઠવઈ તિયાંહ.

અર્થ—સહુ (ના) ચિત્તોને હર્ષિત કરવા (અથવા હરવા)ને અર્થે-માટે મદન-પ્રેમની વાતો રચવામાં દક્ષ-ડાહી એવી સ્ત્રીઓમાં જે વિશ્વાસ કરે છે તે નર હૃદયમાં દૃઢ (પાકીરીતે) દુઃખ પામે છે.

પાઠાંતરોથી આ દોહામાં કંઇ રૂપાંતર હોય એમ જણાય છે, 'જે પત્તિજ્જઇ તાંહ' (જે પતીજ-વિશ્વાસ રાખે છે તેને-યા તેનામાં) એ પાઠાંતરથી જણાય છે કે પૂર્વાર્દ્ધનો અંત કંઇ બીજી રીતે પણ હોય. 'મમ્મણહ બત્તીસ' નો અર્થ કામદેવની વાતો કરવામાં આવે છે, પરંતુ પાઠાંતરોમાં છત્તિ(સ), પંચાસ, એમ મળે છે તેથી સંભવ છે કે

આ બત્રીસની સંખ્યા પણ હોય; અગર તેમાં સ્ત્રીઓ કે પુરૂષોને મોહિત કરવાની કલાઓની પરિસંખ્યા હોય, જેવી રીતે વાણંદ—હજામને હિન્દીમાં છત્તીસા કે છપ્પના કહેવામાં આવે છે. આમાં છપ્પન્નાનો અર્થ ૫૬ કલાયુક્ત નહિ, પરંતુ છ બુદ્ધિવાળો [સં—ષટ્પ્રજ્ઞ) છે, ષટ્પ્રજ્ઞ એ બુદ્ધની ઉપાધિ પણ છે.

સઉ—સૌ, સહુ, હિં—સબ, રાજસ્થાની સૌ, સૌ; મારવાડી સેંગ (હૈડ.) **હરિસટ્ઠી**—હર્ષ અને અર્થ અથવા હર(ણ) અને સાર્થ આ. સાર્થ પરથી રાજસ્થાની સાઠે=હાઠે યા આટે—વાસ્તે. ગૂ૦ માટે, વાસ્તે. મરાઠી સાઠીં **મમ્મણહ**—મન્મથ—કામદેવની, અથવા માંહોમાંહિ મણમણ—ચડભડ કરવું. હ=ના. છઠી વિભક્તિ. **બત્તીસ**—વાતોમાં, ડીહિયાં—ડાહ્યા, ચતુર (સં. દક્ષ). ગૂજરાતી મારવાડી ડાહ્યા, ડીહિ એટલે દીર્ઘ—સરખાવો સં. દીર્ઘિકા એટલે વાવ—હિન્દી દિગ્ઘી, ડિગ્ગી, ડીઘી. **હિયમ્મિ**—આમાં 'મ્મિ' એ (સં. સ્મિન્ અને હિં. મેં તથા ગૂ૦ માં) એ બે વચ્ચેનો છે. દટ્ટ—દહ, **સીઝે**—સીઝાય છે, દુઃખ પામે છે. રાજસ્થાની સીઝના એટલે ગળવું, (દાળનું) —સં. સિધ્યતિ એ પરથી આવે છે. સંભવ છે કે અહીં પાઠ ખીજે એમ હોય કે જેનું સં. ખિદ્યતિ છે. (ગૂજરાતીમાં સીઝાય છે એ ચોખ્ખું વપરાય છે તેથી સીઝે એજ પાઠ યોગ્ય છે) **વીસસઇ**—વિશ્વાસ કરે છે પત્તિજ્જઇ—પતીજ એટલે પ્રત્યય—વિશ્વાસ રાખે છે. ગૂ૦ માં પતિયારો પણ વપરાય છે. હિં૦ પતીજતે હૈં, પ્રત્યય કરતે હૈં—સહસા જનિ પતિયાહુ (તુલસીદાસ). પંજાબીમાં પતિયાને નો અર્થ મનાવવું, રીઝાવવું પણ છે. **પંતિસ્વાઇ**—કેવલ પત્તિજ્જઇનો લેખ પ્રમાદ છે. અનુસ્વાર પર આગળ ટિપ્પણી જુઓ. થિયાં, તિયાંહ—સ્ત્રીઓમાં.

(૬)—ઝાલી તુટ્ટી કિં ન મુઉ, કિંન હુયઉ છારપુંજ
હિંડઇ દોરી બંધીયઉ, જિમ મંકડ તિમ મુંજ.
(ગૂજરાતીમાં બદલાવીએ તો
ઝાળી તુટી કાં ન મુઓ, કાં ન થયો છારપુંજ,
હિંડે દોરી બાંધિયો, જેમ મર્કટ તેમ મુંજ.

પાઠાંતર—ઝોલી તુટ્ટી વિ કિં ન કઉ, મુયઉ, છારહપુંજ, ઘરિઘરિ જિમ નચાવઈ જિમ, તુટવિ, ઝોલી ત્રુટી, હૂયઉ.

અર્થ—(આગમાં) બળીને યા (ફાંસીની દોરી) તોડી શા માટે ન મર્યો ? શા માટે રાખનો ઢગલો ન થયો ? (કે) દોરીથી બંધાયેલો રહી જેમ વાંદરો ફરે છે તેમ મુંજ (ફરે છે) પાઠાંતરોમાં—ઝોળી (ફાંસીનો પાશ) તોડી કરી પણ કંઇ ન કર્યું,...ઘરઘર જેમ નચાવવામાં આવે છે તેમ...

ઝાલી—બળીને સં. જ્વલ, રાજસ્થાનમાં આગની આંચ (જ્વાલા)ને ઝાલ કે ઝલ કહે છે. ગૂ૦ માં ઝાળ કહે છે. તુટ્ટી, તુટવિ–તૂટી, તોડી (સં. ત્રુટ્), **મુઅઉ**–મૃત (મુઓ); તે પ્રમાણેજ હુયઉ–થયો હિંદી હુઓ. કિં–કાં, શા માટે ? છાર–માત્રા માટે છર બોલો. **છાર** અને **રાખ** બંને ભસ્મના અર્થમાં એકજ દેશી પદના વ્યત્યય છે. સં. ક્ષાર (ખારૂં) સાથે કેવલ સાદૃશ્ય છે. રાખ પરથી સંસ્કૃત **રક્ષા** બનાવેલો છે. **હિંડઈ**—સં. હિંડતિ; હિંડે છે–હાલે છે–ચાલે છે. પંજાબી હંડના, એટલે ભટકવું જેમકે–ગલિયાં દા હંડના છડિ દેઈ કાન્હા, હુણ હોયા તૂ ઘરબારી–આ એક ગીતમાં છે. તેનો અર્થ એ છે કે હે કાન્હ ! તું ગલિઓમાં ભટકવું છોડી દે, હવે તું ઘરબારી–ગૃહસ્થી થયો છે. હુણ–સં. અધુના–હમણાં. **દોરી**—ઉપર જુઓ નં. ૩. **મંકડ**—સં. મર્કટ જૂના લહીઆઓ દ્વિત્વવાળા અક્ષર બતાવવા માટે બેવાર અક્ષર (જોડાક્ષર) લખવાના પરિશ્રમથી બચવા માટે અક્ષર પર અનુસ્વાર જેવું મીંડું મૂકતા હતા, તે કેટલાક શબ્દોમાં તેને ભ્રમથી 'ન' શ્રુતિ ગણવામાં આવી જેમકે સં. મર્કટ–પ્રા૦ મક્કડ; તેને મ૦કડ લખવામાં આવ્યું પછી ભ્રમથી મંકડ સમજાયું. સં. ખડ્ગનું પ્રા૦ ખગ્ગ. આમાં બે ગને બતાવવા લખાયું ખ૦ગ તે પછી ભ્રમથી ખંગ થયું. હિંદી–ખઙ્ગ. ઉપર નં. ૫ માં પતિજ્જઇનું પંતિજ્જઇ, સં૦માં અત્યદ્ભુતનું પ્રા૦ **અચ્ચબ્ભુઅ** થયુંને તેનું ગૂ૦ અચંબો, હિં. અચમ્ભા ઇત્યાદિ.

[પૂર્વકાલિક ક્રિયાના રૂપો પર ટિપ્પણ–સંસ્કૃત વૈયાકરણોએ **ત્વા**

(**गत्वा, कृत्वा**માંના) ને પૂર્વકાલિકની પ્રકૃતિ અને (**सत्कृत्य, संगत्य**)માંના '**य**' ને ધાતુની પહેલા ઉપસર્ગ આવવાથી વિકૃતિ માની છે, પરંતુ જૂની સંસ્કૃતમાં આવો ભેદ નથી. તેમાં **अकृत्वा** અને **गृह्य** એમ બંને રૂપો મળે છે. વેદમાં '**कृत्वाय**' મળે છે અને પાલીમાં '**छित्वान**' અને '**कातून**' મળે છે. આથી પાંચ જાતનાં રૂપ થયાં— **कृत्वा, कृत्वाय, कृत्वान, कर्तून, कर्य(कृत्य)**. સૂક્ષ્મ વિચાર કરતાં આ અવ્યય નહિ, પરંતુ '**०तु**' અંતવાળા ધાતુજ શબ્દની ત્રીજી અને ચોથીનાં રૂપોનાં હિન્દી '**से**' જણાય છે. **कृत्वा** એટલે હિં. કૃતુસે-કરનેસે-કરીને, ઇત્યાદિ. પ્રાકૃતમાં '**त्वा**' બિલકુલ નથી પણ 'ય' છે અને પાલી વાળા **त्वान, तून** પછી **तूण** યા **ऊण** થઇને મરાઠીમાં **घेउन, म्हणुन** ત્યાં સુધી પહોંચી ગયેલ છે અને મારવાડીમાં, કરીનૈ, લખીનૈ એમાં રહેલ છે ને ગૂજરાતીમાં કરીને, લખીને એમાં પણ તે છે. જૂની હિંદી યા જૂની ગૂજરાતીમાં અર્થાત્ અપભ્રંશમાં 'પેક્ખિવિ' 'બોલ્લિવિ' આદિ આવે છે. ત્યાં પણ ય એટલે ઇય એટલે ઇ છે. હિંદીમાં ય, ઇ ના રૂપમાં આવ્યા છે. (આઇ, સુનિ એટલે આય્ય, સુન્ય=સં. આયાય્ય, શ્રુણ્ય (!) હવે તો 'ઇ' પણ ઉડી ગયો છે, અને કર ધાતુના પૂર્વકાલિકનો અનુપ્રયોગ થાય છે જેમકે ખા કર=(જૂની હિં.) ખાઇ કરિ=પંજાબી, ખાઇ કરી=સં. ખાદ કર્ય (!) ગૂજરાતીમાં ઇ તથા ઇને પ્રત્યય છે જેમકે ખાઈ,-ખાઇને બોલી-બોલીને, આવી—આવીને, સુણી-સુણીને. (૭)—ગય ગય રહ ગય તુરગ ગય, પાયકડા નિભિચ્ચ,

સગ્ગટ્ઠિય કરિ મન્તણુ ઉમ્મુહું (તા ?) રુદાઇચ્ચ.

પાઠાંતર—પાયક્કડા, ઠકુર રુદાઇચ્ચ, ઉંમુહિ, મતણુ મહતા.

અર્થ—(જેના) ગજ, રથ, ઘોડા, પાયદળ ચાલ્યા ગયા છે અને જે નોકર વગરનો છે (તેવા મુંજને) હે સ્વર્ગસ્થિત રુદ્રાદિત્ય ! બોલાવી લે. તારી તરફ મોં કરેલો એવો-ઉન્મુખ હું છું.

ગય-ગત, ગયા, ગય-ગજ-હાથી, રહ-રથ, તુરય-તુરગ-ઘોડા, પાણુકકડા-તેમાં આવેલા 'ડા' માટે નં. ૧ માં 'સદેસડો' એ પરની

ટિપ્પણી જુઓ. **પાયક**-પેદલ, પદાતિ—જાકે હનૂમાનસે પાયક (તુલસીદાસ) **નિભિચ્ચ**-નિભૃત્ય-ભૃત્ય-નોકર વગર. **સગ્ગટ્ઠિય**-સ્વર્ગસ્થિત. **કરિ**-કર (આજ્ઞા) **મન્તણુ**-(આ)મંત્રણ, વાત કરવી, બોલાવવું, **ઉમ્મુહ**-ઉન્મુખ, **રૂદ્રાઇચ્ચ**-રૂદ્રાદિત્ય.

(૮)—મુંજ શેરીઓમાં ભીખ માંગતો ફરતો હતો. પહેલાં કેદીઓનું આવું અપમાન કરવામાં આવતું હતું. તેના હાથમાં પડિયો હતો. કોઈ સ્ત્રીએ છાસ પીવરાવી અને અભિમાન-ઘમંડથી માથું હલાવી ભીખ ન આપી. મુંજ બોલ્યોઃ—

ભોલિ મુન્ધિ મા ગવ્વુ કરિ, પિક્ખિવિ પડુ ગુપાંઈ
ચઉદસઈ સઈ છહુત્તરઇ, મુઞ્જહ ગયહ ગયાઈ.

પાઠાંતર—ધનવન્તી મ ગવ્વુ, પંડુરૂ આઇ-પટ્ટકરૂપાણિ, પડુકયાણિ, પડુકરૂપાણિ, ચઉદસઇ, છઉત્તર.

અર્થ—હે ભોળી ! હે મુગ્ધા ! (પાઠાંતરમાં હે ધનવંતી) મને હાથમા પડિયો લેતો જોઇ ગર્વ મ કર; ચૌદસો છોંતેર મુંજના હાથી (ચાલ્યા) ગયા.

મુન્ધિ—સં. મુગ્ધા. મારવાડીમાં મોંધા મૂર્ખને કહે છે. આમાંનો 'ન' પણ સં. મુગ્ધ. પ્રા૦ મુદ્ધના દ્વિત્વસૂચક ચિન્હથી બન્યો છે. જુઓ નં. ૬ માં 'મંકડ' પર વ્યાખ્યા. **પિક્ખિવિ**-પેખીને-જોઇને **પડુગા**-પડીઓ, અથવા ભીખ માગવાનું માટીનું પાત્ર. **પાંઇ**-પાણિ, હાથ, **સઇ**-સો, **ચઉદ્દસઇ, સઇ, છહુત્તરઈ, ગયાઇ**-એમાં ઇ છે તે કર્ત્તા કારકની નાન્યતર જાતિનું બહુવચન (સં. નિ) છે.; અને **મુંજહ, ગયહ**-એમાં 'હ' સંબંધકારક-છઠ્ઠી વિભક્તિ છે.

(૯)—જા મતિ પચ્છઇ સંપજ્જઇ, સા મતિ પહિલી હોઇ,
મુંજ ભણઈ મુણાલવઇ, વિઘન ન વેઢઈ કોઇ.

અર્થ—જે મતિ પછી સાંપડે છે (હોય છે) તે મતિ પહેલી થાય તો મુંજ ભણે છે-કહે છે કે હે મૃણાલવતિ ! કોઈ વિઘ્ન ઘેરે નહિ-ખમે નહિ.

જા સા–જે તે (નારી જાતિ), **સંપજ્જઇ**–સં. સંપદ્યતે. સં+પદ્
–સંપજવું સંપજે–કવિતામાં વપરાય છે–સાંપડવું, નિસ+પદ=નિપજવું
વેઢઇ–ઘેરે, કાઠીઆવાડમાં વેંઢારવું–ખમવું એ અર્થમાં વપરાય છે, ખમે,
પંજાબીમાં વેડા–ઘેરેલું મકાન–જનાનો. વેડી પૂરી–વચમાં કચોરીની પેઠે
ભરેલી પુરી. આ સાખીનો અર્થ એ છે કે વિઘ્નને કોઇ વહતું–ઉઠાવતું
–ખમતું નથી. ટૉની એ અર્થ કરે છે કે 'કોઇ (મારા માર્ગમાં)
વિઘ્ન નાંખતું નથી.'

(૧૦)—સાયર ખાઇ લંક ગઢ, ગઢવઇ દસસિરિ રાસ,
ભગ્ગક્ખય સો ભજ્જિ ગય, મુંજ મ કરિ વિસાસ.

અર્થ—સાગર ખાઈ, લંકા ગઢ અને દસ માથાનો રાજા (રાવણ)
તે ગઢપતિ–ભાગ્યનો ક્ષય થતાં તે ભાંગી ગયા–નષ્ટ થયા (તો) હે
મુંજ !, વિષાદ–ખેદ મ કર.

ગઢવઇ–ગઢપતિ. ગઢવી એ શબ્દ પણ તે પરથી છે કે જેઓ
મૂળ ગઢની રખેવાળી કરતા હોવા ઘટે. આ ગઢવીની જાત કાઠિયાવાડમાં
છે. સરખાવો ચક્રપતિ–ચક્કવઇ–ચકવે, **ભજ્જિગય**–તૂટી ગયા, ભાંજી–
ભાંગી ગયા એમાં ભંજૂ ધાતુ છે. સંસ્કૃતમાં ભગ્નનો અર્થ તૂટેલું, ભાં-
ગેલું, હારેલું થાય છે તે પરથી હિંદીમાં ભાગના બના, થયું છે. આગળ
જુઓ 'અહ ભગ્ગા અમ્હસખા' આદિ.

પ્રકરણ ૪ થું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો (અનુસંધાન).

૨૩૨—[**રાજા મુંજ એ જૂની હિંદી–ગૂજરાતીનો કવિ**—
ધારના પરમાર રાજા મુંજ તે વાકપતિરાજ બીજો, ઉત્પલરાજ, અમોઘવર્ષ,
પૃથ્વીવલ્લભ અથવા શ્રીવલ્લભ. તેણે કલ્યાણના સોલંકી રાજા તૈલપ
બીજા પર ચઢાઇ કરી અને તૈલપે તેને હરાવી નિર્દયતાથી માર્યો–એનો

ઐતિહાસિક સત્ય છે, કારણ કે ચાલુકયોના બે લેખોમાં આ વાતનો સાભિમાન ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુંજના મંત્રીનું નામ રુદ્રાદિત્ય હતું–તે તેના વિ. સં. ૧૦૩૬ (ઈ. સ. ૯૭૯)ના દાનપત્રથી પ્રકટ છે. મુંજનું પ્રથમ દાનપત્ર સં. ૧૦૩૧ નું છે અને તેનું મૃત્યુ તેના રાજ-કાલમાં દિગંબરાચાર્ય અમિતગતિએ સુભાષિતરત્નસંદોહ પૂર્ણ કર્યો તેના વિ. સં. ૧૦૫૦ થી અને તૈલપના મૃત્યુ સંવત્ ૧૦૫૫ ની વચ્ચે થયેલું હોવું ઘટે. આ રાજા મુંજ વિક્રમની અગ્યારમી શતાબ્દીના બીજા ચરણમાં હતો. (મુંજ તથા ભોજના કાલનિર્ણય માટે જુઓ નાગરી પ્રચારણી પત્રિકા નવીન સંસ્કરણ ભાગ ૧ અંક ૨. પૃ૪ ૧૨૧ થી ૧૨૫, અને ગૌ૦ હી૦ ઓઝાજી કૃત ' સોલંકિયોંકા ઇતિહાસ ' પ્રથમ ભાગ પૃ. ૭૬ થી ૮૦) પ્રબંધ–ચિંતામણિમાં લખ્યું છે કે મુંજને મારી નાંખ-વાના સમયે તેણે કહ્યું હતું કે 'લક્ષ્મી ગોવિંદ પાસે ચાલી જશે, વીરશ્રી વીરોને ઘેર ચાલી જશે, પરંતુ યશઃ પુંજ એવો મુંજ મરી જતાં સરસ્વતિ નિરાલંબ થશે.' આ મુંજની રચના ન હોય ને તે સમયના કોઇ કવિની હોય, છતાં એમાં નો સંદેહ નથી કે તે વિદ્યા અને વિદ્વા-નોનો અવલંબ–આધાર હતો. તેના સમયમાં ઉપર જણાવ્યા પ્રમાણે અમિતગતિએ 'સુભાષિતરત્નસંદોહ' એ ગ્રંથ બનાવ્યો. સિન્ધુરાજનાં કીર્તિકાવ્ય, નવસાહસાંક ચરિતના કર્ત્તા પદ્મગુપ્ત, ધનપાલ (તિલકમંજ-રીના કર્ત્તા જૈન પ્રસિદ્ધ કવિ), દશરૂપના કર્ત્તા ધનંજય અને તેના ટીકાકાર હલાયુધ તેના સમયમાં હતા. પ્રબંધોમાં અને સુભાષિતાવલિ-ઓમાં મુંજના બનાવેલા કેટલાયે શ્લોક આપ્યા છે અને ક્ષેમેંદ્ર કે જે મુંજ પછી ૫૦ વર્ષે થયો છે તેણે મુંજનો એક શ્લોક ઉધ્ધૃત કર્યો છે.

૨૩૩–હવે એ પ્રશ્ન ઉઠે છે કે જે દોહાઓની વ્યાખ્યા ઉપર કરવામાં આવી છે તે શું મુંજે સ્વયં બનાવ્યા છે ?–ઉપરના ૧૦ મા નંબરના દોહાની વ્યાખ્યામાં શાસ્ત્રી કહે છે કે તે ' રિપુનારીવાક્ય ' છે, પરંતુ તેમાં મુંજે પોતાનેજ સંબોધન કર્યું હોય તો તેમાં શું નવાઇ છે ? પ્રબંધ ચિંતામણિકારના સમય (સં.–૧૩૬૧) સુધી તો આ ઐતિ-

હાસિક વાત હતી કે દોહા મુંજના છે. જે શ્લોક બીજા કવિઓના બનાવેલા જાણવામાં આવ્યા છે અને આ પ્રબંધકારોએ બીજા કવિઓ યા રાજાઓને શિરે ચડાવ્યા છે તે કારણે આવા પ્રસિદ્ધ દોહા પર સંદેહ કરી શકાતો નથી. આવા દોહા દંતકથામાં રહી જાય છે અને દંતકથાઓ સિવાય તેની રચનાના સંબંધમાં કોઈ પ્રમાણ નથી. વીકાનેરના પૃથ્વી-રાજે રાણા પ્રતાપપર સોરઠા લખી મોકલ્યા, માનસિંહને અકબરે 'સબી ભૂમિ ગોપાલકી' વાળો દોહો લખી મોકલ્યો, નરહરિ કવિનો ' અરિહુ દંત તૃન ગહહિં ' વાળો છપ્પો અકબર આગળ મૂકવામાં આવ્યો. ' બ્રહ્મ ભનૈ સુન શાહ અકબ્બર ' આદિ દોહા બીરબલનાજ છે, તુલ-સીવાળી યુક્તિ પ્રયુક્તિ ખાનખાના અને તુલસીદાસ વચ્ચે થઇ હતી— ઇત્યાદિ વાતોના ઐતિહાસિક પ્રમાણ સિવાય બીજું કયું પ્રમાણ છે ?

૨૩૪. તે પ્રમાણ એ માનવાનું છે કે અગ્યારમી શતાબ્દીના બીજા ચરણમાં પ્રસિદ્ધ વિદ્યાપ્રેમી ભોજનો કાકા પરમાર રાજા મુંજ જૂની હિંદી–જૂની ગૂજરાતીનો કવિ પણ હતો. એક બીજું પ્રમાણ છે–શ્રી હેમચંદ્રના વ્યાકરણમાં જે અપભ્રંશનાં ઉદાહરણ આપ્યાં છે તેમાં એક દોહો એ છે કેઃ—

> બાહ બિછોડવિ જાહિ તુહું, હઉં તેવંઇ કો દોસુ,
> હિયઅટ્ઠિય જઇ નીસરહિ, જાણુઉં મુંજ સરોસુ.

અર્થાત્—બાંય વિછોડી–અલગા કરી તું જાય છે, હું પણ તેવી રીતે જાઉં છું (તેમાં) શું–કયો દોષ છે ? હૃદયમાં સ્થિત થયેલ જો (તું) નીકળી જા, તો મુંજ (કહે છે કે હું) જાણું (કે તું) સરોષ છો. ચોથા ચરણનો આ પણ અર્થ થઇ શકે છે કે ' તો હું જાણું કે મુંજ સરોષ છે '. આ બીજો અર્થ સીધો જણાય છે પરંતુ મુંજની કવિતાઓમાં નામ આપવાની રીત જોતાં પહેલો અર્થ પણ અસંભવિત નથી. આ દોહો હેમચંદ્ર પહેલાંનો છે. આથી બેજ પરિણામ આવી શકે છેઃ—એક તો એ કે સૂરદાસ (?)ના

' બાંહ છુડાએ જાત હો, નિબલ જાન કે મોહિ,
હિરદે સે જબ જાહુગે, તો મૈં જાનૌં તોહિ.

એ દોહાનો પિતામહ ' બાહ બિછોડવિ ' આદિ દોહાનો કર્ત્તા રાજા મુંજ હતો અને આ મુંજના નામથી અંકિત દોહો સં. ૧૧૯૯ (કુમારપાલના રાજ્યાભિષેકનો સમય કે જે પહેલાં તો હેમચંદ્રનું વ્યાકરણ રચાયું હતું) થી પહેલાં પ્રચલિત હતો; બીજું પરિણામ એ કે જો બીજો અર્થ લઇએ તો જે નાયિકાએ લપસણી ભૂમિવાળો દોહો (ઉપર સંખ્યા ૩ નો) મુંજને લખ્યો હતો તેની કૃતિ આ પણ હોય. બંને અવસ્થાઓમાં કાંતો મુંજને કવિ માનવો પડશે, અને કાંતો આ દોહાઓને તેના સમયમાં રચાયેલા માનવા પડશે. ઓછામાં ઓછું એ તો માનવું પડશે કે આ દોહા સં. ૧૧૯૯ (પૃથ્વીરાજ રાસોના કલ્પિત સમયથી ૫૦ વર્ષ પહેલાં) થી કેટલોક સમય પહેલાંની રચના છે જેથી તે સમયે કાંતો મુંજે રચેલો અને કાંતો મુંજને પ્રેષિત થયેલો માનવામાં આવતો હતો.

(૧૧) **ભોજને** ત્યાં એક સરસ્વતી કુટુંબ આવ્યું કે જેની ખબર **ભોજના** સેવકે એક સંસ્કૃત-દેશીથી મિશ્રિત શ્લોક બનાવી આપી:—

બાપો વિદ્વાન્ બાપપુત્રોઽપિ વિદ્વાન્
આઈ વિદુષી આઈધુઆપિ વિદુષી,
કાણી ચેટી સાપિ વિદુષી વરાકી
રાજન્ મન્યે વિજ્જપુઞ્જં કુટુમ્બમ્.

અર્થ—બાપ પણ વિદ્વાન છે, બાપનો પુત્ર પણ વિદ્વાન્ છે; મા વિદુષી પંડિતા છે, માની બેટી પણ વિદુષી છે, બીચારી કાણી દાસી છે તે પણ વિદુષી છે. રાજન્ ! માનું છું કે કુટુંબ વિજ્ઞોનો પુજ છે.

પાઠાંતર—વપ્પો, વિદ્રી, વિધ્રી, વિદુસી, વિજ્ઞ, વિદ્દ કેવલ લેખપ્રમાદ છે.

બાપ—પિતા. આ દેશી શબ્દ છે, પરંતુ હેમકોશના શેષકાંડમાં સંસ્કૃત માનેલો છે. પ્રબંધચિંતામણિમાં તેનું સંસ્કૃત રૂપ વપ્તૃ (વપ્તા—

બીજ વાવનાર) પણ આવ્યું છે (પૃ. ૩૦૧) (જુઓ ના. પ્ર. પત્રિકા ભાગ ૧ અંક ૩ પૃ. ૨૪૯ ટિપ્પણ ૧૬) **આઈ**—મા, માતા (મરાઠી આઇ), **ધુઆ**–પુત્રી સં. દુહિતા પંજાબી ધી, **વિજ્જ**–વિજ્ઞ.

(૧૨)—રાજાએ તેમાંથી જ્યેષ્ઠની પત્નીને સમસ્યા કરી કે-'કવણુ પિયાવઉ ખીરૂ ?'–તેણીએ તેની પૂત્તિ કરી કેઃ—

જઇ યહ **રાવણુ** જાઇયઉ, દહમુહ ઇક્કુ સરીરૂ,
જણુણી વિયમ્ભી ચિન્તવઇ, કવણુ પિયાવઉ ખીરૂ.

પાઠાંતર—જેઈ.

અર્થ—જ્યારે આ રાવણ દશ મુખ અને એક શરીરવાળો જન્મ્યો ત્યારે માતા અચંબામાં (આવી) ચિંતવે છે કે કયા (મુખ) ને દૂધ પીવરાવું ? (જુઓ આ દોહા પૃ. ૨૧૫ નં. ૩૪.)

જાઇયઉ—જાયો, રાણીજાયો, રાયજાયો,–રાયજાદો. **વિયમ્ભી**– વિસ્મિતા, **ચિંતવઈ**–ચિંતવે, **કવણુ**–કોણ, કયા, **પિયાવઉ**–પિવરાવું– પીવારૂં કાઠિયાવાડી. **ખીર**–સં. ક્ષીર, દૂધ. સિંધીમાં ખીર અત્થિ ?=દૂધ છે ?

(૧૩)—બીજી સમસ્યા એ કરી કે, કંઠિ વિલુચ્છઇ કાઉ ?–આની પૂર્તિ કાણી ચેટીએ એવી રીતે કરી કેઃ—

કાણુ વિ વિરહકરાલિઇ, પઈ ઉડ્ડાવિયઉ વરાઉ,
સહિ અચ્ચભૂઉ દિટ્ઠુ મઈં, કંઠિ વિલુચ્છઇ કાઉ ?

પાઠાંતર—અચ્ચિભૂ, 'અચ્ચબ્ભુઅ' ઠીક લાગે છે.

અર્થ—કોઇ વિરહથી દુઃખિત સ્ત્રીએ બીજાઇને બીચારા પતિને ઉડાવ્યો. હે સખિ ! મેં આ અતિ અચરજ જોયો કે (તેણી) હવે કેના કંઠને વળગે ?–કેના કંઠનો આશ્રય લે ?–કલહાંતરિતા પહેલાં તો પતિને ભગાડી દીધો પછી હવે માન ગયું ત્યારે પસ્તાય છે કે હાય ! કેના ગળામાં લપટાઉં ? (જુઓ આ દોહો બીજા રૂપમાં પૃ. ૨૧૬ નં. ૩૫.)

કાણુ—કોઇથી યા કોઇ રીતે **કરાલિઇ**–કરાલિતાએ **પઇ**–પતિ, ઉડ્ડાવિયઉ–ઉડાવ્યો, **વરાઉ**–વરાક–બિચારો, બાપડો. **અચ્ચભૂઉ**–અત્ય-

દ્ભુત જુઓ ઉપર નં. ૬. દિટ્ઠુ–દીઠો, જોયો. મઈ–મેં કર્મ–વાચ્યમાં કર્તા કારક. કંઠિ–કંઠે–કંઠમાં વિલુચ્છઈ–લટકે, વળગે, કાઉ–કેના

આ બંને દોહા કુમારપાલ પ્રતિબોધમાં કંઇક પાઠાંતરવાળા બીજા પ્રસંગે છે. અગાઉ જુઓ પૃ. ૨૧૫ અને ૨૧૬.

(૧૪)—એક સમયે ભોજ રાત્રે નગરમાં ફરતો હતો ત્યાં એક દિગંબરને એક ગાથા બોલતા સાંભળ્યો. બિચારો તે દિગંબર તો થઇ ગયો હતો, પણ મનની હોંશ પૂરી થઇ નહોતી. બીજે દિને ભોજે તેને બોલાવ્યો અને તેનો મનસૂબો જાણી પોતાનો સેનાપતિ બનાવ્યો. પછી તે કુલચંદ્રે અણહિલપટ્ટન જીતી જયપત્ર પ્રાપ્ત કર્યું. આ ગાથાનો દોહો એ છે કેઃ—

> એઉ જમ્મુ નગ્ગુહં ગિઉ, ભડસિરિ ખગ્ગુ ન ભગ્ગુ,
> તિક્ખાં તુરિયાં ન માણિયાં, ગોરી ગલિ ન લગ્ગુ.
> **પાઠાંતર**—આઉ (=આયુ), નિગ્ગહં, નગ્ગહં.

અર્થ—આ જન્મ નકામો ગયો, (કારણ કે) ભડ (વીર)ના શિરપર મારી તલવાર ભાંગી નહિ, તીખા (તેજી) તુરગ–ઘોડાનો ઉપભોગ કર્યો નહિ તેમ ગોરી (યુવતી)ના ગળે વળગ્યો નહિ.

શાસ્ત્રીએ ' ભડસિરિ ખગ્ગ ' ને એક પદ લઇ અર્થ કર્યો છે ' ભટ્ટ શ્રી ખડ્ગઃ '. તિક્ખાનો અર્થ ' તીક્ષ્ણ સ્ત્રી કટાક્ષ ' કર્યો છે, અને ' તુરિયા ' નો અર્થ ' તૂલિકાદિ શય્યોપકરણ ' (રામાયણની ' તુરાઈ ') –ગૂજરાતી તળાઇ; ટૅાની ' તુરિયા 'નો અર્થ કર્કશ–સ્વર–યુક્ત વાજિત્ર (સં. તૂર્ય) કરે છે.

એઉ—એહ, એ, **નગ્ગુહં**–નિગ્રહ સં. નિષ્ફલ.–શાસ્ત્રી કહે છે કે નગ્નોઽહં–હું નાગો છું–દિગંબર છું વા નિર્ગૃહ છું. **ભડ**–કાઠીઆવાડમાં ટોણામાં વપરાય છે–જો તું ભડ–ભડનો દીકરો હો તો. મારવાડીમાં વીર માટે 'ભડ' કહે છે–વિશેષે કરી ટોણું મારતાં. ભડવીર એ ગૂજરાતીમાં વપરાય છે.

માણિયાં—માણ્યાં, ઉપભોગ કર્યો. સં. મંડન કર્યું. સરખાવો મારવાડી-' સેજાં માણીજ્યો, ગોરીને માણુજ્યો ઢોલા (ગીત). **ગોરી**–નાયિકા માટે સાધારણ શબ્દ છે. હજુ પણ હિંદી પંજાબી રાજસ્થાની ગૂજરાતી ગીતોમાં આવે છે. હેમચંદ્રે પણ આ શબ્દનો આ અર્થનો ઉલ્લેખ કર્યો છે.

(૧૫.) પ્રબંધ ચિંતામણિની એક પ્રતમાં તે હોંશવાળા કુલચંદ્ર (કે જે કવિ પણ હતો અને જેને સુંદર કવિતા માટે ભોજે એક સુંદર દાસી આપી હતી) નો એક દોહો બીજો આપ્યો છે કે:—

નવ જલ ભરીયા મગ્ગડા, ગયણિ ધડક્કઇ મેહુ
ઇત્થન્તરિ જરિ આવિસિઇ, તઉ જાણીસિઇ નેહુ.

અર્થ—માર્ગ (મારગડો) નવા પાણીથી (વરસાદના પાણીથી) ભર્યો છે, ગગનમાં મેઘ ધડકે છે. આ અંતર (અવસર) પર જો (તું) આવશે તો નેહ જણાશે. મુંજની રસીલી તો વરસાદમાં આવવાનો અસંભવ જાણી ' ગમાર ' નાયકને તેની પહેલાંજ બોલાવતી હતી; પરંતુ કુલચંદ્ર તેજ–વરસાદના સમયમાં આવવાનેજ સ્નેહની પરીક્ષા માને છે.

ભરિયા—ભરેલા **મગ્ગડા**–જુઓ ' સંદેસડો ' નં. ૧ માં **જરિ**–જ્યારે સં. યદિ. મારવાડીમાં જર, જરાં હમણાં પણ સમયવાચક જ્યારેને માટે વપરાય છે. **જાણીસિઈ**–જાણ્યો જશે. સં. ' સ્ય ' નો ' સિ ' થયેલ છે.

(૧૬)—ભોજે સભામાં બેસી ગૂજરાતીઓના ભોળપણની હાંસી કરી. તેમાં ગૂજરાતના એક માણસે કહ્યું કે અમારા ગોવાલીઆ–ભરવાડ પણ આપના પંડિતો કરતાં ચડી જાય તેવા છે. આ સમાચાર જાણી ગૂજરાતના રાજા **ભીમ** (સોલંકી) એ એક ગોવાળ **ભોજ**ની પાસે મોકલ્યો. તેણે તે રાજાને એક દોહો સંભળાવ્યો જેથી રાજાએ તેને સરસ્વતી કંઠાભરણ ગોપની ઉપાધિ આપી.

ભોય એહુ ગલિ કણ્ઠુલઉ, ભણુ કેહઉ પડિહાઇ;
ઉરિ લચ્છિહિ મુહિ સરસિતિ હિ, સીમ નિબદ્ધી કાઇ.

પાઠાંતર—ભોજ એવ હુ કણ્ઠલઉ, સ્તંભલઉ, કંચુલ, લચ્છિહિં, કાઇ, સીમ વિહલી કોઇ; પાઠાંતરોમાં અધિકરણ–કારક વાળાં પદ 'ઇ' વગરનાં પણ છે.

અર્થ—ભોજ ! ભણ–કહે તો ખરો, કે આ (તારા) ગળામાં કાંઠલો (આભૂષણનું નામ) કેવો લાગે છે ? ઉરમાં લક્ષ્મી અને મુખમાં સરસ્વતીની વચમાં આ શું સીમા બાંધી છે ? વિદ્વાન્ રાજાના મોંમાં સરસ્વતી અને પ્રભુના ઉરમાં લક્ષ્મી–વચમાં કાંઠલો શું થયો ?--જાણે કે બંનેના રાજ્યની મર્યાદા બતાવે છે.

કંઠુલઉ—કાંઠલો, ગળાનું ધરેણું, **કેહઉ**–કેવો, **પડિહાઇ**–સં. પ્રતિભાતિ. **નિબદ્ધી**–નિ+બાંધી, **કાંઈ**–કાં, શામાટે, શું.

(૧૭)—એક સમય ભોજ વીરચર્યાથી રાત્રે નગરમાં ફરતો હતો ત્યાં તેણે કોઈ દરિદ્રની સ્ત્રીને નીચેનો દોહો બોલતાં સાંભળી—

માણુસડા દસદસ દસા, સુનિયઈ લોય પસિદ્ધ;
મહ કન્તહ ઇક્કજ દસા, અવરિ તે ચોરિહિં લિદ્ધ.

પાઠાંતર—માણુસડી, દસ દસ હવઇ, માણુસડા (દસ દસ) દસઈ દેવેહિ નિમ્મવિયાઈ, મુજઝ, નવોરહિં હરિયાઇ, તે વોરહિં હરિયાઇ, નવોરહિં લિદ્ધ. પાઠાંતરોથી જણાય છે કે આ દોહાના બે પાઠ છે. એકમાં તો સિદ્ધ લિદ્ધ પ્રાસ છે, બીજામાં નિમ્મવિયાઈ હરિયાઇ એમ પ્રાસ છે.

અર્થ—મનુષ્યની દશ દશ દશાઓ લોક પ્રસિદ્ધ સંભળાય છે અથવા દશ દશ દશા દેવતાઓએ બનાવી છે. અર્થાત્ આખા જન્મમાં દશ દશા બદલે છે, પરંતુ મારા કંથની એકજ દશા (દારિદ્રય) છે અને (જે હતી) તે ચોરોએ લઈ લીધી (અથવા બીજી પણ બીજાઓએ લઇ લીધી.)

સરખાવો—હસ્તિનાં દશવર્ષપ્રમાણા દશ દશાઃ કિલ ભવંતિ– (હર્ષચરિતની) સંકેત ટીકા.

માણુસડા—સંબંધ-કારક છઠ્ઠીના 'ણા' અને 'ડા' માટે જુઓ નં. ૧. **ડી**-દશા એકવચનને માટેની નારીજાતિ છે. ડા-બહુવચન. **હુવઇ**-હોય છે, **સુનિયઇ**-કર્મવાચ્ય-કર્મપ્રયોગ. **નિમ્મવિયાઇં**-નિર્મિતિ કરવામાં આવી (સં. નિર્માપિતાનિ) પ્રેરણાર્થકમાં પ(વ)ને માટે જુઓ ના. પ્ર. પ. ભાગ ૧ અંક ૪ પૃ. ૫૦૭ ટિપ્પણી ૧૧. **મુજઝ**-મારૂં સંસ્કૃતમાં 'મહ્યં તુભ્યં' ચોથીના છે, ચોથી અને છઠ્ઠીનો પ્રયોગ વૈદિક ભાષામાં કંઇપણ ભેદ વગર થતો હતો. વૈદિક ભાષામાં 'તુભ્યં'-છઠ્ઠીના અર્થમાં પણ વપરાયો છે-મમ તુભ્યં ચ સંવનનં તદગ્નિરનુમન્યતામ્-**મહ, કંતહ**-તેમાં હ સંબંધ-કારકનું ચિન્હ છે. **ઇક્કજ**-માં જ તે ગૂજરાતીમાં પણ જ વપરાય છે-તેનો અર્થ કેવળ થાય છે. હિંદીમાં 'હી' વપરાય છે. મારવાડીમાં પણ હજુ સુધી વપરાય છે જેમકે-આપરોજ કામ, એકજ ઝૂંપો (ઝૂંપડું). **અવરિ**-બીજી સં. અપરા છે. ટૉની અનુસાર ઉપરિ એટલે ઉપર, અધિક એ અર્થ નથી. **નવોરહિં**-નવ+ઓરહિં. હિંદીમાં પણ ઓર છે તે અપર એટલે અવરથી બન્યું છે. સંવત્ ૧૯૨૨ સુધી જૂના પંડિતો હિંદીમાં અવર એમ લખ્યાં કરતા હતા જેમકે અવર જબ અઇસા હોય તબ (એક પત્ર પરથી) **લિદ્ધ**-સં. લબ્ધ. મારવાડી ગુજરાતી લીધી. **હરિયાઇં**-હરી લીધી-લઇ લીધી.

(૧૮). મરતી વખતે **ભોજે** કહ્યું હતું કે સ્મશાનયાત્રા વખતે મારા હાથ નનામી બહાર રાખવા. ભોજનું આ વચન લોકોને એક વેશ્યાએ કહ્યું કેઃ—

> કસુ કરૂરે પુત્ર કલત્ર ધી, કસુ કરૂરે કરસણ વાડી,
> એકલા આઇવો એકલા જાઇવો, હાથ પગ બે ઝાડી.

અર્થ—અરે ! પુત્ર, સ્ત્રી, કન્યા કોના છે ? ખેતીવાડી કોના છે ? (અથવા આખી વાડી કોની છે ?) એકલું આવવું છે ને બંને હાથ પગ ઝાટકીને એકલું જાવું છે.

'કસુ કરૂ' નો અર્થ ટૉનીએ 'કેનો હાથ' એમ કર્યો છે અને શાસ્ત્રીએ 'શું કરૂં' એમ કર્યો છે. 'પુત્ર કલત્ર' એ બંનેને સંબોધન માન્યો છે અને ધી એટલે કન્યાને બંને ભૂલી ગયા છે. **કસુ કરૂ**-સં. કસ્ય કેરકઃ, **ધી**-પુત્રી જુઓ ઉપર નં. ૧૧ **કરસણુ**-ખેતી યા કૃત્સ્ન-આખી (શાસ્ત્રી); **આઇઓ, જાઇઓ**=ટૉનીએ આવું છું, જાઉં છું એમ અર્થ કર્યો છે. **બે**-એજ શબ્દ ગૂજરાતીમાં વપરાય છે.

(૧૯). **સિદ્ધરાજ જયસિંહ** સમુદ્રકિનારે ફરતો હતો. એક ચારણે તેની સ્તુતિની કવિતા કહી તેમાંથી એક સોરઠો (?) આપ્યો છે—

કો જાણઈ તુહ નાહ ચિત, તુ હાલેઇ ચક્કવઇ લઉ
લંકહલે વાહમગ્ગુ, નિહાલઈ કરણુ ઉત્તુ.

પાઠાંતર—કૈ, હાલંતુ, લંકકાલે, ચકકવઇ લહુ.

અર્થ—સિદ્ધરાજને સમુદ્ર તરફ જોતો જોઇ ચારણ કહે છે કે નાથ! તમારા ચિત્ત (ની વાત)ને કોણ જાણે છે? તું ચક્રવર્તી (૫૬) લઉં એમ ચાલે છે-ચાલ કરે છે-એવી ચેષ્ટા કરે છે; કર્ણનો પુત્ર (સિદ્ધરાજ) લંકા ફલને (લેવા માટે) વહાણનો માર્ગ નિહાળે છે.

હાલેઈ—હાલે છે-ચાલે છે. (સં. જંઘાલયતિ, શાસ્ત્રી) **લઉ**-લેવા (સં. લબ્ધું, શાસ્ત્રી) **લંકહલે**-લંકા ફલને **વાહ**-વહાણનું ચાલવું. **કરણુઉત્તુ**-કર્ણપુત્ર રાજસ્થાની કરણોત. પિતાના નામના ગૌરવથી પુત્રને સંબોધન કરવું એ ચારણ કવિતા (ડિંગલ)નું પ્રસિદ્ધ લક્ષણ છે.

(૨૦) **સિદ્ધરાજ જયસિંહે વર્દ્ધમાનપુર** (વઢવાણ)ના આભીર રાણક-રાણા [૩૪]**નવઘન** પર ચડાઈ કરી અને કિલ્લાની દીવાલ તોડી તેને દ્રવ્યની વાસણિગો-વાંસડીઓ (થેલીઓ)ના મારથી મારી નાંખ્યો.

---

૩૪ ગિરનારના ચૂડાસમા યાદવોની રાજાવલીમાં કેટલાય નવઘણ નામના રાજાઓનો ઉલ્લેખ છે. સંભવિત છે કે તે ચોથો નવઘન હોય અને ખેંગાર તેનું ઉપનામ હોય. ફાર્બસે રાસમાળામાં ખેંગારને નવઘનનો પુત્ર કહ્યો છે. ખેંગાર અને નવઘન એ નામ આ રાજાઓમાં અનેક વખત આવ્યાં છે.

નવઘનથી રાણી રાણકદેવીનું શોકવાક્ય એ છે કે:—

સઇરૂ નહીં સરાણઇ, કુલાઇઉ નકુલાઈ ઇ;
સઇ સઉ ષઙ્ગારિહિં પ્રાણકઈ વઇસાનરિ હોમીઇ.

પાઠાંતર—સયરૂ, નહિં, રાણુ, ન કુલાઇ ન કુલાઇ, સઈ, પાણુ, કિન વઇસારિ હોમિયા.

અર્થ—હે સખિઓ ! તે રાણો પણ નથી, (અમારૂં) કુલ પણ હવે નકુલ (–નીચકુલ) છે, (હું) સતી, ખેંગારની સાથ પ્રાણોને વૈશ્વાનર (અગ્નિ)માં હોમું છું.

સઇરૂ—સઇયરો–સખિયો. રૂ–બહુવચન **સઇ**–સતી **પ્રાણકઇ**–પ્રાણને, **વઇસાનરિ**–વૈશ્વાનરમાં–રાજસ્થાની વૈંસાદર. **હોમીઈ**–હોમું છું. **હોમિયા**–હોમ્યા.

(૨૧) રાણા સવ્વે વાણિયા, જેસલુ બડ્ડઉ સેઠિ
કાહૂં વણિજડુ માણ્ડીયઉ, અમ્મીણા ગઢ હેઠિ.

અર્થ—સર્વ રાણાતો (નાના) વાણીઆ છે, જૈસલ (સિદ્ધરાજ જયસિંહ) વડો શેઠ છે. શું વાણિજ્ય–વેપાર અમારા ગઢની હેઠે–નીચે (તેણે) માંડયો છે.

(ટૅાનીએ ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કર્યો છે કે વાણીયાના ધંધાની કેવી રીતે શોભા થઇ ? અમારો ગઢ નીચે પડી ગયો !)

સવ્વે–સં. સર્વે. **બડ્ડઉ**–વડો–મોટો **વણિજડુ**–જુઓ સંદેસડઉ નં. ૧ માં, **માંડીયઉ**–જુઓ માણિયા નં. ૭. **અમ્મીણા**–અમારા જુઓ નં. ૧ **હેઠિ**–હેઠે–નીચે. પંજાબી હેઠ, જેમકે ઔર જેઠ સબ હેઠ (રામકહાની).

(૨૨) તઈ ગડૂઆ ગિરનાર, કાહૂં મણિ મત્સરૂ ધરિઉ
મારીતાં ષઙ્ગાર, એકક સિહરૂ ન ઢાલિઉં.

અર્થ—હે ગરૂઆ–ગુરૂ (જબરા) ગિરનાર (પર્વત) ! તેં મનમાં શું મત્સર ધર્યો હતો કે ખેંગારને મારતી વખતે (પોતાનું) એક શિખર પણ ઢાળ્યું–પાડયું નહિ ? (કે જેથી શત્રુ અવળો થયો યા મારા સ્વા-

મીના દુ:ખમાં તારી સહાનુભૂતિ જાણી લેવાત, જેવી રીતે શોકમાં ભૂષણ ઉતારી નાંખવામાં આવે છે તેમ)

તઇ—તેં **ગરુઆ** (સં.–ગુરૂક) ભારે–મોટા **મારીતાં**–મારતાં (ભાવલક્ષણ–ભાવપ્રયોગ) **સિહર**–શિખર **ઢાલિઉં**–ઢાળ્યું, નીચે પડ્યું.

(૨૩). જૈસલ મોડિ મવાહ, વલિ વલિ વિરૂપ ભાવીયઇ
નઈ જિમ નવા પ્રવાહ, નવઘણ વિણ આવઇ નહિ.

પાઠાંતર—વરૂણ ભાવીયઈ, નવયણ વિન આવૈ નહિ.

અર્થ—જૈસલ (જયસિંહ)ના મર્દન કરેલો મારો વાસ–મારૂં ઘર વળી વળી–ફરી ફરીને વિરૂપ જણાય છે. જેમ નદીમાં નવો પ્રવાહ નવઘન (નવો મેઘ–બીજી બાજુએ રાણો નવઘન) વગર આવતો નથી તેમ.

'જૈસલ મોડિ મવાહ' નો અર્થ ટૅાનીએ એવો કર્યો છે કે 'જૈસલ, આંસુ પાડમાં' શાસ્ત્રીનો અર્થ પણ સંતોષદાયક નથી. એ અર્થ થઇ શકે કે જૈસલનો મોડેલો–તોડેલો (અમારી રાજ્યરૂપી નદીનો) પ્રવાહ ખરાબ લાગે છે, કારણકે ક્યાં નવઘનથી થનારો નદીના પૂરનો સુંદર પ્રવાહ અને ક્યાં બીજાના પરાક્રમથી તોડેલો પ્રવાહ ?—નવઘનનો અર્થ બંને બાજુ લાગુ પડે છે.

મોડિ–મોડીને–મર્દ્ ધાતુ. મવાહ–મદ્+વાસ. મારૂં ઘર (શાસ્ત્રી), ગુલેરીજીના મતે એમ લેવું જોઇએ કે જૈસલ–મોડિમ–વાહ=જૈસલનો મોડેલો વાસ યા પ્રવાહ. **વલિ વલિ**–ફરી ફરી, **નઇ**–નદી. સુરવરનઈ (તુલસીદાસ).

(૨૪). વાઢી તો વઢવાણ, વીસારતાં ન વીસરઇ
સોના સમા પરાણ, ભોગાવહ પઇં ભોગવીઈ.

પાઠાંતર—વાટી તવઉં વઢમાણ, સૂના, તઈ, ભોગિત્રા.

અર્થ—હે વઢવાણ (વર્ધમાન) શહેર ! તું (શત્રુઓથી) વઢાયું છે–કપાયું છે તો પણ વીસારતાં પણ વિસરતું નથી. (હું મારા) સોના જેવા ભોગાવાને (નદીનું નામ) પ્રાણોનો ભોગ આપીશ (અથવા હે ભોગાવા ! હું તને તેનું ભોજન કરાવીશ).

પૂર્વાર્દ્ધનો ટૉનીએ કરેલો અનુવાદ-તે (નવઘન) ના વઢાગેલા વઢવાણ (તેને) વીસારતાં પણ નહિ વીસરશે.

વાઢી—સં. વૃધ્, ધાતુના બે અર્થ છે-વધવું અને વાઢવું-કાપવું. વાઢવું એ શબ્દ ગૂજરાતીમાં વપરાય છે. તેવો શબ્દ હિંદી કે મરાઠીમાં નથી. **વીસારતાં**-ભૂલતાં સં. વિ+સ્મર્ ધાતુ પરથી વીસરવું. **સમા**-બરોબર, સરખા **ભોગાવહ**-ભોગાવર્ત નામની નદી જેને હાલ ભોગાવો કહે છે. **પઈ**-માં

આ સોરઠાઓમાં ક્યાક ક્યાંક નવઘન તથા ખેંગાર બનેને એકજ માનવામાં આવ્યા જણાય છે.

પ્રકરણ ૫ મું.

પ્રબંધ ચિંતામણિમાંથી ઉદાહરણો (અનુસંધાન).

(૨૫). હેમચંદ્રની માતાના ઉત્તર કર્મ કરતી વખતે કોઇ દૂષિયોએ વિમાન-ભંગનું અપમાન કર્યું. આથી ક્રોધિત થઈ હેમચંદ્રજીએ માળવામાં થાણું નાંખી પડેલા રાજા કુમારપાળની પાસે આવી ઉદયન મંત્રી અને રાજાને પોતાનો પરિચય કરાવ્યો. હેમચંદ્રે કહ્યું કે

આપણ પઇ પ્રભુ હોઇઅં, કઇ પ્રભુ કીજઇ હાથિ
કજ્જ કરિવા માણુસહ, બીજઉ માગુ ન આત્થિ.

પાઠાંતર—કાજ કરેવા માણુસહ.

અર્થ—કાંતો આપ સમર્થ થાઓ કાંતો (કોઇ) સમર્થને હાથમાં લ્યો. મનુષ્યોનાં કાર્ય (સિદ્ધ) કરવા બીજો માર્ગ નથી.

આપણ—આપ **પઈ**-અથવા-યા. હોઇઅ-હોવે કઈ-કે; યા. **બીજઉ**-બીજો. હીંદીમાં દૂસરો એમ જૂદો શબ્દ છે. **માગુ**-મગ્ગુ, માર્ગ **આત્થિ**-અત્થિ (સં. **अस्ति**) ગૂજરાતીમાં ન મળીને નથી એ રૂપ થયું છે. રાજસ્થાનીમાં ' ક્યૂં આથ ન સાથ ' એટલે કંઇ છે નહિ.

(૨૬). એક દિવસ હેમચંદ્ર કુમારપાલ વિહાર-મંદિરમાં કપર્દી નામના પંડિતના હાથની સહાય લેવાતી હતી. ત્યાં નાચનારીના કંચુકની દોરી પાછળથી ખેંચીને બાંધવામાં આવતી હતી. તે પર કપર્દીએ એક દોહાનો પૂર્વાર્દ્ધ કહ્યો અને તેજ વખતેજ હેમચંદ્રે તેની પૂર્ત્તિ કરી કેઃ—

સોહગ્ગીઉ સહિ કંચુયઉ, જુત્ત ઉત્તાણુ કરેઇ
પુટ્ટિહિં પચ્છઇં તરૂણિયણુ, જસુ ગુણુ ગહણુ કરેઇ.

અર્થ—સુહાગણીને (યા સુહાગ-સૌભાગ્યને) પણ સખીઓ કંચુક-કાંચળીથી યુક્ત-સાથે ઉત્તાન (ઉંચો) કરે છેઃ જેના તરૂણિજન પીઠ પાછળથી ગુણ ગ્રહણ કરે છે. જેના ગુણોનું પાછળથી ગ્રહણ (કથન) કરવામાં આવે તે અવશ્ય ઉંચો (મોટો) હોય છે. અહીં ગુણ પર શ્લેષ છે. (૧) ગુણ એટલે દોરો અને (૨) ગુણ એટલે સદ્‌ગુણ.

—સોહગ્ગીઉ-સૌભાગ્યવતી પણ-સુહાગણ. હિં-સુહાગન. પુટ્ટિહિં-પીઠથી, પુટ્ટે (પૂંઠ) થી સં. પૃષ્ઠ. ઋની ઉ શ્રુતિપર ધ્યાન રાખવું. પીઠ પાછળ-હિં. પીઠ પીછે, રાજસ્થાનીમાં રૂઢિ પ્રયોગ પૂઠ પીડે વપરાય છે. પચ્છઇ-પછી-પાછળ. મારવાડી પાછે. કરેઇ-કરે.

(૨૭). સોરઠના બે ચારણ 'દુહાવિદ્યા'માં સ્પર્ધા કરતા અણહિલપુર પાટણમાં આવ્યા. શરત એવી હતી કે જેની રચનાની હેમચંદ્ર વ્યાખ્યા કરે તે બીજાને હારેલો સમજે. હેમચંદ્ર મળતાં એક એ સોરઠો બોલ્યો કેઃ—

લચ્છિવાણિ મુહકાણિ ઇયઇ ભાગી મુહ ભરઉં
હેમસૂરિ અચ્છીણિ જે ઇસરને તે પંડિયા.

પાઠાંતર—પયઇ, મરઉ, સૂરિઆ છાણિ.

અર્થ—આ ભાગી (ભાગ્યશાલી હેમચંદ્ર) નું મુખ લક્ષ્મી અને સરસ્વતી બંનેના મુખથી ભરેલું છે, એવા હેમસૂરિ જેના પર છાના છાના કંઇક પ્રેમ કરે છે તે પંડિત થઇ જાય છે.

આ અર્થ કંઇક ખેંચીને કર્યો છે કારણ કે સોરઠો સ્પષ્ટ નથી. શાસ્ત્રીએ એક પાઠાંતરનો જૂદો અર્થ આપ્યો છે કે જે તદ્દન અવળો છે.

' લક્ષ્મી કહે છે કે એ યતિ (એ યઈ) વાણીને મુખમાં રાખનારો છે, તેથી (શોકની અદેખાઇથી) હું મરૂં છું, તો હેમસૂરિથી છાની (હેમસૂરિ આ છાણિ) તે ભાગી ગઇ, તેથી જે ઇશ્વર (સમર્થ) છે તે પંડિત છે, પંડિત લક્ષ્મીવાન્ નહી.'

લચ્છિવાણિ મુહકાણિ—મુખક (સં.)=પ્રભૃતિ, આદિ. **એયઇ**–એ, એવો **ભરઉં**-ભર્યું-ભરેલું, **ઇસિરત્તે**-ઇષદ્ રતે ? (સં.) કંઇ પણ પ્રેમ કરતાં, **છાણિ**-(સં. છન્ન છાદ્ય ?) છાનાં-ગુપ્ત રીતે; રાજસ્થાની-છાને.

(૨૮). આ ચારણ તો બેસી ગયો. એટલામાં કુમારપાલ વિહારમાં આરતીના વખતે મહારાજ કુમારપાલ આવ્યા અને તેણે પ્રણામ કર્યા એટલે હેમચંદ્રે તેની પીઠ પર હાથ રાખ્યો. આટલામાં બીજો ચારણ બોલ્યોઃ—

હેમ તુહાલા કર ભરઉં, જાંહ અચ્ચંબ્ભૂ રિદ્ધિ,
જેવં પહ હિઠા મુહા, તાંહ ઊપહરી સિદ્ધિ.

પાઠાંતર—જિંહ અચ્ચુ પુયરિદ્ધિ, જે ચંપહ હિઠા મુહા તીહ ઉબ્બહરી સિદ્ધી.

અર્થ—હે હેમ ! તમારા હાથ જેના પર ભરો-રાખો તેની તો અચંબો થાય તેવી રિદ્ધિ થાય છે અને જેનું મોં નીચે હોય છે (યા જે નીચા મોંથી (આપનાં પગ) દાબે છે) તેને આપે સિદ્ધિની ભેટ કરી. આ અર્થ શાસ્ત્રી અને ટૉની એ બંનેના કરતાં જૂદો છે અને તેઓના અર્થ સંતોષદાયક નથી. ચારણ કુમારપાલની અચંબો ઉપજાવે તેવી સંપત્તિને, હેમચંદ્રની પીઠ પર હાથ રાખવો અને સિદ્ધિની ભેટને નીચા મોંથી પગમાં પ્રણામ કરવાનું કારણ માને છે. આ વિરોધાભાસ પણ હોઇ શકે છે કે મોં નીચું અને સિદ્ધિ ઉંચી (ઉપહરી). કવિની આ ઉક્તિ પર રાજા પ્રસન્ન થયો અને તેનો દોહો ફરી ફરી બોલાવરાવ્યો. ત્રણ વાર બોલીને ચારણે, શિવાજી પાસે ભૂષણની પેઠે, અધિરાઇથી કહ્યું કે શું દરેક પાઠના લાખ આપશો ? રાજાએ ત્રણ લાખ આપ્યા. આ

કહાણી અધૂરી છે, હેમચંદ્રે કોઇને વખાણ્યો નહિ. બન્નેની હોડનું શું થયું તે જણાવ્યું નથી.

તુહાલા—તમારા, પંજાબી તુહાડા, જુઓ નં. ૧ **જાંહ**–જેમાં, જ્યાં **અચ્ચબ્ભૂ**–અત્યદ્‌ભુત–જુઓ નં. ૬ અને ૧૩ **જે ચંપહ**–જે ચંપાવે છે (પગને) પગચંપી કરાવે છે. રાજસ્થાની–પગચંપી. **જેવ**–જેના **પહ**–પગમાં **હિટ્ટે**–હેઠા–નીચેના. જુઓ નં. ૨૧. **ઊપહરી**–ઉપહાર દેવાયેલી (સં. ઉપહૃતા) અથવા ઉપરની, ઉંચી.

(૨૯). જ્યારે કુમારપાલ શત્રુંજય તીર્થમાં ગયો ત્યારે ત્યાં એક ચારણને પ્રતિમા સમક્ષ નીચેનો સોરઠો નવ વાર બોલતાં તેને નવ હજાર આપ્યા.

> ઇક્કહ ફુલ્લહ માટિ દેઅઇ સામી સિદ્ધિ સુહુ
> તિણિ સિઉં કેહી સાટી ભોલિમ જિણવરહ.

પાઠાંતર—દેવઇ સિદ્ધિ સુહુ...કેહિ સાટિ કટિ(રિ ?), રે ભોતિ (લિ ?)મ, તિણિસિઉં.

અર્થ—એકજ ફુલને માટે સ્વામી સિદ્ધિસુખ (અથવા સર્વ સિદ્ધિ) આપે છે, તે પ્રમાણે (તેથી) હે જિનવર ! આપ શા માટે (એટલા) ભોળા છો ? યા જિનવરનું આટલું ભોળપણ કેમ છે ?. ટૅાનીએ 'તિણિસઉ'નો અર્થ કર્યો છે કે ' આ નિશ્ચિત છે (તન્નિશ્ચિતં !) આ માટે જિનવરને કદી પણ ન ભૂલી જાઓ.

માટિ—માટે. આ શબ્દ ગૂજરાતીમાંજ વપરાય છે. હિં. માં લિયે, ખાતિર એમ જૂદા શબ્દ છે. **તિણિ સિઉં**–તેથી (આ કારણથી) (સં. તન્નિશ્રયા–શાસ્ત્રી) તે પ્રકારે. **કેહી સાટી**–કેના સાટે–માટે. સાટે, સટે ગૂજરાતીમાં વપરાય છે દેખો નં. ૫ કેને બદલે. **ભોલિમ**–ભોળપણ

(૩૦). કુમારપાલનો ઉત્તરાધિકારી અને ભત્રીજો **અજયપાલ** ઘણો નિર્દયી હતો. જૈનોપર જેટલી તેના પૂર્વજોએ ભલાઇ કરી હતી તેટલો અત્યાચાર તેણે કર્યો હતો. તેણે ચુંટી ચુંટીને વિદ્વાનો ને પ્રધાનોને માર્યા.

પંડિત રામચંદ્રે સો ગ્રંથ બનાવ્યા હતા તેને તપેલા તાંબાપર ચઢાવી દીધા. નીચેનો દોહો કહી દાંતથી પોતાની જીભ કાપી વેદનાથી તેઓ મરણ પામ્યા.

મહિવીઢહ સચરાચરહ, જિણ સિરિ દિહ્‌ણા પાય
તસુ અત્થમણુ દિણેસરહ, હોઉત હોઇ ચિરાય.

પાઠાંતર—જિણિ સિરિ દિના, દિણસરસ્સ, હોઇતુ હોહુ, વિરાય.

અર્થ—મહી-પૃથ્વીના પીઠ પર જેણે સચરાચર સર્વ (ભૂમંડલ) ના માથે પગ મૂક્યો તે દિનેશ્વર (સૂર્ય)નો અસ્ત થાય છે; જે થનારૂં તે લાંબે કાળે પણ થાય છે.

મહિવીઢહ—મહીપીઠ (માં અથવા ના) ' પીઠા-સં. પીઠ. હિં. પીઢા. **સચરાચરહ**-માં અથવા ના **જિણ સિરિ દિહ્‌ણા પાય**-શાસ્ત્રીએ એવો અર્થ કર્યો છે કે જેણે શ્રી પ્રાય: આપી (!) **તસુ**-તેને **અત્થમણુ**-સં. અસ્તમન આથમવું. આથમણી દિશા (પશ્ચિમ દિશા). રાજસ્થાની આંથૂણી. **હોઉત**-ભવિતવ્ય. ચોથા ચરણનો અનુવાદ ટીકાનીએ કર્યો છે કે ' થવું પડે છે અને ઘણાં કાળ સુધી થશે '

(૩૧). **સિદ્ધસેન દિવાકરને કેતલાસર** ગામ જતાં એક વૃદ્ધવાદી મળ્યો; તેણે રોકી કહ્યું ' મારી સાથે વાદ કરો ' સિદ્ધસેને કહ્યું નગરમાં ચાલો ત્યાં પુરવાસી મધ્યસ્થ હશે. વૃદ્ધવાદીએ કહ્યું આ ગોવાળીઆજ સભ્ય છે તેઓજ નિર્ણય કરી આપશે. સિદ્ધસેને સંસ્કૃતમાં કંઇક કહ્યું પણ વૃદ્ધવાદીએ એક ગાથા કહી કે જે સાંભળી ગોવાળીઆએ કહ્યું કે તમે જીતી ગયા, બીજાું કંઇ તે જાણે નહિ. તે ગાથા આ છે કે:-

નવિ મારીયઇ નવિ ચોરીયઇ પરદારગમણુ નિવારીયઇ
થોવા વિહુ થોવં દાઇયઇ ઇમ સગ્ગિ ટગમગુ જાઇયઇ.

અર્થ—મારીએ (હિંસા કરીએ) નહિ, ચોરીએ નહિ, પરદારગમન-પરસ્ત્રીગમન નિવારીએ-છોડીએ, થોડાથી પણ થોડું દાન દઇએ-એમ સ્વર્ગમાં ટગુમગુ (ઝટપટ) જઇએ.

નવિ–ન+અપિ, **થોવા**–થોડા (સં–સ્તોક) ગૂજરાતી તેમજ હિંદીમાં થોડામાં તે 'ડ' આવ્યો છે. **હાઇયઈ**–હઈએ **સગ્ગિ**–સ્વર્ગમાં, **ટગમગુ**–ટગુમગુ–ગૂજરાતીમાં વપરાય છે ને તેનો જેમતેમ, મુશીબતથી, ધીમે ધીમે–ડગુમગુ એ અર્થ છે. હિંદીમાં ઝટપટ એવો અર્થ કરે છે.

૨૩૫–(૩૧ક). પ્રબંધ ચિંતામણિમાં જેટલી જૂની ગૂજરાતી–હિંદી કવિતા હતી તેનું વ્યાખ્યાન થઈ ચૂક્યું. બે પ્રસંગોએ તેમાં કંઇક ગદ્ય પણ આવ્યું છે અને તેની કથા રોચક છે તે માટે તેનો પણ ઉલ્લેખ અહીં કરવામાં આવે છે. કુમારપાલના મંત્રી સાહ **આંબડે** કોંકણના રાજા મલ્લિકાર્જુનને જીતીને તેના માથા સહિત બીજી જે ભેટ રાજા સામે રાખી તેની સૂચીમાં સંસ્કૃત સાથે કંઇક દેશભાષા પણ આપી છે તે એ છે કે:–**શૃંગારકોડીસાડી** (શૃંગારકોટિ સાડી) **માણિકઉ પખેવડઉ**–(માણિક નામ પખેવડા–પક્ષપટ, દુપટ્ટો યા ઓઢણી. પછેડો. આ શબ્દ કાઠીઆવાડમાં તેમ રાજસ્થાનમાં વપરાય છે), **પાપખઉ હારૂ** (પાપક્ષય હાર),...**મૌક્તિકાનાં સેડઉ** (સેડો ?=સેટક, સેર ગૂજરાતીમાં છડો–મોતીનો છડો બરાબર વપરાય છે).[૩૫]

---

૩૫ પ્રબંધ ચિંતામણિમાં એમ છે કે શૃંગાર કોડી સાડી ૧, મણિકઉ પછેવડઉ ૨, પાપખઉ હારૂ ૩, સંયોગ સિદ્ધિ સિપ્રા ૪, તહા (મુદ્રા ?= તથા ?) હેમ કુંભા ૩૨ સ્તથા મૌક્તિકાનાં સેડક ૬ ચતુર્દન્ત હસ્તિ ૧ પાત્રાણિ ૧૨૦ કોડી સાર્દ્ધ ૧૪ દ્રવ્યસ્ય દંડઃ (પૃ. ૨૦૩). આ પ્રસંગના વર્ણનના જિનમંડનના કુમારપાલ પ્રબંધ (સં. ૧૪૯૨ ના) માં ત્રણ શ્લોક આપ્યા છે તે પરથી અર્થ સ્પષ્ટ થાય છે:—

शाटीं शृंगा कोट्याख्या पटं माणिक्य नामकम् ।
पापक्षयंकरं हारं मुक्ताशुक्तिं (=सेडउ ?) विषापहाम् ॥
हैमान् द्वात्रिंशतं कुंभान् १४ मनुभारप्रमाणः ।
षण्मूटकां (=सेडउ ?) स्तु मुक्तानां स्वर्णकोटीश्चतुर्दश ॥
विंशं शतं च पात्राणां चतुर्दन्तं च दन्तिनम् ।
श्वेतं सेडुकनामानं दत्वा नव्यं नवग्रहम् ॥

—આત્માનંદ સભા ભાવનગરનું સંસ્કરણ પત્ર ૩૯ પૃ. ૨.

બીજો પ્રસંગ એ છે કે એક સમય હેમચંદ્રે કપર્દિ મંત્રીને પૂછ્યું કે તારા હાથમાં શું છે ? તેણે જવાબ આપ્યો કે ' **હરડઈ** ' (=હરડે). એટલે હેમચંદ્રે પૂછ્યું કે ' શું હજુ પણ ? ' કપર્દીએ તેમનો આશય સમજી કહ્યું કે નહીં, હમણાં શા માટે ? અંતથી આદિ થઈ ગયો ને માત્રા (ધન)માં વધ્યો. હેમચંદ્રજી તેની ચાતુરીપર ઘણા પ્રસન્ન થયા. પછી સમજાવ્યું કે મેં ' **હરડઇ** ' નો અર્થ ' હ રડઇ ' એટલે હ અર્થાત્ હકાર રડે છે એમ લઇને પૂછ્યું હતું કે શું હકાર હજુ પણ રડે છે ? કપર્દીએ ઉત્તર આપ્યો કે પહેલાં તે વર્ણમાલામાં છેલ્લો હતો, હવે આપના નામમાં પ્રથમ વર્ણ થયો અને તે એકલો હ ન રહ્યો પણ સાથે 'એ'કારની માત્રા વાળો થયો–તેથી હવે શા માટે રડે ?

૨૩૬. આ પ્રબંધચિંતામણિમાંથી ઉતારેલાં અવતરણો વગેરેમાં જે ઐતિહાસિક વાતોનો ઉલ્લેખ કર્યો છે તેના સમય સમજવા માટે તેના સંવત્ અત્ર જણાવવામાં આવે છેઃ—

વિ. સં. ૯૫૦ થી ૧૦૦૦ માં રાજશેખરનો લખેલો અપભ્રંશ, ભૂત ભાષા–પૈશાચી, અને શૌરસેનીનો દેશવિન્યાસ; સં. ૧૦૨૯ થી ૧૦૫૦ વચ્ચેના સમયમાં પરમાર રાજા મુંજનો રાજ્યાભિષેક, સં. ૧૦૫૦ થી ૧૦૫૪ ની વચમાં મુંજનું મૃત્યુ, અને ભોજનો રાજ્યાભિષેક–સં.

પાપક્ષય કોઇ વિશેષ પ્રકારના હારની સંજ્ઞા હતી કારણ કે સિદ્ધરાજ જયસિંહનો પિતા કર્ણ (ભોગી કર્ણ) જ્યારે સોમનાથનાં દર્શન કરવા ગયો હતો ત્યારે પ્રતિજ્ઞા કરી હતી કે પાપક્ષય હાર, ચંદ્ર, આદિત્ય નામનાં કુંડલ અને શ્રી તિલક નામનાં અંગદ (બાજુબંધ) પહેરી દર્શન કરીશ. (ઉક્ત પ્રબંધ પત્ર ૪ પૃ. ૨) 'સેડઉ'ના અર્થમાં સંદેહ રહે છે પરંતુ કુમારપાલના રાજતિલકનું વર્ણન તેજ પ્રબંધમાં (પત્ર ૩૪ પૃ. ૧) છે તેમાં એક સ્પષ્ટ પંક્તિ બીજી છે કે ' **मुक्तानां सेतिका क्षिप्ता तस्य शीर्षे सफलिपका (?) संजाता राज्ञः समग्रैश्वर्य वृद्धि सूचयतिस्म** '–અહીં ' સેતિકા ' નો શેર એ, અર્થ હોઇ શકે છે. સંભવિત છે કે આ અર્થ 'સેડઉ'નો પણ હોય. (ગુજરાતીમાં જાડા એ 'સેડઉ' ઉપરથી થયો હોય એમ ચોક્કસ રીતે લાગે છે. ગો. હ. દે.)

૧૦૩૬ માં મૂળરાજ સોલંકીના હાથે કચ્છના રાજા લાખા ફૂલાણીનું માર્યા જવું. સં. ૧૧૫૦ માં સિદ્ધરાજ જયસિંહનું ગાદી પર બેસવું. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધીમાં કોઇપણ સમયે—સં. ૧૧૬૨ (?) માં આભીર રાણા નવઘનનું મૃત્યુ. સં. ૧૧૯૯ સિદ્ધરાજ જયસિંહનું મૃત્યુ ને કુમારપાલનો રાજ્યાભિષેક. સં. ૧૨૩૦ માં કુમારપાલનું મૃત્યુ. સં. ૧૧૫૦ થી ૧૨૩૦ ની વચ્ચમાં—મોટો ભાગ સિદ્ધરાજના સમયમાં હેમચંદ્રના વ્યાકરણની રચના. સં. ૧૨૪૯ માં પૃથ્વીરાજનું મૃત્યુ અને સં. ૧૩૬૧ માં પ્રબંધચિંતામણિની રચના.

પ્રકરણ ૬ ઠું.

પ્રાચીન [૩૬] ગૂજરાતી સુભાષિતો.

૨૩૭. સ્વ૦ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. નો આ નામનો લેખ ૧૯૧૪ ના મે માસના 'સાહિત્ય'માં પ્રકટ થયો છે, તે અત્ર આપવામાં આવે છે.

૨૩૮. અંગ્રેજીમાં સારા ચુંટી કાઢેલા ગદ્ય તથા પદ્યોના સંગ્રહો ઘણાક બહાર પડેલા છે. સંસ્કૃતમાં પણ આપણા પ્રાચીન વિદ્વાનોએ સારા સારા શ્લોકોના સંગ્રહ ગ્રંથો રચેલા છે જેમાં શાર્ઙ્ગધરની પદ્ધતિ, વલ-

૩૬ જૂની ગૂજરાતી તથા મારવાડી ભાષાના અથંગ અભ્યાસી ઇટાલીના ડા. એલ. પી. ટેસીટોરી જેમને બંગાળાની એશીયાટીક સોસાઇટીએ પોતાના સંગ્રહના મારવાડી તથા ગૂજરાતી પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવા બોલાવેલા હતા તેઓએ તેમના " Notes on the grammar of the Old Western Rajasthani with special reference to Apabhramsa and to Gujarati and Marwari " નામના Indian Antiquary Feb 1914 માંના લેખમાં આ ભાષાનું Old Western Rajasthani એવું નામ આપેલું છે.

ભની સુભાષિતાવલી, અમિતગતિનો સુભાષિતસંદોહ અને શ્રીધરદાસનું સદુક્તિકર્ણામૃત એ મુખ્ય છે. પ્રાકૃત ભાષામાં હાલની ગાથાસપ્તતિમાં જૂદા જૂદા પુરૂષ તથા સ્ત્રી કવિઓની ગાથાઓ ભેગી કરેલી છે. આપણું પ્રાચીન ગૂજરાતી સુભાષિતોનું જ્ઞાન બહુજ મર્યાદિત છે. જે થોડાંક સુભાષિતો મળેલાં છે તે પ્રબંધચિંતામણિ, કુમારપાળ પ્રબંધ વગેરે ગ્રંથોમાંથીજ છે; પરંતુ નીચે આપેલા ગ્રંથો ઉપરથી જણાશે કે પ્રાચીન ગૂજરાતી સુભાષિતોના સંગ્રહગ્રંથો છે. આ સંગ્રહગ્રંથો એકલાજ ગૂજરાતીના નથી, પરંતુ તેમાં સંસ્કૃત પ્રાકૃત અને ગૂજરાતી એમ ત્રણે ભાષાઓની સૂક્તિઓ છે. આ સુભાષિતો સુભાષિતો તરીકેજ નહિં પરંતુ પ્રાચીન ગૂજરાતી તરીકે ભાષાવિવેકશાસ્ત્રીને ગૂજરાતી ભાષાના વિકાસના નિર્ણયમાં ઉપયોગી થઈ પડશે.

૧. અંબડસ્થાનક સંસ્કૃત કવિતાબદ્ધ છે, પરંતુ તેમાં કેટલીક પ્રાકૃત ઉક્તિઓ આપેલી છે; આ ગ્રંથના કર્તા મુનિરત્ન સૂરિએ બીજો ગ્રંથ સં. ૧૨૫૦ [૩૭]માં રચેલો છે. પ્રતીક નવીન હોવાથી ભાષામાં ફેરફાર તથા અશુદ્ધિઓ લાગશે.

૨. સૂક્તાલિ સંસ્કૃત, પ્રાકૃત, અને ગૂજરાતી સૂક્તિઓનો સંગ્રહ છે. સંગ્રહ કર્તાનું નામ તથા રચનાનો સમય આપેલો નથી. પ્રતીક આશરે ૩૦૦ વર્ષનો જૂનો લાગે છે.

૩ ૧૫ મા શતકના અંતમાં લખાયેલા સિદ્ધચક્રમહિમસૂક્તના પાનામાંથી ગૂજરાતી સૂક્તો.

---

૩૭. અંબડ કથાનક સંવત ૧૨૫૦ ની આસપાસ રચાયલું છે, તેની અમે ખાતરી અસલ પુસ્તકો જોઇ કરી છે. આટલી જુની જૈન ગુજરાતી(?)ના નમુના ઘણા કીમતી થઇ પડશે એમ અમારૂં માનવું છે. તે વખતની હિંદુ ગુજરાતી આથી કાંઇક સહેજ જુદી પડતી હશે.(?)તો પણ સંવત ૧૨૫૦માં ગુજરાતી લખાણ કરવામાં આવતું હતું તે માત્ર આપણી ભાષાની ઉત્પત્તિના સમયનો નિર્ણય કરવામાં જરૂરની છે. ને તેટલા માટે. રા. દલાલે આ અજવાળામાં આણીને ગુજરાતી સાહિત્યની સારી સેવા બજાવી છે એમ અમે માનીએ છીએ. તંત્રી 'સાહિત્ય.'

૪ મનઃસ્થિરીકરણ સ્વાધ્યાયની સં. ૧૫૬૪ માં લખાયેલી ભવ્યાક્ષરની પ્રતિના અંતે આપેલાં સૂકતો.

૫ સૂક્તિઓના સંગ્રહનાં પાંચ પાનાં—આ પ્રતીકને તાડપત્રની પેઠે વચમાં કાંણું પાડેલું છે અને તે ૪૦૦ વર્ષ પહેલાંનો લખાયેલો લાગે છે તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને બહૂ જૂની ગૂજરાતી સૂક્તિઓ છે.

૬ સુભાષિત પત્ર ૬–સંસ્કૃત પ્રાકૃત તથા ગૂજરાતી સૂક્તિઓ આશરે ૧૫૦ આપેલી છે. પ્રતીક ત્રણસેં વર્ષ જેટલો જૂનો લાગે છે.

૭ સુભાષિતનાં ૨–૮ પાનાં સંસ્કૃત, પ્રાકૃત અને ગૂજરાતી સૂક્તિઓ ઓછામાં ઓછાં બસેં વર્ષ જેટલો જૂનો પ્રતીક લાગે છે.

૮ સુભાષિત પત્ર ૫–ઉપરના જેટલોજ જૂનો.

૯ સૂક્તાવલી—સંસ્કૃત, પ્રાકૃત અને ગૂજરાતી સૂક્તિોનો સંગ્રહ પત્ર ૨–૯ સંગ્રહ કર્તા અજ્ઞાત છે. પ્રતીક લખ્યા સાલ સં. ૧૬૯૭.

૧૦ સુભાષિતોનાં પાનાં ૧૩ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી. ૩૦૦ વર્ષથી પણ વધારે જૂનાં લાગે છે.

૧૧ એકલાં પ્રાચીન ગૂજરાતી સૂક્તોનું એક પત્ર તેમાં ૧૦૫ સૂક્તો છે. આ પાનું ઓછામાં ઓછું ૨૦૦ વર્ષ જેટલું જૂનું લાગે છે.

૧૨. છૂટક અસંબંદ્ધ પાનાં ૨૦૦ થી ૪૦૦ વર્ષ સૂધીનાં જૂનાં.

૨૩૯. આ સર્વમાંથી આપણને આશરે બધાં મળીને ૫૦૦ સૂક્તો મળી આવશે. જૂદા જૂદા સંગ્રહોમાંથી એકજ સૂક્તના અથવા એકજ ભાવાર્થનાં સૂક્તોના જૂદાં પાઠાંતરો મળી આવશે.

ઉદાહરણતરીકે ૧ દિઠ્ઠાં જે નવિ આલવઇ પુછ્છિઇ કુસલ ન વત્ત ।
તાહં તણુઇ કિમ જાઇઇ રે હીયડા નીસત્ત ॥
હસીય ન વયણે આલવઈ કુશલ ન પૂછઈ વત્ત ।
તહિ મંદિરિ નવિ જાઇઇ રે જીવતા નીસત્ત ॥
નં. ૧૦. ૩૦૦ વર્ષની જૂની પ્રતિમાંથી.
આની સાથે સરખાવો નં. ૧ ના અંબડ કથાનકમાંનું

નમી ન મૂકઇ બેસણું હસી ન પૂછઈ વત્ત ।
તેહ ઘરિ કિમ ન જાઇએ, રે હઇડી નીસત્ત ॥ કિમ=કોઇ રીતે

૨ કે પઢીયા કે પંડીયા કે ગુરૂઆ ગુણધીર ।
નારી તે નચાવીયા જે હુંઈ બાવનવીર ॥ (નં. ૧૦ માંથી)

આની સાથે અબંડ કથાનકમાંનું નીચેનું સરખાવો.

જે પઢિયાં જે પંડિયા જે જગ ઉપર વટ્ટ ।
તે મહિલાઇ ફેરીએ જીમ ફેરવઇ ઘરટ્ટ ॥

૩ પાણી ઘણું વિલોઇઇ કર ચોપડા ન હુંતિ ।
નગ્ગુણ જણ સંદેસડઉ નિષ્ફલ હુંતિ નિ ભંતિ ॥

આની સાથે સરખાવો સૂક્તાવલિમાંનું

નિગ્ગુણહ ઉવએસડા મુહીઆ જંતિ ન ભંતિ ।
પાણી ઘણું વિલોઇઇ કર ચોપડા ન હુંતિ ॥

૪ પાપહ વેલા ઝડપડઉ ધમ્મહ મંદિય દેહ ।
આપણા પાંસઉ ચોરડી તઈ કિહ સિષી એહ ॥
જઈ ધમ્મખ્ખર સંભલી અનુ નયણે નિદ્દ ન માઇ ।
વાત કરંતા માણુસહ ઝાબકિ રયણિ વિહાઇ ॥

સરખાવો સૂકતાલિમાંના ધર્મોધમના તથા પ્રમાદ ત્યાગનાં પ્રથમ સૂકતો.

૫ સાહસીઆં લચ્છી હવઇ નહુ કાયર પુરૂસાંહ ।
કન્નહ કુંડલ રયણમય કજ્જલ પાણિ નયણાંહ ।
સીહ સુયણ ન ચંદ બલુ તારાબલ નવિ રિદ્ધિ,
એકલ્લઉ સહસં ભિડઈ જિહિં સાહસ તિહિં સિદ્ધિ.

(નં. ૧૦ માંથી)

સરખાવો અંબડ કથાનકમાંના પ્રથમ બે સૂકતો. (કે જે નીચે આપ્યાં છે.)

આવાં ઉદાહરણો ઘણાંજ આપી શકાય પરંતુ વિસ્તારભયથી નહીં આપતાં તેવાં સૂકતો સરખાવી લેવાનું વાચકને સોંપીએ છીએ.

૨૪૦. અંબડ કથાનકમાંથી ઉદાહરણો.

સાહસ — સાહાસીઆ[૧] લચ્છી[૨] લહઇ[૩] નહુ કાયર[૪] પુરિસાણ ।
કાને કુંડલ રયણમઇ[૫], કજ્જલ પુણ[૬] નયણાણ[૭]
સીંહ ન જોઈ ચંદ્રબલ,[૮] નવિ જોઈ ધણ ઋદ્ધિ ।
એકલડો બહુ આભિડઈ,[૯] જાં સાહસ તિહાં સિદ્ધિ ॥

દૈવ — જન જાણઈ મન આપણઈ મન વંછિત પૂરે
દૈવ ભણેરે જીવડા, હું પુણ અવત કરેસું ॥

સ્ત્રી — સ્ત્રી દીઠઈ મન મોહીએ, કિમ ન[૧૦] વેધીઈ વિલાસ ।
વાગુરિ[૧૧] હરિણ ઝબકીઇ, કિમ ન પડઈ તે પાસ ॥
જે પઢિયાં[૧૨] જે પંડિયા, જે જગ ઉપર વટ્ટ ।
તે મહિલાઈ ફેરીએ, જિમ ફેરવઇ ધરટ્ટ[૧૩] ॥

બાલાની માતા તથા તરૂણીના નાથનું મૃત્યુ — કૂઆ[૧૪] કુંઠઉ મ પડઉ, મ પડઉ, બલીઆ[૧૫] વાહ ।
મ મરૂ બાલા માવડી, તરૂણીકેરો નાહ[૧૬] ॥
કૂઆ કુંઠઉ વલી હોઇ, સહીં હો સઇ બલીઆ વાહ ।
મ મરૂ બાલા માવડી, તરૂણીકેરો નાહ ॥
ઉગી ઉગી બાપડી, મુહ ઢંકી મન રોઇ ।

મૃત્યુ — જુ [૧૭]જમ લાંચઇ ફિરઇ તુ, કિરંલ ન મરઇ કોઇ ॥

સત્કાર — નમી ન મૂકઇ બેસણું, હસી ન પૂછઇ વત્ત[૧૮] ।
તેહ ઘરિ કિમ ન જાઇએ, રે હઇડા નિસત્ત[૧૯] ॥

સ્નેહિવિયોગ — સારસડા[૨૦] મોતી ચિણઇ, ચિણઈ તુ મેલ્હઈ કાંઇ ।

---

૧ સાહસિક. ૨ લક્ષ્મી ૩ પામે છે. ૪ નહિ કાયર પુરૂષો. ૫ રત્નમય. ૬ પુનઃ પણ. ૮ ચંદ્રમાનું બલ જ્યોતિઃશાસ્ત્રાનુસાર ૯ આસ્ર સાથે ૧૦ વિલાસથી કેમ ન વેધાય? ૧૧ મૃગબંધન ૧૨ ભણેલાં ૧૩ કુવાનો ધરઘટ. ૧૩ કુવાનો કાંઠો ૧૪ બલવાનનો ઘોડો ૧૫ નાથ ૧૬ જો યમ લાંચે ફેરવાય તો ૧૭ વાત ;૧૮ છાનું બેસી રહે ૧૯ સારસ મોતીચણે તો શું ચણેલા મોતી મૂકી દે છે? વાલ્હા માણસ જો મળે તો શા વાસ્તે જુદા થાય?

વલ્હા માણુસ જુ મિલઈ, તુ વિહડઈં કાંઈ ॥
રે વિહિ[1] માયુ[2] કિં પિતુ,[3] હજુ[4] મનવંછિઅ દેઇ।
નેહે[5] બાધાં માણસાં, મા વિછોહ કરેઇ ॥

રાગી અને રોગિની રાત જણુ[6] જાણુઇ દિણુ વત્તડી, પણિ રત્તડી ન વિહાય।
ઇકિ રાગીની રોગીથી, સહજ સરીષુમાય ॥

વાણી વાણી જે તહ તણોઇ, વિસ[7] હરવિસ ઉત્તરઇ।
જેહ નઇ ભેધા તેહિ, તેહ નર મોટા ઢાંઢસી (?) ॥
તાં ફણિંદ ફણમંડપ માંડઇ, જાં પડઇ ગરૂડ તણુઇ નવિ ફાડઇ।
તામ હસ્તિમદ માચત ગાજઇ, જામ કેસરિ નાદ નવાજે ॥

સુપુરૂષ વચન ઉત્તર દિશિ ન ઉન્હઇ,[8] ઉન્હઇ તઉ વરસઇ[9] ॥
સુપુરિસ વયણુ ન ઉચ્ચરિઇં,[10] ઉચ્ચરઇ તુ કરઇ ॥

૨૪૧. સૂક્તાલિમાંથી ઉદાહરણો.

ધર્મોદ્યમ કમહ[11] વારિ પડવડુ, ધમહ[12] મંદીય દેહ।
આપણુ સરસી ચોરડી, તિ કિમ સિપી એહ ॥
જે જિણુ ધમ્મહ બાહિરા, તે જાણે વાચારિ
ઉગી[13] ઉગી ખય ગયા, સંસારી સંસારિ ॥
વરસહ[14] તે ગણિ દીહડા, જે જિણુ ધમ્મહ સાર।
તિન્નિ[15]સયાઉણુસઠ્ઠડી, ઇમ્હિઈ ગણુઈ ગમારૂ ॥

---

૧ વિધિ ૨ માતા પિતા ૩ હજુ પણ ૪ તારા મનવંછિત પ્રમાણે આપું. ૫ સ્નેહથી બાંધેલા માણસોનો વિયોગ મા કર ૬ દિવસ વાતથી જાય પરંતુ રાત ન જાય. રાગી અને રોગીની આવી સમાન દશા છે ૭ સાપનું ઝેર ઉતરે ૮ ઉષ્ણ થાય ૯ વરસે ૧૦ ઉચ્ચારે ૧૧ કર્મમાં ૧૨ ધર્મમાં, કર્મમાં ઝટપટ પરંતુ ધર્મમાં મંદદેહ. ૧૩ ઉગી ઉગીને અસ્ત થયા. ૧૬ જિન ધર્મનો સાર જાણે છે તે વર્ષને દહાડા સરખા ગણે છે ૧૫ ગમાર વર્ષના ૩૫૯ દિવસ ગણે છે

ઘણુ ચિંતિઉં તઉ ઉદ્યમકરિ, ધમેણુ ધન હોઇ
ઘણુ ચિંતંતઉ ઝુ મરિ, દુન્નવિ[1] ઇક ન હોઈ
દીહા[2] જંતિ વલંતિ નહિ, જીમ ગિરિનીઝરણાંઈ
[3]લહૂઅલગિ જીવિ ધમ્મ કરિ, સૂઇ નચિંતઉં કાંઈ ॥
મોહ[4] ન મેલ્હિ ધરતણુ, જઈ શિરિ પલીઆ કેસ ।
વલી વલી જિણધમ્મહતણા, [5]કો દેશિ ઉવએસ ॥
નિજીવહ ઉવએસડા, મુહી[6]આ જંતિ ન ભંતિ ।
પાણી ઘણું વિલોઈઇ, કર ચોપડા ન હંતિ ॥
ભારે[7] કમ્મા જીવડા, જઈ બુઝૂસિ તાં બુઝૂ ।
સર્વ કુટુંબં ખાઇસિ માથિ પડસિ તુઝૂ ॥
હાથ ઘસઈ ભુઈ[8] આહણઇ, [9]જીભિ તાલું છિન્ન ।
મરણહ વેલા સંભરઇ, મિ નહુ કીધુ ધમ્મ ॥

પ્રમાદત્યાગ. જઇ[10] ધમ્મખ્ખર સંભલિ, નયણે નિદ્દ ન માઇ ।
વત્ત કરંતાં હે સહી રયણિ ઝબક વિહાઇ ॥
કમ્મેણુય [11] ઘર વત્તસી, ધમ્મેણુ ય પરલોઅ ॥
જહિ સુતાં રવિ ઉગમઈ, તિહિ નર આઉ તઉઅ ।

વિધિ જંવિહ[12]કરઇ સ હોઇ હોઈ, ન જં જીઅ ચીંતવઇ ॥

---

૧ બેમાંથી એક ૨ દિવસ જાય છે પાછા વલતા નથી, પર્વતના ઝરણાંની માફક ૩ લઘુ વયથી જીવ ધર્મ કર; નચિંતો કેમ રહે છે? ૪ ઘરનો મોહ ન મેલ્યો જો શિર ઉપર વાળ ધોળા થયા તો પણ ૫ કોણ ઉપદેશ આપશે ? ૬ મુધા (ફોકટ) જાય છે. પાણી ઘણું વલોવીએ પરંતુ હાથ ચોપડા-ચિકાસવાળા થતા નથી. ૭ ભારે કર્મી જીવ જો સમજે તો સમજ; સર્વ કુટુંબ ખાશે માથે પડશે તારે ૮ ભૂમિ ૯ આઘાત કરે. ૧૦ જો ધર્મના અક્ષર સાંભળું તો નયનમાં નિદ્રા માતી નથી; હે સખી વાત કરતાં રાત ઝબકારાની પેઠે જતી રહે છે. ૧૧ જે વિધિ કરે છે તે થાયછે. નહિ કે જે જીવ ચીંતવે છે તે ૧૨ ઘેર શૂરા અને મહને વિષે પંડિત પુરૂષો પૃથ્વીમાં માતાં નથી.

ઇમિં ચીતએલી, આહટ્ટ દોહુટ્ટ કેલવઇ ।

ઉદ્યોગ ષેડિમ ષુંટ્રામાંહિ, ષૂટાવિણુ ષીષિ નહિ ॥
સાહસ જુત્તઉ હલ વહઇ, દૈવહતણિ કપાલિ ।

ધરિ [૧]શૂરા મઢિ પંડીઆ, પુહવિ પુરિસ ન મંતિ ॥
તે વિરલા જે સામિ [૨]અહ, અવિસર નવિ ચુક્કંતિ ।

સજ્જન જો ગુણવંતઉ સો નમઇ, નિગ્ગુણુ ઘટ્ટઉ થાઇ ॥
અવ[૩]સિ નમંતાં ગુણુ ચડઇ, ઘણું કહંતઉ જાઇ ॥
સત્તય[૪] સાયર પરિભમિઅ, સયલ મહી મિ દિટ્ઠુ
તાત પરાઇ જન કરઈ, સો મઇ કમહઇ ન દીઠુ ॥

ગુણદોષોક્તિ લોઅ પરાયા કવ્વડા, કરઇજ સંત અસંત ।
દોષ પિચ્છઈ આપણા, જાહં ચ્છેહુ ન અંત ॥

[૫]દૂજ્જણુજણુબબ્બૂલવણુ, જઇ સિંચહ અમીએણુ ।
તુ અતિ કંટા વિંધણા, સારીરહગુણેણુ ॥

નીચ લૂણુ[૬]હ ધુણુહ કુમાણુસહ, એ ત્રિહું એક સહાવ ।
જિહિં જિહિં કરઉ અવાસડઉ, [૪]તિહિં તિહિં ભંજઇ[૭] ઠાઉ[૮] ॥

ઉપકાર ગુરૂઆ[૯] સહજઇ ગુણુ કરઇ, કારણુ કિંપિ મ જાણી ।
કરસણુ[૧૦] સિંચિ સરભડી મેહ કિમગ્ગઇ દાણુ ॥

---

૧ સ્વામિનો ૨ ધનુષ, ૩ સાત સમુદ્ર ભમ્યો અને સકલ પૃથ્વી દીઠી, જે જન પારકી તતા કરે તે મેં કોઈ પણુ ન દીઠો. ૪ દુર્જનજન રૂપી બનોળવનો અમૃતથી સીંચેતોપણુ શરીરના ગુણુથી કંટકના વિંધણુ ૫ લૂણો ઊધઈ અને કુપુરૂષ ૬ આવાસ ૭ સ્થાન લાગે ૮ મોટા માણુસો સહજે કંઇ પણુ કારણુ જાણ્યા વગર ગુણુ કરે ૯ કરસણુ ફૂરત સમગ્ર મેઘ શું દાન માગે છે ?

૨૪૨. સિદ્ધચક્રમહિમસૂક્તોમાંથી ઉદાહરણો.

દૈવ, કર્મ અને પુણ્ય અરિ[1] મન આપઉં ખંચિ કરિ ચિંતા જાલિ મ પાડિ
ફલ તિત્તઉં પણિ પામીઇં, જિત્તઉં લહિઉં નિલાડિ ॥
[2]અછ્રી ભવંતર સંચીઉ, પુન્ન સમગ્ગલ જાસ ।
તસુ બલ મઇ તસુ સિરીઅ, તસુ તિહૂઅણ જણદાસ ॥
કિંહા માલવ કિહાં સંખઉર કિહાં બબ્બર કિહાં નટ્ટ ।
સુરસુંદરિ નચ્ચાવીઈ, દૈવિહિ દલ વિમરટ્ટ ॥
ધણુ[3] જુવ્વણ સુવિઅઢ પુણુ, રોગરહી નિત્ય દેહ ।
મણ વલ્લહ મેલાવડઇ, પુન્નિહિ લબ્ભઇ એહ ॥

૪

૨૪૩. મનઃ સ્થિરીકરણ સ્વાધ્યાયના પ્રતીકના પ્રાંતેથી.

ઇંદ્રિયસંયમ ઇંદિ[4] પંચ નવ સિકીઆં, લોભિ નિ દીધી અગ્ગિ ।
મન માંકડ નવ મારીઉં, કિમ જાઇ જઈ સગ્ગિ ॥

પ્રમાદત્યાગ દીહા [5]જંતિ વલંતિ નહૂ, જિમ ગિરિની ઝરણાઇ ।
લહૂઅલગઇ જીવ ધમ્મ કરઇ, સૂઈ નચિંતઉ કાંઈ ॥

આ પ્રમાણે દલાલનો લેખ પુરો થાય છે.

૨૪૪. ઉપસર્ગહરસ્તોત્રનો પ્રભાવ બતાવનારી પ્રિયંકર નૃપની કથા વિશાલરાજ સૂરિ શિષ્ય સુધાભૂષણના શિષ્ય જિનસૂરે કરી છે તેમાં દેશી દુહા વગેરે ઉલ્લેખ કરી ટાંકયાં છે તે:—

" તાઈ તેલી તેરમો તંબોલી તલાર
પંચ તકારા પરિહરો પછે કરો વિવહાર.

તાઇ=વસ્ત્રતાનક, શાળવી; તેરમો–મોચી; તલાર=તલારક્ષ.

---

૧ હે મન ચિંતા જાલમાં મ પડ જેટલું લલાટમાં લખ્યું છે તેટલું ફલ પામીશ.૨ જેને ભવાંતર સંચિત પુણ્ય સમૂહ છે તેને બલ મતિ લક્ષ્મી મળે છે અને તેનું ત્રણ ભુવન દાસ થાય છે ૩ ધન યૌવન સુવિદ્દઢ પુન્ય, રોગ રહિત દેહ મન વર્ણનો મેલાવડો એ સર્વ પુણ્યે મળે છે, પાંચ ૪ ઇંદ્રીઓ રોકીનથી અને લોભને અગ્નિ દીધી નથી અને મનરૂપી માંકડ માર્યું નથી તો સ્વર્ગે કેમ જઇશ ? ૫ સૂક્તાલિમાંના તેજ સૂક્ત સાથે સરખાવો.

બીજી રીતઃ—

" તાઇ તેલી તેરમો, તરક તીડ સોનાર,
ઠગ ઠકુર અહિ દુર્જણહ, જે વિસસિ તે ગમાર.
" પડિવન્નું ગિરૂઆતણું નિરલેહવું નિરવાણ;
તુમે દેશાન્તર ચલ્લિયા અમ્હેં પણિ આગેવાન, ૪૦
" જિણિ દિણેં વિત્ત ન અપ્પણેં તિણિદિન મિત્ત ન કોઇ,
કમલહ સૂરિજ મિત્ત પુણ જલ વિણ વયરી સોઈ ૪૧
" નખઈ નારિ તુરંગમહ મુત્તાહલ ખગ્ગહ
પાણી જાંહ ન અગ્ગલો ગયું ગિરૂઅત્તણ તાંહ. ૪૫

કર્ત્તા પોતે 'આકાશવાણી આમ થઇ' એમ કરી કહે છેઃ—

એ બાલક ચિરજીવસેં, હોસેં ધનની કોડિ
સેવા કરસેં રાયસુખ સેવક પરિકર જોડિ ૫૪
ગૌરવ કીજે અલવડી નવિ કો કીયાં ન રામ,
ગરથ વિહણા માણુસા ગાધહબૂચા નામ. ૬૨
અદ્ધા ખંડા તપ કીઆ છતેં કીધાં દાન
તે કિમ પામે જીવડા પરભવિ ધન બહુમાંન ૬૪
રે મન ! અપ્પા ખંચકરિ ચિંતા જાલ મ પાડ
ફલ તેનું જ પામીઈ જેતું લિખ્યું નિલાડ. ૬૫

યતઃ મન તેતલું મ માગિ જેતું દેખ પરતણેં
લિહીઆં લેખઇ લાગિ અણલિખ્યું લાભે નહીં. ૬૬

યતઃ અવસર જાણી ઉચિઅ કરી અવસર લહી મ ભૂલ્લિ
વાર વાર તું જાણજે અવસરિ લહિસિ ન મૂલ્લિ ૬૮

યતઃ છેહે દીઠે છેહ હીઆ મ દાખિસ આપણું,
કરિ બહુતેરો નેહ ઓછા તે ઉમટસેં. ૮૧

યતઃ રીહા જંતિ વલંતિ નહુ જિમ ગિરિ નિજ ઝરણાઈ
લહુઅ લગેં જીવ ધમ્મ કરિ, સુઇ નિચિંતો કાંઇ ? ? ૧૦૦

યતઃ અવરં સવ્વં દુહં જણાણ કાલંતરેણ વીસરઇ,
વલ્લહ વિઓગ દુક્ખં મરણેણ વિણા ન વીસરઇ ૧૦૫

યતઃ કે કપડપગિ લહ લહે કે કંચન નીરાશિ,
રાયમાન કેતા લહે કે ન લહે સાબાસિ ૧૧૮

યતઃ વિરલા જાણંતિ ગુણા વિરલા પાલન્તિ નિદ્ધણે નેહં
વિરલા પરકજજકરા પરદુક્ખે દુક્ખિયા વિરલા. ૧૪૨

યતઃ હાથી હાલેં હેક, લખ કૂતર ગલીએ લવેં;
વડપણ તણે વિવેક, કદિ ન ખીજે કિસનીયા ! ૧૭૦

યતઃ ખજઝઇ વારિ સમુદ્દહ, ખજઝઇ પંજરિ સીંહ,
જઈ બદ્ધા કુણેં કહિઉં, દુજ્જણ કેરી જીહ ૧૯૨

"આગલિ જાતઃ કોટ જેહિં ન નામી દેવગુરૂ,
માથે વહેસે મોટ ભોજનનો સાંસો પડે. ૧૯૮

" વાવાણા જણ બુલ્લણા નાહ ન કીજે રોસ,
નીંકે કાપડ ખાયણું ચાંગે મા માણસ રોસ. ૨૦૦

" વાર વહંતાં યામ તુ લે તુ પર ધનઢોર,
એ તિન્નિ વિમાસણ કરૈ, વેસા ચારણ ચોર. ૨૦૨

" મુંહતા વિણુ રાજ જ કિસ્યું, રખવાલ વિણ પોલિ,
પતિ પાખેં નારી કિસી, પહિરણ વિણ કિસી મોલી ૨૧૭
મોલિ=મોળાયું.

" જીભેં સાચું બોલિજે રાગ રોસ કરિ દૂરિ,
ઉત્તમસું સંગતિ કરિ લાભે જિમ સુખ ભૂરિ. ૨૫૫

જિણવર દેવ આરાહિઅ, નમીય સહગુરૂ ભત્તિ,
સધો ધમ્મજ સેવિઇ રહીઈ નિર્મલ ચિત્ત ૨૫૬

૨૪૫. વિશાલરાજસૂરિ શિષ્ય જિન (રાજ) સૂરિએ સંસ્કૃતમાં રચેલા ગ્રંથ નામે રૂપચંદ કથામાંથી ભાષાનાં સુભાષિતો.

જીભઈ સાચું બોલીઇં રાગ રોસ કરિ દૂરિ
ઉત્તમ સિઉં સંગતિ કરે લાભઈ જિમ સુખ ભૂરિ. ૭

જિહાં બાલક તિહાં પેખણઉં જિહાં ગોરસ તિહાં ભોગ
મીઠાં બોલા ઠાકુરાં ગામિ વસઈ બહુ લોક. ૩૬

નમુણી ખમણી સુગુણી બિહુ પખિ વંશિ વિશુદ્ધ
પુણ્ય વિણા કિમ પામીઈ કરિ ધણુહી ધરિ ભજ્જ. ૩૯

ઇકિ આંબા નઈ આકડા બિહું સરિખાં ફૂલ હોઇ
નવગુણ એક શરીર નઇ હાથ ન વાહઇ કોઈ. ૫૫

બજઝઇ વારિ સમુદ્દહ બજઝઇ પંજરિ સીંહ
જે બજઝી કુણહઇ નહી દૂર્જણ કેરી જીહ. ૬૧

કર કંપઇ લોઇણિ ગલઈ બહુ રન્ન વલ્લી ભત્તિ,
જુવ્વણ ગયા જે દીહડા વલી ન ચડસિ હત્થિ. ૭૮

જિહાં સહાઈ બુદ્ધિ બલ હુઇ ન તિહાં વિંણાસ
સૂર સવે સેવા કરઈ રહઇ આગલિ જિમ દાસ. ૯૮

ગોરખ જંપઇ સુણિનઈ બાબૂ, મગણ આપ પરાયા
જીવદયા એક અવિચલ પાલુ, અવર ધમ્મં સવિ માયા. ૧૦૨

પુત્ર મિત્ર હુઇ અનેરા ન રહઈ નારિ અનેરી
મોહઈ મોહા મૂઢા જંપઇ મહીયાં મેરી. ૧૦૩
અતિહિં ગહના અતિ અપારા સંસાર સાયર ખારા
બૂઝઇ બૂઝઈ ગોરખ બોલઇ સારા ધર્મ્મ વિચારા. ૧૦૪
કવણુહ કેરા તુરંગમ હાથી કવણુહ કેરી નારી
નરગિ જાતા કોઇ ન રાખઇં જોઓ હીઇ વિચારી ૧૦૫

ધર્મ્મ વિહૂણુ ન સુખ વિઆણિઇ, પરઘરિ પાણી ઈંધણુ આણુઇ
ખંડઈ દલઇ કરઈ કરિ લોડણુ, તહવિ ન પાવઈ કિંચિવિ ભોઅણુ. ૧૧૧

દમા (દ્રામ=પૈસો) એવ સુલખણા મણુવંછિઅ પૂરંતિ
અછઈ પછીઆ પંડીઆ કચપચ કરી મરંતિ. ૧૧૪

નેહો કહવિ ન કીર્જ્જઇ અહ કીર્જ્જઈ રત્ન કંબલ સારિખો
અણુવરઈ ધોવમાણો સહાવ રંગં ન છંડેઈ. ૧૨૬
નેહ માંહિ ખટુક્કડુ મુઝ મનિ ખરૂ સુહાઇં
મિરીચ મુક્કા બાહિરી ખંડન ખાણી જાઇ. ૧૨૭

દવ દદ્ધા ખડ પલ્લ વઈ, જિમ વુડેણુ ઘણેણુ
વિરહ પલત્તહ માણુસહ, તિમ દિઠેણુ પિએણુ, ૧૪૯

બહુત ખરા ન બોલીઇ તાલૂ સૂકઈ જેણિ
એક જ અક્ષર બોલીઇ, બાંધ્યું છૂટઇ જેણિ. ૧૬૫

ખેડિમ ખૂંટા ટાલિ ખૂંટા વિણુ ખીંખઈ નહી
દૈવતણુઈ કપાલિ સાહસ કેરૂં હલ વહઇ. ૧૭૩

સીહ ન જોઇ ચંદબલ નવિ જોઇ ધન રદ્ધિ
એકલ્લુ બહુ આભડઇ જાહા સારસ તાં સદ્ધિ. ૧૭૪

જેગલિ ગલઈ ઉઅરં અહવા ન ગલઈ ગલિત્તં નયણાઈ
અહવિ સમાકજજ ગઈ અણિણ છછૂંદરી ગહાય. ૧૭૯

મરણહ કેરૂ કવણું ભય, જેણીવટ્ટઈ જગ જાઈ
મન મઇલૂ ન સંબલૂ હીયડૂં તેણુ ડોલાઇ. ૧૯૪

જિહાં બિપુરહ–મગ્ગડઉ તિહાં જીવ સંબલ લેઉ,
જિહાં ચઉરાસી ભવભમણુ, તિહાં વિલંબ કરે હ. ૧૯૫
ઉપર વાડઇ હાથ, ઝાબક દીસઈ યમ તણુ,
નવિ સંબલ નવિ સાથ, ધડીમાંહિં ગામંતરૂં. ૧૯૬
સુકૃત સંચિ કરિજ મરઇ તેતિણિ વારિ નિશંક
મરણહ બીહઇ બપડા, ધર્મજ મૂંકયા રંક. ૧૯૭

સૂકુ આંબુ ખડહડિઉ, તલઇ ખાધુ ધણેણુ
તુહઈ કોઇલિ સર કરઇ, તે આગલિ ગુણેણુ. ૨૦૦

દિન જાઈ પણિ વત્તડી રત્તડી ન જાઈ
એક રાગી ની રોગીયા સહસિ સરીરાં માઈ. ૧
સહજિ કડૂઉ લીબડુ ગણે કરી નિમિઠ
તે માણુસ કિમ વીસરઇ, જેહતણા ગુણ દીઠ. ૨
ઓછા તપ કઇ મઇ કીયા કઇ સર ફોડી પાલિ
દેવઈ ધર ઊદાલીઉં પહિલઈ યૌવન કાલિ. ૨૧૮
ચંદુ ચંદન કેલિવન કુંકૂ કજજલ નીર
ઇક્કઈ કંતહ બાહરાં એતા દહિ સરીર. ૨૧૯

સજ્જન ચિત્તિ ન ઊતરઇ મયા ચ મુક્ક ઉલાઇ,
મલ નવિ ચુહુટઇં કચણુહ જઇ વરસાસઉ જાઇ. ? ૨૧૯

નેહ વિણટ્ટઇ ગયગમણિ, કિસિ જિ તાંણ્યો તાણિ
ભાગું મોતી જો જડઇ તો મન આવઇ ઠાણિ. ૨૫૦

માણુસ માહિં માહાં બલ્યાં સાચા નેહ સુજાણ
જઉ કીજઇ જલ જૂજૂઆં તઉ તતક્ષણ છંડઇ પ્રાણ. ૨૫૨

વાઈ હાલઈ પાન તરૂઅર પુણ હાલઇ નહી
ગિરૂઆ એહ પ્રમાણ એક બોલઇ બીજા સહઇ ૨૫૯

નહી ન ભણીઇ લોઈ દીજઇ ઘોડા ઘોડિલૂં
ટીપઈ ટીપઈ જોઇ સરોવર ભરીઓ સમુદ્ર જમ. ૨૭૧

વિરલા જાણંતિ ગુણા, વિરલા પાલંતિ નિધ્ધણા નેહા
વિરલા પરકજ્જકરા પરદુખે દુખીઆ વિરલા. ૨૮૪

ગ્રહ અબલા વિહિ વંકડી દુજ્જણ પૂરઉ આસ,
આવિ દુહેલા ખધિ ચડિ જિમ સઉ તિમ પંચાસ. ૨૯૯

---

૨૪૬. આવાં સુભાષિતો, જે અનેક સુકતમાલાઓ યા સુક્તાવલીઓ જૈન સંગ્રહકારોએ એકત્રિત કરી છે તેમાંનાં તેમજ ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં ઉલ્લેખેલાં છે તે સર્વ એકઠાં કરતાં પુષ્કળ મળી આવે તેમ છે. વિસ્તારભયથી અત્ર તે ન ટાંકતાં અહીં માત્ર વાનગી રૂપેજ ઉપર મુજબ થોડાં ટાંકવામાં આવ્યાં છે.

વિભાગ છઠ્ઠો.

અપભ્રંશ સંબંધી કેટલીક હકીકતો.

પ્રકરણ ૧ લું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો.

૨૪૭. મુખવ્યવહારની (બોલાતી) અને સાહિત્યવ્યવહારની (સાહિત્યવિષયક) અપભ્રંશ ભાષાના ઉલ્લેખો મળી આવે છે. પરંતુ તે માત્ર નાટ્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્ર પરના સંસ્કૃત ગ્રંથોમાં મળે છે. એમજ હોવું જોઇએ, કારણકે સંસ્કૃત નાટક પોતાની યોગ્યતા અનુસાર પોતાના સમયના સાંસારિક–સામાજીક જીવન પરજ પ્રકાશ નાંખે છે અને તેથી તેમાં ચાલુ બોલાતા રૂઢ પ્રયોગોને જરૂર માન્ય રાખી લેવાજ પડે. આનાં ઉદાહરણ તરીકે જુદી જુદી પ્રકૃતિનો ઉપયોગ કરવામાં આવે છે. સંસ્કૃત નાટકમાં જે તત્ત્વો છે તેના પર લખનારાએ પણ તેટલા માટે જૂદી જુદી પ્રાકૃતોનો ઉલ્લેખ કર્યો છે કે જે પ્રાકૃતોમાં અપભ્રંશ એ છેલ્લી અને વધુમાં વધુ ફેરફાર પામેલી ભાષા છે.

૨૪૮. (૧) **પતંજલિ**—વ્યાકરણ મહાભાષ્યનો પ્રતિષ્ઠિત રચનાર ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં થયો અને આપણે જાણીએ છીએ ત્યાં સુધી ભાષાના સંબંધમાં 'અપભ્રંશ' એ શબ્દનો ઉપયોગ કરનાર તે પ્રથમનો સંસ્કૃત મહાન્ ગ્રંથકાર છે. પણ તેણે તેનો અર્થ એટલો જ કર્યો છે કે 'સંસ્કૃત શબ્દનો જે વિકાર–અપભ્રંશ ગામડીઆના મુખે થાય તે;' કારણ કે "**एकैकस्य हि शब्दस्य बहवोऽपभ्रंशाः तद्यथा। गौरित्यस्य शब्दस्य गावी गोणी गोता गोपोतालिकेत्येव मादयोऽपभ्रंशाः**—એક એક શબ્દના ઘણા અપભ્રંશ

છે. ઉદાહરણ તરીકે—જેમકે ગૌઃ એ શબ્દના અપભ્રંશો ગાવી, ગોણી, ગોતા, ગોપોતાલિકા વગેરે છે. અહીં અપભ્રંશનો અર્થ એટલો જ થઇ શકે કે મૂળમાં ફેરફાર-વિકૃતિ-ભ્રષ્ટતા. આ ભરતના શબ્દ નામે 'વિભ્રંશ' યા 'વિભ્રષ્ટ' સાથે બરાબર સામ્ય ધરાવે છે. બંનેનો અર્થ ભાષાનું અમુક ખાસ રૂપ એટલોજ છે. તેથી કંઇ વધુ અર્થ નથી. 'અપભ્રંશ' એ શબ્દને આભીરો સાથે હજુ સુધી લેવા દેવા નથી. તેમજ ત્યાર પછી જે તેનો લાક્ષણિક-વિશિષ્ટ અર્થ થયો તે અર્થમાં-એટલેકે લોકોની બોલી કે ભિન્ન ભિન્ન પ્રાકૃતોની પેઠે સાહિત્યનું વાહન-એ અર્થમાં અત્યાર સુધી વપરાયો નથી.

૨૪૯. (૨) **ભરત**—સંસ્કૃત નાટયશાસ્ત્રપર પ્રાચીનતમ ગ્રંથકાર છે. સંભવિત રીતે ઇ. સ. બીજી કે ત્રીજી સદીમાં તે થયો હોવો ઘટે. તેના નાટયશાસ્ત્રમાં તે પ્રાકૃતો સંબંધી વિવરણ નાટકમાં કેટલાંક પાત્રોના વિચારોના વાહન તરીકે ૧૭ મા પ્રકરણમાં કરે છે અને ૩૨ મા પ્રકરણના ૪૭ થી ૨૪૨ શ્લોકોમાં છંદોનાં નામો અને લક્ષણો ઉદાહરણો સહિત આપે છે કે જે લગભગ સમસ્તપણે પ્રાકૃતોમાં છે. ૧૭ મા પ્રકરણના ૫ માથી ૨૩ મા શ્લોક સુધીનો ભાગ પ્રાકૃતના ઉચ્ચારશાસ્ત્ર સંબંધે છે.

ભામહ અને દંડીથી ને ત્યાર પછીના અપભ્રંશ જેને કહેવાલાગ્યા તેનો મૂળ ઉલ્લેખ દોઢ શ્લોકમાં છે[૩૮]:—

૨૫૦. 'નાટયયોગમાં તે ટુંકામાં ત્રણ પ્રકારે જાણવું:—૧ સમાન (સંસ્કૃતમાં જેમ છે તેમ) શબ્દોથી, ૨ જે વિકૃતિ પામ્યા છે એવા વિભ્રષ્ટ શબ્દોથી અને ૩ દેશી શબ્દોથી"

૨૫૧. આ પછી અપભ્રષ્ટતાના નિયમો કે જે પ્રાકૃતોમાં લાગુ પડે છે અને સામાન્ય રીતે વૈયાકરણોએ આપેલા છે તેને મળતા આવે

---

૩૮ **त्रिविधं तच्च विज्ञेयं नाट्ययोगे समासतः ।
समानशब्दैर्विभ्रष्टं देशीमतमथापि वा ॥ १७-३
गच्छन्ति पदव्यस्ताश्ते विभ्रमा(ष्टा) इति ज्ञेयाः ॥ १७-४**

છે તે આપ્યા છે. 'દેશી' એ શબ્દથી ભરત જે અર્થ કરે છે તે ૨૪ થી શ્લોકો આપેલ છે તે પરથી સ્પષ્ટ થાય છે[૩૯]:—

૨૫૨. 'આ રીતે પ્રાકૃત અને સંસ્કૃત જાણવું. હવે પછી આગળ હું દેશ ભાષાના ભેદ કહીશ.'—આ પરથી સ્પષ્ટ છે કે દેશ ભાષા સંસ્કૃત અને પ્રાકૃત બનેથી જુદી પાડવામાં આવી છે અને તે ભાષા એજ હોઇ શકે કે જે જુદા જુદા દેશની ભાષા હોય. અને તેથીજ તેનું નામ દેશી આપ્યું. હવે તે ભેદ ખાસ કરીને એ રીતે જણાવ્યા કે[૪૦]:—

૨૫૩.—'અથવા ગ્રંથકારોએ (નાટકમાં) પોતાના છંદ–મરજી પ્રમાણે દેશભાષાનો પ્રયોગ કરવો, કારણકે નાટકમાં જૂદા જૂદા દેશમાંથી ઉત્પન્ન થયેલું કાવ્ય હોય છે.

૨૫૪ ત્યાર પછી તે સાત 'ભાષાઓ' જણાવે છે[૪૧]:—

—માગધી (મગધની) અવંતિની, પ્રાચ્ય (પૂર્વની), શૌરસેની, અર્ધ માગધી, બાલ્હિકા અને દક્ષિણની. અને પછી કેટલીક વિભાષા–બોલીઓ જણાવે છે.[૪૨]

૨૫૫, (પૃથ્વીધર મૃચ્છકટિક પર લખતાં શબર અને સચર ને બદલે શકાર અને શબર પાઠ જણાવે છે, સચર એ દુર્બોધ શબ્દને તેથી ઉવેખવા માટેજ તેમ હોઇ શકે. માગધીમાં શકારીનો અંતર્ભાવ

---

૩૯ एवमेतत्तु विज्ञेयं प्राकृतं संस्कृतं तथा
अत ऊर्ध्वं प्रवक्ष्यामि देशभाषा प्रकल्पनम् ॥ १७–२४

४० अथवा छन्दतः कार्याः देशभाषा प्रयोक्तृभिः ॥ १७–४६
नानादेशसमुत्थं हि काव्यं भवति नाटके ॥ १७–४७

४१ मागध्यवन्तिजा प्राच्या शूरसेन्यर्धमागधी ॥
बाल्हीका दाक्षिणात्या च सप्तभाषा प्रकीर्त्तिताः॥१७–४८

४२ शबराभीर चण्डाल सचर द्रविडोद्रजाः ।
हीना वनेचराणां च विभाषा नाटके स्मृताः ॥ १७–४९

થવા ઉપરાંત શકારીને જે બોલીઓ શબર, આભીર વગેરે જાતો સાથે થોડે ભાગે સંબંધ ધરાવે છે તેમજ થોડે ભાગે દ્રવિડ, ઓડ્ર જેવા દેશો સાથે પણ થોડે ભાગે સંબંધ રાખે છે એવી બોલીઓ સાથે મૂકતાં વિલક્ષણ જેવું લાગે છે. શકારી એ નામ તેના ઉચ્ચારની વિશેષતાને અંગે એક બોલીને આપેલું છે અને તે મૃચ્છકટિક પછી સંભવિત રીતે અપાયેલું છે.)

—શબરની, આભીરોની, ચાંડાલોની, ચરોની સાથેના દ્રવિડોની, અને ઓડ્રોની અને વનચર–જંગલીઓની ઉતરતી–વિભાષાઓ નાટકમાં ગણાયેલી છે.

૨૫૬. એ ખરૂં છે કે અહીં અપભ્રંશનો એ ખાસ નામથી સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો નથી પણ તેનું કારણ દેખીતું છે કે તે સમયની સાહિત્યની ભાષાઓ એટલે 'ભાષાઓ'ને પોતાનાં ખાસ નામો હતાં પણ 'વિભાષાઓ'ને ખાસ નામ નહિ હતાં; તે છતાં તેઓને જુદી જુદી જાતોથી બોલાયેલી ભાષાઓ તરીકે માન્ય કરવામાં આવી છે[૪૩]:—

૨૫૭—'શબર ભાષા કોયલા કરનારા, શીકારીઓ, અને લાકડા અને યંત્ર પર આજીવિકા કરનારાના મુખમાં યોજવી અને કિંચિત્ જંગલીની પણ ખરી. આભીરી કે શાબરી ઘોષસ્થાન નિવાસીઓ–જેવા કે ગોવાળો-અશ્વ, અજ પાળનારા, ઉંટાદિ રાખનારા માટે વાપરવી જોઇએ.

૨૫૮. આ રીતે ગોવાળો વગેરેની જંગલી જાતની બોલી માટે આભીરોની જાતિનું નામ પ્રાપ્ત થયું છે. હવે આપણે હવે પછી જોઇશું કે તેણે પોતાને માટે ખાસ જુદું નામ મેળવ્યું હતું અને વળી સાહિત્ય-વિષયક પ્રાકૃતોમાં પણ પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

---

૪૩ अंगारकारव्याधानां काष्टयन्त्रोपजीविनाम् ।
योज्या शबरभाषा तु किंचिद् वनौकसी तथा ॥१७-५४
गवाश्वाजाविकौष्ट्रादि घोषस्थाननिवासिनाम् ।
आभीरोक्तिः शाबरी वा द्राविडी द्रविडादिषु ॥ १७-५५

૨૫૯. **ભરત**ના મનમાં સંભવિત રીતે અપભ્રંશ બોલી હતી-(કદાચ હજુ તે બંધાતી જતી વર્દ્ધમાન થતી જતી હોય એવી સ્થિતિમાં હતી)-એ વાત જ્યારે આપણે જૂદા જૂદા પ્રાંતોની ભાષા સંબંધીની વિશાલ વિશેષતાઓ નાટકકારને જણાવવા માટે **ભરતે** જે કહેલ છે તે વિચારીએ ત્યારે સ્પષ્ટ માલૂમ પડી આવે છે[44]:—

૨૬૦—'જે જ્ઞાતા છે તેણે ગંગા અને સાગર વચ્ચેના દેશમાં ભાષામાં 'એ' કાર જેમાં બહુ આવે તેવી ભાષા પ્રયોજવી- વિંધ્ય અને સાગર વચ્ચેના પ્રદેશમાં 'ન'કાર જેમાં બહુ આવે એવી ભાષા પ્રયોજવી; સુરાષ્ટ, અને અવન્તિ તથા વેત્રવતી નદીની ઉત્તરના દેશોમાં 'ર'કારવાળી; હિમાલયની સીમામાં આવેલા અને સિંધુ તથા સૌવીર દેશમાં ઉકાર બહુ આવે તેવી, અને ચર્મણ્વતી નદીની પેલી પાર અને અર્બુદ (પર્વત) આસપાસના દેશોમાં "તકાર જેમાં બહુ આવે એવી ભાષા પ્રયોજવી. "

૨૬૧. આમાં 'ઉ'કાર જે ભાષામાં બહુ આવે તે અમુક સ્થળે પ્રયોજવી એ ભૂલ છે. તેવો 'ઉ'કાર બહુ આવે એવી ભાષા તેજ અપભ્રંશ છે કે જેનું ખાસ લક્ષણ તે છે. પણ તે ભાષાનું તે અપભ્રંશ નામ નથી આપ્યું કારણ કે તે નામ તે વખતે પડયું નહિ હોય. પછી લખનારા-

---

૪૪ गंगासागर मध्ये तु ये देशा संप्रकीर्तिता:
पकार बहुलां तेषु भाषां तज्ञः प्रयोजयेत् ॥ ५८ ॥
विन्ध्यसागर मध्ये तु ये देशा: श्रुतिमागताः ।
नकारबहुलां तेषु भाषां तज्ञः प्रयोजयेत् ॥ ५९ ॥
सुराष्ट्रावन्तिदेशेषु वेत्रत्युत्तरेषु च ।
ये देशास्तेषु कुर्वीत चकार बहुलामिह ॥ ६० ॥
हिमवत् सिंधु सौवीरान्ये च देशाः समाश्रिताः ।
उकार बहुलां तज्ञस्तेषु भाषां प्रयोजयेत् ॥ ६१ ॥
चर्मण्वती नदीपारे ये चार्बुद समाश्रिताः ।
तकार बहुलां नित्यं तेषु भाषा प्रयोजयेत् ॥ ६२ ॥

ઓએ ને વૈયાકરણોએ જેને અપભ્રંશ નામ આપ્યું છે તે તેને લાગુ પડે છે. હવે તે જે દેશોમાં 'ઉ'કાર વાળી ભાષા હતી તે દેશો નોંધવા જેવા છે. હિમાલય પાસેના એટલે ઉત્તર પંજાબ, સિંધુ અને સૌવીર. આ સંબંધમાં હવે પછી કહીશું; પણ તે દેશો એવા તો જરૂર છે કે જ્યાં ગાયો, ઘોડાને ઉંટ ચારવાનું બહુ થતું અને તે ચારનારી જાતિ ત્યાં બહુ વસતી. ગમે તેમ પણ એટલું તો ખરૂં કે ઉંટને ચારનારા-રાખનારાને સિંધુના તીર પર આવેલા રેતાળ પ્રદેશો સિવાયના અન્ય દેશો વધારે સાનુકૂળ ન હોઇ શકે.

૨૬૨ ભરતને અપભ્રંશનો પરિચય અમુક સ્વરૂપમાં હતો એમ તેણે ૩૨ મા અધ્યાયમાં છંદોની વ્યાખ્યા આપતાં આપેલાં ઉદાહરણો પરથી જણાય છે. તેનું નાટ્યશાસ્ત્ર પ્રાકૃત ભાગો માટે બરાબર શુદ્ધ સંશોધિત થઇ પ્રકટ થયું હત તો વધારે સારૂં હતું.

(૧) મોકલ્લઉ નચન્તઉ, મ(ન) હાગમે સંભત્ત(ન્ત)ઉ. ૬૬

(૨) મેહ ઉદ્દવંત્તું નઇ(ણ)જોણ્હઉં, ણિચ્ચ ણિપ્પહે એસ ચંદઉ. ૭૪
આ એમ જોઇએ કે–મેહઉ હત્તું (?) ણેઈ જોણ્હઉ, ણિચ્ચ
ણિપ્પહેએહુ ચંદઉ.

(૩) એસા હંસવધૂ (હૂ) હિ (ઇ)ચ્છા કાણુણુઉ,
ગંતું જુ(ઉ)સ્સુઇયા, કંતં સંગઇયા, ૯૫

(૪) પિયવાઇ વાંયતું (ઉ), સુવસંતકાલ (ઉ),
પિયકામુકો (કઉ) પિય *મદણું જણુંતઉ. ૧૦૮

(૫) વાયદિ વાદો એહ પવાહી રૂસિદ ઈવિ. ૧૬૯

૨૬૩. આ પરથી જણાશે કે (૧) આખું અપભ્રંશ છે કારણ કે (ક) તેમાં ત્રણ સ્થળે પ્રથમા એકવચનનો ઉકાર છે, અને (ખ) અન્ય પ્રાકૃતોની જેમ સામાન્યપણે અપભ્રંશમાં છે તેમ ભ બદલે હ વપરાયો વપરાયો છે. (૨) તે કંઇક વિલક્ષણ છે છતાં તેને સુધાર્યા વગર તેમાં 'ઉકાર જોઇ શકાય છે, અને ખાસ લક્ષ ખેંચે તેવું એ છે કે 'જોણ્હઉ'

નાન્યતરજાતિમાં છે તે બતાવે છે કે લોકોની ભાષામાં તેટલા પ્રાચીન-કાળે પણ લિંગ-જાતિઓને ધ્યાનમાં લેવામાં નહોતી આવતી. 'નઇ' પણ ધ્યાન ખેંચે છે. (૩) 'કાણુણઉ', ઉસ્સુઇયા, સંગઇયા એ ખાસ અપભ્રંશ છે. (૪) જો કે વાયઉ અને કાલઉ એ સુધારી મૂકયા છે, છતાં 'જણુંતઉ' એ શબ્દથી તે અપભ્રંશ હોવામાં કોઇ જાતનો શક રહેતો નથી. (૫)માં 'એહ' અપભ્રંશ છે.

૨૬૪. આ પરથી સ્પષ્ટ છે કે જો કે ભરતે અપભ્રંશ એ નામથી સ્પષ્ટ નિર્દેશ કયાંઈ કર્યો નથી, કારણ કે તે હજુ અવ્યક્ત રૂપમાં હોઇ વિકાસ પામતું હતું અને 'આભીરોક્તિ' એ નામથી વદાતું હતું, છતાં ભરતના સમયમાં એવી બોલાતી ભાષાતો જરૂર હતી. વળી એ પણ સ્પષ્ટ જણાય છે કે તે બોલનારાનો દેશ પંજાબ અને ઉપરનો સિંધ દેશ હતો. તેનામાં પોતાનું ઉંચી કથાનું સાહિત્ય હજુ નહોતું, અને બોલનારાનો વર્ગ વનવાસી જાતિઓમાંજ મર્યાદિત હતો કે જે જાતિઓ ધીમે ધીમે પછીથી આગળ વધી દક્ષિણ અને પૂર્વમાં પેઠી અને હિંદુ સંસ્કૃતિમાં મળી ગઈ. તેઓએ જૂની પ્રાકૃતોને અપભ્રંશ રૂપ આપ્યું ભાસે છે,

પ્રકરણ ૨ જું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો-અનુસંધાન.

૨૬૫. (૩)-**ધરસેન**—અપભ્રંશના કાળ માટે ઉપયોગી એવો એક ઉલ્લેખ, એક શિલાલેખ કાઠિયાવાડ સુરાષ્ટ્રના વલભીના રાજા ધરસેન બીજાનો છે તેમાં કરેલો છે. તેમાં પોતાના પિતા સંબંધી ધરસેને આ પ્રમાણે કહેલ છે:—

'संस्कृतप्राकृतापभ्रंश भाषात्रय प्रतिबद्ध प्रबन्ध रचना निपुणतरान्तःकरण'—વગેરે (ઈં. એં. યાકોબીએ ઉલ્લેખેલ

પ્રસ્તાવના પૃ. ૫૫ ૫૨) એટલે 'તેનું મન સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ–એ ત્રણ ભાષામાં છંદોબદ્ધ પ્રબંધની રચના કરવામાં અતિ નિપુણ હતું'. આ ધરસેનનો પિતા ગુહસેન હતો તેના ઇ. સ. ૫૫૯ અને ૫૬૯ ની વચમાંના શિલાલેખો મળી આવે છે. (મુંબઇ ગેઝેટીયર વૉ. ૧ ભાગ ૧ પૃ. ૯૦) આ પરથી જણાય છે કે ઇ. સ. છઠા સૈકામાં અપભ્રંશમાં કાવ્યો રચાતાં હતાં. જો કે હજુ તે સમયનું એક પણ ઉપલબ્ધ થયેલ નથી.

૨૬૬ (૪) **ભામહ**—સંભવિત રીતે ઈ. સ. છઠા સૈકાની અંતે થયેલ છે. તે અપભ્રંશના સંબંધી જાણે છે અને તે અપભ્રંશનો સાહિત્યમય કાવ્યના ભાગ પાડતાં ઉલ્લેખ કરે છે:[૪૫]—

૨૬૭—'કાવ્ય એ શબ્દ અને અર્થ સહિત છે. તે કાવ્ય પદ્ય અને ગદ્ય એમ બે પ્રકારનું છે. વળી તે સંસ્કૃત, પ્રાકૃત અને તે ઉપરાંત અપભ્રંશ એમ ત્રણ પ્રકારનું છે.

૨૬૮. આ જાતનો **ભામહ**નો ઉલ્લેખ ઘણો ઉપયોગી છે, કારણ કે એ સિદ્ધ કરે છે કે ઈ. સ. ૬ ઠી સદીના અંતમાં અપભ્રંશનું અસ્તિત્વ હતું; પરંતુ તે ભાષા કોણ બોલતું હતું યા કોણે બોલવી જોઇએ એ સંબંધી તે કંઇ કહેતો નથી. દંડીની પેઠે તેણે તેમ કહ્યું હત તો વિશેષ સારૂં થાત.

૨૬૯. (૫) **દંડી**—તેણે કાવ્યાદર્શ (પ્રકાશિત, બિબ્લિઓથેકા ઈંડિકા સન ૧૮૬૩) એ નામનો ગ્રંથ રચ્યો છે–તેમાં જે સાહિત્ય પોતાના સમયમાં ભણેલાઓમાં પ્રચલિત હતું તેના ચાર ભાગ જણાવે છે, ભામહ ત્રણ પાડે છે ત્યારે દંડી ચાર પાડી આગળ વધ્યો છે.[૪૬]

---

૪૫ **शब्दार्थौ सहितौ काव्यं गद्यं पद्यं च तद्द्विधा ।
संस्कृतं प्राकृतं चान्यदपभ्रंश इति त्रिधा ॥ १-३६ ॥**

૪૬ **तदेव वाङ्मयं भूयः संस्कृतं प्राकृतं तथा ।
अपभ्रंशश्च मिश्रं चेत्याहु रार्याश्चतुर्विधम् ॥ १, ३२**

૨૭૦. 'આર્યો (વિદ્વાનો) કહે છે કે આ સાહિત્ય વળી ચાર પ્રકારનું છે નામે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મિશ્ર. મહર્ષિઓએ સંસ્કૃતની વ્યાખ્યા દૈવી વાક-ભાષા તરીકે કરી છે. પ્રાકૃતમાં અનેક ક્રમો છે જેવા કે 'તે (સંસ્કૃત)માંથી ઉદ્‌ભવ પામેલ–તદ્‌ભવ,' તેના જેવા તત્સમ' અને 'દેશી' (એટલે ગ્રામ્ય ભાષાને લગતા). આભીર વગેરેની ભાષા કાવ્યોમાં અપભ્રંશ તરીકે ગણાઈ છે. શાસ્ત્રમાં (તે છતાં) સંસ્કૃત કરતાં જે બીજી એટલે સંસ્કૃત સિવાયની બધી તે 'અપભ્રંશ' એમ જણાવ્યું છે. સંસ્કૃત કાવ્ય સર્ગો (પ્રકરણો) વગેરેમાં, પ્રાકૃત કાવ્ય સંધિક (ટીકાકાર સંધિને એક પ્રકારનો છંદ જણાવે છે) આદિમાં અને અપભ્રંશ કાવ્ય તે આસાર આદિમાં અને મિશ્ર (સાહિત્યનો ચોથો પ્રકાર) કાવ્ય તે નાટક આદિમાં બદ્ધ થયેલ હોય છે.–કથા (મિશ્ર સાહિત્યની એક જાતિ) સર્વ ભાષામાં અને વળી સંસ્કૃતમાં રચાયેલી હોય છે. આશ્ચર્યકારક અર્થવાળી બૃહત્કથા ભૂતભાષામાં છે.

૨૭૧. આ પરથી એ સ્પષ્ટ છે કે અમુક ભાષાઓ સંબંધી દંડી બોલતાં સાહિત્યના દૃષ્ટિબિંદુથી કહે છે, નહિ કે ભાષાની દૃષ્ટિએ; છતાં આટલું તો પ્રકટ છે કે તે સમયે જે આભીર આદિ જાતિઓ બોલતી હતી તે ભાષાવિશેષનું નામ અપભ્રંશ હતું અને અપભ્રંશનો પ્રયોગ તે સમયે 'સાહિત્ય'માં થતો હતો. આ પ્રયોગ જેમ ભરતના સમયમાં સંસ્કૃત નાટકોમાં અમુક ઉતરતાં પાત્રો પ્રયોગ કરે તેવો પ્રયોગ નહોતો. જો તેમ હત તો દંડી સાહિત્ય–વાંગ્મયના પ્રકાર પાડતાં તેના એક પ્રકાર તરીકે 'અપભ્રંશ' નામનો પ્રકાર જણાવત નહિ. તે સ્પષ્ટ કહે

संस्कृतं नाम दैवी वागन्वाख्याता महर्षिभिः ।
तद्भवस्तत्समो देशी त्यनेकः प्राकृतक्रमः ॥ १, ३३
आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ।
शास्त्रे तु संस्कृता दन्यदपभ्रंश तयोदितम् ॥ १, ३६
संस्कृतं सर्गबन्धादि, प्राकृतं संधिकादिकं ।
आसारादीन्यपभ्रंशो नाटकादि तु मिश्रकम् ॥ १, ३७

છે કે અપભ્રંશ કાવ્યમાં આસાર આદિ કેટલાક છંદો વપરાતા હતા. નાટકોમાં અપભ્રંશ ઘણુંજ અલ્પ પ્રમાણમાં અને અહીં તહીં ક્યાંક ગદ્ય તરીકે વપરાતું અને તેમાં પણ નિયમ તરીકે સર્વ નાટકોમાં તેનો ઉપયોગ થતોજ એવું નથી. 'આભીરાદિગિરઃ' એ આખી પંક્તિ માત્ર અપભ્રંશનું સર્વ સાધારણ સ્વરૂપ સૂચવે છે એટલે કે કાવ્યમાં આભીર જેવા ઉતરતા લોકોના મુખમાં જે મૂકવામાં આવે છે તે અપભ્રંશ છે, પણ એ પરથી એક લોકજાતિનીજ એ ભાષા હતી એમ કલ્પવું અનુચિત છે. 'આભીરાદિ' એમાં 'આદિ' શબ્દજ બતાવી આપે છે કે તે માત્ર આભીર જાતિનીજ ભાષા હતી એમ નથી. ઈ.સ. પૂર્વે થોડાં શતકોમાં આભિર જાતિ જ્યાંથી આવી ત્યાંથી તે જાતિ તે ભાષા પોતાની સાથે લાવી નહોતી. વસ્તુતઃ સત્ય વાત એ છે કે જ્યાં જ્યાં તે લોકો અને તેમની સાથે બીજા ગયા ત્યાં ત્યાં તે તે પ્રદેશની પ્રચલિત પ્રાકૃત ભાષા તેઓ ગ્રહણ કરતા ગયા, અને સ્વાભાવિક રીતે તેથી ઉત્તરોત્તર ઘણે અંશે ભાષાનું સ્વરૂપ તેમનાથી બદલતું ગયું. આ બદલો—પરિવર્તન—અપભ્રષ્ટતાજ ભરતે વાપરેલ 'અપભ્રંશ', 'અપભ્રષ્ટ' અને વળી 'વિભ્રષ્ટ' શબ્દો બતાવી આપે છે. (૨) આ સાહિત્યની અપભ્રંશ ભાષાની પાછળ ભાષા હતી કે જે નાના સાહિત્યરસિક સમૂહોનો કે ફિલસુફો, વૈયાકરણો, ખગોળશાસ્ત્રીઓ, ગણિતશાસ્ત્રીઓ, કવિઓ અને અધ્યાપકો આદિ પંડિતોની ભાષા—ટુંકામાં થોડા વિદ્વાનોની ભાષા નહોતી, પણ ઉતરતા, કનિષ્ઠ વર્ણના, સામાન્યમાં સામાન્ય લોકો જેવા કે આભીરો, શબર, ચંડાલો વગેરેની ભાષા હતી. આ પરથી જણાય છે કે આ લોકો જે પ્રદેશમાં વસતા ગયા તે પ્રદેશ વખતો વખત યા એકી વખતે જેમ જેમ બદલાતો ગયો તેમ તેમ અપભ્રંશમાં પણ ફેરફાર પડતો ગયો અને તેથી પાછળના પ્રાકૃત વૈયાકરણોએ અપભ્રંશની જુદી જુદી જાતિઓ બતાવી છે તે બનતી ગઇ.

૨૭૨ દંડીનો સમય વિવાદગ્રસ્ત છે પણ તેને ૮ મી શતાબ્દીમાં મૂકી શકાય (જુઓ ના૦ પ્ર૦ પત્રિકા ભાગ ૫ અંક ૩). આ રીતે

જે અમુક લોકજાતિઓની બોલાતી ભાષા ગણાતી અને તેને 'આભીરી' ભાષાનું નામ અપાતું તે **ભરત** અને **ભામહ–દંડી** વચ્ચેના ચાર પાંચ સૈકાઓમાં વિકસિત થઇ અપભ્રંશ ભાષામાં પરણમી. આ કાલ, દેશના મોટા ભાગપર આભીરોની સર્વોપરી સત્તા વાળો પણ હતો. એ સ્વાભાવિકપણે ધારી શકાય કે ઇ. સ. ત્રીજા સૈકા અને છઠા સૈકાની દરમ્યાન અપભ્રંશ એ નામ, જે બોલાતી ભાષાઓ હિંદુઓમાં આભીર જાતિ મળી જવાથી પ્રાદેશિક પ્રાકૃતોમાંથી વિકાસ પામી, તેને અચૂક અપાયું હોવું જોઇએ.

૨૭૩. (૬) **રુદ્રટ**—ઇ. સ. નવમા સૈકામાં થયો. તે પોતાના કાવ્યાલંકાર (કાવ્યમાલા નં. ૨) માં અપભ્રંશ સંબંધી ઉલ્લેખ કરે છે. 'વાક્ય'ના ગદ્ય અને પદ્ય એમ ભાગ પાડી તેના વળી છ ભાગ ભાષાના ધોરણપર પાડે છે. તે કહે છે કે

भाषाभेद निमित्तः षोढा भेदोऽस्य संभवति ॥ २, ११
प्राकृत संस्कृतमागध पिशाच भाषाश्च शौरसेनी च ।
षष्टोऽत्र भूरिभेदो देशविशेषादपभ्रंशः ॥ २, १२.

'તેના ભેદ ભાષાભેદ નિમિત્તથી છ પ્રકારના સંભવે છે:–પ્રાકૃત, સંસ્કૃત, માગધી, પૈશાચિ, અને શૌરસેની, અને છઠો અપભ્રંશ તે દેશવિશેષે ઘણા ભેદવાળો છે.

૨૭૪. અહીં પણ અપભ્રંશને વધુ જૂની સાહિત્યની પ્રાકૃતો નામે માગધી, પૈશાચી અને શૌરસેની સાથે એક ધોરણપર મૂકવામાં આવી છે. રુદ્રટ એક ખાસ ઉપયોગી વાત જણાવે છે તે એ છે કે અપભ્રંશની ઘણી જાતો છે અને તે ઘણી જાતો જૂદા જૂદા દેશ પરત્વે છે કે જ્યાં તે બોલાતી હોય. વધુ જૂની પ્રાકૃતોના ખાસ ભેદો જણાયા નથી અને જો કે તેમનાં નામો ભૂગોલિક છે છતાં તેઓ પ્રાદેશિક મટી ગઇ અને તેથી લોકોથી પણ ખાસ બોલાતી બંધ પડી. અપભ્રંશ તો આ બંને રીતિએ તેઓથી ભિન્ન થઇ એટલે કે દેશપરત્વે તે જુદી જુદી થઈ અને લોકોથી તે બોલાતી બંધ પડી નહિ.

પ્રકરણ ૩ જું.

અપભ્રંશ સંબંધી પ્રાચીન ઉલ્લેખો (અનુસંધાન).

૨૭૫. (૭) **રાજશેખર**—તેણે પોતાની કાવ્યમીમાંસા (ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ નં. ૧, ૧૯૧૬)માં અપભ્રંશ સંબંધી પુષ્કળ ઉલ્લેખો કર્યા છે. પોતાના પુરોગામી આલંકારિકોની પેઠે તે પણ આ ભાષાને સાહિત્યની દૃષ્ટિએ નિહાળે છે. તેથી પોતાના કાવ્યપુરૂષના શરીરને વર્ણવતાં જણાવે છે કેઃ—"તારૂં શરીર તે શબ્દ અને અર્થ છે. સંસ્કૃત મુખ છે, પ્રાકૃત બાહુ છે. જઘન અપભ્રંશ[૪૭] છે, પૈશાચી તે પગો છે અને મિશ્રભાષા તે ઉરૂ એટલે છાતી છે." વળી જ્યારે પોતાનો કવિરાજ પોતાની દરબાર ભરે છે ત્યારે સંસ્કૃત કવિઓને (પોતાની ગાદીથી) ઉત્તરમાં, પ્રાકૃત કવિઓને પૂર્વમાં, અપભ્રંશ કવિઓને પશ્ચિમમાં, અને પૈશાચ કવિઓને દક્ષિણમાં બેસાડવા—એમ જણાવે છે.[૪૮] આવીજ રીતે સાહિત્યના ચતુર્વિધ પ્રકાર, તે જે ભાષામાં વ્યક્ત કરવામાં આવે તે ભાષાપરથી એક સારા કવિ થવા માગનારે કેટલી ભાષામાં નિપુણ થવું જોઇએ એ પ્રશ્નનો ઉત્તર આપતાં આ રાજશેખર પાડે છે કે[૪૯]:—

---

૪૭ शब्दार्थौ ते शरीरं, संस्कृतं मुखं, प्राकृतं बाहुः,
जघनमपभ्रंशः पैशाचं पादौ, उरो मिश्रम् । पृ. ६

૪૮ तस्य उत्तरतः संस्कृताःकवयो निविशेरन् ।...पूर्वेण प्राकृताः
कवयः...। पश्चिमेनापभ्रंशिनः कवयः। दक्षिणतो भूतभाषा-
कवयः । पृ. ५४

૪૯ एकोर्थः संस्कृतोक्त्या स सुकविरचनः प्राकृतेणापरोस्मिन्
अन्योऽपभ्रंशगीर्भिः किमपरमपरो भूतभाषाक्रमेण ।
द्वित्राभिः कोऽपि वाग्मिर्भवति चतसृभिः किंच कश्चिद्
विवेक्तुं

૨૭૬. 'એક અર્થ એક સુકવિ સંસ્કૃત ઉક્તિમાં (સારી રીતે) કરી શકે, બીજો પ્રાકૃતમાં, વળી અન્ય અપભ્રંશ વાણીમાં, અને કોઇ ભૂત-પૈશાચી ભાષામાં કહી શકે. કોઈ બીજો અર્થ બે, ત્રણ, યા ચારે ભાષામાં કોઈ વાગ્મી કહી શકે. જે સુકવિની બુદ્ધિ આ સર્વ ભાષામાં પ્રપન્ન-નિપુણ હોય છે તે આખા જગત્‌ને પોતાની કીર્તિથી ભરે છે.'

૨૭૭. આ કરતાં બીજા વધારે અગત્યના ઉલ્લેખો બીજા બે ફકરામાં આપ્યા છે કે જેમાં પણ ઉક્ત ચતુર્વિધ ભેદ બતાવ્યો છે, પરંતુ વિધવિધ દેશ પરત્વે બતાવેલ છે ને તે એવી રીતે કે જે દેશમાં સાહિત્ય જે અમુક ભાષામાં વિશષે કરી વપરાય છે તે દેશો તે ભાષા સહિત જણાવ્યા છે.

૨૭૮. " અમુક ખાસ ભાષાઓ અમુક દેશોમાં વાપરવામાં આવે છે-બોલાય છે. અને તે માટે એમ જણાવ્યું છે કેઃ—ગૌડ વગેરે સંસ્કૃતમાં સ્થિત છે, પ્રાકૃતમાં લાટદેશના (કવિએ) રૂચિ ધરાવે છે તે પ્રસિદ્ધ વાત છે. સમસ્ત મરૂ દેશના, ટક્કના અને ભદાનકના કવિઓ અપભ્રંશનો પ્રયોગ કરે છે. અવન્તિ અને પરિયાત્રાના કવિઓ દશપુરના કવિઓ સુદ્ધાં ભૂતભાષા વાપરે છે અને જે સુકવિ મધ્યદેશમાં વસે છે તે (આ) સર્વ ભાષામાં નિપુણ હોય છે. "[૫૦]

૨૭૯. આ પરથી જણાય છે કે રાજશેખરના સમયમાં સંસ્કૃત સાહિત્ય ગૌડ (હાલનું બિહાર)માં, પ્રાકૃત સાહિત્ય લાટ (ગૂજરાતના ભરૂચ

यस्येत्थं धीः प्रपन्ना स्नपयति सुकवेस्तस्य कीर्त्ति जंगन्ति ॥ पृ. ४८-४९.

५० गौडाद्याः संस्कृतस्थाः परिचितरूचयः प्राकृते लाटदेश्याः सापभ्रंश प्रयोगाः सकल मरूभुवष्टक्क भादानकाश्च । आवन्त्याः पारियात्राः सह दशपुरजै र्भूतभाषा भजन्ते यो मध्येमध्यदेशं निवसति स कविः सर्वभाषा-निषण्णः ॥ पृ. ५१.

આસપાસના પ્રદેશ)માં, અપભ્રંશ સાહિત્ય આખા મરૂદેશ (હાલનું માર-વાડ), ટક્ક (પૂર્વ પંજાબનો ભાગ)માં, અને ભદ્રાનક (?) માં, પૈશાચી સાહિત્ય અવન્તિ (મધ્ય માલવા)માં, પારિયાત્રા (પશ્ચિમના વિંધ્ય પ્રદે-શોમાં) અને દશપુર (ઉપરનો માલવા–મંદસોર આસપાસનો મુલક) માં વધારે ખેડાયેલું હતું. આમ છતાં એ લક્ષ બહાર ન રહેવું જોઇએ કે આ ભાષાઓ આ પ્રાંતોમાં બોલાતી ભાષાઓ હતી એમ રાજશેખર કવિ જણાવતો નથી. તે એટલુંજ કહે છે કે આ પ્રાંતોમાં સાહિત્યકારો પોતાના વિચારો આ જણાવેલી ભાષામાં પ્રધાનપણે દર્શાવતા હતા.

૨૮૦. અપભ્રંશ સંબંધી બીજો મહત્વનો ફકરો એ છે કેઃ— " સુરાષ્ટ્ર, ત્રવણ વગેરે, સૌષ્ઠવ સહિત, પણ અપભ્રંશના અંશો વાળાં સંસ્કૃત વચનો પણ બોલે છે. " ૫૧

૨૮૧. આથી મરૂ, ટક્ક અને ભાદ્દાનકના કવિઓ સાથે સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) અને ત્રવણો (? પશ્ચિમ રાજપુતાના) ને ઉમેરવાના છે–તે સર્વેએ અપભ્રંશ સાહિત્યને ખેડયું છે. પ્રાકૃતભાષાઓ અને તેમાંના સા-હિત્ય સંબંધી આપણું જ્ઞાન અત્યારે દિનપ્રતિદિન વિશેષ થતું જાય છે અને તે રાજશેખરના મતને અને ખાસ કરીને પ્રાકૃત અને અપભ્રંશ સંબંધીના મતને સ્પષ્ટ રીતે સિદ્ધ કરતું જાય છે. જે પ્રાંતમાં વિશાલ પ્રાકૃત સાહિત્યની શોધ થઇ છે અને હજુ પણ થવા સર્જાયેલી છે, તે ગૂજરાત પ્રાંત છે. ૫૨તેમાં જૈન શ્વેતામ્બરોનો જબરો ફાળો છે.

---

૫૧. सुराष्ट्र त्रणवाद्या ये पठन्त्यर्पितसौष्ठवम् ।
अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि ॥ पृ. ३४.

૫૨. જુઓ પાંચમી ગૂજરાત સાહિત્ય પરિષદ્નો સદ્ગત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. નો. ' પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય ' પર નિબંધ; તથા પુનાની પહેલી ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં કુડાલકરનો 'પાટણ ભંડારના હસ્ત-લેખિત પુસ્તકોનો અહેવાલ' એ પર નિબંધ.

૨૮૨. રાજશેખરના સમયમાં અપભ્રંશ ભાષા સાહિત્યભાષા તરીકે ઘણી લોકપ્રિય હતી અને ખાસ કરી સુરાષ્ટ્ર અને મારવારમાં જરૂર લોકપ્રિય હતી છતાં તે ભાષાએ પોતાના મૂળ ઝરણ એટલે સામાન્ય આમવર્ગની બોલાતી ભાષા યા ભાષાઓ સાથેનો જીવંત સંપર્ક હજુ છોડયો નહોતો એ વાત રાજશેખરના બીજા બે ફકરામાંથી જણાય છે. તે ફકરાઓ એ છે કેઃ—

૨૮૩. (૧) ' અપભ્રંશ ભાષામાં પ્રવીણ તે તેના (રાજા કવિના) પુરૂષ–પરિચારક વર્ગમાં હોવા જોઇએ; અને પરિચારિકાઓ માગધ ભાષામાં પણ અભિનિવેશ રાખનારી હોવી જોઇએ. અંતઃપુરમાંનાએ સંસ્કૃત અને પ્રાકૃત બંને જાણવી જોઇએ, અને તેના મિત્રોએ સર્વભાષા જાણવી જોઇએ. ' ૫૩

૨૮૪. (૨) તેમની (સંસ્કૃત કવિઓ) પાસે–પછી વેદ વિદ્યાના જ્ઞાતા, પ્રમાણ શાસ્ત્રીઓ, પૌરાણિકો, સ્મૃતિજ્ઞો, વૈદ્યો, જોશીઓ તથા તેવા પ્રકારના બેસે; પૂર્વે પ્રાકૃત કવિઓ; અને તેની પાર–પાસે યા પછી જ નટ, નાચનારા, ગાવા વગાડવાવાળા, વાણીપર જીવનારા ભાટ આદિ સંગીતના તાલ આપનારા એવાઓ બેસે; પશ્ચિમે અપભ્રંશના કવિઓ, ને તેમની પાસે ચિત્રલેપ કરનાર, માણિક–રત્ન બાંધનારા, ઝવેરીઓ, સોનીઓ, સુતારો, લુહારો અને એવા બીજા બેસે; દક્ષિણે ભૂતભાષા એટલે પૈશાચી ભાષાના કવિઓ ને તેમની પાસે ગણિકાઓ અને તેના સાથીઓ, દોરડાપર નાચનારા, ગારૂડીઓ, જાદુગરો, મલ્લો અને શસ્ત્ર ઉપર આજીવિકા કરનારા તથા એવા બીજાઓ બેસે.' ૫૪

૨૮૫—આ પૈકી (૧) લા ઉતારાપરથી ખાસ જણાય છે કે પુરૂષ તેમજ સ્ત્રી પરિચારકને અપભ્રંશ બોલનારા જણાવ્યા છે. પહેલાં

---

૫૩. अपभ्रंशभाषाप्रवणः परिचारकवर्गः, समागधभाषाभिनिवेशिन्यः परिचारिकाः। प्राकृत संस्कृतभाषाविद् आन्तःपुरिका, मित्राणि चास्य सर्वभाषाविन्दि भवेयुः।

૫૪. આ માટે જુઓ આ પ્રસ્તાવનાનું પૃ. ૨૭અને ૨૮ પર मध्येसमं...वेदिका એ અવતરણ–તેમાં વિશેષમાં ઉમેરો दक्षिणतो भूतभाषा

તો તે સામાન્ય જનસમૂહનાજ છે અને તેથી લોકભાષાજ બોલેજ. બીજું સામાન્ય જનસમૂહ અને રાજા એ બેની વચમાં રહેનારા તેઓ છે કારણ કે તેઓ લોકની ઇચ્છાઓ અને ફરિયાદો રાજાને સમજાવે, અને રાજાનો સંદેશ કે ઉત્તર લોકોને કહે અને તેથી તેઓએ સામાન્ય લોકની ભાષા જાણવીજ જોઇએ. આ ઉતારાથી એ ધ્વનિત થાય છે કે રાજશેખરના સમય પહેલાંના ઘણા લાંબા કાળથી અપભ્રંશ ભાષા સાહિત્યભાષાના દરજ્જે પહોંચી હતી છતાં તે સમય સુધી એક બોલાતી ભાષા તરીકે બંધ પડી ગઇ હતી નહિ. તે અપભ્રંશ અને લોકની બોલાતી ભાષા—એ બંને વચ્ચે જીવંત સંબંધ હતો. બીજા શબ્દોમાં કહીએ તો **અપભ્રંશ ભાષા હજુ બીજી પ્રાચીનતર સાહિત્યની પ્રાકૃત ભાષાઓની પેઠે મૃતભાષા થઇ હતી નહિ.**

૨૮૬. ઉપરના (૨) જા ફકરામાં સંસ્કૃત ભાષા થોડાઓની—એટલે પંડિતોની ભાષા ક્યારની થઈ ગઇ હતી. પ્રાકૃત ભાષા જાણનારા તેમજ બોલનારાનો મોટો સમૂહ નિર્વિવાદ રીતે હતો. અને તે બોલનારામાં નાટ્ય સાથે સંબંધ ધરાવતી કેટલીક લલિત કળાઓના જાણનાર હતા. પરંતુ અપભ્રંશના કવિઓ પાછળ બેસનારાનો અને સ્પષ્ટ રીતે તે ભાષા બોલનારાનો વર્ગ એ પ્રાકૃતભાષી કરતાં પણ વધુ જથામાં હતો. આ મોટા પ્રમાણનો ઉતરતા વર્ગનો સમૂહ—એટલે સામાન્ય જનસમૂહ છે કે જેમાંથી કારીગરો નામે સુતાર, લુહાર, સોની આદિ, તથા બીજો મજુર વર્ગ પ્રાપ્ત થાય છે. અને આ વાત ભાષાવિષયક જે હકીકતો વર્ત્તમાન હિંદની દેશી ભાષાઓનાં પ્રાચીનતમ સાહિત્યોમાંથી મળી આવી છે તેને બરાબર બંધ બેસતી છે. ઇ. સ. નવમા સૈકાના અંત (કે જે રાજશેખરના કવિત્વ કાલનો સામાન્ય રીતે સમય છે) સુધી દેશી ભાષાઓ પોતાનું સ્વરૂપ જુદી જુદી બોલાતી અપભ્રંશ ભાષાઓથી ભિન્ન સ્વરૂપ

कथयः, ततःपरं भुजंगणिकाः प्लवकशौभिकजंभकमल्लाः शस्त्रोपजीविनो ऽन्ये ऽपि तथाविधाः ॥ पृ. ५४-५५

પકડતી જતી હતી અને પોતાનું વિશિષ્ટ સ્થાન લેવા માટે પોતાનો વિકાસ કરી રહી હતી. (જુઓ આ લેખનું પૃષ્ઠ ૨૮).

૨૮૭. (૮)-**નમિસાધુ**—જ્યારે કાવ્યાલંકાર ૨, ૧૨ સૂત્ર પર ટીકા કરે છે ત્યારે અપભ્રંશ સંબંધી એવી ટીકા કરે છે કેઃ—

'તથા અપભ્રંશ તે પ્રાકૃતજ છે. તે બીજાઓએ ઉપનાગર, આભીર અને ગ્રામ્ય એ ભેદથી ત્રણ પ્રકારની કહી છે. તેનો નિરાસ કરવા માટે રૂદ્રટે 'ભૂરિભેદઃ' એટલે ઘણા ભેદવાળી એ શબ્દો વાપર્યા છે. શા માટે કે ઘણા દેશો હોવાથી; અને તેનું લક્ષણ લોકો પાસેથી સમ્યક્ પ્રકારે જાણી શકાય તેમ છે'[૫૫] (જુઓ આ લેખનું પૃ. ૨૯).

૨૮૮. આ ફકરો એ રીતે અગત્યનો છે કે નમિ સાધુ (૧) અપભ્રંશને આ પ્રાકૃત તરીકેજ ગણે છે (૨) પોતાની અગાઉના બીજાઓએ તેના જે પ્રકાર નામે ઉપનાગર, આભીર અને ગ્રામ્ય જણાવ્યા છે તે બતાવે છે, (૩) પરંતુ પોતે સ્પષ્ટપણે જણાવે છે કે આ ત્રણ કરતાં વધુ પ્રકાર તેના છે અને સૌથી મહત્વની વાત પોતે દર્શાવે છે તે એ છે કે (૪) તે શીખવા માટે લોકો પાસેજ જવું ઘટે. આ છેલ્લી વાત મહત્વની છે તે એટલા માટે કે નમિસાધુ કે જેણે પોતાની ટીકા સંવત્ ૧૧૨૫ (ઈ. સ. ૧૦૬૯)માં પૂરી કરી[૫૬] તેના તે સમય સુધી ઘણી બોલાતી ભાષાની અપભ્રંશ સામાન્ય જનસમૂહથી બોલાતી બંધ પડી નહોતી.

૨૮૯. નમિસાધુએ જે એક વાક્ય કહેલ છે તે ખાસ અત્ર નોંધવા જેવું છે કારણ કે તે પરથી જણાય છે કે અપભ્રંશનો વિસ્તાર પૂર્વમાં ઠેઠ મગધ સુધી હતો. આપણે જાણીએ છીએ કે ભરતના સમય સુધી

---

૫૫. રૂદ્રટનો કાવ્યાલંકાર (કાવ્યમાલા ૨, ૧. ૧૫) **तथा प्राकृतमेवापभ्रंशः । स चान्यैरूपनागराभीर ग्राम्यावभेदेन त्रिधोक्तस्तन्निरासार्थमुक्तं भूरिभेद इति । कुतो देशविशेषात् । तस्य च लक्षणं लोकादेव सम्यगवसेयं ।**

૫૬. **पंचविंशति संयुक्तै रेकादश समाशतैः ।**
विक्रमात्समतिक्रांतैः प्रावृषीदं समर्थितं ॥ પૃ. ૧૭૪.

તેનું બીજ જે આભીરી તે સિંધ, મુલતાન અને ઉપરના પંજાબમાં બોલાતી જણાઈ છે. નમિસાધુનું ઉક્ત વાક્ય એ છે કે[૫૭]

૨૯૦. " આભીરી ભાષા અપભ્રંશના પેટામાં મૂકાયેલી જણાવવામાં આવી છે, ક્વચિત્ તે માગધીના પેટામાં પણ જોવામાં આવે છે." આનો એટલોજ અર્થ થાય છે કે મગધમાં અપભ્રંશની એક બોલાતી ભાષા હતી. આથી એ પૂરવાર થાય છે કે ઈ. સ. ૧૧ મી સદી સુધી પણ ભારતના પૂર્વ ભાગમાં અપભ્રંશ વિદ્યમાન હતી.

૨૯૧. (૯)—ઉપરનાથી બીજા ઓછા પ્રસિદ્ધ અને તેઓના પછી થયેલા લેખકો નામે પૃથ્વીધર (મૃચ્છકટિકનો ટીકાકાર), ગીતગોવિંદપર નારાયણે કરેલી ટીકામાં ઉલ્લેખેલા 'રસિકસર્વસ્વ'ના અજ્ઞાત કર્ત્તા, શકુંતલા પર ટીકાકારોમાંનો એક શંકર, અને બે ત્રણ બીજા થયા છે તે માટે પિશલનું વ્યાકરણ જુઓ. અહીં તેમને વિસ્તારથી બતાવવા નકામું છે કારણકે તેઓ માત્ર બીજાઓના વિચારો અને કથનો ટાંકે છે, અને પોતાને તો અપભ્રંશનો સાક્ષાત્ પરિચય કે સમાગમ નથી.

અપભ્રંશ અને પ્રાકૃત વ્યાકરણો—

૨૯૨. (૧) **વરરૂચિ**—કે જેનો સમય ઇસવી તૃતીય શતાબ્દિ ગણવો અનુચિત નહિ થાય તે અત્યારસુધીના પ્રાકૃત વૈયાકરણોમાં, સર્વથી પ્રાચીન માનવામાં આવે છે. તેના 'પ્રાકૃત-પ્રકાશ'માં અપભ્રંશનો કંઇપણ ઉલ્લેખ નથી. તેનું કારણ એમ જણાય છે કે તે સમયે અપભ્રંશ સાહિત્યની ભાષા હતી નહિ. સાહિત્યની પછીજ વ્યાકરણોની સૃષ્ટિ થાય છે એ સ્વીકારી શકાય તેવી વાત છે.

૨૯૩. (૨) **ચંડ**—'પ્રાકૃત-લક્ષણ'માં અપભ્રંશ પર થોડાં સૂત્રો લખ્યાં છે. ચંડનો સમય ઇ. સ. ૬ ઠી શતાબ્દિમાં લઇએ તો

---

૫૭. **आभीरी भाषापभ्रंशस्था कथिता क्वचिन्मागध्यामपि दृश्यते.** પૃ. ૧૫.

દશરૂપ પણ જ્યારે એમ (૨, ૪૨ માં) કહે છે કે આભીરો માગધી બોલનારા પૈકી હતા ત્યારે એમજ સૂચિત કરે છે. દશરૂપ તે નમિસાધુ કરતાં બે સૈકા પાછળનું છે.

ઉચિત છે-જોકે હૉર્નલ સાહેબ તેને તેથી ઘણો પૂર્વે લઇ જવાનો પ્રયાસ કરે છે.

૨૯૪. (૩) **હેમચંદ્ર**—તેણે પોતાના 'સિદ્ધહૈમ' વ્યાકરણમાં પ્રાકૃતની સાથે સાથે અપભ્રંશ ઉપર ઘણી સારી રીતે લખ્યું છે. કેવલ અપભ્રંશ પર ૧૨૦ સૂત્ર આપ્યાં છે ને તે પર લગભગ ૧૮૦ દોહા ઉદાહરણરૂપે આપ્યા છે, અને તે બીજા ગ્રંથોમાંથી સંકલિત કરેલા જણાય છે તેથી તે ઘણાં કામના છે. તે પરથી જણાય છે કે ૯ મી સદીમાં અપભ્રંશનું સાહિત્ય ઘણું વિસ્તૃત હોવું જોઇએ. હેમચંદ્રનો સમય ૧૨ મી સદી છે અને તેના સંબંધમાં અગાઉ ઘણું લખાઇ ગયું છે.

૨૯૫. (૪) તેની પછીના **ત્રિવિક્રમ**, **લક્ષ્મીધર**, **સિંહરાજ** અને **માર્કંડેય** આદિએ પણ અપભ્રંશ પર લખ્યું છે. તેમાં ત્રિવિક્રમનું પ્રાકૃત-વ્યાકરણ વિશેષ મહત્વનું છે. આ 'સિદ્ધહૈમ' સાથે થોડું ઘણું મળે છે. તેમાં લગભગ ૧૧૭ સૂત્ર અપભ્રંશ પર છે. માર્કંડેયનું 'પ્રાકૃત સર્વસ્વ' ઘણું આધુનિક છે. ઇ. સ. ૧૭ મી સદીમાં તેનો સમય ગણવો ઉચિત છે. આ વખતે તો આધુનિક ભાષાઓનો પ્રચાર હતો, અતઃ તેનું કથન વિશેષ મહત્વનું માની નહિ શકાય. હમણાં આ વર્ષમાંજ પંડિત **બહેચરદાસે** ગૂજરાત પુરાતત્વમંદિર તરફથી 'પ્રાકૃત-વ્યાકરણ' બહાર પાડેલ છે તેમાં સર્વના દોહનરૂપે સૂત્રો આપી વ્યાકરણના વિષયને વધારે સ્ફુટ અને માર્ગદર્શક કર્યો છે.

પ્રકરણ ૪ થું.

અપભ્રંશનો સમય.

૨૯૬. આ રીતે આપણે, આશરે ઇ. સ. બીજા કે ત્રીજા સૈકામાં થયેલા **ભરતથી** માંડીને ઠેઠ ઇ. સ. ૧૧ મા સૈકાના મધ્યમાં થયેલા **નમિસાધુ** સુધીના અલંકાર અને કાવ્ય પરના ગ્રંથોમાં અપભ્રંશ

સંબંધી જે ઉલ્લેખો થયેલા છે તે જોયા. આથી આપણે અપભ્રંશના સમય, વિસ્તાર અને પ્રકાર સંબંધી કેટલીક અસંદિગ્ધ હકીકતો એકઠી કરી શકયા છીએઃ—

૨૯૭. (૧) આભીરી એ નામથી અપભ્રંશ ભાષા ઓછામાં ઓછા ઇસુના બીજા અને ત્રીજા સૈકામાં વિદ્યમાન હતી અને તે સિંધ, મુલ્તાન અને ઉત્તરના પંજાબ–પંચનદમાં મુખ્યપણે આભીરો અને બીજી જાતિઓ કે જે હિંદમાં પ્રવેશ કરી ચૂકી હતી અને આ પ્રાંતોમાં સ્થિરવાસ કરી ચૂકી હતી તેઓથી બોલાતી હતી.

૨૯૮. (૨) ઈ. સ. ૬ ઠા સૈકા સુધીમાં આભીરો અને બીજાઓની બોલાતી ભાષા તરીકે અપભ્રંશ તે વખત સુધી પણ ગણાતી હતી તે ભાષાએ 'અપભ્રંશ' એવું વિશિષ્ટ નામ ગ્રહણ કર્યું હતું, અને પોતાનું સાહિત્ય પણ ખેડયું હતું કે જે સાહિત્ય ભામહ અને દંડી જેવા અલંકારશાસ્ત્રીઓને પણ માન્ય રાખવું પડયું હતું.

૨૯૯. (૩) ઇ. સ. નવમા સૈકા સુધીમાં આભીરો, શબરો અને ચંડાલોનીજ ભાષા તરીકે ગણાતી તે બંધ પડી હતી, અને જોકે ઉંચી પંક્તિના સંસ્કૃત બોલતા હતા અને નાટક કરનારા લોકો પ્રાકૃત ભાષાઓ બોલતા હતા, છતાં અપભ્રંશ મોટો જે કારીગરનો વર્ગ તેની ભાષા તરીકે પ્રસિદ્ધ થઇ હતી એટલે કે તે લોકોની ભાષા બની હતી. આ સમય સુધીમાં તે દક્ષિણમાં સૌરાષ્ટ્ર સુધી પણ અને સંભવિત રીતે પૂર્વમાં મગધ દેશ સુધી પ્રસરી હતી.

૩૦૦. (૪) ઈ. સ. ૧૧ મા સૈકાના મધ્ય સુધી સાહિત્યનિપુણ લોકોને પણ સ્વીકારવું પડયું છે કે અપભ્રંશ તે એક ભાષા નથી પણ ઘણી બોલાતી ભાષાઓ છે, કે જેમાંની એકે સાહિત્ય ભાષા તરીકે નામ કાઢયું હતું. દોહાકોશ (જુઓ ૭ નો અંત) આ સંબંધી સબલ પુરાવો આપે છે.

૩૦૧. અપભ્રંશના સમયની નિમ્નતમ અવધિ સર ભંડારકરના અભિપ્રાય સાથે બરાબર મળે છે. પોતાના હસ્તલિખિત ગ્રંથોના રીપો-

ટેમાં પિંગલાર્થ પ્રદીપની નં. ૫૪૫ માં નોંધ કર્યા પછી તેમાંથી કેટલાક ફકરાઓ[૫૭] ટાંકીને તે કહે છે કેઃ—

"ઉપરના ફકરાઓ દેશી ભાષાનાં ત્રણ સ્વરૂપો રજુ કરે છે. પ્રાચીન સ્વરૂપ એટલે મહારાષ્ટ્રી પ્રાકૃત આપણને ૧, ૨, ૩ (૧), ૪ અને ૫ (૧) માં મળે છે. તે સંસ્કૃતની પેઠે શિષ્ટ ભાષા બની હતી અને ગમે તે વખતે સાહિત્યના વિષયમાં વપરાઇ શકાતી. ત્યાર પછી આપણને બીજું સ્વરૂપ ૬, ૭ (૧), (૨), (૩) માં મળી આવે છે. આ અપભ્રંશ સ્વરૂપને મળતું આવે છે કારણ કે આપણને તે હેમચંદ્રે પોતાના પ્રાકૃત વ્યાકરણમાં જે ઉદાહરણો આપ્યાં છે, તેમાં અને વિક્રમોર્વશીના ૪ થા અંકમાંના ઉદાહરણોમાં મળે છે. ત્રીજું સ્વરૂપ આપણને ૩, (૨) (૩) (૪) (૫) અને ૫ (૨) માં મળે છે. આને આપણે વર્ત્તમાન હિંદીનું પ્રાચીનતમ સ્વરૂપ કહી શકીએ–તેમાં ઢિલ્લિમહ= (દિલ્હી) અને જખણ યા જક્ખણ='જ્યારે' એ નવાં રૂપોના નમુના છે કે જે અપભ્રંશના યુગ સુધીના સમયમાં ધીમે ધીમે જૂના પ્રત્યયો ઘસાતા ગયા પછી બનેલાં છે. છેલ્લાં બે રૂપો જે સમયે કવિઓએ લખ્યું હોય તે સમયની દેશી ભાષા રજુ કરે છે, અને તે કવિઓએ પોતાના સમયમાં જે રાજાઓ મરી ગયા ને વીસરાઈ ગયા હોય તેઓનાં વખાણ કર્યાં ન હોવાં જોઇએ તેથી એ અનુમાન કરવું અયુક્ત નથી કે તેમણે વાપરેલી ભાષાનાં રૂપો જ્યારે તે રાજાઓ વિદ્યમાન હતા તે સમયનાં ચાલુ રૂપોજ રજુ કરે છે; જેમકે કર્ણના સમયની લગભગ એટલે ૧૧ મા સૈકાના પૂર્વાર્દ્ધમાં જે વિકાસક્રમ પર દેશી ભાષાઓ આવી પહોંચી હતી તે અપભ્રંશના ક્રમને તે વખતે પણ રજુ કરતી હતી, કે જે

૫૭—ટાંકેલા ફકરાઓ એ છે કે ગાથા ૫૩ (ચંદેસર). ૬૯ (ચેઇપઇ= ચેદિપતિ), ૭૧ (હમ્મીર), ૯૨ (તે જ) ૧૫૧ (તે જ), ૭૨ (સાહસાંક), ૭૭ (કસીસ), ૧૯૮ (તે જ), ૮૭ (અચલ), ૯૬ (કર્ણ), ૧૨૬ (તે જ), ૧૮૫ (તે જ), કે જે ચંદ્રમોહન ઘોષની આવૃત્તિમાં છે. ચંદિપતિ એટલે ચંદિનો રાજા કે જે કલચુરિ વંશનો હતો ને, ગૂજરાતના ભીમદેવ અને મહારાષ્ટ્રના આહવમલ્લનો સમકાલીન હતો.

અપભ્રંશનું મૂળ લગભગ સાતમા સૈકાપર લઈ શકાય છે; અને દેશી ભાષાઓ લગભગ ૧૨ મા સૈકાના અંતે અને ૧૩ મા સૈકાની શરૂઆતમાં-કે જ્યારે કેટલાકના માનવા પ્રમાણે ચંદ કવિ વિદ્યમાન હતો ત્યારે હાલનું વર્ત્તમાન વલણ લેતી ગઈ અને તેજ સ્વરૂપ તેઓનું ચોહાણ હમ્મીર (એટલે ઇ. સ. ૧૨૮૩ થી ૧૩૦૧) ના સમયમાં હતું.

પ્રકરણ ૫ મું.

અપભ્રંશ અને આભીરનો દેશાનુદેશ વિહાર.

૩૦૨. ઉપર જણાવેલ હકીકત છે તે આભીરના હિંદમાં પ્રવેશ ને વિહાર સંબંધી ઇતિહાસ કે જેણે દેશની બોલાતી ભાષાઓમાં આવું પરિવર્ત્તન કર્યું છે તે સાથે બરાબર બંધ બેસતી થાય છે.–આભીરો (હવે આહીરો) મહાભારતમાં[૫૮] સિંધુ નદિ પર હિંદના પશ્ચિમમાં વસતા લોકો તરીકે જણાવવામાં આવ્યા છે. તેમને એક તિરસ્કૃત જાતિ તરીકે ગણવામાં આવ્યા છે.[૫૯] પણ તેઓ એક લડાયક જાતિ હતી અને દ્રોણના સુપર્ણવ્યૂહમાં તેમને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે અર્જુન કૃષ્ણની વિધવાઓને લઇને દ્વારકાથી પાછો ફરતો હતો, ત્યારે આભીરોએ તેના પર પંચનદમાં પ્રવેશ કરતાંજ આક્રમણ કરેલું હતું. અહીં તેમને લુંટારા, ગોવાળીઆ અને મલેચ્છો તરીકે કહ્યા છે. મનુસ્મૃતિમાં તેમને બ્રાહ્મણ પિતા અને અમ્બષ્ટ માતાથી ઉત્પન્ન થયેલા માનેલા છે.

૩૦૩. આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ જણાય છે કે બીજી જાતિઓની સાથે આ આભીરોની જાતિએ હિંદમાં પ્રવેશ કરીને

---

૫૮. મહાભારત ૨, ૩૨, ૧૧૯૨; ૪, ૨૦, ૭૯૮; ૯–૩૭–૨૧૧૯; ૧૬–૭–૨૨૩.

૫૯. મનુસ્મૃતિ અધ્યાય ૯–૧૫ **ब्राह्मणात्......आभारोम्बष्ठकन्यायाम्.**

પંચનદનો અમુક ભાગ ઇસવી શતાબ્દિના પ્રારંભમાં વસાવ્યો હતો (લગભગ ૧૫૦ ઇ. સ. પૂર્વે, તેનાથી આગળ નહિ). તેમનો ધંધો ગાય, ઉંટ, ઘોડા આદિ અહીં તહીં ચરાવતા ફરવાનો હતો. તે માટે પંજાબની વિસ્તૃત ઉર્વરા ભૂમિ અત્યંત ઉપયુક્ત હતી.

૩૦૪. અપભ્રંશ આભીરોની પોતાની ભાષા નહોતી, પરંતુ તેમના ઉચ્ચારણથી જે સ્થાનિક પ્રાકૃતનું પરિવર્તિત રૂપ થયું તે પાછળથી અપભ્રંશ કહેવાયું. આભીરના પછી આવેલ વિદેશી જાતિઓ હતી. આર્યાવર્ત્તમાં વસી ગયાથી તેમણે સ્થાનિક પ્રાકૃતોને બોલવાનો આરંભ કર્યો, પરંતુ તેઓ એક નવીન ભાષાનું ઠીક ઠીક ઉચ્ચારણ કરી શકતા નહોતા, તેથી આભીરો દ્વારા પ્રાકૃતનું એક નવીન અપભ્રંશ રૂપ પ્રકટ થયું કે જે કાલાન્તરે 'અપભ્રંશ' એ નામથી પ્રસિદ્ધ થયું.

૩૦૫. આભીર જાતિ ક્રમશઃ પ્રભુતા પ્રાપ્ત કરતી ગઇ. તેઓનો ઉલ્લેખ બીજા સૈકાના અને ત્રીજા સૈકાના પ્રારંભ અને મધ્ય સમયના શિલાલેખોમાં[૬૦] મળી આવે છે. પહેલો ઇ. સ. ૧૮૧ ના ક્ષત્રપ રૂદ્રસિંહના રાજ્યકાલમાં તે રાજાના સેનાપતિ રૂદ્રભૂતિ આભીર હોવાનું જણાવેલ છે. બીજો લગભગ ૩૦૦ ઇ. સ. નો નાસિકની ગુફાઓનો છે તેમાં શિવદત્તના પુત્ર–ઇશ્વરસેન નામના એક આભીર રાજાનો ઉલ્લેખ છે. ત્રીજો શિલાલેખ ઈ. સ. ૩૬૦ આસપાસનો સમુદ્રગુપ્તનો[૬૧] છે કે જે અલ્લાહબાદના સ્તંભપર ખોદેલો છે તેમાં આભીર અને માલવજાત રાજસ્થાન, માલવ, અને ગુપ્ત સામ્રાજ્યની પેલીપાર દક્ષિણ–પશ્ચિમ અને

---

૬૦. જુઓ ડી; આર. ભાંડારકરનો લેખ ઇંડિયન એંટિક્વરી ૧૯૧૧ પૃ. ૧૬ તથા આર. ઇ. એન્થોવનનો ગ્રંથ નામે Tribes and Castes of Bombay. પુસ્તક ૧ પૃ. ૨૧ (તેમાં આહિર સંબંધી હકીકત ડી. આર. ભંડારકરે પૂરી પાડી છે.) આના સંબંધી રા. બ. ગૌરીશંકર ઓઝાજીનો અભિપ્રાય જુદોજ પડે છે.

૬૧. ઉક્ત ભાંડારકર તથા એન્થોવન કૃત લેખ તથા ગ્રંથ; વિન્સેન્ટસ્મિથની Early History of India પૃ. ૨૮૬.

પશ્ચિમના પ્રાંતોમાં નિવાસ–શાસન કરતી પ્રબલ જાતિઓ હતી એમ જણાવેલું છે. ઝાંસીની દક્ષિણે હમણાં 'અહિરવાર' નામનો એક પ્રાંત છે તેનું સંસ્કૃત નામ આભીરવાટ છે–તે પરથી ધારી શકાય છે કે તે જે અલ્લાહબાદના શિલાલેખમાં વર્ણવેલ છે તે આભીરની રાજધાની હોવી જોઇએ. તેથી ૪ થા સૈકા સુધીમાં આભીરોએ માલવામાં કાયમનો પગદંડો ચલાવ્યો હતો. આમાંના અમુક ભાગે જંગલનું જીવન મૂકી દઇને કાયમના વસતિસ્થાન કરવામાં અને શાસક થવામાં ઉદ્યત થયા હોય એમ નાસિકના શિલાલેખ પરથી તેમજ પુરાણો[૬૨] પરથી જણાય છે. સંયુક્ત પ્રાંતમાં મિરઝાપુર તાલુકામાં એક ભાગ 'અહિરોરા' નામનો છે કે જેનું સમાન સંસ્કૃત નામ 'આભીરવાટ'જ છે. આજ સમયમાં અને ત્યાર પછી અપભ્રંશ પોતાનું વાંગ્મય વિકસિત કરવા અવશ્ય લાગી ગઇ હોવી જોઇએ. આ વાત ૬ ઠા સૈકામાં જ્યારે અપભ્રંશ એક શાસ્ત્રીય વાંગ્મય ભાષા તરીકે દેખાવ દે છે એ હકીકત સાથે બરાબર બંધ બેસે છે.

૩૦૬. ત્યાર પછીના બે સૈકામાં આભીર લોકો આગળને આગળ દક્ષિણ તરફ અને પૂર્વ તરફ, સૌરાષ્ટ્ર અને તેની નજીકના પ્રાંતો અને મગધ તરફ અનુક્રમે વધતા ગયા હોવાજ જોઇએ; કારણકે ૯ મા સૈકા સુધીમાં અપભ્રંશ, એટલે પ્રાકૃત ભાષાઓએ પરદેશીઓના મુખથી જે સ્વરૂપ લીધું તે અપભ્રંશ, સુરાષ્ટ્ર વગેરેમાં સાહિત્ય માટેની યોગ્ય વાહક ભાષા ગણાઇ. આ વાતને ઇતિહાસ પણ ટેકો આપે છે, કારણકે જ્યારે કાઠીઓએ સુરાષ્ટ્ર પર ૮ મા સૈકામાં યા તે લગભગ હલ્લો કર્યો ત્યારે તે કાઠીઓને[૬૩] તે દેશ આભીરોના કબજામાં માલૂમ પડ્યો.

---

૬૨. આ પુરાણો ઉપરોક્ત ભંડારકાર તથા એન્થોવનના કહેવા પ્રમાણે આભીરોને આંધ્રભૃત્ય પછી કાયમના રાજાઓ તરીકે જણાવે છે. ૬ ઠા સૈકા સુધીમાં તેમનું રાજ્ય ક્યારનું અદૃષ્ટ થયું.

૬૩. જુઓ ઉપરોક્ત એન્થોવનનો ગ્રંથ પૃ. ૨૪.

આની પહેલાં થોડો વખત આભીરો ખાનદેશ અને નાસિકમાં પણ સત્તાધીશ હતા, એ વાત ફેરીસ્તાએ[૬૩] ખાનદેશમાં પ્રસિદ્ધ દુર્ગ અસીરગઢ આસા નામના અહીરે બંધાવ્યો હતો એમ જે જણાવેલું છે તે પરથી જાણી શકાય છે. કાઠિયાવાડમાં હજુ સુધી આભીરોની ઓલાદ–આહેર–આહીર વસે છે ને મુખ્યપણે પશુપાલન, ગોરસવિક્રયનું કામ–ભરવાડનું કામ કરે છે. મૂલરાજ ચાલુક્યે દુર્મદ આભીરોનો (ગ્રાહરિપુ નામના આભીર કુલના રાજાનો) વધ કરેલો એમ શ્રી હેમચંદ્ર પોતાના વ્યાકરણની પ્રશસ્તિમાં જણાવે છે. નરસિંહ મહેતાએ આહીરનો ઉલ્લેખ કર્યો છે.[૬૪] સં. ૧૭૬૭ માં ઉદયરત્ને રચેલા લીલાવતી અને સુમતિવિલાસના રાસમાં લીલાવતીએ વેશ્યાને ત્યાં રહેતા પોતાના પતિને સમજાવી પોતાને ત્યાં આકર્ષી લઇ આવવા 'આભીરડી'[૬૫] મહિયારીનો વેશ લીધો હતો તે જણાવ્યું છે.

---

૬૪. 'વટલ્યો નાગર નરસૈયો જેણે ઓટયું આહીરનું ખાધું રે.

૬૫. અજબ બની **આહીરડી** મલપતી મોહનવેલ;
રૂપે રંભ હરાવતી, ગજગતિ ચાલે ગેલ.
ધોલી ધાબલી પહિરણે, વિચવિચ રાતા તાર;
કોરે કાલા કાંગરા, ગલે ગુંજાનો હાર.
ઓઢણ આછી લોબડી, તે આગલ ક્યાં ચીર;
પોસાયે પટ અંતરે, દીસે દિવ્ય શરીર.
ભરત ભરી સોહે કાંચલી, કસણે કસ્યા કુચ દોય;
જાણે યંત્રના તૂંબડાં, સરસતીએ ધર્યાં સોય.
વેણી વાસગ નાગશી, ગજ ગજ લાંબા કેશ;
ઘૂઘરીઆલો ગોફણો, ઓપે અદ્ભુત વેશ.
કરે કસબી ફૂમકાં, લટકે લોબડી માંહે;
પાતલ પેટી ને ફૂટરી, યૌવન લહેરે જાય. વગેરે ઢાલ ૯ મી.

વિભાગ સાતમો.

જૂની ગૂજરાતી સંબંધી કેટલીક હકીકતો.

પ્રકરણ ૧ લું.

ગુર્જરો અને ગુર્જર દેશ.

૩૦૭. ગુર્જર અર્થાત્ ગૂજર જાતિના લોક વિશેષે કરી ખેતી યા પશુપાલનથી પોતાનો નિર્વાહ કરતા હતા, પરંતુ પહેલાં તેની ગણના રાજવંશોમાં હતી. હમણાં કેવલ તેમનું એક રાજ્ય સમથર (બુંદેલખંડમાં) અને થોડી જમીનદારીઓ સંયુક્ત પ્રદેશ આદિમાં રહી ગયેલી છે. પહેલાં પંજાબ, રાજપૂતાના તથા ગૂજરાતમાં તેમનું રાજ્ય હતું. ચીનનો યાત્રાળુ હુએન્તસંગ વિ. સં. ની ૭ મી સદીના ઉત્તરાર્દ્ધમાં હિંદુસ્થાનમાં આવ્યો. તે પોતાની યાત્રાના પુસ્તકમાં ગુર્જર દેશનું વર્ણન કરે છે અને તેની રાજધાની ભીનમાલ (ભિલ્લમાલ, શ્રીમાલ–જોધપુર રાજ્યના દક્ષિણ વિભાગમાં) બતાવે છે. આ પ્રસિદ્ધ યાત્રાળુએ બતાવેલો ગુર્જર દેશ મહાક્ષત્રપ રૂદ્રદામાના રાજ્યમાં અંતર્ગત હતો તો પણ તે રાજાના ગિરનારના શક સં. ૭૨ (વિ. સં. ૨૦૭–ઈ. સ. ૧૫૦) થી કંઇક પાછળના લેખમાં તેના અધીન રહેલા દેશોનાં જે નામ આપ્યાં છે તેમાં ગુર્જર નામ નથી, પરંતુ તેના સ્થાને શ્વભ્ર અને મરૂ નામ આપ્યાં છે, એ પરથી અનુમાન થાય છે કે ઉક્ત લેખ કોતરાવ્યો ત્યાં સુધી ગુર્જર દેશ (ગૂજરાત) નામ પ્રસિદ્ધિમાં આવ્યું નહોતું. ક્ષત્રપોના રાજ્યની પછી કોઇ સમયે ગુર્જર (ગૂજર) જાતિને આધીન જે દેશ રહ્યો તે ગુર્જરદેશ યા 'ગુર્જરત્રા' (ગૂજરાત) કહેવાયો.

૩૦૮ હુએન્તસંગ ગુર્જરદેશની પરિધિ ૮૩૩ મૈલ બતાવે છે, તે પરથી જણાય છે કે તે દેશ બહુ મોટો હતો અને તેની લંબાઈ અનુમાન ૩૦૦ મૈલ યા તેનાથી પણ અધિક હોવી જોઇએ. પ્રતિહાર

(પડિહાર) રાજા ભોજદેવ (પ્રથમ) ના વિ. સં. ૯૦૦ ના દાનપત્રમાં લખ્યું છે[૬૬] કે 'તેણે ગુર્જરત્રા (ગૂજરાત) ભૂમિ (દેશ) ના ડેંડ્વાનક વિષય (જીલ્લા) ના સિવા ગામનું દાન કર્યું.' આ દાનપત્ર જોધપુર રાજ્યમાં ડીડવાના જિલ્લાના સિવા ગામના એક તૂટેલા મંદિરમાંથી મળ્યું હતું. તેમાં લખેલો ડેંડ્વાનક જિલ્લો જોધપુર રાજ્યના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલ ડીડવાનાજ છે, અને સિવા ગામ ડીડવાનાથી ૭ મૈલ પરનું સેવા ગામ છે કે જ્યાંથી તે તામ્રપત્ર મળ્યું છે. કાલિંજરથી મળેલા વિ. સં. ૯ મી સદીની આસપાસના એક શિલાલેખમાં[૬૭] ગુર્જરત્રા મંડલ (દેશ) ના મંગલાનક ગામથી આવેલા જેંદુકના પુત્ર દેદુકની બંધાવેલી મંડપિકાના પ્રસંગમાં તેની સ્ત્રી લક્ષ્મીદ્વારા ઉમા મહેશ્વરના પટ્ટની પ્રતિષ્ઠા કરાવાઈ એવો ઉલ્લેખ છે. મંગલાનક જોધપુર રાજ્યના ઉત્તર વિભાગમાં મંગલાના ગામ છે કે જે મારોઠથી ૧૯ મૈલ પશ્ચિમે અને ડીડવાનાથી થોડે અંતરે છે. હુએન્ત્સંગનું કથન અને આ બે લેખોથી જણાય છે કે વિ. સં. ૭ મી સદીથી ૯ મી સદી સુધી જોધપુર રાજ્યની ઉત્તરથી દક્ષિણ સુધીનો બધો પૂર્વ વિભાગ ગુર્જરદેશ (ગુર્જરત્રા, ગૂજરાત) માં અંતર્ગત હતો. આજ રીતે દક્ષિણ તરફ લાટના રાઠોડો તથા પ્રતિહારોની વચ્ચેની લડાઇઓના વૃત્તાંતથી જણાય છે કે ગુર્જર દેશની દક્ષિણ સીમા લાટ દેશને જઇને મળતી હતી. તે કારણે જોધપુર રાજ્યનો બધો પૂર્વ ભાગ તથા તેનાથી દક્ષિણે લાટદેશ સુધીનો વર્તમાન ગૂજરાત દેશ પણ તે સમયે ગુર્જર દેશમાં અંતર્ગત હતો. હવે તો કેવલ રાજપૂતાનાથી દક્ષિણનો ભાગજ ગૂજરાત કહેવાય છે. દેશોનાં નામ બહુધા તેનાપર અધિકાર કરનારી જાતિઓના નામથી પ્રસિદ્ધ થતાં ગયાં છે-જેમકે માલવો પરથી માલવા, શેખાવતો પરથી શેખાવાટી, રાજપૂતો પરથી રાજપૂતાના વગેરે-તેજ પ્રમાણે ગુર્જરો

---

૬૬ **गुर्ज्जरत्राभूमौ डेण्डवानक विषयसम्बद्ध सिवा-ग्रामाग्रहारे**—એપિ, ઇં. વૉ. ૫, પૃ. ૨૧૧.

૬૭ **श्रीमद् गुर्ज्जरत्त्रा मण्डलान्तःपाति मंगलानक-विनिर्गत०**—ઉપરમુજબ પૃ. ૨૧૦. ટિપ્પણ.

(ગૂજરો) નો અધિકાર હોવાથી ગુર્જરત્રા (ગૂજરાત) નામ પ્રસિદ્ધ થયું.

૩૦૯ ગુર્જર દેશપર ગુર્જરો (ગૂજરો) નો અધિકાર ક્યારે થયો ને ક્યાં સુધી રહ્યો તે બરાબર નિશ્ચિત નથી, તો પણ એટલું તો નિશ્ચિત છે કે રૂદ્રદામાના સમય (અર્થાત્ વિ. સં. ૨૦૭-ઇ. સ. ૧૫૦) સુધી ગુર્જરોનું રાજ્ય ભીનમાલમાં થયું નહોતું. સંભવ છે કે ક્ષત્રપોનું રાજ્ય નષ્ટ થવાથી ગુર્જરોનો અધિકાર ત્યાં થયો હોય. વિ. સં. ૬૮૫ (ઇ. સ. ૬૨૮) ની પૂર્વે તેઓનું રાજ્ય ત્યાંથી ઉઠી ગયું હતું, કારણકે ઉક્ત સંવત્માં ત્યાં ચાપ (ચાવડા) વંશી રાજા વ્યાઘ્રમુખનું રાજ્ય હોવાનું ભીનમાલના રહેનારા (ભિલ્લમાલકાચાર્ય) પ્રસિદ્ધ જ્યોતિષી બ્રહ્મગુપ્તના 'બ્રાહ્મસ્ફુટ સિદ્ધાંત' પરથી જણાય છે.[૬૮] આ ચાવોટક (ચાપ, ચાવડા) વંશ ગુર્જરવંશથી ભિન્ન હતો એ લાટદેશના ચાલુક્ય (સોલંકી) સામંત પુલકેશી (અવનિજનાશ્રય) ના કલચુરિ સંવત્ ૪૯૦ (વિ. સં. ૭૯૬-ઇ. સ. ૭૩૯) ના દાનપત્રથી[૬૯] જણાય છે. વિ. સં. ૬૮૫ પહેલાં પણ ઉક્ત ચાપ વંશના રાજાઓનું રાજ્ય ભીનમાલમાં રહ્યું હોય; તેથી ઉક્ત સંવત્થી ઘણા સમય પહેલાં ગુર્જરોનું રાજ્ય ત્યાંથી અસ્ત થઇ ગયું હતું અને તેની સ્મૃતિના સૂચક દેશનું નામ ગુર્જરત્રા (ગૂજરાત) માત્ર અવશેષ રહી ગયું હતું. તેથી ગુર્જરોનું વિ. સં. ૪૦૦ થી પણ પૂર્વે યા તેની આસપાસ ભીનમાલપર રાજ્ય રહેવું સંભવિત હોઇ શકે છે. તે સમયથી અનુમાને ૧૬૦ વર્ષ પછી એટલે વિ. સં. ૫૬૭ (ઇ. સ. ૫૧૦) લગભગ હૂણોનો અધિકાર રાજપૂતાનામાં

---

૬૮ **श्री चापवंशतिलके श्री व्याघ्रमुखे नृपे शकनृपाणां।**
पंचाशत्संयुक्तै र्वर्षशतैः पंचभिरतीतैः ॥ ७ ॥
ब्राह्मः स्फुटसिद्धान्तः सज्जनगणितगोलवित्प्रीत्यै ।
त्रिंशद् वर्षेण कृतो जिष्णु सुत ब्रह्मगुप्तेन ॥ ८ ॥
—ब्राह्मस्फुटसिद्धान्त.

૬૯ **तरल...चावोटके मौर्यगुर्जरादिराज्ये...** (ના. પ્ર. પ્ર. ભાગ ૧ પૃ. ૨૧૦. ૨૧૧ નું ટિપ્પણ ૨૩) તથા આ લેખનો પારા ૩૧૫. આગળનું પૃષ્ઠ ૩૧૨.

થયો. એથી ગુર્જરોને કોઇ હૂણ માને તો તે કેવલ કપોલકલ્પના છે. તેજ પ્રમાણે કનોજના પ્રતાપી પ્રતિહારો (પડિહારો) નો પણ ગુર્જરો સાથે સંબંધ નથી.

૩૧૦. ભીનમાલનું ગુર્જરરાજ્ય ચાવડોના હસ્તમાં આવ્યા પછી વિ. સં. ની ૧૧મી સદીના પ્રારંભમાં અલવર રાજ્યના પશ્ચિમ વિભાગ તથા તેના નિકટવર્ત્તી પ્રદેશો પર ગુર્જરોનું એક બીજું રાજ્ય હોવાનો પત્તો મળે છે. અલવર રાજ્યના રાજોરગઢ નામના પ્રાચીન કિલ્લામાંથી મળેલો વિ. સં. ૧૦૧૬ (ઈ. સ. ૯૬૦) પર પ્રતિહાર ગોત્રના ગુર્જર મહારાજાધિરાજ સાવટના પુત્ર, મહારાજાધિરાજ પરમેશ્વર મથનદેવ રાજ્ય કરતો હતો અને તે પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ક્ષિતિપાલદેવ (મહીપાલ)નો સામંત હતો. [૭૦] આ ક્ષિતિપાલ કનોજનો રઘુવંશી પ્રતિહાર રાજા હતો. આ શિલાલેખમાં મથનદેવને મહારાજાધિરાજ પરમેશ્વર જણાવ્યો છે તે પરથી અનુમાન થાય છે કે તે ક્ષિતિપાલદેવ (મહીપાલ)ના મોટા સામંતોમાંથી એક હોય. આ લેખ પરથી એ પણ જણાય છે કે તે સમયે ત્યાં ગુર્જર (ગૂજર) જાતિના ખેડૂત પણ હતા.[૭૦]

૩૧૧. વર્ત્તમાન ગુજરાતના ભરૂચ નગર પર પણ ગુર્જરોનું રાજ્ય વિ. સ. ની ૭મી અને ૮ મી સદીમાં હોવાનું ત્યાંના દાનપત્રોથી[૭૧] જણાય છે. સંભવિત છે કે ઉક્ત સંવતોની પહેલાં અને પછી પણ તેઓનું રાજ્ય ત્યાં રહ્યું હોય, અને એ કંઇ નવાઇ નથી કે ભીનમાલના ગુર્જરો (ગૂજરો)નું રાજ્ય પણ ભરૂચ સુધી ફેલાયું હોય અને ભીનમાલનું રાજ્ય તેના હાથથી નીકળી જવાથી પણ ભરૂચના રાજ્ય પર તેઓનો યા તેઓના કુટુંબીઓનો અધિકાર ચાલુ રહ્યો હોય. ભરૂચના ગુર્જર રાજાઓનાં દાનપત્રોથી પ્રકટ થાય છે કે તે ગુર્જર રાજ્યની અંતર્ગત ભરૂચ જિલ્લો, સુરત જિલ્લાનાં ઓરપાડ, ચોરાશી અને બારડોલીનાં પરગણાં તથા તેની પાસેનાં વડોદરા રાજ્ય, રેવાકાંઠા અને સચીન રાજ્યના પ્રાંતો પણ હોય,

---

૭૦ એપિ. ઇંડિકા. વૉ. ૩, પૃ. ૨૬૬

૭૧ આ. સ. રિ. વૉ. ૨ પૃ. ૭૦

૩૧૨. ગુર્જર જાતિની ઉત્પત્તિના સંબંધે આધુનિક પ્રાચીન શોધકોએ અનેક કલ્પનાઓ કરી છે. જનરલ કનિંગહામે તેમને યુચી અર્થાત્ કુશાનવંશી હોવાનું અનુમાન કર્યું છે. વિન્સેન્ટ સ્મિથે તેમની ગણના હૂણોમાં કરી છે. કેમ્પબેલનું કથન એમ છે કે ઈ. સ. ની ૬ઠી સદીમાં ખજર નામની એક જાતિ, જ્યાં યુરોપ અને એશીયાની સીમા મળે છે, ત્યાં રહેતી હતી. તે જાતિના લોક ગુર્જર યા ગૂજર છે. (ઇ. એ. વો. ૪૦ પૃ. ૩૦) અને તેમાં મિ૦ દેવદત્ત ભાંડારકરે કેમ્બપેલનું કથન સ્વીકાર્યું છે.[૭૨] પરંતુ એ સર્વ કલ્પના માત્ર છે, કારણકે તે સર્વમાં

---

૭૨ શ્રીયુત ભંડારકરે તો સાથે સાથે એ પણ લખી નાખ્યું છે કે: "મુંબઈ ઇલાકામાં ગૂજર (ગુર્જર) નથી; એમ જણાય છે કે તે જાતિ હિંદુઓમાં ભળી ગઇ. ત્યાં ગૂજર (ગુર્જર) વાણિયા (મહાજન), ગૂજર (ગુર્જર) કુંભાર અને ગૂજર (ગુર્જર) સુતાર-કડીયા છે, ખાનદેશમાં દેશી કણબી અને ગૂજર (ગુર્જર) કણબી છે. એક મરાઠા કુટુંબ ગુર્જર કહેવાય છે કે જે મહારાષ્ટ્રના આધુનિક ઇતિહાસમાં પ્રસિદ્ધ રહેલ છે. કરહાડા બ્રાહ્મણોમાં પણ ગુર્જર નામ મળે છે. રાજપુતાનામાં ગૂજર ગૌડ (ગુર્જર ગૌડ) બ્રાહ્મણ છે. આ સર્વ ગૂજર (ગુર્જર) જાતિના છે." ઇ. એ. વૉ. ૪૦ પૃ. ૨૨) ભંડારકર મહાશયને આ નામોથી સામાન્ય ઉત્પત્તિ જાણવામાં પણ ભારે ભ્રમ થયો છે અને તેણે આ સર્વેને ગૂજર ઠરાવી દીધા છે, પરંતુ વાસ્તવમાં તેમ નથી. જેથી શ્રીમાલ નગર (ભીનમાલ, જોધપુર રાજ્યમાં)ના બ્રાહ્મણ, વાણિયા, મહાજન, સોની આદિ બહાર જવાથી પોતાના મૂલ નિવાસ સ્થાનના નામથી અન્ય બ્રાહ્મણો આદિથી પોતાને અલગ બતાવવા માટે શ્રીમાલી બ્રાહ્મણ, શ્રીમાલી મહાજન-વાણિયા આદિ કહેવાયા-ઓળખાયા; તેવીજ રીતે મારવાડમાં દધિમતિ (દાહિમ) ક્ષેત્રના રહેનારા બ્રાહ્મણ, રાજપૂત, જાટ આદિ દાહિમે બ્રાહ્મણ, દાહિમે રાજપૂત, દાહિમે ભાટ આદિ કહેવાયા, અને ગૌડ દેશના બ્રાહ્મણ, રાજપૂત, કાયસ્થ આદિ બહાર જવાથી ગૌડ બ્રાહ્મણ, ગૌડ રાજપૂત, ગૌડ કાયસ્થ આદિ પ્રસિદ્ધ થયા, તેમજ પ્રાચીન ગુર્જર દેશના રહેનારા બ્રાહ્મણ, વાણિયા, કુંભાર, સુતાર, કડીઆ આદિ ગુર્જર બ્રાહ્મણ, ગુર્જર (ગૂજર) કુંભાર તથા ગુર્જર (ગૂજર) સુતાર-કડિયા આદિ કહેવાયા છે. એથી ગુર્જર બ્રાહ્મણ આદિનો અર્થ કે અભિપ્રાય એ નથી કે ગુર્જર (ગૂજર) જાતિના બ્રાહ્મણ આદિ તેમનાં નામની પૂર્વે ગુર્જર (ગૂજર) શબ્દ

કોઈ પણ એવું સપ્રમાણ બતાવી શકેલ નથી કે અમુક સમયમાં અમુક કારણથી આ ગુર્જર જાતિ બહારથી અહીં આવી, ખજરથી ગુર્જર યા ગુજર જાતિની ઉત્પત્તિ માનવી એ એવી કલ્પના છે કે જેમ કોઇ એમ કહે કે સકસેને કાયસ્થ યુરોપની સેકસન જાતિથી નીકળેલ છે. નવસારીથી મળેલા ભરૂચના ગુર્જરવંશી રાજા જયભટ (ત્રીજા)ના કલચુરિ સંવત્ ૪૫૬ (વિ. સં. ૭૬૨)ના દાનપત્રમાં ગુર્જરોને મહારાજ કર્ણ (ભારતપ્રસિદ્ધ)ના વંશમાં થયેલ જણાય છે. (આ ૩૦૭ થી ૩૧૨ સુધીની હકીકત રા. બ. ગૌરીશંકર ઓઝાજીના રાજપૂતાનેકા ઇતિહાસ પ્રથમ ખંડમાંથી લીધેલી છે.)

૩૧૩ ગુજરાતમાં ચાવડા વંશના વનરાજથી પાટણની સ્થાપના, ચાવડાવંશ પછી ચાલુકયવંશ પછી વાઘેલાવંશ, અને પછી મુસલમાનોનો ગુજરાતમાં પ્રવેશ અને અધિકાર એ જાણીતી વાત છે એટલે તેનો વિસ્તાર કરવો નિરર્થક છે. શ્રી હેમચંદ્રના કાલમાં અપભ્રંશ ભાષા બોલાતી હતી એમ સમજાય છે; પછી તે ભાષા રૂપાન્તર લેતી ગઇ અને તેરમા ચૌદમા સૈકામાં ગૂજરાતીનું વાંગ્મય થતું ગયું, ગૂજરાત બીજા પ્રાંતોના સંપર્કથી છૂટું પડયું ને તેથી તે દેશની ભાષા બીજા દેશની ભાષાથી જુદું સ્વરૂપ લેતી ગઇ અને તે ગૂજરાતની દેશી ભાષા ગૂજરાતી કહેવાઇ.

તેમના આદિ નિવાસનું સૂચક છે, નહિ કે જાતિનું. ઉક્ત મહાશયે એક કરહાડા બ્રાહ્મણ કુટુંબના અહીંના ઇ. સ. ૧૧૯૧ (વિ. સં. ૧૨૪૮)ના દાનપત્રમાંથી થોડુંક અવતરણ પણ આપેલ છે કે જેમાં દાન લેનારા ગોવિંદ બ્રાહ્મણને કાશ્યપ, અવત્સાર અને નૈધ્રુવ–આ ત્રણ પ્રવરવાલા નૈધ્રુવ ગોત્રના, અને ગુર્જર ઉપનામવાળા (ગુર્જર સમુપાભિધાન) જણાવેલ છે. જો ગૂજર જાતિને એશિયાની ખજર જાતિ હોવાનું માનવામાં આવે તો શું તેનો અહીં પણ ગોત્ર અને પ્રવરનો પ્રચાર હતો? તેમણે ગૂજર ગાડોની ઉત્પત્તિના સંબંધે પણ લખ્યું છે કે 'આ નામનું તાત્પર્ય ગૂજર જાતિના ગૌડ બ્રાહ્મણ છે; પરંતુ વાસ્તવમાં ગુર્જર ગાડનો અર્થ એજ છે કે ગુર્જર દેશના રહેનારા ગૌડ બ્રાહ્મણ, પણ ગૂજર જાતિના ગૌડ બ્રાહ્મણ નહિ. (રા. બ. ગૌરીશંકર).

પ્રકરણ ૨ જું.

પૂર્વની ભાષા મરીને આપણી દેશી ભાષાઓ નવી બની નથી.

૩૧૪. જૂની પ્રાકૃત-અપભ્રંશ ભાષા મરીને (બોલતાં લુપ્ત થઇને) તે સ્થળે ગૂજરાતી, હિન્દી, મરાઠી, બંગાલી આદિ નવી દેશી-આર્ય-ભાષા ઉત્પન્ન થઈ એમ અમુકનું માનવું હોય તો તે અયોગ્ય છે. ભાષાનું પરિવર્તન થયાંજ કરે છે એ વાતની સાક્ષી ભાષાનો ઇતિહાસ પૂરે છે; પણ એક ભાષા મૃત થાય અને તેને સ્થાને બીજી ઉદ્‌ભવે-નવીજ જન્મ પામે એ ભાષાનો ઇતિહાસ પૂરવાર કરતો નથી. કોઇ એમ કહે કે મોટી ક્રાંતિ થાય-રાજ્યક્રાંતિ કે ધર્મક્રાંતિ કે વિચારક્રાંતિ થાય અને તે વખતે એક ભાષા મરણવશ થાય ને તેને બદલે બીજી થાય એ વાત પણ યોગ્ય નથી. ઈ. સ. ૧૩ માથી તે ૧૫ મા શતકમાં સમગ્ર હિંદુસ્થાનમાં સંતકવિ ઉત્પન્ન થયા ને તેમણે લોકોની ધાર્મિક અને સામાજિક રહેણીકરણીમાં ખળભળાટ ઉપજાવ્યો-એ એક સમય; અને બીજો સમય અંગ્રેજી વાંગ્મયરૂપી વાઘણનું દૂધ આપણને મળવા લાગ્યું તે વખતનો;-આ બંને સમયમાં ખળભળાટ અને વિચાર-ક્રાંતિ જંગી થયાં હતાં, પણ એક પણ સમયે નવીન ભાષાનું નિર્માણ થવું બન્યું નથી એ લક્ષમાં રાખવા જેવી બાબત છે. તે વખતે અંતસ્થ વિચારક્રાંતિ અને અન્ય ભાષામાંથી વિચારોનું ગ્રહણ એ જરૂર થયું, છતાં તેથી એમ સિદ્ધ થતું નથી કે એક ભાષા મરીને તેની જગ્યાએ બીજી નવી ઉત્પન્ન થઈ. ભિન્ન સંસ્કૃતિના બે માનવ વંશોની અથડામણી થાય ત્યારે એક બીજાની ભાષામાં મિશ્રણ થવાનો પ્રસંગ આવે છે. તે કારણે સંસ્કૃતની પ્રાકૃત ભાષા કેમ થઇ, અથવા પ્રાકૃતની અપભ્રંશજ કેવી રીતે બનતી ગઇ તેની સંગતિ મળી આવે છે અને તે ભાષાનો ઇતિહાસ સારી રીતે કહી શકે. ઇ. સ. ૧૦ થી તે ૧૩ મા શતકની દરમ્યાન હાલની હિંદની દેશી આર્યભાષાઓ ઉત્પન્ન થઇ એવું

આપણને દિસે છે, કારણકે તેરમા શતકમાં ગૂજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં વાંગ્મયરચના પ્રથમ જોવામાં આવે છે. આ સમયની આસપાસ એટલે ઇ. સ. ૧૦ થી તે ૧૩ મા શતક દરમ્યાન હિંદુસ્થાનમાં અન્ય સંસ્કૃતિના યા જાતિના લોક આવી આપણમાં મિશ્રિત થયા કે કેમ તે ઇતિહાસ પરથી જોવું જોઇએ.

૩૧૫. આઠમા શતકથી આરબોની સ્વારી જલમાર્ગે સિંધ કચ્છમાં પ્રથમ આવી. તેઓ ગૂજરાત તોડી રાજપુતાના સુધી ચાલી આવ્યા; પણ ત્યાં તેઓને સારો માર પડયો ને તેઓ પાછા ફર્યા, પણ તેમણે સિંધ અને મુલતાનમાં પોતાની સત્તા સ્થિર કરી મુસલમાની રાજ્ય સ્થાપ્યું. તેઓએ ગુજરાત, રાજસ્થાનમાં ધૂમ મચાવી.

'**तरलतरतारतर वारिदारितोदित-सैन्धव कच्छेल्लसौराष्ट्र चावोटक मौर्य गुर्जरादि रा(ज्ये) निःशेष दाक्षिणात्य क्षितिपति जिगीषया दाक्षिणापथप्रवेश...प्रथममेव नवसारिका विषय प्रसाधना यागते** (પછી ૭-૮ લીટીમાં ઘણાં વિશેષણો છે તે અહીં આપ્યાં નથી) **समरशिरसि विजिते ताजिकानीके...अवनिजनाश्रयः श्रीपुलकेशिराजः** હ૦. આ ઈ. સ. ૭૩૯ નો તામ્રપટ કેમ્પબલના બોંબેગેઝેટીયર વૉ. ૧ પૃ. ૧૦૯ પર મુદ્રિત થયો છે. તેમાં ચાલુક્યકુળના લાટદેશસ્થ શાખા પૈકી પુલકેશીએ નવસારી દેશ જીતવા માટે પ્રથમ આવેલા તાજિક એટલે આરબ સૈન્યનો પરાભવ કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સિંધ શિવાય કચ્છ, સૌરાષ્ટ્ર, ગુર્જર, મૌર્યરાજા (ઉત્તર કોંકણમાંના તે વખતના મૌર્યકુળના રાજાઓ)ની સારી રીતે ખબર તાજક-આરબોએ લીધી હતી અને તેઓએ ઇ. સ. ૮મા શતકમાં મહારાષ્ટ્રમાં પ્રવેશ કરવા પ્રયત્ન કર્યો હતો તેમ આ તામ્રપટમાંથી સ્પષ્ટ જણાય છે.

૩૧૬. આ પછી, પછીના શતકમાં હરૂન ઉર રશીદ નામનો બાદશાહ યા ખલિફા હતો ત્યારે આરબોની સત્તાનો પ્રચાર ઇરાનમાંથી અફગાનિસ્થાન અને તાર્તરી પર જઈ ત્યાં મુસલમાની ધર્મનાં મૂળ જોરથી રોપ્યાં હતાં. પછી અફગાનીસ્થાન અને તાર્તરીમાં આરબોની

સત્તા ક્ષીણુ થતી ગઇ તેથી ત્યાં મુસલમાનોનું ધર્મ તથા રાજ્ય વિસ્તારનું જોર તૂટ્યું ને તાર્ત્તારોએ અફગાનિસ્થાન તાબે કર્યું અને હિન્દુસ્થાન ઉપર હુમલો કરવા દશમા શતકથી આરંભ કર્યો. દશમા શતકને અંતે સિંધુની પેલી પાર સુધી તેમની સત્તા કાયમ થઇ પણુ તેની આ બાજુ તેઓ ધુસવા લાગ્યા. આથી તે બંને બાજુ વચ્ચે વસેલાં ક્ષત્રિય કુળોમાં ખળભળાટ જાગતાં આત્મસંરક્ષણુ માટે તેઓ દક્ષિણુ બાજુ તેમજ પૂર્વ બાજુ જઇને હિંદુ લોકોમાં મળ્યા, કેટલાયે રાજ્યો પણુ સ્થાપ્યાં. આ કુળો ગૂર્જર, પરમાર, ચાલુક્ય, ચોહાણુ, ઇત્યાદિનાં હતાં. ગૂર્જર, ચાલુક્યનાં કાંઇક ટોળાનો અર્ધો ભાગ એકદા હૂણોની સાથે અંદર ધુસ્યો હતો. તેણે ગૂજરાતમાં અને મહારાષ્ટ્રમાં રાજ્ય પણુ કર્યું. પણુ તેનું મોટા પ્રમાણુમાં પ્રયાણુ નવમા શતક પછી થયું. આ ચાલુક્ય રાજ્ય ગૂજરાતમાં સ્થાપન થયા પછીજ ગૂજરાતમાં 'ગુર્જર' એ નામ મળ્યું એ વાત અર્ધા ગુર્જરોને સમય ન્હોતો મળ્યો તે પરથી, અને મહારાષ્ટ્રમાં 'કલ્યાણુકટક' જેવાં પોતાના પૂર્વ વસતિસ્થાનનું સ્મરણુ આપનાર સ્થળો બીજા ચાલુક્યોએ (તૈલપે) સ્થાપ્યાં તે પરથી જાણુવામાં આવે છે. આ ગૂર્જર, પરમાર, ચાલુક્ય, ચૌહાણુ મૂળથી પ્રાચીન આર્ય જાતિઓ હતી. પ્રાચીન આર્યજાતિઓનું સૌથી પ્રથમ નિવાસ મધ્ય એશિયામાં હતું. ઇ. સ. નવમા શતકના છેવટથી પછી પરમાર, ચાલુક્ય, ચૌહાણુ ઇત્યાદિ ક્ષત્રિય કુળો સમગ્ર હિંદુસ્થાનમાં (કાનડા, તેલંગણુ અને નીચેના પ્રાંત સુધી) પ્રસર્યા. તેઓ અન્ય ધર્મીય, અન્ય સંસ્કૃતિનાં અને અન્ય ભાષાનાં હતાં. તેઓની અને તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંના લોકોનું સંમિશ્રણુ થઈને તે કાયમના મળી જવાની ધમાચકડીમાં નવીન ભાષા ઉત્પન્ન થવા જેવી પરિસ્થિતિ પ્રાપ્ત થઈ હતી.

૩૧૭. પછી અગ્યારમા શતકના પહેલા ૨૪ વર્ષમાં ગઝનવીના મહમદે પોતાના અફગાન, તાર્તર આદિ સૈનિકો લઇને અનેક વેળા હિંદુસ્થાનપર સ્વારી કરી અને ઉપર જણાવેલા ક્ષત્રિયોની હીલચાલો અને પ્રયાણુને વળી એક જોરથી ધક્કો માર્યો.

૩૧૮. ઇ. સ. ના ૮ મા શતકમાં આરબોની એક સ્વારી સિંધ

અને સૌરાષ્ટ્ર પ્રાંતમાં આવી ગયાનો ઉલ્લેખ ઉપર કર્યો છે, પણ તે ક્ષણિક હોવાના કારણે તેનું ઝાઝું પરિણામ આવ્યું નહિ, પણ ઈ. સ. ના અગ્યારમા શતકથી તે ત્યારપછી તુર્કઆદિ પરધર્મી લોકોનાં અનેક ધાડાંઓ આર્યભૂમિપર આવ્યાં અને તેઓએ અભૂતપૂર્વ ખળભળાટ મચાવી દીધો એમાં શંકા નથી. ઇ. સ. ૧૦૦૧ થી ૧૦૨૪ સુધી અનેક વેળાએ હિંદુસ્થાનપર સ્વારી મહમદ ગીઝનીએ કરી. મહમદ ૧૦૨૪ માં મુલતાનઅજમેર માર્ગે અણહિલ્લવાડ પટ્ટણમાં ઉતર્યો અને પછી સૌરાષ્ટ્રમાં સોમનાથપર હુમલો કર્યો. સોમનાથને લુંટયા પછી તે પુનઃ પટ્ટણપાસે ગયો અને ત્યાં કેટલાક દિવસ રહ્યો. તેણે ત્યાં મસીદો વગેરે બાંધ્યાનો ઉલ્લેખ છે (બામ્બે ગેઝેટીયર વૉ. ૧ ભાગ ૧ પૃ. ૧૬૮ ફુટનોટ). મહમદના ધાડાંથી પંજાબ, રાજપુતાના, ગૂજરાત, સૌરાષ્ટ્ર—એ દેશોમાં વિલક્ષણ ખળભળાટ થયો. જેમનામાં તે સાથે સામનો કરવાનું કૌવત ન હોય તેમણે દેશ છોડી નાસવું, રાજાઓએ પોતાના સગાંસંબંધીનો આશ્રય લેવો, એવું એકંદર થઈ પડયું તેમાં આશ્ચર્ય નથી. ગૂજરાતનો ભીમરાજા (ઇ. સ. ૧૦૨૨ થી ૧૦૬૪) પોતાનું જબરૂં રાજ્ય હોવા છતાં પણ તે છોડી ભાગ્યો અને કંથકોટનો આશ્રય કરી રહ્યો. મહમદ સાથે આવેલા લોકો પૈકી કેટલાક વિદેશી લોક અહીં વસવાટ કરીને રહ્યાનો ઉલ્લેખ વધારે કયાંય મળતો નથી એ ખરૂં છે, પણ ગૂજરાતના કેટલાક લોકો ખાનદેશમાં રાજપુતાનાના ઉત્તર માળવામાં, પંજાબના અયોધ્યાપ્રાંત પાસે—એ સ્થળોમાં જણાતા રહેવાશીઓની ભાગાભાગી માત્ર તેની સ્વારીના કારણે થઇ હોય એમાં નવાઈ નથી.

૩૧૯. આ પછી બીજી ધાડ મહમદ ઘોરીની આવી. તે બારમા શતકની આખર આવી. દિલ્લીના ચોહાણ ઉપર ઉત્તર હિંદુસ્થાનનું વર્ચસ્વ હતું અને તેનું જોર ઘણું હતું તેથી મહમદનું ત્યાં ચાલ્યું નહીં. પહેલી ખેપમાં ઇ. સ. ૧૧૯૧ માં થાણેશ્વર પાસે માર ખાઇ તેને ભાગી જવું પડયું. તેજ પાછો ઉત્તર હિંદુસ્થાનમાં પહેલી રાજકીય એકતા તૂટતાં ૧૧૯૩ માં આવતાં તેને જશ મળ્યો. તેણે પ્રથમ ચોહાણની ખબર લઇ પછી બીજાનો નાશ કર્યો.

૩૨૦ મહમદઘોરી મહમદગીઝનીની પેઠે કેવળ લૂટ કરી પાછો ચાલ્યો જવા ન્હોતો આવ્યો, પણ તેને તો હિંદુસ્થાનમાં પોતાનું રાજ્ય સ્થાપવાનું હતું, તેથી (૧) એક એ વાત થઇ કે અન્ય સંસ્કૃતિના અને અન્ય માનવવંશના લોકોનો મોટો સમુદાય આપણામાં ઘુસ્યો, અને (૨) બીજું એ થયું કે તેણે ત્યાંથી આપણા લોકોને પોતાના દેશમાંથી હાંકી કાઢી રાજપુતાના, માળવા, ગૂજરાત–એમાં વનવન ભટકતા કર્યા. મહમદઘોરી દિલ્લી અને પંજાબ જીતીને ઠરીઠામ ન બેઠો, પણ તેણે પોતાના સરદાર પૂર્વ બાજુ બંગાલામાં અને દક્ષિણ બાજુ માળવા ગૂજરાત સુધી મોકલ્યા. બંગાલ અને બહાર પ્રાંત ૧૧૯૪–૯૫ ના સુમારે મુસલમાનોના તાબામાં આવ્યો. ગૂજરાતમાં તેઓ ફાવ્યા નહિ, પણ તેના પછીના ગુલામ રાજાએ ગૂજરાતને હેરાન કર્યું ને પછી તેરમા શતકના છેવટમાં અલ્લાઉદ્દિને ગૂજરાતના કર્ણરાજાના રાજ્યને ધૂળમાં મેળવ્યું અને મહારાષ્ટ્રમાં દેવગિરિના યાદવોનો ૧૨૯૪ માં પરાભવ કર્યો.

૩૨૧. મરાઠી સાહિત્યમાં મૂળ સાહિત્ય જ્ઞાનેશ્વરીને સંપૂર્ણ થયે ચારજ વર્ષમાં મહારાષ્ટ્રનો મોટો ભાગ મુસલમાનોના હાથમાં આવ્યો. મહમદ ગીઝની સાથે અફગાન, આરબ, તાર્તર, અને મહમદ ઘોરી સાથે પણ તેવાજ અફગાન, તાર્તર, તુર્ક ઇત્યાદિ પરધર્મી અને ભિન્ન કુળના લોક અગ્યારમા શતકના આરંભથી તે તેરમા શતક સુધી હિંદુસ્થાનમાં આવી ઘુસ્યા. તેઓએ આપણો ધર્મ સ્વીકાર્યો નહિ, પણ તેમને આપણી ભાષા બોલવી પડતી. આથી નવી ભાષા ઇ. સ. ૧૧ મા શતકથી ૧૩ મા શતક સુધીમાં ઉદયમાં આવી. તે પૈકી કોઇ ભાષાને પોતાનું નિશ્ચિત સ્વરૂપ પ્રકટ કરવામાં બીજી ભાષા કરતાં વખત લાગ્યો, કોઈએ તેવું સ્વરૂપ ઝટ સાધ્ય કર્યું એટલેકે એકાદ અર્ધો શતક આગળ પાછળ એમ પરિસ્થિતિ પ્રમાણે જન્મ પામી. મરાઠીમાં ૧૩ મા શતકમાં નિશ્ચિત સ્વરૂપનું વાંગ્મય મળે છે, ત્યારે તે નિશ્ચિત સ્વરૂપની બોલીના રૂપમાં આવી તે પૂર્વે એક બે શતકમાં તે ઉત્પન્ન થવી જોઇએ એ ઉઘાડું છે.

૩૨૨. ગૂજરાતીમાં પહેલાં તેરમા શતકનું વાંગ્મય પ્રાપ્ત થાય છે.

(જુઓ રેવન્તગિરિ રાસ-જમ્બુરાસાદિ આ શતકનું આ ગ્રંથમાં આપેલ વાંઙ્મય તેમજ સં. ૧૪૫૦ નું (ઇ. સ. ૧૩૯૪નું) મુગ્ધાવબોધ ઔક્તિક કે જે વ્યાકરણનો ગ્રંથ છે ને જેમાં જૂની ગૂજરાતીનું વિવરણ છે.) તેથી તેના એક બે શતકો પૂર્વે તે અસ્તિત્વમાં આવી હોવી જોઇએ. આથી ઠીક અનુમાનથી હિંદુસ્થાનમાંની હાલની દેશી-આર્યભાષાઓ આ ધડમથલના અને જૂદા જૂદા માનવવંશના અથડામણના કાળમાં જન્મ પામી એ ઉઘાડું દિસે છે. મુસલમાનોના હુલ્લડોથી સપાદલક્ષ (સવા લાખ-શિવલીક) એ પંજાબનો ડુંગરી ભાગ-તેમાંથી અને આસપાસ વસવાટ કરી રહેનારા ક્ષત્રિય લોકોનાં કુળો પાછળ પાછળ જતા ચાલ્યાં અને તેઓએ દક્ષિણ બાજુ મારવાડ, ગૂજરાત, મહારાષ્ટ્ર, અને પૂર્વ બાજુએ બહાર-બંગાલ સુધી પ્રયાણ કરી વસવાટ કર્યો અને રાજ્યો સ્થાપ્યાં એ ઉપર જણાવેલું છે. આ લોકોએ હિંદુ ધર્મ, ચાલતા રીતિરીવાજો, ભાષા સર્વ અહીંથી ઉચકયાં. અફગાન, તુર્ક, તાતાર આદિએ પોતાનો ધર્મ ન છોડતાં બલ્કે તરવારથી તેનો પ્રસાર કરીને પુષ્કળ હિંદુઓને વટલાવ્યા, પણ તેઓનો અને આપણો વ્યવહાર ચાલવો જોઈએ તેથી તેઓને આપણી ભાષા સ્વીકારવી પડી અને એ ઠીકજ થયું. તેથી ભાષાની દૃષ્ટિએ તેઓનું આપણામાં આવી રહેવાનું પરિણામ, અને તેઓના હુલ્લડનું, અને તેની પૂર્વે પંજાબથી ચારે બાજુ પ્રસરવા લાગેલા ગુર્જર, પરમાર, ચોહાણ, ચાલુક્ય ઇત્યાદિ કુળોનું આપણામાં ભળી જવાનું પરિણામ, સરખુંજ થયું એમાં શંકા નથી.

પ્રકરણ ૩ જું.

ગૂજરાતી એક સાહિત્ય-ભાષા. (૧૩ મા શતકથી)

૩૨૩. તેરમી ચૌદમી સદીમાં ગૂજરાતીનું વાંઙ્મય નિર્માણ થયું. તેથી ગૂજરાતી ભાષા તેટલી પ્રૌઢ થઇ હતી એવું જણાય છે. વળી તે પૂર્વે એ ત્રણ સદી તો તે બોલાતી હોવી જોઇએ એમ અનુમાન કર-

વામાં હરકત નથી પણ સુદૈવે આ સંબંધે કેવળ અનુમાન પરજ તે વાતનો માત્ર આધાર રાખવા જેવું નથી રહ્યું, કારણ કે વિદગ્ધ-વાંગ્મય અને અન્ય આધાર પણ મળી રહે છે, કારણકે સં. ૮૩૫માં રચાયેલી કુવલય માલા છે તેમાં મુખ્ય દેશમાં સૌરાષ્ટ્ર ને લાટ દેશનો ઉલ્લેખ કરવા ઉપરાંત ગૂર્જર લોક ને તેમની ભાષાનો સ્પષ્ટ ઉલ્લેખ છે:—

ઘયલોણિય પુટ્ઠંગે ધમ્મપરે સંધિવિગ્ગહે નિઉણે,

'ન ઉરે ભલ્લઉં' ભણિરે, અહ પેચ્છઇ ગુજ્જરે અવરે.

—પછી ગુર્જર લોકોને જોયા. એ લોકો ઘી અને માખણથી પુષ્ટ શરીરવાળા, ધર્મપરાયણ, સંધિવિગ્રહમાં નિપુણ અને 'ન ઉરે ભલ્લઉં' એમ બોલનારા હોય છે.

વળી સાથે લાટપ્રદેશ કે જેનો હાલ ગૂજરાતમાં સમાવેશ થાય છે તેનો પણ ઉલ્લેખ છે કે;—

ણ્હાઓલિત્તવિલિત્તે, કયસીમંતે સોહિયંગત્તે

'અમ્હં કાઉં તુમ્હં' ભણિરે અહ પેચ્છઈ લાડે.

—પછી લાટના લોકોને જોયા—એ લોકો (માથામાં) સેંથો પાડનારા, લેપન કરનારા, સુશોભિત શરીરવાળા અને 'અમ્હં કાઉં તુમ્હં' એમ બોલનારા હોય છે.

૩૨૪. કોઇપણ ભાષા પોતાનું સૌષ્ઠવ-પ્રૌઢપણું ઇત્યાદિ ગુણોથી અગર તે બોલનારાની ધાર્મિક સમજણથી શિષ્ટસંમત થઇ હોય તો તેનું રૂપાંતર થયા પછી તે સાથે તેમાં વાંગ્મય-સાહિત્ય ઉપજી શકે છે. ઉદાહરણ માટે સંસ્કૃતની વાત કરીએ. સામાન્ય જનસમૂહની નિત્ય વ્યવહારની બોલવાની ભાષાની દૃષ્ટિએ જે તેનું અસ્તિત્વ વિક્રમ સંવત્ પૂર્વે છ સાત શતક ઉપર નષ્ટ થયું હતું, છતાં પણ વિદગ્ધ વાંગ્મયની વાહક તરીકેની દૃષ્ટિએ જોતાં વિક્રમ સંવત્ પછી ૧૭-૧૮ શતક સુધી તે જીવંત રહી છે. બીજું એ છે કે વાંગ્મયમાંની ભાષાનું સ્વરૂપ નિર્માણકાલે જેવું હોય છે તેવુંજ પછી રહે એવી ખાત્રી કોઇ આપી શકે તેમ નથી. જુઓ જૂની કૃતિઓ યા મધ્યકાલીન કૃતિઓ-દાખલા તરીકે

નરસિંહ મહેતાની કૃતિઓ—તે શુદ્ધ થતી ગઇ, તેનાં જૂનાં, દુર્બોધ સ્વરૂપ બદલાતાં ગયાં અને અત્યારે જે પ્રભાતિયાં વગેરે તેનાં બોલાય છે તે જે સ્વરૂપે બોલાય છે તે સ્વરૂપ કંઇ નરસિંહ મહેતાનું સ્વપ્રણીત નથી. સાહિત્ય એ, ભાષાને નામશેષ કરવા દેતું નથી, પણ તે તેના ખરાં સ્વરૂપને માટે સાક્ષી પણ દઈ શકતું નથી. શિલાલેખમાં તેમ થતું નથી, પણ ગૂજરાતી તળપદમાં જૂના લેખ મળ્યા નથી,

૬૨૫. પાલિભાષા લઇએ. તેમાં ઈ. સ. પૂર્વે ૩ શતકથી પછી ઘણું સાહિત્ય થયું હવે જણાયું છે. બૌદ્ધ લોકોના પરંપરાગત વિશ્વાસ પ્રમાણે બુદ્ધ વચનો પર ઉભી કરેલી તે ગ્રંથભાષા છે. એટલે પાલિ અર્થાત્ જૂની પ્રાકૃત, બુદ્ધ સુધી પહોંચે છે. વિ. સં. પૂર્વે ૧૩૦૦ વર્ષ સુધી તેને લઈ જવાનો પુરાવો ઉપલબ્ધ નથી. અશોકના વખતમાં તેના કિંચિત્ બદલતા જનારા સ્વરૂપમાં શિલાલેખો લખાતા ચાલ્યા તે ઇ.સ. પછી એક શતક સુધી લખાતા ગયા. આ બે શતકોની વચમાંજ સંસ્કૃત શિલાલેખો ઝળકવા લાગ્યા અને પછી તે વધુ વધુ વધતાજ ગયા. એક બાજુ અશોક શિલાલેખોની પાલી અગર પ્રાકૃત બદલતી જઈને મહારાષ્ટ્રી, હિન્દી, ગૂજરાતી આદિ થઇ નવી ભાષા ઉત્પન્ન થતી ગઇ; બીજી બાજુ આ ભાષાઓ નવી હોવાથી તેને પ્રથમ પ્રકારનું મહત્ત્વ ન મળે તે સાહજિક છે, તેથી અને સંસ્કૃત ઉપરના અભિમાનથી, તથા બૌદ્ધ ધર્મના ચાલુ કાળ પછી જાગૃતિ જોરથી થઇ થઈ તેથી, સંસ્કૃતજ શિલાલેખોની ભાષા બની; પણ પ્રાકૃતની વૃદ્ધિ થતીજ ગઇ અને તેના પોતામાંજ જૂદા પ્રકારનું (એટલે ધાર્મિક, રાજકીય નહિ) કાવ્યસાહિત્ય થવા લાગ્યું.

૩૨૬. પૈશાચી ભાષામાં પહેલા શતકની બૃહત્કથા, સત્તસઇ, પાંચમા છઠ્ઠા સૈકામાં રાવણવહો, સાતમા સૈકામાં ગઉડવહો, ૧૦મા શતકમાં કર્પૂરમંજરી ઇત્યાદિ કાવ્યો, એવું દર્શાવી આપે છે કે ઇ. સ. પહેલા શતકથી ૧૦ મા શતક સુધી પ્રાકૃત ભાષા જોરમાં હતી. આ દરમ્યાન જૈન ગ્રંથકારોએ પણ અનેક પ્રાકૃત કાવ્યો અને કથાઓનું સાહિત્ય રચ્યું છે.

ધાર્મિક, શાસ્ત્રીય નહિ તો કાવ્યાદિ. ગ્રંથ સુદ્ધાં જો કે સંસ્કૃતમાં પૂર્વ પ્રમાણે થતા હતા, છતાં પણ જીવંત પ્રાકૃત ભાષાએ પોતાની ચળવળ છોડી નથી, એવું આ પરથી સિદ્ધ થાય છે. આ પછીનો કાળ તેજ હાલની દેશી ભાષાનો કાળ. ઇ. સ. દશથી બારમા શતક સુધી પ્રાકૃતમાં કાવ્ય થતાં હતાં (તેનું ઉદાહરણ હેમચન્દ્ર વગેરે). આનું કારણ, આધુનિક ભાષા તે કાળથી વધતી ગઇ અને વાંગ્મય-સાહિત્ય ભાષા થવાની પાત્રતા તેણે પોતાના અંગમાં આણી હતી.

૩૨૭ આ '**જૈન ગૂર્જરકવિઓ**'ના પુસ્તકમાં કવિઓ અને તેમની કૃતિઓનો વિ. સં. તેરમી સદીથી પ્રારંભ કર્યો છે તેનું કારણ ઉપરથી સમજાશે. બારમા શતકથી તે પંદરમા સકાના મધ્ય સુધી અપભ્રંશ સાથે ગૂર્જર ભાષાનું સ્વરૂપ વધારે સંબંધ જાળવે જતું હતું, અને તેથી મારા મિત્ર સાક્ષરશ્રી અંબાલાલ બુલાખીરામ જાની બી. એ. તે સમયને 'અપભ્રંશ યુગ' એ આપવા દોરાયા લાગે છે. તેમણે ૩૦ મી એપ્રીલ ૧૯૨૬ ને રોજ નડિયાદમાં 'પ્રાચીન ગૂજરાતી સાહિત્યના કેટલાક ભ્રમો' એ પર મનનીય ભાષણ આપ્યું હતું તેમાંથી અત્ર ઉપયોગનો ભાગ નીચે પ્રમાણે છેઃ—

૩૨૮. 'અપભ્રંશ, પ્રાચીન અને અર્વાચીન એમ ત્રણ વિભાગોમાં ગૂજરાતી સાહિત્ય વહેંચાવા પામ્યું છે. વિક્રમ સંવત્ બારમા સૈકાથી ૧૪૫૦ સુધીનો અપભ્રંશ યુગ. ત્યારથી ૧૯ મા સૈકા સુધી પ્રાચીન સાહિત્ય યુગ; અને ત્યાર પછીનો અર્વાચીન સાહિત્ય યુગ છે. નરસિંહ મહેતાથી નાકર સુધીનું સાહિત્ય એ મિશ્ર સાહિત્ય છે. હમેશાં એક કોટી -યુગમાંથી બીજી કોટીમાં સંક્રાંતિ પામતું સાહિત્ય મિશ્ર હોઇ શકે; ન તે પ્રાચીન સંસ્કાર બધા ત્યજી શકે, કે ન તે નવીન પરિવર્તનના સંસ્કારો સર્વથા સંગ્રહી શકે. આવી સ્થિતિનું નરસિંહ-નારક યુગનું મિશ્ર ભાષા સંસ્કારવાળું સાહિત્ય છે. છતાં તે પ્રાચીન સાહિત્યની કક્ષામાં ગણાય છે. કવિ દલપતરામે વિધાન બાંધ્યું હતું કે, જે ભાષા નરસિંહ મહેતાના વખતમાં હતી તેવીજ અત્યાર સુધી ચાલી આવી છે. એવો એક પક્ષનો મત છે, પરંતુ તે કેવળ ભ્રમજ છે.

૩૨૯. 'વળી નરસિંહ મહેતાને આદિ કવિ કહેવામાં આવે છે, પરંતુ તે પહેલાં પણ ગૂર્જર ભાષામાં કવિતાઓ લખવામાં આવતી હતી. જૈન અને જૈનેતર-બ્રાહ્મણ કવિઓએ ઘણુંક સાહિત્ય લખ્યું છે. (જૈન કવિઓ માટે જુઓ આ ગ્રંથમાં નોંધેલા કવિઓ અને તેમની કૃતિઓ.)

૩૩૦. 'આ ઉપરાંત ત્રીજો ભ્રમ એવો છે કે જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્ય જુદાં જુદાં ખીલ્યાં હતાં-પરંતુ સાહિત્યનો ઇતિહાસ લખાયા છતાં વિદ્વાનોએ તેમાં સાવધાની નહિ રાખવાથી એ ભ્રમો થવા પામ્યા છે."

૩૩૧. ઉપરના તેમજ બીજા અનેક ભ્રમો ગૂજરાતી ભાષા સંબંધે, તેના સાહિત્ય સંબંધે, તેમજ તે ભાષાની જનની અપભ્રંશ અને તેથી આગળ પ્રાકૃત સંબંધે ઉભા થવા પામ્યા છે, ને તે પૈકી કેટલાક તો ઉભા કરેલા તૂત છે. આ સર્વ આ લેખથી તેમજ આ પુસ્તકમાં ઉલ્લેખેલા કવિઓ અને તેમની કૃતિઓથી દૂર થશે અને સુજ્ઞ સાહિત્યરસિકો ભાષાવિવેકદૃષ્ટિથી યથાર્થ નિર્ણયોપર આવશે. વિશેષમાં તેઓ પ્રામાણિક પણે ઉંડા ઉતરશે તો તેઓ સ્પષ્ટ જાણી જોઇ સ્વીકારી શકશે કે જૈનોએ પ્રાકૃત, અપભ્રંશ અને દેશી-ગૂજરાતી આદિ ભાષાનું વાંગ્મય રચવામાં, તે ભાષાની રચનાનાં પ્રમાણભૂત પુસ્તકો પૂરાં પાડવામાં અને તેમનું સાહિત્ય સંગ્રહી જાળવી રાખવામાં પ્રબળ ફાળો આપ્યો છે, અને તેમ કરી ભાષાને સૌંદર્યવતી, રસવતી અને સમૃદ્ધિશાલી બનાવી છે: આટલું સમજવામાં સુજ્ઞોને આ નિબંધ તેમજ આ પુસ્તક નિમિત્તભૂત થશે તો તે તૈયાર કરવામાં મેં લીધેલો પરિશ્રમ સફલ થશે અને હું કૃતાર્થ થઇશ. પરમાત્મા સૌને શુદ્ધ બુદ્ધિ અને શુદ્ધ હૃદય અર્પો એજ પ્રાર્થના !

તવાવાલા બિલ્ડિંગ, લોહારચાલ
મુંબઇ-વિક્રમાર્ક ૧૯૮૨
ના જ્યેષ્ઠ સુદ ૯ શનિવાર.
તા. ૧૯-૬-૨૬.

વિનીત સાહિત્યસેવક

મોહનલાલ દલીચંદ દેશાઇ.

જૈન ગૂર્જર કવિઓ.

વિક્રમ તેરમી સદી.

૧ શાલિભદ્ર સૂરિ (રાજગચ્છ-વજ્રસેનસૂરિના પટ્ટધર.)

(૧) ભરતેશ્વર બાહુબલિ રાસ (સં. ૧૨૪૧ ફાગણ પંચમી.)

આદિ—

રિસહ જિણેસર પય પણમેવી, સરસતિ સામિણિ મનિ સમરેવી,
નમવિ નિરંતર ગુરૂ ચરણ,
ભરહ નરિંદહ, તણુઉં ચરિત્તો, જે જગિ વસુહાંડઈ વદીતો,
બાર વરસિ બિહું બંધવહં. ૧
હઉં હિવ એ ભણિસુ રાસહ છંદિહિં, તં જણમણહર મણ આણંદિઈં,
ભાવિઈં ભવીયણ સાંભળઉં,
જંબુદીવિ ઉવઝા ઉર નયરો, ધણકણ કંચણ રયણિહિં પવરો,
અવર પવર કિરિ અમરપુરો. ૨

* * * *

અંતે—

રાયહ એ ગચ્છસિણગાર વયરસેણ સૂરિ પાટધર ૨૦૩
ગુણગણહં એ તણુઉ ભંડાર,' સાલિભદ્ર સૂરિ જાણીઇ એ.
કીધઉ એહ તીણિ ચરિતુ, ભરહ નરેસર રાસુ છંદિઈં ૨૦૪
જો પઢઈ એ વસહ વિસોહિ (વદીત), સો નર નિતુ નવનિહિ લહઇએ.
સંવત એ બાર એકતાલિ, ફાગુણ પંચમિઈં એઉ કીઉ એ ૨૦૫
—પા. ૧૦. વિજયધર્મસૂરિ ભંડાર. વ. સં.

(૨) બુદ્ધિરાસ.

આદિ—

પણમવિ દેવિ અંબાઈ, પંચાણુણ ગામિણિ વરદાઈ
જિણ સાસણિ સાંનિધિ કરઈ સામિણિ,
સુર સામિણિ તું સદા સોહાગિણિ. ૧
પણમિય ગણહર ગોયમસામિ, દુરિય પણાસઈ તેહનઈ નામિ,
વર્દ્ધમાન સામીનઉ સીસ, પ્રણમ્યાં પૂરઈ સયલ જગીસ. ૨
સહગુરૂવયણે સંગ્રહ કીજઈ, ભોલા લોક સીખામણ દીજઈ,
કેઈ બોલજ લોકપ્રસિદ્ધા, ગુરૂ ઉપદેસઈ કેઈ લદ્ધા. ૩

*　　*　　*　　*

અંતે—

સાલિભદ્ર ગુરૂ સંકલીય, એ સવિ ગુરૂ ઉપદેસ તુ,
પઢઈ ગુણઇ જે સાંભલઇએ, તેહ સવિ ટલઇ કલેસ તુ. ૫૩

(પાઠાંતર—ધરમ કરઉ સુધ ભાવસ્યું એ, અવિચલ સુખ લહેસિ ૬૨).

—સં. ૧૬૩૨ વર્ષે માગશિર વદિ ૧૪ ભોમે સ્તંભતીર્થે રાજચંદ્રેણ લિખિતં. પા. ૨-૧૪ ગુ. વિ.; ૩-૧૩ મો.

—ઉપાધ્યાય શ્રી મતિકીર્ત્તિ ગણિગજેંદ્રાણાં શિષ્ય પં૦ મહિમાકુમારગણિ તત્ શિ૦ જયલાભેન લિલેખ. સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા રાજકુંઅર પઠનાર્થ. આ. ક.

(૩) હિતશિક્ષા પ્રબુદ્ધ રાસ ડે૦ ડા. ૭૦ પ્રત ૧૨૦ (આ રાસ જોયો નથી. નામ પરથી અનુમાન થાય છે કે ઉપરનો બુદ્ધિરાસ ને આ રાસ એકજ હશે.)

---

૨ ધર્મ. (મહેંદ્રસૂરિ શિષ્ય.)

(૪) જંબૂસ્વામિ ચરિત (જંબૂસામિ ચરિય) સં. ૧૨૬૬.

આદિ—

જિણ ચઉવીસહ પય નમેવિ ગુરૂ ચલણ નમેવી,
જંબૂ સામિહિં તણઉં ચરિય ભવિઉ નિસુણેવી,

ક્રરિ સાનિધ **સરસત્તિ** દેવિ જિમ રયં કહાણુઉં,
જંબૂ સામિહિં ગુણ ગહણ સંખેવિ વષાણુઉં. ૧

* * *

અંતે—

વીર જિણુંદહ તીથિ કેવલિ હૂઉ પાછિલઉ,
પ્રભવઉ બઇસારીઉ પાટિ સિદ્ધિં પુહુતુ **જંબુ** સ્વામિ,
જંબૂસામિ ચરિત પઢઈં ગુણઈં જે **સંભલઈં,**
સિદ્ધિ સુખ અણુંત તે નર લીલાહિં પામિસિઈં. ૪૦
મહિંદસૂરિ ગુરૂ સીસ **ધમ્મ** ભણઇહો ધામીજી હ.
ચિંતઉ રાતિ દિવસિ જે સિદ્ધિહિ ઊમાહીયા હ,
બારહ વરસ સએહિં કવિતુ નીપનૂં **છાસઠઈં.**
સોલહ વિજ્જાએવિ દુરિય પણાસઉ સયલસંઘ. ૪૧

પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ. (પા. ૩ પ્ર. કા.)

[મહેંદ્રસિંહ સૂરિ—(૧) અંચલ ગચ્છમાં ધર્મઘોષ સૂરિના શિષ્ય અને સિંહપ્રભ સૂરિના ગુરૂ થઈ ગયા છે. જન્મ સં. ૧૨૨૮ દીક્ષા ૧૨૩૭ આચાર્યપદ ૧૨૬૩. મરણ ૧૩૦૯. તેમણે સં. ૧૨૯૪ માં શતપદિકા નામનો ગ્રંથ રચ્યો છે. (૨) બીજા મહેંદ્રસૂરિ હેમાચાર્યના શિષ્ય સં. ૧૨૧૪ માં થયા છે તેમણે હેમચંદ્રકૃત અનેકાર્થ સંગ્રહ પર અનેકાર્થ કેરવાકર કૌમુદી નામની ટીકા રચી છે. આમાંથી આપણા કવિના ગુરૂ પહેલા—મહેંદ્રસિંહસૂરિ લાગે છે.]

---

૩ વિજયસેનસૂરિ. (મહામાત્ય વસ્તુપાલના ધર્માચાર્ય. નાગેંદ્રગચ્છના મહેન્દ્રસૂરિ-શાંતિસૂરિ—આનંદસૂરિ-અમરસૂરિ—હરિભદ્રસૂરિ શિષ્ય. તેમણે આબુપર વસ્તુપાલ તેજપાલે કરાવેલી નેમિનાથની પ્રતિષ્ઠાની

પ્રતિષ્ઠા સં. ૧૨૮૭ ફાગણ વદિ ૩ રવિને દિને કરી હતી.)

(૫) +રેવંતગિરિ રાસો (ગિરનાર પર્વત સંબંધી)

આદિ—

પરમેસર તિત્થેસરહ પયપંકય પણમેવિ,
ભણિસુ રાસુ રેવંતગિરે અંબિકદેવિ સુમરેવિ. ૧
ગામાગર પુરવણ ગહણ સરિ સરવરિ સુપએસુ,
દેવભૂમિ દિસિ પચ્છિમહ મણહરૂ સોરઠદેસુ. ૨

* * *

અંત—

રંગિહિ એ રમઇ જો રાસુ સિરિ વિજયસેણિસૂરિ નિમ્મવિઉ એ,
નેમિ જિણુ તૂસઈ તાસુ અંબિક પૂરઇ મણિ રલી એ. ૨૦

[આ રાસને ૪ કડવમ્ (કડવાં) છે. તે દરેકમાં અનુક્રમે ૨૦, ૧૦, ૨૨ અને ૨૦ કડીઓ છે. તે વડોદરા ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળામાં પ્રકટ થએલ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ એ પુસ્તકમાં પ્રકાશિત થયો છે.]

વિક્રમ ચૌદમી સદી.

૪ * વિનયચંદ્ર (રત્નસિંહ સૂરિશિ.)

(૬) નેમિનાથ ચતુષ્પદિકા (પ્ર. પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ)

આદિ—

સોહગસુંદર ઘણલાવન્નુ, સુમરવિ સામિઉ સામલવન્નુ;
સખિ પતિ રાજલ ચડિ ઉત્તરિય, બાર માસ સુણિ જિમ
બજ્જરિય—૧

નેમિ કુમરૂ સુમરવિ ગિરનારિ, સિદ્ધી રાજલ કન્નકુમારિ–આંકણી.

× × × × ×

અંત—

પંચ સખી સઈ જસુ પરિવારિ, પ્રિય ઊમાહી ગઈ ગિરિનારિ,
સખી સહિત રાજલ ગુણરાસિ, લેઇ દિખ પરમેસર પાસિ. ૩૯
નિમ્મલ કેવલનાણુ લહેવિ, સિદ્ધી સામિણિ રાજલદેવિ,
રયણસિંહ સૂરિ પણમવિ પાય, બારઇ માસ ભણિયા મઈ ભાય. ૪૦
–નેમિકુમરૂ સુમરવિ ગિરનારિ, સિદ્ધિ રાજલ કન્નકુમારિ—

ઇતિ શ્રી વિનયચંદ્ર સૂરિકૃત નેમિનાથ ચતુષ્પદિકાઃ—

(આ ૪૦ ટુંકનું કાવ્ય છે, તેમાં બારમાસ લઇ દરેક માસે રાજેમતિ પતિવિરહથી કથન કરે છે એવું કાવ્યમય વર્ણન કવિએ કરેલું છે. આ કાવ્ય જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડમાં મુનિશ્રી જિનવિજયજીની નીચેની ફુટનોટ સહિત છપાયું છે. (અંક પુ.)

* આ આચાર્ય હતા. તેમણે સં. ૧૩૨૫ માં પર્યુષણા કલ્પસૂત્રપર નિરૂક્ત રચેલ છે. તેમના ગુરૂ રત્નસિંહ સૂરિ એ તપગચ્છમાં થયેલા સૈદ્ધાન્તિક શ્રી મુનિચંદ્ર સૂરિના શિષ્ય હતા ને વિક્રમ તેરમી સદીમાં વિદ્યમાન હતા. તેમણે ટીકા સહિત પુદ્ગલ ષટ્ત્રિંશિકા–નિગોદ ષટ્ત્રિંશિકા આદિ ગ્રંથો રચેલા છે.

[વિનયચંદ્ર] (રત્નસિંહ સૂરિ શિષ્ય.)

(૭) ઉપદેશ માલા કથાનક છપ્પય (ઉવએસમાલ કહાણય છપ્પય.)

આદિ—

વિજય નરિંદ જિણિંદ વીર હત્થિહિં વય લેવિણુ,
ધમ્મદાસ ગણિ નામિ ગામિ નયરિહિં વિહરઇ પણુ,
નિયપુત્તહ રણસીહરાય પડિબોહણુ સારિહિં
કરઇ એસ ઉવએસમાલ જિણવયણ વિયારિહિં
સય પંચચ્યાલ ગાહા રયણ મણિકરંડ મહિયલિ મુણઉ,
સુહભાવિ સુદ્ધ સિદ્ધંતસમ સવિ સુસાહુ સાવય સુણઉ. ૧

* * * *

અંતે—

ઇણિપરિ સિરિ ઉવએસમાલ કહાણય
તવ સંજમ સંતોસ વિણયવિજ્જાઇ પહાણય
સાવય સંભરણત્થ અત્થપય છપ્પય છંદિહિં
રયણસીંહ સૂરીસ સીસ પભણઇ આણંદિહિં
અરિહંતઆણુ અનુદિણુ ઉદય ધમ્મ મૂલ મત્થઇ હઉં
ભો ભવિય ભત્તિસત્તિહિં સહલ સયલ લચ્છિલીલા લહઉ. ૮૧.

—પ્ર. પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહમાં.

[અજ્ઞાત કવિ]

(૭૬) +સપ્તક્ષેત્રિ રાસુ સં. ૧૩૨૭ માહશુદ ૧૦ ગુરૂ.

આદિ—

સવિ અરિહંત નમેવી સિદ્ધ સૂરિ ઉવઝાય,
પનર કર્મભૂમિ સાહૂ તીહ પણમિય પાય. ૧

× × ×

અંતે—

સંવત તેર સત્તાવીસઇ માહમસવાડઈ
ગુરૂવારિ આવી ય દસમિ પહિલઇ પખવાડઇ,
તહિ પૂરૂ હૂઉ રાસુ સિવસુખ નિહાણૂં
જિણુ ચઉવીસઇ ભવીયણઇ કરિસિઇ કલ્યાણૂં. ૧૧૮
જાં સિસિ રવિ ગયણંગણિહિ ઊગઈ મહિમંડલિ,
તા વરતઉ એઉ રાસુ ભવિય જિણુસાસણિ,
નિમ્મલ જ ગ્રહ નક્ષત્ર તારિકા વ્યાપઈ
જયવંતુ શ્રીસંઘ અનઈ જિણુસાસણુ. ૧૧૯

—પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

૫ સોમમૂર્તિ.

(૮) +જિનેશ્વર સૂરિ દીક્ષા વિવાહ વર્ણના રાસ-સં. ૧૩૩૧ પછી.

આદિ—

ચિંતામણિ મણિ વિ વિયત્થે સુહિયય ધરેવિણુ **પાસ** જિણુ,
જુગપવરૂ **જિણેસર** સૂરિ મુણિરાઉ થુણિસુ હઉ ભત્તિ
આપણઉ. ૧
ગુરૂ નિયહિયય કવહુ વરમોતિયં હારૂ સુગુરૂ **જિણેસર** સૂરિ-ચરિયં,
ભવિય જણુ જેણુ સા મુત્તિવર કામિણી, તુમ્હ વરણુંમિ
ઉક્કંઠિયએ. ૨.

* * *

અંતે—

એહ વીવાહુલઉ જે પઢહિં જે દિયહિ ખેલાખેલિય રંગભરિ,
તાહ **જિણેસર** સૂરિ સુપસન્નુ ઇમિ ભણઈ ભવિય ગણિ
સોમમુત્તી ૩૩

આ ૩૩ ટૂંકનું પ્રાચીન કાવ્ય છે. નાયક ખરતરગચ્છીય જિનેશ્વર સૂરિની દીક્ષા દશવર્ષે ખેડાગામમાં જિનપતિસૂરિ પાસે લેવાઈ, અને મરણ સં. ૧૩૩૧ માં થયું. તે વખતે પટ્ટધર જિનપ્રબોધ સૂરિ થયા. આથી આ કાવ્ય સં. ૧૩૩૧ પછી તુરતમાં રચાયેલ છે, [અને તેથી તે સમયની ભાષાના નમૂનારૂપ છે.] પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્યસંચય.

૬ જગડુ (જિનેશ્વરસૂરિ શિ.)

(૯) + સમ્યકત્વમાઈ ચઉપઈ સં. ૧૩૩૧ પછી.

આદિ—

ભલે ભણઉં માઈ ધુરિ જોઈ, ધમ્મહ મૂલુ જુ સમકિતુ હોઈ,
સમકિતુ વિણુ જો ક્રિયા કરેઈ, તાતઈ લોહિ નીરૂ ધાલેઇ. ૧

× × ×

અંતે—

હાસામિસિ ચઉપઈબંધુ કિયઉ, માઇતણઉ છેહુ મઈ નિયઉ,
ઊણઉ આગલઉ કિંપિ ભણેઉ, **જગડુ** ભણઇ સંઘુ સયલુ ખમેઉ. ૬૨
શ્રીનંદઉ સમુદ્દાધરિ રહઇ, નંદઉ વિહિ મંદિરૂ કવિ કહઈ,
નંદઉ **જિણેસરસૂરિ** મુણિંદુ, જા રવિ ઊગઇ ઊગઈ ચંદુ. ૬૩
માઇ તણઉ અખસરૂ ધુરિ કિયઉ, ચઉસઠિ ચઉપઈયાબંધુ થિયઉ,
સુદ્ધઇ મનિ જે નર નિસુણંતિ, અણંતસુખુ સિદ્ધિહિ પાવંતિ. ૬૪

—પ્ર૦ પ્રાચીન ગૂ. કા. સંગ્રહ.

૭ પ્રજ્ઞાતિલક સૂરિ.

(૧૦) + કચ્છૂલી રાસ. સં. ૧૩૬૩ કોરંટામાં.

આદિ—

ગણવઈ જો જિમ દુરીઅવિહંડણુ, રોલનિવારણુ તિહુયણમંડણુ;
પણમવિ સામીઉ પાસ જિણુ,

ાસિરિ **ભદ્દેસર** સૂરિહિં વંસો બીજી સાહહ વંનિસુ રાસો, ધમીય રોલુ નિવારીઉ,
સગ્ગ ખંડુ જિમ મહીયલિ જાણુઉં, અટ્ટારસઉ દેસુ વખાણુઉં ગોવલિ
ધન્નિ રમાઉલઉ,
અનલ કુંડ સંભમ **પરમાર** રાજ કરઈ તહિં છે સવિચાર, **આબૂ** ગિરિવરૂ
તહિં પવરો.

× × ×

અંતે—

સાત્રીસઇ આપાડિ **લ**ખમણ **મ**યધર સાહુ સૂઓ
છયણી નયર મઝારિ આરિહવણુઉં **ભી**મિ કિઓ,
કમલસૂરિ નિયપાટિ સઈ હાથિ પ્રજ્ઞાસુરિ ઠવીઓ,
પમીઉ પમાવીઉ જીવુ અણુસણિ આવા સુધુ કીઓ.
પણિ પહુત્તઉ સુરલોઇ ગણુહરૂ ગંગાજલ વિમલો.
તાસુ સીસુ ચિરકાલુ પ્રતપઉ **પ્રજ્ઞા**તિલક સૂરે.
જિણ સાસણિ નહચંદુ સુહગુરૂ ભવીયહં કલપતરો
તા જગે જયવંત ઉમ્હાઉ જા જગિ ઊગઇ સહસકરો
તેરત્રિસઠઇ રાસુ **કોરિં**ટાવડિ નિમ્મિઉ
જિણહરિ દિંતસુણંતં મણવંછિય પૂરવંઉ.

—સંવત્ ૧૪૦૮ વર્ષે ચીઆગ્રામે શ્રી નરચંદ્ર સૂરિણાં શિષ્યેન શ્રી રત્નપ્રભ સૂરીણાં બાંધવેન પંડિત ગુણભદ્રેણ કચ્છૂલી શ્રી પાર્શ્વનાથ ગોષ્ઠીકા લીંબા ભાર્યા ગઉરી તત્પુત્ર શ્રાવક જસા ડૂંગર તદ્ભગિની શ્રાવિકા વીંઝી તીલ્હી પ્રભૃત્યેષાં સાહાય્યેન પ્રભુશ્રી શ્રીપ્રભ સૂરિવિરચિતં ધર્મ-વિધિ પ્રકરણં શ્રી ઉદયસિંહ સૂરિ રચિતા વૃત્તિ શ્રી ધર્મ્મ–વિધિ ગ્રંથસ્ય કાર્ત્તિક વદિ દશમી દિને ગુરૂવારે દિવસ–પાશ્ચાત્ય ઘટિકાદ્વયે સમયે સ્વ પિતૃ-માત્રોઃ શ્રેયસે શ્રી ધર્મ્મવિધિ ગ્રંથમલિખત્ । (આમ એક પ્રતને અંતે લખેલું છે.)

૮ અમ્બદેવસૂરિ (નાગેંદ્રગચ્છ પાસડસૂરિ શિ૦)

(૧૧) +સમરા રાસો (સમરસિંહ રાસ) સં. ૧૩૭૧.

આદિ.

પહિલઉ પણમિઉ દેવ આદિસરૂ **સેત્તુજસિહરે**
અનુ અરિહંત સવ્વે વિ આરાહઉં બહુ ભત્તિભરે. ૧
તઉ **સરસતિ** સુમરેવિ સારયસ સહર નિમ્મલીય,
જસુ પયકમલ પસાય મૂરૂખુ માણઇ મન રલિય. ૨
સંઘપતિ **દેસલ** પુત્રુ ભણિસુ ચરિઉ **સમરા**તણઉ એ,
ધમ્મિય રોલુ નિવારિ નિસુણઉ શ્રવણિ સુહાવણઉ એ. ૩

* * * *

અંતે—

સંવચ્છરિ ઇકહુત્તર થાપિઓ **રિસહ** જિણિંદો,
ચૈત્રવદિ સાતમિ પહુત ઘરે નંદઓએ જા રવિ ચંદો. ૩
પાસડ સૂરિહિ ગણહરહ નાગિંદઅ ગચ્છ નિવાસો,
તસુ સીસિહિં **અંબદેવસૂરિં**હિ રચિયઉ એ **સમરા** રાસો. ૪
એહુ રાસુ જો પઢઇ ગુણઇ નાચિઉ જિણ હરિ દેઇ,
શ્રવણિ સુણઇ સો બયઠઇએ તીરથએ તીરથજાત્ર ફલુલિઇ, ૫

—પા.; પ્ર. કા.

આ રાસ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહમાં તથા જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચયમાં પ્રકટ થયો છે. રાસનો નાયક સમરસિંહ મંત્રિ ઓસવાળ હતો અને તેના ઉપર અલપખાનની મહેરબાની હતી. તેણે સંઘ કાઢયો હતો. આ સંઘપતિ સમરસિંહ ઉર્ફે સમરાએ કેટલાંક સ્તવનો બનાવેલાં છે. સં. ૧૩૭૧ માં શત્રુંજય પર ઋષભદેવની મૂર્તિ તેણે પ્રતિષ્ઠિત કરાવી. આ રાસ પણ તેજ વર્ષમાં રચાયેલ છે.

૯ જિનપદ્મસૂરિ (ખરતરગચ્છ જન્મ સં. ૧૩૮૨ ? આ-ચાર્યપદવી સં. ૧૩૯૦ મરણ ૧૪૦૦)

(૧૨) +**શ્રીસ્થૂલિભદ્ર ફાગ.** (સિરિ થૂલિભદ્દ ફાગુ)

આદિ—

પણમિય **પાસ** જિણંદપય અનુ **સરસઇ** સમરેવી,
થૂલિભદ્દ મુણિવઈ ભણિસુ ફાગુ બંધિ ગુણ કેવી. ૧

અંતે— × × × ×

ખરતરગચ્છિ **જિ**ણપદમ સૂરિ કિય ફાગુ રમેવઉ,
ખેલા નાચઈ ચૈત્રમાસિ રંગિહિ ગાવેવઉ. ૨૭

—પ્ર. કા.; પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ.

(આ ૨૭ ટુંકનું ટુંક કાવ્ય છે. પ્રાચીન છે.)

૯ ક પદ્મ. (૧૪ મો સૈકો)

(૧૩) + **સાલિભદ્ર** કક્ક (શાલિભદ્ર કાક)

આદિ—

ભલિ ભંજણુ કમ્મારિયલ **વીર**નાહુ પણમેવિ,
પઉમુ ભણઇ કક્ક ખરિણુ **સાલિભદ્દ**ગુણ કેઇ. ૧

× × ×

અંતે—

ઇહ કહિયઉ કક્કહ કુલઉ, ઇકહત્તરિ કડુયાહ,
ભવિયઉ સંજમુ મણિ ધરઉ, પઢઉ ગુણહુ નિસુણેહુ. ૭૧

પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

(૧૪) +**દૂહામાતૃકા.**

આદિ—

ભલે ભલેવિણુ જગતગુરૂ પણમઉં જગહપહાણુ,
જાસુ પસાઈ મૂઢ જિય પાવઈ નિમ્મલુ નાણુ. ૧

× × ×

અંતે—

મંગલમહાસિરિસિરિસુ સિવફલદાયગુ રમ્મુ
દૂહામાઇ અખિયઈ પઉમિહિં જિણુવરધમ્મુ. ૫૭

પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

(માતૃકા એટલે બારાખડી, દરેક વર્ણ લઇ તે પર ઉપદેશ આ ૫૭ ટૂંકના કાવ્યમાં આપેલો છે. આ પદ્મ કવિ કદાચ જિનપદ્મસૂરિ નં. ૯ના પણ હોય, તેમજ આ કાવ્યો ભાષાની પ્રાચીનતા જોતાં ૧૪ મા સૈકાનાં લાગે છે તેથી પદ્મ એમ જૂદા કવિ તરીકે જિનપદ્મસૂરિની નીચેજ મૂકવામાં આવેલ છે.)

---

૧૦ સોલણુ. (૧૪ મો સૈકો)

(૧૫) + ચર્ચરિકા.

આદિ—

જિણુ ચઉવીસ નમેવિણુ સરસઇપય પણુમેવિ
આરાહઉં ગુરૂ અપ્પણઉ અવિચલુ ભાવુ ધરેવિ. ૧
કર જોડિઉ સોલણુ ભણઇ જીવિઉ સફલુ કરેસુ,
તુમ્હિં અવધારહુ ધંમિયઉ ચચ્ચરિ હઉં ગાએસુ. ૨

× × ×

અંતે—

ડુંગરડા અધો દૂરિં લગ્ગઉ સીયલિ વાઉ
દૂય પુણું નવદેહડી અંસુલિ કિયઉ પસાઉ. ૩૮

—પ્ર૦ પ્રા. ગૂ. કા. સં.

(ભાષાની પ્રાચીનતા જોતાં આ કાવ્ય ૧૪ મા સૈકાનું લાગે છે.)

વિક્રમ પંદરમી સદી.

૧૧ રાજશેખર સૂરિ-મલ્લધારી+

(૧૬) નેમિનાથ ફાગ (૧૪૦૫ લગભગ)

આદિ—

સિદ્ધિ જેહિં સઇ વર ચરિય તે તિત્થયર નમેવી,
ફાગુબંધિ પહુ નેમિ જિણુ ગુણુ ગાએસઉં કેવી ૧

* * * *

અંત—

રાજલ દેવિસઉં સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ,
મલહારિહિં રાયસિહર સૂરિ કિઉ ફાગુ રમીજઇ. ૨૭

—પ્ર૦ પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ.

૧૨ જયાનંદ સૂરિ (૧૪૧૦ આસપાસ)

(૧૭) ક્ષેત્રપ્રકાશ રાસ-ડે૦ રત્ન૦

ગદ્યગ્રંથો-[પંદરમા સૈકામાં બોલાતી ગૂજરાતી ભાષામાં અનેક ટીકા-ગ્રંથો બાલાવબોધો લખાયા તેમાં પ્રથમનો મળી આવતો ગ્રંથ તે તરુણપ્ર

[+ રાજશેખર સૂરિ-તે પ્રશ્ન વાહનકુલમાં કોટિક ગણની મધ્યમ શાખામાં હર્ષપુરીયગચ્છમાં મલધારી બિરૂદથી પ્રસિદ્ધ શ્રી અભયસૂરિના સંતાનમાં શ્રીતિલકસૂરિના શિષ્ય થયા છે, તેમણે ઢિલ્લી (દિલ્હી)માં સં. ૧૪૦૫ માં જ્યેષ્ઠ માસની શુકલ પંચમીએ 'ચતુર્વિંશતિ પ્રબંધ'—અથવા 'પ્રબંધકોષ'-ગ્રંથ રચેલ છે. તે ઉપરાંત શ્રીધરની ન્યાય કંદલીપર પંજિકા રચેલી છે.] આ ઉપરાંત વિનોદ કથાસંગ્રહ એ નામનો ટૂંકી રસપ્રદ અને બોધક કથાનો સંગ્રહ રચ્યો છે કે જેનું ગૂજરાતી ભાષાંતર વિનોદાત્મક કથા સંગ્રહ એ નામથી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભાએ સં. ૧૯૭૮ માં પ્રકટ કર્યું છે.)

સૂરિનો સં. ૧૪૧૧ ની સાલમાં ગૂજરાતના પાટનગર અણહિલ પાટ-ણમાં ષડાવશ્યક પર બાલાવબોધ છે, અને ત્યારપછી સોમસુંદર સૂરિએ ઉપદેશમાલા, યોગશાસ્ત્ર, ષડાવશ્યક, આરાધનાપતાકા અને નવતત્ત્વ વગેરે ગ્રંથોના 'બાલાવબોધો' અને મુનિસુંદર સૂરિનો યોગશાસ્ત્ર–ચતુર્થ પ્રકા-શનો 'બાલાવબોધ' લખેલા મળી આવે છે. તે સર્વ ગદ્યગ્રંથો પંદરમી સદીમાં વપરાતી ભાષાપર પ્રકાશ નાંખે તેમ છે.]

---

૧૩ વિજયભદ્ર.

(૧૮) કમલાવતી રાસ—૩૬ ગાથાનો.

આદિ—

નમુ વીર જિણેસર દિણેસર અભિનવો કૂણિ,
ભરત ક્ષેત્રે ભરૂઅચિ નગરની શોભા જાણિ,
મેઘરથ રાજ રાજકરે ધર્મ જંપે
ઇંદ્રની રિદ્ધિ જિસી તિસી તસ ઘરિ સંપિ. ૧

* * * *

અંત—

ઘરણીને વચને કંત વૈરાગીઓ, એહું સંસાર વિષસમો લાગીઓ,
બાપે બોલાવી બેટા બલીકરી, રાજિ બેસારી બેટા બાહિઇં ધરી.
બાલક બાહિ ધરી રાજે થાપિ ઘરે વીસ સરસ રહી.
તિહાં થકી છૂટી જિસી આવી તિસ્યો સીલ લીધો સહી
ચારિત્ર પાલિ કર્મ જાલિ કેવલી ગુરૂ બે થયા,
વિજયભદ્ર મનિ વર જપે મોક્ષ મંદિરમાં હિયા. ૩૬

—૩—૧૩ લીં.

(૧૯) કલાવતી સતીનો રાસ.

આદિ—

ભરત ક્ષેત્રિ રે નયરી છિ મગલાવતી,
શંષ રાજા રે રાજ કરઇ જસિઉ સૂરપતી,

એક દિવસે રે રાઈ મંત્રી બોલાવીઉ,
દ્દન મંત્રી રે દેસાઉરથી આવીઉ. ૧

* * * *

અંત— (ત્રૂટક)

ભૂપનુ સૂત રાજ થાપી લીધુ સયમ સુષ ભરિઇ,
દેવલોકિ બિહુ પુહતાં સુગતિ જાસિ અવતરી,
કલાવતીની પછીય સઝાય, ન પડીઇ સંસારસિઉં,
[વિજયભદ્ર મુનિવર સતીય ધ્યાઇ, મોક્ષ જઇઇ લીલસિઉં. ૪૯

—સંવત ૧૭૩૮ વર્ષે ફાગુણ વદિ ૧ રવૌદિને પં૦ ગ્રં. ૧૨૫
૯—૧૧ (પાલણપુર ભં.)

—ઇતિ કલાવતી ચરિત્ર ગીતિ છંદ સમાપ્તઃ સંવત્ ૧૬૨૬ વર્ષે
ચૈત્ર વદિ ૪ દિને. (મ. બ.)

(૨૦)-હંસરાજ વચ્છરાજ સં. ૧૪૧૧.
-શીલ વિષે સ. ૧૪૧૧.
+શીલ વિષે શિખામણ સ. ૭૧ સ. મા. બી.

---

૧૪ ×વિનયપ્રભ (વિજયપ્રભ ? ઉદયવન્ત ?)

(૨૧)+ ગૌતમસ્વામિનો રાસ. (સં. ૧૪૧૨ ખંભાતમાં)

આદિ.

પ્રણવાક્ષર પહિલૂ એ ભણીજઈ માયા બીજઈ સિઝંનિ સુણીજઇ,
શ્રીમુખિ સોભા જ સંભઇ એ.

* * * *

× પ્રસિદ્ધ ગૌતમસ્વામીના રાસના કર્તા તરીકે ' વિજયપ્રભ ' (ઉદયવન્ત) એ નામ પ્રચલિત છે, પરંતુ વાસ્તવિક રીતે તે સુપ્રચલિત રાસના કર્તાનું નામ વિનયપ્રભ ઉપાધ્યાય છે એ વાત ફક્ત રાસમાં સુસ્પષ્ટ લખી છે પ્રચલિત મુદ્રિત પુસ્તકોમાં ' દેવાંધુર અરિહંત નમિજે, વિનયપહુ ઉવઝાય થુનિજે ' ઈત્યાદિ પાઠમાં ' વિનયપહુ ' લખ્યું છે એ મુદ્રાના પ્રમાદથી ચાલો

અંતે—

દેવહ ધુરિ અરિહંત નમીજઇ, વિનયપ્પહ ઉવઝાય થુણીંજઈ,
ઇણિ મંત્રિ ગોયમ નમઉએ. ૪૮
પરપર વસતા કાંઇ કરીજઇ, દેસ દેશાંતર કાંઈ ભમીંજઈ,
કવણ કાજિ આયાસ કર,
પ્રહિ ઉઠી ગોયમ સંભરીજઇ, કાજ સમ‍ ગ્રહ જન ખિણિ શીઝઇ,
નવનિધિ વિલસઈ તાંહ થાટ. ૪૯
ચઉદહ સઇં બારોત્તર વરિસે, ખભ નયરિ સિરિ પાસ પસાઇં,
(ગોયમ ગણહર કેવલ દિવસે) કીઉં કવિત ઉપગાર વરો,
આદિહિ મંગલ એઅ ભણીંજઈ, પરવિ મહોછવિ પહિલૂં દીજઈ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૫૦

ઇતિ શ્રી પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિ રાસઃ

પા. ૪--૧૧. ભાવ.; પ્રકાશિત.

જે હસ્તલિખિત પ્રત અનુસાર મુદ્રણ થયું છે તેના લેખકના ભ્રમથી 'વિનયપહ'ને બદલ 'વિનયપહુ' થઇ ગયેલ છે, કારણ કે આ રાસના કર્ત્તા ખરતર ગચ્છીય શ્રી જિનકુશલસૂરિના શિષ્ય 'વિનયપ્રભ' હતા એ વાલુચર–મુર્શિદાબાદમાં શ્રી સંભવનાથના મંદિરને સંલગ્ન જ્ઞાનભંડારમાં પ્રાયઃ બસો વર્ષ પહેલાના લખેલા પુસ્તકમાં 'વિનયપહ ઉપઝાય થુનિજે' એવું સ્પષ્ટ લખેલું છે. તદુપરાન્ત અજિમગંજના નેમિનાથના મંદિર સંલગ્ન જ્ઞાનભંડારમાં પ્રાપ્ત થયેલ પ્રાચીન પટ્ટાવલિમાં એવો પાઠ છે કેઃ—

"તથા શ્રી ગુરૂભિ (શ્રી જિનકુશલ સૂરિભિઃ) વિનયપ્રભાદિ શિષ્યેભ્ય ઉપાધ્યાયપદં દત્તં યેન વિનયપ્રભોપાધ્યાયેન નિર્ધનીભૂતસ્ય નિજભ્રાતુઃ સંપત્તિસિધ્ધ્યર્થં મંત્રગર્ભિતગૌતમરાસો વિહિતઃ તદ્ગુણનેન સ્વભ્રાતા પુનર્ધનવાન્ જાતઃ ઇત્યાદિ.

આથી ઉક્તરાસના કર્ત્તા સંબંધી કોઈ જાતનો સંદેહ રહેતો નથી. શ્રી જિનકુશલસૂરિ સં. ૧૩૮૯ માં દેવલોક ગયા તેથી તેના શિષ્યે બનાવેલ રાસ સં. ૧૪૧૨ માં હોય તે તદ્દન શકય છે.

૧૫ હરસેવક.

(૨૨)+ **મયણરેહાનો રાસ.** (સં. ૧૪૧૩ (?) કુકડીગામમાં)

આદિ—

દોહા.

જૂઆ માંસ દારુ તણી, કરે વેસ્યાશું જોપ,
જીવ હિંસા ચોરી કરે, પરનારીનો દોષ. ૧

ઢાલ—અનાથીની વૈરાગી દેશીમાં.

વ્યસન સાતમું પરનારીનું, પ્રત્યક્ષ પાપ દીખાયું.
રાવણ પદમોત્તર મણિરથ રાજા, તીનું રાજ ગમાયું, ૧
—રાજવીયાંને રાજપિયારો, ભાઈ છેધો પ્યારો—આંકણી.

* * * * *

અંતે—

ગામ કુકડીએ કર્યો ચોમાસો, **સંવત ચૌદા તેરા** માંયો,
કથા કારણ આ ઢાલજ કીની, હરસેવક ચિત્ત લાયો—રા. ૧૮૭
સાંચોરે તો મુખ સાંભલજો, ચરિત્ર **મયણરેહારો,**
તિણ ઉપર કોઇ અધિકો ઓછો, મિચ્છાદુક્કડ મહારો—રા. ૧૮૮

(આ ઢાલ એક છે ને તેની કડી ૧૮૮ છે. તેમાં રાજસ્થાની-મારવાડી ઘણા શબ્દો ને પ્રત્યયો છે ને તે સં. ૧૪૧૩ જેટલી જૂની કૃતિ લાગતી નથી તો તેની હસ્તલિખિત પ્રત મળે નહિ ત્યાં સુધી સંવત્‌ની અનિશ્ચિતતા લાગે છે. પ્રકાશિત શા ભીમશીમાણેકે કરી છે તેમાંથી જેમ છે તેમ અત્ર મૂકેલ છે.)

---

૧૬ જિનોદયસૂરિ* (ખ૦)

(૨૩) **ત્રિવિક્રમ રાસ સં. ૧૪૧૫.**

* ગુજરાતના પાલણપુરમાં વસતા રૂદ્રપાલ અને ધારલદેવીને ત્યાં સં. ૧૩૭૫ માં સમર નામે કુંવર જન્મ પામ્યો. તેણે કુંવારાં સં. ૧૩૮૨

૧૭ જ્ઞાનકલશ.

(૨૪)+ શ્રી જિનોદયસૂરિ પટ્ટાભિષેક રાસ સં. ૧૪૧૫.

આદિ.

સંતિકરણુ સિરિ સંતિનાહ પયકમલ નમેવી,
કસમીરહ મંડણીય દેવિ સરસતિ સુમરેવી,
જુગવર સિરિ જિણઉદયસૂરિ ગુરૂગુણ ગાએસૂ
પાટ મહોચ્છવુ રાસુ રંગિ તસુ હઉં પભણેસૂ. ૧

* * * *

અંતે.

સુહગુરૂ ગુણુ ગાયંતુ સયલ લોય વંછિય લહએ,
રમઉ રાસુ ઇહુ રંગિ જ્ઞાનકલસ મુનિ ઇમ કહઈ. ૩૭

—ખ૦ જિનોદયસૂરિનું મૂળ દીક્ષાનામ સોમપ્રભ હતું. તેને સૂરિપદ આપવાની ક્રિયા તરૂણપ્રભાચાર્યે ખંભાતમાં સં. ૧૪૧૫ માં કરી. તે પટ્ટાભિષેક ક્રિયા આમાં જણાવી છે. તેથી આ કાવ્ય સં. ૧૪૧૫ માં રચાયેલું જણાય છે. પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સંચય.

---

૧૮ મેરૂનન્દન. (ખ જિનોદયસૂરિ દીક્ષાગુરૂ.).

(૨૫) +શ્રી જિનોદયસૂરિ વીવાહલઉ. સં. ૧૪૩૨.

આદિ.

સયલમણવંછિયે કામકુંભોવમં પાસપયકમલુ પણમેવિ ભત્તિ,
સુગુરૂ જિણઉદય સુરિ કરિસુ વીવાહલઉ
સહિય ઊમાહલઉ મુચ્છ ચિત્તિ. ૧

* * * *

માં દીક્ષા લીધી. જિનકુશલસૂરિએ દીક્ષા આપી સોમપ્રભ નામ પાડયું. સં. ૧૪૦૬ માં જેસલમીરમાં વાચનાચાર્યની પદવી મળી. સં. ૧૪૧૫ માં ખંભાતમાં શ્રી તરૂણપ્રભસૂરિએ તેમને સૂરિપદવી આપીને જિનોદયસૂરિ નામ આપી જિનકુશળસૂરિની પાટે સ્થાપ્યા. સં. ૧૪૩૨ માં સ્વર્ગસ્થ થયા.

અંતે.

એહુ સિરિ જિણઉદયસૂરિ નિય સામિણો
કહિઉ મઇ ચરિઉ અઇ મંદબુદ્ધિ,
અમ્હ સો દિકખુગુરૂ દેઉ સુપસન્નઉ
દંસણ નાણ ચારિત સુદ્ધિં. ૪૩
એહુ ગુરૂરાય વીવાહલઉ જે પઢઈ જે ગુણઇ જે સુણંતિ,
ઉભયલોગે વિ તે લહઈ મણવંછિયં
મેરૂનંદન ગણિ ઇમિ ભણંતિ. ૪૪

—ખ૦ જિનોદયસૂરિ સં. ૧૪૩૨ માં પાટણમાં સ્વર્ગસ્થ થયા તેનો છેલ્લો ઉલ્લેખ કરી આ કાવ્ય પૂરૂં થાય છે. તે વર્ષે તે રચાયેલું જણાય છે. રચનાર પોતે તેના હસ્તદીક્ષિત શિષ્ય છે. પ્ર. જૈ. એ. ગૂર્જર કાવ્ય સંચય તેમજ ઐ. રા. સં. ૩. ૧૫ મા સૈકાની ભાષા માટે આ કૃતિ ઉપયોગી છે,)

(૨૬) +અજિત-શાંતિ સ્તવન.

આદિ.

મંગલ કમલાકંદ એ, સુત્ર સાગર પૂનમ ચંદ એ,
જગગુરૂ અજિત જિણંદ એ, શાંતીસર નયણાનંદ એ. ૧
બિહું જિનવર પ્રણમેવ એ, બિહું ગુણ ગાઇસિ સંખેવ એ,
પુણ્યભંડાર ભરેસુ એ, માનવભવ સફલ કરેસુ એ. ૨

* * * *

અંતે.

ઇમિ ભગતિહિ ભોલિમ તણી એ, સિરિ અજિય સંતિ
જિણ થુય ભણીએ,
સરણિ બિહું જિણ પાય એ, શ્રી મેરૂનંદણુ ઉવઝાય એ. ૩૨
--પ્ર૦ રત્નસમુચ્ચય અથવા રામ વિલાસ પૃ. ૨૧૫-૨૧૯

૧૯ દેવસુંદર સૂરિ શિષ્ય.

(૨૭) કાકબંધિ ચઉપ્પઈ રચ્યા સંવત લગભગ ૧૪૪૦.

આ ચોપાઈ ૬૯ ટુંકની છે. કક્કાના અક્ષરોને અનુક્રમે આદ્યાક્ષર કરીને ચોપાઈ ગુંથી છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર જૈન-ધર્મના મુખ્ય સિદ્ધાંતોનો ઉપદેશ આપ્યો છે. ચોપાઇ રચ્યાનો સંવત્ લખ્યો નથી, પણ પહેલી ટુંકમાં શ્રી દેવસુંદર સૂરિને વંદના કરી છે. એટલે આ ચોપાઇ દેવસુંદર સૂરિના કોઇ શિષ્યે રચી છે એમ ખાત્રી થાય છે. દેવસુંદર સૂરિને સૂરિ પદવી સંવત્ ૧૪૨૦ માં મળી અને સંવત્ ૧૪૫૦ સુધી તેઓ હયાત હતા; એટલે આ ચોપઇ સંવત્ ૧૪૨૦ થી ૧૪૫૦ સુધીમાં રચાઈ છે એમ ખાત્રીથી કહી શકાય.

આદિ–એની ભાષા પણ તે કાળને અનુરૂપ જૂની છે, શરૂઆત આ પ્રમાણે છે.

અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય, સાહુ સુગુરૂ દેવસુંદરસૂરિ પાય;
વંદિય સુય સામણિ સમરેવિ, ધમ્મ કક્કપ ભણિસુ સંખેવિ. ૧
કરઉ ધર્મ મન ભૂલા ભમઉ, માણસ ભવ કાંઈ આલિં નિગમઉ?
દાન સીલ તપ ભાવન સાર, સુહ ગુર વયણુ પાલઉ સવિચાર. ૨
કાંઈ જુ દીજઇ દાન, તિહાં ચોંતવીઈ નવિ અભિમાન;
ચિત્તિ વિત્તિ પત્તિહિં સુવિસુદ્ધ, સો શ્રેયં સઈ લીલઈં લદ્ધ. ૩
ખરઈ ચિત્તિ નામ એવડા, વિત્તિ અક્ષુ રસિ પૂરિય ઘડા;
પત્ત જુ પામિઉં પઢમ જિણંદુ, ચડઈ સિખા નવિ પડઇ ઈકુ બિંદુ. ૪
ખાધઈ તૃપતિ ઉદરિ નવિ હોઈ, દીધઉં પાત્રિ દાન ઊગરઇ;
ખીર થાલ દીધઉં સંગમઇ, શાલિભદ્ર સોઇ હુઇઊ તિમઈ. ૫
ગહગહીયા ધન્ન કયવન્ન, નિહુઅણિ નિસુણઉ તેહનં પુંન્ય;
શુદ્ધ ચિત્તિ દીયાં ઘૃત ખીર, દેવલોકિ પહુતા બે વીર. ૬
ગાઢઇ સંકટિ હૂંતિ નારિ, તતખિણિ વિરૂપ હૂતઉ બારિ;
દાન દેઇ તિમ ચંદનબાલ, જિમ આવીલ ભાજઈ તતકાલ. ૭
ઘલહ તિમ વહિરાવિઉં ઘીય, જિમ સંચિઉં તિત્થંકર બીય;
પાત્રિ દાનિ હઊઉ નિરવાહ, આદિનાથ ધન સારથવાહ. ૮

ધીઉ દાઉ જઉ દીજઇ દાન, તુ રાઉલિ લાભઈ બહુ માન;
દાનિં ભૂતપ્રેત વસિ થાઈ, દાનિં દુક્ખ દુરિઅ સવિ જાઇ. ૯
જિમ કંઠિ થિકુ ઊપજઇ, દાન ઉદારિ તિમ નીપજઇ.
દાન વિપઇ જેહ ઊપજઈ બુદ્ધિ, તીહં નર સઇંવર આવઇ રિદ્ધિ. ૧૦

*   *   *   *

અંતે—છેવટનો ભાગ આ પ્રમાણે છેઃ—

શશિ લંછણુ ચંદણુ પીયૂપ, સેવંતાંનિ હણઇ સવિ દૂખ,
ઇમિ પરિ મનિ ભાવણ ભાવતાં, કર્મ અણંતાં ન્યાઇં પત્યાં. ૬૦
શાલિ દાલિ ઘૃત મીઠાં હોઇ, એય વાત જાણઇ સહૂ કોઇ;
ધરમુ માહિં તિમ ભાવણ સાર, એહ વાત પાધરઉ વિચાર. ૬૧
ષલકંઈ ચૂડિ અંતેવર હાથિ, **ન**મિં રાજા પવિસઈ પરમત્થિ;
બહુ મળિએ કલિ કંદલ હોઇ, પરમાણંદ લહઇ ઇકે સોઈ. ૬૨
પણિ પણિ ચ્યારિ ચઉરાસી જીવ, યોનિ વસઈ સંસારિ સદૈવ;
ધરમુ એકુ સવિહૂં આધાર, ધર્મ લગઇ પામીજઇ પાર. ૬૩
સમરથ રાત્રિ દિવસિ મનિ ધર્મ, ધર્મ તણઉ મન છંડઉ ભ્રમ;
રાખઇ ધર્મ ચિહું ગતિ દૂક્ખ, ધર્મ લગઈ પામી જઇ સુક્ખ. ૬૪
સાયર મર્યાદાં પુણ રહઇ, ચંદસૂર ગયણિં સંચરઇ,
કુશલ પંચ તે હિ આચાર, સોઇ સહગુરૂ બુઝવઇ વિચાર. ૬૫
હિવ ગુર જાણઉ સો સંસારિ, જેહ ગુરૂ બૂઝઈ વિચાર,
પાલઇં અનઇ પલાવઇં સોઈ, એઉ સુહગુરૂ જાણઇં સહુ કોઇ. ૬૬
હાથિ ચડિઉં ચિંતામણિ રત્ન, જઉ લાભઈ જિણવરનં વચન;
જિણવર દેવ ધર્મગુરૂ સાધુ, એય સમકિતુ શ્રેણિકરાઇં લદ્ધ. ૬૭
ક્ષણ એકુ મન જઉ થાહર રહઇ, કર્મ વિવર નિશ્ચિં સો લહઈ,
કરમ વિવર સીઝઇ સવિ કાજ, લાભઈ મુગતિ તણૂં સહુ રાજ. ૬૮
ક્ષાયક સમકિતુ નિશ્ચલ તાહં. ચઉવિહ ધર્મ હીઈ છઇ જાંહ,
સોઈ કહીઇ કક્કર કર બદ્ધ, પઢતાં ગુણતાં હુઈ સર્વ સિદ્ધિ. ૬૯
—ઇતિ કાક્કબંધિ ચઉપ્પઈ સમાપ્તા ॥છા॥ લિખિત દેવગિરિ નગરે (મ. બ.)

૨૦ સાધુહંસ.(ત૦ જિનશેખરસૂરિ-જિનરત્નસૂરિ શિ૦)

(૨૮) શાલિભદ્ર રાસ સં. ૧૪૫૫ આસો શુદ ૧૦

આદિ— . વસ્તુ.

દેવિ સરસતિ ૨ સકળ સંસાર,
જસ નાંમિઈ કવિજન સવે બુધિ અતિહિં સરસ વાણીય,
વીણાપુસ્તકધારિણી તે સામિણિ મનમાંહિં આંણીય,
કરજોડી કવીયણ ભણઇ, સહગુરૂ પાય પણમેવિ,
સાલિભદ્ર ધના તણાં, ચરીય રચેસુ સંષેવિ. ૧

× × ×

અતે— ચુપઈ.

તપગછિ શ્રી **જયશેખર** સૂરિ, નાંમઈ પાવ પણાસઈ દૂરિ;
તાસ પાટિ શ્રી **જિનરયણ** સૂરીસ, મન શુધિઈં પ્રણમું નિસદીસ. ૨૧૬
સહિગુરૂ નાંમ છે હઇંડઇં ધરી, ચુપઇ બદ્ધ કથા મંઈ કરી,
સાલિભદ્ર ધનાનું ચરિત્ર, ભણીઈં હુસ્યઈ અતિહિં પવિત્ર. ૨૧૭
ભાવસહિત નરનારી ભણઇ, કઇ મનિ સુદ્ધિઇં શ્રવણે સુણઈ,
સાધુહંસ મુનિવર ઇંમ ભણઈ, નવનિધિ તેહ ઘરિ આંગણઈ. ૨૧૮
સંવત ચઉદ પંચાવનિ વરસિ, આસો શુદિ વિજયાનઈ દિવસિ,
જિનવચને કરી સદ્દહિઉં, ભાવિઇં ભગતિ હૈયડઇ ધરિઉં. ૨૧૯

—શ્રી શાલિભદ્રનુ વૃધ રાસ વ્યવ૦ ઉદયકિરણું લિપાપિતં ગ્રંથાગ્ર ૩૧૧ શ્રી (અં.) ધર્મ્મમૂરતિ સૂરીંદ્ર સાધુ શિરોમણિ વિજયૈઃ (વિ. ધ. ચોપડો પાનાં ૧૫૬ થી ૧૬૭ પંક્તિ ૧૫.

—૭-૧૭ લીં. (આ બંને પ્રત પરથી યોગ્યપાઠ લઇ ઉપરનું લખેલ છે).

૨૧ વસ્તિગ (વસ્તો) (સં. ૧૪૬૨ પહેલાં)

(૨૯) ચિહુંગતિ ચોપઈ*

આદિ—

સેત્તુંજ વંદિઅ તીરથરાઉ, ગોયમ (ગુરૂયા) ગુણહર કરઉ પસાઉ,
વાગવાણિ હઉં સમરઉં દેવિ ચિહું ગતિગમણુ કહૂ સંખેવિ. ૧
ચિહુંગતિ માંહિ કાંઈ નચ્છી સાર, દીસઈ દુખ તણુ ભંડાર, ૨
ચિહુંગતિ તણું તીહાં નહીં કોઇ ગંમુ જિહિ ચિત્તિ એક વસઈ જિણ ધમ્મુ.

× × ×

અંતે—

મૂરખમાહિ મૂ પહિલી લીહ, જિણ ધર્મમાહિ વસઉ સવિ દીહ,
કાલઉં ગહિલઉં બોલિ ઠાઉં, તેઉ પુણુ સહગુરૂ તણઉ પસાઉ. પુ.
રામતિની છઈ મૂ ઘણી ટેવ, ગુરૂયા સંઘની નિતુ કરૂ સેવ,
અજ્ઞાન પણઇ આસાતન થાઈ, વસ્તિગ લાગઈ શ્રીસંઘ પાય. ૯૪
(મ. બ.)

\+ રાત્રિભોજન સ. ૫૫ સ. મા. બી.
\+ રહનેમી રાજીમતિ સ. સ. મા. સી.

---

* પ્રસિદ્ધ જૈન કવિઓમાં આ કવિની ગણના થાય છે. આ ચિહું-ગતિ (ચાર ગતિ–મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ) એ સંબંધીની ૯૪ ટુંકની ચોપઇમાં અનેક–પ્રકારની યોનિમાં ભટકતા જીવને કેવાં કેવાં ભયંકર દુઃખ ભોગવવાં પડે છે, તેનું વર્ણન કરીને કવિ કહે છે કે જીવને અરિહંત દેવ અને સાધુ ગુરૂ એ મોટા પુણ્યને બળે પ્રાપ્ત થાય છે. માટે દૃઢ ચિત્તે જિન-ધર્મ પાળી પાંચમી ગતિ (મોક્ષ) ને પામવી. (મ. બ.) સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે પાટણના ભંડારોમાંના સાહિત્ય ના લેખમાં આ ગ્રંથની પ્રતીક લખ્યા સં. ૧૪૬૨ માંથી આદિ ને અંત આપેલ છે તેથી કર્તા તેની પહેલાંનો છે. તેમના કથન પ્રમાણે એક બીજા પ્રતમાં મગલાચરણથી આદિ આમ મુકી છેઃ–' શેત્રુંજ વંદિય તીરથરાઉ, પ્રભરત્ના ગુરૂ કરૂં પસાઉ '–આ પરથી કર્તાના ગુરૂનું નામ પ્રસરત્ન અથવા રત્નપ્રભ હશે.

૨૨ જયશેખર સૂરિ*.

(૩૦) +ત્રિભુવનદીપક પ્રબંધ અથવા પરમહંસ પ્રબંધ.

રાગ ધન્યાસી.

આદિ—

પહિલું પરમેસર નમી, અવિગતુ અવિચલ ચિત્તિ;
સમરિસુ સમરસિ ઝીલતી, હંસાસણિ સરસત્તિ. ૧
માનસ સરિ જાં નિમ્મલઇ, કરઇ કતૂહલુ હંસુ;
તાં સરસતિ રંગિ રહઈ, જોઈ જાણઈ હંસુ. ૨
પાણિ પાહણિ સામિણી, મન સરસતિ સંભારિ:
દીસઈ દૂસણ દૂઅંગમી, ભીડે ભૂઅણુ દૂઆરિ. ૩

*   *   *   *

* મેરૂતુંગસૂરિ-જન્મ ૧૪૦૩, દીક્ષા ૧૪૧૮, આચાર્ય પદ ૧૪૨૯, ગચ્છ નાયકપદ ૧૪૪૬, સ્વર્ગ ૧૪૭૧. તેમના સમયમાં આ જયશેખર સૂરિ થયા. બંને મહેંદ્રપ્રભ સૂરિના શિષ્ય હતા. અંચલ ગચ્છ સ્થાપક આર્યરક્ષિત સૂરિ-તેના જયસિંહ સૂરિ-ધર્મઘોષ સૂરિ-મહેંદ્રસિંહ સૂરિ-સિંહપ્રભ સૂરિ-અજિતસિંહ સૂરિ-દેવેંદ્રસિંહ સૂરિ-ધર્મપ્રભ સૂરિ-સિંહતિલક સૂરિ અને તેના મહેંદ્રપ્રભ સૂરિ. જયશેખર સૂરિએ સં. ૧૪૩૬ માં નૃસમુદ્ર નગરમાં ઉપદેશ ચિંતામણિ-૧૨૦૦૦ શ્લોકનો ગ્રંથ, સં. ૧૪૬૨ માં ખંભાતમાં પ્રબોધ ચિન્તામણિ (કે જેનો ભાવાનુવાદ આ ગૂજરાતી પ્રબંધ છે), તથા ધમ્મિલ મહાચરિત મહાકાવ્ય ગૂજરાતમાંજ પૂર્ણ કરેલ છે. તેમજ ત્યાર પછી જૈન કુમારસંભવ રચેલ છે તેમાં પોતાને 'વાણીદત્તવરઃ' ઓળખાવે છે. આ ઉપરાંત નાના ગ્રંથ નામે શત્રુંજય, ગિરનાર, મહાવીરજિન એ ત્રણ પર સં. બત્રીશ શ્લોકની દ્વાત્રિંશિકા, આત્મબોધ કુલક (પ્રાકૃત), ધર્મસર્વસ્વ (ઉદ્ધૃત), રચેલ છે, અને પોતાના ઉક્ત ઉપદેશ ચિંતામણિ પર અવચૂરિ અને ઉપદેશમાલા તથા પુષ્પમાલાપર અવચૂરિ (નાની ટીકા), ક્રિયાગુપ્ત-સ્તોત્ર રચેલ છે. વિશેષ માટે જુઓ સાક્ષર શ્રી લાલચંદ પંડિતની આ પ્રબંધપરની પ્રસ્તાવના. આ પ્રબંધની પ્રાચીન શુદ્ધ ગૂજરાતી ભાષા જોતાં તે ૧૫ મા સૈકામાં થયેલ માનવામાં આવતા નરસિંહ મહેતા, ભાલણ મીરાંબાઇ, આદિની

અંતે-કલ્પ કામધેનુ એ હોઈ, એ ચિંતામણિ અવર ન કોઇ,
એહ જિ શિવપુરીનઉ પંથ, જીવન એહ જિ સવિ હું ગ્રંથિ,
મૂલિ મંત્ર મણિ એ મનિં માનિ, તપ જપનઉ ફલ એહજ ધ્યાનિ
ઇણિ સવિસંપદ આવઈ પૂરિ, ઇમ બોલઈ જયશેહર સૂરિ. ૪૪૭
ત્રિભુવનદીપક એહ પ્રબંધ, પાપ તણઉ સાંસઈ નઇ ગંધ,
—(પા૦ પાપ તણઉ ન સુહાઈ ગંધ)
જાં ગયણાંગણિ ધ્રુ થિર થાઈ, જાં મહિંયલિ દિણયર શશિરાઉ. ૪૪૮
—ઈતિશ્રી ત્રિભુવન દીપક પ્રબંધ સમાપ્તમિતિ.
શ્રી જયશેખર સૂરિ કૃત શ્રી અંચલ ગચ્છે.
—પ્ર૦ કા૦, અમ૦,

—સં. ૧૬૨૨ વર્ષે આષાઢ માસે બહુ પખે એકાદસી ૧૧ ગુરૂ-વાસરે-શુભ નક્ષત્ર લગ્ને. પુસ્તકં લિખિતં ચ ભટ્ટારક શ્રી પુન્યપ્રભ સૂરિસ્વરાણાં શિષ્ય ભટ્ટારક શ્રી જયસિંહસૂરિણા લેખયાંચકે. ૨૮. (મો. સેં, લા,); ૪૦-૮ (વિજય ધર્મસૂ૦)

પ્રકટકર્ત્તા—અ. ભ. ગાંધી. સંપાદક પંડિત લાલચંદ્ર ભગવાનદાસ.
વિ. સં. ૧૯૭૭.

---

૨૩ હીરાનંદ સૂરિ (પીંપલ ગચ્છ વીરદેવ સૂરિ-વીરપ્રભ સૂરિ શિ૦).

(૩૧) વિદ્યાવિલાસ પવાડો. સં. ૧૪૮૫

આદિ—

પહિલું પણમીય પઢમ જિણેસર, સિત્તુંજય અવતર

ગૂજરાતી ભાષા-અર્વાચીન જણાઇ આવે છે. આમાં જૂની ગૂજરાતી છે અને અનેક છંદો જેવા કે દૂહા, ધ્રૂપદ, એકતાલી, ચોપઇ, વસ્તુ, સરસ્વતી ધઉલ, છપય, ગૂજરી વગેરે છે. આ પરથી જેમ પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને જણાયું કે 'ગૂજરાતી ભાષાને પ્રથમ ગૂજરાતીનું રૂપ આપનાર જૈનોજ હોય એમ માનવાને બહુ કારણો છે.' તેમ સ્પષ્ટ સમજાય તેવું છે.

હથિણાઉરિ શ્રીં શાંતિ જિણેસર ઊજ્જતિ નિમિકુમાર.
જીરાઊલિ પુરિ પાસજિણેસર, સાચઉરે વર્દ્ધમાન,
કાસમીર પુરિ સરસતિ સામિણિ, દિઉ મુઝનઈં વરદાન. ૧
પિંપલિ ગછિહિં ગિરૂઆ ગણહર સિરિ વીરપ્પહસૂરિ,
નામઈં લીધઈં જાસુ તણે સવિ પાપ પણાસઈં દૂરિ.
તાસુ તણઈં પય પણમી બોલિસુ વિદ્યાવિલાસ ચરીઅ,
ભણઇ હીરાણંદ ભવિયાં નિસુણઉં, હઇઅડઈં હરષ ધરીય. ૨
વિદ્યાવિલાસ નરિંદ પવાડા હઇડા ભિંતર જાણી,
અંતરાઇ વિણુ પુણ્ય કરઉ તુમ્હિ ભાવ ઘણેરા આણી.

× × ×

અંતે—

પીંપલિ ગચ્છિ ગુરૂઈ ગુણનિલઉએ
વીરદેવ સૂરિહિં પાટિએ અચલ વધામણુએ, ૬૫
વીરપ્રભસૂરિ ગુરૂ ગહગહીએ, પાટિ હીરાણંદ સૂરિ. અચ૦
સંવત ૧૪ પચ્યાસીહ એ વિરચીઉ ચરિઅ રસાલ-અ૦

—કુલ ૧૭૦. પદ્ય. સાગરભંડાર પાટણ. પ્રત. લખ્યા સં. ૧૫૩૨ ની, ચં૦. જેસ;૦

—સં. ૧૫૬૫ શક ૧૪૩૦ ભાદ્રપદ [illegible] સુદિ સપ્તમી ગુરૂ શ્રી મંડપ ગઢ મહાદુર્ગ પાતિસાહ શ્રી નસીરસાહ [illegible] વિજયે રાજ્યે શ્રી મલધાર ગચ્છે શ્રી લક્ષ્મીસાગર સૂરિ શિ. નીતિ[illegible]ધાન શિ૦ હીરાણંદ લિ૦ ૧૪-૧૧ નં. ૧૭૧ ૧૮૮૧-૮૨. ડે. [illegible]

(૩૨) દશાર્ણભદ્ર રાસ.

આદિ—

[illegible]ર જિણેસર પય નમીએ,
સમરીય સમરીય સરસતિ દેવિ કિ,
દસનભદ્દ ગુણ ગાઇસિઉં એ,

હીયડલઇ હીયડલઈ હરપ ધરેવિ કિ—
વીર જિણેસર પય નમીએ. ૧

*   *   *   *

અંતે—

ઇણિ પિરિ જિણવર ગુણ થુણએ નાસઈ કશ્મલ દૂરિ કિ,
બોલઇ બોલઈ હીરાણંદ સૂરિ કિ,
ઇણિપરિ જિણવર જિણવર વાંદતાં એ. ૩૧
૩–૧૧ વિ. ધ.

(૩૩) **જંબૂ સ્વામીનો વિવાહલો** સં. ૧૪૯૫.

(૩૪) કલિકાળ.

---

૨૪ દયાસાગર સૂરિ.

(૩૫) **ધર્મદત્ત ચરિત્ર.** સં. ૧૪૮૬ —મિશ્ર.

---

૨૫ જયસાગર.

(૩૬) **વયર સ્વામિગુરૂ રાસ** સં. ૧૪૮૯ જૂનાગઢ.

અંત--

જૂનઇગઢિ શ્રી **નેમિ** પસાઇં,
શ્રી જયસાગર વર કાય ઉવઝાઇં;
ચઉદ નિવ્યાસી વછર હો. ૫૪
ઇમિ ગણહર સુવિહાણુ થુણીજઇ,
ઉછવ મંગલ રાસ રમીજઇ;
શ્રેય શાંતિ સંપત્તિ કરો. ૫૫
પ્ર. કા.

(૩૭) **કલ્યાણમંદિર ભાષા** (ચો.) વિધા.

---

૨૬ મેઘા (મેહા).

(૩૮) શ્રી તીર્થમાળા સ્તવન.

અંતે—

એકસઉ તીરથ વીસોત્તર નાંમ, ઇણિ ભણિ હુઈ સવિહું પ્રણામ,
શ્રાવક મુગતિથિ કુલચ્ચ જયા, એહ તવન ભણિયો હો ભયા. ૫૧
મેહઉ કહઇ મુગતિનું ઠામ, સદા લિઉં તીર્થંકર નાંમ,
તીરથમાળા ભણઉ સાંભલઉ, જાઇ પાપ ઘટ હુઈ નિરમલુ, ૫૨
ઇતિ શ્રી તીર્થમાળા સ્તવન સમાપ્ત મિત્તિ.
શ્રાવિકા શ્રી મેલી વાંચનાર્થે. (પ્ર. કા.)

(૩૯) રાણકપુર સ્તવન ૧૪૯૯ કાર્તિક.

આદિ—

વીર જિણેસર ચલણે લાગી, સરસતી કન્હઈ સુમતિ મઇ માગી,
વૃદ્ધિ હોઈ જિમ આથી. ૧

× × ×

અંત—

ભક્તિ કરી સાહમ્મી તણી, એવં દરિસણ દાન,
ચિહુ દિસિ કીરતી વિસ્તરી એ, એ ધન ધરણ પ્રધાન,
સંવત ચઉદ નવાણુવઈ એ ધુરિ કાતી માસે,
મેહઉ કહઇ મઈં તવન કીયઉં મનરંગ ઉલાસે. ૪૪
૫-૧૦ નાના પાનાંની જૂની પ્રત માંગરોલ.

---

૨૭ દેવરત્ન સૂરિ શિષ્ય.

(૪૦) દેવરત્ન સૂરિ ફાગ. સં. ૧૪૯૯

આદિ—

પહેલાં સંસ્કૃત મંગલાચરણનાં શ્લોક છે. પછી

રાસ.

ત્રિભુવન ગગન વિભાસન દિણયર, નયર જીરાઉલિ વાસરે,
નમિય નિરંજન ભવભય ભંજન, સજ્જન રંજન પાસરે,
કવિજન માનસ સરવરહ સીય, સરિસીઅ અવિચલ ભત્તિરે;
ધ્યાઇસુ ભાવિઇં દેવી સારદ, શારદ શશિકરકંતિરે.

*   *   *   *

અંતે—

સંવત ચઉદ નવાણું વરિસઈ, રતુ વસંત જન મહનઇ
    દિવસિઇં, મનેરંગિ હિ સુવિશાલ,
ફાગબંધી એ ગુરૂ વિનતી ભાવ ભગતિ
    બોલિમ સંજુતી, કીધી રસ ચઉસાલ. ૬૪
ગણુહર શ્રી દેવરત્ન સૂરિસર, ઇમિ વીનત્તિ કરી
    જે નરવર, વંદઇ ભગતિહિં સાર,
તિહ ઘરિ વિલસઈ નવનિધિ અહનિશિ, સવિ
    સુહસંપદ નિતુ હુઈ તીહ વસિ,
    વંછિય સિદ્ધિ અપાર. ૬૫

(આ ૬૫ કુંકનું જૂદા જૂદા પ્રાચીન છંદમાં સુંદર કાવ્યના નમુનાઓ પૂરે પાડનારૂં કાવ્ય છે.)

પ્ર૦ ઐ. ગૂર્જર કાવ્ય સંચય.

---

૨૮ ગુણરત્ન સૂરિ (નાયલગચ્છીય ગુણસમુદ્ર સૂરિ—ગુણદેવ સૂરિ શિ૦)

(૪૧) ઋષભરાસ.

આદિ— પંડિત શ્રી યશોવિમલ સદ્ગુરૂભ્યો નમઃ

આદિ અક્ષર ૐકાર સિઉં, અરિહંત પણમ્યોસુ,
રાસ બંધ [1]રિસિહેસતુ, નવ નવ રસ વન્નેસુ[2]. ૧

---

૧ ઋષભેશ—આદિનાથને ૨ વર્ણવીશ.

અગ્ગઈ કવિઅણુ કવિઅ રસ, કવિઉ કોડા કોડિ,
નીય મનિ માનિ ક્વંતડાં, કવિય મ દેજ્યે ખોડિ. ૨
નાયલ ગછિ ગુણદેવ ગુરૂ, પામી સુગુરૂ પસાઉ,
ગુણરયણુ સૂરી ઇંમિ ઉચરિ, વન્નિસુ વનિતારાઉ. ૩
વંશ ઇખ્ખાગહ હૂં તવિસુ, આણી અતિ ઘણુ ભત્તિ,
ગુણતાં ગણુ ગિરૂયડિ ચડિ, સરસત્તિ આપુ મત્તિ. ૪

× × × ×

અંતે—

કઠિન કર્મ ક્રિયા વેલી દાધ, પુરિમતાલ પૂરિ કેવલ લાધ,
ન્યાન મહોચ્છવ સુરપતિ કરિ, જય જય શબ્દ ત્રિભુવન ઉચરિ. ૧૪૨
કેવલદીપક ત્રિભુવનભાંણુ, સમોસરણમાંહિ કરિ વખાંણ,
ગુણરત્નસૂરી સ્વામી જયવંત, પ્રથમ પ્રબંધ ઋષભ જયવંત. ૧૪૩

—ઇતિ ઋષભચરિત્રે પ્રથમ પ્રબંધ.

(૪૨) ભરત બાહુબલી પ્રબંધ.

આદિ— અડતાલ ચોપાઈ.

પઢમ જિણેસર પાય નમું નિત, સેત્રુંજ કેરો સ્વામિ,
અહનીસ આદિન નામ જપંનાં, દુરગતિ નાઁ... ...િ. ૧
પઉમાદેઇ વર દીધ અનોપમ, નાયલ ગચ્છિ ગુરૂરાય,
શ્રીગુણ સમુદ્રસૂરિ ગૂર ગિરૂઆ, મહિઅલિ ઘણુ યશવાય. ૨
તાસ પાટિ તપ તેજિં દિવાકર, સાયર જિમ ગંભીર,
શ્રી ગુણદેવ સૂરિ ગુણિપૂરિત, સમરથ સાહસ ધીર. ૩
તાસ સીસ વીરરસ જંપિ, શ્રી ગુણરયણહ સૂરિ,
રિસહેસર કુંઅર ગુંણ ગાતાં, પાપ પલાઈ દૂરિ. ૪
આદિ કૂંઅરિ કરૂં વીનતી, બ્રાહ્મી અમ વર દીજિ;
ભરથ બાહુબલિ તણો પવાડો, તુઝ પસાયિં કીજિ. ૫

× × × ×

અંતે—

સતી ભણઈ સુંણિ સાચું વીરા, ગયવર માંન કહિજિ,
એહ થકા ઉતરો અતુલીબળ, જિમ સવિ કર્મ દહિજિ. ૩૯૩
બિહિનિ તણુઉ પ્રતિબોધ સુણીનઈ, હિઇ ઉપસમ વસિઉં.
તાત જુહારૂં બંધવ વાંદૂં, બાહુ એ દૂંય વસાંસિઉ. ૩૯૪
માન તજ્યૂં તવ જ્ઞાન ઉપનું, અમરે કીઉ ઉચ્છાહ;
સમોસરણિ કેવલની પાંતિ, બિઠો **બા**હુલી નાહ. ૩૯૫
નાભિ મરૂદેવ્યા ઋષભ જિણેસર, **સુ**નંદા **સુ**મંગલા રાણી;
ભરથ બાહુબલિ **બં**ભી સુંદરિ, સતી શિરોમણિ જાણી. ૩૯૬
એ જપંતાં અંગિ પાપ ન લાગિ, અવિહડ સુખ અનંત,
શ્રી ગુણરત્ન સૂરી ઈંમ બોલિ, શ્રી **આ**દિનાથ જયવંત. ૩૯૭

—ઈતિશ્રી ભરથ બાહુલી સંબંધે દ્વિતીયો પ્રપંધ સંપૂર્ણો યં રાસઃ લિખિતં વિદ્યાવિમલેન સં. ૧૭૦૩ કાર્તિક શુદિ ૧૦ શનૌ.

(દે૦ લા૦ કમળ વિજય મુનિ પાસેથી) રત્ન૦ દે૦

કર્તાનો સમય જાણવા માટે વિચાર કરતાં જણાય છે કે તે સંવત પંદરમા સૈકાના અંતમાં વિદ્યમાન હતા, તેના કારણમાંઃ—

(૧) તેમના ગુરૂના શિ.–ગુરૂભાઈ જ્ઞાનસાગરની કૃતિઓ ૧૫૩૧ માં જોવામાં આવે છે. તે માટે જુઓ જ્ઞાનસાગર પહેલા

(૨) તેમના ગુરૂ ગુણસમુદ્ર સૂરિએ અનેક બિંબનીપ્રતિષ્ઠા કરાવી છેઃ– ઉપલીપાસર ગ્રામમાં સં. ૧૪૯૨ માં પંચતીર્થીના બિંબની પ્રતિષ્ઠા કરાવી છે તેનો લેખ આ પ્રમાણે છેઃ—

સં. ૧૪૯૨ માં વૈશાખ શુદિ ૩ ગુરૌ શ્રી શ્રીમાલી જ્ઞાતિય રાગ્ન ભાર્યા જસમાદે સુત માહિરાજે નિજપિતૃ–માતૃ શ્રેયસે શ્રી સુવિધિનાથ પંચતીર્થિબિંબ કારિતં પ્રતિષ્ઠિતં નાગેન્દ્ર ગચ્છે શ્રી ગુણસાગર સૂરિ તત્પટ્ટે ગુણસમુદ્ર સૂરિભિઃ–ઉપલી પાસર ગ્રામેઃ—જુઓ જૈન પ્રતિમા લેખ સંગ્રહ ડભોઈના લેખ અંક ૫.

બીજો લેખ સં. ૧૫૧૨ નો છે તે આ પ્રમાણે;—

સં ૧૫૧૨ વર્ષે ફાગણ શુદિ ૮ શુક્રે શ્રીમાલ-જ્ઞાતીય શ્રે. માઇઆ ભા૦ માણિકદે સુ. સાતિગકેન પિતૃમાતૃ શ્રેયોર્થં આત્મશ્રેયસે શ્રી કુંથુ-નાથબિંબં કા૦ પ્રતિ૦ શ્રી નાગેન્દ્રગચ્છે ભ૦ શ્રી ગુણસમુદ્ર સૂરિભિઃ ॥ (પંચતીર્થી)-ઉપર મુજબ અંક ૭૪૮.

આને ગુણસમુદ્રના ગુરૂ ગુણસાગરે સ. ૧૪૮૫ માં પ્રતિષ્ઠા કરાવી છે. સં. ૧૪૮૫ વર્ષે વૈશાખ શુ. ૬. રવૌ શ્રી ઓસ વાલ જ્ઞા૦ ॥......સુત સુડાકેન શ્રી વાસુપૂજ્યબિંબં કા૦ પ્ર૦ શ્રી નાગેન્દ્ર ગચ્છે શ્રી ગુણસાગર સૂરિભિઃ સર્વ દોષ હરણ નિમિત્તં ॥ છ ॥-અંક ૬૧૦.

---

૨૯ સોમસુંદર સૂરિ* (તપા ગચ્છના ૫૦ મા પટ્ટધર)

(૪૩) આરાધના રાસ.

(૪૪) + નેમિનાથ નવરસ ફાગ. (ગુજરાતી-પ્રાકૃત-સંસ્કૃત મિશ્ર.)

આદિ—

આમાં પહેલાં મંગલાચરણનાં બે સંસ્કૃત શ્લોક છે. પછી

રાસક

સમર વિસારદ સકલ વિસારદ સારદ યા પર દેવીરે
ગાઇસુ નેમિ જિણિંદ નિરંજન રંજન જગહ નમેવીરે. ૩

---

* જન્મ સં. ૧૪૩૦, દીક્ષા ૧૪૩૭, વાચક પદ ૧૪૫૦, સૂરિ પદ ૧૪૫૭, સ્વર્ગ ૧૪૯૯ આ પ્રતિષ્ઠિત સૂરિનું ચરિત્ર 'સોમ સૌભાગ્ય કાવ્ય' માં ગૂંથેલું છે. તેમણે સંસ્કૃતમાં ભાષ્યત્રયચૂર્ણિ, કલ્યાણકસ્તવ, રત્નકોશ, નવસ્તવી વગેરે કૃતિઓ કરી છે અને ગુજરાતીમાં તેમણે ગદ્યમાં ઉપદેશમાલા બાલાવબોધ (૧૪૮૫), યોગશાસ્ત્રપર (સં.) ષડાવશ્યક પર (સં.) આરાધના પતાકા પર (સં.) નવતત્ત્વપર (સં.) ષષ્ઠીશતકપર [સં. ૧૪૯૬] વગેરે બાલાવબોધ કર્યાં છે, તેમના શિષ્ય મુનિસુંદર સૂરિએ યોગશાસ્ત્ર-ચતુર્થ પ્રકાશનો બાલાવબોધ રચ્યો છે.

રવિતલિ વરતઇ સોરીઅ પુરવર અવય નયર સિંગારરે
સમુદ્રવિજય તિહાં રાજ કરતિ પતિ રનિપતિનઉ અવતારરે. ૪

× × ×

આમાં ત્રણ ખંડ છે. ત્રીજા ખંડની

અંતે— આંદોલ

પ્રથમ અશોક વિશાલ ફુલ પગર સુકુમાલ, નાદ મનોહરૂ ચંચલ ચામરૂ એ,
હેમસિંહાસણુ કંત ભામંડલ ઝલકંત, દુંદુભિ અંબરિઓ ત્રિણિ છત્ર
ઉપરીએ. ૩૩

ઇમ પ્રતિહારજ આઠ, કરઇ જિનો નગુઆઠ, રચ્યઇ પુરંદરઓ ભરિ ભગતિ ધરૂએ,
પાલીઇ જિનવર પાસિ, સંયમ મન ઉલ્લાસિં, સિવપુરિ પુહતી એ
રાજમતી એ સતીએ. ૩૪

ફાગ

ધવલ આસાહની આઠમી નાહ ભલા મેવ નારી
નેમિ જિણેસર સિવપુરિ બપુરિ ગયુ ગિરિનારિ. ૩૬

પછી સંસ્કૃતમાં બે શ્લોક છે, તેમાંના છેલ્લા શ્લોકની અંદર કર્તાએ પોતાનું નામ 'ભૂગાદુજ્જ્વલ સોમસુંદરયશાં શ્રી સંઘભદ્રંકરં' એમાં બતાવ્યું છે.

—ઇતિશ્રી નેમિનાથસ્ય નવરસા વિવન ભવિકજનરંજનં ફાગં સમાપ્ત મિતિ.

પત્ર ૪-૧૫ મોરબી. પ્ર૦જુલાઈ–અગસ્ટ ૧૯૧૭માં જૈન કૉન્ફરન્સ હેરેલ્ડ તથા મુનિ ધર્મવિજય તરફથી શમામૃત અને આ સાથે છપાયેલ છે.

[ધનદેવગણીએ સુરંગાભિધાન નેમિફાગ સં. ૧૫૦૨ માં રચેલ છે.]

૩૦ ભાવસુંદર (ત૦ સોમસુંદર સૂરિશિ૦)

(૪૫) મહાવીર સ્તવન—પાન વિહાર મંડન સ્ત૦ ઉજ્જનમાંના.

આદિ—

પણમવિ સરસય માય પાય, નિતુ બે કરજોડિય,

× × × ૧-૨

શ્રી સોમસુંદર સૂરિ રાઓ નિતુ સમરવિ નામ,
જંગમ તીરથ સકલ મણિ બિય બોહસ ડાણું;
પંચ મહાવય ધરણધાર ધુરિ પંચાચારો,
પંચેંદ્રિય વસિકરણ મયણ જીતઉ સપરિવારો. ૩
મોહરાઓ જિણિ નિરદલિઓ, જીતા ચ્યારિ કષાય,
સા ગિરૂયા ગુણ સમરતાં, નિરમાલડીએ
દૂરમનિ દૂર પલાઈ. ૪

× × × ×

અંતે—

ઉલટ રસ એક મનિ, એક ચિત્તિ કરિ ભાવસુંદર,
જિમ નાસઈ અસુહ સિવિ સંપયંતિ સુખહ પરંપરિ,
પરતિ પરંપદ પામિએ ઇહરતિ નવઈ નિહાણ;
પ્રાણિ કુલિ જગિઅ જાઉકર જિણવર જગ જિમ ભાણ;
જાં મેરૂ ગિરિ જલલહરિ સાગર સકલ તારા મંડણં;
સસિ ભાણ ચંદ્ર અચલ નાખિત્ર અમર પરિ જાં મહિયલં,
તાં નિતુ નવા પરિ નિતુ ચડાવઇ અધિક યાન વિહારયં;
શ્રીસંઘ સહિતુ ભણિ તવનઉ, સ જયતિ શ્રી વીર જિણિંદએ,

---

૩૧ સાધુકીર્ત્તિ (વડતપગછ–જિનદત્ત સૂરિ શિ૦)

(૪૬) મત્સ્યોદર કુમાર રાસ.

આદિ.

અંતે—

વડતપ ગચ્છ શ્રી જિનદત્તસૂરિ, તાસ સીસ જંપઇ ગુણભૂરિ,
સાધુકીર્ત્તિ ગણિ રચીઉ રાસ, ભણઇ ગુણઇ તસ પૂગઈ આસ. ૧૫૭
—ગણિ લક્ષ્મિ વિજયેન લિપિકૃતં ગણિ જયવિજય પઠનકૃતે.

૯-૬૧ (વિ. ધ,)

(આ રાસમાં થોડા વસ્તુ છંદ અને મુખ્ય ભાગે ચોપઇ છંદ છે. એક વિવાહછે કે જેમાં ચોપાઇને દરેક પાદને અંતે એ લગાડયો છે
(૪૭) વિક્રમચરિત્ર કુમાર રાસ સં. ૧૪૯૯ લખ્યાસાલ ૧૬૯૯

---

૩૨ માણિકય સુંદર (મેરૂતુંગ શિ૦) ૧૪૭૦ આસપાસ)

(૪૭) ચંદ્રધવલ ધર્મદત્ત કથા.

---

૩૩ તેજવર્દ્ધન (૧૫ સૈ.)

(૪૮) ભરત બાહુબલી રાસ.

---

(૩૪) સર્વાનંદસૂરિ (૧૫ મા સૈકામાં થયા સંભવે છે.)

(૪૯) મંગલકલસ ચોપાઈ. (પ્રાચીન છે)

આદિ— મંગલાચરણ.

સયલ મંગલ સયલ મંગલમૂલુ મુણિનાહ
આબુગિરિ આદિજિણ પાય પઉમ પણમેવિ ભાવિણ
કુછોલી મુખમંડણ પાસનાહુ ઉરવરિ ધરેવિણ.
વાગ્રવાણિ સુભ વયણલે અવતરી અક્ષરમાલ,
મંગલકલસ ચરિત હિત ભણસિઉ રલિઅ રસાલ. ૧

દૂહા—રલિઅ રસાલ નિસુણતાં મંગલકલસ ચરિત્ત,
ભવિઆં ભાવિઈ સંભલુ કરીઉ સુનિચલ ચિત્ત. ૨
નિશ્ચલચિત્ત પસાઉલઈ વિઘન વિલીજઈ દૂરિ,
સુલલિત વાણી ઈમિ ભણઈ શ્રી સર્વાનંદસૂરિ. ૩

—પા. ભ.

આ રાસના કર્તા સર્વાનન્દસૂરિ કિયા ગચ્છના હતા અને તેમણે આ રાસ ક્યારે રચ્યો તે જણાતું નથી. એક સર્વાનન્દસૂરિએ સં. ૧૩૦૨ માં ચંદ્રપ્રભ ચરિત્ર રચેલું છે. આ ચોપાઇમાં વસંત સામેરી દ્રુપદ

વગેરે રાગો વાપરેલા છે. ચી. ડા.—બીજા સર્વાનન્દસૂરિએ જગડુચ રચ્યું છે. આ કૃતિ પ્રાચીન છે ને તે ૧૫ મા સૈકાથી અર્વાચીન નથી એમ જણાય છે તેથી અત્યારે તો તે સૈકામાં મૂકી છે.

૩૫ મંડલિક.

(૫૦) પેથડરાસ

આદિ—

> સિણુસણિ વીનવઉં દેવિ સામિણિ વાગેસરિ
> સંગમણિ આકાશગમણિ તિહુઅણિ પરમેસરિ
> વીર જિણિંદ હ નમીય ચલણુ ચંદ્રિણુ શ્રી સંસિદિ
> કાડ જસણ જણાવિરાજ સમરીય મનરંગિહિ.
> કોટીય નયર નિવાસણીય વંદઉ અંબિકદેવિ,
> શાસનદેવીત મન ધરીય ગુરુચલણુ નમેવિ.
> રાસ રમેવઉ જિણભવણિ તાલમેલ દુલિ પાઉ
> સંઘ તણાય રેપીઉ એ રાસ ગિરિવિમગિરિ ભેવિ.
>
> × × × ×

અંતે—

> સોમનાથ ચંદપહ વંદીય દેપાઉ વલીઉ જાંમ
> હિઉ પીયાણું હિવ મન રલિઅઉ, માંડલિક ભણઈ ઈમ.
> તહિ નાચિન.
> હિઉ પીયાણું વેગિ તહિં હરીયાલા સૂડા રે
> સરવાહે સંપત્ત મનીલા સૂડા રે.
>
> —પ્રાગ્વાટ વંશ મૌક્તિક વ્ય૦ પેથડ રાસ સમાપ્ત
>
> (પ્ર. કા; પાટણ.)

[વિક્રમના ૧૩ મા શતકમાં થયેલા પોરવાડ વંશના પેથડશાહનાં સુકૃતો આ રાસમાં સંક્ષેપમાં વર્ણવેલા છે. રાસ ૧૫ મા શતકના આદિમાં રચાએલો લાગે છે. પેથડના વિશેષ વર્ણન માટે સુકૃતસાગર કાવ્ય જુઓ. ચિ. ડા.]

વિક્રમ સોળમી સદી.

૩૬ દેપાલ.× ભોજક સં. ૧૫૦૦ થી ૧૫૨૨ સુધીમાં વિદ્યમાન કવિ.

(૫૧) જાવડભાવડ રાસ–પા. ૪

(૫૨) રોહિણીયા ચોરનો રાસ.

(૫૩) આર્દ્રકુમારનું સૂડ.

(દેપાલ ભણિ સાંઝ ગઈલા સુગતિ આપુણી ધ્યાનથી
સકતિ સયલ સંઘ પ્રસન.) પ્ર. કા.

× પ્રસિદ્ધ નામી કવિ હતો. તેનું ટૂંકું નામ દેપો હતું. શ્રી ઋષભદાસ કે જે ત્યાર પછી સત્તરમા સૈકામાં જૈનેતર કવિ પ્રેમાનંદને પણ ટક્કર મારે તેવો વણિક શ્રાવક કવિ થયો છે તેણે સંવત ૧૬૭૦ માં રચેલા પોતાના કુમારપાળ રાસમાં ઉલ્લેખ કરી તેના વખાણ કર્યાં છે કેઃ—

આગિં જે મોટા કવિરાય, તાસ ભાગ્ય ચરણરજ ઋષભરાય,
લાવણ્ય, લીંબો, ખીમો ખરો, સકલ કવિની કીરતિ કરો.
હંસરાજ વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુ સગરો સુરચંદ, શીતલ વચન જિમ સારદચંદ'

વધુ હકીકત માટે કોચર વ્યવહારી રાસ જુઓ, તેમાં જણાવેલું છે કે દિલ્લીના પ્રસિદ્ધ દેસલહરા શાહ સમરો અને સારંગ એમનો તો આશ્રિત હતો.

યાચક તેહના ઘર તણુ સેવક નર વાચાલ,
જાણીતઉ જિનશાસની કહીઈ કવિ દેપાલ.

આમાં યાચક એ વિશેષણ તેમજ બીજે સ્થલે તેજ રાસમાં 'લેયોરે ઠાકુર તુમ જે ભાવઈ' એમ ઠાકુર શબ્દથી સંબોધન સૂચવે છે કે કવિ ભોજક હતો. (વિજયધર્મસૂરિ કૃત ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૧લો) આના એક કાવ્યની પ્રતિ સં. ૧૫૦૫માં લખાયેલી છે. દેપાલ ગુજરાતમાં ફર્યો હતો અને ગુજરાતમાં રહીને તેણે ઘણાં કાવ્ય રચ્યાં હતાં. એની જે કવિતાઓ મળી છે તે તે કવિતા બીજા ગુજરાતી જૈન કવિઓના જેવીજ ભાષામાં છે. દિલ્લીની ભાષાની કશી અસર તેમાં જણાતી નથી. (મ. બ.)

(૫૪) વજ્રસ્વામી ચોપાઈ સં. ૧૫૨૨
(૫૫) ચંદનબાલા ચરિત્ર ચોપાઈ—
આદિ— વસ્તુછંદ.

વીરજિણવર પાય પણમેવિ પણમિય પરમેસરીય
હરખિ હીઆ સુધિ હંસગામિણિય
તિહૂયણ જિણ આણંદણી, વાગવાણિ સરસતિ સામણિ.
ચંદણબાલા ચરિત ગુણ, બુદ્ધિ માણ સુવિસાલ,
સંઘતણઈ સુપસાઉલિઇ, કહિઈ સુકવિ **દેપાલ.**

—પ્ર. કા.

(૫૬) હરિયાળી.

(એ હરિયાળી જે નર જાણે, **મુર્ખ કવી દેપાલ વખાણે.**)

(૫૭) સ્થૂલિભદ્રની કક્કાવાળી—

એ ભલે ભલેરી અખિરહ બાવનહ ધરિ એહિ,
આગલિ મીંડઈ દસગણુઇ અંકતણી પરિ એહ.
ગણ ગરૂઆ દોઈ લીહડી ગણપસ્તાર વિશાલ,
થૂલભદ્ર મુનિવર ચરીય, કહિસઈ કવિ દેપાલ.
કમણ વયણ નરવર રયણ રૂપિ મયણ અ.

(૫૮) સ્થૂલભદ્ર ફાગ.
આદિ—

પણમિય પાસ જિણિંદવય અનુ **સરસઈ** સુમરેવી,
થૂલિભદ્દ મુણિપઈ ભણિસુ, ફાગ બંધિ ગુણ કેવી. ૧
સોહગસુંદર રૂવવંતુ ગુણમણિ ભંડારો,
કંચણ જિમ ઝલકંત કંતિ સંજમ સિરિહારો.
થૂલિભદ્દ મુણિરાઉ જામ મહિયલુ બોહંતઉ,
નયરિરાય **પા**ડલિય નયરિ પહુતઉ વિહરંતઉ. ૨.

× × ×

અંતે—

નંદઉ સો સિરિ થૂલિભદ્દ જો જુગહપહાણો
મલિયઉ જિણિ જગમલ્લ, સલ્લ રઈવલ્લહ માણો,
ચૈત્રમાસિ બહુ હરિસ રંગિઈ જુ મુણિ ગાએવઉ,
ખેલહિ નિયમણિ ઊલટિ હિત સુ ફાગુ રમેવઉ. ૨૭

—૨૭ કુંકોનું સુંદર કાવ્ય છે.

(૫૯) આર્દ્રકુમાર ધવલ.

આદિ—

માઈએ નયરહં સીહદુયારિ, પાંચ કન્યા રામતિ રમઈએ,
ચિહુપણુ વરીવલા થંભ ચિયારિ, વરનવિ પામઈ પંચમીએ. ૧
વાવિ ચઉખંડીએ ચ્યારિ એ ખંભ, ચિહુ ચિહુ કુમારી ચ્યારઈ વરિયા એ,
રૂપિ નિરૂપમ જેસીય રંભ, ધણદત્ત ધૂય તેહે ખીજવીય. ૨

* * * *

ધન પ્રભાવિઈ કવિ દેપાલ, આર્દ્રકુમર વલી આવિઉ એ. ૪

ધવલ ૧

* * * *

અંતે—

અભયકુમાર તૂં મીત્રીઉએ, ન્યાયઈ એ વડબુદ્ધિ તૂં.
અમ્હ પ્રીય વાછતઇં રહાવીઉ એ, રમતલઈ બાર વરીસ તૂં.
અખઈયિ હોઈ જે વાછ તૂં, વડઉ લેસાલીઉ એ.

(૬૦) +સ્નાત્ર પૂજા.

આદિ.

પહેલાં, ત્રણ પ્રાકૃત આર્યા-ગાથા છે, પછી ઢાલ-ચાલ.

પવિત્ર ઉદક લેઇ અંગ પખાલી, વિવિધ વસ્ત્ર જાદવ ચિરમાલી,
કુસુમાંજલિ મ્હેલો આદિ જિણંદા, તોરા ચરણકમળ સેવે
ચોસઠ ઇંદા-કુસુમાં. ૧

* * * *

અંતે—

સરસ સેવંતરી માલતી માળા, ગુણ ગાવે ઈમ કવિય દેપાલા.
ઋષભ અજીત સંભવ ગુણગાઉં, અનંત ચોવીશી જિનની
ઓળગ પાઉં.

કુસુમાંજલિ મ્હેલો વીર જિણંદા, તોરા ચરણ૦

વસ્તુ.

જાઈ જુયહિં જાઈ જુઈહિં કુંદ મંદાર,
નીલુપ્પલ કમલદલ, સિંદુવાર ચંપય સમુજજવલ
પસરંતુ પરિમલ મિલિય, ગંધલુદ્ધ લુકુંત મહુયર,
ઇય કુસુમાંજલિ જિન ચલણિ, ચિંતિય પાવપણાસ,
સુકિકય તારાગણ સરિસ (પાઠાંતરે સુકિકય તારા અણુસરિસ)
ભવિયહ પૂરઉ આસ–
(પ્ર૦ વિવિધ પૂજાસંગ્રહ.

---

(૬૧) થાવચ્ચા કુમાર ભાસ.

આદિ—નયર દ્વારામતી જાણીઇ, નરવર ગોવિંદો,
કુમર થાવચ્ચઉ તિહાં વસઇ, જિસિઉ પૂનિમ ચંદો. ૧

* * * *

અંતે—

દેપઉ ભણઇથી સાધુનાં ગુણ રંગિઇ ગાઈ,
રાતિ દિવસિ સેવા કરઈ, તે સિવપુરિ જાઈ
—જિણુણી મતિ આસયા ધણી. ૧૮
— ૨ ૧૧ વિ. ધ.

(૬૨) જાંબૂસ્વામિ પંચભવવર્ણન ચોપઈ પ્રબંધ. સં. ૧૫૨૨
આદિ— આશો શુ. ૧૫ રવિ.

ગોયમ ગણહર પય નમી આરાહિસુ અરિહંત,
હૃદયકમલ અહનિસ વસઈ ભવભંજણ ભગવંત. ૧

ભવભંજણુ ભગવંતનૂં આણુ અખંડ વહેસિ,
સીલ સિરોમણિ ગુણ નિલઉ, જંબુ કુમર વણેસુ, ૨

* * * * *

અંતે—

સંવત પનર બાવીસમઇં એ વ. રચિ ઇણઇ (બાવીસ રવઉ આસોઇ)
પૂનિમઇએ,
ભણઇ ગુણઇ નરનારિ તેહ મનિ ઉપશમ રસ વસઇ એ. ૧૭૮
કાવ્ય—શ્રી જંબૂ સ્વામી રિદ્ધિ ગામી ભવહ પંચતણું ચરી,
ઉપગારકારી બુદ્ધિ સારી રચ્યઉ દેપઇં પપ કરી,
જે ભાવિ ભણસઇં અનઇં સુણિસ્યઇં રઙસ જાણી એહના,
જિણ આણ ધરસ્યિઇં ક્ષમા કરસ્યઇં કાજ સરસ્યઇં તેહના. ૧૭૯

(વિ. ધ.)—અપૂર્ણ પ્રાચીન પ્રત મારી પાસે છે.

—સં. ૧૬૯૩ વર્ષે આસો સુદિ ૭ શુક્રે લિખિતં મુની જીવા-
મુનિ મેઘાજલ પઠનાર્થ—ગુ. વિ.

---

૩૭ રત્નાકર સૂરિ.

(૬૩) + આદિનાથ જન્માભિષેક.

આદિ— વસ્તુ.

વિનીયનયરી વિનીયનયરી નાભિ નિયગેહિં
મરૂદેવિહિ ઉયરિસર, રાય હંસ સારિચ્છ સામિય,
સિરિ રિસહેસર પઢમ જિણ, પઢમ રાયવર વસહગામિય,
વસહ અલંકિય કણય તણું, જાગો જગ આધાર,
તસુ પય વંદિય તસુ તણો, કહિશું જન્મ સુવિચાર. ૧

* * * *

અંતે— વસ્તુ.

રિસહ મર્જણુ રિસહ મજ્જણુ કરિય સુરરાય,
ઉપ્પાડિય જય જય કરિય, જનની પાસિ મિલ્હેવિજના;
નંદીશ્વર અટ્ઠ દિવસ, કરિય દેવ દેવી નિયઠાણુ પત્તા,
ઇણિપરિ સયલ જિનેશ્વરહિ, કરહુ ન્હવણુ બહુભત્તિ
મુનિ રયણાયર પાવહર, જિમ તુમ દિયઇ વરમુત્તિ. ૧૨

—પ્ર૦ દેપાલની સ્નાત્ર પૂજામાં અંતર્ગત વિવિધ પુજા સંગ્રહ.

(દેપાલ કવિના સમકાલીન હોવા જોઇએ તેથી આ કવિને દેપાલ કવિ પછી મૂકેલ છે.)

---

૩૮ સંઘવિમલ (મેહા સંઘવી ?) ત૦ મુનિસુન્દર શિષ્ય.

(૬૪) સુદર્શન શ્રેષ્ઠિનો રાસ પ્રબંધ સં. ૧૫૦૧ જેઠ શુદ ૪ ગુરૂ.

આદિ—

પહિલઉં પ્રણમિસુ અનુક્રમિઇં એ, જિણવર ચઉવીસ,
પછઇ શાસનદેવતાએ, તીહ નામઉં સીસ.
સમરીઅ સામિણિ સારદા એ, સાનિધિં સંભારઉ,
આગઇં પાલઉં પ્રતિપ ન્નં એ, કવિ સિઉં એકા હરઉ. ૧
તઉં તૂઠી તતખિણિ ભણઇએ, હઉં આવિસુ અંગઇં
સેઠિ સુદસણુ તણુઉ રાસ રચિયો મન રંગઇં,
જંબૂ દીવહ ભરહ ખેત્ર વસુહાઇં વદીતી,
ચંપા નગરી ચતુરપણઇં અમરાપુરિ જીતી. ૨

× × ×

અંતે—

તીણઇં અવસરિ બ્રહ્મવ્રત લીયઇ એ મા. નર અનઇં નારીવૃંદ, સુ.
શીલ મહાતમ સાંભલો એ મા૦ વિષયઉ મૂલિય કંદ, સુ. ૪૭
તપગછિ ગુરૂ ગોયમ સમાએ, મા. શ્રી મુનિસુંદર સુરિ, સુ.
નામઇ સર્વ સિદ્ધિ સંપજે એ મા. દુરિય પણાસઇં દૂરિ, સુ. ૪૮

તાસુ તણુઈ સેવકિ રચઉં એ મા. રાસ હૃદય રડઈ રંગિ, સુ.
થાપિઉં સીલ સોહાંમાણૂ એ મા. આનંદ ઉપજઇ અંગિ. સુ. ૪૯
સંવત પનર એકાતરઈ, મા. જેઠહ ચૌથિ વિશુદ્ધિ, સુ.
પુષ્પ નક્ષત્ર ગુરૂવાર સિઉ એ, મા. ચરિત્ર એ પહુવિ પ્રસિદ્ધ સુ. ૫૦
જાં લગઇ મેરૂ મહીધરૂ મા. જાં જલ સાયર પૂર સુ.
શીલ સુદરિસન ગાઇઈ મા. જાં લગઈ સસિ નઈ સૂર, સુ. ૫૧
જે નર શીલઈ નિરમલા એ, મા. નારિ નવાહિઆ મૂલ સુ.
એ કરજોડી કવિ કહઇએ મા. હું તીહ પગની ધૂલિ સુ. ૫૨
શીલ હિ સવિ સુખ સંપજઈ એ, મા. શીલ લગઈ નવનિધિ, સુ.
શીલઈ સુર સાંનિધિ કરઈ એ મા. શીલહિં સયલ પ્રસિદ્ધિ. સુ. ૫૩
શીલહિં ઉત્સવ નિતુ નવા એ મા. શીલહિં કોડિ કલ્યાણ, સુ.
શીલ લગઈ કહીયઇ કિસો એ, મા. પાંમીઈ પંચમ ઠાણ સુ. ૫૪
શીલ પ્રબંધ જે સાંભલઇ એ માલ્હંડતડે, નરનારીય તે ધન્ન, સુ.
સુદરિસન રિષિ કેવલી એ, મા૦ ચતુર્વિધિ સંઘ પ્રસન્ન, સુણિ સુંદ૦ ૨૫૫

—વિ. ધ. ચોપડો. પા. ૨૩–૩૭)

—સં. ૧૫૭૩ માંજ લખાયેલ પ્રત ડેહલાના ભંડારમાં છે.

—કુલ પાંચ ઢાળો અને ૨૫૭ પદ્ય. સાગર ભં. પાટણ.

[આ કૃતિના કર્ત્તાનું નામ કોઈ પ્રતમાંની અશુદ્ધતાને લઇને 'મેલો સંઘવી' એવુ હોય એમ ઘડીભર લાગે છે. પણ સૂક્ષ્મતાથી વિચારતાં સંઘવિમલ એજ નામ ખરૂં જણાય છે.]

---

૩૯ ધનદેવ ગણિ.

(૬૫) સુરંગાભિધાન નેમિફાગ. સં. ૧૫૦૨.

આદિ—

પહેલાં, સંસ્કૃતમાં મંગલાચરણ શાર્દૂલ શ્લોકમાં છે પછી પ્રાકૃતમાં નીચે પ્રમાણે શાર્દૂલ છેઃ—

દેવી દેવિ નવી કવીશ્વર તણી વાણી અમીસારણી.
વિદ્યા સાયર તારણી મલ ધણી હંસાસણી સામિણી
ચંદા દીપતિ ઉપતિ સરસતિ મઇ વીનવી વીનતી,
ગોસું નેમિકુમાર કેલિની રતિ ફાગિઇં કરી રંજતી. ૨
સરસતિ મુઝ મતિ દેવીઅ દેવીઅ તું જગિ સારરે,
નીલકમલ દલ સામલ જિનવર વરણવું નેમિકુમારરે. ૩
કામિત ફલ દાતાર સાગી નેમિકુમાર
હાર મનોહર એ મુગતિ રમણિ વર એ.

× × ×

અંતે—

ગાન કિંનરું અપ્સરીય ગાયીય રાઇમઇ રંગી,
સિરિ સિરિ સંસાર નિરૂપીય હરખીય સા નિજ્જ અંગી,
સામી કેવલ કામિની, કરિ પરી શાશ્વતી નારી,
સા સારી નિજકાજ રાજકુમરી, મુગતિહિ ગઇ સા વરી
જે રૈવઇ ગિરિ રાય ઉપરિ ગાયઇ શ્રી નેમિ પાસે નાચઇ,
તે પામઇ સુખસિદ્ધિ રિદ્ધિ ત્રિ રમઇ શ્રી શાશ્વતી લીલાવઇ.
—ઇતિ શ્રી સુરંગાભિધો નેમિફાગ: સંપૂર્ણ: સંવત્
૧૫૦૨ વર્ષે કૃતો ધનદેવગણિના.

[આ સંસ્કૃત પ્રાકૃત તથા ગુજરાતી એમ ત્રણ ભાષામાં છે. પાટણ]

[સોમસુંદર સૂરિએ પણ જુદો નેમિનાથ નવરસ ફાગ એજ ત્રણ ભાષામાં રચ્યો છે. અને તેજ સમય આસપાસમાં. જુઓ પંદરમી સદીના અંતમાં સોમસુંદર સૂરિ.]

---

૪૦ સંઘકલશ ગણિ. (ત૦ રત્નશેખરસૂરિ–ઉદયનંદિશિ.)

(૬૬) સમ્યક્ત્વરાસ (અષ્ટ ભાષામાં) સં. ૧૫૦૫ માગશર તલવાડામાં

અંતે—

તપ ગચ્છિનાયક જગતિલઉ એ માલ્હંતડે;

શ્રી સોમસુંદર સૂરિ, સુણિ સુંદરે, શ્રી મુનિસુંદર સૂરિ માહંતડે,
જયવંત જયચંદ્ર સૂરિ, સુણિ સુંદરે * * ૮
શ્રી ગુરૂરાજ સિરોસિરોજ, માલ્હં. ચિહું દિસિ કરઇ વિહાર, સુણિ,
સમકિત રયણ પ્રકાસતાં, મા૦ સાસણ ભારા ભારાણ હાસ. સુ૦. ૯
એ આરહ ગુરૂ તપગચ્છ ગુરૂઓ, મા૦ રત્નશેખર સૂરિરાય સુ૦
ઉદયનંદિ ગુર વંદિઇએ, મા૦ જંગમતીરથ પ્રાય. સુ૦ ૧૦
સંવત પનર પંચાસઈ એ, મા૦ માગસિર રચિઉ રાસ સુ૦
તસવાસ પૂરિ નિપનુએ મા૦ પુણ્યરસ કલસ સંકાસ. સુ૦ ૧૧
—ઇતિ પં. સંઘકલસ ગણિ વિરચિતં સમ્યક્ત્વ રાસ સમાપ્તં.
સં. ૧૫૩૮ વર્ષે ચૈત્ર સુદિ ૧ દિને, પૂજ્ય પં. જયહેમગણિ
શિષ્ય લાવણ્યધીર ગણિના લિખિતં—સા૦ ભં. પાટણ.

---

૪૧ આનંદમુનિ.

(૬૭) + ધર્મ લક્ષ્મી મહત્તરા-ભાસ. સં. ૧૫૦૭
આદિ.

ઢાળ પ્રથમ.

સકલ સદા ફલ **વિમલ** ગિરિ, જિણ ચઉવીસ પ્રણામ,
કરિસ કવિતુ સોહામણું એ, ગચ્છ **રત્નાગર** નામ. ૧

* * * *

અંતે—

જાણતી એ ગુર ઉવયાર, શ્રી **ધર્મ**લક્ષ્મી મુહત્તરાએ,
મંડવૂ એ નગર પ્રવેસિ, **સંવત પનર સતોતરઈ એ,**
શ્રી મુહત્તરૂ એ ભાસ કરેસિ, **ઓસવંસિ આનંદમુનિ** ૫૧
શ્રી સંઘૂ એ સિઉં અનદિન, **મંડણ ભીમ** સહોદર એ,
સોની એ સોજા તન સંઘપતિ માણિક પય નમઇ એ
ધામિણિ એ દો આસીસ, શ્રી **રયણસિંહ** સૂરિ પરિવાર સહ
જીવું એ કોડી વરીસ, શ્રી **ધર્મ**લક્ષ્મી **મુહત્તરા એ.** ૫૨

દૂહઉ

શ્રી ધર્મલક્ષ્મી મુહત્તરા, અવિચલ જાં સસિભાણ,
અહનિસિ એહ ગુણ ગાઈતાં, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

—ગ્રંથાગ્ર ૭૫. પ્ર૦ જૈ. ઐ: ગૂર્જર કાવ્ય સંચય.

---

૪૨ આસાયત.

(૬૮) હંસવત્સકથા ચોપાઈ (વત્સરાજ હંસરાજ ચોપાઈ)

લ. સં. સં. ૧૫૧૩ પહેલાં.

આદિ—

અમરાવઇ સંમાણું, પ્રત્યક્ષ પ્રમાણું, અવર નયરાણું.
પુર પટ્ટણ પયહાણું, અયહાણું વીર ભાવનયા. ૧

ચઉપઈ—

શિખર બદ્ધ દસ સહસ પ્રાસાદ કનક કલસ ધન નરવઇ નાદ,
ગોદાવરીનું નિર્મ્મલ નીર, પુર પઇઠાણ વસઇ તસુ તીર.

*   *   *   *

અંતે—

ધર્મઈ લાભઇ અવિચલ શર્મ, જઇ પુણ છાંડઉ પાપ જિ કર્મ્મ,
દેવ આરાહુ જિણવર નામ, દુખ તણઉ જે ફેડઇ ઠામ. ૩૦
અવર દેવ જઉ પૂજઇ પાય, જિણ પૂજઇ દેહ નિર્મ્મલ થાઇ;
જિણવર બોલિઉ ધર્મ્મ તે કરઉ, પાપરેડ જિમ હેલા હરઉ, ૩૧
ગુણવંત ગુરૂ પાય અણુસરૂ, મુક્તિ પુરી માંહે અણુસરૂ
પુર પઇઠાણ યાદવવંશ, વર્ણવયો વત્સરાજ નઇ હંસ ૩૨
સકલ લોક રાજા રંજની, કુલયુગ કથા ઉત્તઇ વાવની,
ગાહા દુહુ વસ્તુ ચઉપઈ, સુજિસ્યઈ ચ્યારિ બત્રીસાં હુઈ. ૩૩
જૂઅલી ત્રિણસઇ વિશાલા, તિણ મોહમાયા જાલા,
સુણતાં દોષ દરિદ્ર સવિ ટલઈ, ભણઇ અસાઇત તિહ અફલાં ફલઈ ૩૪

—૪ ખંડ છે. દરેકની અંત કડીમાં 'અસાઇત' એમ લખેલ છે: સં. ૧૫૧૩ વર્ષે પોષ વદિ ૧૨ વિપ્ર મુરારિકે—વિવેકવિજય ભંડાર ઉદયપુર.

—ઇતિ શ્રી હંસ વત્સ કથાયાં ચતુર્થ ખંડ સમાપ્ત. સં. ૧૬૫૯ વર્ષે ભાદ્રવા સુદિ ૮ દિને ઋ૦ ઉદયચંદ્ર શિ. ઋ૦મનોહર લિ૦ નાદસમાં મધ્યે પાનાં ૨૩-૧૨-નં. ૫૨, ડે. કૉ.

રત્નશેખર ૧૫૧૦ આસપાસ.

(૬૯) રત્નચૂડ રાસ. —ડે૦, ભા૦.

---

૪૪ કલ્યાણસાગર.

(૭૦) વીશી (૨૦ વિહરમાન જિન સ્તુતિ) પૈકી ૧૪ જિનસ્તુતિ.

આદિ.

શ્રી સીમંધર સાંભલઉ, એક મોરી અરદાસ
સુગુણ સોહાવા તુમવિના, રયણી હોઈ છમાસો

—જીવન જગધણી.

× × × ×

અંતે—

કલ્યાણસાગર પ્રભુસું રમિજી, હરીય ફરી મુઝ મીટ. ૫. તું.
—ભુજંગ સ્વામિ ગીતં.

[પછીનાં ૬ જિનનાં ગીત સૌભાગ્યરત્ને પૂરાં કર્યાં છે.]
૭-૧૩ આ. ક.

(૭૧) અગડદત્ત રાસ (૧૫૧૦ આસપાસ મ. કી.)

૪૫ ઋષિવર્દ્ધન સૂરિ. (અં. ગચ્છનાયક જયકીર્તિસૂરિ શિ૦)

(૭૨) નલદવદંતિ રાસ—નલરાજ ચઉપાઈ, સં. ૧૫૧૨ ચિત્રકોટ ગિરિમાં–ચિતોડમાં.

આદિ— ધુરિ દૂહા.

સયલસંઘ સુહસંતિકર, પ્રણમીય શાંતિ જિણેસુ,
દાન શીલ તપ ભાવના, પુણ્યપ્રભાવ ભણેસુ. ૧
સુણતાં શુભપરિમ વર ચરિત વાધઈ પુણ્ય પવિત્ત.
દવદંતી નલરાયનું, નિસુણુ ચારુ ચરિત્ત. ૨

× × × ×

અંતે—

શ્રીય અંચલ ગચ્છનાયક ગણધર, ગુરુ શ્રી જયકીરતિ સૂરીસવ,
જસ નામિ નાસઈ દુરિત; ૩૨૮
તાસુ સીસ ઋષિવર્દ્ધન સૂરિઈં,
કીઉ કવિત મન આનંદ પૂરિઈં, નલરાય દવદંતી ચરિત. ૩૨૯
સંવત પનરબારોત્તર વાસે, ચિત્રકૂટ ગિરિનગર સુવાસે,
શ્રીયસંઘ આદર અતિ ઘણુઈએ;
એહ ચરિત જે ભણઈ ભણાવઈ, રિદ્ધિ વૃદ્ધિ સુખ ઉચ્છવ
આવઈ, નિતુનિ મંદિર તસ તણુઈએ. ૩૩૧.

—૪૭૧ શ્લોક પૂર છે. (સાગરભંડાર પાટણ.)

—પત્ર ૧૧ લિ૦ સં. ૧૫૭૯ ભ. શ્રી જિનસાધુસૂરિણા.

—હા. ભ. પાટણ દાબડો ૮૦

—પંચસપ્તિ ચતુસંખ્યા સતિ શ્લોકા વિલોકિતા
પ્રાકૃતે નલવૃત્તેઽત્ર પ્રત્યેકાક્ષર સંખ્યયા. ૧

ઈતિશ્રી નલપંચભવરાસ વડો નલરાસ સંપૂર્ણ. સં. ૧૬૫૦ વર્ષે વૈશાષ શુદિ ૭ રવૌ લષિતં શ્રી વટપદ્ર નગરે. ૧૬–૧૩ આ. ક.
—પૃ. ૧૦ અમ.

—સં. ૧૬૧૯ વર્ષે શાકે ૧૪૮૫ પ્રવર્ત્તમાને ચૈત્ર શુદિ ૧ ગુરૌ શ્રી અંચલગચ્છે. વ્યવ૦ ઉદયકિરણ લિખાપિતં. (વિ. ધ. એક ચોપડામાં પાના ૧૯૦ થી ૧૯૫. પંક્તિ ૧૮)

---

૪૬ મતિશેખર (ઉ૦ દેવગુપ્તિસૂરિ–સિદ્ધિસૂરિ–કકકસૂરિ–શીલસુંદર શિ૦)

(૭૩) ધન્નારાસ. સં. ૧૫૧૪

આદિ.

પહિલઉં પણમી પયકમલ વીરજિણંદહ દેવ,
ભવિય સુણઉ ધન્નાતણઉ, ચરીય ભણઉં સંખેવિ, ૧
જિણવરિ ચિહું પરિભાસિયઉં, સાસણિ નિર્મ્મલ ધર્મ્મ,
તિહાં ધુરિ દાંન પ્રસંસીયઇ, જિણિ ત્રૂટઇ સવિ કર્મ્મ ૨

વસ્તુ—

દાન ગિરૂઉ દાન ગિરૂઉ દાનિ જસ કિત્તિ,
દાનહિ વસિ ત્રિણ્ઇ ભુવન, દાન માન આપઇ નરા હિવ,
દાનિ દુરિય નાસઇં સયલ, દાનિ સેવ સારઇ સુરા હિવ,
દાન જેમ ધન્નઇ દીધો, પુંન્નહિ પાંમીય પાન,
સાવધાંન તુમ્હિ સાંભલઉ, પૂરવ ભવ અવદાત. ૩

* * * *

અંતે—

શ્રી ઉવએસ ગછ સિણગારો પહિલો રયણપ્પહ ગણધારો,
ગુણિ ગોયમ અવતારો.
જકખદેવ સૂરીય પ્રસિધ્ધો તાસ પાટિ જિણિ જગિ જસ લીધો,
સંયમ સિરિ ઉરિહારો ૨૬

અનુક્રમિં દેવગુપતિ સૂરીસ, સિદ્ધિ સૂરિ નામિં તસ સીસ
મુણિજણસેવીય પાય
તાસ માટે સંપઈ જયવંતો ગચ્છનાયક મહિમા ગુણવંતો
કક્ક સૂરિ ગુરૂ રાય. ૨૭
સઈ હથિ થાપીય તિણિ ગુણહારા, ગુણવંત **સીલ**સુંદર સારા
વારીય જિણિ અણંગો.
તાસ સીસ **મ**તિસેહર હરસિહિં પનરહસઈ ચઉદોત્તર વરસિંહિ.
કીયો કવિત અતિચંગો. ૨૮
(વધુ બીજી પ્રતમાં) ---ચેનસાગર ભં. ઉદયપુર.

એઉ ચરિત ધન્નાનઉ ભાવઈ, ભણઇ ગુણઈ જે કહઇ કહાવઇ,
જે સંભલિ ધઇ દાંન
તે નર વંછિત ફલ પાવઇ, વિલસઇ નવઇ નિધાન.
--વિ. ધ. ચોપડો ૮૫-૧૦૫
--હાલાભાઈ નાં. પાટણ; રત્ન; આમોદ.

(૭૪) નેમિનાથ વસંત ફુલડાં.

આદિ.

સારદ માઈ પાય નમીનઈ માગઉં એક પસાય રે
નેમિ જિણેસરના ભવ ગાઇસુ, લાગઉ મુઝ મનિ દાઉરે, શ્રી યાદવકુલ મંડણઉ.
યાદવ કુલ મંડણઉ સ્વામી **ને**મિ જિણંદરે.
ભાવઈ જસુ પયકમલ જુહારઈ સુરવર કિંનર ઇંદરે.

× × × ×

અંત—

સો પરમેસર કેસર ચંદન પૂજઉ કુસુમ કપૂરરે.
કહઈ **મ**તિશેખર સુણઉ મતિશેખર, જિમ પૂજઇ
સુખ પૂરરે—૧૦૭

વસંતમાસ શ્રી નેમતણઈ ફૂલડે ફાગ પ્રબંધરે,
રંગિ હિ ચંગ લેઇનઈ ગાસઈ, તિહિ દુષ તણુઉ ન ગંધરે. ૧૦૮
—સં. ૧૫૭૬ વર્ષે ચૈત્ર માસે કૃષ્ણ પક્ષે ૧ તિથૌ સોમવાસરે
શિવલાભ લિષતં–૬–૧૪ વિ. ધ.

(૭૫) કુરગડુ (કૂરઘટ) મહર્ષિરાસ. ૨૪૫ ગાથા. સં. ૧૫૩૭.
—રત્ન, ચં, ડે.

(૭૬) મયણરેહા સતી રાસ. સં. ૧૫૩૭.–ડે૦

[હર્ષસૂરિ (કક્કસૂરિ શિ.) કૃત ધન્ના ચોપઈ સં. ૧૫૧૪ માણેક. આ પ્રમાણે નોંધાયેલ છે, પણ કર્ત્તાનું ખરૂં નામ તો ઉપરોક્ત મતિશેખર લાગે છે.]

---

૪૭ જિનવર્દ્ધન. (સં. ૧૫૧૫ આસપાસ)

(૭૭) ધન્નારાસ (પ્રત સં. ૧૮૦૫)–રત્ન, અમ.
+ ઉપદેશકારક કક્કો. પૃ. ૩૩૭ સ. મા. ભી.

---

૪૮ ન્યાયસુંદર ઉ. (ખ. જિનવર્ધનસૂરિ શિ.)

(૭૮) વિદ્યાવિલાસ નરેંદ્ર ચઉપઈ. સં. ૧૫૧૬.

અંતે—

ઇણિ પરિ પુર (ણ્ય ?) ઉપાલી આઉ દેવલોક પહુતઉ નરરાઉ,
ખરતર ગચ્છિ જિનવર્ધનસૂરિ, તાસુ સીસ બહુ આણુંદ પૂરિ. ૩૫૫
શ્રીઅ ન્યાયસુંદર ઉવઝાય, નરવર કિધ પ્રબંધા સુભાય,
સંવત પનર સોલ વરસંમિ, સંગ્ર વેયણુ એવિહિય સુરામ. ૩૫૬
વિઘાવિલાસ નરિંદ ચરિત્ર, ભવય લોય કહ્ એવ પવિત્ર.
જે નર પઢઈ સુણઇ સાંભલઈ, પુણ્યપ્રભાવ મનોરથ ફલઈ. ૩૫૭
—સંવત્ ૧૬૬૨ વર્ષે જયેષ્ઠ શુદ ૬ રવઉ–ભાવ. (પૃ. ૧૫ પં. ૧૩)

---

૪૯ રત્નસિંહ શિષ્ય (ત૦)

(૭૯) જંબૂસ્વામિરાસ સં. ૧૫૧૬ બીજા શ્રાવણ શુ. સોમ૦

આદિ—

> સરસતિ સામણિ સારદાએ, ગોયમ ગણધાર,
> રાસ બંધિ ગુણવત્તીઈ એ સિરિ જંબ કુમાર.
> જંબૂદીવહ ભરહક્ષેત્ર મગધ વર દેસ,
> નયર રાજગૃહિ જાણીઇએ શ્રેણીય નરેસ.

* * * *

અંતે—

સંવત પનર સોલોતરઈ એ માલંત. બીજઇ શ્રાવણ માસિ, સુણિ સું.
શિવતિથિ હૂંતી ઉજલી એ, માલ૦ સોમવારઇ હુઉ રાસ. ૧૦
તપગચ્છિ ગણધર અભિનવાએ માલં. અવતરિય ગોયમ સામિ સુ,
રયણસિંહ સૂરિ ધ્યાઈયઈ એ માલં. અષ્ટ મહા સિદ્ધિ નામિ. ૧૧
તાસ સીસ ઇણિ પરિ ભણઈ માલં. વિનય કરી અપાર, સુ.
રાસ ભણું રલીયામણુરે મા૦ યશ કરી ભવિક ભંડાર. ૧૧
ગુણિસઈ ભણિસઈ નિસુણિસઈ એ. જંબૂય સામિનુ રાસ,
તસ ઘરિ અંગણિ પામીઈ એ, નવનિધિ તણુઉ નિવાસ. ૧૨
ચંદ સૂરિ જાં ઊગઇએ માલં, મેરૂ ગિરિ ધ્રૂય તાર,
તાં લગઈ હર્ષઈં ગાઇઅ માલં. સામી જંબૂ કુમાર. ૧૩

—૬-૧૩ (વિ. ધ.)

---

૫૦ રાજતિલક ગણિ.

(૮૦) શાલિભદ્ર મુનિરાસ. આ ૩૫ ટૂંકનો પ્રાચીન રાસ છે.

આદિ—

> થંભણપુરિ પહુ પાસનાહ પણમેવિણુ ભત્તિએ,

હઉં પભણિસુ સિરિ **સાલિભદ્દ** મુણિતિલયહ રાસુ.
ભવિયહુ નિસણહુ જેણુ તુમ્હ હુઈ સિવપુરિ વાસુ. ૧

*　　*　　*　　*

અંત—

સેણિય બોહિય **ભદ્દા** નિય ધરિ, પત્તા સબ્બર્દ્ધ સિદ્ધિ તે મુણિવર,
રાજતિલક ગણિ સંથુણઈ, **વીર** જિણેસરૂ ગોયમ ગણહરૂ.
સાલિભદ્ર નહિ **ધન્ન**ઉ મુણિવરૂ, સયલસંઘ દુરિયઇં હરઉ. ૩૪
સાલિભદ્ર મુણિ રાસો જે ખેલા દિંતા,
તેસિં સાસણદેવી જણયાઉ સિવ સંતી. ૩૫

[મ. બ.]

[પૂર્ણિમા ગચ્છમાં એક રાજતિલક સૂરિ થયેલ છે કે જેના ધાતુપ્રતિમાપરના લેખ સં. ૧૫૧૬ તથા ૧૫૨૯ ના મળી આવ્યા છે, તે કદાચ આ કવિ હોય-તેથી તેમનો સમય સોળમા સૈકામાં પૂર્વાર્ધ મૂકયો છે.]

---

૫૧ બ્રહ્મજિનદાસ. (દિ૦ સકલકીર્ત્તિ-ભુવનકીર્ત્તિ શિ.)

(૮૧) હરિવંશરાસ. સં. ૧૫૨૦.

આદિ—

અંતે—

લોભવાહિં જીવ ગમાર, મિથ્યા ધરમ થાપ્યો અપાર,
શાસ્ત્ર લોપ્યાં બહુ જિનવરતણાં, કુમત થાપ્યા તીણેં આપણા. ૩૫
હુંડા સર્પિણી કાલ વિશાલ, પંચ મિથ્યાત ઉપજેં ગુણમાલ,
જિમ પૂનિમ થકી ચંદ્રકલા હાણિ, તિમ પંચમકાલિં જિનવરવાણિ. ૩૬
જો(ઇ) લો કાલ તણો પરતાપ, બલિભદ્રે મિથ્યાત કીયો વ્યાપ,
ઇણીપરિં જસ વાપ્યો અતિ ઘણો, બલિ દેવિં **નારાયણ** તણો. ૩૭

તિહાં થકો નારાયણુ હવો દેવ, પ્રજા લોક કરિ બહુ સેવ,
દયા ધરમ છોડચો તીણે ચંગ, આચાર તણો બહુ કીયો ભંગ. ૩૮

* * *

જિણુ સાસણુ નિકલંક અપાર, મારગ મુગતિ તણો ભવ પાર,
દિગંબર નિગ્રંથ ગુરૂચંગ, જીવ દયા દીસે ઉત્તંગ. ૪૧

* × *

નેમી જિનેશ્વર ગિરનાર ઉપર આવી રહ્યા તે સંબંધી કહે છે કે:—
સહસ્ત્ર વરસ ભોગવ્યો સ્વામી આય, દશ ધનુપ નિરમલ ગુણ કાય.

* * *

શ્રી **મૂલસંઘ** અતિ નિરમલો, **સરસતિ** ગચ્છ ગુણવંત,
શ્રી **સકલકીરતિ** ગુરૂ જાણીઈ, જિણુ સાસણિ જયવંત. ૧
તાસ પાટિં અતિ રૂયડા, શ્રી **ભુવનકીરતિ** ભવતાર,
રત્નત્રય કરી મંડીયા, ગુણુહ તણા ભંડાર. ૨
તે મુનિવર પાય પ્રણુમીનિં કીયો સવિ સાર,
બ્રહ્મજિણુદાસ ભણે રૂયડો, પઢતાં પુન્ય અપાર. ૩
સિષ્ય મનોહર રૂયડો, **મલ્લિદાસ** ગુણદાસ,
પઢો પઢાવો વિસ્તરો, જિમ હોઇ સૌખ્ય અપાર. ૪
ભવીયણુ જીવ સંબોધવા, કીયો રાસ એ સાર,
અનેક કથા ગુણિ આગલો, દયાતણો ભંડાર. ૫
સંવત ૧૫ વીસોતરા, વૈશાખ માસ વિશાલ.
શુકલ પક્ષ ચઉ દિસિ દિને, રાસ કીયો ગુણમાલ. ૬.

વસ્તુ.

રાસ કીયો રાસ કીયો સાર મનોહર,
અનેક કથા ગુણિ આગલો, હરિવંસ તણો સાર,
......એ કવિત કરી સાંભલો, ભાવ ધરો મનમાંહિ ઉજ્જલ,
શ્રી **સકલકીરતિ** ગુરૂ પ્રણુમીનિ, **બ્રહ્મજિણુદાસ** ભણિં સાર,

પઢિં ગુણિં જે સાંભલેં, તેહનિં પુણ્ય અપાર.
—ઇતિ શ્રી હરિવંશરાસ સમાપ્ત. સં. ૧૭૫૧
વર્ષે માહ શુદિ ૧૪ શનૌ— (મ. બ.)

(૮૨) **યશોધર રાસ.**—ખંભાત ૧ ભંડારમાં.

(૮૩) **આદિનાથ રાસ.**—પા. ૧ ભંડારમાં.

(૮૪) **શ્રેણિક રાસ.**

આદિ— વસ્તુ.

વીર જિણવર વીર જિણવર નમું તે સાર
તીર્થંકર ચઉવીસમુ વાંછિતં બહુ દાંન દાતાર
સારદા સામિણિ વલી તવું બુદ્ધિસાર હું વેગિ માગું
ગણધર સ્વામી નમસ્કરૂં શ્રી સકલકીરતિ ભવતાર
શ્રી ભુવનકીરતિ ગુરૂમનિ ધરૂં કરિસું રાસ હું સાર. ૧

ભાસ જસોધરની.

ભવિયણ ભાવઈં સુણો આજ મનિ નિશ્ચે આણી
શ્રેણિકરાજા તણો રાસ હું કહિસું વખાણી. ૧

* * * *

અંતે— વસ્તુ.

શ્રેણિકરાજા શ્રેણિકરાજા તણો એ રાસ
પઢે ગુણે જે સાંભલેં એક મનાં ધરી ભાવ ઉજ્વલ
............સંપડે, સરગ મુગતિ ફલ સંસાર નિરમલ
શ્રી સકલકીરતિ ગુરૂ પ્રણમી..............
બ્રહ્મ જિણદાસ ભવણેં નિરમલ સુનતાં પુન્ય અપાર. ૨૨

—સં. ૧૬૧૩ વર્ષે શ્રાવણ શુદિ ૧૧ શુક્રે કહ લિષી બાઈશ્રી માનિક શ્રી શિષ્ય જિનમતિ શ્રી વાઈ. લિષિતં શ્રી વસા વનુ કાયથા. પા. ૫૨ પંક્તિ ૧૦. ભાવ.

૫૨ જ્ઞાનસાગરસૂરિ શિ. (વડતપગચ્છ)

(૮૫) જીવભવસ્થિતિ રાસ. સં. ૧૫૨૦ ફાગુણ ૧૩ રવિ.

અંતે—

વડતપ ગચ્છ રત્નાગરસાગર જિમ ભરપૂરિ,
તિહાં ગચ્છપતિ અછઈ વિદ્યમાન શ્રી **જ્ઞાન**સાગરસૂરિ. ૪
તાસ વયણ સુણ્યાં મન શુદ્ધિઈ તીણઈ બુદ્ધિ હૂઓ પ્રકાસ,
કીધુ ઉપગારતણી મતિ જીવભવ સ્થિતિ રાસ. ૫
પનરસેવીસા ફાગુણ સિદ્ધિ તણઉ નિવાસ
રવિ પક્ષ અને તિથિ તેરસિ તે રચ્યઉ પુન્યપ્રકાસ. ૬

—ઈડર બાઈઓનો ભંડાર.

---

૫૩ ભક્તિવિજય.

(૮૬) ચિત્રસેન પદ્માવતિ રાસ સં. ૧૫૨૨

---

૫૪ પેથો. (જાંબૂગ્રામ વાસી શ્રીમાલ જ્ઞાતિનો શ્રાવક-ગુરૂ આંચલગચ્છીય જયકેશરસૂરિ-આચાર્ય ૧૪૯૪, ગચ્છનાયક પદ ૧૫૦૧-સ્વર્ગ ૧૫૪૨)

(૮૭) પાર્શ્વનાથ દશભવ વિવાહલો. (સં. ૧૪૯૪ પછી અને ૧૫૪૨ પહેલાં.)

આદિ—

(માઈ એ નયરહ સીહ દૂઆરિ—એ ઢાલ.)

સરસતિ સામણિ કરૂંઅ પસાઉ, મુઝ મનિ એહ ઊમાહિલુએ,
ધવલબંધિઈ બહૂ લાગઉં ઢાઉ, ગાયશૂં જિણહ જીરાઉલુએ. ૧
મૂલચરિત્ર પ્રભકેરઉં પાસ, ભાવિહિં ભવીયણ સાંભલુ એ,
સાંભલતાં હુઈ પુણ્યપ્રકાસ, દસઈ ભવંતર દેવના એ. ૨

* * * *

અંતે— ઢાલ. ઊલાલું.

જીમ સહિ સમુખિ હોઈ, કોડિ વરસ કવિ જોઈ, ૧
તુ લવલેશ ન જાંણઈ, મૂરખ કિશૂંઅ વખાંણઈ. ૨
મંત્રિ પેથ ઈમિ બોલઈ, અવર ન કોઈ તુમ્હ તોલઈ, ૩
તૂં માયા તૂંઅ તાત, કહૂંઅ કિસીપરિ વાત ૪
હૂં તુ પૂરિ પ્રવાહિઉ, તૂં અશરણાગત સાહિઉ. ૫
કરિ કરિ દેવ પસાઉ, જગિ જીરાઉલિ રાઉ. ૬
રાખિ રાખિ મૂંઅ સ્વાંમી, તૂં તુ પાય શરનાંમી ૭
કીધૂં કવિત વિશાલો, રૂઅડૂં અનઈ રસાલો. ૮
પઢત ગણતાંહાં સિધે, આવઇ અવિચલ રિધિ. ૯

—વિધિપક્ષના સુશ્રાવક નિજપરમભક્ત શ્રી જયકેસરસૂરિના પ્રતિબોધ્યા-શ્રી જાંબૂઆંમે વાસ્તવ્ય શ્રીમાલજ્ઞાતીય મહં-શ્રી પેથાકૃત દશભવ-શ્રી પારિસ્વનાથ વીવાહલુ કૃતં.

(વિ. ધ. ચોપડો. ૧૯૫-૨૦૩ પંક્તિ. ૧૮

---

૫૫ લક્ષ્મીરત્નસૂરિ (જયકલ્યાણસૂરિ-વિમલસોમસૂરિ શિ.)

(૮૮) સુરપ્રિય કુમાર રાસ.

અંતે—

ગુરૂશ્રી **જયકલ્યાણ**, સૂરિ સરોમણિ સુંદરૂ, વણઝારા રે ૮૧
તાસ પાટિ જગિભાંણ, શ્રી **વિમલસોમિ** સહગરૂ, વણ. ૮૨
લક્ષ્મીરત્ન સૂરિંદ, તસુ સીશ ઇમ ઉચરઈ, વણ. ૮૩
જે ખામઈ નિજ દોસ, નિશ્ચઈ ભવસાયર તરઈ, વણ. ૮૪

—પ્ર. કા., ખં. ૧, પા. ૩

+અભક્ષ્ય અનંતકાયની સ૦ ૧૪૪ સ. મા. ભી.
અઇમિત્તા સ૦ (વીર જિણંદ વાંદિને ગૌતમ.) ૧-૧૩ આ. ક.

[જયકલ્યાણસૂરિ એ નામના તપગચ્છમાં આચાર્ય થયા છે તેનો ધાતુ પ્રતિમાપર લેખ સં. ૧૫૦૨ નો મળી આવે છે. ધાતુ પ્રતિમાલેખ સંગ્રહ ભા. ૧. તેજ કવિએ પોતાના પ્રગુરૂ તરીકે ઉલ્લેખેલ હોય. તેથી આને ૧૬ મા સૈકામાં ગણી શકાય.]

---

૫૬ જ્ઞાનસાગર (નાયલ-નાગેંદ્રગચ્છ. ગુણસમુદ્રસૂરિ-આણંદપ્રભસૂરિ ?-ગુણદેવસૂરિ શિ.)

(૮૯) જિનવભવસ્થિતિ રાસ. સં. ૧૫૨૩ ગાથા ૨૨૩૨ પા. ૫૪ અમ.

(આ ઉપર જણાવેલ નં. ૮૫ નો રાસ લાગે છે.)

(૯૦) સિદ્ધચક્ર રાસ.—શ્રીપાલ રાસ સં. ૧૫૩૧ માગશર શુદ ૨ ગુરૂ.

આદિ— દૂહા.

કરકમલ જોડેવિ કરિ, સિદ્ધ સયલ પણમેવિ,
શ્રી શ્રીપાલ નરિંદનઉ રાસ બંધ પભણેસિ. ૧
મહિઅલિ મંત્ર અનેકિ છઈ, પંપલિ મ પડિ ગમાર,
ભવસાયર તુ ઊતરઉ, જઉ જપઉ શ્રી નવકાર. ૨
શ્રી ગુણદેવ પસાઉલઉ, રચિસુ કવિત રસાલ
જ્ઞાન ભણઈ સહૂ સાંભલઉ, સિદ્ધચક્ર ગુણમાલ. ૩

* * * *

અંતે—

નાગેંદ્ર ગછિ ગુરૂ ગાઈએ, માલંતડે શ્રી ગુણસમુદ્રહસૂરિ
જાસ (તાસ) પાટિ સોહામણા એ, મા૦ શ્રી આણંદપ્રભુસૂરિ
(વંદીઈ આણંદ પૂરિ.)-૭૩
ભવિયાં ભાવઈ નિતુ નમઈ એ. મા૦ શ્રી ગુણદેવસૂરિ રાય.
તાસ સીસિ એ રાસ રચિઉ એ, મા૦ જ્ઞાનસાગર ઉવજ્ઝાય. ૭૪
સંવત પનરએકત્રીસ ઇ. (વીસઇ. ભા. પ્રત) માગસિરિઇએ મા૦
ઉજલી બીજ ગુરૂવાર,

રાસ રચ્યો સિદ્ધચક્રનો એ, મા૦ ગાઈ શ્રી નવકાર. ૭૫
એકમનાં જે સાંભલઇએ, મા૦ તેહ ઘરિ મંગલમાલ,
રિદ્ધિ અનંતી ભોગવઈ એ, મા૦ જિમ નૃપતિ **શ્રી**પાલ. ૭૬

—સં. ૧૭૧૭ ચૈત્ર શુદિ ૧૦ ખંભાત મધ્યે પોસાલવડી પંન્યાસ ધનવિજય લખિતં. ૧૫-૧૨ લીં.

—સં. ૧૭૩૦ કાર્ત્તિક શુ. ૧૨ ભોમ આંગલોડ નગરે ૧૨-૧૩ ઘો.

—સં. ૧૭૩૭ માર્ગશિર શુ. ૧૫ ગુરૂ અહમદાબાદ મધ્યે ૧૭-૧૧ ઘો.

—હાલાભાઈ ભં. પાટણ; ઉદયપુર ભં.

—શ્રી શેત્રુંજય કરમોચનાદિ સુકૃતિકૃત્ય સુકૃતિકારિ મહોપાધ્યાય શ્રી ૧૯ શ્રી ભાનુચંદ્ર ગણિ ચરણાંબુજ ચંચરીકાયમાન પંડિત શ્રી દેવચંદ્ર ગણિ સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રી ૧૯ શ્રી વિવેકચંદ્ર ગણિ શિષ્ય પંડિત શ્રી ૫ શ્રી તેજચંદ્ર ગણિ પં. શ્રી ૫ શ્રી જિનચંદ્ર ગણિ શિ૦ ગ. જિવનચંદ્રેણ લિષતં સં. ૧૭૫૩ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૦ દિને ગુરૂવાસરે લિષિતં પત્તનવાસ્તવ્ય સા૦ વેલા પુત્રી બાઈ ગુલાબબાઈ વાચનાર્થં. (ગુ. વિ.)

+મહાવીર સ્તવન-નાથ કેસે જંબુકો મેરૂ કંપાઓ. ૫૯૨ જૈ. કા. સાર.
+ પદ— હરિભજ કારાના. ૫૯૬ „
+મહાવીર સ્ત૦ વીરજી સુણોરે એક વિનતિ ૬૧૭ „
+છૂટક પ્રભાતી. જબલગેં સમકિત રત્નકું પાયા નહિ પ્રાણી ૪૮ જૈ. પ્ર.

---

૫૭ મંગલધર્મ (રત્નાકર ગચ્છ જયતિલક સૂરિ-રત્નસિંહ સૂરિ-ઉદયવલ્લભસૂરિ-જ્ઞાનસાગરસૂરિ-ઉદયધર્મ શિ.)

(જુઓ નયસુંદરની પ્રશસ્તિ)

(૯૧) મંગલકલશ રાસ. સં. ૧૫૨૫

આદિ—

આદિ જિણવર જિણવર સુખદાતાર
સંતિ જિણેસર સંતિકર, નેમિનાહ સોભાગ સુંદર
પાસ જિણંદ વિઘનહર વર્દ્ધમાન કલ્યાણમંદિર
પચ તિથંકર સુગુરૂ નમી સરસતિ અંબિકાદેવિ
સમરવિ મંગલકલશહ ચરિત્ર ભણિસુ સંખેવિ, ૧

* × * *

અંતે—

ચંદ્ર ગચ્છિ દેવભદ્ર ઉવઝાય, તિણિ ઉદ્ધારીઉ ક્રિયા સમુદાય,
રયણાગર ગચ્છિ ગુરૂ ગુણ ભૂરિ, જગતિલક જયતિલેક સૂરિ. ૩૨૬
રયણસિંહ સૂરિ મુનિવર થાટિ, ઉદયવલ્લભસૂરિ તેહતા પાટિ,
જ્ઞાનસાગર સૂરિ ગચ્છાધીશ, જયવંત ભવિયાં પૂરઇ જગીસ. ૨૭
[મુનિવર વાચક શ્રી ઉદયધર્મ, જાગિઉ આગમ શાસ્ત્રહ મર્મ.
તાસ પસાઈ ફલઈ કર્મ, જ્ઞાનરૂચિ ભણઈ મંગલધર્મ] ૨૮
મંગલકલસ તણી ચઉપઇય, સંવત પંનર પંચવીસઈ હુઇય.
પઢેઈ ગુણે સંભલઇ વિચાર, તસં ઘરિ ઉચ્છવ જય જયકાર. ૨૯
— કુલ પદ્ય ૩૨૯-સાગર ભં. પાટણ.

[ ] આના બદલામાં બીજી પ્રતમાં એ છે કેઃ—
મુનિવર વાચક ઉદયધર્મ જાણિ, નવનચેતિ કરિ વખાણ,
જાણે શાસ્ત્રની આગમ મર્મ, તાસ પસાઇ રચીઉ ઉપક્રમ. ૪૯
ન્યાનરવિ ભણિ મંગલધર્મ, જે સાંભલતાં આવી શર્મ
—૨૦-૧૧-લીં. (વિ. ધ.)

૫૮ દેવકીર્ત્તિ.

(૯૨) ધન્નાશાલિભદ્ર રાસ સં. ૧૫૩૧. —પાનાં ૧૦ અમ૦

૫૯ પુણ્યનંદિ (ખ૦ જિનસમુદ્રસૂરિ–સાગરચંદ્રસૂરિ–રત્નકીર્તિ–સમયભક્ત શિ૦)

(૯૩) રૂપકમાલા.

અંતે—

સબલ શીલ મહિમા નિલઉં કુશલસૂરિ સિરિસાટ,
શ્રી **જિન**સમુદ્રસૂરિ સોહવઈ ખરતલ ગુરૂકઉ પાટ. ૩૦
કુસીલ ઉથાપક સુસીલસંસ્થાપક **સાગર**ચંદ
સૂરિ રાયવયણાયરી રયણકીરતિ ગણિચંદ. ૩૧
શ્રી **સમય**ભક્ત વરવાચકા વીર વિણેયાનંદ
રૂપકમાલા શીલની પભણઇ શ્રી પુણ્યનંદિ. ૩૨

આનાપર રત્નરંગ ઉપાધ્યાયે સં. ૧૫૮૨ માં બાલાવબોધ લખ્યો છે કે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ—

"पुण्य नंद्युपाध्यायेन शीलरूपकमालिका,
विहिता भव्यजीवानां चित्त शुद्ध विधायिनी
नेत्र सिद्धि ज्ञान चंद्रे वर्षे नभसि मासि
श्री रत्नरंगोपाध्यायैः कृतावबोधिनी ॥
—इति रूपमाला बालावबोधः

લખ્યો સં. ૧૬૧૫ વર્ષે ભાવ ધર્મ ગણિએ—સાગર ભં પાટણ.

(જિનસમુદ્ર સૂરિને સૂરિપદ ૧૫૩૦ માં મળ્યું અને તે સં. ૧૫૫૩ માં સ્વર્ગસ્થ થયા તેથી તે બે મધ્યમાં આ કૃતિ રચાઈ છે.)

---

૬૦ દેવપ્રભ ગણિ (વીરસિંહ શિ.)

(૯૪) કુમારપાલ રાસ લ. સં. ૧૫૪૦ પહેલાં.

અંતે—

મેરૂ નગ નહુ ચલઇ જાવ, જાં ચંદ દિવાયર
સેષ નાગરાજ જાં ધરઇ, ભૂમિ સાતઇ સાયર,

ધર્મ ત્રિસ ઉ જાંજ એહમાહિ, હુ અ નિશ્ચલ હોઇ,
કુમર નરિંદહ તણુઉ રાસ, તાં નંદઉ લોઇ. ૪૧
સૂરીસરિસઉ વીરસિંહ ગુરૂ પાય પસાઈ,
બહુ દેવપ્પહ ગણિ વરેણુ, રચિઉ ભત્તિં રાસો. ૪૨

—ઇતિ શ્રી કુમારપાલ રાસઃ સ. ૧૫૪૦ વર્ષે સા. પુંજા ભાર્યા જાનુ, સુતા કુંઅરિ પઠનાર્થં ચરણનંદન ગણિના લિખિતઃ વીરમવાટકે ॥

[ગુ૦ વિ.]

---

૬૧ ઉદયધર્મ. (આગમગ. મુનિસિંહસૂરિ-વિજયસિંહ ઉ.-મુનિ (મતિ) સાગર શિ.)

[આ કવિએ સં. માં ધર્મકલ્પદ્રુમ રચેલ છે.]

(૯૫) મલયસુંદરિ રાસ. સં. ૧૫૪૩ આશો શુ. ૩ ગુરૂ.

અંતે—

જિન શાસન વિશુદ્ધ જયવંત, ગચ્છ ચઉરાસી છઈ ગુણવંત.
શ્રી **આગમ** ગછિ પ્રકાસ દિણુંદ, ગિરૂઆથી **મુનિસિંહ** સૂરિંદ. ૧૧૮૮
તસ મનરંજન બહુ ગુણ ધાંમ, વાંદૂ વાચક **વિજયસંઘ** નામ,
તસ શિષ્ય શ્રી ઉવઝાય સુજાંણ, શ્રી **મતિસાગર** મહિમનિહાણ. ૧૧૮૯
તદ પય પંકજ સેવા પ્રવીણ, **ઉદઇધર્મ** પંડિત સંયમલીણ,
કરિઉં કથાનક રંગિ રસાલ, **મલયસુંદરિ મહાબલ** ભૂપાલ. ૧૧૯૦
વિરહ વસિઉચિત્તિ અંબાતાત, કુકર્મ વિષ્ણ એવ રચી વાત,
પનર ત્રઇતાલઈ તૃતીયા તિથિ, આસો શુદિ જે ગુરૂ પક્ષ અતિથ. ૧૧૯૧
કરજોડી કવિ ઇમ વીનવઈ, જે થોડિ અધિક ઉછઈ બોલવઇ,
ક્ષમા ધરે ક્ષમવઉ અન્યાય, સાંહાં સેવઉં કરી પસાઉ. ૧૧૯૨
હૂં નવિ જાણઉં મૂરખ મૂલિ, ગુણવંતા સવિ હૂં પગધૂલિ,
રામ તિમસિ મઈ કીધી કથા, તાં નાં દુએ મેર ધ્રૂ યથા. ૧૧૯૩

મંગલ પહિલૂં શ્રી અરિહત, મગલ બીજઇ શ્રી સિદ્ધંત,
મંગલ ત્રીજઇ મલય સુંદરી, મંગલ ચઉથઇ શાસન સુરી. ૧૧૯૪
કર્મ તણુઉ એ પ્રબંધ પ્રદીક, જિમ જિમ સુણીઇ તિમતિમ રસીક,
ભણુતાં દોષ દરિદ્રહ ટલઈ, ગણુતાં નવનિધિ સંપદ મિલઇ. ૧૧૯૫

—ઇતિ મલઇસુંદરી ચતુર્થ પ્રસ્તાવ. ગ્રંથાગ્ર શ્લોકસંખ્યા ૧૮૦૦.

શ્રી સં. ૧૫૯૪ વર્ષે પોષ માસે શુકલપક્ષે ચતુર્થ્યં તિથૌ ગુરૂવાસરે તદ્દિને લખિતં. મુ. આણુંદ રત્નેન, પા. ૪૪ પં ૧૬ (ગુ. વિ.)

(૯૬) કથા બત્રીસી. ૧૫૫૦ દીવાલી.

અંતે—

શ્રી **આગમ** ગચ્છ સદા ઉદઇવંત શ્રી **મુનિસિંહસૂરિ** ગુણવંત
તસ પાટિ **શીલરત્ન** સૂરિ પ્રધાન **આણુંદપ્રભ** ગુરૂ બુદ્ધિ નિધાન. ૧૪
જઇવંતા **મુનિરત્ન** સૂરીસ **આનંદરત્ન** હોયા તસ સીસ,
એ અનુક્રમ ગચ્છનાયક તણું કવિતા નામ હવઈ ઇમ સુણુ. ૧૫
મુનિસિંહ સૂરિ તણુઈ બહુ શિષ્ય શ્રી **વિજઇસિંહ** વણારીસ મુષ્ય,
તસ બંધવ ઉદઇરત્ન પણ્યાસ વાચક **યતિકીરતિ** ગુણવાસ. ૧૬
વિજયસિંહ શિષ્ય શ્રી ઉવઝાય **મુનિસાગર** નામિં મુનિરાય.
અનુક્રમિ **અમરસાગર** ઓઝાંસ શ્રી **શ્રીમાલી** ડાભિલ વંસ. ૧૭
તાંહ ગુરાહી પં. ઉદઇધર્મ **લબ્ધિસાગર** સાથી અભિરમ્મ,
કહી કથા બત્રીસઇ સાર સોધી જોયો જે સવિચાર. ૧૮
પનર પંચાસઈ દીપ દિને કરિઉં કથાનક એહ,
મુગધ પણ ઇમઇ કહિઉં અછઇ સોધઇ ઉતમ જેહ. ૧૯

—વિજયધર્મસૂરિ ભં.

---

૬૨ વચ્છ.

(૯૭) મૃગાંકલેખા રાસ. (લ. સં. ૧૫૪૪ તેથી તે પહેલાં)

આદિ—

ગોયમ ગણહરપય નમેવિ, બહુ બુદ્ધિ લહેસુ (લહેચ્છ)
મૃગાંકલેષા સતીય ચરિત્ર (ત), મનિ સુદ્ધિ (સૂધ) કહેસુ(સ્છ). ૧
સીલઇ સરોમણિ ગુણિ નિલુએ, મનિ માંન ન આણુંઈ,
મનસાં વાંચા કાય કરી, તે સીલ વષાંણુઇ. ૨

× × × ×

અંતે—

મૃગાંકલેષા તણૂંય ચરિત્ર, સમકિતસતરીમાંહિ પવિત્ર,
તેહથૂં કવિઉં સત્ત આધારિ, અસત્ય તે મિછાદુકડ સાર, ૪૦૨
કાલ અનાદિ જીવ જગિ વસઇ, એ પરિ જીવ ઘણા હુઇ હશઈ (હુસિઈ)
ઈંસિ ઉ ભાવ જાંણી મન કરૂ (રઉ) ત્રિહૂં જણ તણૂં ચરિત્ર વિસ્તરૂ (રઉ) ૪૦૩
ભણઇં ગણઈ નઇ જે સાંભલઇ, ભણઇ વછ તિહિં સંકટ ટલઇ,
બીજી સતી તણાં જે નામ, તે સવિહૂંનઈ કરૂં પ્રણામ. ૪૦૪

—ઇતિ શીલ વિષયઈ મૃગાંકલેષા સતી પ્રબંધ સંપૂર્ણ. છ. શ્રી.
ગ્રંથાગ્ર. ૫૨૫.–ભાવ. લીં., (પ્ર૦ સં. ૧૬૨૮)

—ઈતિ શ્રી શીલ વિષયે મૃગાંકલેખા રાસ સંપૂર્ણઃ–સંવત્ ૧૫ ૮૨ વર્ષે આષાઢ શુદિ ૫ રવૌ–પૂજ્યારાધ્ય પં૦ માણિક્યચારિત્ર ગણિ શિષ્ય વિવેકચારિત્ર ગણિના લેખિ. પ્રાગ્વાટ જ્ઞાતીય સા. નરપાલ ભાર્યા શ્રા. લાડિકિ સુતા શ્રા૦ હંસાઇ પઠનાર્થં સ્યાહાદ્રા ગ્રામે. ભાવ. પા. ૧૮ પં. ૧૩

—સંવત્ ૧૬૨૪ વર્ષે ફાગુણ સુદિ ૮ શુક્રે ફૂકરવાડા ગ્રામ મધ્યે પં. શ્રી ધર્મવર્દ્ધન ગણિ શિ૦ પં. શ્રી સૌભાગ્યવર્દ્ધન ગણિ શિ. ૫ ગણેશ લક્ષ્મી સૌભાગ્ય લિ૦ —માણસા વાસ્તવ્ય નાગર ન્યાતીય સેઠિ રૂડા પઠનાર્થં પાર્શ્વનાથ પ્રાસાદાત્.—[વિ. ધ. એક નાનો ચોપડો–પાનાં ૧૯૦–૨૩૮, પંકિત ૧૨.]

—સં. ૧૬૪૧ વર્ષે આગરા નગર મધ્યે પુસ્તિકા લિખિતા. (વિ. ધ. એક મધ્યમ કદનો ચોપડો પા. ૧૪૭–૧૬૫

—સં. ૧૫૪૪ વર્ષે આસો શુદિ સપ્તમી. સોમે મૃગાંકલેખા ચરિત્રં લખિત્વાત્ ... ... સં. ૧૬૫૯ વર્ષે મા૦ સુ૦ ૫ દિને શ્રી શ્રીમાલ જ્ઞાતીય સા. શ્રી પાસવીર સુત સાહ શ્રી રહીયા પઠત્તં પુણ્યાર્થં ૧૨–૧૫ લીં. શુદ્ધ જૂની પ્રત જણાય છે.

—લિ૦ સગીયાણા નગર મધ્યે સં. ૧૬૨૮ વર્ષે આસૂ વદિ ૧૧ દિને ગુરૂવારે. ૨૬–૧૧ લીં.

—સં. ૧૬૭૫ વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે દ્વિતીયાયાં તિથૌ સોમ-વાસરે ક્ષત્રીયવંશે રાઠોડ જ્ઞાતિ મહારાજશ્રી સુરસિંહજી વિજય રાજ્યે વછા લીખતં નાગોરીં (આમાં વછા એ નામ છે તે ખુદ કવિ નથી કારણ કે ઉપર જુદા જુદા સંવત છે કે જે સં. ૧૬૭૫ પહેલાના છે.)

---

૬૩. વચ્છ ભંડારી.

(૯૮) નવપલ્લવ પાર્શ્વનાથ કલશ. (મંગલપુર–માંગરોળના)

આદિ—

શ્રી સૌરાષ્ટ્ર દેશમધ્યે શ્રી મંગળપુર મંડણો. દુરિત વિહંડણો,
અનાથનાથ અસરણસરણ ત્રિભુવનજનમનરંજનો,
૨૩ મો તીર્થંકર શ્રી પાર્શ્વનાથ તેહ તણો કળશ કહીશું.

ઢાળ.

હાંરે વાણારસી નયરી વસેય અનુપમ ઉપમ અવદાધાર,
તિહાં વાવી સરોવર, નદીય કૂપ જળ વનસ્પતિ ભાર અઢાર,
તિહાં ગઢ મઢ મંદિર, દિસ અભિનવ, સુંદર પોલિ પ્રાકાર,
કોસીસા પાખલ ફિરતિ ખાઈ, કોટે વિસમા ઘાટ.

* * * *

અંતે—

(છાપેલી પ્રતમાં)
ભણે વચ્છ ભંડારી અમમન, વસિયો શ્રી અરિહંતોજી,
નીલવરણ તનુ મહિમાસાગર, જયો જયો ભગવંતોજી,

(અન્ય લિખિત પ્રતમાં પાઠાંતર.)
ઇમિ ભણે વચ્છ ભંડારી નિજદિન અમ મન એ અરિહંત,
એહવા નીલવરણ નવરંગ જિનેસર, જયો જયો જયવંત

—શ્રી ૫ તિલકચંદ...પઠનાર્થં. લ૦ પં. કાંતિકુશલ સંવત ૧૮૩૭ ના વર્ષે ચૈત્ર શુદ ૧૩ વાર શુક્રે. મો. લા.; માં.

—પ્ર૦ દેપાલકૃત સ્નાત્ર પૂજામાં અંતર્ગત–વિવિધ પૂજાસંગ્રહ. નવકાર સઝાય. કુંક ૭.

[આ કવિ દેપાલ કવિના સમકાલીન જણાય છે તેથી તેને ૧૬ મા સૈકામાં મૂકેલ છે. મૃગાંકલેખા રાસના કર્ત્તા વચ્છ કવિ ને આ બંને એક હોવાનો સંભવ છે.]

---

૬૪ સર્વાંગસુંદર. (વડતપગચ્છ–જયશેખર સૂરિ–જિનસુંદરસૂરિ–જિનરત્ન સૂરિ–જયસુંદર ઉ. શિ.)

(૯૯) સાર શિખામણ રાસ. ૧૫૪૮ માગશર શુદ ૧૦ માનુષ્યપુરીમાં
આદિ—

ત્રેવીસમા શ્રી પાસનાહ પ્રભુ કેરા પાય
હું પ્રણમું એક ચિત્ત થઇ લહી સગુરૂ પસાય. ૧
માતા સરસતિ દેવિ કન્હઈ એક સુવચન માગું
જે કવિરાજ આગઇ હૂઆએ તેહ ચરણે લાગું. ૨
ધ્યાઉં શ્રી નવકાર મંત્ર ચઊદ પુરવ સાર
વર્ણવતાં એક જીભડીએ ન લહીજઈ પાર. ૩
યશ કીરતિ જેહ નિરમલ એ જયસુંદર જેહ;
સંવેગનિધિ ગુરૂ ગણહરૂએ આરાધું તેહ. ૪
સાર શીપામણ તણુ રાસ રચસૂં રસ આણી,
તે ભવિયણ તમ્હે સાંભલઉએ અવિચલ ફલ જાણી. ૫

* * * *

અંતે—

વડ તપ ગચ્છ ગયણાંગણિ સૂરિ, જેહ વાણી ગંગાજલ પુરિ
શ્રી જયસેહર સૂરિવરો.

તાસ પાટ દીપઈ ગુણ ભૂરિ, ગચ્છપતિ શ્રી જિનસુંદર સૂરિ,
તપિ જપિ નિરમલ ગણધરૂએ. ૨૩૩

તાસ પાટિ પુહુવિ ગુરૂ ગુણનિધિ, જેહનઈ નામિઈ લહીઈ
સવિ સિધિ, શ્રી જિનરયણ સુરિંદ વરો.

વિજયરાજ તેહનઈ જે સોહઈ, નિરૂપમ જગહ તણાં મનમોહઈ,
ઉવઝાય શ્રી જયસુંદરૂએ. ૨૩૪

તાસ સીસ ગુરૂ લહીય પસાય, શ્રી સંવેગસુંદર ઉવઝાય,
રચિઉ રાસ એ રૂઅડો એ.

પનરસંઈ અડતાલઈ સંવત્સરિ, માગસિર સુદિદસમી ગુરૂ માનુષ્યપુરિ,
નિતુ નિતુ મંગલ જયકરૂએ. ૨૩૫

એક મનાં જે હિઇ ધરેસઈ, ભવનાં સઈનાં પાતિગ ધોસઈ,
હોસઈ સુખ તેહ અતિ ઘણું એ. ૨૩૬

કવિઅણ કહઈ મઈ જાણ અજાણિઈ, રચિઉ રાસ એ બુદ્ધિ પ્રમાણિઇ,
નંદું જાંહૂ મેરૂ ગિરિએ.

એ હિતસિખ્યા નિતુ હઈઇ ધરસ્યઇ, દુખસાગર તે નિશ્ચે તરસ્યઈ,
શિવ સુખ અવિચલ પાંમસ્યઇ. ૨૩૭

—૧૦-૧૪; ૧૨-૧૪ લીં.

—હા. ભં. પાટણમાં ડાબડો ૮૦; ખં. ૧, પા. ૩; માણેક.

[આ રાસમાં રાત્રિભોજનનિષેધ, જીવહિંસા ત્યાગ, ગળેલું પાણી પીવું, અભક્ષ્ય વસ્તુ ન ખાવી વગેરે શિખામણની વાતો છે. ભાષા પ્રાચીન ગુજરાતી છે તેથી હિંદી જેવી જણાય છે. પદ્ય ૨૫૦ લગભગ છે. જિનરત્નસૂરિના ધાતુ પ્રતિમાપરના લેખ સં. ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૨૦, ૧૫૨૬, ૧૫૨૭ના મળી આવે છે. અને તેમને શિષ્ય હેમ-સુંદર ગણિ પણ હતા. જુઓ ધા. પ્ર. લે. સં. ભાગ ૨.]

૬૫. હેમવિમલ સૂરિ* (ત૦ ૫૫ મા પટ્ટધર.)

(૧૦૦) મૃગાપુત્ર સ. સં. ૧૫૪૮ પછી ને ૧૫૬૮ પહેલાં.

આદિ--

સુગ્રી નયરી સોહામણીજી, રાજા શ્રી બલભદ્ર,
તસુ ઘરિ ઘરણી મૃગાવતીજી, તસુ નંદન ગુણવંત,
હે માડી ખિણુ લાખીણી જાઈ.
ચરિત ચિંતામણિ સમોજી, મુઝ મનિ અધિક સુહાઇ-હે માડી૦

*　　*　　*　　*

અંતે—

મૃગાપુત્ર રિષિ રાજીયોજી, જે ગાવઇ નરનારી
હેમવિમલ સૂરિ ઇમિ ભણઇજી, તે તરસ્યઇ સંસાર
—સોભાગી તુઝ સમો અવર ન કોઈ ૨૦
—આ૦ ક૦

---

૬૬ લાવણ્યસમય× (ત૦ સોમસુંદર સૂરિ-લક્ષ્મીસાગર સૂરિ-સમયરત્ન શિ૦)

* તપગચ્છમાં સુમતિ સાધુસૂરિની પાટપર થયા. જન્મ મારવાડના વડગામમાં સં. ૧૫૨૨, પિતા તથા માતાનાં નામ ગંગારાજ, અને ગંગારાણી. મૂળનામ હાદકુમાર. દીક્ષા સં. ૧૫૩૮ અને દીક્ષાનામ હેમધર્મ. આચાર્યપદ સં. ૧૫૪૮ માં ગૂજરાતના પંચાસરા ગામમાં શ્રીમાલી પાતુએ કરેલા ઉત્સવપૂર્વક મળ્યું ને નામ હેમવિમલસૂરિ રાખ્યું. સં. ૧૫૫૬માં ક્રિયોદ્ધાર કર્યો. પછી ઈડરના સાયર અને શ્રીપાલે તેમનો પદમહોત્સવ કર્યો જેમાં રાજા રાયભાણે પણ ભાગ લીધો હતો. સં. ૧૫૬૮ માં સ્વર્ગસ્થ થયા.

× આ કવિ સંવત્ સોળમા સૈકાના મધ્યમાં એક સમર્થ કવિ થયેલા છે. તેનો વંશ આદિનો પરિચય તેના વિમલપ્રબંધની પ્રશસ્તિમાંથી મળી આવે છે. ગૂજરાતના પાટણનગરમાંથી શ્રીમાળી વણિક નામે મંગ અમ-

(૧૦૧) સિદ્ધાંત ચોપાઈ—લુંકા વદન ચપેટા. સં. ૧૫૪૩ કા. શુ. ૮ રવિ.

(આમાં મૂર્ત્તિ નિષેધક લોંકાશાનું ખંડન છે.)

આદિ—

સકલ જિણંદહ પાય નમું, હિઅડઈ હરિષ અપાર,
અક્ષર જોઇ બોલિસિઉં, સાચઉ સમય વિચાર.
સેવિઅ સરસતિ સામિણી, પામિઅ સુગુરૂ પસાઉ,
સુણિ ભવીઅણ જવ વીરજિણ, પામિઉ શિવપુરિ ઠાઉ. ૨
સઈ ઓગણવીશ વરિસ થયાં, પણયાલીસ પ્રસિદ્ધ, (વીરાત્)
ત્યાર પછી લુંકુ હુઉ, અસમંજસ તિણિ કીધ. ૩
લુંકાં નામિઇ મુહતલુ, હુંતઉ એ કિઇં ગામિ,
આવી પેટિ બહુપરે, ભાગુ કરમ વરામિ. ૪

* * * *

દાવાદ આવેલ. ને તેને ત્રણ પુત્ર પૈકી મોટા પુત્ર નામે શ્રીધર અજદ-પુરામાં વસતા હતા. શ્રીધરને તેમની સ્ત્રી ઝમકલ દેવીથી ચાર પુત્રો નામે વસ્તુપાલ, જિનદાસ, મંગલદાસ અને લઘુરાજ તથા એક પુત્રી નામે લીલાવતી થયાં. તે પૈકી લઘુરાજ તેજ આપણા કવિ. તેમનો જન્મ સં. ૧૫૨૧ શાકે ૧૩૮૬ પોષ વદિ ૩ નો થયો. તેમના જન્માક્ષર સમય-રત્ન મુનિને બતાવતાં તે ગુરૂએ જણાવ્યું કે તે પુત્ર તપનો સ્વામી થશે. અથવા તે કોઈ તીર્થ કરશે, કાંતો મોટા યતિ થશે અને મહાવિદ્વાન્ થશે ગુરૂના કહેવાથી માબાપને પગે લાગીને એ પુત્ર વૈરાગી થયો. સં. ૧૫૨૯ ના જેઠ શુદ ૧૦ ને દિને પાટણમાં પાલણપુરી અપાસરામાં મહોત્સવપૂર્વક તપગચ્છપતિ લક્ષ્મીસાગર સૂરિ (જન્મ સં. ૧૪૬૪ ભાદ્રપદિ વદિ ૨, દીક્ષા ૧૪૭૦, પન્યાસપદ ૧૪૯૬, વાચક પદ ૧૫૦૧, સૂરિપદ ૧૫૦૮, ગચ્છનાયક પદ ૧૫૧૭ સ્વર્ગવાસ સં. ૧૫૩૭) એ દીક્ષા આપી લાવણ્યસ-

અંતે—

> ક્રોધ નથી પોષિઉ મઈ રતી, વાત કહીછઈ સઘલી છતી;
> બોલિઉ શ્રી સિદ્ધાંત વિચાર, તિહાં નિંદાનું સિઉં અધિકાર. ૧૭૪
>
> જીવ સવે મઝ બંધવ સમાં, પડઈ વરાંસઇ ધરિજ્યો ક્ષમા,
> જે જિમ જાણઈ તે તિમ કરૂ, પણિ જિનધર્મ પરૂ આદરૂ. ૧૭૫

મય એ નામ આપ્યું. સમયરત્ન ગુરૂએ વિદ્યા આપી. કવિ પોતે જણાવે છે કે ' મેં સરસ્વતી માતાની કૃપા કરવાથી મને સોળમા વર્ષમાં વાણી (કવિત્વશક્તિ) ઉદ્‌ભવી જેનાથી પોતે છંદ, કવિત, ચોપાઇ, અને ગદ્યપદ્યવાળા સરસ રાસ રચ્યા. વળી અનેક પ્રકારનાં ગીત રાગ રાગણી અને સંવાદ રચ્યાં. (મેં,) રસવાળાં કથન કહ્યાં છે, પણ જુદાં કાવ્ય કર્યા નથી. મોટા મોટા મંત્રીઓ અને રાજાઓને પણ ખુશી કર્યા છે. ઘણા વિશાળ પ્રદેશમાં જેનો ઉપદેશ પ્રસર્યો છે, અને જેના ઉપદેશથી ઘણે ઠેકાણે દેહરાં તેમજ ઉપાશ્રય થયા છે, મોટા મોટા મીર (સરદાર) અને માલિક (જમીનદારો–રાજા) જેને નમે છે, તેને (પોતાને) પંચાવન (સં. ૧૫ ૫૫) મા વર્ષમાં પંડિતપદ મળ્યું. જે ગણિ તપાગચ્છના શણગારરૂપ શોભે છે, અને જે દેશ પરદેશમાં વિચરે છે, તે સોરઠ દેશમાં ગિરનાર પર થઇને ગુજરાતમાં આવ્યા. અણહિલવાડ પાટણ પાસે માલસમુદ્ર (પાટણથી પશ્ચિમે પાંચ ગાઉપર ' માલસુંદ ' ગામ છે તે હશે !) માં ચોમાસું રહ્યા. અહીંના સકળ સંઘે વિનવણી કરી એથી વિમળ રાસનું કવન કર્યું. સં. ૧૫૬૮ ના આસો માસમાં પાર્શ્વનાથ જિનેશ્વરની પાસે શુદ પક્ષે રવિવારે મૂળ નક્ષત્રમાં વિમળરાસનું વૃત્તાંત પૂરૂં કર્યું. " આ કવિની સં. ૧૫૮૯ સુધીની કૃતિઓ આમાં જણાવ્યા પ્રમાણે મળી આવી છે, તે પરથી ત્યાં સુધી તેમનો જીવનકાળ અવસ્ય હતો એ સિદ્ધ થાય છે. ક્યારે સ્વર્ગસ્થ થયા એ જાણવા કંઇ સાધન ઉપલબ્ધ થયું નથી. વિશેષ હકીકતો તેમની સર્વ કૃતિઓ વાંચી વિચારતાં અંતરંગ પ્રમાણથી મેળવી શકાય તેમ છે.

ધન ધન જિનશાસન.
અમ્હ ગુરૂ શ્રી સોમસુંદર સૂરિ, જાસુ પસાઈ દુરિઆં દૂરિ,
તપગચ્છનાયક સુગુણનિધાંન, લક્ષ્મીસાગર સૂરિ પ્રધાન. १७६
શ્રી સોમજય સૂરીંદ સુજાણ, જસુ મહિમા જગિ મેરૂ સમાણ,
અહનિસિ હરષિ પ્રણમુ પાય, સુમતિસાધુ સૂરિ તપગચ્છરાય. १७७
ગુણમંડિત પંડિત જયવંત, સમયરત્ન ગિરૂઆ ગુણવંત,
તસુ પય કમલિ ભમર જિમ રમૂં, ઈણિપરિ ભગતિઈં દિન નીગમૂં. १७८
જસુ મહિઅલિ રૂઅડઉ જસ વાઉ, તે સહિ ગુરૂનુ લહી પસાઉ,
એ ચઉપઇ રચી અભિરામ, લુંકટ વદન ચપેટા નામ. १७६
સંવચ્છર દહ પંચ વિશાલ, ત્રિતાલા વરષે ચઉસાલ,
કાતી શુદિ આઠમિ શુભ (રવિ) વાર, રચી ચઉપઇ બહુત વિચાર. १८०
નરનારી એકમનાં થઇ, ભણઇ ગુણઇ જે એ ચઉપઈ,
મુનિ લાવણ્યસમય ઇમિ કહઇ, તે મનવાંછિત લીલા લહઇ. १८१
—ઈતિ શ્રી સિદ્ધાંત ચતુષ્પદી. લુંકટ વદન ચપેટાભિધાના.

લિખિતા પરોપકારાય. શુભં ભવતુ લેખક પાઠકગો:-શ્રી. આની સાથે આજકવિનું રચેલું એક ગીત છે. (પ્ર. કા.) -૮-૧૩ વિ. ધ.

—સંવત ૧૬૪૬ વર્ષે ચૈત્ર માસે શુક્લ પક્ષે ચતુર્દશી બુધે લષિતં સ્વપરોપકારાય લિષિતં ॥ પં૦ કુશલતિલક ગણિ શિષ્ય કલ્યાણતિલક લિષિતં ॥ શ્રી શ્રમણસંઘસ્ય શુભં ભૂયાત્-ભાન. પૃ. ૨૩-૩૧ પં. ૧૩

(૧૦૨) સ્થૂલિભદ્ર એકવીસો સં. ૧૫૫૩ ની દીવાળી.

આદિ—

આવિઉ આવિઉ રે આવિઉ જલહર ચિહું પખે,
સોહાવિઉરે માસ આસાઢ સુણઉ સખે
નિત સમરૂં રે જેહનું નામ સદા સુખે.
સોઈ સામીરે સ્થૂલિભદ્ર જે નાવઈ રખે.

* * * *

અંતે—

સંવત પંનર ત્રિપનઈ સંવત્સરે દિવસ દીવાલી તણુઉ
થૂલિભદ્ર ગાયુ મય સુણાયુ એકવીસુ એ ભણુઉ
ઋષિ મુનિવરરે મયણુનિ આંણુ મનાવીઉ
જોઉ જિનવરરે શાસનિ સોહ ચડાવીઉ
જસુ કીરતિરે મહીયલિ ઝાઝી ઝગમગઈ
ચઉરાસીરે ચઉવીસી જો જાં લગઈ.
જાં લગઈ મહીયલિ મેરૂ સાગર ઇંદ ચંદ વખાણીઇ,
નક્ષત્રમાલા રવિઝમાલા સીલ જસ તાં જાંણીઈ
શ્રી સ્થૂલિભદ્ર મુનીંદ્ર રાજા ચિત્તિ ચોષઈ ગાઈઇ
લાવણ્યસમય સુરંગિ બોલઈ અંગિ નિરમલ થાઈઈ. ૨૧

—વિ. ધ. ; ૮-૧૪ લીં.

(૧૦૩)+ ગૌતમપૃચ્છા ચઉપઈ સં. ૧૫૫૪ ચૈત્ર સુદ ૧૧ ગુરૂ

આદિ—

સકલ મનોરથ પૂરવઈ, ચઉવીસમુ જિણંદ
સોવનવન સોહઇ સદા, પેખ્યઇ પરમાણંદ. ૧

* * * *

અંતે—

કવિ કહિ હું સિઉં બોલું બહુ, જાણુ ચતુર છઉ તુમ્હે સહૂ,
પુણ્યકાજ કરિસ્યઉં એક સસાં, સવિ સુખ લહસિઉ વિસઈ વિસા. ૮
શ્રી મુખી ગૌતમ પૃછા કરઈ, વીર સરિખા સંસય હરઈ,
બિહુનિ વાણિ અમૃત સમાન, અમૃતવાણી પહિલઉ અભિધાન. ૯
એ ચઉપઈ રચી ચઉસાલ, કુણ સંવત નઇ કેહુ કાલ,
વરિસ માસ કહિસ્યૂં દિન વાર, જોઇ લેજ્યો જાણુ વિચાર, ૧૦
પહિલું તિથિની સંખ્યા આણિ, સંવત જાણિ ઇણિ અહિનાણી
બાણુ વેદ જઉ વાંચઉ વામ, જાણું વર્ષ તણું એ નામ. ૧૧

વાસુપૂજ્ય જિણુવર બારમું ચૈત્રથિ કો માસ જિતે નમું,
અજૂઆલી ઇગ્યારિસિ સાર, તહીઇ સુર ગુરૂ ગિરૂઉ વાર. ૧૨
દૂહા ચઉદ અનઇ ચઉપઇ, ઇકિ જપમાલી પુરી હૂઇ,
ઉપર અધિકો પાઠ વખાણિ, તે સંખ્યાના મણિયો જાણિ. ૧૩

* * * *

તપગચ્છ નાયક આણુંદ પૂરિ, વંદુ સિરિ **સોમસુંદર** સૂરિ,
તસુ અનવઇ સોહઇ ગુરૂચંદ, સિરિ **લખમીસાગર** સૂરીંદ. ૧૧૮
અણજાણતા કહિઉ જે અતી, અધિકૂં ઓછઉં ખમિઓ વલી,
સુનિ **લાવણ્યસમઇ** કહિ એ ઇરિયઉં, ધન મન જે જિનચલણે વસિઉં ૧૧૯

—લખ્યા સં. ૧૯૦૭ પ્ર. કા.

—૬-૧૨ ઘો. —પ્રકાશિત ભીમશી માણેક.

(૧૦૪) આલોયણ વિનતિ સં. ૧૫૬૨ વામજ નગરમાં.

આદિ—

આજ અનંતા ભવ તણુંરે, કીધાં અતિ ઘણુંરે
મુજ એહજ ટેવ તુ,
પાપ આલોઉં આપણાં, સુણિ સમરથરે, **સીમંધર** દેવ તુ. ૧
થોડિ **સીમંધર** સામીયાં—આંકણી.
કરૂં વિનતીરે કરૂં બે કરજોડિ તુ,
ષોડ નહિં કહતો પરૂં ભમ્યો ભવતણીરે કહું કેતલી કોડિ તુ. છો. ૨

* * * *

અંતે—

સંવત **પનરબાસિઠઇ** આદિશ્વરરે અલવેસર સાપ તુ,
વામિજમાંહિ વીનવ્યો, **સીમંધરરે** દેવદર્શન દાખિ તુ. ૫૪ છો.
અમિઅ ઠર્યો આણુંદ ભર્યો આજ મેં કર્યોરે પોતિં
સુકૃત ભડાંર તો,

ભવ ભવ સાગર ઉતર્યો ચીત્તજ ધર્યોરે જિન મુક્તિદાતાર તો
૫૫ છો૦

ઇણુ પરિ પાપ આલોઇઆં જેઅ દુભવ્યાં રે જીવ ઘોર અનંત તો,
આલોઈ જિન છોડવિં ઇસિું પુઝવીરે જિનરાજ મહંત તુ ૫૬ છો૦
તુમ નામિં હું નિર્મલ થયો મુઝ ભિ ગયોરે પાતિક તણુ દુર તુ,
મુનિ લાવણ્યસમઇ ભણુઇ નિત વાંદસ્યુંરે પ્રભુ આણુંદ પૂર તુ. ૫૭ છો૦
(વિ. ધ. ચોપડો પા. ૧૬૮-૧૭૦) મારી પાસે ૩-૧૨.

(૧૦૫) નેમનાથ હમચડી સં. ૧૫૬૨ (૬૪)

આદિ—

સરસ વચન દીયો સરસ્વતીરે ગાયસ્યું નેમકુમારો
સામલવરણુ સોહામણો, તે રાજીમતી ભરતારો રે હમચડી ૧

* * * *

અંત—

હમચી હમચી હમચડીરે હમચી છઇ ચુરાસી,
મુનિ લાવણ્યસમય ઇમિ બોલઈ, હમચી હરષિઈ વાસીરે હ૦ ૮૧
સંવત પનર બાસઠે (પા. ચુંસઠે) રે ગાયુ નેમિકુમારો
મુનિ લાવણ્યસમય ઇમ બોલઇ, વરતિઉ જયજયકારોરે-હ. ૮૩
—મારી પાસે છે.

(૧૦૬) સેરીસા પાર્શ્વનાથ સ્તવ. સં. ૧૫૬૨

આદિ—

સ્વામિ સુહાકર શ્રી સેરીસઈ, પાસ જિણેસર લોડણુ દીસઇ,
દીસઈ લોડણુ પાસ પરગટ, પુહવિ પ્રત્યાપૂર એ,
સેવતાં સંપત્તિ સુકવિ જપંતિ સઅલ સંકટ ચૂર એ,
એ અચલ મૂરતિ સકલ સૂરતિ આદિ કોઈ ન જાંણુ એ.
ઇમિ સુણીય વાણી હૃદય આણી સુગુરૂ એમ વખાણુ એ.' ૧

× × × ×

અંત—

પાસ કલ્યાણુક દસમ દીહાડએ, મહીયલ મહિમા પાસ દેખાડ એ,
દેખાડ એ પ્રભૂ પાસ મહિમા સંઘ આવે ઉમટયો,

ધ્વજ પૂજ મંગલ આરતી તેણેં પાપ પૂરવનાં ઘટ્યાં.
સંવત પન્નર બાસઠિ પ્રસાદ **સેરીસા**તણેઃ
લાવણ્યસમેં ઈમ આદિ બોલેં નમો નમો ત્રિભુવનધણી. ૧૫

(૧૦૭) **રાવણ મંદોદરી સંવાદ.** સં. ૧૫૬૨ (આગળ જુઓ)

(૧૦૮) **વૈરાગ્યવિનતિ** સં. ૧૫૬૨ આસો શુદ ૧૦

આદિ—

જય પઢમ જિણેસર અતિ અલવેસર, આદીસ્વર ત્રિભોવનધણીય,
શેત્રુંજ સુખકારણ સુણિ ભવતારણ વીનતડી સેવક ભણીય. ૧

* * * *

અંતે—

સેવકમાંહિં સમુહતુ થાપુ, આદીસ્વર અવિચલ પદ આ,પુ
તપગછિ શ્રીય **હેમવિમલ** સૂરીંદ, તાસ વયણિ કીધૂ આણંદઈ ૪૬
પંનર બાસઠઇ આદિજિન તુઠ્ઠઈ, કરી વીનતી ભિલટિ ઘણુઇએ,
આસો મસવાડઇ દસમીં દિહાડઇ. મુનિ **લાવંન્યસમઇ** ભણઇ એ. ૪૭

—ગ્રંથાગ્ર ૭૧-વિ. ધ. ચોપડો ૧૬૭-૧૭૦. મારી પાસે ૨-૧૭.

(૧૦૯) **સુરપ્રિય કેવલી રાસ.** સં. ૧૫૬૭ આસો શુદ રવિ ત્રંબા-
વતી (**ખંભાત**) માં

અંતે—

શ્રેણિક હીયડઇ હરષીયા, રંજી પરષદિ બાર,
મુનિ **લાવણ્યસમઈ** ભણઈ, વરત્યઉ જયજયકાર. ૧૯૭
સંવત **પંનર સત(ડ) સઠઈ** આસો સુદિ રવિવાર [પા. સોમવાર]
રચિઉં ચરિત્ર સોહામણું, **ત્રં**બાવતી મઝારિ. ૧૯૮
તપગછિ ગુરૂ **ગોયમ** સમા, **સોમસુંદર** સૂરિરાય,
સમયરત્ન સહિ ગુરૂ જયઉ, પામી તેહના પાય. ૧૯૯
કાંઈ કવિ મતિ કેલવણ, કાંઈ શાસ્ત્ર વિચાર
ગાઉં **સુરપ્રિય** કેવલી, ગુરૂ **સરસતિ** આધારિ. ૨૦૦

—લિખાપિત ચ શ્રી થિરાદ્રપદ્રે સં. ૧૬૧૪ વર્ષે. પ્ર. કા.
—ગ્રંથાગ્ર ૨૩૧ પ્રે૦ ૨૦; જેસ૦ ; ખં.

(૧૧૦) + **વિમલ પ્રબંધ** (રાસ) સં. ૧૫૬૮ આસો શુ. રવિ માલ સમુદ્રમાં.

આદિ— વસ્તુ.

આદિ જિણવર આદિ જિણવર પ્રથમ પ્રણમ્યોસુ
અંબાઇ ધુરિ **અ**ર્બુદા સકલદેવિ શ્રીમાત ધ્યાઉં
પુમાવય ચક્કેસરિ વાગ્વાણિ ગુણ રંગિ ગાઉં
સહિ ગુરૂ આયસ શરિ ધરી આલસ અલગ કરેશિ
કહિ કવિઅણ હૂં વિમલમતિ, **વિ**મલ પ્રબંધ રચેશિ. ૧

ચુપૈ.

સરસતિ વરસતિ વાંણિ સાર, કહિ કવિઅણ મઝ તસ આધાર,
સરસતિ વિણ જે બોલ્યા બોલ, તે પ્રમાણિ નવિ ચડઇ નિટોલ. ૨

* * * *

અંતે—

પામી **સ**રસતિ દેવી પસાંઇ ગાયઉ મંત્રિ **વિ**મલ નરરાય,
રચિઉ રાસ તે કુણ કવિરાજ, કેણઈ થાનકિ કિમ પ્રગટિઉ આજ. ૩૦
ગૂજરદેસ દેસ નવરંગ, **પ**ટ્ટણ નગર પ્રસિદ્ધઉં ચંગ,
સંઘ મુખ્ય શ્રીમાલી **મં**ગ, કરઈ પુણ્ય જગિ મોટા યંગ. ૩૧
દીઇ દાંન વ્યવહારી વાદી, તિહાંથી આવ્યા **અ**મદાવાદિ,
ત્રિણિ પુત્ર તસ કુલ શ્રંગાર, પ્રથમ પુત્ર **શી**ધર સુવિચાર. ૩૨
અજદરપુરિ કીધા આવાસ, ઝમકલ દેવી ઘરણી તાસ,
ચ્યારિ પુત્ર તેહનઈ જિનમતી, પંચમ પુત્રી **લી**લાવતી. ૩૩
વસ્તુપાલ જમલિ **જિ**ણદાસ, ત્રીજુ બંધવ **મં**ગલદાસ,
ચતુર ચંગ ચઉથઉ **લ**હૂરાજ, તેહનઇ પુણ્ય સરીસૂં કાજ. ૩૪
ધર્મશાલ જિનમંદિરપાશિ, **સ**મઇરત્ન ગુરૂ તિહાં ચુમાશિ,
જનમયોગ દેખાડિઉ યશાઇ, સહિગુરૂ હૃદય વિમાંસઇ તિશઈ. ૩૫

સંવત્ ૧૫૨૧ ભિન્ન, શકે તેર છયાશીઉ પ્રસન્ન,
પોષ વદી દિન ત્રીજ પવિત્ર, આવિઉ અશ્લેષા નક્ષત્ર. ૩૬
ઘડી પાછિલી જવ નવરાતિ, જન્મ અર્ક ઉગીઉ પ્રભાતિ,
તુલા લગ્ન સરિસુ સંકેત, મૂરતિ મંગલ જમલુ કેત. ૩૭
વૃશ્ચિકિ બુધ રવિ ત્રીજઈ રહિઉ, શુક્ર મકરિ તે ચઉથઇ કહિઉ,
ગુરૂ શનિ કુંભિ રહ્યા પાંચમઈ, મેષિ રાહુ સોહઇ સાતમઇ. ૩૮

દસમઇ ચંદ રહિઉ નિજ ઘરે, જન્મયોગ જોઇઉ સહિગુરે,
હૃદયસ્થલિ રવિ નક્ષત્ર વશિઉં, સહિગુરિ વચન પ્રકાસિઉં ઇશૂં. ૩૯
સુણઉ શ્રેષ્ટિ હોશિ તપ ધણી, કઇ એ જાશઇ તીરથ ભણી,
કઈ એ થાશઈ મોટઉ યતી, વર વિદ્યા હોશઇ દીપતી. ૪૦
ગુરૂવચને વઇરાગી થયુ, માતતાત પય લાગી રહિઉ,
જેઠ સુદિ દિન દસમી તણઉ, ઉગણત્રીસઇ ઉચ્છવ ઘણઉ. ૪૧
પાટણિ પાલ્હણપુરી પોસાલ, જંગ હુઇ ચઉપટ ચુસાલ,
દિઈ દીક્ષા અતિ આણંદપૂરિ, ગચ્છપતિ લખિમીસાગરસૂરિ. ૪૨
સંઘ સજન સહૂ સાખી સમઈ, નામ ઠવિઉં મુનિ લાવણ્યસમઈ,
નવમઇ વરસિ દીષવર લીધ, સમયરત્ન ગુરિ વિદ્યા દીધ. ૪૩
સરસતિ માત મયા તવ લહી, વરસ સોલમઈ વાંણી હુઈ,
રચિઆ રાસ સુંદર સંબંધ, છંદ કવિત ચઉપઇ પ્રબંધ. ૪૪
વિવિધ ગીત બહુ કરિયાં વિવાદ, રચીયા દીપ સરસ સંવાદ,
સરસ કથન નહીં આલી કવઇ, મોટા મંત્રિરાય રંજવઇ. ૪૫

જસ ઊપદેસ હવુ સવિશાલ, બહુ થાનિક દેહરાં પોસાલ,
મીર મલેક તે માંડઇ વિનઇ, પંડિત પદ તે પંચાવનઈ. ૪૬
સોહઈ ગણ તપ ગચ્છ શણુગાર, દેસ વિદેશિઇ કરઇ વિહાર,
સોરઠ દેશિ રહી ગિરનારિ, પુહતા ગુજ્જર દેશ મઝારિ. ૪૭
અણુહિલવાડા પટ્ટણ પાશિ, માલસમુદ્રિ રહિઆ ચઉમાસી,
ઓલ સકલ સંઘિઇ વીનવિઉ, વિમલરાસ તેણઇ કારણિ કવિઉ. ૪૮
અઠ્ઠસઠાનિ આસો માશિ, કીધઉ પાસ જિણેસર પાસિ,
મૂળ નક્ષત્ર નિર્મલ રવિવાર, પૂરૂ વિમલરાસ વિસ્તાર. ૪૯

વસ્તુ.

રાસ રચિઉ રાસ રચીઉ નવલ નવ પંડિ,
તસ ઉપ્પરિ ઇકિ ચૂલિકા, ધ્યાનિ પાસ ગઅવીઉ ધ્યાયુ,
વિમલ શ્રી વર્ણન કરિઉં, સરસ રાસ પદબંધ ગાયુ;
સંવત પંનર અઠ સઠઇ (૧૫૬૮) વહુ રાસ વિસ્તાર,
તે પ્રમાંણિ પૂરૂં ચડિઉં, માલસમુદ્ર મુઝારિ. ૫૦

* * * *

ચોપઇ.

વાત કેતલઇ આગઈ હવી, કેતાં વચન કહિયાં કેલવી,
અધિકે ઊણે લાગાં પાપ, સંઘ સમક્ષ પમાવૂં આપ. ૫૯
હૂં સવિ મૂરખ માંહિઇ ધુરી, હીઅડઈ મતિ નાઠી તેહવી પરી,
જે અક્ષર કવિઇ જગિ જાંણુ, તે સવિ સરસતિ તણઉં વખાંણુ. ૬૦
જે જાણુઈ જિન ધર્માચાર, જાંણુઈ જીવ જિગોદ વિચાર,
જે કવિ જગિ મોટા મઝ થિકા, હૂં તેહના પયની રેણુકા. ૬૧

* * * *

દુહા.

દૂહા છંદ કવિત મિલી, ભાષા વિવિધ વચન્ન,
વિમલરાસ અંકે અછઈ, તેરસયા છપ્પન્ન. ૬૭

બત્રીશે અક્ષરિ થિકો, બાંધઇ ગ્રંથહ માન,
સત્તરશત લીહિ અગ્ગલા, એહ ગ્રંથનું ન્યાન. ६८

નવરંગ નવલા ખંડ, તે રચીઉ રાસ અખંડ,
જે સુણત સવિ સંયોગ, યે ભણુતલાં લહીઇ ભોગ,
જે ભણત લહીઇ ભોગ ભૂતલિ, ભણતિ મુનિ લાવણ્યસમઇ,
કિત્તિ વિમલ વાણી વિમલ, વિમલઘરિ રિધિ વૃદ્ધિ રમઇ ६९

—સં. ૧૫૮૪ વર્ષે પોષ શુદિ દશમ્યા તિથૌ ગુરૂદિને ભીમેન લિખિતં. શ્રી શ્રીમાલજ્ઞાતીય સુશ્રાવક સાહ શ્રી વનજી જૂઠા પઠનાર્થં લિખિતં. સંશોધક અને પ્ર૦ મણિલાલ બકોરભાઈ વ્યાસ; ६१–१५ લીં.

(૧૧૧) કરસંવાદ—સં. ૧૫૭૫ (૪) સાતિનગરમાં.

આદિ—

પહિલૂં પ્રણમિસુ સારદા, જસ કરિ વીણા નાદ,
આદીસ્વર આદિઇં કરી, ગાઇસું કરસંવાદ.

* * * *

અંતે—

મુનિ લાવણ્યસમઈ કહિ જોઈ, જિહાં જિહાં સંપ તિહાં રવ હોઈ. ६५
સંપિઇ લહીઇ ધનની કોડિ, સંપિઈ અંગિ ન લાગઈ ખોડિ,
સંપિઈ વયર ન વાધઇ રતિ, સંપ વખાણઈ શ્રી જિનમતિ. ६६
માલવ મરહઠ સોરઠ સાર, ગૂજર દેશ સવિહુ સિણગાર,
વિનયવિવેક વિચાર વિશેષ, દીસઇ ધર્મ્મતણુઉ બહુ દેખ. ६७
જિહાં પોઢાં જિણહર પોસાલ, વસઈ લોક દીપતા દયાલ,
શાંતિજ (સાતી) નગર મંડિ સુવિશાલ, ગાયુ કરસંવાદ રસાલ. ६८
*સંવત પનર પંચિહુતરઇ, મુનિ લાવણ્યસમઈ ઉચરઈ,
પામી ચંદ્રપ્રભ જિનરાય, બેકર સંપિઈ પૂજઈ પાય. ६९

—(મ. બ.)

*બીજી પ્રતમાં—

'સંવત પનર ચમોતરે' એમ ઐ. રાસ સંગ્રહ ભાગ ૨ ના પરથી લાગે છે.

(૧૧૨) અંતરીકપાર્શ્વ જિનછંદ સં. ૧૫૮૫ (૮૬) વૈશાખ શુ. ૩

આદિ—

સરસ વચન દ્યો સરસતી માત, બોલીસ આદિ જસ વીખ્યાત,
અંતરીક ત્રીભાવનો ધણી, પ્રતિમા પાસ જિનેસર તણી. ૧
લંક ધણી જે રાવણરાય, તેહ તણો બહેની કહેવાય.
ષરદૂષણ નામેં ભુપાલ, અહનીસ ધર્મતણો પ્રતીપાલ. ૨

* * * *

અંત—

સંવત પનર પંચ્યાસીયા (પા. છયાસીઉ) વષાંણુ, સુદિ વૈસાષ તણો દિન જાંણુ,
ઉલટ આષાત્રીજેં થયો, ગાયો પાસ જિણેસર જયો. ૫૩
હું સેવક છું તાહરો સ્વાંમ, હું લીનો છું તાહરે નાંમ,
મુનિ લાવન્યસમેં કહેં મુદા, તુંમ દરિસણ હું વાંછું સદા. ૫૪

—લિ. પાલણપુર નગરે પં. ઋષભવિજય ગ૦ પં. રંગસાગરેન સં. ૧૮૯૫ શ્રાવણ માસે સીતેતર પક્ષે પુર્ણિમ તિથૌ બલેવદિને વરસાતની ઝડી વરસતેં લીખ્યું છે. શ્રી શ્રેય ભવતુ (અંતરીક્ષ કેશમાં એકસીબિટ હતું તેમાંથી)

(૧૧૩-૧૧૫) ખિમઋષિ (બોહા) બલિભદ્ર યશોભદ્રાદિરાસ. સ. ૧૫૮૯.

+ **ખિમ ઋષિ (બોહા) રાસ.** માઘ રવિ. અમદાવાદમાં

આદિ—

ભારતિ ભગવતિ મનિ ધરી, ગુરૂ પય નમીય પવિત્ર,
બોલિસુ બુદ્ધઈ આગલઉં, બોહા તણઉં ચરિત્ર. ૧
જસ જસવાઇ અછઇ ઘણઉ, જયુ તિ જસભદ્રસૂરિ,
ત્રીજઉ કહીઈ કિન્હરસિ, નાંમઇ' દૂરીયા દૂરિ. ૨

પ્રહિ ઉગમિ નિતુ પ્રણમતાં, લહીઇ નવઈ નિધાન.
ભોજનિ કૂર કપૂર રસ, ભૂપ ભલા બહુમાન. ૩
કવિજન કહિસઈ કેતલાં, જેહના જેહવા ઠામ,
સુણજ્યો સહૂ આદર કરી, આઠ પ્રભાવક નામ. ૪

*   *   *   *

અંતે—

દૂહા.

એહુ ખિમ રસિ કિન્હરસિ, બલિભદ્ર જસભદ્ર સૂરિ.
ત્રિણિ કાલ પ્રણમંતડાં, દુરિઅ પણાસઈ દૂરિ. ૨૧૧

ચોપાઇ

બોલિઉ બોહાનામ પવિત્ર, પરૂઅ જિ ખિમરસિ તણઉં ચરિત્ર,
સંઘ સભા સુણિયો જે જાણ, બોલિસુ બલિભદ્ર તણઉં વખાણ. ૨૧૨

દૂહા.

મુનિ લાવણ્યસમય ભણઈ, જિહ્વા હુસઈ પવિત્ર,
પ્રથમખંડ પૂરૂં કહિઉં, ખિમ રસિ તણઉં ચરિત્ર. ૨૧૩

—ઇતિ પ્રથમ ખંડ.

(૧૧૪) +બલિભદ્રરાસ—

આદિ—

દૂહા.

પુણ્ય પ્રભાવક જાણીઇ, વિદ્યાબલિ બલિભદ્ર,
તસુ ચરિત્ર વખાણીઇં, જસ ગુરૂ શ્રી જસભદ્ર. ૧

*   *   *   *

અંતે—

બોહો બલિભદ્ર તણઉં ચરિત્ર, કહિતાં કાયા પુહવિ પવિત્ર,
સુણયો સભા પુરૂપ જે જાણ, શ્રી જસભદ્રસૂરિ તણઉં વખાંણ. ૧૨૪
બોહુ ખિમરસિ કિન્હરસિ, બલિભદ્ર યશોભદ્રસૂરિ,
તિન્નિકાલ સમરંતડાં, દૂરિય પણાસઇ દૂરિ. ૧૨૦
મુનિ લાવણ્યસમય ઇમિ ભણઇ, જિહ્વા હુસઇ પવિત્ર,
દ્વિતીય ખંડ પૂરૂ કહિઉ, બલિભદ્ર તણઉં ચરિત્ર. ૧૨૬

—ઇતિ દ્વિતીય ખંડ.

(૧૧૫) +યશોભદ્રસૂરિ રાસ—

આદિ—

ભાણઈ કરઈ કયવાર જસ, જસભદ્રસૂરિ ચરિત્ર,
ભણતાં ગુણતાં નિસુણતાં, કાયા હુઈ પવિત્ર. ૧
સંઘ ભણઈ સહિ ગુરૂ સુણઉ, તે તુમ્હે કહુ એકંતિ,
શ્રીજસભદ્ર ચરિત્ર અમ્હ, સુણવા પરીય સુષંતિ. ૨
જસ નામઈ જસ વિસ્તરઈ, પ્રણમંતા પરહોડિ,
મુનિ લાવણ્યસમય ભણઈ, લહીઈ સંપતિ કોડિ. ૩

* * * *

અંતે— ઢાલ. દૂહાનુ

તપગછિ ગુરૂ ગોયમ સમા, શ્રી સૌભાગ્યનંદિ સૂરિ સાર,
શ્રી અમરસમુદ્ર ગુરૂ રાજીઆ, શ્રી હંસસંયમ સાર. ૧૬૫
જયવંતા ગુરૂ જાણીઈ, જાસ નમઈ નરરાય,
શ્રી સમયરત્ન સહિ ગુરૂ જયુ, પ્રણમીય તેહના પાય. ૧૬૬
સંવત પનર નવ્યાસીઈ, માહ માસિ રવિવારિ
અહિમદાવાદ વિશેષીઈ, પુર બુહાદીન મઝારિ. ૧૬૭
સંઘ સુગુરૂ આદેસડઈ, જિહ્વા કરી પવિત્ર,
ઓહા બલિભદ્ર કિન્હરસિ, જસભદ્ર રચિઉં ચરિત્ર. ૧૬૮
ગુણતાં ધરિ ગુરૂઅડિ ધણી, ભણતાં લહીઈ ભોગ,
ગુણતાં થિર કીરતિ હુઈ, સુણતાં સવિ સંયોગ. ૧૬૯
તૃતીયષંડ જસભદ્ર ગુરૂ, ચડીઉ ચરિત્ર પ્રમાણિ,
ધર્મનાથ પસાઉલઈ, બોલિઉં સુલલિતવાણિ. ૧૭૦
ગચ્છ ચઉરાસી ગણધરા, સાધુ સકલ પરિવાર,
ગણિ પવતણિ જે મહાસતી, સંઘ સદા જયકાર. ૧૭૧
ઓહુ ષિમરસિ કિન્હરસિ, બલિભદ્ર જસભદ્રસૂરિ,
તિન્નિ કાલ પ્રણમંતડાં, દુરિઅ પણાસઈ દૂરિ. ૧૭૨

જિનશાસનિ ઉદ્યોતકર, એ રષિ અવિચલ નામ,
મુનિ લાવણ્યસમય ભણઈ, નિતુ પ્રહિ કરૂં પ્રણામ. ૧૭૩

—ઇતિ શ્રી પંડિત લાવણ્યસમય કૃતે બોહા બલિભદ્ર શ્રી યશોભદ્ર ચરિત્રે તૃતીયઃ ખંડઃ સંપૂર્ણઃ—સં. ૧૬૧૧ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે ચતુર્થી રવૌ વાસરે પં. સહજતિલક ગણિ શિષ્ય પં૦ ઇંદ્રિસહજ ગણિ લિખિતં-પરોપકારાય. શુભં ભવતુ. કલ્યાણ મસ્તુ. ચિરં જીયાત્. પ્ર૦ એ. રાસસંગ્રહ ભાગ ૨ જો.

(૧૦૭) રાવણમંદોદરી સંવાદ. સં. ૧૫૬૨. જુઓ પૃ. ૭૫.

આદિ— રાગ શ્રી રાગ

સૂતેલો સીંહ જગાવીઉ, નડીઓ વાસગ નાગરે,
સીત હરી તિં સ્યું કર્યું, રૂઠા **રામ**ના પાગરે-૧
સાંભલિ **રાવણ** રાજીયા, જાસે મહિયલિ મામરે,
સતી **સીતા** તઈ કાં હરી, વિરી વંકડો **રામ**રે-૨ સાંભલિ.

* * * *

અંતે—

જયજયકાર જગત્રિ હુઉઆ, વરત્યા રંગના નાદરે,
સંવત **પંનરઆસઠિ**, રચ્યો રાસ સંવાદરે. જય૦ ૫૯

× × × ×

રામ અજોધ્યાં આવીઆ, સોઈ **સીત** અરધાંગિરે,
મુનિ **લાવંનસમિ** ભણિ, બિઠા રાયનઈ રંગિરે, જય જય. ૬૩

—સં. ૧૬૮૨ વરસે ભાદ્રવા વદિ ૮ લિષતં. ઋ. રાઘવ તથા ગં. વીરદાસા પઠનાર્થે શુભં ભવતુ. ૩-૧૩ મારી પાસે બે પ્રત છે.

(૧૧૬) +દેવરાજ વચ્છરાજ ચોપાઈ (વચ્છરાજ કતપુરમાં. દેવરાજ રાસ)

આદિ—(વસ્તુ)

સકલ જિનવર સકલ જિનવર પાય પણમેવી,
તઉ પણમેવિ ચકકેસરી એક ચિતિ બહુ ભક્તિ કારીઅ;
નિય ગુરતણઈ સુપસાઉલઇ રિદયકમલ નિયમતિ વિમાસીય,

સજ્જન સહુ કઉ સંભલઉ હીયડઇ ભાવ ધરીય,
બોલિસુ નવનવ કવિતરસ, સિરિ વછરાજ ચરીઅ. ૧

* * * *

અંતે—વસ્તુ
પાછિલઇ ભવિ પાછિલઇ ભવિ ઇણિં વછરાજિ
જીવ દયા પાલી ખરી તિણિ પ્રભાવઇં બિહું દેસ પામીય
આપદ સવિ સંપદ હુઈં અનઇ વલી બહુ સુખ પામીય
મુનિ લાવણ્યસમઈ ભણઈ ભવીયણ લોહ સહૂઅ.
જીવદયા પાલઉ ષરી, જિમ પામઉ સુખ બહૂઅ. ૪૫
—લિં સવત ૧૬૫૭ પોસ શુદિ ૯ શુક્રે.
ઋષિ વૈરસાલેન—૨૧-૧૧ લીં.

આ રાસ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩ જામાં પ્રકટ થયો છે તેમાં ઉપરનો અંતનો વસ્તુ છંદ નથી. તેમાંથી પ્રશસ્તિની ઢાલ છેલી છે તે અત્ર ઉતારીએ છીએ:—

તપગચ્છ નાયક સહિ ગુરૂએ, માલ્હંતડે લક્ષ્મીસાગરસૂરિ,
શ્રી મુખ સરસતિ વાસિ વસે એ, માલ્હંતડે લક્ષ્મીસાગરસૂરિ.
નામિયેં સંપદ ભૂરિ-૧
અતિ ગિરૂઆ પંડિત પ્રવર, મા૦ સમયરયણ મુણિસાર સૂરિએ,
મુખ સરસતિ વાસિ વસેએ, મા૦ ગુણમણિ તણો ભંડાર. ૨
શિષ્ય તાસ પયતલિ નમીએ, મા૦ નયર કતપુરિ માહિં,
સંભવનાથ પસાઉલે એ, મા૦ રાસ રચિઓ ઉછાહિં. ૩
પહેલો અક્ષર લાભનો એ, મા૦ બીજો ભવનો જાણી,
ત્રીજો પુણ્યવંત બીજહું એ, મા૦ આગલિ સમય ઠવેઈ. ૪
એ કવિ સવિહું નમી કરીએ, મા૦ ઇમ કહે બે કરજોડિ,
અધિક ઓછું બોલતાં એ, મા૦ કુણે મ દેજ્યો ખોડિ. ૫
જ્યાં ગયણંગણિ દિણયર એ, મા૦ જ્યાં શશિકળા નિવાસ,
મેરૂ મહીધર સાયર એ, મા૦ ત્યાં લગે પ્રતપો એ રાસ. ૬

એહ રાસ વછરાજનો એ, મા૦ ભાવ સહિત નરનારિ,
ભણે ગુણે જે સાંભળે એ, મા૦ નવનિધિ તિહિં ઘરબારિ- ૯
—૭ ખંડનો રસિક રાસ છે. પા. ૩, ડે; રત્ન અમ,

(૧૧૭) +સુમતિસાધુ સૂરિવિવાહલો

આદિ—

સરસાત સામિણિ દિઉ મતિદાન મઝ મનિ અતિ ઉમાહલઉ એ,
સુણિજ્યો ભવિયણ ભાવ ધરેવિ ગાયસુ સુગુરૂ વિવાહલુ એ. ૧
મહિયલિ મોટઉ દેશ વિસેસ મેદપાટ જગિ જાણીઇ એ,
વારૂઅ વન વનિતા અભિરામ જાઉર નયર વખાણીઈ એ. ૨
વાપી કૂપ સરોવર ચંગ રંગ કરઈ નિતુ જોઅંતાંરે,
વાડીઅ વર ઉધાન વિવેક હેલાં જન મન મોહંતા એ. ૩

* * * *

અંતે—

લક્ષ્મીસાગર સહિગુરૂ એ માહલંતડે, સીસ શિરોમણિ તાસ,
તપગચ્છ મંડન સહિગુરૂએ મા૦, પૂરઉ ભવિઅણ આસ. ૭૯
સુજન સહુકો સાંભલઉ મા૦ પ્રણમઉં એ કરજોડિ,
સુમતિસાધુ સૂરિ સેવતા મા૦, લહીઈ સંપદ કોડિ. ૮૦
પઢસિઈ ગુણસિઇ નિસુણસિઇ મા૦, વીવાહલુ એ સાર,
કવિ લાવણ્યસમય ભણઇએ મા૦ તસુ ઘરિ જય જયકાર. ૮૧
નવ નવિઅ વાણિહિં મતિ વિનાણિહિં હિયઇ હરિષ ઘણઉ ધરી
મઈ એક ચિત્તિહિ કરીઅ ભત્તિહિં અંગિ આલસ પરિહરી.
જાં સાત સાયર વર દિવાયર ગયણિ રોહિલિ ચંદલુ,
તાં એ અનોપમ સુગુરૂ સરિસઉ જયઉ જગિ વીવાહલુ. ૮૨
—ઐ. રા. સં. ૧.

(૧૧૮) રંગરત્નાકર નેમિનાથ પ્રબંધ

આદિ—

સ્મૃત્વા શ્રી શારદાં નેમે શ્છંદોભિ વિવિધૈ વરૈઃ
પ્રબંધં બંધુરં કુર્વે રંગરત્નાકરાભિધં ૧

સારદ સાર દયાપર દેવી, તુઝ પય કમલ વિમલ વંદેવિ,
માગું સુમતિ સદા તઈ દેવી, દુરમતિ દૂરિથિકી નિંદેવિ. ૨
હિવ હૂં બોલું મેલ્હી માયા, તૂં કવિયણજણ કેરી માયા,
બહુ ગુણમણિ તુઝ અંગિ સમાયા અવગુણ અવર અનંત ગમાયા. ૩
તુઝ તનુ સોહઈ ઉજ્જલ કંતિ, પૂનિમ સસિહર પરિ ઝલકંતી,
પય ઘમઘમ ઘુગ્ઘર ઘમકંતી, હંસગમણિ ચાલઈ ચમકંતી. ૪
ચાલઇ ચમકંતી, જગિ જયવંતી, વીણા પુસ્તક પવર ધરઈ,
કરિ કમલ કમંડલ કાન્હે કુંડલ રવિમંડલ પરિ કંતી કરઈ;
હિયડઈ હિત આણી સુણિ મઝ વાણી, જઈ હુ તુઝ બહુ માન લહું,
તુ મન આણંદિઈ, નેમિ જિણ વંદિઇ, નવ નવ છંદિઈ છંદ કહું. ૫

* * * *

અંતે—પ્રથમોધિકાર.

એમહ મન ઊમાહિ પાઇ સરસતિ સિરનામી,
સમયરત્ન ગુરૂરાય પાય પુણ તેહના પામી
પુહવિ પ્રસિદ્ધઉ પ્રગટ પ્રથમ અધિકાર સુણાવિઉ
નેમિ સહિતિ પરિવાર નયરિ આણંદિઉ આવિઉ
પરિણાવા ઉત્સવ કહું આદિ પૂજઇ મનની રલી,
લાવણ્યસમય તે બુલિસિઈ, જુ હુસિઇ અવસર વલિ.

—(મ. બ.)

(૧૧૯) દઢપ્રહારી સઝાય.

આદિ—

પય પણમીઅ સરસતિ સરસતિ વચન વિલાસ,
મુનિવર કેવલધર ગાઇસુ મહિમનિવાસ. ૧

અંતે—

ઇતિ દઢપ્રહાર કેવલધર કેરૂં સુણીઇ સારચરિત્ર,
જિણિ ચ્યારઇ હત્યા ઊતારી, કાયા કરી પવિત્ર,

વિબુધ પુરંદર **સમયસુંદર** તસુ પય પામી,
સીસાલસ **લાવણ્યસમયમુનિ** જંપઈજઈ સિદ્ધિગામી. ૨૪

(૧) ચૌદ સુપનાની સઝાય.

શ્રી જિનવરે ભાખીયા, સહે ગોરી સાખીયા એ,
અધિકાર એ રૂઅડોએ;
સુપન તે વારૂ એ મહિમા તે સારૂ એ;
મુનિ લાવણ્યસમે એ એમ ભણે એ. ૪૬

(૨) +ગૌતમ છંદ. ૭૨ સ. મા. ભી. (૩) જીરાઉલા પાર્શ્વનાથ વિનતિ (૪) પંચતીર્થિ સ૦ (૫) રાજમતી ગીત (૬) પંચવિષય સ૦ (૭) આઠમદની સ૦ (૮) સાતવારની સ૦ (૯) પુણ્યફલની સ. (૧૦) આત્મબોધ સ. (૧૧) દાનની સ. (૧૨) મનમાંકડ સ. (૧૩) હિતશિક્ષા સ. (૧૪) શ્રાવક વિધિ સ૦

આદિ—

પ્રણમી વીર જિણેસર પાય, વંદી ગોયમ ગણધર રાય;

અંત—

લાવણ્યસમઇ મુનિવર ઇમિ કહઇ, મુગતિ વધૂ તસ લીલાં વરઇ. ૨૦

(૧૫) દાનની સઝાય.

આદિ—

એક ઘર ઘોડા હાથિયાજી, પાયક સંખને પાર,
મે.ટા મંદિર માલીઆંજી, વિશ્વતણો આધાર—
જીવડા, દીધાનાં ફલ જોય.

(૧૬-૧૯) +સઝાયો.

આત્મ પ્રબોધ, નેમરાજુલ બારમાસો, વૈરાગ્યોપદેશ પૃ. ૯૩, ૩૬૪, ૩૭૪, સ. મા. (ભી.) પુણ્ય પૃ. ૩૧ સ. મા. સં.

(૧૨૦) પાર્શ્વજિનસ્તવન પ્રભાતી. ૩૭ ટુંકનું કાવ્ય.

આદિ—

**વામાનંદન જિનવર પાસ, તુંતો ત્રિભોવન લીલ વિલાસ;
વિનતિ છોડિ ભવપાશ, હું છું દેવ તુમારો દાસ.** ૧

અંતે—

હું આવ્યો સરણ તમતણે, રાખો મન ઉલ્લટ આપણે;
મુનિ લાવનસમે ઇમ ભણે, તુમ્હ તુઠે નવનિધ આંગણે. ૩૭

(૧૨૧) ચતુર્વિંશતિ જિન સ્તવન—માલિની છંદમાં ૨૭ કડીઓ અને છેલ્લી ૨૮ મી હરિગીતમાં.

આદિ—

કનક તિલક ભાલે હાર હીઈ નિહાલે,
ઋષભપય પખાલે પાપના પંક ટાલે;
અર જિનવર માલે ફૂટરે ફૂલ માલે.
નરભવ અજુઆલે રાગ નિંઈ રોસ ટાલે,

અંતે—

× × × ×

તવગછ દિવાયર લબ્ધિ સાયર સોમદેવ સૂરીસરો,
શ્રી સોમજય ગણધાર ગિરૂઆ સમયરત્ન મુનીશ્વરો;
માલિની છંદઇ કય પઅંધિઇ તવિયા જિન ઊલટ ઘણુઇ,
મઈ લહિઉ લાભ અનંત મુનિ લાવણ્યસમય સદા ભણઈ. ૨૮

અમ૦ ડે૦, વિ. ધ.

૬૭ નરપતિ.

૧૨૨-નંદ બત્રીસી. સં. ૧૫૪૫ સાતમ મંગળવાર.

આદિ—

લંબોઅર કવિશય શય ધરંતિ, હંસવાહન તે મુખિ વશંતિ,
અવિ આવલઈ મુરતિ ગંમ, વિવેકી નર તિહાં કરૂં પ્રણામ. ૧
કવિતા સારદ કેરો પુત્ર, તે મુખિ બોલિ સાચં તત્ર,
ઋદય ભાવ સહુ જાણે સદ્ય, કવિતા મુરતિ પરતખ્ય સારદા. ૨

કવિતા સારદા તણુ પ્રણામ, નંદબતીસી કરૂ વખાણ.
સંવત પનરસિ પંચતાલા, તિથિ સાતિમ નિ મંગળવાર. ૩

* * * *

અંતે—

થોડા ભેદ ઘણું જાંણજો, રૂદયભાવ ઘણુ આંણજો,
શ્રવણે સુણતાં સુષ અપાર, કવિ નરપતિ ઇમ કહિઈ વિચાર. ૯૯.
પઢતાં સિધિ બુધિ હો અંતિ, ચતુરપણું તે નર જાંણંતિ,
નારી સીયલપણું આણંતિ, કવિતા નરપતિ ઇમ કહંતિ. ૧૦૦.

—ઇતિ નંદબત્રીસી કથા વિચારવાર્ત્તા સમાપ્તમિતિ. સંવત્ ૧૭૦૦ વર્ષે અશ્વની માસે કૃષ્ણપક્ષે ૧૦ સોમવારે શ્રી ભીલોડાનગરે શ્રી શાંતનાથ ચૈત્યાલયે શ્રી મૂલસંઘે સરસ્વતી ગચ્છે બલાત્કાર ગણે શ્રી કુદંકુંદા ચાર્યાન્વયે ભટ્ટારક શ્રી ૫ રત્નચંદ્રા, તત્સીષ્ય આચાર્યશ્રી અમરેંદ્રકીત્તિ તત્સીષ્ય બ્રહ્મ ભીમજી લખિતં. છ. શુભં ભવતુ. ચીરં જીયાત્. છ. શ્રી, કલ્યાણમસ્તુ, છ. છ. શ્રી. ૬-૧૬ (મારી પાસે છે.)

[આમાં મંગલાચરણ લંબોદર-ગણેશનું કરવામાં આવ્યું છે તેથી કર્ત્તા જૈનેતર હોવાનો સંભવ જણાય પણુ (૧) જૈનકર્ત્તાઓ પૈકી કોઇને ગણેશનું મંગલાચરણુ કરતાં મેં જાણ્યા છે (જુઓ નં. ૮૫ ના કવિના લીલાવતીરાસનું મંગલાચરણુ તેમજ નં. ૮૯ કવિ.) તેથી, તેમજ (૨) આ કૃતિના લેખક-લહીઆ જૈન છે તેથી, અને વળી (૩) આ કથાના ઉપર જરા વિસ્તારથી સં. ૧૫૬૦ માં રચનાર સિંહકુશળ (જુઓ આગળ) પણ જૈન છે તેથી આ કવિ જન હોવાનો વિશેષ સંભવ છે. તે કારણે અત્ર એમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નરપતિ નામના કવિએ વિક્રમાદિત્ય ચોપઈ રચી છે અને તેની પ્રતના બંધન પર શક ૧૫૧૪ માં રચી એમ લખાણુ છે તેથી તેને સત્તરમી સદીમાં મૂકેલ છે.]

---

૬૭ ક. અજ્ઞાતકવિ.

(૧૨૩) મુનિપતિ રાજરૂષિ ચરિત્ર સં. ૧૫૫૦ વૈશાખ વદ ૭ રવિ.

અંતે—

થયું વૈરાગ્ય સેઠિનિ ઘણાં, કરિસ્યું કાજ હવિ આપણું,
ઘણા મહોચ્છવ શેઠિ કીધ, ઋષિ મુનિપતિ કન્હિ દીક્ષા લીધ. ૬૦૦
એહું મુનિવર તેહનું ધ્યાન. પાલિ પંચ માહાવ્રતભાર,
ધ્યાનિ મૌન્યતપ સોસી દેહ, દેવલોકિ દેવ થયા એહ. ૬૦૧
તેહનું ધ્યાન હઇયામાંહિ આણિ, એહું એકાવતારી જાણિ,
મુક્તિપંથ તે જાસિ વહી, શુણુ કથા સંક્ષેપિ કહી. ૬૦૨
સંવત **પંનર પંચાસો** જાણિ, વદિ વૈશાષ માસ મનિ આણિ,
દિનિ સપ્તમી રચિઉ રવિવાર, ભણિ ગણિ તિહ હર્ષ અપાર. ૬૦૩

—ઇતિ શ્રી મુનિપતિ રાજરૂષિ ચરિત્ર સમત્ત–ગ્રંથાગ્રંથ ૯૨૧ શુભં ભવતુ. સંવત ૧૬૪૨ વર્ષિ માગસરિ શુદિ ૧ ભૂમે...લખિતં બહ્યાનપુર મધ્યે ઇદલપુરિ. શુભં ભવતુ. કલ્યાણ મસ્તુ શ્રી, પત્ર ૨૩ પં. ૧૫ ભાવ; ૪૦–૧૧ વી. પા; પ્ર. કા.

બીજી પ્રતમાં એમ છે કે:—

અંતે—

સંવત ચઉદ પચ્યાસીઈ જાણી વૈશાખ વદિ માસ મનિ આણિ,
દિન સપ્તમી રચ્યઉ રવિવાર ભણતાં ગુણતાં હરષ અપાર. ૨૧
એ ઋષિ મુનિપતિનો ચરિત્ર સાંભળતાં હુઈ દેહ પવિત્ર
ઋદ્ધિ વૃદ્ધિ અતિ મંગલચાર ભણઇ ગુણઈ તિહિ જયજયકાર. ૨૨

—સં. ૧૬૧૮ વર્ષે અશ્વિન માસે.

[પાટણની ટીપમાં ૧૫૮૫ સંવત્ ટાંકયો છે અને તે વિશ્વસનીય છે. પા. ૧૯–પા નં.

૬૮ શાંતિસૂરિ–(સાંડેરગચ્છ સુમતિસૂરિ. શિ.) જુઓ તેમના શિષ્ય ઇશ્વરસૂરિ.

(૧૨૪) સાગરદત્તરાસ (દાન માહાત્મ્ય ઉપર) ૧૫૫૦ આસપાસ.

આદિ—

છંદતર કલ્લોલં વન્નજલં સંતિ સૂરિણા મહિયં,
સાયર ચરિઅં સાયર સરિસં સરસં નિસામેહ.

[" આ પ્રાકૃત અપભ્રંશ તથા ગૂજરાતીમાં રચાયેલો ૧૩૭ ગાથાનો રાસ ખરેખર રસમય હોઇ તેમાં ગાથા, રાસઉ, કુંડલિઓ, ઘાત (ઘત્તા), અડયલ, માલિનીરૂપક, છપ્પય, પાધડી (પદ્ધડિકા) રાસાબંધ વગેરે વિવિધ છંદો વાપરેલા છે. કાવ્ય ઉચ્ચ પ્રતિનું છે અને આ તેમજ તેમના શિષ્ય ઇશ્વરસૂરિ કૃત લલિતાંગચરિત્ર રાસ સંસ્કૃત તથા પ્રાકૃત કાવ્યોની સરખામણીમાં સારી રીતે ઉભા રહે તેમ છે." ચિ. ડા. દલાલ.]—પા. આ શાંતિસૂરિ સં. ૧૫૯૭ સુધી અવશ્ય વિદ્યમાન હતા. જુઓ લેખાંક ૩૩૫. પ્રાચીન લેખ સંગ્રહ.

---

૬૯ કીર્ત્તિહર્ષ–(કક્કસૂરિ શિ૦)

(૧૨૫) સનત્‌કુમાર ચોપઈ. સં. ૧૫૫૧ કાર્ત્તિક શુદ ૧૫ ગુરૂવાર.

આદિ—

સ્વામી જીરાપુલિ નિવાસ, મનિ સમરંતા પુરઇ આસ,
પય સેવઇ અણુદિણુ ધરણિંદ, પહિલું પ્રણમિસુ પાસ જિણંદ. ૧
સરસતિ સામિનિ કરૂ પસાઉ, કાસમીર મુખમંડણ માઇ,
નામ જપી કેસીય ગણધાર, ચરીય ભણું શ્રી સનત્‌કુમાર. ૨
જિણસાસિણ જિણ ભાષિઉ ઇમ્મ, દાન સીલ તવ ભાવ સુરમ્મ,
ધર્મતણા એ ચ્યારિ પ્રકાર, અધિકુ મહિમા સીલિ અપાર. ૩

* * * *

અંતે—

શ્રી કક્કસૂરિં ગુરૂઆ ગુરૂરાય, મનસુદ્ધિઈં તસુ પ્રણમી પાય,
સાર શ્રીરંગ તણઈ આગ્રહઇં, રચિઉ પ્રબંધ ભવીઅણ સંગ્રહઇં. ૨૩૧
પન્નર એકાવન્ન મઝારિ, કાતિ પુન્નિમે તિ ગુરૂવાર
કવિ કીર્તિહર્ષિં મનિ ધરી આણંદ, રચિઉં પ્રબંધ જનશ્રવણાનંદ. ૨૩૨
સીલ પ્રબંધ ભણઇ જે રંગિ, સવિ સુહ કમલા તાસુ ઉછંગિ.
એકમના થઇ જે સાંભલઇ, તેહ નરનારી અફલ્યાં ફલઇ. ૨૩૩
(વિ. ધ. ૯-૧૪-નવીન લિખિત.) ગાથા ૨૫૪.
પા. ૧૧. પાટણ નં. ૨

કક્કસૂરિ શિષ્ય. ઉપરના કીર્તિહર્ષ હોઈ શકે.

(૧૨૬) કુલધ્વજ કુમારરાસ.

મહિયલિ સોહઈ ગુણગણિ ભૂર, ઉવએસ ગછે ગુરૂ શ્રી કકકસૂરિ,
પાલઇ સંયમ નિરતીચાર, ગુરૂ ગિરૂઆ ગોયમ અવતાર, ૪
નવરસ ભવીયણ દિઇ ઉપદેસ, સીલ વિષયે અતિ સવિશેષ,
તાસ પ્રસાદિ કવીયણ ઇમ કહઇ, કીઉ પ્રબંધ ભવીઅણ સવી લહઇ.

* * * *

—ઇતિ શ્રી કુલધ્વજ કુમારરાસ સમાપ્ત. સં. ૧૬૭૮ વર્ષે વૈશાખ શુદિ ૪. પ્રત પા. ૧૭ પં ૧૩ ગુ. વિ.

—ઇતિ શ્રી પરસ્ત્રીનિયમે વિષયનિવારણે પ્રકટસીલ પ્રભાવે કુલધ્વજરાસ ચરિત્રં સમાપ્ત. ૯-૧૩ વી. પા.

(ઉપકેશ ગચ્છના કક્કસૂરિના ધાતુ પ્રતિમાપરના લેખો સં. ૧૪૯૯ થી ૧૫૨૫ સુધીના મળી આવે છે. તે ગચ્છની પટ્ટાવલિમાં જણાવ્યું કે આ સૂરિને સં. ૧૪૯૮ માં ચીતોડમાં સાહ સારંગે કરેલા મહોત્સવપૂર્વક આચાર્યપદ મળ્યું. તેમણે સં. ૧૪૪૪ માં કચ્છમાં અમારી પ્રવર્તાવી હતી. તેઓએ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો રચ્યા છે. તેમની પાટે દેવગુપ્તસૂરિ સં. ૧૫૨૮ માં આવ્યા.)

૭૦ ક્ષમાકલશ-(આગમ ગચ્છ. અમરરત્નસૂરિ-સોમરત્નસૂરિ -કલ્યાણરાજ શિ૦)

(૧૨૭) સુંદરરાજા રાસ-સં. ૧૫૫૧ વૈ. વદ શનિવાર.

આદિ—

દૂહા-રાગ ગુડી.

પહિલૂં પરમેસર નમી, આરાહિસુ અરિહંત,
ગાઇસુ શીલ સોહામણો સાંભલયો એકંતિ. ૧
સુંદરરાય તણા ગુણ કેતા કહું મુખ એક,
શીલિ કરી જગ્ગાજતુ, કહીઇ તે સુવિવેક. ૨

* * * *

અંતે—

આગમગચ્છિ જયવંતા એ, મા. સોમરત્ન સૂરીંદ,
અહનસિ ભવિયાં નિત નમુ એ,.. મા. જિમ હુઇ પરમાણંદ. ૧૮૮
ક્ષમાકલસ મુનિ ઇમ ભણિ એ મા. ભવિયણ સુણઉ એ રાસ,
શીલઇ સિવસુખ સપંજઇ એ મા. છૂટીઇ કમ્મંના પાસ. ૧૮૯
સંવત પનર એકાવનઇ એ મા. વદિ વૈશાખહ માસિ,
શનિવાર સોહામણઉ એ મા. રચીઉ રાસ ઉલ્હાસ. ૧૯૦
શીલ પ્રબંધહ જે ભણઇ એ મા, નરનારી સુવિચાર,
હરષઇ જે એ સંભલઇ એ મા. તેહ ઘરિ જયજયકાર. ૧૯૧

—સં. ૧૬૭૨ કાતી. શુ. ૧ લખિતં ચરમ જિનદાસેન ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૨૭૫ માઝનઇ વિ. ધ. ૮-૧૩.

(૧૨૮) લલિતાંગ કુમાર રાસ—સં. ૧૫૫૩ ભાદ્રપદ વદ ૧૧ શનિ ઉદયપુરમાં.

આદિ—

પહિલૂં સરસતિ પયં નમી, આરાહી મનશુદ્ધિ,
પુણ્યપ્રબંધ હૂં ભણિસુ, આણી નિરમલ મત્તિ. ૧

પુણ્યતણાં ફલ સાંભલુ, હઇડિ ધરી બહુ ભાઉ,
એક મનાં આરાધતાં, ટાલઈ ભવ દહ દાહ. ૨
દાન સીલ તપ ભાવના, જિણ ભાષઇ એ ધર્મ,
કવીયણ વલી વલી ઇમ કહઈ, સૂધઉ એહજિ મમ. ૩
જે પાલઈ મન શુદ્ધિ સિઉં, સૂધી જિણવર આણ,
શીલહ ઉપરિ ચિત ધરઈ, તે નર ખરા સુજાણ. ૪
સીલિં સવિ સુખ સંપજઈ, શીલિં નિરમલ બુદ્ધિ;
શીલિં દુખ સયલહ ટલઈ, પામીજઈ સહી સિદ્ધિ. ૫

* * * *

રાજા પાસે ફરિયાદ કરવા જનાર દોસી, ફડીયા અને નેસ્તીઓનાં નામ ગણાવતાં કવિ કહે છે કેઃ—

આસડ પાસડ નઈ પદમસી, જાઠઉ, વયરૂ આવઇ હસી;
નેસ્તી તેડાવઇ અતિસાર, મઇલ તણઉ વસ્ત્રે નહીં પાર. ૫૩
લડસડ હીંડઈ ઉતાવલા, બોલઇ બોલ સદા તોતલા;

* * * *

અંતે—

ધર્મ પસાઈં વંછિત સિદ્ધિ, ધર્મિઈં પામીજઇ નવ નિદ્ધિ;
ધર્મતણઉ મહિમા છઇ ઘણઉ, કવિ કહઇ ભાવિં સહુઇ સુણઉ. ૧૬
હુંઅ ન જાણું કાંઈ મૂલિ, સઘળાં કવીયણની પગધૂલિ;
અધિકું ઉછઉં કીધું જેહ, ક્ષમાવઉં કરજોડી એહ.
સંવત **૧૫ પનરત્રાઇપિજા**ઉ સાર, વદિ ભાદ્રવા તણઉ શનિવાર;
ઇગ્યારિસિ દિનિ રચી ચુપઈ, સભા સમક્ષહ પૂરી હુઈ. ૧૮
આગમ ગચ્છ અછઈ સુવિચાર, શ્રી **અમરરયણ** સૂરીસર સાર;
તાસ પટોધર અતિ ગુણવંત, શ્રી **સોમરત્ન** સૂરિહ જઇવંત. ૧૯
ભવિયણ અહિનિશિ વંદઇ જેહ, રિદ્ધિ અનંતી પામઈ તેહ;
તસ પંડિત કલ્યાણહ રાજ, તસ મુખ ભેટિં સીઝઈ કાજ. ૨૦

ઊદયપુરિ જગિ કહીઈ સાર, નિવસઇ શ્રાવક તિહાં સુવિચાર;
ચંદ્રપ્રભજિન તણઇ પસાઈ, અલીય વિઘન સવિ દૂરિ પલાઇ. ૨૧
ભણઈ ગુણઈ અહિનિશ સંભલઈ, પાપ પડળ સવિ દૂરિં ટલઈ;
ક્ષમાકલસ મુનિ કહઇ સુવિચાર, નિતુનિતુ તેહ ધરિ જયજયકાર. ૨૨
—સં. ૧૯૨૬ વર્ષે ચૈત્રશુદિ ૫ દિને લિખિતં.; જેસ૦

(અમરરત્નસૂરિના સં. ૧૫૨૪, ૧૫૨૯, ૧૫૩૧, ૧૫૩૨, ૧૫૩૫ અને ૧૫૪૭ ના અને સોમરત્નસૂરિના સં. ૧૫૫૨, ૧૫૭૧ અને ૧૫૭૩ ના ધાતુપ્રતિમાપરના લેખ મળી આવેલ છે. ધા. પ્ર. લે. સં. ભાગ ૧ અને ૨.)

---

૭૧ મૂલપ્રભ સાધુ.

(૧૨૯) ગજસુકુમાલ સંધિ ઢાલબદ્ધ સં. ૧૫૫૩–પાનાં ૫ અમ૦

---

૭૨ જયરાજ (પૌ૦ મુનિચંદ્ર સૂરિ શિ૦)

(૧૩૦) મચ્છોદરરાસ સં. ૧૫૫૩.

અંતે—

પૂનિમ પક્ષ મુનિચંદ્ર સુરિ રાજા, તાસુ સીસ જંપઇ જયરાજ;
પનરત્રિપન્ન કીધુ રાસ, ભણઇ ગુણઇ તેહ પૂરિ આસ. ૫૭
—ઇતિ શ્રી મચ્છોદર રાસ સંપૂર્ણ. સં. ૧૬૭૨ વર્ષે શ્રી શતિશેખર ગણિ તત્ શિ. ઋ૦ કુયરજી લખતં. (ગુ. વિ.)

(મુનિચંદ્રસૂરિ એ ચારિત્ર સુંદરસૂરિની પાટે ભીમપલ્લીય પૂર્ણિમા ગચ્છમાં થયા છે અને તેમના સં. ૧૫૫૮ સં. ૧૫૭૮ તથા ૧૫૯૧ ના ધાતુપ્રતિમાપરના લેખો મળી આવ્યા છે. ધા. પ્ર. લે. સં. ૧ અને ૨.)

---

૭૩ સુંદરરાજ.

(૧૩૧) ગજસિંહ કુમાર ચોપઈ—સં. ૧૫૫૩—દે૦

---

૭૪ નન્નસૂરિ (કોરંટ ગચ્છે સર્વદેવ સૂરિશિ૦)

(૧૩૨) વિચાર ચોસઠી—સં. ૧૫૪૪ ખંભાતમાં.

અંતે—

ઇણીપરિ શ્રાવક ધર્મતત્ત્વ, પનર ચૂઆલિ રચ્યૂ પવિત્ર,
સુલલિત ચોસઠિ ચોપઇબંધ, મિછામિદુકડ હોએ અસૂધ. ૬૩.
એહનો નાંમ વીચાર ચોસઠી, સુષ શ્રેણિ કરે એકઠિ;
પંભ નયર આનંદ પૂરી, કોરંટ ગછ પભણે નંનસૂરી. ૬૪

(ગુ. વિ.)

(૧૩૩) ગજસુકુમાર રાજર્ષિ સઝાય—સં. ૧૫૪૮ ખંભાતમાં.

આદિ—

સોરઠ દેશ વષાણીય, સાહેલડી રે, દેવહ તણુઉ નિવેસ;
દ્રારિકા નયરી તિહાં ભલી, સા. સમરથ કૃષ્ણ નરેસ. ૧
સમરથ કૃષ્ણ નરેશ ભુજબલિ, જસુ પિતા વસુદેવ;
દેવકી દેવી ઊઅરિ ધરીયા, કરઇ સાનિધિ દેવ;
ઇક દિવસિ પહુતા દેવકી ઘરિ, વહિરવા મુનિ દોઇ;
તે દેખિ તસુ જે હરષ હુઉ, કહી ન સકઇ કોઇ. ૨

× × × ×

અંતે—

શ્રી અંતગડદશ આઠમા, અંગમાહિ પવિત્ર;
વીર જિણેસર જિમ કહિઉ, ગયસુકુમાલ ચરિત્ર. શ્રી૦ ૪૧
શ્રી કોરંટગછ રાજીઉ, શ્રી સાવદેવ સૂરિ;
તાસુ સીસુ નન્નસૂરિ ભણઇ; મન આણંદ પૂરિ. શ્રી. ૪૨
તિણિપરિ પનર અઠાવનઈ, ષંભાઇતમાંહિ;
થંભણ પાસ પસાઉલઇ, રચિઉં ઉછાહિ. શ્રી. ૪૩
ગયસુકુમાલ ચરિત્ર એ, જે ગાઇ રંગિ;
તીહ ઘરિ નવનિધિ સંપજાઇ, સુષ વિલસઇ અંગિ. શ્રી. ૪૪

(વિ. ધ. ચોપડો. ૩૮-૪૧.)

(૧૩૪) **દશશ્રાવક બત્રીશી**—સં. ૧૫૫૩ ચિતોડમાં.

અંતે—

બત્રીશી દશ શ્રાવક તણી ચિત્રકૂટિ રચી ધરમહ ભણી;
પનર ત્રિપનઇ આણંદપૂરિ. કોરંટ ગચ્છ પભણઈ નન્નસૂરિ. ૩૨
—વિવેકવિજય ભં. ઉદયપુર.

અભક્ષ અનંતકાય સ૦-આદિ. દેવગુરૂ કેરૂં લીજૈનામ, અંતે૦ નન્નસૂરી વિનતિ ઇમ ભણે, કર્મ ધર્મથી સઘળા હરે, સુધે ભાવે ભણસે જેહ, મુગતિ તણાં ફલ લેસ્યે તેહ. ૨-૧૦ આ. ક.

(૧૩૫) **પંચતીર્થ સ્તવન.**

આદિ—

(૧) શ્રી સેત્રુંજ રળીઆમણા, તીરથ કેરૂં એ રાઉ,—આદિનાથ સ્તવન.
(૨) દહીઉદ્રાપુરિ દીપઇ, જોતાં નયણ ન છીપઈ—શાંતિસ્તવનં.
(૩) ઉજ્જલગિરિ હમો જાઇશુંએ, એણિ તીરથિ નિમ્મલિ થાઇશુંએ,
—નેમિ સ્તવન.
(૪) સકલ મૂરતિ ત્રેવીસમુ સામિ, ખંભાયત પુર મંડણુએ-પાર્શ્વસ્તવન.
(૫) સાચુરિ પુરિ વીરજ વરગુણનુ ભંડાર, મૂરખ હું કિય પામું પાર.
—મહાવીર સ્તવન.

કલશ.

પંચઈ તિરથ પંચ જિણેસર, પંચમી ગતિ પુહતા સુંદર,
નન્નસૂરિ ઇમ છંદે નવનવે, વીનવ્યા સુખદાયક તે સવે.
—ઇતિ શ્રી **પંચતીર્થ સ્તવન.**

(સં. ૧૫૪૯ નો લેખાંક ૧૨૩ પ્રતિમાપરનો લેખ આ નન્નસૂરિનો મળ્યો છે. તે ઉપરાંત આ નન્નસૂરિના સં. ૧૫૬૯ ખંભાતમાં, સં. ૧૫૭૩ માતરમાં અને સં. ૧૬૧૧ અને ૧૬૧૨ ના પ્રતિમાપરના લેખો મળ્યા છે. ધા. પ્ર. લે. સં. ૨. આમાં લેખાંક ૧૨૩ માં સાવદેવસૂરિને અર્થાત્ સર્વ-દેવસૂરિ છે; પણ રત્નસૂરિને બદલે નન્નસરિ સુધારવું ઘટે. સર્વદેવસૂરિના

સં. ૧૪૯૨, ૧૫૦૫, અને ૧૫૫૩ ના પ્રતિમા લેખો મળ્યા છે. જુઓ શ્રીયુત નાહરકૃત જૈન લેખ સંગ્રહ-પ્રથમ ખંડ. અને સં. ૧૪૯૯, ૧૫૦૪, ૧૫૦૯, ૧૫૧૧, ૧૫૧૩, ૧૫૨૦, ૧૫૨૧, ૧૫૨૫, ૧૫૩૦, અને ૧૫૩૧ ના લેખો મળ્યા છે. જુઓ ધા. પ્ર. લે. સં. ભાગ ૧લો; આ પરથી જણાય છે કે તે સર્વદેવસૂરિ નન્નસૂરિના સંતાનીય અને કક્કસૂરિના પટ્ટધર હતા. આ સંગ્રહમાં આપણા કવિ નન્નસૂરિનો સં. ૧૫૫૨ નો લેખ મળ્યો છે. જુઓ લેખાંક ૮૬૨.)

---

૭૫ હંસધીર (ત. હેમવિમલસૂરિ-દાનવર્દ્ધન શિ૦)

(૧૩૬) +શ્રી હેમવિમલસૂરિ-ફાગ. સં. ૧૫૫૪ શ્રાવણ.

આદિ--

અહો મન ધરી સરસ તે સરસતી, વરસતી અવિરલ વાણિ,
સિરિ તપગછપતિ ગાઇસું, ભાવિસ્યું નિત સુવિહાણિ. ૧
હેમવિમલ સૂરીસર ઇસર કિર અવતાર,
અણુદિણુ મયણનિવારણ, તારણ સયલ સંસાર. ૨

* * * *

અંતે—

હેમવિમલ ગછનાયક, દાયક મુગતિ વિલાસ,
વ્રત પૂર્જા ગિરિ મંદર, કંદર ગિરિ કવિલાસ. ૫૫
દાનવર્દ્ધન વર પંડિત, દંડિત વાદીય વીર,
ચરણ કમલિ અલિજ મલિ એ, રમલિ એ રસિ હંસધીર. ૫૬
સંવત પનર એ ચઉપનઇ, ઊપનઇ બુદ્ધિ પ્રકાસિ;
ફાગ રચિઉ સમહુતરઇ, પૂરતઇ શ્રાવણ માસિ. ૫૭

૫૭ ટૂંકનું સુંદર ઝડઝમકવાળું કાવ્ય છે. પ્ર. જૈ. ઐ. ગૂર્જર-કાવ્ય સંચય.

---

૭૬ જિનહર (?) (ખ૦)

(૧૩૭) વિક્રમચરિત્ર. પંચદંડ. સં. ૧૫૫૬ વૈ. વદ ૨.

આદિ—

જયુજયુ પાસ જીરાઉલઉ, જગમંડણુ જિનચંદ,
જાસ પસાઈ પામીઇ, નિતુ નિતુ પરમાણુંદ. ૧
વરકાણુઇ જાણુઈ સહૂ, ત્રેવીસમઉ જિણેસ,
જેહતણી સહૂઈ વહઇ, આણુ જિસી પરિસેસ. ૨
પાલ્હણપુરવર મંડણઉ, વાજા દેવિ મલ્હાર,
પાસ નામ પુહવી તિલઉ, સીડઉ પાલ્હવિહાર. ૩
મહિમવંત ગિરૂઉ ગુણિ, દહીઉ ક્રુ સિરિ સંતિ,
જિમ જિમ જિણવર પૂજીઇ, તિમ તિમ પુહચઈ ખંતિ. ૪
હંસાસણિ સરસતિ નમી, પામી તાસ પસાય,
સુગુરૂ મુખિ હું સાંભલી, ગાયસું વિક્રમરાય. ૫

ચઉપઈ.

મહિઅલિ મંડણ માલવદેશ, જિહાં નવિ કરઇ દુકાલ પ્રવેશ,
ન્યાયવંત વલી...લોક, ધરિ...

*　　*　　*　　*

બીજઇ દિન સાસૂતઇ મિલી, કહઈ વિક્રમ પુહતી મનરૂલી.
મઈ આદેશ તુમ્હારૂ કરિઉં, પાંચમાંહિ પહિલઉ મુખ ધરિઉં. ૯૩

—આ પ્રમાણે ૯૩ ટુંકનો પહેલો આદેશ પૂરો થયો. બીજો આદેશ ૯૩ ટુંકનો, ત્રીજો ૭૩ નો, ચોથો ૪૮ ટુંકનો અને પાંચમો ૧૧૨ ટુંકનો છે. કર્ત્તાનું નામ બરાબર મળતું નથી લાગતું-છેવટ નીચે પ્રમાણે છે.

*　　*　　*　　*

અંતે—

વિક્રમના ગુણ હિઅડઈ ધરી, પંચદંડ છત્રહનું ચરી,
પનર છપન્નઇ માસિ વૈશાખિ, કીધું બીજઇ ધુલઇ પાખિ. ૧૧૧

ભણઇ ગુણઇ નઈ જે સાંભલઇ, તેહતણાં સંકટ સવિ ટલઈ,
રાજ્યરિદ્ધિ નઈ રૂડી બુદ્ધિ, તે પામઈ અષ્ટ મહાસિદ્ધિ, ૧૧૨
—ઇતિ સંવત્ ૧૫૮૨ વર્ષે આસો વદિ ૪ સોમે શ્રી પત્તન વાસ્તવ્ય શ્રી શ્રીમાલ જ્ઞાતીય પ. જીવા સુત પ. માધા પઠનાર્થે. (મ.બ.)
(શામળભટ્ટની પંચદંડની વાત આ સાથે સરખાવી શકાય.)

---

૭૭ નેમિકુંજર—

(૧૩૮) ગજસિંહરાય ચરિત્ર રાસ. સં. ૧૫૫૬ પ્ર. જેઠ સુ. ૧૫
આદિ— (દોહા)

પાસજિણેસર પય નમી, તેવીસમો જિણંદ,
જે સુખ સંપતિ દીયઈ, પણમઈ સુર નર ઇંદ. ૧
કાસમીર મુખ મંડણી, સમરી સરસતિ માય,
શીલતણો ગુણ વ્રણવઉં, ગાવઉં ગજસિંઘરાય. ૨
નવરસિ નવરંગિ વ્રણવઉં, શાસ્ત્ર માહિ જે હોઇ,
બાર કથા રસ વ્રણવઉં, તિણિ સુણઉ સહુ કોઈ. ૩

* * * *

ચ્યારિ ખંડ બહુ બુદ્ધઈ કરી, એટલઈ ચ્યારિ નારિ તિણિ વરી,
સંઘ તણી જો ઉનમતિ લહઇ, તો કવિ કથા ક્ષણંનરિ કહઇ. ૧૦૦
—પ્રથમ ખંડ સમાપ્ત.

ચ્યારિ પંડ બહુ બુદ્ધિહિ કરી, એતલઈ સંપૂરી ધરી,
સંઘ તણી જો ઉનમતિ લહઈ, કથા ક્ષણંતરિ તો કવિ કહઇ. ૧૦૬
—દ્વિતીય ખંડ સમાપ્ત.

દસરથ નગરી થયો ઉછાહ, કરઇ રાજ તિહાં ગજસિંઘરાઉ,
સાત નારિસિઉં સુખ ભોગવઈ, નેમિકુંજર કવિ ઇણિપરિ કહઈ. ૧૦૦
ચ્યારિ પંડ બહુ બુદ્ધૈ કરી, એતલઈ નવ નારી તિણિ વરી,
સંઘ તણી જઉ ઉનમતિ લહઇ, કથા ક્ષણંતરિ તો કવિ કહઈ. ૧૦૧
—તૃતીય પંડ સમાપ્ત.

અંતે—   (દૂહા)

ગજસિંઘ કુમરતણો, ચરિ મઈ તે કહીઉ સંષેવિ,
ભણઈ ગુણઈ જે સાંભલઈ, સુખ સંપતિ દે દેવિ.   ૧૮
(ચોપઇ) ૧૯
સદગુરૂ તણા નામ મનિ ધરી, બોલા શ્રીગજસિંઘહ ચરી,
જે પંડિત નર પુન્ય કરંતિ, રાજસુંદર (?) તે ઇમ બોલંતિ.   ૨૦
સવત પનર છપન્ને સહી, પ્રથમ જેઠ પુનિમ દિન લહી,
બુદ્ધવાર અનુરાધામાંહિ, કીયો ચરિત એ મન ઉછાંહિ.   ૨૭
—પા૦ નેમિકુંજર એ રચ્યઉ ઉછાંહિ (ગુ. વિ.)
—ચતુર્થ ખંડઃ સમાપ્તઃ
(વિ. ધ. ચોપડો. ૧૦૫–૧૨૯)

(આ ચોપડાના છેવટે સંખ્યા સંવત્ ૧૬૪૧ છે. આમાં ચોથા ખંડને અંતે રચનાર તરીકે રાજસુંદર એ નામ આપેલ છે પણ આજ રાસના ત્રીજા ખંડને અંતે નેમિકુંજર એ નામ સ્પષ્ટ લખ્યું છે. વળી મુનિ ગુલાબવિજયના ભંડારની પ્રતમાં છેલ્લા ચોથા ખંડમાં પણ નેમિકુંજર એ નામ રચનાર તરીકે જણાવ્યું છે એટલે આ રાસના કર્ત્તા નેમિકુંજરજ છે એમાં શક નથી. રચ્યા સંવત પણ બંને પ્રત સરખાવતાં સં. ૧૫૫૬ જ છે.)

—ગુ. વિ. પ્રતમાં છેવટે એક કડી મૂકી છે કે:—
સંવત **સોલ છયસીઉ** જાણિ, માસ કાર્તિકિ દિન ઉત્તમ આણિ,
શુકલ અષ્ટમી નઇ ભાર્ગવવાર, **લિખિ** રાસ તે મન ઉદાર.   ૨૬
ઇતિશ્રી ગજસિંહ ચરિત્રે ચતુર્થ ષંડ સંપૂર્ણ ગ્રંથાગ્રં ૬૧૫ શ્લોકઃ શુભં ભવતુ. (ગુ. વિ).

---

૭૮ લબ્ધિસાગર—

(૧૩૯) શ્રીપાલ રાસ સં. ૧૫૫૭.
(૧૪૦) ધ્વજભુજંગ કુમાર ચોપઇ રાસ—

---

૭૯ હર્ષકલશ—(ત૦ હેમવિમલસૂરિ–કુલચરણ શિ.)

(૧૪૧) વસુદેવ ચોપઇ સં. ૧૫૫૭ લાસ નગરમાં.

આદિ—

સકલ મનોરથ સિદ્ધિ કર, ધુરિ ચઉવીસ જિણિંદ,
પય પણમિ સુભાવિં કરી, ભવિયણ નયણાણંદ. ૧
કાસમીર મુખ મંડણી, મની સમરૂં એક ચિત્તિ,
કવિયણ વંછિત પૂરણી, દિઉ વાણી સરસતિ. ૨
જે વસુદેવ સોહામણો, યાદવ કુલિ સિણગાર,
ચરિત્ર રચૂં હું તેહનું, સુણિયો અતિહિં ઉદાર. ૩

* * * *

અંતે—

તપગચ્છ કેરઉ સણગાર, શ્રી લક્ષ્મીસાગર ગણધાર,
શ્રી સુમતિસાધુ સૂરીસ, શ્રી હેમવિમલ નિસદીસ. ૩૫૬
વર લાસ નયર પુરિ હરસિ, સય પન્નર સત્તાવન વરસઇ,
કુલચરણ પંડિત ગુણ સીસ, કહઇ હરખકલસ નિસદીસ. ૩૫૭
ધન ધન એ ચરિત્ર વિશાલ, ધન ધન જિનધર્મ રસાલ,
એહ ચરીઅ સુઅતિચંગ, જિમ પામો અવિહડ રંગ. ૩૫૮

—શ્રી છતિરંગ ચઉપઈ સમાપ્તા-સંવત્ ૧૬૫૭ આષાઢ સુદી ૨ રવૌ । મોરબી મધ્યે ।-પાટણ ભં.

—સં. ૧૬૭૨ વર્ષે પોસ સુદિ ૮ રવૌ બહ્મો નગરે ૧૧-૧૭ વિજયધર્મસૂરિ.

—સં. ૧૬૩૯ લિ૦ ૧૦-૧૭ લીં.

—ખં. ૧, ડે. (હેમવિમલસૂરિ માટે જુઓ નં. ૬૫ પૃ. ૬૮.)

૮૦ સિંહકુશલ (ત૦ હેમવિમલસૂરિ-જ્ઞાનશીલ શિ.)

(૧૪૨) +નંદબત્રીશી ચોપઈ* સં. ૧૫૬૦ ચૈત્ર શુદ ૧૩ ગુરૂ.

આદિ— ગાથા.

આગમ વેદ પુરાણું, જાણુંતા જે નરા હોયં મગ
જં જં કવિત કરીઅણુતં, સારદ તુહ પસાઉ યાઉ. ૧

દુહા.

પહિલું પ્રણમું સરસ્વતી, ભગવતી લીલ વિલાસ
શ્રી જિનવર શંકર નમું, માગું બુદ્ધિ પ્રકાશ. ૨

આપી અવિરલ બુદ્ધિ ઘણુ, જન્મ નિરંજ દેહ
નંદબત્રીસી જે સુણુઉ, ચરિત રચું પણુ તેહ. ૩

નયરાગણુ અહિઠાણુ જે, તેહ ચરિત્ર બોલેસિ.
નંદબતીસી ચઉપઈ, એહવું નામ ઠવેસિ. ૪

---

* આ સ્વ. રણછોડરામ વાવાભાઇ મહેતાએ બુદ્ધિપ્રકાશમાં ડે. કૅા. ની પ્રતમાંથી ઉતારી પ્રસિદ્ધ કરવા મોકલેલ હતું ને તે સન ૧૯૧૬ ના મે માસથી શરૂ થઈ પછીના બે જુદા જુદા અંકમાં તે માસિકમાં પ્રકટ થયેલ છે. તેમાં તંત્રીએ નીચે પ્રમાણે ટિપ્પણ કર્યું છેઃ—'શામળ પ્રેમાનંદ, દયારામ આદિ કવિયોનાં પ્રસિદ્ધ કાવ્યોની મૂળ વસ્તુ શી હતી, તેમાં એ કવિયોએ શાશા અને કેવા કેવા ફેરફાર અને સુધારા વધારા કર્યા, સમકાલિન પ્રચલિત સાહિત્યને અને પુર્વના કવિયોને તેઓ કેટલે દરજ્જે આભારી છે અને તેમની એમનાં કાવ્યો પર કેવી અસર થઇ છે, તે જાણવાને પ્રથમ મળી આવતાં તમામ પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ અને તપસીલવાર નોંધ થવાની અને તે પછી તેમનો પદ્ધતિસર અભ્યાસ કરવાની ખાસ જરૂર છે, જેથી પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસ વિશે ઘણું નવું જાણવાનું મળશે તેમજ એ કવિયોની ખરી મહત્તા અને ખૂબીઓ આપણે પીછાણી શકીશું.

"આવા હેતુથીજ ઈ. સ. ૧૯૦૯-૧૦ માં રાજશેખર પ્રણીત વિક્રમપ્રબંધનો કેટલોક ભાગ બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે અને શામળભટ્ટની 'પંચદંડ' ની વાર્તા વચ્ચે ઘણું સરખાપણું છે. તે સિવાય 'પંચદંડ' એ નામના અન્ય કાવ્યગ્રંથો પણ મળેલ છે. સોસાઇટી હસ્તકના હસ્તલિખિત ગ્રંથોની યાદી છાપતી વખતે 'વિનેચટ'ની વાર્તાના સંબંધમાં અમે જણાવ્યું હતું કે કવિ શામળભટ્ટની 'વિદ્યાવિલાસીની' નામની વાર્તા લગભગ તેને મળતી છે અને મુખ્ય પાત્રનું નામ પણ 'વિનેચટ' રાખેલું છે.

'હાલમાં હેમવિમલસૂરિ (?) કૃત 'નંદબત્રીસી' નામનું કાવ્ય અમને મળ્યું છે. અને તે શામળભટ્ટ રચિત 'નંદબત્રીસી'ની વાર્તા પર નવીન પ્રકાશ નાંખે છે. સાહિત્યના અભ્યાસકોને તે ઉપયોગી થશે એમ સમજીને અત્રે તે પ્રકટ કર્યું છે."

આમાં 'હેમવિમલ સૂરિ કૃત' તરીકે આ કૃતિ તે પ્રમાણે મથાળું મુકી ઓળખાવેલી છે તે ભૂલ છે. તે તો તે સૂરિના શિષ્ય જ્ઞાનશીલના શિષ્ય સિંહકુશલ કૃત છે.

વિશેષ માટે આની અગાઉના કવિ નરપતિ જુઓ નં. ૬૭ પૃ. ૮૮.

* * * *

અંતે—

તપગચ્છ નાયક એહ મુણિંદ, જયશ્રી હેમવિમલ સૂરિંદ.
જ્ઞાનશીલ પંડિત સુવિચાર, તાસ શીસ કહઈ એહ વિચાર. ૧૭૦
સંવત પનર સાઠ મઝારિ, ચૈત્ર શુદિ તેરસ ગુરૂવાર;
જે નર વિદુર વિશેષઇ સુણઇ, સિંઘકુશલ ઇણિ પર ઇમ ભણઈ. ૧૭૧
ભણતાં ગુણતાં લહીઇ બુદ્ધિ, બુદ્ધ સકલ કાજની સિદ્ધિ.
બુદ્ધિ ફલીઈ વંછિત સદા, બુદ્ધિ નિતુ નવતર સંપદા. ૧૭૨

—લીં; ચં; અમ; ડે. કો.

૮૧ હર્ષમૂર્તિ.

૧૪૩ ચંદ્રલેખા ચોપાઈ. સં. ૧૫૬૦ શ્રાવણ શુ. ૧૩.

અંતે—

પનર સઠઇ સંવત્સર જાંણિ, શ્રાવણ સુદિ તેરસિ મન આણિ,
તિણિ દીહાડઈ હુઉ વિચાર, ચુપઇ કીધી હરષ અપાર. ૧૫૨
ચંદ્રલેખાનું લેઇ સંબંધ, સામાયકનુ રચિઉ પ્રબંધ,
હરષમૂરતિ મુનિવર ઇમ ભણઈ. ગુણઇ તે સિવ સુષ લહઇ. ૧૫૩

—ઇડરની બાઇઓનો ભંડાર.

---

૮૨ ઇશ્વર સૂરિ (સાંડેર ગચ્છ– સુમતિ સૂરિ–શાંતિસૂરિ શિ૦) જુઓ શાંતિસૂરિ. નં. ૬૮.

૧૪૪ લલિતાંગ ચરિત્ર સં. ૧૫૬૧. દશપુર (મંદસોર) માં.

અંતે—

મહિ મહતિ માલવદેશ, ઘણા કણય લચ્છિ નિવેસ,
તિહં નયર મંડવદુગ્ગ, અહિનવઉ જાણુ કિ મગ્ગ. ૬૭
તિહં અતુલબલ ગુણવંત, શ્રી ગ્યાસસુત જયવંત,
સમરથ સાહસધીર, શ્રી પાતસાહ નિસીર ૬૮
તસુ રજ્જિ સકલપ્રધાન, ગુરૂ રૂવ રયણ નિધાન,
હિંદુઆ રાય વજીર, શ્રી પુંજ મયણહ ધીર, ૬૯
સિરિમાલ વંશવયંસ, માનિની માનસ હંસ,
સોના રાય જીવન પુત્ત, બહુ પુત્ત પરિવાર જુત્ત. ૭૦
શ્રી મલિક માફર પટ્ટિ, હય ગય સુહડ બહુ ચટ્ટિ,
શ્રી પુંજ પુંજ નરિંદ, બહુ કવિત કેલિ સુછંદ. ૭૧
નવરસ વિલાસ ઉલ્લોલ, નવ ગાહ ગેય કલ્લોલ,
નિય બુદ્ધિ બહુઅ વિનાણિ, ગુરૂ ધમ્મફલ બહુ જાણિ. ૭૨
ઇમિ પુણ્ય ચરિય પ્રબંધ, લલિ અંગ નૃપ સંબંધ,
પહુ પાસ ચરિયહ ચિત્ત, ઉદ્ધરિય એહ ચરિત્ર. ૭૩

દશાપુરહ નયર મઝારિ, શ્રી સંઘતણુઇ આધારિ,
શ્રીશાંતિ સૂરિ સુપસાઇ, દુહ દુરીય દૂર પલાઇ. ૭૪
જં કિમવિ અલિયમ સાર, ગુરૂલહુ અવર્ણવિચાર,
કવિ કવિઉ ઇશ્વિરસૂરિ, તં ખમઉ બહુ ગુણ ભૂરિ. ૭૫
સસિ રસુ (૬૧) વિક્રમકાલ, એ ચરીય રચિઉ રસાલ,
જાં ધ્રુઅ રવિ સસિ મેર, તાં જઉ ગચ્છ **સડેર.** ૭૬
વાચંત વીર ચરિત્ત, વિચ્છ રઉ જગિ જય કિત્તિ,
તસુ માણુઅભવ ધન્ન ધન્ન, શ્રી **પાસનાહ** પ્રસન્ન. ૭૭

--ઇતિ શ્રી લલિતાંગ નરેશ્વર ચરિત્રં સમાપ્તં. તસ્મિન્સમાપ્તે સમાપ્તોયં રાસક ચૂડામણિ પુણ્યપ્રબંધઃ તથાત્ર રાસકે શ્રી લલિતાંગ-ચરિત્રે પ્રથમં ગાથા ૧ દૂહા ૨ રાસાટક ૩ ષટ્પદ ૪ કુંડલિયા ૫ રસાઉલા ૬ વસ્તુ ૭ ઇંદ્રવજ્રોપેંદ્રવજ્રા કાવ્ય ૮ અડિલ્લ ૯ મડિલ્લ ૧૦ કાવ્યાર્ધબોલી ૧૧ અડિલ્લાર્ધ-બોલી ૧૨ સૂડ બોલી ૧૩ વર્ણન બોલી ૧૪ યમકબોલી ૧૫ છપ્પય ૧૬ સોરઠી (સંવત્ ૧૫૬૧ વર્ષે. પા૦ ભં.

['સાગરદત્ત રાસના કર્તા શાંતિસૂરિના શિષ્ય ઇશ્વર સૂરિએ મંડપ દુર્ગના પાદશાહ ગ્યાસુદીનના પુત્ર નાસીરના સમય (ઇ૦ સ૦ ૧૪૯૮-૧૫૧૨) માં મલિક માફરના પટ્ટે થયેલા સોનારાય જીવનના પુત્ર મંત્રિ પુંજની પ્રાર્થનાથી સં. ૧૫૬૧ માં વિવિધ છંદો-ઉપર છેવટે આપેલા છે-તેમાં આ કાવ્ય રચેલું છે. સાગરદત્તની પેઠે આ પ્રાકૃત અપભ્રંશ તથા ગૂજરાતીમાં છે. આ સાગરદત્ત રાસની પેઠે ઉચ્ચ પ્રતિનું કાવ્ય છે, અને તે સંસ્કૃત તથા પ્રાકૃત કાવ્યોની સાથે સરખામણીમાં સારી રીતે ઉભું રહી શકે તેવું છે." સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ]

[સં. ૧૫૯૭ નો એક શિલાલેખ આ ઇશ્વરસૂરિનો મારવાડના નાડલાઇમાંના આદિનાથ મંદિરમાં પ્રસિદ્ધ થયો છે-જુઓ સાક્ષર શ્રી જિનવિજયજી મુનિનો પ્રાચીન જૈન લેખસંગ્રહ-બીજો ભાગ. લેખાંક ૩૩૬ તેમાં જણાવેલું છે કે પોતે સંડેરક ગચ્છના યશોભદ્રસૂરિના સંતાનીય છે. યશોભદ્રસૂરિ (જુઓ તેમનાપરનો લાવણ્યસમય નં. ૬૬ નો રચેલ

રાસ. વિજયધર્મસૂરિ નામે પ્રસિદ્ધ થયેલ 'ઐતિહાસિક રાસ સંગ્રહ' ભાગ ૨ જો) ના શિષ્ય શાલિસૂરિ તેના સુમતિસૂરિ, તેના શિષ્ય શાંતિસૂરિ અને તેના ઇશ્વરસૂરિ, આવી રીતે અનેક આચાર્ય થયા–તેમાં ફરી એક શાલિસૂરિ થયા, તેમના શિષ્ય સુમતિસૂરિ અને તેમના પુનઃ શાંતિસૂરિ થયા, કે જેમના સમયમાં આ લેખ થયો (જુઓ નં. ૬૮) અને તેમના આ ઇશ્વરસૂરિ થયા કે જેમનું દેવસુંદર એ બીજું નામ હતું. એમણે સં. ૯૬૪ માં ઉપરોક્ત યશોભદ્રસૂરિએ મંત્રશક્તિથી લાવેલી આદિનાથ પ્રતિમાનો પુનઃ ઉદ્ધાર કરી આ મંદિરમાં સં. ૧૫૯૭માં સ્થાપન કરી. આ ઇશ્વરસૂરિએ સં. ૧૫૮૧ માં દીવાળી દિને નાડલાઇમાંજ રચેલા સંસ્કૃતમાં સુમિત્ર ચરિત્રમાં પોતાના કેટલાક ગ્રંથોનાં નામ આપ્યાં છેઃ–૧ જીવવિચાર પ્રકરણ વિવરણ ૨ લલિતાંગચરિત્ર (આ કૃતિ)-બીજું નામ રાસકચૂડામણી ૩ શ્રીપાલ ચોપાઇ, ૪ સટીક ષટ્‌ભાષાસ્તોત્ર, ૫ નંદિષેણ મુનિના છ ગીતવાળો રાસ, ૬ યશોભદ્ર પ્રબંધ કે જેનું બીજું નામ ફાલ્ગુ ચિંતામણિ છે, ૭ મેદપાટ સ્તવન સટીક.

આ ઇશ્વરસૂરિનો સં. ૧૫૫૭નો બીજો શિલાલેખ–જુઓ નાહરકૃત જૈનલેખ સંગ્રહ લેખાંક નં. ૫૬૪ છે, તેમજ ધાતુ પ્રતિમાનો લેખ સં. ૧૫૬૦ નો મળ્યો છે. જુઓ ધા. પ્ર. લે. સંગ્રહ ભાગ પેલો લેખાંક નં. ૪૫૩.

---

૮૩ આણંદ (ત. હેમવિમલસૂરિ–સાધુવિજય–કમલસાધુશિ.)

(૧૪૬) ૨૪ જિન સ્તવન (સં. ૧૫૬૨)

૧ ૫ ૬ ૨
ઇંદુ બાણ રસ નયણ પ્રમાણ, એ સંવત્સર સંખ્યા જાણ
તપગચ્છ ગયણ વિભાસણ ભાણ, શ્રી **હેમવિમલ સૂરિ** યુગહપ્રધાન ૨૮
પૂજ્ય શિરોમણિ પંડિતરાય, **સાધુવિજય** ગિરૂઆ ગુરૂરાય,
કમલસાધુ જયવંત મુણિંદ, તાસ શિષ્ય ભણિ **આણંદ** ૨૯

ઇતિ ચોવીસ તીર્થંકર સ્તવનં.

—પં. હંસવિજય ગ૦ લખીતં. (પત્ર ૩ પ્ર. કા.)

—સં. ૧૬૯૨ કા. વ. ૩ રવૌ. મંડપાચલ નગરે લિ૦ મુનિ સૌભાગ્યવિમલ પા૦ ૨ પં. ૧૨ આ. ક.

---

૮૪ ધર્મદેવ (પૌ૦ ગુણધીર સૂરિ–સૌભાગ્યરત્ન સૂરિ શિ.)

(૧૪૬) **હરિશ્ચંદ્ર રાજાનો રાસ** સં. ૧૫૫૪ —ડે. રત્ન. ભા.

(૧૪૭) **અજાપુત્રરાસ** સં. ૧૫૬૧ ચોમાસામાં–સીણીજી ગામમાં

આદિ—

આઠ મહા સિદ્ધિ પામીઈ, સમરે જેહને નામિ,
પ્રણમું જિનવર આઠમો, શ્રી ચંદ્રપ્રભસ્વામિ. ૧
ગોયમ ગણહર પય નમી, સમરી સારદ માય,
સહિ ગુરૂ વંદી વર્ણવું, અજાપુત્ર વર રાય.

* * * *

અંતે—

પૂનિમ પક્ષિ કરઈ જયકાર, શ્રીગુણધીર સૂરિ પાટિ શૃંગાર,
શ્રી સૌભાગ્યરતન સૂરીશ, મુનિવર ધર્મદેવ તેહનુ સીસ. ૭૭
સંવત પનર એકસઠઇ નામિ, રહિયા ચઉમાસિ તે સીણીજિ ગ્રામિ,
શ્રી ચંદ્રપ્રભ સ્વામિ ચરિત્ર, વાંચૂં ચઉમાસી પુસ્તક તત્ર. ૭૮
અજાપુત્રની કથા રસાલ, તસુ ધુરિ ભાષી છઇ સુવિશાલ,
તિહાં તણું શ્રી સંઘ સુજાણ, વીનવઈ તેહનં સુણી વષાણ. ૭૯
સુલલિત આણી ચઉપઇ બંધ, એહ કથાનુ કરૂ પ્રબંધ,
ધર્મદેવ પંડિતિ કરિઉં પ્રબંધ, માહિ આણિઉ છઇ સર્વ સંબંધ. ૮૦
પ્રબંધ કાનુ કરિઉ આક્ષેપ, કાંઈ નવિ કીધુ વર્ણન ક્ષેપ,
તુહઇ ચુપઇ સંખ્યા મિલી, ત્રિણિસઈ નઈ બ્યાસી વલી. ૮૧
પ્રબંધ અજાપુત્ર ભૂપતિ તણુ, ઉધમ આણી ભનીયણ ભણુઉ,
ભણતાં હુઇ નિર્મલ બુદ્ધિ, ભણતાં હુઈ મંગલ રિદ્ધિ, ૮૨

— સં. ૧૫૧૪ વર્ષે આસો શુદિ ૧ ભોમે લિખિતશ્ચ (વિ. ધ.)

—સં. ૧૬૭૮ કા૦ વ૦ રવૌ લિ. સોજલાગ્રામે. ૧૪-૧૫ લીં. અમ૦

(૧૪૮) વજ્ર (વયર) સ્વામીનો રાસ સં. ૧૫૬૩

આદિ—

જિમ સહકારે કોયલ ટહુકે—એ ઢાલ

ત્રિભુવન નાયક નયણાનંદો, પહિલું પ્રણમું વીર જિણંદો
તિત્થેસર ચોવીસમો એ, તસુ એકાદસ હુઆ ગણહર,
કેવલ નાણી તે સવિ ગણહર, તે આદિ ગોયમ નમું એ. ૧

* * * *

અંતે—

હવણાં એ ત્રિણિ છે શાખા, ચોથી નિવૃતિ નિવૃતિ એ
ત્રિણુય એ કહી મૂલિ વયર શાષા જગ દીપતીએ
તુ હવિંએ કોટિ ગણ મુખ્ય વયર શાખા તિણિં ચંદ્ર કુલિ એ
ગિરૂઓ એ પૂનિમ પક્ષિ પૂનિમ ચંદ્ર જિમ નિર્મલીએ. ૧૦૭

હુઆ એ શ્રી ધર્મઘોષ સૂરિ અન્વય શ્રી ગણધર ગુરૂએ,
તેહને પાટે જયવંત શ્રી સૌભાગ્યરત્ન સૂરિવરિ તેહનુએ,
લહી અ પસાય રંગે ધર્મદેવ મુનિવર ઈ એ,
રચ્યો એ રાસ રસાલ પનર ત્રસઠિ સંવત્સરી એ. ૧૦૮

હું તો એ મૂરિખમાંહિ શ્રી વયર સ્વામીનં ચરિ ઘણુંએ
એક મુખે એ તે ન કહાઇ કહ્યું સંક્ષેપે કિંપિ પુણ,
ભણવો એ ત્રણ કાલ વયર સ્વામિનું રાસ રસે
ગુણવો એ મંગલ કાજિ પર્વ વિવાહ દિવસિ નિસિ ૧૦૯

નવનિધિ એ શ્રી વયરસ્વામિ રાસેં નવા કિમ સૌખ્યભર,
પૂરે એ ચીંતવ્યું એહ રાસ ચિંતામણિ નામધર
અપૂરવ એ એ શ્રીરાસ, ગણસે જે નિત નારિ નર
લહિસિ એ તે સૌભાગ્ય મંગલ રિદ્ધિ સંતાન વર ૧૧૦

—૬-૧૫, ૭-૧૩ લીં

—ઇતિશ્રી વયરસ્વામિ ચિંતામણિ રાસ સમાપ્ત. સં. ૧૬૪૧ વર્ષે ભાદ્રવા વદિ ૧ પડવે ગુરૂવાસરે લીંબકાસી ગ્રામે લિખિત (મ૦ બ૦)

—પ્રં. ૧; ડે૦

[પૂર્ણિમા ગચ્છના ગુણધીરસૂરિના ધાતુપ્રતિમાપરના લેખ સં. ૧૫૧૬, ૧૫૧૮, ૧૫૧૯, ૧૫૩૮ ના મળ્યા છે-લેખાંક ૧૦૯ અને ૯૬૦, ૧૬૬, ૧૯ અને ૧૦૨૨, અને ૩૪૬ ધા. પ્ર. લે. સ. ભાગ ૧ લો, અને ૧૫૩૧ નો લેખ ભાગ બીજાના લેખાંક ૭૫૦ માં છે. તે પરથી જણાય છે કે તેઓ ગુણસમુદ્રસૂરિના પટ્ટધર હતા. તેમના પટ્ટધર સૌભાગ્યરત્નસૂરિના પટ્ટધર ગુણમેરૂસૂરિ હતા કે જેનો સં. ૧૫૮૮ નો ઉક્ત ભાગ પહેલાના લેખાંક ૧૦૭૦ માંનો લેખ મળે છે, અને સં. ૧૫૯૧ નો લેખ ભાગ બીજાના લેખાંક ૨૯૨ માં મળે છે.]

---

૮૫ કડુઆ (કડુવો) સં. ૧૫૬૨ (?)

(૧૪૯) લીલાવતી રાસ.

દૂહા.

આદિ—

પ્રથમ વણાયગ વીનવૂ, સડ્ડા ડંડ ગોહિર
સિદ્ધિ બુદ્ધિ આપુ નિરમલી, ગુંણ થાંનકિ ગંભીર. ૧
ઇશ્વિર દેવનિ કુલિ હૂઆ, પારવતીના પુત્ર,
તમ સમરિ રિદ્ધિ પાંમીઇ, અણુકેલવ્યાં ઘર સુત્ર. ૨
બીજી તે સમરૂ સારદા, જે છિ બાલકુંયાર,
બ્રહ્મા ઊયરિ અવતરી, ચ્યાર વેદ મુષમાંહિ. ૩
આદિ તે આદિનાથ સમરીઈ, અડવડીઆં આધાર,
ગુંણ ગાઊ લીલાવતી, સરિસુ સૂમતિ વિલાસ. ૪

* * * *

અંત—

> લીલાવતીનૂ ચરિત્ર સાંભલિ, દુષ દાલિદ્ર તેહના ટલિ,
> જે નરનારી ગાસિ રાસ, ઇણીપરિ પૂરિ મનની આસ.
> કરજોડી કડુઉ ઇમ ભણિ, દુષ દાલિદ્ર તે હેલાં દરિ,
> જે નરનારી ગાસિ રાસ, સ્વામી પૂરો તેહની આસ.
> —સં. ૧૭૪૧ વર્ષે પોસ સુદિ ૩ રવૌ-૧૩-૧૧
>
> (પાલનપુર ભં.) ડે.

(જે કડવાએ પોતાનો મત સં. ૧૫૬૨ લગભગ કાઢયો અને તેમાં ખરા સાધુઓ વર્ત્તમાનકાલે વિદ્યમાન નથી એવું જણાવ્યું તે કડવો આ કદાચ હોય એમ ધારી તેનો સંવત્ લીધો છે.)

---

૮૬ પદ્મસાગર (મમ્માહડગચ્છ-મુનિસુંદરસૂરિ શિ.)

(૧૫૦) કયવન્ના ચોપાઇ ૧૫૬૩ ભાદ્રપદ વદી ૮ રવિવાર.

આદિ—

> સરસ વચન આપે સદા, સરસતિ કવિયણ માઇ
> પણમવિ કત્રઇના ચરી, પભણિસુ સુગુરૂ પસાઇ. ૧
> મમ્માહડ ગછે ગુણનિલો શ્રી મુનિસુંદર સૂરિ,
> પદ્મસાગર સૂરિ સીસ તસુ પભણે આણંદ પૂરિ. ૨

* * * *

અંતે—

> દાન ઉપર કઇવન ચોપઇ, સંવત પનર ત્રિસઠે થઇ,
> ભાદ્ર વદિ અઠમિ તિથિ જાણ, સહસકિરણ દિન આણંદ આણિ. ૮૯
> પદ્મસાગર સૂરિ ઇમ ભણંત, ગુણે તિહિં કાજ સરંતિ,
> તે સવિ પામે વંછિત સિદ્ધિ, ઘર નીરોગ ઘરે અવિચલ રિદ્ધિ ૩૦
> —દાન ઉપર કઇવન્ના ચોપઇ. ૧૮-૧૩ લીં.

(૧૫૧) લીલાવતી સુમતિવિલાસ ૧૫૬૩ –ભા.

[મમ્માહડ—મહાહડીય—મડાહડા એમ એ ગચ્છનાં નામ છે. તે ગચ્છના મુનિસુંદરસૂરિ એ મતિસુંદરસૂરિ કે જેનો સં. ૧૫૫૯ નો લેખ—નાહરકૃત જૈ. લે. સં. ભાગ પેલામાં લેખાંક ૪૯૬ માં મળી આવે છે તે હોવા જોઇએ. નામ મૂકવામાં કંઈ સરતચૂક થઈ હોય.]

---

૮૬ ક અજ્ઞાતકવિ.

(૧૫૨) મંદોદરી સવાદ સં. ૧૫૬૫

અંતે—

> સંવત પનર પાંસઠઈ જીરણ દુરંગ નિવાસ.
>
> પૂરણ ચ્યારિ ચોપઇ બિસઇ બાંધી બુદ્ધિ પ્રકાસ. ૨

—સંવત્ ૧૭૦૫ વર્ષે વૈશાખ શુદિ ૧૫ દિને કાસમપુર મધ્યે ઋષિ શ્રી રાજપાલજી તસ્ય શિષ્ય મુની વીરજી લિપિકૃતં સ્વયં પઠનાર્થં

(ઉદયપુર ભં.)

---

૮૭ હીરાણંદ (મલધાર ગચ્છના શ્રી લક્ષ્મીસાગર સૂરિ શિ૦ ગુણનિધાનના શિ૦)

(૧૫૩) વિદ્યાવિલાસ પવાડો. સં. ૧૫૬૫ શાકે ૧૪૩૦ ભાદ્રપદ શુદિ ૭ ને ગુરૂવારે મંડપદુર્ગમાં (પૂના ભાંડારકર ઇન્સ્ટિટ્યુટ)

(નં. ૨૩ ના કવિનું નામ પણ હીરાનંદ સૂરિ છે અને તેના કાવ્યનું નામ પણ વિદ્યાવિલાસ પવાડો છે. માત્ર ફેર એ છે કે નં. ૨૩ ના પીંપલગચ્છના છે અને તેનું કાવ્ય સં. ૧૪૮૫ માં રચેલું છે. આ કાવ્ય મેં જાતે જોયું નથી, પણ બંને એકજ નામના પણ જૂદા જૂદા કવિઓનાં, એકજ નામનાં પણ જૂદાં જૂદાં કાવ્ય જણાય છે.)

[મલધારી ગચ્છના લક્ષ્મીસાગરસૂરિ (ગુણસાગરસૂરિના પટ્ટધર)ના લેખો સં. ૧૫૫૮, અને ૧૫૭૧ ના મળે છે—નાહરકૃત જૈ. લે. સં.

તથા પ્રતિમાલેખો સં. ૧૫૪૯ અને ૧૫૭૫ ના મળે છે-ધા. પ્ર. લે. સં. ભાગ ૧ લો. લેખાંક ૨૭૯, ૧૭૩.]

---

૮૮ હંસસોમ (ત૦ હેમવિમલસૂરિ-કમલધર્મ શિ.)

(૧૧૪) પૂર્વદેશ ચૈત્ય પરિપાટિ રાસ સં. ૧૫૬૫

અંતે—

સંવત **પનર પાંસઠઈ** મા૦ જાત્ર કરી ઉદાર. સુ.
સંઘ સહુ ધરિ આવીઆ એ મા૦ દિન દિન ઉચ્છવ સાર સુ.　　૫૦
ચિંતામણિ કરિ પામીઉ એ માલ્હંતડે સુરતરુ ફલિઉ બાર, સુ૦
મુગતિ હુઈ તસ ઢુંકડીએ મા૦ સયલ સુખ સંસાર સુ૦　　૫૧
કમલધર્મ પંડિત વરૂ એ મા૦ જાત્ર કીધી સંઘસાથ, સુ૦
સફલ જનમ હવઈ મુજ હુઓએ મા૦ મુગતિ હુઈ હવ હાથ.　　૫૨
તપગચ્છ નાયક શિવ સુખદાયક શ્રી હેમવિમલ સૂરિંદ ગુરૂ,
તસ આણ ધુરંધર વિબુધ પુરંદર કમલધર્મ પંડિતવરૂ,
તસ સીસ નામઇ હંસસોમઈ તીરથમાલ રચિ સુવિમલ,
જે ભવિઅ ભણેસિ ભાવિ સુણેસિ તે નર પામઇ જાત્રફલો.　　૫૩

—૫૩ ગાથા.

---

૮૯ ઉદયભાનુ (પૌ૦ રાજતિલક સૂરિ-વિનયતિલક સૂરિ શિષ્ય]

(૧૫૫) વિક્રમસેન રાસ* (ચુપઈ) સં. ૧૫૬૫ જેઠ શુદ.

---

* આ સંબંધે પોતાના સંગ્રહમાં રા. મણિભાઇ બકોરભાઇ વ્યાસ લખે છે કે " આ ૫૬૬ ટૂંકનો પ્રબંધ છે તે દરેક રીતે **શામળભટ્ટની** વાતો સાથે હરીફાઇ કરે તેવો છે; અર્થાત્ આ પ્રબંધની રચના કોઈ પણ રીતે **શામળભટ્ટની** વાતોથી ઉતરતા પ્રકારની નથી. " તેનો સાર તેમણે અધૂરો મૂક્યો છે તે ઘણો ટુંક હોવાથી અત્ર ઉતારી લેવામાં આવે છેઃ—

આદિ— (વસ્તુ)

દેવી સરસતિ દેવી સરસતિ પાય પણમેવિ,
શંભુ શક્તિ બિ મનિ ધરી, કરિસ કવિ નવ નવઈ છંદિ,
સિદ્ધિ બુદ્ધિ વર વિઘ્ન હર, ગુણ નિધાન ગણપતિ પ્રસાદિ,

પૂર્વ દિશાએ 'ધણ કણ કંચણ' થી ભરેલા માલવદેશમાં અનુપમ ઉજ્જેણી નગર છે ત્યાં પરમાર કુલમાં ગર્દભસેન રાજાનો પુત્ર વિક્રમસેન રાજા થયો. સાહસથી તેણે વીર આગિયા બેતાલને વશ કરી લીધો હતો. રાજાને એક હજાર રાણીઓ હતી. એકવાર રાત્રિએ રાજા એવો ઊંઘી ગયો કે સવાર થયું તોપણ જાગ્યો નહિ. સવારે સભાજન આવ્યા ત્યારે મંત્રીએ રાજાને જગાડયો. જાગતાંની સાથે રાજા બહુ ક્રોધાવેશમાં આવી ગયો ને મંત્રીનો ઘાત કરવા તત્પર થયો. મંત્રીએ કહ્યું કે, ભલે, આપ રાજા છો, આપને કોઈ અટકાવી શકે તેમ નથી, પણ વગર ગુન્હે શામાટે મારો છો? તમને ક્રોધ કરવાનું કારણ હોય તે કહો. રાજાએ મંત્રીને પોતાનો વિશ્વાસુ જાણીને તેને કહ્યું કે ચંપાનગરીના ચંપકસેન રાજાની કુંવરી લીલાવતી સાથે હું સ્વપ્નમાં પરણ્યો. એના જેવી સ્વરૂપવાન સ્ત્રી કોઈ નથી. તેં જગાડીને મને વિયોગ પડાવ્યો. તું બુદ્ધિશાળી છે તો હવે ગમે તેમ કરીને મને એ સ્ત્રી મેળવી આપ. રાજાએ છ માસની મુદત આપી. મંત્રીએ સદાવ્રત માંડયું અને મુસાફર, સન્યાસી, તપસી, બ્રહ્મચારી, વિપ્ર, ભાટ, મઠવાસી સ્ત્રીઓ, યાત્રાળુઓ, સાધુઓ જેજે દેશાવર ફરનારા લોકો આવે તેમનો આદર કરીને તેમને દેશાંતરની હકીકત પૂછે. એ પ્રમાણે એક મહિનો વીતી ગયો ત્યારે એક અવધૂત આવ્યો તેનો વેશ આ પ્રમાણે હતોઃ—

'મસ્તકિ જટા મુકટ સુવિશાલ, તિલક ત્રથીય સોહઈ ભાલ,
દંડ ત્રય કપાયાં વસ્ત્ર, બીજઈ કરિ ફુરસીનું શસ્ત્ર. ૪૩
યોગપટ્ટ હૃદિ તુલસી માલ, દેવ દેહરા ઝાકઝમાલ,
હીગલાજ મુખિ બોલઇ ઘણઉં, હસિઉં રૂપ અવધૂતહ તણઉં. ૪૪

જ્ઞાની ઋષિ આગઇ હુઆ જે આગમ પરવેસ,
તસ પસાઈ કવીઅણ કહઇ, વિક્રમસેન વર્ણવેસુ— ૧

* * * *

મંત્રીએ યોગીને પ્રસન્ન કરી પૂછ્યું કે આપ ક્યાં રહો છો ? યોગીએ કહ્યું, અમારે કોઈ એક ગામ ઠામ હોતું નથી, મેં અડસઠ તીર્થ કર્યા છે. કવિ તીર્થ ગણાવે છે.

ગંગા ગયા ગોદાવરી હેમપંથ હીંગલાજ
સાગર સંગમ નરબદા, નાહી સાર્યાં કાજ, ૪૮
વૈતુરણી સાભરમતી, અચલેશ્વર જગનાથ
કાસી યમનાં દ્રારિકાં, ભેટા શ્રી સોમનાથ. ૪૯
વટ પ્રિયાગ જઇ સરસતી, તાપી મહી ભૃગુ ખેત્ર
સારણિ રામેશ્વરિ જઇ, પુહુતા જિહાં કુરૂખેત્ર. ૫૦
નગરકોટ જ્વાલામુખી, કાસમીર નઇ દેશ,
તીરથ જોયાં મઈ ઘણાં, મંત્રી મઇ માણ્યઈ વેસિ. ૫૧

શંભૂ શક્તિના દૂત જેવા સોમદેવ નામના એ યોગીએ કહ્યું કે મેં કરેલાં તીર્થ ગણાવતાં પાર આવે એવો નથી; પણ મેં એક અચરજ જોયું છે તે હું તને કહું છું. નવબારી ચંપા નગરીમાં ચંપકસેન રાજા અને ચંપકસેના રાણીને લીલાવતી નામની કન્યા છે. કન્યા અદ્‌ભુત રૂપવતી છે. મંત્રીએ પૂછ્યું કે તે પરણી છે કે કુંવારી છે ? યોગીએ કહ્યું કે એ એક વિપરીત વાત છે. એ પાપિણી પુરૂષ-દ્વેષિણી છે. પૂર્વભવનું એક જ્ઞાન થયું છે ને તેથી પુરૂષનો દ્વેષ કરે છે. મંત્રીએ કહ્યું કે ઠીક, ચાલો આપણે રાજા પાસે જઇએ. ઉજ્જેણી નગરીની મનોહર રચના જોતો જોતો યોગી રાજા પાસે ગયો. રાજાએ બહુ ભક્તિભાવ બતાવીને યોગીનું સ્વાગત કર્યું. પછી યોગીએ લીલાવતીની બધી વાત કહી. રાજાએ તેને કોટિ સુવર્ણદાન આપીને વિદાય કર્યો, પછી સાગરદત્ત મંત્રીને રાજ્ય સોંપીને પોતે......" (આટલે સુધી સં. ૧૬૬૨ ની લખેલી પ્રતપરથી લખેલ સાર અધૂરો મૂકાયો છે.)—

અંતે—

પનર પાંસટ્ઠિ સંવચ્છરિઈં, જ્યેષ્ટ માસિ શુદિ પક્ષ દિનકરઈં,
રચિઉ રાસ એ શાસ્ત્ર પ્રકાશ, કહિ કવિયણ નિજ ગુરૂનુ દાસ. ૬૧
પૂનિમ ગચ્છિ ગુણહ નિહાણ, રાજતિલક સૂરિ જગહ પ્રધાન,
તાસ પાટિ ગુરૂ પૂનિમ ચંદ, શ્રી વિનયતિલક સૂરિંદ. ૬૨
તસહિ ગુરૂનું અનુમત લહી, કૌતક કથા કવીશ્વર કહી,
× × × , વાચક ઉદયભાન ઇમ ભણઇ. ૬૩

—સાગર ભં. પાટણ; રત્ન. ડે.

[પૂર્ણિમાગચ્છના રાજતિલકસૂરિના પ્રતિમાલેખો સં. ૧૫૧૬, ૧૫૧૯, સં. ૧૫૨૪, સં. ૧૫૨૯ ના મળ્યા છે જુઓ ધા. પ્ર. લે. સં. ભાગ પહેલો લેખાંક ૧૨૨૨, ૩૦૧ અને ૯૨૪, ૧૨૪૯, અને ૩૩, તથા સં. ૧૫૦૬ તથા સં. ૧૫૨૩ નો મળ્યા છે-ભાગ બીજો લેખાંક ૯૯૧, અને ૭૯૭. તેમાંના એક પરથી જણાય છે કે તેઓ મતિતિલક-સૂરિના શિષ્ય હતા.

---

૯૦ લક્ષ્મણ (લખમણ) પહેલો.

(૧૫૬) શાલિભદ્ર વીવાહલુ ૧૫૬૮ પહેલાં.

અંતે—કરજોડી લખમણ ભણઈ એહ કલિયુગ કુડરે,
કુડ નિં રૂડું જગ રલીયામણુએ— ૪૪
જગ ગુરૂ હું અણજાણતું, ગુણ નવિ લહુ પાર રે,
પાર નિંઈ સાર કરઉ સેવક તણીએ—
૧૫૬૮ વર્ષે લિખિતં. (પ્ર૦ કા૦)

---

૯૧ ધર્મ્મસમુદ્ર ગણિ [ખ૦ જિનસાગર સૂરિની પટ્ટ પરંપરાએ જિનહર્ષસૂરિ-જિનચંદ્રસૂરિ-વિવેકસિંહ શિષ્ય.]

(૧૫૭) સુમિત્ર કુમાર રાસ. સં. ૧૫૬૭ જાલોર નગરમાં.

ઢાલ ત્રિપદીનુ

અંતે—

સુવિહિત ખરતરગચ્છ વિરાજઈ, રયણાયર જિમ ગુહિર ગાજઇ,
શ્રી **જિનસાગર સૂરિ** ૩૦

તાસુ પટ્ટિ ગુણ રૂપિહિં સુંદર, ગિરૂઆ ગણધર શ્રી **જિનસુંદર**
બુદ્ધિ કરઇ સુર સૂરિ. ૩૧

તાસુ પટ્ટાલંકાર મનોહર, શ્રી **જિનહર્ષ સૂરિ** સૂરીસર,
શ્રી જિન ગોયમ સામિ. ૩૨

તાસુ પટ્ટિ ગુરૂ સંપઇ સોહઈ, શ્રી **જિનચંદ સૂરિ** જગ મોહઇ,
દોહગ નાસઇ નામિ. ૩૩

વાચક **વિવેકસંઘ** લઘુ સીસ, પ્રભણઈ શ્રી **ધર્મ્મસમુદ્ર** ગણીસ,
આણી બુદ્ધિ વિ છંદ. ૩૪

સંવત **પન્નરહસિ સતસઠઈ, જાલઉર** નયર **પાસ** સંતુઠઈ,
કીઉ કવિત આણંદઈ ૩૫

ધરણઈ ધરઈ જાં સેષ ફણિંદ, જાં ગયણંગણિ તપઇ દિણંદ,
શિવ સિરિ રોહણિ કંત. ૩૬

ગુરૂ પસાઈ એ આગમ વાણી, ચરિત્ર રચ્યુ પરમારથ જાણી,
તાં લગઇ ચિર જયવંત. ૩૩૭

—ઇતિ દાન વિષયે **સુમિત્ર કુમાર** રાસ સંપૂર્ણ સમાપ્તં સંવત ૧૬૫૩ વર્ષે પોષ સુદિ ૬ બુધે લિખિતં ડે. ક.

(ડે૦ કૉ. નં. ૫૧-૧૮૭૭-૭૮) રત્ન. ડે.

—જાંબુનગરે. ઋષિ લલિતસાગર લિષિતં સં. ૧૬૬૭ વર્ષે આસો શુદિ ૩ સોમે (ઇડર બાઇઓનો ભં.)

(૧૫૮) કુલધ્વજ કુમાર રાસ સં. ૧૫૮૪

અંતે—

સંવત પનર ચઉરાસીઇએ, કીધઉ કીધઉ પ્રબંધ સુનામકિ,
સ્વદારા સંતોષ વ્રત ઊપરિઈએ, પાલઉ ર મન કરિ ઠામકિ.
—સંવત પનર ચઉરાસીઇએ. ૧૪૨

ચઉરાસીઇ એ રચિઉ મણુહર ગચ્છ ખરતર મંડણઉ
ઉવઝાય રાય **વિવેકસિંહ** સુપાય સેવક તસુ તણુ.
ઇમ ભણઇ **ધરમસમુદ્ર** વાચક એહ બોલ હીઇ ધરી
ખપ કરૂ અહનિસિ ભાવિ ભવીઅણુ સીલ ગુણુ ઇમ સાંભલી. ૧૪૩.

પ્ર૦ કા૦; અમ.

(૧૫૯) અવંતિસુકુમાલ સ.

આદિ—

જિણવર ધુરિ ત્રેવીસમોરે, પ્રણુમી પાસકુમાર
ગાઇસું હું રલિયામણોરે, મુણિવર મણિયલિ સાર. ૧

* * * *

અંતે— ત્રુટક.

એક ચલઇ રોમ ન પગે લાગી કરિય બેઠા નૃપ ભણુઇ,
પ્રભુ દોપ ખામું સીસ નામું રૂદ્ર સંકટ જિમ ટલઇ,
કલ્યાણુમંદિર સ્તવન કરતાં વિહર ફાંડી અપ્પએ
કવિ કહઇ **ધરમસમુદ્ર**વાચક પાસ પગટયા થાપ એ. ૩૩

૪-૧૦. આ૦ ક૦

(૧૬૦) રાત્રિભોજન રાસ-જયસેન ચોપાઇ પંચાલસામાં

આદિ—

પણુમિસુ ગોયમ ગણુહરરાય, સમરી **સરસતિ** સામિણિ પાય,
રયણી ભોજન દોપ વિચાર, બોલિસુ તે સાંભલુ ઉદાર. ૧
એહ જિ મનિ અવધારૂ જુગતિ, માંણુસ ઢોર કિસી છઇ વિગતિ,
રાતિ દિવસિ જુ ચરતઉ રહઇ, વિરતિ નિરતિ કેહી પરિ (નવિ) લહઇ, ર

* * * *

અંતે—

ષરતર ષરતર ગછિ હિ રાજીઉ એ શ્રીજિન **શ્રીજિનસાગર** સૂરિ કિ
શ્રી **જિનસુંદર** સૂરિવરએ નામિએ નામિએ નવનિધિ પૂર કિ. ૬૨ પર.

શ્રીપઇ રાજઉ ષરતર ગછિ શ્રી જિનહર્ષ સૂરિ યતીસરો
જયવંત શ્રી જિનચંદ સૂરિ વર લબધિ ગોયમ ગણહરો
સુવિવેકસિંહ સુજાંણ વાચક સુગુરૂ પાઉ પસાઉલિ
પ્રતિબોધ ધરમસમુદ્ર વાચક ઘણઈ ઇમ રંગઈ ભણઈ. ૬૩
પુર પુર પંચાલસા મંડણએ પંચમ પંચમ જિણવર રાઉ કિ.
સ્વામિ સુમતિ સોહાંમણો એ સેવઇ એ સેવઇ એ સુરનર પાઉ કિ. ૬૪
પંચાલસા નયર મંડણ મેઘરાજ સુનંદણો
તેહતણિ સાંનિધઇ સંઘ આગ્રહિ સદા મનિ આણંદણો
એ અરથ અનુપમ સુણઈ જે નર ભણઈ ભવીયણ નઈ કહઈ
બહુ રિદ્ધિ વૃદ્ધિ વિનોદ ઉછવ સિદ્ધિ સંપદ તે લહઈ.

—ઉદયપુર ભં.

—રાત્રિભોજન વિષયે જયસેન ચોપઈ સમાપ્ત. ઋ.-રવિચંદ્ર લિખિત્તં સા૦ સત્યલક્ષ્મી પઠનાર્થે ૮-૧૫ માં.

—સં. ૧૬૩૩ વર્ષે માહ શુદિ ૩ ભોમવારે શ્રી હર્ષપ્રિયોપાધ્યાય શિષ્યેણ વા૦ ચારિત્રોદય ગણિના, પં. વીરકલસ ગણિ-પં૦ હર્ષસાર ગણિનાં વાચનાય કૃતે ૬-૧૮ (વિ. ધ૦), ૧૩-૧૩ લીં.

—સં. ૧૬૮૪ પ્રથમ આ૦ બહુલ ૨ શુક્ર—જીર્ણદુર્ગે. ૫-૨૨ બાલ૦

—ગ્રંથાગ્રંથ ૨૫ શ્લોક સંખ્યા (વિ. ધ. ચોપડો ૧૨૯-૧૪૨.

—સં. ૧૮૦૮ વર્ષે આસૂ માસે શુકલ પક્ષે ૩ દિને લિપિતં પ્રસિદ્ધસાગરેણ. ૯-૧૭ ગુ૦ વિ૦

[જિનહર્ષસૂરિના પ્રતિમાલેખો સં. ૧૫૩૬, ૧૫૪૩, ૧૫૪૯ અને ૧૫૫૫ ના મળ્યા છે. જુઓ લેખાંક ૧૩૭૮, ૬૮૬, ૧૧૫૯ અને ૯૨૮ ધા. પ્ર. લે. સં. ભાગ ૧ લો. આ પૈકી સં. ૧૫૪૯ ના લેખમાં જણાવેલું છે કે તેઓ જિનવર્દ્ધનસૂરિ પટ્ટે જિનચંદ્રસૂરિ પટ્ટે જિનસાગરસૂરિ પટ્ટે જિનસુંદરસૂરિના પટ્ટધર હતા. તે સિવાય ભાગ બીજામાં સં. ૧૫૧૯-૨૦-૨૨-૨૪-૨૫, ૧૫૩૪-૪૪-૫૨ ની સાલના લેખ મળી આવ્યા છે.]

૯૨ દેવકલશ (ઉપકેશ ગચ્છીય ઉપાધ્યાય દેવકુમાર શિષ્ય ઉ૦ કર્મસાગર શિષ્ય ઉ. દેવકલ્લોલ શિષ્ય.)

(૧૬૧) ઋષિદત્તા ચઉપાઈ સં. ૧૫૬૯ ગાથા કડી ૩૦૧ પત્ર ૧૩
હા. ભં. પાટણ; લીં.

---

૯૩ અનંતહંસ સં. ૧૫૭૦ પહેલાં.

(૧૬૨) બાર વ્રત સઝાય.

શ્રી **હેમવિમલસૂરિ** તણઇ પસાય, લહી કરી કાધું સઝાય.
શ્રી **અનંત** હંસ સીસ ઇમ કહઇ, જે ભણે સિદ્ધાંત સર્વ
સિદ્ધિ લહઈ—પ્ર. કા.

(૧૬૩) ઇલા પ્રાકાર ચૈત્ય પરિપાટી. (સ્ત૦) ઇડર સંબંધી.

તપ ગચ્છિ દિણયર **લચ્છિસાયર સુમતિસાધુ સૂરીસરો**,
શ્રી હેમવિમલ મુણિંદ જિનમાણિક ગુણમણિ સાયરો,
સંથવિઓ શ્રી ગુરૂ **અનંતહંસ** સીસસેસિ જિણવરો,
શ્રી સંઘ ચઉવિધ સુખ બહુવિહ ઋદ્ધિ વિદ્ધિ સુહંકરો. ૪૬

---

૯૪ સહજસુન્દર (ઉપકેશ ગ૦ રત્નસમુદ્ર ઉ૦ શિ૦)

(૧૬૪) ઇલાતીપુત્ર સઝાય સં. ૧૫૭૦ જેઠ વદ ૯

અંતે—

સંવત **પનર** કહિઉં **૭૦** જેઠ વદિ નવમી દિનિઈ
સુખ પામસ્યઈ જે ભાવ ભણસ્યઇ કાજ સરસ્યઇ એકમનિઈ ૩૦
ગાછિ (૨) વર રવિ રાજીઓએ, આદરિઈ ૨ બોલઈ સીસ કિ,
વાચક રત્નસમુદ્રતુએ, **સહિજ** ૨ સુંદર કહઇ ઇમ કિ ૩૧
—પ્ર. કા.

(૧૬૫) ગુણરત્નાકર છંદ. સં. ૧૫૭૨

[જૂદા જૂદા છંદમાં આમાં સ્થૂલિભદ્ર ચરિત્ર વર્ણવ્યું છે. કવિનો ભાષા ઉપરનો કાબુ બહુ સારો છે. મ. બ.]

આદિ—

શશિકર નિકર સમુજ્જ્વલ મરાલ મારૂઢ સરસ્વતી દેવી,
વિચરતિ કવિજન હૃદયે સદયે સંસાર ભયહરિણી. ૧
હસ્ત કમંડળ પુસ્તક વીણા, સુહઝાણ નાણ ગુણ છીણા,
અપ્પઇ લીલ વિલાસં સા દેવી સરસઈ જયઉ. ૨
ક્ષુદ્રોપદ્રવ હરણં દદાતિ ધન ધાન્ય કાંચનાભરણં.
સકલ સમીહિતકરણં, દેવીસરણં નવનવાભરણં. ૩
બ્રહ્માણી બ્રહ્મસુતા, તું જગદંબા ત્રિલોચના,
ત્રિપુરા આદિ ભવાની માતા, તું ત્રાતા તારણી તરૂણી. ૪
દિઉ લીલા ગુણ લચ્છી, કરુ દેવિ દયાભરૂ અચ્છી,
શોક હરઉ હરિ સિદ્ધિ, કિર્ત્તિ કરૂ માય પરિસિદ્ધિ. ૫

* * * *

પય પણમું સરસત્તી, માતા સુણિ વાત એક વિનતી,
મગ્ગઉં અવિરલ વાણી, દેયો વહારન ગુણ જાણી. ૧૭
આણી નવનવ બંધ નવનવ છંદેણ નવનવા ભોગા,
ગુણ રત્નાકર છંદ, વન્નિસુ થુલિભદ્દસ્સ. ૧૮

* * * *

પાઠક રતનસમુદ્ર ચરણે નામું સીસહ,
ગુરૂ ગુણનિધિ ભંડાર અમીય રસ વયણિ વરીસહ,
તુઠી સારદમાય પાય પણિ પ્રણમી ભગતિ હિ,
ક્રીડા કામ વિનોદ તેહ મઈ બોલ વિગિતિ હિ.
અધિકાર એહ બીજઉ હુઉ ભાવ ભેદ નવ નવ કહી,
વયરાગ રંગ આણુ હિવૈં કહું બોલ અવસર લહી— ૧૬૦
—ઇતિ શ્રી ગુણરત્નાકર છંદસિ દ્વિતીયો ધિકારઃ સમાપ્તઃ—

સાંભલિવા હરષિઉં સહુ, આઘઉ વલી અધિકાર,
મુઝ મન તે રંગિજ થયઉ, ગિરૂઉ સરસ અપાર. ૧
ચિત્ત ચોપઈ રયણી સમઈ, હિયઈ ધરિઉં બહુ ધ્યાન,
સુપનાંતરિ આવી રહી, તે સરસતિ પરધાન. ૨
ઉઠવિ લાગુ પાઉલે, હુઉ તે જયજયકાર,
વરવાણી માગઉં સદા તે કરયો ઉપગાર. ૩
સારદ સાર દયા કરી દિઇ મુઝ અવિરલ વાણિ,
જિમ વનમાલી ફૂલની, મનો રચઇ વિનાણિ. ૪
દૂરિ ગઈ ભાવઠિ સવે, નાઠઉં અલિય વિઘન,
વાણી રસ હિવ કેલવું, સુણજ્યો સહુ સજ્જન. ૫

× × × ×

કરઈ મહોત્સવ વન્નર માલહ, બાંધિ બારિસ તેજાં પાલહ,
રોપઈ કેલિ સતોરણ નીલહ, કોશા રંગ સરોવર ઝીલહ.
પ્રેમ તણઉ જલ (ઈ) નામ, તાં ચલી કરઇ વિસ્તાર,
સહિજસુંદર મુનિવર ભણઈ, એ ત્રીજઉ અધિકાર. ૩૦૩
—ઇતિશ્રી ગુણરત્નાકર છંદસિ તૃતીયોધિકારઃ સમાપ્તઃ
જગદંબા જગમાહિ પ્રસિદ્ધિ, વાણી સરસ વલી મુઝ દીધી;
કેલવસિઉં ચઉથઉ અધિકારહ, સુણયો નર કરયો જયકારહ.
ઘણ દિવસઈ પ્રીઉડઉ ઘરિ આવ્યઉ.

* * * *

અંત—

જલભરિયા સાયર તપઈ દિવાયર તેજ કરઇ જાં ચંદ
સહિ ગુરૂપય વંદઉ તાં લગિ નંદઉ ગુણરતનાગર છંદ
ઉવએસ ગચ્છમંડણ દુરિતવિહંડણ ગિરૂઆ રયણસમુદ્દ
ઉવઝાયપુરંદર મહિમાસુંદર મંગલકર સુભદ્દ. ૮૪
સંવત **પન્નર બિહુત્તર** વરસે, એમ ઈ છંદ રચિઓ મન હરસે,
ગિરૂઓ ગણહર નવ નવ છંદઇ, **સહિજસુંદર** બોલઈ આણંદઈ. ૮૫

એ ઋષિરાજ સુગુણ જે ગાસઈ, અજર અમર માનવ તે થાસઇ,
ઘરિ મંડાણ મહોત્સવ સતતિ, ઋદ્ધિ વૃદ્ધિ લહિસઇ ને સંપતિ. ૮૬

કલસ.

પાટલપુર સિગડાલ, સયલ મંત્રીશ્વર ભણીઇ,
નંદરાય નરમુગટ સુભટ જસ કીરતિ સુણિઇ,
થૂલિભદ્ર થિર મંન કોશિ યુવતી જેણિ તારી,
ચંદ્રકલા નિકલંક સદા સાસન જયકારી,
વઇરી વિયોગ ભાવ વિહરણ, કરણ રિદ્ધિ સિદ્ધિ સયા,
લીલા વિલાસ રસ રંગ દીઓ કરો સહિજસુંદર મયા. ૮૭

—ઇતિશ્રી ગુણરત્નાકર છંદ મહા વિનોદ મનોહરે ચતુર્થોડધિકાર સંપૂર્ણ મિતિ. સંવત્ ૧૬૪૫ વર્ષે માર્ગશીર્ષ માસે શુક્લપક્ષે ૧૩ બુધે અદ્યે હવમોગ્રામ મધ્યે ભટ્ટારક શ્રી ૪ શ્રી શિવતિલક સૂરિ તત્શિષ્ય મુનિ ગુણીયલેન લિખિતં. પ્ર. કા.

—૫૬-૧૯ માં; ૨૮ પ્રે. ર., ૨૧-૨૨ ભાવ.; અમ૦

(૧૬૬) ઋષિદત્તા રાસ સં. ૧૫૭૨

આદિ—

(પ્રથમ મંગલાચરણ છે પછી

× × × ×

ઇંદ્રિ સરિખુ પાલઈ રાજ, નિસુણો સીલ તણા ગુણ આજ,
સહેજસુંદર મુનિ ઇમ ભણઇ. ૭

× × × ×

અંતે—

સંવત **પનર બહુતિરે** ઉ, ભ૦ રાસ કીઉ સુવિચાર ઉ
સૂરિજની કરણાવલી ઉ, ભ૦ જિમ સઘલિઈ પસંતિ ઉ.
ઇમ એ રાસ સોહામણ ઉ, ભ૦ ચઉપટલ્લી વિચરંતિ ઉ.

* * * *

(આ કવિએ સંસ્કૃત ગ્રંથ નામે વ્યાકરણે પ્રથમ પાદઃ સં. ૧૫૮૧ માં પોતે લખ્યો છે તેમાં આ પ્રમાણે છેવટે જણાવ્યું છે કે સંવત્ ૧૫૮૧

વર્ષે આસ્વીન માસે શુકલપક્ષે ચતુર્દશી તિથૌ ભોમવારે શ્રી શ્રીમાલ-જ્ઞાતીય મંત્રિ સોમસીહ પુ૦ મં. અરજુણ જયવંતકેન પઠનાય શુભં ભૂયાત્ મુનિ સહિજસુંદરેણ લિપિતં. પ્ર. કા.)

(૧૬૭) રત્નસાર કુમાર ચઉપાઈ સં. ૧૫૮૨

આદિ—

સરસતિ હંસગમનિ પય પ્રણમી, અવિરલ વાણી પ્રકાસરે,
શેત્રુંજમંડણ શ્રી રિસહેસર જી (?) રાઉલિ પાસરે,
નેમિકુમર ગિરિનારિ અલંકૃત, રાજિમતી ભરતારરે,
થંભનયર થંભણ પરમેશ્વર ફલવિધિ પાસ કુમારરે. ૧
ઉવએસ ગચ્છ ગિરૂઆ ગચ્છનાયક રયણપ્પહ સૂરીસરે.
સંપ્રતિ શ્રી સિદ્ધસૂરિ નમીજઇ, પૂરઇ મનહ જગીસરે,
ગુરૂ ગુણ રત્નસમુદ્ર ભરિઉ જિમ વિદ્યા લહરતરંગરે,
ગુરૂ ગ્યાની ગીથારથ સુરતરૂ ગુરૂ ચિંતામણિ ચંગરે. ૨
ગુરૂ દીવો ગુરૂ દેવતણી પરિ, ગુરૂ રાજા ગુરૂ ધ્યાનરે,
ગુરૂવિણ પંથ કુપંથન લહીઈ, ગુરૂ જગમાંહિ પ્રધાનરે;
સંયમ સીલ મહાર......કેવલ લીલ વિલાસરે.
શ્રી રત્નાંગદ પુત્ર તણુ હિવ સાંભલયો સહૂ રાસરે.
તપ મહાતપ દિનકર પીડિત, જેહતણું જીણું ચીંતરે,
શ્રી કવિરાજનણી મુખ વાણી, ચંદકિરણ જિમ સીતરે. ૬

વસ્તુ—

સકલ સારદ સકલ સારદ પાય પણમેવિ
ચુવીસઇ જિણવર નમી, સુગુરૂ પાય પણમેવિ સુહકર,
અરથ લહી સિદ્ધાંતનું, પાપતાપ પરિહરણ સુંદર,
ઉવએસ ગચ્છિ સિદ્ધસૂરિ ગુરૂ, પય પ્રણમી બહુ ભત્તિ
રત્નસાર કુમારનું, સાંભલયો સુચરિત્ત. ૭

* * * *

અંતે—

પ્રથમ ઢાલ.

સયલ સુણી વૃત્તાંત રસાલહ ઇહાપોહ કરંતિરે
પૂરવિલુ ભવ દેષી સઘલુ, શ્રી ગુરૂપાઈ નમંતિરે,
એટાનઈ સવિ રાજ સમોપી લીધુ સંયમ ભારરે,
રાણી તેહ થઈ વઇરાગિણિ, કર્મ ષપાઈ સુખકારરે,
વરસ બહુત્તરિ સંયમ પાલી પામીઉં કેવલનાંણરે
અણસણ સિઉં આબૂગિરિ સ ( ) મોક્ષપણું નિરવાંણરે.
અંગ અગ્યાર...ભણતાં ઉપાઈ ગુણગાણિરે
રતનમંજરિ પુહતી પ્રિય પાસઈ, બીજા અમર વિમાણિરે. ૯૭
ચારિત્ર દેસ થકી તે પોપટ, વિરતિ કરઇ ગુરૂ પાસિરે,
દેવતણી લીલા જિણિ લીધી, સોઈ રમઈ મુષ વાસિરે.
રયણકુમાર સદા શુભ લક્ષણ દેવ કરઈ ગુણગ્રામરે,
જયકારી જયમંગલ કારણ સહજ સલૂણું નામરે. ૯૮
જે ભણસ્યઈ ગુણસ્યઇ નરનારી તે ઘરિ મંગલ ચ્યારિરે,
લહરયઈ લીલવિલાસ ઘણી પરિ પુત્ર કલત્ર પરિવારરે;
સંવત **પન્નર બ્યાસી સંવછરિ** એ રચીઉ મઇ રાસરે
વાચક **સહજસુંદર** ઇમ બોલઈ, આણી બુદ્ધિ પ્રકાસરે. ૯૯

—ઇતિ શ્રી રત્નસાર કુમાર રાસ સંપૂર્ણ. લિખિતઃ સંવત ૧૮૭૩ વર્ષે કાર્ત્તિક વદિ ૯ શુક્રે. પા. ૬ પં. ૧૮ આ. ક.

—સં. ૧૬૭૬ વર્ષે પોસ સુદિ ૧ વાર રવૌ શ્રી **પણઘટી** ગ્રામે વા. શ્રી વિજયમૂર્ત્તિગણિના લખિતં. (મ. બ.)—કુલ ૩૧૦ પદ્ય ૧૨ પાનાં હા. ભં. પાટણ ડાબડો. ૮૩; સાગરભંડાર પાટણ નં. ૨.

—સં. ૧૭૭૮ વર્ષે જેષ્ટ શુદિ ૬ દિને વાર શુક્રે સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રી ૫ શ્રી જીવણચંદ્ર ગણિ ભ્રાતૃ પંડિતશ્રી ૫ શ્રી દાનચંદ્ર ગણિ શિષ્ય પં. દોલતચંદ્ર ગણિ લિષિતં શ્રી પત્તન નગરે આત્મીય અર્થે લિખીતં. (પ્ર. કા. પાનાં ૧૩); ગાથા ૪૦૦ પા. ૯ જેસલ-

(૧૬૮) આત્મરાજ રાસ સં. ૧૫૮૨ (યા ૧૫૮૮) (ખરૂં ૧૫૮૨ લાગેછે)

અંતે—

> સંવત **પનરઅ બ્યા (અઠયા) સીઈ,** મઈં રચિઉ રૂડુ રાસ
> **આતમરાય** કથા ભણુઇ, તેહનઈં ઘરિ રે રંગ લક્ષ્મી નિવાસકિ ૭૯ સ.
> આધિ વ્યાધિ ટલી સવે મિલઉ મુગતિ સંયોગ
> **સહિજસુંદર** વીનવઇ પ્રીઉ (ય) પ્રાણીરે તિહાં ભોગવઈં ભોગ.
> કિ૦ ૮૦ સ.

—પ્ર૦ કા૦, હા. ભં. પાટણ પાનાં ૩: લીં, છડર આઇઓનો ભં.

(૧૬૯) પરદેશી રાજાનો રાસ.

આદિ—

> ત્રિભોવન નયણાંનંદકર, ચોવીસમો જિણંદ,
> રાય **સિદ્ધારથ** કુલતિલો પ્રણમું પરમાણંદ. ૧
> ભગતિ મુગતિ દાતાર ઘણુ **ગોયમ** લબ્ધિનિવાસ
> અધિક પ્રતાપિ કલા ચડે, નામે લીલ વિલાસ. ૨
> અવિરલ વાણી કેલવણ અને વલી શુભ ધ્યાન
> સયલ સભારંજન કલા દિઉ **સરસતિ** વરદાન. ૩
> રાય **પરદેસી** તેહનો સાચો જિમ સંબંધ
> **સહિજસુંદર** વાચક ભણે સુણિયો સહુઈ પ્રબંધ. ૪

* * * *

અંતે—

> ઉવએસ ગચ્છ ગુરૂ ગાઇઇ, શ્રી **સિદ્ધિ સૂરિ** સુજાંણ,
> પાઠક શ્રી **ધનસારઉ,** મહિમા મેરૂ સમાંણ, ૨૧૫
> તસ પટિ ગુરૂ ગરૂયાવલી, **રતનસમુદ્ર** ઉવઝાય,
> મનવંછિત આપઇ તદા, જે સેવ્યા ગુરૂપાય. ૨૧૬
> લીલા પતિ લક્ષિમી વરઇ, કરઈં કતૂહલિ ગેલિ,
> ગરૂયાના ગુણ ગાવતાં, ફલઇ મનોરથ વેલિ. ૨૧૭

નરય થકી સ્વર્ગઇ ગયુ, તેનૂ પૂણ્ય પ્રમાણુ,
સ...આંણુ વહંતડાં, લાભઈ અમર વિમાંણુ. ૨૧૮
ધરમઇ સવ સુષ સંપજઈ, ધરમ કરો નરનારિ,
વાંણી સહજસુંદર તણી, સફલ કરૂ સંસાર. ૨૧૯

—સં. ૧૬૬૩ વર્ષે કાતી સુદિ ૧૫ દન. અંચલ ગચ્છે શ્રી પૂજ્ય શ્રી ધર્મ્મમૂર્ત્તિ સૂરીશ્વરં વિજય રાજ્યે પં. શ્રી મુનિશીલ ગણિ વાચનાર્થે. લાંલણ ગોત્રે સી૦ જેસા તત્પુત્ર સા૦ સદ્દા તત્પુત્ર સા૦ રાજપાલ તત્પુત્ર સા માંણિક તત્પુત્ર સા૦ વીરદાસ તત્સુત તેજપાલ લિખિતં શ્રી જેસલમેરૂ મધ્યે રાઉલ શ્રી ભીમજી વિજય રાજયે શ્રી. —ભાવ.

—૬-આચાર્યજી ઋ. શ્રી ૬ જસવંતજીના સેવક ઋ. લપૂ પોપા લક્ષતં સંવત્ ૧૬૭૧ વર્ષે આસો શદિ ૩ (વિ. ધ.)—૧૪-૧૧ લીં.

(૧૯૦) શુકરાજસાહેલી.

આદિ—

સરસતી હંસગમની સદા, માગું વચન વિલાસ,
વીરજિણેસર પય નમી, ગોયમ બુદ્ધિ નિવાસ. ૧
હરષ ઘણો ગુણ બોલતાં, સુણતાં સિદ્ધિ બુદ્ધિ હોય,
સુડા નેં સાહેલીયાં તણી, કથા સુણો સહુ કોય. ૨
પુણ્યેં રાજહ રંગ ઘણુ, પુણ્યેં ટલે વિયોગ,
પુણ્યે રોગ ન ઉપજે પુણ્યેં સુલલિત ભોગ. ૩
પુણ્યેં ધણ કણ પૂર ઘણાં, પુણ્યેં આયુ અનંત,
પુણ્યે સહસગુણું મિલે, પુન્યે જય જયવંત. ૪
સહિગુરૂ સાચા નેહના, જે પામઈ તસ ભેટ,
સુડા નેં સાહેલીયાં, કર્મકલા તસ ભેટ. ૫
આયસ સહિગુરૂનો લહી, કરસ્યું કવિત્ત રસાલ,
વાચક **સહેજસુંદર** ભણે, સાંભલયો સુવિશાલ. ૬

* × × ×

અંત—

એ શુકરાજા તણું ચરિત, ઇમ કર્યું સંષેવિ,
મોટાં ચરિત થકી સહી, પામ્યો ગુરૂ ઉપદેશ. ૧૬૬.
જે ભણસ્યે સુણસ્યે એકમનિ લહસ્યે તે સુષવાસ,
વાચક સહિજસુંદર કહે, દિન દિન લીલવિલાસ. ૧૬૭.
—સં. ૧૭૬૩ વર્ષે પોસ વી. ૫ રવૌ પં. પદ્મવિજય ગણિ લિષિતં. ૭-૧૫ (વિ. ધ.)

(૧૭૧) જંબુ અંતરંગરાસ.

આદિ—

સરસતિ સાંમણિ પય નમી, ઢાલિસુ ભવ દુહદાહ,
જંબૂ સ્વામી કેરડુ, ગાઇસું વર વીવાહ, ૧
ધર્મવંત ધુરિ તો લઇ, નવિ રાચઇ સંસારિ,
મુગતિ વધૂસિઉં માન મિલઇ, અવર ગમઇ નવિ નારિ. ૨
આઠઇ નારી વીનવઇ, અબલા કિમઇ ન છોડિ,
ચતુર વણોઠી કારણઇ, માણિક પાય મરોલિ. ૩

* * * *

અંતે—

અજૂ અમર પતિ દેવતાએ, સુખસંપતિ લહીઇ સિવતાએ,
સંકટ જસ નામિ ટલઇએ, વર આંગણડઇ સફલા ફલઇએ. ૬૨
અવિચલ થાનિક પામીઉએ, દનિ દનિ લીલ વિલાસ,
સહિજસુંદર મુનિવર ભણઇ, જયવંતુ સુખવાસ. ૬૩
—૪-૧૧ લીં.

૧૭૨ યૌવનજરાસંવાદ*

આદિ—

અમર કુમર ભુજ સબલ વિમલ કુલ કિત્તિ વિલકખણુ,

---

* આ કાવ્ય ૨૫ ટુંકનું નાનું પણ રસભર્યું છે. શબ્દચાતુર્ય કવિનું પોતાનું છે. કોઇનું અનુકરણ કે રૂપાંતર નથી. યૌવન અને જરાનો સંવાદ એ કાવ્યનો વિષય છે. ભોજરાજાને અનુલક્ષીને સંવાદ રચ્યો છે. (મ. બ.)

ધીરવીર ગંભીર સધર ગુણવંત વિચક્ષણ,
શ્રી સારદ મુખકમલિ રમલિ જિમ કરઈ સુહંસી,
દાનવંત ગુણવંત ધર્મ ધનવંત સુવંશી,
ઉલ્લસિત હસિત લીલા લલિત, કલા કલિત યૌવનસહિત
શ્રી ભોજરાજ ભોગિક ભમર, કરઇ રજ્જ દૂખણરહિત. ૧

* * * *

અંતે—

યૌવનજરા સંવાદ ભોજ ભંજઇ વચિ આવિ,
ટાલઈ સયલ વિરોધ સંપ વલિ કરઇ મનાવિ,
ભોગ રંગ રસ રોલ મયણ વિણ કોઇ ન જાણત,
જઉ તું જરા ન હુત્ત ગર્વ્વ તઉ કોઇ ન મુકત,
વઢવાડિ રાડિ સઘલી ટલી મિલ્યા રંગિ બેહૂ હસી,
એ ભાવ ભેદ કવિ સહજના કનકપરિ જોજ્યો કસી. ૨૫

—(મ. બ.)

૧-૩ સઝાયો—કાયા ઉપર (કાયાપુર પાટણ મોકલું, પેખો ર નવપુર માનરે-એ આદિ, અને મુગતિનારિ પૂર થાવીઇ, સહજસુંદર ઉપદેશરે-એ અંત.) +કાયાપુર પાટણ (પ્ર. ૧૬૨ સ. મા. બી.) +નિન્દા (પ્ર. ૩૭ સ. મા. સં.)

૯૫ કુશળસંયમ-(ત. હેમવિમલસૂરિ-કુલવીર અને કુલધીર શિ.

(૧૭૩) હરિબળનો રાસ.

અંતે—

તપગચ્છિ શ્રી ગુરૂ અવિચલ ભાંણ, માંનઇ ષટ્ દર્શન જસુ આણ. ૬૫
અભિનવ ગોયમ સ્વામિ સમાન, શ્રી હેમવિમલસૂરિ મહિમાનિધાન,
તાસ સીસ પંડિત કુલવીર, બીજો બંધવ શ્રી કુલધીર. ૬૬
શ્રી ગુણ શીલિં સોહામણા, જસુ અંગિ ગુણ દીપઈ ઘણા,
તે ગુરૂ પાંમી વચન વિસેસ, હરિબલ ચરિત્ર બોલિઉં લવલેસ. ૬૭

સાંભલતાં સવિ પાતક ટલઇ, ભણુતાં મનહ મનોરથ ફ્લઈ,
ચ્યારિ ખંડ ચઉપટ ચઉસાલ, ચતુર્થખંડ બોલિઉ સુવિશાલ. ૬૮
કુશલસંયમ કવિ ઇમ ઉચ્ચરઈ, પભણુતાં સંપદ વિસ્તરઇ.

(પત્ર ૨૮ પ્ર. કા.) ડે.;

—પં. અજયસાગર લિખિતં શ્રી સંકરાણિ ગ્રામે સં. ૧૭૪૧ વર્ષે (વિ. ધ.) (હેમવિમલસૂરિ—આચાર્યપદ સં. ૧૫૪૮ સ્વ. ૧૫૬૮.)

---

૯૬ લાવણ્યરત્ન—(ત૦ હેમવિમલસૂરિ—પંડિત ધનદેવ—સુરહંસ શિ.)

(૧૭૪) વત્સરાજ દેવરાજ રાસ. સં. ૧૫૭૧ દેવગિરિમાં—હેમવિમલસૂરિ રાજ્યે. હા. ભં. પાટણ; લીં; ડે.

(૧૭૫) યશોધર ચરિત્ર સં. ૧૫૭૩

આદિ—

દેવગિરિમંડન દેવતરૂ વંદી વીરજિણંદ,
ઇંદ સવે સેવા કરેં દિઇ જે પરમાણંદ. ૧
ગોયમ ગણહર ગુરવરસરણ સરણ કરી મનખંતિ,
પંતિ સહિત નિયગુરૂ નમું સૂરહંસ ઇક ચિત્ત. ૨
ભો ભવીયણ ભાવે સુણો ધર્મતણા ચ્યારે અંગ,
ભર ભવનાણ સુવાસના સંયમ રંગ અભંગ. ૩
દશ દ્દષ્ટાંતે દોહિલો પામી નર વએસ,
એ સમકિત અશકિત મનેં માનિઈ ટલે કલેશ. ૪
વીતરાગ સુસાધુ ગુરૂ જિનવર ભાષિત ધર્મ,
કર્મહરણ સવી જીવને જીવ દયાનો મર્મ. ૫
વેદપુરાણ કુલ બુદ્ધિબલે જીવ કરે જીવઘાત,
તે પાતકથી સાતમે નરકે પીડે સહિવાત. ૬
ત્રસ પ્રાણી દૂરે રહો જીવ આકારે જોઉ,
મન ભાવે ભાજે નહિ જયણુ પાતક લેઅ. ૭

તિહાં યશોધર રાયના નવ ભવ નવરસબંધ,
લાવણ્યરત્ન કવિ ઇમ કહે સુણો (એહ) સંબંધ. ૮

* * * *

અંતે—

શ્રી જિનમતિ અતિ વરતે આંણુ, તપગચ્છ ગયણુ વિભાસણુ ભાણુ,
સોહમ પાટે સોમસુંદરસૂરિ, નામે સંપતિ સુષ ભરિપૂરિ. ૩૦
મુનિસુંદરસૂરિ તસુ પાટિ, પાપ ટલેં નાંમ લેવા માટિ,
સંતિકર સ્તવ કરી જગસંતિ, કરી હરી દારૂણ દુહ ભ્રંતિ. ૩૧
પાટે રત્નશેષરસૂરિ, મહકે જગ જસ સુજસ કપૂરિ,
શ્રી લષિમીસાગર સૂરીંદ, કુમત તિમિરભરહરણુ દિણુંદ. ૩૨
યુગપ્રધાન ગિરૂયા ગુણધાર, શ્રી સુમતિસાધુસૂરિ ગુણધાર,
તાસુ પાટ્રિ સંપ્રતિ વિહરંતિ, ભવભય હરત જિણ ભગવંત. ૩૩
દીસે દિન દિન દીપતિ કલા, ગુરૂ ગુણ છત્રીસ આગલા,
હેમવિમલ સૂરિસ ઉદયવંત, અંતરીષ રવિ જા જયવંત. ૩૪
સિરિ ધનદેવ પંડિત શિષ્ય સિરિ મોડ પુહવિ પીઠિ પયાવિયયડ,
અબૂઝાવ ઘણા બૂઝવ્યા, સમકિત વિમલ સલિલ સૂઝવ્યા. ૩૫
સૂરહંસ ગિરૂઓ તસુ સીસ, વાદિશ્રેણિ ધૂણાવે સીસ,
તસુ પયકમલેં રમલિ જિમ ભૃંગ, લાવણ્યરત્ન નામે સીવગ. ૩૬
વિવેકરત્ન શ્રી ભણી આદરિ, સંવત **પંનર સય ત્રહુત્તરી**,
દેવગિરિ નગરે કાતિ માસે, યશોધર ચરિઅ ઉલ્લાસિ. ૩૭
સમકિત સુંદર નામ પ્રધાન,...પાપણુ ટાલે સંબંધ,
જાં દ્રૂ મેરૂ મહી થિર રહે, તાં રહિજ્યો કવિયણ કહેઇ. ૩૮

—૩૦-૧૧ લીં.

(૧૭૬) **મત્સ્યોદર રાસ** સં. ૧૫૭૩ (૧૫૭૪) પા. ૪. આ રાસ આ કવિના ગુરૂ સૂરહંસને નામે પણ નોંધાયો છે. જુઓ સૂરહંસ.

(૧૭૭) **કલાવતિ રાસ.** —રત્ન; જેસ૦

(૧૭૮) **કમલાવતિ રાસ.** —જેસ૦

૯૬ ક સુરહંસ—(ત. હેમવિમલસૂરિ–ધનદેવ શિ.)

(૧૯૬ ક) મત્સ્યોદર નરેંદ્ર ચોપાઈ—૧૫૭૪ દેવગિરિમાં આમાં જણાવેલ છેકે.

શ્રીતપા રત્નશેખરસૂરિ–' જિણિ પડિબોહ્યા સાવક સહસ '
' સંવત્ પનર ચિહુત્તરિ વરિસ, '
' દેવગિરિનગર કીધઉ રાસ. '

—સંઘવી ભં. પાટણ

(આ રાસ સૂરહંસના શિષ્ય લાવણ્યરત્નના નામે પણ નોંધાયો છે. જુઓ લાવણ્યરત્ન નં. ૯૬ ની કૃતિ નં. ૧૭૬; અને ખરૂં નામ લાવણ્યરત્ન લાગે છે.

૯૭ સાધુમેરૂગણિ–(હેમરત્નસૂરિ શિ.)

૧૭૯ પુણ્યસારકુમાર રાસ પૃ ૨૦ ગા. ૬૦૧ સં. ૧૫૭૧–અમ.

૯૮ રત્નસિંહસૂરિ.

૧૮૦ +રત્નચૂડમણિચૂડરાસ સં. ૧૫૭૧ ભા. વ. ૨ ને ગુરૂ–રત્ન, ડે. દ્વાદશવ્રત સ૦

૯૯ રત્નસિંહસૂરિ શિ૦

(૧૮૧) જંબૂસ્વામી—વિ. ધ.

૧૦૦ ભાવસાગર

(૧૮૨) નવતત્વ રાસ સં. ૧૫૭૫–વિ. ધ૦
(૧૮૩) ઇચ્છા પરિણામ ચોપઈ ૧૫૯૦–અમ૦

૧૦૧ સૌભાગ્યસાગરસૂરિ શિષ્ય–(વડતપ ગ. લબ્ધિસાગર-સૂરિ–ધનરત્નસૂરિ–સૌભાગ્યસાગર.)

૧૮૪ ચંપકમાલા રાસ ૧૫૭૮ આસો સુ. ૭ દમણમાં.

આદિ—

આદિ જિનવર આદિ જિનવર આદિ મુનિ ઇસ
શાંતિ નેમિ શ્રી પાસજિન વીર ધીર સેવે સુરાસુર
પંચ જિણેસર ચરણ યુગલ ભક્તિભાવ પ્રણમું ગુણાયર
ગણહર મુખ્ય ઇગ્યારહ ગુરૂ ગોયમ પ્રણમેવિ
ચંપકમાલા સતી તણું ચરીય ભણું સંખેવિ. ૧

* * * *

અંતે—

વડતપગચ્છ ગુરૂ ગોયમ સમાએ માલ્હંતડે, શ્રી લબ્ધિસાગરસૂરિ
જપતાં નામ જ તસુ તણુઓ એ મા૦ નાસઈ દુકૃતદૂરિ. ૬૦૪
પટ્ટ પ્રભાકર જયકરૂએ મા૦ ધનરત્ન સુરીંદ,
સોભાગસાગરસૂરિ ગુણનિલોએ મા૦ જસઉ જસ પૂનિમચંદ. ૬૦૫
તાસુ સીસ રગિઇં રચ્યો એ મા૦ ચંપકમાલાનો રાસ,
સંવત પનર અઠોતરે એ મા૦ ઉજ્જવલ આસો માસ. ૬
સાયર સંખ્યા તિથિ ભલીએ મા૦ રૂયડો વાર પત્તંગ,
આશ્રય નામ વિચારજ્યો એ મા૦ તિણિ દિન નક્ષત્ર ચંગ. ૭
દમણબંદિર રુલીયામણો એ મા૦ મંડણ આદિ જિણંદ,
તાસતણે સુપસાઉલે એ મા૦ નીપનો રાસ આણંદ. ૮
સતી પ્રબંધ જે ભણે એ મા૦ નર ને નારી સુજાણ,
ઋદ્ધિ વૃદ્ધિ મંદિર ઘણી એ મા૦ તે લહે કોડિ કલ્યાણ. ૬૦૯

—શ્રી ભુજનગરે સં. ૧૬૭૨ શ્રી સત્યશેખરગણિ પં. વિવેકશેખર ગણિ તત્ શિ૦ ભાવશેખર ગણિ લિ. ૧૭–૧૭ લીં.

—શ્રી સુરેતિ બિંદિર મધ્યે અશ્વનિમાસે વિજયદશમ્યાં સોમવાસરે સં. ૧૬૭૬ વર્ષે. ઇડર બાઇઓનો ભં.

—ખં. ૧; કો.

[બૃહત્તપા ગચ્છના લબ્ધિસાગરસૂરિના પ્રતિમાલેખો સં. ૧૫૫૯-૬૦-૬૧-૬૨-૬૪-૬૫-૬૬ ના મળી આવે છે ને તે પરથી જણાય છે કે તેઓ ઉદયસાગરસૂરિના પટ્ટધર હતા. ધનરત્નસૂરિના લેખો સં. ૧૫૭૨-૭૯-૮૪-૮૭-૮૮-૯૧ ના મળે છે તે પૈકી સં. ૧૫૭૯ અને ૧૫૮૪ ના લેખોમાં ધનરત્નસૂરિ અને સૌભાગ્યસાગરસૂરિ એ બંનેને સાથે મૂકી તેમની પહેલાં ' લબ્ધિસાગરસૂરિ પટ્ટે ' એમ જણાવ્યું છે. એકલા સૌભાગ્યસાગર સૂરિના લેખો સં. ૧૫૭૩ અને ૧૫૮૯ ના મળ્યા છે- જુઓ બંને ભાગ ધા. પ્ર. સં. વિશેષમાં સૌભાગ્યસાગરસૂરિનો સં. ૧૫૭૬ નો લેખ છે તેમાં જણાવ્યું છે કે પં. અભયસારગણિના પુણ્ય માટે પં. અભયમંદિર ગણિ તથા અભયરત્ન મુનિ સાથે રહી સૌભાગ્ય-સાગરસૂરિએ શાંતિનાથ બિંબને પ્રતિષ્ઠિત કર્યું-જુઓ નાહરકૃત જૈ. લે. સં. લેખાંક ૨૯૩.]

---

૧૦૨ ભુવનકીર્ત્તિ-પહેલા (કોરંટગચ્છ કક્કસૂરિ શિ.)

(૧૮૫) કલાવતિ ચરિત્ર સં. ૧૫૮૦ માગ. શુ. ૫ ગુરૂ ખંભાતમાં.
અંતે—

પનર અસી બરસામી, મૃગસર શુદિ પંચમી,
દિવસ થંભતિરથ ભલે, ગુરૂ દિન નિર્મલે. ૮૮
કોરંટગચ્છ નન્નસૂરિ, સુપટ્ટી શ્રી કક્કસૂરિ,
તાસ સીસ ઇમ ભણે, એ ઉલટ આપણે. ૮૯
ભુવનકીર્તિ થીર થાએ, કલાવતિ ગુણ ગાએ,
દુ:ખ દલિદ્ર ટલે એ સંપદા સવિ મિલે. ૯૦
જે ભણે મનરંગ, વિલસે સુખ તે અંગ,
શીલ સાંનિધ કરે, એ જિમ મનિ ગહગહે. ૯૧
—કલાવતિ ચરિત્ર સમ્પું સં. ૧૮૪૬ પોસ શુદિ ૧૨. —પ્ર. કા.

(નન્નસૂરિ માટે જુઓ નં. ૭૪ પૃ. ૯૬ અને કક્કસૂરિના પ્રતિમા લેખસં. ૧૫૯૫ ના મળી આવે છે. જુઓ ધા. પ્ર. સં. પહેલો ભાગ લેખાંક ૪૫૫, ૬૦૭.

---

૧૦૩ લાભમંડન (આંચ૦ ભાવસાગરસૂરિ શિ૦)

૧૮૬ ધનસાર પંચશાળિરાસ-સં. ૧૫૮૩ કાર્તિક શુદ ૧૩ ગુરૂ અમદાવાદમાં.

આદિ—

પણમવિ **વીર**જિણંદ, સ્વામી **સિદ્ધત્થ**રાય કુલચંદ,
સેવિ સુરનર ઇંદ, જસ નામે હોઈ આણંદ. ૧
નાભિકમલ જસ વાસં, સમરૂં **સરસતિ** મનિ ઉલ્હાસં,
કવીયણુ કરિવા રાસં, થિરવાસં, ભૂરએ આસં. ૨
રાજગ્રહ વરનયરં, રાજા નામેણુ **સેણિયં** સારં,
મંત્રી **અભયકુમારં** ઉત્તમ ગુણુ બુદ્ધિ ભંડારં. ૩
પૂછિ જિનવર પાસે ગૌતમ ગણધર મનિ ઉલ્લાસે,
પામજઈ સુખ વાસે, સ્વામી તે મઝ્ઝ દિઉ આસે. ૪

* * * *

અંતે—

સંવત **પનરએહ સંવત્સર ત્રીસી**ઇરે, રૂઅડઉ કાર્તિક માસરે,
ગુરૂવાસર દિન તેરસિ કેરડઇ, કીધો એ મનિ ઉલ્હાસિરે
અરિહંત એ. ૮૩
શ્રી **વિધિપક્ષ** ગચ્છ ગણધર રૂયડારે, શ્રી **ભાવસાગર** સૂરિરે,
નામિ નવનિધિ હુઇ જેહનઇરે, પાતિગ જાઇ સવિ દૂરિરે. અ૦ ૮૫
તાસ સીસ કહઈ ઉલટ અતિ ઘણુઇરે, **લાભમંડણુ** વાણુરીસરે,
એહ ચરિત જે ભણુઈ ભણુાવસિઇરે, લહઈ સુખ તેહ
નિસિદીસરે. અ૦ ૮૬

દેસ સવિહુમાહિ જાણીઇએ, માલ્હંતડે, ગૂજર દેશ પ્રસિદ્ધ,
તિહાં અહિમ્મદપુરવર ભલૂં. મા૦ વાસ જિહાં લક્ષ્મી કીધ. ૮૭
તીણઇં નયરિ વિવહારીયાએ. મા૦, સાવક ધર્મ્મવંત સુજાણ,
તેહ મહાજનમાહિ મૂલગુએ, મા૦ પહિરાજ પુણ્ય પ્રમાણ. ૮૮
તસ વામાંગિ રૂપી કહિઉએ, સુત સંઘદત્ત સુવિચાર,
જિનવર ગુરૂભક્તિ જિ કરઇએ મા૦ શ્રી શ્રીવંશ શૃંગાર. ૮૯
તાસ ઘરણિ ભાણૂં મા૦ શીલવંતી સવિ ચારઇં,
દાનગુણિ દીપઇ ઘણૂએ મા૦ અવર નહી સંસારિ. ૯૦
તસ કૂષઇં જગ જાણીઇએ મા૦ બુદ્ધિઇ અભયકુમાર,
જસ કીર્તિ જગિ ઝલહલઇએ મા૦ જાણઇં સયલ વિચાર. ૯૧
સત્ર સુણી રાસજ કીઉએ, પૂરઇ પાસ જગીસ,
અમીપાલ સાંનિધિ કરઇં મા૦ પ્રતપુ કોડિવરીસ. ૯૨

—સાધ્વી ઇંદ્રાણી પઠનાર્થ. ૬-૧૧ લીં. ૫-૧૪; અમ૦

[અંચલ-વિધિપક્ષની પટ્ટાવલિમાં ૬૦ મા પટ્ટધર સિદ્ધાંતસાગરસૂરિની પાટે ૬૧ મા ભાવસાગરસૂરિ થયા. તે મારવાડ દેશમાં નરસાણી ગામે વોરા સાંગાની સિંગારદે ભાર્યાના પુત્ર ભાવડ નામે સં. ૧૫૧૦ માં જન્મ્યા. ૧૫૨૦ માં ખંભાયત બંદરે જયકેસરીસૂરિ-૫૯ મા પટ્ટધરને હાથે દીક્ષા લીધી. ૧૫૬૦ માં માંડલ ગામમાં આચાર્યપદ અને ગચ્છેશપદ પણ મળ્યું. ૧૫૮૩ માં સ્વર્ગસ્થ થયા. ભાવસાગરસૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૬૦-૬૧-૬૩-૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૭૦-૮૧ ના મળ્યા છે. જુઓ ધા. પ્ર. સં. બંને ભાગ. તેમજ નાહારના સંગ્રહમાં સં. ૧૫૬૧-૬૫-૭૪-૭૬ ના પણ જોવામાં આવે છે. તેમની પાટે ૬૨ મા પટ્ટધર ગુણનિધાનસૂરિ અને તેમની પાટે ૬૩ મા પટ્ટધર ધર્મમૂર્ત્તિસૂરિ થયા.]

૧૦૪ જયનિધાન (ખ૦ રાજચંદ્ર ગણિ શિ.)

(૧૮૭) ધર્મદત્ત ધનપતિરાસ.—પાનાં ૧૪ અમ.

(૧૮૮) સુરપ્રિય ચરિતરાસ. સં. ૧૫૮૫ આસોવદ ૩ ગુરૂ મુલતાનમાં

આદિ—

સરસ મધુર અમૃત જિસી, શ્રી જિનવરની વાણિ,
હૃદયકમલિ સમરી કરી, કહિસુ કથા ગુણષાણિ. ૧
પાપ કરમ કેઈ જાણતા, અણજાણત તિમ કેઇ,
કરિનઈ પછતાવઈ વલી, ભાવઇ ધરમ કરેઈ. ૨
સુરપ્રિયની પરિ તે સહી, સુખિ હુઇ નરનારિ,
કલિમલ સવિ દૂરઈ કરી, પામઈ ભવનઉ પાર. ૩
સિદ્ધિ રમણિ સઇં વરિ વરઈ, પામી કેવલનાણ,
કથા સુણઉ સુરપ્રિય તણી, ભવિયણ હુઈ સાવધાન. ૪

* * * *

અંતે—

(૫ ૮ ૫ ૧)
બાણ સુર સર સસધરઈં, સંવચ્છરિરે આસો જહ માસિ,
સામલ ત્રીજ દિનઇ ભલઈ, કવિ વાસરિરે પૂગી મન આસ. ભ. ૬૨
શ્રી જિનમાણિકસૂરિ તણઈ, ખરતર ગછિરે પાટઇ ગુરૂરાય,
શ્રી જિનચંદ્રસૂરિ સૂરીસરૂ, જુગવર વડરે સહુ સંઘ સુહાઇ. ભ. ૬૪
તસુ પયકમલ પસાઉલઇ, સુરપ્રિયનઉરે સંબંધ વિચાર,
મુલિતાનઇ મન રંગસ્યું વર નયરઇંરે રચિયઉ સુહકાર. ભ. ૬૫
સાગરચંદ્ર સૂરીસની સોહઇ સાષઈરે સિરિ વાચક નામ,
રાજચંદ્રગણિ ગુરૂતણઈ, સુપસાયઈરે સીસઈ ગુણ ઠામ. ભ. ૬૬
જયનિધાન વાચક ભણઈ નરનારીરે જે નિસુણઇ એહ,
રિદ્ધિ વૃદ્ધિ ઘરિ સંપજઇ જસ મંગલરે સુખ વિલસઈં તેહ. ભ. ૬૭

—ઇતિ સુરપ્રિય ચરિતં સમાપ્તં–લિખિતં સંવત ૧૬૬૮ લાભપુરે. પા. ૮ પં. ૧૪ આ. ક.

૧૫૦ ભીમ પહેલો

(૧૮૯) અગડદત્ત રાસ સં. ૧૫૮૪ આષાડ વદિ ૧૪ શનિ-નડિયાદમાં
-લીં. ભંડાર

---

૧૦૬ સાધુરત્નસૂરિ

(૧૯૦) કયવન્નારાસ. (આખો ચોપાઇ છંદમાં)

આદિ—

પણમિય વીર જિનેસર દેવ, સરસતિ સામિણિ સમરી હેવ,
કરજોડિનઈ કહું વિસાલ, કયવન્નાનઉ રાસ રસાલ. ૧

દાન વડું સુણયો સંસારિ, દાનઈં દુર્ગતિ દૂરઈં વચારિ,
દાનઇ સુખ સંપતિ સંયોગ, દાનઈં મનવંછિત લહીઈં ભોગ. ૨

* * * *

અંતે—

સાધુરતન સૂરી ઇમ ભણઈ, કયવન્નાનું ચરિત્ર જે સૂણઈ,
ભણઈ ભણાવઈ જે વલિ ગણઇ, ચઉદરયણ નવનિધિ આંગણઈં. ૧૧૫

—મુનિશ્રી માનસાગર પઠનાર્થે. ૫-૧૨ ધો.

(આ સાધુરત્ન તે પાર્શ્વચંદ્રસૂરિ કે જેણે સં. ૧૫૭૨ માં જુદો ગચ્છ કાઢયો તેના ગુરૂ કદાચ હોય; અને જો તે હોય તો તેના ગુરૂપ્ર-ગુરૂની પટ્ટાવલિ ઈંડિયન એંટિકવરીના ૧૮૯૪ ના અંકમાં આપેલ 'પાયચંદ ગચ્છની પટ્ટાવલિ' પ્રમાણે પૂર્ણચંદ્રસૂરિ-તેના હેમહંસ-સૂરિ-લક્ષ્મીનિવાસસૂરિ-પુણ્યરત્નસૂરિ-અને તેના સાધુરત્નસૂરિ. અને તેના પાર્શ્વચંદ્રસૂરિ. એ પ્રમાણે છે.)

૧૦૭ મુનિચંદ્ર સૂરિ. (પૌ.)

(૧૯૧) રસાઉલો

—સંવત્ ૧૬૧૨ શ્રાવણ વદિ ૧૧ સોમે—શ્રી પૂર્ણિમા પક્ષે વટપદ્રિ શાખાયાં ભ૦ શ્રી લબ્ધિસુંદર સૂરિ તત્પરિવારે વા૦ શ્રી કરૂણાસાગર તચ્છિ૦ વા૦ શ્રીભાનુમેરૂ મુનિ—શ્રી લક્ષ્મીચંદ, મુનિ ભોજકુમાર, લઘુ શિષ્ય સાંરિંગલિખિતં—પૂર્ણિમાપક્ષે મુનિચંદ્ર સૂરિ કૃત રસાઉલો) —હા. ભં. પાટણ

રાત્રિભોજન સ. પા. ૨ પા. ૩

(પૂર્ણિમાગચ્છના ભીમપલ્લીય પક્ષમાં મુનિચંદ્ર સૂરિ થયા છે તેના પ્રતિમા લેખો સં. ૧૫૬૦, અને ૧૫૭૮ ના લેખાંક ૬૫૦, અને ૩૮૫ ધા. સં. ભાગ ૧ લામાં, અને સં. ૧૫૫૮ ના લેખાંક ૧૧૨ ભાગ બીજામાં મળી આવે છે તેજ આ કવિ હોય એવો દરેક સંભવ છે. સં. ૧૫૭૭ નો લેખ પૂર્ણિમાગચ્છના મુનિચંદ્ર સૂરિનો પણ મળે છે. નાહરકૃત જૈન લે. સં. ખંડ ૧ લો. લેખાંક ૧૩૨.)

---

૧૦૭ પાર્શ્વચંદ્ર સૂરિ + સં. ૧૫૮૬–૧૬૦૦.

(૧૯૨) સાધુવંદના અને બીજી અનેક ટુંકી કૃતિઓ.

+ હમીરપુર નગરના પ્રાગ્વંશના વેલ્હગશાહ પિતા, વિમલાદેં માતા. જન્મ સં. ૧૫૩૭ ચૈત્રશુદિ ૯ શુક્રવારે, દીક્ષા સં. ૧૫૪૬, ઉપાધ્યાય પદ સં. ૧૫૫૪. આચાર્યપદ સં. ૧૫૬૫, યુગપ્રધાનપદ સં. ૧૫૯૯ અને સ્વર્ગવાસ સં. ૧૬૧૨ જોધપુરમાં. તેમણે મારવાડના રાજા રાવગાંગજી તથા યુવરાજ માલદેવજીને પ્રબોધ્યા હતા, તેમ જ ખુણોત ગોત્રના ક્ષત્રિય રજપુતોનાં ૨૨૦૦ ઘર પ્રતિબોધી ઓશવાલ શ્રાવક કર્યા, તેમજ ગુજરાતમાં ઉનાવા ગામમાં વૈષ્ણવ સોની વાણીઆને ચમત્કાર દેખાડી શ્રાવકો કર્યા તે હજુ મોજુદ છે. વળી બીજાં અનેક ગામોનાં શ્રાવકો માહેશ્વરી થયેલા તેમને પ્રતિબોધી ફરી શ્રાવકો બનાવ્યા હતા.

૧. સાધુવંદના

આદિ—

રિસહ જિણ પમુહ ચઉવીસ જિણ વંદિયેં
હેલિ સંસારના દુખ સવિ છિંડિયેં
પુંડરીકાદિ ગણધાર મુણિ સાહુણી
સાર પરિવાર જગિ જાસુ મહિમા ઘણી. ૧

* * * *

અંતે—

કલસ.

ઇમિ જનવાણી જોઇ જાણી હિયઇ આણી મઇ ભણ્યા,
ભવતરણ તારણ, દુઃખ વારણ, સાધુ ગુરૂ મુખિ જે સુણ્યા,
ઇમ અચ્છઇ મુનિવર જેય હોસ્યઇ, કાલિ અનંતઇ જે હુઆ,
તે સત્ત વંદિહ શ્રી **પાસચંદઇ** મનિ આણંદઇ સંથુઆ. ૮૮

—હા. ભં. પાટણ; કચ્છી દ. ઓ; પ્ર. કા.; ૬-૧૪ માં.

૨. **પાક્ષિક (પાખી) છત્રીશી.** પૃ. ૫ ગા. ૩૬ અમ.

૩. **અતિચાર ચોપઇ.** ગા. ૧૫૬ પ્ર. સં. ૧૬૫૭ લીં.

૪. **ચરિત્ર મનોરથ માલા.**

૫. **શ્રાવક મનોરથ માલા.**

૬. **વસ્તુપાળ તેજપાળ રાસ** સં. ૧૫૯૭,

૭. **આત્મ શિક્ષા.**

આદિ—રે અભિમાની જીવડા, તું કિમ પામિસિ પાર,
લઘુ છલ નિરખે પારકા, તું તિહનો ભંડાર. ૧

× × × ×

અંતે—ઇમિ આત્મશિક્ષા ભણિ, કીધા દોહા એહ,
પાસચંદિ જે નર ભણે, તસુ મનિ ધરમ સનેહ. ૨૩

(આની પ્રાચીન પ્રત આ. ક. ૨-૧૪ છે.)

૮. **આગમ છત્રીશી.**

આદિ—

સુહ ગુરૂચરણ કમલ પ્રણમેસુ, પ્રવચન ગુણહ કેવિ કહેસુ,
શ્રુત બીજક જોઇ જાણિયે, નામ ગ્રંથ સંખ્યા આણિયે. ૧

* * * *

અંતે—

ઇણિપરિ સુવિસાલે પંચમ કાલે જે આગમ ગણિ ઉદ્ધરિય,
પુસ્તક લિખિ રાખ્યા જિણવરે ભાખ્યા ભવિયણ હિતકારણ કરિય,
તસુ નામ પભણું ગુણઈ પહાણું બીજક જોઇ સ્મૃતિ ભણિય,
ચિહુંવર છંદિઈં મન આણંદિઈં, પાસચંદ હરષિઈં ભણિય.
—લ. સં. ૧૯૩૧ મિગસર ૬ ધો.

૯. **ઉત્તરાધ્યયન છત્રીશી.**

૧૦. **ગુરૂ છત્રીશી.**

આદિ—રિસહ પમુહ જિણવર ચઉવીસ, વિહરમાણ તિત્થંકર વીસ,
વિહરે દુન્નિ કોડિ કેવલી, પ્રહ ઊઠી વંદો મન રલી. ૧

* * * *

એહવચન સાચા સદ્દહે, ભવિયણ આગલિ સાચા કહે,
તે સુહ ગુરૂનો સમરી નામ, પાસચંદ નિતુ કરે પ્રણામ. ૩૭
—સં. ૧૯૩૧ મિગસર ૬ ભોમ. ધો.

૧૧. **મુહપત્તિ છત્રીશી.**

૧૨. **વિવેક શતક.**

૧૩. **દૂહા શતક.**

આદિ—

જગન્નાથ જગત્રાત; કૃપાસ્પદ કૃપાકર
શરણ્ય ભક્ત સાધાર, શ્રુણુ વિજ્ઞપ્તિકાં મમ. ૧

* * * *

જગગુરૂ જિણવર વીનવું, વિનતડી અવિધારિ,
ત્રિભુવનનાયક એક તું, જુગતાજુગતિ વિચારિ, ૧

* * * *

અંતે—

જગદીશ્વર પય સમરતાં, પાલંતા તુમ્હ આણ,
અવજસ જસ દુખસુખ સહી, જે હુઈ તે સુપ્રમાણ. ૯૭

* * * *

૧૪. એષણા શતક.
૧૫. સંઘરંગ પ્રબંધ.
૧૬. જિનપ્રતિમા સ્થાપના વિજ્ઞપ્તિ.
૧૭. અમરદ્વા સપ્તતિકા.
૧૮. નિયતાનિયત પ્રશ્નોત્તર પ્રદીપિકા.

આદિ—

શ્રી જિનશાસન જગિ આધાર, નિયતાનિયત પદારથ સાર,
તેહ છે માહોમાહે વિવાદ, તે ટાલો પ્રભુ કરો પ્રસાદ. ૧

× × × ×

અંતે— દુહા.

એ સદવહણા ગુરૂ વયણે, જાણિ જે પાલંતિ,
સમકિત પ્રવહણે તે ચડી, ભવ જલરાસિ તરંતિ. ૬૩

શ્લોક–નિયતા નિયતા પ્રશ્ન નિર્ણયાર્થપ્રદીપિકા
વિહિતા પાર્શ્વચંદ્રેણ, શ્રી ગુરૂણાં પ્રસાદતઃ ૬૪

૧૯. બ્રહ્મચર્ય દશ સમાધિસ્થાન કુલ.
૨૦. ચિત્રકૂટ ચૈત્ય પરિપાટી સ્ત૦
૨૧. સત્તરભેદી પૂજા વિધિગર્ભિત.
૨૨.+ **૧૧ બોલ સઝાય**–સ્વ પ્રરૂપેલ. (ઐ. રા. સં. ૧) છેલ્લે જુઓ.
૨૩. **કાઉસગ્ગના ૧૯ દોષ સ.**

૨૪. વંદન દોષ ૩૨ કુલક.

આદિ—પ્રણમિ પરમાણુંદપય, પરમેશ્વર પહુ પાસ,
કરિ સુગુરૂ વંદણતણો, પરમારથ સુપ્રકાશ. ૧

* * * *

અં. બત્રીશમો દોષ એ જાણિ, પરિહર સંભલિ પ્રવચન વાણિ,
એ બત્રીશ દોષ ટાલિવા, આવશ્યક નિરતા પાલિવા. ૨૭
ઇમિ ગુણ વંદણ જે નર કરે, ભવસાયર તે લિલે તરે,
પાસચંદ હરષિઇ તે કહે, ભણત ગુણત પરમારથ લહે. ૨૮

૨૫. ઉપદેશ રહસ્ય ગીત.

૨૬. ૨૪ દંડક ગર્ભિત પાર્શ્વનાથ સ્તવન—

આદિ—

પ્રણમું પાસનાહ પ્રહિ સમઈ, દરસણિ દહે દુરી ઉપસમઈ,
કરૂ વીનતી બે કર જોડિ, આગતિ ગતિ ભવથિકી વિછોડિ. ૧

* * * *

અંતે—

પન્નવણા ભગવતી મઝારિ, બોલ્યુ તિહાએ બહૂત વિચાર,
પાસચંદિ વીનવિઉ પાસ, મુઝ મન વંછિત પૂરૂ આસ. ૨૪
—ઇતિ સ્તવનં. ટબાસહિત ૩. આ. ક. [પ્ર. કા.]

૨૭. આરાધના મોટી—(સં. ૧૫૯૨ માઘ શુદિ ૧૩)

અંતે—

" પનરહ સય બાણૂ વરસિ વિક્રમકાલ વિચારિ,
માઘ શુકિલ તેરસિ દિવસિ પુષ્ય રિખ્ખિ ગુરૂવારિ. ૪૦૫
પાલઈ નિરતી જે જિનઆણ, તે પામઈ વંછિત કલ્યાણ,
પભણઈ સાહુરયણ ગુરૂસીસ, પાસચંદ સૂરિંદ મનિ ધરી જગીસ ૨૧૩

૨૮. આરાધના નાની

અંતે—

વિહરમાણ જગિ દીપતા, પાસચંદ ઉવઝાય,
કીધી સિરિ આરાધના, સમરસિંઘ મનિ ભાય. ૪૦

૨૯. ખંધક ચરિત્ર સઝાય—સં. ૧૬૦૦ વૈ. શુ. ૮ શુક્ર.

અંતે—

વડતપ ગચ્છિ ગુણુરયણ નિધાન. સાહુરયણ પંડિત સુપ્રધાન.
પાર્શ્વચંદ્ર નામે તસુ સીસ, તિણિ કીધો મનિ આણી જગીસ ૧૦૦
સૂત્ર થકી કાંઈ અધિકો ઊણુ, તેય ખમો જિનવાણી નૂણ,
ખખરસ (૧૬૦૦) ચંદ વરસે ઉજલી, વઈસાખી આઠમિ મનરલી ૧૦૧
શુક્રવારિ એ પૂરો કર્યો, મહાઋષીશ્વર ભવજલ તર્યો,
તે મુનિવરનો સમરી નમ, ત્રિકરણ શુદ્ધિઈં કરૂં પ્રણામ. ૧૦૨.

૩૦. આદીશ્વર સ્તવનં વિજ્ઞપ્તિકા.

તુમ્હિ પ્રસાદિ હુઓ પરમાણુંદ, કરજોડી પ્રણમે શ્રી પાસચંદ

૩૧. વિધિશતક.

આદિ—વંદિય વીર જિણિંદા, નમિય ગોયમ ગણુધાર,
સમરિય સુહ ગુરૂપય પસાય, જે મુઝ આધાર,
જિન પ્રતિમા પૂજા વિશેષ, બોલિસ્યો વિચાર,
સુગુરૂ વચને સંભલ્યો જિસો તે ચિત અવધાર. ૧

* * * *

અંતે—

લહી ઉસગ અવવાય, નરગુરૂ સંગતિ સંગતિ સરિસા ફલ લહે.
એ સુપ્રસન્ન જિણવર રાય કરૂણા ભગતિઇ, પાસચંદ મુની ઇમ કહે એ. ૯૯

ગાહા— × × ×

૩૨. વિધિ વિચાર—

આદિ—વીર જિણેસર પય પ્રણમેવિ, સમરવિ કવિજણણી સુયદેવી,
પભણિસ વિધિહિ તણો વિચાર, સંભલિ ભવિયણ લહો ભવ પાર. ૧

× × × ×

અંતે—

ઇમ સંખેપેહિં વિધિ હિ વિચાર, ગુરૂ મુખે જોઇ આગમ સાર,
બોલ્યું અવિધિહિં થોડું બહુ, તે જિણવાણી ખમિજ્યો સહૂ. ૧૫૨

* * * *

૩૩. **નિશ્ચયવ્યવહાર સ્ત૦**—વીકાનેરમાં.

આદિ—વિક્રમનગરે પુરવર પ્રાસાદિ, જન ગુણ ગાવે મધુરે સાદિ,
ચઉવીસ વટે જિણવર ચઉવીસ, વંદિસુ પૂરિ સુમનહ જગીસ. ૧

* * * *

અંતે—

ઇમ નિશ્ચે વ્યવહારે સુત અનુસારે એ દેખાડિ વાનગીય,
એ નિરતા કરીયે હિયડે ધરીયે ઇણિ વવહારે તાં લગીય,
જાં નાવે કેવલી થાય ન કેવલિ સમરથ પરમારથ લહિય.
જિન આણા પાલો દુર્મતિ ટાલો **પાસચંદ** હરષે કહિય. ૫૯

* * * *

(૩૪) **વીતરાગ સ્તવન—ઢાલ.**

આદિ—

ગાથા-વિહિ જિણ ભુવણંમિ સયા, વિહિ પડિમા વંદણેણ ભવ્વાણં,
વિહિ પુવ્વ પૂયણેણં, સમ્મત્ત સુદ્ધ સમુલ્લસઈ. ૧

* * * *

ભાષા-જે રાગ દોસ સરસ વસિ વિચિત્ર, તે જાણે પ્રભુ સવિ મુઝ ચરિત્ર,
અં-ઇમ ત્રિજગનાયક સિદ્ધિદાયક તરણ તારણ જિણવરા,
ભવભીડ ભંજણ મોહગંજણ દુરિત તમભર દિણયરા,
ગુણ તુમ્હ પામી કેમ સામી **પાસચંદે** ગાઇએ,
ઇક આણ વહીયે પાર લહીયે, મનહ વંછિય પાઇયે. ૪૧

૩૫ **ગીતાર્થ પદાવબોધ કુલ.**

આ૦ વીર જિણેસર દુપ્પ સંહંતર, નિરતો વરતે ધર્મ નિરંતર,
તેહ તણો વિછેદ પયંપે, આગમ વયણ થકી નવિ કંપે. ૧

અંતે—

ઇમિ આગમ વાણી ભવિયણ જાણી, સંવેગી ગીયત્થ પયં,
સુત્રારથ સાચો સંભલિ રાચો, જિણ ધર્મિ જિમ લહો સુહં. ૩૧

૩૬ રાસ-શ્રતનો પક્ષ મમ મેલ્હજયો.

આ૦ સાર વચન જિન ભાષીઉ, એ જાં મિલી નહી બીજો કોઈ,
હિયે વિમાસી જોઈયો, સોવન પીતલ સમ કિમ હોઈ કે
શ્રુતનો પક્ષ મ મેલ્હજ્યે

* * * *

અંત—

પાસચંદ ઈમ વીનવે, જિનપ્રતિમા જિંણવરની બુદ્ધિ,
એક મના થઇ ધ્યાવતાં લહિજો મનવંછિત સિદ્ધિ. શ્રુ૦ ૪૩

૩૭-૩૪ અતિશય સ્ત૦

આ૦ જિન ચઉવીસે અતિશય શ્રુતિ ભણ્યા,
ચઉથે અંગે ગુરમુખિ મે સુણ્યા,
તે હિવે કહિશું હરખ હિય ધરી, સ્વામિ પામી જબ કેવલસિરિ. ૧

અંતે—

ઈમ ચ્યાર અતિશય જનમ સાથઈ જાવ જીવિય તે રહે,
ઇગ્યાર અતિશય કર્મક્ષયથી, હુંતી ગીતારથ કહે,
ઉગણીસ સુરકૃત તીસ ચ્યારે, એહ સાધારણ ભણ્યા.
સર્વ જિનને ભગતિ ભાવઈ પાસચંદિઈ સંથુણ્યા. ૫

૩૮. વીસ વિહરમાન જિનસ્તુતિ.

આ૦ સ્વામિ વંદુ વિહરમાન જિનવર સીમંધર.

અંતે—

પાલી રાજ મહવ્રય ધરી, પામી કેવલ નાણ,
પાસચંદ્ર નિતુ પ્રહ સમે, પ્રણમુ સુખનો ઠાણ. ૮

૩૯. શાંતિજિન સ્ત૦

આ૦ જિનેંદ્ર શાંતિસ્વર પાય લાગું, તુંમ કને સૂધો તત્ત્વ માગું.

અંતે— કલસ.

ઈતિ સ્તુતો જગ જીવરા જીવનભાસ્કર,
અનંત સુદ્ધા સ્વામી તિ જિનશ્રિયે,

૪૦ રૂપકમાલા સં. ૧૫૮૬ રાણકપુરમાં.

આ૦ આપિઈં આપ સંભાલિયે રે જીવડા વિચારિ,
આજ્ઞા જિનની પાલિયે, શિવ સુખની દાતારિ
આતમા સાર સીખ સુણો.

અંતે—

રાણિગપુર રલિયામણો, આદીશ્વર જિનરાઉ,
પાસચંદ ઇમિ વીનવે પ્રભુ કરિ એહ પસાઉ. ૨૮ આ૦
હોજ્યો નારિનિ રાસમય, પરમાનંદ ઉલ્હાસ,
ભવિ ભવી મુઝ મન ભમરને તુમ્હ પય કમલિ નિવાસ ૨૯ આ.
સંવત પનર છયાસીયે, કીધી રૂપકમાલ,
ઉત્તમ તે કંઠિ ધરે, જસુ મને સીલ રસાલ. ૩૦ આ.

૪૧. સઝાય.—

આ૦ દેવ ગુરૂ સંઘ કારણ મુનિવર, ચક્રવર્ત્તિ દલ ચૂરે,

* * * *

અંતે—

ભણે પાસચંદ તુમ્હે ચારિત્ર લેઇને, પરિગ્રહથી મન ટાલો
અરિહંત વચને સાચ પરૂપો, સુધો સંજમ પાલોરે.—મુનિવર
હિંસા ધર્મ કાંઇ ભાખો ૯.

૨૨ એકાદશવચન દ્વાત્રિંશિકા—ઉપર નં. ૨૨ જુઓ.

પ્ર૦ પ્રણમીય સ્વામી વીરજિણંદ, જસુ દંસણ હુઈ પરમાણંદ
કહું સંક્ષેપઈ બોલ ઇગ્યાર, વિગતિ સહિત લહિ ગુરૂ આધાર. ૧

× × × ×

અંતે— કલશ.

સેવા કરિયઈ ભવજલ તરિયઈ ધરિયઈ હિયડઈ ગુરૂ વયણું.
પરમારથ ગ્રહિયઈ શિવસુખ લહીઈ રહિયઈ આદરિ જિનશરણું,
ઇગ્યાર પદારથ ભાખ્યા સમરથ સાંભલિ ભવિયણ સદ્દહિયે,
જે થાઇ ઇકિચિત્ત પામઇ સમકિત શ્રી પાસચંદ્ર ઇણિપરિ કહએ. ૩૨

—આ ઉપરના સર્વ એક પુસ્તકમાં છે. લિ. સં. ૧૯૩૧ પોસ સુદિ ૨ મંદવાસરે. લિ. બ્રાહ્મણ સરીમાલી મારવાડી પા. ૬૪-૧૨ ઘો૦ (આ નાની નાની ટુંક કૃતિઓ છે. તેના રચનાર પરથી પાયચંદીય ગચ્છ નીકળ્યો છે. મૂળ તે નાગપુરીય તપગચ્છ કહેવરાવે છે.)

---

૧૦૯ વિજયદેવસૂરિ* (પાર્શ્વચંદ્ર સૂરિના પ્રગુરૂ પુણ્યરત્ન શિ૦)

(૧૯૩) શીલ રાસ.

---

* જોધપુર પાસેના રૂણુનગરમાં ઓશવાલ વંશીય ચાહડશાને ત્યાં તેની પત્ની ચાંપલદેથી બરદરાજ નામનો પુત્ર થયો. તેને ન્હાનપણમાં પાર્શ્વચંદ્રે દીક્ષા આપી. બરદરાજને અને બ્રહ્મઋષિ (જુઓ તે નામના કવિ નં. ૧૧૧) ને અરસ્પરસ સ્નેહ થયો. બંનેએ આગમોનો અભ્યાસ કર્યો ને પ્રમાણ આદિ તર્કશાસ્ત્રનો અભ્યાસ કરવા દક્ષિણ દેશમાં જવાની ઇચ્છા કરી કોઈ ન જાણે તેમ બંનેએ દક્ષિણમાં વિહાર કર્યો. ત્યાં કોઇ શ્વેતામ્બરાચાર્ય પાસે અભ્યાસ ત્રણ વર્ષ કર્યો. પછી તે ગુરૂની રજા લઇ પાછા વળતાં દક્ષિણના વિજયનગરમાં આવી ત્યાંની રાજસભામાં દિગમ્બર પંડિતોને જીતી લીધા. ગુરૂઓ પાસેથી સૂરિમંત્ર લીધો હતો, તેથી રાજાએ ઉત્સવ સહિત વિજયદેવ સૂરિ એ નામ બરદરાજનું રાખી આચાર્ય પદવી આપી. પછી જોધપુરનાં આવી પાર્શ્વચંદ્ર ઉપાધ્યાયને વંદન કરી તેને સૂરિપદ આપ્યું. ત્યાર પછી વિહાર કરતાં ખંભાતમાં આવ્યા ત્યાં રોગ થતાં વિજયદેવસૂરિએ આયુષ્ય પૂર્ણ કર્યું. સ્વર્ગવાસ થયાં પહેલાં બ્રહ્મ ઋષિને સૂરિમંત્ર આપી તેમનું 'વિનયદેવસૂરિ' એ નામ રાખ્યું. ત્યાર પછી વિનયદેવ સૂરિએ સં. ૧૬૦૨ માં 'સુધર્મ ગચ્છ' એ નામ રાખી જુદો ગચ્છ કાઢયો. વધુ માટે જુઓ મનજીઋષિ કૃત વિનયદેવસૂરિ રાસ. ઐ. રા. સંગ્રહ ભાગ ૩.

આદિ—

પહિલઉં પ્રણામ કરઉં જિનરાય,લાગુજી ગોતમ ગણધર પાયં,
સદ્‌ગુરૂ વાણી વલી સાંભલઉ, ભૂલઉજી અક્ષર આણિજ્યો ઠાઈ
રાસ ભણિસુ રલિયામણુઉ, જે સુણ્યા સીલ હિયઈ થિર થાઈ
કોકિલા જિમ કલિરવિ કરઈ, માસ વસંત જિમ અંબ પસાઈ કિં.
કંઇ શીલ અખંડિત સેવજ્યો.

* * * *

અંતે—

હિવઈ શ્રી પૂજ્ય **પાસ**ચંદ તણઉ સુપસાઉ, સીસ ધરઇ નિજ નિરમલ ભાઉ,
નયર **જા**લોરહ જાગતઉ હિવિ **ને**મિ નમઉ નિતુ એ કરજોડિ,
વીનતી એ હા જિન વીનવઉં સ્વામિ ઇકિ ખિણિ અમ્હ મનથી નવિ છોડિ.
સીલ સંઘાતઈ પ્રીતડી હિવઇ ઉત્તરાધ્યયન બાવીસમઉ જોઇ,
વલીય અનેરા ગ્રંથથી અરથ આજ્ઞા વિના જિ કહ્યઉ હોઈ,
વિફલ હોજ્યો મુઝ પાતક સોઈ જૈ જિનભાષ્યઉ તે સહી
સ્વામી દુરિત નઈ કષ્ટ હરઉ દૂરિ, વેગિ મનોરથ માહારા પૂરિ,
આણુસ્યઉં સંજમ આપિયો હિવઈ વીનવઇ ઇમિ શ્રી **વિજયદેવ** સૂરિ કિં૦
૮૦ સીલ૦

—શ્લોક ૨૭૦ સાધ્વી હરષાં વાચનાર્થં. શ્રી. જૂની પ્રત પા. ૯–૧૧ ક. મુ.

—લ. સં. ૧૬૫૭ પા. ૧૨ માણેક.

—લ. સં. ૧૬૬૯. હિંદિસાહિત્યના સન ૧૯૦૦ ની ખોજનો રીપોર્ટ નં. ૯૧.).

—સં. ૧૭૩૫ જેઠવદિ ૪ લિ. ૧૫–૯ માં.

—લિ૦ ઋ. ડુંગરસી શિ. લાલચંદ્રેણ. સાધ્વી જિઉજી પઠનાર્થં સં. ૧૭૬૬ લૂણકરણસર મધ્યે. (–૧૧ ઘો.)

—લિ. ઋ. ઠાકુરજી તસ્ય શિષ્ય ઋ. આસકરણ સ્વપઠનાર્થં ૮–૧૪ સીં. ૧૦–૧૧ બાલ૦; ખં. ૧; વિ. ધ. (નાના ચોપડામાં).

(આ રાસને નેમિનાથ રાસ, શીલરક્ષા રાસ, શીલરક્ષા પ્રકાશક રાસ આદિ નામથી પણ ઓળખવામાં આવેલ છે.]

ઉપદેશ ગીત—

આદિ— સુરતરૂની પરિ દોહિલઉરે, લાધઉ નરભવ સાર.

અંતે— ખિમાસહિત તુહ્મો તપ કરઉ, ઇમિ બોલિઇરે વિજયદેવસૂરિ ૧૬

---

૧૧૦ સમરચંદ્ર*. (પાર્શ્વચંદ્રસૂરિ શિ.

(૧૯૪) શ્રેણિકરાસ અને બીજી નાની કૃતિઓ.

(૧) શ્રેણિકરાસ. રત્ન.

(૨) પાર્શ્વચંદ્રસૂરિ સ્તુતિ ને સઝાયો.

(૩-૮) **મહાવીર સ્તવન**—સં. ૧૬૦૭ જેઠ સુદ ૮ ખંભાતમાં

સંવત સોલસત્તરઇ થંભ તીરથિ જેઠ માસ,
સુકલપક્ષ અષ્ટમિ દિણે, તવણ રચિઉં ઉલ્હાસિ.

પ્રત્યાખ્યાન ચતુઃસપ્તતિકા.

પંચવિંશતિ ક્રિયા સ૦, **આવશ્યક અક્ષર પ્રમાણ સ.**

શત્રુંજય મંડન આદિનાથ સ્ત૦ સં. ૧૬૦૮ મહા સુ. ૮

---

* સમરચંદ—પાર્શ્વચંદ્ર ગચ્છના સ્થાપક પાર્શ્વચંદ્રજીના શિષ્ય. સિદ્ધપુરપાટણના શ્રીમાલી ભીમાશાહના વાલાદે સ્ત્રીથી થયેલ પુત્ર. જન્મ સં. ૧૫૬૦ માગસર સુદિ ૧૧, દીક્ષા સં. ૧૫૭૫, ઉપાધ્યાયપદ સં. ૧૫૯૯, આચાર્યપદ સં. ૧૬૦૪, સ્વર્ગવાસ સં. ૧૬૨૬ ના જેઠ વદ ૧ ખંભાતમાં. એમના સમયમાં શ્રી આનંદમેરૂના શિષ્ય પદ્મમેરૂસૂરિ અને તેમના શિષ્ય પદ્મસુંદર ગણિ થયા કે જેમણે રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય, પાર્શ્વનાથ મહાકાવ્ય, જંબૂસ્વામિ ચરિત્ર પ્રાકૃત, તથા પ્રમાણસુંદર નામનો ન્યાયગ્રંથ કર્યો–તે ઉપરાંત ભગવતીસૂત્રપર ઉત્તમ બાલાવબોધ (ટબો) ગૂજરાતી ભાષામાં કર્યો–તે પદ્મસુંદર અકબરનું ચિત્ત આકર્ષીત કરી તેમની રાજસભામાં રહેતા હતા.

શ્રી પાસચંદસૂરિંદ સીસઈ સમરસિંઘ સંવછરઇ,
માઘ માસિઈ શુક્લિ અઠમિ સોલસઇઠકુતરઈ. ૧૩

શાંતિજિન સ્ત૦

ચતુર્વિંશતિ જિન નમસ્કાર. સં. ૧૫૮૮.

વસુ વસુ બાન પરમ જુગ્યાન તપો અભિધાન વૃદ્ધિ દિન માસે,
જિના ચોવીસ જગત્રય ઇસ થુણ્યા સજગીસ **સમર** સુલ્લાસે. ૨૫

(૯) **બ્રહ્મચારી**—તેમાં બ્રહ્મચર્યના ગુણનું વર્ણન છે. કડી ૯૪ અને શ્લો. ૧૧૫ છે. —હાલાભાઇ ભં. પાટણ.

આદિ—

ગોયમ ગણહર પાય પ્રણમી કરી,
બ્રહ્મવ્રત ધુવસિ ઉં હરપ હીઈ ધરી,
સૂધું પાલી ભવસાગર તરી,
પ્રીણી પાંમઇ પામિસિ શિવપુરી. ૧

* * * *

અંતે—

એકેક ઇંદ્રી વસિઈ આઠઇ કર્મ ગ્રંથિ સુદૃઢ કરેઇ,
અનાદિ અનઈ અનંત ચઉત્રઈ કાલ અનંતુ સંચરઇ,
શ્રી પાસચંદ સરીંદ સીસો સમરસિંઘ ઇમ ઉચ્ચરઇ,
ઇંદ્રી તણુઉ જે કરઇ સંવર હેલાં શિવરમણી વરઈ. ૯૪

—પ્ર. કા.

(૧૦) ઉપદેશસાર રત્નકોશ–૧૧ બોલ સઝાય.

આદિ—

તિર્થંકર ચઉવીસહઉં, વંદુ સુગુરૂ સુસાધુ
પ્રચયન જે સૂધો કહે, ષટ જીવ વીરાબાધ. ૧

* * * *

અંતે—

ઇગ્યાર પદ એ સૂત્ર સાવિઈં, સુગુરૂ મુખી અવધારિયે,
આદેયપદ મન વચ કરીઇં આદરી હેય વારીયે,
જ્ઞેય વસ્તુ સ્વરૂપ જાણી ધર્મ્મસ્યુ મન રાખિયે,
સૂરીંદ શ્રી પાસચંદ સીસિઇં સમરસિંઘ ઇમ ભાખિયે. ૬૧

—ઘો૦

૧૧૧ બ્રહ્મમુનિ+—વિનયદેવસૂરિ પાર્શ્વચંદ્ર સૂરિ ગચ્છીય

+ બ્રહ્મ—જન્મ સં. ૧૫૬૮ ના માગશર શુ. ૧૫ ગુરૂને દિને માલવાના આજણોદ ગામમાં સોલંકી રાજા પદ્મરાય પિતા અને સીતાદેમાતાને ત્યાં; નામ બ્રહ્મકુંવર. તે અને તેના મોટા ભાઈ ધનરાજ દ્વારકાજીની જાત્રાએ સં. ૧૫૭૬ માં ગયા ને ત્યાંથી ગિરનાર ગયા ત્યાં આંચલિક રંગમંડણ ઋષિએ બન્નેને દીક્ષા આપી દીધી. પાર્શ્વચંદ્રના ગુરૂ સાધુરત્નના ગુરૂ પુણ્યરત્ન પાસે બરદરાજે દીક્ષા લીધી. તે બરદરાજને બ્રહ્મઋષિનો ભેટા પાટણમાં થયો. પછી ધનઋષિ, બ્રહ્મઋષિ અને બરદરાજ ઋષિએ દક્ષિણમાં અભ્યાસ કર્યો. ત્યાંથી વિજયનગર ગયા. ત્યાં દિગંબરોને વાદમાં જીત્યા. ને તે વખતે રાજાએ બરદરાજને વિજયદેવસૂરિનું નામ તથા પદ આપ્યાં. વિજયદેવે પાર્શ્વચંદ્રને સૂરિપદ આપ્યું. વિજયદેવે બ્રહ્મઋષિને સૂરિપદ આપી વિનયદેવસૂરિ નામ આપ્યું. આ વિનયદેવ સૂરિએ સુધર્મગચ્છ એ નામથી જુદી સામાચારી સં. ૧૬૦૨ ના વૈ. શુ. ૩ ને દિને બુરહાનપુરમાં આદરી. ચૌદશની પાખી કરવાનું, ઉદયાત તિથિ ત્યાગવાનું અને પાખી તથા ચોમાસું જુદું કરવાનું સૂત્ર વિરૂદ્ધ જાહેર કર્યું. કડવા ગચ્છનાએ ટેકો આપ્યો. અમદાવાદ, ને ત્યાંથી ખંભાત, પાટણ. પછી અમદાવાદમાં વિજયગચ્છના ક્ષમાસાગર સૂરિ આ સામાચારીમાં ભળ્યા. સં. ૧૬૩૬. રાંનેર, બરહાનપુર, શ્રીપુર, અંતરીક્ષ પાર્શ્વનાથ, બરહાનપુર, બોરસદ, ખંભાત પાસે કંસારી, ખંભાત—એમ વિહાર કર્યો. બરહાનપુરમાં સં. ૧૬૪૬ સ્વર્ગવાસ. તેના શિષ્ય વિનયકીર્તિસૂરિ નામના હતા. સં. ૧૬૪૬ માંજ મનજીઋષિએ વિનયદેવસૂરિ રાસ રચ્યો તેમાંથી આ હકીકત લીધી છે. વધુ માટે જુઓ. ઐ. રા. સં. ભાગ ૩.

(૧૯૫) ચાર પ્રત્યેક બુદ્ધિ ચોપઈ. સં. ૧૫૯૭.

આદિ—જિણ ચઉવીસઈ પઇકમલ, મનિ ધરિ હર્ષ નમેસુ,
સુગુરૂ વચન સુભ મંત્ર જિં હીયડામાહિ ધરેસુ. ૧
મુનિવર જે જગ જાણીઈ, પ્રત્યય દેખી બુદ્ધ,
મન આણંદઈ વંદિ કરિ, કહિસ્યઉં તાસ પ્રબંધ. ૨
જોઈ અસંખ ઇણે પરિ થયા, તઉ પુણ એ મુન ચ્યારિ,
ચવણ દીખ કેવલ મુગતિ, સાથિ લહઇ સુવિચાર. ૩

અંતે—

સાસણ દેવત આપઇ લંગ, સંજમ પાલઇ રિષિ,
તે મુનિવર નઉ મનિ ધરિનાંમ હર્ષઈ બ્રહ્મઉ કરઈ પ્રણામ. ૬૮
(ગાથા ×) —કરકુંડુ ચરિત્ર.
—દુમુહ ચરિત્ર વગેરે

છેલ્લે

રતનાકર ગ્રહ સંખ વરીસ, સમતિ ચંદ સંવતઇ જગીશ.
પ્રત્યય બુદ્ધ તણઉ એ ચરી, ભાખિઉ મન આણંદઇ. ૭
સુધાસુધ જસ જગત્ર વિખ્યાત, વેલ તાત વિમલાદે માત,
શ્રી પાસચંદ ગુરૂ સુગુણ પ્રધાન, તસુ પય સેવ કરઉં તિ જમાન. ૮
ઉતરાધ્યયન સંખેપઈ કહિઉં, વૃત્તિમાંથી વિસ્તર લહઉ,
તેહથી બોલ્યઉ એ ઉદ્ધાર, ભણતાં લાભઇ શુદ્ધ વિચાર. ૯
જિન ભાષિતથી કહિઉં વિરૂદ્ધ, પંડિત જન તે કરજ્યો સુદ્ધ,
અમમિલતઉ કરઉ પ્રમાણ, કરજોડી વીનવઇ સુજાણિ— ૧૦
મેરૂ મહીમંડલિ થિર રહઈ, સૂરિજ જાંસ ગયણિઈં વહઈ
ચિહુદિસિ રત્નાકર જલે ભર્યા, બિહુ પાસઈ જગતી પરવર્યા. ૧૧
જાં જગિ જિણસાસણ થિર થાઈ, તાં એ ભણતાં ચિત્ત સુહાઈ,
પ્રાંમીજઈ સિવ સુખ સંપદા, પાસનાહ સુપસાઇ સદા. ૧૨
—૧૬—૧૪ ઘો. અશુદ્ધ પ્રત.

—ડે. કૉ. પુના નં. ૩૫ સન ૧૮૭૭-૭૮

(આમાં કર્ત્તાનું નામ આણંદ ઋષિ આપ્યું છે તે બરાબર નથી.)

(૧૯૬) +સુધર્મગચ્છ પરીક્ષા.

આદિ— ચોપાઈ

વીર નમું કર અંજલિ કરી, સાધુતણા ગુણ મનિ સંભરી,
સાચા ધર્મ પરીક્ષા ભણી, વિગતિ કહું કાંઈ ગચ્છ તણી;
વીરતણા ગણધર ઇગ્યાર, નવ ગચ્છ તેહ તણા ઇમ ધાર.
પાંચ ગણધરના ગચ્છ પંચ, પંચ પંચસય મુણિવર સંચ. ૨

* * * *

અંતે—

ગચ્છાચારતણી ચૌપાઈ, ગાથા એકસો તિહુંતેર થઈ,
એ સાંભલી સૌધર્મગચ્છ ભજો, આપ મતિની સંગતિ તજો. ૧૭૩
ઇમિ જોઇને જિનવર આણ, સૂત્ર અર્થ સવિકરો પ્રમાણ,
અભિનિવેશ મનનો પરિહરો, બ્રહ્મ કહે જિમ શિવસુખ વરો. ૧૪૪

—પ્ર૦ શ્રાવક રવજી દેસર, ગામ સાયેણુ કચ્છ.

—પ્રત—ગ્રંથશ્લોક ૨૮૩ સં. ૧૯૩૧ ના માગસર વદ ૫ પા.
૧૧-૧૨ આ૦ ક૦ —ધોરાજી.

(૧૯૭) સુદર્શન શેઠ ચરિત્ર ચોપાઈ—

અંતે— (સોરઠા)

સહ્યા પરીસા અતિ ઘોર, સુદરશણ મહા મુની
કાયા કરમ કઠોર, શીલ પાલ શિવપુર ગયા. ૧
જેહનો એહ અધિકાર, કહ્યો ઋષિરાય બ્રહ્મને
સૂત્ર તણે અણુસાર, ભવિયણ હિત કરી સાંભલો ૨
સુણ્યા તણો હી સાર; શીલ પાલે જે નર સદા
તે પાવે ભવપાર ઈ વાતમેં સંકા કો નહિ. ૩

જે કોઈ નરનારિ શીલ પાલે લજ્યા કજા
સો ઉપજે દેવ મઝાર ઉવાઇ સૂત્ર જેહની શાખ છે. ૪
એસો શીલ નિધાન, ભવિયણુ હિત કરી આદરો
જ્યોં જાઓ નિર્વાણુ દેવલોકમેં સાંસો નહી. ૫
એ ખટ દરસણુમાંહિ શીલ અધિકો વખાણીયો.
તપ સંજમ ખેરૂ થાય શીલ વિના એક પલકમાં. ૬
કહાં તાઈ કીજે વખાણુ શીલકા ગુણુ તણો
જોવોને સૂત્ર પુરાણુ શીલ સારેહિ અધિકો કહ્યો. ૭
ઋષિરાય બ્રહ્મ ઉલ્લાસ શીલતણા ગુણુ વરણુવ્યા
કીયો ચરિત્ર પ્રકાશ સુદર્શનજી શેઠકો, ૮
અધિકો ઓછો કહ્યો હોય તેહનો મિછામિદુક્કડં
સૂત્ર પ્રાકૃત જોય જેહને અનુસારે ભાષીયો. ૯
એ શીલ તણો વખાણુ પઢે સુણે નર જે સદા
પવિત્ર કરે જીભકાન, સુખ પાવે તે સાસતા. ૧૦

—સર્વગાથા ૮૩૯ લિ. સં. ૧૮૪૦ જેષ્ટ વદિ ૧૧ વાર ચંદ્રવારે. ૧૫-૨૭ આગ્રાભંડાર.

(૧૯૮) અઢાર પાપસ્થાન પરિહાર ભાષા*

આદિ—

સુંદર રૂપ વિચાર ચતુરપણું ઉત્તમ કુલ અવતાર;
ભોગ સંયોગ સંપતિ સવિ અતિ ભલી, પામીઇ અરથ ભંડાર.
વિવેકી જીવદયા ધર્મ્મસાર, પાલીઇ કરીય વિચાર—આંકણી.
અંગ નિરોગ નઇ જીવિત અતિ ઘણૂં, કીરતિ પ્રબલ સોભાગ,
જિનવર ગણુધર અમરપતિ ચક્રધર, ઉત્તમ પદ લહિ લાગ. વિ.

* * * *

અંતે—

સમકિતધર છઈ થોડલા, નહીં મિથ્યાતી પાર;
દેખી ઘણા મ રાચસઉ, પરખઉ સમકિત સાર. ૧૩. આ૦

દોષ અઢાર રહિત ભલા, પરખઉ અરિહંત દેવ;
સમકિત વ્રત તપ ગુણિ ભર્યા, સાધુ તણી કઉ સેવ. ૧૪. આ૦
ભાખિઉ સૂત્ર પ્રમાંણુ, તે આરાધુ ધર્મ્મ;
તત્ત્વ ખરાં ત્રણિ એ અછઈ, સમકિત મૂલ એ મર્મ્મ ૧૫. આ૦
પાપ સતર હલૂયાં ગિણઉ, મોટઉ ભાર મિથ્યાત;
જીવ તણઇ પોતઇ અછઇ, કાલ અનાદિ વિખ્યાત. ૧૬. આ૦

રાગ આસાઉરી.

જીવવધ અસત્યવત અનઈ ચોરી, નારિની સંગતિ પાપની ઉરી
સંભલઉ પ્રાણીયા એહ વિચાર, મન સુધિ પરિહરિય પાપ અઢાર,
પરિગ્રહ ક્રોધ વલી માંન નિ માયા, લોભ છઈ સયલ દૂષણતણા પાયા સ૦
રાગ નઈ દ્વેષ ગિણિ કલહ નઈ આલ, પિશુનપણૂં રતિ અરતિ વિશાલ. સં.
પર પરિવાદ માયા મૃષા વાણી, વલીય મિથ્યાત શલ્ય પરિહરિ જાણી. સં.
એહ તણઈ વલિ જીવ અનાદિ, દુઃખ ઘણાં સહ્યાં પડઇ પ્રમાદિ. સં.
એહનઉ જેમ કરઇ પરિહાર, મુગતિ તણાં સુખ તે લહઈ સાર સં.
શ્રી**બ્રહ્મ** કહઇ ઇમ આણુંદ આણી, સાધુનઈ વંદયો ભવીયણ પ્રાણી. સં.

—સં. ૧૬૮૦ વર્ષે ચેઇત્રિ વદિ ૧૧ રવઉ દિને લખ્યૂં છિં. લિખિતં ધોલકઈ વાસ્તવ્ય પોરવાડ જ્ઞાતી પારીખ દેવરાજ સુત વિમલદાસ પઠનાર્થં સ્વયમેવ. —આમોદ; પ્ર૦ કા૦

* "આ કવિએ પોતાનાં નાનાં નાનાં કાવ્યોને 'ભાષ' એ નામ આપ્યું છે. બ્રહ્મકૃત આઠ દશ ભાષ મને મળ્યાં છે. કેટલાક ભાષના વિચાર પ્રૌઢ અને પદ્ય રચના ઉત્તમ પ્રકારની છે. સંવત્ ૧૫૨૬ માં લખાયેલા એક ગુટકામાં આગલા શતકના બીજા કેટલાક રાસ ઉતાર્યા છે તે ભેગા 'બ્રહ્મ' ના 'ભાષ' પણ ઉતારેલા છે એ પરથી સમજાય છે કે આ કવિ સોળમા શતકની શરૂઆતમાં થયો છે."—રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ આમ જણાવે છે. પણ ખરૂં જોતાં કવિ તે શતકની અંતમાં ને સત્તરમાના મધ્ય સુધીમાં થયેલ છે.

(૧૯૯) જિન નેમિનાથ ૪૪ ઢાલનું વીવાહલુ.

આદિ— રાગ ધન્યાસી.

સારદ સાર દયા કરિ દેવી, હીઅડા ભીતિરિ આણીજી,
નમિ નાથનૂં ધવલ રેચિ સુસં સરસ સુકોમલ વાણીજી

અંતે—

એ ધવલ રચ્યઉં મઈ આંણી મનિ આણંદ,
બ્રહ્મચારી નિરૂપમ ગાયઉ નેમિ જિણંદ,
કહઈ શ્રી બ્રહ્મ સદા જિન વંદઈ બે કરજોડી,
તે અલવઈ પાંમઇ સુખ સંપતિની કોડી. ૨૦૧
પદ અક્ષર માત્રાહીણુ કહિઉં હુઈ જેય,
પંડિત જન જોઈ નિરતઉં કરજ્યો તેય,
સૂત્ર વૃત્તિ ચરિત અનુસારઈ જાંણી સાર,
લવલેસઈ ભાષ્યઉં એહ સયલ અધિકાર ૨૦૨

—ગ્રંથાગ્ર ૪૭૬ પ્ર. કા.

(૨૦૦) ઉત્તરાધ્યયનના સર્વ (૩૬) અધ્યયન સ૦—

અંતે—

છત્રીસઈ ઉત્તરાઝયણઈ રે, જિણવર કહઇ,
અમૃત વયણ, સમત જગસૂં મનિ ધરીયઈ રે,
જેહથી ભવસાયર તરીઈ જિન૦ ૨૦
એ ભાસ સંખેપેઈ સારીરે છત્રીસઈ અધ્યયન વિચારી,
બ્રહ્મઉં કહઈ જે જન ભણસ્યેરે;
મંગલ કમલા લહિસ્યઇ. ૨૧

—ઇતિ શ્રી જીવાજીવ વિભત્તી ગીતં ॥ ૭ ॥ શુભં ભવતુ । કલ્યાણ મસ્તુ ॥ ૭ । ગ્રંથાગ્રં ૭૦૦ શ્લોક સંખ્યા જાણવી. શ્રી શ્રી સં. ૧૬૪૪ વર્ષે વૈસાખ વદિ ૭ સોમે શ્રીમાલી જ્ઞાતીય પ૦ તેજા સુતા પ૦ લાલજી પઠનાર્થં ॥ ૭ ॥ ૭ ॥ (પ્ર. કા. પાસેનો ચોપડો.)

જંબુદ્રીપ ભરતક્ષેત્ર મંડણુ, નગર અચલપુર સોહઇજી,
ધન વિક્રમ ભૂપતિ તસુ રાણી, ધારણી જન મન મોહઇજી. ૧

(૨૦૧) જિનપ્રતિમા સ્થાપન પ્રબંધ—પાનાં ૪૫ અમ.

(૨૦૨) સુમતિ નાગિલ રાસ. ૧૬૧૨ રત્ન.

(૨૦૩) અજાપુત્રરાસ.

બીજીકૃતિઓ.

૧-૪ પાર્શ્વનાથ સ્ત૦—આસ મનવંછિત વાસજિન પૂરણ.
આદીશ્વર સ્ત૦—રિષભદેવ છઇ આણંદ જેહનાઇ નમે.
પાર્શ્વનાથ ગીત.—કેવલ ન્યાન દિવાકર ભગવંત.
થંભણાધીશ પાર્શ્વસ્તવ.—સકલ સુરાસુર સેવતિ પાય, થંભણુ પુર મંડણુ જિનરાય.

૫. અંતકાલ આરાધના
૬-૭. અર્હન્નક સાધુ ગીત અને મૃગાપુત્ર ચરિત્ર-પ્રબંધ
૮. અષ્ટકર્મ વિચાર.
૯. ચંદ્રપ્રભ સ્વામિ ધવલ
૧૦. સંભવનાથ સ્તવન (૭ કડી)
૧૧. ૨૪ જિન સ્ત૦
૧૨. સૈદ્ધાન્તિક વિચાર
૧૩. ચઉપર્વી વ્યાખ્યા

તદુપરાંત સ્તવનો, સઝાયો, કુલકો અને પ્રાસંગિક કાવ્યો.
સંસ્કૃતમાં જંબૂદ્રીપ પન્નતિસૂત્ર પર ટીકા, પાખી સૂત્રવૃત્તિ રચેલ છે.

૧૧૨ કવિયણ (સં. ૧૬૫૨ પહેલાંના-હીરવિજયસૂરિના વખતના)

(૧) ચોવીશી (૨૪ જિનસ્ત૦)—ચંદ્રાઉલા છંદમાં

આદિ—

સાહિબા વાલેસર અરિહંત કે નિસુણો વિનતીરે લો.
સસનેહા ગુણવંત કે હીયડે જે હતી રે લો. સા.

× × × ×

અંતે—

ગિરૂઆરે ગુણ તુમતણા—એ દેશી.

તુઝ ગુણગાઉ કથારસેં મે સમક્તિ ગુણ દિપાવ્યોરેં,
કવિયણ જગમાં જીતના યણ ગુહિર નિસાંણ વજાવ્યારેં
—વીર જિનનેરેં જાઉં ભાંમણડેં. ૫

—ઇતિ સં. ૧૭૮૯ ભા. સુ. ૧૩ દિને સૂરત બંદરે. ૮-૧૬ આ. ક.

(૨) પાંચ પાંડવ સઝાય

આદિ—

હસ્તનાપુર વર ભલુ, તિહાં રાજા પાંડૂ સારરે.

અંત—

શ્રી હીરવિજયસૂરિ ગછ ધણી, તપગછનો ઉદ્યોતકારરે,
કરજોડી કવિઅણ મુઝ આવાગમણ નિવારોરે;
મુઝ આવાગમણ નિવારો પંડવ પંચ વંદતા મનમોહરે. ૧૯

—સુમતિરૂચિના લેખિ. સં. ૧૬૯૯ વ. શ્રા. સુ. ૫ દિને વિક્રમ પુરે નગરે૦ ગ. દેવકુશલ પઠનાર્થં. ૧-૧૭ માં.

(૨૦૪) તેતલીપુત્ર રાસ. ૧૫૯૫ (?)-પાનાં ૧૨, અમ.

(૨૦૫) અમરકુમારરાસ.

(૧૧૩) કલ્યાણ (ત૦ હેમવિમલસૂરિ-સૌભાગ્યહર્ષ સુરિ શ૦)

(૨૦૬) કૃત કર્મ રાજાધિકાર રાસ. સં. ૧૫૯૪. ગંધારમાં.

અંતે—

ચંદ્રગચ્છિ શ્રી ગુરૂ દીપતા એ મા૦ સુવિહિત સૂરિ શૃંગાર
શીલિઈ જંબૂ અભિનવાએ મા૦ ગુરૂ ગણજલ ભૃંગાર. ૬૮
તપગચ્છિ શ્રી ગુરૂ નાયકૂએ મા૦ શ્રી હેમવિમલ સૂરીંદ
નામિઈ નિધિ પામીઈએ મા૦ દુકૃત જાઈ દૂરિ. ૬૯
તાસ સીસ સોહામણાએ મા૦ તપગચ્છનુ આધાર.
નામિ સોભાગિઈ આગલા એ મા૦ પાલઇ પંચાચાર. ૭૦
શ્રીસોભાગ્યહર્ષ સૂરિ ચિરજયુ એ મા૦ સહૂકો દિ આસીસ,
વિબુધ પુરંદર ગુણનિલુ એ મા૦ ધર્મવંત નિસિદીસ. ૭૧
વિદ્યા ચૌદઈ અલંકરિઉ એ મા૦ તપ જપિ ક્ષિમાનિધાન
શ્રી કલ્યાણ જય જય કરૂએ મા૦ પંડિત સકલ પ્રધાન. ૭૨
જસ નાંમિં જસ પામીઇએ મા૦ કવિજન દિઇ સહૂ માંન
ચરણ કમલ તે ગુરૂ તણાએ મા૦ શ્રી રાજહંસ સમાંન. ૭૩
તે ગુરૂ નઈ સુપસાઉલઈ એ મા૦ યુગ[૪] નિધિ[૯] ઇષુ[૫] ભૂ[૧] વિચાર
વરસ માસ બાહુલ સુદિઈ એ મા૦ જયા તિથિ સુર ગુરૂવાર. ૭૪
રાસ રચિઉ રંગિઈ કરીએ મા૦ વંદન કરૂં કરજોડિ
વચન કથન જે બોલીઆં એ મા૦ અધિકી ઓછી વાત,
દેવગુરૂ શ્રી સંઘ સાખીઆ એ મા૦ મિચ્છા દુક્કડ સાત. ૭૬
નગર અનોપમ જાંણીએ એ મા૦ મંદિર શ્રી ગંધાર
ધર્મકાજિ કરી આગલુએ મા૦ દાંન દીઇ અનિવાર. ૭૭
જિહાં એહવા વિવહારીઆએ મા૦ પૂજઇ શ્રી વર્ધમાન,
વર્ધમાંન જિન પુજતાએ મા૦ સુખ પાંમઈ વૃદ્ધમાન. ૭૮
જપતાં શ્રી વર્ધમાન જિન એ મા૦ સવિ સંપદ અનિવાર
દિનિ દિનિ પાંમઇ અતિઘણાંએ મા૦ માંગલીક જયજયકાર. ૭૯

(કલશ)

જાં પવર મંદિર સકલ સસિહર વિપુલ અંબર મંડલં.
ઉદયગિરિ જાં ઉદય કરઉ દિવદિવ રત્ન મહીતલં.
તાં એહ શ્રી કૃતકર્મ્મ રાજા તણુ ચરિત્ર સોહામણું.
કલ્યાંણુ જયકર ભવિક નરનઇં અચલ હિઉ વધામણું. ૮૦

(ઇડરની બાઇઓનો ભં.)

[સૌભાગ્યહર્ષ સૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૮૪ અને ૧૫૯૦ ની સાલના મળે છે—જુઓ ધા-સંગ્રહ ભાગ ૧ લો લેખાંક ૧૮૬ અને ૭૧૯. આ પૈકી સં. ૧૫૯૦ ના લેખમાં સાથે આનંદવિમલસૂરિ પણ છે. આ બન્ને સૂરિઓ હેમવિમલસૂરિના શિષ્યો અને બન્નેની પાટ જુદી થઈ. આણુંદવિમલ સૂરિએ સં. ૧૫૮૨ માં ક્રિયોદ્ધાર કર્યો તે વખતે તેમણે ગચ્છનો સમસ્ત ભાર સૌભાગ્યહર્ષને સોંપ્યો હતો. સૌભાગ્યહર્ષે લઘુશાલા નામે એક શાખા ચલાવીને પોતાની પાટે સોમવિમલસૂરિને સ્થાપન કર્યા હતા જ્યારે બીજી બાજુ આણુંદવિમલ સૂરિએ પોતાની પાટે વિજયદાન સૂરિને સ્થાપન કર્યા હતા.]

---

૧૧૪ ખીમો.

(૨૦૭) +શત્રુંજય ચૈત્ય પ્રવાડી. (પરિપાટી).

આદિ— ચુપઇ.

આરાહૂં સામિણિ સારદા, જિમ મતિ તૂઠી દિઇ મતિ સદા,
શ્રી સેત્રજ તીરથ વંદેવિ, ચૈત્ર પ્રવાડિ રચસિ સંખેવિ. ૧
પાલીતાંણુઇ પ્રણમૂં પાસ, જિમ મનિ વંછિત પૂરઇ આસ;
લલતાસુર વંદૂં જિન વીર, સોઇ સાયર જિમ ગુહિર ગંભીર. ૨

* * * *

અંતે—

એહ સ્વાંમીં તુમ્હ ગુણ જેતલા, મઈં કિમ બોલાઇ તેતલા,
તૂં ગુણ રયણાયર સમ હોઈ, એહ સંક્ષા નવિ જાંણઈ કોઇ. ૩૧

જે તાહરા ગુણ ગાઈ સાર, તેહ ઘરિ મંગલ જયજયકાર,
હૂં તુમ્હ નાંમિઇં નિતુ ભાંમણઇ, એ કરજોડી **ષીંમુ** ભણઈ. ૩૨

—વા૦ સહજરત્ન ગણિ પુસ્યાર્થેન લક્ષતં ૧૬૧૯ માં (વિ. ધ. ચોપડો ૧૭૧-૧૭૩) પ્ર૦ પ્રા. તી૦ સં. પૃ. ૧૯૫-૧૯૭.

(આ સોલમા સૈકામાં પ્રસિદ્ધ કવિઓમાંનો એક હશે એમ તેના પછી થયેલ સુપ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે પોતાના સં. ૧૬૯૦ માં બનાવેલા કુમારપાળ રાસમાં બીજા કવિઓ સાથે આ ખીમાનું નામ પણ ઉલ્લેખી પોતાની લઘુતા દર્શાવી છે એ પરથી ભાસે છેઃ—

"આગિં જે મોટા કવિરાય, તાસ ચરણરજ ઋષભાય
લાવણ્ય **લીંબો ખીમો** ખરો, સકલ કવિની કીરતિ કરો. ૫૩

---

૧૧૫ લીંબો.

(૨૦૮) પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા.

આદિ— (રાગ મેવાડો)

સકલ સુરિંદ નમિ સદારે **પાસ** જિણેસર દેવો
માનવ ભવ પામી કરીરે અહનિસિ કીજિ સેવો.
અહનિસિ સેવા કરીજઇ જિનવર, તો નિશ્ચય પામીજઇ શિવપુર
તુમ્હ મુખ જોતાં હરખ ન માઈ, સકલ સુરિંદ સદા ગુણ ગાઈ.
જીરેજી **પાસ** જિણંદ દયાલ પાએ લાગસ્યુંજી
તોરૂં રયણ અમૂલક નામ હીયડિ રાખસ્યું જી. આંચલી.

* * * *

અંતે—

ચઉ ગઇ જલનિધિ જીવડોરે, તહિં પરિભ્રમણ કરંતિ
જનમ જરા મરણઇ કરીરે, દુખ અનંત સહંતિ
દુખ અનંત સહંતિ દયાપર, ભેટિ તુમ્હારી પાખઇ જિનવર
દયા કરી ભવદુઃખ નિવારો, ચઉગઈ જલનિધિ પાર ઉતારોજી. ૪૮

લીંબો કહિ તુમ્હે સાંભલોરે, અભય તણા દાતાર
શરણુ તુમ્હારિ આવીઉરે સ્વામી જગદાધાર
સ્વામી ધ્યાઉં શ્રી જિનચંદ, ધ્યાન ધરંતાં પરમાનંદ
જે છઇ સાસ્વત સુખ અનંત, લીંબાનઇ આપો ભગવંત. ૪૯ ૭.

—ઇતિશ્રી પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા સંપૂર્ણા લિખિતં પં૦ રવિવર્દ્ધન ગણિના ધનવર્દ્ધન વાચનાય શ્રીપાટણ મહાનગરે. ૪-૧૫
(વિ. ધ.)

[સત્તરમા સૈકામાં થયેલ પ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે લીંબા નામના પોતાનાથી પૂર્વે કવિઓ પૈકી એક તરીકે સંભાર્યો છે તે આજ લીંબો હોવો જોઈએ, તેથી તેને સોળમા સૈકાના અંતે મૂકવામાં આવેલ છે.

---

૧૧૬ વિજયગણિ.

(૨૦૯) આરાધના રાસ. સં. ૧૫૯૨ માઘ શુ. ૧૩.—આમોદમાં.

---

૧૧૭ લાવણ્યદેવ (ત૦ ધનરત્નસૂરિ અને સૌભાગ્યસાગર સૂરિ–ઉદયધર્મ–જયદેવ શિ૦)

(૨૧૦) કર્મ વિવરણનો રાસ.

આદિ— ધુરિ—વસ્તુ.

સકલ જિણવર સકલ જિણુવર ભગતિ પ્રણમેવિ,
સરસતિ સામિણિ ધરીય મનિય ગોયમ ગણધર સામિય
તાસ પસાઇ હું તવુંય ચૌદ ગુણઠાણીય,
ગુરૂ વયણે સુપસાઉલે બોલિસું વચન વિશાલ.
જે સુણતાં સુખ સંપજે ટલિઈ તિ ભવભયપાસ. ૧

* * * *

અંતે—

તપાગછિ નાયક જગહ પ્રધાન, જઇવંતા જે કરે વષાણુ.
શ્રી ધનરત્ન સૂરિ ગુણધાર, પટભાપા એ સ્યાસ્ત્ર ભંડાર. ૬૯

સૌભાગી દીસિ જયવંત, શ્રી સૌભાગ્યસાગર સૂરિ ગુણવંત,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ જાણિ, આગમ શાસ્ત્ર કરિ વષાણુ. ૭૦

ઉવઝાયા શ્રી ઉદયજ ધર્મ, સકલ વિદ્યાનો જાણે મર્મ.
તાસ શીશ પંડિત શ્રી જયદેવ, તસ સેવક બોલું ગુણ હેવ. ૭૧

પાપ નિકાચિત ઇણે જાય, પણિ થાએ ત્રિભુવનરાય,
એ ધ્યાન ધરૂં નિસિદીસ, જિમ અજરામર હુઇ જગીસ. ૭૨

શાસ્ત્ર સિદ્ધાંત વિચાર ભંડાર, તેહતણું નવિ જાણું વિચાર,
ગુરૂ ઉપદેસે ઇમ ઇ લહ્યાં, સંષેપે મે ગુણઠાણાં કહિયા. ૭૩

દાન શીલ પ્રભાવે કરી, નિર્મલ વિત્ત હૈયા આદરી
લાવણ્યદેવઈ ઇણિ પરિ કહી, ભવિક લોકને કારણ સહી. ૭૪

એ ભણતાં મંગલ ઘરિ હોય, ભણતાં સંપતિ ઘરિ સોય,
એ ભણતાં હુઈ નવિય નિધાન, એ ભણતાં પામે કલ્યાણ. ૭૫

—૨૮—૧૩ લીં.

[આમાંના ધનરત્ન સૂરિ વડતપગચ્છ—વૃદ્ધ પોશાલિકના છે ને તે સં. ૧૫૭૦ માં થયેલ લબ્ધિસાગર સૂરિના શિષ્ય અને પટ્ટધર થાય. (જુઓ, નયસુંદર સંબંધી મારો લેખ. આનંદ કાવ્ય મહોદધિ મૌ૦ ૬ ઠું.) તેમના સં. ૧૫૭૨, ૧૫૮૭, ૧૫૮૮, ૧૫૯૧ ના પ્રતિમા લેખો મળ્યા છે. ધા. સં. ભાગ ૧. લેખાંક ૧૪૩૯, ૬૯૨, ૬૧૬, ૧૨૬૪. વળી સૌભાગ્યસાગરસૂરિના ધાતુપ્રતિમાના સં. ૧૫૭૯ સં. ૧૫૮૪ ને ૧૫૮૯ ના પ્રતિષ્ઠા ઉલ્લેખ છે. જુઓ ધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભા. ૧ લેખાંક ૨૮૧, ૧૧૦૮, ૬૯૪. તેમજ બીજો ભાગ. સં. ૧૫૭૯ અને ૧૫૮૪ ના લેખોમાં જણાવેલું છે કે લબ્ધિસાગરસૂરિ પટ્ટે ધનરત્નસૂરિ શ્રી સૌભાગ્યસાગરસૂરિભિઃ; આપરથી બંને સૂરિ લબ્ધિસાગરસૂરિના પટ્ટ-

પર શિષ્યો હતા; આ બંનેના સમયપરથી આ કવિ સોળમા સૈકાના અંતમાં ગણી શકાય તેમ છે.

---

૧૧૮ કુશલહર્ષ. (ત. વિજયદાનસૂરિ–હર્ષસંયમ શિ૦)

(૨૧૧) નાગપુરમંડન શાંતિજિન સ્તવન. પટ્ભાવ ગર્ભિત.

અંતે—

ઇમ તવિઉ નિરમલ સકલ કેવલ કુશલ મંગલદાયગો,
બહુ ભાવ ભેદી તત્ત્વવેદી સુખ પ્રવેદી નાયગો,
ગુરૂ જિનવર નમઇ અસુર શ્રી વિજયદાન સૂરીસરો,
શ્રી હર્ષસંયમ ચરણ સેવક કુશલહર્ષ કૃપા કરો. ૩૯

(પત્ર ૪ પ્ર. કા.)

(વિજયદાનસૂરિ–આચાર્યપદ સં-૧૫૮૭ સીરોહી, સ્વ. ૧૬૨૨)

---

૧૧૯ ધર્મસિંહ ગણિ (ત૦ આનન્દવિમલસૂરિ શિ.)

(૨૧૨) દીવાળી રાસ—પા. ૬ અમ,

(૨૧૩) વિક્રમરાસ— –જેસ.

(આનન્દવિમલ સૂરિ–આચાર્યપદ સં. ૧૫૭૦, ક્રિયોદ્ધાર સં. ૧૫૮૨, સ્વ. ૧૫૯૬),

---

૧૨૦ દોલતવિજય (ત૦ સુમતિસાધુ વંશે પદ્મવિજય–જય–વિજય–શાંતિવિજય શિ૦)

(૨૧૪) ખુમાણરાસ.

આદિ— ગાહા.

ૐ ऐं મંત્ર અપારં, સારદ પ્રણમામિ માય સુપ્રસન્નં, ૧
સિદ્ધ ઋદ્ધિ બુદ્ધિ સિરં પૂરં વરવેદ પડિપુન્નં.
વરવેદ પુત્થહત્થા વીણા સુરવદ્દ કમલ કરવિમલા,
હરણમી હંસરૂઢા, વિજ્જ વૈજંતિયા માલા. ૨

દૂહા-કમલવદન કમલાસના, કવીઉર મુખકે વાસ,
વસે સદા વાગેશ્વરી, વિધવિધ કરે વિલાસ;
વિદ્યા બુદ્ધિ વિવેકવર, વાયક દાયક વિત્ત,
અર્ચે જે આઇ તુને, ચરણ લગાવે ચિત્ત. ૪

સેવકસું સાંનિધ કરો, મહેર કરો મહામાય,
ત્રિપુરા છોરૂ તાહરો, સાંનિધ કરો સહાય. ૫

આઈ ઘો અક્ષર અચલ, અધિકી બુધ ઉકત્તિ,
દલપતિસું કીજે દયા, સેવક જાણી સકત્તિ. ૬

કવિત્ત-આવભવ અંબાવર, ભગતિ કીજે ભારતિ,
જાગ જાગ જગદંબ, સંત સાંનિધ સકત્તિ;
સુપ્રસન્ન હોય સુરરાય, વયણ વાચા વર દીજે
બાલક બેલે બાંહ, પ્રીતભર પ્યાલો પીજે
મહારાજ રાજ રાજેશ્વરી, દલપતસું કીજે દયા,
ધન મોજ મહિર માતંગિની, માય કરો મોસું મયા. ૭

દૂહા-શિવ સુત સુંઢાલો સબલ, સેવે સકવ સુરેશ,
વિઘનવિડારણ વરદીયણ, ગવરીપુત્ર ગણેશ. ૮

કવિત્ત-ભ્રૂકુટિચંદ ભલહલે, ગંગ ખલહલે સમુજ્જલ
એકદંત ઉજ્જલો, સુંડલ લવલે રૂંડગલ,
પુહપ ધૂએ પ્રમાલે, સેસ સલવલે જીહલલ.
ધુમ્ર નેત્ર પ્રજલે અંગ અફલે અતુલ બલ,
યમ બલેં વિઘન દાલિ દઅલ ચમર ઢલેં ઉજ્જલ કમલ,
સુંઢાલ દેવ રિદ્ધ સિદ્ધ દીઅણુ, સમરી દલ્લપતિ ભવલ. ૯

દૂહા-વૃષભદેવ વનિતાધિપતિ, નાભિનંદ સુખકંદ,
ઉર અંબુજ ભામર પ્રભુ, ચિત્ત ચકોર જિનચંદ, ૧૦

અલિ હુવે અલિ ઇલિકા, સગત સાગતિ સુદેત,
પારસ સુગુરૂ પરમેશ્વર, લોહ હેમ કર લેત. ૧૧

ગ્નાન જ્યોતિસુ પ્રકાસ ગુરૂ, કર ધરી સાસત્ર ક્રથ,
ત્રિભુવનમેં તારણ તરણ, સૌ વાતો સમરત્થ. ૧૨

* * * *

વચમાં. બીજા ખંડને અંતે.

એટલે ખંડ એ પૂરો થયો, અલપ બુદ્ધિ મેં ઉદ્યમ કીયો,
સુકવિ સુધારે વાંચો સહી, કૂડ સાચ કવિયણ જે કહી,
ત્રિપુરાસકત તણે સુપસાય, રચો ખંડ દૂજો કવિરાય,
તપગચ્છ ગિરૂઆ ગણધાર, સુમતિ સાધુ વંશે સુખકાર.
પંડિત પદ્મવિજય ગુરૂરાય, પટોદયગિરિ રવિ કહેવાય,
જય બુધ શાંતિવિજયનો શિષ્ય, જંપે દોલત મનહ જગીશ.

—ઇતિ શ્રી ચિત્રકોટાધિપતિ શ્રી રઘુવંશે બાપા ખુમાણ ચરિત્રે રતિસુંદરી અભિગ્રહકરણ ચિત્રકારિકા ચરિત્ર રમણ, રાજકુમારી પાણીગ્રહણ, પંચસહેલી ચિત્રગઢમિલણ દોલતવિજયવિરચિતે દ્વિતીય ખંડ સંપૂર્ણ:—

ત્રીજા ખંડને અંતે.

જયવિજય એ નામ આપેલ છે. ને તેના શિષ્ય શાંતિવિજય ને તેના શિષ્ય દોલતવિજય.

(આ રાસ રાજસ્થાની-મારવાડી ભાષાના શબ્દોથી ભરપૂર છે. તેમાં ચિતોડના રાણા ખુમાણ તેના વંશજો વગેરેનો ચારણશાહી ઇતિહાસ મૂકેલો છે, આની પ્રત. ડે. કો. લાયબ્રેરીમાં છે. તેનો નં. ૨૫૮ સને ૧૮૮૨-૮૩ આનાં પાનાં ૧૩૯ છે અને અપૂર્ણ છે, જૈનસાધુઓ રાજદરબારમાં રહી તેનાં જૂદાં જૂદાં વર્ણનથી ચિત્ત રંજન કરતા એ આ પરથી જણાય છે ને તે માટે ગણેશને વંદન પણ કરેલ છે. આની પ્રત ડેક્કન કૉલેજની લાયબ્રેરી હાલ ભાંડારકર ઇન્સ્ટીટયૂટ-પુના માં છે.)

૧૨૧ વાસણ (ત૦ વિજયદાનસૂરિ શિ૦)

(૨૧૫) +આનંદવિમલસૂરિ રાસ સં. ૧૫૯૭ આસો.

આદિ—

સકલ પદારથ પામીઈ, જપતાં શ્રી જિનનામ,
પ્રથમ તિર્થેસર ધ્યાઈઈ, ઋષભજી કરૂં પ્રણામ.

* * * *

અંત—

શ્રી આણુંદવિમલસૂરિસરૂ તસ પટોધર પવિત્ત,
તે શ્રી વિજયદાનસૂરિ ગુણિ નિલું, વાસણ પ્રણમિ
એ આણી નરમલ ચિત્ત. સું. ૧૫૩

—આણુંદવિમલસૂરિ સં. ૧૫૯૭ ના ચૈત્ર શુ. ૭ ને દિને સ્વર્ગસ્થ થયા—તે અરસામાં આ કૃતિ રચાઈ છે. વધુ માટે જુઓ ઐ. રા. સં. ૩.

—(આ રાસની માંગરોલ ભંડારમાં પ્રત છે તેમાં છેલ્લે નીચે પ્રમાણે છેઃ—અને તે રાસનું નામ સાધુગુણરત્નમાલ રાસ આપેલું છે.)

સંવત પનર સતાણુઈ, આસો આક્ષૂર આલો માસ
સાધ નામ ગુણરત્નમાલ એ રાસ.
રચતા એ મનનઈ, અતિ ઉલાસ ઉલ્લાસ. ૧૮૮
સુંદર રવિ શશિ સોઇ સાસ્વતા, મેરૂ મહીધર જહા,
વજૂ વધિ સંઘ પરવાર સૂચિર, પ્રતપો એ અવિચલ તિહાં. ૧૮૯
જઇવંતા અજમાન વરૂ શ્રી વિજઇદાનસૂરીંદ,
ભટારક રાજવિજયસૂરિ, કહે વાસણ પ્રણ આણુંદ. ૧૯૦

—સુંદર દરસણ સાધના. ૯-૧૧ માં.

---

૧૨૨ વિનયસમુદ્ર (ઉપકેશગચ્છ સિદ્ધસૂરિ—હર્ષસમુદ્ર શિ૦)

(૨૧૬) ચંદનબાળા રાસ.

(૨૧૭) અંબડ ચઉપઈ સં. ૧૫૯૮ માહ શુદ ૨ રવિ તિમરામાં.

અંતે—

અંબડ મોટઉ હૂયો વિસાલ, તાસુ ચરિત્ર સુણી રસાલ,
શ્રી મુનિરત્નસૂરિનો કહ્યો, તેહથકી ભાવારથ લહ્યો. ૯૧
ચઉપઈ વિધિ કીયો મઈ એમ, ભણતાં ગુણતાં ધરિ હુયઇ ષેમ,
ઉવએસ ગછિ સંપઈ સિધિસૂરિ, તાસુ પસાયઇ આણંદપૂરિ. ૯૨
હુરષસમુદ્ર વાચક તસુ સીસ, તિમરા મંડણ શ્રી જગદીસ,
પાસ જિણંદ તણઇ સુપસાઇ, વિનયસમુદ્ર કહ્યો મનિ ભાઈ. ૯૩
પનર નિવાણૂ પ્રવર પ્રસિદ્ધ, એ પ્રબંધ મઈ સુલલિત કિદ્ધ,
મહા સુકિલ દ્વિતીયા રવિવાર, રચ્યો તિમરા નયરિ મઝારિ. ૯૪
અધિકો મઈ ઉછો છદમસ્ત, કહતા મઇ બોલ્યો પરમત્થ,
જે ગીતારથ વરતઈ વલી, ષમજ્યો કહજ્યો મુઝ ગુણ મિલી. ૯૫

—ઇતિ અંબડ ચઉપઇ સમાપ્ત. ૨૦—૧૫ આ. ક.

(મુનિરત્ન તે પૂર્ણિમા ગચ્છના સ્થાપક ચંદ્રપ્રભસૂરિના પટ્ટે ધર્મઘોષસૂરિ અને તેમની પાટે સમુદ્રઘોષસૂરિ કે જેમના ત્રણ શિષ્ય નામે સૂરપ્રભ, મુનિરત્ન અને તિલકચંદ પૈકીના બીજા શિષ્ય થયા કે જેમણે અંબડ ચરિત્ર સંસ્કૃતમાં ૧૨૬૦ શ્લોકનું રચ્યું હતું. તે ચરિત્રમાંથી ભાવાર્થ લઇ આ રાસ પોતે રચ્યો એમ કવિ જણાવે છે. આજ મુનિરત્નસૂરિએ ભાવી તીર્થંકર અમલસ્વામિનું ચરિત્ર સં. ૧૨૫૨ માં અને મુનિસુવ્રતચરિત્ર સંસ્કૃતમાં રચેલાં છે.

(૨૧૮) પદ્મચરિત્ર ૧૬૦૪ (આમાં રામચંદ્ર અને સીતાજીનાં ચરિત્ર છે)

અંતે—

શ્રી ઉવએસ ગચ્છ ગુણ ભૂરિ, ગણહર ગુરૂ રયણપ્પહસૂરિ,
તસુ અનુક્રમિ સિદ્ધસૂરિ વરિટ્ઠ, બઇઠા થાપ્યા ગુણ ગરિટ્ઠ. ૫૬
કક્કસૂરિ જયવંત ગણેસ, તેહ તણઉ પામી ઉપદેશ,
વાચક હર્ષસમુદ્ર તસુ સીસ, વિનયસમુદ્રઈ વાણારીસ ॥ ૬૦
વીકાનયરિઇ વીર જિણચંદ, તાસુ પસાઈ પરમાણંદિ,
ચઉવિહ સઘ તણઇ સુપ્રસાદિ, સોલ ચિડોત્તર ફાગુણ આદિ ૬૧

કીધી કથા એ **સીતા** તણી, સીલતણી મહિમા જસુ ઘણી,
ભાવઇ ભણિજ્યો બહુ ગુણ થુણી, પૂરઇ આસ સદા મન તણી ૬૨
—સં. ૧૬૫૯ વર્ષે આષાઢ માસે શુકલપક્ષે ૧૪ તિથૌ લિષત-
મિદં । શ્રી વિક્રમપુર મધ્યે. ગોડીજીનો ભંડાર, ઉદયપુર.

(ઉપકેશ ગચ્છના આ સમયના સિદ્ધસૂરિના લેખ સં. ૧૫૭૯ લેખાંક ૧૦૮ ધા. સં. ભાગ ૧ લો, અને સં. ૧૫૬૮ ના લેખાંક ૫૩૪ ભાગ ૨ જો-મળી આવે છે.)

---

૧૨૩ જિનમાણિક્ય.

(૨૧૯) કૂર્માપુત્ર રાસ.

(જુઓ કનક કવિ નં. ૧૨૪ નીચે આનો ટુંક પરિચય)

---

૧૨૪ કનક કવિ (જિનમાણિક્ય શિ૦)

(૨૨૦) મેઘકુમાર ગા. ૫૦ નો ટુંકો રાસ. (સં. ૧૫૮૨ ને ૧૬૧૨ ની મધ્યે)

આદિ—

દેશ મગધિમાંહિ જાણીએ રાજગૃહ નગર નવેસૂએ,
રાજ કરે રલીઆમણઉં શ્રેણી સબલ નરેસ. ૧

* * * *

અંતે—

તે મુનિવર મેઘકુમાર જીણે ચારિત્ર પાલિઉં સાર,
ગુરૂ શ્રી **જિનમાણિક્ર** સીસ, કવિ કનક ભણઈ નિસદીસ. ૫૦
—૩-૧૩ લીં-, પા. ૩, રત્ન.

જિનમાણિક્યસૂરિ—(નં. ૧૨૩) ખરતર ૬૦ મા પટ્ટધર. જન્મ સં. ૧૫૪૯ દીક્ષા ૧૫૬૦, પદસ્થાપના ૧૫૮૨, મરણ ૧૬૧૨. આથી ૧૫૮૨ ને ૧૬૧૨ ની વચમાં.

---

૧૨૫ ગજરાજ પંડિત.

(૨૨૧) **હીરવિજયસૂરિના બારમાસ.** સં. ૧૫૯૬ કા. ૨.

આદિ— રાગ સામેરી

સરસતી ભગવતી વરસતી, વાણી દીઓ રસાલ,
વીણા હસ્તક ધારિણી, કવિજન દીઓ આધાર.
કરજોડી ગજરાજ પંડિત ભણે, વારજા સુભવેલ,
તાસ તણે ઉસાઉલે, આજ કરૂં રંગરોલ.

* * * *

અંતે— ચાલ

કારતક માસં આવીઓ, ભાવીઆ સરવે પરિવારરે,
અનુમતિ દીધી બેનડી, લેવા તે સંજમભારરે.
શ્રી વિજયદાન સૂરિને હાથે, તે પાટણ નયર મઝારરે,
સંવત ૧૫ છનૂએ, કરતગ બીજે માસરે,
કરજોડી ગજરાજ પંડિત ભણે, વરતો તે જયજયકારરે.
વિમલાહી બેની એમ વીનવે.

—ઉનાના મોરારજી વકીલનો ચોપડો ૧૬૯—૧૭૩.

---

૧૨૬ ગુણમાણિક્ય શિષ્ય (બ્રહ્માણગચ્છ-બુદ્ધિસાગરસૂરિ -વિમલ-ગુણમાણિક્ય)

(૨૨૨) **હરિશ્ચંદ્ર રાસ.**

આદિ—

સરસતિ સામણિ વીનવૂ, ત્રિભુવન જણણી માય,
રચૂં ચરિત્ર હરિચંદ તણૂ, વહ્ન પસાય. ૧
કૃપા કરૂ મઝ સ્વામિની, વંછિતદાયક દેવ,
એક મનુ નતુ ઉલગુ, સદા કરૂ તહ્ન સેવ.
સીલ સંયમ તપ નિર્મલુ, બુદ્ધિસાગર ગુરૂ જાણિ,
ગચ્છ બ્રહ્માણ ગુણનિલુ, શ્રી વિમલેંદ્ર વષાણિ. ૩

તાસ તણઉ શિષ અતિચતુર, ગુણમાણિક્ય ગુણ જોય,
તેહ તણઈ સુપસાઉલઇ, કવિત કરૂ તે સોય. ૪

* * * *

(ફક્ત ત્રને પ્રથમનું પાનું મળ્યું છે. તેથી કવિનું નામ તેમજ તેમની કૃતિની રચનાનો સમય નિર્ણીત થઈ શકે તેમ નથી.) પત્ર ૯-પ્ર. કા.

(બ્રહ્માણ ગચ્છમાં અનેક બુદ્ધિસાગરસૂરિ અને વિમલસૂરિ થયા લાગે છે, કારણ કે બુદ્ધિસાગરસૂરિ નામના પ્રતિમા લેખો સં. ૧૩૮૦, ૧૩૮૬, ૧૪૨૯, ૧૪૩૯, ૧૪૯૩, ૧૫૦૬, ૧૫૨૮, ૧૫૩૨, ૧૫૪૩ ૧૫૪૯, ૧૫૫૪ ના મળી આવ્યા છે અને વિમલસૂરિ નામના લેખો સં. ૧૨૬૩, ૧૩૬૯, ૧૩૭૧, ૧૪૪૫, ૧૫૦૩, ૧૫૦૮, ૧૫૧૧, ૧૫૧૩, ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૧૭, ૧૫૨૦, ૧૫૨૩, ૧૫૨૪, ૧૫૩૨, ૧૫૪૩, ૧૫૬૧, ૧૫૮૯ ના મળી આવ્યા છે. જુઓ ધા. લે. સં. ભાગ બંને તથા નાહરકૃત જૈન લે. સં. ભાગ પહેલો. આ પૈકી બુદ્ધિસાગરસૂરિ તેમના સં. ૧૫૨૮, ૧૫૩૨, ૧૫૪૩, ૧૫૪૯ અને ૧૫૫૪ માં વિમલસૂરિ પટ્ટે થયેલા જણાવ્યા છે, અને વિમલસૂરિ તેમના સં. ૧૫૦૩, ૧૫૧૫, ૧૫૧૬, ૧૫૧૭, ૧૫૧૯ માં પોતે બુદ્ધિસાગરસૂરિ પટ્ટે થયેલા જણાવ્યા છે. સં. ૧૫૮૦ માં થયેલ વિમલસૂરિ કે જે બુદ્ધિસાગરસૂરિ પટ્ટે થયેલા તે આ કવિના ગુરૂ સમજીએ, તો સોળમા સૈકાના અંતે આ કવિને મૂકી શકાય.)

---

૧૨૭ નયસિંહ ગણિ (વડતપગચ્છ-ધનરત્નસૂરિ-મુનિસિંહ શિ.)

(૨૨૩) ચતુર્વિંશતિ જિનસ્તુતિ. પાવાપુર

—ચંદ્રગચ્છિ ગુરૂરાજ શ્રી રત્નસિંઘસૂરિ, તત્પટ્ટે શ્રી ઉદયવલ્લભસૂરિ, તત્પટ્ટે શ્રી જ્ઞાનસાગરસૂરિ, તદનુક્રમે શ્રી ઉદિયસાગરસૂરિ—તત્પટ્ટે શ્રી લબ્ધિસાગરસૂરિ—તત્પટ્ટે શ્રી ધનરત્નસૂરિંદ, ઉવઝાય શ્રી મુનિસિંઘમણિ શિષ્ય પં. નયસિંઘ ગણિના પાવાપુરે કૃતા શ્રી ચતુર્વિંશતિ જિનાનાં સ્તુતયઃ

(ગુર્જર ભાષામાં–સા૦ ભં. પાટણ.)

(આ પૈકી લબ્ધિસાગરસૂરિએ ૧૫૫૭ માં શ્રીપાલકથા રચેલ છે. તેના શિષ્ય ધનરત્નના પાટે અમરરત્નસૂરિ અને તેજરત્નસૂરિ થયા ને તેના દેવરત્નસૂરિ થયા કે જેના સમકાલીન નયસુંદર ૧૬૨૮–૧૬૬૯ થયા. ઉક્ત ધનરત્નસૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૭૨, ૧૫૭૬, ૧૫૫૯ ૧૫૮૭, ૧૫૯૧ ના મળી આવે છે. જુઓ. [ધા. પ્ર. લે. સં. ના બંને ભાગ. આથી આ કવિને સોળમી સદીના અંતમાં મૂકી શકાય.]

૧૨૮ જ્ઞાનાચાર્ય.

(૨૨૪) બિલ્હણ પંચાશિકા. સં. ૧૬૨૬ પહેલાં ૧૬ મા શતકમાં.

આદિ— ચુપઈ.

મકરધ્વજ મહિપતિ વર્ણવૂં, જેહનં રૂપ અવનિ અભિનવૂં;
કુસુમ બાણુ કરિ કુંજરિ ચડઇ, જાસ પ્રયાણિ ધરા ધડહડઈ. ૧
કોદંડ કામિની તણુ ટંકાર, આગલિ અલિ ઝંઝા ઝંકારિ;
પાખલિ કોઇલિ કલ રવ કરઈ. નિર્મલ છત્ર શ્વેત શિર ધરઇ ૨
ત્રિભુવન માંહિ પડાવઇ સાદ, છઈ કો સુર નર મંડઇ વાદ ?
અબલા સૈનિ સબલ પરવરિઉ, હીંડઇ મનમથ મચ્છરિ ભરિઉ. ૩
માધવ માસ સોહઇ સામંત જાસ તણુઈ જલનિધિસુત મિંત,
દૂતપણૂં મલયાનિલ કરઈ, સુર નર પન્નગ આણુ આચરઈ. ૪
તાસ તણા પય હૂં અણુસરી, સરસતિ સામિણી હઇડઇ ધરી,
પહિલૂં કંદર્પ કરી પ્રણામ, ગરૂઉ ગ્રંથ રચિસિ અભિરામ. ૫

* * * *

અંતે—

આપિ વારૂ એક અવાસ, મણિ માણિક ધન સૂંપૂં તાસ
પૂરવ પ્રેમ બિહ્નિ જણુ ઘણુઉ, પાર ન પામિ કવિ તે તણુઉ. ૧૫૧
કામિ કાજિ કીધ ચૂપઈ, ખંતિ કરી નિરખઉ થિર થઈ;

ભણિસઇ બિહૂલણ વાણી તેહ, જ્ઞાન ભણઇ રસિ રાતા જેહ. ૧૫૨

—इति कवि चक्रचूडामणि बेहूलण पंचासिका समाप्तः। संवत १६२६ वर्षे चै वदि ३ दिने लिषि ॥ इति वेलण-पंचाशिकारास समाप्तः ॥ श्रीः ॥ ॥ श्री ॥ ॥

મૂળ ચોપડાનાં પત્ર ૪૩ થી ૫૮ (નિરંક). વૃત્ત ૨૦૫, તેમાં ૧૫૨ ચોપાઈ ગૂજરાતી, બાકી ભ્રષ્ટ સંસ્કૃત (આશરે ૫૧ વૃત્ત).

(૨૨૫) શશિકલા પંચાશિકા.

આદિ— ચૂપઈ.

એક દિન બાઇકી સહિઇર સાથિ હસિ હરખિ તાલી દેઈ હાથિ,
સહી કહિ સાંભલિ શશિકલા પૂછું વાત એક નિર્મલા. ૧
જિમ બિહૂલણિ પરકાસ્યૂં સર્વ, તિમ તૂં કહિ મૂકી મન ગર્વ,
કહિ કુમરી સુણિજ્યો સહૂ તહ્મે, તેહની વાત પ્રકાસૂં અમ્હે. ૨

* * * *

અંતે—

થયુ વિકૂલ છાંડી આગલી, ક્રીડા સુરત કાંધ તણિ વલી,
વાર વાર સંભારૂં તેહ, પ્રાણ પાહિ વાહલુ વર એહ. ૪૦

—ઇતિ **शशिकला पंचाशिकाः मंगलपुरइ। श्री ज्ञाना-नाचार्य कृतः**

—મૂળ ચોપડાનાં પત્ર ૩૯ થી ૪૩, વૃત્ત ૧+૫૯=૬૦; તેમાં ૪૦ ચોપાઈ ગૂજરાતી, બાકી ભ્રષ્ટ-અતિ ભ્રષ્ટ ગૂજરાતી મિશ્રિત સંસ્કૃત.

ટૂંકી નોંધઃ—શારદા દેશનો પંડિત કવિ બિલ્હણ વતન છોડીને નીકળ્યો, ત્યારે કેટલોક વખત પંજાબના હાકેમ ક્ષિતિપતિ કિંવા ક્ષિતિ-પાલને ત્યાં રહ્યો હતો. તે દરમિયાન તેને ક્ષિતિપાલની પુત્રી સાથે સ્નેહ બંધાયો. તે વાત પાછળથી છતી થઈ; અને કાશ્મીરી કવિને દેશત્યાગ કરવો પડ્યો એ સ્નેહને સંભારી મોહબદ્ધ બિલ્હણે સંસ્કૃતમાં **बिल्हण पंचाशिका** રચી, જે અદ્યાપિ એક લોકપ્રિય કાવ્ય મનાય છે. એ કાવ્યમાં

આ બિલ્હણ પંચાશિકા ચોપઈ ઉપર સ્વ૦ સાક્ષર શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ. એ લખેલો લેખ ગુજરાતીના સંવત્ ૧૯૭૨ ના દીવાળીના ખાસ અંકમાં પૃ. ૧૯૨૬ પર છપાયો છે તે ઘણી જાણવા જોગ હકીકત પૂરી પાડે છે. બિલ્હણ નામના કાશ્મીરી પંડિતે ગૂજરાતમાં આવી અણુહિલવાડમાં કેટલોક સમય નિવાસ કર્યો હતો ત્યારે કર્ણદેવ રાજ્ય કરતો હતો. ત્યાં તેણે કર્ણસુંદરી નામની નાટિકા કે જે અણુહિલવાડમાં શાન્ત્યુત્સવ દેવગૃહમાં મહામાત્ય સંપત્કરે પ્રવર્તાવેલા

રાજકુમારી સાથે ભોગવેલા ભોગનું બિલ્હિણના મૂખનું ઉન્માદક ચિત્ર છે.

પ્રસ્તુત पंचाशिका કોઇ અણઘડ જોડનારને હાથે કાલાંતરે કથીરમાં જડાઈ અને बिल्हण काव्य નામ પામી. પૂર્વે બિલ્હણ ગૂજરાતમાં આવ્યો હતો ને ત્યાંથી અત્યંત અપ્રસન્ન ચિત્તે ચાલ્યો ગયો હતો, એ વાત એ અરસામાં તાજી હતી. અને પંજાબના ક્ષિતિપાલની હકીકત વીસારે પડી હતી. એને લીધે ઐતિહાસિક ક્ષિતિપાલ તથા તેની પુત્રીને ઠેકાણે बिल्हण काव्य માં ગૂજરાતનો વીરસિંહ તથા રાજકુમારી શશિકલા એ બે કલ્પિત વ્યક્તિઓ સ્થાપિત થયેલી જોવામાં આવે છે. જૈન સાધુ જ્ઞાનાચાર્યે જૂની ગૂજરાતીમાં બિલ્હણ કાવ્ય રચ્યું છે, તેમાં શશિકલાના પિતાનું નામ પૃથવીચંદ્ર આપ્યું છે ને તેને પાટણનો રાજા કહ્યો છે.

બિલ્હણ કાવ્યમાં ગોઠી લીધેલી बिल्हण पंचाशिकाએ જ્ઞાનાચાર્યને શશિકલાના પ્રલાપના કાવ્યની રચના સૂઝાડી જણાય છે. તે સાધુ કવિએ ભાગ્યા તૂટયા સંસ્કૃત સાથે ગૂજરાતીમાં શશિકલા કાવ્ય રચ્યું છે, તેમાં વીસ સંસ્કૃત શ્લોક અને ચાલીસ ગૂજરાતી ચોપાઇ છે, બિલ્હણ કાવ્ય અને શશિકલા કાવ્યની ભાષાની વિશિષ્ટતા ઉપરથી જ્ઞાનાચાર્ય ઇસવીસન પંદરમી સદીમાં થયેલ લાગે છે. પ્રસ્તુત કાવ્યોની જૈન મરોડના દેવનાગર અક્ષરની હાથપ્રત (મુંબઇની દેવચંદ લાલભાઈલાયબ્રેરીની) જે મને મળી હતી તે વિ. સં. ૧૬૨૬ ની છે.

જ્ઞાનાચાર્યની ભાષા મધ્યકાળની ગૂજરાતી છે. એ કવિનું શશિકલા કાવ્ય ટૂંકું છે ને કંઇક ફીકું પણ છે. —કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

ભગવાન્ ઋષભનાથના યાત્રામહોત્સવ પ્રસંગે પ્રથમ ભજવવામાં આવી હતી. કર્ણદેવની વિદ્યાધર કન્યા કર્ણસુંદરી સાથે સ્નેહ તથા પરિણય એ તેની વસ્તુ છે. ગુજરાતમાં સોમનાથની યાત્રા કરી પછી રામેશ્વર સુધી ગયો. છેવટે દક્ષિણની ચાલુક્ય રાજધાની કલ્યાણમાં આવ્યો. ત્યાં વિક્રમાદિત્ય ત્રિભુવનમલ્લ રાજાએ તેને પોતાનો વિદ્યાપતિ બનાવ્યો. તેનું વિક્રમાંક કાવ્ય એ ઉક્ત રાજાની પ્રશસ્તિ રૂપ છે. ત્રિભુવનમલ્લના પૌત્ર સોમેશ્વરદેવ ભૂલોકમલ્લે પણ તેવુંજ એક વિક્રમાંકાભ્યુદય નામનું ચંપૂ-કાવ્ય રચેલું છે. તેની એકજ ત્રુટક પ્રત પાટણના સંઘવીના પાટણના તાડપત્રના ભંડારમાં છે. બિલ્હણનો સમય ઈ. સ. ૧૦૬૫ થી ૧૦૮૫ નિર્ણીત કરવામાં આવ્યો છે.

'અદ્યાપિ તાં' એ પદોથી શરૂ થતું ૫૦ વસંતતિલકામાં રચાયેલું ખંડકાવ્ય સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. કેટલાક તેનો કર્ત્તા ચૌર કવિ માને છે, બીજો વર્ગ બિલ્હણકૃત માને છે. આ ૫૦ શ્લોકના પૂર્વ ભાગ તરીકે પૂર્વચતુસ્સપ્તતિકા-નામનું ૭૪ શ્લોકનું નવીન કાવ્ય કોઇએ રચ્યું છે તેમાં પંચાશિકાનો પ્રસંગ એવો વર્ણવેલો છે કે:—

અણહિલપુર પત્તનના રાજા વૈરિસિંહ (ઇ. સ. ૯૨૦) ને અન્તપુરના રાજાની પુત્રી સુતારાની કુક્ષિથી શશિકલા નામની પુત્રી થઈ. પુત્રી મોટી થતાં રાજાને અભ્યાસ માટે ચિંતા થઈ. એવામાં કાશ્મીરી પંડિત બિલ્હણ રાજસભામાં આવ્યો. વિદ્વાન્ જણાયાથી રાજાએ શશિકલાને ભણાવવા વાસ્તે તેને રાખ્યો. વ્યાકરણ, કાવ્ય, સંગીત વગેરે શાસ્ત્રનું અધ્યાપન કરાવ્યા બાદ કામશાસ્ત્ર શરૂ કર્યું. આ અરસામાં તે બંને વચ્ચે સ્નેહ વધ્યો અને ગાંધર્વ વિધિથી લગ્ન થયાં. ઉભય કામશાસ્ત્રોક્ત રતિ વિલાસ સુખ ભોગવવા લાગ્યાં. રક્ષકોએ શશિકલાનું વિકૃત રૂપ જોઇને રાજાને આ વાત નિવેદન કરી. રાજાએ બિલ્હણને શૂળી ઉપર ચઢાવવાનો હુકમ કર્યો.

આ પછીની વાર્ત્તા આપણી કૃતિ-ગૂજરાતી ભાષાન્તરની વાર્તાના સરખીજ છે. તે ચોપઇનો સાર પણ આ લેખમાં આપ્યો છે. આમાં

ઉપર જે મંગલાચરણ આપ્યું છે તે આપી પછી જણાવે છે કે ઉત્તરદેશમાં શ્રી પુરપાટણમાં પૃથ્વીચંદ્ર રાજા રાજ્ય કરે છે. તેની પટરાણીનું નામ પ્રેમાવતી છે. નગરની બાલાઓનાં નયનો જોનારને વીંધીને પાડી નાંખે એવાં મોહક છે. પ્રેમાવતીની કુક્ષિથી શશિકલા નામની પુત્રીનો જન્મ થયો. તે શશિકલા ક્રમે કરીને યૌવનદશા પામી. કવિ તેણીના રૂપ તથા વિદ્યાભ્યાસનું વર્ણન કરે છે......કાવ્યશાસ્ત્રમાં નૈષધ શરૂ થયું, પણ પાંચ સર્ગ ભણ્યા પછી પંડિત પંચત્વ પામ્યો. બીજા પંડિતની શોધ કરતાં કલિંગ દેશથી બિલ્હણ પંડિતની પ્રાપ્તિ થઈ. રાજાએ તેને કુમારીના શિક્ષક તરીકે નીમ્યો. પરંતુ રાજાએ બંને યુવાન્ હોવાથી તેઓ વચ્ચે કંઇ કુત્સિત કર્મ ન થાય, તે માટે બ્રાહ્મણને કહ્યું કે કુમારી આંધળી છે અને કુમારીને કહ્યું કે બ્રાહ્મણ કુષ્ટરોગી છે; અને તે વાસ્તે બંને વચ્ચે પડદો મૂકાવ્યો અને કુંવરીને પર્યંકે બેસાડી. અભ્યાસ કરાવતાં એક વિકટ શ્લોક આવ્યો. શશિકલાએ તેના ઉપર રહેલી વૃત્તિ જોઇ નહી, તેથી બ્રાહ્મણે કહ્યું કે, તું આંધળી છે તેથી જોઇ શકતી નથી; કુમારીએ કહ્યું હું પોથીમાં લખ્યું છે તે બોલું છું. બ્રાહ્મણે જાણ્યું કે આ આંધળી નથી, માટે પરીક્ષા કરવાને બે દુહા કાગળમાં લખીને તેણીના ઉપર નાંખ્યા. આ દુહા તે **निरर्थकं जन्मगतं नलिन्यां यदा न दृष्टं तुहिनांशुबिंबं.**

દુહા—જેણિ અંબુજિ અંબરથિકું, નિર્મલ ચંદ્ર ન દિઠ્ઠ
તે કમલિનિ કલિમાં રહી, જવારૂ ધણુ ધટ્ઠ. ૩૭
જેણિ મયંકિ મહિયલિ થિકી, વિકસતિ નવિણી ન જોઇ,
અવનિમાં હિઇ તે અવતરી, નિશ્ચઇ નિષ્ફલ હોઇ. ૩૮

કુમારીએ તેનો અર્થ વિચાર્યો અને હૃદયમાં રણઝણી રહી. પડદો કાઢી નાંખ્યો ને બ્રાહ્મણને મદન જેવો જોયો. નયણે નયણ મળ્યાં ને દૃષ્ટિ સ્થિર થઈ. લજ્જા ટલી ગઇ.

કરિ કટાક્ષ લંખઈ શર સર્મિ, ભચુહ ભાવિ કુલાલઈ મર્મિ,
ડસણે સરસી અહરા ડસઈ, વલી કુંચકી કરસ્યું કસઇ. ૪૩

કુચ કાઢી કંડુરઇ કાન, મીંચી મીંટિ કરઇ તે સાન,
આળસ મોડઈ આવઈ જંભ, નિરતઇ નાભિ દેખાડઈ રંભ. ૪૪

વાર મેઇ લઇ નીસાસ, અબલા કરઈ અધ્યારૂ આસ,
માંહોમાંહઈ મૂંકઇ લાજ, પ્રીતિ પ્રગટ થઈ કીધું કાજ. ૪૫

કરઈ કતૂહલ ક્રીડા હોઇ, ભોગ ભોગવઇ સુરનાં સોઈ,
અંગિ જિ અનંગ તણુઉ અભ્યાસ, વિલસઇ પંડિત વિવિધ વિલાસ. ૪૬

ઇમિ સુખ સેવઈ કુમરિ એકંતિ, જોસી યુવતિ ભલ્યાં ઇક ચિંતિ,
મનિ ગમતું માણુઈ માનિની, જાણુઇ નહી વાસર યામિની. ૪૭

સરખિ વેસિ સરુપ સુજાણુ, પંડિત રાતુ પુત્રી રાણુ,
ઇમ લીલા આવાસ મઝારિ, નવ નવ રંગ કરઇ નરનારી. ૪૮

આવી રીતે પંડિત તથા શશિકલા વચ્ચેનો પડદો તુટી ગયો અને અરસપરસ સ્નેહ જામતાં બંને કંદર્પક્રીડા કરવા લાગ્યાં. રાજાએ એક વખત કુંવરીને જોઈ અને તેણીના રૂપમાં ફેરફાર નિહાળતાં રાજા કોપ્યો અને બ્રાહ્મણને બોલાવીને બાંધ્યો અને તેને શૂળી ઉપર આરોપવાનો હુકમ કર્યો, શૂળી ઉપર ચઢાવતાં પહેલાં પંડિતને પોતાના ઇષ્ટદેવને સ્મરવા કહ્યું. પંડિતે કહ્યું કે મારી ઇષ્ટ દેવતા શશિકલા છે; તેનું હું સ્મરણ કરૂં છું તે સકલ સભા સાંભળજો. પછી તેનું સ્મરણ કરતાં તેની સાથેની રતિક્રીડાનું સ્મરણ શરૂ થાય છે. કોટવાલે ગઢ આગળ આણુતાં શશિકલાની દૃષ્ટિએ તે પડયો. શશિકલાએ કહ્યું કે, એને મારશો તો હું મરીશ પ્રધાને રાજાને સમજાવ્યો અને બ્રાહ્મણની સાથે શશિકલાને પરણાવી.

પ્રસ્તુત ચોપાઇની સંવત ૧૭૩૩ માં લખાયેલી બ્રાહ્મણની પ્રતમાં ૨૦૯ શ્લોક સંખ્યા છે, જ્યારે પાટણની સંવત્ ૧૬૫૫ માં લખાયેલી પ્રતમાં ૨૦૫ છે. પાટણની પ્રત (પત્ર ૭ પંક્તિ ૧૫) નો અંત નીચે પ્રમાણે છેઃ—ઇતિ કવિચક્ર ચૂડામણિ શ્રી બિલ્હણુ પંડિત વિરચિતા બિલ્હણુ પંચાશિકા કાવ્ય ચોપઈ સંપૂર્ણ સં. ૧૬૫૫ વર્ષે માર્ગશીર વદિ

૮ સોમે લિખિતં મંત્રિ શ્રી પક્ષ પઠનાર્થા. બ્રાહ્મણની પ્રતના કુલ ૨૪ પત્ર છે. આમાં બિલ્હણ પંચાશિકા ઉપરાંત શશિકલાના વિરહ પ્રલાપના ૧૨૩ દૂહા ચોપઈ વધારે છે. પંચાશિકાનાં અંતની ટુંક ઉપર જણાવી છે તે છે.

'ભણે બિલ્હણ મમ વાણી એહ, જ્ઞાનતણે રસિ રાતો તેહ.'

શશિકલાને વિપ્રના બંધનની વાત દાસીએ સંભળાવી કે, તેણીની આંખમાંથી સમુદ્રની પેઠે આંસુ સરવા લાગ્યાં. સખીએ સમજાવીને છાની રાખી. શશિકલા વિપ્રની સાથેની પોતાની રતિક્રીડાને સ્મરીને વિલાપ કરવા લાગી. આ વિલાપ પંચાશિકાથી જાય તેવો નથી. આ પછી તેમાંથી ૧૦ મી કડીથી ૨૧ કડી આપી છે ને પછી પ્રલાપનો અંતભાગ ૧૨૦ થી ૧૨૨ કડીનો આપ્યો છે.

આ કાવ્યના કર્ત્તા સંબંધી ચર્ચા કરતાં દલાલ જણાવે છે કે બિલ્હણ વૈરિસિંહના વખતમાં નહિ, પણ કર્ણદેવના સમયમાં થયો જણાય છે. વળી "ગૂજરાતી ભાષાન્તર કર્ત્તાનું નામ મારી પાસેની પ્રતો ઉપરથી બિલ્હણ હોય એવું જણાય છે, પણ ગુજરાતીઓમાં આવાં નામ હોવાનો સંભવ નથી. જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી છપાયેલી જૈન રાસમાળા નામની રાસોની યાદીમાં બિલ્હણ પંચાશિકાના કર્ત્તા તરીકે સારંગનું માન આપેલું છે, તે નામ ખરૂં હોય, પરંતુ તે પ્રત જોયા વિના નિશ્ચયથી કહી શકાય નહીં. આ ચોપાઇ સંવત ૧૬૫૫ ના પૂર્વે મારા ધારવા પ્રમાણે વિક્રમના ૧૬ મા શતકના અંતમાં રચાયેલી હશે. પંચાશિકાનો અંગ્રેજી કવિતામાં અનુવાદ સર એડવીન આર્નોલ્ડે કર્યો છે."

—વધુ માટે જુઓ ગૂજરાતીનો ઉક્ત અંક ૭–૧૧–૧૯૧૫

આમાં વિશેષ ઉમેરવાનું એકે આમાં ટાંકેલી લેખકની પ્રશસ્તિમાં જે સં. ૧૬૨૬ ની છે તેમાં બીજી કૃતિ નામે શશિકલા પંચાશિકામાં શ્રી ન્યાનાચાર્ય કૃતઃ એવું લખેલું છે. તે ન્યાનાચાર્ય કર્ત્તા હોય એવું બિલ્હણ પંચાશિકાના અંતની ટુંકમાં 'જ્ઞાન તણઇ રસિ રાતા જેહ' એવું છે

તેમાં 'જ્ઞાન' એ પરથી સંભવિત છે. અને તે આચાર્ય જૈન હોવાનું સાક્ષર શ્રી કેશવલાલ ધ્રુવ જણાવે છે તે વાસ્તવિક ભાસે છે. સારંગના નામપર રત્નવિજયના ભંડારની ટીપમાં આ ચોપાઇ નામે બિલ્હણ પંચાશિકા નોંધાઇ છે; તે પ્રત હું જોઇ શક્યો નથી; આ સંગ્રહમાં સારંગ નામનો કવિ નોંધાયો છે કે જે મડાહડ ગચ્છના જ્ઞાનસાગર સૂરિના શિષ્ય પદ્મસુંદર અને તેના ગુરૂભાઈ ગોવિંદનો શિષ્ય છે અને જેણે ભોજપ્રબંધ ચોપાઇ સં. ૧૬૫૧ શ્રા. વ. ૯ જાલોરમાં રચી છે તેના નામનીચે આ પંચાશિકાને પણ મેં મૂકી છે; પણ તે સંબંધી વિશેષ હકીકત તે પ્રત જોયા પછી મળી શકે.

[આ **સોળમા સૈકામાં ગદ્યગ્રંથો** ભાષામાં નીચે પ્રમાણેના રચાયેલા જાણવામાં આવ્યા છેઃ—

૧. સં. ૧૫૦૧ દીપોત્સવદિને તપાગચ્છે સોમસુંદરસૂરિથી મુનિસુંદરસૂરિ શ્રી જયચંદ્રસૂરિ શિ૦ હેમહંસ ગણિએ ષડાવશ્યકપર બાલાવબોધ રચી પૂર્ણ કર્યો. (હા. ભં.)

૨. સં. ૧૫૦૧ કારતક શુદ ૧૩ બુધે વૃદ્ધતપાગચ્છના ભટ્ટારક રત્નસિંહ સૂરિના શિષ્ય પંડિત માણિક્યસુંદર ગણિએ મલધારી શ્રી હેમચંદ્રસૂરિ રચિત ભવભાવના સૂત્રપર બાલાવબોધ દેવકુલપાટકમાં કર્યો. (હા. ભં.)

૩. તપામુનિસુંદર સૂરિ શિષ્ય વિશાલરાજે ગૌતમપૃચ્છાનો બાલાવબોધ કર્યો. સં. ૧૫૦૫ આસપાસ. (હા. ભ.)

૪. સં. ૧૫૨૯ માં વૃદ્ધતપાગચ્છના ભટ્ટારક જયતિલક સૂરિના શિષ્ય પંડિત દયાસિંહ ગણિએ ક્ષેત્રસમાસનાપર બાલાવબોધ રચ્યો. (હા.ભં.)

વિક્રમ સત્તરમી સદી.

૧૨૯ સુમતિ મુનિ (ત૦ હર્ષદત્ત શિ૦)

(૨૨૬) અગડદત્તરાસ સં. ૧૬૦૧ કાર્તિક શુ. ૧૧ રવિ.

આદિ—

આદિ જિણેસર પ્રણમી પાય, સમરૂં **સરસતિ** સામિણિ માય
કરજોડી જઈ માગું માન, સેવકનઇ દેજે વરદાન. ૧
તુઝ નામઈ હુઈ નિરમલ જ્ઞાન, તુઝ નામઈ વાધઇ સવિ વાન,
તુઝ મુખ સોહઈ પૂનિમ ચંદ, જાણે જીહ અમીનઉ કંદ. ૨
મૃગલોચના કહીઈ સવિશાલ, અધર રંગ જિસ્યા પરિવાલ,
વેણી જાણે જિસિઉ ભુયંગ, કઠિન પયઉહર અતિહિં ઉત્તંગ. ૩
નલવટિ ટીલી રયણે જડી, મસ્તકિ મનમોહઇ રાષડી.
કાને કુંડલ કરિ બહિરષા, હીઈ હાર સોહઈ નવલષા. ૪
તુઝ તનુ સોહઈ સવિ સણગાર, પાએ ઘૂઘરનઉ ઘમકાર,
હંસગમનિ ચાલઈ ચમકતી, તું બ્રહ્માણી તું ભારતી. ૫
તુમ્હ ગુણ કહઇતાં ન લહું પાર, સેવકનઈ દેજે આધાર;
સારદ નામિઈ રચઉં પ્રબંધ, સુણિજ્યો **અગડદત્ત** સંબંધ. ૬

× × × ×

અંતે—

સારદ નામ હીયડઈ ધરી, ચઇપઇબદ્ધ રાસ જે કરી
અધિકું ઉછઉં કહિઉં હુઈ જેહ, ભવીયણ જણ સાંસઇજો તેહ. ૧૩૪
શ્રી **ચંદ્ર**ગચ્છ સૂરીસર રાય, શ્રી **સોમવિમલ** સૂરિ પ્રણમું પાય,
એ ગુરૂ મહિમા મેરૂસમાન, તાં ચિર નંદઉ ગયણે ભાણ. ૧૩૫
સંવત **સોલ એક કાતી માસી, સુમતિ** ભણઈ મઈ કરિઉ ઉલ્હાસિ,
સુકલ ઇગ્યારસિ આદિત્યવારિ, એ ભણતાં હુઈ હરષ અપાર. ૧૩૬

અગડદત્ત મુનિ તણઉં ચરિત્ર, ભણતાં ગણતાં હુઈ પવિત્ર;
પંડિત હર્ષદત્ત સીસ ઇમ કહઇ, ભણઇ ગણઇ તે સવિ સુખ લહઇ. ૧૩૭
—ઇતિ અગડદત્ત રાસ. ૪-૧૫ લીં૦
—સં. ૧૬૩૭ વર્ષે આસો શુદિ ૧૨ ભોમે છકડી પાટક મધ્યે લષ્યતં ઋ૦ સોમા લષ્યાપિતં પ્ર૦ શ્રી સત્યલક્ષ્મી ગણિના વાચનાર્થં
—૧૦-૧૪ લીં.

---

૧૩૦ દર્શન કવિ

(૨૨૭) ચંદાયણો રાસ. ૧૬૦૧ આસો સુદ ૧૦.

૧૩૧ જગાઋષિ (ગુણવિમલ) (ત૦ વિજયદાનસૂરિ-શ્રીપતિઋષિ શિ૦)

(૨૨૭) વિચારમંજરી સં. ૧૬૦૩

અંત—

'ચંદ્રગછિ ઉદ્યોતકર **વિરી** શાષા મનોહર,
મનોહર શ્રી **આણુંદવિમલ** સૂરીસ્વરૂએ, શ્રીવિજેદાન સૂરીંદએ
દીઠિ હુઇ આણુંદ એ
આણુંદ સાથિ ચરણકમલ તસુએ **શ્રી**પતિરૂષી પંડિતમુંનિ,
કુસમ કાલિ તૂ ધિનુ ધિનુ રત્નત્રઇસૂં સોભતાએ.
પંડિત **જગુરૂષી** ઊચરિ. ૧૨૬
સંવત સોલ ત્રીડોતરિ ત્રીડોતરિ **વિચારમંજરી** એ રચીએ
એહ ભણી નિજ સદહિ રે,
રત્નત્રય જુ તે લહિ તે લહિ અવિચલ પદવી સિધનીએ.
—સં. ૧૬૦૫ વર્ષે ચૈત્ર શુદ ૧ અહિમદાવાદ મધ્યે લેખિતં
—વિવેકવિજય ભં. ઉદયપુર.

કોઈ કર્ત્તાનું નામ **ગુણવિમલ** આપે છે. એક બીજી પ્રતમાં નીચે પ્રમાણે છે.

ચંદ્રગચ્છિ ઉધોતકર **વઇરી** સાખા મનોહરૂરે,
મનોહર શ્રી **આણુંદવિમલ** સૂરીસ્વરૂએ.

શ્રી વિજયદાન સૂરીંદએ, દીઠઈ હુઇ આણુંદએ,
આણુંદ એ સાથઈ ચરણકમલ નમુંએ.
શ્રીપતિ રિષિ પંડિત નમું હું, સમકાલઈ ધનધનૂએ,
ધન ધન રત્નત્રય સિરૂં સોભતા એ.
એહ ભણીનઈ જે સર્દ્દહઇરે, રત્નત્રય હુ તે લહઈ,
તે લહઇ અવિચલ પદવી સિધનીએ. ૧૨૭

—ગ્રંથાગ્ર ૨૦૪ પા. ૮ પ્ર. કા.

---

૧૩૨ સોમવિમલસૂરિ* (ત૦ હેમવિમલસૂરિ–સૌભાગ્ય હર્ષસૂરિ શિ૦)

(૨૨૮) શ્રેણિકરાસ (સમ્યક્ત્વસાર રાસ) સં. ૧૬૦૩ ભાદ્રપદ સુદિ ૧ કુમારગિરિમાં

---

* હેમવિમલસૂરિ તપગચ્છના પટ્ટધર–તેમની પાટે સૌભાગ્યહર્ષસૂરિ થયા, અને તેમની પાટે સોમવિમલસૂરિ નં. ૫૮ મા થયા. તેમનો જન્મ ખંભાતમાં સમધર મંત્રી વંશજ રૂપવંતને ત્યાં તેની સ્ત્રી અમરાદેથી થયો. જન્મનામ જસવંત. હેમવિમલસૂરિ પાસે સં. ૧૫૭૪ માં વૈશાખ શુદ ૩ ને દિને દીક્ષા લીધી. દીક્ષા નામ સોમવિમલ. પછી તે સૂરિએ સં.૧૫૮૩ માં સૌભાગ્યહર્ષને સૂરિપદ આપ્યું ને સૌભાગ્યહર્ષસૂરિએ પંડિતપદ સોમવિમલને શીરોહીમાં આપ્યું. અને વીજાપુરમાં અમદાવાદના સંઘે આવી ઉપાધ્યાયપદ અપાવ્યું. સં. ૧૫૯૭ માં આસો સુદ ૫ ને ગુરૂવારે અમદાવાદમાં સોમવિમલને આચાર્યપદ આપ્યું. અને બીજા લઘુ-આચાર્ય સકલહર્ષસૂરિ સ્થાપ્યા. પછી ખંભાતમાં ગચ્છનાયકપદ સોમ-વિમલસૂરિને આપવામાં આવ્યું–સં. ૧૬૦૫ મહા સુદ પાંચમને દિને. આ તેમના શિષ્ય આણુંદસોમે સં. ૧૬૧૯ માં કરેલા સોમવિમલસૂરિ રાસ (પ્ર૦ જૈન ઐ. ગૂ. કા. સંચય–શ્રીજિનવિજયજી સંપાદિત) માંથી લીધેલું છે. સોમવિમલસૂરિ સં. ૧૬૩૭ માર્ગશીર્ષમાં સ્વર્ગભાક્ થયા.

(પ્રકાશક—શા. છોટાલાલ મગનલાલ—**અમદાવાદ.**)

આદિ— દુહા.

સકલ સિદ્ધિ મંગલકરણ, જિન ચઉવીસ નમેવિ,
બ્રહ્માપુત્રી સરસ્વતી, માય-પાય પ્રણમેવિ. ૧
ગોયમ ગણધરને નમું, વિધુ ન વિણ શૃંગાર
સોહમ સ્વામી નમું સદા, જસ શાખા વિસ્તાર. ૨
સાર સદા ફલ ગુણ તણા, હું અવિચલ પટ્ટ
અનુક્રમે પંચાવનમેં, જસુ નામે ગહગટ્ટં. ૩
હેમવિમલ તણા દીપતા, શ્રી સોમવિમલ સુરિંદ
તેહ તણા ચરણ નમી, હયડે ધરી આનંદ. ૪
ચંદ પરે ચડતી કલા, લાજે જેહને નામ,
શિષ્ય સૌભાગ્યહર્ષ સુરિંદવર, હરખિઓ તાસ પ્રમાણ ૫
મુખ્ય અક્ષર જે કહ્યા, તે સવિ ગુરૂ પસાય,
વણ માવિત્ર જેણે શીખવ્યું, તેહના પ્રણમું પાય. ૬

વસ્તુ.

સકલ જિનવર સકલ જિનવર ચરણ વંદેવિ,
દેવી શ્રી સરસતી તણા પાયકમલ બહુ ભક્તિ જુક્તિઓ,
પ્રણમી ગોયમ સ્વામિવર, સુગુરૂપાય કમલ સ્તઓ,
શ્રેણિક રાજા ગુણ નિલુઓ, નિર્મલ બુદ્ધિ વિશાલ;
રચિસુ રાસ હું તહતણો, સુણીઓ અતિહિ રસાલ. ૭

× × × ×

અંતે—

તપગચ્છનાયક ગણધરૂ એ માહાલંતડે, સોમસુંદર સુશિશષ,
તસ પાટ ગચ્છ તે વંદસ્યિએ મા૦, મુનિસુંદરિ સુશિપાય.
તસ શાખા સોહંકરૂ એ મા૦ રત્નશેખર સુરિંદ,
તસ પાટે ગયણ દીપતો એ મા૦, લક્ષ્મીસાગર સુરચંદ.
સુમતિસાધુ સુરીસરૂ એ, મા૦ અજુઆલી ગુરૂપાટ,

સોભાગી સોહામણું એ, મા૦ તસ નામે ગહગાટ.
હેમપરે જગવલ્લહુઓ, મા૦ શ્રી હેમવિમલસૂરિ,
સૌભાગ્યહર્ષસૂરિ પાટધરા મા૦, નામિઇ સંપદ ભૂરિ. ૯૮
સોમવિમલસૂરિ તાસ પાટે, મા૦ પામી સુગુરૂ પસાય,
શ્રી વીરજીણેશ્વર મહિમા ધરીએ, મા૦ ગાયો શ્રેણિકરાય.
ભુવન આકાશ હેમકર કલાએ, મા૦ સંવત હિ નાણે,
ભાદ્રવા સુદ સોહામણી એ, મા૦ પડવે ચડયો પ્રમાણ.
કુમારપાળરાય થાપીઓ મા૦ કુમરગિરિ પુરસાર,
શાંતિ જિણુંદ પસાઉલે, મા૦ રચીઓ રાસ ઉદાર.
દુહા ચોપાઈ વસ્તુ ગીત મા૦, સર્વ મળી કાધો માન,
છસેં એકાશી આગલે એ મા૦ જાણે સહુએ જાણ.
અધકું ઓછું મેં ભણ્યું એ મા૦, જે હોય રાસ મોઝાર,
તે પંડિત સર્વ શોધજ્યો એ, મા૦ આગમને અનુસાર.
સુણી જે નરનારી ગાયસે એ, મા૦ સુણસે આણિ રંગ,
તે સુખ સંપદા પામસે એ, મા૦ ભોગ ભલીપરે ચંગ.
જ્યાં લગે મેરૂ મહીધરૂ એ, મા૦ જ્યાં લગે શશધર તાર,
ત્યાં લગે રાસ ચિરંજયુ એ મા૦ નિત્ય મંગલ જયકાર.

ગાથા ૬૮૧ લીં. પા. ૩-૪, ડે.

લિ૦ શ્રી કુમરગિરિનગરે શ્રી સોમવિમલસૂરિણા શ્રી રસ્તુ-પાં-શ્રી સંયમધીરગણિ ગુરૂભ્યો નમઃ શષ્ય ચેલા જયવંત લષિતં-શ્રી ॥ છ ॥

—ચેનસાગર ભં. ઉદયપુર.

—સં. ૧૬૧૯ શ્રાવણ સુદ ૧૧. ૨૧-૧૬ લીં, રત્ન.

(૨૨૯) ધમ્મિલરાસ સં. ૧૬૧૫ (૧૫૯૧?) પોષ સુદ ૧ રવિવાર ખંભાતમાં

અંતે—

શ્રી તપગણ શિણગાર, શ્રી રતનશેખર સૂરિસાર,
સિરિ લખિમિસાગરસૂરિ, જસ નામઈ પાતક દૂરિ. ધન. ૮૬

શ્રી સુમતિસાધુ સૂરિંદ, તસુ પટ્ટઈ અભિનવચંદ,
શ્રી હેમવિમલ સૂરિરાય, જસ પ્રણમઈ ભૂપતિ પાય. ધન. ૮૭
તસુ પટ્ટઇ ધુરંધર ધીર, પય પ્રણમઇ ભૂપતિવીર,
શ્રી સોભાગહરિષ સૂરીસ, કહઇ સોમવિમલ તસ સીસ. ધન. ૮૮
સંવત ચંદ્ર નિધાનવલી તિથિ સિઉં કરીઅ પ્રધાન,
પોસ માસ શુદિ સાર, વલી પડવે આદિત્યવાર, ધન. ૮૯
શ્રી ખંભનયર સુવિશાલ, તિહાં રચિઉં રાસ રસાલ,
જે ભણઇ ચરીઅ પ્રધાન, તે પામઇ નવહ નિધાન. ધન. ૯૦
—ઇતિ શ્રી આદિનાથ પ્રસાદાત્ સં. ૧૬૬૭ વર્ષે લિખિતં પત્તનનગરે (પત્ર ૯. પ્ર. કા.) ડે.

(૨૩૦) **ચંપકશ્રેષ્ઠી રાસ** સં. ૧૬૨૨ શ્રાવણ શુદ ૭ શુક્રવાર. વિરાટનગરમાં

(૨૩૧) **ક્ષુલ્લકકુમાર રાસ** ૧૬૩૩ ભાદ્રપદ વદ ૮ અમદાવાદના રાજપુરમાં.

આદિ—વસ્તુ

સકલ મંગલ સકલ મંગલ કરણ શ્રીવીર,
ધીરપણઈ જિણિ તપ તપી પપી જિણિ સિદ્ધ લિધિ,
એક ચિત્તિ ચિંતીતા હુઈ સયલ વંછિત સિદ્ધિઅ,
શ્રી હેમવિમલ સૂરિંદના ચરણ કમલ વંદેવિ,
ગાઇસુ હું ક્ષુલ્લકકુમર સેવી સરસતિ દેવિ. ૧

* * * *

અંતે—

શ્રી ક્ષુલ્લકકુમર ચરિત્ર સુણઇ ગાઇં તેહ પવિત્ર,
સોમસુંદર ગછિ ગુણધાર, શ્રી સોમસુંદરસૂરિસર. ૩૦૨
મુનિસુંદર જસુ પરિવાર, મુનિસુંદરસૂરિ ગણધાર,
જિમ રતન શિષરિ ચડયું સોહઈ, સૂરિ રતનશેષર મનિમોહઇ. ૩૦૩
જિમ લષિમી સાગર આપઈ, તિમ લષિમીસાગરસૂરિ થાપઈ,

ગુરૂ સુમતિ સાધુજનિ રોપઈ શ્રી **સુમતિસાધુસૂરિ** ઉપઇ. ૪
જિમ **હેમવિમલ** ગુણુ ગેહ તિમ **હેમવિમલસૂરિ** દેહ,
સંઘ નઈ દિઈ સોભાગહરિષ, સૂરિ **સોભાગહરિષ.** ૫
હેમ સીસ તાસ પટ્ટધાર, સૂરિ **સોમવિમલ** ગણુધાર,
તિણિ તવીઉ ક્ષુલ્લકકુમાર, શ્રી સંઘનઈ જયજયકાર. ૬
શ્રી **ગૂજરદેશ** પવિત્ર, તિહાં નગર અછઇ સુપવિત્ર,
નાંમિ શ્રી **અહમ્મદવાદ**, સુરપુરસ્યું જે લિઈ વાદ. ૭
તિહાં પુર છઈ પવિત્ર અનેક, સિરિ **રાજપુર** સુવિવેક,
તિહાં રચીઉ રાસ રસાલ, જે ગાતાં સુખ વિશાલ. ૮
વસ્તુ દૂહા ચોપઈ પરમાણુ, સત ત્રિણિ ત્રિડોત્તર જાણુ,
શત ચ્યારિ પંચવીસ શ્લોક, ભણુતાં હુઈ પુણ્યસિલોક. ૯
સંવત્સર સોલતેત્રીસ ૧૬૩૩ ભાદ્રવા વદિ આઠમિ દીસ,
શ્રી **નેમિ** જિણેસર સાંમી, તસુ નામિં નવનિધિ પાંમી. ૧૦

—ઇતિ શ્રી ક્ષુલ્લકકુમાર રિષિ રાસ સંપૂર્ણઃ-ઇલદુર્ગ નગરે પુજ્યપંડિત શ્રી લક્ષ્મીકુલગણિ શિષ્ય મુ૦ રાજકુલ. ૮-૧૯ લીં.

૧ કુમરગિરિમંડણુ શ્રી શાંતિનાથ સ્તવન.

આદિ—

સરસ વચન દિઉ સરસતી, સંતિ જિણેસર રાય,
ભગતિઈ ભાખું વીનતી, પામી શ્રી ગુરૂ પાય. ૧

* * * *

અંતે—

સા(ડ)ત્રીસે દૂહે કરી, વીનવિઉ અંતિ જિણંદ;
શ્રી સોમવિમલ સૂરિ ઇમ ભણુઈ, કુમરગિરિઈ આણંદ. ૩૮

૨ સઝાય–આદિ—કપૂર હોવે અતિ ઉજલું. (મારી પાસે છે)
૩ સઝાય—આદિ—નગર રતનપુર જાંણીયઈ, સુરવર સમવડિ જાણી-યઈ. (મારી પાસે છે.)

૪ પટ્ટાવલિ સઝાય— સં. ૧૬૦૨—વિધા૦
૫ દશ દૃષ્ટાંત ગીતા.

આ ઉપરાંત ગદ્યમાં કલ્પસૂત્ર બાળાવબોધ રચ્યો છે.

---

૧૩૩ પુણ્યસાગર (ખ. જિનહંસ સૂરિ શિ૦)

(૨૩૨) સુબાહુ સંધિ. સં. ૧૬૦૪ જેસલમેરમાં.

અંતે—

ઇમ **જંબૂનઇં સોહમ** સામિઈં, એહ અજઝયણુ ભણ્યઉં સિવ કામિઇં;
તિમ સંબંધ એહ ગુણિ ભરિઉ, ઇગ્યારમ અંગહ ઊધરિયઉ.
સંવત **સોલ ચડોતર** વરસઈં. **જેસલમેરૂ** નયર સુભ દિવસઈં.
શ્રી **જિનહંસ** સૂરિ ગુરૂ સીસઇ, **પુણ્યસાગર** ઉવઝાય જગીસઇ. ૮૮
શ્રી **જિનમાણિક** સૂરિ આદેસઇ, **સુબાહુ** ચરિત ભણિયઉ લવલેસઇ,
પાસ પસાયઇ એ રિષિ થુણતાં, રિદ્ધિ સિદ્ધિ થાયઉ જિતુ ભણતાં ૮૯

લિખિતા વા૦ શ્રી દયાકીર્ત્તિગણિ શિષ્ય પંડિત ગોડીદાસેન સં. ૧૬૯૬ વર્ષે શ્રી સંગ્રામપુરે —ઉદયપુર ભં. પ્ર૦ કા.

[ખ. જિનહંસસૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૫૭ અને ૧૫૬૧ ના મળે છે અને તેમના પટ્ટધર જિનમાણિક્યસૂરિના સં. ૧૫૮૩,૧૫૮૪, ૧૫૯૩ અને ૧૫૯૮ ના મળે છે. ધા. સં. ભાગ ૧ અને ૨.]

---

૧૩૪ વિમલચરિત્ર (ત૦ હેમવિમલસૂરિ–સૌભાગ્યહર્ષસૂરિ —સોમવિમલસૂરિ—સંઘચારિત્ર શિ૦)

(૨૩૩) રાજસિંહ રાસ—નવકાર ચઉપઇ સં. ૧૬૦૫ શ્રાવણ શુ. ૧ ગુરૂ નટપદ્ર (નડિયાદ)માં.

અંતે—

તપગચ્છ કેર રાજીઉરે, માહાલંતડિ જગિ જણુ પણમઈ પાય,
સુણિ સુંદરે જગ૦
શ્રી **હેમવિમલ સૂરીસરૂ**રે, મા૦ તસુ પાટિ સોહઈ રાય. ૫૮

સૌભાગ્યહરિષ સૂરિ ગુણિસરૂરે, મા૦ મહિમા કેરૂ કંદ, સુ૦
તસુ પટિ સુવિહિત સુંદરૂરે મા૦ **સોમવિમલસૂરિંદ.** સુ૦ ૬૯
પંડિતતારે ચંદલુરે મા૦ બુદ્ધિઈં **અભયકુમાર,** સુ૦
સાધુશિરોમણિ દીપતારે મા૦ ચારિત્ર પાલઈ સાર સુ૦ ૭૦
સંઘચારિત્ર નામઈ ભલારે મા૦ મૂરતિ મોહણવેલિ સુ૦
પીહરતે પીડયા તણારે મા૦ સાધુ ગુણ કેરઈ વેલી સુ૦ ૭૧
તાસ તણઇ સુપસાઉલઈ રે, મા૦ **નદ્રપદ્ર** રહી ચુમાસી સુ૦
રાસ રચીઓ તુકારનોરે મા૦ સીષિઇ હિયયા ઉલ્લાસી. સુ૦ ૭૨

ચુપઈ.

સંવત્ **સોલ પંચોતેર સાર,** સુદિ પડવઇ સોહઇ ગુરૂવાર
સરવડિ વરસઇ શ્રાવણમાસ, જગ સઘલાની પુહુચઇ આસ.
રાજસિંહ રાસઉ જે ભણઇ, રત્નવતી કથાસું ગણઈ
નવનિધિ મંગલમાલા મિલઈ, **વિમલ** ચારિત્રઇ વાંછિત ફલઈ.

—૧૦—૧૬ પૂજ્યારાધ્ય શ્રી આચાર્ય રા શ્રી વિમલચારિત્ર સૂરિ (પદ) કમલ સેવક શિષ્ય હેમચારિત્ર ગણિ લિખિત. (આ પ્રશસ્તિ રા૦ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. એ લખી **મોકલી** હતી. આ પ્રત વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીમાં હોય તેમ જણાય છે.) હેમવિમલસૂરિ જુઓ નં. ૬૫ અને સોમવિમલસૂરિ જુઓ નં. ૧૩૦.

---

૧૩૫ રાજપાળ (પીંપલક ગ૦ સ્થાપક શાંતિસૂરિ તેના સંતાન ને પટ્ટપરંપરામાં પૂર્ણચંદ્ર શાખામાં ૧૫ મી પાટે પદ્મતિલકસૂરિ–ધર્મસાગરસૂરિ–વિમલપ્રભસૂરિ–શિષ્ય.)

(૨૩૪) જંબુકુમાર રાસ સં. ૧૬૦૬ (?) માહ વદ ૭ રવિ.

આદિ—

સકલ જિનવર સકલ જિનવર સકલ સુખકાર,
સકલકલા સોભિત વિમલ મુખ મયંક સમ અમલ સોહે,

સકલ કર્મ સંખેપે કરિ મુગતિ નારિસ્યું રંગે મોહે,
તસુ પદપંકજ નિત નમું આંણી મનિ ઉલ્હાસ,
ગૌતમ ગણધર પ્રણમતાં આવે બુદ્ધિ પ્રકાશ. ૧

* * * *

અંતે—

કર્ણિકા ઉપદેશમાલથી ગુરૂ મુખે હીયે વિચારરે,
તેહ અરથ જાંણી કરી મેં રચિઓ એ રાસસારરે.
વિક્રમરાયે થાપીઓ સંવત **ઋતુઇંદ્ર** જાણોરે,
દોઈ યુગવર સવિચારયો માસ મને મધુ આણોરે. ૨૧
કૃષ્ણપક્ષ મુનિ તિથિ ભલી તિણિ દિનિ વારજ સવિતારે,
ગુરૂ શારદ સુપસાઉલે, ચરિય રચ્યું કહે કવિતારે.
ચંદ્ર તણી શાખે હૂઆ **શાંતિસૂરિ** ગુરૂરાયરે,
પીંપલ ગચ્છ તેણે થાપીઓ આઠ શાખ તિહાં થાયરે. ૨૨
શાસન દેવે ચક્કેસરી ગુરૂને સાંનિધિ આવેરે,
મહિમા અતિહિંવ ધારતી શાસન જિનનું શોભાવેરે,
કહી એ શાખા એ પાંચમી પૂર્ણચંદ્ર ગુરૂ નાંમરે,
હૂઆ પાટે પનરમે **પદ્મતિલકસૂરિ** નાંમરે. ૨૩
શ્રી **ધર્મસાગરસૂરિ**વર તસુ પાટે ગુણ ગાજેરે,
શ્રી **વિમલપ્રભ** સૂરીવર સોહે જયવંતા એ રાજેરે.
તે ગુરૂના પય પ્રણમી ગાયો **જંબુકુમારરે**,
મુનિ **રાજપાલ** ભણે ઇમ કીજે સફલ અવતારરે. ૨૪

કલશ

ઇયિ જંબુ સુણુસ્યે × × ×

—પર૭ શ્લોક ૯૫૫ ગ્રંથાગ્ર. ૨૫-૧૫ લીં. રત્ન. ડે.

આ પિંપલગચ્છમાં જે બીજા ધર્મસાગરસૂરિ થયેલા અને જેના લેખ ધાતુપ્રતિમા પરના સં. ૧૫૧૨, ૧૫૧૫, ૧૫૩૦, ૧૫૩૧ અને ૧૫૩૫ ના મળી આવે છે, તે આ ગચ્છની ત્રિભવિયા શાખામાં થયેલા

ધર્મસુંદરસૂરિના પટ્ટધર છે, જ્યારે ઉપર પ્રશસ્તિમાં જણાવેલા ધર્મસાગરસૂરિ તે પૂર્ણચંદ્ર શાખામાં થયેલા પદ્મતિલકસૂરિના પટ્ટધર છે. આ રાસનો સંવત બરાબર નક્કી થઈ શકયો નથી.

---

૧૩૫ ક હર્ષવિમલ(ત૦ વિજયદાનસૂરિ-આણંદવિમલ શિ૦)

બારવ્રત સઝાય (૧૬૧૦ પહેલાં)

અંતે—

તપગચ્છ મંડણ જાણીઇએ, મા૦ **આણંદવિમલ** સૂરીંદ,
તસુ પાટઈ ગોયમ સમાએ મા૦ **વિજયદાન** મુણિંદ. ૬૪
શ્રી **આણંદવિમલ** તણુએ મા૦ **હર્ષવિમલ** ગણીશ,
સીસ કહઇ ભણતાં હુઇએ મા૦ નવનિધિ તસુ નિશિદીસ. ૬૫
(પ્ર૦ કા૦ ચોપડામાં લિ. ૧૬૧૦)

---

૧૩૫ ખ પ્રમોદશીલ શિ૦

૧ શ્રી સીમંધર જિનસ્તોત્ર-વિચાર સંયુક્ત. સં. ૧૬૧૩ ફાગણ શુદ ૧૦

આદિ—

સરસતિ સામિણિ બે કરજોડી, ગુણ ગાયસુ આલસ સવિ છોડી,
સીમંધરજિન રાયતુ, જયુજયુ સીમં૦
પુષ્કલાવતી વિજયનૂં નામ, પુંડરીકિણી નયરી અભિરામ,
આસ મિ કરીયસુ શોભતુ-જયુજયુ સીમં૦ ૧

અંતે—

અનઇ **સોલતેરોત્તરઈ** સાર, શુદિ ફાગુણ દસમી ઉદાર,
ઇમિ ગાયુ ઉલટ આંણી, તુમ્હે વંદઉ ભવિઅણ પ્રાણી. ૩૬

કલસ

ઇય સીમંધર જિનવર નમિઈ, અસુરાસુર બાસુરસમ જિનરાય દુહ,

દુખ દુર્ગતિ ભંજણુ જણુમણુ રંજણુ, ભવિયણુ પૂરિઈ તુંહ સુહ,
તપગછિ સુહાકર ગુણમણિ આગર, પ્રમોદશીલ પંડિતપવર,
તસુ શીસ બોલઇ અમીય તોલઈ, સીમંધર જયકાર કર. ૩૭

૨ શ્રી ૨૦ વિહરમાન બોલ ૫ સંયુક્ત ૧૭૦ જિનનામસ્તવન.

અંતે— સં. ૧૬૧૩ ફા. શુ. ૧૦.

સંવત **સોલ તેરોત્તરઈ** એ, ફાગુણ શુદિ દસમી જાણિઉ,
સત્તરિસુ જિન સંથુણ્યા એ, ઉલટ હીઅડઈ આણિતુ. ૨૪
સત્તિરિસુ જિનવરતણુંએ, સ્તવન ભણિઈ નરનારિ તું,
તે નર સુખ સંપત્તિ લહિઈ એ નિશ્ચિઈ તરઈ સંસાર તુ. ૨૫

કલશ.

ઇય સકલ જિણુંદહ દુઃખ નિકંદહ, વંદઉ ભવિઅણુ ભાવસિઉંએ,
દુખ દુર્ગતિ ભંજણ જણમણરંજણ, જિણ ગુણ ગાઉ હરષસિઉએ,
તપગછહમંડણ દુરીયવિહંડણ, **સોમવિમલ** સૂરિ જયવિરએ,
પ્રમોદશીલહ સીસ જંપઈ સંઘ ચઉવિહ સુહકરએ ૨૬

૩ વીરસેન સઝાય. (વિષય—ઉપશમ).

આદિ—

સરસતિ સામિણિ પહિલું પ્રણમીઇ, અવિરલ વાંણી જેહ નામિ પામીઇ,
પામીઇ વાંણી જેહ નાંમિઈં તેહના પય પ્રણમી કરી.
ક્ષમા સંબંધ હુંઅ બોલૂં સાંભલજ્યો ઉલટ ધરી.
નયરીઅ ચંપા અતિહિં રૂઅડી, તિહાં જિતશત્રુ રાજીઉ.
પુર ગામ દેસહ કરી મોટઉ સજસ મહીઅલિ ગાજીઉ. ૧

* × * *

અંતે—

ઇણિપરિ જે નર ઉપસમ આદરિઇ તપ જપ સંયમ ભાવિઈ અણુસરિઈ
અણુસરી ઉપસમ ધર્મ કરસિઈ, સંસારસાગર તે તરિઈ.
ધર્મધ્યાન સધાં જેહ કરિસિઈ, મુગતિરમણીસું તે વરિઈ,
ક્ષમા અનઇ જિનધર્મ કરસિઈ, સુખ લહીસે તે નરા,
પ્રમોદશીલહ સીસ જંપઈ, ક્ષમાધર તુમ્હે નરવરા. ૨૫

૪ ખંધકસૂરિ સઝાય.

આદિ—

પહિલૂં પ્રણમું સરસતિ સામિણી, ગજગતિ ચાલઈ હંસાગામિણી,
ગજગતિ ચાલઇ હંસાગામિણી.
હંસગામિણિ નમી પહિલૂં પછઇ સહિગુરૂ મનિ ધરૂં,
તે પ્રભાવિઇં ક્ષમાસંબંધ શાસ્ત્ર જોઇ હું કરૂં,
સાવત્થિ નયરી ભલી નયરી રાજા શ્રી જિતશત્રુ એ;
પુર ગામ દેસે કરી મોટઉ ખંધક નામિઈ પુત્ર એ. ૧

અંતે—

ખંધક સૂરિનિઈ ઘાણઇ ઘાલી પીલએ,
અગનિકુમાર પદવી પાવએ,
પાવ એ પદવી ક્રોધ કારણિ દેસ તિહાં બાલિઉ ઘણુઉ,
દંડકારણ્ય નામ હૂઉં ક્રોધ ફલ એહવાં સુણુ,
તેહ તણે શિષ્યે પાંચસિઈ તિહાં મુગતિ હેલાંમાહિ વરી,
પ્રમોદશીલહ શીસ જંપઇ ધર્મકર ક્ષમા મનિ ધરી. ૮

---

૧૩૬ જયવંત સૂરિ* (અપરનામ ગુણસૌભાગ્ય. વડતપાગચ્છ વિનયમંડન ઉપાધ્યાય શિ૦)

(૨૩૬) શૃંગારમંજરી સં. ૧૬૧૪. (આમાં શીલવતીનું ચરિત્ર છે.)

* વડતપાગચ્છના સ્થાપક વિજયચંદ્રસૂરિ થયા કે જેણે પહેલાં તપગચ્છીય (નવીન કર્મ ગ્રંથાદિના કર્ત્તા) દેવેન્દ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી ને ત્યાર પછી સૂરિપદ લઇ તેમનાજ સમયમાં જુદી પ્રરૂપણા કરી અને પોતે ખંભાતમાં વડી પોશાળમાં રહ્યા, તેથી તેમનો ગચ્છ વૃદ્ધ પૌશાલિક તપગચ્છ અને ટુંકમાં વડો તપગચ્છ ઓલખાયો. (આ સં. ૧૩૦૦ ની પછીના ૨૫ વર્ષમાં બન્યું) ત્યાર પછી આ વડતપગચ્છમાં રત્નાકર સૂરિ થયા કે જે પ્રસિદ્ધ રત્નાકર પચીશીના કર્ત્તા ગણાય છે, તેમણે સં. ૧૩૭૧ માં શત્રુંજયપર સમરાશાહે કરાવેલી ઋષભદેવની

(૨૩૬) ઋષિદત્તા રાસ સં. ૧૬૪૩ માગશર શુદ ૧૪ રવિ.

આદિ— દૂહા

પ્રથમ નાથ દાતા પ્રથમ. જગગુરૂ પ્રથમ યુગાદિ,
પ્રથમ જિણંદ પ્રથમજ નમૂં, જેણિ કરી પ્રથમ પુણ્યાદિ. ૧

* * * *

પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સૂરિનો ગચ્છ રત્નાકર ગચ્છ કહેવાયો. આ ગચ્છની ભૃગુકચ્છીય (ભરૂચી) શાખામાં અનેક આચાર્ય થયા તેમાં વિજયરત્ન સૂરિ નામના એક પ્રતિષ્ઠિત આચાર્ય થયા કે જેના પ્રતિમા લેખો સં. ૧૫૩૭ ના ધા. પ્ર. સં. ભાગ પહેલાના લેખાંક ૩૪, ૫૮, ૫૨૭ માં, અને ભાગ બીજામાં સં. ૧૫૧૩,-૧૫૨૯, અને ૧૫૩૭ ના અને નાહરકૃત સંગ્રહમાં સં. ૧૫૩૦ ના મળી આવે છે. તે પૈકી એક પરથી જણાય છે કે તેઓ વિજયધર્મસૂરિના પટ્ટધર હતા (વિજયધર્મસૂરિ તે વિજયતિલક સૂરિના પટ્ટધર હતા) આ વિજયરત્નસૂરિના ધર્મરત્નસૂરિ નામના શિષ્ય થયા કે જેના પ્રતિમા લેખો સં. ૧૫૪૪,-૫૩-૬૧-૬૫-૬૬ ના ઉક્ત ભાગ બીજામાં મળી આવે છે. આ ધર્મરત્નસૂરિએ સંઘપતિ ધનરાજના સંઘમાં આબુ વગેરે તીર્થોની જાત્રા કરી તે સંઘ સાથે મેદપાટ (મેવાડ) માં જઈ ચિત્રકૂટ (ચિતોડ) પર્વત ગયા ત્યાં તે વખતના મહાન્ સંગ (સંગ્રામસિંહ) રાણા (રાજ્ય સં. ૧૫૬૫ થી ૧૫૮૬) એ મહા ઉત્સવથી પુરપ્રવેશ કરાવ્યો તે નગરમાં પ્રખ્યાત કર્માશાના બાપ તોલાશાહ તે સૂરિની ભક્તિ કરવા લાગ્યા. રાજસભામાં તે સૂરિએ પુરૂષોત્તમ નામના બ્રાહ્મણને વાદમાં પરાજીત કર્યો, તોલાશાહે શત્રુંજયપર પહેલાં વસ્તુપાલે (સં. ૧૨૯૮) કરાવેલી પ્રતિમા અને ત્યાર પછી સંગ્રામસિંહ સોનીએ સં. ૧૩૭૧ માં ઉપરોક્ત રત્નાકર સૂરિજી પાસે પ્રતિષ્ઠિત કરાવેલી પ્રતિમા પર મુસલમાનોએ આક્રમણ કરેલ હોવાથી તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરતાં ધર્મરત્નસૂરિએ જણાવ્યું હતું કે તે મનોરથ તેના પાંચ પુત્રોમાંથી સૌથી નાનો કર્માશા પૂર્ણ કરશે અને તેની પ્રતિષ્ઠા પોતાનો શિષ્ય કરશે. પોતે ત્યાં સ્વશિષ્ય નામે વિનયમંડન

બીજી પ્રતમાં નીચે પ્રમાણે આદિમાં છે.

દુહા—ઉદય અધિક દિન દિન હવઈ, જેહનઈ લીધઈ નામ,
તે પાંચે પરમેષ્ઠિને, હું નિત કરૂં પ્રણામ. ૧
શાસન સોહકરી સદા, શ્રી વિદ્યા શુભરૂપ,
તે મન સમરૂં જેહનેં, સેવે સુરનરભૂપ. ૨

પાઠક રાખી સંઘ સાથે ચાલી નીકળ્યા. તે પાઠક પાસે કર્માશાએ ધાર્મિક અભ્યાસ કર્યો, આ ધર્મરત્નસૂરિના બે પ્રધાન શિષ્યો હતા—૧ વિદ્યામંડન (કે જેને સૂરિએ આચાર્ય સ્થાપ્યા) અને ૨જા ઉપરોક્ત વિનયમંડન.

ગૂજરાતના બાદશાહ બહાદુરશાહને જ્યારે પોતાનો મોટો ભાઇ સીકંદર ગાદીપર હતો ત્યારે રીસાઇ ચિતોડ ગયો તે વખતે કર્માશાએ એક લાખ રૂપિયાની મદદ કરી હતી, પછી જ્યારે બહાદુરશાહ બાદશાહ થયો, ત્યારે કર્માશાને બોલાવી તેણે બહુ માન આપ્યું, કર્માશાએ બાદશાહનું ફરમાન લઇ શત્રુંજય પર ઋષભનાથ તથા પુંડરીકની મૂર્તિની સં. ૧૫૮૭ વૈશાખ વદિ ૬ રવિવારને દિને પ્રતિષ્ઠા કરી અને તે આ વિદ્યામંડન સૂરિના હસ્તેજ કરવામાં આવી. આ વિદ્યામંડન સૂરિના પ્રતિમાલેખ સં. ૧૫૮૭ નો ભાગ બીજામાં અને સં. ૧૫૯૭ નો ભાગ પહેલો લેખાંક ૧૧૦૭ મળે છે. આ સૂરિના શિષ્યો નામે જયમંડન, વિવેકમંડન, રત્નસાગર, સોભાગ્યરત્ન (પછીથી થયેલા સૂરિ કે જેનો પ્રતિમા લેખ ભાગ બીજામાં સં ૧૬૩૪ નો મળે છે.) અને સૌભાગ્યમંડન હતા, કે જે બધા શત્રુંજયપર ઉક્ત ઉત્સવ પ્રસંગે હાજર હતા. આ પૈકી વિવેકમંડને ચિતોડમાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથનાં ઉક્ત કર્માશાએ મંદિરો બંધાવેલાં તેમાં પ્રતિષ્ઠા કરી હતી.

વિનયમંડન પાઠક ઉપાધ્યાયે પણ ઉપરોક્ત શત્રુંજયના ઉત્સવમાં સારો ભાગ લીધો હતો. તેમના શિષ્ય વિવેકધીર ગણિ અને આપણા કવિ જયવંત સૂરિ. વિવેકધીરે ઉક્ત ઉત્સવની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચી. તે ઉપરાંત તેજ સમયમાં લાવણ્યસમયે (જુઓ નં. ૬૬) આ કર્માશાના ઉદ્ધારની નાની પ્રશસ્તિ સંસ્કૃતમાં પોતાના હસ્તથી લખી છે. (સં. ૧૫૮૭) કે જે પ્રશસ્તિ હાલ શત્રુંજયપર કોતરેલી વિદ્યમાન છે. વિવેક-

મિઠાઈ મુઝ વાણીએ, તેં દીધી છે ચંગ,
વલી વિશેષેં વીનવું, દિએ રસ રંગ અભંગ. ૩
ઋષિદત્તા નિર્મલ થઇ, તે નિજ સત્ય પ્રમાણ,
તસ આખ્યાન વખાણવા, દિઇ મુઝ નિર્મલ વાણિ. ૪
કવિતા મહિમા વિસ્તરે, ફલીઇ વકતા આસ,
શ્રોતા અતિ રંજે જિણેં, સો દિઇ વચન વિલાસ. ૫
વિવિધપરે કેલવણ, નિજ રમતિ અનુસાર,
તુઝ પયકમલ પ્રસાદથી, જગિ વાણી વિસ્તાર. ૬
પૂર્વે છે સુકવે કર્યા, એહનાં ચરિત પ્રસિદ્ધ,
તોહુઇ રસિક જનાગ્રહે, એ મેં ઉદ્યમ કીધ. ૭
કેવલ લહી મુકતેં ગઈ, કીધ કલંકહ છેક,
તે ઋષિદત્તા સુચરિતં, સુણયો સહુ સવિવેક. ૮

* * * *

અંતે—

વડ તપગચ્છ સોહાકરૂહો, શ્રી વિનયમંડન ગુરૂરાજિ,
રત્નત્રય આરાધકા હો જે જગિ ધર્મસહાય.

ધીર ગણિ શિલ્પશાસ્ત્રમાં અપ્રતિમ નિપુણ હતા ને તેમણે ઉક્ત તીર્થોદ્ધારના કાર્યમાં સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ વાપરી છે ને શિલ્પીઓના નિર્માણપર પૂરી દેખરેખ રાખી છે કે જેનું સુફલ હાલ જૈન પ્રજા ભોગવે છે; આ ગણિના ગુરૂભાઇ જયવંત પંડિતે સં. ૧૬૧૪ માં ગૂજરાતી કવિતામાં 'શૃંગાર મંજરી' નામનો એક ગ્રંથ બનાવ્યો છે કે જેની રચના ઘણી સરસ અને સુંદર છે. આમાં શીલવતીનું ચરિત્ર વર્ણવેલું છે. આ હકીકત સાક્ષર મુનિમહારાજશ્રી જિનવિજયજીના શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધની પ્રસ્તાવના પરથી લીધી છે. વિશેષમાં ત્યાંથી જોઇ લેવું. આપણા કવિએ પછી સૂરિની પદવી પ્રાપ્ત કરેલી જણાય છે. સં. ૧૫૮૭ માં શત્રુંજયોદ્ધાર વખતે ૨૦ વર્ષની ઉમર ઓછામાં ઓછી ગણીએ, અને ૧૬૪૩ ની તેમની કૃતિ મળી આવે છે તે પરથી તે ઓછામાં ઓછું ૭૬ વર્ષ જીવ્યા જણાય છે.

ત્રૂ૦

જે જગિ ધર્મસહાય ગુણાકર સુવિહિતનઇ ધુરિ, કિધ
તસ સીસ ગુણસોભાગ સુનામઈં, જયવંતસૂરિ પ્રસિદ્ધ,
તેણઈં રસીકજન આગ્રહ જાણી વિરચઉં સતીસુચરિત્ર,
ઉત્તમ જન ગુણ સુણતાં ભણતાં, હુઈં જન્મ પવિત્ર   ૫૨૮
સંવત સોલ સોહામણો હો, સુલહકરૂઉહો ત્રિતાલઉ ઉદાર (સં. ૧૬૪૩)
માગસિર સુદિ ચઉદસિ દિનઈં હો દીપંતુ રવિવાર.   ૫૬૧

ત્રૂ૦

દીપતું રવિવાર સુરોહિણિ સસિ, વરતઇ વૃષરાશિ.
એ ઋષિદત્તા ચરિત્ર વપાણિઉં, જયવતસૂરિ ઉહલાસિ,
નૂન અધિક જે હૂઈ આગમથી મિછા દુક્કડ તાસ,
કવિતા વક્તા શ્રોતાજનની, ફલયો દિનિ દિનિ આસ.   ૫૬૨

(પૃ. ૨૨ પં. ૧૫ ગુ. વિ.) ડે૦ ખં ૧,

—ઇતિ ઋષિદત્તા રાસ સંપૂર્ણ. ગ્રંથાગ્ર. ૯૦૦ શુભં ભવતુ. પા. ૪૯ પં ૯ આ. ક.,૨૩–૧૩ માં.; ૩૫–૧૨ વી. પા.; ૧૯–૧૭ લીં,

—સં. ૧૭૦૬ વર્ષે ભાદ્રવા વદિ ત્રયોદસી વાર સોમે ગ્રંથાગ્ર ૯૦૦. ૨૮–૧૪ બાલવિજયજી; ૧૯–૧૫ લીં.

(૨૩૭) નેમિરાજુલ બાર માસ વેલ પ્રબંધ.

આદિ— રાગ મલ્હાર–ધૂરિ દૂહા—

વિમલ વિહંગમવાહિની, માતા ધઉ વરદાન,
દ્વાદશ માસ સોહામણા, ગાઉં જિન ગુણ ગાન.   ૧
વેધક જન મન રીઝવઈં, માનનિ મોહણ વેલિ,
ગુણસોભાગ સોહામણી, વાણી ધઉ રંગરેલિ.   ૨
મુગતિ માનિની મનિ ધરી, રાજુલિ છંડિ નેમિ,
પિઉ વિછુરત ભોજકુંયરિકું, વિરહ દહઈ જિઉ નેમિ.   ૩

× × × ×

અંતે—બાર માસ ગુણ જિણતણાહો ગાતાં મકરો પ્રમાદ,
ઋદ્ધિ અનંતી આગમઈ હો, સુણતાં હુઈ આલ્હાદ,
ત્રૂટક–સુણતાં હુઇ આલ્હાદ સદાઈ, જિણગુણ અતિહિં રસાલ,
મન નઇ ભાવિ તેહજ ભણતાં દિન દિન મંગલમાલ,
શ્રી વિનયમંડન ઉવઝા! અનોપમ, તપગછ ગયણે ચંદ,
તસુ સીસ જયવંત સૂરિવર વાણી. સુણતાં હુઈ આણંદ. ૭૭
—ગણિ ઋદ્ધિસુંદર લિખિત શ્રીમસ્થૂહા નગરે સંવત ૧૭૦૯
૭–૨૧. (વિ. ધ.—ગ્રંથાગ્ર શ્લોક ૧૭૫. ૪–૧૭ લીં.;—ઢાલબદ્ધ પાનાં
૧૦ અમ૦

૩ સીમંધર સ્તવન.

આદિ— રાગ સામેરી.

સ્વસ્તિશ્રી પુંડરગિણી, મોરો સુગુણ સીમંધર સ્વામિ
મુહ બોલતાં અમૃત ઝરે, મનોહર મોહન નામ
ગુણ–કમલ તોરે વેધીઓ, મન–ભમર મુઝરસ પૂરિ.
તુઝ ભેટવા અલજો ઘણો, કિમ કરૂં થાનિક દૂરિ રે
વાહલા તૂં પરદેસેં જઇ રહિઉરે.
દૂરિં નયન મેલાવડોરે, વાહલા તૂં૦ ૧

* * * ×

અંતે—

સાધુ શિરોમણિ જાણીએ તો, શ્રી વિનયમંડણ ઉવઝાયરે;
તાસ સીસ ગુણ આગલો તો, બહુલા પંડિત રાયરે. એહવારે ૩૬
આસો શુદિ પૂનિમ દિને તો, શુક્રવાર એકાંતરે.
કાગલ જયવંત પંડિતે તો, લિખીઓ માઝિમ રાતિ રે—
એહવારે ગુણ તુમતણા. ૩૭
—૩—૧૩ માં; પ્ર૦ કા૦

[આ કવિને માટે જુઓ મારો લેખ આત્માનંદ પ્રકાશના વીરાત્ ૨૪૫૦ ના ૧૦ મા અંકમાં પ્રકટ થયેલ છે.]

૧૩૬ ક. સહજરત્ન (આં. ધર્મ્મમૂર્તિ શિ૦)

૧ વૈરાગ્યવિનતિ. સં. ૧૬૦૫ કાર્ત્તિક શુ. ૧૩ રવિ. નિધરારી ગામમાં

આદિ—

આજ સફલ મનોરથ મનતણા, ભગતિઈં ગુણ ગાઉ જિનતણા,
શ્રીય કુંથનાથ દેવ અતિહિં ચંગ, નીંધરારિ નયર છઈ બહુઅ રંગ. ૧

*　　*　　*　　*

અંતે—

તૂં સ્વામીય દુખભયભંજણ, તૂં અ સ્વામી શિવપુરમંડણ,
સંવત્સર સોલ પંચોત્તરઈ કાર્ત્તિક શુદિ તેરસિ રવિ દિનઈ. ૧૩
વિધિ પષિ ગછિ ગિરૂઅડિ ગુણભંડાર, શ્રીય ધ્રમ્મમૂરતિ સૂરી સુવિચાર;
આગમ જે સુત્ર વિચારસાર, પડિમોહઈ ભવીયણ તે ઉદાર. ૧૪
ચાલિ—ઇયિ મંગલકારણ દુરીનિવારણ તરણતારણ જગગરો,
નીંધરાર ગામિઈં સુકૃત ઠાંમિઈ શ્રી શ્રીમાલી જયકરો.
જેહ ભાવ ભગતિઈં એક ચિત્તઈં કુંથનાથ તીર્થંકરૂં,
વણારીસ સહજરત્ન બોલઈ, એહ જિનવર સુરતરૂ. ૧૫

—સં. ૧૬૧૮ વર્ષે માહવદિ ૧૩ શનૌ. લક્ષતં.
(વિ. ધ. ચોપડો પાના ૧૭૦-૧૭૧)

૨ ૨૦ વિહરમાન સ્ત૦ સં. ૧૬૧૪ આસો શુદ ૧૦ કાવિઠામાં.

આદિ—

સરસતિ દેવીય નમીય પાય, ઊલટ અંગિ આંણીય;
મહીયલિ મહાવિદેહ ખેત્ર સાર, જિનવર ગુણ જાંણીય.
વિહરમાંન વીસહ જિણંદ, થુણિશૂં જિન વગતિઈં,
શ્રી સીમંધરિ પ્રથમ દેવ ગુણ ગાઉં ભગતિઈં. ૧

*　　*　　*　　*

અંતે—

સંવત સોલ ચૌદોત્તરઈ એ, આસો માસિ ઉદાર,
શુદિ દશમીં વિજયા દિનિહિં શ્રી ધ્રમ્મમૂરતિ ગણધાર. ૮

ચાલિ-ઈય આદિ જિણેસર, સયલ તિથેસર, વિહરમાંન વીસઈ તવ્યાએ,
હૂં કહૂં મન રંગિઈ ઉત્સવ ચંગિઈ કાવિટ્ઠાનયર સુણીય,
તેહ શિવસુખકારણ દુરીયનિવારણ તારણ શ્રીમંધિર જિનહ,
વંછીય સુહ આપઈ મહિમા વ્યાપઈ કહઈ સહજરત્ન વાચક પ્રવર. ૯

[અંચલગચ્છના ધર્મમૂર્ત્તિ સૂરિના પ્રતિમા લેખો સં. ૧૬૨૯, ૧૬૪૪, ૧૬૫૪ ના મળે છે. જુઓ ધા. સં. ભાગ ૧ અને ૨. તેમનો જન્મ સં. ૧૫૮૨ માં ત્રંબાવતી-ખંભાતના હંસરાજ વણિકની હાંસલદે નામની સ્ત્રીથી થયો. જન્મનામ ધર્મદાસ. દીક્ષા ૧૫૯૯ માં, આચાર્યપદ અમદાવાદમાં સં. ૧૬૦૨ માં, અને તેજ વર્ષમાં ગચ્છનાયકપદ મળ્યું. સં. ૧૬૭૦ માં પાટણમાં સ્વર્ગસ્થ થયા. જુઓ પટ્ટાવલિ).

---

૧૩૬ ખ. કમલસાગર (ત૦ હર્ષસાગર ઉ. શિ.)

૨૪ અતિશય સ્ત૦ કડી ૩૬ સં. ૧૬૦૬.

ઈંદુરસ બિંદુ લેસ્યા **(૧૬૦૬)** વર્ષે વિજયરત્નસૂરિ રાજ્યે હર્ષસાગર ઉપાધ્યાયશિષ્ય કમલસાગરે ચઉતીસ અતિશય સ્તવન કડી ૩૬ નું રચ્યું.—મુનિશ્રી જિનવિજયજીની નોટ. હાલાભાઇ ભંડાર પાટણ. દા. ૮૨ માં ત્રણ પાનાની પ્રતિ છે.)

---

૧૩૬ દેવગુપ્તસૂરિ શિષ્ય (બિવંદણીક ગચ્છ)

(૨૩૮) અમરદત્ત મિત્રાનંદ રાસ સં. ૧૬૦૬ (શક. ૧૪૭૨)
વૈ. વ. ૪ રવિ. ઉંઝામાં

આદિ— વસ્તુ—

સકલ ગુણનિધિ સકલ ગુણનિધિ સકલ જિનરાય,
પયપંકજ પ્રણમી કરી, ભલે ભાવે ભારતી નમેવીય.
સહિગુરૂ ચરણે શિરનમિ એક ચિત્તે કવિરાય સેવીય

કર્મફલા ફલ જાણવા મિત્રાનંદ ચરિત્ર
બોલિસિ બહુ બુદ્ધિં કરી સુણજ્યો સહુ ઇકચિત્ત.

* * * *

અંતે—

એવંદણીક ગચ્છે સહિગુરૂ સાર, સકલ કલા કેરો ભંડાર,
શ્રી દેવગુપ્ત વંદૂ સૂરીસ, કરજોડી કહુ તેહનો સીસ. ૧૬
સંઘ કથન થયાં ઉલટ ઘણો, રચ્યો રાસ મિત્રાનંદ તણો;
કુંથુ જિણેસર તણે પસાય, રચી ચોપઇ ઉંઝામાંહિ, ૧૭
કુંણ સંવત્સર કેહે માસ, રચ્યો રાસ તે કહું વિમાસ.
સંવત સોલ છિડોત્તરા જાણુ, શાકે ચૌદ બહુત્તરિ વખાણ. ૧૮
વદિ વૈશાખ ચોથિ તિથિસાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર
તેણે દિને નિપાયો રાસ, સાંભલતા સવિ પુહચે આસ ૧૯
સર્વ ગ્રંથની સંખ્યા સુણો, દુહા ચોપઈ એકઠા ગુણો
ગાહા વસ્તુ તેહમાંહે ભલી, શતકપંચ બાવીસાં મિલી. ૨૦
વસ્તુ એક ચોપઇ સો ચાર, વલી એકતાલીસ અધિક વિચાર;
પ્રાકૃત ગાથા જાણો પંચ, દુહા પંચોત્તરનો સંચ. ૨૧
અધિકો ઓછો કહિયો જેહ, સહિ ગુરૂ સાખેં ખમાવું તેહ
કૃપા કરી કવિ ઉપર બહુ, ખરો કરીને ભણજ્યો સહુ, ૨૨
ભણે ભણાવે ભાવે જેહ, સંકટ નાસેં દૂરે તેહ
એક મનાં સંભલિસે જેહ, મુગતિ સવિ લહસે તેહ. ૫૨૩

—રાજકોટ યતિના અપાસરાનો ભંડાર.

(દ્વિવંદનીકગચ્છ ઉપકેશગચ્છની શાખા જણાય છે, તેમાં થયેલ દેવગુપ્ત સૂરિના પ્રતિમા લેખો સં. ૧૫૬૭, ૧૫૯૦, ૧૫૭૩, ૧૫૯૩ અને ૧૫૯૯-ધા. સં. બંને ભાગ તથા નાહરકૃત સંગ્રહમાં મળે છે, તેમાં તે સિદ્ધાચાર્ય સંતાનીય ઓળખાયેલ છે.

૧૩૮ હેમરાજ.

(૨૩૯) ધન્નારાસ. ૧૬૦૯—લીં.

એક હેમરાજ નામના વાચકે કાલિકાચાર્ય કથા ગ્રંથ લખ્યો છે (પાટણના ભંડારમાંની પ્રતિ) પ્રશસ્તિ લેખક તરીકે એમ આપી છે કેઃ- સં. ૧૬૦૯ વર્ષે શ્રી ખરતર ગચ્છે શ્રી જિનમાણિક્ય સૂરિ વિજયરાજ્યે શ્રી વિક્રમનગરે વા૦ શ્રી વિજયકીર્તિ શિષ્ય. વા. હેમરાજ ! તો આ અને તે બંને એક હોવા સંભવે છે.

---

૧૩૮ ક. દેવીદાસદ્વિજ.

+ કપડારક મહાવીર સ્તોત્ર. સં. ૧૬૧૧ આસો શુદિ પૂર્ણિમા શુક્ર.

આદિ—

સકલ જિણંદ પાએ નમી, પાંમી પરમાણંદ;
દોઇ કર જોડિ વીનવું, ચોવીસમો જિણચંદ. ૧

* * * *

અંતે— ઉલાલાની ઢાલ.

ઇમિ હરષ ધરીનઈ સ્તવીઉ વીર જિણંદ,
રાડધરપુર મંડણ પાય પ્રણમઈ સુરિંદ. ૬૧
મઇ પુન્ય પસાઈં પામ્યા જિનવરરાય,
મુઝ પાપપડલ સવિ દુઃકૃત દૂરિ જાઈ. ૬૨
શ્રી તપગચ્છ નાયક શ્રી વિજયદાન સૂરિંદ,
તસ પાય પ્રણમીનઈ સેવઈ સુરનરવૃંદ. ૬૩
તસ નામિ મુઝનઈ ટલીઉ ભરમ મિથ્યાત,
સેવતાં પામ્યુ જિનધર્મ જગહ વિખ્યાત, ૬૪
સંવત સોલ ઇગ્યારોત્તરા વરસહ કેરૂં માન,
આસો સુદિ પુનિમિ વાર સુક સુભ થાન. ૬૫

કલશ.

ઇમ થુણિઉ જિનવર વીર સુખકર રાડધરપુર મંડણુ,

તસ પાય પણમી સીસ નામી, દુરિઅદુરગતિખંડણુ,
સેવઇ સુરાસુર, થુણઇ ભાસુર, ગરભવાસવિભંજણો.
દ્વિજ ભણઇ દેવીદાસ સેવક, સકલ સંઘ મંગલકરો. ૬૬

—જીર્ણપ્રત. સા. ભં. પાટણ; પત્ર ૪ અને પત્ર ૩. પ્ર. કા.; વિ. ધ.
—ચૈત્ય૦ આદિ સંગ્રહ ભા. ૩

---

૧૩૯ પ્રીતિવિજય (ત. વિજયદાનસૂરિ–આનંદવિજય શિ.)

(૨૪૦) બારવ્રત રાસ. ૧૬૧૨, માગ શુ. ૧૩ ગુરૂ. સુહાલીમાં.

આદી—

પ્રણમી સાંતિ જિણેસર સ્વામ, સંપતિ લહીઇ જેહને નામ,
શાંતિ જિણંદતણો ઉપદેશ, સુણજ્યો ભવિકા કહું લવલેશ. ૧
પંચ પ્રમાદ રહિત જિનધર્મ, કીજે જિમ ટાલીજે કર્મ,
જતી શ્રાવક ભેદે હોય, ધર્મ કરે તે સુખીયો હોય. ૨
પ્રથમ ધરમ જતીનો કહું, શાંતિનાથ ચરિત્રથી લહું,
ક્ષિતિપ્રતિષ્ઠિત નગર મઝાર, ધનો સાર્થવાહ તિહાં સાર. ૩

* * * *

અંતે—

સંવત સોલ બહોતરો માન, માગસિર સુદિ તેરસિ જાણ,
સુહાલા નગરે ગુરૂવાર, રચ્યો બારવ્રત રાસ ઉદાર. ૧૮
તપગણગગનવિભાસન ભાણ, શ્રી વિજયદાન સૂરિ ગુણમણિ ખાણ,
તાસ સીસ પંડિત પરધાન, આનંદવિજય ગણિ ગુણહનિધાન. ૧૯
તસ પદપંકજ ભ્રમર સમાન, જસ નામેં સઘલેં જસ માન,
પ્રીતિવિજય કહે ભણતાં એહ, વંછિત સંપદ આવે ગેહ. ૨૦
જિહાં લગેં અવિચલ મેરૂ ભૂધર, ગગને દીપે શશિ દિનકર,
તિહાં લગે પ્રતિપો એહ ચરિત્ર, ભણતાં સુણતાં ચિત્ત પવિત્ર. ૨૧

—ગાથા ૪૬૧. ૧૬–૧૪ લીં.

---

૨૪૦ હર્ષરાજ (પૌ. વિદ્યાચંદ્રસૂરિ-લબ્ધિરાજ શિ.)

(૨૪૧) સુરસેન રાસ. સં. ૧૬૧૩ જેઠ શુ. ૨ શનિ. અમદાવાદમાં.

અંતે—

સંવત **સોલ તેરોતર**એ (૧૬૧૩), જ્યેષ્ટ માસ સુવિશાલ,
સુદિ પક્ષિ દિન બીજનું, શનિવાર રચ્યું રસાલ. ૨૯
શ્રી **પાર્શ્વનાથ** પસાઉલઈ, શ્રી ગુરૂનઈ ઉપગારિ,
સાધુ પુનિમા પક્ષિમંડણુએ, ઉદયાચલ જિમ દિનકાર. ૩૦
સંવેગ રંગિ મલપતા એ, શ્રી **ઉદયચંદ** સૂરીંદ,
તાસ પાટિ સોહાકરૂએ, તારકમાંહિ જિમ ચંદ. ૩૧
શ્રી **મુનિચંદ્ર** સૂરીશ્વરૂએ, તાસુ પાટિ પ્રગટ પ્રભાવિ,
વિદ્યમાન વિદ્યાનિલુ એ, ક્રિયાપાલ સુભ ભાવિ. ૩૨

* * * *

નૃપમાંહિ ચક્રીસરૂએ, ભૂજાબલિ જિમ ગોવિંદ,
સંપ્રતિ શ્રી ગુરૂ દીપતાએ, શ્રી **વિદ્યાચંદ** સૂરીંદ. ૩૬
તાસ સીસ સોહામણાએ, પંડિત શ્રી **લબ્ધિરાજ**,
રાસ રચિઉ નિય મતિ કરીએ, પંડિત શ્રી **હર્ષરાજ**. ૩૭
ગુણિ મુનિ સુંદર ગુણનિલોએ, **ભાવરાજ ઋષિરાજ**,
દેવરાજ મુનીસરૂએ, ચેલા **શવસી** સાર. ૩૮
અહિમદાવાદ નગરમાંહિંએ, વિજય મુહુરત અભિરામ,
હર્ષરાજ પંડિત ભણુઇએ, સીઝઈ વંછિત કામ. ૩૯

—૨૩ પત્ર દાબડો ૮૨-હાલા. ભં-પાટણ; ખં ૧.

(સાધુ પૂર્ણિમાગચ્છમાં વિદ્યાચંદ્રસૂરિ-મુનિચંદ્રસૂરિના પટ્ટે થયેલાનો લેખ સં. ૧૫૯૬ નો મળી આવે છે. લેખાંક ૧૧૧૮ ધા. સં. પહેલો ભાગ.)

૧૪૧ સિદ્ધિસૂરિ (બિવંદણીકગચ્છ દેવગુપ્તસૂરિ–જયસાગર શિ.)

(૨૪૨) સિંહાસન બત્રીશી. સં. ૧૬૧૬ વૈશાખ વદ ૩ રવિ, બારેજા (અમદાવાદ પાસે)માં.

આદિ— વસ્તુ છંદ.

વિશ્વજનની ૨ પાય પણમેવિ,
સયલ વિશ્વસુખકારણી, મુગ્ધજન બુદ્ધિદાતા,
કવિયણ મન આનંદની જગત્રમાંહિં તૂંહિ વિખ્યાતા,
કરજોડી તુમ્હ, વીનવું, દીઓ મુઝ નિરમલ મત્તિ,
કહું કથા **વિક્રમ**તણી, તે સુણજો એક ચિત્તિ. ૧

ચોપઇ.

સરસતિ શુભમતિ દીઓ મુઝ સદા, જિમ **વિક્રમ** ગુણ ગાઉં મુદા,
પર ઉપગારી રાજા જિય, તારુકથા બોલીસ બહુભિય. ૨
ત્રિભુવનમાંહિ વિક્રમરાય, સત્વવંત ધુરિ સહી કહવાય,
ભૂમંડલ ભડવાઈ કરી, જસ કીરતિ ત્રિભુવન વિસ્તરી. ૩
તાસ કથા બત્રીસે જેહ, **ભોજ** ભૂપ આગલિ કહી નેહ,
સવિ સંબંધ અછે પ્રત્યેક, તે સુણજો સહુ ધરી વિવેક. ૪
સિંહાસન બત્રીસી તેહ, લોકમાહિં સુપ્રસિદ્ધિ જેહ,
તાસ કથા હું બોલીસ ભલી, સાંભલતાં પૂગી મન રલી. ૫
પહિલું સિંહાસન ઉત્પત્તિ, સાંભલયો તે સહુ એક ચિત્ત,
જોયણ લાખતણે વિસ્તાર, જંબુદ્વીપ છે વૃત્તાકાર. ૬

* * * *

અંતે—

જે છે **સંસ્કૃત**કથા પ્રબંધ, તે કહ્યો **ભોજ** તણો સંબંધ,
પ્રાસ રસ અધિકો જાણીઈ, તેહ કારણિ એહ વખાણીઈ. ૬૯
કહી કથા આગેં જેહવી, કેતી કથા કહી કેલવી,
કવિ કહે તેહમાં મદેયો ખોડિ, ખમાવીઈ સંવિહું કરજોડિ. ૭૦

કિણુ કારણુ એ કહ્યો પ્રબંધ, હર્ષ ધરી સુત્નાત્નીત (?) પ્રબંધ
ચતુર પુરૂષને કારણિ કરી, કહી કથા વિવહરી. ૭૧
ગૂજ્જર દેશ દેશમાંહિ સાર, શ્રી અહમ્મદ પુરવર સુવિચાર,
તાસ પાસ બારેજુ ભલું, તેહ વખાણુ કરૂં કેતલું. ૭૨
તિહાં શ્રી સંઘતણે ઉપદેશ, રચી ચોપૈ ધરમ વિશેષ,
કવિ કરજોડી કહેં એણીપરેં, કહું દિવસ તેવટિ ન વિસ્તરે. ૭૩
કુણ સંવચ્છરે કેહે માસે, રચ્યો પ્રબંધ જે કહું વિમાસી,
સંવત **સોલ સોલોતર** જાંણિ, શાક ચૌદ બ્યાસીઓ વખાંણિ. ૭૪
વદિ વૈશાષ ત્રીજ તિથિસાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર,
શ્રી ગુરૂચરણુ પસાયેં કરી, એહ પ્રબંધ કવિઓ વિસ્તરી. ૭૫
બિવંદણીક ગછે સહિ ગુરૂસાર, શ્રી **દેવગુપ્તસૂરિ** વંદુ ગણુહાર,
તાસ સીસ પંડિત ગુણુનિલો, શ્રી **જયસાગર** નામેં ભલો. ૭૬
તાસ સીસ કરજોડી કરી, **સિદ્ધસૂરિ** પભણે એહ ચરી,
આણી ઉલટ આણંદપૂરિ, એહ સુણતાં દુખ જાયે દૂરિ. ૭૭
ભણે ભણાવે જે મન ભાવે, સંપતિ સુણતાં એણે પ્રસ્તાવે,
જાં પ્રથવી અવિચલ થિર હોઇ, તાઈં કથા સુણો સહુ કોઇ. ૭૮
જાં ધ્રૂ મંડલ શશિ દિનકાર, શેષ ધરેં જિહાં મહીનો સાર,
તિહાં એ રાસ સદા જયકાર, જયો જયો કવિ જયજયકાર. ૭૯
સિંહાસનબત્રીસી તણો, રચ્યો રાસ ઉલટે થયો ઘણો,
ભણતાં સુણતાં નવનિધિ મિલી, સવિહું જનની આસ ફલી. ૮૦
આણી અતિ ઘણા ઉલટિં આંગે, કહી કથા તે મનને રંગે,
પભણે હરસ ધરી **સિદ્ધસૂરિ**, એહ કથા સુણતાં દુખ દૂરિ. ૮૧

ઇતિ સિંહાસન દ્વાત્રિંશિકાયાં પદમિન્યોક્તા ભોજસિંહાસન સ્થાપન વિધિ પૂર્વોક્ત ચરિત્ર-પ્રકટીકરણુ દ્વાત્રિંશત્તમા કથા સંપૂર્ણા. સં. ૧૭૫૦ વર્ષે વૈશાષ શુદિ ૧૫ દિને અર્કવાસરે પંડિત. રામવિજય ગણિ તત્ શિષ્ય ગણિ પ્રેમવિજય લિપિકૃતા શ્રી મંગલપુરે. ૪૮-૧૫ માં.; ખં. ૧.

[જુઓ દેવગુપ્તસૂરિ માટે અગાઉના કવિ-દેવગુપ્તસૂરિશિષ્ય (નં. ૧૩૬) ની નીચે ટિપ્પણ.]

(૨૪૩) કુલધ્વજ કુમાર રાસ. સં. ૧૬૧૮ શ્રા. વ. ૮ રવિ.

અંતે— ઢાલ-માલંતડનુ.

બિવિંદણીક ગચ્છ ગુણનિલું પામી, શ્રી દેવગુપ્તિ સૂરિરાય, સુ.
ગચ્છપતિ ગણનિધિ ગુણનિલુએ, મા૦ સરોમણિ સીસ કહિવાય, સુ.
પંડિત શ્રી જયસાગરૂએ, મા૦ જ્ઞાનતણુ ભંડાર. સુ. ૬૧
તસ પઇકમલજ સેવતુએ, મા૦ સિદ્ધિસૂરિ ગણહાર, સુ.
કરજોડી તિ ઇંમ કહિ એ મા૦ સીલ તણું સુવિચાર. સુ. ૬૨
કુમર કુલધજ ગાઇઆએ, મા૦ જે જગિ ગુણહ ભંડાર,
સંવત ૧૬૧૮ રોતરઇએ, મા૦ શ્રાવણ માસ રસાલ.
વદિ આઠસ તિવિ જાણીઇએ, મા૦ રવિવાસર સુવિશાલ. ૬૨
તિણઈ દિનિએ રચિઉ રાસએ, મા૦ હરષ ધરી મનરંગિ સુ.
જે ભણઇ સુણઈ નરનારિએ, મા૦ સવિ સુખ તેહનઇ અંગિ. ૬૩
તે લહિ વંછિત સંપદાએ, મા૦ તેહ ઘરિ હુઈ ઋદ્ધિ વૃદ્ધિ,
પુત્ર કલત્ર પરિવાર સિઉએ, મા૦ વંછિત પામીઇ રિદ્ધિ. ૬૪

ઇતિ શ્રી કુલધજ કુમાર રાસ સંપૂર્ણઃ-યતિ શ્રી ન્યાનવિજય તત્ શિષ્ય ગ. વિનયવિજયેનાલેખી (ગુ. વિ.

(૨૪૪) શિવદત્ત રાસ. શકે ૧૪૮૮ (સં. ૧૬૨૩) વર્ષે કૃતઃ—લખ્યા પ્રતિ. સં. ૧૬૬૭ પત્ર ૮ દા૦ ૮૨ હા. ભં. પાટણ.

---

૧૪૨ હેમરત્નસૂરિ (પૌ૦ દેવતિલકસૂરિ-જ્ઞાનતિલકસૂરિ-રાજગણિ શિ.)

(૨૪૪) શીલવતી કથા. ૧૬૦૩ (૧૬૭૩?) પાલીમાં.

અંતે—

પૂનિમ ગચ્છપતિ ગુણનિલો શ્રી ન્યાનતિલક સુરીસ,
જસ પયપંકય સેવતાં પૂજ્યે સયલ જગીસ. ૬૯
તસ પટા પંકજ સૂર સમ શ્રી હેમરતન સૂરીંદ,
સીલ કથા તિણિએ કહી પ્રતપો જાં રવિચંદ. ૭૦

સંવત સોલત્રિશેત્તરે પાલી નયર મઝારિ,
સીલકથા સાચી રચી પ્રવચન વચન વિચાર. ૭૧
—લિખિતં ગણિ કેશરવિમલ ગણિ શ્રી હાજીવાસ મધ્યે-વિ. ધ. ભંડાર.

(૨૪૫) લીલાવતી. ૧૬૦૩—વિ. ધ.

(૨૪૬) મહિપાલ ચોપઈ-ગાથા ૬૯૬ સં. ૧૬૩૬.

(૨૪૭) ગોરાવાદલ કથા-પદમણી ચોપઈ. સં. ૧૬૪૭, (૫) ચૈ. વ. ૧૪ ગુરૂ. સાદડીમાં

(ટીપમાં ૧૬૪૫-સોલહસિઇ પણયાલ-સબળપુરમાં.)

આદિ— દુહા.

સકલ સુખદાયક સદા સિદ્ધિ બુદ્ધિ સહિત ગુણેશ,
વિઘનવિડારણ રિધકરણ, પહિલી તુઝ પ્રણમેશ. ૧
બ્રહ્મ વિષ્ન શિવસૈ સુષૈ, નિતુ સમરૈં જસ નામ,
તિણ દેવી સરસતિ તણૈં, પદજુગ કરૂં પ્રણામ. ૨
પદમરાજ વાચક પ્રભૃતિ, પ્રણમું સદગુર પાઇ,
કેલવંત સાચી કથા, તથા ન લાગૈં કાઇ. ૩
નવરસ દાષૈં નવનવા, સયણ સભા સિણગાર,
કવીયણ મુઝ કીજ્યૈ કૃપા, વદતા વયણ વિચાર. ૪
વીરા રસ સૃંગાર રસ, હાસ રસ હિત હેજ,
સાંમિ ધ્રમ વિધિ સાંમલૌ, જ્યું વાધૈ તનતેજ. ૫
સીલ સાચ જગિ ભાષીઇ, જસુ પ્રસાદિ શુષ હોઇ,
પદમણિ જિણ પરિ પાલીયૌ, સાંભલિયૌ સહુ કોઇ. ૬
ગોરૈં વાદલ રિંણ ગહિલ, જિન્હૈ સુહડ બલિવંત,
બોલિસ વાત હૂઈ યથા, સુણજો સગલા સંત. ૭
રતનસેન રાજા તણૈ, છલિ રાષી કુલટેક,
ગૌરો વાદલ સૂરિમા, સતધારી સુવિવેક. ૮
સાંમિ ધ્રમ જ્યાં સાચવ્યૌ, વીરા રસ સવિસેષ,
સુહડા મૈં સોભા લહી, રાષી ષ્યત્રવટ રેષ. ૯

યુદ્ધ જીતૌ, જસ પટીયૌ, વસુ પુડિ હુઆ વિખ્યાંત,
ચિત્રકોટ આવૌ કિયૌ, સુણુયો તે અવદાત. ૧૦
નર નર પતિ પંડિત સભા, સાંભલયૌ સહુ કોય,
પરચા દાંભન ધન દીઇં, ધ્રમ સંત ધારી કોઇ. ૧૧

અંતે— × × ×

ગોરા વાદલની એ કથા, કહી સુંણી પરંપર યથા,
સાભલતાં મનવંછિત ફલૈ, રોગ સોગ દૂષ દોહગ ટલૈ. ૯૦૧
સાંમ ધરમ સાપુરસા હોઇ, સીલ દ્રિઢ કુલવંતી જોઈ,
હીંદૂ ધ્રમ સત પરમાંણુ, વાગા સુજસ તણા નિસાંણુ. ૯૦૨
ધનિ નારી પદમણિનો સીલ, સંકટ માહિ પાલ્યો સીલ,
સીલ પ્રતાપૈ છૂટૈ રાઈ, ગઢ રાખ્યો જસ હૂયો સવાઈ. ૯૦૩
ધનિ ષગધારિ નર રજપૂત, સગલી વાતે રાષૈ ભૂત,
ઉતમ પુરસ ચરિત્ર સુષકદ, સુણતાં લહીયૈ પરમાણંદ. ૯૦૪
પૂનિમ પક્ષ ગિરૂઆ ગણધાર, દેવતિલકસૂરિ સુષકાર,
ગ્યાંનતિલક સૂરીશ્વર તાસ, પ્રતપે પાટૈં બુદ્ધિ નિવાસ. ૯૦૫
પદમરાજ વાચક પરધાંન, પુહવી પ્રગટ સકલ ગુણવાંન,
તાસ સીસ મનરંગૈ ધણૈં, હેમરતન વાચક ઇમિ ભણૈ. ૯૦૬
વાત રચી એ વાદલ તણી, સાંમ ધરમ અતિ સોહાંમણી,
વીરા રસ સિંગાર વિસેષ, સીલ સધર પદમણિ સુવિવેક. ૯૦૭
સુણતાં સુષ ચતુરાઇ વધૈ, નીતરીત સૂરાતન સધૈ,
ઊજમ તેજ હુઇ અતિં ઘણો, વિવિધ કરી જાંણૈ મંત્રણો. ૯૦૮

બીજી પ્રતમાં નીચે મુજબ છે.

"**સંવત સોલહસૈ સૈતાલ**, શ્રાવણ સૂદિ પાંચિમ સૂવિસાલ,
પોહવી પીઠ ઘણુ પરગડી, સબલપૂરી સોહૈ **સાદડી**.
પ્રથવી પ્રગટ રાંણ **પ્રતાપ**, દિન દિન ચઢતૈ તેજ વિખ્યાત,
તસ મંત્રીસર બુધિનિધાન, કાવેઢયા કુલતિલક સમાંન.
સાંમ ધરમ ધૂર **ભાંમોસાહ**, વૈરી વંસ વિધુસણ રાહ,

તસ લઘૂ ભાઇ તારાચંદ, અવની જાંણી અવતરીયો ઈંદ.
ધૂજિમ અવિચલ પાલૈ ધરા, સત્રૂ સોહ કીધા પાધરા,
તસ આદેસ લહી સદભાય, વાંદલવાત રચી સદભાય.
સૂંણ્યૌ તિસૌ ભાષ્યૌ પરબંધ, સાંમ ધરમ વીરારસ સંબંધ,
ઉજમ અગ હુવૈ અતિ ઘણો, મોહ કમ કર જાણો મંત્રણો."
સાંમ ધરમ પાલંતા સદા, પામૈ નવનિધિ ઘર સંપદા;
[સુર નર સહૂ પ્રસંસા કરે, વરમાલા લે લિખમી વરૈ] ૯
ષટ સિત ગાથા ષોડ સંબંધ, સૂંણતાં પાંમૈ આણંદ કંદ.

કલસ કવિત્ત.

હેમરતનકી બુદ્ધિ છંદ ચોપઈ પ્રથમ કીય,
અમ કહુ વયણ વિશેષ મુકવિ રાજસ ગુણ થપીય,
સુદ્રિઢ બંધ સંગ્રામ, સૂર ચિતવેધક વાઇક,
કવિત દૂહા ચોપઈ, ધરે નૌતન જહાં લાઇક,
મહિલા ગ્રંથ ઉજ્જલ કલી ત્રીયસરૂપ ભૂષણ સજે,
રંગ રેપ ભરે સિત્રામ, સિર ગુલ ક્યારી દરષત ઉપવન મજે. ૯૧૦

દૂહા

કહું દોહા કહુ ચોપઈ કહુ કહુ કવિત સુચંગ,
વયણ નીરજ્યું મિલિ રહૈ, મન હું ત્રિવેણી સંગ. ૯૧૧
અમરરાણ જેસીંધ સુત, તપે ભાંણ હીંદૂવાંણ,
પ્રિથીનાથ પૂમાણ પહ મોજલહિર મહિરાંણ. ૯૧૨
પાટ ભગત દિલ્લી પુરા સામ ધરમ પરધાન;
સીંધ સકજ રૂપા સુતન, નિરમલ બુધિ નિધાંન. ૯૧૩
સૂરાતન વેધક ચતુર, ભેદા લગ ભૂપાલ,
બલ છલ અણુકલ સાંમ ક્રમ, વાદલ જ્યું વિરદાલ. ૯૧૪
ગુણગ્રાહક ગ્યાયક સુગણ, દત મોજાં દરિયાવ,
સીંધ સાહ રાષૈ સદા, ભાગવિજયસું ભાવ. ૯૧૫

તાસ પિઆરી ચોપઇ મનમાંની અતિમોજ,
તેં દાતા ચિત રીઝવણ બંધે કવિત્ત સંયોજ. ૫૧૬

વદિ ચૈતહ સાઠે વરસ તિથિ ચોદસિ ગુરુવાર,
બંધે કવિત્ત સુવિત્ત પરિ, કુંભલમેર મઝાર. ૫૧૭

—ઇતિ શ્રી ગોરાવાદલરિ એ કૌતિક વિષયે પદમણી ચૌપઇ સંપૂરણમ. સંવત ૧૯૬૭ વર્ષે પોષ વદિ ૧૦ દિને લિખિચક્રે બ્રહ્રાંમપુરવરે. શુભં ભુઇયાત્ દીર્ઘાયુષાં શ્રીરસ્તુ. (પ્ર૦ કા૦)

—વિવેકવિજયનો ઉદયપુર ભં.— (દે. લા. પુ. ફં૩)

---

૧૪૩ કુશલલાભ (ખ૦ અભયધર્મ શિષ્ય.)

(૨૪૭)+ માધવાનળ કથા—પ્રબંધ-ચરિત (અથવા માધવાનલ કામકુંદલા ચોપાઈ રાસ) સં. ૧૬૧૬ ફાગણ શુ. ૧૩ રવિવાર જેસલમીરમાં.

આદિ—

વસ્તુ.

દેવિ સરસતિ ૨ સુમતિ દાતાર,
કાસમીર મુખમંડણી બ્રહ્મપુત્ર કર વિણ સોહેં
મોહન તરવર મંજરી મુખમયંક ત્રિભોવન મોહેં
પયપંકજ પ્રણમી કરી આણી મન આણંદ.
સરિસ ચરિત્ર શૃંગાર રસ પભણીસ પરમાણંદ ૧
માધવાનલ ૨ રૂપ મકરંદ.
ચવદહ વિદ્યાધર ચતુર વિદુર જાણિ સુરગુરૂ વિચક્ષણ,
નારદ તું વરનાદ ગુણ લહું અવે બત્રીસ લક્ષણ.
કલા બહુત્તર અતિકુશલ અભિનવ ઇંદ્ર કુમાર;
સુગુરૂ મુખેં જિમ સાંભલું વિરચિત તેહ વિચાર. ૨

* * * *

અંતે—

સંવત સોલ સોલોતરઈ, જેસલમેર મઝારિ;
ફાગણ સુદિ તેરમિ દિવસે, વિરચી આદિતિવારિ. ૫૪૫
ગાહા દૂહા નેં ચુપઇ, કવિત કથા સંબંધ;
કામકંદલા કામિની, માધવાનલ પ્રબંધ. ૫૪૬
કુશલલાભ વાચક કહઈ, સરસ ચરિત સુપ્રસિદ્ધ;
જે વાચઈ જે સંભલઈ, તીઆં મિલઈ નવ નિધિ. ૫૪૭
ગાથા (ગ્રંથસંખ્યા પૂરાં છસેં) સાડા પાંચસઈ, એ ચુપઇ પ્રમાણ;
તાહ (નિહ) સુણતાં સુખ દીઈ, જિમ જિમ (જે નર) ચતુરસુજાણ. ૫૪૮
રાઉલ (રાઉલ) માલ સુપાટ ધર (માન પટોધર) કૂંયર શ્રી હરિરાજ,
વિરચ્યા એહ સિણગાર રસ, તાસ કુતૂહલ કાજ. ૫૪૯
સારદ સુપસાઈ કરી, શીલ તણુઇ અધિકારિ,
ભણઈ સંભલઈ તેહ નર, સુખ પામઈ સંસારિ. ૫૫૫

—ઈતિશ્રી માધવાનલ કામકંદલા ચુપઈ રાસ સમાપ્ત.

—ઇતિશ્રી માધવાનલ ચઉપઇ સંપૂર્ણ–ગણિ કનકસાગર લિખિતં.
સંવત ૧૭૪૯ વર્ષે ફાગુણ સુદિ તિજ ભોમવારે લિખિતં કોઠારીયા મધ્યે
(આ પ્રત મુનિમહારાજશ્રી સિદ્ધિ મુનિજી પાસે છે.

—લિખતં ગણિ સુમતિવિજય ૧૭–૧૫ આ૦ ક૦

—સં. ૧૮૪૮ જ્યેષ્ઠ શુદિ ૫ શુદિ ૫ શનૌ લં. મુ. ધર્મવિજય ૧૯–૧૮ માં.

+ સાહિત્ય માસિકમાં(સને ૧૯૧૫) ના છુટક છુટક પ્રસિદ્ધ થયેલ છે

(૨૪૮) મારૂઢોલાની ચોપાઈ.× સં. ૧૬૧૭ વૈશાખ શુદ ૩ ગુરૂવાર. જેસલમેરમાં.

આદી—

સકલ સુરાસુર સામિની, સુણિ માતા સરસત્તિ,
વિનય કરીને વીનવું, મુઝ ઘો અવિરલ મત્તિ. ૧

જોતાં નવરસ પણ જગિ, સવિહું ધુરિ સિણગાર,
રાગે સુર નર રંજીયે, અબલા તસુ આધાર. ૨
વચન વિલાસ વિનોદ રસ, હાવ ભાવ રતિ હાસ,
પ્રેમ પ્રીતિ સંયોગ સુખ, એ સિણગાર આવાસ. ૩
ગાહા ગૂઢા ગીત ગુણ, ઉક્તિ કથા કલ્લોલ;
ચતુર તણા ચિતરીઝવણ, કહિયે કવિ કલ્લોલ. ૪

ગાહા:—

મણહર નવરસ મજ્ઝૂ સુંદરનારીણ સરસ સંબંધ,
નિરૂવમ કમહિ નિબદ્ધા ગુણ નુ સયણાજણા સુગુણા.
નલવર નયર નરિંદો નલરાય સુય ઉય સલ્હ કુમરવરો.
પિંગલરાય તસુ ધૂઆ વનિતા મારવણિ વરણ વસ્તુ.

* * * *

અંતે—

ગાથા સાતસઈ એહ પ્રમાણ, દૂહા નઈ ચઉપઈ વપાણ;
યાદવ રાઉલ શ્રી હરિ(મેઘ)રાજ, જોડી તારા કુતૂહલ કાજિ. ૭૦૦
જેણી પરિ કવિ મુખિ સંભલી, તિણિ પરિ મઈ જોડી મનરૂલી;
દૂહા કેઇ પુરાતન અછઇ, ચઉપઇ બંધ કીઉ મઈ પછઇ. ૧
[અધિકો જે જોડયો છે બહૂ, 'કવિયણ તે સાંસહજ્યો સહૂ,
પાડેયો જિહાં વલી પાંતરો, તેહ વિચારી કરજ્યો ખરો.]
સંવત **સોલસય સત્તરોતરઈ**, આપાત્રીજિ વાર સુરગુરૂઈ
જોડી **જેસલમેર** મઝારિ, સુણતાં સુખ પામઈ સંસારિ. ૨
ખરતર ગચ્છ સુગુરૂ ગહગહઇ, વાચક **કુસલલાભ** ઇમિ કહઈ,
મારવણીની એ ચઉપઈ, એ સુણીજ્યો એકમના થઈ. ૩
[સાંભલતાં પામે સંપદા, રિદ્ધિ વૃદ્ધિ સુખ તિતિ સદા.]

[મારવાડમાં ઢોલામારૂની લોકવાર્ત્તા ઘણીજ પ્રસિદ્ધ છે. તેના સંબંધમાં જેસલમેરના રાઉલની પ્રચ્છાથી કવિએ આ કૃતિ બનાવી છે. કૃતિ રસભરેલી અને કૌતુકી છે.] પાનાં ૧૭ ડા. ૮૨ હા. ભં. પાટણ.

—ઇતિ ઢોલા મારૂવણી ચઉપઈ સંપૂર્ણ સં. ૧૬૭૬ વર્ષે વૈશાખ માસે શુકલપક્ષે ૧૫ દિવસે ગુણરત્નેન લિખિત મિદં જેસ.; ચ.; લી.; માણેક; પાનાં ૨૪–પ્રે. ર.; ૨૨–૧૯ માં.

× બારોટ કવિ ગોવિંદ ગિલ્લાભાઈ વાક્સૌંદર્યના ૧૯૭૩ ના માર્ગશીર્ષના અંકમાં પૃ. ૧૭૭ જણાવે છે કે પોતાનીપાસે સં. ૧૬૧૫ ના વૈ. શુ. ૩ ગુરૂવારે જેસલમેરના મહારાજ હરરાજજીની આજ્ઞાથી આ કવિએ બનાવેલી શુદ્ધ અને સંપૂર્ણ પ્રત છે. આ પરથી તેણે 'મારૂ ઢોલાની વાર્તા' ના મથાળે વાર્તા લખી તેમાં પ્રકટ કરાવી છે.

(૨૮૯) તેજસાર રાસ–સં. ૧૬૨૪ વીરમગામમાં

આદિ— દૂહા.

શ્રી સિદ્ધારથ કુલતિલુ ચરમ જિણેશર વીર
પાજુગિ પ્રણમી તસતણા સોવિન્નવન્નસિરીર. ૧
જિનવરૂ શ્રી મુખિં ઊપદિસઉં ભવિક લોક સુખ કાજિ
જિન પ્રતિમા જિન સારખી ભાખિ શ્રી જિનરાજિ ૨
પ્રતિમા જિનની જિનપરિં આરાહિ એકંતિ
અહિ ભવિ પરભવિ સુખ લહઈ ઇમિ ભાખઈ અરિહંત. ૩
જિણહર જિનવર આગલિઈ પૂરઈ જિકા પઇવિ
તેજસાર નૃપ તણીપરિં સુખ ભોગઈ સદૈવ. ૪
ચ્યાર રાજ તિણિઈ પામીયા પૂજા તણઈ પ્રંમાણિ
સર્વારથ સિધિ અછઈ લહિસિ શિવ નિર્વાણ. ૫

* * * *

અંતે—

શ્રી ખરતર ગચ્છિ સહિ ગુરરાય, ગુરૂ શ્રી અભયધર્મ ઉવઝાય
સોલહસઇ ચઉવીસિ સાર, શ્રી વીરમપુર નયર મઝાર. ૧૫
અધિકારઈ જિનપૂજા તણઇ, વાચક કુશલલાભ ઇમિ ભણઇ,
જે વાંચઈ નઈ જે સાંભલઇ, તેહના સહૂ મનોરથ ફલઇ. ૧૬

—ઇતિ તેજસાર દીપપૂજા વિષયે રાસ સમાપ્ત. સં. ૧૬૪૪ વર્ષે પોસ સુ. ૧૪ રાજપુર નગરે. તપાગચ્છાધિરાજ શ્રીશ્રી. પરમગુરૂ ભટ્ટારક શ્રી હેમવિમલ સૂરિ, તત્ શિષ્ય મુખ્ય પંડિત શ્રી સુમતિમંડણ ગણિ. તત્ શિષ્ય (ચેલા) સહજવિમલેન લિખિતો અયં રાસ,

(પૃ. ૧૩ પં. ૧૫ ગુ. વિ.) રત્ન. ડે.; વીર. પા.

—સંવત્ પાડેશ નવનવતિ સંવત્સરે માર્ગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ચતુર્થી દિવસે તિથૌ બુધવાસરે વિધિપક્ષ ગચ્છેશ ભટ્ટારક મુગટામણિઃ શ્રીશ્રી ૫ ગજસાગર સૂરીંદ્ર તત્ શિષ્ય પંડિતપ્રવર શ્રીશ્રી ૪ લલિતસાગર તત્સિષ્ય ઋષિ મતિસાગર દ્રિતીય ભ્રાતૃ ઋષિ જયસાગર પાર્શ્વે સતિ શ્રી તેજસાર નૃપરાસોઽ લિષિતોઽસ્તિ. (ઈડર બાઇઓનો ભં.)

—૧૬-૧૫ સંવત્ ૧૭૪૨ વર્ષે શ્રાવણ વદિ ૧૨ દિને આદિત્યવારે. સકલગણિગજેંદ્રગણિ શ્રી શ્રી ૧૦૮ સૌભાગ્યવિજય ગણિ તત્શિષ્ય પ્રેમવિજય લિ૦ કંઠારીયા મધ્યે (પાલણપુર ભ.)

(૨૫૦) અગડદત્તરાસ. (પ્રત સં. ૧૬૫૩)

૧ સ્તંભન પાર્શ્વનાથ સ્ત૦ ખંભાતમાં.

આદિ—

પ્રભુ પ્રણમું રે પાસજિણેસર થંભણો.
ગુણ ગાવા રે મુઝ મન ઉલટ અતિ ઘણો.
ગ્નાંની વિણ રે એહની આદ ન કો લહે.
તોહેં પણિ રે ગીતારથ ગૂરૂ ઇમ કહે—'

* * * *

અંતે—

ઇમિ સ્તવ્યો સ્થંભણ પાસ સ્વાંમી નયર શ્રી ષંભાયતેં,
જમ સહ્યા ગુરૂ શ્રીમુખ સુણિઅ વાંણિ સાસ્ત્ર આગલ સંમતે,
એ આદ મૂરતિ સકલસુરતિ સેવતાં સુખ પાંમીએ,
મનભાવ આંણિ લાભ જાંણિ, કુસલલાભ પજંપયે.

૫—૯ આ. ક.

૨ ગોડીપાર્શ્વનાથ સ્ત૦

આદિ—

સરસતિ સામની આપ સુરાણી, વચન વિલાસ વિમલ બ્રહ્માણી,
સકલ જોતિ સંસાર સમાણી, પાદ પરણમું જોડિ યુગ પાણિ. ૧

× × × ×

કલસ.

અંતે—તેણિ ધરા જસ તુઝ ઉદધિ નિલાં દિપ અસંખિત,
વ્યોમ ધરણિ પાયાલ આણ સુર વહે અખંડિત,
અસુર ઈંદ્રિ નર અમર વિવિધ વ્યંતર વિદ્યાધર,
સેવે તુઝ પાય સય ન માજ સુઝપે નિરંતર,
જગનાથ પાસ જિનવર જયો મનકામિત ચિંતામણી,
કવિ કુશલલાભ સંપતિ કરણ ધવલધીંગ ગોડીધણી. ૨૩

મ. કા.; ૧૪વિ. ધ. ૨-૧૪

૩ +નવકાર છંદ—

આદિ—વંછિત પુરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર,

અંતે—કલશ.

નિત્ય જપીઈ નવકાર સંસાર સંપતિ સુખદાયક;
સિદ્ધમંત્ર શાશ્વતો ઇમ જંપે શ્રી જગનાયક,
શ્રી અરિહંત સુસિદ્ધ શુદ્ધ આચાર્ય ભણિજે
શ્રી ઉવઝાય સુસાધુ પંચ પરમેષ્ટી થુણિજે;
નવકાર સાર સંસાર છે કુશલલાભ વાચક કહે,
એક ચિત્તે આરાધીઈ વિવિધ ઋદ્ધિ વંછિત લહે ૧૭ (ગુ. વિ. ભ.)

---

૧૪૪ લાવણ્યકીર્ત્તિ (ખ૦ ખેમશાખા ગુણરંગ-જ્ઞાનવિલાસ શિ૦)

(૨૫૧) રામકૃષ્ણ ચોપાઈ. સં. ૧૬૧૭ વૈ. શુ. ૫ વિક્રમપુર (વીકાનેર)માં

અંતે— ઢાલ નવમી (અઇસઉરે અઇમિત્તઉ મુનિવર ગાઇયઇ)

ભાવ ધરીનઈ ગુણ ગરૂઆ તણા, ગાઇજઇ સસનેહ,
ઉત્તમ સંગઈ ઉત્તમ ફલ હુવઈ, વાત કહઈ સવિ એહ. ૫૩
તિણિ કારણિ તપ સમકિતનઈ વિષઈ, રામ અનઈ ગોવિંદ,
ચરિતઈ યારઉ મૂલ જનમ થકી, થુણિયઈ સોહગકંદ. ૫૪
રાજઈ સૂરતસિંહ નરિંદનઈ વિક્રમપુરિ ગહગાહ;
સંવત સોલહ સય સતાહુત્તરઈ, સુદિ પંચમિ વઇસાહ. ૫૫
એમ આવિ જાણીતા જગત્રમઈ, વાચક શ્રી ગુણરંગ.
તાસુ સીસ વાચક ગુરૂ ચિરજયઉ જ્ઞાનવિલાસ અભંગ, ૫૬
તાસુ સીસ લવલેસઈ ઉપદિસઇ, લાવણ્યકીરતિ એમ
ભણતઃ ગુણતાં સાંભલતાં છતાં, થાયઇ અવિચલ ખેમ. ૫૭
કુસલસુગુરૂ સુપસાયઈ નવમી, ઢાલ ધન્યાસી રાગિ,
લાવણ્યકીરતિ પભણઈ વાચતાં અધિક વધઇ સોભાગ. ૫૮
ચતુર ચિત્તરંજન એ દાખીયઇ ઇમ લઇ છઠઈ ખંડ;
ભુવનકીરતિ બંધવ સંગમ, સદા, દિન દિન સુજસ અખંડ. ૫૯

—ઇતિશ્રી રામકૃષ્ણ ચરિત્ર ષટખંડ સમાપ્ત. સં. ૧૭૧૩ વર્ષે માગસિર વદિ ૪ દિને શ્રી બ્રહાનપુર મધ્યે લિખિતા ચતુઃષ્પદિકા ગ્રંથાગ્રંથ ૧૭૦૦ શ્લોક સંખ્યા. ગાથા ૧૨૦૦ સર્વ સંખ્યા.—પા. ૪૨-૧૫ આ. ક.

(૨૫૨) ગજસુકુમાલ રાસ.

અંતે—

બંદીવાન છુડાવીયારે, સગલા નગર મઝારો,
મુહમાંગ્યા દીધા ઘણારે, ભણ માંણક ભંડારો.
મહમાંણ કબહું દીધા દેખી, મનરી અંછા કોઇ ન રાખી,
લાવણકીરતી ઢાલ જ ભાખી. ચોથી પાંચમાએ તહું સાખી,
જી માતાજી જી હો. ૬

દુહો.

હાથીનો હુ ત્રૈતાલવો, દેવકીસુત સુકમાલ,
બાલક જનમ્યો તેહવો, નામૈ ગજસુકુમાલ. ૧

—ઇતિશ્રી ગજસુખમાલજીકી ૯ ઢાલ સંપૂર્ણ. લિખિતં. જૈપર મધ્યે. શ્રી. સમત ૧૮૬૭ શ્રાવણ સુદિ ૧૧ લિપિકૃત્વા. (પૃ. ૩. પં. ૧૭ ગુ. વિ.)

---

૧૪૫ વિનયસાગર (ખ૦ જિનહર્ષસૂરિ સંતાનીય માનકીર્તિ–દેવકલશ–સુમતિકલશ શિ૦)

(૨૫૩) સોમચંદ રાજાની ચોપાઈ. સં. ૧૬૧૭ શ્રાવણ શુદિ ૧૫ બુધ જોનપુરમાં.

અંતે—

સંવત સોલહ સત્તરઇરે, સવચ્છર સુવિચાર,
સાવણ માસ સુહાવનઉરે, પૂનિમ તિથિ બુધવાર. ૧૫
નગર જોણપુર જાણીયરે, નદી ગોમતી તીર,
સકલ સંઘકઇ આગ્રહઇરે, રચી કથા સુગંભીર. ૧૬

* * * *

શ્રી જિણમંદિર સોભતોરે, અજિત જિણેસર નામ. ૧૭
'વડ ખરતર ગચ્છ ભલઉરે, શ્રી જિનહર્ષ સંતાન,
શ્રીમાનકીર્ત્તિ પાઠક ભલારે, વિદ્યારયણ નિધાન. ૧૮
તાસ શિષ્ય સોહઇ ભલારે, દેવકલસ મુનિરાય,
શ્રી સુમતિકલસ મુનિ જાણીયઇરે, નરવર વંદઇ પાય. ૧૯
તાસ શિષ્ય મુનિ રંગસુરે, વિનયસાગર મુનિ નામ,
સોમચંદ ભૂપાલકીરે, કરી કથા અભિરામ. ૨૦

—૩૨૧ પદ્યો. સાગર ભં. પાટણ.

(૨૫૪) ચિત્રસેન પદ્માવતી રાસ.—ડે.

---

૧૪૬ માન (ખ૦ શિવનિધાન શિ.) જિનસિંહસૂરિ રાજ્યે.

(૨૫૫) કીર્તિધર સુકોસલ પ્રબંધ સં. ૧૬૧૭ દિવાલી. પુષ્કરણમાં.

અંતે—

શ્રી ખરતરગચ્છ છાજઈ, શ્રી **જિન**સિંહ સૂરિ રાજઇ,
સંવત **સોલહ સત્તરિ,** દીવાલી દિનિ ગુણભરિ. ૫૦
ગુણિજન સુણિ ઘણું રીજઈ, મૂરખ કિસુંય કહીજઈ,
હિયડઈ હરષ બહુ આણી, મતિ દેઈ સાંભળજ્યો પ્રાણી. ૫૧
એ સંબંધ રસાલ, સુણતાં લીલવિલાસ,
શ્રી **શિવનિધાન** ગુરૂ રીસ, કહઈ મુનિ **માન** જગીસ. ૫૨
શ્રી પુષ્કરણ ચઉમાસઇ, રહતાં ચિત્ત ઉલ્હાસઈ
ભણતાં સમ સુપદાઈ, સુણતાં લીલ વધાઇ. ૫૩

—(ઇડર બાઇઓનો ભં.)

---

૧૪૭ સાધુકીર્તિ (ખ૦ મતિવર્ધન-મેરૂતિલક-દયાકલશ-અમરમાણિકય શિ૦)

(૨૫૬) સત્તરભેદી પૂજા. સં. ૧૬૧૮ શ્રા૦ શુ. ૫ અણહિલપુરમાં

આદિ— રાગ પરપદો દૂહા.

જયોતિ સકલ જગિ જાગતી હૈ, સરસતિ સમરસુ ભંદ,
સત્તર સુવિધિ પૂજાતણી, પભણિસુ પરમાનંદ.

ગાહા

નવણ વિલેવણ વથ જુગ, ગંધારોહણું ચ પુપ્ફરોહણયં,
માલારૂહણ વનયં ૨, ચુન્નં પડાગાય આભરણે,

* * * *

અંતે—

અણહલપુર શાંતિ શાંતિ સબ સુખદાઈ, સો પ્રભુ નવનિધિ સિધિ
વાજૈ. ૨ ભ.

શ્રી **જિનચંદ** સૂરિ ગુરૂ **ખરતરિ**પતિ ધરિ મનવચન તસુ રાજે,
સંવત **સોલ અઢાર** શ્રાવણ સુદિ પંચમિ દિવસ સમાજૈ. ૩ ભ.
દયાકલસ ગુરૂ **અ**મરિમાણિક (ગુરૂ) તાસ પસાઈ સુવિધિઇ હું ગાજૈ.
કહે **સાધુકીરતિ** કરત જિનસંસ્તવ, સવિ લીલા સવિ સુખ સાજૈ. ૪ ભ.
—સં. ૧૮૨૫ મિતિ જ્યેષ્ટ શુદિ ૧ શ્રી વિક્રમપુરમધ્યે. (પત્ર. ૪ પ્ર. કા.)
—શ્રી વીકાનેર મધ્યે સંવત ૧૮૧૯ વર્ષે મિતિ જેષ્ટ માસે કૃષ્ણપક્ષે દ્વતીયા દિને સોમવારે પા ૮-૯-ક. મુ, (મારી પાસે છે.)

(૨૫૭) આષાઢભૂતિ પ્રબંધ. સં. ૧૬૨૪ વિજયાદશમી યોગિણીપુરમાં.

અંતે—

> **ખરતર** ગચ્છ વાચક થયઉ, **મતિવર્દ્ધન** નામ
> **મેરૂ**તિલક તસુ સીસ જે ગુણ ગણ અભિરામ. ૧૮૨
> તાસુ વિનય ગુણી અછઇ, દયાકલશ મુણીશ
> તાસુ સીસ રંગય કહઇ. **સાધુકીરતિ** જગીસ. ૧૮૩
> ધમ્મ **સોલહ ચઉવીસઇ** સમઇ યોગણિપુર ઠાણિ,
> કિયઉ વિજઇદશમી દિણઇ, યહુ ચરિત્ત વિનાણ. ૧૮૪
> એ પ્રસ્તાવ મનોહર, નવ રસ સંબંધ,
> **સાધુકીરતિ** મુણિવર રચ્યઉ, **આ**ષાઢ પ્રબંધ. ૧૮૫
> **પાપડ** ગોત્રઈ પરવડઉ, શ્રીવંશ શ્રીમાલ
> સાહ **તેજપાલ** કરાવિયઉ, સંબંધ રસાલ. ૧૮૬
> લહિસ્યઈ સુખ જે ગાવિષ્યઈ નરનારી વૃંદ,
> કુસલમંગલ અવચલ ધરઇ, સુણતા આણંદ. ૧૮૭

૧—શત્રુંજય (ચૈત્રી) સ્ત. ૧૬ કડીનું:—

આદિ—

> પય પ્રણમી રે જિણવરના શુભ ભાવ લઇ,
> પુંડરગિરિ રે, ગાઇસુ ગુરૂ સુપસાઉલઇ,

*   *   *   *

અંતે— કલશ.

ઇમ કરીય પૂજાય થાજો ગહિ સંઘ પૂજા આદરઈ,
સાહમ્મિવચ્છલ કરઈ ભવિયાં, ભવસમુદ્ર લીલા તરઈ,
સંપદા સોહગ તેહ માનવ, રિદ્ધિ વૃદ્ધિ બહુ લહઇ,
અમરમાણિક સીસ સુપરઇ, સાધુકીરતિ સુખ લહઇ. ૧૬

—૧—૧૫ (મારી પાસે છે.)

૨-**પ્રભાતી** ૪ કડી.

આદિ-- રાગ દેશાખ.

આજ ઋષભ ઘરિ આવે, દેખો માઈ૦

અંતે—

ઉત્તમ દાન અમૃતરસ ઊપમ, સાધુકીર્ત્તિ ગુણ ગાવે૦ ૪ આજ૦

(મારી પાસે છે.)

૧૪૮ દેવશીલ (સૌભાગ્યહર્ષસૂરિ-સોમવિમલસૂરિ-લક્ષ્મીભદ્ર-ઉદયશીલ-ચારિત્રશીલ-પ્રમોદશીલશિ.)

(૨૫૮) ***વેતાલ પંચવીસી રાસ**—સં. ૧૬૧૯ બીજે શ્રાવણ વદ ૯ રવિ વડવા ગામમાં.

---

* " આ રાસ સં. ૧૬૧૯ માં રચાયેલો હોઇ એની ભાષા ૧૬ મા ૧૭ મા સૈકાની છે, અને વિમલપ્રબંધ તથા કાન્હડદે પ્રબંધની ભાષા સાથે તે ઘણી રીતે મળતી આવે છે; અને આથી તે તે સૈકાની ભાષાનું સ્વરૂપ સમજવાને ઉપયોગી થઇ પડશે. કવિ શામળભટ્ટની બત્રીસપચીસીની વાતો મૂળરૂપે જૂની ભાષામાં આમાં છે. વૈતાલપચીસીનું મૂળ કથાસરિત્સાગર અને બૃહત્મંજરી વગેરે સંસ્કૃત ગ્રંથોમાં છે; અને તેમાંથી હિંદી, મરાઠી, બંગાલી વગેરે અનેક ભાષાઓમાં તેમાં કંઈ કંઈ ફેરફાર અને વધારા સાથે ગદ્યમાં કે પદ્યમાં ભાષાન્તરો થયાં છે. બંગાળાના પંડીત જીવાનંદ બી. એ. પ્રકાશિત શ્રી જંભલદત્ત પ્રોક્ત પણ સંસ્કૃતમાં એક વૈતાલ પંચવિંશી છે. એ બધામાં વાર્ત્તાઓની ઘટનામાં કંઈ કંઇ ફેરફાર છે અને કોઈ કોઈમાં એક બીજાથી જુદી જુદી વાર્ત્તાઓ છે. —રા. જગજીવન દ. મોદી.

આદિ—

સરસતી સામિણિ પય નમી, માગુ ઉચિત પસાય,
કાસમીર મુખમંડણી, વાંણી દિઉ મુઝ માય. ૧
બ્રહ્માપુત્રીનિં નમું, કમલ કમંડલ સાથ;
એક કરિ વીણા ધરી, પુસ્તક જમણિં હાથિ. ૨
હંસવાહનિ હરખિં રમિં. કરિં જગલીલ વિલાસ;
જે જગ મૂરખ માંનવી, તેહની પૂરે આસ. ૩
હીઈ સુખ દુખીઆ નરા, સુખીઆ સપતિ કોડિ;
મૂરખનિ વિદ્યા દિઈ, જું સમરે પરહોડિ. ૪

× × × ×

અંતે—

તપગછ નાયક ભુવન દિણેહ, શ્રી શ્રી સોભાગ્યહર્ષ સુરિંહ,
તસપટિં સોહિં ગુંણગેહ, જયવંતા વહિંરી જગમેહ. ૮૧૩
ગુરૂ શ્રી સોમવિમલ સૂરિરાય, પ્રણમું અહનિસિ તેહના પાય,
તસ પંડિત વર પ્રધાન, લક્ષ્મીભદ્ર નાંમિ સુવિહાંણ. ૮૧૪
સીસ સિરોમણિ પંડિતરાય, ઉદયશીલ ગણી પ્રણમું પાય,
ચારિત્રશીલ પંડિત તસ સીસ, સપરિવાર વદુ નીસદીસ. ૮૧૫
પ્રમોદશીલ પંડિત ગુરરાય, તેસહિ ગુરના પ્રણમી પાય;
કરી ચોપાઈ નાંમ વેતાલ, પચવીસેં એ કથા રસાલ. ૮૧૬
સંવત સોલ ઉંગણીસા વર્ષ, બીજે શ્રાવણ શાંમલ પખ્ખ;
નુંમ તણો દિન રવિવાર, નક્ષત્ર પુનર્વસુ આવ્યું સાર. ૮૧૭
વડવેં ગાંમિં રહ્યા ચોમાસ, રચિઉ વાસુપુજ્યનિં પાસ;
ચોપૈકથા સંબંધ વિનોદ, સાંભલતાં ઉપજે પ્રમોદ. ૮૧૮
દૂહા ગાહા બંધ ચોપાઈ, આઠસિં નિ ત્રેવિસ જે હુઈ;
સાંભલતાં સંકટ સવિ ટલેં, ભણતાં સવિ સુખ આવિ મિલે. ૮૧૯
નવિ ચાલે તસ ભૂત વેતાલ, સાહાસ તણી એ વાત રસાલ;
વિનોદરસ રચિ દેવસીલ, ભણતાં ગુણતાં લહીઈ લીલ. ૮૨૦

હું સવિમાંહિ મૂરખ ધરી, હઈડે મત નહિં તેહની ખરી;
અક્ષર આધું પાછું કહ્યું, હીન અધિક પાયું નવિ લહૂં.   ૮૨૧
કરજોડી પ્રણમુ કવિરાય, સોધી અક્ષર કહજ્યો હાય;
જિહાં લગે તારા રવિચંદ, કથા રહિજ્યો જિહાં તપેં જિણંદ.   ૮૨૨

—ઇતિ શ્રી વૈતાલપચવીસી રાસ સંપૂર્ણ. ૧૮૨૯ વર્ષે ચૈત્ર શુદિ ૨ બુદ્ધે સિદ્ધિયોગે પં. શ્રી ૫ શ્રી રાજવિજયગણિ શિષ્ય પં. કૃષ્ણવિજય ગણિ લિપિકૃતં માંતલપુરે શાંતિનાથપ્રસાદાત્: શ્રે.   —પ્ર. કા.

—ઇતિ શ્રી વિક્રમ મહારાજેંદ્ર ગુણોત્કીર્ત્તન વૈતાલપંચવીસી કથાયાં વિવિધવિનોદવાર્ત્તાયાં 'પંચવિશતિ કથા સંપૂર્ણાઃ સંવત્ ૧૬૯૧ વર્ષે ફાગુણ શુદ્ધિ બીજ રવૌ શ્રી ૬ પુજ્યજી વરસિંઘજી લઘ્યુ તસ્ય સીક્ષ્ય પંડિત સરોમણિ ઋ. શ્રી ૫ વર્ધમાનજી તસ્ય શિષ્ય ઋ શ્રી ૫ તુલસીદાસ તસ્ય સીસ્ય મુનિ કલ્યાણ લિષિતં શુભં ભવતુઃ

—(ચેનસાગરજી ભં. ઉદયપુર)

(સોમવિમલ સૂરિ માટે જુઓ નં. ૧૩૦)

+ સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા રા. જગજીવનદાસ દયાળજી મોદી, સબ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર ખાંભા મહાલ, વડોદરા રાજ્ય. સં. ૧૯૭૨ કિંમત દોઢ રૂપીઓ.

---

૧૪૯ આણંદસોમ (ત૦ સોમવિમલસૂરિ શિ૦)

(૨૫૯) + શ્રી સોમવિમલસૂરિ રાસ. સં. ૧૬૧૯ માહ ૧૦, નંદુરબારમાં.

આદિ—

સકલ સદાફલ સેવીઇ, શ્રી ગૌતમ ગણધાર;
મણુહ મનોરથ પૂરણુ, લબધિ તણુ ભંડાર.   ૧
સરસતિ સામિણી તુઝ નમું, માગું અવિરલ બુદ્ધિ;
જાસ પસાઇ સંપજઇ, વચન તણી વર સિદ્ધિ.   ૨

સોમગચ્છ ગયણિ ગણિ, **સોમવિમલ** ગુણધાર;
શ્રી **સોમવિમલ** સૂરિ તણુ, રચિસુ રાસ વિસ્તાર. ૩
સાર સુગુરૂ ગુણ ગાયતાં, દુઃકૃત દૂરિં જાઈ;
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, નિશ્ચઈં નિય ઘરિ થાઈ. ૪
સુરતરૂ સમ સહિગુરૂ સુગુણ, સદાચાર વિચાર;
ભાવિ ભલઇ ભેટઉ ભવિક, જિમ પામું જયકાર. ૫
× × × ×

અંતે—
લોટી ગણુડે પાએ લાગું, ગુરૂ સેવા અહનિસિ માગું;
આણંદસોમ પ્રણમઇ પાય, કરિ મઝ ગુરૂ સુપસાય. ૧૫૦
રાગ—મલ્હાર. મોરી આંખડી ફરૂકઇરે. એ ઢાલ.
યુગ પ્રધાન જાણઈ સહુ, જિનશાસન સુરતાનરે.
ગુરૂ ગુણ ગાતાં સંપદા, સહી વાધઇરે અધિકું વાન. ૧૫૧
મોરા સહિ ગુરૂ વધાવુંરે, સોહાવુંરે તપગચ્છરાય,
નિત પ્રણમુંરે શ્રીગુરૂપાય, જિમ કીજઇરે નિરમલ કાય,
જિમ હુઇરે બહુલું આય, મોરા સહિ ગુરૂ વધાવુંરે.
ધિન **અમરાદે** કૂખડી, **રૂપરાજ** કુલ ધિન્ન રે
ધિન્ન સુગુરૂ જીણઈ દીખીઆ, રૂડા ચુવિહરે સંઘ સુપ્રસન્ન મો૦ ૫૨
સોભાગહરિષ સૂરિ પટિ જયુ, શ્રી **હેમવિમલસૂરિ** સીસરે.
ચઉવિહ સંઘ ઘણિ પરિ ભણઈ, જયુ ગચ્છપતિરે કોડિ વરીસ મો૦ ૫૩
જાં ધ્રૂ સાયર ચંદલુ, જાં તપઈ તેજિ દિણિંદરે;
તાં **સોમવિમલસૂરિ** ચિર જયુ, સુખ સંપદરે દિઉ આણંદ મો૦ ૫૪
આણંદ **સોમકલા** મિલી, **સંવત ઓગણીસઈ** માઘ માસિરે,
દસમી ગુરૂવારિ રચિઉ **નંદરબારિ** રે રાસ ઉલ્હાસિ. મો૦ ૫૫
મનરંગિ જે ભણઇ ગુણઈ, સાંભલઇ રાસ રસાલરે,
નવ નિધિ તસુ ઘરિ અંગણઇ, સખિ ફલીઉરે અમર રસાલરે. મો૦ ૧૫૬
પ્ર૦ જૈ. ઐ ગૂર્જર કાવ્ય સંચય.

(આનો સાર સોમવિમલ સૂરિ નં. ૧૩૦ની નીચે આપ્યો છે.)

(૨૬૦) સ્થૂલભદ્ર સ્વાધ્યાય. સં. ૧૬૨૨ શ્રાવણ શુદિ ૧૦ વૈરાટમાં.

અંતે—

તપગચ્છિ નિર્મલચંદ્ર, શ્રી સોમવિમલ સૂરિંદ,
તસ સીસ રચિઉ સઝાય, સાંભલતાં (મન) નિર્મલ થાય.
પૃથિવી રસ સંવત એહ, કુચ કર્ણ પ્રમાણિ જેહ,
શ્રાવણ શુદી દશમી દિવસિં, વયરાટિ થુણિઉ મન હરસિ,
જાં તારા ગયણિ દિણંદ, જાં સાયર મેરૂ ગિરિંદ,
તાં પ્રતપું જાવલી સોમ, ઇમ ભણઇ આણંદસોમ.

—વૈરાટ (બૈરાટ) જયપુર રાજ્યમાં આવેલું છે. (૫૩ કડી પ્ર. કા૦)

---

૧૫૦ વેલામુનિ અથવા મનસત્ય [ત૦ વિજયદાન સૂરિ શિ૦)

(૨૬૧) નવતત્વ જોડિ. (ચોપાઇ) સં. ૧૬૨૨ પહેલાં.

આદિ—　　　મંગલ કમલાકંદુ એ ઢાલ.

આદિ જિણંદ નમેવિએ, નવતત્ત્વ કહઉં સંખેવિએ,
જીવનણા દસ પ્રાણ એ, પંચઇંદ્રી પંચ પ્રાણ એ.　　　૧

*　　　*　　　*　　　*

અંત—

ઇય નવતત્ત્વ વિચારતાં, અધિકી ઉછી ભાષિરે;
ત્રોલી હુઇ અજાણવઇ, તે પામઉ સંઘ સાખિરે.　　　૬૪
તપગચ્છનાયક સિર ગુરૂ, વિજયદાન ગણધારરે.
વેલઉ મુનિ તસુ આણધરી કહઇ સ્વપર ઉપગારરે.　　　૬૫

૮—૧૧ (વિ. ધ.)

બીજી પ્રતમાં નીચે પ્રમાણે છે તે પરથી રચનાર કવિનું નામ મનસત્ય જણાય છે.

અંતે—

ઇય નવ તત્ત્વ વિચારતાં અધિકૂં ઉછૂં ભાખ્યૂંરે,
બોલ્યૂં હુઈ અણુજાંણુવઈ તે પાંમૂં સંઘ સાખિરે,
તપગચ્છનાયક શ્રી ગુરૂતો શ્રી વિજયદાન ગુણધારરે.
ચેલુ મનસત આણુધરઇ તુ કહસૂં પરઉપગારરે.
—સંવત્ ૧૬૫૮ વરસે આષાઢ વદિ ૨ સોમે. લેખક પાઠક શુભં
ભવતુ—પત્ર ૮ પ્ર૦ કા.

બંને નામના કવિઓ એકજ લાગે છે—(વિજયદાન સૂરિનું સૂરિપદ ૧૫૮૭, સ્વર્ગવાસ સં. ૧૬૨૨. તેથી આ કૃતિ સં. ૧૬૨૨ પહેલાંની છે.

---

૧૫૧ ભીમ ભાવસાર.

(૨૬૨) શ્રેણિક રાસ. સં. ૧૬૨૧ ભા૦ શુ૦ વટપદ્ર (વડોદરા) માં

આદિ— રાગ કેદારો.

ગોતિમનઇ સિર નામીય, મનવંછિત ફલ પામીય;
સ્વામીય સેવકની દયા કરોએ. ૧
સારદાનઈ ચરણે લાગુ, સુદ્ધિ બુદ્ધિ માતા હું માગુ,
દ્યો મુઝનઇ વાણી અનોપમ રૂઅડી એ. ૨

ઉલાલઉ.

રૂડી તે વાણી આપો મુઝ માતા, સિદ્ધાંત સત્ર વિસ્તાર
લાખ જોયણનૂ જંબુદીપ, ભરતખંડમાંહિ સાર. ૩

* * * +

અંતે—

વટપદ્ર નયર સંવત સોલ એકવીસઇ, ભાદ્રપદ સુદિ શુભ (ત)
કલસ. વારે પ્રારંભ દીસઇ.

કાંઇ એક કવિમતિ, કાંઇ એક સાસ્ત્રગતિ સાધસંગતિ પામીઈ,
શ્રેણિક રાસ કીઉ અતિ ઉલ્હાસઇ, જિનવાણી સિર નાંમીઇ. ૧

ગઉતમ પાએ, સારદમાએ, ચિત રાખું ચરણે સમું,
ભાવસાર ભીમ કરજોડી બોલિ, સાધ સહૂને ચરણે નમૂં.
—સંવત ૧૭૦૩ વર્ષે માઘ વદિ ૧૪ ભૌમે લિખિતં [ગુ. વિ.] ડે.
—સંવત ૧૬૭૨ વર્ષે ફાગુણ વદિ ૮ શુક્રે લિ૦ જોસી સવજી શ્રી સ્તંભતીર્થ સ્થાને લ૦ સુરત ભં. ગોરજી રવિહંસજી દીપહંસજી-છાપરીયા શેરી-સુરત પાસેની પ્રતિ. મ૦ ચ૦

૧૫૨ સુમતિકીર્તિસૂરિ (દિ૦સરસ્વતિગચ્છ જ્ઞાનભૂષણસૂરિશિ.)

(૨૬૩) ધર્મપરીક્ષા સં. ૧૬૨૫ માગશર શુદ ૨ હાંસોટ નગરમાં.

આદિ— ઢાલ રાસની.

ચંદ્રપ્રભ સ્વામી નમીઈ, ભારતી ભુવનાધાર તુ;
મૂલ સંઘ મહીયલિ મહીત, બલાત્કાર ગણ સાર તું. ૧
વિદ્યાનંદિ સ્વામી વિબુધ, મલ્લિભૂષણ મુનિરાય તુ;
લક્ષ્મીચંદ ગુરૂ ગુણનિલોએ, પ્રણમીય તેહના પાય તુ. ૨
વીરચંદ ચર્ચિત ચતુર, ભટ્ટારક ભુવિ ભાણતુ;
જ્ઞાનભૂષણ જ્ઞાનિ ભલોએ, વિદ્યાનું દીઈ દાન તુ. ૩
પંચગુરૂના પાય નમીય, રચ્યું રાસ મન રંગિ તુ;
ધરમ તણી પરીક્ષાતણુ એ, શાસ્ત્ર જોઈ નિચંત તુ, ૪
ભવીયણ ભલી પરિ સાભલોએ, ધરમાધરમ વિચાર તુ;
દોષ મ લેસ્યો કેહનાણુંએ, કહિતાં ન લહું પાર તુ. ૫

* * * *

અંતે— દૂહા.

મૂલ સંઘ મુનિવર ઘણા હવા, સરસતિ ગછિ શૃંગાર,
કુંદકુંદાચારિજ કુલિ, પદ્મનંદ ભવતાર. ૧૧
દેવેંદ્રકીરતિ દયા આગલો, તેહ પટોધર ચંગ;
વિદ્યાનંદિ સ્વામી જયો, મલ્લિભૂષણ ઉત્તુંગ. ૧૨

લક્ષ્મીચંદ શ્રી ગુરૂ નમૂં, દીક્ષાદાયક એહ;
વીરચંદ વાંદૂ સદા, સીષાંદાયક તેહ. ૧૩

તેહ પાટિ પટ્ટોધર, જ્ઞાનભૂષણ ગુરૂરાય;
આચારિજ પદ આપીયૂં, તેહનાં પ્રણમૂં પાય. ૧૪

તેહ કુલકમલદિવસપતિ, પ્રભાચંદ્ર યતિરાય;
ગુરૂ ગછપતિ પ્રતપો ઘણું, મેરૂ મહીધર જાય. ૧૫

સુમતિકીરતિ સૂરી રચ્યો, ધર્મ્મપરીક્ષા રાસ;
શાસ્ત્ર ઘણો જોઈ કરી, કીધુ બહુ પ્રકાશ. ૧૬

રયણભૂષણ રાય રંજણો, ભંજણો મિથ્યા માગ;
જિનભવનાદિક ઉધરઈ, કરઈ બહુવિધ ત્યાગ. ૧૭

ભદ્રઆ કરી શ્રાવક ભલા, ધના આદિ ઉપદેસ;
બહુ પ્રેરે પ્રારંભીયો, રચીયો તિહાં લવલેશ. ૧૮

પંડિત હે પ્રેર્યા ઘણું, વણાયગ નિં વારદાસ;
હાંસોટ નયરિ પૂરો કર્યો, ધર્મ્મપરીક્ષા રાસ. ૧૯

સંવત સોલ પંચવીસ નિં, માર્ગસિર શુદિ બીજવાર;
રાસ રૂડો રલીયામણો, પૂર્ણ હવો છિ સાર. ૨૦

ભવીયણ ભાવિ ભાવિજ્યો, કીધો એહ પ્રતિબોધ;
ડાહ્યા હોઈ તે ટાલિજ્યો, જિહાં હોઈ શાસ્ત્રવિરોધ. ૨૩ (?)

પઢઈ ગુણિ જે સાંભલિ, લખઈ લખાવઈ જેહ;
(મુગતિ મુગતિ ને વર લહઈ, સુર નર સેવઈ તેહ.
રૂડો ને રલીયામણો, રાસ રચ્યો છિ એહ.
છઠો અધિકાર પૂરો હવો, ધર્મ્મપરીક્ષા ગેહ. ૧૩ (?)

—ઇતિશ્રી ધર્મ્મપરીક્ષા ષષ્ઠોઽધિકારઃ સંપૂર્ણ સમાપ્તઃ

પ્ર. ૮૩ પં. ૧૬ આ. ક.; ખં. ૧; પા. ૩

૧૫૩ જિનચંદ્રસૂરિ + (ખ. જિનમાણિક્ય સૂરિ શિ૦ ને પટ્ટધર)

(૨૬૪) દ્રૌપદી. જેસ૦

(૨૬૫) બાર ભાવના અધિકાર. જેસ૦

(૨૬૬) શિયલવતી. જેસ૦

+ જિનબિંબ સ્થાપન સ્ત૦ ૨૪૪. સ. મા. ભા.

(૨૬૭) શાંબ પ્રદ્યુમ્ન ચોપઈ. સં. ૧૬૨૦ આસપાસ.

(૨૬૮) બારવ્રતનો રાસ. સં. ૧૬૩૩ ફા. વ. ૫.

આદિ— (નિગ્રંથી સાધુની ઢાલ)

પાસ જિણેસર પય નમીજી, નામઉં સહગુરૂ સીસ;
દેસવિરતિ હું આદરૂંજી, મનમાહિ ધરિય જગીસ. ૧

+ વડલી ગામવાસી રીહડ ગોત્રીય શાહ શ્રીમંત પિતા અને સિરિયાદેવી માતાથી સં. ૧૫૯૪ માં જન્મ થયો. દીક્ષા. સં. ૧૬૦૪ માં લીધી. સં. ૧૬૧૨ ના ભાદ્રવા શુદિ ૯ ને દિને જેસલમેરમાં ત્યાંના રાજા માલદેવે કરેલા ઉત્સવ પૂર્વક આચાર્યપદ મળ્યું, ત્યાર પછી કર્મચંદ્ર મંત્રીના આગ્રહથી વીકાનેરમાં જઈ ક્રિયોદ્ધાર કર્યો ને ત્યાંથી અમદાવાદ શત્રુંજય જઈ ઉક્ત કર્મચંદ્રના આમંત્રણથી દીલ્હીમાં અકબર બાદશાહને પ્રતિબોધી તેમની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસો અમારી-જીવવધનિષેધનો હુકમ બહાર પડાવી ફરમાન લીધું હતું અને તે ફરમાન બાદશાહે પોતાના અગિયાર પ્રાંતોમાં મોકલી આપ્યું હતું. (આ ફરમાન પત્ર હિંદી સરસ્વતી માસિકના ઈ. સ. ૧૯૧૨ ના જૂનના અંકમાં પ્રસિદ્ધ થયું છે.) વળી બાદશાહે તેમને 'યુગપ્રધાન' એ બિરૂદ આપ્યું હતું. આ મહાપ્રભાવક આચાર્ય થયા છે અને જૈનોન્નતિ માટે અથાગ પરિશ્રમ સેવી અનેક મહાન્ કાર્યો કર્યા છે. સં. ૧૬૭૦ ના આસો વદિ ૨ ને દિને બેનાતટમાં સ્વર્ગસ્થ થયા.

સુવિનાણી પ્રાણી શ્રાવક વ્રતિ ચિત લાય,
મુનિમારગ અતિ દોહિલઉછઇ, એ સુખિ સિદ્ધિ ઉપાય.
—સુવિ૦—એ આંકણી.

તિહ પહિલઉ સમકિત ખરઉછઇ, જિમ મંદિર થિર થંભ,
સમકિત સુરસુખ પામિયઇછઇ, સમકિત સિદ્ધિ સુલંભ સુવિ૦ ૨

* * * *

અંતે—

સંવત **સોલહ સય તેતીસઈ**, ફાગુણ વદિ પંચમિ ઉલ્હાસઇ,
ખરતર ગછિ ગરૂયઉ ગુણ રાજઈ, શ્રી **જિણચંદસૂરિ** ગુરૂપાસિ. ૯૨
શ્રાવિકા ગેલીએ વ્રત લીધા, કીધા નરભવ સફલા આજ;
પાસ પસાયઇ એ વિધિ કરતાં, પામિસિ સિવનગરીના રાજ. ૯૩
બારહવ્રત સૂધા પાલેવા, એમ કરઇ પરિગહ પરિમાણ;
લીલ વિલાસ સદા સુખ પામઇ, વાધઇ દિન દિન કલા વિનાણ. ૯૪

—ઇતિ શ્રી ઇચ્છાપરિણામટિપ્પનકે સંવત્ ૧૬૩૩ વર્ષે ફાગુણ વદિ પંચમી દિને શ્રીમચ્છ્રી ખરતરગચ્છાધિરાજ શ્રી જિનમાણિક્યસૂરિ પટ્ટાલંકાર શ્રી જિનચંદ્રસૂરિ રાજ્ઞાનાં સ્વહસ્તેન ગેલી સુશ્રાવિકયા ગૃહીતં.
(કુલ ૯૩ ટૂંક છે. આમોદના યતિ ચંદ્રવિજય પાસે પ્રત છે.)

---

૧૫૪ રત્નસુંદર. (પૌ૦ ગુણમેરૂ સૂરિ શિ૦)

(૨૬૯) પંચોપાખ્યાન ચતુષ્પદિ. ૧૬૨૨ સાણંદમાં.

* * * *

આદિ—

સુગુરૂચરણનું લહી પસાય, પૂનિમપક્ષપ્રવર ગુરૂરાય;
ગિરૂઆ શ્રી **ગુણમેરૂ સૂરીશ**, વચનસાર તસ બોલે શીસ. ૧૫

દૂહા.

વચનસાર અતિ સરસ, દિઓ જનરંજન દેવ;
વિઘનરહિત વિદ્યા વિભવ, આપિ સદા મુજ ખેવ. ૧૬

સિદ્ધ વેદ આગમ નિગમ, વ્યાકરણ સ્મૃતિ પુરાણ;
તર્ક છંદ લક્ષણ ભરહ, જ્યોતિષ વૈદ્ય કુરાણ. ૧૭
કામ કાકે રતિ રહસ્ય વિધિ, સ્વપ્ન શંકુન લખ કોડિ;
નીતિ બુદ્ધિ શ્રુત બલ વિના, નવિ કોઇ જાણે ખોડી. ૧૮
શ્રુતસાયરતટ પામવા. નીતિ બુદ્ધિ દોઇ નાવ,
ધર્મ કર્મનુ પામીએ, જો હોઇ બુદ્ધિ પ્રભાવ. ૧૯
વિષ્ણુશર્મા વાડવ ભલો, શ્રીગોડ નાતિ સુજાણ;
સરસ કથા રસ વીનવે, નામે **પંચાખ્યાન.** ૨૦
નહિ વિદ્યા બુદ્ધિ તેટલી, તો કવિસ્યું શ્યો વાદ;
કાંઇ જે અક્ષર લહું, તે ગુરૂચરણપ્રસાદ. ૨૧

ચોપઈ.

પંચતંત્ર અછે જેહમાંહિં, નામે **પંચાખ્યાન** કહેવાઇ;
જાણું અજાણ જિમ પ્રીછે બાલ, **બોલિશ ચોપઈમાંહિ** રસાલ ૨૧

આમાં પહેલો અધિકાર પૂરો થાય છે તે અને તે અધિકારમાં કર્તાનું નામ નથી મળતું કારણ કે આના જેવું લખ્યું હોય છે કે:—

પંચાખ્યાન પ્રથમ અધિકાર, મિત્ર ભેદ બોલ્યો વિસ્તાર;
પક્ષ પુનિમ શ્રી **ગુણમેરૂસૂરિ, સુગુરૂ સીસ બોલે રસપૂરિ.** ૫૨
કુમર રહ્યા મનમાં રણઝણી, વચન **વિષ્ણુશર્માના** સુણી;
પ્રથમ કહ્યો મિત્રભેદ વિચાર, ભણી સુણી લહીએ જયકાર.

—ઇતિ શ્રી પંચાખ્યાન રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રભેદ પ્રથમો—ધિકારઃ સંપૂર્ણમ.

પરંતુ બીજામાં કહ્યું છે કે

મિત્રપ્રાપ્તિ બીજો અધિકાર, **વિષ્ણુશર્મા** કહે સુણો કુમાર,
પુનિમ ગચ્છ શ્રી **ગુણમેરૂ** સૂરિ, **રત્નસુંદર** બોલે રસપૂરિ.

—ઇતિ શ્રી પંચાખ્યાને રાજનીતિ બુદ્ધિશાસ્ત્રે મિત્રપ્રાપ્તિ દ્વિતીયો-ધિકારઃ—

૩ જા અધિકારની અંતે પણ ૧ લા પ્રમાણે છે.

૪ થામાં.

પક્ષ પૂનિમ શ્રી **ગુણમેરૂસૂરિ**, સુંદર સીસ બોલે રસપૂરિ,
૫ મો અધૂરો આમાં છે.

પ્ર. ૬૨ (ખંડિત પ્રશસ્તિ નથી મો. સે. લા.)
પ્ર. ૭૮ અમ૦; વિ. ધ.

(ડા. હર્ટલે પંચતંત્ર સંબંધી ઘણી જબરી શોધખોળ કરી છે; તે પરનાં સર્વ પુસ્તકો દરેક ભાષામાંના જોઇ જઇ સિદ્ધ કર્યું છે કે પંચતંત્રના મૂળ ઉત્પાદક જૈન છે. આ ચોપઈ પણ તેમણે જોઈ છે.)

(૨૭૦) શુકબહોતરી. ૧૬૩૮ આશો શુદ ૫ સોમ. ખંભાતમાં.

આદિ—

ગાથા.

સયલ સુરાસુર માયા, મંગલ કલ્લાણ સુજસ જય નિલય,
વરવિજ્જાધણદાયા, સા **શારદ** પઢમ પણમામિ. ૧

છપ્પય.

આદિ રિસહજિણનાહ, **અજિય સંભવ અભિનંદણ**,
સુમઇ પઉમ પહદેવ, સુપાસ ચંદપ્પહ વંદણ.

* * * *

અંતે—

(સરસ્વતી સ્તુતિ મોટી છે. પછી ગુરૂ સ્તુતિ.)

વસ્તુ— સયલ મંગલ સયલ મંગલ, કરણ જિનરાય,
ચઉવીસે પણમી કરી, ધરિય ચિત્ત **સરસત્તિ** સામિણિં.
ગુરૂ ગોયમ ગણહર નમી, રિદ્ધિ બુદ્ધિ સુવિશુદ્ધ કરણિં,
સરસ ઝમક પદબંધસ્યું. કથસું કથા રસાલ
બહુત્તરિ બુધ્ધેં આગલી, સુણજો બાલગોપાલ. ૩૩

દૂહા— આગે કવિ કહેતાં રહે અધિવિચિ કાંઇ ઉંણ,
ધરિ છેહડે ઓછું અધિક, તેં કરસ્યું પરિપુન્ન. ૩૪

ચોપઇ— **સોલસેં અઠત્રીસો** સાર, આસો શુદિ પંચમિ શશિવાર,
પૂનિમપક્ષ ગચ્છપતિ ગણધાર, શ્રી ગુણમેરૂસૂરિ ગુરૂસાર. ૩૫
તાસ સીસ પ્રણમી ગુરૂ પાય, કથા પંડિત દેખી સજિ થાય,
કથા તણો કીજે ઉદ્ધાર, દોષ મ દેસો કોઇ લિગાર. ૩૬
કરૂં કવિત પૂરૂં મનકોડિ, યુગતિ સગતિસ્યૂં બાંધી જોડિ,
સરસ વચન સુડાનાં સાર, કવિ મુખ કહતડુ જયો જયકાર.

* * * *

અંતે—

સારદ ગુરૂ પસાઈ કરી, ગુરૂ ગચ્છપતિ પાએ આણુસરી,
શ્રી ગુણમેરૂ સૂરિવર સીસ, રત્નસુંદર સૂરિ કહે જગીસ. ૧૬
ગુજ્જરદેશ ત્રંબાવતિ ઠામ, **થં**ભણપાસ તીરથ અભિરામ,
સાંનિધિ શ્રી જિન શાસણિ કરી, એ કહી કથા **શુકબહોતરી**. ૧૭
છપ્પય ગાહા દૂહા ચોપઈ, વસ્તુ અડયલ પદ બંધેં થઇ,
સંખ્યા સર્વ સુણેયો સહી, શત ચોવીસ ઉપરિ એકહી. ૧૮
(પંચત્રીસ બાજનઈ)

પ્રસિદ્ધ નાંમ એ **શુકબહુત્તરી**, બીજો નામ એ રસમંજરી,
મુજ શિરિ બુદ્ધિમતી નહી તેઇસી, રચ્યું કવીશ્વરની પરિ જિસી. ૧૯
જાં ધ્રુ તારી શશિહર સૂર, જ્યાં મહિમેરૂ જલનિધિ પૂર,
ભણો ભણાવો નિર્મલબુદ્ધિ, જિમ લહો મન વચ કાયજ સુદ્ધિ. ૨૦
મંગલ પહિલો જિન ચૌવીસ બીજો મંગલ ગોયમસીસ,
ત્રીજો મંગલ ગુરૂ અભિધાન, ચોથો જિનશાસન પરધાન. ૨૧

—ઇતિ શ્રી રસમંજરી કથા શુકબહુત્તરી ચોપઇબદ્ધ-લિ. સં. ૧૮૪૦ માર્ગ૦ શુ. ૭ રવિ. શ્રી દ્રાક્ષા મધ્યે. રાજકોટ. યતિ. **અ. ટે.**

—પાનાં ૧૧૦ સં. ૧૭૫૦ વર્ષે વૈશાખ માસે શુકલ પક્ષે ચતુર્દશ્યાં તિથૌ શનિવાસરે શ્રી જસનગર મધ્યે લિખિતં ગણિ ગિનાંનવિજય ॥ ઉદેપુર યતિ ચેતનસાગરજીનો ભંડાર.

(પૂર્ણિમાગચ્છના ગુણમેરૂ સૂરિ તે સૌભાગ્યરત્નસૂરિના પટ્ટધર હતા. તેમના પ્રતિમાલેખ સં. ૧૫૮૮ અને ૧૫૯૧ ના મળે છે-જુઓ લેખાંક ૧૦૭૦ ભાગ પહેલો અને ૨૯૨ ભાગ બીજો ધા. સં.)

---

૧૫૫ હીરકલશ (ખ૦ દેવતિલક ઉ.-હર્ષપ્રભ શિ.)

(૨૭૧) સમ્યકત્વ કૌમુદીરાસ. ૧૬૨૪ માહ શુ. ૧૫ બુધ. સવાલખ દેશમાં.

* * * *

અંતે—

(ઢાલ ધન્નારી ચઉપઈરી છેહિલી.)

શાસન નાયક **વીર**જિણેસર, પૂજે જઇ નિતુ ચંદણુ કેસરિ,
તસ પટિ **સોહમ** વંસિ,
ગુણ વરણઉં બહ્ કંઈ ન જાણઉં, શાખા વયર કુમરની જાણું,
ખરતર ગછિ પ્રશંસિ. ૮૭

શ્રી **જિણમાણિકસૂરિ** ગુરૂપાટ, નામ જપંતાં હુઇ ગહગાટ,
શ્રી **જિણચંદ સૂરિંદ**,
જસુનામિઈં સવિ વાદી ભાજઇ, કેસરિની પરિ ગુહિર ગાજઇ,
રાજઇ મુણિવરવૃંદ. ૮૮

શ્રી **સાગરચંદ્ર સૂરિ** આચારિજ, જીએ કીયા મોટા જગિ કારિજ,
જિણિ ઊથાપિ કુશીલ,
થાપિઉ શીલવંત ગછનાયક, એ છઇ મહીમતિ મોટાં વાયક,
પાઇ નમઇ જસુ લીલ. ૮૯

મહિમરાજ વાચક તસુ સીસ, પાટિ તાસુ વલિ વાણારીસ,
દયાસાગર તસુ નામ,
તાસુ સીસ પદવી વાણારી, **જ્ઞાનમંદિર** ગુરૂ મહાવિચારી,
પુહવી સારી મામ. ૯૦

મહીયલિ તાસ પાટિ વિખ્યાય, ગુરૂ શ્રી **દેવતિલક** ઉવઝાય,
તાસુ સીસ સુષદાય,
હર્ષપ્રભુ નામઈ મુનિરાય, **હીરકલસ** તસ સીસ કહાય,
પામી સુગુરૂ પસાય. ૯૧
સંવત સોલહસઈ ચઉવીસ, માહી પૂનિમ બુધ સરીસ,
પુષ્પ નક્ષત્રઈ લેહ,
દેશ **સવાલષ** નયરી જેહ, ધર્મ્મ તણુઉ જિહાં વાધ્યુ નેહ,
તિહાં કીધ ચઉપઇ એહ. ૯૨
પ્રતિ શ્રી **સમકિતકૌમદિ** ચરીય, મઈ સષેપઈ એ ઉદ્ધરિય,
વિસ્તરિ ગુરમુખિ વાણિ,
ભણઈ ગુણઇ જે સુણઈ અહોનિશિ, ધરિ બઇઠાં તસુ થાઇ સવિ વસિ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાંણ. ૬૯૩

—સં. ૧૬૫૨ વર્ષે ભાદ્રવા વદિ ૪ ભોમવારે લિ. વનાસુત પરીખ વીરદાસ સ્વપઠનાર્થં લષાપિતં ગ્રંથાગ્રં ૧૦૫૦ શ્લોકઈ ૩૧–૧૬
(વિ. ધ.)

(૨૭૨) સિંહાસન બત્રીશી. સં. ૧૬૩૬ આસો વદ ૨. સવાલખ દેશમાં મેડતામાં.

આદિ—

આરાહિ શ્રી **રિષભપ્રભૂ**, યુગલા ધર્મ નિવાર,
કથા કહિસુ **વિક્રમતણી**, જસુ સાકઉ વિસ્તાર. ૧
સાકઉ વરતિઉ દાંનથી, દાન વડો સંસાર,
વલિ વિસેષે જિણુ સાસણે, બોલ્યા પંચ પ્રકાર. ૨
અભવ્ય સુપાત્ર દાંન બિહુ, પ્રાણી મોક્ષ સંયોગ,
અણુકુંપા ઉચિય કીરતિ ઉચિત, એ ત્રિહુ દાંને ભોગ. ૩

યતઃ ગાથા—

અભયં સુપત્તદાંણું અણુકંપા, ઉચિય કીત્તિદાંણેય,
દુત્રિ વિમુખો ભણિઉં, તિન્નિ વિભોગા ઇયં હોઇ. ૫

ભેદ અનંત જિનાગમેં, શ્રાવક કરણિમાંહિ,
તે સવિ વિક્રમ સાચવ્યા, પ્રગટયા પૂન્ય પસાય. ૬
પૂરવે શ્રી સિદ્ધસેન ગુરૂ, વિક્રમ ગુણ સંબંધ,
કીધી સિંઘાસણકથા, બત્રીસે પરબંધ. ૬
સિંઘાસણરી પૂતલી, વિક્રમનૃપ ગુણચૂર
ધારાધિપ આગલ કહ્યો, બેઠી સભા પડૂર. ૭
હીરકલસ મુનિ તસુ ચરિય, લે આગમ અનુસાર,
સરસતિ ગુરૂ સુપસાઉલે, કીય ચઉપઇ ઉદાર. ૮
પુરૂષારથ ચઉ પરગડો, માલવદેશ મુઝાર,
ધાર નયરી શ્રી ભોજનૃપ, પ્રજાલોક સુખકાર. ૯
ન્યાતિ ચઉરાસી તિહાં વસેં. ધન પરચે નિરકંત,
બેસે મહાજન તિહા મલિ, સાઢી બારહ પંતિ. ૧૦

શ્રીપુર[૧] ઉસ્યાં[૨] મેડતો[૩] પાલી[૪] પોકરવાલ,
જાઇતિ[૬] પાંટ[૭] હરસિઉર[૮] ટીંડૂ[૯] ડીંડૂવલ.[૧૦] ૧૧
વાલવષેર[૧૧] નરાણિયા[૧૨] પંડેલે પડેલ[૧૩];
સાઢી બારહ ન્યાતિ મલિ જિમે ગોડો મેલ. ૧૨
શ્રીમાલે એસ નાંમ નગરે પલ્લીપુરે મેડતે,
વગ્ગો રતહહિંડવાંણ નગરે પટ્ટાણકે પુષ્કરે,
રાજનહર્ષ પુરે નરાંણ નગરે ડિંડૂડકે જાયલે;
પંડે પંડલિકે સ્થીના દશમિતા સાર્ધં દ્વયા પંક્તયઃ ૧૩

* * * *

અંતે—

ઢાલ ઇકવીસાની.

શ્રી ખરતરે ગણહર ગુરૂ ગોયમ સમઉ, નિતિ ઉદીરે જિનચંદ્ર સૂરિ પયનમો;
તસુ ગચ્છઇરે સંપ્રતિ પાઠક ગુણનિલઉ, વડવાદીરે શ્રી વિજયરાજ વસુધાતિલઉ. ૧૪

છંદ.

વસુધાતિલઉ તસ સીસ બોલઈ સંઘનઈ આગ્રહ કરી,
દિસઈ સવાલિષ મે(ડે)હ નયરા સદા જય આણંદ ભરી
સંવત સોલેસે છત્રીસઈ બીજ આસો વદિ કથા,
તિહ કહિય સિંહાસણ બત્રીસી હીરકલસ સુણી યથા. ૧૫
ઇણી ચરિત્તેરે દૂહા ગાહા ચઉપઇ, સહુ અંકેરે બાવીસસઈ;
(એક પ્રત પનરસઠ ૧૫૨૪) બાવીસ (બાવન). થઈ,
કંઈ અધિકઉ ઉછઉ જે ભાસિઉ અલી, તે સદ્ગુરૂ પાએ
નમિ ષાંમઉ વલી. ૧૬

છંદ.

ષાંમઉ વલી હૂં સંઘ સઇ મુખિ માન છોડિય આપણઉ,
જે શાસ્ત્ર સાથઈ હવઇમિલતાઓ, તેહ નિરતઉ થાપણઉ.
એ ચરિત સાંભલિ જેય માંનવ દાંન આપઈ નિજ કરઈ,
તે પુન્ય પસાયઈ સુખી થાયઇ રિદ્ધિ પાંમઈ બહું પરઈ. ૧૭

—ઇતિ શ્રી કલિયુગપ્રધાન દાનાધિકાર શ્રી વિક્રમરાઇ શ્રી ભોજ-નરેંદ્ર સિંહાસણ બત્રીસી ચઉપઈ સંપૂર્ણ સંવત્ ૧૭૧૬ વર્ષે ભાદ્રપદ માસે સિતેતર પક્ષે દિગ્દિશિ તિથૌ પૃથ્વી...વારે લિખિતં મુનિશ્રી વૈરાગ્ય સમુદ્રેણ. શ્રી આગરા નગરે મુનિશ્રી ક્રિયાસાગરગણિ વાચનાય લિખિત ગ્રંથાગ્ર ૩૩૫૧ માજને. (ગુ. વિ., વિદ્યા.)

—સં. ૧૯૦૧ માહ વ. ૮ લિ. માંડવી મધ્યે જાની વાસદેવ મુરારજી લિખાવિતં ચિરંજીવી પઠનાર્થે તેનેદં પૂસ્તકં જ્ઞાનવૃદ્ધિકરં. શુભં ભૂયાત ૧૧૨-૧૨ ઘો.

—ઇતિ દાનાધિકારે શ્રી વિક્રમરાઇ સિહાસણ બત્રીસી પ્રબંધ ચઉપઇ સંપૂર્ણ સંવત ૧૬૯૭ વર્ષે કાતીસુદિ ૧૩ ભુમિ. (મ. બ.)

—ઇતિશ્રી કલિયુગ પ્રધાનાધિકારે શ્રી વિક્રમરાય સિંહાસણ બત્રીસી ચરિત્ર ચોપઇ સંપૂર્ણ છગ સંવત્ ૧૬૭૬ વર્ષે માસે ચૈત્રે વદિ ૧૨ દિને શ્રી અંચલગચ્છે વાચિક પ્રવર વાચિક શિરોમણિ વાચનાચાર્ય વા૦

શ્રીપ રાજકીર્ત્તિ ગણિનાં બાંધવ પંડિત પ્રવર પંડિત શિરોમણિ પંડિત સિરિચક્ર ચૂડામણિ પંડિતોત્તમ: ॥ પં શ્રી શ્રી ગુણવર્દ્ધન ગણિ શિષ્ય મુનિશ્રી શ્રુત સાગર ગણિ મુનિ દયાકીર્ત્તિ ગણિ મુ: વિજયકીર્ત્તિ સહિતૈ લખિતં પાલિગ્રામ સુભસ્થાન મધ્યે. (મ. બ.)

—અધૂરી પ્રત ૧૨-૨૦ માં (બત્રીસપુતલીની વાર્ત્તા એ નામ છે.)

—ઇતિ શ્રી કળિજુગ પ્રધાંન દાંનાંધિકારિ શ્રી વિક્રમરાઈ શ્રી ભોજ નરિંદ્ર સીગાસણ બત્રીસી ચરીત્ર ચઉપાઇ સંપૂર્ણં...સં. ૧૭૧૦ વર્ષે શ્રાવણ સુદિ ૪ ચોથિ દિનિ સોમિ ઉત્તરા નક્ષત્રિ યાદૃસા શ્રી સાહા જેહારાજિ શ્રી સમારથ ગછિ: ભણસાલી લાધાદાસ ભણસાલી લહૂઆ સુત લિપતં. હીર કીઉ વિક્રમ ચરીત, સહિતિ ત્રીસસતર સિલોક, ભણિ ગુણિ ઇહિરતે પરતિ, તિયા નરવંછિત થોક. ૧ સમસ્ત શ્લોકા ૩૩૭૦ (મારી પાસે એકજ ને તે છેલ્લું પાનું છે તે પરથી.)

(૨૭૩) કુમતિવિધ્વંસ ચોપઈ સં. ૧૬૭૭

[આમાં અ-મૂર્ત્તિપૂજક લુંકાને કુમતિ ગણી તેનો નિરાસ કરવા પ્રયત્ન થયો છે.]

* * * *

અંતે—

જિન સાસન જિન પ્રતિમા નમૈ, સિવસાસન હરિ મંદિર રમૈ,
મુસલમાન માનૈં મહિરાબ, પૂછો લુંકા તુમ્હ કુણ જાબ. ૮૩
નવિ જિન નવિ સિવ નવિ તૌરકી, મત માંડયો સહુએ મનથકી,
ન ગમૈ આગમ વેદ પુરાણ, ઉતર આપે ગલ પુરાણ. ૮૪
જિનપ્રતિમા પૂજી દ્રૂપદી, તિહાં લુંકાને ઉત્તર સદ,
તિણ તો પૂજી પરણણ ભણી, સુરયાભસુર કરણી ધણી. ૮૫
જંઘાચારણ જે અણગાર, તિહાં કહૈ લબધ તણો ભંડાર,
ઇમ જે ભાખીજે સૂત્ર ઇહિાં, તિહાં તિહાં પાપી કહૈ અછૂત્ર. ૮૬

ખંડયો શક્ર સ્તવન યકાર, ખંડયો પડકમણો આચાર
ખંડયા આગમ અંગ ઉપાંગ, તે નરનો નવિ કીજૈ સંગ. ૮૭
મુખ બોલૈ એ સૂત્ર ઉદાર, અક્ષર કાના માત મઝારિ,
ઉચ્છઈ ભણતાં હોઈ અતિચાર, તે પડિકમિયૈ સુણો વિચાર. ૮૮

....

લુંકે એ ઊખાણો ગ્રહ્યો, અક્ષર કાન્હાઈ પણ લહ્યો,
માહા આના વા દોષ ન કોઈ, પાખંડિયા ઇમિ પ્રગટયા જોઈ. ૯૦
ઇણ મતરી સંભલજ્યો વાત, ગુજ્જરદેસ અહમદાવાદ,
લુંકો લેહો તિહાંકિણ વસૈ, મુનિવર પરત લિખૈ અહ નિસૈ. ૯૧
પુસ્તક લિખી લિયૈ મુહમદી, સુખઇ સમાધઇ વસઈ તિહાં સદી,
એક દિવસ નિસુણો તસુ વાત, લિખતાં પાના છોડયા સાત. ૯૨
મુનિવર પારતિખ દેખી ચુક, લુંકા હાથિ પેઠકી ભુખ,
રીસાણો લેહો મનમાંહિ, લુંકા મત માંડયા તિણ ઠાઇ. ૯૩
સંવત પનરહસઈ અઠોતરઈ, જિનપ્રતિમા પુજા પરહરૈ,
આગમ અરથ અવર પરિહરઇ, ઇણિ પરિ મિથ્યામતિ સંગ્રહૈ. ૯૪
લખમસીહ તસ મળિયો સીસ, વક્રમતી નૈ બહુલા રીસ,
બિહુ મિલી નિષેધઇ દાન, વિનય વિવેક આણૈ ધ્યાન. ૯૫
પનહર ચોત્રીસૈ સમૈં, ગુરૂવિણ વેસ ધરી અનુક્રમઈ,
સંઘ માહિ તિણ કારણ નહીં, વીતરાગ ઇમ બોલે સહી. ૯૬
પરંપરા નવિ જાણૈ નાથ, જો કિમ લહૈ જિન સાસણ કામ,
વિણ પરંપરા ન લાભઇ ધરમ, કહિ અનુજોગ સૂત્રના મર્મ. ૯૭

* * * *

માહોમાહિ મિથ્યાતી કહે, જિન વેલા સમકિત કિમ રહઇ,
મોટા ખરતર તપમત વૈર, માહો માહિ ન ભાજૈ વૈર. ૪
બેગ્રા લુંકો બહુ મનમતી, બેટી કહે મ્હારૈ પાશ્વંદ જતી,
એક એક સહિસો નવિ મિલે, તિણ ધર સમકિત કિણ પર પલૈ. ૫

* * * *

સોલહસૈ સત્તોતર વાસ, કર્ણપુરી નયરી ઉલ્હાસ,
જેઠિ પુનિમ નૈ બુધવારે, શ્રી સંવેગિ જોગ અવતાર. ૧૦
ખરતર ગછ સુવિહત સિણગાર, શ્રી **જિનચંદ્ર** સૂરિ ગણધાર,
વાદીગંજન સિંઘ અપાર, જેહનિ કોઇ તસ્યો થૈકાર. ૧૧
ગુરૂશ્રી **દેવતિલક** ઉવઝાય, હરખ પ્રભુ તસુ સીસ કહવાઈ,
તિણ સહગુરૂનો આયસ લહી, **હીરકલસ** એ ચોપઈ કહી. ૧૨

—ઇતિ શ્રી કુમતિવિધ્વંસન ચોપઈ સમાપ્ત સં. ૧૭૫૮ વર્ષે ભાદ્રવા વદિ ૧ દિનૈ પંડિત શ્રી ૫ વૃદ્ધિવિજય ગણિ શિષ્ય મુનિ ઉત્તમવિજય લિખિતં આસોપ નગર મધ્યે, (મ. બ.)—વિદ્યા.

---

૧૫૬ હરખજી ૧૬૩૯ પહેલાં.

(૨૭૪) પુણ્ય પાપ રાસ (પ્રત. ૧૬૩૯)

---

૧૫૭ લાઇઆ ઋષિ શિ. સં. ૧૬૪૦ પહેલાં

(૨૭૫) મહાબળ રાસ. (પ્રત સં ૧૬૪૦)-વિદ્યા.

(હીરવિજય સૂરિના સમયમાં કર્ણઋષિના ચેલા જગમલના ચેલા જગમાલ ઋષિના ચેલા લહુઆ ઋષિ હતા કે જેનો ઉલ્લેખ 'સૂરીશ્વર અને સમ્રાટ' માં પૃ. ૨૯ મે કરવામાં આવ્યો છે તે અને આ લાઇઆ ઋષિ એક હોવાનો સંપૂર્ણ સંભવ છે. ઉપરોક્ત જગમાલ ઋષિએ સં. ૧૬૩૦ માં પોતાના ગુરૂ પોથી નથી આપતા એવી હીરવિજયસૂરિને બોરસદમાં ફર્યાદ કરી પણ એવી ફર્યાદ યોગ્ય નથી એમ જણાવ્યા છતાં તે ન સમજ્યો ત્યારે તેને ગચ્છ બહાર કર્યો તેથી જગમાલ પોતાનાં શિષ્ય લહુઆ ઋષિને લઈ પેટલાદ થઈ ત્યાંના હાકેમને ફર્યાદ કરતાં હીરવિજયસૂરિને પકડવા સીપાઇઓ મોકલાયા વગેરે. આ ૧૬૩૦ નો સમય ને કૃતિનો લખ્યા સં. ૧૬૪૦ બંને લગભગ મળે છે.)

અજ્ઞાતકવિ—

અંતે—ધન્ના શાલિભદ્ર રાસ. સં. ૧૬૨૪ આસો સુ. ૭ રવિ

સંવત **સોલચઉવીસા** સાર, આસો સુદ ૭ આદિતવાર
રંગવી સંઘવીનો સુતજ બોલિં, એહ સરલોક મેરૂનિ તોલિ. ૪૬
—ઉદયપુર ભં.

આ કદાચ ઋષભદાસની કૃતિ હોય.)

---

૧૫૮ હીરવિજયસૂરિ

(૨૭૬)શાંતિનાથ રાસ (૧૬૩૦ આસ.)

(૨૭૭) દ્વાદશ જલ્પ વિચાર પૃ. ૧૧ ગા. ૨૫૦ અમ.

મૃગાવતી–ડે.
પ્રભાતીઉં અજબ જ્યોતિ મેરે જિન કી. ૩૦૦ જૈ. પ્ર,
અંતરીક્ષ પાર્શ્વનાથસ્તવ.

આ મહાપ્રભાવક અકબર બાદશાહ પ્રતિબોધક જૈનાચાર્યનું સવિસ્તર વર્ણન માટે જૂઓ સૂરીશ્વર અને સમ્રાટ્, તેમણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પર ટીકા સંસ્કૃતમાં રચી છે. તેમનો જન્મ સં. ૧૫૮૩ માગશર શુદિ ૯ વૃદ્ધશાખીય ઓસવાલ શા કુંરા (કુંવરજી) ને ત્યાં ભાર્યા નાથીથી થયો હતો. જન્મ નામ હીરજી; દીક્ષા પાટણમાં વિજયદાનસૂરિ પાસે સં. ૧૫૯૬ કાર્તિક વદિ ૨ સોમે લીધી. સં. ૧૬૦૭ માં નારદપુરી-નાડલાઇમાં પંડિતપદ અને ત્યાંજ સં. ૧૬૦૮ માઘ શુદિ ૫ ને દિને વાચક પદ અને સં. ૧૬૧૦ પૌષ શુદિ ૫ ને દિને શીરોહીમાં સૂરિપદ મળ્યું હતું. અકબર બાદશાહને ત્રણ વખત મળ્યા હતા, પહેલી મુલાકાત સં. ૧૬૩૯ જેઠ વદિ ૧૩ ને દિને ફતેહપુર સીકરીમાં લીધી ને બાદશાહે પ્રસન્ન થઈ પુસ્તકોનો ભંડાર ભેટ ધર્યો કે જે આગ્રામાં રાખવામાં આવ્યો. પછીની મુલાકાતથી શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬

એમ બાર દિવસ જીવહિંસા બંધ રહે તે માટે બાદશાહે ફરમાનપત્રો કાઢયાં હતાં પછી ધીમે ધીમે બાદશાહને જીવદયા પ્રત્યે વાળી લીધા હતા અને બાદશાહે પોતાના રાજ્યમાં એક વર્ષમાં છ માસ સુધી જીવદયા પાળવાના હુકમો બહાર પાડયા હતા. ઘોડા, ગાય, બળદ, ભેંશ અને પાડા વગેરે જીવોનો વધ બિલકુલ બંધ કરાવ્યો હતો. ઘણાં પક્ષીઓને પાંજરાઓમાંથી છુટાં કર્યાં હતાં, ઘણા કેદીઓને મુક્ત કર્યા હતા અને આચાર્યના ઉપદેશના પ્રભાવે જીજીયા વેરો બંધ કર્યો હતો અને શત્રુંજયાદિ તીર્થો કરમુક્ત કર્યાં હતાં. ને આચાર્યને 'જગદ્ગુરૂ' નું બિરૂદ પણ આપ્યું હતું. તેમના સંબંધમાં હીરસૌભાગ્ય મહાકાવ્ય સંસ્કૃતમાં દેવવિમળ ગણીએ રચ્યું તેમાંથી તેમજ કૃપા રસકોશ, જગદ્ગુરૂ કાવ્ય વગેરે પરથી અનેક ઉપયોગી હકીકત મળી આવે છે. તેમણે છેવટે ઉનામાં સં. ૧૬૫૨ ના ભાદરવા સુદિ ૧૧ ના દિવસે સ્વર્ગવાસ કર્યો અને ત્યાં તેમના સ્તૂપ માટે અકબર બાદશાહે વીસ વીઘાં જમીન આપી હતી અને ત્યાં લાડકીબાઇએ સ્તૂપ બનાવી પદ સ્થાપના કરી હતી. હાલ તે મોજૂદ છે.

---

૧૫૯ ચારિત્રસિંહ (મતિભદ્ર શિ.)

(૨૬૮) મુનિમાલિકા—સં. ૧૬૩૬ વિમલનાથ દીક્ષા કલ્યાણક દિને રાણપુરમાં પ્ર૦ રત્નસમુચ્ચય તથા રામવિલાસ પૃ, ૨૯૧-૨૯૫.

આદિ—

રિષભ પ્રમુખ જિન પાયજુગ, પ્રણમું શિવસુખદાય કિ મન ઉલ્હાસ,
પુંડરીક શ્રી ગોતમ આદિક, ગણધર ગુરૂ મનકમલવિકાસ. ૧

પ્રહ સમઇ સૂધા સાધુ નમું નિત, ભાવઇ શ્રમણ સુગુણ ભગવંત,
નામ ગ્રહણ કરિ પાપિ પખાલું. પરમાણુંદ સુમતિ વિકસંત. ૨

× × × ×

અંતે—

સંવત સોલ છત્રીસ એ, શ્રી વિમલનાથ સુરસાલ,
દિક્ષા કલ્યાણક દિનઈં, ગ્રંથ શ્રી મુનિમાલ.   મ૦ ૩૧
રાણપુરઇ રલીઆંમણઉ, શ્રી શીતલ જિનચંદ,
સૂરવિજય રાજ્યે સદા, સંઘ અધિક આણંદ.   મ૦ ૩૨
શ્રી મતિભદ્ર સુગુરૂ તણુઈ, સુપસાયઇ સુપકાર,
ચારિત્રસંઘ વખાણીયઇ, શબ્દ શબ્દ જયકાર.   મ૦ ૩૩
મનોહર શ્રી મુનિમાલિકા, ગુણ ગણ પરમાતમ પુર,
કંઠ ઠવઈ ઉત્તમ જિકો, પામઈ સુખ ભરપુર.   મ૦ ૩૪
મહા મુનિસર ગાવતાં, સુરતરૂ સફલ સંમણ,
અષ્ટ મહાસિદ્ધિ ઘર ફલઇ સદા કલ્યાણ.
—મહામુનિ નિત નમુજી. મ૦ ૩૫

—૩-૧૦ (મારી પાસે છે) જેસલ. પ્ર૦ રત્નસમુચ્ચય

(જેસલમેરની ટીપમાં કવિના ગુરૂનું નામ જિનચંદસૂરિ ખોટું આપ્યું છે.)

---

૧૬૦ પુણ્યરત્ન (આં૦ સુમતિસાગરસૂરિ-ગજસાગરસૂરિ.)

(૨૯૯) નેમિરાસ-યાદવરાસ

આદિ—

સારદ પાય પ્રણમી કરી, નેમિતણા ગુણ હીયઈ ધરેવિ,
રાસ ભણું રલીયામણો, ગુણ ગાઇસ ગિરૂઆ સંખેવિ.   ૧
હું બલિહારી યાદવા.
એક રસઉ રથ પાછો વાલિ, અપરાધ ન મઈ કઉ કીઉ
કાંઇ છોડઇ નવ જોવન બાલ, રાજલ પ્રીઉ પ્રતિ ઇમ કહઈ.   ૨
હું બલિહારી યાદવા.

× × × ×

અંતે—

સમુદ્રવિજય તનુ ગુણનિલઉ, સેવ કરઈ જસુ સુરનરવૃંદ,
પુનરતન મુની વિનવઇ, શ્રીસંઘ સપ્રસન શ્રી નેમિજિણંદ. ૬૫
હું બલિહારી યાદવા.

—ઇતિ શ્રી નેમિનાથ રાસ સમાપ્ત સંવત્ ૧૬૩૯ વર્ષે કાતી વદિ ૭ દિને લિખિતં. પત્ર ૪ (ગુ. વિ.)

—મુ૦ શ્રી કાકા લખિતં. સં. ૧૬૯૭ વર્ષે ચૈત્ર શુદિ ૯ શ્રી. સ્તંભતીર્થે. ૪-૧૧ (વિ. ધ.)

—સં. ૧૭૩૬ વર્ષે શુકલપક્ષે લિખિતં શ્રી સર મધ્યે. ૨-૨૦ (મારી પાસે છે.)

(૨૮૦) સનતકુમાર રાસ (ગા. ૨૮૧) સં. ૧૬૩૭ વૈ. વ. ૫

અંતે—

વિધિપક્ષ ગચ્છનઉ રાજા, શ્રી **આર્યરક્ષત** સૂરિંદરે,
ગુણ અરાણિ તપ ગુણ તિલઉ સોલ કળા જસ્યો ચંદરે. જયુ૦ ૬૮
તસ પાટિં **જયસિંહસૂરિ** ધર્મઘોષ સૂરિ તાસ,
મહિંદસીંહ વલી ગુણભર્યઉ. જેણઇ જનના પદઉચાડા આસ જયુ૦ ૬૯
તિણઈ અનુક્રમિં અવતર્યા શ્રી **સુમતિસાગર** સૂરિસારરે,
શ્રી ગજસાગર સૂરિ તસ તણઈ, પાટિં જાણઉ ઉદારરે. જયુ૦ ૭૦
તાસ સીસ એ જાણજ્યો, **પુન્યરત્ન** સૂરિ કહિ રાસરે,
ભણઈ ગણઈ જે સાંભલઈ, તેહની પુહતુવઇ આસરે. જયુ૦ ૭૧
સંવત **સોલ તે જાણજ્યો સાડત્રીસઉ** તે સારરે
વૈશાખ વદિ ભલા પંચમી, રાસ રચ્યઉ રવિવારરે. જયુ૦ ૬૩
રાસ રહજિયો એ જ્યાંવાં લગઈ જ્યાંહાં ચંદ્ર અનઇ વલી સૂર,
આસ તે જનના પરજ્યો વિઘન તે જાજ્યઉ દૂરરે. જયુ૦ ૭૩
એ સુણી વાણી પુણ્ય જાણી ભાવ આણી ભાવશિ
તવ નિદ્ધિ સિદ્ધિ સુબુદ્ધિ સારી રિદ્ધિ વૃદ્ધિ તે પામશિ. જયુ૦ ૭૪

પાસ જિનવર અમર સુખકર તરણતારણ તતપરા,
તસ્ય આસ પૂરઇ વિઘન ચૂરઇ સધાસિરવર જિનવરા. જયુ૦ ૭૫
—ઇતિ સનતકુમાર ચક્રવર્તી રાસ સંપૂર્ણ. ૧૪-૧૩ આ. ક. ચં.

૧૬૧ ભાવરત્ન.

(૨૮૧) કનક શ્રેષ્ઠીનો રાસ સં. ૧૬૩૨ આસો વદ ૭ રવિ.
રસને ચંદ્ર યુગ્મં ત્રીસે મેલી બહુ સંવત્સરિરે,
આસો વદિ તીજ ચંદ્ર સાતમિરે, શુભયોગિ રવિવાસરિરે.
(પ્ર૦ ૧૬૬૫ ચૈત્ર વદી ૭ લીં; રત્ન.; ડે.)

૧૬૨ કનકસોમ (ખ૦ અમરમાણિકયશિ૦) જુઓ સાધુકીર્ત્તિ નં. ૧૪૭.

(૨૮૨) આષાઢભૂતિ સ૦ સં. ૧૬૩૮ વિજયાદશમી ખંભાત (?)
આદિ—

શ્રી જિનવદનનિવાસિની, સમરી સારદ માયારે
આષાઢભૂતિ ગુણ ગાવતાં, સામણિ કરઉ પસાયારે. ૧
ચતુર સનેહી મોહનાં૦
ચતુર સનેહી મોહનાં, સમગુણજાંણ સયાણારે;
આષાઢભૂતિ મહા મુણી, દેખત ચિત્ત લુભાણારે. ચતુર૦ ૨

× × × ×

અંતે—

ઇણિ પરિ ભાવન ભાવીજઇ, તપ કરી દાન વલિ દીજઇ,
જિન શાસનનઉ સિણગાર, એ મુનિવર થયા ઉદાર. ૫૯
સંવત **સોલઇ અઠતીસઇ,** દિન વિજય દસમિ સુજગીસઇ,
કહિ કનકસોમ સુવિચાર, સમશ્રી સંઘસું સુપકાર. ૬૦

—ચાર ઢાળ=ચોઢાલીઉં. પા. ૩–૧૪ ક. મુ. (મારી પાસે છે.)

—વૃદ્ધ તપાગચ્છે ભટ્ટારક શ્રી ભુવનકીર્ત્તિ સૂરિ તત્પટ્ટે ભટ્ટારક શ્રી રત્નકીર્ત્તિસૂરિ શિષ્ય સુમતિવિજયેન સં. ૧૭૨૨ વર્ષે શાકે ૧૫૮૭ દ્વિ૦ શ્રાવણ કૃષ્ણપક્ષે સપ્તમી દિને રાજનગરે લિખિતં. પા. ૬–૧૧ ગુ. વિ. ભં ૧, અમ૦

(૨૮૩) આર્દ્રકુમાર ચોપઈ સં. ૧૬૪૪ શ્રાવણ પહેલો અમરસરમાં.

આદિ—

સકલ જૈનગુરૂ પ્રણમું પાયા, વાગદેવ મુઝ કરઉ પસાયા,
ગાઇસુ **આ**દ્રકુમર રિષિ રાયા, જિણિ મુનિ પાલી પ્રવચન માયા. ૧

સકલ સુલાના લોઇ વધાવા, **આ**દ્રકુમર મુનિકે ગુણગાવા,
મગધદેશ ત્રિભુવન વિખ્યાતા, પુરવ સંત સેઠ રચ્યઉ વિધાતા
વસઇ સામાઇકે નામ કુટુંબી. સરલ ચિત્ત માયા ન વિટંબી. ૨

* * * *

સત્રઇ **સૂ**યગડંગઇ એ ભણ્યઉ, સબ સંબંધ રસાલ,
તિણિ અણુસારઇ પરિસિ ગાઇયઉ, જીવદયાપ્રતિપાલ. ધન૦ ૪૭

સંવત સોલ ચમાલા શ્રાવણ પુરઈ, નયરિ **અ**મરસરિ સાર;
કનકસોમ આણંદ ભગતિભરઇ, ભણતાં સબ સુખકાર. ધન૦ ૪૮

—૩–૧૫ મારી પાસે છે. જૂની પ્રત.

(૨૮૪) મંગલકલશ ચઉપઈ સં. ૧૬૪૯ માગશર શુ. મુલતાણમાં

આદિ— ફાગ ઢાળ.

સાસણદેવીય સામિણીએ, મુઝ સાનિધિ કીજઇ,
પુણ્યતણા ફલ ગાઇયએ, સુણતાં મન રીઝઈ,
મંગલકલસ તણો પ્રબંધ. કરૈવા મુઝરાગ,
શાંતિનાથ જિનચરિતથી, ઉધરિયું ફાગ.

* * * *

અંતે—

સંવત સોલહઇ ઉપરિ ગુણ પંચાસ, એ કીધો મંગલકલશ
ચરિત્રવિલાસ૦ ૧૩૯

(દૂહા).

અધિકઉં ઉણઉં જે કહ્યઉ, મિચ્છા દુક્કડ તાસ,
મુંલતાણ માહિ એ રચ્યઉં, મગસિર શુદિ ઉલ્હાસ. ૧૪૦
શ્રી જિનચંદ્ર સૂરીંદ ગુરૂ વર્ત્તમાન ગણધાર,
સુવિહિત મુનિચૂડામણિ યુગપ્રધાન અવતાર. ૧૪૧
ખરતરગચ્છ સુહાગકર અમરમાણિક ગુરૂ સીસ,
કનકસોમ વાચક કહઇ મંગલચરિત્ત જગીસ. ૧૪૨
—પંડિત સમયકીર્ત્તિ ગણિનાઽલેખિ, શ્રી મેદિની તટે;
ચેનસાગર યતિભં. ઉદયપુર.
—લિખિતં વીકાનેર નયરે પા. ૭-૧૩ ક. મુ. (મારી પાસે.)

---

૧૬૩ મંગલમાણેક (આગમ–બિડાલંબગચ્છ મુનિરત્ન-સૂરિ–આણંદરત્ન–જ્ઞાનરત્ન–ઉદયસાગર–ભાનુભટ્ટ શિ૦)

(મુનિરત્નસૂરિના પટ્ટધર આણંદરત્નના પ્રતિમા લેખ સં. ૧૫૭૫, લેખાંક ૪૨૧ ભાગ પહેલો અને સં. ૧૫૭૬ લેખાંક ૧૯૫ ભાગ બીજો ધા. સં. માં મળી આવે છે.)

(૨૮૫) વિક્રમરાજ અને ખાપર ચોરનો રાસ—સં. ૧૬૩૮
મહા સુદ ૭ રવિ. ઉજ્જયિનીમાં

અંતે—

વિક્રમ સિંહાસન છઇ બત્રીસ, કથા વૈતાલીણી પંચવીસ,
પંચદંડ છત્રની કથા, વિક્રમચરિત્ર લીલાવઇ કથા. ૨૯
પ્રવેસપરકાયની વાત, સીલમતી ખાપરની ખ્યાતિ,
વિક્રમપ્રબંધ અછઇ જે ઘણા, કહઇતા પાર નહી ગુણા. ૩૦

ઈત્તિ ઊમાહુ અંગિસું ધરી, ગુરૂ કવિ સંત ચરણુ અણુસરી,
ગદ્યકથા રાસ ઉદ્ધાર, રચિઉ પ્રબંદ્ધ વીરરસ સાર. ૩૧
વિડાલવગચ્છ આગમ્મ. આણંદરત્ન સૂરિ અનુપમ્મ,
તાસ સીષ્ય **મંગલમાણિક્ય**, વાચકઈ કરિઉ કથા આખિક્ય. ૩૨
સંવત **સોલ આઠની ત્રીસ** માઘ શુદિ સાતમિ રવિ દીસ,
અશ્લેષા શુભયોગિ રહી, ઊજ્જેણીઈ કથા એ કહી. ૩૩

....

—સં. ૧૭૧ () વર્ષે માહા વદિ ૧૩ દિને વાર શુક્રે મહોપાધ્યાય શ્રી ૫ શ્રી વિજયરાજ ગણિ શિષ્ય ગ. શ્રી અમરવિજય લષિતં દમાણિ ગ્રામે. (મ બ.)

(૨૮૬) અંબડ કથાનક ચોપાઈ શરૂ કર્યો—૧૬૩૮ જેઠ શુ.૫ ગુરૂ—પૂર્ણ કર્યો ૧૬૩૯ કા. શુ. ૧૩ ઉજ્જેણિમાં—નિઝામના રાજ્યમાં

આદિ—

વસ્તુ.

સદા સંપદ સદા સંપદ રૂપ ઓંકાર,
પરમેષ્ટી પંચઈ સહિત, દેવત્રણિ સારદા સેવિત;
માહાજ્ઞાન આંનંદમય બ્રહ્મ બીજ યોગીંદ્ર વંદિત,
ભુયણુ ત્રણિ ગુણુ ત્રણિમય, વિદ્યા ચૌદ નિવાસ;
હું પ્રણમૂં પરમાતમા, સર્વ સિધિ સુષવાસ. ૧

દુહા.

પરમ ઘોતિ પરમેશ જે, શ્રી ગુરૂ સારદ માય,
આદિ કવીશ્વર સંતજન, નિત વંદૂં તસ પાય. ૨

* * * *

અજ્ઞાનિઈં ભવિ ભૂલા જેહ, કથી શાસ્ત્ર પંથિ આણ્યા તેહ,
તે કવિ સાધુ તણા ઉપદેશ, સહી કથા કરૂં લવલેશ. ૧૨
મિત્ર **લાડજી** દરીયાગુણી, કરી પ્રાર્થના તેણઈ ઘણી,
મુનિ **લાડણુ**ના આદર વતી, **અંબડ** કથા કરૂં રસવતી. ૧૩

વામન પરઈ મંદ હૂં મૂલ, ઉંચા ફૂલ લેવા અનુકૂલ,
વીરકથા કહિવા રસ થાય, તે ગુરૂ **ભાનુભટ્ટ** મહિમાય. ૧૪

વિડાલંબીયા આગમ પક્ષ, શ્રી **મુનિરત્નસૂરીશ્વર** દક્ષ,
અષ્ટવિધાની બિરૂદ જેહનું, **અંબડ** ચરિત રચિઉં તેહનું. ૧૫

ગદ્ય પદ્ય બંધી તે કથા, તાસ સીસ સહૂ સમઝઈ યથા,
મંગલરૂપ રસિક પાવની, કહઇ વિશેષિઈ જનરંજની. ૧૬

અંબડવાત જેણિ નવિ સુણી, તે કિમ નામ ધરાવઈ ગુણી,
નવરસરૂપ સુણઈ જવ એહ, અન્ય કથા આદરઈ ન તેહ. ૧૭

સંવત **સોલ અઠતીસઈ** સાર, જેઠ શુદિ પંચમિ ગુરૂવાર,
માંડિઉં રાસ મૂલ સિધિયોગિ, રચી ઊજેણિ પુરી સંયોગિ. ૧૮

અંબડ વિદ્યાધરની કથા, સરસ વિનોદ બુધિમય યથા,
આદર કરી ભણઈ જે નિત્ત, સુણતાં સાહસીક હુઈ ચિત્ત. ૧૯

ધર્મ્મઈ લછિમી દીરઘ આય, ધર્મિઈ વિદ્યા નિર્મ્મલ કાય,
ધર્મઇ યશ પરમારથ સિધિ, ધર્મ્મઇ અખંડ પામિઉ રિધિ. ૧૦

તે ક્ષિત્રી કુણ થાનકિ હૂઉં, કિહાં ગયું સુખી કિમ થયું,
કરિઉ કિસ્યું કાજ કિહાં રહી, મૂલ કથા જોઇઈ તે કહી. ૨૧

વસ્તુ

વીર**અંબડ** વીર**અંબડ** હૂઉ વિખ્યાત,
વારઈ શ્રી જિન **વીર**નઈ, પ્રથમ વઇ તે હૂઉં નિર્દ્ધન.
ધનકારણિ તે સેવિવા, ગયુ પાસિ ગોરષ યોગિનિ,
માતપરઈ તસ હિતકરી, દીધ સત્ત આદેશ,
સાહસ બલિ તેણઈ કીયા, થિઉ બલવંત નરેસ. ૨

× × × ×

અંત—

ભટીપાંન નિઝાંમ પસાય, વિદ્યા ભણી **ભાનુભટ** પાય,
મિત્ર **લાડજી** સુણિવા કાજિ, વાંચી કથા **વિડાલંબી** રાજિ,

કહઈ વાચક **મંગલમાણિક્ય**, અંબડ કથા રસઈ આધિકય,
તે ગુરૂ કૃપાતણો આદેશ, સાતમાંહિ છઠો આદેશ.

* * * *

શ્રી જિનવીર કથા એ કહી, ઉવવાઈ સૂત્રઈ તે ગ્રહી,
એ પરૂપણા સવિ ગણધરે, કરી સદ્દહી શ્રાવકિ પરે. ૧૩
ને **અંબડ** અનશન ઉચ્ચરી, અંતકાલિ શુભ લેસ્યા ધરી,
પંચમ દેવલોકિ ઇમ ગયુ, દેવાંગના સુપભોગી હુઉં. ૧૪

* * * *

તે માટઈ આહાં આવ્યું આજ, તૂં છઈ ભાગ્યધણી મહારાજ,
મઇં જાણિઉં દીઠઉ ભંડાર, કર વિચારી જે હુઈ સાર. ૨૮
વિક્રમસિંહ સુંણી એ વાત, તુરંગક સહિત લેઈ સહુ સાથ,
ધનગિરિ ગયા યોગિની ઠાહિ, કોપ દેખાડિઉ ધન જે માંહિ. ૨૯
ઊપરિ ધ્યાન કુંડિકા ધરી, જેતલઈ તે લેઇ પાછી કરી,
તત્ર અનાહત શબ્દ નીસરિઉં, તુમ્હ હો જાૂઠ પ્રયાસ કાં કરિઉં. ૩૦
ઊજેણીઈ વિક્રમ નૃપ હસઈ, એ ભંડાર તેહ વિલસસઈ,
એહવો ભાગ્યધણી નહીં કોય, બીજો જે ધન વિલસઇ લોઇ. ૩૧
એ સવિ વાત જાણવી સાચ, એહવી હુઈ દેવતા વાચ,
સુંણી વાંણિ પાછો નૃપ જાય, વિક્રમસિંહ આવિઉ નિજ ઠાય. ૩૨
જીવનવૃત્તિ કુરૂ બક્કનઈ કરી, કીઉ સુખી પ્રેમ મનિ ધરી,
કુર્બલ તૂં બલ રાજા જાણિ, એહવી અછઈ શાસ્ત્રની વાણિ. ૩૩
જે વિજયા **ઉજેણીઠાય**, હૂઉ સાહસી **વિક્રમરાય**,
તૂઠો જાસ અગ્નિવેતાલ, સોવનપુરસો દીધ વિશાલ. ૩૪
મણિમય સિંહાસન પૂતલી, બત્રીસઈ જટિત તે વલી,
આપિઉં પાટિ બઇસિવા કાજિ, કરી ભેટિ વેતાલઇ રાજિ. ૩૫
ઊપરિ **વિક્રમાદિત્ય** તે રાય, બઇઠો મસ્તકિ છત્ર ધરાય,
પંચદંડ છત્રનૂં નામ, રિધિ સિદ્ધિદાયક જય ઠાંમ. ૩૬
તેણઇ પૃથિવી ઊરણ કરી, આજ લગઇ રહિઉં તે ચરી,
સંવત્સર આંક તેહતણો, ચાલિઉ સયલ દેશિ છઈ ઘણો. ૩૭

વિક્રમ પછી ભૂમિગત કરિઉં, તે પીઠ ભોજ વારઈં નીસરિઉં,
સિંહાસન બઇસણિ સજ હુઈ, પૂતલી એ વારિઉ તો રહિઉં. ૩૮
પુતલી એ વિક્રમરાયના, સુગુંણ તણી કીંધી વર્ણના,
તથા બત્રીસઈં પૂરી હુઇ, પછઇં પીઠ અદૃશ થિઉં જઈ. ૩૯
એ બત્રીસ પૂતલી ચરિત્ર, જે સિંહાસનિ હતી વિચિત્ર,
આદિ થિકી જાણિવી કથા, વિદુષે કહી પ્રથમ સર્વથા. ૪૦
ઇમિ શ્રી ગોરષ યોગિની તણી, પામી કૃપા અંબડિઇં ઘણી,
હુઇ સિદ્ધિ ક્ષિત્રી તેણઇં સાત, કર્યા આદેશ વિશ્વ વિખ્યાત. ૪૧

વસ્તુ.

એહ અંબડ એહ અંબડ, સાત આદેશ,
ફલ શત શર્કર વૃક્ષનું, અંધારી યોગી વપાણો,
વિમલ રત્નહાર જમુગુણ, વલી નવલખી માંકડી ગણો,
રવિ ચંદ્ર દીપક સરવ, અરજજ શંકર દંડ,
મુકુટમાંહિ પછે વડઉ, એ સવિ કીયા અષંડ. ૪૨

ચૌપઇ.

એ ચિત્ર રૂપ આગઈં નવિ હૂઆ, હોસઈં નહીં તે કીયા જૂજૂઆ,
સીધા જેજે વિકટ ઉપાય, તે સવિ સત્ત્વ તણો મહિમાય. ૪૩
સુવિહિત ગચ્છ આગમીયા નાંમ, વિડાલંબી પાટનઉં ઠાંમ,
તે અણહિલપુર પાટણિપાસિ, ગુર્જ્જર દેશિ મધ્યનઈં વાસિ. ૪૪
શ્રી મુનિરત્નસૂરિ ગચ્છ ધણી, આનંદરત્નસૂરિ પટિ ગુણી,
જ્ઞાનરત્ન ગુરૂગણશૃંગાર, ઉદયસાગર વાચક પરિવારિ. ૪૫
તાસ પટ્ટિ મંગલમાણિક્ય, વાચક વિદ્યા રસિ ચાણિક્ય,
પંડિત આગલિ તે મતિમંદ, ભાનુભટ્ટ ગુરૂ વિદ્યાવૃંદ. ૪૬
રચી ચઉપઈ તાસ પ્રસાદ, અંબડકથા તણો અનુવાદ,
લાડજીય સુત દરીયાતણો, કીધો સાંભલિવા પપ ઘણો. ૪૭
શિષ્ય સાધુ વાંચિવા કાજિ, ભણિવા સજ્જનતણી સમાજિ,
ઉમાહો અંગઈં અતિ ધરી, ગુરૂ કવિ સંત ચરણ અણુસરી. ૪૮

ગદ્યબંધ ચઉપઇનઈ બંધિ, કીધો મિલી નવે સંબંધિ,
ઉછઉં અધિક કહિઉં મઈ જેહ, શુદ્ધ કરૌ સંત ગુરૂ તેહ. ૪૯
સાત આદેશે **અંબડ** પર્વ, દૂહા ચોપઈ વસ્તુ થઈ સર્વ,
શ્લોક સહિત સર્વાકઈ સહી, બાવીસ સઈ સવાતે હુઇ. ૫૦
બિસઈ ચઉરાસી પ્રથમાદેશ, બીજઈ બિસઈ અડસઠિ અસેસ,
બિસઈ નવ્યાસી ત્રીજઈ જાંણિ, ચૌથઈ ત્રણિસઈ છક્ર વર્ષાણિ. ૫૧
ત્રણિ પાંત્રીસ પંચમઈ જોઈ, છઠઈ બિસઈ છિયાસી હોય,
ચૌસઈ સતાવન સાતમઈ, ચૌપઈ સાત આદેશે સવઈ. ૫૨
સંવત **સોલ ઉગણચ્યાલીસ**, કાર્તિક સિત તેરશિ શશિદીસ,
સિદ્ધિયોગ ઋક્ષ અશ્વિની, **અંબડ**રાસ ચઉપઇ નીપની. ૫૩
ભણતાં બુદ્ધિ શરીરઇ સોય, બુદ્ધિથિ કઈ સિદ્ધિ સવિ હોય,
સિદ્ધઈ દેવ ધર્મ્મ ગુરૂભક્તિ, ગુરૂભક્તિથી પામીઈ મુક્તિ. ૫૪
નવરસમય **અંબડ**રાયની, શ્રોતા વક્તા જનપાવની,
વીરકથા ભાવઈ જે કહઈ, ચ્યારિ પદારથ સહિજઈ લહઈ. ૫૫
જાં રહઈ અંબર અવની ચંદ, જાં વિદ્રતારા ગિરિ ઇંદ,
સાગર શેષ દ્વીપનો વાસ, તાં લગિ રહો એ કથા પ્રકાસ. ૫૬
ઊજેણીઇ રહી ચોમાસિ, કથા રચી એ શાસ્ત્ર વિમાસિ,
વિનોદ બુધિ વીર રસ વાત, પંડિત રસિકમાંહિ વિખ્યાત. ૫૭
ભટ્ટી પાંન નઇજામ પસાય, વિદ્યા ભણી **ભાનુભટ** પાય,
મિત્ર **લાડજી** સુણિવા કાજી, વાંચી કથા **વિડાલંબી** રાજિ. ૫૮
કહઇ વાચક **મંગલમાણિક્ય**, **અંબડ** કથા રસઇ અધિકય,
તે ગુરૂ કૃપા તણો આદેશ, પૂરા સાત હૂઆ આદેશ. ૫૯

—ઇતિ શ્રી મુનિરત્નસૂરિ વિરચિતે શ્રી ગોરખ યોગિની દત્ત સપ્તાદેશ અંબડ કથાનક ચતુષ્પદિકા સંપૂર્ણ.

—ઇતિ શ્રી મુનિરત્નસૂરીસ, ગોરખયોગિની દીધા સીસ, અંબડ કથાનકઇં આદેશ, કીધા સાતઇં કહિયા વિશેષ. સંવત ૧૭૬૪ વર્ષે વૈશાખ શુદિ દ્વિતીયા દિને વાર બુધે, શ્રી સૂરત બંદિર મધ્યે લિપાપિતા.

પા. ૧૭૬ પં. ૯ આ. ક.

૧૬૪ હીરકુશલ (ત૦ વિમલકુશલ શિ.)

(૨૮૭) કુમારપાલ રાસ. સં. ૧૬૪૦ અક્કમપુરિમાં.

આદિ— દૂહા.

પયપંકજ જસ પ્રણમતાં, પાંમીજિ સુરરિદ્ધિ,
ત્રિશલાનંદન દુખ હરઈ, નામં મંત્રિ બહુ સિદ્ધિ. ૧
ગજગતિ સરસતિ સમરતાં, લહીઈ વચન રસાલ,
કવિ કોટિ સેવા કરિ, નિમીલયાત મરાલ, ૨
નિજ ગુરૂના હૃદયે ધરી, વિમલકુશલ સુપવિત્ર,
હીર કુશલ કહે કવિ જિ સુણીઉ, કુમારપાલ ચરિત્ર. ૩
ત્રિહું ભુવનિ જિશ તેહનું, શાં કીધાં તેણિ કામ,
કહિતાં કવિજન સાંભલઉ, નામ ઠામ તસુ ગામ. ૪

* * * *

અંતે—

શ્રી સોમસુંદર સૂરિ સીસ વાચકવરૂ, તેણિં કરિઉં કુમરનૃપનઉં ચરિત્ર,
તેહ ઊપરિ રચિઉં **સંવત સોલોત્તરઈ વર્ષ ચ્યાલીસ અ**ક્કમપુરિ
પવિત્ર. ૧૬ આ.
પ્રવર તપગચ્છપતિ હીરવિજય ગુરૂ, જયવિજય તનૂ વિજયસેન સૂરી,
જણે સોહમ્મ જંબુ સ્વામિગણધરા સેવતાં સંપત્તિ સકલ પૂરી. ૧૭
સુરવધૂ નૃપનઈ કરિ ભામણા.
તસ ગચ્છમાંહિ તેજે કરી દીપતુ, જીપતુ કામરિપુ શીલ શુદ્ધિ,
વિમલ યશ કુમર જસ લીધો બિધો વિબુધપદ મંડલી
માંહિ પ્રસિધ્ધો. ૧૮
અકલ સીદ્ધ કમલિ રમઈ ભમર પરિ, વીણિ મકરંદ પીઇ મનહ રંગિ,
હીરકુશલ કહિ કુમર નૃપ કંરઝઉં રાસ ભણતાં હુઈ આણંદ અંગિ—
૧૯ સુરવધૂ કુમર.

—સં. ૧૭૦૨ કારતગ સદ ૨ દન સન ઝંઝુવાડા મધે કોઠારી અમંથા લપ નં. ૪૦-૧૩ (ચા.)

૧૬૫ *નયસુંદર (વડતપગચ્છ ધનરત્નસૂરિ-ભાનુમેરૂ ગણિ શિ.)

(૨૮૮) +રૂપચંદ કુંવર રાસ. સં. ૧૬૩૭ માગશર શુદિ ૫ રવિ. વીજાપુરમાં.

આદિ— શ્લોક.

અર્હતસિદ્ધગણેંદ્રોપાધ્યાય સાધૂંશ્ચ શારદાં ।
ગુરૂં પ્રણમ્ય સદ્રૂપચંદ્રરાસં તનોમ્યહં ॥ ૧

શૃંગાર હાસ્ય કરૂણાદ્ભૂત વીર ભયાનકાઃ ।
રૌદ્રાબિભત્સ શાંતાશ્ચે દિમૈ નવરસૈર્યુતં ॥ ૨

વસ્તુ છંદ.

આદિ જિણવર આદિ જિણવર અજિત અરિહંત,
સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાસ સસિપહ (ચંદ્રપ્રભ),
સુવિધિ શીતળ શ્રેયાંસજિન વાસુપૂજ્ય જગગુરૂ વિમલતહ,
અનંત ધરમ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત સ્વામિ,
નમિ નેમિ પાસ વીરજિણ, વંદું વાંછિત કામિ. ૧

પછી ૨૦ વિહરમાનજિન, પંચપરમેષ્ઠી, ગણધરો, ચક્રેશ્વરી આદિ દેવીઓનું, ચાર કડીમાં સ્મરણ કરી પછી સરસ્વતીની તથા સુગુરૂની સ્તુતિ ૩૫ કડીમાં કરી નીચે પ્રમાણે જણાવે છેઃ—

આગે કવિજન હુઆ અપાંર, તે સર્વેને કરી જુહાર,
વિબુધ સંત જાણી ઉપકાર, કૂડું હોય ત્યાં કરજો સાર. ૩૬

---

* આ કવિવરનું ચરિત્ર મેં સવિસ્તર લખ્યું છે તે માટે જુઓ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૬ ઠું, કે જેની અંદર આ કવિનાજ રાસાઓ (આ રૂપચંદ કુંવર રાસ, નળદમયંતી રાસ અને શત્રુંજય ઉદ્ધાર રાસ પ્રકટ થયા છે.) પ્રસ્તાવનામાં કવિચરિત્ર ઉપરાંત મેં આ રૂપચંદ કુમાર રાસનો સાર પણ આપ્યો છે.

કવિત કવિત કરી સહુકો કહે, કવિત ભાવ તો વિરાગ લહે,
સોઈ કવિત જેણે દુશ્મન દહે, પંડિતજન પરખી ગહગહે. ૩૭
શારદ માત વસિ મુજ અંગિ, કરશું કવિતા રૂડે રંગિ,
સુણતાં સરસ સુવેધક બોલ, હર્ષ તણા વધશે કલ્લોલ. ૩૮
ઇષ્ટદેવ પ્રણમી ગુરૂપાય, ગાઈશું રૂપચંદ-ઋષિરાય,
શ્રવણસુધારસ રાસ પવિત્ર, સાંભળજો રૂપચંદ ચરિત્ર. ૩૯
શ્રોતા કવિ વાણિ મત ધરો, રખે કોઈ વિચ વિકથા કરો,
અપ્રતિબદ્ધ સભામાંહિ જોય, કવિ ચતુરાઈ નિષ્ફળ હોય. ૪૦
જિમ નારી સોળે શૃંગાર, આગળ વિફળ અંધ ભર્ત્તાર,
તે ભણી તુમે ચતુર છો સહુ, જાણ પ્રતેં શું કહિયે બહુ. ૪૧
નિદ્રા વિકથા છાંડિ દૂર, ઇક ચિત્ત સહુ આણંદપૂર,
રૂપચંદ સુકથા-કલ્લોલ, સાંભળજો સહુ કરી નિરોલ. ૪૨

* * * *

અંતે—

ઇમ જે રૂપચંદ મુનિ પરે, ભોગાદિક વિલસી પરિહરે,
સાધે સોઇ કાજ આપણું, ઇહિ ભવેં પરભવેં સુખ લહે ઘણું. ૧
રૂપચંદનો ઇણિપરે રાસ, રચ્યો અંગે આણી ઉલ્લાસ,
કવણ શિષ્ય તે કવિતા હોય, કુણ સંવત્સર કીધો સોય. ૨
શ્રી જિનવર શાસન સુવિવેક, હૂવા અભિનવ ગચ્છ અનેક,
ચંદ્રગચ્છ મૂળગો ઉદાર, સકળ ગચ્છમાં સોહે સાર. ૩
તે શ્રી ચંદ્રગચ્છ શિણગાર, શ્રી ધનેશ્વર સૂરિ ઉદાર,
ચિત્રપુરિ દેશન વિખ્યાત, પ્રતિબોધ્યા દિગપટ સયસાત. ૪
થાપ્યો ચૈત્રગચ્છ ઇતિ નામ, તિહાં ગુરૂ ભુવનચંદ્ર અભિરામ,
સૂરીશ્વર ગિરૂવા ગછપતિ, તાસ શિષ્ય મહા મુનિવર યતિ. ૫
દેવભદ્ર ગુરૂ મણિ અવતંસ, વીરવચનમાનસસર હંસ,
સંવત બાર પંચાસીએ ચંગ, શુદ્ધ ક્રિયા તપ કર્યો અભંગ. ૬

શ્રી ગુરૂ દેવભદ્રગણિરાય, જાવ જીવ આંબિલ નિર્માય,
વિદ્યાપુરિ તપ કરી એકમના, તપાગચ્છ કીધી થાપના. ૭
તાસ શિષ્ય શ્રી ગચ્છાધીશ, પૂજ્ય વિજયચંદ્ર સૂરીશ,
જેહથી વૃદ્ધ તપાગચ્છ નામ, પ્રગટ્યો પુણ્ય પ્રબળ અભિરામ. ૮
તાસપાટેં ગિરૂઆ ગચ્છપતિ, શ્રી ક્ષેમકીર્ત્તિ સૂરીશ્વર યતિ,
બૃહત્કલ્પ ટીકા અસમાન, કીધી સહસ બેતાલીસ માન. ૯
પરવાદીગજભેદનસિંહ, ગછનાયક ગુરૂ અકળ અબીહ.
તસ અનુક્રમે રત્નાકરસૂરિ, જસ નામે હોય પાતિક દૂરિ. ૧૦
રત્નાકર ગછ એહનું નામ, એ ગુરૂથી પ્રગટ્યો ઉદ્દામ,
તસ અનુક્રમેં જયતિલક સુરીંદ, તસ પરતખ હુઓ ધરણિંદ. ૧૧
તાસ પટેં જિમ ગોતમ સ્વામિ, શ્રી રત્નસિંહ સૂરિ સુખધામ.
જિણે નિજ વચને વડો પાતશાહ, પય પ્રણમાવ્યો અહમદશાહ. ૧૨
તાસ પાટેં ઉદયાચળ ભાણ, શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વર જાણ,
તસ પટ્ટાલંકરણ મુણિંદ, જ્ઞાનસાગરસૂરિ જ્ઞાનદિણંદ. ૧૩
પટ્ટ પ્રભાવિક આણંદ પૂરેં, વંદું શ્રી ઉદયસાગરસૂરિ,
તાસ પાટદીપક દિનરાજ, ગુરૂશ્રી લબ્ધિસાગર ગુરૂરાજ. ૧૪
તાસ પાટોદ્યોતક દિનકાર, ગચ્છપતિ ગૌતમ અવતાર,
શ્રી ધનરત્નસૂરિ ગણધાર, જસ નામે નિત નિત જયકાર. ૧૫
તાસ શિષ્ય તસ પાટપ્રધાન, અમરરત્નસૂરિ સુગુણનિધાન,
સતીર્થ શ્રી તેજરત્ન સૂરીશ, સકળસૂરિ વંદું નિશિદીસ. ૧૬
ગચ્છપતિ શ્રી અમરરત્ન સૂરીંદ, તાસ પાટે ગુરૂ તેજમુણિંદ,
દેવરત્ન સૂરીશ્વરરાય, વિજયમાન વંદું નિત પાય. ૧૭
શ્રી ધનરત્ન સૂરીશ્વર શિષ્ય, અંગે ગુણ સોહે નિશિદિશ,
વિજયવંત વંછિત સુખકાર, શાસન સોહ ચડાવણહાર. ૧૮
મુખ્ય વિખ્યાત સદ્‌ગુરૂતણા, માણિક્યરત્ન વિબુધ ગુણ ઘણા,
ગુરૂશ્રી ભાનુમેરૂ બુધરાય, તસ પદપંકજ મધુકર પ્રાય. ૧૯

લઘુ વિનયી **નયસુંદર** વાણિ, છઠ્ઠો ખંડ ચડયો પરિમાણિ,
મુનિ શંકરલોચન રસમાન, ભેળે ઈંદુ (૧૬૩૭) જો સાવધાન.૨૦
એ સંવત્સર સંખ્યા કહી, માર્ગશીર્ષ મસવાડો સહી. ૨૧
શુદિ પંચમી નિર્મળ રવિવાર, નક્ષત્ર ઉત્તરાષાઢ ઉદાર.
વિજય મુહૂર્ત વૃદ્ધિ યોગ કહ્યો, તવ આ રાસ સંપૂરણ થયો. ૨૨
વીજાપુર નર નયર મઝાર, રચ્યો રાસ શારદ આધાર,
હું મૂરખ માનવી અજાણ, જે બોલ્યો તે માત્ર પ્રમાણ. ૨૩
જે જગ વિબુધ સંત કવિપતિ, કરજોડી તસ કહું વીનતિ,
અસદ્વચન જે જાણો અહીં, તે તમે સુધો કરજો સહી. ૨૪
કેતો ચરિત્ર માંહેલો ચરી, કેતો કહ્યો સ્વબુધ્ધેં કરી,
કેતી વાત સુણી તે કહી, અધિકું ઓછું ખામું સહી. ૨૫
વીતરાગના વચન વિરૂદ્ધ, જે મેં કાંઈ કહ્યું અશુદ્ધ.
જિનવર સંઘ સાખેં જાણજો, તે મુજ મિથ્યા દુષ્કૃત હજો. ૨૬
પ્રથમ (શૃંગાર) રસ થાપિયો, છેડો શાંતરસે વ્યાપિયો,
બોલ્યા ચાર પદારથ કામ, 'શ્રવણસુધારસ' રાસ સુનામ. ૨૭
એ ભણતાં ગણતાં સુખસિદ્ધિ, એ સુણતાં વાધે વરબુદ્ધિ,
એ સુણતાં જાએ મતિમંદ, એ સુણતાં ઉપજે આણંદ. ૨૮
એ સુણતાં સવિ આરતિ ટળે, એ સુણતાં મનવંછિત મિળે.
આવે હર્ષતણા કલ્લોલ, એ સુણતાં મંગળ રંગરોળ. ૨૯
એકમના આણી ઉલ્હાસ, **નયસુંદર** જાણી એ રાસ,
જે નરનારી ભણે સાંભળે, તે ઘર નિશ્ચે ચઢળાં ફળે. ૩૦

(૨૮૯) શત્રુંજય (સિધ્ધાચલ) ઉધ્ધાર રાસ. સં. ૧૬૩૮ આશો શુદિ ૧૩, અમદાવાદમાં.

આદિ— વસ્તુ છંદ.

વિમલગિરિવર વિમલગિરિવર, મંડણો જિનરાય,
શ્રી **રિસહેસર** પાય નમિ, ધરિય ધ્યાન **શારદા** દેવિય;
શ્રી **સિદ્ધાચલ** ગાયશુંએ, હીએ ભાવ નિર્મલ ધરેવિય,

શ્રી શત્રુંજગિરિ તીરથ વડો, સિદ્ધ અનંતી કોડી,
જિહાં મુનિવર મુક્તેં ગયા, તે વંદૂં બે કરજોડી. ૧

* * * *

અંતે—

સોલ અઠત્રીશે આશો માસે, શુદિ તેરસ ભ્રુગુવાર,
અહમ્મદાવાદ નયરમાંહે, મેં ગાયોરે શત્રુંજય ઉદ્ધારકે—ભેટયો. ૧૨૧
વડ તપ ગચ્છ ગુરૂ ગચ્છપતિ, શ્રી ધનરત્ન સુરિંદ,
તસ શિષ્ય તસ પટ જયકર, ગુરૂ ગછપતિરે અમરરત્ન સુરિંદકે—
ભેટયો. ૧૨૨

વિજયમાન તસ પટધરૂરે, શ્રી દેવરત્ન સુરીશ,
શ્રી ધનરત્ન સુરીશ તણારે, શિષ્ય પંડિતરે ભાનુમેરૂ ગણીશકે—
ભેટયો. ૧૨૩

તસ પદ કમલ ભ્રમર ભણે, નયસુંદર (દે) આશીષ,
ત્રિભુવનનાયક સેવતાં, હવે પુગીરે શ્રી સંઘ જગીશકે— ભેટયો. ૧૨૪

કલશ.

ઇમ ત્રીજગનાયક મુગતિદાયક, વિમલગીરીમંડણ ધણી,
ઉધાર શેત્રુંજે સાર ગાયો, સુણો જિન મુગતી ધણી,
ભાનુમેરૂ પંડીત સીસ, દોઇ કરજોડી કહે,
નયસુંદર પ્રભુ પાય સેવા, દેહી દરીશણ જયકરૂં. ૧૨૫

—લિ. લખમિચંદ સિધપૂર નગરે-સં. ૧૮૫૫ વઇશાખ વદ ૮ મંગલવાસરે. ૪-૧૭ પ્ર૦ શા. ભીમશી માણેક તેમજ આ. કા. મહો. મૈ. ૬ ડું.

(૨૯૦) **પ્રભાવતી રાસ.** સં. ૧૬૪૦ આશો સુદ ૫ બુધ વિદ્યાપુરી (વીજાપુર)માં.

આદિ— પ્રથમ ઢાલ. વેલિનો-આસાઉરી દૂહા.
પ્રથમ નાથ દાતા પ્રથમ, જગગુરૂ પ્રથમ જુગાદિ,
પ્રથમ જિણંદ પ્રથમ નમું, જેણે કરી પુણ્યાદિ.

* * * *

અંતે—

બટ્ સિત્તિરી વિદ્યાપુરીવે, મહિ રહીયા ચુંમાશિ,
શ્રી સંઘને આગ્રહે ઉલ્લહી, જિન વીર વંદી ઉલ્લાસી. ૨૫
સોલ ચ્યાલિશિ વરષિ હરષે આસો પંચમી ઉજલી,
બુધવાર અનુરાધા નક્ષત્રે પ્રીતિયોગે મનિરૂલી. ૨૬
લઘુવૃત્તિ ઉત્તરાધ્યયનની વર મોહ સહસ્ત્રીમાંહિ,
અધ્યયન જોઈ અઢારમું આખ્યાન રચ્યું ઉચ્છાંહિ. ૨૭
આખ્યાન એહ પ્રભાવતીનું નૃપ ઉદાયી ચરિત્ર,
પદમાદ પરહો પરિહરી, સાંભલો પુણ્ય પવિત્ર. ૨૮
શ્રી વીરશાસન વર વિભાસન ચંદ્રગચ્છ વિશાલ,
ગુરૂ ભવનચંદ્ર વિનેય ગણીવર દેવભદ્ર દયાલ. ૨૯
સંયમ ક્રિયા શુદ્ધ ઉદ્ધરી જેણે કરિઓ તપ ઉદ્દામ,
સંવત બાર પંચાશીઈ થાપ્યું તપાગછ નામ. ૩૦
જુગપ્રવર એ ત્રણિઇ સીસ તેહનાં સૂરિ શ્રી જગચંદ્ર,
દેવેન્દ્રસૂરિ સુદક્ષ ગણધર વિજયચંદ્ર સૂરીંદ. ૩૧
બૃહત્ કલ્પ સુવૃત્તિને, અવસાંને એ અધિકાર,
શ્રી વિજયચંદ્ર સૂરીંદથી વૃદ્ધ તપાગચ્છ ઉદાર. ૩૨
મહા પભાવક ગણધર જસ નામે પરમાનંદ,
પાટ્ટાનુપટ્ટ અનુક્રમે શ્રી રત્નસિંહ સૂરીંદ. ૩૩
ગુરૂ વલ્લભ જ્ઞાનસાગર ઉદયસાગર સૂરિ,
શ્રી લબ્ધિસાગર ગચ્છપતી પ્રણમતાં પાતિક દૂરિ. ૩૪
તસુ પાટિ મહિમાવંત ગણધર શ્રી ધનરત્ન સુજાંણ,
શીષ અમરરત્ન સૂરીસરૂ, વ્યાકરણ લીહ પ્રમાણ. ૩૫
તેજરત્ન સૂરીવર ગુરૂ, સહોદર તાસ કેરા હોઇ,
શ્રી દેવરત્ન સૂરીસરૂ સહિ ગુરૂ પટ્ટોધર જોઈ. ૩૬
ચારિત્રરયણભંડાર બુધ શ્રી ભાનુમેરૂ ગણીંદ,
ધનરત્ન ગચ્છપતિ તણાં સેવક જયુ જાં રવિચંદ. ૩૭

તસ શિષ્યમાંહિ દક્ષ પંડિત મુખ્ય માણિકરત્ન,
લઘુ ભ્રાત કહેં નયસુંદરો, કરૂં ભવિકધર્મ યત્ન. ૩૮
દોહિલું માણુસ જન્મ પામી, કરો આલસ દૂરિ,
પૂજા કરો જિનરાજની, પ્રહિ ઉદય હુંતિ સૂરિ. ૩૯
અષ્ટ પ્રકારી સતર ભેદી સારિઈ જિનની સેવી,
પાપ સઘલો પરિહરી આરાધિ દેવાધિદેવ. ૪૦
લક્ષ્મી લહી કર વાવરો, મમ થાઓ કૃપણ અજાંણ,
પામીરે ધન મદ માણયો, મ કરયો આપ વખાણ. ૪૧
સત્યવાણી સાર જાણી, વદું મીઠડી ભાષડી,
તપ ભાવ ભગતેં કરો સગતેં, આરાધો વ્રત આખડી. ૪૨
પરનારિ દેખી ગુણ ઉવેખી, ચપલ મ કરો આંખડી,
અંગી અંગિ સુકતિ કારણિ જ્ઞાન દરશન પાંખડી. ૪૩
ક્રોધ તાપ શમવાને આરોગ સરસ સમતા સેલડી,
જિન આણ સાધી કરો વરધી સિદ્ધિવધૂશિઉં ગેલડી. ૪૪
પરમાંગ ચ્યારે લહી દુર્લભ પુણ્ય પાવડીએ ચડી,
પરમાદ પાપી વશિ પડિનેં રખે જાઓ લડથડી. ૪૫
નહિ વાર લાગે કાંમ જાગે હુંતા ઋદ્ધિ પીઆરડી,
વરપુણ્ય કેરા કાજ કરિવા કો વિલંબ કરો ઘડી. ૪૬
સંઘપૂજા સાહમી ભગતિ પહિલી ચલાવુ ધર્મ્મવારડી,
ઓઢો સુઆવીઅલવિ અંગે દયા દક્ષણ ઘાટડી. ૪૭
ગુણ સુણી સાધૂ ઉદાયી કેરાં જાલો કર્મહ કાંચડી,
આખ્યાન સુણી પ્રભાવતીનું સુકૃત સંચો ગાંઠડી. ૪૮
ગુણવંત ઋષિગુણ ગાયતાં જે પુણ્ય સંતતિ કરે ચડી,
તેણેં વિબુધ નયસુંદર કહે શ્રી સંઘ લહો સંપદ વડી. ૪૯

—ઇતિ સુશ્રાવિકા શ્રી પ્રભાવતી રાણી આખ્યાનં ચરમ રાજઋષિ ઉદાઇ સાધુ ચરિત સંપૂર્ણં. ચેલા લાલસોમવાંચનાર્થં સં. ૧૬૫૩ વર્ષે

પોસ માસે શુદિ પક્ષે ચતુર્દશી ગુરૌ લષિતં-૧૮-૧૧ લીં (કવિના સમય-માંજ લખાયેલું છે.)

(૨૯૧) સુરસુંદરી રાસ. સં. ૧૬૪૬ જેઠ શુ. ૧૩.

આદિ— (રાગ કેદારો-એકતાલી.)

આદિ ધરમને કરવા એ, ભીમ ભવોદધિ તરવા એ
ભરવા એ સુકૃતભંડાર ભલી પરેંએ,
ભવિયણ ભગત ઉદ્ધરવા એ, કર્મ કઠિન નિરજરવા એ,
વરવા એ શિવસુંદરી સ્વયંવરે એ. ૧

ત્રુટક—સ્વયંવરે શિવરામા વરિવા કરવા ઉત્તમ કાજ,
મરૂદેવી માતાની કૂખેં અવતરિયા જિનરાજ,
આષાઢી વદિ ચોથ તણે દિન અજૂઆળું જિણે કીધૂં,
ગરભ અવતરિ સુપન દેખાડી મહોત માયને દીધૂં. ૨

પછી ઋષભનાથની સ્તુતિ છે.

* * * *

શ્રી નવકાર મંત્રનો મહિમા આગમેં કહિયો જિણંદે,
કોડિ વરસસું કોડિ જિવ્હાએ નાવે પાર સુરિંદે,
આગે જિણે એક ચિત્ત ધ્યાયો સો પરમાનંદ પાયો,
સુરસુંદરી સતીએ સમર્યો તવ તસ કષ્ટ ગમાયો. ૭

કવણ સતી સા હુઈ સુરસુંદરી કિમ રાખ્યું તિણે શીલ,
શ્રી નવકાર મંત્ર મહિમાયે કિમ સા પામી લીલ,
ચરિત તાસ પવિત્ર પભણેસું વંદી જિણ ચઉવીસ,
શ્રી શ્રુતદેવી કેરે સાનિધિ પૂરો મનહ જગીસ. ૮

સુણજો સુઅણ સરસ શુભ વાણી આણી પ્રેમ અપાર,
કહે કવિજન વિશેષે વારૂ તે સરસતિ આધાર,

* * * *

અંતે—

(ઢાલ ૨૦ મી. રાગ દેશાખ, અથવા ધન્યાશ્રી,
ભાણેજનઇ રાજ દેઈ એ ઢાલની દેશી.)

*   *   *   *

શ્રી **વૃદ્ધ તપગછે** રાજિયા, **ધનરત્નસૂરિ** સુચંદ, ૬
તસુ પાટ દીપક દિનકરૂ, શ્રી **અમરરત્ન** સૂરિંદ,
ગુરૂ સહોદર તસુ તણાએ શ્રી **તેજરત્ન** ગુણવંત,
ગચ્છપતિ પટોધર પ્રગટશ્રી, **દેવરત્નસૂરિ** જયવંત. ૭
તસ ગણ વિભૂષણ ગણપતી, **ભાનુમેરૂ** પંડિત ભાણ,
સૂરીશ શ્રી **ધનરત્ન**કેરા, શિષ્ય સકળ સુજાણ. ૮
તસુ શિષ્ય **નયસુંદર** કહે, સાંભળો સાજણ સાથ,
અરિહંત દેવ આરાધિયે, ત્રિહું ભુવન કેરો નાથ. ૯

*   *   *   *

સોળ **છિયાળે વરસ વારૂ,** જેઠ શુદિ ત્રયોદશી,
તેણે દિવસે ઉત્તમ ઉડુ વિશાખા, સિદ્ધિ યોગે મન હસી. ૨૦
એ ચરિત કીધું સાર લીધું પુણ્યનું પણ જેહ,
સુરસુંદરી ગુણ સાંભળી અનુમોદજો સહુ તેહ. ૨૧
એ સાંભળે સુખ ઊપજે સવિ જાય પાતક દૂરિ,
કરજોડી કવિ **નયસુંદરો,** એમ ભણે આનંદપૂરિ. ૨૨

—સં. ૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૧૦ રવૌ લિખિતં શ્રી આગમ ગચ્છે શ્રી સૌભાગ્યસુંદર શિષ્ય શ્રી ધર્મરત્ન સૂરિ શિષ્ય ચેલા સોભરાજ-પઠનાર્થં દેકાવાડા મધ્યે. ૨૬-૧૪ લીં., ૨૦-૧૪ અને ૧૧-૧૭ લીં.

—સં. ૧૮૭૦ આસો શુ. ૪ ભોમ લિ. શેઠ જેચંદ ધર્મસી વાંકાનેર વસે છે. ૨૧-૧૪ ધો૦

—૨૭-૧૩ ભાવ.; પ્ર. કા.; પ્રકાશિત આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩.

(૨૯૨) નલદમયંતી ચરિત્ર. સં. ૧૬૬૫ પોશ શુદ ૮ મંગલવાર.

આદિ—

આતમબુદ્ધિ ધરી મન સાથિંજી, વિશ્વ સંભાલ્યુ ત્રિભૂવનનાથિંજી,

પૂરવજનમિ પારેવુ રાખ્યુજી, સો સ્વામી દયાધર્મ ભાખ્યુજી. ૧
ભાખ્યુ દયાધર્મ દુખવિમોચક, સકલજનસુખકાર
સો સોલમ તિત્થેસર, હું નમું વારોવારિ ૨

ઢાલ ત્રૂટક,

અચિરા ઉયરિં અવતરી, જેણિ કરિઉ હિત એકાંતિ,
જગમાહિ અહિત શમાવીઉં, તેણઈ નામ પામ્યું શાંતિ. ૩

*　　*　　*　　*

ભારતીલબ્ધપ્રસાદ બુદ્ધ, શ્રી હરષ સરિષા જેહ,
કવિતા રે કીરતિ જેહની, નવિ ત્રપતિ પામિ તેહ. ૧૩
માણિકયસૂરિ મહાયતી, તિણિ કરિઉ નલાયણ ગ્રંથ,
નવરસ પયોધિ વિરોલિવા, કરિ થયુ જો સુરમંથ. ૧૪
સ્વસમય નિ પરસમયનું, એકત્ર જિહાં અધિકાર,
શતસર્ગ જેહના વાંચતાં, ઉલ્લાસ થાઇ અપાર. ૧૫
અનુસરી તેહનિ મુખિં કરી, અહ્મે જોડિસ્યું સંબંધ,
મનરંગ એહવું ઊપનું, બોલસ્યું પુણ્ય પ્રબંધ. ૧૬
કિહાં સતી પુણ્યસિલોક કીરતિ, કિહાં માહરી મતિ;
ઉત્તકીર્ણ મુક્તાફલ વિપિ, ગુંણતણી પરિ હું ગતિ. ૧૭
કહુ મંદ કિમ કવિયશ લહઇ, કિમ ચઢઈ પર્વત પંગુ,
તુલણાઈ કહુ કિમ તોલીઇ, વરસાલિ સરિસુ કંગુ. ૧૮
નિજ બુદ્ધિ સારૂ બોલતા, હસતા રખે કવિ સોઇ;
પંષીઆ નિજ ભાષા વદઈ, તસ કરઇ વારણ કોઇ. ૧૯
અનુક્રમિ નલાયન અનુકરી, ભાષસ્યું નલ અધિકાર,
તિહાં સગુરૂ નઇ શ્રુતદેવતા, કવિતણી કરયો સાર. ૨૦

*　　*　　*　　*

અંતે—

સતી શિરોમણિના ગુણ કહિયા, જેહવા ગુરૂપ્રસાદિં મિં લહિયા,
કહિઉં ધનદસુર પૂર્વચરિત્ર, ગાયુ પુણ્યશ્લોક પવિત્ર. ૮૪

એ મિં અભિનવ મંગલકાર, ગ્રંથ નલાયન પેષી સાર,
તેમાંહિં જેણી પરિ છિ અધિકાર, ચરિઉ રાસ સો લેઇ અનુસાર. ૮૫
નેમિચરિત્રાદિકમાહઈં વલી, કાંઈ એક ભિન્ન કથા સંભલી,
માહરૂ દોષ રખે કો લહી, પ્રબંધ શત મુષ પંડિત કહિ. ૮૬
પ્રથમ બહુશ્રુત પૂછી કરી, સરસ કથા મન સાથઈં ધરી,
ગ્રંથ નલાયનનિં અનુસરી, લિષીઉં પુણ્યશ્લોકતું ચરી, ૮૭
વીતરાગનાં વચન વિરૂદ્ધ, જિ મતી કલ્પી હુઈ અશુદ્ધ,
તે મિછાદુકડ વલી વલી, પામૂ સાષિ સઇ કેવલી. ૮૮
ચતુર ચમતકરિવા ચિતમાહિં, એ મઈં ગ્રંથ રચિઉ ઉછાહિ,
ગુણીઅણુ ગુણ જાણી પરષયો, વાચા વિશુદ્ધ જના હરષયો. ૮૯
સજ્જન દુર્જન છિ જગમાહિં, પરગુણ દોષ ગ્રહિ સો પ્રાહિ,
સ્વોચિત કર્મ કરેસ્યઇ કોહ, નહીં મત્સર તસ ઊપરિ કોહ. ૯૦
જે બહૂશ્રુત ગત મત્સરી, તેહનિં કહુંજઉં પ્રણમી કરી,
અશુદ્ધ હુઈ તિહો કરયો શુદ્ધ, સો મીઠઉં યમ સાકરદૂદ્ધ. ૯૧
સંવત સોલ પાંસઠઉ જાંણી, પોષ શુદિ અષ્ટમી વષાંણિ,
તિણિ દિન મંગલ મંગલવાર, ઉડુ ઉત્તમ અશ્વની ઉદાર. ૯૨
કુંભે જયા તિથિવાર સુયોગ, ભૌમાશ્વની અમૃતસિદ્ધિ યોગ,
એકવીસમુ અમૃત ઉપયોગ, સુંદર સાધ્ય દિનઈં ઉયોગ. ૯૩
તેણિ દિનિ ગ્રંથ સંપૂરણ થયુ, કવણ ગછ કુણ ગુરૂ કવિ કહિઉ,
ઋષભાદિક જિનવર ચઉવીસ, પહિલૂં તેહનિ નાંમૂ સીસ. ૯૪
મહાવીર સાસન જયવંત, પ્રથમ શીષ્ય ગૌતમ ગુણવંત,
સ્વામિ સુધર્મા-પંચમ સીસ, જંબૂસ્વામિ નમૂં નસિદીસ, ૯૫
પ્રભવ શિજ્જંભવ શ્રુતકેવલી, યશોભદ્ર વંદું મનિ રૂલી,
શ્રી સંભૂતિવિજય ભદ્રબાહુ, થૂલિભદ્ર શ્રુતકેવલી સાહુ. ૯૬
આર્ય મહાગિરિ આર્ય સુહસ્તિ, વઇરસ્વામિની પ્રબલ પ્રશસ્તિ,
વઇરસેન તેહના સીસ ચ્યારિ, ચંદ્ર નાગેંદ્ર નિવૃત્તિ વિચારિ. ૯૭
ચઉથી શાષા વિદ્યાધરી, એમાંહિં ચંદ્ર સબલ વિસ્તરી,

એણી શાષાઈં ધનેશ્વરસૂરિ, ચૈત્રગછ થાપિઉ ગુણભૂરિ. ૯૮
ભુવનચંદ્ર ગુરૂ કરૂં વષાણ, દેવભદ્ર ગુરૂ આગમ જાંણ,
હાંમ પ્રમાદ સકલ પરિહરી, જિણિ જગિ શુદ્ધ ક્રિયા ઉદ્ધરી. ૯૯
પ્રથમ સૂરિવર શ્રી જગચંદ્ર, સૂરીશ્વર બીજા દેવેંદ્ર,
વિજયચંદ્ર ગુરૂ ત્રીજા કહૂ, એક એક અધિકા ગુણ લહૂં. ૧૦૦
વિજયચંદ્ર સૂરીશ્વર તણી, વૃધ તપાગછ શાષા ભણી,
ક્ષમાકીર્ત્તિ સદગુરૂ તસ પાટિં, પ્રજ્ઞા વયરસ્વામિનિ ધાટિ. ૧
બૃહત્કલ્પ ટીકા જેણિં કરી, સહિસ બિતાલીસ જગિ વિસ્તરી,
હેમકલસ રત્નાકરસૂરિ, પ્રજ્ઞાઈં જીતુ સૂરસૂરિ. ૨
મુનિશેષર ધર્મદેવ મુણુંદ, અભયસિંહ તપસી સૂરિંદ,
જેહના તપનુ ન લહું પાર, શ્રી જયતિલકસૂરિ ગણધાર. ૩
રત્નસિંહ શ્રી સદ્ગુરૂતણા, અહમદસાહ ગુણ બોલિં ઘણા,
પાતસાહ પ્રતિબોધક સૂરિ, સપ્રભાવ વંદું મદપૂરિ. ૪
ઉદયવલ્લભ જ્ઞાનસાગર નામ, ઉદયસાગર ગુરૂ કરૂં પ્રણામ,
લબધિસાગર ગુરૂ લબ્ધિ નિધાંન, શ્રી ધનરત્ન સૂરીસ પ્રધાન. ૫
શ્રી અમરરત્ન સૂરી પ્રણમું પાય, શ્રી તેજરત્ન સૂરીશ્વરરાય,
જિમ જિમ તે સદગુરૂ સંભરિ, તિમ તિમ હર્ષ હીયડિ વિસ્તરી. ૬
ગછપતિ દેવરત્ન સૂરિતણા, ગુણ સંભારઉં હીયડિ ઘણા,
શ્રી દેવસુંદર સૂરિ આણંદપૂરિ, વિજયમાંન વિજયસુંદરસૂરિ. ૭
શ્રી ધનરત્ન સૂરીશ્વરતણા, સીસ સકલ ગુણ સોહામણા,
શ્રી ભાનુમેરૂ વિબુદ્ધગણિરાજ, વંદિ સીઝઇ વંછિત કાજ. ૮
તસ જામેય સીસ દોભાય, માણીક્યરત્ન જ્યેષ્ટ ઉવઝાય,
મહાતપીશ્વર મુનિવરરાય, પરમભાવિ વંદુ તસપાય. ૯
નયસુંદર લઘુ બંધવ તાસ, વાણી થાપિત વચનવિલાસ,
પુણ્યસિલોક સતી અધિકાર, ગાયુ ધનદ પૂર્વ અવતાર. ૧૦
સો સમકિતધર નિજ ગુણ સુણી, મનસ્યું પ્રેમધરી આફણી,
સંઘ વિઘન અપહરયો ગુણી, મનિ કામિત દેયો નિધિ ધણી. ૧૧

સજ્ઝરિદ્ધિ રામા ભંડાર, જસ મહિમા જગમાંહિં અપાર,
બાહરિ એહની કીરતિ ભણિ, એ સવિ લહીઇ પુણ્યઇ ઘણિ. ૧૨

રાગ ધન્યાસી.

ઘણિ પુણ્યઈ લહી નરભવ, વીરવચન આરાધીઈ,
જિ(ન)રાજ કેરૂં લહી દર્શન, ભવ એહ ફલ સાધીઈ. ૧૩
જિનરાજ વાણી ચિત્ત આણી, અશુભ કર્મ ન બાંધીઇ,
મહાસતી પુણ્યશલોક ગાઈ પુણ્ય રિદ્ધિ બાંધઈ. ૧૪
ઉવઝાય નયસુંદરવાણી......(પછીનું એક પાનું નથી.

(મોહનલાલજી જ્ઞાનભંડાર સુરત. પૃ. ૮૫ પં. ૧૫)

બીજી પ્રતમાંથી...

ઉવઝાય નયસુંદર સુવાણી, ભવિક પ્રાણિ સંભલઉ,
ઉપગાર મતિ મનિ ધરી રાખુ, દોષથી દૂરિ ટલુ,
શ્રી શાંતિ જિનવર સદા સુષકર પૂજતાં સંપદ મલુ,
એ ચરિત્ર ભાવેં સુણે ગાવેં, તાસ ઘરિ સુરતરૂ ફલુ. ૨૬

ચુપઇ.

ગ્રંથ સખ્યા હવઈ બોલુ સુદ્ધ, દૂહા શ્લોક કાવ્ય ગાહા કિદ્ધ,
ભાખ્યા છંદ ષોડ......દે, સહસ્ર તીનસઈ અડાવ. ૨૭
સતપાંત્રીસ શ્લોક અનમાંન, હર્ષધરી સહુ કરયો ગાંન,
એ સંભલતાં શિવસુષ હોઈ, જ્ઞાનવંત વિચા (રો) જોઈ. ૨૮
ગ્રંથ નલાયનનુ ઉદ્ધાર, નલચરીત્ર નવરસ ભંડાર,
વાચક નયસુંદર સુંદર સુભભાવ, એતલિ એ ષોડસ પ્રસ્તાવ. ૨૯

—ઇતિશ્રી નલાયન ચરીત્ર સંપૂર્ણ-સંવત ૧૬૮૨ વર્ષે ફાગુ વદિ બીજ રવૌ. ઇડર મધ્યે લષિતં શ્રી પાર્શ્વનાથ પ્રસાદાત્ ઇતિશ્રી નલાયનોદ્ધારે નલચરીત્રે રાજ્યલાભ વૈરાગ્ય સંયમ ગ્રહણ સ્વર્ગગમન પ્રશસ્તિ વર્ણનો નામ ષોડસ પ્રસ્તાવ સમાપ્ત. ગ્રંથાગ્રં ૪૫૩૬ પ્ર. કા.; (પ્રસિદ્ધ આનંદકાવ્ય મહોદધિ મૌ. ૬ માં.)

(૨૯૩) **શીલશિક્ષા રાસ** સં. ૧૬૬૯ ભાદ્રપદ (વિજય વિજયા શેઠની કથાગર્ભિત.)

અંતે—

વડતપા ગચ્છ **ધનરત્ન** સૂરીસ કિ, પંડિત શ્રી **ભાનુમેરૂ** ગણિ સીસકિ,
તસ વિનયી **નયસુંદરો** દોઇ કરજોડી કહઇ ઉવઝાઇકિ
સીલવંતહતણા નિત નમું પાયકિ-૧૫ સીલ.
દેવસુંદરસૂરિ પાટિ પ્રધાન કિ, સૂરિવરિ **વિજયસુંદર** વિજયમાનકિ,
તાસ આદેસ લહી કરી,
હૃદય થિર રાખિવા રચ્યુ એ રાસકિ, **સોલ ઉગણોતિરૂઈ** ભાદ્રપદ માસકિ—૧૬ સીલ.

કલસ.

ઇમી સીલ રખ્યા ગુણ પરિખ્યા સકલ શિષ્યા સંગ્રહી
સિદ્ધાંત વાંણી સાર જાણી આપ પર હિતનઈ કહી,
બુધ **ભાનુમેરૂ** વિનેય વાચક વદઇ **નયસુંદર** સદા
મુઝ સુમતિ શુભ ફલ બોધિ નિર્મલ હજ્યો શિવસુખ સંપદા. ૧૯
—ઙ. પ્ર. કા.; ખં. ૧.

---

૧૬૬ ધર્મરત્ન (ખ૦ જિનમાણિક્યસૂરિ-માણિક્યમંદિર-કલ્યાણધીર શિ.)

(૨૯૪) **જયવિજય ચોપાઈ** સં. ૧૬૪૧ વિજયાદશમી શુક્રવાર. આગરામાં

અંતે—

ખરતર ગચ્છિ ઉદાર, ચોપડા સાખિ શૃંગાર
પાટ ત્રેવીસમઈ રાજઈ, શ્રી **જિનમાણિકસૂરિ** ગાજઇ. ૪૦
સીસ તેહનઉ સુંદર ગુણ ગણિ **માણિકમંદિર.** ૪૧
શ્રી કલ્યાણધીર વાચક, નામઈ નાસઐ પાતક

સીસ તાસ વર ભાવઈ ધરમરતન ગુણ ગાવઈ. ૪૨
શ્રી જિનચંદ્ર સૂરિ ગજઈ કથા કહી સુષ કાજઈ
સંવત સસિકલા માનઇ ઇગિતાલઈ સુય પ્રધાનઈ ૪૩
આસૂમાસ ઉદારઈ વિજયદશમી સિતવારઈ
આગરા નયર મઝારઈ સારદ તણઈ આધારઈ ૪૪
(વિ. ધ.)

૧૬૬૬ કુશલવર્દ્ધન (ત. હીરવિજયસૂરિ શિ૦)

સિદ્ધપુર જિન ચૈત્યપરિપાટી સ્ત૦ સં. ૧૬૪૧.

અંતે—

ચંદ્ર નઈ રસ જાણીઈ, શુભ મરૂલી, વેદ વેલસસિ જોઇ
તે સંવચ્છર નામ કહું શુભ મરૂલી, ભાદ્રવ શુદિ છઠિ હોઈ

કલસ.

સીધપુર નયર મઝારી કિધિ ચઇતિ પરિ પાટી ભલી,
જે ભણઈ ભવિયણ કહઈ કવિયણ, તાસ ધરિ સંપદ મિલિ,
તપગછમંડન દુરિયખંડન શ્રી હીરવિજય સૂરીસરૂ,
કવિ કુસલવર્ધ્ધન સીસ પભણઈ, સકલ સંઘ મંગલકરૂ.
ઇતિ સીધપુર જિનચૈત્ય પરિપાટી સ્તોત્ર સંપૂર્ણ.

૫૭ બંધહેતુગર્ભિત વીર જિનસ્ત૦ વડલીમાં.

આદિ—

સકલ મનોરથપૂરણો, વાંછિત ફલદાતાર,
વીર જિણેસર નાયક, જય જય જગદાધાર. ૧

* * * * *

ભમવાનાં કારણ ભણું, તું જાણઈ જિનરાય,
મૂલ પ્રકૃતિ આઠય અવર, અઠાવન સોભાય. ૫
સત્તાવન હિતિં કરી, કરમ બંધ વિચારિ,
બંધણ બાંધ્યો ચોર જિમ, ભમીઉ અપાર. ૬

કરમવિપાક તણો ઘણો, અરથ કહ્યો તઈ જેહ,
ગુરૂમુખઈ મઈ શ્રવણઈ સુણ્યો, સુણજ્યો ભવિઅણ તેહ. ૭

* * * * *

અંતે—

કલસ.

જય વીર જિણવર સયલ સુખકર, નયર વડલી મંડણો
મિં થુણ્યો ભગતિં ભલીય સુગતિં, રોગ સોગ વિહંડણો.
તપગચ્છ નિરમલ ગયણ દિનકર શ્રી વિજયસેન સૂરિસરો,
કવિ કુશલવર્દ્ધન સીસ પભણઈ, નગા ગણિ મંગલ કરો. ૫૧
—સં. ૧૭૬૦ લિ૦ ગંધાર બંદરે સુશ્રાવિકા મૂલિ પઠનાર્થં.
૫-૧૨ આ. ક.

---

૧૬૭ વચ્છરાજ (પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદસૂરિ-રત્નચંદ (ચારિત્ર) શિ૦)

(૨૯૫) સમ્યકત્વ કૌમુદી રાસ. સં. ૧૬૪૨ માઘ શુદિ ૫ ગુરૂ.
ત્રંબાવતી (ખંભાત)માં

આદિ— વસ્તુ છંદ.

વીર જિણવર વીર જિણવર સુગુણ ભંડાર
સર્વ સંઘ કલ્યાણકર, જાસુ તિત્થ જયવંત જાગઇ,
મનવંછિત ફલ તે લહઇ, જય જીવ તસુ ચરણિ લાગઇ,
અકલ રૂપ તિહુયણતિલઉ, ત્રિભુવનુ આધાર,
ચઉવીસ જિનપતિ નમું, જિમ લહઉ હર્ષ અપાર. ૧
વડ તપા ગચ્છિ વડ તપા ગચ્છિ શ્રી પાસચંદ સૂરીસર
તસુ પય પ્રણમી હું ચરચઉં, સરસ સાર સંબંધ
શ્રી સમક્તિ ગુણ કોમુદી, વિમલકથા પ્રબંધ. ૨

ચઉપઈ.

ગૌતમ ગણધરનઉ લ્યઉ નામ, શ્રી રયણચંદ ગુરૂ કરૂં પ્રણામ,

જાસ પસાંઇ અવિચળ બુધિ, સીઝઇ સઘલી વંછિત સિદ્ધિ. ૩
કહઉં સમકિત કૌમુદી વૃત્તાંત, આણુંદિઇ સાંભલિયો સંત,
સમકિત ધરતાં સુણતાં થાઇ, પાત્ર સવે તે દુરિ પલાઇ. ૪

* * * * *

અંતે— ચુપૈ.

શ્રી મહાવીર સોહમગણધાર, તાસ પરંપર આવ્યા સાર,
વડ તપ ગચ્છ નાયક મુનિચંદ, શ્રી પૂજ્ય પાસચંદ સૂરિ. ૪૫
તાસ પટોધર અધિક જગીસ, શ્રી સમરચંદ સૂરીંદ સુણીસ.
તાસ પાટિ પ્રભાવક ભલા, શ્રી રાજચંદસૂરિ ચડતી કલા. ૪૬
શ્રી સમરચંદ સૂરિ સીસ પવિત્ર, વાચક શ્રી રત્નચરિત્ર,
તાસ સીસિ રચી ચુપઈ, ગુરૂપ્રસાદિ પૂરી થઇ. ૪૭
ગુરૂપ્રસાદિ ટલઇ અજ્ઞાંન, ગુરૂપ્રસાદિ જગિ બહુમાંન,
ગુરૂપ્રસાદિ સંકટ દૂરિ, ગુરૂપ્રસાદિ મહિમા ભરપૂર. ૪૮
ગુરૂ દીવઉ ગુરૂ તારણહાર, ગુરૂ છઈ ત્રિભુવનનુ દિનકાર,
વાધઇ ચંદ્ર થીકી જિમ વેલિ, તિમ ગુરૂથી વાંણી રસ કેલિ. ૪૯
ત્રંબાવતી નગરી સુખવાસ, થંભણુ શ્રી નવપલ્લવ પાસ,
તાસ પ્રસાદિ રચી ચુસાલ, શ્રી સમકિતગુણ કથા રસાલ. ૫૦
ગ્રંથિ કહી કથા કેલવી, કહિઉ ઉછઉ અધિકઉ મેલવી,
દૂષણ લાગું તે સંઘ સાખિ, ખમાવઉં ચોખું ચિતિ રાખી. ૫૧
આઘઉ પાછઉ અક્ષર જેહ, મિલતું જોતાં નાવઈ તેહ,
રચિયો ઠાંમિ સોધી કવિ કહૂ, કરજોડી કવિ ભાખઇ બહૂ. ૫૨
નવ નવ રસ ઉત્તમ નવખંડ, સમકિત ગુણ રચીયા અખંડ,
ભણઇ ગુણઈ સુણઇ સદ્દવહઈ, ઋધિ વૃદ્ધિ સુખ તે નર લહઈ. ૫૩
ચંદ સૂર મેદની આકાસિ, સુરગિરિ ધ્રુ તારઉ સુવિકાસ,
વર્ત્તઇ અવિચલ એહ જિહાં જગઈ, એહ પ્રબંધ જયુ તિહાં લગઇ. ૫૪
સંવત સોલઅઈતાલા તણઉ, માઘ માસ અતિ રલીયામણઉ,
ઊજલિ પખિ પંચમિ ગુરવારિ, સિધિ યોગ શુભ મહૂર્ત્ત સાર. ૫૫

સમકિતકૌમુદી ગ્રંથ નિહાલિ, એહ ચુપઇ કીધી સુવિશાળ,
એહમાંહિ અણમિલતુ જેય, સોધી સૂધઉ કરિયો તેય. ૫૬
કાવ્ય શ્લોક દૂહા ચુપઇ, વસ્તુ છંદ સવિ એકઈ થઈ,
ચૌદસઈ ચુરાસી હોઇ, એહ ચઉપઇની સંખ્યા જોઇ. ૫૭
સમકિત સહિત જિનભાષિત ધર્મ્મ, આચરતાં હુઈ શિવપદ શર્મ,
ઋષિ વચ્છરાજ કહિ આણંદ આણિ, નવખંડ ઊપરિ ચૂલિકા જાંણિ. ૫૮

—ઇતિશ્રી સમ્યકત્વ કૌમુદી ચુપઇ સંપૂર્ણ, સંવત સોલ ચઉરાસી વર્ષે પોષ માસે શુકલપક્ષે ચઉથ દિને લિખિતં ઋ. કુંવરજી પઠનાર્થ. શુભં ભવતં. (મ. બ.)

(૨૯૬) નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપાઈ. સં. ૧૬૪૮ આસો શુ. ૫ રવિ.

આદિ—

આદિ જિણવર આદિ જિણવર વિમલ ગુણ ગેહ
ત્રિભુવનમંડન જગિ જયઉ, સકલ મંગલ વૃદ્ધિકારક,
લોકાલોકપ્રકાશકર નાણભાણ જગજીવતારક,
નાભિરાય મરુદેવિ સુત મનવાંછિત દાતાર,
પરમપુરુષ એ પ્રણમતાં સુખસંપત્તિ ફલ સાર. ૧
વિમલદેવી તણુ વેલગસુઉ પ્રાગવંશ સિંગાર
સિરિપાસચંદસૂરી ભવિયણ સુહદાયણગો જયઉ. ૨
દૂહા—ગુરૂ મોટા ગુરૂ સાગરૂ, ઉત્તમ મેરૂ સમાણ,
ભવિયકમલ પડિબોહિવા, દિનકર મહીમંડાણ. ૩
નિર્મ્મલ મહિમા અતિઘણુ, પસરઈ કીરતિપૂર;
શ્રી ગુરૂસેવા સાધતાં, દુરિય પણાસિ દૂરિ. ૪
સોમકલા ગુણિ ચંદ્રમા, શ્રી પાસચંદ સૂરિરાય,
ભવજલતારણ પોતસમ, પ્રણમું તેહના પાય. ૫
નમતાં શ્રી ગુરૂચરણકમલ, હિયડઈ હર્ષ ન માઇ,
શ્રી ગુરૂનામ સુમંત્ર જિમ, સમરતાં સુખ થાઇ. ૬

ગુરૂ આધારઈં પામિયઇ, ન્યાન કલા અભિરામ,
વિનય વિવેક સવિ સંપદા, વંછિત સીઝઇ કામ. ૭
જગિ જે જે વિદ્યા અછિ, તે સવિ સુગુરૂ પ્રમાણિ,
તેલબિંદુ જિમ જલિ મિલ્યઉ, પસરઇ સંસયમાણિ. ૮
જઉ ગુરૂ તૂસી ભાવસ્યઉં, અક્ષર એક દીયંતિ,
વટવૃક્ષના બીજ જિમ, સય સાખઈં પસરંતિ. ૯
માતપિતા બંધવ સગા, જેતઉ હિત ન કરંતિ.
જંગમ તીરથ અતિ ભલા, તેતઉ સુગુરૂ કરંતિ. ૧૦
શ્રી ગુરૂ સંગિઈં રંક જીવ, આરાધી ચારિત્ર,
સંપ્રતિ રાજા પામિયઉ, રાજ વિશાળ પવિત્ર. ૧૧
કરઈ કર એસિ હુ જીવની, ઉપગારી ઉલ્લાસ,
તે ગુરૂ વંદઉ ભાવસ્યઊં, જેહથી ન્યાન પ્રકાસ. ૧૨
બ્રહ્મચર્ય સૂધઉં ધરઇ, સીહ જેમ અબીહ,
સત્યવંત ગુણ નિર્મલા, ધર્મવંત ધુરિ લીહ. ૧૩
મધુકર લીનઉ કમલરસિ, જિમ જલિ લીનઉ મીન,
તિમ શ્રી ગુરૂપદપંકજઇ, મુઝ મન મધુકર લીન. ૧૪
ગુણ ઘણા શ્રી ગુરૂતણા, વદનઇ જિહ્વા એક,
તિણિ એહ જાણુ વાનગી, પંડિત જણ સવિવેક. ૧૫
શ્રી ગુરૂના પ્રસાદથી, અવિચલ અવિઘન વાણિ,
હુજ્યો સાનિધિ મુઝ ભણી. ગ્રંથ કરંતાં જાણિ. ૧૬

ચુપઇ—શ્રી રયણચંદ ગુરૂ પ્રણમી કરી, આણંદ હિયડઈ અધિકઉ ધરી,
પંચાખ્યાન તણી ચુરૂપઈ, રચિસ્યું સાવધાન હું થઈ. ૧૭
કવિતા કહિ શ્રોતા સુણિ લહઈ, વિગતા અર્થ વિચારી ગ્રહઇ,
ત્રિણિ રંગ જુ એકઠ મિલઈ, તુ સવિ કારિજ સહજઈં ફૂલઈ. ૧૮
પંડિત મોટા આગિ હૂઆ, બુદ્ધિપ્રપંચ તેહના જૂજૂઆ,
તે આગલિ મુઝ બાલી બુદ્ધિ, પૂરી ન લહઉં અક્ષર સુદ્ધિ. ૧૯

ઉત્તમ ગ્રંથ ભણી ઊમાહ, આવઈ મનમાંહિ બહુ ઉછાહ,
જેહથી વાધિ બહુલી બુદ્ધિ, લહિયઇ ચિહું પુરૂષારથસિદ્ધિ. ૨૦
ગ્રંથજ્ઞાન થોડઉ છિ ચિત્તઇં, શાસ્ત્રરાગ પ્રેરઈ મુઝ પ્રતિઈં,
કરઇ કોઇલ જે મધુરઉ નાદ, વિકસિત આંબાતણું પ્રસાદ. ૨૧
નીતિશાસ્ત્ર સુણઉ દેઇ કાન, જેહથી વાધિ કીરતિમાન,
સંપત્તિ પામઇ કીરતિવંત, મહિયલિ હુવઈ મહિમાવંત. ૨૨
શ્રુતસાગર ઊતરિવા પારિ, નીતિ બુદ્ધિ હોઈ પ્રવહણુ ધારિ,
જુ પ્રજ્ઞા બલચિત્તિઈં હોઇ, ધર્મ કર્મ તે પામઇ દોઇ. ૨૩
પંચ અધિકાર ઇહાં જાણિવા, આદર કરિ હિયડઈ આણિવા,
જાણ અજાણ જિમ સમઝઈ બાલ, ચઉપઈ તિમ કરિસ્યું સુવિશાલ, ૨૪
વિષ્ણુશર્મ્મા બ્રાહ્મણ મતિનિલઉ, શ્રીગોડન્યાતિ વડઉ કુલતિલઉ,
સરસકથા તિણિ કહી કેલવી, પંચાખ્યાન આખ્યા અભિનવી. ૨૫
કવિયણ કલ્પિત બોલ જે કહ્યા, રાજપ્રજારંજક તે લહ્યા,
જેહથી દુરજન નામઇ સીસ, દિન દિન વાધઈ અધિક જગીસ. ૨૬
તસુ ઉતપતિ ભાખી કુણ દેશ, ગામ ઠામ કહિસ્યઉં સુવિશેષ,
કથા કવિત રસ હિયડઇ ગ્રહી, વાત વિચારી વિગતિઈં લહી. ૨૭

* * * *

ચઉપઇ નાંમ કથા કલ્લોલ, પંચઇ તંત્ર રચ્યા અમોલ
ગુરૂપ્રસાદ સુંદર સંધનું, તિણિ પ્રારંભ પૂરઉ નીપનું. ૪૩
વડતપગચ્છ સોહઈ અતિભલા, શ્રી સાધુરતન પંડિત નિરમલા,
તાસ સીસ શિરોમણિ રાય, શ્રી પાસચંદ સૂરિ કોમલ કાય. ૪૪
પોરવાડ વંશઇ સિણગાર, વેલગતાત કુલઈ અવતાર,
વિમલાદે માતા ઉદાર, શ્રી પાસચંદ થયા ગણધાર. ૪૫
તાસ પાટિ હૂઆ મુનિ સુદ્ધ, શ્રી સમરચંદ સૂરિંદ પ્રસિદ્ધ,
પાટપ્રભાવક તેહના સીસ, શ્રી રાજચંદ સૂરિ અધિક જગીસ. ૪૬
શ્રી સમરચંદસૂરિ શિષ્ય ઉદાર, શ્રી રતનચંદ પંડિત તસ વિચાર,
શ્રી ગુરૂનો પામી સુપસાય, ગણિ વચ્છરાજ જિન પ્રણમઇ પાય. ૪૭

સંવત સોલ અડતાલા તણઇ, આસૂમાસ અતિ રલીયામણઈ,
પંચમતિથિ ઉત્તમ રવિવાર, શુભ મુહૂરત એ કીધી સાર. ૪૮
એહ રચીઉઇ બુદ્ધિ પ્રમાણિ, સુકવિ ખોડિ ન દેવિ જાણિ,
અણુમાત્રાનું અણજુગતુ જેહ, સાંઈ સૂધઉં કરિવઉં તેય. ૪૯
સરજલથી ઉપજે શતપત્ર, ગંધ પવન વિસ્તારઇ તત્ર,
તિમ ઉત્તમ કરઈ ઉપગાર, પરગુણગ્રહણરસિક સવિચાર. ૫૦
દૂહા શ્લોક કાવ્ય નઇં વસ્તુ, આર્યા ચઉપઇ મિલી સમસ્ત,
સર્વ અંક ગણતાં ચઉપઈ, ચઉત્રીસ સય છનું સવિ થઇ. ૫૧
એમાંહિ બુદ્ધિ પ્રપંચ અનેક, તેહ સુણીનઇ કરઉ વિવેક,
પાપબુદ્ધિ સઘલી પરિહરઉ, ધર્મબુદ્ધિ નિજ હિયડઈ ધરઉ. ૫૨
પાપબુદ્ધિ તે અછિ અનાદિ, તેહનાં ફ્લ લહી ગ્રંથ પ્રસાદિ,
ઉત્તમ ધર્મબુદ્ધિ અભ્યાસ, કરતાં પામિ શિવપુર વાસ. ૫૩
એહમાહિ અણમિલતા જે અર્થ, તે છંડઇ જાણી સમર્થ,
મિલતા જુગતા વિગતા સહુ, તે જાણી મનિ ધરિવા બહૂ. ૫૪
હરષિઈ ભણિ ભણાવઇ સુણઈ, બુદ્ધિ વિચાર પામિ ગુણ ઘણઇ,
તિહાં ધરિ સંકટ નાવઇ કદા, અષ્ટમહાસિદ્ધિ લહઈ સંપદા. ૫૫
ઋદ્ધિ વૃદ્ધિ વંછિત કલ્યાણ, નવનિધિ પામઇ થાઇ જાણ,
ભણતાં ગુણતાં અધિક જગીસ, શ્રી રયણચંદનુ બોલઈ સીસ. ૫૬
પંડિત રતનચારિત્ર વદીત, પસર્યા નિર્મલ બહુ ગુણ ગીત,
તાસ સીસ વચ્છરાજ વખાંણિ, પંચતંત્ર કહિઉ ગુણજાણ. ૫૭

—નીતિશાસ્ત્ર પંચાખ્યાન વિષ્ણુશર્માં પ્રણીતે કથાકલ્લોલ સંયુક્તમ્ પરીક્ષિતકારિનામા પંચમતંત્ર સંપૂર્ણ-૧૨૮-૧૫-વિ. ધ.

—સંવત્ ૧૭૬૨ વર્ષે ચૈત્રસુદિ ૧૧ દિને વાર શનૌ લિખિતં સહર પટણા કૈ મુકામ લસકરમૈ લિખ્યૌ મયગલ સાગરેણ. પા. ૮૫. વિ. ધ.

(આ કવિએ શ્લોકબદ્ધ શ્રી શાંતિનાથ ચરિત્ર રચેલ છે. જુઓ નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિ. રાજચંદ્રસૂરિના મથાળા નીચે.)

૧૬૮ કલ્યાણદેવ (ખ૦ જિનચંદ્રસૂરિ શિ૦)

(૨૯૭) **દેવરાજ વચ્છરાજ ચઉપઈ** સં. ૧૬૪૩ વિક્રમપુર (વીકાનેર)માં.

અંતે—

સંવત **સોલત્રયાલી** વરસિઇ, એહ પ્રબંધ કિયઉ મન હરસિઇં,
વિક્રમનયરઇ રિષભજિણેસા, જસુ સમરણ સબિ ટલઇ કિલેસા. ૮૪

—રચના સાધારણ છે—માણેક૦

---

૧૬૯ સકલચંદ્ર ઉપાધ્યાય (ત. હીરવિજયસૂરિ શિ૦)

(૨૯૮) **મૃગાવતી આખ્યાન**-રાસ ૧૬૪૩ પહેલાં.

આદિ—

રાગ ગુડી દેશી દિ દિ દરિસન આપાનું.

સિધારથ નરપતિ કુલિં અષાઢિ સુદિ છઠિ
આયુસુપિનાં દેપાડતુ, તઅ **તિ**સલા હુઇ તૂઠિ. ૧

ત્રૂટક.

ચૈત્ર શુદિ તેરસિં જાયુ, સૂરી ગાયૂ હરિ નમિઉ,
મગસિર સુદિ દશમિ વીરો, જો જે નોસયશમિ રમ્યો.
વિશાખી સુદિ દશમિ કેવલ, ન્રાન ત્રિભોવન યશિ ભમ્યો
કાત્તિકી વદિ અમાવાસ્યાઇં, તસ નમ્યો જિણિ ભવગમ્યો. ૨

× × × ×

અંતે—

ચેડક મહારાયની પુત્રી શાંતિશીલ પવિત્રીજી,
સકલ ચંદ્રમુનિ ભાસઇં સમરૂ મૃગાવતી સપ્રવિત્રીજી.
મૃગાવતી સુસતી આખ્યાનં, શીલ રખોપા કીજેજી,
સતી સતે નિતુ સુણયો **ભ**ણયો, **હી**રવિજિઇં ગુરૂરાજઇજી.

—ઇતિ મૃગાવતી શીલવતી મહિમાવતી શીલવર્ણન આખ્યાનં સમાપ્તમિતિ-શ્રી ૧૬૭૦ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણપક્ષે ત્રયોદસ્યાં શનિવારરે-શ્રી પૂર્ણિમપક્ષે ચતુર્થં શાખાયા શ્રી શ્રી નિથૌ ભટ્ટારક શ્રી શ્રી શ્રી પૂજશ્રીહર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિખિતં. ખેડાવારા મધ્યે લિખિતં. ૧૩-૧૭. (પ્ર. કા.)
બીજી પ્રતમાં અંતે એમ છે કે:—

અંતે—

કલશ—પાપ પરધનસાહિ જોતાં બાંધી ઇમ મન માંકડા,
સકલમુનિ કહઈ પાત્ર દાનઈં, હાથ મ કરિયો સાંકડા.
શ્રી **હીરવિજયસૂરિંદ્ર** વંદી સુકૃત બાંધુ ગાંઠડા,
મૃગાવતી **આખ્યાન** સુણતાં ભરૂ પુણ્યતણા ઘડા. ૪૨૧

—ઇતિ મૃગાવતી આખ્યાનં સમાપ્ત સં. ૧૬૪૭ વર્ષે શ્રાવણ સુદિ ૧૦ ગુરૌ માલવદેશે તાજપુર નગરે પંડિત **શ્રી** વીરવિમલ ગણિ ગ૦ દાનવિમલેન. (પૃ. ૧૩ પં. ૧૩ ગુ. વિ.)—ગ્રથાગ્ર. ૭૨૫. (પ્ર. કા.)

—સં. ૧૬૪૩ વર્ષે વૈશાપ સુદિ ૮ દિને લ૦ સ્થંભતીર્થે મહિપાલેન. ૨૫-૧૧ લીં. ૧૧-૧૬ લીં.

(૨૯૯) વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશરાસ. (જુદા જુદા રાગમાં છે)
આદિ—

રાગ. ગુડી. દિઈ દિઇ દરીસન આપણું-એ ઢાલ.

ઋષભ અજિત સંભવ જિનો, **અભિનંદન સુ**મતીશો,
પદ્મપ્રભ **સુ**પાસો બીહા, **ચંદ્ર**પ્રભ **સુ**વિધીશો. ૧

ત્રાટક—સુવિધિ **શી**તલ જિન **શ્રે**યાંસો, **વા**સુપૂજ્ય જિણંદરે,
નમો **વિમ**લ **અ**નંત **ધર્મો**, **શાં**તિનાથ મુણીંદરે.
કુંથુ **અ**રજિન **મ**લ્લિસુવ્રત, નમો શ્રી **ન**મિ **ને**મરે,
પાસ જિનવર **વી**ર જગગુરૂ, ત્રિવિધ ધુરિ સમરેમિરે. ૨

× × × ×

અંતે— ઢાલ ૬૧ રાગ ધન્યાસી.

શ્રીમદાનંદવિમલેંદુ ગુરૂવંદીઇ, પટિ તસ શ્રી વિજયદાનસૂરે.
તાસપતિ પ્રશોનો કૂપલો વંદીઇ, હીરવિજય ગુરૂ સુગુણિપૂરે શ્રી. ૪૫૩
સકલમુનિ સુપકરો સકલ સંયમધરો દિનકર શ્રી તપાગચ્છ કેરો,
હીરવિજય ગુરૂરાજથી આજ જગિ કોધિ અધિઅકુ ન દીસઇ
અનેરો શ્રી. ૪૫૪

શ્રી વાસુપૂજ્ય પૂણ્ય પ્રકાશો વસુ અવણુ હૃદયાંબુજે જાવ સૂરો,
સકલમુનિ ચિંતિઉ શ્રીસંઘ સંતિઉં નિર્મલો સુરભિ યમ જગિ
કપૂરો–શ્રી. ૪૫૫
નગર ત્રંબાવતી જેણિ બહુ ધનવતી, જયતિ જિહાં થાંભણો પાસનાહો
સતત ધરણેંદ્ર પદ્માવતી પૂજિતો સકલ સિરિસંઘ સુખ વિજય
લાહો શ્રી. ૪૫૬

—૨૫–૧૧ (વિ. ધ.) ખં. રત્ન.—ઉદયપુર ગોડીજીનો ભંડાર.

—સં. ૧૬૯૨ વર્ષે જ્યેષ્ઠ શુદિ પંચમ્યાં રવિવારેણુ. પંડિતશ્રી કીર્તિવિજયગણિ તત્ શિષ્ય મુનિ અમૃતવિજય પઠનાર્થે શ્રીનવાનગર મંડન શ્રી આદિદેવ સુપસાયે પરોપકારાય શ્રી નવાનગર વાસ્તવ્ય શ્રી શ્રીમાલજ્ઞાતીય વસા વસ્તા સુત રાજધર તત્ લઘુભ્રાતા ઋષભદાસ. શુભં ભવતુ–તપાગચ્છાધિરાજ સકલ ભટ્ટારકભાલ તિલકાયમાન ભૂપામિની સકલ ભટ્ટારક પુરંદરશ્રી વિજયદેવ સૂરીશ્વર પ્રભોઃ તસ્ય ગચ્છે મહોપાધ્યાય શ્રી નયવિજયગણિ તત્ શિષ્ય પંડિત શ્રી કીર્તિવિજય તત્ શિષ્યગણિ લબ્ધિવિજય તત્ શિષ્ય મુનિ હર્ષવિજયમુનિ અમૃત વિજય મુનિ પીમા વિજય સમસ્તાને વાચનાર્થં ૧૮–૧૭ માં.;—૧૮–૧૪ લીં. ૩૪–૯ મો૦

(૩૦૦) સાધુવંદના (જુદા જુદા રાગમાં છે)

આદિ—

તું જિનવદન કમલની દેવી, તું સરસતિ સુરનરપતિસેવી,
તું કવિજન માતા સુઅદેવી, દિઈ મુઝ નિર્મલ પ્રતિમા દેવી. ૧

મિઇં મુનિવર સુરવેલી કરેવી, તેણિઇં કારણિઇં તું સમરેવી,
તિહાં પૂરવમુનિ સેણિ ગણેવી, તસ ગુણગતિ નિત ભવિક જપેવી. ૨
ત્રિવિધિઇ તસ કરણી તુનુ લેવી, તેણિઇં નિજ પાતક ખાંણિ હણેવી,
તે મુનિવેલી કંઠે કરેવી, તેણિઇં ભવજલનિધિ વલિ તરેવી. ૩

* * * *

અંતે—

સિર આણંદવિમલ ગુરૂપટ્ટે, સિરિ વિજયદાન ગુરૂપટ્ટે,
સિરિ હીરવિજયચંદે, વંદે તં સકલચંદ મુણી. ૧૪૪
—સાધુવંદના મુનિવર સુરવેલિ સમાપ્તં. ગ્રંથાગ્રં. ૨૦૦
પા. ૬-૧૩ માં.

(૩૦૧) +સત્તરભેદી પૂજા.

આદિ—

અરિહંત મુખકજવાસિની, ભગવતિ ભારતી દેવિ,
સમરિ પૂજન વિધિ ભણુ, તુ મુખકજ સેવિ. ૧

ગાહા.

ન્હવણ વિલેવણ અંગમિ, ચખુજ્જુઅલં ચ વાસપૂઆએ,
પુપ્ફારોહણ માલા, રોહણં તહ વણ્ણયા રોહણં. ૧
ચુન્નારોહણ જિણપું, ગવાણ (ઝ્યારોહણ) આહરણરોહણં ચેવ,
પુપ્ફગિહ પુપ્ફપગરં, આરત્તી મંગલપઇવો. ૨
દીવો ધૂવખ્ખેવા, નેવજ્ઝ સુહફલાણ ઢોવણયં,
ગીયં નટ્ટં વજ્જં, પૂયાભેયા ઇમે સત્તર. ૩

× × × ×

અંતે— કળશ. ધનાશ્રીરાગેણ ગીયતે.

થુણીયો થુણીયોરે પ્રભુ તું સુરપતિ જેમ થુણિયો,
તીન ભુવન મનમોહન લોચન, પરમહર્ષ તમ જણિયોરે. પ્રભુ. ૧
એકશત આઠ કવિત નિત્ય અનુપમ, ગુણમણિ ગુંથી ગુણિયો,
ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયોરે.
પ્રભુ. ૨

શ્રી તપગચ્છ અંબરિ દિનકર સરિખો, વિજયદાન ગુરૂ મુણિયો.
જિનગુરૂ સંઘ ભગતિ કરી પસરી, કુમતિ તિમિર સબ હણિયોરે.
પ્રભુ. ૩

ઇણીપરિ સત્તર ભેદ પૂજાવિધિ, શ્રાવકકું જિન ભણિયો,
સકલ મુનીસર કાઉસગ્ગ ધ્યાને, ચિંતવિ સબફલ ચુણિયોરે. પ્રભુ. ૪

—પ્ર૦ કા. વડોદરા. —પ્ર૦ વિવિધપૂજા સંગ્રેહ.

(૩૦૨) +એકવીસ પ્રકારી પૂજા.

આદિ— દોહા.

પ્રણમું પ્રથમ જિણંદને, ભગવતિ કર સુપસાય,
પૂજા એકવીસ દ્રવ્યશું, ભાવમંગલ ઉપાય. ૧
ન્હવણ વસ્ત્ર ચંદન કરી, કુસુમ વાસ પૂનાર,
માલા અષ્ટમંગલ ભણી, દીપ ધૂપાક્ષત ધાર. ૨
ધર્મધ્વજ ચામર સહી, છત્રે મુકુટ વિશેષ,
દર્પણ દર્શન દાખવે, નૈવેદ્ય ફલ સુગ્રહેશ. ૩
ગીત નટ્ટ વાજિંત્રશું, જન પૂજે જિન ઇંદ,
કાઉસગ્ગધ્યાને જેણે કરી, પુજા સકલ મુનિચંદ. ૪

* * * *

અંતે— કળશ.

થુણિયો થુણિયોરે, પ્રભુ ચિત્ત અંતરમેં શુણીયો,
ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયોરે. પ્રભુ. ૧
એકશત પંચ કવિત કરી અનુપમ, તુજ ગુણ ગુંથી ગુણીયો,
ભવિક જીવ તુજ પૂજા કરતાં, દુરિત તાવ સવિ ટળિયોરે. પ્રભુ. ૨
એણીવિધ એકવીશ પૂજા કરતાં, શિવ સુખ ફળ સહુ મળિયો,
સકલ મુનીશ્વર કાઉસગ્ગધ્યાને, ચિદાનંદશું ભળિયોરે. પ્રભુ. ૩
શ્રી તપગચ્છે દિનકર શોભે, વિજયદાન ગુરૂ ગુણિઓ,
શ્રી હીરવિજય પ્રભુ ધ્યાને ધ્યાતાં, હેમહીરો જેમ જડિયોરે. પ્રભુ. ૪

—પ્ર૦ વિવિધપૂજા સંગ્રહ.

(૩૦૩) +બાર ભાવના સઝાય.

૧ લી ઢાલ—વિમલકુલ કમલનાં હંસ તું જીવડા.

૨ જી ઢાલ—ભાવના માલતી ચૂશીએ,

અનિત્ય ૧ લી ભાવના—મૂઝમાં મૂઝમાં મોહમાં જીવ તું,
૨ અશરણ ભાવના—કો નવિ શરણં કો નવિ શરણં.
૩ સંસાર ભાવના—સર્વ સંસારના ભાવતું,
૪ એકત્વ „ —એ તુંહિ આપકૂં તુંહિ ધ્યાઓજી,
૪ અન્યત્વ „ —ચેતના જાગિ સહચારિણી,
૬ અશુચિ „ —મંસ મલ મૂત્ર રૂધિરે ભર્યો,
૭ આશ્રવ „ —જગ શુભાશુભ જેણે કમતતિ વેલિજે,
૮ તપો „ —તાપે મીણ ગલે જિમ માખણ,
૯ ધર્મ „ —ધર્મથી જીવને જય હોયે,

—રત્ન. જેસ.

પ્ર૦ શલોકાસંગ્રહ ભી. મા; સઝાય પદસંગ્રહ પૃ. ૧૫૪
થી ૧૨૮ પૃ. (૨૦).

(૩૦૪) વીરવર્દ્ધમાન જિનવેલી. જન્માદિ અભિષેક કલ્યાણક પાંચ વર્ણનરૂપી ૨૮૦

આદિ— આશાઉરી રાગ.

નંદનકું તિસલા હુલરાવઇ, પૂતઈ મોહ્યા ઈંદ્રિરે,
તુઝ ગુણ લાડિકડાના ગાવતિ, સુરનરનારિના વૃંદારે,
નંદનકું ત્રિસલા હુલરાવઈ. ૧

* * * *

ઢાલ ૩—હમચીની.

અમરી સરસ્સી પૂરતી કુમરી, ટોલેઈ દેતિ ભમરી,
પ્રભુનઈ ધ્યાનઇ હમચી ખુંદે, વીરતણા ગુંણ સમરીરે. હમચડી. ૩૫

હમચ્ચી વીરતણી જે આતી, નાકે આતી જોતી,
જનની માતા રોતા રાખ્યઈ, ટોલામાંથી જોનીરે. હમચડી. ૩૬

× × × ×

અંતે—

વર્દ્ધમાન જિનગુણ સુરવેલી, હીઅડા કરીરે સહેલી,
સકલ કહિ ગુણ મત્સર મેલ્હી, નિસ દિન જિન ગુણ સુરખેલીરે.
હમચડી. ૬૫

વીર પટોધર શ્રેણિઇ આયો, હીરવિજય ગુરૂ હીરો.
સકલ કહિ એ સો નિતિ સમરો, ચરમ જિનેશ્વર વીરોરોરે.
હમચડી. ૬૬

—લિ૦ ૧૮૧૫ ભાદ્રવી અમાસ સોમવતી, ૩–૧૧ આ. ક.
(પ્ર. કા.)

—વિ. ધ. ના મારી પાસે આવેલા એક ચોપડામાં—ઉદયપુર ગો. ભં.;

(૩૦૫) ગણધરવાદ સ્તવન.

કલશ.

ઇતિ વિગતમોહં વિજિતકોહં ભુવનમોહં પારગં,
સંસારમોહં કુગતિરોહં વિજતસોહં પારદં,
કેવલાલોકં નમતલોકં **વીર** પુરૂષોત્તમ વરં,
સિરિ **વિજયદાન** મુણિંદ સેવક **સકલચંદ** શુભાકરં.

(પૃ. ૩ પદ્ય ૪૮ પ્ર. કા.)

(૩૦૬) સાધુ કલ્પલતા. (વિદ્યા.)

(૩૦૭) મહાવીર હીંચસ્તવન. સં. ૧૬૫૦ પહેલાં.

આદિ—

આસીન્મથો યસ્ય રસે પ્રશાંતે,
યસ્યાનુલક્ષા ક્ષાંતિરભૂદુપાંતે;
સુવર્ણકાંતે કૃતસંગવાંતે,
નમોઽસ્તુ તે વીર વિભો નિશાંતે. ૧

ચંદ્રાતપ પરિ નિરમલી, **ઋષભાદિક** જિન વાણી,
તુમ આણુઇ આવી મુ ઝમતી, મકરિશ તાણોતાણી. ૨
તું **સરસતિ** તું ભગવતી, આગમ તુઝ બંધાણુ,
મુઝ મુખિ આવી તું રમે, મ કરિસિ મતિ કાંણિ. ૩

* * * *

અંત— ઢાલ. રાગ–ધન્યાસી.

હીંચિરે હીચીરે હીંડોલડીરે બારવસી પ્રભુ **વીર**હીંડી–આંચલી.
વર **તપાગચ્છ** ગંગાધરો મુનિવરો, **હીર**વિજય જયો સૂરિજીહો,
વર્દ્ધમાનાદરો **સકલ**મુનિ સંકરો, સુઅધરો શમવરો અમૃત જીહો૪૬

—પંડિત પ્રવર શ્રીપશ્રી ધીરચંદ્રગણિ શિ૦ ગણિ હીરચંદ્રેણ–લેખિ. અહમ્મદાનગરે સં. ૧૬૬૦ વર્ષે ચૈત્ર વદિ. ૮ સંઘવી જતુ પઠનાર્થં ૪–૧૦ (વિ. ધ.)

—વિ. ધ. ના મારી પાસે આવેલા ચોપડામાંથી–મારી પાસે છે.

૧. ઋષભ સમતા સરલતા સ્તવન. ૩૧ કડીનું.

અંતે—

ઋષિ ઋષભ સમતા સુરલતા ચિંતવી સમ સુખ કરી,
ગત પાર તાર સંસાર સાગર તરણ કારણ નર તરી,
વર નાણ દંસણ ચરણ સુચી ગુણ રયણ મંડિત મુનિપુરી,
સૂરી **વિજયદાન** મુણિંદ સેવક સકલચંદ કૃપા કરી. પ્ર. કા.)

૨. વીર જિનસ્ત. અથવા ગૌતમ દીપાલિકા સ્ત૦

આદિ— દૂહા.

ઇંદ્રભૂતિ **ગૌતમ** ભણઇ, **ત્રિસલા** કૂખેં નિધાંન,
જ્ઞાતપુત્ર તું જનમિઉ, દ્યઇ મુઝ મુગતિનું દાન. ૧

* * * *

અંતે— (રાગ ધન્યાસી–મેવાડો ઢાલ.)

સૂરિ મંત્રો ગુણો સકલ સૂરિસરો, તપ કરો મુનિવરો સુનરનારી,
દેવગુરૂ ભક્તિની યુક્તિવર અનુસરો, **સકલ** કહેં **હીર**ગુરૂ વિચારી.
જિ. ૭૬.

—લિ૦ વૃદ્ધિચંદેન શ્રી ગોડીજી સત્ય છે. ૪ા–૧૨ આ. ક; લ. ૧૭૮૫ વર્ષે, પ્ર. કા.

૩. કુમતદોષ વિજ્ઞપ્તિકા શ્રી સીમંધર સ્ત૦

ઇમ સર્વ શર્મ સુધર્મદાયક કુમત કર્મ સુધાકરો,
મુઝ દંભમર્મકુકર્મકર્દમ ધર્મ તું **સીમં**ધરો,
નિજ ધ્યાન મંદિરિ ધરી વિનવ્યો કરિ સુનિર્મલ કિંકરો,
સિરિ **વિ**જયદાન સૂરિંદ સેવક **સક**લચંદ કૃપા કરો.

(પૃ. ૨ પ્ર. કા.)

૪ ગૌતમપૃચ્છા.

આદિ—

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનમેં દૂધ કરાયા,
તબ મન ગૌતમ હુયા અચંભા, પ્રશ્ન કરણકું આયા. ૧
ગણધર એતો મેરી અમ્માં.

* * * *

શ્રી તપગચ્છ નાયક **હીર**વિજય સૂરીશ્વર દીઇ મનોહર વાણી,
સકલચંદ પ્રભુ ગૌતમ પૂછઈ, ઉલટ મનમાં આણી–ગણધર. ૧૧
(પ્ર. કા.)

૫–૨૩ વૈરસ્વામિસઝાય–સિંહગિરિસીસધનગિરિસુતો વયરસામિ ધિન સોઇરે.
આત્મા ઉપરિ ધ્યાનરસ સ૦—તું જિનવદન ભવનની દેવી.
સ્વાધ્યાય —પભણુતિ જગગુરૂ ત્રિજગદયાલા.
,, —સકલ જગજંતુ તુપાણાણુ જેતા.
,, ધન્યાસી—જેણિ બહુ ગુણભરી નૈવ કન્યાવરી બ્રહ્મચારી વરો વયરસ્વામી.
,, ગુડી—'દિઇ દિઈ દરિસન આપણું, તું સરસતિ મોરિ માઇરે.
,, મારણી—ગોવિંદ હમકું મારણ કારણિ, પાપિઆ રે તિ કાં સરજ્યાં સાંમી પશુંઆરે.

„ રામગિરિ—તુહિ ઘડડી ઘણું ચેતના નારિનું નાણુ તાગી ઘણું કાંઇ સૂતી.

હીરવિજયસૂરિસ૦ ધન્યાસી—છંડિજ્જારેરે કુમતિ ડાયિણી, જિન સુમતિ ધાયિણી તું વીછીણિ.

મેઘકુમાર-રામગિરિ—વીર જિણંદિઈ પ્રકાસિઈ, કીધો જિણિ ચિત દીવરે.

સ્વાધ્યાય—ચઉપઈ-ભવિક જીવ ચિતિ ધ્યાનિ વિચારી

,, —મારૂણીબહુ ગુણુ લક્ષણુ અભયા મઈ સુણીરે

,, —ગાંઠડી કાઢી કાંજિણી બિહું બાપની નારિરે.

,, રામગિરિ—ગાંઠડો કાઢી કાંજિણી ઇમિ કહઇ સખ

,, રામગિરિ—એકઅ તુલા તુલા જેણિ નવિ બુઝિઈ, લીજિઈ તાસ ફલ કેમ તેસિં.

,, ધન્યાસો—એક જગિ ઉંટડી દૈવનિં કાંધડી, અતિ વડી જેણિ પૃથિવી નમાડી.

,, કેદાર ગોડી—પુરિસા મત મો મ:થા સૂના છાયા બુઝો કાલ નમૂં.

,, રામગિરિ—અરે જંતુ તૂં ચિંતિ ગ્યાન જો કરી. કંપી ભીન ચિંતઈ રે તું ગ્યાન જોરી.

,, ધવલ ધન્યાસી—વૈશાખ ધવલ એકાદશી એ, માઝિઆ પાપી આઇએ

૧૫-૧૧ (વિ. ધ)

(સકલચંદ કોઇવખત વિજયદાનસૂરિના ને કોઇવખત હીરવિજય સૂરિના પોતે શિષ્ય તરીકે જણાવે છે, તો પ્રથમના પોતાના દીક્ષાગુરૂ અને બીજા પોતાના ધર્મગુરૂ તરીકે પોતે સ્વીકાર્યા હોય એમ જણાય છે. તેમણે સંસ્કૃતમાં પ્રતિષ્ઠાકલ્પ રચ્યો છે.

સકલચંદને શિષ્ય પ્રશિષ્ય હતા. તેના શિષ્ય લક્ષ્મીચંદ-મુનિચંદ-વૃદ્ધિચંદ-માનચંદ અને તેના શિષ્ય તેજચંદે પુણ્યસાર ચરિત્ર વિજય દેવસૂરિના સમયમાં રચ્યું છે. જુઓ તેજચંદ-આગળ.

૧૭૦ વિજયશેખર (આં. ધર્મમૂર્ત્તિસૂરિ-કમલશેખર-સત્યશેખર શિ.)

(૩૦૮) રત્નકુમાર રાસ.

(૩૦૯) યશોભદ્ર ચોપઈ. સં. ૧૬૪૩ મહા શુ. ૩ રવિ બંભણવાડામાં.
અંતે—

વિધિ પખ્યનાયક મહિમનિધાન તપતે જિહાં જગિ ઉદયું ભાંણ
દરિસન દેખિઈ પરમાણંદ, વંદઉ **ધરમમૂરતિ** સૂરીંદ. ૧૩૯
વલિ વંદઉ સહિગુરૂ આપણા, જેહનઇ નાંમિઈ નહી રિધિમણા,
શ્રી શ્રી **કમલશેખર** વણારીસ, સમરૂ નાંમ તેહનુ નિસિદીસ. ૧૪૦
તેહતણા સિષ્ય જગિ જયવંત, **સત્યશેખર** મુનિવર ગુણવંત,
જેહનઈ વદનિ વસઇ સરસતી, ચિરંજીવઉ એહવા વરયતિ. ૧૪૧
તાસ પ્રસાદઇ આણંદ અંગિ, એહ અધિકર કહઉ મનરંગિ,
સંવત **સોલત્રઈતાલઈ વરસિ, મહા સુદિ તીજ આ**દિત્યનઇ દિવસિ. ૧૪૨

દેસ સિરોમણિ જેહ **મેવાત**, નયર અનોપમ તિહાં સુવિખ્યાત,
બ્રહ્માવાદ વારૂ અહિઠાંણ, જિહાં બહુ શ્રાવક અછઈ સુજાંણ. ૧૪૩
તેણિઇ પુરિ જિનવર **શાં**તીસરૂ, સદા સુખ આનંદ જય કરૂ,
તસ સાનિધિ **વિ**નયશેખર ભણઇ, એહ સુણતાં નવનિધિ આંગણઈ ૧૪૪
—શ્રી યશોભદ્ર રિષિરાજ ચુપઈ.

કવિએ પોતેજ લખેલી છે.

સંવત **૧૬૪૪ વર્ષે વૈશાખ શુદિ ૧૩** સોમે શ્રી અંચલગચ્છે શ્રી **ધર્મમૂર્ત્તિ** સૂરીશ્વર રાજ્યે વાચનાચાર્ય વા૦ શ્રી **કમલશેખર** ગણિ તત્ શિષ્ય રિષિ શ્રી ૬ **સત્યશેખર** ગણિ તત્ શિષ્ય ઋ૦ **વિનયશેખરેણ** લિખિતં શ્રી આગરાનગરે ઉરવારે તૈલાદ્ રક્ષેત્ જલાદ્રક્ષેત્ રક્ષેત્ સ્થલબંધનાત્, પરહસ્તે ગતાદ્રક્ષેત્, એવં વદતિ પુસ્તિકા. (પ્ર.કા.)

૧૭૧ હેમશ્રી (સાધ્વી) (વડત. ધન્યરત્ન સૂ.-અમરરત્ન સૂ૦-ભાનુમેરૂ-નયસુંદર શિષ્યા)

(૩૧૦) કનકાવતિ **આખ્યાન** સં. ૧૬૪૪ વૈ. શુ. ૭ મંગલ.

મહોઉપાધ્યાય શ્રી જયસૂંદર ગુરૂભ્યો નમઃ—

આદિ— રાગ રામગરી.

સરસતિ સરસ સકોમલ વાંણીરે, સેવક ઉપરિ બહુ હીત આંણીરે,
શ્રી જીનચરણે સીસજ નાંમીરે, સહિ ગુરૂ કેરી સેવા પાંમીરે ૧
સેવા પાંમી સીસ નાંમી ગાંઉં મનઇ ઉલટ ઘણાઈ,
કથા સરસ પ્રબંધ ભણસું, સજન મનઇ આણંદની,
કનકાવતીનીં કથા રસાલી, ચતુરનાં ચતરંજની,
વેધક રસકસ ગુણી નર જે, તેહનાં મનમોહણી. ૨

અંતે—

એણીપરિ તેહ પાલઇ નરનારી, તે નેહનું પરીમાણ,
જુન મલ ઇસા જન જુ એહવા, તુ કાજઈ ધરમ સૂજાંન. ૩૬૨
વૃદ્ધ તપાગચ્છ મંડન દીનકર, શ્રી ધનરત્ન સૂરીરાય,
અમરરત્ન સૂરીપાટ પટોધર, ભાનુમેરૂ સષ્ય કહઇવાય. ૩૬૩
ગુણગણધર પંડીત વઇરાગી, નયસુંદર રષિરાય,
વાચક માંહિ મુષ્ય ભણીજઇ, તસ સષ્યણી ગુણ ગાય. ૩૬૪
કથામાંહઇ કહઉ રસાલુ, કનકાવતી સંબંધ,
કનકાવની આખ્યાંન રચઉ મઇ, સૂઅણાં સરસ સબંધ. ૩૬૫
સંવત ૧૬ સુઆલઇ સંવચ્છરિ, વૈસાષ વદિ કુજવાર,
સાતમઇ દનિ સૂભ મુહુરતઇ યોગઇ, રચઉ આખ્યાંન એ સાર. ૩૬૬
ભણઇ ગુણઇ સંભલિ જે નાર, તેહઘરિ મંગલચ્યાર,
હેમશ્રી હરપઇ તે બોલઇ, સરવ સંયોગ સૂસાર. ૩૬૭

—ઇતિ કનકાવતી આખ્યાંન સમાપ્ત. સૂરતિ મધ્યે લષીતં. ગ. રત્નવીજય લષીતં. (પ્ર. કા) (નયસુંદર માટે જુઓ નં. ૧૬૫ પૃ. ૨૫૪)

૧૭૨ રત્નસાર.

(૩૧૧) સાગર શ્રેષ્ઠીની કથા ૧૬૪૫ (માણેક)

---

૧૭૩ મનજી ઋષિ (પા૦ પાર્શ્વચંદ્ર-વિનયદેવ-વિનયકીર્તિ શિ.)

(૩૧૨) **વિનયદેવસૂરિ રાસ.** સં. ૧૬૪૬ પોષ શુદિ ૭ મંગળ, બુરહાનપુરમાં.

આદિ—

સકલ સિદ્ધિ આનંદકર, જિનશાસન શ્રૃંગાર,
ચઉદ પૂરવનો સાર એ, જગિ જપઉ મંત્ર નવકાર.

* * * *

અંતે—

પૂજ્ય ચઉમાસૂં તિહાં રહ્યા એ લોક કરે ધરમ ધ્યાન. મ. ૨૩૭
શ્રી **વિનયદેવ** પટ્ટધર એ, શ્રી **વિનયકીરતિ** રાય,
સુધરમગછ આજ દીપતો એ, આદરયો મન ભાય. મ. ૨૩૮
નયર વરહાનપુર જાણીઇ, એ દેશ વિદેશ વિખ્યાત,
સંવત **સોલ છઇતાલૂઇ** એ, સુણયો ભવિયણ વાત. મ. ૨૩૯
શ્રી વિનય (દેવ) કીરતિ સૂરીશ્વરએ, રહ્યા તિહાં ચઉમાસિ,
એક દિન ઉલટ ઉપનોએ, કીધઉ શ્રીપૂજ્ય રાસ. મ. ૨૪૦
પોસ શુદિ સાતમિ જાણીઇએ, ભૃગુવાસર સુવિનાણુ,
નક્ષત્ર રેવતી મનિ ધરો એ, શિવયોગ અતિહિં સુજાણ. મ. ૨૪૧
મનજી રિષિ આણંદસૂં એ ચોથો રચ્યઉ પ્રકાશ,
એહ રાસ જગિ નાંદયો એ જાં લગિ મેરૂ થિરવાસ. મ. ૨૪૨
ચઉવિહ સંઘ સહૂ સુણઉ, એ ભણયો એ નિતુ રાસ,
ધવલ મંગલ ભલ પામીઇ એ, પુહચઇ મનની આસ. મ. ૨૪૩

નોટ—વિનયદેવ તે બ્રહ્મઋષિ કે જે પાર્શ્વચંદ્રના શિષ્ય થાય અને જેણે પોતાના ગચ્છનું નામ સુધર્મ ગચ્છ આપ્યું તેનો આમાં વૃત્તાંત છે. આ બ્રહ્મ ઋષિની કૃતિ સંબંધી આ સંગ્રહમાં જુઓ. પૃ. ૧૫૨ થી ૧૫૮. વિશેષ હકીકત માટે જુઓ ઐ. રા. સં. ભાગ. ૩.

૧૭૪ હેમાણંદ (હીરકલશ શિ.)

(૩૧૩) વેતાલ પચવીસી. સં. ૧૬૪૬.

આદિ—

પ્રણમ્ય દેવદેવંચ વીતરાગં સુરાર્ચિતં,
લોકાનાં ચ વિનોદાય, કરિષ્યેઽહં કથામિમાં. ૧
નત્વા સરસ્વતીં દેવીં શ્વેતાભરણભૂષિતાં,
પદ્મપત્ર વિશાલાક્ષીં નિત્યં પદ્માસને સ્થિતાં. ૨

ચોપઇ—

સુવચન સાંનીધકારી દેવ, સમરી સરસતી પાય પ્રણમેવિ,
સુગુરૂ વચન મનમાંહે ધરી, બોલીસ વિક્રમ રાજા ચરી. ૧
રાજા વિક્રમના અવદાત, કવિયણ બોલે નવ નવ ભાંતિ,
તેમ હું સજ્જન સાંનિધિ યથા, કેહિસુ વેતાલપચીસી કથા. ૨
રાજા વિક્રમ નેં વેતાલ, એકરયણ વનખંડ વિચાલ,
કથા કહી નવનવી પચીસ, સંભલતાં તે થાઇ જગીસ. ૩

* * * *

અંત—

ઇતિ વેતાલપચિસીયેં વિક્રમ નૈ વેતાલ,
કથા કહી પંચવીસમી, હેમાણંદ રસાલ. ૧૭

—ઇતિ શ્રી વેતાલપંચવીસી ચરિત્રે વિક્રમ કથિત કથા પંચવીસમી સંપૂર્ણા.

ચોપઇ—સાહસવંત નિરષી નૃપરાઈ, તબ વેતાલ કહૈ તિણિ ઠાઇ,
પર ઉપગારી તો સમ લોય, મે તૌ અવર ન દીઠો કોઇ. ૧
હૂં તો તુઠો તુઝ સાહસૈ, પિણુ તું જોગી મત વેસસૈ,
કોહો તુઝને ઘાલૈ પાસ, મુષૈ કહૈ તું ગુંણુહ નિવાસ. ૨
મડ પુજી તુઝ કહસી તંત, કરિ પ્રણુાંમ જ્યું સિઝૈ મંત,
તાં કહિયૈં હું ન લહું ભેય, તું દિષ લે જ્યું જાંણું તેહ. ૩
તિંણુ વચનૈં તે થારૈ કાજિ, ફિરી દિષાલેં તતષિણુ માંઝિ,
ષડગ કરી થે છેદો સીસ, જિઉં મન વંછિત થાઇ જગીસ. ૪
સુંણી સીષ તે લેઈ મડો, આવિ રહિ યોગી મુષિ ષડો,
કરિ પ્રણુાંમ યોગી હરષાવિ, આગલિ બેઠૌ રાજા ભાવિ, ૫
જોગી કહૈ સુણો રાજિંદ, દીયૈ પ્રદક્ષિણુ હુવૈ આણુંદ,
હું નવિ જાંણું વિક્રમ કહૈ, તૈ તે આગૈ ઉઠી વહૈ. ૬
રાજાયૈ વૈતાલી વાત, ચીતારીનૈં કીધો ઘાત,
પૂરી વિદ્યા સીધી જીસૈં, સોવનપુરિસો હુઓ તિસૈ. ૭
તિંણુ પુરિસે વિક્રમ રાજેસ, પુહવી ઊરણુ કરી વિસેસ,
રાજ પાલિ આઊ આંપણૈ, સરગિ પહુંતો સહુકો ભણૈ. ૮

છંદ—ઇતિ શ્રીય વિક્રમ વેતાલહી કહિ એહ વાત પચીસએ,
તિણુવિધહ **સોલે સૈં છયાલે** ઈંદ્રિ ઉછવ દીસ એ,
ગુરૂ **હીર**કલસ પસાય કરિનૈ **હેમાણુંદ** મુણિ ઉત્તમપુરી,
તિહ રચીય વાત વિનોદની તે સયલ સજ્જન સુષકરી. ૯

—ઇતિ વૈતાલ પચવીસી ચરિત્રે પંચવીસી ચઉપઈ સંપૂર્ણુમ.
સં. ૧૭૬૫ વર્ષે શાકે ૧૬૩૦ પ્ર૦ ચૈત્ર સુદિ ૫ ગુરૌ લિષિતં. પં.
સુજાણુહસેન શ્રી જયતારણુ મધ્યે. ૧૬-૧૭ ચા૦

(૩૧૪) ભોજચરિત્રરાસ. રત્ન. ૩.

૧૭૫ +નગર્ષિગણિ (ત૦ હીરવિજયસૂરિ-કુશલવર્ધન શિ૦)

(૩૧૫) રામ સીતા રાસ. સં. ૧૬૪૯

ચંદ્ર[૧] અનઇ રસ[૬] વેદ[૪] નિહાલુ, નંદ[૯] ભલુ તિમાલુ.—હા. પા, ખં. ૧

૧ અલ્પબહુત્વ વિચાર ગર્ભિત શ્રી મહાવીર સ્તવન.

૩૯ ગાથા.

* * * *

હીરવિજયસૂરીસરો.

કવિ કુશલવર્દ્ધન સીસ પભણુઇ, નગાગણિ વંછીય કરો.

---

૧૭૬ મલ્લિદેવ.

(૩૧૬) કર્મવિપાક રાસ સં. ૧૬૪૮—માણેક.

+આ નગર્ષિએ ગાથાબંધ કલ્પાન્તર્વાચ્ય રચેલ છે તેની પ્રશસ્તિઃ—

चंद्र[१] रस[६] बाण[५]मुनि[७] समवरिसे तवगण विभासक्काणं ।
भट्टारगपुरंदर सिरि विजयसेण सूरीणं ॥६५॥
रज्जे विहिओ गंथो पंडियसिरि कु(श)लवद्धणगणीणं ।
सीसेण बालमइणा नगाभिहाणेण वरमहिमो ॥६६॥

વળી તેમનીજ લખેલી તેજ પ્રત સાગરગચ્છના ભંડાર (પાટણ)માં છે કે જે ભંડારમાં તેમના હસ્તથી લખેલાં કેટલાંક પુસ્તકો છે, તેમાં જણાવે છે કેઃ—

संवत् १६५७ वर्षे भाद्रपद सित त्रयोदश्यां वार बुध पूर्णीकृतः लिखितश्च श्री वटपल्लीनगरे नगर्षिगणिना.

આમણે સં. માં દંડકાવચૂરિ પણ રચી છે. તેમની લખેલી ઉપાસક દશાંગસૂત્ર મૂળની પ્રતિ પાટણના સાગરભંડારમાં છે તેની અંતે જણાવ્યું છે કે શ્રી વિજયસેનસૂરિ યુવરાજ્યે સકલપંડિત સભારંજન શ્રી ઉદયવર્દ્ધન તચ્છિષ્ય પં. કુશલવર્દ્ધન, તચ્છિષ્ય નગર્ષિગણિ.

૧૭૭ નરપતિ કવિ. જુઓ નં. ૬૭

(૩૧૭) વિક્રમાદિત્ય ચુપઇ. સં. ૧૬૪૯ (શાકે ૧૫૧૪).

આદિ—

શ્રી નેમિસર ગુણનિલો, જગજિવન જિનચંદ,
બ્રહ્મચાર ચુડામણી પ્રણમું પરમાણંદ. ૧
પુરિસાદાણી પાસજિન, થંભણપૂર થિર ઠાંમ,
નામ જપંતાં જેહનું સીઝે વંછિત કાંમ. ૨

*   *   *   *

અંતે—

એ કહીઈ વિક્રમચરિત્ર સંભલતાં હુઇ પંડ પવિત્ર,
સંભલતાં ડાહાપણ આવંત, કવિ નરપતિ એહવઉ કહંત. ૭૭૧

—ઇતિ શ્રી રાજા શ્રી વીરવિક્રમાદિત્ય ચઉપઇ સમાપ્ત મિતિ. સંવત ૧૮૦૦ વર્ષે શાકે ૧૬૬૫ પ્રવર્ત્તમાને. કાર્તિક માસે શુક્લપક્ષે સપ્તમી તિથૌ ગુરૂવાસરે પ્રથમ પ્રહરે લખિતં. શ્રી આલાસણ ગ્રામે પ્રથમ ચતુર્માસિકે શ્રી પુર્ણમા પક્ષે શ્રી ઠા. શ્રી-(અપૂર્ણ).

શાકે ૧૫૧૪ માં રચી એમ ઉપરના બંધનપર લખાણ છે. (પ્ર. કા.)

[નં. ૬૭ ના નરપતિને સં. ૧૫૪૫ માં નંદબત્રીસી રચનાર તરીકે સોળમી સદીમાં મૂકેલા છે અને આ કૃતિ નરપતિ નામના કવિએ શક ૧૫૧૪ માં રચી એમ તેની પ્રતના બંધનપર લખાણ છે તેમાં શરતચૂક સંવત્‌ને બદલે શક લખવામાં થઇ હોય એમ સંભવ છે, તેથી બંને નરપતિ એકજ હોઇ સોળમીમાં સદીમાં થયાનો સંભવ છે, છતાં ઉક્ત બંધન ઉપરનું લખાણ વાસ્તવિક હોવાનો સંદેહ રાખી બંનેને જૂદા જૂદા એટલે એકને સોલમી સદીમાં અને બીજાને સત્તરમી સદીમાં મૂકેલા છે.]

આ કૃતિના તથા કવિના સંબંધમાં બીજી પ્રત પરથી નીચે પ્રમાણે પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી લખી મોકલે છેઃ—

વિક્રમાદિત્યકથા. (પંચ દંડ છત્ર–પંચ આદેશ.)

આદિ—

લંબોદર તુઝ વીનવૂં સૂંડાલા સમરથ;
સિદ્ધ બુદ્ધિ વર ચરણે નમૂં, સીઝવયે સવિ અરથ. ૧
સીંદૂરઇ કરિ અરિચ્ચીઈ, શરિ સેવંત્રાં ભાર;
મૂંસાવાહન જેહનઇં, મોદિક સદા આહાર; ૨

× × × ×

ભાદ્રવ વદિ આરંભીઉં, બીજ અનઈ બુધવાર;
સંવત સાકે ૧ પન્હર, એ સવિહું અધિકાર. ૧૭

× × × ×

અઠિસઠિ તીરથ જે કરઈ, યજ્ઞ કરઈ અનેકઃ
કવિ **નરપતિ** ઇમ ઉચ્ચરઇ, સહુ પરમારથ એક ૨૧

અંતે—

જેહવું મીઠું પ્રાકૃત હોઈ, તે સમવડિ નવિ દીસઇ કોઈ;
ગાહા દૂહા ચઉપૈ ગીત, ઉષ્ણકાલિ જિમ વાહાલૂં સીત. ૮૩૦
કવિતા વિકતા શ્રોતા નાંમ, જે ડાહા તેહનઈ પરણાંમ;
જઉ જિહ્વાઈ વસઈ સરસ્વતી, તુ પાંમઇ કવિજન વરમતી; ૩૧
એ કહીઇ વિક્રમ તણૂં ચરિત્ર, સાંભલતાં હુઈ કર્ણ પવિત્ર;
ભણઇ ગુણઈ ભાવઈ સંભલઇ, તે નર સકલ મનોરથ ફલઇ. ૩૨

ઇતિ વિક્રમરાય કથા સંપૂર્ણ.

સંવત ૧૬૭૩ વર્ષે દ્વિતીય આસો સુદિ ૧૧

—સં. લા. વડોદરા પ્રતિ ૫. ૫૧

પત્ર ૧૩ માં (દ્વિતીય આદેશ)—

આગીઆનુ મોટઉ ઉપાય, રાજા જિહાં ચિંતઈ તિહાં જાઇ;
નગર **સોપારઇ** પુહુતા થયા, **આદિસ્વરનઈ** દેહરઇ ગયા. ૯

દેહરૂં અછઈ તેહ ચઉમુખ, દરિશન દીઠઈ નાશઈ દુક્ખ;
આદિસ્વ [૨]નીં પૂજા કરી, રાજા બયઠઉ આસન ધરી,

જો કે ૧૩મા પત્રની ઉપર જણાવેલી ૯-૧૦ કડીમાં આવ્ત વર્ણન ઉપરથી **નરપતિ** કવિને જૈન તરીકે માનવાના આપના અનુમાનને પુષ્ટિ મળે તેમ છે; પરંતુ કવિએ વિસ્તારથી કરેલ પ્રારંભ મંગલાચરણ અને અન્ય વર્ણન ઉપરથી તે જૈનેતર હોવાનો બહુધા સંભવ છે. વચ્ચે આદીશ્વરાદિ દેવનું કરેલું વર્ણન બીજા જૈન કવિઓએ એ જ વિષયની કરેલી કૃતિઓની છાયારૂપ જણાય છે.

પંડિત લા. ભ. ગાંધી.

---

૧૭૮ પ્રીતિવિમલ (ત. આણંદવિમલસૂરિ-ધર્મસિંહ-જયવિમલ શિ૦)

(૩૨૮) મૃગાંકકુમાર પદ્માવતી ચોપઇ સં. ૧૬૪૯.

અંતે— દૂહા રાગ ધન્યાસી.

હીરજી આમઈ શષિઇ, પ્રીત કહઇ પુન્યપાજ,
અંગિ અલછિત આભડઈ, રાંનિ ભમંતાં રાજિ.
લિખ્યો નિલવટિ આપણિ, સ્યું કરઇ દાલિદ્ર સોય,
પ્રીતિ કહઈ **હીર** નામથી, રાનિ વેલાઉલ હોઈ. ૬૧

ઢાલ—**તપગછમંડણ હીરલો હીર**જી, તાસ પાટઇ **વિજયસેનસૂરી**,
જાસ નામઇ નવનિધિ ઘરિ સંપજઈ પૂર્વ પાતિક જાઈ દૂરિ. ૬૨
તાસ સેવક શુભ સાંભલ્યો સાચલો, ગણિ **ધર્મસીધુરિ** લગઈ ધર્મધોરી,
તાસ સેવક ગણિ **જયવિમલ** કીર્ત્તિ નિરમલી ગોરી. ઓ. ૬૩
ગુંદવચ ગ્રામ ગુણધામ ધરણિ, સંવત **સોલ ઉગણપંચાશઈ**,
સકલ સંભલઈસિર્વે આસ્યા ફલઈ, **પ્રીતિવિમલ**મુનિ કહઈ ઉલ્હાસઈ.૬૫

—ઇતિ શ્રી મૃગાંકકુમાર પદ્માવતી ચતુઃપદી સંપૂર્ણમ્ ગણિ અમૃતસાગર શિ૦ ગજસાગરેણ લિપિકૃતા. ૭-૧૫ આ-ક.

(૩૧૯) દાનશીલ તપ ભાવના રાસ. સં. ૧૬૫૮ પછી.

આદિ— દૂહા-રાગ સારિંગ મલ્હાર.

સરસતિ સામિની સમરતાં, આવઈ સુમતિનિધાન,
દાનશીલ તપ ભાવના, ભાખું મન અભિમાન. ૧
સીમંધર સંયમ ગ્રહી, વિચરઈ શ્રી ભગવાન,
કર્મ નિકાચિત ક્ષય કરી, પામઇ કેવલજ્ઞાન. ૨

અંતે—

સાંભરીઆરે ગાવા ગુણ મુઝ હીરનારે-એહ ઢાળ.

સોહમ સ્વામી પરંપરારે, તપગછ ગયણદિણંદરે,
શ્રી **આ**ણંદવિમલસૂરીરે, શ્રી **વિ**જયદાનસૂરિંદરે, આદરિયા. ૨૮
તસ પાટે પ્રગટ હૂઓ ભલોરે, શ્રી **હી**રવિજય સૂરિરાયરે,
શ્રી **વિ**જયસેન સોહામણારે, નામઇ નવનિધિ થાયરે. આ૦ ૨૯
શ્રી **વિ**જયદેવ સૂરિ સદારે, તસ પાટઈ પરધાનરે,
મનવંછિત ફલ સુરતરૂરે, સમર્યો દિઇ સાવધાનરે. આ૦ ૩૦
શ્રી **આ**ણંદવિમલસૂરિ સેવકોરે, નામઇ શ્રી **ધ**ર્મસિંહરે,
તાસ સેવક કમલાકરરે **જ**યવિમલ ધનદીહરે. આ૦ ૩૧
પ્રીતિવિમલ નિજ ભાવસુંરે, રાસ રચ્યઉ શ્રીકારરે,
ભણતાં સુણતાં ભાવસુંરે, ઉપશમ રસ ભંડારરે. આ૦ ૩૨

—૬-૧૩ ગારીયાધર.

(વિજયદેવસૂરિ-આચાર્યપદ ૧૬૫૮ ભટ્ટારકપદ સં. ૧૬૭૧ સ્વ. ૧૭૧૩)

(૩૨૦) +અષ્ટપ્રકારી પૂજા રાસ. સં. ૧૬૫૬ ક્ષેમપુરમાં.

(પ્ર. છોટાલાલ મગનલાલ અમદાવાદ.)

આદિ— દુહા રાગ અસાઊરી

પ્રથમ તીર્થંકર પ્રથમ જિન પ્રથમ કરી પરિણામ,
અષ્ટ પ્રકાર પુજા તણા પ્રબંધ કહું અભિરામ. ૧
સકલ સુરાસુર કિંનરા, વિદ્યાધરની કોડી,
જાસ વદન વાણી ભણી પ્રણમે બે કરજોડી. ૨

સા વાણી મુજને હવે, આપે વર વરદાન.
અલવિ આળસ પરિહરી, સુણજ્યો સહુ સાવધાન. ૩

× × ×

અંતે—

(દુહા રાગ ધન્યાશ્રી.)

તપગચ્છ પતિ ગુણગિરિ, શ્રી **આણંદવિમલ** સુરિસીંહ,
વિચર્યો કુમત વિડારવા, અકંપ અડોલ અબીહ. ૨૭
સંવત **પંનર બ્યાશીએ,** યતિ પંથ પરગટ કીજ
પરમાદ પરિગ્રહ પરહરી, રોપ્યા સમકિત બીજ. ૨૮
તાસ પાટિ **વિજયદાન** સુરિ, તાસ પાટિ પ્રભુ **હીર,**
તાસ પાટિ **વિજયસેનસુરિ,** સાયર સમ ગંભીર. ૨૯

ઢાલ—સાંભળ્યું આઠ પુજા પ્રબંધા ભવી, અઠકમ્મ અરિ ભય દુરિ જાયે,
કલ્પતરૂ કામઘટ ધેનુ ચિંતામણિ, આંગણે આવીયાં પુણ્ય પસાયે. ૩૦
આણંદવિમલ વિજયદાન સુરીસર, તાસપાટે પ્રભુ **હીર** હરખ્યો,
સકલજગિ જીવ પાદપ એહ સીંચવી, વચન સુધારસ મેઘ વરસ્યો. ૩૧
તાસ પાટિ **વિજયસેનસુરી** નિધી, જાગતો જાસ જગિ મંજુ મહિમા,
તાસ સેવક ગણિ **ધર્મસિં** ધુરિ લગે, જિનવર લોપી ન સીમા. ૩૨
તાસ સેવક ગણિ જયવિમલ સેવકો, **પ્રીતિવિમલ ક્ષેમપુરી** ચઉમાસે
સંવત **સોલ છપન વરસિં** કવ્યા, સકલસંઘમાંહી બેઠા વિમાસે. ૩૩

(ધ્ડર તપગચ્છ ભં.)

+**ગોડી પાર્શ્વસ્ત.** પાંચ ઢાળનું મોટું સ્ત૦

આદિ—વાણી બ્રહ્માવાદની, જાગે જગ વિખ્યાત;
પાસતણા ગુણ ગાવતાં, મુઝ મુખ વસજ્યો માત. ૧
નારંગે અણહિલપુરે, અહમ્મદાવાદે પાસ;
ગોડીનો ધણી જાગતો, પૂરે સહુની આસ. ૨
શુભ વેલા શુભ દિન ઘડી, મહુરત એક મંડાણ;
પ્રતિમા તીને **પાસ**ની, થઈ પ્રતિષ્ઠા જાણ. ૩

અં. કલશ. તપગચ્છનાયક સુખદાયા શ્રી વિજયસેન સૂરિશ્વરો
તસપાટ ઉદયાચલેં ઉદયો શ્રી વિજયદેવ સુહંકરો,
ઇમિ થુણ્યો ગોડીપાસ જિનવર પભણેં પ્રીતવિમલ જયકરો,
ભણેં ગણેં તસ ઘર મંગલ જયકરો.

લિ. ૧૮૧૧ વૈ. વ. ૧૩ ૩-૧૫ આ. ક.; પ્ર૦ રત્નસમુચ્ચય તથા રામવિલાસ કે જેમાં છેલ્લો કલશ નથી.

---

૧૭૯ ધનવિજય.

(૩૨૧) હરિષેણ શ્રીષેણરાસ. ૧૬૫૦ આસપાસ—પા૦

(એક ધનવિજય તે વિજયસેનસૂરિ શિ. હતા ને જેમણે સં. ૧૬૫૪ ના વિશાખ વદિ ૧૩ દિને પોતાના શિષ્ય ગુણવિજયને વાંચવા માટે અહમદાવાદમાં હૈમવ્યાકરણ બૃહદ્વૃત્તિ દીપિકા લખી હતી, તે કદાચ આ કવિ હોય.)

---

૧૮૦ દયાકુશલ. (ત૦ હીરવિજયસૂરિ-મેહમુનિ- કલ્યાણકુશલ શિ.)

(૩૨૨) લાભોદય રાસ. સં. ૧૬૪૯-વિધા.

[આ રાસ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી છે, તેની અંદર હીરવિજયસૂરિ અને અકબ્બર આદિનું વર્ણન છે અને તે રાસ અકબરના મરણ પહેલાં બાર વર્ષે રચાયો હોવાથી ખાસ મહત્ત્વનો ગણાય. તેમાં અકબ્બર વિષે જણાવ્યું છે કે અકબ્બર બહુ હઠી હતો. તેનું નામ સાંભળતાંજ લોકો ધ્રૂજીજતા. તેણે ચિતોડ, કુંભલમેર, અજમેર, સમાણુ, જોધપુર, જેસલમેર, જૂનાગઢ, સૂરત, ભરૂચ, માંડવગઢ, રણથંભોર, સ્યાલકોટ અને રોહિતાસ વગેરેના કિલ્લા લીધા હતા. વળી ગૌડ વગેરે ઘણા દેશો પણ સ્વાધીન કર્યા હતા. મોટા મોટા રાજા-રાણાઓ તેની સેવા કરતા. રોમી, ફિરંગી, હિંદુ, મુલ્લા, કાજી, પઠાણ અને એવું બીજું

કોઇ ન્હોતું કે જે તેની આજ્ઞા લોપી શકે. આ રાસમાં અકબરબાદશાહે વિજયસેનસૂરિના ઉપદેશથી કરેલાં કાર્યોનું પણ વિસ્તૃત વર્ણન આપેલું છે. જુઓ સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ. ૬૮ અને ૧૬૩.)

(૩૨૩) તીર્થમાલા સ્ત. સં. ૧૬૭૮

આદિનાં પાનાં નથી સાંપડયાં.

અંતે—

મથુરા દેખી મન ઓલસુ, મનોહર થંભ જીહાં પાંસસેહ,
ગૌતમ જંબુ પ્રભવો સ્યામ, જિનવર પ્રતિમા ઠામોઠામ. ૪૦
મૂલતીરથ વંદૂ અતિ ઘણા, તે સઘલાં સેતામ્બર તણા
તીરથની એ રચના જોએ, આપમતે મત રાચો કોએ. ૪૧
સંવત ૧૬૪૩ દસી, અધકારી હુઉ દેવસી,
ખમણગ વસહીએ કીધા જેણ, રખે ભ્રમ કો ભૂલે તેણ. ૪૨
ચંદ્રકીરત નામે આ એસ, સમતશિખર ગિરિ કીયો પરવેસ,
મૂકી મૂરત ડીગાંબર તણી, સંવત ૧૬ અડતાલે ઘણી. ૪૩
નગ્ન દેખત પતી જો કોઅ, પરતંત્રે ઘર ન વસે જોએ,
જો પણ સાચુ હુવે સહી, ઉપદ તીહાં કો કરવી નહી. ૪૪
તીરથ દીઠે નિરમલ બુધ, તીરથ દીઠે સમકીત સુધ,
તીરથ દીઠે પૂગી રંલી, તીરથ હોજો વલી વલી. ૪૫
જૂના તીરથ જે મહેં દીઠા, તે સીધાંતે કહીઓ,
વીરપટોધર હીરવિજે ગુરૂ, પૂંનપસાએ લહીઓ,
સાહઅકબર સબલ મહીપતી, સુણી તે જસ ગુણ ગાઇઓ,
જીવદયા તરૂવરૂ પાઇ સીંચ્યો, 'જગગુરૂ' કહી બોલવીઓ. ૪૬
મેહ મુનીસર સીસ સિરોમણિ, વિબુધસભાસણગાર,
કલ્યાણકુશલ ગુરૂ તપાગછ મંડણ, નિરમલ જ્ઞાનભંડાર,
વસુસાગર રસ સસી મિત વરખે કીધી જાત્રા એહ,
દયાકુશલ કહે આણંદ આણી, નિત નિત સમરૂં તેહ. ૪૭

—શ્રી અબામધે સંવત ૧૯૫૧ વરષે ભાદ્રવા શૌદ ૮ દિને લખતં રાએચંદરાએ સંઘ. લિખિત અધકા ઉછો કાને માતરે લખાણુા હોએ તે મછામદૃકડ—શુભં ભવતું-ઉનાના વકીલ મોરારજીભાઈ પાસેથી આવેલ ચોપડામાંથી શ્રાવકે લખ્યો છે તે પરથી તે વખતે વાણીઆ કેમ લીટી દોરીને ગૂજરાતી લિપિ લખતા તે આ ચોપડા પરથી જાણી શકાય તેમ છે.

(૩૨૪) **વિજયસિંહસૂરિ રાસ.** સં. ૧૬૮૫ આશો શુદિ ૧૫ રવિ

આદિ— દૂહા રાગ દેશાખ તથા વેલાઉલ.

સરસ વચન રસ વરસતી, સરસતી ભગવતી દેવિ,
તુઝ પ્રસાદે ગુરૂગુણુ થુણું, હીયડે હરષ ધરેવિ. ૧
માતપિતા ગુરૂ દેવતા, ગુરૂ મતિ મતિ દાતાર,
ગુરૂવિણુ ભવજલ નિધિ તણો, કવણુ ઊતારે પાર. ૨
અનંત તીર્થંકર જે હૂઆ, હોસે વલી અનંત,
તે સહૂ સુગુરૂ પસાઉલે, ગુરૂગુણુનો નહિ અંત. ૩
ત્રિભુવનમાં જે જે કલા, ગુરૂવિણુ તે નવિ કોએ,
જિમ જલવિણુ સવિ બીજનો, ઉદ્ભવ કદીઅ ન હોય. ૪
શુદ્ધ પરંપર શુદ્ધ ગુરૂ, પુણ્યે લબ્ભે જેહ,
શ્રી તપગચ્છ રયણાયરૂ, જિહાં સહૂ લહીઇ તેહ. ૫
એગસઠિમે પાટે પ્રગટ, આચારજ વિજેસિંઘ.
મહામુનીશ્વર તેહના, ગુણુ ગાવા મુઝ રંગ. ૬

* * * *

અંતે—

સોલપંચાસી ઇસીરે અસાઢિ શુદિ પૂંનિમ દિનેએ,
રૂડો તિહાં રવિવાર, રાસ રચ્યો મન ઉલટે એ—૨૩૧.

ઢાલ-રાગ ધન્યાશ્રી. હીંચેરે હીંચેરે હીયય હીડોલડે. એ દેશી.

હીરજી હીરલો તાસ પટિ અતિ ભલો, શ્રી વિજયસેનસૂરીશ રાજે
શ્રી વિજયદેવસૂરિ તાસ પટિ નિરમલો, ભાગ્ય સોભાગ્ય વૈરાગ્ય છાજે ૨૩૨

થાપિઓ જેણિં નિજ પાટિ **વિજયસિંહજી**, સદા ઉદયવંત ગુરૂ એહ ગાયો,
કલ્યાણકુશલ ગુરૂ શિષ્ય સુખરંગ રસ, કહે દયાકુશલ સહી મેં જ પાયો. ૨૩૩

—વિજયસેન સૂરીશ્વર શિ. મહોપાધ્યાય શ્રી નયવિજય ગણિ શિ. પં. કીર્ત્તિવિજય પં. વીરવિજય ગણિ પં. વિદ્યાવિજય ગણિ. શ્રી લબ્ધિવિજય ગણિ. પં. ખિમાવિજય ગણિ લિ૦ સ્વવાચનાર્થે સં. ૧૭૩૫ વર્ષે. ૧૧-૧૫ માં.

(૩૨૫) ત્રેશઠશલાકાબદ્ધ પુરૂષ વિચારગર્ભિત સ્તોત્ર. સં. ૧૬૮૨

આદિ— તુહ જિન સમતા સુરલતા એ ઢાલ.

શ્રી જિનચરણ પસાઉલે, મનહતણે ઉમાહલઈ,
હુંથુણું ત્રિહસઠિ શલાકા પુરૂષનેં એ. ૧

* * * *

અંતે— કલશ.

તપગછપતિ શ્રી **વિજયદેવ** ગુરૂ આચારજ **વિજયસંઘસૂરી**,
સોલ બિઆસીઈ ત્રિહસઠિ શલાકા પુરૂષતણી મેં થુત્તિ લહી,
કલ્યાણકુશલ પંડિત ગુણમંડિત તાસ પસાઇ એહ કહું,
દયાકુશલ કહે ઉલ્હટ આણી, પરમાણંદ સુખ સહીઅ લહું. ૫૯

—૩-૧૩ માં.

(૩૨૬) પદમહોત્સવરાસ-સં. ૧૬૮૫-વિદ્યા. (તેમાં હીરવિજયસૂરિના પદમહોત્સવનું વર્ણન છે.)

જ્ઞાનપંચમી-નેમિજિનસ્ત૦

આદિ— દૂહા.

શારદમાત પસાઉલે, નિજ ગુરૂચરણ નમેવિ
પંચમી તપવિધિ હું ભણું, હિઅડે હરષ ધરેવિ. ૧

* * * *

અંતે—

એ તપ કીજે લાભ લીજે વંદી જે તપગચ્છધણી
પરતક્ષ ગૌતમસ્વામિ સરખી કીરતિ **હીરસૂરિ** તણી,

તપગચ્છ પંડિત જ્ઞાનમંડિત પાપછંડિત તું જયો,
બુધ કલ્યાણકુશલ ગુરૂસેવ કરતાં દયાકુશલ આણંદ થયો. ૩૦
—જૈ. એ. ઇંડિયા.

—સં ૧૭૪૩ વર્ષે માહ વદિ ૮ દિને આણુંદ કુશલેન લિ૦ ૨-૧૨ માં.

૧૮૧ વિજયસેનસૂરિ.

(૩૨૭). સુમિત્રરાસ ૧૬૫૦ આસપાસ.-ડે. ૨લ.

[વિજયસેનસૂરિ-જન્મ ૧૬૦૪ ફાગણ શુદિ ૫ મારવાડના નાડલાઈ ગામમાં ઓશવાલવંશ વૃદ્ધશાખાના શાહ કમાશાહ અને તેના પત્નિ કોડાંને ત્યાં મૂળનામ જયસિંહ. વિજયદાનસૂરિ પાસે ૧૧ વર્ષે ઉમરે સં. ૧૬૧૩ જેઠ સુ. ૧૧ ના દિને સુરતમાં દીક્ષા. દીક્ષાનામ નવવિમલ. સં. ૧૬૨૬ માં ખંભાતમાં પંડિતપદ, સં. ૧૬૨૮ ફા. શુ. ૭ ઉપાધ્યાયપદ અને આચાર્યપદ અમદાવાદમાં, સં. ૧૬૩૦ પો. વ. ૪ ના દિને પાટણમાં પાટસ્થાપના. અકબરબાદશાહે ' સવાઇ 'નું બિરૂદ આપ્યું. સં. ૧૬૭૨ માં જેઠ વદ ૧૧ દિને ખંભાતમાં સ્વર્ગવાસ.)

૧૮૨ કૃષ્ણદાસ.

(૩૨૮) દુર્જનસાલ બાવની. સં. ૧૬૫૧ વૈશાખમાસ. લાહોરમાં.

આદિ—

ૐકાર અનંત આદિ સુરનર મુનિ ધ્યાવહિ,
જિકે પંચ પરમિષ્ટ સુતઉ સબ ઇસિમહિ પાવહિ,
મહામંત્ર મુપિ એહ સિદ્ધ સાધિક સબ જાણહિ,
કવિત છંદ અનુગીત પ્રથમ પુનિ કવિતા આણહિ,
સો સિવરપાં નિરમલ બુદ્ધિ દે સકલ લોક મન ભાવની,
દુરજનસાલ સંઘપતિ કહઇ વસુધા વિસ્તર બાવની. ૧
નિમ્મલ જડિયા ગોત રાઇસિદ્ધાર ભણિજ્જઇ,
જગૂસાહકઇ બંસિ અધિક તિસ ઉપ્પમ દિજ્જઇ,

ભઇયા દુરજનસાલ સાહિ અકબરિ થિર થપ્પિઉ,
મુકટમ્મણિ જઉહરી હકમુ જિસુ સબઇ સમપ્પિઉ,
શ્રી વિમલદાસ હયબર બકસહીરાનંદ આનંદ દરસ,
સંઘાધિપત્તિ નાનૂ સુતનુ તિન્નિ પુત્ત તિન્નઉં સરસ. ૨

મગ્ગિ ચલહિ નિમ્મલઇ ધમ્મ કારણિ ધનુ અપ્પહિ,
સત્યવચન મુખિ ચવહિ અંગિ પૌરષ દ્રિઢ થપ્પહિ,
ગરૂઅ બાર અંગ વહિ જીઅ દુત્થતિથય પાલહિ,
આરંભ હિતંકર હિ જનમ સાવઇ ઉજ્જાલહિ,
પોષઇં સુપાત કઉં જાનિ કરિ ઇતે બોલ અંગીકરહિ,
સંઘાધિપત્તિ નાનૂ સુતન મેઘરાજ કુલ ઉદ્ધરહિ. ૩

* * * *

અંતે—

સાયરકૈ ઘરિ ચંદ સૂરકા સિવ ધરમંડન,
મન રાજા ઘરિ મદનુ રામ રઘુપતિ દુષખંડન
ચંદન ઘરિ ઘણુસાર ઇસિ ઘરિ ભયા વિનાઇકિ
પવન ઘરિ હિ હનવંત કરનુ રવિઘરિ નર નાઇકિ,
કહિ કિશ્નદાસ સંઘ મુકુટમનિ બુધિનિધાન જગિ ભોજસરિ,
દુરજનસાલ દુરજનદવનુ જડિયા નાનૂ સાહ ઘરિ. ૫૨

હરષુ ધરિઉ મન મજ્જિ જાત સોરીપુર કિદ્ધિ,
સંઘ ચતુરવિધિ મેલિ લછિ સુભ મારગિ દિદ્ધિ,
જિનપ્રસાદ ઉદ્ધરઈ સુજસ સંસારિહિ સંજઈ,
સુપ્રતિષ્ઠા સંઘ પૂજા દાનિ છિય દંસન રંજઇ,
સંઘાધિપત્તિ નાનૂ સુતન દુરજનસાલ ધરમ્મધુર,
કહિ કિશ્નદાસ મંગલકરન હીરબિજય સૂરીંદ ગુર. ૫૩

લછિન અંગિ બતીસ ચારિ દસ વિદ્યા જાણઈ
પાતિસાહિ દૈ માનુ ષાન સુલિતાન બષાણઈ,

લાહનૂર ગઢ મજ્ઝિ પ્રવર પ્રાસાદ કરાયઉ,
વિજયસેન સૂરિં બંદિ ભયો આનંદ સવાયઉ,
જાં લગઈ સૂર સસિ મેર મહિ સુર સરિ જલુ આયા સિંધુઅ,
કહિ કિશ્નદાસ તાં લગ તપઈ દુરજનસાલ પ્રતાપ તુઅ. ૫૪

પિતપતિ અકબર પાતિસાહિ થિર રાજુ કરંતહ
ઉણતાલા સંબત્ત ચઇત નવરોજ વસંતહ,
સોલહસઈકિયાવના બીર બિક્રમ સંવછર
મીનચંદ ઓ દસીબરન બિધિ બાવન અછર,
બઇસાષ માસ દિન સોમ કઈ, કિરીયો કવિત બિકસિઉ કવલ,
દુરજન્નસાલ પરવાર સઉં કલપવૃક્ષ જિઉ સુદલ ફલ. ૫૫

મંગલશ્રી ભગવાન વીર જિન સાસન સ્વામી,
મંગલ શ્રી વસુભૂતિ પુત્ર ગોતિમ સિવગામી,
મંગલ શ્રી સિકડાલ નંદ થુલિભદ્ર મુનીસર,
મંગલ જડિયા ગોત ઉસ બંસી પુહવીસર,
નિતમંગલ શ્રવણુ સુણંતિયા બાવન સુદ્ધ કવિત્ત રસ,
દુરજન્નસાલ મંગલસદા કવિજન કલ્હ કરઇ સુજસ. ૫૬

—ઇતિ બાવની સાહ દુરજનસાલ જડિયા ગોત્ર તપા ગચ્છકી. લિપતં ભોજિગ કિસનદાસ લાભપુર મધ્યે સાહશ્રી બોણીદાસ પુત્ર સાહ સંતોષી પઠનાર્થ, [વિ. ધ. નાનો ચોપડો પા. ૯૭-૧૧૦]

[કવિ ભોજક હતો-તેણે લાભપુર-લાહોરમાં આ કૃતિ દુર્જનશાલપર લખી છે. તે દુર્જનશાલ ઓશવાલ વંશીય જડિયા ગોત્રનો હતો અને તે જગુશાહના વંશમાં થયો હતો. જગુશાહને ત્રણ પુત્રો હતા—૧ વિમલદાસ, ૨ હીરાનંદ અને ૩ સંઘવી નાનુ. આ નાનુનો પુત્ર દુર્જનશાલ. દુર્જનશાલના ગુરૂ હીરવિજયસૂરિ હતા અને તેણે સૌરીપુરની યાત્રા કરી સંઘની પૂજા ભક્તિ કરી હતી અને જિનપ્રસાદનો ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પણ કરાવી હતી, લાહોરમાં એક મંદિર કરાવ્યું હતું, આ

સર્વ વાત ઉપરની બાવનીમાંથી સિદ્ધ થાય છે. જુઓ સૂરીશ્વર અને સમ્રાટ્. પૃ. ૨૫૩-૨૫૪.]

---

૧૮૩ સારંગ. (મડાહડ ગચ્છ-જ્ઞાનસાગર સૂરિ-પદ્મસુંદર તેના ગુરૂભાઈ ગોવિંદ શિ૦)

(૩૨૯) ભોજપ્રબંધ ચઉપઈ સં. ૧૬૫૧ શ્રાવણ વદ ૯ જાલોરમાં.

અંતે—

ભોજપ્રબંધ તણી ચઉપઇ, સોલઇકાવન વચ્છરિ હુઈ,
વડગચ્છ શાખા ચંદ્ર વિચાર, મડાહડ ગચ્છ ગચ્છ સિણગાર. ૫૪
સૂરિપદ ઈ જયવંતઉ જાણુ, ન્યાનસાગર સૂરીશ વખાણુ,
તેહનઇ ગચ્છિ વાચક ગુણગેહ, દીપઈ જસુ ગુણ નિર્મલ દેહ. ૫૫
પદ્મસુંદર નામઈ પરગડુ, ધુર લગિ જાસુ અનોપમ ધડુ,
ગુરૂભાઈ તસુ છઈ ગોવિંદ, પુરિ જાલોરિ પ્રગટ આણુંદ. ૫૬
તાસુ સીસ સારંગ સુવાણિ, વિમલ કિઉ નૃપ ભોજ વખાણ,
શ્રાવણ વદિ નવમી કુંજવાર, પ્રકટ કીઉ કૃપા પ્રચાર. ૫૭

લખ્યા—સંવત્ ૧૬૫૭ વર્ષે આશ્વિનિ વદિ ૨ રવૌ શ્રી જાલોર મધ્યે પૂર્ણિમા પક્ષે ભટ્ટારક શ્રી વિમલચંદ્રસૂરિ વિજયરાજ્યે વા. શ્રી વિનયસાધુ શિષ્ય ચારિત્રવિમલેન લિ૦ સઘળાં પદ્ય ૪૫૮.

—સાગર ભં. પાટણ.

(૩૨૯ ક) બિલ્હણ પંચાશિકા (જુ, નં. ૨૮૭, જુઓ જ્ઞાનાચાર્ય નં.૧૨૮ પૃ. ૧૭૩ સં. ૧૬૩૮-(૧૬૪૮) રચેલી.

(આમણે પૃથ્વીરાજે ક્રિસન રૂકિમણીકી વેલીપર લાખા નામના ચારણે પ્રાચીન પશ્ચિમના રાજસ્થાની (પ્રાચીન ગુજરાતી)માં લખેલી બાલાવબોધ નામની ટીકા પરથી વિ. સં. ૧૬૭૮ માં પાલ્હણપુરમાં ફિરોજશાહના અમલ વખતે સંસ્કૃત ટીકા નામે સુબોધમંજરી રચી છે. અને તે સં. ૧૭૮૧ માં પ્રતિબિંબિત થઇ છે. આ અમૂલ્ય ટીકા-

માંથી ડા. ટેસીટોરીએ થોડા થોડા ઉતારાઓ આપ્યા છે પણ તેમણે મૂળ ટીકા પણ સાથે સાથે છપાવી હોત તો કાવ્યરસિક જનોને વિશેષ લાભ થાત. જુઓ ૧૯૭૮ ની દીવાળીનો ગુજરાતી અંક પૃ. ૭૨.)

---

૧૮૪ પદ્મવિજય (ત૦ હીરવિજયસૂરિ શિ૦)

(૩૩૦) **તીર્થમાલા** (૧૬૫૨ પહેલાં),

આદિ—

સમરસિ સમરસિ સરસતિ, વરસતિ વચન વિલાસ
તૂં તૂઠી મુઝ આપજે, સાચો વચન વિલાસ. ૧
વાણી વાણી ઇમ ભણે, તૂં તૂઠી એકંતિ
કવિ કેલવણી કેલવેઈ, કેવલ આણે ખંતિ. ૨

* * * *

અંતે— કલસ.

એ તીરથમાલા ગુણવિશાલા કંઠપીઠ જે ઠવે
તસ મુગતિ બાલા અતિરસાલા વરણ વરમાલા ઠવે,
શ્રી હીરવિજય ગુરૂ સુરિપુરંદર સીસ **પદ્મવિજય** કહે,
જે સુગુણ ગુણસ્યે અને સુણસ્યે મંગલમાલા તે લહે.

—ઈતી તીરથમાલા ગુણસ્તવન સંપૂર્ણ.

—સ. ૧૮૪૨ વર્ષે કાર્તિક શુદ ૭ બુધવારે. લિખિતં સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રીપ પં. હરિરૂચિ ગ. તત્સિષ્ય પં. વીરરૂચિ તત્ચરણ સેવી સિષ્ય પં. વિનોદરૂચિ ગ. ના લિપિચકે સુશ્રાવક મનછારામ વાચનાર્થં.

(પ્ર. કા. અથવા જૈ. એ.)

—લિ. સં. ૧૮૫૫ જેઠ સુદ ૨ પાનાં ૨૩ પ્રે. ૨.

---

૧૮૫ માલદેવ+ (વડગચ્છ ભાવદેવસૂરિ શિ.)

+આ બહુ સારા કવિ હતા. તેનો ઉલ્લેખ ઋષભદાસે પૂર્વના વિદ્વાન્ કવિ તરીકે કુમારપાલરાસમાં કરેલ છે. (જુઓ મારો લેખ-જૈન કૉ. હરેલ્ડના જૈન ઇતિહાસ અંક સને ૧૯૧૫ માં ઋષભદાસ પર). આ કવિની રચના સુંદર અને લલિત છે. તેના ગુરૂ ભાવદેવનો ઉપાશ્રય હમણાં પણ વિકાનેર રાજ્યમાં 'ભટનેર' અને 'હનુમાનગઢ' માં છે. તેના શિષ્ય લોક સિન્ધ અને પંજાબના મધ્યમાં રહ્યા કરતા હતા.

જયરંગ કવિએ સં. ૧૭૨૧ માં રચેલા કયવન્ના (કૃતપુણ્ય)ના રાસમાં માલ કવિનાં સુભાષિત લીધેલ છેઃ—

" વાલંભતણો વિછોહ, કિરતાર તૂં કદિ ભાજસી ?
કહિ નેં કદિ સંજોગ, કરસી તે નિરણેં કહો, ૧
કોકિલને જ્યું મોરધ્વનિ, દક્ષણ પવનજ હૂંતી,
ચંદ્રકિરણ તંબોલ રસ, વિરહી એ ન સંહત. ૨
દુસહવેદન વિરહકી, સાચ કહેં કવિ માલ,
જિં જિંણકી જોડી વિછડો, તિણકા કવણ હવાલ. ૩

(૩૩૧) પુરંદરકુમાર સં. ૧૬૫૨

આદિ—

વરદાયક સુરદેવતા ગુરૂ પ્રસાદ આધાર,
કુમર પુરંદર ગાઇસ્યું શીલવંત સુવિચાર. ૧
નરનારી જે રસિક તે સુણિયો સત્તે ચિત્ત લાય,
ઠૂઠન કબહું ધુમાઇયેં વીણા સરસ તરૂવાય. ૨
સરસ કથા જે હોય તો સુનહિં સબહિ મન લાય,
જયાં સુવાસ હોવે કુસુમ, મધુપ તહાંહી જાય. ૩

× × × ×

[સુભાષિત]

નમણી ખમણી બહુગણી, રતિવંશ વિશુદ્ધ,
વિણ પુણ્યે કિઉં પાઇએ, કરધન હી ધરિ મુધ. ૮

મીઠાં ભોજન શુભવચન મીઠા બોલી નારિ,
સજ્જન સંગતિ માલ કહે કિસહિ ન પ્યારે ચ્યાર. ૧૧

એક પુત્ર ગુણવત જો સોતો સહસ સમાણ,
જિસ લેતિ ચંદણુ હોઇ તરૂ ચંદન કુસુમ (એકસુ) પ્રધાન. ૧૭

મુઓ સુત ખિણ ઇક દહે, વિનુજાયો પુનિ તેઉ,
દહે જન્મ લગુ મુઢ સુત, સો દુખ સહીઇ કેઉ. (૧૮)

એક પુત્ર સિંહણુ જિસો કોઈ પ્રસવે નારિ,
કરિ ધડિ ભડિ લાયે રહે તે સુવરી વિચાર. ૧૯

જોબન પ્રભુતા સંપદા અરૂ ચતુર પણિ હોઇ,
તે એ ચ્યારો માલ કહે(તો) સ્વર્ગ ન વંછે કોઇ. ૨૦

મંજરિ મુખ સહિકાર શુક લઈ આયો જનુપતિ,
જાઇસિ સિર વિધિના દીયો અવવસંત શિર છત્ત. ૨૩

આયુ વિત્ત ગૃહ છિદ્ર અરૂ મૈથુન ભેષજદાન.
મિત્ર ન કહિયો આપણો મહનો અને અપમાન. ૫૧

કામી ક્રોધી માનીયો ફિરે જુઆ રતિ માહિ,
ભૂતગૃથલ નિજ શુભ અશુભ,હિએ વિચારે નાંહિ. ૫૬

જીવદયા જગિ જાણીઈ સબહી ધર્મ વિચાર
જીવદયા વિણુ માનવી કિમ તરીઈ સંસારે. ૪૭

જબ લગ વિષય ન છાડહિ ધર્મ કરે સવિ ફોક
હથ જુગ કહુ એ માલ હું તો ન સમઝે લોક. ૬૦

અસ્ત્ર શાસ્ત્ર હય નારિ નર, રવિ એ વિણુજ કર સેથ
વીણા વાણી મંત્ર અરુ કિસહી કું બરૂ દેય. ૬૩

નિશ્ચોલય પરનારકો સૂર્પક ગયો નિજઠામ
લગી ચોટ ન સમજહિ સો તોં મૂરખ નામ. ૬૪
સસનેહી તો દુખ સહે માલ તજો પરનારિ
તવલગ મથ મથિએ દહી જબલગ ધીયમઝારિ. ૭૦
હરિણા ફાસે ફંદ તો જો ચરે પરાયાં ખેત
માલ જાનિ ઈં પરિહરો પરનારીશું હેત. ૭૧
પરતિય માલ ન રાચિએ કરહિજ કપટ સનેહ
બાહિર સોનાનો ભરમ ભીતર પીતરિ એહ. ૭૪
માલરૂપ પરનારિકો દેખિ ડુલાવો ન ચિત્ત
એ નિશ્ચે વિષવેલિફલ, ખાંડ ગલેફ્ મિત. ૭૫
રૂચિ અરૂચિ હુઇ દુવિધે સીસ ધુમાવણુ હોઈ
અરૂચિઅ સંત મહંત રૂચિ વિરલા જાણે કોઈ. ૮૩
જા સંપે તાં પ્રાહુણો જાં શ્રાવણુ તાં મેહ
જાં સાસૂ તાં સસરો જાં જોબણુ તાં નેહ. ૮૬
કોઈ ન દેખ્યાહી ગમે અનદેખ્યા હિ કેય
દેખ્યા અણુદેખ્યા કેઇ સુજણુ ચિત્ત હરિ લેય. ૯૦
રણે વાસો પિએણસ્યું, વિધિ એતલો કરિજ્જ
ધણુ કણુ કંચણુ આલવણુ, જો ભાવે તો દિજ્જ. ૯૮
અતિ પ્રીતમ જે વિછુરે તો ન મરણોં જાઈ
હિયડા સાવરસિંગ જ્યોં દિન દિન નિઠુર થાઇ. ૧૦૪

સોરઠા–પાણી તણેં વિયોગે કાદમહી ફાટે હીઓ
ઇમિ જે માણુસ હોઈ સાચો નેહો તે જાણીએ. ૧૦૫
એં વાલહો વિયોગ પાણીવાફિણિ નીસરે
સાચો નેહો તે જોઇ જે લોયણુ લાહી વહે. ૧૦૬

દુહા–જાં સાજણુ તાં નેહ જગિ જાં અગ્ગે નયણાહ.
ભલા ભલેરા વીસરે ઉંઝર થિયા વણાહ. ૧૦૯

શીખ કહ્યાથી માલ કહે ઉત્તમ કહો ગુણ દીઠ
કમ્મલિ ઉનાલે વસ્ત્ર કહું રંગ ન ચઢે મજીઠ. ૧૨૬
માલ ન ગુણ છાંનો રહે નિંદહિ જે મતિમંદ
લઈ કુંડે કરિ છાઇએ છિપ્યો રહે કિતિ ચંદ. ૧૪૮
વસ્ત્ર વિભવવિદ્યા વચન વપુ સુંદર આકાર
માલ જિહાં તહાં માનીઈ, જહ હોહિ પંચ વકાર. ૧૪૯

ગાથા—ખીરસ્સ સકરાએ દાએણુ સૂયણુસ્સ સંસગ્ગો
કસ્સ ન ભો પડિહાયે પૂગેય નાગવલ્લી એ. ૧૫૩
માલ જો કરતવ કીજીએ સો તો જાણીએ આપ
સાધુ ન ચોર ન કાહલો પાપી સંકહી પાપ. ૧૯૯
વૃદ્ધતણી જે નારિ અરૂ, દીવ હિ (દીવટ) હુવે સમાન
કર ગૃહીતપણિુ હોહિતે પર ઉપગાર નિદાન. ૨૦૮
દુર્જનલોક ન સહિ સકે પરધન સુખ પરિવાર
વિઘન કરે છય દેખતાં નીચતણો આચાર. ૩૧૨
દિન દિન અધિકી સંપદા રાજ તેજ સનમાન
મનવંછિત સુખ સંપજે તેતો પુન્ય પ્રમાણ. ૩૧૭
ઉક્તંચ. "હેઠિ જરગો ઉપરિ નગો, તીરહ કંઠિ અછઈ બિલગો,
ઇસર કરે સુ સહુવે છજ્જે, અવર કરે તે હદી ખજ્જે. ૩૧૯
તિહું લોકકો દીપ જિમ કહીઇ ધર્મ પવિત્ર
દિનદીવો રવિ માલ કહે (જિમ) તિમ કુલદીપ સુપુત્ર. ૩૨૧
ગુણવંતા ગુણવંતસ્યું મિલ્યો પરમ સુખ એહ
અણગમતા સ્યું માલ કહે કિમે ન વધે સનેહ. ૩૨૬
શુદ્ધભાવ (ભાવસહિત) ગુરૂવંદના કરજે ભગતિ વિશાલ
તિર્થંકર સમ હોહિતે વાસુદેવ સમ (જિમ) માલ. ૩૩૧
દ્રવ્યભાવ (ભાવસહિત) વિસ્તર કહે જિન પૂજે ત્રિકાલ
તિર્થંકર પદવી લહે શ્રેણિક જિમ તે માલ. ૩૩૦

ઢાલ—રંગરસ વિરવારે.

નિરતિચાર સંજમ સદા, વ્રત પાલોરે
કરતા ઉગ્રવિહાર શીલવ્રત પાલોરે.

× × × ×

અંતે—

ભાવદેવસૂરિ ગુણનિલો, વ્ર૦ **બડગચ્છ** કમલદિણુંદ શી૦
તાસ શિષ્ય શિક્ષા કહે, વ્ર૦ **માલદેવ** આણુંદ. શી૦

—ઇતિ શીલ વિષયે પુરંદર કથા સમાપ્તા, સં. ૧૬૬૯ ભાદ્રમાસે શુદિ ૫ આગરા નગરે લિ. પૂજ્ય કપૂરચંદ ઋષિ. શિ. કલ્યાણઋષિ.
૨૫-૯ આગરાભંડાર;

બીજી પ્રતમાં છેવટની આ કડી વધારે છે.

આગમ મિલતો જે કહો વ્ર. અનુમોદો જાય શી૦
જે વિરૂદ્ધ કિંકિં હિ કહ્યું વ્ર. મિછામદુક્કડં હાય. શી૦

—ઇતિશ્રી શીલવિષયે પુરંદર નૃપ કથાઃ..ચઉપાઈ સમાપ્તા. સં. ૧૮૪૦ ચૈત્ર વદિ પંચમી દિન ગુરૂવારે. આગરાભંડાર.

—સં. ૧૬૮૩ વર્ષે. શ્રી સુમતિચંદ્રસૂરિ વિજયરાજ્યે વાચનાચાર્ય શ્રી વિનયસાધુ શિષ્ય ચારિત્રવિમલેન રાસોડયં લિખિતઃ સ્વવાચનાય. ૧૬-૧૫ લીં૦

—સં. ૧૭૧૭ લિ. ૧૩-૧૭ લીં.

—સં. ૧૬૫૨ દ્વિતીય અષાઢ શુદિ દ્વિતીયા રવૌ દિને...... રીશ્વર વિજયરાજ્યે વા૦ શ્રી ૫ શ્રીમાણિક્યચંદ્ર ગણિ તત્ શિ. પં. વિનયચંદ્ર ગણિ તત્ શિ. ઋષિ શિવચંદ્ર લિ૦ પ્ર. કા.

આ કૃતિની સં. ૧૬૬૯ ની પ્રતમાં દોહા ઘણા, તથા સોરઠા દૂહા-સિવાય નીચે પ્રમાણે ઢાળ છે.

૧ ચૂંનરી મેરી પાટકી—૨ પ્રાણપિયારે નેમિજી—૩ ઝૂંબકરાની ઢાલ. ૪ સૂવડો વાડિહિ હિંડ્યો—૫ જોગનાકી ઢાલ. ૬ રામચંદકે બાગે

(ચંપો મોર લીઓરી). ૭ પાસજિણંદ જુહારીઈ-૮ રયબારીકે છોહરા એ. ૯ ઢાલ-રંગરસ વિરવારે—

(૩૩૨) ભોજપ્રબંધ.

---

૧૮૬ પરમાણંદ (ત. આણંદવિમલસૂરિ-શ્રીપતિ-હર્ષાણંદ શિ.)

(૩૩૩) હીરવિજયસૂરિ નિર્વાણ સં. ૧૬૫૨.

આદિ—

સમરી સરસતિ ભગવતિ શુભમતિ, આપે અવિરલ વાણીજી,
હીરવિજયસૂરિ જગગુરૂ ગાઉં, પરમાણંદ ચિતિ આણીજી
જય જય જય જગગુરૂ ગછપતિ ગુરૂઓ.

* * * *

અંતે—

સંવત પનર (? સોળ) બાવને આસો વદિ સાતમિ જાણુજીરે
પરમાનંદે ઉનાગઢે રચિઓ હીરનિર્વાણુજીરે. ૧૦૦

શ્રી આણંદવિમલ સૂરીસર, તસ શ્રીપતિ ઋષિ સીસજીરે,
તસ પદપંકજમધુકરો, હરષાણંદ બુધ ઈસજીરે. ૧૦૧

તાસ ચરણ સેવા કરૂ, પરમાણંદ ભલે સીસજીરે,
બોલ્યા ગુણ જગગુરૂ તણા, જયવંતા જગિ દીસેજીરે. ૧૦૨

—સંવત ૧૬૫૨ વર્ષે પોસ વદિ અમાસ સો શ્રી ઊનંતદુર્ગે ભાટજ્ઞાતી સખીદાસ લખિતં. શ્રાવિકા પૂતલી પઠનાર્થે. (આ પરથી જણાય છે કે આ પ્રત કવિના રચના સંવતમાંજ લખાયેલી છે. ૬-૧૧ માં.

---

૧૮૭ વિવેકહર્ષ (ત૦ હર્ષાણંદ શિ૦)

(૩૩૪) હીરવિજયસૂરિનો રાસ. સં. ૧૬૫૨ વીજાપુરમાં.

આદિ— રાગ સામેરી.

ઇમ ચિંતી મનહમઝારિએ, પાટણથી કરઈ વિહાર એ
ગણધાર એ, રાજનગરિ પધારીઆ એ. ૧

શાહજાદઉં શાહ મુરાદ એ, હીરનઇં વંદઈ અતી આલ્હાદએ
પ્રસાદએ, માગઇ હીરજીની દુઆ ઘણી. ૨

× × × ×

અંતે— રાગ ધન્યાસી.

જયઉ જયઉ જગગુરૂ પટધરો, શ્રી હીરવિજય ગણધારજી,
સાહઅકબર દરગાહમાં જિણિં પામ્યો જય જય કારજી. જય૦

જિહાંલગિં મેરૂ મહીધરો, જિહાંલગિં ગિરવરની રાશિરે
ચિર પ્રતપઉં ગુરૂ ગચ્છધણી, શ્રી વિજયસેન સૂરીસજી. જય૦ ૯૯

હીર પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂરજી
કુમતિ તિમિર દૂરઈ કરઈ ભવિઅણુ સુખ ભરપૂરજી. જય૦ ૧૦૦

વીજાપુર વરનયરમાં, પાંડવ નયન વરીસજીરે,
હર્ષ આનંદ વિબુધતણો, સીસ દીઈ આસીસ.
વિવેક હર્ષ કહઈ સીસજીરે. જય૦ ૧૦૧

—પં૦ અમરવિજયગણિ શિ૦ મુનિ ગુણવિજય લિપિકૃતં. શ્રી વિદ્યાપુરે પુરોપકારાય. ૬-૧૫ બાલ૦

(૩૩૫) હીરવિજયસૂરિનિર્વાણ સ્વાધ્યાય. ૧૬૫૨ લગભગ.

આદિ— રાજવલ્લભ-રાગ.

સરસ વચન ધઉ સરસતી, પ્રણુમી શ્રી ગુરૂપાય
થુણસ્યું જિનશાસન ધણી, શ્રી હીરવિજય સૂરીરાયરે
જગગુરૂ ગાઈઈ, માન્યઉ અકબરશાહિરે
જસ પટિ દીપતઉ, શ્રી વિજયસેન ગચ્છનાહરે જગ. ૧

* * * *

અંતે— કલશ.

ઇસિ શ્રી વીરશાસન જગત્રિભાસન શ્રી હીરવિજયસૂરીસરો
જસ શાહિઅકબ્બર દત્ત છાજઈ બિરૂદ સુંદર જગગુરો
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ શ્રી વિજયસેન દિવાકરો
કવિરાજ હરખાણુંદ પંડિત વિવેકહર્ષ સુહંકરો. ૨૨

—શ્રી સં. ૧૬૫૬ વર્ષે આષાઢ સિતાત્ ચતુર્માસ દિને પંડિત શ્રી પુન્યહર્ષ ગણિનાં શિશોમુનિ જયહર્ષેણ દેવાસનગરે લિપીકૃતા. પ્ર૦ જૈ. ઐ. ગૂર્જર કાવ્ય સંચય.

(હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા. આની પ્રતિ ૧૬૫૬ માં લખાયેલી ઉપરપ્રમાણે મોજૂદ છે, તેથી આ સ્વાધ્યાય સં. ૧૬૫૨ ના અંતમાંજ રચવામાં આવેલી જણાય છે.)

---

૧૮૮ ધનહર્ષ (ત. હીરવિજયસૂરિ–ધર્મવિજય શિ૦)

(૩૩૬) તીર્થમાલા સ્તોત્ર. (૧૬૫૩)

ધન્યાસી.

શ્રી વિજયદાન સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ હીરવિજયાભિધાના,
નગર ગંધારથી જેહ તેડાવિઆ, સાહિ શ્રી અકબરિં દત્તમાના. શ્રી ૧
ધર્મનું તત્ત્વ પૂચ્છય સવે તે કહ્યું, સાહ કુંરાકુંઅરિ ધર્મધીરિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપવીરિં. શ્રી૨
પર્વ પજ્જૂસણિં દિવસ દ્વાદશ લગિ, કુણિં કુણ જીવનો વધ ન કરવો,
ઇસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઇ અપ્પિઆં, નહિં કૃપા વિણુ કિસિં જન્મ
તરવો. શ્રી ૩
દ્વાદશ કોશનું જે સદા જલ ભર્યું, નામ ડાબરસરો જાણુ દરિઉં,
શ્રી હુમાઊસુતઈ વલિઅ લખી અપ્પિઅં જાલપ્રક્ષેપઈ નમિં ન
કરિઉં. શ્રી ૪.
માત નાથી તનુંજ જગત આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી,
તાસ શિશુ ધર્મવિજયાભિધો બુધવરો, જે સદા વિમલતર ધર્મધારી. શ્રી ૪

તાસ પદયુગ્મઅંભોજમધુકર સમો, તાસ શિશુ વિબુધ ધનહર્ષ ભાષઈ,
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિથકી, પ્રગટ હુઅં પુણ્યરસ સુધા ચાષઈ ૬
—ઇતિ શ્રી તીર્થમાલા સ્તોત્ર શ્રી શાંતિ તીર્થંકર સ્તવન નામાધિકાર સંપૂર્ણ-શુભં ભવતુ, કલ્યાણમસ્તુ, શ્રીરસ્તુ, આરોગ્યમસ્તુ, દીર્ઘાયુ.

(હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા તે સમયનીજ આ કૃતિ છે.)

૧૮૯ કુંઅરવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયચંદ્ર-નયવિજય શિ૦)

(૩૩૬) + શ્રી હીરવિજયસૂરિ-સલોકો સં. ૧૬૫૨ પછી

આદિ—

સરસતી વરસતી વાણી રસાલ, ચરણકમલ નમી ત્રિકાલ,
શ્રી ગુરૂપદપંકજ ધરાઉં, હીરવિજયસૂરી ગછપતિ ગાઉં. ૧

* * * *

અંતે—

હીરજીનો ચેલો વલીય વખાંણો, નામે વિજયચંદ્ર પંડિત જાણો,
નયવિજય પંડિત જગીસ, તસ સીસ કુંઅરવિજય કવીસ. ૮૦
જગગુરૂકેરા જે ગુણ ગાવેં, તસ મનવંછિત સફલ ફલાઈ,
હીરજી હુઉ જિનસાસણભાણુ, નાંમ જપંતાં કુશલ કલ્યાણ. ૮૧
—પ્ર. જૈ. ઐ. ગૂર્જરકાવ્ય સંચય.

૧૯૦ જયચંદ્ર (પાર્શ્વચંદ્ર-સમરચંદ્ર-રાયચંદ્ર-વિમલચંદ્ર શિ.)

(૩૩૮) +રસરત્નરાસ સં. ૧૬૫૪ ખંભાતમાં.

(આ રાયચંદ્રસૂરિના સંબંધમાં રાસ છે.)

આદિ—

ધુરિ પહિલી ૧—વસ્તુછંદ.

આદિ જિણવર **આદિ** જિણવર **અજિત** જિનનાથ,

શ્રી સંભવ અભિનંદનહ સુમતિ પદમપ્રભ સુપાસ સુંદર;
ચંદ્રપ્રભ ઉલ્હાસકર સુવિધિ સીતલ શ્રેયાંસ સંકર,
વાસુપૂજ્ય નઈં વિમલજિન અનંત ધર્મ શ્રી સંતિ;
કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી ધનકંતિ. ૧
પાસ જિનવર પાસ જિનવર સુખકાર,
વર્દ્ધમાન ચઉવીસમઉ સકલ લોકદુહરાસિ ભંજઈ;
મોહ મહાભડ વસિ કરી મયણ માણ ધણ હેલિ ગંજઈ,
ગૌતમ ગણધર તેહનઉ, લબધિ તણઉ ભંડાર,
સમરણ માત્રઈં જેહનઈં, હોઇ સુજય જયકાર. ૨
આસ પૂરણ આસ પૂરણ કલ્પતરૂ સાલ,
શ્રી પાસચંદ સૂરીસરૂ યુગપ્રધાન મહિમા વિરાજિત,
પંચમકાલિ વિશાલ જિણિ મુગતિપંથ પ્રકટિય સુશોભિત,
તાસુ તણા પયકજ નમી, આણી મન ઉલ્હાસ,
વડ તપગચ્છ ગુરૂ ગાઈયઉ, પૂરઉ મનની આસ. ૩

દુહા.

શ્રી શયચંદ સૂરિંદવર, પુરૂષરયણ અવતાર,
મનમોહન મહિમાનિલઉ, કલા તણઉ ભંડાર. ૪
ભવિક કમલ પડિબોહણઓ, મિથ્યા તિમર હરંતિ,
છત્રીસી છત્રીસ ગુણ, અહનિસિ જે ધારંતિ. ૫

* * * *

અંતે—

ઢાલ ૨૨ કનકકમલ પગલાં ઠવઈ–એ દેશી.

ચિર પ્રતપઉ સૂરીસરૂએ જાંલગિ મેરૂ ગિરિંદ,
જયચંદ ગણિ ઉચ્ચરઇ એ, ભગતિઈં મન એકંત, જયચંદ ગણિ.૨૩૭

* * * *

થંભવપુરવર પાસજી એ, ચિંતામણિ સમ જાણિ,
તાસુ તણઈ સુપસાઉલઇએ, રચ્યઉ રાસ રસાલ. જય. ૨૪૮

સંવત સોલ સરવેદ નઈ એ, સંવચ્છરિ અભિરામિ,
ભગતિ ભાવિ મઈં ગાઈયઉ એ, શ્રી રાયચંદ સૂરિંદ. જય. ૨૫૦
દેવેંદ્રાદિક જઇ મિલઈ એ, પાર ન પામઇ તોઇ,
તે ગુણ કેતા હું કહઉં એ, પણિ એ ભગતિ વિચારિ. જય, ૨૫૨
જે આગમિસ્યઉં નહુ મિલઇએ, મિચ્છાદુક્કડ તાસુ,
હિવ હૂં માગઉં એતલઉં એ, પૂરઉ મનહ જગીસ,
ગણિ જયચંદ ઇમ વીનવઈ એ, સેવ કરઉં નિસિદીસ. જ. ૨૫૫

વસ્તુ.

ન્યાન ગુણનિધિ ન્યાન ગુણનિધિ સુગુરૂ વિખ્યાત,
શ્રી રાયચંદ સૂરીસરૂ સકલસાર ગુણદેહ ભૂષિત.
તાસુ તણા ગુણ વર્ણવ્યા પાસનાહ સુપ્રસાદિ શોભિત,
મુનિ કુંવરજી ગણિવરૂ પ્રાર્થનિ ભગતિ જગીસ,
ગણિ શ્રી જયચંદ વીનવઈ પૂરઉ મનહ જગીસ. ૨૫૬

—સં. ૧૬૬૩ વર્ષે વૈશાખ વદિ ૬ શુક્રવારે, લિખિતં કુંયરજી ગણિના–શ્રી અહમ્મદાવાદ નગરે. પ્ર. ઐ. રાસ સંગ્રહ ભાગ ૧.

(૩૩૯) +રાયચંદસૂરિ બારમાસ.

આદિ— દૂહા.

સુંદરરૂપ સુજાણવર, સોહગ મંગલકાર,
મનમોહન જિઓ વલ્લહઓ, પરતખિ સુર અવતાર. ૧
શ્રી રાયચંદ સૂરીસરૂ, મહિઅલિ મહિમાવંત,
ગુણ આગર લીલાપવર, સારદ સસિ જિમ સંત. ૨

× × × ×

અંતે—

શ્રી રાયચંદ સૂરીસરૂ, જે સેવઇ નરનારિ,
ગણિ જયચંદ ઇમ ઉચ્ચરઈ, તસુ હુઇ જયજયકાર. ૩૯

—લિખિતં કુંયરજી. અહમ્મદાવાદે.

—પ્ર૦ ઐ. રાસસંગ્રહ.

[આ કવિ વિમલચંદ્ર સૂરિના પટ્ટધર હતા. વિમલચંદ્ર સૂરિના મૂળ રાજનગરના શ્રીમાલી સંઘવી રાજપાલ પિતા અને સુખમાદે માતા. તેની દીક્ષા સં. ૧૬૫૬ વૈ. શુ. ૬ ને દિને, આચાર્યપદ ખંભાતમાં સં. ૧૬૬૯ વૈ. શુ. ૬ ને દિને પામ્યા ને સ્વર્ગે સં. ૧૬૭૪ ના આસો શુદ ૧૩ ને દિને ગયા. આ સૂરિના હાથથી પુંજાએ સં. ૧૬૭૦ ના અસાડ સુદ ૯ દિને રાજનગરમાં દીક્ષા લીધી. તે પુંજાએ મહા ઉગ્રતપ કરી તપસ્વી તરીકે પ્રસિદ્ધિ કરી. તે પુંજા ઋષિએ આપણા કવિ જય-ચંદ્રસૂરિની પાસે રહી તપ કરેલું છે. કુલ ૧૨૩૨૨ ઉપવાસ કર્યા હતા. તપની સંખ્યા ઉપાધ્યાય સમયસુંદરજીએ કરેલ પુંજા ઋષિનો રાસ અને મુનિ હીરરાજના શિષ્ય દલભદ્રે કરેલ પુંજરત્ન-રાસમાંથી મળી શકશે. જયચંદ્રસૂરિ મૂળ વીકાનેરના ઓસવાળ હતા. તેમનાં માતા પિતાનાં નામ જેતસિંહ અને જેતલદે હતાં. તેમને સં. ૧૬૭૪ માં આચાર્યપદ મળ્યું ને સં. ૧૬૯૯ અસાડ સુદ ૧૫ દિને સ્વર્ગવાસ પામ્યાં. આમના વખતમાં અમદાવાદમાં શાંતિદાસ શેઠના પ્રયત્નોથી સં. ૧૬૮૦ માં સાગર-પક્ષ નીકળ્યો.]

પાર્શ્વચંદ્રસૂરિના ૯૭ દૂહા. જોધપુરમાં

અંત—

પાર્શ્વચંદ્ર પટ્ટોધરણ, સમરચંદ્ર ગુરૂ સૂર,
પરતે ગુરૂને પાલીયા પંચ મહાવ્રત પૂર. ૪૪

સમરચંદ્ર ગુરૂ સારિખા, રાજચંદ્ર તિણુરાત,
ખડગધાર ચારિત્ર ખરો ચડે ધરાલગ બાત. ૪૫

ગચ્છધોરી ગાજે ગુહિર વિમલચંદ્ર વડવાર,
પટ્ટોધરણ પ્રગટીયો જયચંદ્ર જગે આધાર. ૪૬

જે રાજા પરજાહ જે સહુકો નામે શીપ,
જયચંદ્ર આયો જોધપુર પુગી સબહિ જગીસ. ૪૭

૧૯૧ જ્ઞાનસાગર બીજા (ત૦વિજયસેનસૂરિ-રવિસાગર શિ.)

(૩૪૦) નેમિચંદ્રાવલા. સં. ૧૬૫૫ જીર્ણમઢ (જૂનાગઢ)માં.

આદિ—

સરસતિ ભગવતી મન ધરીરે, સમરી શ્રી ગુરૂપાય,
નેમકુમર ગુણ ગાયવારે, મુજ મન ઉલટ થાય.
મુજ મન ઉલટ થાય અપાર, સ્તવસ્યૂં યાદવ કુલસિણગાર,
બાવીસમો જિનવર બ્રહ્મચારી, જયજય નેમજી જગહિતકારી. ૧
રાજીમતી ભરતાર, વલી વલી વંદીયેંરે,
રેવતગિરિ હિતકાર, દેખ્યાં ચિત આણંદીયેંરે; રાજીમતી૦ ૨

અંત—

સંવત સોલપંચાવનેરે, જીરણગઢ ચોમાસ,
રૈવતકાચલ ઊપરેરે, ઊજલ સમ કૈલાસ,
ઉજ્જલ સમ કૈલાસ પ્રસાદ, દીઠાથી ટલિઓ વિષવાદ,
નેમિ જિણેસર સામી થુણિઓ, તિહાંથી સફલ જમવારો ગણિઓ. ૭૨
તપગચ્છ નાયક જગજયોરે, શ્રી વિજયસેન સૂરીંદ,
તપગચ્છમાંહિ ગાજતોરે, રવિસાગર મુનિંદ,
રવિસાગર મુણિંદ સોભાગી, તપ જપ કિરિયાસું લય લાગી,
સેવક ન્યાનસાગર સુપકારી, સ્તવીઓ નેમિ સ્વામી આધારી. ૭૩
(પદ્ય ૧૪૪ પૃષ્ઠ ૫ પ્ર. કાં. વડો.)

—લિ. ધર્મવિજે-લક્ષ્મીવિજેજી, સં. ૧૯૩૨ ફા. વ. ૯ ભાવનગરે ઋષભદેવ પ્રસાદાત્ ૬-૧૪ ધો.-પા. ૭ પ્રે. ૨.

---

૧૯૨ જયવિજય (ત. હીરવિજયસૂરિ-કલ્યાણવિજય ઉ. શિ.)

(૩૪૧) +હીરવિજયસૂરિ પુણ્યખાણિ સઝાય. ૧૬૫૨ પછી.

આદિ—

રાગ રામગિરિ.

પ્રણમિઅ પાસજિણંદ દેવ, સંપયસુહકારણ,
સંખેસર પુરમંડણઉ, દુહદુરીયનિવારણ,

ઉલાલઉ.

પુણ્યખાણિ ગુરૂ **હીર**નીએ પભણું મનિં આણુંદ,
ભવિયણુ જણુ સહુ સાંભલઉ જિમ લહુ પરમાણુંદ. ૧

* * * *

અંતે—

સિરિ **વિજયસેન** સૂરિંદ રાય. સંપ્રતિ જયવંતઉ,
ભવિક જીવ પ્રતિબુઝવઈ, વિહરઇ મલપંતુ,
સુવિહિત જનનિં હિતકરૂએ, કરૂણારસભંડાર,
વિનય કરી જેઓ વસઇ, લહસઇ (તે) ભવપાર. ૨૨
સકલ કલ્યાણુ નિવાસ ગેહ, અનિ સુંદર સોહઈ,
સિરિ કલ્યાણુવિજયવાચક પ્રતિ, દીઠઈ મન મોહઇ,
તાસ સીસ **જયવિજય** ભણઈ એ પૂરૂ મનહ જગીસ,
સિરિ **વિજયસેન** સૂરીસરૂ, પ્રતિપઉ કોડિ વરીસ. ૨૩

—પ્ર૦ જે-એ-ગૂર્જર કાવ્ય સંચય.

(૩૪૨) +કલ્યાણુવિજયગણિનો રાસ. સં. ૧૬૫૫ આસો શુ. ૫.

આદિ—

સકલ સિદ્ધિવરદાયકો, સ જયો રિષભ જિણુંદ,
ભારત સંભવ ભવિઅજણુ, બોહણુ કમલ દિણુંદ. ૧
શાંતિ જિણેસર મનિ ધરૂં, શિવકર ત્રિજગ મઝારિ,
સિદ્ધિ વધૂ વસ્ત્રાભણી, વરીઓ સંજમ ભાર. ૨

* * * *

અંતે— ઢાલ ૧૪.

સાધુ શિરોમણી વંદીએ, શ્રી કલ્યાણવિજય ઉવઝાયરે,

* * * *

શ્રી **હીર**વિજયસૂરી રાજીઓ, કલિયુગિ જુગહપ્રધાનરે,
સાહિ **અકબર** રાજણિં બુઝવી, દીધુ જીવ અભયદાનરે. સાધુ. ૨૬૪

જસ પાટ જેસંઘજી જયુ, ગૌતમ સમ પ્રતિરૂપરે,
પ્રગટ્યો સવાઇ હીરલો, પરિખીઓ અકબર ભૂપરે. સાધુ. ૨૬૫
હીરજી શીશ જગિ વલ્લહો, શ્રી કલ્યાણવિજય ગુણગેહરે,
વાચકરાય મેં ગાઇઓ, જંગમ તીરથ એહરે. સાધુ. ૨૬૬
જવ લગી શેશ મહી ધરે, જાં સુર ગિરિ થિર થાયરે,
જાં રવિ શશિ ગ્રહગણ તપે, તાં પ્રતપો મુનિરાયરે. સાધુ. ૨૬૭
સંવત સોલપંચાવન, વત્સર આસો માસરે,
શુદ્ધ પખ્ય પંચમિ દિને, રચીઓ અનોપમ રાસરે. સાધુ. ૨૬૮
જગિ જયવંતા કલ્યાણ, પૂરો મનહ જગીસરે,
સેવા ચરણકમલ તણી, માગે જયવિજય શીશરે. સાધુ. ૨૬૯
ભણે ગુણે જે સાંભલે, ગુરૂ ગુણ એક ચિત્ત જાણરે,
વાંછિત સર્વ સુખ અનુભવે, પામે તે કોડી કલ્યાણરે. સાધુ. ૨૭૦

—પ્ર૦ મારી જૈન એ. રાસમાળા ભાગ ૧-; ભા.

(૩૪૩)+ શ્રી સમેતશિખર રાસ * સં. ૧૬૬૧.

* "આનું બીજું નામ પુર્વદેશ ચૈત્ય પરિપાટી છે. આમાં વિજયદેવસૂરિના સમયમાં મથુરાના સંઘવી ભિખુએ કાઢેલા સંઘનો પ્રસંગ છે. તે સંઘ મથુરાથી નીકળી પીરોજાબાદ, ચંદવાડ, રેયડી, સોરીપુર, શાહજાદપુર, કૌશાંબી, ફતેપુર, વાણારસી, સિંહપુરી, ચંદ્રાવતી, પાટલીપુત્ર તથા તુંગીયા નગરીઓમાં યાત્રા કરતો કરતો સેહોર નગરમાં આવ્યો. ત્યાં રાય શિવરામને મળીને રસ્તામાં વાટ વિષમ હોવાથી માર્ગદર્શકો તથા રક્ષકો લીધા. લંગોટીવાલા તથા ઉઘાડા મસ્તકવાળા લોકો, કદલી વગેરે વૃક્ષોનાં વનો તથા કૌતુકો જોતો જોતો સંઘ સમેતાચલ આવ્યો. અહીં પાલગંજના રાજા પૃથ્વીચંદે સાથે આવીને યાત્રા કરાવી. સંઘ ત્યાંથી મગધદેશમાં થઇને પાછો ફર્યો. રસ્તામાં રાજગૃહી, પાવાપુરી, જંબીગ્રામ, જકણપુરી, અયોધ્યા, રત્નપુરી અને કંપિલપુરમાં તીર્થયાત્રા કરીને સંઘ સ્વસ્થાને-મથુરામાં પાછો આવ્યો." આ કવિ જયવિજયજીએ સંસ્કૃતમાં શોભનસ્તુતિપર ટીકા (સં. ૧૬૪૧)

આદિ— રાગ રામગિરિ.

પ્રણમીઅ સહગુરતણા પાય સુહસંપતિકારી,
સરસતિ સામિણિ વીનવું દિઉ મુઝ મતિ સારી,
ચૈત્યપ્રવાડી ભાણું ભાવિ પૂરવ દિસિ કેરી,
જનમભૂમિ જિનવરતણી વંદું ઉદેરી,

અંતે— કલશ.

તપગચ્છ નાયક શુભમતિ દાયક શ્રી **વિજયસેન** સુરિંદ,
તસ પટગયણ વિભાસણ દિનકર શ્રી **વિજયદેવ** મુણિંદ,
વાચક સયલ ચૂડામણિ સોહઇ નિરમલ ન્યાનનિવાસ,
શ્રી કલ્યાણવિજય ગુરૂચરણ પ્રસાદઈ હુવો મુઝ બોધપ્રકાશ. ૮૮

સસિ રસ સુરપતિ વચ્છર આતપ એકાદિસિ બુધવારઇ,
સમેતાચલ મહાતીરથ કેરૂં સ્તવન રચ્યું મતિસારઈ. ૮૯

પઢઈ ગુણઈ જે શ્રવણે નિસુણઇ તીરથ મહિમા ભાવઇ,
જયવિજય વિબુધ ઇમ જંપઈ સુખ અનંતા સો પાવઇ. ૯૦

(પ્ર. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. વડોદરા.) સમ્મેતશિખર તીર્થમાલા એ નામથી પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ. ૨૨-૩૨માં પણ પ્રકટ થયેલ છે.

૧૯૩ લલિતપ્રભ (પૌ૦ કમલપ્રભસૂરિ-પુણ્યપ્રભસૂરિ શિ.)

(૩૪૪) ચંદરાજાનો રાસ. સં. ૧૬૫૫ માહ શુ. ૧૦ ગુરૂ,
અણહિલપાટણમાં.

અને કલ્પદીપિકા રચેલ છે. કલ્પદીપિકાનો ઉલ્લેખ કવિ ઋષભદાસે હીરવિજયસૂરિરાસમાં કર્યો છે:-'જસવિજય જયવિજય પન્યાસ કલ્પદીપિકા કીધી ખાસ' પૃ. ૧૦૮. હીરવિજયસૂરિ અકબરની મુલાકાતે ગયા ત્યારે આ જયવિજયજી પણ તેમની સાથેજ ગયા હતા.

આદિ—

મંગલકરણ પ્રણમું સદા, મહામંત્ર નવકાર,
નવપદ ધ્યાતાં પામીઇ, સંપદ યશ વિસ્તાર, ૧
સરસતિ ભારતિ મુઝ દીયુ, સુંદર વાણિવિલાસ,
તુઝ પય ધ્યાનિં કવિય રસ, વિરચઇ મન ઉલ્હાસિ. ૨
શ્રી સદ્‌ગુરૂ ચરણે નમી, ગાસ્યું શ્રી રવિરાય,
શ્રી ચંદકેવલિ તે જયુ, નાંમિં નવનિધિ થાઇ. ૩
આંબિલ વર્ધમાનતપિં પાંમ્યુ ઋદ્ધિ વિસાલ,
ઉત્સર્પિણિ વારે હૂઉ, શ્રી ચંદ સાધુ રસાલ. ૪
ગૌતમ ગણધર ભાસિઉં, ચેટક આગલિ જાણિ,
તાસ ચરિત પભણું હિવઇં, સુણુયો ચતુર સુજાણુ. ૫

* * * *

અંતે—

ચતુર્થખંડ સંપૂર્ણ.
અથ ચૂલિકા—કનક કમલ પગલાં ઠવઇએ—એ ઢાલ રાગ ધન્યાસી.
ચંદ્ર ગછિ ગુણ ગાઇએ, તિહાં ગછ પૂનિમ સાર,
શ્રી ચંદ્ર પ્રભુ સુરીસરૂએ, ગુણિહિ ગૌતમ અવતાર,
ચંદ્રપ્રભુ સૂરીસરૂએ. ૧
પ્રધાન શાખા તિહાં જાણીઇએ, તસુ અદ્વિતિય વિશાલ,
કમલવદન કમલાકરૂએ, કમલ નયન પ્રભુ સોઇ, ૨
કમલપ્રભ સૂરિપાટ ભણું એ, પુણ્યપ્રભ સૂરિરાય
પુણ્યઈં પદ્‌મા પાંમીઇએ, પુણ્યઇં સંપતિ પાઈં. ૩
પુણ્યઈં નરપતિ પદ લહે પુણ્યેં તેજપ્રકાશિ,
પુણ્યવંત ગુરૂસીસ ભણું એ, શ્રી વિદ્યાપ્રભસૂરિ જાસ. ૪
વિદ્યાઈં વિત પાંમીઇએ, વિદ્યા રાય નમે પાય
વિદ્યાઇં દેવ વસિ હુઇએ, અલિય વિઘન સવિ જાઈં. ૫
જસ પાંમે વિદ્યાથિકીએ, વિદ્યા ધરમ ઉદાર
મુગતિ લહઇ પરંપરાએ વિદ્યા સુખ વિસ્તાર. ૬

તસુ સીસએ ઇમ ભણુઇએ, શ્રી લલિતપ્રભસૂરિ ભાવે તુ-ચં
શ્રી ચંદ્રચરિત તે જાંણીઉંએ, બોલે ક્ષિટિ આવે તુ. ૭
સંવત સોલપંચાવને એ, માઘમાસિ વિચારતુ
સુકલપક્ષ તસુ જાંણીઇએ, દસમિ તિથિઇતે સારતુ ૮
ગુરૂવારિં રચના કરીએ, રોહણી ક્ષેત્ર જોઇ તુ
ભણે ગુણે જે ભાવસિઉં એ, તસુએ સુખકર હોઇતુ— ૯
અણહલવાડે પાટણ એ ઢંઢેરવાડે જાંણિ તુ
સામલો પાસ સોહાકરૂએ, નમિઇ આણુંદ આણિ તુ— ૧૦
તપ ઉપરિ એ ચરિત કહુએ, તપથી સુખ વિલાસ તુ ચં.
તપ મોટું જગિ જાંણીઇએ, તપ છે કલ્પ રસાલ. ૧૧
ભવિક શ્રાવક બહુ ભાવથી એ, આદર લહી તેહનુ સાર તુ,
પાસ જિણુંદ પ્રભાવથી એ, રચીઉ રાસ ઉદાર તુ. ૧૨
તપ પુણ્ય મહિમા અતિ ઘણો એ, સુણિયો આંણી પ્રેમ તુ,
શ્રી ચંદ સુણતાં ભાવસિઉં એ, હુઇ અવિચલ ખેમ તુ. ૧૩

—અણહલ્લપુર પત્તને દવે સુરજીસુત અંબાવીદાસેન મીદં પુસ્તક લેખી કૃત. ૬૧–૧૫ ડે૦, રત્નઃ

[આ કવિ પૂર્ણિમાગચ્છની પ્રધાનશાખામાં થયા છે એવું પ્રતિમા લેખો પરથી જણાય છે. તેમના ગુરૂના ગુરૂ પુણ્યપ્રભસૂરિનો સં. ૧૬૦૮ નો પ્રતિમા લેખ મળી આવે છે. જુઓ લેખાંક ૧૨૪ અને ખુદ કવિનો પ્રતિમા લેખ સં. ૧૬૫૪ નો મળી આવે છે જુઓ લેખાંક ૧૦૧ ધા. પ્ર. સં. ભા. ૧. કવિનો લેખ આ પ્રમાણે છેઃ—

સં. ૧૬૫૪ વર્ષે માઘ વદિ ૧ રવૌ શ્રી શ્રીમાલજ્ઞાતીય દોસી વીરપાલ ભાર્યા પુજી સુત દોસી રહિઆકેન શ્રી સંભવનાથબિંબ કારાપિતં શ્રી પૂર્ણિમા પક્ષે પ્રધાનશાખાયાં શ્રી વિદ્યાપ્રભસૂરિ પટ્ટે શ્રી લલિતપ્રભસૂરિભિઃ પ્રતિષ્ઠિતં.

આ લેખ ચાણસમા ગામના મંદિરમાં ધાતુની પંચતીર્થી પર છે.]

૧૯૪ નર્બુદાચાર્ય (ત૦ કમલકલશ શાખા-કમલકલશ-સૂરિ-મતિલાવણ્ય અને બીજા-કનક શિ૦)

(૩૪૫) કોકશાસ્ત્ર ચતુષ્પદી. સં. ૧૬૫૬ (શક ૧૫૨૧) વિજયા-દશમી, બુધ બુરહાનપુરમાં.

અંતે—

હવે કવિ નરબુદ બોલે એ કથા, નામ ઠામ પોતાના યથા,
કવણુ વંશ માહેં ઉપના, તેહ સંક્ષેપ બોલુ અધુના. ૫૯

ગુજર દેશમાંહિં અભિરાંમ, ધર્મ ધ્યાનનો ઉત્તમ ઠામ,
યતિ સતિ તપ આગમ ગ્નાન, સર્વ લોક વસૈં સાવધાન. ૬૦

કલિયુગ ગંગા જા (સા?) ગરમતી, ઉત્તમ નીર વહેં સ્રાસ્વતી,
સદા કાલ જલ પૂરણ વહેં, સ્નાન પાપતણાં નર દહેં. ૬૧

કઠૈ નગર વસૈં અભિરાંમ, અમદાવાદ શ્રી ઉત્તમ ઠામ,
સર્વ વસ્તૂ પામીજૈ જેહ, જંબુદ્વીપમાંહિ ન મલૈ તેહ. ૬૨

શ્રી શ્રીમાલી તિહા વિવહાર, દેવરાજ નામે ઉપચાર,
માન દીયૈ મહમદ સુલતાંણ, મહિના માહિ વડો બંધા. ૬૩

તેહ ધરે કુલવંતી સાર, વિપક્ષ પૂરણ કુલવિખાત.
રાજુલદે નામે ઉતરે, તેહની કુખે હૂ અવતર્યો. ૬૪

કર્મસંયોગે મારૂ દેશ, નગર શીરોહિ કીધ પ્રવેશ,
તિહાં રહેવાનો કીધો ઠામ, યોગા થયા લહ્યા ગુણગ્રામ. ૬૫

નવમૈ વરષૈ શ્રી ગુરૂતણા, પામ્યા ચરણ મનોરથ ઘણા,
દીક્ષા લીધી શ્રી ગુરૂ પાશ, ભવબંધણ તે છોડયા તાસ. ૬૬

શ્રી તપગછમાહિં જશવંત, કમલ કલશ શાખા બોલંત,
ગછનાયક શ્રી પૂજ્ય પ્રમાણ, જાણે ગગન ઉદંતા ભાણ. ૬૭

ધર્મ ધુરંધર શ્રી ગુરૂ નામ, કમલકલશ શિષ્ય અભિરામ,
મહા ગુણવંત મહા ગંભીર, પંચમહાવ્રત યતિ સુધીર. ૬૮

પ્રૌઢ ભટારક પાટધારિ ધારિણી, જેહની કીરત યુગમાં ઘણી,
મહા ગુણવંતા ગણધર ભાવ, પંડિત શ્રી મતિલાવણ્ય ભાવ. ૬૯
બીજા પન્યાસ શ્રીગધર,........કહે સુખવાસ,
ત્રીજા ગણિ શ્રીમતિ પન્યાસ, કલ્યા ભાવ પ્રસિદ્ધ પ્રમાણ. ૭૦
સૂરિશ્વરના ગણધર એહ, કેતલા નામ કહુ બહુ તેહ,
ગછમાહિ ગુણવંત ગંભીર, યતિઅત કનક નમૈ ધીર. ૭૧
એહવા ગુરૂ ભટારક જેહ, કહુ ઉપમા સવાઈ તેહ,
શિષ્ય નરબુદનેં કરૂણ કરી, દીધો પદ તેં ઉતમ ધરી. ૭૨
દેઈ દીક્ષા નેં દીધો મંત્ર, શ્રી સરસ્વતી બાંધ્યો તંત્ર,
ઘણા દિવસ મેં સેવા કરી, શ્રી સારદ કરૂણા આદરી. ૭૩
વર્ષે તેર મૈં આવ્યો માન માતંગી દીધો વરદાન,
શ્રી ગુરૂચરણ પસાઈ કરી, કવિજન મતિ નરબદ આચરી. ૭૪
ઘણા દિવસ ગુરૂને સેવિયા, ભણી ગણીનેં પોઢા થયાં,
વિહાર કર્મં તિહાથી કીધ, શ્રી ગુરૂની અનુઆજ્ઞા લીધ. ૭૫
દક્ષણ દેશ પ્રતિ કીયો વિચાર, કોતુકયૈ આ દેશ અપાર,
અનેક બોધવીયા જીવનૈ, કવિ મંદગતિ પામિ દેશનૈ. ૭૬
દેવયોગ ચાલતાં સહી, ખાનદેશમૈ આવ્યા વહી,
ગઢ આસેર તિહાં અભિરામ, બરહાપુર નગરનો નામ. ૭૭
રાજા બલવંત સુજાણ, વેરીના ભાજૈ ભડ ઠાણ,
સદા અભંગ તરવારહ તેજ, જાતિ ફારક કલાવિવેક. ૭૮
મીરાંહ હલસાહ સુજાણ, તાસ પુત્ર બલવંત વખાણ,
મીરાં બહાદુર સાહ થારકી, કીરત ઘણી ન જાણું લખી. ૭૯
સંવત સોલ છપને સાર, શક પનર એકવીસ મઝારિ,
ધતૂ અયમ દક્ષિણદિશ રવિ, શરદશપતિ માહિ બાલ કવિ. ૮૦
આસુ અધિક મહોછવ માસ, પક્ષ અજૂ આલેં શશિ પ્રકાશ.
વિજયા દશમી મન આણંદ, વાસર બુધ સુખ પરમાણંદ. ૮૧

ઉત્તરા આષાઢ નક્ષત્ર સુવિચાર, શ્રી નરબુદ બોલૈં કવિરાજ,
કર્કરાશિ ગુરૂ ગ્રહ ભોગવૈ; તુલે શનિ આવણ ચીતવૈ. ૮૨
સુભ મહુરત શુભ વેલા સાર, ઉત્તમ લક્ષણ તણો વિચાર.
શ્રી નરબુદ બોલેં કવિરાજ. કરી ચોપઇ સંપૂરણ આજ. ૮૩
શ્રી ગુરૂ તણી કૃપા આદરી, કોક ચોપઇ સંપૂર્ણ કરી,
જે નર હોવેં ચતુર સુજાણ, નારિ પ્રેમ વિલૂધા પ્રમાણ. ૮૪
તે એ કથા સુણસેં સહી, અથવા ન પાશૈ સરસી લહી,
સુણતાં ચિત્ત હોસ્યૈ આણંદ, પરમસુખ પામૈ પરમાણંદ. ૮૫
કોક તણો મદ લેઇ કરી, ચાલ ચોપઈ કવિ ઉચરી,
બુરહાંનપુર નગરમાં થઈ, કોકદેવ નામે ચોપઇ. ૮૬
દશ પ્રકાર સંપૂરણ હૂઆ, વિગત કરિ કથા જૂજૂઆ,
શ્રી માતંગીને વરદાન, કરી ચોપઇ અમૃત સમાન. ૮૭
જે નર સ્ત્રીઆલુબધા હસૈ, તેહ નામને ઇણિ ગ્રંથ વસૈં,
જિમ કમલ માહિ ભમર રમૈ; ગંધ કેતકી છાંડૈ કીમૈં. ૮૮
નાના ગ્રંથ તણા મત જોય, કોક ચોપઇ કીધી સોય,
શ્રી નરબુદ કહૈ કવિરાજ, એહ ગ્રંથ થરિ હરગો સમરાજ. ૮૯
જે નર સુણે શ્રવણે સહી, બુધી વિસ્તાર હોસૈ નર લહી,
વિરહી તણા ભાજસૈ દુઃખ, ભોગી જનને પ્રાપ્ત સુખ. ૯૦
જિહાં લગેં રવિ શશિ ગગનેં તપૈ, જિહાં લગેં મેરૂ મહિમધ્ય જપૈ,
તિહાં લગેં કથા રહિસ્યૈ પુરાંણ, કવિ નરબુદ કહૈં કથા વખાણ. ૯૧
કામશાસ્ત્ર અતિ ઉત્તમ એહ, દેઇ ચિત્તનેં સુણસેં જેહ,
અનંત સુખ પામિસેં સદા, શ્રી નરબુદ કહે સુખસંપદા. ૯૨

—ઇતિશ્રી મજ્જિનાચાર્ય શ્રી નરબુદાચાર્યવિરચિતે કોકશાસ્ત્રે દશમ પ્રકાર સ્થિતિવર્ણપ્રકાર સંપૂર્ણ સં. ૧૭૫૨ વર્ષે કાર્તિક માસે શુક્લ પક્ષે દશમી તિથૌ ગુરૂવાસરે વડગામ મધ્યે.

(પત્ર ૪૬ પ્ર. કા.)

[લઘુ પોશાલિક તપગચ્છપટ્ટાવલીમાં જણાવ્યું છે કે સુમતિસાધુ-સૂરિએ પ્રથમ ઇંદ્રિનંદી અને કમલકલશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહીં કર્યું, કારણકે એઓ ગચ્છનો ભેદ કરશે, તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્ત્તાવ્યા; જેમાંથી ઇંદ્રિનંદીસૂરિની શાખાવાળા 'કુતબપુરા' કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા 'કમલકલશ' ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય 'પાલણપુરા' ના નામે પ્રખ્યાત થયો. એજ કમલ-કલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ થયા હતા કે જેમણે સં. ૧૫૬૬ ના ફાલ્ગુન શુદિ દશમીએ આબુ પર્વતપર પ્રાગ્વાટ જ્ઞાતિના સં. સહસાએ અચલગઢ ઉપર મહારાજાધિરાજ જગમાલજીના રાજ્યમાં ચતુર્મુખવિહાર બનાવ્યો તેની પ્રતિષ્ઠા કરી હતી તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદિ બીજો પણ કેટલોક શિષ્ય પરિવાર હતો. જુઓ લેખાંક ૨૬૩ અને ૨૬૮ મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો. કમલકલશા ગચ્છ સં. ૧૫૭૨ માં થયો એવું વીજાપુર વિદ્યાશાલાના ૩૧ મા ડાભડામાં એક પટ્ટાવલિ છે તેમાં ચોથે પાને લખ્યું છે.]

---

૧૯૫ ગુણવિનય.*

(ખ૦ ક્ષેમશાખા–ક્ષેમરાજ ઉ૦–વાચનાચાર્ય પ્રમોદમાણિક્ય–જયસોમ ઉ૦ શિ૦)

(૩૩૬)+ કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ. સં. ૧૬૫૫ મહા વદિ ૧૦ સધરનગરમાં.

---

* આ કવિએ સંસ્કૃતમાં ગ્રંથો બનાવ્યા છે તે પૈકી ખંડપ્રશસ્તિ કાવ્ય વૃત્તિ–ટીકા સં. ૧૬૪૧, દમયંતીચંપૂ વૃત્તિ–ટીકા સં.

આદિ—

ફલવધિ પાસ પ્રમાણુ કરિ, વાગ વાણિ સમરેવિ.
શ્રી જિનકુશલ મુણિંદપય, હૃદયકમલિસુ ધરેવિ. ૧
શ્રી ખરતર ગચ્છ રાજ્યઉ, યુગપ્રધાન જિણચંદ,
શ્રી જિનસિંહ સુનિંદવર, જિન રંજિય નૃપવૃંદ. ૨
તાસુ કથનિ ઉવઝાય ગુરૂ, શ્રી જયસોમ સુસીસ,
વાચનાચારિજ ગુણવિનય, મનધરિ અધિક જગીસ. ૩
જિનશાસન ઉદ્યોતકર, કરમચંદ નૃપચંદ.
તેહની વંશપરંપરા, પ્રભણઈ સોહગકંદ. ૪
તે નિસુણઉ હરખઈ કરી, મંત્રીસર પરબંધ,
ધરમવંત ગુણ ગાવતાં, જિમ હુવઈ શુભ અનુબંધ. ૫

૧૬૪૬, રઘુવંશ ટીકા સં. ૧૬૪૬, પ્રાકૃત વૈરાગ્ય શતક ટીકા સં. ૧૬૪૭ સંબોધ સપ્તતિકા વૃત્તિ સં. ૧૬૫૧; વિચારરત્ન સંગ્રહ લેખ નં સં. ૧૬૫૭ લઘુ અજિતશાંતિ ટીકા સં. ૧૬૫૯, ઇંદ્રિયપરાજયશતક વૃત્તિ સં. ૧૬૬૪ ઉત્સૂત્રોદ્‌ઘટ્ટનકુલકખંડન (તપાગચ્છનું ખંડન અને ખરતરગચ્છના મંડનરૂપે) સં. ૧૬૬૫. આ ઉપરાંત જેનો રચનાસમય અજ્ઞાત છે એવી બીજી રચનાઓ જિનવલ્લભીય અજિત શાંતિ વૃત્તિ, મિતભાષિણી વૃત્તિ, સમ્બન્ધ શબ્દાર્થ સમુચ્ચય ઇત્યાદિ. તે પરથી તે એક સત્તરમા સૈકામાં વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ નિર્વિવાદ છે. વધુ માટે જુઓ. ઐ. રા. સ. ભા. ૩ અને જૈ. ઐ. ગુર્જર કાવ્ય સંચય. ભાષાનું કાવ્ય નામે કર્મચંદ્ર પ્રબંધ, કર્ત્તાએ બીજો સંસ્કૃતમાંનો વંશપ્રબંધ જોઈને કર્યો છે. જુઓ ઉપર ટુંક ૨૯૭. તેમણે સં. ૧૬૭૫ માં વિમલાચલ પર જિનરાજ સૂરિએ કરેલી આદિનાથની પ્રતિષ્ઠામાં હાજરી આપી હતી. જુઓ એપિગ્રાફીઆ ઇંડિકા ૨-૬૨-૬૩. આ શિલાલેખ માટે જુઓ મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨ લેખાંક ૧૮-૧૯; ગ્રંથો વિષે સૂચિ માટે જુઓ જેસલમેર ભંડાર ગ્રંથ સૂચિ. પૃ. ૨૯ અને ૫૨.

આગે કુમરનરિંદના, વિમલતણાં સુરસાલ;
ગીતારથ ગુરૂ ગૂંથિયા, ગુણ સુણીયઇ સુવિશાલ. ૬

× × × ×

અંતે—

સોલહસઇ પંચાવન તણુઇ, ગુરૂ અનુરાધા યોગઇરે.
માહ વદી દશમી દિનઈ, મંત્રી વચન પ્રયોગઈ રે. ૨૯૩
રાજ કરમચંદ્ર મંત્રવી, સધર નગર તો સામઈ રે,
સંભવનાથ પચાઉ લઈ, જિહાં સવિ વંછિત પામઇરે. ૨૯૪
જિહાં જિનકુશલ સુગુરૂ તણો, કરમમંત્રિ કરાયો રે.
પૂજા સકલ સંપતિ કરઈ, દિનપ્રતિ જે જસવાયો રે. ૨૯૫
પાઠક શ્રી જયસોમજી, સુગુરૂ જિહાં ચઉમાસઇ રે.
શ્રી સંઘનઇ આગ્રહ થકી, નિવસ્યા ચિત્ર ઉલ્લાસઇ રે. ૨૯૬
તસુ આદેશ લહી કરી, દેખી વંસપ્રબંધોરે,
વાચક શ્રી ગુણવિનય કીધો એહ સરસ સંબંધો રે. ૨૯૭
ચિરલગિ જો પ્રબંધ એ જાં લગિ મેરૂ ગિરિંદોરે.
શ્રી જિનકુશલ પસાઉલઈ, જાં લગિ ચંદ્ર દિણિંદો રે. ૨૯૮
એ ગાવઇ પ્રબંધ જે જિનશાસન જયકારો રે.
તે પામઇ સુખસંપદા સોહગસિરિ સિણગારો રે, ૨૯૯

(૩૪૭) અંજનાસુંદરી પ્રબંધ. સં. ૧૬૬૨ ચૈત્ર સુદ ૧૩ બુધ.

અંતે.

શ્રી ખરતરગચ્છિ પ્રગટ પડૂરિ, યુગપ્રધાન શ્રી જિનચંદ્ર સૂરિ.
વિજય માનિ શ્રી જિનસિંઘ સુરિ, આચારિજ પાદશાહિ હજૂરિ.
જાસુ દીયઉ ગુરૂઆઈ ગુરરાજઈ, શ્રી કમચંદ્ર વિરચિત સુદિવાજઈ,
ઉવઝાય શ્રી ષેમરાજના શિષ્ય શ્રી પરમોદમાણિક સુર વૃક્ષ.
વાચકપદ સુંદર સુખકારી, તાસુ શિષ્ય વિજયી શ્રુતધારી.
શ્રી જયસોમ સુગુરૂ ઉવઝાય. વચનરસઈ રંજિય નરરાય.

અકબર શાહિ સભાંમાંઈ જાસુ, દસદિસિ હૂઅઉ વિજયવિકાસુ.
તાસુ શિષ્ય અછઇ વિનીત, ગુણવિનયતિ જયતિલક સુવિદીત. ૩
તિહાં વાચક ગુણવિનયઇ દીઠઓ, પૂર્વ પ્રબંધ જિસ્યઉ મધુમીઠો.
સોલહસઈ બાસઠા વરસઈ, ચૈત્ર સુદઇ તેરસિનઈ દિવસઈ. ૪
તેરમ રવિ યોગઈ બુધવારઇ, ઢાલઇ બંધ્યઉ તસુ અનુસારઇ.
શીલવંતની વાતજ સુણતાં એહ પ્રબંધ ભવી નિતુ ભણતાં. ૫

સં. ૧૬૬૯ વર્ષે. શ્રી. આગરા નગરે પં. જયકીર્તિ લિખિતં
વિવેકવિજય ભં; ઉદયપુર; ખં. ચં.

(૩૪૮) ગુણસુંદરી ચોપાઇ. સં. ૧૬૬૫-સેં. લા. વડોદરા.

(૩૪૯) અંચલમતસ્વરૂપવર્ણન. સં. ૧૬૭૪ માહ સુદ ૬ બુધ
માલપુરમાં.

આદિ—

વિમલ પ્રભુ મતિ વિમલ કરિ, જિણકરિ કરૂં અ વિચાર,
શાસ્ત્રે તણુઉ જિણિ જાણીયઈ, સહૂ અઇ સાર અસારવ, ૧
ઉવજ્ઝાય શ્રી જયસોમ ગુરૂ, દેસિય વિહિ યહ એહ,
દેખાઉં જિણિ અવિહિ યહ, કેરી ભાજઈ રેહ. ૨
અંચલ થાપન જિણિ કરી, શાસ્ત્ર વિના નિરમૂલ,
સાંભળતાં શ્રવણઈ હુવઈ, શ્રુતધરનઇ સિરિ સૂલ. ૩
વચન માત્ર નિસુણી કરી, મારગ છોડઇ સુદ્ધ,
ધવલઉ સગલઉ મૂઢ મતિ, દેખી જાણઇ દૂધ. ૪
તેહનઉ ભાવ પ્રકાસ કરિ, નવપહ છંડાવેઉ,
મૂલ મગ્ગ મહિ આંણિસ્યું, સુદ્ધ લોય હિવ વેઉ. ૫
ઇગ્યારહસાઇ ગુણ સઠઇ, પૂનમીયાંનઉ પક્ષ,
નરસિંહ શ્રાદ્ધ તેહનઉ, સંભલીયઇ પરતક્ખ. ૬

× × × ×

અંતે—

સોલહસઈ ચઉહત્તરઈએ, માધવ સુદિ છટ્ઠિઈ,
બુધવારઈ નક્ષત્ર પુષ્યિ, સુંદર રવિ છઠ્ઠઈ,
યુગપ્રધાન મહિમાનિધાન, શ્રી જિનસિંહ સૂરિ,
રાજઇ વાજઇ જાસુ સુજસ, ડિંડિમ જગિ ભૂરિ.
શ્રી ખરતરગચ્છ દિન સમઉ એ, નવ દિનકર પરિ જોણ;
સોહાયઉ તસુ તુલ્યતા, લહીયઇ ગુણ કરિ કેણ ? ૨૩

માલપુરઇ પરકાસીયઉએ, પહિલઉ પુહવી તલિ,
ઢાલ બંધિ સુભ કર્મ બંધ સંબંધ ઇહાં કેલિ,
શાસ્ત્ર વિચાર વિના વધઉ એ, તેહનઉ જે દોષ,
મિથ્યા દુઃકૃત તિહાં હુવઉએ, નવિ રાગ નઇ રોષ.
કરૂણા ભાવ હૃદઇ ધરી એ, નવિ તસુ ઊપરિ દ્વેષિ,
રવિ પરગટ કરઇ વિશ્વ સવિ, ન કરઇ તાસુ ઉવેખ. ૨૪

શુદ્ધ માર્ગની ચાહ હુવઇ, તઉ ચાહઉ એહ,
તાસુ કહ્યઉ મઇ નવિ લહ્યઉ, એ શ્રુતિ બીજી રેહ;
એક ભાવ સાચઉ હૂઅઉ એ, બીજઉ ઇર્ઇત્થ,
તઉ સાચઉ ગિણિ દ્રોણ, સિદ્ધ જઇ સીખઉ સિત્થ.
સાચ ખોટ નાણ્યાં લણીએ, [illegible] કહ્યઉ છઉ શુદ્ધિ,
તિમ સામાચારી વિષઇ, વિવરઉ કરઉ વિસુદ્ધ, ૨૫

ખેમરાય ઉવઝાય રાયશ્રી ખેમની સાખઇ,
સવિ સાખા મહિ જાસુ, સાખ પંડિત જન ભાખઇ,
હૂઅઉ પુહવિપ્રસિદ્ધ પાટઇ તસુ સુંદર,
શ્રી પ્રમોદમાણિક્ય તાસ તસુ સીસ જયંકર.
ઉવઝાય શ્રી જયસોમ ગુરૂ તાસુ સીસિ અપ્રમાદિ,
ઉવઝાય શ્રી ગણિ ગુણવિનય શ્રી જિનકુસલ પ્રસાદિ. ૨૬

(મ. બ. સંગ્રહ) પ્રત જૂનિ છે, ૧૭૦૦ લગભગની.

(૩૫૦) લુમ્પકમતતમોદિનકર ચોપાઇ. (લોંકા-અમૂર્ત્તિપૂજકના ખંડન રૂપે)-સેં. લા. વડોદરા.

---

(૧૯૬) સમયસુન્દર. (ખ૦ જિનચંદ્ર સૂરિ-સકલચંદ્ર ઉ૦ શિ૦)

(૩૫૧) **ચોવીશી.** સં. ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં.

આદિ— રાગ મારૂણી.

રિષભદેવ મેરા હો,
પુણ્યસંયોગઇં પામીઆ મઇં, દરસણ તેરા હો. ૧
ઋષભદેવ મેરા હો.

× × × ×

અંતે— રાગ ધન્યાસિરી.

તીર્થંકરરે ચઉવીસે મઇં સંસ્તવ્યારે,
ઋષભાદિક જિનરાય ઇણિપરિ વીનવ્યારે—
વસુ ઇંદ્રી રૈ રસ રજનીકર વચ્છરઇંરે,
અહમદાવાદ મઝારિ વિજયાદશમી દિનઇંરે,
ગુણ ગાયા તીર્થંકરના શુભ મનઇં રે. ૧ તી.
ખરતર ગછ રે શ્રી જિનચંદ સૂરીસરૂરે,
જિનસિંધ સૂરીસ સકલચંદ મુનિવરૂરે,
સુપસાયઇરે સમયસુંદર આણંદકરૂરે— ૨ તી.
—ઇતિ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ શુદ્ધ પ્રત ૫-૧૧ આ. ક.

(૩૫૨) **ગુણરત્નાકર છંદ.** સં. ૧૬૫૬ —ઘી.

(૩૫૩) **સાંબપ્રદ્યુમ્ન પ્રબંધ.** સં. ૧૬૫૯ વિજયાદશમી ખંભાતમાં.

આદિ—

શ્રી નેમીસર ગુણનિલુ, જગજીવન જિણચંદ,
બ્રહ્મચારિ ચૂડામણી, પ્રણમું પરમાણંદ. ૧

પુરસાદાણિ પાસજિણ, થંભણપુરિ થિર ઠામ,
તાસ જપંતાં જેહનું, સીઝઈ વંછિત કામ. ૨
વર્દ્ધમાન સામી સધર, ધ્યાનધરૂં નિસદીસ,
જયવંતું તીરથ જેહનું, વરસ સહસ એકવીસ. ૩
તાસ સીસ ત્રિભુવનતિલઉ, ગણધર ગૌતમ સામિ,
અષ્ટ મહાસિધિ સંપજઈ, નિત સમરંતા નામ. ૪
સકતિ નહી મુઝ તેહવી, બુદ્ધિ નહી સુપ્રકાશ,
વચન વિલાસ નહી નિસ્યઉ, એ પણિ **પ્રથમ અભ્યાસ.** ૫
સંબ પ્રજ્જૂન કુંમરતણા, ચરિત અનેક અપાર,
કહઉ કિંણપરિ હું વર્ણવું, પણિ છઈ એ આધાર. ૬
નદી તરંતાં બેડલી. સમુદ્રે વાય સુવાય,
તિમ મુઝ આલંબન અછઈ, સુગુરૂ તણઉ સુપસાય. ૭
આઠમઈ અંગઈ એ કહ્યા, સંક્ષેપઈ સંબંધ,
પણિ હું પ્રકરણથી કહિસિ, વિસ્તરપણઈ પ્રબંધ. ૮
સાધ તણા ગુણ ગાવતાં, લાભ અણંતા હોઈ,
પ્રથમ પ્રજૂન કુમારગુણ, સાંભલજ્યો સહુ કોઈ. ૯

* * * *

ઢાલ ૧૩.

× × × ×

સમયસુંદર કહઈ સાધના એ, ગુણગાયા બહુ ભાતિ, કુ.
પ્રથમ ખંડ પૂરઉ થયઉ એ, બીજાની છઈ પાંતિ. કુ. ૧૯૧

—સંવત ૧૬૫૯ વર્ષે વિજયદશમ્યાં શ્રી સ્તંભતીર્થે શ્રી બૃહતખરત ગચ્છાધીશ્વર શ્રીદિલ્લીપતિ સાહિ જલાલદીન અકબ્બરસાહિપ્રદત્તયુગ-પ્રધાનપદધારક શ્રી ૬ જિનચંદ્રસરિ સૂરિશ્વરાણાં. સાહિસમક્ષ સ્વહસ્ત સ્થાપિત આચાર્ય શ્રી જિનસિંહસૂરિસુપરિકરાણાં શિષ્યમુખ્ય પંડિત-સકલચંદ્ર ગણિતચ્છિષ્ય વા૦ સમયસુંદરગણિના શ્રી જેસલમેરૂ—વાસ્તવ્ય નાનાવિધશાસ્ત્રવિચાર, પ્રદ્યુમ્ન પ્રબંધે પ્રથમ ખંડ સંપૂર્ણ.

દૂહા.

કાસમીર મુખમંડણી, પ્રણમું તોરા પાય,
હિવિ બીજો ખંડ બોલિસ્યું, સાનિધિ કરિજે માય. ૧
સત્યભામા હરિભામિની, પ્રેષી કુમર પ્રતાપ,
અણુષ અદેખાઈ કરઈ, સઉકિ મા સંતાપ. ૨
અન્ય દિવસ ભામાસતી, ત્રસલઉ ચાડિ નિલાડિ,
ત્રુટ મુટલે પાટલઉ, પરી રીસાણી હાડિ. ૩
ગન્નહથો દે ગાલસું, નયણે વરસઇ મેહ,
ચિંતાતુર બઈસી રહી, દૃખિયાં લક્ષણ એહ. ૪

* * * *

ઢાલ ૨૧.

સૂત્ર પ્રકરણ તણી સંમતિ, ગ્રંથ કીધઉ જાણિરે,
દેવગુરૂ મુઝ કરિ સાનિધિ, ચડયઉ તેણ પ્રમાણરે. ૧૯

અંતે—

ઢાલ ૨૨ રાગ ધન્યાસરી.

આઠમઈ અંગિ એ કહ્યઉં, સંબ નઈ પ્રજૂન અધિકાર,
સોહમ સામી ઉપદિસ્યઉ, જંબુનઈ સુવિચાર,
સુવિચાર સુંદર મુનિ પુરંદર, સોભાગી મહિમાનિલા,
ચારિત્રપાત્ર મહાંત મુનિવર, સકલ સાધુ ગુણે ભલા.
ગિરૂયાતણા ગુણ ગાવતાં, મુઝ હીયઉ હરખઈ ગહગહ્યઉ,
ગણિ સમયસુંદર કહઈ સંબંધ, આઠમઈ અંગઈ કહ્યઉ. ૧
સંબ પ્રજૂન ગુણ ગાવતાં, દૂખ દોહગ ગયાં દૂરિ,
રિદ્ધિ સમૃદ્ધિ સુખ સંપદા, પ્રગટયઇ પુણ્યપડૂર,
પ્રગટિઉ પુણ્યપડૂર ઘરિ ઘરિ રલિય રંગ વધામણાં,
નવનવા ગીત વિનોદ ઉછવ, ધવલ મંગલ અતિ ઘણાં.
શ્રી કૃષ્ણનંદણ જગઆણંદણ, ધ્યાન તસુ મનિ ધ્યાવતાં,
ગણિ સમયસુંદર કહઈ આણંદ, સંબ પ્રજૂન ગુણ ગાવતાં. ૨

શ્રી ખરતર ગચ્છ દીપતો દિન દિન અધિકઈ વાની,
શ્રી જિનચંદ સૂરીસરૂ, જંગમ જુગહપ્રધાન,
જંગમ જુગહ પ્રધાન; પદવી પાતસાહ અકબર દીયઇ,
જગમાંહિ જીવદયા તણુઉ, જસપડહ ફિરવ્યઉ જિયઇ.
તસુ સીસ અતુલ પ્રતાપ, જિનસિંહ સૂરિ અરિયણ જીપતા;
ગણિ સમયસુંદર કહઇ દિનદિન શ્રી ખરતરગચ્છ દીપતા. ૩
શ્રી સંઘ સુજસ જગીસ એ હીયડઈ હરખ અપાર,
થંભણપાસ પસાઉલિ ખંભાયત સુખકાર,
સુખકાર સંવત સોલ ઓગુણ સઠિ વિજયદસમિ દિનઈ,
એકવીસ ઢાલઈં રસાલ એ ગ્રંથ રચયઉ સુંદર શુભ મનઇં.
[(ભાવ૦ પ્રતમાં વધુ એ છે કે)
જિણચંદસૂરિ વિનેય પંડિત, સકલચંદ સુસીસએ,
ગણિ સમયસુંદર એમ પભણઇ, સંઘ સુજસ જગીસ એ. ૪]

—ઇતિ સંવત ૧૬૫૯ વર્ષે શ્રી વિજયદસમી દિને, શ્રી સ્તંભતીર્થે શ્રી બૃહત્ ખરતર ગચ્છાધીશ્વર શ્રી ડિલ્લીપતિ પાતિસાહિ શ્રી અકબ્બર જલાલદીન સાહિપ્રદત્તયુગપ્રધાનપદધારક શ્રી શ્રી ૫ જિનચંદ્ર સૂરીશ્વરાણાં સાહિસમક્ષ સ્વહસ્તપ્રસ્થાપિતાચાર્ય શ્રી જિનસિંહ સૂરી સપરિકરાણાં, શિષ્યમુખ્ય પંડિત સકલચંદ્ર ગણિ તચ્છિષ્ય વા૦ સમયસુંદર ગણિભિઃ શ્રી જેસલમેરૂ વાસ્તવ્ય નાનાવિધ શાસ્ત્ર વિવરે રસિક લોઢા સા૦ સિવરાજસમભ્યર્થનયા કૃતઃ, શાંબ પ્રદ્યુમ્ન પ્રબંધે દ્વિતીય ખંડઃ સંપૂર્ણ, ઉભય ખંડ મીલને ગાથા ૬૩૫, ઢાલ ૨૧ શ્લોક સંખ્યા ૮૦૦, પંડિત શ્રી ૫ માણિક્યચંદ્ર ગણિ શિષ્ય, પં. હેમચંદેણ લિપિચક્રે આસો વદિ સાતિમ દિને ઇતિ મંગલં. (દે. લા. ફં. ઘણી જૂની—રચના સમયથી બાર દિનજ પછીની), ગુ. વિ.; રત્ન.; ડે.; ભાવ.

—સંવત ૧૬૮૬ વર્ષે ફાલ્ગુન માસે શુકલપક્ષે ચહેર્થ્યા તિથૌ શનિવાસરે જોશી ગંગદાસ લિષતં । બાઈ માના પઠનાર્થં ॥—યતિ વિવેક વિજય (ધુમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

—૩૮-૧૦ અને ૧૯-૧૭ લીં;

—લિ૦ મુનિ દુદા ૩૨-૧૦ વિ. ધ.

—સકલ પંડિત શિરોમણિ પંડિતોત્તમ પંડિત શ્રી શ્રી શાંતિવિજય ગણિ શિષ્ય પં. પ્રતાપ વિજય લિખિતં કૃષ્ણગઢ નગરે ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્ સંવત્ ૧૭૮૭ વર્ષે માસ ચૈત શુદિ ૬ શુક્રવાસરે શ્રીરસ્તુ. ભાવ.

—સં. ૧૭૬૧ પોસ વદિ ૧૩ લિ૦ ૨૫-૧૫ મો૦

—કુલ ૨૩૮ કડી. લિખિતા શ્રી પટ્ટણા નગરે-સંવત ૧૭૧૨ વર્ષે માઘ માસે શુકલપક્ષે ત્રયોદશી તિથૌ મંગલવારે શ્રી ખરતરગચ્છે શ્રી જિનમાણિક્યસૂરિ શાખાયાંવાદીંદ્ર શ્રી ગુણરત્ન ગણિ તત્ શિષ્ય વા૦ શ્રી શ્રી રત્નવિશાલ ગણિગજેંદ્રાણાં તત્ શિષ્યમુખ્ય વાચનાચાર્ય શ્રી પ લબ્ધિવિજય ગણીનામંતેવાસિના પં૦ મહિમોદય ગણિના લિખાવિતં. લિખિતં પં. કલ્યાણ મુનિના. પરોપકારાય સુશ્રાવિકા પુન્ય પ્રભાવિકા વીરો પઠનાય. શ્રી સીમંધર સ્વામિપ્રસાદાત્-૩૧-૧૧ અનંત.

—ગ્રંથાગ્રંથ સંખ્યા ૮૫૦. સંવત ૧૬૯૨ વર્ષે આસોજ માસે સેન પખે ત્રિતીયા તિથૌ સોપર નગરે લિપનં ઋક્ષ શ્રી વણવીરજી ૧૪-૧૩ મારી પાસે છે. આ કવિના સમયમાં લખાયેલી છે.

—બે ખંડ-ઉભયખંડ મીલને ગાથા ૫૩૫ ઢાલ ૨૧ શ્લોક સર્વ સંખ્યા ૮૦૦ અંકે આહસિઈ પૂરા સંવત સોલ ૧૬૭૦ વર્ષે ॥ માર્ગસિર માસે કૃષ્ણ પક્ષે પંચમી તિથૌ વાર સોમે લખિતં. સ્તંભતીર્થે લખિતં. (સારી પ્રત ને જૂની પ્રત છે) ૩૨-૧૧ લીં.

(૩૫૪) +દાનશીલ તપભાવના સંવાદ-સંવાદશતક સં. ૧૬૬૨ સાંગાનેરમાં.

આદિ—

પ્રથમ જિણેસર પાય નમી, પામી સુગુરૂ પ્રસાદ,
દાન સીયલ તપ ભાવનાં, બોલિસ બહુ સંવાદ. ૧

વીર જિણંદ સમોસર્યા, રાજગ્રહી ઉદ્યાન,
સમોસરણ દેવૈં રચ્યો, બૈઠા શ્રી વર્દ્ધમાન. ૨
બૈઠી બારહ પરષદા, સુણિવા શ્રી જિનવાંણિ,
દાન કહૈ જગિ હૂં બડો, મુઝનૈં પ્રથમ બખાંનિ. ૩

* * * *

અંતે—

સોલેસૈ બાસઠ સમૈ રે સાંગાનેર મઝાર
પદમપ્રભૂ સુપસાઉલૈરે, એહ થુણ્યો અધિકારોરે ધર્મ હિયે ધરો.
સોહમસામિ પરંપરા રે, **ખરતર** ગચ્છ કુલચંદ
યુગપ્રધાન ગુરૂ પરગડો રે, શ્રી **જિનચંદ** સૂરીંદો રે. ધ૦
તાસ સીસ અતિ દીપતા રે; વિનયવંત જસવંત
આચારજ ચઢતી કલારે, **જિનસિંહ** સૂરિ મહંત. ધ૦
પ્રથમ શિષ્ય શ્રી પૂજના રે, **સકલચંદ** તસુ સીસ
સમયસુંદર વાચક ભણે રે, સંઘ સદા સુજગીસો રે. ધ૦ ૯
દાનશીલ તપ ભાવના રે, સરસ રચ્યો સંવાદ,
ભણતાં ગણતાં ભાવસું રે, રિદ્ધિ સમૃદ્ધિ સુપ્રસાદો રે. ધ૦ ૧૦

—રત્ન; (પ્ર. ૩૯૨ જૈ. પ્ર; ૩ જૈન સઝાયમાળા. ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩)

—સં. ૧૭૪૭ વર્ષે ૫-૧૦ અનંત.

—પંડિત સુમતિસોમ ગણિના લિખિતઃ—સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા બાઇ કેસરી પઠનાય. ૫—૧૩ મારી પાસે છે.

+**ઘંઘાણી તીર્થસ્તોત્ર** ૪ ઢાલનું. સં. ૧૬૬૨.

આદિ—

પાય પ્રણમુંરે શ્રી પદમપ્રભુ **પાસના**, ગુણ ગાઉંરે, આની મન શુભ ભાવના,
ઘંઘાણીરે પ્રતિમા પ્રગટ થઇ ઘણી, તસુ ઉતપતિરે સુણિજ્યો ભવિક સોહામણી.
સોહામણી એ વાત સુણજ્યો કુમતિ સંકા ભાજસ્યૈ
નિરમલો થાસ્યઇ શુદ્ધ સમકિત શ્રી જીન શાસન ગાજસ્યૈ

ધ્રુમદેસ મંડોવર મહાબલ સુર રાજા સોહએ,
તિહાં ગામ એક અનેક થાંનિક ઘંઘાણી મન મોહએ. ૧

× × × ×

અંતે—

સંવત સોલ બાસઠિ સમઈ, જાત્ર કીધી હો મઈ માહ મઝારિ,
જન્મ સફલ થયો માહરો, હિવ મુઝનઈ હો સામી પાર ઉતારિ મો. ૨૩

કલસ.

ઇમિ શ્રી પદમપ્રભુ શ્રી પાસ સામી, થુણ્યો સગુરૂ પ્રસાદ એ,
મૂલગી અર્જુનપુરી નગરી, વરધમાન પ્રાસાદ એ,
ગચ્છરાજ શ્રી જિનચંદસૂરિ, ગુરૂ શ્રી જિનસિંઘ સૂરિસરો,
ગણિ સકલચંદ વિનેય વાચક, સમયસુંદર સુખકરો. ૨૪

—ગુ. વિ. પાસેથી રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ મોદીએ મેળવેલી પ્રત પરથી ઉતારેલ નકલ જૈ. શ્વે. કો. હેરલ્ડના સં. ૧૯૭૪ પુ. ૧૪ અંક ૪-૫-૬ (સને ૧૯૧૮ ના એપ્રિલથી મેના એકત્રિત અંક)માં પૃ. ૧૭૮ ઉપર મારી ટિપ્પણી વિવેચના સહિત પ્રકટ થયેલ છે.

(ટુંકમાં સાર એ છે કે ઘંઘાણી તીર્થની ઉત્પત્તિ સં. ૧૬૬૨ માં જ થઇને તેજ વર્ષના માહ માસમાં કવિએ તેની જાત્રા કરી. તે ગામ ધ્રુમદેશ (?) મંડોવર (?) સુરરાજાના દેશમાં આવેલું છે (આ સુરરાજા સિરોહીની ગદીપર સં. ૧૬૨૮ થી ૧૬૬૭ સુધી રહેલા મહારાવ સુલતાન જણાય છે. જુઓ સિરોહીકા ઇતિહાસ પૃ. ૨૧૭ થી ૨૪૪) તે ગામમાં દુધેલા નામનું તળાવ છે, ત્યાં ખોખર નામનું દેહરૂં હતું. તેની પાછળ ખોદતાં એક ભોંયરૂં નીકળ્યું અને તેમાંથી પરંપરાગત મૂકેલો નિધાન મળી આવ્યો ને તેમાંથી પ્રતિમાઓ સં. ૧૬૬૨ ના જેઠ સુદ ૧૧ ને દિને નીકળી (ચૈત્રી વર્ષ પ્રમાણે). સઘળી મળી ૬૫ પ્રતિમામાં કેટલીક જૈન અને કેટલીક શૈવ હતી; જૈનમાં મૂલનાયક પદ્મ પ્રભુ અને પાર્શ્વનાથ હતા, એક ચોમુખ અને ૨૪ જિનની પ્રતિમા

(ચઉવીસથી) હતી. બીજી ત્રેવીસ જૈન પ્રતિમા કે જેમાં બેઉ કાઉસ-ગ્ગિયા રહેતા તે સિવાય ઓગણીસ પ્રતિમા વીતરાગની-જિનની હતી. કુલ આમ ૪૬ જિનપ્રતિમા હતી. તે સિવાયમાં ઇંદ્રિ, બ્રહ્મા, ઇશ્વર (શિવ). ચક્રેશ્વરી, અંબિકા, કાલિકા, અર્ધનારીશ્વરી, વિનાયક (ગણપતિ), જોગણી, શાસનદેવતા વગેરેની જૈન જૈનેતર હતી. આ જિનપ્રતિમાઓ પાંચ રાજાઓ નામે ચંદ્રગુપ્ત, બહુસાર (બિન્દુસાર), અશોકચંદ્ર. કુણાલ અને સંપ્રતિ રાજાઓએ ભરાવી હતી અને તે પ્રતિમાનો પરિકર-ધૂપ-ધાણું વગેરે પણ તે સમયનો હતો. બે મુખ્ય પ્રતિમા પૈકી પદ્મપ્રભુની ઘણી સુંદર હતી. તે સંપ્રતિ રાજા કે જેને આર્યરક્ષિતસૂરિએ પ્રતિબોધ કર્યો તેમની ભરાવેલી છે. વીરાત્ બસેં ત્રણ આર્યરક્ષિત સૂરિએ મહાશુદ ૮ ને રવિવારે શુભમુહૂર્તે પ્રતિષ્ઠિત કરી એવી લિપિ ને પર જણાય છે; બીજી પ્રતિમા પાર્શ્વનાથની શ્વેત-અર્જુન સોનાની છે-એ અર્જુન પાસ આ અર્જુનપુરી-ઘંઘાણીના શણગારરૂપ છે તે ચંદ્રગુપ્તે ભરાવેલી અને વીરાત્ ૧૭૦ માં ગુરૂ ભદ્રબાહુએ પ્રતિષ્ઠિત કરી છે. આ તીર્થની ઉત્પત્તિ સં. ૧૬૬૨ માં થઇ એટલે આ પ્રતિમાઓ અજબ રીતે મળી આવી એટલે ઘઘાણી-અર્જુનપુરી નામના મારવાડના ગામમાં નવું તીર્થ થયું અને ગામેગામના સંઘ ત્યાં આવવા લાગ્યા અને મહાવીર પછીના લગભગના સમયની પ્રાચીન પ્રતિમાનાં દર્શન કરવા સૌ કોઇ ભવિક ઉલટે એ સ્વાભાવિક છે. વિશેષ માટે જુઓ કો. હેરલ્ડનો ઉપરોક્ત અંક.)

(૩૫૫) +ચાર પ્રત્યેકબુદ્ધનો રાસ સં. ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગરામાં.

આદિ—

> સિદ્ધારથ શશિકુલતિલો, મહાવીર ભગવંત,
> વર્ત્તમાન તીરથધની, પ્રણમોં શ્રી અરિહંત. ૧
> તસ ગણધર ગૌતમ નમો, લબ્ધિ તણા ભંડાર,
> કામધેણું સુરતરૂ મણી, વારૂ નામ વિચાર. ૨

વીણાપુસ્તકધારિણી, સમરૂં સરસુત માય,
મૂરષને પંડિત કરે; કાલિદાસ કહિવાય. ૩
પ્રણમો ગુરૂ માતા પિતા, જ્ઞાન દૃષ્ટિ દાતાર,
કીડીથી કુંજર કરે, એ મોટા ઉપગાર. ૪
ગારૂડ ફણીની મણિ ગ્રહે, તે જિમ મંત્ર પ્રભાવ,
તિમ મહિમા મુઝ ગુરૂ તણો, હૂં મતિ મૂઢ સ્વભાવ. ૫
મુઝને સુમતિ જગાઇયો, ઉઠ ઉઠ રે ઊઠ
ગુન વરણવિ ગુરૂઆ તણા, હૂં તુઝ પૂરસો પૂઠ. ૬
તિણ મુઝ ઉદ્યમ ઊપનો, પંથીને જિમ પંથ,
એક લાભ વલિ કહે સુમતિ, દૂધ ભર્યો વલિ શંપ. ૭
કરકંડૂ રાજા દુમુષ નમિ ને નિગ્ગઇ સુદ્ધ,
ઇણ નામે ઉત્તમ હૂવા, ચારે પ્રત્યેકબુદ્ધ. ૮
ચારિ તી આચારે ચતુર, મોટા સાધુ મહંત,
ચિહૂં ષંડે કહૌં ચરિત હૂં, જિમ પાંમ્યું ભવ અંત. ૯
ચ્યાર ષંડ એ ચઉપઇ ચિહૂં ખંડે પરિસિદ્ધ,
પ્રથમ ષંડ કરકંડુનો, સાંભલો મને વિસુદ્ધ. ૧૦

× × ×

અંત-પ્રથમખંડ. ઢાલ ૧૦ રાગ ધન્યાસરી.

ઇમ વૃષભથી પ્રતિબુઝ્યો, વલિ કીધો મસ્તકિ લોચ,
રાજરિદ્ધિ તૃણ જિમ પરહરી, અતિ ભલો એહ આલોચ, ૧
—મુનિવર વંદીયેરે કરકંડુ સાધુ સુસુદ્ધ, પહલો પ્રત્યેકબુદ્ધ—મુનિ૦
કુલપડઉ ઉઘો સુરપતી દેવતા દીધો વેસ,
વયરાગે સંયમ આદર્યો ધઇ ભવક જનનઇં ઉપદેસ. મુ. ૨
કરકડુના કેતા કહૂં એકે જીભેં ગુણ વષાંન,
એકઠા ચ્યારે થાઇસ્યઇ, એહ ખંડ ચઉથે જાન. મુ. ૩
ગછ વડા ષરતર ગુરૂ વડા, જિનચંદ જુગપરધાન,
જિનસિંહ સૂરિ સુજસ ઘણું, જસ દીયો અકબર માન. મુ. ૪

આગરે શ્રાવક દીપતા, શ્રીમાલી ઉસવાલ,
શ્રી વિમલનાથ પરસાદથી. અતિ સુખી ચતુર ચઉસાલ. મુ. ૫
સંવત સોલે ચોસઠે, વલિ માસ ફાગુન ચાર,
એ પ્રથમ ખંડ પૂરો થયો, સિદ્ધ યોગ ને બુદ્ધવાર. મુ. ૬
એ પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણિ સકલચંદ મુનિંદ,
તે સતગુરૂ સુપસાઉલે, મુઝ સદા સુખ આનંદ. મુ. ૭
એ ઢાલ મૈ દસમી ભણી. ધન્યાસિરિ એ રાગ,
ગણિ સમયસુંદર ઈમ ભણૈ. શ્રી સંઘ સુજસ સુભાગ. મુ. ૮

—પ્રથમ ખંડ કરકંડુ રાજાનો સંપૂર્ણ. સર્વગાથા, ૧૫૭ શ્લો. ૨૨૫.

× × × ×

ઢાલ ૮ સીલ કહઈ જગિ હું વડઉ—રાહની ઢાલ.

દુમહ નામ મુનિવર નમુ, બીજો પ્રત્યેકબુદ્ધોરે,
પ્રતિબુદ્ધો ઈંદ્રધ્વજ થકી, સંજમ પાલે મન સુદ્ધોરે. દુ. ૧
(ભવિક જીવ પ્રતિબોધવા પા૦)
સંવેગ મારગ આદર્યો, વિચર્યો વલિ દેસ પ્રદેસોરે.
ભવિક જીવ પ્રતિબોધવા. આપે ધર્મનો ઉપદેસોરે. ૨
ગુણ ગાતા મન ગહિગહે, સુણતાં ચિત હર્ષ અપારો રે,
ચઉથે પડે એકઠા હુસ. તિહાં ગાઇસો ગુણવિસ્તારો રે. ૩
સંવત સોલ ચૌસઠ સમૈ, ચૈત્ર વદિ તેરસ શુક્રવારોરે.
બીજો ખંડ પૂરો થયો. આગરા નગર મઝારો રે. ૪
વડો ગચ્છ ખરતરતણો, ગુરૂ યુગપ્રધાન જિનચંદોરે,
શ્રી જિનસિંહ સુરીસરૂ. પ્રતપો જિમ સૂરજ ચંદો રે. ૫
સકલચંદ સુપસાઉલે, મૈ પૂરો કીધો ખડોરે,
સમયસુંદર કહે સંઘનો, સદા તેજ પ્રતાપ અખંડોરે. ૬
ઢાલ ભણી એ આઠમી ધન્યાસિરી રાગે [illegible]હેરે,
સમયસુંદર કહે ગાવત, નરનારી મન [illegible]હેરે. ૭

—દ્વિતીય ખંડ દુમહરાયનો સંપૂર્ણ.

ઢાલ ૧૭ રાગ ધન્યાસી બંસી બજાવે વનાં એ ઢાલ.

મુનિવર પાય નમું, નમિરાજ રિષરાય,
નમિરાજા સંજમ લીયો, ચઢતે મન પરમાણ. મુ૦
ચઉથે ષંડ ચિહું સાધના, ગુણ ગાયસિ અભિરામ. ૧
ઇંદ્રિ પ્રસંસા ઇમ સુણી, કીધો નહિ અહંકાર
ત્રીજો પ્રત્યેકબુદ્ધએ, ક્રમ ક્રમ કરે વિહાર. ૨
વિમલનાથ પરસાદથી, શ્રી ઉગ્રસેનપુરમાહિ, મુ૦
ગરૂયો ગચ્છ ખરતરતણો, દિન દિન અધિક ઉછાહ. ૩ મુ
યુગપ્રધાન ગુરૂરાજીયા, શ્રી જિનચંદ મુનિંદ,
સકલચંદ સુપસાઉલૈ, સુઝમન પરમાનંદ. ૪ મુ.
ત્રીજો ષંડ પૂરો થયો, નમિ રાજા અધિકાર,
સતરમી ઢાલ સુહામણી, સમયસુંદર સુષકાર. ૫ મુ.

—નમિ રાજાધિકાર તૃતીયષંડ સંપૂર્ણ. સર્વ ગાથા ૩૩૩
(પ્રત. સં. ૧૮૫૯ ની માંથી) (નમિરાસ. ૧૮-૧૧ વિ. ધ.)

ઢાલસુંતા આઠમી. ગુ૦ ત્રૂટઇ કરમની કોડિ, સાધુ ગુણ ગુરૂવારે.
ચરણ નમઇ ચિહું સાધના, ગુ૦ સમયસુંદર કરજોડિ. સા૦ ૨૫

ઢાલ નવમી. રિખભપ્રભુ પૂજિઇ એ એહની.

કરકંડૂ ૧ કુમુહ ૨ નમીએ ૩, નગ્ગય ૪ નામ પ્રસિદ્ધ,
મહામુનિ ગાઇએ એ
ચિહુ ખંડે કરિ વર્ણવ્યા એ, ચ્યારે પ્રત્યેકબુદ્ધ મહામુનિ૦ ૧
ગાતાં પરમાણુંદ, મુગતિ સુખ પાઇયિ એ-પામીએ એ—આંકણી.
ચ્યારે ચઉગતિ દુખ હરઇએ, તારણ તરણ સમત્થ—મ૦
નામ જપંતા જેહનઉનો એ, જનમ જપંતા જેહનઉએ,
જનમ હુયઇ (હોવે) સુકયત્થ-૨ મ૦ ૨
સોલસઇ પાંસઠિ સમઇએ, જેઠ પૂનિમ દિન સાર, મ૦
ચઉથઉ ખંડ પૂરઉ થયઉએ, આગરા નયરમઝાર. મ૦ ૩
વિમલનાથ સુપસાઉલઇએ, સાંનિધિ કુશલસૂરિંદ, મ૦
ચ્યારે ખંડ પૂરા થયા એ, પામ્યઉ પરમાણુંદ. મ૦ ૪

દેસ પ્રદેસે દીપતા એ, **નાગડગાત્ર** શૃંગાર, મ૦
શ્રી સંઘ ભારધુરંધરા એ, ઉદયવત પરિવાર. મ૦ ૫
ભારસાહ ગુણે ભલા એ, સંઘનાયક સુવિચાર. મ૦
તેહતણુઇ આગ્રહ કરીએ, કીધઉ ગ્રંથ અપાર. મ૦ ૬
શ્રી **ખરતર** ગચ્છ રાજીઆ એ, યુગપ્રધાન **જિણચંદ**. મ૦
શ્રી **જિનસિંઘ** સૂરીસરૂએ, ચિર પ્રતપઉ રવિચદ. મ૦ ૭
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યનઉ એ, **સકલચદ** મુણિંદ મ૦
તાસ સીસ વાચક ભણઇ એ, **સમયસુંદર** આણંદ. મ૦ ૮
ચ્યારે પ્રત્યેકબુદ્ધના એ, એ ચ્યારિહા ખંડ મ૦
ચ્યારે ખંડ વિસ્તરઉએ, જાં રવિતેજ અખંડ. મ૦ ૯
સાંભલતાં સુખસંપદા એ, ભણતાં અધિક ઉલ્લાસ, મ૦
દિન દિન સંઘ ઉદય ઘણુઉ એ, આનંદલીલ વિલાસ. મ૦ ૧૦૪

ઇતિશ્રી પ્રત્યેક પ્રબંધન માઇ પ્રત્યેક બુદ્ધ ચતુર્થ ખંડ સંપૂર્ણ: ચતુર્થપિ ખંડેષુ સર્વ ઢાલ ૪૫ સર્વ ગાથા ૮૬૨ સર્વ ગ્રંથાગ્રંથ શ્લોક ૧૧૨૦ સંવત્ ૧૭૧૨ વર્ષે માગસિર વદિ ૯ દિને સોમવારે શ્રી બૃહત્ ખરતરગચ્છે શ્રી જિનરાજ સૂરિભિ: શિષ્ય માનવિજય લિખતં શ્રી દ્રબપુર મધ્યે લીપીકૃતં શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ. ઘણી જૂની પ્રત કચ્છી દ. ઓ. પાઠશાલા; ભા. ભ. રત્ન. ડે. આ.

—સં. ૧૮૯૯ ફાગુણ શુદિ ૧૦ શનિવાસરે, લિપતમ ગુંસાઇ ગંડારામ પઠનાર્થ સદ્દાનંદ દુગડ ઓસવાલ કુલે શુભંભવતિ.

(દે. લા. એક નાનો ચોપડો.)

—સંવત ૧૭૭૦ વર્ષે મિતી કાતી સુદિ ૭ દિને પં. સમયધીર-ગણિ લિષતં શ્રી હરદેસર ગ્રામ મધ્યે પા. ૨૨—૧૭ આ. ક.

—ઇતિશ્રી નગાઈ મહામુનિ સંબંધ સંપૂર્ણ સર્વગાથા ૨૨૫ ચતુર્થ પ્રત્યેકબુદ્ધ:-સર્વ ગ્રંથાગ્રંથ ૧૨૦૦ સં. ૧૭૭૧ વર્ષે ચૈત્ર વદિ ૯ શનૌવારે-લિ. પં. ધનજીકેન ૨૬-૧૬ ગારીયાધર.

-૩૦-૧૫ લીં. ૩૦-૧૫ અનંત.

(૩૫૬) મૃગાવતી ચોપઇ સં. ૧૬૬૮

આદિ—

સમરૂં સરસતિ સામિની, પ્રણમું સદ્‌ગુરૂ પાય,
બે કરજોડી વીનવું, માગું એક પસાય ૧
સરસ વચન દીઉ સરસતિ, સુણતાં અમીય સમાણ,
સદ્‌ગુરૂ પણિ સાનિધિ કરો, નિરમલ દિઉ મુજ ગ્યાન. ૨
સંબ પ્રજૂનની ચોપઇ, પ્રત્યેકબુદ્ધ વષાંણ,
જિમ પરમાણઈ ચાડીયા, તિમ ચાડો પરમાણ. ૩
દાન સીલ તપ ભાવના, ચ્યારે ધરમ પ્રધાન,
સીલ સરીષો કો નહી, ઇમિ બોલઇ વ્રધમાન. ૪
કનકકોડિ કો દાન દિઇ, કનક તણો જિનગેહ,
સીલ અધિક એ બિહું થકી, ઇહાં કો નહીં સંદેહ. ૫
ચહસ ચઉરાસી સાધુનઈ, પડિલાભ્યાં ફલ જેહ,
સુકલ કસિણ પખિ દંપતિ, જીમાડયાં ફલ તેહ. ૬
ચઉચઠિ ઇંદ્રિ સેવા કરઇ, જે પાલઈ સુધ સીલ,
ઇહિ ભવિ પૂજા ફલ લહઇ, પરભવિ પાંમઈ લીલ. ૭
પ્રહ ઊઠી સહુ કો જપઇ, સીલવંતનાં નામ,
બ્રાહ્મી ચંદનબાલિકા, ઇત્યાદિક અભિરામ. ૮
તેણઇ કારણિ ભગતિં ભણું, મૃગાવતી ચરિત્ર,
સાવધાન થઈ સાંભલો, જનમ કરઉ સુપવિત્ર. ૯

× × × ×

ઢાલ ૧૩—ઇતિશ્રી મૃગાવતી ચરિત્રે ભારંડપંષી સંહરણ, તાપસાશ્રમ ૧૪ વર્ષ નિવાસ, કોસંબી નગરી સમાગમ વર્ણનો નામ પ્રથમ ખંડઃ સંપૂર્ણ.

શ્રી જિનકુસલ સૂરીસર, સુણિ મોરી અરદાસ,
મુઝનઈ આલસ ઉપજઇ, મતિ પણિ નહીં પ્રકાસ. ૧

ઉદાસીન મન માહરૂં, કહો કીમ કીજઇ જોડિ,
તું સદ્દગુરૂ જગિ જાગતો, પૂરઈ વંછિત કોડિ. ૨
પરનો એક મઇં પેષીઉ, નગર મરોટ મઝાર,
મેહ માગ્યો વૂઠો તુરત, ઇમ અનેક પ્રકાર. ૩
તેણઇ તુજનઇ મઈં પ્રારથ્યો, સમરથ સાહિબ જાંણિ,
મઇં બીજો ખંડ માંડીઉ, તું શિઘ્ર ચાડિ પ્રમાણિ. ૪

× × × ×

ઢાલ ૧૩ રાગ ધન્યાસી દીઠોરે વામાકો નંદન દીઠો એ દેશી.
સીલ પાલઇરી સુધ સીલ મૃગાવતી પાલઇ
સુખ સમાધિ વસઇ લોક સઘલા, ભય ઊપજતાં ટાલઇરી. સુ૦
ચંડપ્રદ્યોતકટક પડિઉ બાહિરિ, વેરી સંગ્રામ ન હોઇ,
ઉદયન કુમર મૃગાવતી રાણી, નગરમાંહિં સહુ કોઇરી. સુ૦
સીલ પ્રભાવઇ સંકટ ટલઈ સઘલાં, સીલ સદા સુખ હોઈ,
સીલ રતન રાખો રૂડી પરિ, સીલઈં નવનિધિ થાઇરી. સુ૦
જુગપ્રધાન જિનચંદ્ર સૂરીસર, જિનસિંઘ સૂરી જસવાદ,
બીજો ખંડ ચડિઉ પરમાણિ સકલચંદ સુપ્રસાદિરી. સુ૦
તેરમી ઢાલ રાગ ધન્યાસી, સુણતાં આણંદ પાવઇ,
બીજો ખંડ થયો એ વારૂ, સમયસુંદર ગુણ ગાવઇરી. સુ૦

—ઇતિશ્રી મૃગાવતી ચરિત્રે દ્વિતીય ખંડ સંપૂર્ણ.

દૂહા—

શ્રી જિનદત્તસૂરિ જાગતો, હવઇ પ્રણમું તસ પાય,
અખંડ કર અક્ષરથકી, યુગપ્રધાન કહિવાય. ૧
છતી ચોસઠિ જોગિણી, ષેત્રપાલ બાવન્ન,
નામઈં ન પડઇ વીજલી, લોક કહઇ ધનધન્ન. ૨
ષંડ બીજઇ સાનિધિ કરી, જિમ શ્રી કુસલસૂરિંદ,
તિમ ત્રીજઈ કરજ્યો તુમ્હે. હું પણિ છું મતિમંદ. ૩

સાવધાન થઇ સાંભલો, કહું ત્રીજો હવઇ ષંડ,
પીરષંડ ધૃતપિણુ મિલ્યાં, રસ ઉપજઇ પ્રચંડ. ૪

રાગ ધન્યાસી સાંતિજિન ભામણઇ જાઉં એ દેશી.

મૃગાવતી રાણી ગુણ ગાયા......

* * * *

સહર વડા મુલતાણ વિસેષા, કાન સુણ્યા અબ દેખ્યા બે, ૮૦
સુમતિનાથ શ્રી પાસ જિણુંદા, મૂલનાયક સુખકદા બે. મૃ. ૮૨
ખરતર સંઘ ભલા મુલતાની, નગર મુખ્ય દીવાણી બે.
સિંધુ શ્રાવક સદા સોભાગી, ગુરૂગચ્છકેરા બહુ રાગી બે. મૃ. ૮૩
જાણુ શ્રાવક તે જેસલમેરા, મરમ લહઇ ધર્મકેરા, બે.
કરમચંદ રીહડ જાણીતા. સાહ વસઇ સુવિદીતા બે મૃ. ૮૪
સંધિપૂરવ મરૂધર ગુજરાતી, ઢાલ નવીનવ ભાતી બે,
ચતુર વિચક્ષણ તુમ્હે હોઈ, ઢાલ મ ભાંગજ્યો કોઈ બે. મૃ. ૮૫
ભાગી ચૂડિમઇ નહી સકારા, તુટિ લટિમઈ જ્યું હારા બે.
ભાગઇ મનિ ન સોહઇ વયરાગી, તિમ ન સોહઈ ઢાલ ભાગી બે. મૃ. ૮૬
કનકમુદ્રડી નંગ વિહુણી, રસવતી જેમ અલૂંણી બે,
કંતવિના જિમ નારિ વિરંગી, રાગવિણુ ઢાલ ન ચંગી બે. મૃ. ૮૭
મીઠી ઢાલ રાગસિઉં મેલી, જિમ મિશ્રી દૂધ ભેલી બે,
તેહ ભણી ઢાલ રાગસિઉ કહયો, ચતુર તુમ્હે જસ લેયો બે. મૃ. ૮૮

* * * *

અંતે—

બારમી ઢાલ ખંડ ત્રીજાની, સમયસુંદર મનિમાની બે. ૨૧ મૃ.
શ્રી ખરતર ગછકમલ દિણુંદા, યુગપ્રધાન જિનચંદા બે, ૨૨ (૮૯)
શ્રી જિનસિંઘ સૂરિ સોભાગી, પુણ્યદસા જસુ જાગી બે. ૨૩
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યાં કેરાં, સકલચંદ ગુરૂ મેરા બે, ૨૪ (૯૦)
તસુ પ્રસાદિ થયા ગ્રંથ પૂરા, પ્રગટયા સુજસ પડૂરા બે. ૨૫

સોલસઇં અ'સઠા વરસે, હુઈ ચઉપઇ ઘણે હરસે એ. ૨૬ (૯૧)
મૃગાવતી ચરણ કહ્યા ત્રિહું ખંડે. ઘણે આનંદ ઘમંડે એ. ૨૭
મોહણવેલિ ચઉપઇ સુણતાં, ભણતાં નઇ વલિ ગુણતાં એ. ૨૮ (૯૨)
સમયસુંદર ઘઇ સંઘ આસીસા, રિદ્ધિ વૃદ્ધિ સુજગીસા એ. ૨૯ (૯૩)

સર્વગાથા ૨૧૧ ઇતિ મૃગાવતી ચરિત્રે ચંડ પ્રદ્યોતન વપ્રકારાપણ, શ્રી વીરાગમન, મૃગાવતી દીક્ષા, ઉદયન શ્રાવકવ્રત ગ્રહણ, મૃગાવતી ચંદના કેવલોત્પત્તિ. તન્નિર્વાણ વર્ણનો નામ તૃતીયખંડ સંપૂર્ણ. ઢાલ ૧૨ ગાથા ૨૧૧. પહેલામાં ૧૩ ઢાલ, ગાથા ૨૬૬, બીજામાં પણ ૨૬૬ ગાથા ને ઢાલ ૧૩, ત્રીજામાં ઢાલ ૧૨ ગાથા ૨૧૧ સર્વ મળી ગાથા ૭૪૪ ઢાલ ૩૮—લખી સં. ૧૬૯૪ પૃ. ૨૫ પં. ૧૫. ગુ. વિ. (ડે. રત્ન. જેસ. લીં.)

[ઇતિ શ્રી મૃગાવતી ચોપઈ સંપૂર્ણ. સર્વ પંડ ૩ ઢાલ ૩૮ ગાથા ૮૫૫ સર્વ શ્લોક ૧૧૧૦ સં. ૧૭૧૫ વર્ષેતિ મંગલ શ્રી આમરણિ મધ્યે ગણિ વિનીતકુશલ લખિતં. શ્રીરસ્તુ ભાવ. પૃ. ૨૧ પં. ૧૫)
—સં. ૧૭૦૬ આ૦ વ૦ ૮ ગુરૌ લિ૦ વીરમગામ મધ્યે. ૩૭–૧૨ આ.–કે.

—સં. ૧૮૭૧ ધો. સ. ભં.

—સં. ૧૬૯૦ વર્ષે આશ્વિનિ સુદિ ૩ દિને બૃહસ્પતિ વાર ॥ શ્રી ખરતર ગચ્છે । શ્રી પુજ્યશ્રી ૫ જિનસિંઘસૂરિા પં. શ્રી લબ્ધિવર્ધન મુનિ । તત્ શિષ્ય ક્ષ । વા૦ શ્રી ષેપા રિષિ ઉપાધ્યાય શ્રી ૫ શિવચંદ્ર તત્શિક્ષ માનકીર્તિ લિષિતં-(વિ. ધ. ભંડાર.)—૩૧–૧૨ જૂની પ્રત. અનંત.

—સંવત્ ૧૬૭૯ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણેપક્ષે ત્રયોદશ્યાં તિથૌ શનિવાસરે, શ્રી પુર્ણિમાપક્ષે ચતુર્થ શાખાયાં શ્રી શ્રી શ્રી ભટ્ટારક શ્રી શ્રી શ્રી પુજ્ય શ્રી હર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિષિતં. ષેડાવારા મધ્યે લિષિતં. શ્રીરતુ–કલ્લાણમસ્તુ, દીર્ઘાય ભવતુ લેખક પાઠકયોઃ–૧૩–૧૭ મારી પાસે છે. આ પ્રત કવિના સમયમાં લખાયેલી છે.

(૩૫૭) પ્રિયમેલક (સિંહલસુત) રાસ. સં. ૧૬૭૨ મેડતામાં.

આદિ— દુહા-સોરઠીય.

પ્રણમું સદગુરૂ પાય, સમરૂં સરસ્વતી સાંમિણી.
દાન ધરમ દીપાય, કહિસિ કથા કૌતુકભણી. ૧
ધર્મ્મ માંહિ પ્રધાન, દેતાં રૂડા દાસિયૈ,
દીધઉ વરસી દાન, અરિહંત દીક્ષા અવસરૈ. ૨
ઉત્તમ પાત્રતો એહ, સાધુને દીજૈ સૂઝતો,
લહિયૈ લછિ અછેહ, અઢિલક દાંન જો દીજીએ. ૪.
અતિ મીઠા આહાર, સખરા દેજ્યો સાધુને,
સુખ લહિસ્યો શ્રીકાર, ફલ બીજાં સરિખા ફલૈ. ૫
પૃથ્વીમાંહિ પ્રસિદ્ધ, સુણિયૈ દાનકથા સદા,
પ્રિયમેલકઅ પ્રસિદ્ધ, સરસ ઘણું સંબંધછઈ. ૬
સુણો મિલ્યો જો સંચ, એ સુણતાં જે ઉંઘસ્યઇ,
ઉ માણુસં અગલિંચ, કે મુઝ બચનકો રસ નહિ. ૭

આ રાસની ઢાલો—(જુની પ્રતમાંથી) ૧ રાગ રામગરી—નયર દ્વારામતિ કૃષ્ણુ નરેશ. ૨ પાઇલરી—અથવા કરૈરે વિલાપ મૃગાવતી, સમ કોય છોડાવે—૩ વાલુંરે સવાયો વયર હું માહરૂં જી-મૃગાવતીની ચોપઇની ઢાલ. ૪ રાગ આસાઉરી સહજિઈ છેહડોં દરજણિ સહજિઈ તેહડો બાલારે ભર જોબનમાતી—એહની ઢાલ. ૫ અલબેલાની. ૬ રાગ વઇરાડી. જલાલીયાની ઢાલ. ૭ સીમંધર સ્વામી ઉપદિસે. અથવા મે વઇરાગી સંઅલ્યો. ૯ સોહલાની રાગ મલ્હાર. ૧૦ રાગ દેશાખ. ૧૧ રાગ મેવાડો ધન્યાસી.

અંતે—

ઢાલ ૧૧ મદનમિ વાસો માહવ માંડિઓ રે-એ દેશી.

રાગ ધન્યાસી.

દાન સુપાત્રિ શ્રાવક દીજીઇરે દાને દોલતી હોઇ,
દીધાંરી દેઉલ ચઢિરે સાચ કહિ સહુ કોઈ. દાન. ૨૪

સંવત સોલ બહુત્તરિ, મેડતા નયર મઝારિ,
પ્રિયમેલક તીરથ ચોપઇરે, કીધી દાન અધિકાર. દાન. ૨૫
કચરો શ્રાવક કૌતકીરે, જેસલમેરિ જાણો,
ચતુરે જોડાવી જિણિએ ચોપઇરે, મૂલ આગ્રહ મૂલતાંણુ. દાન. ૨૬
ઇણિ ચોપઈ એહ વિશેષની, સગવટ સઘલિ વામિ,
બીજા ચોપઈ બહુ દેખયોરે, નહિ સગવટનો ઠામ. દાન. ૨૭
શ્રી ખરતર ગછ સોહાવતાં શ્રી જિણચંદ સૂરીસ,
સકલચંદ સદગુરૂ દીપતારે, સમયસુંદર તસુ સીસ. દાન. ૨૮
જયવંતા ગુરૂ રાજિયારે, શ્રી જિનસિંહ સૂરીરાય,
સમયસુંદર તસુ સાંનિધિ કરીરે, ઇમ પભણિ ઉવઝાય. દાન. ૨૯
ભણતાં ગુણતાં ભાવસુંરે, સાંભલતાં સુવિનોદ,
સમયસુંદર કહિ સંપજિઈરે, પુણ્યે અધિકું પ્રમોદ. દાન. ૩૦

—સં. ૧૭૮૯...પ્ર. કા; ડે. અમ.

—સં. ૧૬૭૭ વર્ષે ફાગુણ માસે કૃષ્ણપક્ષિ દ્વાદસિ ગુરૂવાસરે લષિતં સોભાગ્યવિમલેન ૮–૧૫ વિ. ધ.

—સં. ૧૭૦૧ વર્ષે આશ્વિન માસે તૃતીયા મંગલવાસરે વા૦ લબ્ધિવિજય ગણિશ્રી વીરવિમલ તત્ શિષ્ય મુ. કલ્યાણવિજય લપીકૃત શ્રી સામલ પાર્શ્વનાથ પ્રસાદાત્ ૫–૧૫ પાલણપુર ભં.

—સં. ૧૭૪૪ વર્ષે માહ શુદિ ૫ દિને લિ૦ ગણિ બુદ્ધિવિજયેન શ્રી જિહનાબાદ નગર મધ્યે સાધ્વી વાચનાય ૧૭–૧૧ ઘો.

—સં. ૧૮૦૩ જયેષ્ઠ વદિ ૨ સાધ્વી મલૂકોજી પઠનાર્થં ૧૩–૧૧ ઘો.

—૧૧–૧૩ ગારીયાધર ભં.

—૯–૧૩ લીં.; પ્રત લ૦ ૧૮૧૮ લીં.

—૮–૧૨ આગ્રા ભંડાર. શુદ્ધ ને ઘણી જૂની પ્રત કર્ત્તાની સ્વય લિખિત જણાય છે.

(૩૫૮) પુણ્યસાર ચરિત્ર સં. ૧૬૭૩ –વિધા.

(૩૫૯) નલદવદંતી રાસ. સં. ૧૬૭૩

આદિ—

સીમંધર સામી પ્રમુખ, વિહરમાંન જિન વીસ,
અઢી દ્વીપમાહિ સાસતા, જયવંત જગદીસ. ૧
કોડિ દોઇ વલી કેવલી, સહસ કોડિ દોઈ સાધુ,
સંપ્રતિ સંયમ પાલતા, ગુણમણિ સમુદ્ર અગાધ. ૨
આદિનાથ જિન આદિ દે, ચઊવીસઈ જિણચંદ,
સહુ દિસઈ બાવન ચતુર, સહુ ગણધર સુખકંદ, ૩
જિન ચઊવીસ તણા યતી, લિખ્યા અઠ્ઠાવીસ લાખ,
અઠ્ઠતાલીસ સહસ અધિક, સૂત્ર સિદ્ધાંતઇ ભાખ. ૪
ગણધર પહલી ગુંથીયા, પૂરવ ચઊદ પ્રધાન,
તેહનો સાર નમોકાર તે, ધરઇ સહુ કો ધ્યાંન, ૫
એ સહુનઈ પ્રણમી કરી, પ્રણમી સદગુરૂ પાય,
સમરૂ **સ**રસતિ સામિની, પામુ જેમ પસાય. ૬
નલદવદંતી નારિના, સરસ ઘણું સંબંધ,
છ ખંડે કહિસું છતા, નિરમલ સીલ સુગંધ. ૭
દવદંતી મોટી સતી, નામ થકી નિસ્તારિ,
બીજી બાઈઅર બાંપડી, કાં સરજી કિરતાર ? ૮
આઊલ ફૂલે ફુટરે, પગે ન પૂજા હોઈ,
ચંપા ફૂલ અમૂલ ગુણ, સિર *ચાડઇ સહુ કોઇ. ૯
જીભ પવિત્ર કરવા ભણી, કહીસું સતીચરિત્ર,
ભાવક તુમ્હે પણિ સાંભળો, હોસિં કાન પવિત્ર. ૧૦

—સ્વયવરા મંડપ, વીવાહવર્ણનો નામ પ્રથમ ખંડ સંપૂર્ણઃ

—રાજ્યહારણ. દવદંતી ત્યાગવર્ણનો નામ દ્વિતીય ખંડ સંપૂર્ણ;—નલ સર્પદંશ કરસવતીકલા પ્રગટ, વિપ્રસમાગમન, દવદંતીવિરહવિલાપ, સાર્થરક્ષણ રાક્ષસરંજન—વર્ણના નામ તૃતીય ખંડ સંપૂર્ણ.

---

* ચડાવે.

—ગુહાગમન, સાર્થવાહ તાપસપ્રતિબોધ, સિંહ કેસરી સાધ કેવલોત્પત્તિ, નલદવદંતી પૂર્વ-ભવ વર્ણન, રાક્ષસી પ્રતિબોધ, ધનદેવ સારથ વાહસાહાય્ય, શ્રી અચલપુર સમાગમે નામ ચતુર્થ ખંડ સંપૂર્ણ.

—નૃપસંમીલન, ચોરમોચન પ્રતિબોધ, હરિમિત્રવિપ્રસમાગમન, સ્વયંવરમંડપકારોપણ, દધિપર્ણ સાર્થ કુબ્જસમાગમન, કટિમૂલરૂપ નલમેલાપક નામ, પંચમ ખંડ સંપૂર્ણ:

તિલકાચ્યારજ કહી એહની, ટીકા સાત હજાર,
દસવિકાલિક મૂલ સૂત્રની, મહાવિદેહ ક્ષેત્ર મઝાર.

× × × ×

નલદવદંની કેરા મઈ કહ્યા, પાંડવનેમ ચરિત્ત હો,
એ અધિકાર તિહાંથી ઉધર્યો, ચચલ કવિયણ ચિત્ત હો,
કવિયણ કેરી કિહાંકણિ ચાતુરી, અધિકું ઓછું એથિ હો,
વીસર ભોલો જે મિ કહ્યો, મિચ્છાદુકડ તેથિ હો,
સંઘ સમક્ષ તે મઇ આપીઉં, નવમી ઢાલ રસાલ હો,
છઠો હો ખંડતણી પૂરી થઇ, ચારૂ વચન વિલાસ હો,
સમયસુંદર ભણઇ ભાવસું,

અંતે—

ઢાલ ૧૦ દેશી ગીનાની છંદની.

સુધર્મ્મા સ્વામી પરંપરા, ચંદ્ર કુલા વિયરી શાખ,
કોટીક ગચ્છ ગુણ ખરતરો, ભટારી કીયા સું ભાખ.
સુભાખ જુગપ્રધાન જિનચંદ, પ્રથમ શિષ્ય શિરોમણિ,
જસ ગોત્ર રીહડ નામ પંડિત, સકલચંદ પ્રસિદ્ધિ ઘણી.
તસ શિષ્ય પભણે સમયસુંદર ઉપાધ્યાય ઇસિપરિ,
વાચનાચારીજ હર્ષનંદન પ્રમુખ શિષ્યને આદરે.
ગોત્ર ગોલવછા ગહગહિ, મેડતા નગરિ મઝારિ,
દિન દિન સંઘમંઇ દીપતા, ખરતર ગચ્છ સિણગાર.

સિણગાર ધર્મ્મ તણા ધુરંધર, દેવગુરૂ રાગી ઘણું,
રાયમલ્લ પુત્ર રત્ન અમીપાલ, ખેતસી નેતસી ભણું.
રાજસી તેજસી ભત્રિજા તિહાંકણિ નતસી આગ્રહ ઘણું,
ચઉપઇ કીધી સમયસુંદરિ, નલ દવદંતી ચરીત સુણું.　　૨

સંવત સોલ ત્રહુત્તરે માસ વસંત આણુંદ,
નગરિ મનોહર મેડતો, જિહાં વાસુપૂજ્ય જિણુંદ,

વાસુપૂજ્ય તિર્થંકર પ્રસાદિ ગચ્છ ખરતર ગહિગહિં.
ગચ્છરાય યુગપ્રધાન જિણસિંઘસૂરિ સદગુરૂ જસ લહઇ,
ઉવઝાય પભંણઇ સમયસુંદર, કીઓ આગ્રહ નેતસી,
છઉપઇ નલ દવદતી કેરી, ચતુર માણસ ચિત્ત વસી.　　૩

—ઇતિ શ્રી નલદવદંતી શિલોપરિ ચઉપઈ સંપુર્ણ. ખંડ ૬ સર્વ ગાથા ૯૧૩ શ્લોક સંખ્યા ૧૩૫૦ ઢાલ ૩૮ (પ્ર૦ કા૦)

(પ્ર. કા. વિદ્યા. લીં. પા. ૩)

—ઇતિ શ્રી નલ દવદંતી સંબંધે–તાપસદેવકૃત સપ્તકોટી સ્વર્ણવૃષ્ટિ નલકોશલા પ્રવેશો ઉચ્ચ નલ દવદંતી દીક્ષા ગ્રહણ, સ્વર્ગપ્રાપ્તિ, કનકાવતી સમીપ હંસ સમાગમ. કનકવતી વસુદેવ પરિણાયન. ગ્રહવાસ કનકવતી કેવલોત્પત્તિ, નલ આગામી ભવસિદ્ધ ગમન—૮—વર્ણનો નામ ષષ્ટમ ખડ સંપૂર્ણ:—

પ્રથમ ખંડે ઢાલ ૭ ગાથા ૧૭૧ દ્વિતીય ખંડે ઢાલ ૫ ગાથા ૧૩૫, તૃતીય ખંડે ઢાલ ૪ ગા૦ ૧૩૦ ચતુર્થ ખંડે ઢાલ ૬ ગાથા ૧૨૯, પંચમ ખંડે ઢાલ ૫ ગાથા ૧૭૬. ષષ્ટ ખંડે ઢાલ ૧૦ ગા. ૨૦૫ સર્વ ગાથા ૯૪૧ ગ્રંથાગ્રંથ ૧૩૭૫. પંડિત શ્રી ૫ શ્રી કીર્ત્તિકુસલ ગણિ શિષ્ય ગણિ જીતકુશલ લષિતં–સાહ માણિકદાસ તસુ સુત સાહ શ્રી સાતિદાસ વાચનાયં. સંવત્ ૧૭૬૬ વર્ષે કાર્તિ માસે કૃષ્ણપક્ષે તિથિ દસમિ દિને ભોમવાસરે લિપિકૃતે. (મુનિશ્રી નીતિવિજયજી પાસેની પ્રત.દે.લા.)

—સર્વ ઢાલ ૪૧ સર્વગાથા ૯૩૭ સર્વખંડ ૬ ગ્રંથાગ્રથ શ્લોક સંખ્યા ૧૪૭૦ શુભં ભવતુ-લિખતં કાસોરીયા ગ્રામે રૂપારેલીકે પડિગણેઃ-રાણાશ્રી હમિરસીંગજી રાજ્યે તત્ ઉ...રાઠોડવંશે ઠાકુરાં શ્રી સિવસીંઘજી તત્કુંવર શ્રી અનોપસિંઘ તત્ કુવર દેવીસિંઘેન સૂખં ભૂયાત્. પુસ્તિકા લેખીતા. શ્રી તપાગચ્છે રૂચિશાષાયાં પંડિત રત્નાકર સકલ પંડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી સુર (?) પાલ રૂચિજી તત્ શિષ્ય પંડિત પ્રધાન સુજાણરૂચિજી તત્ શિષ્ય કનકરૂચિ લિપિકૃતં સ્વપઠણહેતવેર્થે સં ૧૮૩૦ વર્ષે શાકે ૧૬૯૫ પ્રવર્તમાને માસાત્તમ ચૈત્ર વદી ૫ બુધવાસરે દ્વિતીય પ્રહરે સંસુખેન તિષ્ટતિ સર્વ મંગલં. પૃ. ૪૧ પં. ૧૩ આ. ક.

—પ્રથમ ખડ ઢાલ ૭ ગાથા ૧૮૧ દ્વિતીય ખંડ ઢાલ ૫ ગાથા ૧૩૬ તૃતીય ખંડ ઢાલ ૫ ગાથા ૧૩૦ ચતુર્થ ખંડ ઢાલ ૬ ગા. ૧૨૯ પચમ ખંડઈ ઢાલ ૫ ગા ૧૭૬ ષષ્ઠ ખંડ ઢાલ ૧૦ ગાથા ૨૦૫ સર્વ ખંડ ઢાલ ૩૯ ગ્રંથાગ્રથ ૧૩૫૦.-ઇતિ-ઋષિમંડણની પ્રતિ છઈ. ૩૭-૧૩ મો.

—પં. ઉરખદ લિપીકૃતં-મુલઆણ મધ્યે. (વિ. ધ. ભંડાર)

—૩૦-૧૬ લીં.-૨૩-૧૮ અનંત. સર્વ ગાથા ૨૫૦. સં ૧૮૪૪ વર્ષે ફાગુણ સુદી ૩ વાર સોમવાસરે.

—પૂજ્ય ઋ. માલજી તત્ શિ. પાંડવ તન્મધ્યે લિપિકૃતં શિ. ઋ. શિવજી માલજી ચેલા ઝવેરચંદ મોતીચંદ પઠનાર્થે શ્રી ભુજનગરે રાઓ શ્રી રાજ્યધણ રાજ્યે સ. ૧૮૬૪ ના કાર્ત્તિક વદ ૫ ગુરૈ-પા. ૩૦ ૧૫ રાજકોટ પૂ. અ.

—સર્વગાથા ૨૫૦. સં. ૧૮૪૪ વરખે ફાગુણ સુદી ૩ વાર સોમવારે. પ્રથમ ખડે ઢાલ ગાથા ૧૭૧, દ્વિતીય ઢાલ ૫ ગાથા ૧૩૫ તૃતીય ઢાલ ૫ ગથા ૧૦૨ ચઉથા ખં. ઢા. ૬, ૧૨૪ પચ. ખં. ઢાલ ૫ ગા. ૧૩૬ છઠા ખં. ઢા. ૧૦ ગાથા ૨૦૫ સરવ ઢાલ ૩૮ ગાથા ૯ સઈ ૧૩. સરવ ખંડ ૬ ગ્રંથાગ્રંથ ૧૨૫૦ શુભં ભવતુ. ૩૨-૧૪ અનંત.

(૩૬૦) વલ્કલચીરી રાસ. (ચુપઈ) ૧૬૮૧ જેસલમેરમાં.

આદિ—

દુહા.

પ્રણમું પારસનાથનઇ, પ્રણમુ સહગુરૂ પાય,
સમરૂં માતા સરસતી, સહૂ કરયો સુપસાય. ૧
વલકલચીરી કેવલી, મોટઇ સાધ મહંત,
ચૂંપ કરી કહું ચુપઈ સાંભલયો સહૂ સંત. ૨
ગુણ ગિરૂયાના ગાવતાં, વલિ સાધના વિશેષ,
ભવમાહિ ભમીઈ નહી, લહિયઈ સુખ અલેખ. ૩
મઈ સંયમ લીધુ કિમઇ, પણિ ન પલઇ કરૂં કેમ,
પાપ ઘણા પોતઈ સહી, અટકલ કીજઈ એમ. ૪
તઉપણિ ભવ તરિવાભણી, કરિવઉ કોય ઉપાય,
વલકલચીરી વરણવું, જિમ મુઝપાતિક જાય. ૫

* * * *

અંતે—

જેસલમેરઇ જિનપ્રાસાદ જિહાં ઘણારે,
સોમ વસુ સિણગાર ૧૬૮૧ વરસ વખાણીયેરે,
ખરતર ગચ્છ રે બિરદ ખર જગિ જાણીયેરે— ૫
શ્રી જિણચંદ સૂરિ રે જુગપ્રધાન જગિ પરગડારે,
રે તાસુ પ્રથમ શિષ્ય તેહ, સકલચંદ સુયંકરૂરે,
સમયસુંદર રે, તાસુ સીસ શોભાધરૂરે— શ્રી. ૬
રાહડ કુલરે જિહાં જિણચંદ સૂરિ ઉપનારે હોરે,
તિણ કુલિ જસુ અવતાર મુલતાણમાં વસઇરે,
સાહ કમચંદરે જેસલમેરી સુભ જસઇરે. શ્રી. ૭
પદ સગવટરે વલકલચીરી ચુપઇરે,
હાં રે કર્મચંદ આગ્રહ મઈ કીધ,
આણંદ અતિ ઘણુઇરે, સુખ પામઇરે,
સમયસુંદર કહૈઇ જે સુણઇરે. શ્રી. ૮

સર્વગાથા ૨૨૫. ઇતિ શ્રી **વલકલચીરી** ચુપઈ સમાપ્ત.

(પ્ર. કા. લીં.)

૩૬૦૬ વસ્તુપાલ તેજપાલનો રાસ. સં. ૧૬૮૨ (૬) તિંમરિપુરમાં.

આદિ—

સરસતિ સામિણિ પય નમી, પ્રણમી સહગુરૂ પાય,
વસ્તપાલ તેજપાલનો, રાસ કહું ચિત લાય. ૧
પોરવાડ વંશે પ્રગટ, જિનશાસન સિણગાર,
કરણી મોટી જિણુ કરી, સહુ જાંણે સંસાર. ૨
ચંડ પ્રચંડ અનુક્રમે **સોમ** અને **આસરાજ**,
વસ્તપાલ તેજપાલ બે, તસુ નંદન શિરતાજ. ૩
માતા **કુઅરિ** ઉરરતન, **પાટણ** નગર નિવાસ,
વીરધવલ રાજા તણા, મેહતા પુણ્ય પ્રકાસ. ૪
વરસ અઢાર ગયા પછી, વરસ અઢારા સીમ,
વસ્તપાલ **તેજપાલ** બે, ધર્મકરણી કરે ઇમિ. ૫

× × × ×

વરસ **બાર સત્યોતરે** પહલી **શેત્રુંજ** યાત્ર,
કીધી સબલ પડુરસ્યું, તે કહિઇ લવમાત્ર. ૨૬

* * * *

અંતે—

સરસ્વતીકંઠાભરણ બિરૂદ, ચોવીસ બોલે ભટ્ટ સુશબ્દ. ૩૨
દલવા દલ ડેરા તંગોટી, ફરહે નેજા ધજા અતિ મોટી,
સબલ આડંબર રાયની રીતિ, સંઘ ચાલે સહુ સંતોષી. ૩૩
જયપતાકા તેતીસ વાર, સંગ્રામ કરીને પામી સાર,
એહવી સાઢી બારહ જાત્રા કીધી, **શેત્રુંજ** સંઘવી પદવી લીધી. ૩૪
હવે સહું પુન્યવરાની વાત, જે દ્રવ્ય ખરચ્યા તે કહાત,
તેત્રીસ કોટિ ચઉદહ લાષ, અઢાર સહસ આઠસેં સાખ. ૩૫
ત્રિહું લોડહીએ ઉણા સોનઇયા, પુણ્યવરે ખરચ્યા તે કહિયા,
જિનસાસનમાં સોહ ચઢાઈ, **બારસેં અઠાણું** સુરગતિ પાઈ. ૩૬

વસ્તુપાલ તેજપાલ પુણ્ય પ્રધાન, જેહને પગ પગ પ્રગટયાં નિધાન,
પુન્યથી પામી તેજમ તુરી, દક્ષિણાવર્ત્ત આસ્યા પુરી. ૩૭
ઇમ જાંણી સહુકો ધરમ સાર, ધન ધરચો વ્યવહારિયા વાર,
સફલ કરો આપણો અવતાર, જિમ તુમે પામો ભવપાર. ૩૮
શ્રી ખરતર ગચ્છ શ્રી જિનચંદ, શિષ્ય સકલચંદ નામે મુણિંદ,
સમયસુંદર પાઠક તસુ સીસ, રાસ ભણ્યો શ્રીસંઘ જગીસ. ૩૯
સંવત સોલે બયા(છયા)સીયા વરસે, રાસ કિધો તિમરીપુર હરખે,
વસ્તપાલ તેજપાલનો રાસ, ભણતાં સુણતાં પરમ ઉલ્લાસ. ૪૦

—આ પ્રત ૨-૧૨. ફાર્બસ સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ પૃ. ૪૫ મેં આ પ્રત પરથી ઉતારેલી છે.

ગા. ૫૪-ખં. ૩, માણેક.

(૩૬૧) સીતારામ પ્રબંધ (ચોપઇ) ૧૬૮૭ મેડતામાં.

આદિ— દૂહા.

સ્વસ્તિ શ્રી સુખસંપદા, દાયક અરિહંત દેવ,
કરજોડી તેહનેં કરૂં, નમસકાર નિતમેવ. ૧
નિજગુરૂ ચરણકમલ નમું, તીન તત્ત્વદાતાર,
ટીડીથી કુંજર કીયો, એ મુઝને ઉપગાર. ૨
સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ,
માતા દેજે મુજઝને કરૂં વચનવિલાસ. ૩
સંબ પ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેકબુદ્ધ પ્રબંધ (૨),
નલદવદંતિ (૩) મૃગાવતી (૪), ચઉપઈ ચ્યાર સંબંધ. ૪
આઈ તું આવી તિહાં, સંમર્યાં દીધો સાદ,
સીતારામ સંબંધ પણિ, સરસતિ કરે પ્રસાદ. ૫
કલંક ન દીજે કેહને, વલી સાધને વિશેષિ,
પાપ વચન સહુ પરિહરો, દુખ સીતાનું દેખિ. ૬
સીલ રતન પાલો સહૂ જિમ પામો જસવાસ,
સીતાની પરિ સુખ લહો લાભો લીલ વિલાસ. ૭

સીતા રામ સંબંધના નવખંડ કહિસિ નિબંધ,
સાવધાન થઈ સાંભલો, સીલ વિના સહુ ધંધ. ૮

અત્ર આ પ્રબંધની દરેક ખંડમાંનીદેશીઓ આપેલી છેઃ—

* * * *

ઢાલ ૧—સાહેલી આંબો મોરીયો—રાગ સારંગ, ગોતમ સ્વામી સમોસર્યા.
ઢાલ ૨—પુરંદરરી વિસે ખાલી—સાધુને આલ કૂડો દીયો.
ઢાલ ૩—સોરઠ દેસ સોહામણો સાહેલડી રે, દેવો તણો નિવાસ—
ગયસુકુમાલની ચોઢાલીયાની;—
ઢાલ ૪—ઘરિ આવોરે મનમોહન મોટા.
ઢાલ ૫—બિંદલીરી.
ઢાલ ૬—રાગ ગોડી. જાતિ જકડીની વિસખાલી.
ઢાલ ૭—જાતિ ત્રાટકાવેલિની.

પહેલો ખંડ થયો એ પૂરો, સાત ઢાલ સુસવાદ,
જુગ પ્રધાન જિણચંદ પ્રથમ શિષ્ય, **સકલચંદ** સુપ્રસાદ.
ગચ્છનાયક **જિનરાજ** સૂરીસર, ભટ્ટારક વડભાગ,
સમયસુંદર કહે સીલ પાલંતાં વાધે જસ સોભાગ.
—સર્વ ગાથા ૧૪૬ સીતાવિવાહવર્ણનો નામ. પ્રથમઃ ખંડઃ—

હિવ બીજો ખંડ બોલસ્યું, જિહું વાધે બહુ પ્રેમ,
સાંનિધિ કરિજ્યે સરસતી, જોડું બે ગો જેમ. ૧
સીતારામ સભાગિયા, ભોગવે ભોગ સંયોગ,
લીલાના એ લાડિલાડિલા, ઘણું વખાણે લોગ. ૨

* * * *

ઢાલ ૧ કેયે પૂજ્ય પધારિસ્યે—એ ગીતની.
૨ જાતિ જત્તિની—વલી તિમરી પાસે વડલું ગામ—વલી પ્રત્યેક **બુદ્ધની બીજા ખંડની આઠમી ઢાલ.** જંબૂદીપ પૂરવ સુવિદેહ એહની ઢાલ.
૩ રાગ આસાઉરી સિંધૂડો મિશ્ર. ચરણાંલી ચાંમુંડા રણે ચડે,

ચખ કરી રાતા ચાલોરે, વિરતિ દાનવદલ વિચિ, ધાડ દીયે ધમ-
રોલો-ચરણાલી૦ એહની ઢાલ.

૪ વરસાલો સાંભરે—
૫ ચેતે ચેતન કરી. અથવા પ્રત્યેક બુદ્ધના પહેલા ખંડની આઠમી
ઢાલ-ધન પદમાવતી-એહની ઢાલ.
૬ ઓલગડીની-રાગ મલ્હાર.
૭ થાકી ઓલો આંવેજી.

સાતમી ઢાલ પૂરી થઇજી, રામ રહ્યા વનવાસ,
સમયસુંદર કહે સહુ મિલીજી, ભરતને દો સાબાસિ. ૧૮
બીજો ખંડ પૂરો થયોજી, સાંનિધિ શ્રી જિનચંદ,
સકલચંદ સુપસાઉલેજી, દિનદિન અધિક આણંદ. ૧૯
શ્રી ખરતર ગછ રાજીઓજી, શ્રી જિનરાજ સૂરીસ,
સમયસુંદર પાઠક કહેજી, પૂરો સંઘ જગીસ. ૨૦

—સર્વ ગાથા ૧૯૨ રામસીતાવનવાસવર્ણનો નામ દ્વિતીય; ખંડઃ

ત્રિણ વિણ ગીત ન ગાઇયે, ત્રિણ વિણ સુગતિ ન હોઇ,
કહું ત્રીજો ખંડ તે ભણી, જિમ લહે સવાદ સહુકોઇ. ૧
રામચંદ આશ્રમે રહ્યા, પહેલી રાતિ મઝાર,
આવી આગલિ ચાલતાં અટવી ડંડાકાર. ૨

* * * *

ઢાલ ૧-રાગ રામગિરી અમ્હને અમ્હારો પ્રિયુ ગમે—
કાજી મહમદના ગીતની ઢાલ.

૨—રાજીમતી રાણી ઇણપરિ બોલે, નેમવિના કુંણ ઘુંઘટ ખોલે—
એહની ઢાલ.

૩—સુણો મેરી સજની, રજની ન જાવેરે એહની ઢાલ, અથવા પ્રિયુડા
માનો બોલ હમારો રે એહની ઢાલ.

૪—ચંદાયણિની-પણિ દુહે દુહે ચાલિ. રાગ કેદાર. રાગ ગોડી.

૫—રાગ મલ્હાર. મોરા સાહિબ હે શ્રી સીતલનાથ કે, વીનતિ સુણિ એક મોરડી એહની–અથવા રાજેસર હો સુણિ વીનતિ એક કે મનવંછિત પૂરે માહરા.

૬—ઇડરિયે ઇડરિયે ઓલગાણે આયુ ઉલંગ્યોરે–આ. લાલ.

૭—નાહલિયા મજાએ ગોરી રેવણુ હટે–રાગમલ્હાર

ત્રીજા ખંડની સાતમી રા. ઢાલ પૂરી થઇ તેહ

ત્રીજો ખંડ પૂરો થયો રા. સમયસુંદર કહે એહ. પ્રિ.

—સર્વ ગાથા ૧૬૮ સીતારામ સંબંધે વનવાસે પરોપકાર વ૦ નામ તૃતીયઃ ખંડઃ

દાન શીલ તપ પણિ ભલા પણિ વિણુ ભાવ ન સિદ્ધિ
તિણુ કારણે કહો જોઇજે ચોથો ખંડ પ્રસિદ્ધ. ૧
લખમણુ સીતા રામ સહુ, ગયા આઘેરા જેથિ
ગાજવીજ કરિ વરિસયા, લાગો જલહર તેથિ. ૨

* * * *

ઢાલ ૧–વેસર સોનાકી, ઘરિ દે ચતુર સોનાર વે૦
વેસર પહેરી સોનાકી રંજે નંદકુમાર વે૦—
એહ ગીતની રાગ અસાઉરી.

ઢાલ બીજી. રાગ વયરાડી જા જારે બાંધવ તું વડો—એ
ગૂજરાતી ગીતની ઢાલ.

૩—દેખો માઇ આસા મેરે મનકી સયલ ફલીરે,
આણંદ અંગિ ન માય—એ ગીતની ઢાલ.

૪—ચોપઇની ઢાલ–રાગ ગોડી.

૫—રાગ ઉડી–આજ્યો બાજ્યો માંદલકો ધોંકાર એ ગીતની જાતિ.

૬—રાગ ગોડી. જંબૂદીપ મઝાર–એ સુબાહૂ સંધિની ઢાલ.

૭—રાગ કેદાર ગોડી–કપૂર હુયે અતિ ઉજલું રે,
વલિ અનોપમ ગંધ એ ગીતની ઢાલ.

સાતમી ઢાલ પૂરી થઈ રે સાંભલજ્યો એક મન
ચોથો ખંડ પૂરો થયો રે સમયસુંદર સુવચન. ૭૬
—સર્વ ગાથા ૨૨૦ દેવલિ મહિમા વર્ણનો નામ ચતુર્થઃ ખંડઃ
હિવ બોલું ખંડ પાંચમો પાંચ મિલ્યા જસવાદ
પાંચામાંહિ કહીજીયે પરમેસર પરસાદ. ૧
સીતારામ સહૂ વલી આગે ચાલ્યા ધીર,
દંડકારણ્ય વને રહ્યા, કન્નરવાને તીર. ૨

× × × ×

ઢાલ ૧ લી. રાગ કેદાર ગોડી—આવો જુહારો રે, અજારો પાસ, મનની પૂરે આસ—એ ગીતની ઢાલ.

૨—સુણોરે ભવિક ઉપધાન વહ્યાં વિણ કિમ સૂઝે નવકારજી——એહ સ્તવનની ઢાલ. (આ કવિનું પોતાનું સ્તવન છે.)

૩—રાગ મારૂણી. તોરા કીજો મ્હાંકાલાલ, દારૂ પીજો જાં,
પડવે પધારો મ્હાંકાલાલ, લસરક લેજ્યો જી...
તેરી અજબ સૂરતિ મ્હાંકો મનડો રંજ્યોરે લોભી
લંજ્યાજી—એ ગીતની ઢાલ.

૪—સેહર ભલો પણિ સાંકડો રે, નગર ભલો પણિ દૂરરે, હઠીલા વયરી
નાહ ભલો પણિ નાન્હડોરે, આવિઓ આવિઓ જોબનિયાંકો
પૂરરે—હઠીલા વયરી.

હીરોરે હરપાલકોરે લાલ—એહની ઢાલ.
નાયકાની ઢાલ **સરિખી છે પણિ આંકણી લહરકે છે.**

૫—રાગ મારૂણી માઝિરે બાબા વીર ગોસાંઈ—એ ગીતની ઢાલ.

૬—રાગ બંગાલો. ઈમ સૂણી દૂત વચન્ન, કોપીયો રાજા મન્ન—એ
મૃગાવતીની ચોપઈની બીજા ખંડની દસમી ઢાલ.

૭—જગે છે ઘણાય ઘણેરા, તીરથ ભલાય ભલેરા એ સ્તવનની ઢાલ.
એહવે સાતમી ઢાલ, પૂરી થઈ તતકાલ,
સમયસુંદર ઈમ બોલે, **સીતા**ને ન કો તોલે. ૫૨

પાંચમો ખંડ રસાલ, પૂરો થયો સાત ઢાલ
સમયસુંદર કહે આગે, કહતાં દિન ઘણા લાગે. ૫૩

—સર્વ ગાથા ૨૪૮ સીતાસંહરણ નામા પંચમઃ ખંડઃ

માતપિતા પ્રણમું મુદા, જનમ દીયો મુઝ જેણ,
વાંદું દીક્ષાગુરૂ વલી, ધરમરતન દિયો તેણ. ૧
વિદ્યાગુરૂ વાંદું વલી, જ્ઞાનદષ્ટિ દાતાર,
જગમાંહિ મોટો જાણિજ્યો, એ ત્રિહુંનો ઉપગાર. ૨
એ ત્રિહુંને પ્રણમી કરી, છઠો ખંડ કહેસિ
પડરસ મેલી એકલા સગલા સ્વાદ લહેસિ.

* * * *

ઢાલ ૧–રાગ રામગિરી ભણે મંદોદરી દૈત્ય દશકંધ સુણિ
—એહ ગીતની ઢાલ, અથવા ચડયો રણ ઝુઝવા ચંડપ્રદ્યોત નૃપ–એ બીજા પ્રત્યેક બુદ્ધના ખંડની ઢાલ.
૨—રાગ મારૂણી. ૩ **પદ્ધડીછંદની.**
૪—રાગ સોરઠ–જાતિ **જાંગડાની.**
૫—ઢાલ ખેલાની. ૬ પ્રોહતિયારી–અથવા સંધવી રી.
૭—રાગ મલ્હાર–શ્રાવણ માસ સોહામણો એ **ચોમાસિયાના ગીતની** ઢાલ.

—સર્વ ગાથા ૪૪૪ રામરાવણયુદ્ધ વિશલ્યો કન્યા સમુદ્દહત લક્ષ્મણ શક્તિ ૨ રાવણ સમારાધિત બહુ રૂપિણી વિદ્યાદિ વર્ણનો નામ ષષ્ઠઃ ખંડઃ

સાત ક્ષેત્ર મિલેં સામઠાં તો સગલા સુખ હોઈ
તિણ કારણિ કહું સાતમો ખંડ સુણો સહુ કોઈ. ૧
હું નહિ થાતો આખતો જોડતાં એ જોડ,
રામાયણ મોટા મહિં સુણિજ્યો આલસ છોડિ. ૨

× × × ×

ઢાલ પહેલી. રાગ રામગિરી છાનો ને છિપીને વાલ્હા કિહાં રહ્યા–એહની.

૨—હાં રંગ રલિયાં હો રંગ રલીયા–
૩—રે રંગ રત્તાકર હલા મો પ્રીઉ રત્તા આણિ
હુંતો ઉપરિ કાઢિને પ્રાણ કરૂં કુરબાણ–સુરંગા
કરહાંરે, મો પ્રીઉ પાછો વાલિ, મજીઠા કરહારે–એ ગીતની ઢાલ
રાગ મારૂણી.
૪—રાગ બંગાલો–જાની એતા માન ન કીજે–એ ગીતની ઢાલ.
૫—રાગ પરજીયો–કાલહરો મિશ્ર. સિહરાં શિરહાર મધુપુરીરે, ગઢાં વડે ગિરનારિરે, શણ્યાં સિરહર રૂકમણીરે, કુંયરાં નંદકુમારરે–કંસાસુર મારણ, આવિને પ્રલ્હાદ ઉધારણ રાસ રમણે ધરિ આજ્યો–ધરિ આજ્યો હો ધરિ આજ્યો હો રામજી રાસ રમણે ધરિ આજ્યો–એ ગીતની ઢાલ.
૬—રાગ મલ્હાર–વધાવારી ઢાલ.
૭—આંબો મોર્યં છ હે જિણ ભણે–એહ ગીતની. રાગ સારંગ.
—સર્વ ગાથા ૩૧૨ રાવણવધ ૧ સીતા પશ્ચાદાનયન ૨, શ્રી રામલક્ષ્મણાયોધ્યાપ્રવેશ ૩, સીતાકલંક પ્રદાન ૪ વર્ણનો નામ સપ્તમઃ ખંડઃ

આઠ પ્રવચન માતા મિલ્યાં સૂધો સંયમ હોઇ
આઠમો ખંડ કહું ઇહાં સ લહે સીલ મ કોઈ. ૧

* * * *

ઢાલ ૧–રાગ મારૂણી. અમાં મ્હાંકી ચિત્રાલિંગી જોઈ, અમાં અમામ્હાંકી, મારૂડે મેવાસીકો સાદ સોહામણોરે લો–એ ગીતની ઢાલ.
૨—રાગ મારૂણિ. ઝાખર દીવા ન બલેરે, કાલરિ કમલ ન હોઈ, છોરિ મૂરખ મોરી બાંહરી, મીયા જોરે પ્રીતિ ન જોઈ. ૧
કન્હઇયા બે, ઇયારલ બાસિયા, જોવન જાસિયા બે, બહુર ન આસિયા–એહની ઢાલ. એ ગીત સંધિમાહે પ્રસિદ્ધ છે.
૩—નોખારા ગીતરી–નોખારા ગીત મારૂયાડિ હુંઢાડિમાંહે પ્રસિદ્ધ છે.
૪—ચોપઈની રાગ તિલંગ ધન્યાસિરી. કોઇ પૂછો બંભણ જોસીરે, હરિકો મિલણ કદિ હોસીરે–એ ગીતની ઢાલ.

૬—રાગ ખંભાયતી સુંબરા તું સુલતાણુ, બીજા હો થારા સુંબરાં ઓલગૂહો-એ ગીતવી ઢાલ. એ સુંબરાના ગીતની ઢાલ-જોધપુર મેડતા નાગોર નગરે પ્રસિદ્ધ છે.

૭—રાગ ખંભાયતી. સોહલાની જતિ-અમાં મોરી મોહિ પરણાવિ હે અમાં મોરી જેસલમેરા મેરા જાદવાં હે, જાદવ મોટા રાય, જાદવ મોટા રાય હો, અમાં મોરી કડિ મોડીને ઘોડે ચડે હો-એહ ગીતની ઢાલ.

—સર્વ ગાથા ૩૨૩ સીતાપરિત્યાગ ૧, વજ્રજંઘ ગૃહાનયન ૨, કુશલવકુમારાયોધ્યાપ્રવેશ વર્ણનો નામ અષ્ટમઃ ખંડઃ

હિવ નવમો ખંડ બોલિસ્યું નવરસ મિલ્યાં નિદાન,
મનવંછિત સુખ પામીયે, નિરમલ નવે નિધાન. ૧

*　　*　　*　　*

ઢાલ ૧ **તિલ્લીરા** ગીતરી ઢાલ-**મેડતાદિકદેસે પ્રસિદ્ધ** છે.

૨—રાગ રારૂણી-ગલિયા રે સાજણુ મિલ્યા મારૂરાય,
દે નયણાદો ચોટરે, ધણવારી લાલ, હસિયા પણિ
બોલ્યા નહી મારૂરાય, કાંઇક મનમાંહે ખોટરે. ૧
ધણવારીલાલ, આજ રહો રંગમહોલમે મારૂરાય.
એ ગીતની ઢાલ.

૩—રાગ કનડો ઠમકિ ઠમકિ પાય નેરૂરી બજાવે, ગજગતિ બાંહ, ગ૦ લુડાવે-૧ રંગબીની ગ્વાલણી આવે—એ ગીતની ઢાલ.

૪—રાગ હુસેની ધન્યાસિરી મિશ્ર, દિલ્લીકે દરબારમે લખ આવે લખ જાઇ, એક ન આવે નવરંગખાન જાકી પઘરિ ઢલિ ઢલિ જાઇ બો-૧ નવરંગ બઇરાગીલાલ એ ગીતની ઢાલ.

૫—રાગ ગોડી જાતિ જકડીની-શ્રી નઉકાર મનિ ધ્યાઇયે-એ **ગીતની.**

૬—રાગ કેદાર ગોડી. મિશ્રી. વીરા હો થારે સેહરે મોલ્યા પુરૂષ ચિયાર લાડણુ વી૦ વીવાહરા ગીતરી ઢાલ.

૭—રાગ ધન્યાસિરી–સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે–એ **સંવાદ શતકની** બીજી ઢાલ–અથવા પાસ જિણિંદ જુહારિયે–એ સ્તવનની ઢાલ.

ઉપરની ઢાલ ૭ રાગ ધન્યાસિ. સિલ કહે જગ હું વડો–એહનિ, પાસ જિણંદ જૂહારિઈ એહની.

અંતે—

સીતારામની ચોપઈ જે ચતુર હુઇ તે વાંચોરે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચોરે. સી. ૧
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સૂધડો સમજિ લેજ્યોરે,
જે જે રસ પોષ્યા ઇહાં, તે ઠાગ દેખાડિ દેજ્યોરે. સી. ૨
કે કે ઢાલ વિષમ કહિ તે દુષણ મત દ્યો કોઇરે,
સ્વાદ સાબુણી જે હુવે ને લિંગ હદ્દ કદ્દ ન હોઇરે. સી. ૩
જે દરબારે ગયો હુસે હુંઢાડિ મેવાડિ ને ઢિલ્લીરે,
ગુજરાતિ મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લીરે. સી. ૪
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસોરે,
નવ નવા રસ નવનવિ કથા સાંભલતાં સાબાસ દેસોરે. સી. ૫
ગુણ લેજ્યો ગુણિયણ તણો મુઝ મસકતિ સાહમો જોજ્યોરે,
અણસહતાં અવગુણ ગ્રહિ મત ચાલણિ સરિખા હોજ્યોરે. સી. ૬
આલસ અભિમાન છોડિનેં સૂધિ પ્રતિ હાથ લેઇરે,
ઢાલ લેજ્યો તુમ્હે ગુરૂમુખે વલિ રાગનો ઉપયોગ દેઇરે. સી. ૭
સખર સભામાંહિ વાંચજે બેજણા મિલિ મિલતે સાદેરે,
નરનારિ સહુ રિઝસેં જસ લહસો ગુરૂ પ્રસાદેરે. સી. ૮
આદરમાંન ઘણો હુસેં વલિ ન્યાન દરસનનો લાભોરે,
વાંચણહારા નો જસ વિસ્તરસ્યે જિમ જલ આભોરે. સી. ૯
નવખંડ પૃથવિના કહ્યાં તિણ ચોપઇના નવખંડોરે,
વાંચણહારાનો તિહાં પસરો પ્રતાપ અખંડોરે. સી. ૧૦

સિતારામની ચોપઇ વાંચીને એ લાભ લેજોરે,
સાંભલહારાને તુંમ્હે કાંઈ સિલવ્રતસું સંદેજોરે. સી. ૧૧
જિનસાસન શિવસાસને સિતારામ ચરિત્ર સુણીજેરે,
ભિન્ન ભિન્ન સાસનભણી કો કો વાર્તા ભિન્ન કહિજેરે. સી. ૧૨
જિનસાસન પણિ જૂજૂયાં આચારિજનાં અભિપ્રાયોરે,
સિતા કહિ રાવણ સૂના તે પદ્મચરિત્રથી કહેવાયોરે. સી. ૧૩
પણિ વિતરાગદેવે કહ્યો તે સાચૂં કરિ સરદહજ્યોરે.
સિતા ચરિતથી મેં કહ્યું માહરો છેહડો મત ગ્રહજ્યોરે. સી. ૧૪
હું મુઢમતિ કિસૂં જાંણું મુઝ વાંણિ પણિ ન સવાદોરે,
પણિ જે જોડિ મેં રસ પડયો તે દેવગુરૂનાં પરસાદોરે. સી. ૧૫
હું સિલવંત નહિ તિસો, મુઝ પોતે બહુ સંસારોરે,
પણિ સિલવંતનો જસ કહતાં, મુઝ થાસે સહિ નિસ્તારોરે. સી. ૧૬
ચપલ કવીસરનાં કહ્યાં એક મન ને વચન એ બેઇરે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાહ્યા પણ કેઇરે. સી. ૧૭
ઓછું અધકું પણિ મેં કહ્યું, કાંઈ વિરૂદ્ધ વચન પણિ હોઇરે,
તે મુઝ મિચ્છામિ દુક્કડં સંઘ સાંભલજો સહુ કોઇરે. સી. ૧૮
ત્રિણ હજારનેં સાતસે આઠને સઇ ગ્રંથનું માનોરે,
લિખતાં ને લખાવતાં પામિજે જ્ઞાન પ્રધાનોરે. સી. ૧૯
ખરતર ગછમાંહિ દિપતા શ્રી મેડતા નગર મઝારોરે,
ગોત્ર ગલોછા ગહગહે સામગ્રીમે સિરદારોરે. સી. ૨૦
નગર ઘરે ઘણે નામ ગયું, અતબાર ઘણો દરબારોરે,
ગુરૂ ગછના રાગી ઘણું, ઉત્તમ ધરનો આચારોરે. સી. ૨૧
પૂત્રરતન રાયમલ તણા તે લઈ લખમીનો લાહોરે,
અમીપાલને નેતસી ભલો ભત્રીજ રાજસી સાહોરે. સી. ૨૨
સીતારામની ચોપઈ એહને આગ્રહ કરિ કીધીરે,
દેશ પ્રદેસે વિસ્તરિ જ્ઞાનવૃદ્ધિ લિખાવતાં લિધિરે. સી. ૨૩
શ્રી ખરતર ગછ રાજિયા સુગપ્રધાન જિનચંદોરે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણી સકલચંદ સુખકંદોરે. સી. ૨૪

સમયસુંદર સીષ્ય તેહના શ્રી ઉપાધ્યાય કહિજેરે,
તિણ એ કિધિ ચોપઇ, સાજણ માણુસ સલહિજેરે. સી. ૨૫
વર્ત્તમાન ગછના ધણી ભટ્ટારક શ્રી **જિનરાજોરે,**
જિનસાગર સૂરીસરૂ આચારિજ અધિક દિવાજેરે. સી. ૨૬
એ ગુરૂને સૂપસાઉલેં એ ચઉપઇ ચઢિ સુપ્રમાણોરે,
ભણતાં સુણતાં વાંચતાં હુઈ આણંદ કોડિ કલ્યાણોરે. સી. ૨૭

ઇતિ શ્રી સીતારામ પ્રબંધે નવમો ખંડ સમાપ્તં.

ઇતિ શ્રી રામસીતા રાસ સંપૂર્ણં.

સંવત ૧૮૮૬ ના વર્ષે સાકે ૧૭૫૧ નાના પ્રવર્ત્તમાને માસોત્તમ માસે સુભકારી ચૈત્ર માસે સુકલપક્ષે ત્રીયોદસી તીથૌ ભૃગુવાસરે લીપીકૃતં પં શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી **કલ્યાણવર્દ્ધન** ગણી તત્ સીષ્ય પં શ્રી ૫ **મેઘવર્દ્ધન** ગણી તત્ સીસ્ય પં. શ્રી ૫ વિવેકવર્દ્ધન ગણી તત્ સીષ્ય પં. શ્રી ૫ ધર્મ્મવર્દ્ધન ગણી તત્ સીષ્ય પાયરજરેણુસમાન પં. શ્રી ૫ ક્ષેમાવર્દ્ધન ગણી વાંચનાર્થં.

જબ લગ મેરૂ અડગ હે જબ લગ સસીયર સુર,
તબ લગ એ દોનું તપો લેખક પાઠક હોય.

લખીતં વઢવાણ નગરે શ્રી ઋષભદેવ પ્રસાદાતુ શુભં ભવતુ કલ્યાણમસ્તુ ॥ દે. લા. પ. કમલવિજય શિ. પદ્મવિજય પાસેની પ્રત. પં. રૂપા લિખિતં શ્રી મહોટકોટ મધ્યે સં. ૧૬૯૧ વર્ષે આસૂ સુદિ ૩ દિને પૃ. ૯૮ પં—૧૫ આ. ક.પા. ૧૧૯ પં—૧૪ આ. ક. આગ્રા ભં૦માં કવિની સ્વહસ્ત લિખિત પ્રત છે.

(૩૬૨) બારવ્રત રાસ. સં. ૧૬૮૫.

(૩૬૩) ગૌતમપૃચ્છા. સં. ૧૬૮૬.

(૩૬૪)+ શત્રુંજયરાસ સં. ૧૬૮૬ શ્રાવણ શુદ નાગોરમાં.

આદિ— દોહા

શ્રી **રિસહેસર** પાય નમી, આણી મન આનંદ,
રાસ ભણું રલિયામણો, શત્રુંજય સુખકંદ. ૧

સંવત ચાર સત્યોતરે, હુવા ધનેસરસૂરિ,
તિણે શત્રુંજય મહાતમ કહ્યું, શિલાદિત્ય હજુર. ૨
વીરજિણંદ સમોસર્યા, શત્રુંજય ઉપર જેમ,
ઈંદ્રાદિક આગલ કહ્યું, શત્રુંજય મહાતમ એમ. ૩
શત્રુંજય તીરથ સારિખું, નહિ છે તીરથ કોય,
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, તીરથ સઘલાં જોય. ૪

× × × ×

અંતે— ઢાલ ૬

શત્રુંજય મહાતમ સાંભલીએ, રાસ રચ્યો અનુસાર,
જે ભવી ગાવે ભાવશું એ, આનંદ હોય અપાર. શ. ૨૦
શત્રુંજય રાસ સોહામણો એ, સાંભલજો સહુ કોય,
ઘર બેઠાં ભણે ભાવશું એ, તસુ જાત્રાફલ હોય. શ. ૨૧
ભણુશાલી થિર અતિ ભલોએ, દયાવંત દાતાર,
શત્રુંજય સંઘ કરાવીયો એ, જેસલમેર મઝાર. શ. ૨૨
'શત્રુંજય મહાત્મય' ગ્રંથથી એ, રાસ રચ્યો સુખકાર,
રાસ ભણ્યો શત્રુંજા તણોએ, નયર નાગોર મઝાર. શ. ૨૩
ગિરૂઓ ગચ્છ ખરતર તણોએ, શ્રી જિનચંદ સુરીશ,
પ્રથમ શિષ્ય શ્રી પુજ્યનાએ, સકલચંદ સુજગીસ. શ. ૨૪
તાસ શિષ્ય જગ જાણીયેં એ, સમયસુંદર ઉવજ્ઝાય,
રાસ રચ્યો તેણે રૂઅડોએ, સુણતાં આનંદ થાય. શ. ૨૫

પ્ર૦ ભીમશીમાણેક-રત્ન સમુચ્ચય પૃ. ૨૭૦-૨૮૦.

(૩૬૫) ચંપકશ્રેષ્ઠીની ચોપઇ સં. ૧૬૯૫ ઝાલોરમાં

આદિ—

જાલોર માંહે જાણીયઇ, પારસનાથ પ્રતક્ષ,
પ્રહ ઉઠીનઇ પ્રણમતાં, સાંનિધિ કરઇ સમક્ષ. ૧
ગઢ ઊપરિ ગરૂયડિ નિલઉ, સોવનગરિ સિણગાર,
મહાવીર પ્રણમું મુદા, દેઉલ તિનઉ દાતાર. ૨

માતપિતા પણિ મનિ ધરૂં, જિણ દીધઉ અવતાર,
નામ લેઇનઇ ગુરૂ નમું, દીક્ષાં ન્યાન દાતાર. ૩
કરજોડી પ્રણમી કરી, કહિસિ ઘણું શ્રીકાર,
ચંપક સેઠની ચઉપઇ અનુકંપા અધિકાર. ૪

* * * *

સહુ કો લોક લહઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, સમયસુંદર કહઇ સાચું રે. ચિં ૨૫
પહિલઈ ખંડ થયઉ એ પૂરઉ, પણિ સંબંધ અધૂરઉ,
સમયસુંદર કહઈ બીજઇ ખંડઇ, સંબંધ થાસ્યઇ પૂરઉરે. ચિં ૨૬

—ઇતિ શ્રી અનુકંપાદાનાધિકારે ચંપક શ્રેષ્ટિ સંબંધે પ્રથમ ખંડ સંપૂર્ણઃ—

દૂહા—હિવ બીજઉ ખંડ બોલસ્યું, ચંપક પામી ઋદ્ધિ,
એ અનુકંપા દાનની, સગલી જાણું સિદ્ધિ. ૧
છન્નું કોડિ તણુઉ ધણી, થયઉ તે ચંપકસેઠ,
વૃદ્ધદત્ત વિવહારિયઉ, તિણિ તઉ કીધી વેઠિ. ૨
ચવદહ કોડિ સોનાતણી, આપણી માતા-વૃદ્ધ,
ઉજેણીથી આણિનઈ, સગલી ભેલી કીધ. ૩
ચંપકસેઠ ચંપાપુરી, ભોગવઈ લીલ વિલાસ,
વ્યાપારઇ વાધ્યઉ ઘણું, પ્રગટયઉ પુણ્યપ્રકાસ. ૪

× × × ×

અંતે—

ખંડ બીજો ઢાલ ૭ મી રાગ ધન્યાસિરી સીતારામની ચઉપઇ એહની ઢાલ.

* * * *

અનુકંપા ઉપરિ કહ્યઉ, ચંપક સેઠનઉ દ્રષ્ટાંતોરે,
અનુકંપા સહુ આદરઉ, એહથી છઈ મુગતિ એકાંતોરે. કે. ૧૪

સંવત સોલપંચાણુયઈ મઇ ઝાલોર માહે જોડીરે,
ચંપક સેઠની ચઉપઇ અંગિ આલસ નઇ ઉંઘ છોડીરે. કે. ૧૫
શ્રી ખરતર ગચ્છ રાજીયઉ, શ્રી જુગપ્રધાન જિણચંદોરે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના, સકલચંદ મુણિંદોરે. કે. ૧૬
સમયસુંદર શિષ્ય તેહના તિણ ચઉપઉ કીધી એહોરે,
શિષ્ય તણુઇ આગ્રહ કરી જે ઊપરિ અધિક સનેસોરે. કે. ૧૭
નરનારી રસિયા હુસ્યઇ તે સાંભલિસ્યઇ સદા આવીરે,
સુઘડ સુકંઠી બે જણા, વાચજ્યો ભલી વાત બણાવીરે. કે. ૧૮

—પૂર્વોક્ત ગાથા ૧૪૪ ગાથા મીલને સર્વ ગાથા ૧૬૧ પ્રથમ ખંડ ૩૪૪ ગાથા મીલને ખંડદ્વય સર્વ ગાથા ૫૦૬ ગ્રંથાગ્રંથ શ્લોક ૭૦૦ સં. ૧૬૯૯ શ્રા૦ વ૦ ૫ લિપીકૃતા ૨૩—૧૪ આ. ક.

—ગ્રંથાગ્ર ૫૦૬ પત્ર ૧૫— ધો. રત્ન. ડે.

—લિખિતા ચેયં પંડિત ચારિત્રવિજય૦—યતિ વિવેકવિજય (ધુમટા-વાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

—ઇતિશ્રી દાનાધિકારે ચંપકશ્રેષ્ઠી ચતુઃષ્પદી સંપૂર્ણા–સં. ૧૮૭૬ ના વર્ષે શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને શ્રી જૌડિયા બિંદર મધ્યે લિ૦ પૂજ્ય ઋષિ માલજી તત્શિ. પાંડવ તન્મધ્યે લિ૦ ઋ. શિવજીમાલજી શિષ્યાર્થે પઠનહેતવેં પા. ૧૩ પં. ૧૫ રાજકોટ પૂ. અ૦

(૩૬૬) ધનદત્ત ચઉપઇ (વ્યવહારશુદ્ધિ ચોપઈ) સં. ૧૬૯૬ આસોમાં—**અમદાવાદમાં.**

આદિ—

શાંતિનાથ જિન સોલમો, પ્રણમું તેહના પાય,
વ્યવહારસુદ્ધિ ઊપરિ કહોઉ, ચઉપઇ ચિત લગાય. ૧
ભગવંત ભાષઈ ભો ભવિક, મોટો સાધનો ધર્મ,
જેહથી મુગતિ જાઇઈ, સાસતાં લહિયઈ સર્મ. ૨
દીસઈ તે અતિ દોહિલો, સૂરવીર કરઈ કેઇ,
શ્રાવકનો ધર્મ સોહિલો, દેવલોક સુખ દેઇ. ૩

શ્રાવકનાં વ્રત તો પલઇ, જો હુંઇ ગુણ ઇકિવીસ,
નામ તુમે તે સાંભલો, વાર વિસવાવીસ. ૪

* * * *

અંતે—

સંવત સોલ છનું સમઇએ, આસૂમાસ મઝારિ,
અમદાવાદઇ એ કહ્યઉએ, ધનદત્તનઉ અધિકાર.
શ્રી ખરતર ગચ્છ રાજીયઉએ, શ્રી જિણચંદ સૂરીસ,
પ્રથમ સીસ જગિ પરગડાએ, સકલચંદ તસુ સીસ.
સમયસુંદર સંબંધ કહ્યઉ એ, જિનસાગર સૂરિરાજ,
(ભવિજનનઇ હિતકાજ પાઠાંતર)
ભણતાં ગુણતાં ભાવસુએ, સીજઇ વંછત કાજ.

—સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલગણિના સંશોધિતા સા. હરજી ધનજી સુશ્રાવકાગ્રહેણ પત્ર. હા. ભં. પાટણ. —લિ૦ સૌભાગ્યવિજય ગણિ (લાલવિજય શિ.) લિ. શ્રા. કેસરબાઈ વાચનાર્થં ૧૧-૧૧ ધો. —પ-૯ અમ.

—સં. ૧૭૪૯ વર્ષે કાત્તિક વદિ ૨ બુધે વ્યવહારશુદ્ધિ વિષયે
૬-૧૯ (વિ૦ધ)

—સં. ૧૭૨૪ વરષે આષાઢ સુદિ ૧૫ દિને લિખિતં મહોપાધ્યાય શ્રી ૫ શ્રી અમૃતવિજય ગણિશિષ્ય ગણિ દીપિવિજયેન
(ઉદયપુર ભં.)

બીજી પ્રતમાં છેવટે નીચે પ્રમાણે છેઃ—

સમકિતનું ફલ માગીઇએ ધનદત્ત રિષિનઇ પાસિ, સં.
તુમ્હ પામિઉ તે આપજ્યો એ મુઝ મનિ પૂરયો આસ, સં.
સમયસુંદર સંબંધિ કહિઉ એ જિનસાગર સૂરિરાજ સં.
ભણતાં ગણતાં ભાવસ્યું એ સીઝઈ વંછિતકાજ. સં.
—વિવેકવિજય (ધુમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર ભં.

(૩૬૭) સાધુવંદના સં. ૧૬૯૭ —લીં૦
(૩૬૮) પુણ્યાઢ્ય રાસ. —ડે; રત્ન.
(૩૬૯) મુસઠ રાસ.
(૩૭૦) પુંજાઋષિનો રાસ. (ઐ.)
મયણરેહા રાસ.

જીવરાશી ક્ષમાપના

હવે રાણી પદમાવતી, જીવરાશી ખપાવે,

આ ઉપરનાં બંને પ્રત્યેકબુદ્ધ રાસમાં અંતર્ગત છે.

(૩૭૧) દ્રૂપદી સંબંધ સં. ૧૭૦૦ માહ માસ, અમદાવાદમાં.

આદિ— દૂહા.

શાંતિનાથ પ્રણમું સદા, પ્રણમું સદગુરૂ પાય,
શ્રુતદેવી સાનિધિ કરી, અલગ ટલઉ અંતરાય. ૧
માતપિતા પણિ માનીયઇ, જિણ દીધઉ અવતાર,
દીક્ષા ગુરૂ વિદ્યાતણઉ, એ મોટઉ ઉપગાર. ૨

સં- ૧૬૭૨માં વિશેષશતક સંસ્કૃતમાં રચેલ છે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:-

શ્રીમત્ખરતર ગચ્છે શ્રીમજ્જિનસિંહસૂરિ ગુરૂરાજ્યે
સામ્રાજ્યં કુર્વાણે યુગપ્રધાનાખ્ય બિરૂદધરે. ૧
વિક્રમસંવતિ લોચન મુનિદર્શન કુમુદ બાંધવ પ્રમિતે,
શ્રી પાર્શ્વજન્મ દિવસે પુરે શ્રી મેડતા નગરે. ૨
યુગપ્રધાન પદવી શ્રી અકબ્બરસાહિના,
યેભ્યો દત્તા મહાભાગ્યાઃ શ્રી જિનચંદ્રસૂરયઃ ૩
તેષાં શિષ્યો મુખ્યં સ્વહસ્તદીક્ષશ્ચ સકલચંદ્રગણિઃ
તચ્છિષ્ય સમયસુંદરસુપાઠકૈરકૃતશતકમિદમ્. ૪

—સં. ૧૭૨૭ વર્ષે શ્રાવણ વદિ ૩ દિને શનિવારે શ્રી ગુઢામધ્યે પં. કલ્યાણનિધાનમુનિનાંતે વાસિના પં લબ્ધિચંદ્ર મુનિ લિપિચક્રે. (વિ. ધ. ભં.)

પહિલું સાધુ સતીતણા, કીધા ઘણા પ્રબંધ,
હિવ વલિ સૂત્રથકી કહું, દ્રૂપદીનઉ સંબંધ. ૩
એક સૂત્ર બીજું સતી, ઉત્તમ એહની જોડ,
સુણતાં આનંદ ઊપનઈ, કરમની ત્રૂટઈ કોડિ. ૪
વૃદ્ધપણઇ મઇ ચઉપઇ, કરિવા માંડી એહ,
સૂત્ર સતી નઈ સાધસ્યું, મુઝ મનિ અધિક સનેહ. ૫
મત કરઉ ઉંધ નઈ વારતા, સાંભલતાં સહુ કોય,
આપન પ્રીછઇ અન્યનઇ, અંતરાય પણિ હોય. ૬
જ્ઞાતા સૂત્ર અરથ થકી, ભાખ્યઉ શ્રી ભગવંત,
સુધરમ સામી ગુંથિયઉ, સૂત્ર થકી મતિમંત. ૭
કરજોડી જંબૂ કહઈ, સુધરમ સામિનઈ એમ,
પનરમઉ ધન્નાન કહ્યઉ સોલમઉ અધ્યયન કેમ. ૮
સુધરમ સામી ઇમિ કહઈ, સુણિ જંબૂ સુવિચાર,
મહાવીર મુઝનઈ કહ્યઉં, તિમ કહું તે અધિકાર. ૯

× × × ×

અંતે—

ત્રીજો ખંડ ઢાલ સાતમી–રાગ ધન્યાસિરી.
પાસ જિણંદ જુહારીયઇ એહની.

સુધરમ સામી પાંચમઉ ગણધર જંબૂનઇ ભાખઇરે,
ન્યાતા સૂત્રનઈ સોલમઉ, એ અધ્યયન સહુની સાખઇરે. ૧
દ્રૂપદીની એ ચઉપઇ મઈ, વૃદ્ધપણઇ પણિ કીધીરે
શિષ્યતણઇ આગ્રહ કરી, મઈ લાભ ઊપરિ મતિ દીધીરે. દ્રૂ.
એક સતી વલી સાધવી એ વાત બાઉ ઘણું મોટીરે,
દ્રૂપદી નામ લેતાં થકાં, તિણુ કરમની ત્રૂટઈ કોટીરે. ૨
એક સંખ દૂધમઈ ભર્યઉ, માનીતી સુતસ્યું મોહઇરે,
સૂત્ર ગુણઇ સખરઇ કંઠ તસુ સુરનરના સુખ સોહઇરે. ૩

ધનવંત વિનયધરમ વલી, એક બાપ નઇ સંયમ ધારીરે,
વૃદ્ધ ગીતારથ ગુરૂ વલી એહની મનિ આવઇ સારીરે. ૪
અમદાવાદ નગરમાહે, સંવત સતરસઈ વરષેરે,
માહ માસ થઇ ચઉપઈ હુંસી માણસને હરષેરે. દૂ. ૫
વાચક હરષનંદન વલી હરષકુસલઈ સાનિધિ કીધીરે,
લિષણ સોઝણ સાહચ્ય થકી, તિણ તુરત પુરી કરિ દીધીરે. દૂ. ૬
શ્રી જિણચંદ સૂરીસર, શ્રી સકલચંદ તસુ સીસોરે
સમયસુંદર શિષ્ય તેહના, શ્રી સંઘનઈ ધઈ આસીસોરે. દૂ. ૭
ખરતર ગચ્છ તણઉ ધણી, જિનસાગરસૂરિ વિરાજઇરે,
સમયસુંદર કહઇ ચિર જીવઉ, દિન દિન પ્રતિ સબલ દિવાજઇરે. દૂ. ૮
ત્રિણખંડ ઇણ ચઉપઈ, વલી અતિ ભલી ચઉત્રીસ ચઉત્રીસ ઢાલોરે,
સમયસુંદર કહઈ વંદના સીલ પાલઇ તેહનઈ ત્રિકાલોરે. દૂ. ૯

—ઇતિશ્રી સમયસુંદર મહોપાધ્યાય વિરચિતે દ્રૂપદીસતી સંબંધે ત્રિતીયઃ ખંડઃ સમાપ્તઃ તત્સમાપ્તૌ સમાપ્તા ચેયં ચતુઃપદી પ્રથમ ખંડે ઢાલ ૧૫ સર્વ ગાથા ૩૧૧ દ્વિતીય ખંડે ઢાલ ૧૨ સર્વ ગાથા ૧૫૧ તૃતીય ખંડે ઢાલ ૭ સર્વ ગાથા ૧૪૪ સર્વાગ્રં. ઢાલ ૩૪ સર્વાગ્રં. ગાથા ૬૦૬ સંવત ૧૭૦૫ વર્ષે આષાઢ વદિ ૧૩ શુક્રે લિખિતં પાનાં ૩૦-૧૩ સેં. લા. વડોદરા.

હવે આ સુપ્રતિષ્ઠિત વિદ્વાન્ કવિની નાની મોટી કૃતિઓની ટીપ નીચે પ્રમાણે છેઃ—

(૧) પોષધવિધિ સ્તવન સં. ૧૬૬૭ માગશર સુ. ૧૦ ગુરૂ મરોટમાં

અંતે—

ઉત્કૃષ્ટી પોષા તણી વિધિ કહી ઉપગાર,
જેસલમેરી સંઘનઈ હો, આગ્રહ કરી સુવિચાર. ૩૬
સોલઇસઇ સતસઠિ સમઇહો નગર મરોટ મઝારિ,
મગસરિ સુદિ દશમી દિનઇહો, શુભ દિન સુર ગુરૂવારિ. ૩૭

શ્રી જિનચંદસૂરિ હો, શ્રી જિનસિંઘ સૂરીસ,
સકલચંદ સુપસાઇ હો સમયસુંદર ભણઇ સીસ. ૩૮

—પત્ર ૩ હાલા. ભં. પાટણ દાબડો ૮૨

(૨)+ **કર્મછત્રીસી** સં. ૧૬૬૮ માહ સુદ ૬ મુલતાનમાં

આદિ— રાગ આસાઉરી

કર્મથકી છુટે નહીં પ્રાણી, કર્મ સબલ દુખ ખાણુજી,
કર્મ તણે વશ જીવ પડયા સહુ, કર્મ કરે તે પ્રમાણુજી. કરમ. ૧

× × × ×

અંતે—

શ્રી મુલતાન નગર મૂલનાયક, પાર્શ્વનાથ જિણુ જોયજી,
વાસુપૂજ્ય શ્રી સુમતિ પ્રસાદે, લોક સુખી સહુ કોયજી. ક. ૩૩
શ્રી જિનચંદસૂરિ જિનસિંઘસૂરિ, ગચ્છપતિ ગુણ ભરપૂરજી,
સિંધુ જેસલમેરી શ્રાવક, ખરતર ગચ્છ પડુરજી. ક. ૩૪
સકલચંદ સદ્દગુરૂ પસાયે, સોલસે અડસઠ્ઠીજી,
કર્મછત્રીસી એ મઈ કીધી, માહ તણી સુદ છઠ્ઠીજી. ક. ૩૫
કર્મછત્રીસી કાને સુણીને, કરજો વ્રત પચ્ચખાણુજી,
સમયસુંદર કહે શિવસુખ લેશો, ધર્મતણો પરમાણુજી. ક. ૩૬

—પ્ર૦ ચૈત્ય૦ આદિ સંગ્રહ ભાગ ૩ પૃ. ૨૨૯

(૩) **શીલછત્રીશી**
(૪) **પુણ્ય છત્રીશી**
(૫) **સંતોષ છત્રીશી**
(૬) **+ક્ષમા છત્રીશી**
} સં. ૧૬૬૯ સર્વ પૃ. ૧૦—અમ૦

આદિ—

આદર જીવ ક્ષમાગુણ આદર, મ કરિશ રાગ ને દ્વેષજી,
સમતાયે શિવસુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષજી. આ. ૧

* * * *

અંતે—

નગરમાંહે નાગોર નગીનો, જિહાં જિનવર પ્રાસાદજી,
શ્રાવક લોક વસે અતિ સુખિયા, ધર્મતણે પરસાદજી. આ. ૩૪
ક્ષમાછત્રીશી ખાંતે કીધી, આતમપર ઉપગારજી,
સાંભલતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ. ૩૫
જુગપ્રધાન જિણચંદ સુરીસર, સકલચંદ તસુ શિષ્યજી,
સમયસુંદર તસુ શિષ્ય ભણે ઇમ, ચતુર્વિધિ સંઘ જગીશજી આ. ૩૬

—જૈ. પ્ર. ૩૯૯

(૭)+ **અમરસરપુર મંડન શીતલનાથસ્ત.** ૧૫ કડીનું

આદિ—મોરા સાહેબહો શ્રી શીતલનાથકિ, વીનતી સુણો એક મોરડી.

અંતે—

ઇમ અમરસરપુર સંઘસુખકર માત નંદાનંદણો,
સકલાપ સીતલનાથ સામી સકલ જણ આનંદણો;
શ્રી વચ્છલંછન વરણ કંચણ રૂપ સુંદર સોહએ,
એ તવન કીધઉ સમયસુંદર સુણત જન મન મોહએ. ૧૫

પ્ર. કા, મારી પાસે છે. પ્ર૦ રત્નસાગર પૃ. ૧૪૫

(૮)+**મહાવીર સ્ત૦** વિનતિરૂપે—જેસલમેરમાં.

આદિ—

વીર સુણો મુજ વીનતિ, કરજોડી હો કરૂં હું મનની વાત,
બાલકની પરે વીનવું, મોરા સામી હો તૂ ત્રિભોવન તાત,
વીર સુણો મોરી વીનતી. ૧

અંતે— કલશ

ઇમ નયર જેસલમેરમંડણ, તીર્થંકર ચોવીસમો
સાસનાધીશ સિંહલંછન સેવતા સુરતરૂસમો
જિનચંદ ત્રિશલામાતનંદન સકલચંદ કલાનિલો,
વાચનાચાર્ય સમયસુંદર, સંથુણ્યો ત્રિભુવનતિલો. ૧૯

—શ્રી બબા મધે સં. ૧૭૫૧ વરખે ભાદ્રવા શુદ ૮ દનૌ લખતં રાએચંદ રાએસંઘ. ઉનાના વકીલ મોરારજીભાઇના મારી પાસે આવેલા એક ચોપડામાં છે. —૨–૧૪ આ. ક.

—પ્ર. રત્નસાગર પૃ. ૧૫૪. રત્નસમુચ્ચય પૃ. ૧૮૩

(૯) +દાદાજી (જિનકુશલસૂરિ) સ્ત.

આદિ—આયો આયોજી સમરંતા દાદોજી આયો.

(૧૦) પ્રતિમા સ્ત૦ ૭ કડી—આદિ–શ્રી જિનપ્રતિમા હો જિન સારખી કહી, એ દીઠાં આણુંદ.

અંતે—

પારસનાથ હો તુઝ પરસાદથી, સદ્‌વહના મુઝ એહ,
ભવ ભવ હોજ્યો હો સમયસુંદર કહે, શ્રી જિનપ્રતિમાશું નેહજી શ્રી.
(મારી પાસે છે)

(૧૧) ઉદયન રાજર્ષિ ગીત—૨૦ કડી.

અંતે—

મુગતિ પહૂતા મુનિવરૂ, ભગવતિ અંગ વિચાર મુ૦
સમયસુંદર કહઇ પ્રણમતાં, પાંમીજઈ ભવપાર ૨૦. મુ૦
(મારી પાસે છે)

(૧૨) +શત્રુંજય મંડન આદિ બૃહત્સ્ત૦—૩૧ કડી.

આદિ—

બે કર જોડી વીનવુંજી, સુણિ સામી સુવદીત,
કૂડ કપટ મૂંકી કરીજી, વાત કહું આપવીત. ૧

અંતે— કલશ

ઇમિ ચઢિય શેત્રુંજ ચરણ ભેટયા, નાભિનંદણ જિણ તણા,
કરજોડિ આદિ જિણંદ આગઇ, પાપ આલોયા આપણા,
શ્રી પૂજ્ય જિણચંદ સૂરિ સદગુર, પ્રથમ શિષ્ય સુજસ ઘણઈ,
ગણિ સકલચંદ સુસીસ વાચક, સમયસુંદર ગુણ ભણઈ. ૩૧

પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૨૩૫ થી ૨૩૭ (મારી પાસે છે)

(આનું બીજું નામ આલોયણ ગર્ભિત આદિ સ્ત૦ છે. પ્ર. ચૈત્ય. આદિ સં. ભાગ ૨ જો. આ સ્તવન પોતે શત્રુંજય યાત્રા કરી ત્યારે કર્યું છે તે માટે શત્રુંજય રાસ પોતે કર્યો છે તેમાં આલોયણનો ઉલ્લેખ જુઓ.)

૧૨ અ +સકલ શાશ્વત ચૈત્યનમસ્કાર સ્ત૦ ૫ ઢાળ.

આદિ—

રિષભાનન વ્રધમાન, ચંદ્રાનન જિન, વારિષેણ નામે જિણાએ. ૧
તેહતણા પ્રાસાદ ત્રિભુવન સાસતા, પ્રણમું બિંબ સોહામણા એ. ૨

× × × ×

અંતે— કલશ.

ઇમિ શાસતા પ્રાસાદ પ્રતિમા સંથુણ્યા જિનવર તણા,
ચિહું નામ **જિ**નચંદ તણા ત્રિભુવન **સ**કલચંદ સુહાવણા;
વાચનાચારિજ **સમયસુંદર** ગુણ ભણે અભિરામ એ,
ત્રિહું કાલ ત્રિકરણ શુદ્ધ હોયજ્યો સદા મુઝ પ્રણામ એ.

—પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૨૨૮ થી ૨૩૦

(૧૩) +મહેવામંડણ પાર્શ્વનાથ સ્ત૦ (પાર્શ્વનાથનો છંદ) ૮ કડી.

આદિ—

આપણ ઘર બઇઠા લીલ કરઉ, નિજ પુત્ર કલત્રસું પ્રેમ ધરઉ,
તુમ્હે દેસ દેસંતર કાંઇ દઉડઈ, નિત નાંમ જપઉ શ્રીના કોડઇ. ૧

× × × ×

અંતે—

શ્રી **પાસ** મહેવાપુર નગરે, મઇ ભેટયઉ જિણવર હરષ ભરે,
ઇમ **સમયસુંદર** કહઇ ગુણ જોડઉ, નિત૦ ૮

પ્ર૦ જૈ. પ્ર. પૃ ૨૩૨ (મારી પાસે છે)

(૧૪) વીકાનેર મંડણ ઋષભજિન સ્ત૦

આદિ—

ઢાલ ઝિરમિર વરસૈ મેહ હો રાજા પરનાલે પાંણી વહે-એ દેશી.

વીકમપુર સિણગારહો લાલ, રિષભ જિણેસર ગુણ ભર્યો, મોરાલાલ,
નાભિરાયાં કુલચંદ, મરૂદેવી માતા ઉર ધર્યો–૧ મા.

અપૂર્ણ મારી પાસે છે.

(૧૫) પાર્શ્વનાથજિન પંચ કલ્યાણક સ્ત૦ ૫૧ કડી. સં. ૧૬૫૬ વૈ. સુ. ૩ જેસલમેરમાં આદિજિન પારણ દિને.

આદિ—

પુરિસાદાણી પરગડઉ, જેસલમેરૂ જિણંદ,
પંચ યલ્યાંણુક તેહના, પભણિસુ પરમાણુંદ. ૧
જિનવરના ગુણ ગાવતાં, લહિયઈ સમકિત સાર,
ગોત્ર તિથંકર બાંધિયઈ, લહુ તરિયઈ સંસાર. ૨
રાગ ભેદ રલિયાંમણા જાણઈ ચતુરસુજાણ,
ભાવ ભગતિ ગુણ ગાવતાં, જીવિત જનમ પ્રમાંણ. ૩

* * * *

અંતે— રાગ ધન્યાસિરી.

ઈમ થુણ્યઉ જેસલમેરૂમંડન, દુરિત ખંડન સુભ મનઈ,
રસ કરણ દરસણ તરણિ વરસઈ, આદિ જિણ પારણ વિનઈ.૫૦
જિનચંદસૂરતિ સકલચંદન મૃગમદ કેસર કરી,
પ્રભુ સમઇસુંદર પાસ પૂજઈ, તેહની ધન્યાસિરી. ૫૧

૩–૧૧ (મારી પાસે છે)

(૧૬) +તીર્થમાલા સ્ત૦

આદિ—

શ્રી શેત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણભર્યારે,
સીધા સાધુ અનંત, તીરથ તે નમુરે.

અંતે—

શેત્રુંજાની કોરણી નવાનગરમાંરે, શ્રી રાજસી ભરાવ્યા બિંબ, તી.
તીરથ યાત્રા ફલ તીહાં હોજ્યો મુજ ઇહાંરે, સમયસુંદર કહે એમ. તી.

—મારી પાસે છે. પ્ર. રત્નસમુચ્ચય ૫૯૫.

(૧૭) સાચોરમંડન વીરસ્ત૦ સં. ૧૬૭૭ માહ માસ

આદિ—

ધન્ય દિવસ મેં આજ જુહાર્યો, સાચોરો મહાવીરજી,

અંતે—

ઇમ નયરશ્રી સાચોર મંડન, સિંહલંછન સુખ કરો.
સકલાપ મૂરતિ, સકલ સૂરતિ, માત ત્રિશલા ઉરિ ધરો,
સંવત સોલેસે સત્યોતર માહ માસ મનોહરો,
વીનવ્યો પાઠક સમયસુંદર પ્રગટ તું પરમેસરો. ૧૪.

—મારી પાસે છે.

(૧૮) +મુનિસુવ્રત સ્વામી સ્ત૦ ૧૪ કડીનું.

આદિ—

જંબૂદીવ સોહામણો, દક્ષિણ ભરત ઉદાર,
રાજગૃહ નગરી ભલી, અલકાપુરી અવતાર. ૧
શ્રી મુનિસુવ્રત સામિજી, સમરતાં સુખ થાય,
મનવંછિત ફલ પામીયઇ, દોહગ દૂરિ પલાય.

*   *   *   *

અંતે— કલશ

ઇમ પંચ કલ્યાણિક ત્રિભુવન રાય,
મુનિસુવ્રત સામી વીસમો, જિનવરરાય વીસમો,
જિણવરરાય જગત્ર ગુરૂ, ભયભંજણ ભગવંત,
નિરાકાર નિરંજન નિરૂપમ અજરામર અરહંત
શ્રી જિનચંદ વિનેય સિરોમણી સકલચંદ ગણી સીસ,
વાચક સમયસુંદર ઇમ પભણઇ, પૂરઉ મનહ જગીસ. ૧૪
—વા૦ સાંમીદાસ ગણિ લિખતં. ૧-૧૫ મારી પ.સે છે.

પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૫૧૪

(૧૯) +સીમંધર સ્વામી સ્ત૦

આદિ—

ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી, ધન પુંડરિક ગિરિનામ,
ધન ધન તેહના માનવીજી, નિત ઉઠી કરેરે પ્રણામ. ૧

× * * *

અંતે—

સમયસુંદરની વંદનાજી, માનજો વારોવાર,
બે કરજોડી વીનવુંજી, વીનતડી અવધાર.
શ્રીમંદિર સ્વામી કહીઇરે, હું મહાવિદેહ આવીસ,
જયવંતા જિનવર કહીઇરે, હું તુંમને વાંદીસ. ૯

—અનંત. સઝાયોમાં.
જૈ. પ્ર. ૩૧૪

(૨૦) +રાણકપુર સ્ત૦ સં. ૧૬૭૬ માગશર જાત્રા કરી.

આદિ—

રાણપુરે રલિયામણોરે લાલ, શ્રી આદીસર દેવ મન મોહ્યું રે.

અંતે—

સંવત સોલ છિયંતરેરે લાલ, મિગસિર માસ મઝાર, મ૦
રાણપુરે યાત્રા કરીરે લાલ, સમયસુંદર સુખકાર, મ૦ ૭

પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૨૩૨. જૈ. પ્ર. ૭૦

(૨૧) +અષ્ટાપદ સ્ત૦

આદિ—

મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશદીશજી.

અંતે—

દૈવ ન દીધી મુઝને પાંખડીજી, આવું કેમ હજૂરજી,
સમયસુંદર કહે વંદનાજી, પ્રહ ઉગમતે સૂરજી. મ૦ ૫

પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૩૪૨.

(૨૨) +એકાદશી સ્ત૦ ૧૩ કડીનું સં. ૧૬૮૧ જેસલમેરમાં

ચોપાઈની દેશી.

આદિ—

સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રી અરિહંત,
બારે પરખદા બેઠી રૂડી, માગસર સુદી અગીયારસ વડી. ૧

*　　*　　*　　*

અંતે—

જેસલ સોલ ઇક્યાસી સમે, કીધું સ્તવન સહુ મનગમે,
સમયસુંદર કહે દાહાડી, માગસર સુદી અગીયારસ વડી. ૧૩

આમાં મૌન એકાદશી પર્વનું મહાત્મ્ય છે.—પ્ર૦ ચૈ૦ આદિ સંગ્રહ ભા. ૩ પૃ. ૫૪ રત્નસાગર પૃ. ૧૪૪. રત્નસમુચ્ચય પૃ. ૧૭૨.

(૨૩) +પંચમી વૃદ્ધ (મોટું) સ્ત૦ (જ્ઞાનપંચમી પર ૩ ઢાલ ૨૫ કડીનું સ્ત.

આદિ—

પ્રણમું શ્રી ગુરૂ પાય, નિર્મલજ્ઞાન ઉપાય,
પંચમી તપ ભણુંએ, જનમ સફલ ગિણું એ. ૧

અંતે—

ઇમ પંચમી તપ ફલપ્રરૂપક વર્દ્ધમાન જિણેસરો,
મઇ થુણ્યો શ્રી અરિહંત ભગવંત, અતુલબલ અલવેસરો,
જયવંત શ્રી જિનચંદસૂરિજ, સકલચંદ નમંસિયો,
વાચનાચારિજ સમયસુંદર, ભગતિભાવ પ્રશંસિયો.

—પ્ર૦ રત્નસમુચ્ચય પૃ. ૧૬૮, રત્નસાગર પૃ. ૧૩૭ શ્રી જ્ઞાનપંચમી (જૈ. ધ. સભા. ભાવ.)

(૨૪) +પંચમીપર લઘુ સ્ત૦ ૫ કડી.

આદિ—

પંચમી તપ તુમેં કરોરે પ્રાણી, નિર્મલ પામો જ્ઞાન.

અંતે—

પાર્શ્વનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદરે,
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પંચમો ભેદરે–પંચમી૦
—પ્ર૦ રત્નસાગર પૃ. ૧૭૦, જૈનપ્રબોધ પૃ. ૯૦

(૨૫) +ઉપધાન તપ સ્ત૦ (૭ ઉપધાનનું ટુંક વર્ણન)

આદિ—

શ્રી મહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી,
અમૃત વચન સુણી અતિ મીઠા, પામે હરખ અપારજી. ૧
સુણો સુણોરે શ્રાવક ઉપધાન વહ્યા વિન કિમ સૂઝે નવકાર.
ઉતરાધ્યયન બહુ શ્રુત અધ્યયને, એ ભણ્યો અધિકારજી. સુ. ૨
મહાનિશીથ સિદ્ધાંત માંહે પિણ, ઉપધાન તપ વિસ્તારજી,
અનુક્રમે શુદ્ધ પરંપર દીસે, સુવિહિત ગચ્છ આચારજી. સુ. ૩

* * * *

અંતે— કલશ.

ઇમ વીર જિણવર ભુવણ દિણયર માતા ત્રિશલાનંદણો,
ઉપધાનનાં ફલ કહે ઉત્તમ ભવિય જન આનંદણો,
જિનચંદ યુગપરધાન સદગુરૂ સકલચંદ્ર મુનીસરો,
તસુ સીસ વાચક સમયસુંદર ભણે વંછિત સુખકરો. ૧૯
—પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૫૫૧, રત્નસાગર ભાગ ૧ પૃ. ૪૮૨.

(૨૬) +દાનશીલ તપ ભાવ પર પ્રભાતી.

આદિ—

રે જીવ જૈનધર્મ કીજીયે, ધર્મના ચાર પ્રકાર,
દાન શીયલ તપ ભાવના, જગમાં એટલું સાર–રે. ૧
પ્ર. જૈન સ. માળા; ચૈત્ય૦ આદિ સં. ૩.

(૨૭) +માયાપર સ.

આદિ—માયા કારમીરે માયા મ કરો ચતુરસુજાણ.

+જીવરાશી ખમાવવાપર

આદિ—હવે રાણી પદમાવતી જીવરાશિ ખમાવે.

અંતે—

રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ
સમયસુંદર કહે પાપથી, છૂટે તતકાલ. હવે૦ ૩૩

(આ સઝાય સ્વતંત્ર નથી પણ તે ચાર પ્રત્યેકબુદ્ધ રાસમાંથી નેમિરાજર્ષિના ખંડમાં છે.)

(૨૮) આદીસર વિનતિ.

આદિ—

આદીસર હો સોવનકાય, તેજઈ રવિ જિમ દીપતો,
સુર કિંનર હો સેવઇ પાય, મોહ મહાભડ જીપતો— ૧
જે અહનિશિ હો પ્રણમે સામિ, ત્યાં ઘર સદા વધામણા,
ચઉ ગઈ દુખ હો ટાલણહાર, જિનવર નામ સુહામણો. ૨
વીનતડી હો ઇક અવધારિ, કરજોડી કવિયણ કહે,
તું સમરથ હો ઇણ સંસારિ, તુઝ કીરતિ જગિ મહમહે. ૩

* * * *

અપૂર્ણ—મારી પાસે છે.

૨૯ નાગલા ગીત.

આદિ—**ભવદેવ** ભાઈ ઘરિ આવીયોરે, પ્રતિબૂઝવી મુનિરાયરે,
નવ પરિણીત મુકી **નાગલા**, ભવદત્ત વાંદે મુનિના પાયરે. ૧
અર્ધમંડિત ગોરી **નાગલા**.

અંતે—નારી **નાગલાઈ** પ્રતિબૂઝવ્યોરે, વૈરાગ ધરી બહુ માનરે,
ભવદત્ત દેવલોક પામીયોરે, **સમયેસુંદર** વાંદે પાયરે. ૭ અ૦
અમારી પાસે છે.

૩૦ અર્હન્નક સઝાય. ૯ કડી.

આદિ—વેરણ વેલા પાંગર્યારે હો, ધૂપ તમે અસરાલ, મેરે અરહના,
ધરતી વલી ઉની ઘણુંરે, હાં મુનિવર અતિ સુકુમાલ. મેરે. ૧

અંતે—રાતી શલા અણુસણ લીએરે હાં. ચડતે મન પરિણામ. મેરે.
સમયસુંદર કહે તેહનેરે હાં, ત્રિકરણ સુદ્ધ પ્રણામ. મેરે. ૯

(૩૧) +નિંદાવારક સ. ૫ કડી.

આદિ—

નિંદા મ કરજો કોઈની પારકીરે, નિંદાનાં બોલ્યાં મહા પાપરે.
પ્ર૦ રત્નસ. જૈ. પ્ર.

(૩૨) +અનાથીઋષિ સ. ૯ કડી.

આદિ—

શ્રેણિક રયવાડી ચઢયો, પેખિયો મુનિ એકંત,
વરરૂપ કાંતિએ મોહિયો, રાય પૂછે રે કહો વિરતંત—
શ્રેણિકરાય હુંરે અનાથી નિર્ગ્રંથ.

(૩૩) +બાહુબલ સ. ૭ કડી.

આદિ—

રાજતણા અતિ લોભિયા, ભરત બાહૂબલ ઝૂઝેરે,
મૂંઠ ઉપાડી મારિવા, બાહૂબલ પ્રતિબુઝેરે.
—વીરા મારા ગજથકી ઉતરો. ૧

(૩૪) +અરણિક (અર્હન્નક) મુનિ સ. ૮ કડી.

આદિ—

અરણક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે સીસોજી,
પાય ઉવરાણારે વેલૂ પરજલેરે, તન સુકુમાલ મુનીસોજી—અરણક ૧

(૩૫) +શાલિભદ્ર સ. —ર. સ.

આદિ—

પ્રથમ ગોવાળિયાતણે ભવેજી, દીધું મુનિવર દાન.
જૈ. પ્ર. ૩૬૮

(૩૬) +મેઘરથરાય સ.

આદિ—

દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય રૂડારાજા.
સ. મા. પૃ. ૧૩૦

(૩૭) +પ્રસન્નચંદ્રઋષિ સ૦

આદિ—

મારગમેં મૂઝને મિલ્યો ઋષિ રૂડોરે, સૂધો તે સાધુ નિર્ગ્રંથ, ઋષિસર રૂડોરે.૧

(૩૮) +ગજસુકુમાલ સ. નયરી દ્વારામતિ જાણીયેજી.

(૩૯) +રાજુલ સ. રાજુલ ચાલી રંગશુંરે.

(૪૦) **રેવતી સ.** સોવન સિંધાસણ રેવતી—આ. ૬.

(૪૧) **+ધોબીડા પર સઝાય**-ધોબીડા તું ધોજે મનનું ધોતિયુંરે-

સ્થૂલિભદ્ર ગીત-પીઉડા! માનો બોલ હમારોરે.

નલદવદંતી ગીત ૬ કડી.

આદિ—

નલદવદંતી નીસર્યા, જૂવટૈ હારી દેશ, નલ રાજા,
વનમાંહે રાતિવાસો વસ્યા, સૂતાં ભૂમિ પ્રદેશ—નલરાજા. ૧

અંતે—

દમદંતી પીહર ગઇ, પાલ્યો નિરમલ સીલ, ન૦
સમયસુંદર કહઈ પિઉ મિલ્યો, લીધા અવિચલ લીલ, ન૦ ૬

(૪૨) +ચેલણા સતી સ. ૬ કડી.

આદિ—વીર વાંદી વલતા થકાંજી, **ચે**લણા દીઠઉરે નિર્ગ્રંથ-

અંતે—સમયસુંદર કહે ચેલણાજી, પામીયો ભવતણો પાર-
વીરે વખાણી રાણી ચેલણાજી. ૬
મારી પાસે છે.

(૪૩-૪૬) +ચાર પ્રત્યેક બુધની સઝાય.

૧ લાતી સ.

આદિ-ચંપા નગરી અતિ ભલી હું વારી, દધિવાહન ભૂપાલ રે, હું.

અંતે-સમયસુંદર કહે સાધુને, હું પ્રણમ્યા પાતક જાયરે. હું. ૫

૨ જાની સ. **આ**-નગર કંપિલાનો ધણીરે, જયરાજા ગુણજાણ,
અં-સમયસુંદર કહે સાધુનેરે, નિત નિત પ્રણમે પાય દુ.૮

૩ જાની સ. આ-નગર સુદર્શન રાય હોજી, મણિરથ રાજ કરે તિહાં,
અં-સમયસુંદર કહે સાધુને.
૪ થાની સ. આ-પુંડરવર ધનપુર રાજીયો, મ્હાંકી સહિયર, સિંધરથ નામ નરેંદરે.
અં-સમયસુંદર કહે સાધુજી, ચોથો પ્રત્યેકબુધ એ-મ્હાં.

(૪૭) ચારેની સાથે સ૦

આ-ચિહું દિસથી ચ્યારે આવીયા, સમકાલે હે યક્ષ દેહરામાંહિ.
અં-ઉત્તરાધ્યયને તે કહ્યો, સૂત્રમાહે હો ચ્યારે પ્રત્યેક બુધ,
સમયસુંદર કહે સાધુના, ગુણ ગાયાહે પાટણ પરિસિધિ.
—મારી પાસે છે.

(૪૮) નમિરાજગીત.

આદિ—

જી હો મથુરા નગરીનો રાજીયો, જીહો હય ગય રથ પરિવાર,

અંત—

જીહો ઉત્તરાધ્યયને એહ છે જીહો, નમિરાજા અધિકાર,
જીહો સમયસુંદર કહે વાંદતાં, જીહો પામીજે ભવપાર. ૭
(મારી પાસે છે.)

(૪૯) સનતકુમાર ગીત.

આદિ—

જોવા આવ્યા રે દેવતા, રૂપ અનોપમ સાર,
ગરવ થકી વિણુસી ગયો, ચક્રવર્ત્તિ સનતકુમાર,
નયણુ નિહાલોરે નાહલા. ૧

અંતે—

સનતકુમાર મુનીસરૂ, નાણ્યો નેહ લગાર,
કાજ સમાર્યાંરે આપણાં, સમયસુંદર કહે સાર. ૫. ન.
(મારી પાસે છે.)

(૫૦) અર્હન્નક ગીત.

અંતે—

અધિકાર ભણ્યો મઈં એહનઉ, સમયસુંદરનઈં ધ્યાન તેહનઉ.
૭ મ્હા.

૫૧—૮૬

૩૬ ગીતો—જૂદા જૂદા રાગમાં પદ જેવાં. સં. ૧૬૭૦ માં યા તે પહેલાં.
(૧) ક્રોધ નિવારણ—જીયુરા તું મ કરિ કિણુસું રોસ.
(૨) માન નિવારણ—મૂરિખ નર કાહે તું કરત ગુમાન.
(૩) માન નિવારણ—કિસીકું સબ દિન સરીષે ન હોઈ.
(૪) માયા નિવારણ—કહુ મેરા, જીવ તું વિમાસે નહિ કછુ તેરા.
(૫) લોભ નિવારણ—રામા રામા ધનં ધનં, ભમતઉ રહઈ તું રાતિ દિનં.
(૬) લોભ નિવારણ—ચેલા ચેલા પદં પદં, પુસ્તક પાના લોભ મદં.
(૭) મનશુદ્ધિ—એક મનશુદ્ધિ વિણુ કોઉ મુગતિ ન જાઇ.
(૮) જીવપ્રતિબોધ—જાગિ જાગિ તું જંતુયા, તું કાઈ નિચિંતો સોવેરી.
(૯) જીવપ્રતિબોધ—રે જીવ વખત લિખ્યા સુખ લહિયઇ,
(૧૦) આર્ત્તિ નિવારણ—મેરે જ્યયુ આરતિ કાંઈ ધરઇ,
(૧૧) નિંદાપરિહાર—નિંદા ન કીજઇ જીવ પરાઇ, નિંદા પાપે પિંડ ભરાઈ,
(૧૨) હુંકાર પરિહાર—જહાં તહાં હઉર હું હું હું,
(૧૩) કામિની વિશ્વાસ નિવારણ—કામિની કહિ કુંણ વેસાસા,
(૧૪) જીવ નટાવા—દેખિ દેખિ જીવ નટાવે એસો નાટક મંડયોરી,
(૧૫) સ્વાર્થ—સ્વારથકી સબ હે રે સગાઇ,
(૧૬) પારકી હોડ નિવારણ—પારકી હોડ તું મ કરિરે,
(૧૭) જીવ વ્યાપારી—આએ તીન જણે વ્યાપારી,
(૧૮) ઘડી લાખીણી—ઘડી લાખીણી જાઈ એ, કછુ ધરમ કરો ચિત
લાઈ એ.
(૧૯) ઘડિયાલા—ચતુર સુણો ચિત લાઇ કે કહા કહે ઘરિયારા,

(૨૦) ઉદ્યમ ભાગ્ય—ઉદ્યમ ભાગ વિના ન ફલે, બહુત ઉપાય કીયે
કયા હોઇ,
(૨૧) સર્વ ભેખ મુગતિગમન—હાં માઇ હરકોઉ ભેખ મુગતિ પાવે,
(૨૨) કર્મ—હાં માઈ કરમથી કો છૂટે નહી,
(૨૩) નાવા (નાવિક)—નાવાની કારી ચલે નીર મઝાર,
(૨૪) જીવદયા—હાં હો જીવદયા ધર્મ વેલડી, રોપી શ્રી જિનરાય,
(૨૫) વીતરાગ સત્યવચન—હાં હો જિનધર્મ ધર્મ સહુ કહે,
થાપે અપણી વાત.
(૨૬) મરણ નિવારણ—મરણ તણો ડર ન કરિ મૂરિખ, જિણુ વાટે
જગિ જાઇરે.
(૨૭) સંદેહ—કરમ અચેતન કિમ હુયઉ કર્ત્તા, કહો કિમ શકિયે થાપીરે,
(૨૮) સૂતા જગાવણ—જાગિ જાગિ જાગિ ભાઈ જાગિરે તું જાગિ,
(૨૯) જગત્ સૃષ્ટિકારણ પરમેશ્વર પૃચ્છા—પૂછું પંડિત કહો કાહકી કંત,
આ જગત સૃષ્ટિ કિણુ કીધીરે.
(૩૦) ભણનપ્રેરણ—ભણોરે ચેલા ભાંઈ ભણોરે ભણો,
(૩૧) ક્રિયાપ્રેરણ—ક્રિયા કરો ચેલા ક્રિયા કરો.
(૩૨) પરમેશ્વર સ્વરૂપ દુર્લભતા—કુણ પરમેશ્વર સ્વરૂપ કહે,
(૩૩) જીવકર્મ સંબંધ—જીવને કરમ માહોમાહિ સંબંધ,
(૩૪) પરમેશ્વર લઘુ—હાં હો એક તિલ દિલમેં આવ તું,
કરે કરમનો નાશ.
(૩૫) નિરંજનધ્યાન—હાં હમારે પરબ્રહ્મ જ્ઞાનં,
(૩૬) દુખમયકાલે સંયમપાલન—હાં હો કહો સજમ પંથ કિમ પલે,
—આ સર્વ ગીતોની પ્રત તેની છેવટે અનુક્રમણિકા સહિત ૭-૧૧
લ. સં. ૧૬૭૦ પ્રથમ ચૈત્રી શુદિ ૧૦ ગુરૂ લિખિતં મારી પાસે છે.

(૮૭) પદ. સુખનીકો સીતલનાથકો,

(૮૮) શાંતિનાથ પદ.

આદિ— આંગણ કલ્પ ફલ્યોરી હમારે,

(૮૯) **ઋષભનાથ** ગીત—રીષભકી મૈરે મન ભગતિ વસીરી.

(૯૦) **ગૌતમગીત.** ૭ કડીનું.

આદિ—

સુગતિ સમો જાંણી કરી, જીરે થે **વીર**જી મુંઝનૈ મુક્યઉ દૂરિરે,
મૈં અપરાધ ન કો કીયઉ, જી૦ વીરજી રહતઉ તુમ્હ હજૂરિરે,
વીરજી વીરજી કિહાં રય(હ)ઉ.

અંતે—

ગૌતમ કેવલ પામીઉ જી૦ ત્રિભુવન હરખ્યા સુરનર કોડરે,
પાય-કમલ ગૌતમ તણા જી૦ પ્રણમૈ **સમયસુંદર** કરજોડિરે. ૭ વી૦
(મારી પાસે છે.)

દાદા (જિનકુશલસૂરિ) ગીત—દાદો તો દરસણ દાખે,
દાદો સોહિલા સુખી રાખે.

(૯૧) **ધન્નાશાલિભદ્ર** ગીત. ૮ કડીનું.

આદિ—

ધન્નો શાલિભદ્ર બેઈ, ભગવંતનો આદેશ લે જીહો,
હો મુનિવર ધ.
સંવેગ સુધ ધરેઇ, વૈભારગિરિ ઊપરિ ચડયા જીહો. ૧ હો૦

અંતે—

મહાવિદેહ મઝારિ, મુગતિં જાસ્યઇ મુનિવર જીહો,
વંદના કરૂં વારવાર, **સમયસુંદર** કહઇ હું સદા જીહો. ૮ હો મુનિ૦

(૯૨) **સ્થૂલભદ્ર ગીત.** સં. ૧૬૮૯ મીર મીર્જાના રાજ્યે અકપુર (અમદાવાદના)માં.

આદિ—

મનડઉં તે મોહ્યઉં માહરૂંરે, કહઇ ઇમ કોસ્યા તે નારિરે,
આઠે તે પહુરઈ પાંપલોરે, ચટપટ ચિત્ત મઝારિરે. ૧ મનડું.

× × × ×

અંતે—

સંવતિ સોલ નવ્યાસીયઇ રે, મીર મોજાચું રાજરે,
અકપુરમાંહિ રહીરે, ભાદ્રવઇ જોડી છઇ ભાસરે. મન૦ ૫
થુલભદ્ર કોસ્યા પ્રતિબુઝવઇરે, ધરમ ઉપરિ ધરઉ રાગરે,
પ્રેમબંધન નેહિ પાડુયોરે, સમયસુંદર સુખકારિરે. મન૦ ૬

—મારી પાસે છે.

(૯૩) આલોયણ છત્રીશી સં. ૧૬૯૮ અહમદપુરમાં (અમદાવાદમાં)

આદિ— નગર સુદર્શણ અતિ ભલો એહની ઢાલ.

પાપ આલાયું આપણાં, સિદ્ધ આતમ સાખિ,
આલોયાં પાપ છૂટીયે, ભગવંત ઇમ ભાષ. પાપ૦ ૧
સાલ હીયાથી કાઢજો, જિમ કીધાં તેમ,
દૃખ દેખિસિ નહિતરિ ઘણાં, રૂપી લખમણા જેમ. પાપ૦ ૨

* * * *

અંતે—

સંવત સોલઅઠાણુયઇ, અહમદપુરમાંહિ,
સમયસુંદર કહે મેં કરી, આલોયણ ઉચ્છાહિ. ૩૬

—૨-૧૧ મારી પાસે છે. પ્ર. કા. નં. ૮૬૨.

(૯૪) ચાર શરણાં ગીત.

આ કવિ એક ઘણા પ્રતિષ્ઠિત અને ઉત્તમ કાવ્યકાર થયા છે. સં. ૧૬૪૯ના ફાગણ શુદ બીજે બૃહત્ 'ખરતર ગચ્છના યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ રાખ્યું તે સમયે તેજ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણવિનય (જુઓ નં. ૧૯૫ પૃ. ૩૨૬) એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું. અકબર બાદશાહે લાહોરથી જિનચંદ્રસૂરિને પોતાની પાસે બોલાવ્યા ત્યારે તે સૂરિએ બાદશાહ પાસે જવા વિચાર કર્યો અને તે વખતે સાથે સમયસુંદર કવિ પણ હતા. આ વિહાર ગૂજરાતથી જાલોર, મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઈ લાહોર સુધીનો હતો. એટલે ૧૬૪૯ પહેલાં કવિ ગૂજરાતમાંજ

મેરથી શત્રુંજય જવાનો સંઘ કાઢયો હતો, તેમાં પણ તેમણે સંઘ સાથે રહી શત્રુંજય યાત્રા કરી હતી. તેમ બીજાં અનેક તીર્થોની જાત્રા કરી હતી. વૃદ્ધપણામાં અમદાવાદ અને તે આસપાસ ગૂજરાતમાંજ રહી સ્વર્ગવાસ કર્યો હોય તેમ સંભવે છે. તેમની શિષ્યપરંપરામાં સ્વશિષ્ય હર્ષનંદન બહુ વિદ્વાન્ હતા કે જેમણે મધ્યાન્હપદ્ધતિ નામનો ગ્રંથ સં. ૧૬૭૩માં પાટણમાં રચ્યો છે. તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં સ્વગુરૂ સમયસુંદર માટે વચનકલાકવિકલા–નિષ્ણાત, તર્કવ્યાકૃતિ સાહિત્યજ્યોતિ, સમયતત્ત્વવિદ્ એ યથાર્થ વિશેષણો આપ્યાં છે અને વિશેષમાં જણાવ્યું છે કેઃ—

> પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાગ્વાટે ઇતિ સત્યં વ્યધાયિ યૈ;
> યેષાં હસ્તાત્ સિદ્ધિઃ સંતાને શિષ્યશિષ્યાદૌ.
> અષ્ટલક્ષાનર્થાનેકપદે પ્રાપ્ય યે તુ નિર્ગ્રન્થાઃ
> સંસારસકલસુભગાઃ વિશેષતઃ સર્વરાજાનાં.

આ પરથી જણાય છે કે સમયસુંદર પ્રાગ્વાટ–પોરવાડ વણિક હતા. આ હર્ષનંદને ખરતરગચ્છની લઘ્વાચાર્યીય નામની આઠમી શાખા જિનસાગરસૂરિએ સં. ૧૬૮૬ માં કાઢી હતી તે બહુ વધારી. સમયસુંદરના પ્રશિષ્ય હર્ષકુશલ ઉપાધ્યાય થયા કે જેમણે કવિની ભાષાકૃતિ ધનદત્ત ચોપાઈ સંશોધી હતી. વળી તેમની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા ને તેના શિષ્ય આલમચંદ થયા કે જેમણે સં. ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિને સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી ભાષામાં રચેલ છે. જુઓ ઓગણીસમી સદીમાં આગળ કવિ આલમચંદ.

આ કવિના સંબંધમાં અતિ વિસ્તારથી મેં 'કવિવર સમયસુંદર' એ નામનો નિબંધ ભાવનગરની સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્‌માં લખી વાંચ્યો હતો અને તે જૈન સાહિત્ય સંશોધકના ખંડ ૨ અંક ૩ માં પ્રકટ થયેલ છે તે જોઈ લેવા વાચકને ભલામણ છે.

૧૯૬ ક. રત્નકુશળ (ત. મેહર્ષિ–દામર્ષિ શિ.)

+ **પાર્શ્વનાથ સંખ્યા સ્ત.** સં. ૧૬૫૨ આસપાસ.

આદિ—

શ્રી જીરાઉલિ નવખંડ પાસ વષાણીઇરે નામઇં લીલવિલાસ,
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરઈ ટલઇરે મંગલ કમલાવાસ. શ્રી. ૧

× × × ×

અંતે—

ભોગ સંયોગ તે પામઈ માનવ નવનવારે જસ તૂસઈ શ્રીપાસ,
ગણિ દામા શિષ્ય રતનકુશલ ભગતિઇ કહઇરે આપો ચરણઈ વાસ શ્રી૨૦
—પ્ર૦ પ્રાચીન તીર્થમાલા સં. પૃ. ૧૬૯–૧૭૦

(આ કવિએ પંચાશક વૃત્તિ સં. ૧૬૫૨ આશ્વિન સિત પંચમી દિને રવિવારે ઉંઝા ગામમાં લખી છે તેમાં પોતાને પંડિત મેહર્ષિ ગણિ શિષ્ય શ્રી દામર્ષિ ગણિના શિષ્ય જણાવેલ છે. અપ્રકટ વિ. ધ. પ્રશસ્તિ સંગ્રહ.)

---

૧૯૭ મુનિશીલ (આં. વિદ્યાશીલ–વિવેકમેરૂ શિ૦) ધર્મમૂર્ત્તિ સૂરિના રાજ્યમાં.

(૩૭૧) જિનપાલ–જિનરક્ષિત રાસ સં. ૧૬૫૮ માહ વદ ૮

અંતે—

શ્રી અંચલગચ્છ સુહગુરૂ સુરતરૂ સારિખાજી, શ્રી ધરમમૂરતિસૂરિ,
તે સહુ ગુરૂના ચરણકમલ નિતિ વાંદીઇજી, દોહગ જાઇ દૂરિ. ૧૬
કરિ શર રસ ઇંદુ માસ કુમારઇ સલહીજી, બહુલ આઠમિ દિન ચાર,
સંધિ રચી એ સંઘ તણઇ આગ્રહિ કરીજી રવિ શશિ નયર મઝારિ. ૧૭
સૂત્ર અરથથી જિમ ગુરૂ મુખિ સાંભલિઉજી, અરથ વષાણિઉ એહ,
ઓછઉ અધિકઉ મિછા દુકકડ સુહનઇજી સુકવિ ષમજ્યો તેહ. ૧૮

શ્રી વિદ્યાશીલ સીસ સુપરિ સોહામણિ પંડિત પુહુવિ પ્રવીણ,
વિવેકમેરૂ ગણિ સંયમ ગુણ કરિ વિચરતાજી, હું તસ્ય ચલણે લીણ.૧૯
ત્રીજા જિનવર સંભવનાથ પસાઉલિજી મુનિ જંપઇ મુનિશીલ,
જે નરનારી ભણસ્યઇ ગુણસ્યઇ સાંભલઇજી લહિ પરિપામઈ લીલ. ૨૦
—સં. ૧૬૯૪ વર્ષે ભાદ્રવા વદિ ૧૪ ગુરૂ (ઈડર બાઇઓનો ભં.)

૧૯૮ પદ્મરાજ

(૩૭૨) સનતકુમાર સં. ૧૬૫૯—વિ. ધ.
(૩૯૩) અભયકુમાર —ડે; ભાવ.

૧૯૮ ક વિદ્યાવિજય (ત૦ નયવિજય શિષ્ય)

૨૪ જિનપંચ કલ્યાણક સૂચિત સ્ત૦ સં. ૧૬૬૦

અંતે—

વીર પારંગતાય તિમ ગણઉ સિવ દિવસિ, એહપદ સરવ જિનનામ સાથિં,
ગણઉ કલ્યાણક દિવસિ પદ સહસબે, તપ કરી હોઈ જિમ મુગતિ હાથિં.
૩૯ પૂ.
ચંદ્રરસ રિતુગગન વરસિ કલ્યાણક તવન કીધું ભવિક ભણત ભાવઈ,
કીરતિ કોટિ કલ્યાણ સુખસંપદા, સિદ્ધિ સૌભાગ્ય મિલી વેગિ આવઈ.૪૦પૂ.

કલસ.

તપગચ્છ અધિપતિ નમત નરપતિ રૂપ રતિપતિ સૂંદરો,
શ્રી વિજયસેન સૂરીંદ સુવિહિત મુકુટ ગુણમણિ આગરો
ઉવઝાય શ્રી નયવિજય સીસઇં થુણીયા સકલ જિનેસરો,
દિઉ મુઝ મહોદય વાસ વિદ્યાવિજય સંપદ સુખકરો. ૪૧
—૩-૧૪ (મારી પાસે છેલ્લું પાનું છે.)

૧૯૯ જયવિજય (દેવવિજય શિ૦)

(૩૭૪) શુકન ચોપઈ ૧૬૬૦ આસો શુ. ૧૫ ગિરિપુર—વાગડમાં

અંતે—

વાગડ દેશ વિઈરાગર નાંમ, જિહાં પટદરશણના વિશ્રાંમ,
રાજધાનીનું રૂડઉં ઠામ, દેશ મધ્ય **ગિરિપુર** વલીગાંમ. ૩૮

ગઢમઢ મંદિર પોલિ સુચંગ, જૈન શિવ પ્રાસાદ ઉત્તંગ,
રાજ કરઈ રાજા ગુણનિલુ, દાતી માંની ભોગી ભલુ. ૩૯

કવિતા શ્રોતા વિરતો જાંણુ, સૂરવીર ધીર પાંણિ,
સહસમલ્લ રાઉલ ભૂપાલ, પ્રથવી પ્રજાતણુઉ પ્રતિપાલ. ૪૦

તસ સુત કુયર કમસીહ જેહ, ચઉદ વિદ્યા ગુણ જાંણઇ તેહ,
કીરતિ તેજ અનઇ પરિવાર, શત શાષા વાધઇ વિસ્તાર. ૪૧

જસ ધરિ ગાંધી સંધ પ્રધાન, પર ઊપગારી ન ધરઇ માન,
પુત્ર પૌત્ર કરંઈ નિતુ કેલિ, મંગલીકની વધતી વેલિ. ૪૨

સંધરત્ન પુત્ર **જોગીદાસ**, શુકન શાસ્ત્રનુ કરઇ અભ્યાસ,
તેહનઈ ભણવા કાજિં કરી, પ્રાકૃતબંધ ચઉપઈ એ ષરી. ૪૩

વ્યોમ રસ રતિ ચંદ વષાંણિ, સંવછર હઇડઈ એ આંણિ,
સરદરતિ નઇ આસો માસ, રાકા પૂર્ણચંદ્ર કલાવાસ. ૪૭

વિબુધ પુષ્ય દક્ષ આંણીઇ, પંડિત દેવજ જગિ જાંણીઇ,
તાસ સીસ કરજોડી કહઈ, સુકન ભણતાં સવિ સુષ લહઇ. ૪૮

ભણતાં સવિ લહીઈ રિદ્ધિ, એ ભણતાં પાંમઈ વલી બુદ્ધિ,
જયવિજય નઈ પરમાણુંદ, ભણતાં ગુણતાં સદા આનંદ. ૪૯

—જયકમલ ગણિના લિખિતં.

—ઉદયપુર યતિ ભંડાર.

૨૦૦ હેમવિજય ગણિ (ત૦ આનંદવિમલસૂરિના આજ્ઞાવર્તી શુભવિમલ-કમલવિજય પં. શિ૦)

(૩૭૫) +કમલવિજય રાસ સં. ૧૬૬૧ મહેસાણામાં.

આદિ—

સરસ વચન રસ વરસતી, સરસતિ કવિઅણ માય,
સમરિય નિયગુરૂ ગાયસ્યું, પંડિત પ્રણમિય પાય. ૧
કમલવિજય કોવિદ તિલક, સુવિહિત સાધુ સિંગાર,
તાસ રાસ રલિઆમણો, ભણતાં જય જયકાર. ૨

*   *   *   *

અંતે—

શ્રી કમલવિજયવર વિબુધના નામથી સકલ કલ્યાણના કોડિ,
સંપદા સવિ મિલઇ દૂરિત દૂરિં ટલઇ મંત્રમાં મૂલગો એહ કહીઇ ૧૦૭
જાસ વૈરાગ્ય વર વાનગી વાસના શખર સુવિહિત જતી રિદય રાખી
જાસ સંવેગ રસ સરસ સવિ પાછિલા સાધુ ગુણરાસિનો હુઉ સાખી૧૦૮
રૂપરેષા ધરો અસમ સમરસ વરો સાહ ગોવિંદ સુત સાધુ સીહો,
કહતિ **કવિ હેમ** થિર પેમ એ શ્રીગુરો હોઉ મહ સુહકરો અમિયજીહો૧૦૯

—આ કવિ પ્રતિષ્ઠિત હતા અને તે માટે શ્રાવક ઋષભદાસ કવિએ તેનું નામ પૂર્વના નામી કવિ તરીકે પોતાના 'હીરવિજય-કુમારપાલ રાસ આદિમાં ઉલ્લેખેલ છે. જુઓ તે રાસોની પ્રશસ્તિઓ. વિજયપ્રશસ્તિ મહા કાવ્ય ૧૬ સર્ગમાં સંસ્કૃતમાં કરી પોતે સ્વર્ગવાસ કર્યો તેથી તે કૃતિ તેના ગુરૂભાઈ પં ગુણવિજયે બીજા પાંચ સર્ગ રચી પૂરી કરી. તેથી પોતે પોતાને 'કવિ' એ ઉપનામ આપે છે તે સાર્થક છે. હીંદીમાં પણ કવિતાઓ તેણે રચી છે.   વધુ માટે જુઓ પ્ર. ઐ. રા. સ. ભાગ ૩,

(આ કવિએ કેટલાંક સ્તવનો સ્વાધ્યાયો શ્રી વિજયસેનસૂરિ રાજ્યમાં બનાવ્યાં છે. આની કેટલીક કૃતિઓ પાટણના હાલાભાઇના ભંડારમાં છે)

(૭૭૬) નેમિજિનચંદ્રાવલા

આદિ—

સમરીય સમરસસાગરૂરે ગુરૂગિરૂઓ ગુણવંત,
શિવાદેવી સુત ગાઇએરે મુઝ મનિ લાગી પંતિ.
મુઝ મનિ લાગી પંત ઘણેરી, સેવ કરૂં નેમીસર કેરી,
નમે જેહને નરવર રાજી, જસે દીઠે મતિ આવે તાજી.
જી નેમિ જિનજીરે રાજીમતી ભરતાર ભગતે વંદિએરે,
જાસ નામ અભિરામ, સુણી આણંદિએરે—આંચલી.

*   *   *   *

અંતે—

તપગચ્છ મંડણ હીરલોરે હીરવિજય મુનિરાજ,
નામ જપંતાં જેહનુંરે સીઝે સઘલાં કાજ,
સીઝે સઘલાં કાજ સીઝે સઘલાં કાજની કોડી,
તેહને નમે સદા કરજોડી
પંડિત કમલવિજયનો સીસ, હેમવિજય મુનિ દે આસીસ. ૪૪

—૪-૧૩ લીં. પાનાં ૩. પ્રે. ર.

---

૨૦૧ જિનચંદ્રસૂરિ શિ.

(૭૭૭) જિનધર્મ મંજરી સં. ૧૬૬૨ વિક્રમનગર (વીકાનેર)માં.

અંતે—

ભુજ રસ વિજાદેવી વચ્છરઇ, મધુ સુદિ દશમી પુષ્પારકવરૂ,
ઇમ વરઈ વિક્રમનગર મંડણ, રિષભદેવ જિણેસરૂ.
સુપસાય ખરતર ગચ્છનાયક સકલ સુવિહિત સુખકરૂ,
જુગપવર શ્રી જિણચંદસૂરી સુરિ સુસીસ પયંપએ.
શ્રીસમ............ ૭૩
ઇમ જિનભાષિત મુલ સમકિત ધરમ સુરતરૂ મંજરી,
અતિ સુગુણ સરસ સુગંધ સુભદલ સફલ અવિચલ સિવસિરી.

વિધ કરીય અકબ્બર સાહિવર પ્રતિબોધકારક સુહગુર
આદેશ લહિ કરી ધરમ ધરતાં સેય મંગલ સુષકર.　　૭૪
—સં. ૧૭૫૮ પો૦ શુ. ૩ રવૌ લિ૦ ૨૦-૧૨ આ. ક.

---

૨૦૨ આનન્દોદય

(૩૭૮) વિદ્યાવિલાસ ચોપઈ ૧૬૭૨ માણેક.

---

૨૦૩ પ્રેમવિજય (ત૦ વિજયસેનસૂરિ-વિમલહર્ષ શિ.)

(૩૭૯) +આત્મશિક્ષા. સં. ૧૬૬૨ વૈ. શુ. ૧૫ ગુરૂ. ઉજ્જેણીમાં—
અંતે—

શ્રી વિજયસેન ગુરૂરાયવર, શ્રી વિજયદેવ સૂરિંદ,
વિજયમાન ગુરૂ વંદિએ, જિમ સૂરજ ઉર ચંદ.
તપગચ્છ વાચકમિં વરૂ, શ્રી વિમલહર્ષ શિરતાજ,
નામે નવનિધિ સંપજે, દર્શણ સીઝે કાજ.　　૧૭૯
આતમ શિક્ષા ભાવના, તાસ શિષ્ય મનરંગ,
પ્રેમવિજય પ્રેમે કરી, ઉલટ આણી અંગ.　　૧૮૦
રત્નહર્ષ વિબુધ મુઝ, બંધુ તાસ પસાય,
તાસ સાંનિધ ગ્રંથ મેં કર્યો, મન ધરી હર્ષ અપાર.　　૧૮૧
સંવત સોલબાસઠ, વૈશાખ પુન્યમ જોય,
વાર ગુરૂ સહિ દિન ભલો, એ સંવત્સર હોય.　　૧૮૩
નગર ઉજેણીમાં વળી, આતમશિક્ષા નામ,
મન ભાવ ધરીને તિહાં કરી, સિધાં વંછિત કામ.　　૧૮૪
એકશત એંશી પાંચએ, દુહા અતિ અભિરામ,
ભણે સુણે જે સાંભળે, તે લહે શિવ કામ.

(૩૮૦)+શત્રુંજય સ્તવના આદિનાથ વિનતિ ૩૫.

આદિ—

પ્રણમિઅ સયલ જિણંદ, પાય મન વાંછિત કાંમિ,
સકલ તિરથનો રાજીયોજી, પ્રણમું સિરનાંમિ. ૧

* * * *

અંતે—

તપગચ્છનાયક ગુણનીલોએ, ગુરૂ હીરજી રાયા,
મનમોહન વિજયસેન સુરી, તેહના પ્રણમું પાયા,
વિમલહરખ શિષ્ય પ્રેમવિજય, કહે નિસુણો દેવ,
ભવ ભવ શત્રુંજા ગિરિ તણીએ, મુઝ દેજો શેવ. ૨૨

(કલશ.)

ઇમ થુણ્યો સ્વામી, મુક્તિગામી, આદિ જિન જગદેવ એ,
નિત્ય નમે સુર નર, અસુર વ્યંતર, કરે અહોનિશ શેવ એ,
જે ભણે ભગતેં ભલી યુકતેં, તસ ઘર જય જયકાર એ,
કહે કવિયણ સુણો ભવિયણ, જીમ પામો ભવપાર એ.

(૩૮૧) ધનવિજય પન્યાસ રાસ. (ઐ.) ખં-૧.
+ સીતા સતી સ. પૃ. ૧૫૪ સ. મા. ભી.

---

૨૦૪ વિમલચારિત્ર (નાગોરી વડતપ-પાર્શ્વચંદ્રસૂરિ-સમર-ચંદ્ર-રાજચંદ્ર-રત્નચારિત્ર શિ.)

(૩૮૨) અંજનાસુંદરી રાસ. સં. ૧૬૬૩ માગશર શુદ ૨ ગુરૂ, નાગોરમાં.

આદિ—

શાંતિકરણ જગિ જાણિયે, વિશ્વસેનકુ કુલચંદ,
ભાદ્રપદ વદિ સાતમિઈ, ચવીયા જગદાનંદ,
આનંદ અચિરા હુઓ અતિઘણો, જેઠ વદિ તેરસ દિને,

જન્મ પામ્યા ઈંદે ઉચ્છવ કીધ, સુરગિરિ શુભ મન્ને,
ગર્ભથી જિણે મારિ ટાલી શાંતિ થઈ આણંદિયા,
સજન દેખત નાતિ રંગિઈ શાંતિ જિન નામજ દિયા. ૧

મંડલપતિ પદવી લહી પહિલોં ભોગવિ ભોગ,
ચક્રવર્ત્તિપદ પામિયા, મિલીઓ સહૂ સંયોગ.
સંયોગ મિલીઓ સાધિ ષટ્ખંડ રતન સવિ નવનિધિ લહ્યા,
મુગટ બદ્ધ બત્રીશ ભૂપતિ સહસ સેવે ગહગહ્યા.
જેઠ માશિ ઈક સિણુ ચઉદસિ ઈંદ્રિ ચઉસઠિ આવીઆ,
કીધ ઉચ્છવ દીખ લીધી વર્ણવે ગુણ ભાવીયા. ૨

પોસ શુક્લ નવમી દિને પામ્યો કેવલનાણ,
જેઠ બહુલ તેરસિ તિથેં પ્રભુ પામ્યો નિર્વાણ,
નિર્વાણ પામ્યો શાંતિ જિણવર સિદ્ધિ પદિ સુખસંપદા,
પામિયા તસુ ચરણ પ્રણમો ભગતિસ્યું ભવિયણ મુદા,
તેહ સ્વામિ સેવતાં સહી રોગ નાવે તનિ કદા.
મનહ મનોરથ સર્વ પૂરણ સિદ્ધિ લહિયે સર્વદા. ૩

દૂહા.

સુહ ગુરૂ ચરણકમલ સદા વંદોં ધરી આણંદ,
ભવિય કમલ પાંડોહવા ઉદયો તેજિ દિણંદ. ૪

ચિહું પ્રકાર ધર્મ વર્ણવ્યો તિહુયણ જન આધાર,
દાન શીલ તપ ભાવના કરિ તરિય સંસાર. ૫

ધર્મેં ધણ કણ સંપજે ધર્મે મોટિમ રાજ,
ધર્મેં જશ મહિમા ઘણો ધર્મે સીઝે કાજ. ૬

ધન સુબાહુ ધન્નો સુણો, શાલિભદ્ર કયવન્ન,
શ્રી શ્રેયાંસકુમરે દીઓ, દાને લહિઓ ફલ પુન્ન. ૭

સેઠિ સુદર્શન નેમિ જિણ થૂલભદ્ર નાગિલ્લ,
શીલ લીલ સાધી ખરી, ફલ પામ્યો આગિલ્લ. ૮

ઋષભ વીર ધન્નો યતી, તપીઓ તપ ઉદાર.
ભરત અનાથી હરિણ્ લઇ ભાવી ભાવન સાર. ૯
અંજનાસુંદરી ભલી પામ્યો શીલ ઉદાર,
શીલબલેં સુખ સંપદા પામી નિજ પરિવાર. ૧૦
અંજનાસુંદરી કવણ કિમ પાલ્યો તિણિ શીલ,
ગામ ઠામ કેણે હવી કિમ પામી સુખ લીલ. ૧૧

* * * *

અંતે—

ઢાલ—બ્રહ્મદત્તપુર કંપિલ્લ રાજીઓરે-એ દેશી.

અંજનાસુંદરીએ ખરોરે પાલ્યો શીલ આચાર,
ભવિયણ જણ તિમ પાલ્યો ભાવસ્યુંરે, જિમ લહો કીરતિ સાર—
શીલ સમાચરોરે. ૩૮૯

* * * *

નાગોર નગીને સાતે જિણહરરે, આદિ શાંતિ જિણ પાસ,
વીર જિણેસર તે પ્રણમી કરીરે, ચોપઈ કીધ ઉલ્લાસ. શી. ૩૯૩
વડતપ ગચ્છપતિ જગમાહિં જાણીઇરે, શ્રી પાસચંદસૂરીસ,
તાસ પટોધર ગરૂઅડિ ગાજતારે, સમરચંદસૂરિ જગીસ. શી. ૩૯૪
શ્રી રાજચંદસૂરિ ગણધર ગાઇઇરે, વાચક રતનચારિત્ર,
તાસ પસાઈ ચોપઇ એહ રચીરે, સેવક વિમલચારિત્ર. શી. ૩૯૫
સંવત સોલહવરસેં ત્રેસઠિઇંરે, માગશિર માસ વિકાશ,
ચઉપઇ જોડી બીજેં ગુરૂ દિનેરે, ભણતાં ન્યાન પ્રકાસ. શી. ૩૯૩
એહ ચઉપઈ સુણીનેં પાલીઇરે, શીલ પ્રમુખ જિનધર્મ,
ઇહ ભવિ પરભવિ સુખની સંપદારે, લહીએ શિવગતિ શર્મ. શી. ૩૯૭

—સં. ૧૭(૦)૧ વર્ષે ચૈત્ર વદિ ૪ દિને ઋ૦ ઠાકરસી તત્ શિષ્ય ઋ૦ દીપા લિ૦ ૧૮-૧૩ આમા ભંડાર.

૨૦૫ મેઘરાજ (પાર્શ્વચંદ્ર-સમરચંદ-રાજચંદ-શ્રવણ ઋષિ શિ૦)

(૪૮૩)+ નળદમયંતિ રાસ. સં. ૧૬૬૪.

આદિ—

નગર નિરૂપમ ગજપુરે શ્રી વિશ્વસેન નરિંદ,
અચિરા રાણી ઉરવરે આવ્યા શ્રી શાંતિ જિણંદ.

ત્રૂટક—

જિણંદ સવ્વટ્ટુવિમાણહુંતી ભાદ્રવા વદિ સાતમે,
ચવી જેઠ વદિ તેરસે જન્મ્યા ઉચ્છવ હુઓ અનુક્રમે.
દીક્ષા જેઠ વદિ ચઉદશે પોષિ નૌમિ શુદિ થયા કેવળી,
મોક્ષ જેઠ વદિ તેરસ દિવસે પુહતી સવિ મનની રૂળી. ૧

જીવદયા પાળી ખરી, પુવ્વ ભવંતર જેણે,
ચક્રવર્ત્તિ જિનવર રાજિયા, પદવી લીધી તેણે,
તેણે પદવી દોય લાધી શાંતિનાથ જિણેસરૂ.
શાંતિ કીધી ગર્ભહુંતે અભિનવો જગ સુરતરૂ,
સેવ કરતાં જેહનીરે સંપદા પરગટ હુઈ.
દેવી દવદંતી તણીરે આપદા દૂરે ગઈ. ૨

દવદંતી કહો કુણ હુઈ, સ્યે કરમે દુખ પામી,
શીળ રત્ન કેમ પાળિયો, પ્રસન્ન હુઓ કિમ સ્વામી,
કેમ ઋદ્ધિ સમૃદ્ધિ પામી રાય નળશું બહુપરે,
શીળ પવિત્ર વિચિત્ર પાળ્યો જાસ કીરતિ વિસ્તરે,
એ ચરિત અતિહિ સુજાણ ગુણિયલ સાંભળો આદર કરી,
વિઘન વારો વરો વાંછિત ઉંઘ આળસ પરિહરી. ૩

× × × ×

અંતે—

રાગ મેવાડો-ધન્યાશ્રી.

નળ દવદંતી ચરિત્ર સોહામણુંજી, નવ નવ રંગ રસાળ,
સાંભળી ઉત્તમ સાધુ સતી પરેજી, ધરજો શીલ વિશાળ. ૧
સાધુ સતીનું ચરિત્ર સુણો ભલુંજી, સુણતાં નાસે પાપ,
ગારૂડ મંત્ર ખરો જેમ સાંભળેજી, નાસે અહિવિષ વ્યાપ. ૨
પાર્શ્વચંદ સૂરિસર રાજીઆજી, મહિમા તાસ અપાર,
ઉપદેશે જેણે ભવિ તારિયાજી, જિનશાસન શિણગાર. ૩
શ્રી સમરચંદ્ર તિણ પાટેં શોભતાજી, તેણે પાટે સૂરિંદ,
રાયચંદ્ર સૂરિસર દીપતા, ગિરૂઆ મેરૂ ગિરિંદ. ૪
સરવણ ઋષિ જગેં પ્રગટિયો મહામુનિજી કીધું ઉત્તમ કાજ,
તે સહી ગુરૂના ચરણ નમી કહેજી, વાચક શ્રી મેઘરાજ. ૫
સંવત સોળ ચઉસઠ સંવચ્છરેં થવીઓ નળ ઋષિરાજ,
ભણજો ગણજો ધર્મ વિશેષજોજી, સારતા વંછિત કાજ. સા. ૬

+ પ્ર૦ આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક, ૩.

(૩૮૪) સોળ સતીનો રાસ. ડે. રત્ન.

૧. જ્ઞાતાસૂત્ર ભાસ.

પાસચંદ્રસૂરિ શરોમણી એ શ્રી સમરચંદ સૂરિંદકિ,
રાજચંદ્રસૂરિ જગિ જયવંતા એ, તેજઈં જાણિ દિણિંદકિ. ૨૩
સરવણ ઋષિ મોટુ યતીએ પાટણિ સાધ્યઉં કાજકિ,
તે સહગુરૂનઇ પાય નમીએ, પભણઇ ઋષિ મેઘરાજકિ. ૨૪

—લીંચ ભંડાર.

૨ રાજચંદ્ર પ્રવહણ સં. ૧૬૬૧.
૩ પાર્શ્વચંદ્ર સ્તુતિ—શલોકો—ગીત.
૪ સદ્‌ગુરૂ સ્તુતિ.

—(ગદ્યમાં રાયપસેણીનો બાલાવબોધ, અને સ્થાનાંગની દીપિકા સં. ૧૬૫૯ માં રચ્યા છે.)

૨૦૫ક. ગજસાગરસૂરિ શિ૦ (આં.)

(૩૮૪ક)—નેમિચરિત્ર ફાગ. ૧૬૬૫ ફા. ૬ બુધવાર.

અંતે—સોલ પાસઠિ ફાગુણિ છઠિ અનઇ બુધવારિ,

વિધિપક્ષિ ગછિ જાંણીઇ શ્રી ગજસાગર સૂરિરાય. ૪૧

તાસ શિષ્ય કહિ નેમિનુ ફાગ બંધ મનોહાર,

ભાવિં ગુણઈ જે સાંભલઇ તેહ ઘરિ જય જયકાર. ૪૨

—ઇડર બાઇઓનો ભંડાર.

---

૨૦૬ દામોદર મુનિ. (આં. કલ્યાણસાગરસૂરિ—ભીમરત્ન—ઉદયસાગર શિ.)

(૩૮૫) સુરપતિકુમાર ચોપઈ. સં. ૧૬૬૫ બીજા ભાદ્રવા શુ. ૬ સોમ.

આદિ—

પ્રણમું સ્વામી શાંતિજિન, મનવંછિત દાતાર,
સુરપતિ જસુ સેવા કરઇ, દરસણ હરષ અપાર. ૧
વિહિતનયા જગદીશ્વરી, સમરૂં મનિ સરસતિ,
જસુ નામઇ પામઇ વિપુલ, સેવક નિર્મ્મલ મતિ. ૨
ગુરૂ ગુરૂઆના ગુણ ભણી, ભગતઈ પ્રણમી પાય,
વર્ણું ભેદ જેં મઇ લહઉ, તે સદગુરૂ સુપસાઇ. ૩
સુરપતિ નામઇ નૃપકુમર, જિણ જગિ ભોગ મહંત,
વિલસ્યા દાન પ્રભાવથી, વિરચિસુ તાસ વૃતંત. ૪
ભવસાયર માંહે ઠવી, જિનવરે ગરૂઇ નાવ,
ચારિ ચતુરગતિ તારિવા, દાનશીલ તપ ભાવ. ૫

* * * *

અંતે—

સુરપતિ ચરિત સયલ ચિતિ ધારિ, બોલ્યઉ દાન તણઈ અધિકારિ,
ઇમ જાંણી નરનારી જેહ, દાન દીયઈ ભવિ તરિસ્યઈ તેહ. ૪૫

શ્રી અંચલગછિ રયણનિહાંણ, પ્રગટિઉ પાપતિમરહર ભાંણ,
વિદ્યમાન ગુરૂ સુંદરકાય, શ્રી ધર્મ્મમૂર્ત્તિ સૂરીશ્વરરાય. ૪૬
તાસુ પાટિ સદ્ગુરૂ સુખકાર, આચારિજ ગુણગણ ભંડાર.
શ્રી કલ્યાણસાગર સૂરીંદ, મિટઇ અશુભ કર્મ્મના ફંદ. ૪૭
તાસુપટ્ટિ મુનિવર ગણધાર, પંડિત ભીમરતન અણગાર,
તાસુ સીસ સંયમ શ્રી કંત, શ્રી ઉદયસમુદ્ર નાંમિ ધીમંત. ૪૮
તાસુ વિનેય વિનયગુણ વહઇ, મુનિ દામોદર ઇણિપરિ કહઇ,
દેવી સરસતિનઈ આધારિ, કથાબંધ કીયઉ મતિ સાર. ૪૯
હું મૂરિખ મતિ હીણ અજાંણ, પંડિત જનનઈ હસિવા ઠાંણ,
વચન અયુક્ત કહ્યઉ મઇ જેહ, પંડિત સૂધઉ કરિજ્યો તેહ. ૫૦
કલ્પિત વચન કહ્યઉ પુણિ કોઈ, સંઘ સાખિ હું ખમાઉં સોઈ,
સુરપતિ કુમરતણી ચોપઇ, પદમાવતિપુર માંહે કહી. ૫૧

દૂહા.

વત્સર વિક્રમરાયથી, સોલ સહે પઇંસઠિ,
ભાદ્રવિ બીજ શ્વેત પખ્યિ, સોમવાર તિહાં છઠિ. ૫૨
ભાવ ભેદ જાણી ચતુર, ભણઈ સુણઈ નર જાંણ,
પામઈ મનવંછિત સદા, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

—૧૦-૧૮ બાલ૦]

(માંગરોળની પ્રતમાં પ્રશસ્તિમાં શબ્દોનો હેરફેર છે, પણ ભાવ એક છે. પા. ૧૧-૧૫ માં.)

(૩૮૬) મદન રાજર્ષિનો રાસ. રત્ન ડે.

---

૨૦૭ દયાસાગર (અં. ધર્મમૂર્ત્તિસૂરિ-કલ્યાણસાગરસૂરિ-ભીમરત્ન-ઉદયસાગર શિ.)

(૩૮૭) મદન ચોપઇ સં. ૧૬૬૯ આશો શુદ ૧૦ ઝાલોરમાં.

અંત—

શ્રી અંચલ ગચ્છિ ઉદધિ સમાંણ, સંઘરયણ કેરઉ અધિઠાંણ,
ઉદઉ તાસ વધારણ ચંદ, શ્રી ધરમમૂરતિ સૂરીશ મુણીંદ. ૬૦
આચારિજ શ્રી ગુરૂ કલ્યાંણસાગર, સાગર સમ ગુણ નાંણ,
તાસ પક્ષિ મહિમા ભંડાર, પંડિત ભીમરતન અણગાર. ૬૧
તાસ વિનેય વિનયગુણગેહ, ઉદયસમુદ્ર સુગુરૂ સસનેહ,
તાસ સીસ આણંદઇ ઘણુઈ, શ્રી દયાસાગર વાચક ઇમિ ભણઇ. ૬૨
ગુરૂ ભાઈ લહુડઉ ઋષિ દેવ, વિનયવંત સારઇ નિતિ સેવ,
આદરિ તેહ ભણુઈ એ થઈ, મદનરાજ ઋષિની ચઉપઈ. ૬૩
મદન શતકના દૂહડા એકોતર સો સાર,
મદન નરિંદ તણું ચરિત મઈ વિરચ્યું વિસ્તારિ. ૬૪
સોલહ સય ઉગણોત્તરઈ પુર જાલોર મઝારિ,
આસો સુદિ દશમિં મઈ કીઓ, કથાબંધ ગુરૂવારિ. ૬૫

—યતિનો ભં. ઉદયપુર; ૩.

૨૦૮ પુણ્યકીર્ત્તિ—(ખ. મહિમામેરૂ—હર્ષચંદ—હર્ષપ્રમોદ શિ.)

(૩૮૮) પુણ્યસાર રાસ—પુણ્યસાર કુમારચરિત સં. ૧૬૬૬ વિજયા-
દશમી ગુરૂ—સાંગાનેરમાં.

આદિ—

નાભિરાય નંદન નમું, શાંતિ નેમિ જિન પાસ,
મહાવીર ચોવીસમો, પ્રણમ્યા પૂરે આસ. ૧
શ્રી ગૌતમ ગણધર સધર, લીલા લબ્ધિ નિધાન,
સમરી સહગુરૂ સરસતી, વપુષિ વધારે વાંન. ૨
ધર્મે ઉંચો કુલ હુવે, કામિની કલા અભ્યાસ,
રાજઋદ્ધિ ધર્મે હુવે, ધર્મે લીલ વિલાસ. ૩
ધર્મે સોહગ સંપજે, ધર્મે રૂપ અનૂપ,
સાચા સુખ ધર્મે હુવે, ધર્મે માને ભૂપ. ૪

ધર્મે કીયાં ધન સંપજે, ઉપમા અછે અનેક,
પુણ્ય થકી પુણ્યસારનો, સુણુયો સુખ અતિરેક. ૫

* * * *

અંતે—

શાંતિ જિણેસર ચરિત્ર થકી કિયો, એહ કથાનક સાર,
સાંભલતાં મનિ આણંદ ઉપજે, થાઇ હરષ અપાર. પં. ૩
ખરતર ગચ્છપતિ મહીયે ચિરંજયો, જુગપ્રધાન જિનચંદ,
આચારિજ મહિમાગિર મુનિવરૂ, શ્રી જિનસીંહ સુરીંદ. ૪
શ્રી જિનકુશલ સૂરીસરૂ પરંપરા, મુનીવર મહિમાવંત,
મહિમામેરૂ મુનિ મોટા જતી, ક્રિયાવંત ગુણવંત. પં. ૫
હુરપચંદ્રગણિ હર્ષે હિતકરૂ, વાચક હર્ષપ્રમોદ,
તાસ સીસ પુન્યકિરતિ ઇમ ભણેં, મન ધરી અધિક પ્રમોદ. પં. ૬
સંવત સોલે સેં છાસઠિ સમઇ, વીજે દસમી ગુરૂવાર,
સાંગાનેર નગર રલીયામણો, પભણ્યો એહ વિચાર. ૭
શ્રી પદમ પ્રભુ સુપસાઉલિ, સંઘ વધતઇ વાંન,
ઉછરંગલાલ વધામણુઉ, સુખ સંપદ સંતાન. ૮
એહ ચરિત્ર ભવિયણ જે સાંભલેં, ભણે ગુણે નર જેહ,
દિન દિન ઉદય અધિકઉ નિત હોવઈ, નવનિધિ હોઈ તસુ ગેહ. ૮

—ઇતિ શ્રી પુન્યસાર કુમારચરિત્ર સંપૂર્ણ. સંવત ૧૭૬૫ વર્ષે માહ માસે શુકલપક્ષે ૯ તિથૌ શનિવાસરે પાટણ મધ્યે, ઋષિ શ્રી ઉત્તમચંદજી તત્‌શિષ્ય ઋષિ વેલજી તત્ ભ્રાત્ર ઋષિ કુશલચંદ લિપીકૃતં શ્રી રસ્તુ. પૃ. ૬ પં. ૧૫ ગુ. વિ.

—સં. ૧૮૨૮ વર્ષે ફાગુણ સુદ ૯ દિને લિખતં મુનિ સુગ્યાંન-સાગરેણ લપીકૃતં શ્રી પુરબંદર નગર મધ્યે શ્રી પાર્શ્વનાથપ્રસાદાત્. ૯-૧૭ ધો૦, પ્રે. ૨.

(૩૮૯) ધન્નાચરિત્ર ૧૬૮૮ ભા. શુ. ૧૩ રવિવાર બિલપુર નગરમાં. લીં.
(૩૯૦) કુમારમુનિ રાસ. (પ્ર. ૧૮૧૩) લીં.

૨૦૯ સુધર્મરૂચિ. (શુભવર્દ્ધન શિ૦)

(૩૯૧) આષાઢભૂતિ મુનિનો રાસ.

આદિ—

श्री शांतिजिणेसर भुवणदिणेसर पाय,
प्रणमी बहु भगतिइं गायसउ रषिराय.
आषाढ मुनीस्वर जसो जुगहप्रधान
नाटक नाचंतां पामउ केवलनांण. 　　　　१

નાટિક નાચંતાં કેવલ પાંમ્યુ નિસૂણો તેહ વિચાર,
શ્રવણે સુણતાં ભાવિ ભણતાં લહીઇં ભવનો પાર,
નવકલપી વિહાર કરિ મનરંગિ મુનિવર મહિમાવંત,
ગુરૂ આદેસ લહી રાજગ્રહ નગરીમાંહિ પહુત. 　　　　૨

× 　　× 　　× 　　×

અંતે—　　　　ઢાલ.

નયર રાજગૃહી જાણીઇ, સિંહરથનિ કહૂં ભૂપ,
નાટક તિહાં વસઈ માન ભુપતિ બૂંહરે—
જિરે જિરે આષાઢ ભુતની, ભાવનાન પરિમાણુરે,
ભરતનું નાચંતાં પામઉ, કેવલ નાણુંરે— 　　ધ્રૂપદ જીરે૦ ૫૩
ભુવનસુંદર જયસુંદરા, રૂપઇ મોહનકંદરે,
કોઈ કેતલા દાન તિહા રહઉ, આષાઢભુત મુણેંદુરે. 　　જીરે. ૫૪
શ્રી શુભવર્દ્ધન ગુરૂ તમ્હ તણારે ચલણે અવિચલ વાસરે,
નામઈ નવનિધી પામીઇ ફલઈ મનચી આસરે. 　　જીરે. ૫૫
તેહ ગુરૂનઈ સુપસાઉલઈ, હઇડે ધરી આણંદુરે,
આષાઢભુતિ ઋષી ગાઇઉ, પામી પરમાણંદુરે. 　　જીરે. ૫૬
કેવલ લહિ મુગતી ગયું, શ્રી સુધર્મરૂચિ ગુરૂ સીસરે,
પાંચસઇ પરીવારઇ પરીવરઉ, તેહના સંઘ આસીસરે. 　　જીરે. ૫૭
જે નરનારી ભાંવસૂં ગાઇ રંગી રસાલરે,
તેહ અવિચલ વધામણુંરે, ઘરી ઘરી મંગલમાલરે. 　　જીરે. ૫૮

—ઇતિશ્રી આષાઢભુતી કુલં સમાપ્ત.

—પંડિત શ્રી ૫. (મુ) દ્ધિવિજયગણિ શિષ્યાણુ શિષ્ય મુનિવર કુશલવિજય લષિતં પઠનાર્થે સંવત સોલ સત્તાણુયા વર્ષે વઇશાખ સુદિ ૭ દીને લષીતં વાર સુક્રે-શુભં ભવતું. કલ્યાણમસ્તુ ભાવ. પા. ૪ પં-૧૨

—સંવત ૧૭૪૮ વર્ષે પોસ વદિ ૨ શનૈ લષિતં ઊઝા મધ્યે. ૬-૧૦ પાલણપુર ભં. મારી પાસે છેલ્લું પાનું છે (આ ટૂંકા ને જૂના રાસમાં ધન્યાસી, દેશાખ, સિંધૂઓ, ધવલ ધન્યાસી, મૂકેલ છે. વિષય નગાંજીએ એ પ્રસિદ્ધ દેશી આ રાસની છે.)

(૩૯૨) ગજસુકુમાળ ઋષિ રાસ. ૧૭ ઢાલ સં ૧૬૬૯ પહેલાં.

આદિ—

> દેસ **સોરઠ દ્વારાંપૂરી** નવમો તિહાં **વાસુદેવો**રે.
> દસેંધં દસારસઉં રાજિઉ, બંધવ શ્રી **બલદેવો**એ. ૧
> જીરે જીરે સ્વાંમિ સમોસર્યા હરષિઉ ગોપીનો નાથ એ,
> **નેમિ** વંદણ અલજ્યો અલજઉ યાદવ સાથ એ. જીરેજી. ૨
>
> * * * *

અંતે—

> શ્રી **શુભવર્ધન** ગુરૂરાય, મઇ પ્રણમી તેહના પ્રાય,
> ગાયૂ ગયસુકુમાલ મુણિંદ, જસ ભણતાં હુઈ આણુંદ. ૯૪
> (પા. જસ તૂઠા નેમિજિણુંદ—
> શ્રી ગયસુકુમાલ જે ગાઇ, તે સર્વ વંછિત ફલ પાઇ,
> અનઇ દૂરિ દુઃકૃત સવિ જાઈ, વલી અવિચલ પદ થાઈ. ૯૫

—ઇતિ સંવત ૧૬૬૯ વર્ષે પોસ શુદિ ૩ ભૌમે લષ્યતં વે૦ મેઘા લષ્યંત. સાધ્વી નાથી પઠનાર્થં શ્રીરસ્તુ. પૃ. ૮ પં. ૧૧ ગુ. વિ. ભં. ૧

—સં. ૧૭૮૨ વર્ષે આવિકા દેવબાઈ પઠનાર્થં. ૭-૧૧ પાલણપુર ભ. (પાઠાંતર.)

જયઉ ગયસુકુમાલ મુણીસ, શ્રી સંઘ દિઇ આસીસ,
જસ નામઇ પરમાણંદ, તસુ ગાવતા હુવઈ આણંદ—

—સંવત ૧૭૬૭ વર્ષે જેષ્ટમાસે કૃષ્ણપક્ષે પંચમીતિથૌ સુભવારે પં. માનચંદ લિષતં **સુશ્રાવિકાબાઈ આસા પઠનાર્થં.** ૬-૧૩ મારી પાસે છે.

---

૨૧૦ ઋષભદાસ.

[આ ખંભાતના શ્રાવક કવિએ અનેક રાસાઓ, સ્તવન–સ્તુતિ–સ્વાધ્યાય રચેલ છે, અને ઉત્તમ કવિ તરીકે પોતાને સિદ્ધ કરેલ છે. આના સંબંધી વિસ્તૃત વિવેચન 'શ્રાવક–કવિ ઋષભદાસ' એ નામથી નિબંધ સૂરતની ગૂજરાતી સાહિત્યપરિષદ્‌માં મેં લખી મોકલેલો તે તે પરિષદ્‌ના રીપોર્ટમાં પ્રકટ થયેલ છે, તેમજ જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડના ઇતિહાસ અંકમાં ૧૯૧૫ ના ૭–૯ અંકમાં પણ પ્રસિદ્ધિ પામ્યો છે.]

(૩૯૩) વ્રતવિચાર રાસ. સં. ૧૬૬૬ કાર્તિક વદિ ૦)) (દીવાલી) ત્રંબાવતિ (ખંભાત)માં

આદિ— શ્રી વિતરાગાય નમઃ

દૂહા—**પાસ જિનેસ્વર પૂજીઇ, ધ્યાઈઈ તે જિનધર્મ્મ,**
નવપદ ધુરિ આરાધીઈ, તો કીજઇ સ્યુભ કર્મ્મ. ૧
દેવ અરીહંત નમું સદા, સીદ્ધ નમું ત્રણીકાલ,
શ્રી આચારય તુઝ નમું, શાશનનો ભુપાલ. ૨
પુણ્યપદવી ઉવઝાયની, સોય નમું નસદીસ,
સાદ સવેનિં નીત નમું, ધર્મ વિસા યાંહા વીસ, ૩
ક્રોધ માન માયા નહી, લોભ નહી લવલેસ,
વીષઇ વીષથી વેગલા, ભવીજન દઇ ઉપદેસ. ૪
ઊપદેશિ જન રંજવઈ, મહિમા સરસતિ દેવ,
તેણઇ કાર્ય્યં તુઝનિં નમું, સાદા સારૂ સેવ. ૫

સમરૂ સરસતિ ભગવતી, સમર્યા કરજે સાર,
હું મુરખષ મતી કેલવું, તે તાહારો આધાર. ૬
પીંગલ ભેદ ન ઉલખું વિગતિ નહી વ્યાકર્ણ,
મુરખષમંડણ માનવી, હું સેવું તુઝ ચર્ણ. ૭
કવીત છંદ ગુણ ગીતનો, જે નવી જાણઇ ભેદ,
તુ તૂઠી મુષ્ય તેહનિં, વચન વદઇ તે વેદ. ૮
મુરખષ મોટો ટાલીઉ, કવી કીધો કાલિદાસ,
છ વાખ્યાતા તેહવો, જે મુષ્ય કીધો વાસ. ૯
શક્તિ કરૂ તુઝ કેટલી, મૂઝ મુષ્ય રસના એક,
કોડય જિહ્વાઇ ગુણ સ્તવું, પાર ન પામું રેષ. ૧૦
તોહઈ તુજ ગુણ વર્ણવુ, મૂઝ મતી સારૂ માંય,
નવ મુષ વેણી શીર ભગઇ, કવી તાહારા ગુણ ગાય. ૧૧

* * * *

અંતે—

બારવરત શ્રાવકતણાં, મિં ગાયાં મતિસાર,
કવી કો દોષ મ દેષજ્યુ, હું છુ મુઢ ગુમાર. ૩૨
આગઇના કવી આગલિં હું નર સહી અગ્યનાત,
સાયર આગલિ બ્યંદૂઉં, સ્યુ કરસઇ અભીમાંન. ૩૩
માતતાત જિમ આગલિં, બોલઈ બાલિક કોય.
તેહમાં સાચુ સ્યુ હસઈ, પણિ સાંભેલુ સોય. ૩૪
ભણતાં ગુણતાં વાચતાં, કવી જોયુ વલી દોષ,
નીરમલ ચ્યંતિં ચરચજ્યો, દોષ મ દેજ્યુ ફોક. ૩૫

ઢાલ—૭૮—ચોપાઇ.

ફોકટ દોષ મ દેજ્યુ કોય, નરનારી તે સુણયુ સોય.
કુડ કલંક તણું ફલ જોય, વસુમતી તે વેશા હોય. ૩૬
શાહાસ્ત્રઇં પૂર્વ કહ્યા છઈ હોય, ઋષભ કહઈ તે સુણજ્યુ સોય,
એક હંસ બીજો જલજલુ, જિમ મશરૂ જોડિં કાંબલો. ૩૭

હંસ સરીષા જે નર હોય, તેહના પગ પૂજે સહુ કોય,
ધ્યન જનુનીઈ તે જગી જણ્યુ, કવીજન લોકે લેષઇ ગણ્યુ. ૩૮
હંસ દૂધ જલ માંહાથી પીઇ, નીર બ્યંદુઓ મુષ્ય નવી દીઇ,
તિમ સુપરષ ગુણ કાઢી વહઇ, પર અવગુણ તે મુષ્ય નવિ કહઇ. ૩૯
જલ સરીષા જે નર હોય, તેહનું નાંમ મ લેસ્યુ કોય,
સકલ લોકમ્હાં તે અવગણ્યુ ઋષભ કહઈ નર તે કાં યણ્યુ. ૪૦
જલુ તણી છઇ પરગતી અસી. વંહું રગત પીઈ ઉહેલસી,
સપર લોહી મુષ્ય નવી દીઇ, તિમ માઠો નર ગુણ નવી લીઇ. ૪૧
જલુ સરીષા જગમ્હા જેહ, અતી અધમાધમ કહીઇ તેહ,
પર અવગુણ મુષ્ય બોલઇ સદા, ગુણ નવી ભાષઈ તે મુખ્ય કદા. ૪૨

દૂહા—

ગુણ ઝ્યરઆ ગુણવંતના, જે નવિ બોલઈ રંગિ,
પરભવિ દૂષીઆ તે થસઇ, સરજઇ દૂબલ અંગ્ય. ૪૩
ગુણ ગાઈ ગુણવંતના, તે સુષીઆ સંસારય,
પરભવિ સૂર સૂષ ભોગવઈ, જિહા બહુ અપછર નારય. ૪૪
જો હીત વંછઇ આતમા, તો પરનંધા ટાલિ.
મુખ્યથી મીઠું બોલીઇ, ભટક ન દીજઇ ગાલિ. ૪૫
સુગુરૂ વચન સંભારયુ, કરજ્યુ પર ઊપગાર,
જઇન ધર્મ આરાધજ્યુ, વ્રત વહઇજ્યુ સિરિ બાર. ૪૬

ઢાલ ૭૯ દેશી—મેગલ માતો રે વનમાંહિ વસઇ. રાગ મેવાડો.

બાર વરતરે જે નર સિર વહઇ, તે ધરિ જઈ જઇરે કાર,
મનહમનોર્થ તે વલી તસ ફલઇ, મદિર મંગલ ચ્યાર. ૪૭
બાર વરતનિરે નર સિર વહઇ, આંચલી
ભણુતાં ગુણતાંરે સંપઇ સુખ મલઈ, પોહોચઇ મનતણી આસ,
હિંવર હાથીરે પાયક પાલખી, લહીઇ ઊચ આવાસ. બાર. ૪૮
સુંદર ધર્ણારે દીસઈ સોભતા, બહઇની બાંધવ જોડય,
બાલિક દીસઇરે રમતાં બારણુઈ, કુટુંબ તણી કઇ કોડય. બા. ૪૯

અવરી મહિઇમી રે દીસઈ દૂઝતાં, સુરતરૂ ફલીઉરે બારય,
સકલ પદારથ મુઝ ઘરિ મિં લહ્યા, થિર થઈ લછીરે નારય. બા. ૫૦
મનહ મનોર્થ માહારઇ જેહતો, તે ફલિઉ સહી આજ,
શ્રી જિનધર્મનિં પાસ પસાઉલઇ, મુઝ સીધાં સહી કાજ. બા. ૫૧

દૂહા.

કાજ સકલ સીધાં સહી, કરતાં વરત વિચાર,
શ્રી ગુરૂનામ પસાઉલઇ, મુઝ ફલીઉં સહઇકાર. ૫૨

ઢાલ ૮૦ દેશી—કહઇણી કર્ણી રાગ ધ્યન્યાસી.

મૂઝ આંગણિ સહઈકારજ ફલીઉ શ્રી ગુરૂનાંમ પસાઇજી,
જે રષિ મુનીવરમાં અતી મોટો, વીજઇસેન સુરિરાયજી. ૫૩
મુઝ અંગણિ સહિકારજ ફલીઉં, શ્રીગુરૂચર્ણ પસાઇજી. આંચલી.
જેણઇ અકબર નૃપ તણી શભામાં, જીત્યુ વાદ વીચારીજી,
શઇવિ શન્યારસી પંડીત પોઢા, સોય ગયા ત્યાહા હારીજી. ૫૪ મૂઝ.
જઈ જઇકાર હુઉ જિનશાશન, સુરી નાંમ સવાઇજી,
શાહી અકબર મુષ્ય એ થાપ્યુ, તો જગમાહિ વડાઇજી. ૫૫ મૂઝ
તાસ પટિ ઊગ્યુ એક દીનકર, સીલવંતમ્હાં સુરોજી,
વીજયદેવ સુરી નાંમ કહાવઈ, ગુણ છત્રેસે પુરોજી. ૫૬ મૂઝ.
તપાતણો જેણઈ ગછ અજુઆલુ, લુધવઈમ્હાં સોભાગીજી,
જસ સિરિ ગુરૂ એહેવા જઇવતો, પૂણ્યપસશ તસ જાગીજી. ૫૭ મૂઝ.

ઢાલ–૮૧ દેસી. હીચ્યરે હીચ્યરે હઇઇ હીડોલડો. રાગ ધ્યન્યાસી.

પૂણ્ય પ્રગટ ભયુ ર, તો મન્ય મુઝ મત્ય એહ આવી,
રાસ રંગિં કર્યું, સકલ ભવ હું તર્યું, પૂણ્યની કોઠડી મુઝહ
ફાવી–૫૮–પૂણ્ય પ્રગટ ભયુ. ૨ આંચલી.
સોલસંવછરિં જાણિ વર્ષ છાસઠિં, કાતીઅ વદિ દિપક દાદો,
રાસ તત્ર નીપનો આગમિં ઊપનો, સોય સુણતાં તુમ પૂણ્ય ગાઢો.
પૂણ્ય. ૫૯

દીપ જંબુઅ માહાષેત્ર ભરતિં ભલુ, દેસ ગુયરાતિમ્હા સોય ગાસ્યુ,
રાય વીસલવડો ચતુર જે આવડો, નગર વિસલ તિણઇ વેગી વાસ્યુ.
પૂણ્ય. ૬૦

સોય નગરિં વસઇ પ્રાગવંસિં વડો, મઇહઇરાજનો સુત તે સીહ સરીષો,
તેહ ત્રંબાવતિ નગરવાશિં રહ્યું, નામ તસ સંઘવી સાંગણ પેષો.
પૂણ્ય. ૬૧

તેહનિં નંદનિં ઋષભદાસિં કર્યુ, નગર ત્રંબાવતી માહિં ગાયુ,
પૂણ્ય પૂર્ણું ભયુ કાજ સપરો થયુ, સકલ પદાર્થસાર પાયુ.
પૂણ્ય. ૬૨

—અતી શ્રી વરતવીચાર રાસ સંપૂર્ણ. સંવત ૧૬૭૯ વર્ષે ચઇત્રિ વદિ ૧૩ ગુરૂવારે લષીતં. સંઘવી ઋષભદાસ સાંગણ૦ ગાથા૦ ૮૬૨ (સ્વલિખિત).

[વિ. ધ. ૫૪-૧૧,—ચોપડો નાનો પૃ. ૬૦-૧૧૯]

(૩૯૪) **સુમિત્ર રાજર્ષિ રાસ.** સં. ૧૬૬૮ પોશ શુદ ૨ ગુરૂવાર, ખંભાતમાં.

આદિ— દૂહા.

શ્રી જિનધરમ પ્રકાસીઓ, સ્વામી ઋષભ જિણંદ,
દાનશીલ તપ ભાવના, સુણતાં અતિ આણંદ. ૧
સકલ ધરમ મુખ્ય મંડીઇં, જગમાં ઉત્તમ દાન,
દેતાં નવનિધિ પામિઇં, પરભવ અમર વિમાન. ૨
એક દાન તસ પંચ ભેદ, સુણયો સહૂ નરનારિ,
અભયદાન સુપાત્રથી, વસિઇં મુગતિ મઝાર. ૩
ઉચિત અનુકંપા કિર્તિથી, જિન કહૈં ભોગ લહંત,
રાજ રિદ્ધિ સુખ સંપદા, પામે સુખ અનંત. ૪
દાન સુપત્તે દેઅતાં, કિણિ પામ્યો સુખ વાસ,
રાજા સુમિત્ર સુખીઓ થયો, સુણયો તેહનો રાસ. ૫

સોય સુમિત્ર કહો કિહાં હુઓ, સિદ્ધ દેવ કિમ રાજ,
બ્રહ્મસુતા ચરણે નમી, ચરિત્ર પ્રકાસું આજ. ૬

* * * *

અંતે— ચોપઈ.

રિષભ કવિ ગુણ તાહરાં ગાય, હીયડેં હરખ ઘણેરો થાય,
સકલ કવિનિં લાગી પાય, મિં ગાયો મુનીવર રિષીરાય. ૧૬
ગાતાં ગુણતાં કવતાં કાંઇ, દૂષણ જે દીસિં મતિ માહઈ,
તે પંડિત ટાલેજ્યો તુમો, એણિં વાત સુખ લહસ્યું અમો. ૧૭
આગિં મોટા જે કવિરાય, તાસ ચરણ રજ કવિ રિષભાય,
મુરખ મુગટ શિરોમણી સહી, ગુરૂ સેવાઈ એ બુદ્ધિ લહી. ૧૮
તે ગુરૂ જગમાં મોટો ધીર, સીલેં જેહવો ગંગા નીર,
વિજયસેનસૂરિ તેહનું નામ, જેણિં વસિ કીધો વિરૂઓ કામ. ૧૯
જંબૂ પ્રભવો વયર કુમાર, સાલિભદ્ર ધનો અણગાર,
સૂરિ સૂધર્મા જસ ગુણકોડિ, વિજયસેનસૂરિ તેહની જોડી. ૨૦
તાસ પાટ ઉદયો એ ભાણ, વિજયદેવ (તિલક)સૂરિ ચતુર સુજાણ,
લઘૂવય મહા વયરાગી જેહ, સકલ મુનિ સિર મોટો તેહ. ૨૧
તેહ તણિં ચરણિં અનુસરી, રાજઋષિગુણમાલા કરી,
સંવત સોલ અડસઠયો જસિં, પોસ સુદિ દિન બીજહ તસિં. ૨૨
ગુરૂવારિ કીધો અભ્યાસ, ત્રંબાવતીમાં ગાયો રાસ,
પાગવંશ વડો જે ખાસ, સાંગણસુત (કવિ) રિષભદાસ. ૨૩

કલસ.

કવિ રિષભ ગાયો સુમિત્ર ધ્યાયો, સુખ સુભાયો શુભપરિં,
રિષિ તણા ગુણ અભિરામ ગાતાં, મંગલમાલા નિત ધરિં. ૨૪
તપગચ્છ ગાજી ગુણ વિરાજી, અતિહિં દિવાસિં જગગુરૂ,
શ્રી વિજયસેન સૂરિંદ સેવો, સકલ સંઘ મંગલકર. ૪૨૫

—ઇતિશ્રી સુમિત્રરાજરિષી રાસ સંપૂર્ણ. સકલ પંડિત શિરોમણી પંડિત શ્રી ૧૦૮ શ્રી ૫ શ્રી રતનવિજયજી ગ. તત્ શિષ્ય—

पं. ज्योतिविजयगणी लिखितं स्ववाचनकृते मंगलं भूयात्. लेखक पाठकयो शुभंभवतु. चिरं नंदतु इयं पुस्तिका, श्री नवसारीनगरेःकल्याणम्.)

(डेकन कॉलेज लायब्रेरी नं. ५००) १८९२-१८९५.

—इतिश्री दानोपरि सुमित्र राजऋषि रास संपूर्ण. संवत १७७० वर्षे आसो सुद ७ भौमें, पंडितश्री ५. श्री विमलविजयगणि तत्शिष्य मुनि विनीतविजयेन लिखितं जाबाल नगरे. १५-१५ धो.

(३९५) स्थूलिभद्र रास. सं. १६६८ दिवाळी, शुक्र. खंभातमां.

अंते—

ढाल-(राम भणइ हरी उठीई) राग रामग्री.

थुलिभद्र गुण गाइइ, श्री गुरु चरण पसायरे,
श्री विजइसेन सुरीस्वरु, ते अरुउ गरुरायरे.
सुर जेहना गुण गायरे, नांमि नवनीध्य थायरे,
समरिं पातग जायरे, हुं वंदू तस पायरे.
गुरु अरुउ गुरुराजीओ. १७

सालि थुलिभद्र जोडली, वइरींगइ वइहरई कुमाररे,
त्य मधि गउतम अवतर्यो, जस गुण अंत न पाररे.
संयम षंडानी धाररे, करतो उग्र विहाररे,
ल्यइ मुनी स्युध ते आहाररे. गुरु. १८

उपशमरसमाहिं झीलतां, टालइ कुमत अंधार,
मधुर वचन दीई देसना, वाणी सुधारस साररे.
आगम अर्थ भंडाररे, पंच महाव्रत धाररे,
टालई कामविकाररे, शासन राषणहार. गुरु. १९

तेहनिं पाटिं प्रगटीओ, श्री वीजइदेव सुरचंदरे,
कुमत तिमरनि रे टालवा, उदयो पुन्यमचंदरे,
मोहनवलीनो कंदरे, पेषई परम आनंदरे,
सेवइ सकल सुरचंदरे. गुरु. २०

તપ ગચ્છઇ નાયક ગુણ્યનીલો, સાગર સરીષો ગંભીરરે,
વઇરાગી લ્યઘુવઇપિણઇ, કાંમવિડારણ વીરરે.
સીલિ ગંગાનું નીરરે, સોવન વાન શરીરરે,
ફરી આવ્યો ગુરૂ હીરરે, જાણે ગઉતમ વીરરે. ગુરૂ. ૨૧

દૂહા.

વીર તણે ચર્ણે નમી, ગાયા ગુણ અભીરાંમ,
કુણ વર્ષે માસિં એ કવ્યા, થુલિભદ્ર ગુણગ્રામ. ૨૨

ઢાલ કહઇણી કરણી તુઝ વ્યણ સાચો-રાગ ધન્યાસી.

સંવત સોલઅડસઠયા વરસે, કાતી વધ તાહાં સારરે,
દીપક દિન દીવાલી કેરો, સુકર મલ્યો ત્યાહા વારરે. ૨૩
રાસ રચ્યો મિં રંગિ રીઝી, સકલ કવી સિરિ નામીરે,
થુલિભદ્ર મુનીના ગુણ ગાતા, વિવધ્યસ્ત મિં પામીરે.
રાસ રચ્યો મિં રંગિ રીઝી.
સકલ કવી સિરિનામીરે—આંચલી. રાસ રચ્યો. ૨૪
જંબુદ્વીપ અનોપમ કહીઇ, ભરતષેત્ર ત્યાહા જાંણુરે,
દેસ ગુજર ત્યમાહિ અતિ સારૂં, નગર વીસલ વષાંણુંરે. રાસ. ૨૫
સોય નગરમાંહિ વીવહારી, નામ ભલુ મહિરાજરે,
પ્રાગવંશ વડો તે વીસો, કરતા ઉત્યમ કાજરે. રાસ. ૨૬
તેહના સુત છિ સીહ સરીષા, સાંગણ સંઘવી નામરે,
પૂનતણી કયરણી તે કરતા, ધરતા જીનવર ધ્યાનરે. રાસ. ૨૭
અનુકરમિ સંઘવી જે સાંગણ, ત્રંબાવતીમ્હા વાસરે,
તેહનો સુત એ રાસ નીપાઈ, કવીતા ઋષભદાસરે. રાસ. ૨૮
રાસ નીપાતા બહુ સુષ પામ્યો, સુરતરૂ અંગણ્ય ફલીઉ,
થુલિભદ્ર મુનીના ગુણ ગાંતિં, ધર્મ વૃષભ મુઝ મ્યલીઉરે. રાસ. ૨૯
નવનીધ્ય ચઉદ રયણ મણિં મોતી, સકલ પદારથ પામ્યોરે,
ઋષભ કહઇ નીત્ય ઉગમવાકા, થુલીભદ્ર શરનામોરે. રાસ. ૩૦

ગુ. વિ.

(૩૯૫ક) નેમિનાથ નવરસો સં. ૧૬૬૭ પો. શુ. ૨ ખંભાતમાં.

આદિ— રાગ ધન્યાશ્રી.

સરસતિ સામિની પાય નમીજી, ગાસ્યું નેમ જિણંદ,
સમુદ્રવિજય કુલ ઊપનોજી, પ્રગટયો પુનિમચંદ,
—સુણો નર નેમ સમો નહિ કોય. ૧

× × × ×

અંતે—

એહવા જિનવર વંદો સદા, જેહથી લહઇ નર ન આપદા,
રાજુલ તારી જિણુ જિણરાજ, આપ તર્યા સાર્યા સવી કાજ. ૭૦
સંવત સોલસડસઠામાંહિ પોસ માસ સુદ બીજ ઉચ્છાહ,
ખંભનયર ગુરૂરાજ પસાઉ, જિન સંથવિઉ મન ઉલ્લાસ. ૭૧

કલસ.

ઇય નેમજિનવર પુણ્યદિનકર, સકલગુણમણિસાગરો
જસ નામ જપીયઈ કરમ ખપિયેં છુટે ભવસાગરો,
તપગછ મુનિવર સયલ સુખકર શ્રી વિજયસેન સુરીસરો
તસ તણો શ્રાવક ઋષભ બોલે, થુણ્યો નેમિ જિનેશ્વરો. ૭૨

—લિ. શ્રી હર્ષરત્નજી શ્રી બુર્હાણપુર મધ્યે પ–૧૨ પ્ર. કા. નં. ૨૫૩.

(૩૯૬) કુમારપાલ રાસ. સં. ૧૬૭૦ ભા૦ સુ. ૨ ગુરૂ ત્રંબાવતી (ખંભાત)માં.

આદિ—

સકલ સિદ્ધ ચરણે નમું, નમું તે શ્રી ભગવંત,
નમું તે ગણધર કેવલી, નમું તે મુનિવર સંત. ૧
નમું તે શ્રી જિન બિંબને, નમું તે સૂત્રસિદ્ધાંત,
નમું તે ચતુરવિધ સંઘને, નમું તે નર મહંત. ૨
નમું તે કિરિયાપાત્રનેં, નમું તે તપીઆ પાય,
નમું તે નર શિલવંતને, જ્યમ સુખ શાતા થાય. ૩

નમું તે ગુરૂ ગછનો ધણી, નિર્મલ જસ આચાર,
મધુર વચન દિયે દેશના, વાણી સુધારસ સાર. ૪

વાણીએ જન રીઝવે, મહીમા સરસતી દેવ,
તેણેં તુજને નમું, શારદા સારો સેવ. ૫

સમરૂં સરસતી ભગવતી, સમરાં કરે જે સાર,
હું મુરખ મતિ કેલવું, તે તાહારે આધાર. ૬

* * * *

અંત—

આગિં જે મોટા કવિરાય, તાસ ચરણ રજ ઋષભાય,
લાવણ્ય, લીંબો, ખીમો, ખરો, સકલ કવિની કીરતિં કરો.
હંસરાજ, વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુહંસ, સમરો, સુરચંદ, શીતલ વચન જિમ શારદચંદ.
એ કવિ મોટા બુદ્ધિવિશાલ, તે આગલિં હું મુરખ બાલ;
સાયર આગલિ સરોવર નીર, કશી તોડી આછણ નિં નીર. ૫૫

* * * *

પૂર્વંઈ જે મહા પંડિત હવો, સૂરિ સોમ પંડિત અભિનવો,
પંચાસમિં પાટિ તે કહ્યો, તપાગચ્છ સિરિ હીરો થયો. ૫૮
કુમારપાલ પ્રબંધજ કર્યો, સુણતાં નરનારી ચિત વર્યો,
શાસ્ત્રઈ સંખ્યા અડત્રીસ, ગ્રંથ કર્યો ગુરૂ નાંમી સીસ,
સંવત ચઉદ બાણુંઉ ભલો, કુમારપાલ ગાયો ગુણનીલો. ૬૦
કાવ્યશ્લોક ગદ્ય જૂનાં જેહ, કેતાએકમાંહિ આણ્યા નેહ;
કેતાએક ભાવ ગુરૂ મુખથી લહ્યા, તે મિં જોડિં વીવરી કહ્યા. ૬૧
સોય ગ્રંથ હવડાં વંચાય, મનમ્હાં મત રાખો શંકાય,
તે પ્રબંધમાંહિં છેં જસ્યું, ઋષભ કહેં મેં આણ્યું તસ્યું. ૬૨

* * * *

અંતે—

હીઆરે હીઆરે હોઈહી ડોલડા–એ દેશી.

પુણ્ય પ્રગટ ભયો, પુણ્ય પ્રગટ ભયો, તો મુઝ મનિ મતિ એહ આવી,
રાસ રંગઇ કર્યો, સંસારસાગર તર્યો, પુણ્યની કોટડી મુઝ ફાવી—૫

સોલ સંવત્સરિ જાણુ વર્ષ સીત્યરી,
ભાદ્રવા સુદિ સુભ બિજ સારી,
વાર ગુરૂ ગુણુ ભર્યો, રાશિ ઋષભઇં કર્યો,
શ્રી ગુરૂ સાથઇં બહુ બુદ્ધિ વિચારી. ૬ પુ.

દીપ જંબૂઅ મહિખેત્ર ભરતિં ભલો, દેશ ગુજરાતિમાં સોય ગાસ્યું,
રાય વીસલવડો ચતુર જે ચાવડો, નગર વીસલ તિણઈ વેગ વાસ્યું.
૭ પુ.

સોય નગરિ વસઇ, પ્રાગવંશિ વડો,
મહરાજનો સુત તે સીહ સરિખો,
તેહ ત્રંબાવતી નગરઈ વાસો વસઈ,
નામ તસ સંઘવી સાંગણ પેખો. ૮ પુ.

તેહનઈ નંદનઈ ઋષભદાસે કહ્યો,
નગર ત્રંબાવતી માહિ ગાયો,
કુમર નરેસરૂ, રાજઋષિ બિરદધરૂ,
નામથી નવઇં નિધાન પાયો. ૯ પુ.

—ઇતિ શ્રી કુમારપાલ ઋષિરાસ સંપૂર્ણ સર્વ ગાથા ૪૬૯૯ ગ્રથાગ્રંથ શ્લોક ૫૮૦૦ સં. ૧૮૪૫ વર્ષે મહા વદિ ર દિને બુધવાસરે પૃ. ૧૫૪ પં. ૧૫ આ. ક.

—પંડિત શિરોમણિ પંડિતશ્રી ૫ શ્રી સુરકુશલ ગણિ શિ૦ ચરણ-પંકજ મધુવ્રતાયમાનેન ગણિ વિબુધકુશલેન લિપીકૃતં. સં. ૧૭૦૪ વર્ષે ફાગુણ વદિ ૩ ગુરૌ. શ્રી કચ્છદેશે ધમડકા નગરે–મહારાય શ્રી ખિંગારજી વિજય રાજ્યે. ૧૫૮–૧૫ માં.

(૩૯૭) જીવવિચાર રાસ. સ. ૧૬૭૬ આશો શુદ ૧૫ ખંભાતમાં.
આદિ— દૂહા.

સરસ વચન દો શારદા, તું કવીઅણુની માય,
તું આવી મુઝ મુખ્ય રમેય, મન ચિંત્યું થાય. ૧
વાણી વાહન કવણુ આહાર, તાસ પિતા કુંણુ હોય,
તાસ સુતા સ્વામી ભલો, તેહનો શાલક જોય. ૨
તેહનું વાહન કવણુ છે, તે વાહન જગી જેહ,
તે લંછણુ નર જેહને, હું સમરૂ નિત્ય તેહ. ૩
સમરિં સુખ બહુ ઉપજે, પ્રણમે પરમાણુંદ,
કનકવર્ણ જસ દેહમાં, પુજું ઋષભ જિણુંદ. ૪
પ્રથમ જિનેશ્વર એ સહી, મહીઅલિ પહિલો રાટ,
પ્રગટ કરી જેણુઈ વલી, મુગતિ નયરીની વાટ. ૫
પઢમ મુનીશ્વર એહવો, પ્રથમે કેવલજ્ઞાન,
ઋષભ કહે રંગે ધરૂં, ઋષભદેવનું ધ્યાન. ૬
જિણું ધ્યાને મતિ નિર્મલી, સફલ હુઇ અવતાર,
આદિનાથ ચરણે નમી, કહિસ્યું જીવવિચાર. ૭

* * * *

અંતે—

રાગ ધન્યાસી.

વીરવચન હઇઆમાંહીં ધરતાં, મુઝ મનિ અતિ આનંદોજી,
જીવવિચાર કહ્યો મિં વિવરી, ફલીઉ સુરતરૂ કંદજી. વીર. ૪૮૪
ભણુતાં ગુણુતાં સુણુતાં, સપદિ ઉછવ અંગણે આજજી,
જીવવિચાર સુણી જીકું રાખઇ, તેહનિં શિવપુર રાજજી. વીર. ૪૮૫
સકલ ધર્મમાંહિ મુખ્ય મઉ, જીવ દયા તે સારીજી,
જેણે પરપ્રાણી નિજ સંતોષ્યા, સોય તર્યા નરનારીજી. ૮૬
જીવદયા પાલતાં જાણો, નિર્મલ ઇંદ્રિય પંચજી,
દીર્ઘ આય તસ રોગ ન આવે, રૂપ ભલું સુખ સંચ. ૮૭

છેદન ભેદન તે નવી પામે તે કહીઈ નહી દુષીઓ,
જાતે પંચેંદ્રિય સુષ વિલસે, તે નર સઘલે સુખીઓ. ૮૮
હૂં સુખીઓ સૂષ પામ્યો, હૂં સમઝ્યો જીવવિચારજી,
પહનો પાંચમા ગુરૂ આધારજી. ૮૯
શ્રી વિજયાનંદ સૂરીશ્વર સમર્યો, તપગછ ઠાકુર વારૂજી,
હીરપટોધર હાથેં દીક્ષા, ભવિક લોકનો તારૂજી. ૯૦
જનમતણો જે છે ભૂમિચારી, પરણ્યો સંયમ નારીજી,
ક્રોધ માંન માયા નહિ મનમાં, આગમ અર્થ વિચારીજી. ૯૧
તૂઝ ચરણે શિરિ નાંમે કવિતા, તત્ત્વભેદ લહે સારજી,
ગુરૂ આધારે ગ્નાન લહીને કીધો જીવવિચારજી. ૯૨
સંવત સોલછયોત્યેર્યા વરષે, આસો પૂનિંમી સારજી,
ષંભ નયરમાહિં નીપાઉ, રચીઓ જીવવિચાર. ૯૩
સંઘવી શ્રી મહિરાજ વષાંણૂં, પ્રાગવંશ વડવીસોજી,
સમકીત સીલ સદાશ કહીઇં, પૂણ્ય કરે નિસદીસોજી. ૯૪
પડીકમણું પૂજા પરભાવન પોષધ પરઉપગારીજી,
વીવહાર શુદ્ધ ચૂંકે નહી ચતુરા શાસ્ત્રસુ અર્થ વિચારીજી. ૯૫
મહેરાજનો સૂત સંઘવી સાંગણ, વીસલ નગરનો વાસીજી,
જૈન ધર્મમાંહિં તે ધોરી, ન કરે વિકથા હાસીજી. ૯૬
વ્રત બાર ભણાવે હઇનરે, જીન પૂજે ત્રણિ કાલજી,
પરરમણી પરધનથી અલગા ન દીએ પરનેં આલજી. ૯૭
તપજપ કીરિયા કહીને, ન ચૂકે મૃષા ન બોલે પાંહિજી,
કર્મયોગેં આવ્યાઉ તે ઉહોરા, નગર ત્રંબાવતી માંહેજી. ૯૮
ઋષભદાસ સંઘવી સુત તેહનો, જૈન ધર્મનો રાગીજી,
જાંણુ હુઓ મુનિવર મહિમાયે, કરે કવિત બુદ્ધિ જાગીજી. ૯૯
સકલ મુનીશ્વરને શરિનાંમી, પ્રણમી કવિતા પાયજી,
અરિહંતદેવ ભણે આરાધી, સમરી બ્રહ્મ સુતાયજી. ૫૦૦

જીવવિચાર મેં કર્યો, વિવેકે પહોતી મનની આસજી,
ભણતાં ગુણતાં ગાજૂં, હઈડઈ અતિઉહોલાસજી. વીર. ૫૦૧
ઋષભદાસ કહે જે નર સુણસે, તે ઘરિ રિદ્ધિ ભરાસેજી,
સુખસાતા સુધ ગુરૂની સેવા, દિન દિન ઉછવ થાશેજી. વીર. ૫૦૨
—ગ્રંથાગ્ર ૭૧૪–લીં.

(૩૯૮) **નવતત્ત્વરાસ** સં. ૧૬૭૬ દીવાળી. રવિવાર. ખંભાતમાં.
આદિ— દૂહા.

આદિ ધર્મ જિણઈ ઉધર્યો, નાભિરાય સુત જેહ,
મરૂદેવી પૂતજ ભલો, સહી સંભારૂં તેહ. ૧
ઋષભજ નામ જગ રૂઅડું, કનક વર્ણન જસ કાય,
પૂર્વ લાખ ચઉરાસીઆં, આદીશ્વરનું આય. ૨
દેહિ લક્ષણ જસ દીપતાં એક સહસ નઈ આઠ,
ત્રતી આરઈ દેખાડતો, મુગતિ નયરની વાટ. ૩
અષ્ટાપદ ગિરિ ઉપરિ, સહસ દસ પરિવાર,
ઋષભદેવ મુગતિં ગયા, ધનિ તેહનો અવતાર. ૪
સહસ ચુરાસી મુનિવર, ચોરાસી ગણધાર,
ત્રિણ્ય લાખ અજીઆ નમું, ઋષભતણો પરિવાર.

× × × ×

અંતે— ઢાલ ચૈત્રી પુનિમ દિન.

એ રાસ રચતા સુખશાતા હુઈ અંગિ.
મન વાંછયો પામ્યો ફલ્યાં મનોરથ રંગિં,
તે નર પૂન્યવંતા હોઇ મનોરથ પૂરા, મન વાંછ્યૂં થાઇ જાણે પુણ્ય અંકુરા.૮૮
જિનમંદિર મોટું કરીનઈ કલશ ચઢાવઇ, સંઘતિલક ધરાવી કરી યાત્ર ઘરિ આવઈ
દાન વેલા જ્યારિં તેણી વેલા મલિ પાત્ર, તે નર પુણ્યવંતા નિરમલ
તેહનાં ગાત્ર. ૮૯
કરી શાસ્ત્ર પીઠિકા ઉપરિ કલસ ચઢાવ્યો, ઇહિભવિ પરભવિ તે ભવહ
ભવાંતર ફાવ્યો.

પુન્ય પસરઇ જાઝૂં જિમ જલમાંહિ તેલ, રૂધિરમણી સુર સુખ સુભ
બંધવની વેલિ. ૯૦
ઇંદ્રી તસ નિર્મલ અતિ પોઢું તસ આય, ફલઈ સુરતરૂ અંગણિ
કામધેનુ ઘરિ ગાય,
મંડપ ધરિ તોરણ હાથા કુંકમ કેરા, એ રાસ રચંતાં ફલ્યાં મનોરથ મેરા.૯૧
નવતત્ત્વ રચ્યા મિ કવિજન ચરણ પસાયઇ, કાંઇ દૂષણ દેખો ટાલેજ્યો
તુમ ત્યાંહિ;
હું બાલિક વાછો તુમ હસ્તી કવિરાય, તુઝ તુઝ ગલિ ઘંટા તેણઈ કાંઇ
તોડિ ન થાય. ૯૨
હંસ ગરૂડ પંખી આભ મર પંખિયા જોય, નામઇં સહુ સરીખા
અંતર સબલો હોઇ,
આગઈ જે કવિતા હું પણિ કવિતા નામ, ઇહાં અંતર જોજ્યે જિસ્યો
નેસડો ગામ. ૯૩
વલિ સરિખો જોજે પીત હાટિકનો રંગ, પણિ અંતર બહુ છઈ જિમ
સેઢી નઈ ગંગ,
વલિ એણઇ દૃષ્ટાંતઈ હું મુરિખ તુમ આગઈ, કાંઇક બુદ્ધિ પામ્યો ચરણ
તુમારઈ લાગિં. ૯૪

ઢાલ હીંચરે હીંચરે એ દેસી.

સકલ કવિ મનિ ધરૂં ભગતિ ગુરૂની કરૂં જેહથી જ્ઞાનના બિંદુ પામું,
વર તપા ગછ પાટિં ગુરૂ હીરનઈ શ્રી વિજયસેનસૂરિ શીશ નામું. ૯૫ સ૦
જેહનઈ પાટ દીધા પછી વાધીઉ, ગછ ગંગજલ પ્રવાહ પ્રરિં
શિષ્ય બહુ શિષ્યણી, શ્રાવક શ્રાવિકા, લીલલક્ષ્મી બહુ તેહ ઘરઇં. ૯૬ સ૦
ભુવન મોટાં થયાં બિંબ ઝાઝાં કલ્યાં જ્ઞાન વૈરાગ્ય કીરિયા જ વાધી,
સોઈ ગુરૂ શિરિ ધર્યો રાસ ઋષભઈ કર્યો, રત્નની ખાંણિ મુઝ આજ
લીધી. ૯૭ સકલ૦
તેહનઇ પાટિ શ્રી વિજયતિલકસૂરિ શીલ નઇ જ્ઞાન બે પક્ષ પૂરો,
અસત્ય બોલઇ નહિ અઇગિ બોલઇ નહિ ઇંદ્રીઅ પંચ દમવાજ સૂરો. ૯૮ સ૦

તેહનઈં પાટિ એક પુરૂષ પણિ પ્રગટીઉ, નહીંજ નંધા તસ ખિમા પૂરી
મધૂર વાણી ભલી ગાજતી ગોહરી, નામ શ્રી વિજયાનંદસૂરી. ૯૯ સ૦
શ્રાવક તેહનો પ્રાગવંસિં વડો નામ મહિરાજ સંઘવીજ કહીઈં,
દાન નઇં શીલ તપ ભાવના ભાવતાં, સમકિત શીલવ્રતધાર લહીઇ. ૧૦૦
તેહનો પુત્ર ભલ સંઘવી સાંગણુ, દ્વાદસવ્રત સમકિત સાથિં
પોષધ પુન્ય ઉપવાસ બહુ આદરઈં, અરિહંત પૂજઈ નિત આપ હાથઈં. ૧ સ૦
તેહનઈં નંદનઈં ઋષભદાસઈં કર્યો સંવત સોલછોહોત્તર જ્યારિ,
માસ કાર્તિક ભલો દિવસ દીપકતણો, વાર આદિત્ય ભાખુંજ ત્યારિં. ૨
રાસ નવતત્ત્વનો એહ સુહામણો નગર ત્રંબાવતી માંહિ કીધો,
સાસ્ત્ર બહુ સાંભલી અરથ લીધા વલી, વચન જિહ્વાતણો ફલહી લીધો. ૩
જોડતાં સુખ બહુ સુણુત શાતા સહૂ, વાંચતાં વંછિત વસ્તુ લહીઈં,
રાસ ઋષભિં કીઉ ઋષભજિન નામથી, ખેમ કલ્યાણુ ચિરંજીવ કહીઈં. ૪
—સકલ કવિ મનિ ધરૂં ભગતિ ગુરૂની કરૂં.

—સંવત ૧૭૬૬ વર્ષે ચૈત્ર વદિ ૧૫ રવૌ. ૩૮-૧૪ પ્ર. કા. નં. ૮૨૩;-૩૩-૧૫ ઝીંઝુવાડા ભંડારમાં.

(૩૯૮) અજાપુત્ર રાસ. સં. ૧૬૭૭—અમ૦

(૩૯૯)+ ભરત બાહુબલી રાસ. સં. ૧૬૭૮ પોશ શુ. ૧૦ ગુરૂ.

આદિ— દૂહા.

સાર વચન ઘો સરસ્વતી, તું છે બ્રહ્મસુતાય,
તું મુજ મુખ આવી રમે, જિમ મતિ નિર્મળ થાય. ૧

તું ભગવતી તું ભારતી, તાહરાં નામ અનેક
હંસગામિની શારદા, તુજમાં ઘણો વિવેક. ૨

બ્રહ્માણી બ્રહ્મચારિણી, દેવકુમારી નામ,
ષટ્ દર્શનમાં તું સહી, સહુ બોલે ગુણગ્રામ. ૩

વિદુષોની માતા સહી, વાગેશ્વરી તું હોય,
તું ત્રિપુરા બ્રહ્મવાદિની, નામ જપે સહુ કોય. ૪

હંસવાહિની તું સહી, વાણી ભાષા નામ,
તું આવી મુજ મુખ વસે, જિમ હોય વાંછિત કામ. ૫

ઢાલ ૧.

કરજો માતા વાંછ્યું કામ, પ્રથમ જપું હું તાહરૂં નામ,
તું મુજ માતા રાખે મામ, બોલું ભરતતણા ગુણગ્રામ.

* * * *

અંતે—

ઢાલ ૮૪ મી. દેશી—દીઠો દીઠો વાંમાકો—રાગ ધન્યાસી.

કીધો કીધોરે મેં રાસ અનૂપમ કીધો,
મહીરાજનો સુત સંઘવી સાંગણ, પ્રાગ્વંશીય પ્રસિધ્ધોરે. કી. ૧
દાન શીલ તપ ભાવના ભાવે, શ્રી જિનના ગુણ ગાવે,
સાધુ પુરૂષને શીષ નમાવે, જિનવચને ચિત્ત લાવેરે. કી. ૨
દ્વાદશ વ્રતતણાં તે ધારી, જિન પૂજે ત્રણ કાળ,
પોષધ પડિક્રમણાં પુન્ય કરતા, જીવદયા પ્રતિપાળરે. કી. ૩
સંઘવી સાંગણનો સુત કવિ છે, નામ તસ ઋષભજદાસ,
જનની સરૂપાદેને શિર નામી, જોડયો ભરતનો રાસરે. કી. ૪
સંવત સોળ અઠ્યોતરો આખું, પ્રગટયો પોસજ માસ,
દશમિ તણો દાહડો અતિ ઉજ્વળ, પહોતી મનતણી આશરે. કી. ૫
ગુરૂવારે મેં રાસ નિપાયો, અશ્વિની તિહાં નક્ષત્ર,
સંઘવી ઋષભદાસ એમ ભાખે, ભરતનું નામ પવિત્રરે. કી. ૬

+ પ્ર૦ આનંદકાવ્ય મહોદધિ ભા. ૩.

(૪૦૧) સમકીતસાર રાસ. સં. ૧૬૭૮ જેઠ શુદ ૨ ગુરૂ ત્રંબાવતી (ખંભાત)માં.

અંતે—

ઢાલ—દેસી. કહણી કર્ણી તુંજ વણ દૂજો.

આશા પોહોતી મુઝ મન કેરી, રચીઉં સમકીત સારજી,
અક્ષર પદ ગાથા જે જાણું, તે કવીનો આધારજી.
—આશા પોહોતી મુઝ મન કેરી. ૫૮

આગિ જે કવી હૂંઆ વડેરા, હું તસ પગલે દાસજી,
તેહના નામ તણા મહીમાથી, કવીઓ સમકીત રાસજી. આશા. ૫૯
રાસ રચંતા દૂષણ દીસઈ, તે મતિ માહારી થોડીજી,
પૂરા ભેદ નવિ સમજૂં સુધા, પદ નવી જાણૂં જોડીજી. આશા. ૬૦
તું૫ આધારિ બુદ્ધિવિન બોલુ, સૌમ્યદૃષ્ટિ તૂંમ કરયોજી,
વિબુધ પણઈ સોજી સૂધ કરજ્યો, દૂષણ તુમ કાં ધરજ્યોજી,
આશા. ૬૧
મિં માહારી મતિ સારૂ કીધો, સેવી પંડીત પાઇજી,
ગુરૂ મહિમાથી ફલો મનોરથ, ચ્યંતું કારય થાઇજી. આશા. ૬૨
ગુરૂથી સુખીઓ ગુરૂથી શુભ ગતિ, ગુરૂથી નીજ ગુણ વાધઇજી,
ગુરૂથી ગ્યાની ગુરૂથી દાની, આગમ અર્થ બહૂં લાધઇ જી. આશા. ૬૩
ગુરૂથી કયરીઆ, નર નિસ્તરીઆ, અંતરિ ઊપશમ ભરીઆજી,
ગુરૂથી ગાજઇ કયાહાં નવી ભાજઇ, ગુરૂનામિં બહૂ તરીઆજી. આશા. ૬૪
તેણઈ કારણિં નર ગુરૂનિં સેવો, નમિં વિજયાનંદોજી,
ગ્નાનવંત નામ જપંતાં, ઓછવ બહુ આનંદોજી. આશા. ૬૫
બાલપણઇ જે સંયમધારી, જનમ તણા બ્રહ્મચારીજી,
આગમ દરીઓ ઉપશમ ભરીઓ, ન કરિ તાતિ પીઆરીજી. આશા. ૬૬
હીર પટોધર હાથિં દીખ્યા, દોષ રહીત લઈ ભીક્ષાજી,
મધુરૂં બોલઇ ઇખુંરસ તોલઇ, સુપરિં દઈ નર સીક્ષાજી. આશા. ૬૭
જેહ નીરોગી સુધો જોગી, વઇર વિરોધ સમાવઇજી,
વીજયાનંદ સુરીનિં સેવઈ, તે સુખશાતા પામઇજી. આશા. ૬૮
તપગછ ધોરી કીરતિગોરી, રૂપવંત આચારીજી,
ગુણ છત્રીસે જે નર પુરો, જેણઇ તાર્યા નરનારીજી. આશા. ૬૯
તે સહિ ગુરૂના ચર્ણ પખાલી, સેવી સરસતિ પાઇજી,
ચોવીસઇ જિન ગણધર નામિં, સમકીત સાર રચાઇજી. આશા. ૭૦
વારણ વાડવ રસ સસીસંખ્યા, સંવછરની કહીઇજી,
શ્રીપતિ વૃષ સહોદર સમપખિ, માસ મનોહર લહીઇજી. આશા. ૭૧

પ્રથમ પક્ષ ચંદ્રોદઇ દૂતીઆ, ગુરૂવારિં મંડાણુજી,
ત્રંબાવતી માહિં નીપાઓ, વિબુધ કરઈ પરમાણુજી. આશા. ૭૨
શ્રી સંઘવી મહઇરાજ વખાણૂં. વીસલનગરના વાસીજી,
વડા વીચારી સમકીત ધારી, મિથ્યા મતિ ગઈ ન્હાસીજી. આશા. ૭૩
તાસ પુત્ર છઈ નયન ભલેરા, સાંગણ સંઘ ગછધોરીજી,
સંઘપતિ તીલક ધરાવ્યાં તેણુઈ, વાધી પૂજ્યની દોરીજી. આશા. ૭૪
બાર વરતના જે અધિકારી, દાનશીલ તપ ધારીજી,
ભાવિં ભગતિ કરઇ જિનકેરી, નવિ નરખઇ પરનારીજી. આશા. ૭૫
અનુંક્રમિં સંઘવી જે સાંગણુ, ત્રંબાવતી માહ આવેજી,
પોષધ પૂણ્ય પડીકમણૂં કરતા, દ્વાદશ ભાવના ભાવઇજી. આશા. ૭૬
શ્રી સંઘવી સાંગણ સૂત પેખો, ઋષભદાસ ગુણ ગાયજી,
પ્રાગવંશ વીસો વીસ્તાર્યો, રીડી માતું પસાઇજી. આશા. ૭૭
ચોવીસઇ જિનનામ પસાયિ, સારદાનો આધારજી,
રીષભદાસ કવી રચના કરતો, કવીઓ સમકીત સારજી. આશા. ૭૮
ભણઇ ગુણઇ વાંચઇ વંચાવઈ, તે ઘરિ ઋદ્ધિ ભરાઇજી,
ઋષભ કહઈ એ રાસ સુણુંતાં, સમકીત નીર્મલ થાઇજી. આશા. ૭૯

—ઇતિ શ્રી સમકીતસાર રાસ સમાપ્તઃ ગામ ત્રંબાવતી મધે લખીતં સંવત્ ૧૬૭૯ વર્ષે વૈશાખ શુદિ ૩ બુંમે. ડે. કૉ. લાય. નં. ૧૪૯૪-સને ૧૮૮૭-૯૧.

યાદશં પુસ્તકં દૃષ્ટ્વા તાદશં લિખિતં મયા
યદિ શુદ્ધ મશુદ્ધં વા મમ દોષો ન દીયતે
ભગ્ના પૃષ્ઠી કટીગ્રીવા નેત્રસ્પ્યાયધોમુખં
કષ્ટેન લખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્
જલાત્ રક્ષેત્ તૈલાત્ રક્ષેત, રક્ષેત્ સ્થલબંધનાત્
પરહસ્તગતા રક્ષેત્ એવં વદતિ પુસ્તિકા. ૧૩

શ્વેતાંબરે લઘુશાખાયાં લેખક કાન્હજી લખીતં.

(૪૦૨) +બાર આરા સ્તવન. અથવા ગૌતમ પ્રશ્નોત્તર સ્ત૦ ૧૬૭૮ ભાદ્રપદ શુ. ૨ ત્રંબાવતી (ખંભાત)માં.

આદિ— દૂહા.

સરસતિ ભગવતિ ભારતી, બ્રહ્માણી કરિ સાર,
આરા બાર તણો વલી, કહિસૂં સોય વિચાર. ૧
વરધમાન જિનવર નમૂં, જસ અતિસય ચોતીસ,
સમોસરણિ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ. ૨
ગોતમ પૂછિ વીરનિ, પરઉપગારાં કામિ
અનેક બોલ વિવરી કરી, ભાષિ ત્રિભોવન સ્વામિ. ૩

* * * *

અંતે—

પૂછયાં વચન કહ્યાં તે વીરિ, ચિત્તમાં ધરીયાં ગૌતમધીરિ,
ભણુતાં ગુણુતાં સુષ શરીરિ, ઋદ્ધિ ઘણી ઘર ભરીયા ચીરિ. ૭૪

કલશ.

ભલ સ્તવન કીધૂં નામ લીધૂં ગૌતમ પ્રસ્નોત્તર સહી,
સંવત સિદ્ધિ મુનિઅંગ ચંદિ ભાદવસુદિદ્વિતયા તહી ૭૫
તપગચ્છ તિલક સમાન સહગુરૂ શ્રી વિજયાણંદ સૂરીસરો,
સાંગણનો સુત ઋષભ બોલિ, કહિ ગચ્છ મંગલ કરો. ૭૬

—સંવત ૧૬૯૦ વર્ષે પોસ સુદિ ૨ રવૌ લષિતં. વિ૦ ધ૦ ૪-૧૪

—પ્ર. ચૈત્ય. આદિ સંગ્રહ ભા. ૩ જો પૃ. ૧૧૭-૧૨૫.

આમાં દેશીઓ આ છે:-ઢાલ૨ મનોહર હીરજીરે,-ઢાલ ૩ સુરસુંદરી કહિ શિરનામી, ૪-ભાવિ પટોધર વીરનો, ૫-કાન્હ વજાડિ વાંસલી-૬ સીહતણી પરિએ બોલો-૭ પાટકુસુમ જિન પૂજપરૂપઈ-૮ સાલિભદ્ર મોહ્યોરે શિવરમણી રસિરે-૯ રામ ભણુઇ હરિ ઉઠીઇએ-૧૦ પ્રણમી તુમ સીમંધરૂજી-૧૧ મુગધ દેસકો રાજ રાજેસર-૧૨ ચંદ્રાયણની.

—સં. ૧૭૨૨ આશો શુ. ૧૫ ભોમે લિ. પા. ૬-૧૦ આ. ક. ૫-૧૨ આ. ક.

(૪૦૩) પૂજાવિધિ રાસ. ૧૬૮૨ વૈશાખ સુદ ૫ ગુરૂ. ખંભાતમાં.

આદિ— દૂહા.

સરસ વચન દિઉં સરસ્વતી, સમર્યાં કરજે સાર,
તુ તુઠિ મુખિ આપજે, વાણિનો વિસ્તાર. ૧
પદ પૂર્ણ અખ્યર સમા શબ્દ સાર ગુણ પરમ
આપે સુગણિ સાર દાન લહું પુરો ભરમ. ૨
ભેદભાવ ભલ ઊપજઈ, તુસઈ જો તુ પરાય,
બ્રહ્મસુતા કમલિ વસઇ, તો મનિ ચ્યંત્યુ થાય. ૩
વાગ્નેસ્વરિ વાણિ વિના વચન હોઇ કિમતંત,
સૌમ્ય દ્રષ્ટિ હોઇ સારદા, વચંન વાણિ દીપંત. ૪
ખ્યોભ ન પામઇ બોલતો, પૂછયાં ઉતર દેહ,
સકલ શભા રંજઈ ઘણુ, ચંત્યું કાજ કરેહ. ૫

* * * *

અંતે—

મિ મનસ્યુધિં રચીયો રાસ, ફ્લ્યો મનોરથ પોહોતી આસ,
ત્રંબાવતિમા જોજયો સહિ, સુણી પુરૂષ સહુ ગહમહઇ. ૫૯
સંવત બાહુ સિદ્ધિ અંગચંદ, શબ્દ આણતાં રંગ
વહઇસ્યાપ શુદિઇ જલ પંચમી, ગુરૂવારિ મતિ હુઈ સમી. ૬૦
જોડયો મિં પૂર્જાવિધિ રાસ, બ્રહ્મસુતાઇં પૂરી આસ
ભાખઇ કવિતા ઋષભદાસ, સુણતા ધરિ કમલાનો વાસ. ૬૧

ઢાલ. કહરણી કહરણી તુઝવિણુ સાચો, રાગ ધન્યાસી.

ધરિ કમલા કંતા નિ ભ્રાતા, માતતાત સુત સારોજી
હઇ ગય રથ ચ્યવરિ ગુણવંતી, અતિ પોઢો પરિવારોજી. ધરિ. ૬૨
સાર વસી સઘલી ધરિ લહિઇ, ગુરૂનામિં ગહગહીઈજી
શ્રી વિજયાણંદ સુરી શિરોમણી, નામઇ નવનિધિ સહીઇજી. ધરિ. ૬૩
તપગછ નાયક સ્યુભ સુષદાયક ઉપશમ રસનો દરિઓજી,
તેહતણા પદપંકજ પુજી, રાસ પૂજાવિધિ કરિઓજી. ધ૦ ૬૪

પ્રાગવંશમ્હાં સંઘવિ સાંગણ, બાર વરતનો ધર્માજી,
દાન પૂણ્ય પડીક્રમણા કરતા પૂજા કરઇ નીત્ય સર્માજી. ધ૦ ૬૫
સંઘવિ સાંગણનો સુત શ્રાવક, ઋષભદાસ ગુણ ગાવઇજી,
જે જિનની પૂજા આદરતો, અનંત સુષ તે પાવઇજી. ધરિ. ૬૬

—હમણાં ૧૯૭૫ માં લખેલી—વિ ધ. ૧૯–૧૫

ચતુર્વિંશતિ જિન નમસ્કાર.

ઉદાઈ અરજુન અનેકનર ગયો તિમ મેઘકુમાર
કવિ ઋષભ કહિ વીરવચનથી બહુ જન પામ્યા પાર. ૨૪

—(ઉદયપુર ભં. ગોડીજીનો)

(૪૦૪) શ્રેણિકરાસ સં. ૧૬૮૨ આશો સુદ ૫ ગુરૂ ખંભાતમાં

આદિ—

આદિ અનાદેઈ સરસતી, સદા જગિં તુઝ માન,
સહુકો સેવિ સારદા, બાલ કરિ તુઝ ધ્યાંન. ૧
ષટ્ દરસણમાંત્ત સહી, તહારો સઘલિ વાસ,
કરો કૃપા તો ગાઇએ, નર શ્રેણિકનુ રાસ. ૨
સમરૂં સરસતિ ભગવતી, ધ્યાંન ધરૂં નવકાર,
આદિ અનાદ અરહંત જપૂં, જંમ પાંમૂં ભવિપાર. ૩
સકલ સિધિ સમરત સહી, ગણધર કરૂં પ્રણામ,
આરાધૂં ઊવઝાયનિ, જેમ સીઝિ મૂઝ કામ. ૪
સકલ સાધ સુપરિ નમૂં, કેવલજ્ઞાંની સાધ,
સીયલવંત મૂંનીનઈ નમૂ, ન કરઈ કોહનઈ બાધ. ૫
ત્રવધિ તપીયા મૂની નમૂં, જંન પઢમાનો જાપ,
આગમ મોટા કવિ નમું, નાસઈ પૂરવ પાપ. ૬
એણુંઈ ધ્યાંનઈ મત નરમલી, મુખ્ય સરસતનો વાસ,
પઢમ તીરથંકર એહ સંઈ, કહુ શ્રેણિકનો રાસ. ૭

ચોપઇ.

નૃપ શ્રેણિકનો ગાસૂં રાસ, ભણતાં ગુણતાં પોહુચઇ આસ,
કવણ દીપ કોણ ખેત્રે વાસ, કેહેસૂં દેસ નગરવલી તાસ. ૮

× × × ×

અંતે—

રાસ રચ્યો રંગિ કરી, નામી કવિજન સીસ,
હું બાલક છું તુમતણો, તુમથી લહુ જગીસ. ૧૮૦૭

॥ ઢાલ. ॥ ચંદનભરીરે તલાવડી રાગ મેવાડુ.

તુમ નામિં સુખ પામીઇરે, ગુરુનામિ ગુણ હોઇ સોભાગી;
શ્રી વિજઆનંદનિ નમુરે, તપગચ્છ નાયક સુય સો૦
કરિ કરિ સેવા ગુરુતણી.
તપ તેજિં કરી દીપતુરે, વઇરાગી લઘુવેશ; સો૦
ભવિજન લોકનિ તારવારે, વીચરઇ દેશ વદેશ. સો૦ કરિ૦
માહા ભાગ્યેગ નર એહનુરે, સહૂકો નમિઉ પાય; સો૦
ઋષભિં રાસ રચ્યો સહીરે, શ્રી ગુરુ ચરણ પસાય. સો૦ ૧

॥ દૂહા. ॥

ગુરુનામિં જસ પામીઉ, બ્રમાણી આધાર;
શ્રી નવકાર મહીમા થકી, વરત્યો જઈ જઈ કાર. ૧૧

॥ ઢાલ. ॥ હીચોરે હીચો.

કામ સીધાં સહી, કામ સીધાં સહી, શ્રીઅ શ્રેણિકનૃપ રાસ કીધો,
એહ ત્રંબાવતી માંહિ ગાયો સહી, નગર સઘલાં માંહિ જે પ્રસીધો,
કોટ ત્રંબાતણો દિવ્ય કીધો, કાંમ સીધાં સહી કામ૦ ૧૨
તપન તરપોલીઉં, કોટ બરજિં ભજ્યો, સાયર લહઇરિં બહુ વહાંણ આવઇ;
વસત વિવહારીઆ, કનકકોડે ભર્યા, ઉઠિ પરભાતિ જિનમંદિર જાવઇ;
શ્રીઅ દેવગુરુતણા, ગુણહી ગાવઇ. કાંમ૦ ૧

પ્રવર પ્રાસાદ પંચ્યાસીઅ પ્રણુમીઈ, જ્યાંહા પોશાલ બહઈતાલીસ દીસઈ,
ગોચરી સગમ તે સાધનિં અહીકયું. અહીઅ રહતાં મુની મનહી હીસઇ;
તેહ જાંણો તુમ્હો વિસાજગીસઇ. કામ૦ ૧૪
પૌષધ પ્રાસાદ વ્યાપાર પાસઇ સહી, શાક પાસઇ લીઇ સ્વાદ રસીઆ;
ઋષભ કહઈ તેહ જગમાહ ધના સહી, જેઅ ત્રંબાવતી માહિ વસીઆ;
શાસ્ત્ર સુણુવા નર જેઅ રસીઆ. કામ૦ ૧૫

॥ દૂહા. ॥

સકલ કામ સીધાં સહી, રચીઉ શ્રેણિક રાસ;
મેર મહી સુર ભુવન જિહાં, તવલગિં એહનુ વાસ. ૧૬

॥ ઢાલ. ॥ ઉતારે રે આરતી અરિહંતદેવા રાગ ધન્યાસી.

સંભલાંવોરે નિશદિન રાસ રુડા, સાંભલી બાંધજ્યો પુન્યમૂંડા;
સંભલાવોરે. ૧૭
સંવત બાહુ દીગ દરિસણુ ચંદઈ, માસ આસો નરખોજ આનંદિં. સં૦ ૧૮
ઉજલી પાંચમનિં ગુરુવારો, શ્રેણિકરાસનુ કીધ વિસ્તારો. સં૦ ૧૯
સાતઈ ખંડ સંપૂરણુ કીધા, આજ મનોરથ સઘલા સીધા. ૨૦
સાતઈ ખંડ સુણુઇ નર જેહો, સાતઈ નરગ નિવારતા તેહો. સં૦ ૨૧
સાતઈ ખંડ સુણુઈ નરનાયો, સાત ભઇ નુહઇ તસ ઘરિ બાર્યો. સં૦ ૨૨
સાતઈ ખંડ સુણી જાગ્યો, સપત સુખી પ્રભવઇ નહી આગ્યો. સં૦ ૨૩
સાતઈ ખંડ ઉપરિદિ ચીંતો, તસ ઘરિ નુહઇ સાતઇ ઈતિયો. સં૦ ૨૪
સાતઈ ખંડ રચઇ નર જેનિં, સાતઈ સમુદ્ર ન પ્રભવઇ તેનિં. સં૦ ૨૫
સાતઈ ખંડની સુણુતાં વાતો, પુણ્ય પ્રગટઈ તસ સાતઈ ધાતો. સં૦ ૨૬
સાતઇ ખંડ લખી ગુણુગાઇ, સાત કટિક તણો સ્વામી થાઇ. સં૦ ૨૭
સાતઈ ખંડ સુણિઇ નરરાયો, સપ્ત ઘોડા તણો નાયક થાયો. સં૦
સાતઈ ખંડ સુણુઇ નર જેહો, સપ્ત હાથી નર પામઈ દેહો. સં૦ ૨૮
સુણુતાં ભણુતાં ઇમ ગુણુ થાઈ, લખાવતાં પુણ્ય કહિઉં ન જાઇ. સં૦
પરત્ય લખાવી સાધનિં આલઇ, કાલ ઘણો પુણ્ય તે પણિ ચાલઈ. સં૦
દેસ પરદેસ મ્હાં વિસ્તરઇ ગ્યાનો, સગમ હોઇ તસ કેવલન્યાનો. સં૦

જેહ જોડી ગુણ જિન તણુ ગાઈ, તેહનુ પુણ્ય કાઇ લખ્યું ન જાઈ. સં૦
જોડી વીરતણા ગુણ ગાવઈ, તીર્થંકર ગણધર પદ પાવઈ. સં૦
ઈંદ ચક્રી ઇંમિપણું અજે કહીઇ, તિહની રિદ્ધતો હાથમ્હાં લહીઇ સં૦
તેણુઇ કારણિ શ્રેણિકનો રાસો, જોડી ગાઇ કવી ઋષભદાસો. સં૦
પ્રાગવંસિ સંઘવીજ મઇહિઈરાજો, તેહ કરતા બહુ ધર્મનાં કાજો,
સંઘવી સાંગણ સુત વલી તાસો, અરિહંત પૂજઇ જિનવીરના દાસો;
સાંગણ સુત કવિ ઋષભજદાસો, કરત શ્રેણિક નરરાયનો રાસો
ગણતાં ભણતાં સુણતાં સારો, સકલ સંઘનિ જઈ જઇ કારો. ૧૮૩૯

— ઇતિશ્રી શ્રેણીકરાસ સંપૂર્ણ, શ્રીરસ્તુ સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લખીઇ છઈ

* * * *

(ટીપ ઉતારી છે.)

સંવત ૧૬૯૭ વર્ષે માઘ વદિ અષ્ટમી રવિવાસરે સા. યકા વીરાના પાના આંણીનિ ઉતારો છ। લખિતં ગાંધી માધવસુત વર્ધમાન પઠનાર્થ રામજી.

—સં. ૧૭૫૯ વર્ષે માહ વદિ ૧૩ બુધે ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ પટ્ટે સકલપુરંદર ભટ્ટારક શ્રી વિજયરત્નસૂરીશ્વરરાજ્યે મહોપાધ્યાય શ્રી વિમલવિજય ગણિ શિષ્ય પંડિત શુભવિજય ગણિ તત્ શિષ્ય પં. રામવિજયેન લિપીકૃતં શ્રી સૂર્યપુર નગરે—૬૬-૧૫ પ્ર. કા૦ નં. ૩૭૫.

(૪૦૫) +હિતશિક્ષા રાસ. સં. ૧૬૮૨ માહ સુદ ૫ ગુરૂ ખંભાતમાં
આદિ—

કાસમીર મુખમંડણી, ભગવતિ બ્રહ્મસુતાય,
તું ત્રિપુરા તું ભારતી, તું કવીજનની માય. ૧
તું સરસતિ તું શારદા, તું બ્રહ્માણી સાર,
વિદુષી માતા તું કહી, તુઝ ગુણનો નહિં પાર. ૨
હંસગામિની તું સહી, વાઘેશ્વરી તું હોય,
દેવિ કુમારી તું સહી, તુઝ સમ અવર ન કોય. ૩

ભાષા તું બ્રહ્મચારિણી, તું વાણી દે વાણી,
હંસવાહિની તું સહી, ગુણુ સઘલાની ખાણિ. ૪
બ્રહ્મવાદિની તું સહી, તું માતા મતિ દેહ,
તું રમજે મુખ માહરે, ચિંત્યું કાજ કરેહ. ૫

ઢાલ ચોપાઇની દેશી.

ચિંત્યું કાજ કરેશું આજ, તુઝ નામે સવિ સરિયાં કાજ,
તુઝ નામેં બુદ્ધિ પામું સાર, જ્ઞાન વિના જીવિત ધિક્કાર. ૧
તે દારિદ્રી જગમાં ભલા, જ્ઞાનસહિત દીસે ગુણનિલા,
અર્થસહિત ને શાસ્ત્ર રહિત, તે નર નાવે મહારે ચિત્ત. ૨
જ્ઞાની કાપડી આગલ કર્યો, મૂરખ મહોટો ભૂષણ ભર્યો,
બહુ આભરણેં શોભે નહિં, જ્ઞાન ભલો તો શોભે તહીં. ૩
જ્ઞાની નર સઘલે પૂજાય, નરપતિ નિજ નગરેંજ મનાય,
જ્ઞાની ભલો નર જોહુ કુરૂપ, કોણ જુવે કોયલનું રૂપ, ૪
કોયલરૂપ સ્વર મધુરો જેહ, તપસ્વીરૂપ ક્ષમાજ કહેહ,
પતિવ્રતા નારીનું રૂપ, કુરૂપને વિદ્યાજ સુરૂપ. ૫
અધિકું રૂપ તે વિદ્યા કહી, ગુપ્ત ધન તે વિદ્યા સહી,
યશ સુખની દેનારી એહ, વાટેં બાંધવ સરિખી જેહ. ૬
વિદ્યા રાજભવનેં પૂજાય, વિદ્યાહીન અજ પશુઆ માય,
લક્ષ્મી પણુ જુગતો શોભતી, જો ઉપર બેઠી સરસ્વતી. ૭
નાણાં ઉપર અક્ષર નહિં, તે નાણું નવિ ચાલે કહિં,
જિહાં અક્ષરતિહાં મહત્ત્વ તે બહુ, ઉત્તમ અંગ તે પૂજે સહુ. ૮
તિણુ કારણુ અધિકી સરસ્વતી. જેહથી ગણુધર હુઆ યતી,
આચારિજ મહોટા ઉવઝાય, પંડિત પદ તે તુઝથી થાય. ૯
મુગતિતણી પદવી પણુ હોય, જ્ઞાન સમું નહિં દૂજું કોય,
જેહથી સકલભેદ જલ લહે, સ્વર્ગ નરગની વાતો કહે. ૧૦
કહે પૃથિવી સાયરનાં માન, નદી ડુંગર ને નગર નિધાન,
જીવ અજીવના ભાખે ભેદ, ભાખે વિવરી ત્રણ્યે વેદ. ૧૧

જાણે પુણ્ય પાપની વાત, સાધુધર્મ શ્રાવક અવદાત,
ભવ્ય અભવ્ય જ્ઞાની ઓલખે, મૂરખ અણુસમજુ સહુ ભખે. ૧૨
તેણેં જ્ઞાન અધિક કહેવાય, લહે શારદતણે પસાય,
વેદપુરાણ પિંગલતો થયું, પ્રથમ નામ શારદનું ગ્રહ્યું. ૧૩
કવિત કાવ્ય ને ગાથામાંહિ, ભાષા વિણ નવિ ચાલે કયાંહિ
આગમ ચરિત્ત રાસ ને ભાસ, સચરાચર જગ તારો વાસ. ૧૪
તું પુત્રી છો બ્રહ્માતણી, તાહારી શોભા દીસે ઘણી,
સખરૂં રૂપ સુકોમલ અંગ, તું માતા મુઝ રાખે રંગ. ૧૫
ગુણ તાહારા નવિ લાધે પાર, તું કરજે કવિજનની સાર,
આજ હુઓ હૈડે ઉલ્લાસ, નીપાઉં હિતશિક્ષા રાસ. ૧૬

*　　*　　*　　*

અંતે—

ઢાલ ઉલાલાની દેશી રાગ ધન્યાશ્રી.

કહ્યો હિતશિક્ષાનો રાસ, પહોતી મનડાતણી આશ,
મંદિર કમલાનો વાસ, ઉત્સવ હોયે બારે માસ. ૧
સુણતાં સુખ બહુ થાય, માને મહોટા એ રાય,
સંપ બહુ મંદિરમાંય, લહે હયગય વૃષભો ને ગાય. ૨
પુત્ર વિનીત ઘરે બહુય, શીલવંતી ભલી વહૂય,
શકટ ઘણાં ઘરેં બહૂઅ, કીરતિ કરે જગ સહુઅ. ૩
એ હિતશિક્ષાનો રાસ, સુણતાં સબલ ઉલ્લાસ,
કર્યો ખંભાયતમાં તાસ, જિહાં બહુ માનવવાસ. ૪

સર્વ ગાથા ૧૮૨૬.

ઢાલ ચોપાઈની દેશી

ઘણાં લોક વસે છે ત્યાંહિ, રાસ રચ્યો ત્રંભાવતી માંહિં,
સકલ નગરને નગરી જોય, ત્રંબાવતી તે અધિકી હોય. ૧

પછી જેમ હીરવિજયસૂરિના રાસમાં છે તેમ આ પછી જુઓ આગલ ખંભાતનું વર્ણન છે, (પૃ. ૪૪૫-૪૪૭) પછી

પુણ્યવંત પોષધ ધરતા ત્યાંહિ, સાહમ્મીવાત્સલ્ય હોએ પ્રાહિ,
એ નગરીની ઉપમા ઘણી, જાહાંગીર પાદશાહ જેહનો ધણી,
તે ત્રંબાવતી માંહે રાસ, જોડંતાં મુઝ પહોતી આશ. ૧૬
યુગલસિદ્ધિ અને ઋતુચંદ ૧૬૮૨, જુઓ સંવત્સર ધરી આનંદ,
માધવ માસ ઉજ્વલ પંચમી, ગુરૂવારેં મતિ હોયે સમી. ૧૭
મેં ગાયો **હિતશિક્ષા રાસ,** બ્રહ્મસુતાયેં પૂરી આશ,
શ્રી ગુરૂ નામેં અતિ આનંદ, વંદૂં **વિજયસેન સૂરીંદ.** ૧૮

ઢાલ આરતીની દેશીમાં રાગ ધન્યાશ્રી

વંદિયે **વિજયસેન** સૂરિરાય, નામ જપંતાં સુખ સબલ થાય,
વંદિયે **વિજયસેનસૂરિરાય.**
તપગચ્છ નાયક ગુણ નહિં પારો, ઓસ વંશે હુઆ પુરૂષ અપારો. ૨

(આ પછી હીરવિજયસૂરિના રાસમાં પ્રશસ્તિમાં છે તે પ્રમાણે છે. તેમાં વિજયસેન બદલે વિજયાણંદ મૂક્યું છે, અને થોડો વિશેષ વધારો છે. જે કંઇ ફેરફાર છે તે અત્ર આપેલ છે.

સંઘવી **સાંગણનો** સુત વારૂ, ધર્મ આરાધતો શક્તિજ સારૂ. ૧૨
ઋષભ કવિ તસ નામ કહાવે, પ્રત ઊઠી ગુણ **વીરના** ગાવે. ૧૩
સમજ્યો શાસ્ત્ર તણાજ વિચારો, સમકિતશું વ્રત પાલનો બારો. ૧૪
પ્રહ ઉઠી પડિકકમણું કરતો, બે આસણું વ્રત તે અંગે ધરતો. ૧૫
ચઉદે નિયમ સંભારી સંક્ષેપું, **વીર**વચન રસેં અંગ મુઝ લેપું. ૧૬
નિત્ય દશ દેરાં જિનતણાં જૂહારૂં, અક્ષત મૂકી નિજ આતમ તારૂં ૧૭
આઠમ પાખી પોષધમાંહિ, દિવસ રાતિ સઝ્ઝાય કરૂં ત્યાંહિં. ૧૮
વીરવચન સુણી મનમાં ભેદું, પ્રાયેં વનસ્પતિ નવિ ચુંટું. ૧૯
મૃષા અદત્ત પ્રાય નહિં પાપ, શીલ પાલું મનવચકાય આપ. ૨૦
પાપ પરિગ્રહેં ન મિલું માંહિ, દિક્ષિતણું માન ધરૂં મનમાંહિ. ૨૧
અભક્ષ્ય બાવીશને કર્માદાન, પ્રાયેં ન જાયે ત્યાં મુઝ ધ્યાન. ૨૨
અનરથદંડ ટાલું હું આપ, શસ્ત્રાદિકનાં નહિ મુઝ પાપ. ૨૩
સામાયિક દિશિમાન પણ કરિયેં, પૌષધ અતિથિ સંવિભાગ વ્રતધરિયેં. ૨૪

સાતક્ષેત્ર પોષી પુણ્ય લેઉં, જીવકાજેં ધન થોડુંક દેઉં. ૨૫
ઇમ પાલું શ્રાવક આચારો, કહેતાં લઘુતા હોયે અપારો. ૨૬
પણ મુઝ મનતણો એહ પરિણામ, કોઇક સુણિ કરે આતમકામ.૨૭
પુણ્યવિભાગ હોયે તિહાં મહારે, ઇસ્યુંઅ ઋષભ કવિ આપ વિચારે૨૮
પર ઉપકાર કાજ કહિ વાત, ધર્મ કરે તે હોયે સનાથ. ૨૯
ઋષભદાસેં એ જોડિયો રાસો, સંઘ સકલ તણી પહોતી આશો.
—વંદિયેં—૩૦

—ઇતિ શ્રી સંઘવી ઋષભદાસ કૃત હિતશિષ્યા સંપૂર્ણ ગાથા ૧૮૬૨ ગ્રંથાગ્રે ૨૩૨૫ સંવત ૧૮૫૬ વર્ષે આસુ માસે કૃષ્ણપક્ષે તૃતીયા તીથૌ નિશાપતિ વાસરે લિપીકૃતમ્ સંવિજ્ઞઃ પં. શ્રી ૫ ન્યાનચંદણ લિખિતમ્ શ્રી ભાવનગર બંદરે શ્રીરસ્તુ. ભદ્રં ભૂયાત્–કલ્યાણમસ્તુ. શ્રી ઋષભદેવ પ્રશાદાત્ લેખકપાઠકયોઃ ચિરંજીયાત્—પૃ.૬૯–૧૩ **આ૦ ક૦**
(પછી ટીપ ગ્રંથની છે)

—પ્ર૦ ભીમશી માણેક.

(આ હિતશિક્ષા રાસનું રહસ્ય જૈનધર્મપ્રકાશમાં સારરૂપે શેઠ કુંવરજી આણંદજીએ લખી કટકે કટકે પ્રકટ કર્યું હતું અને તે જુદું પુસ્તકાકારે પણ જૈન ધ. પ્ર. સભા તરફથી પ્રકટ થયું છે. આમાં સોરઠા દુહા, છપ્પા એ છંદો ઉપરાંત નયસુંદરના સુરસુંદરી રાસની ઢાળો નામે 'સુરસુંદરી કહે શિરનામી,' તેમજ છાનોરે છૂપીને કંતા કિહાં રહ્યોરે (આ. કા. મહોદધિ મૌ. ૩ જું પૃષ્ઠ ૨૭૩), સમયસુંદર કવિની પ્રત્યેકબુદ્ધ રાસ પૈકી પ્રસિદ્ધ ઢાળ નામે 'હવે રાણી પદમાવતી' વગેરે તેમજ વિજયપ્રભના ગૌતમરાસુની 'જિમ સહકારે કોયલ ટહુકે' એમ પોતાના પૂર્વગામી કવિઓની ઢાળો લઈ પોતે ઢાળો–દેશી દેશીઓ કરી છે. આ રાસમાં પુષ્કળ સુભાષિતો મળી આવે છે.)

(૪૦૬) રોહણિઆ મુનિ રાસ સં. ૧૬૮૪ પોસ શુ. ૭ ગુરૂ ખંભાત
આદિ— દુહા.

સારસ કોમલ બુદ્ધિ ભલી, આલે વચન પવીત્ર,
સરસતિ ભગવતી ભારતી, કરજે મુખ પવીત્ર. ૧

બ્રહ્માણિ બ્રહ્મવાદની, હું છું તાહારો દાસ,
તુઝ આધારઈ કવી કવઇ, રોહણીઆનો રાસ. ૨

* * * *

અંતે—

ઢાલ કહિણી કરણી તુઝ વિણ સાચો.

ગુણ ગાઉં રોહણિઆ કેરા, વીરતણો શિષ્ય જેહોજી,
વ્યસન નિવારી સંયમધારી, શિવગતિગામી તેહોજી. ગુણ૦ ૩૦
ગુણતાં ભણતાં સુણતાં સુખ બહુ, નાંમિ નવનિધિ થાઇજી,
ઇસ્યા પુરૂષની કથા કરંતાં, ચિરકાલ પાતિક જાયોજી. ૩૧
રિદ્ધિ રમણી ઘરિ રૂપ ભલેરૂં, ઉત્તમ કુલ બહુ આયજી,
રોહણિઆનું નામ જપંતા, સકલ સિદ્ધિ ઘરિ થાઇજી. ૩૨
ઇસ્યા પુરૂષની કથા સુણિનઈ, ચેતઇ નર ગુણવંતોજી,
પાપ કરમથી પાછો ભાગઇ, તે જગિ ઉત્તમ જંતોજી. ૩૩
કર્ણરસિ કરી મુખમાંડતાં, પાતિક નવિ પરિહરતોજી,
શુકના પાઠપરિ તસ પરઠો મછપરિ નર નીરતોજી. ગુ. ૩૪
જલધોયો તે ન થયો ચોખો, બહુલ કરમ નર એહવાજી,
વીરવચન જલમાંહિ ઝીલંતા, રહ્યા તેહવાના તેહવાજી. ગુ. ૩૫
સૂડો રામનું નામ જપંતો, પણિ કાંઇ ભેદ ન જાંણઇજી,
કરણવતી જિનવચન સુણંતો, મનિ વઇરાગ ન આંણઇજી. ગુ. ૩૬
સુણી સાંભલીનિં સ્યું સાધ્યું, ચેત્યા તે નર સારોજી,
રોહણિઆ પરિં સંયમ લેતા, કઈ શ્રાવક વ્રત બારોજી. ગુ. ૩૭
અનુકરમિં સુરનાં સુખ પામઈ, પછઇ મુગતિમાંહિ જાઇજી,
રોહણ કુંવરનો રાસ રચતાં, સકલ સંઘ સુખ થાઇજી. ગુ. ૩૮
રચ્યો રાસ ત્રંબાવતીમાંહિ, જિહાં બહુ જનનો વાસોજી,
કોટ ભલો જિનમંદિર મોટાં, સાયરતીરિં આવાસોજી. ગુ. ૩૯
પોષધશાલા મુનિ વાચાલાં, પુન્યમહોચ્છવ થાઈજી,
તેણિ થાનકિ એ રાસ રચ્યો મઇ, સહિ ગુરૂ ચરણ પસાઈજી. ૪૦

તપગચ્છ નાયક સવિસુખદાયક, વિજયાણંદ ગુણધારીજી,
મીઠી મધુરી જેહની વાણી, જેણિં તાર્યાં નરનારીજી. ૪૧
શ્રવક જેહનો સમકિત ધારી, પૂજઇ જિનવર પાયજી,
પ્રાગવંસ સાંગણ સુત સોહઇ, રિષભદાસ ગુણગાઇજી. ૪૨
સંવત દ્વિગ દ્વિગ રસ ભૂભાણું ૧૬૮૪ પોસ માસ તિહાં સારોજી,
ઉજવલ સાતમિ દોષ રહિત છઇ, પ્રગટ ઉદય ગુરૂવારોજી. ૪૩
ભલો સંવછર વિક્રમ ત્યારિં, વરસિં ઝાઝા મેહોજી,
સુલખ્ય સુગાલ હુઓ જગમાંહિ, દીપઈ પુરૂપનાં દેહોજી. ૪૪
શુભ લગનિં નઈ સાર નખ્યત્રિં, કીધો રાસ રસાલોજી,
રિષભ કહિ રોહણિઆનાંમિં, સુષ પામઇ ચિરકાલોજી. ૪૫

—ગાથા ૩૪૫. સ્વલિખિત પ્રત–વિ. ધ. ૧૭–૧૦.

આની અંદર દેશીઓ આ પ્રમાણે છે:--ચોપઇ, ૨ એક આવ્યો અણનો દાણોરે. ૩ ચંદાણ્યની, ૪ લંકામાં આવ્યા શ્રી રામરે, ૫ ઉલાલાની, ૬ ચોપઈ, ૭ સૂરસુંદરિ કહઇ સિર નામી, ૮ ચાલ્ય ચતુર ચંદ્રાનની, ૯ તો ચઢી ધનમાન ગજે, ૧૦ નાચતી જિનગુણ ગાય મંદોવરીં, રાવણ વેણા વાહઇ–રાગ ગોડી. ૧૧ કાંહાન વજાડઇ વાસલી ૧૨ ચોપઇ ૧૩ ત્રિપદીનો ૧૪ વીજય કરી ઘરિ આવીઆ. ૧૪ ચોપઈ ૧૫ ચોપઈ ૧૬ મુકાનોરે મુઝ ઘરનારિ. રાગ મારૂણી. ૧૭ પૂણ્યવંતા જગી તે નરા. ૧૮ ચોપઇ ૧૯ કહઇણી કરણી તુઝ વ્યણ સાચો.

(૪૦૭) હીરવિજય સૂરિના બારબોલનો રાસ. સં. ૧૬૮૪ આ૦ વ. ૨ ગુરૂ

આદિ— (દૂહા.)

ગઉતમ ગણધરગુણ સ્તવું, સારદ તુઝ આધાર,
બાર બોલ ગુરૂ હીરના. વ્યવરી કહું વીચાર. ૧
બાર બોલ કે બાર મેઘ, કઈ બારછ આદીત્ત;
બાર ઉપાંગ એહનિ કહું, હીરવચન બહુ વીત. ૨

બાર વરત શ્રાવક તણાં, જ્યમ તારઈ નરનારિ;
બાર બોલના વાપરિં. ત્યમ તારઇ સંસારિ. ૩
બાર બોલ ગુરૂ **હીર**ના, આરાધઇ નર જેહ;
બારઈ સરગનાં સુખ વલી, સહી પામઇ નર તેહ. ૪

* * * *

અંતે—

કહિણ વડાનિં ચાલઇ જેહ, બેહુ ભાવિં પૂજાઈ તેહ;
થોડા કાલમ્હા મુગતિ જાય, **રી**ષભદાસ ગુણ તેહેના ગાય. ૮૯
સંવત વેદ૪ દીગ૮ અંગનિં૬ ચંદ્ર૧, શ્રાવણ માસ હુઉ આણુંદ;
કૃષ્ણપખિ હુંઈ દૂતીઆ સાર, ઉત્તમ સૂર જગમ્હા ગુરૂવાર. ૯૦
મઘા નખ્યત્ર વરસઈ જેણીવાર, બાર બોલ રચ્યા તવ સાર;
ભણતાં ગુણતાં જઇ જઇકાર, **હીર** ભગત ઘરિ મંગલ ચ્યાર. ૯૧

ઢાલ હીંચ્યરે હીંચ્યરે—રાગ ધ્યનાસી.

ચ્યાર મંગલ સહી, ચ્યાર મંગલ સહી, હીરના નામથી હંવર હાર્યો,
સોવન રથ પાલખી, સૂંદરી સુખ બહુ, ઝૂલતા હાથીઆ કોડિ બાર્યો;
ઉલગ કરઇ ઘરિ દેવ નાર્યો, ચ્યાર મંગલ સહી—૨ આચલિ.
હીરપાટિં **વિજયસેન** સૂરીસ્વરૂ, શ્રી **વિજયતિલકસૂરી** તાસ પાટિં;
સૂરિ **વિજયાનંદ** તાસ પાટિં સહી, નામ જપતા સુખી વિષમ વાટિં;
નામ જપીઈ ગચ્છનાયક માટિં, ચ્યાર મંગલ. ૩

સૂરિ **વિજયાનંદ** મુનિ તણો શ્રાવક, સાહો **સાગણ** સુત **રી**ષભદાસો;
પ્રાગવંસી વડો **હીર** ગુણ ગાવતો, સંઘ સકલ તણી પૂરી આસો;
લચ્છી પૂરે મઝ ઘઈરિ વાસો, ચ્યાર મંગલ. ૪

—ઇતિ શ્રી હીરવિજયસૂરિ બાર બોલ સંપૂર્ણ. ગાથા ૨૯૪

નોટ—' આ રાસ ૨૯૪ ટુંકનો છે. ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્દ્ધા અને વિખવાદ ચાલ્યા કરતો હતો એ વિખવાદ સત્તરમા શતકમાં બહુ વધી પડયો હતો. શ્વેતામ્બરો અને દિગં-

(૪૦૮) મલ્લિનાથ રાસ. સં. ૧૬૮૫ પૌષ શુદિ ૧૩ રવિવાર ખંભાતમાં.

આમાં અંતમાં ખંભાતના તે વખતના ધોરી શ્રાવકોનો પરિચય આ પ્રમાણે આપ્યો છેઃ—

બરો વચ્ચેનો વિરોધતો બહુ જૂનો હતો, પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિ દેવસૂરિ અને કુમુદચંદ્ર (દિગંબર) વચ્ચેના શાસ્ત્રાર્થમાં દિગંબરોને હરાવી ગુજરાતના રાજ્યની હદપાર કરાવ્યા તે પછી એમને એઉને કામ કરવાનાં ક્ષેત્ર બહુધા જુદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો; પણ સોળમા શતકમાં લુંકામત અને બીજા મત નીકળ્યા પછી એક ત્રીજાજ વિરોધીઓ સાથેનો વિરોધ પ્રબળ થઈ પડ્યો હતો. શ્વેતાંબર મતના ગચ્છો વચ્ચેની મતામતી પણ પ્રબળ થઈ પડી હતી. આવા અનેક વિરોધોને લીધે જૈનધર્મ માનનારા જુદા જુદા મતો વચ્ચે વેરવિરોધ એટલો પ્રબલ થઇ પડ્યો હતો કે જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ. તપગચ્છના આચાર્ય વિજયદાનસૂરિએ (ધર્મસાગર કૃત) કુમતિકંદ કુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથ કોઈની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે, માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. એ ઉપરાંત તેમણે **'સાતબોલ'** એ નામે સાત આજ્ઞાઓ જાહેર કરીને એકબીજા મતવાળાને વાદવિવાદની અથડામણ કરતા અટકાવ્યા હતા; પણ આટલાથી વિરોધ જોઇએ તેવો શમ્યો નહિ એથી વિજયદાનસૂરિની પછી આચાર્ય પદવી પામેલા હીરવિજયસૂરિએ સાત બોલ ઉપર વિવરણ કરીને 'બારબોલ' એ નામે બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. પ્રમાણ અને દૃષ્ટાંત વડે એ બાર બોલનો હેતુ સ્પષ્ટ કરવાને ઋષભદાસે આ રાસ રચ્યો છે. (મ૦ બ૦) આ બાર બોલ માટે જુઓ જૈન શ્વે. કો. હે. નો ઐતિહાસિક અંક. ૧૯૧૫ ના ભેળા ૭-૮ અંક.

" પારિષ વજીઓ નિં રાજીઓ, જસ મહિમા જગમ્હા ગાજીઓ,
અઉઠ લાષ રૂપક પૂણ્યઠામિ, અમારિ પળાવી ગામોગામિ. ૨૮૨
ઓસવંસિ સોની તેજપાલ, શેત્રુંજ્ય-ગીર ઉધાર વીસાલ.
લ્હાહારી દોય લાષ ષરચેહ, ત્રીંબાવતીનો વાસી તેહ. ૨૮૩
સોમકરણ સંઘવી ઉદયકરણ, અધલષ્ય રૂપક તે પુણ્યકરણ,
ઉસવંસિ રાજા શ્રીમલ, અધલષ્ય રૂપકિ ષરચઇ ભલ. ૨૮૪
ઠકર જઈરાજ અનિં જસવીર, અધલષ્ય રૂપક ષરચઇ ધીર,
ઠકર કીકા વાઘા જેહ, અધલષ્ય રૂપક ષરચઇ તેહ. ૨૮૫

આની પ્રત વિ. ધ. ભંડારમાં છે, પણ તે જોવા મળી શકી નથી તેથી તેની પ્રશસ્તિ તેમજ આદિ મૂકી નથી.

(૪૦૯) +હીરવિજયસૂરિ રાસ. સં. ૧૬૮૫ આશો શુ. ૧૦ ગુરૂ. ખંભાતમાં.

આદિ—

સરસતી ભાષા ભારતી, ત્રિપુરા શારદ માય,
હંસગામિની બ્રહ્મસુતા, પ્રણમું તારા પાય. ૧
બ્રહ્માણી બ્રહ્મચારિણી, બ્રહ્મવાદિની માત,
દેવકુમારી ભગવતી, તું જળમાં વિખ્યાત. ૨
હંસવાહની હરષતી, આપે વચનવિલાસ,
વાગેશ્વરી વદને રમે, પોહોચે મનની આશ. ૩
કાશ્મીર મુખમંડણી, કમળ કમંડળ પાણિ,
મુજમુખ આવી તું રમે, ગુણ સઘળાની ખાણિ. ૪
આગમ વેદ પુરાણમાં, વાણી તુજ બંધાણ,
તું મુખ આવી જેહને, તે પંડિત તે જાણ. ૫
પુંડરીક પ્રમુખા વળી, ગણધર જે ગુણવંત,
તિણે ધુર સમરી સરસતી, સમજ્યા ભેદ અનંત. ૬
સ્વામિ સુધર્મા વીરનો, રચતો અંગ સુ બાર,

શારદ ભાષા ભારતી, તે તાહરો આધાર. ૭
સિદ્ધસેન દિવાકર, સમરિ તાહરૂં નામ,
વિક્રમ નૃપ પ્રતિબોધિયો, જિણેં કીધાં બહુ કામ. ૮
હેમસૂરિ વદને વસિ, હવી વચનની સિદ્ધિ,
ગ્રંથ ત્રિકોટિ તિણેં કીઓ, ઇસી ન કેહની બુદ્ધિ. ૯
શ્રી હર્ષ તુજને નમે, શારદ નામજ સોળ,
નૈષધ ગ્રંથ તિણેં કર્યો, બોલ્યો વચનકલ્લોલ. ૧૦
પંડિત માઘ મહિમા ઇસો, જશ કીરતિ કાલિદાસ,
તું તૂઠી ત્રિપુરા મુખેં, પોહોતી તેહની આશ. ૧૧
શોભનબંધુ ધનપાળને, ઉપજાવ્યો આનંદ,
ધારાપતિ તિણેં બૂઝવ્યો, વાંકો ભોજનરિંદ. ૧૨
એહવી સુંદર શારદા, સમર્યે સીધાં કામ,
પઢમ જિનેસ્વર સુખકર, સમરૂં તેહનું નામ. ૧૩
પ્રથમ રાયરિષિ કેવળી, પ્રથમ ગોચરી જ્ઞાન,
યુગલાધર્મ નિવારીઓ, પ્રથમેં દીધો દાન. ૧૪
દેશ નગર પુર વાસિયાં, પરણ્યા પ્રથમ જિણંદ,
કળા કરમ સહુ શીખવ્યું, સકળ લોક આણંદ. ૧૫
મુગતિ દીધી તેં માયને, ઉદ્ધરીઓ શ્રેયાંસ,
પુત્ર હુઆ સો કેવળી, ધન ધન તાહરો વંશ. ૧૬
દશ હજાર મુનિસું વળી, મુગતિ ગયા ભગવંત,
અનેક જનને ઉદ્ધર્યા, ઋષભદેવ ગુણવંત. ૧૭
સમરૂં તે ભગવંતને, ગણધર કરૂં પ્રણામ,
કેવલજ્ઞાની મુનિ નમું, સમર્યે સીઝે કામ. ૧૮
શીલવંત તપીઆ મુનિ, હું પણ તેહનો દાસ,
સકળ સિદ્ધ સમરી કરી, રચું હીરનો રાસ. ૧૯

અંતે—

(ઢાલ-હીચ્યરે હીચ્યરે હીયય હીંડોલડે-એ દેશી.)

સરસતી શ્રીગુરૂ નામથી નીપનો, એ રહો જિહાં રવિચંદ ધરતી,
ઇંદ્રિ વિમાન યુગ તાં લગિ જાણુજો, દ્વીપસમુદ્ર હુઇ જેહ ફરતી. સર. ૧
કવણુ દેસે થયો કવણુ ગામે કહ્યો, કવણુ રાજ્યે લહ્યો એહ રાસો,
કવણુ પુત્રે કર્યો કવણુ કવિતા ભયો, કવણુ સંવત્સરે કવણુ માસો. સર.૨
કવણુ દિન નીપનો કવણુ વારેં ગુરેં,
કરીઅ સમસ્યા સહૂ બોલ આણું,
મૂઢ એણિ અક્ષર સોય સ્યું સમજસ્યે,
નિપુણુ પંડિત નરા તેહ જાણે. સર. ૩

(ચોપઇ.)

પાટણુમાંહિ હુઓ નર જેહ, નાત ચોરાસી પોષે તેહ,
મોટા પુરૂષ જગે તેહ કહેસ, તેહની નાતને નામે દેસ.
(ગૂજ્જર દેસ). ૧
આદિ અખ્યર વિન 'બીએ' જોય, મધ્ય વિના સહુકોનેં હોય,
અંત્ય અક્ષર વિન ભુવન મઝારી, દેખી નગર નામ વિચાર. ૨
(ખંભાત.)
'ખડગ' તણો ધુરિ અક્ષર લેહ, અખ્યર 'ધરમ'નો બીજો જેહ,
ત્રીજો 'કુસુમ' તણો તે ગ્રહી, નગરીનાયક કીજે સહી. ૩
(ખુરમ પાતશા.)
નિસાંણુ તણો ગુરૂ અખ્યર લેહ, લઘુ દોય 'ગણુ' પતિના જેહ,
ભેલી નામ ભલું જે થાય, કવિ કેરો તે કહું પિતાય. ૪
(સાંગણુ.)
ચંદ અખ્યર ઋષિ ધરથી લેહ, મેઘલા તણો નયણુમો નેહ,
અખ્યર ભવનમો શાલિભદ્ર તણો, કુસુમદામનો વેદમો ભણો. ૫
વિમલવસહી અખ્યર બાણુમો, જોડી નામ કરો કાં ભમો,
શ્રાવક સોમ એ રસ નીપાત, પ્રાગવંશ વીસો વિખ્યાત. ૬

(ઋષભદાસ.)

દિશિ આગળ લેઇ ઇંદ્રિહ ધરો, કાલ સોય તે પાછળ કરો,
કવણ સંવત્સર થાયે વળી, ત્યારે રાસ કર્યો મન રલી. ૭

(૧૬૮૫)

વૃક્ષમાંહિ વડો કહેવાય, જેણે છાંહિ નર દુષ્ટ પલાય,
તે તરૂવરને નામે માસ, કીધો પુણ્ય તણો અભ્યાસ. ૮

(આસો માસ.)

આદિ અખ્યર વિન કો મમ કરો, મધ્ય વિના સહુએ આદરો,
અંતિવિના સિરિ રાવણ જોય, અજુઆલી તિથિ તે પણ હોય. ૯

(દસમ.)

સકલ દેવ તણો ગુરૂ જેહ, ઘણા પુરૂષને વલ્લભ તેહ,
ઘરે આવ્યો કરી જયજયકાર, તેણે વારે કીધો વિસ્તાર. ૧૦

(ગુરૂવાર)

દીવાલી પહેલું પરવજ જેહ, ઉદાઇ કેડે નૃપ બેઠો તેહ,
બેહુ મળી હોયે ગુરૂનું નામ, સમર્યે સીઝે સઘળાં કામ. ૧૧

(વિજયાણંદ સૂરિ)

ગુરૂ નામે મુજ પોહોતી આસ, ત્રંબાવતીમાં કીધો રાસ,
સકલ નગર નગરીમાં જોય, ત્રંબાવતી તે અધિકી હોય. ૧૨

સકલ દેસ તણો શિણુગાર, ગુર્જ્જર દેસ નર પંડિત સાર,
ગુર્જ્જર દેસના પંડિત બહુ, ખંભાયત આગળ હારે સહુ. ૧૩

જિહાં વિવેક વિચાર અપાર, વસે લોક જિહાં વર્ણ્ અઢાર,
ઓળખાયે જિહાં વર્ણાવરણ, સાધુ પુરૂષનાં પૂજે ચરણ. ૧૪

વસે લોક વારૂ ધનવંત, પહેરે પટોળાં નર ગુણવંત,
કનકતણા કંદોરા જડયા, ત્રિણ્ય આંગળ તે પુહુળા ઘડયા, ૧૫

હીરતણો કંદોરા તળે, કનકતણાં માદળીયાં મળે,
રૂપક સાંકળી કુંચી ખરી, સોવન સાંકળી ગળે ઉતરી. ૧૬

વડા વાણીઆ જિહાં દાતાર, સાલુ પાઘડી બાંધે સાર,
લાંબી ગજ ભાખું પાંત્રીસ, બાંધતા હરખે કરનેં સીસ. ૧૭
બાહિરવની એગતાઇ જ્યાંહિ, ઝીણા ઝં(ઓ)ગા પહેર્યા તે માંહિ,
ટટ્ટી (છડી) રેસમી કેહેડે ભજી, નવગજ લંબ સવા તે ગજી. ૧૮
ઉપર ફાળીયું બાંધે કોઇ, ચ્યાર રૂપૈયાનું તે જોઇ,
કોઇ પછેવડી કોઇ પામરી, સાઠિ (ત્રીશ) રૂપૈયાની તે ખરી. ૧૯
પહિરિ રેશમી જેહ કબાય, એક શત રૂપૈયા તે થાય,
હાથે બહેરખા બહુ મુદ્રિકા, આવ્યા નર જાણું સ્વર્ગથકા. ૨૦
પગે વાણહિ અતિ સુકુમાલ, શ્યામ વર્ણ સબળી તે જાળ,
તેલ ફુલ સુગંધ ને સ્નાંન, અંગે વિલેપન તિલક ને પાન. ૨૧
એહવા પુરૂષ વસે જેણે ઠાહિ, સ્ત્રીની સોભા કહીય ન જાય,
રૂપૈ રંભા બહુ શિણગાર, ફરી ઉત્તર નાવે ભરતાર. ૨૨
પા. નિત્ય ઉઠી વંદે અણગાર—

ઇસ્યું નગર તે ત્રંબાવતી, સાયર લહર જિહાં આવતી,
વાહાણ વખાર તણો નહિ પાર, હાટે લોક કરે વ્યાપાર. ૨૩
નગર કોટ ને ત્રિપોલીઉ, માણકચોકે બહુ માણુસ મિલ્યું,
ત્રોહોરે કુંળી (ફૂણી) ડોડી સેર, આલે દોકડા તેહના તેર. ૨૪
ભોગી લોક ઇસ્યા જિહા વસે, દાન વરે પાછા નવિ ખસે,
ભોગી પુરૂપ ને કરૂણાવંત, વાણિગ છોડિ બાંધ્યા જંત. ૨૫
પશુ પુરૂષની પીડા હરે, માંદા નરને સાજા કરે,
અજા મહીષની કરે સંભાલ, શ્રાવક જીવદયા પ્રતિપાળ. ૨૬
પંચ્યાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણ તિહાં ઘંટાનાદ,
પા. ઇંદ્રપુરીશું કરતા વાદ.

પસ્તાલીસ જિહાં પૌષધશાળ, કરે વખાણ મુનિ વાચાળ. ૨૭
પા. પોષધશાલા જિહાં બહુ તાલ.
પડિકમણું પૌષધ પૂજાય, પુણ્ય કરંતા ઘાઢા જાય,
પ્રભાવના વ્યાખ્યાનેં જ્યાંહિ, સાહામિ વાચ્છલ્ય હોયે પ્રાહિ. ૨૮

ઉપાશરો દેહરૂં ને હાટ, અત્યંત દુર નહિ તે વાટ,
ડંઢિલ ગોચરી સોહિલ્યા આંહિ, મુનિ અહિં રહેવા હીડે પ્રાહિં. ૨૯

ઇસ્યું નગર ત્રંબાવતી વાસ, હીરતણો તિહાં જોડયો રાસ,
પાતશા ખુરમ નગરનો ધણી, ન્યાય નીતિ તેહનિ અતિ ઘણી. ૩૦

તાસ અમલે કીધો મેં રાસ, સાંગણ સુત કવિ ઋષભદાસ,
સંવત સોળ પંચ્યાસીઓ (૧૬૮૫) જસેં, આસો માસ
દસમી દિન તસે. ૩૧

ગુરૂવારે મેં કીધો અભ્યાસ, મુઝ મન કેરી પુહુતી આસ,
શ્રી ગુરૂનામે અતિ આણંદ, વંદું વિજયાણંદ સૂરીંદ. ૩૨

ઢાલ–ઉતારો આરતી અરિહંતદેવ–રાગ ધન્યાસી.

વંદીયે વિજયાણંદ સૂરિરાય, નામ જપંતા સુખ સબળું થાય. વં. ૧
તપગછ નાયક ગુણ નહિ પારો, પ્રાગવંશે હુઓ પુરૂષ તે સારો. વં. ૨
સાહ શ્રીવંતકુલે હંસ ગયંદો, ઉદ્યોતકારી જિમ દિનકર ચંદો. ૩
લાલબાઈ સુત સીંહ સરિખો, ભવિક લોક મુખ ગુરૂનું નીરખો. ૪
ગુરૂ નામે મુજ પોહોતી આસો, હીરવિજયસૂરિનો કર્યો રાસો. ૫
પ્રાગવંશે સંઘવી મહિરાજો, તેહ કરતો જિનશાસન કાજો. ૬
સંઘપતિ તિલક ધરાવતો સારો, શેત્રુંજ પૂજી કરે સફળ અવતારો. ૭
સમકિતસાર વ્રત બારનો ધારી, જીનવર પૂજા કરે નીત સારી. ૮
દાન દયા દમ ઉપર રાગો, તેહ સાધે નર મુગતિનો માગો. ૯
મહિરાજ તણો સુત અતિ અભિરામ, સંઘવી સાંગણ તેહનું નામ. ૧૦
સમકિત સાર ને વ્રત જસ બારો, પાસ પૂજી કરે સફળ અવતારો. ૧૧
સંઘવી સાંગણનો સુત વારૂ, રાસ જોડી હુઓ બહુ જન તારૂ. ૧૨
એક કહે કરૂં ખરો જબાપો, દે ઉપદેશ ચેતે કંઇ આપો. ૧૩
અંગારમર્દક આચારજ હુઓ, અન્ય તારી પોતે બુડતો જૂઓ. ૧૪
નંદિષેણ ગણિકા ઘરિ જ્યારેં, આપ બૂડે અન્યને તારે. ૧૫
ઋષભ કહે ભલું પૂછ્યું પરમ, બિંદુઆ જેટલો સાધીયેં ધરમ. ૧૬

આણુંદ શંખ ને પુષ્કલી જોય, બરાબરી તસ કુણે નવિ હોય. ૧૭
ઉદયન બાહડ જાવડસાય, તેહના પગની રજ ન થવાય. ૧૮
વીરમારગ વહી કાંઇ પુણ્ય કીજે, ઉગતે સૂરેં જિન નામ સહી લીજે. ૧૯
પ્રહિ ઊઠી પડિક્કમણું કરીયે, દોય આસણુ વ્રત અંગે ધરીયે. ૨૦
વ્રત બાર ચૌદ નિયમ સંભારો, દેસના દેઇને નરનારી તારો. ૨૧
ત્રિકાળ પૂજા જિન નિત્ય કરવી, દાન પાંચે દેઉં શક્તિ મુજ જેહવી. ૨૨
નિત્યેં દસ દેવળ જિનતણાં જોહારૂં, અક્ષત મુકી નિજ આતમ તારૂં. ૨૩
આઠમિ પાખી પૌષધ પ્રાહિં, દિવસ રાત સિજ્ઝાય કરૂં ત્યાંહિ. ૨૪
વીરવચન સુણી મનમાંહિ ભેદું, પ્રાહિ વનસ્પતિ નવિ છેદું. ૨૫
મૃષા અદત્ત પ્રાહિં નહિં પાપ. શીળ પાળું તન વચને આપ. ૨૬
નિત્ય નામું જિન સાધુને સીસો, થાનક આરાધ્યાં વળી વીસો. ૨૭
દોય આલોયણ ગુરૂ કન્હે લીધી, અઠ્ઠમિ છઠ્ઠિ સુદ્ધ આતમિ કીધી. ૨૮
શેત્રુંજ ગિરિનાર શંખેસર યાત્રા, રાસ લખી ભણાવ્યાં બહુ છાત્રા. ૨૯
સુખશાતા મનીલ ગણું દોય, એકપગે જિન આગળ સોય. ૩૦
નિત્યેં ગણવી વીસ નોકરવાળી, ઉભા રહી અરિહંત નિહાળી. ૩૧
તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસર્યો દીયે બહુ સુખ વાસો. ૩૨
ગીત થુઇ નમસ્કાર બહુ કીધા, પુણ્ય માટે લિખી સાધુનેં દીધા. ૩૩
કેટલાએક બોલની ઇચ્છા કીજે, દ્રવ્ય હોય તો દાન બહુ દીજે. ૩૪
શ્રી જિનમંદિર બિંબ ધરાવું, બિંબ પ્રતિષ્ઠા પોઢી કરાવું. ૩૫
સંઘપતિ તિલક ભલુંજ ધરાવું, દેસ પરદેસ અમારિ કરાવું. ૩૬
પ્રથમ ગુણઠાણાને કરૂં જઇનો, કરૂં પુણ્ય સહિત નર જેહ છે હીનો. ૩૭
એમ પાલું હું જૈન આચારો, કહેતાં સુખ લઘુતા અપારો. ૩૮
પણ મુજ મનતણો એહ પ્રણામો, કોએક સુણી કરે આતમ કામો. ૩૯
પુણ્ય વિભાગ હોય તવ મ્હારે, ઇસ્યું ઋષભ કવિ આપ વિચારે. ૪૦
પર ઉપગાર કાજેં કહિ વાત, મનતણો પણ સંદેહ જાત. ૪૧

ઢાળ–હીંચ્યરે હીંચ્યરે હર્ષે હીંડોલડે–રાગ ધન્યાસી.

વંધરે વંધરે વંધ ગુરૂ **હીર**ને, મંત્ર સમાન છે **હીર** નામો;
જન્મ જ્યારેં હવે ઘેર આણંદ ભલો, કરત ઉદ્ધાર કરી આજ તામો.
વંધરે. ૧

હીરવિજયસૂરિ દીખ દીધા પછી, ગચ્છની જ્યોતિ તે સબળ જાણે;
ગચ્છનાયક વડો **રાજ**વિજયસૂરિ, શ્રી **વિજયદાન**ને પાય લાગે.　૨
હીર પદવી લહે જામ જગમાં વળી, તામ **શેત્રુંજ** મુગતોજ થાય;
પરિવારસ્યું પરિવર્યો તિલક મસ્તક ધરી, સાહ ગલ્લો **શેત્રુંજ** જાય.　૩
સાધુપૂજા સહિ વિહારવિધિ ભગ્ન થઇ, ધર્મ ને કર્મ તે સુખેંજ ચાલે;
હીરરે **હીર**રે જપે જિકો માહ્નાગે, તેહ જગે ઋદ્ધિ રમણીસ્યું માલે.
વંધરે. ૭

ઋષભ રંગે સ્તવે અંગ શાતા હવે, સંઘ સકળ તણે સુખ હોયે;
સુરનર નારીયાં પંખીયાં સુખ લહે, **હીર**તું નામ જપતાં જિ કોયે.
વંધરે. ૮

—સં. ૧૭૨૪ વર્ષે ભાદ્રવા શુદિ ૮ શુક્રે શ્રીમત્તપાગચ્છે ભટ્ટારક શ્રી. ૨૧ શ્રી વિજયરાજસૂરીશ્વર રાજ્યે સકલપંડિતસભાશૃંગારહાર ભાલ સ્તલ–તિલકાયમાન પંડિત શ્રી ૭ શ્રી દેવવિજયગણિ શિષ્યઃ પંડિતોત્તમ પંડિતપ્રવર પંડિતશ્રી ૫ શ્રી તેજવિજયગણિ શિષ્યઃ પંડિતશ્રી ૩ શ્રી ષિમાવિજયગણિ શિષ્ય મુનિ સૂરવિજયેન લિખિતમ્. શ્રી સાદડી નગરે શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્. સ્વયં વાચનાર્થ મિતિ શ્રેયઃ–

—સંવત્ ૧૮૨૫ ના વર્ષે માસોત્તમ માસે જ્યેષ્ઠ–માસે શુકલપક્ષે પૂર્ણિમાયાં હિમવાસરે લિખિતાશ્ચ પં. અમૃતવિજયેન, શ્રી મુનિસુવ્રત પ્રસાદાત્—ભરૂચ પ્રતિ.

——પ્ર–આ. કા. મહોદધિ મૌ. ૫.

—ઇતિ **હીરવિજય સૂરીશ્વર રાસ** સંપૂર્ણમ્ ॥ સંવત ૧૭૫૯ વર્ષે અશ્વિન વદિ ૧૨ બુધવાસરે શ્રી પંભાઓત્ય બંદિરે લેખકપાઠકયોઃ કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ ॥ લેખકપાઠકયો ચિરંજીયાત્.

યાદશં પુસ્તકં દૃષ્ટ્વા તાદશં લિખિતં મયા
યદિ શુદ્ધ મશુદ્ધં વા મમ દોષો ન દીયતે. ૧
અદૃષ્ટિ દોષાન્મતિવિભ્રમાદ્વા, યત્કિંચિદૂનં લિષિતં મયાત્ર
તત્સર્વમાર્યૈઃ પરિશોધનીયં કોપો ન કાર્યો ખલુ લેખકસ્ય. ૨
મંગલં લેખકાનાં ચ પાઠકાનાં ચ મંગલં
મંગલં સર્વલોકાનાં ભૂમૌ ભૂપતિ મંગલં. ૩
ભગ્ન પૃષ્ટિ કટિગ્રીવા ઉર્ધ્વદૃષ્ટિ રધોમુખં
કષ્ટેન લિખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્ ॥ ૪—પા. ૧૦૭-૧૫ આ. ક.

—સં. ૧૮૨૫ માસોત્તમ માસે જ્યેષ્ટ માસે શુક્લપક્ષે પૂર્ણિમાયાં હિમવાસરે લિ૦ પં. અમૃતવિજયેન શ્રી મુનિસુવ્રતપ્રસાદાત્. ૭૯-૧૪ ભ૦

(૪૧૦) અભયકુમાર રાસ. સં. ૧૬૮૭ કાર્તિક વદ ૯ ગુરૂ. ખંભાત.

અંતે—

રચ્યો રાસ ત્રંબાવતીમાંહિ, જિહાં બહુ જિનનો વાસોજી,
દૂરગ ભલો જિનમંદીર મોટાં, સાયર તીરઇં અવાસોજી—મુ. ૧૦૦૦
પ્રોષધશાલા સ્વાંમીવછલ, પૂજા મહોછવ થાઇજી,
તેણુઈં થાનકિં એ રાસ રચ્યો મેં, સિંહ (સહિ) ગુરૂ ચરણ પસાઇજી—
મુ. ૧૦૦૧
તપગછ નાયક શુભસુખદાયક, વિજયાનંદ ગુણ ધારીજી,
મીઠી મધૂરી જેહની વાંણી, જેણેં તાર્યાં નરનારીજી—મુ. ૧૦૦૨
શ્રાવક તેહનો સમકીતધારી, પૂજૈ જિનવર પાઇજી,
પ્રાગવંશ સાંગણસુત સોહૈ, રીષભદાસ ગુણ ગાઇજી—મુ. ૧૦૦૩
સંવત્ ૭સાયર ૮દિગ ૬રસ ૧ધરતી, કાર્તિક મહિનો સારોજી,
બહુલ પખ્ય દીન નવમિ ભલેરી, વાર ગુરૂ ચીત ધારોજી—મુ. ૧૦૦૪
અભયકુમાર મંત્રીસર કેરો, કીધો રાસ રસાલોજી,
રીષભ કહે રંગઇ જે સુણસેં, તે સુખીઆ ચીરકાલોજી—મુ. ૧૦૦૫
મુગતિ પૂરીમાંહિ ઝીલેસિં.

—ઇતિ શ્રી રિષભદાસ વિરચિતે અભયકુમાર રાસ સંપૂર્ણ. લેખક પાઠકયો ચિરંજીયાત્ ॥ બરહાંનપુરે ॥ સંવત્ ૧૭૭૧ વર્ષે અશ્વિન વદી ૨ ભૌમે.

[Deccan College Library No. 1577 of 1891-95]
—ભાવ૦ કુલ કડી ૧૦૧૪) અમ.

(૪૧૧) ઋષભદેવનો રાસ.
(૪૧૨) ક્ષેત્રપ્રકાશ રાસ.
(૪૧૩) સમયસ્વરૂપ રાસ.
(૪૧૪) દેવગુરૂ સ્વરૂપ રાસ.
(૪૧૫) શેત્રુંજય રાસ.
(૪૧૬) નવતત્વ રાસ.
(૪૧૭) કુમારપાલનો નાનો રાસ.
(૪૧૮) જીવંત સ્વામીનો રાસ.
(૪૧૯) ઉપદેશમાલા રાસ.
(૪૨૦) શ્રાદ્ધવિધિ રાસ.
(૪૨૧) આર્દ્રકુમાર રાસ.
(૪૨૨) પુણ્યપ્રશંસા રાસ.
(૪૨૩) કઇવન્નાનો રાસ.
(૪૨૪) વીરસેનનો રાસ. હવે ટૂંકી કૃતિઓ જોઇએ.

૧.+ **નેમિનાથ સ્ત.** સં. ૧૬૬૭ પોશ શુ. ૨ ગુરૂ ઋષભનગર (ખંભાત)માં.

જુઓ અને સરખાવો કૃતિ નં. (૩૯૫ ક) પૃ. ૪૧૭.

આદિ—

સરસતિ સામિણિ પાયે નામીજી, ગાયસ્યું નેમિજિણંદ,
જાદવકુલમંડણ ઉપનોજી, પ્રગટયો પૂનમચંદ;
સૂણો નર નેમ સમો નહિ કોઅ.

અંતે— કલસ.

વંદો વંદોરે, નેમિનાથ બાવીસમા, જેહણે કીધોરે સંઘ ઉદ્ધાર,
એ નરનારી શુભ મતિરે, પોતા મુગતિ મઝાર.
વંદો વંદો નેમનાથ બાવીસમોરે, સંવત સોલચોસઠે એ મેં શુણ્યોરે,
—પાઠાંતર સોલસોસઠ–સડસઠ છે.
પોસ માસ શુદ બીજ, ગુરૂ ગણોરે રિખબનઅરમેં સંથુણ્યોરે.
ઇય નેમિ જિનવર પુણ્યદિનકર સકલ ગુણમણિસાગરો,
જસ નામ જપીએ કર્મ ખપીએ, છૂટીએ ભવસાગરો.
તપગછ મુનિવર સકલ સુખકર, શ્રી વિજયસેન સૂરીસરો,
તસ તણો શ્રાવક રીખબ બોલે, થૃણ્યો નેમિ જિણેસરો.

—કાને માતે અધૂ અદકૂ લખ્યૂ હોએ તે મછામ દોકડો છે. ઉનાના વકીલ મોરારજી ભાવી, ચોપડામાંથી પૃ. ૪૬–૫૨.

—જૈ. એ. ઈ. ના ભંડારમાં.

—ઉદયપુર ભંડાર.

પ્ર. ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩ પૃ. ૧૫૧–૧૫૭.

૨. આદીશ્વર આલોયણ સ્ત૦ સં. ૧૬૬૬ શ્રાવણ શુદ ૨ ખંભાતમાં.

આદિ— ચાલ ચોપાઈ.

શ્રી આદીસર વંદૂં પાયે, વીનના નગરી કેરો રાય,
પ્રથમ તીર્થંકર રીખભજિણંદ, જસ મુખ દીઠે અતિ આણંદ. ૧
તેહ તણો પાય ઉણુસરી, પાપ આલોઉં પરગટ કરી,
ચઉગતિ માંહે ભમતો જેહ, કીધાં કરમ કૂકરમ તેહ. ૨

* * * *

અંતે—

પુરવ પુણ્ય તણા અંકુરા, પ્રગટ થયા મુઝ આજરે,
શેત્રુંજ સ્વામિ નયણે નિહાળ્યો, સરિયાં મુઝ કાજરે.

સંવત ૧૬ છાસઠા વરસે, સાવણ સુદિ દન બીજેજી,
તંબાવટીમાંહે જન સાખે, પાપ પખાલી રીઝેજી. ૫૫

કલસ.

તું તરણ તારણ દુરિતવારણ, સ્વામી આદિ જિણંદઓ,
પ્રભુ નાભિનંદન નયણ નિરખી હુઓ અતિ આણંદએ. ૫૬
તપગચ્છ ઠાકર વચન સાકર શ્રી વિજયસેન સૂરિતણો,
સાંગણ તણો સુત રીખભ બોલે, પાપ આલોઉં આપણો. ૫૭
—ઉનાવાળા મોરારજી વકીલના ચોપડામાંથી ૬૪–૬૮.

૩. મહાવીર નમસ્કાર.

આદિ—

વીર જિણંદ ચોવીસમો, ત્રિશલા જેની માય,
ભૂપ પિતા ભગવંતનો, નર સિદ્ધારથ રાય. ૧
સિદ્ધારથ કુલ ઉપનો, વર્દ્ધમાન જિન નામ,
તે જિણવરના ગુણ સ્તવૂં, પ્રેમે કરૂં પ્રણામ. ૨

* + * *

અંતે—

સંજમ ચોખું પાલિઉં, નિરમલ ગંગાનીર,
સકલ પાપનો ક્ષય કરી, મોક્ષ ગયા મહાવીર,
અરિહંત દેવ જે સિદ્ધ હુવા, સોય નમૂં નિસદીસ,
રીખભદાસ જિનને નમે, શ્રી સંઘની પૂરો જગીસ.
—ઉનાના મોરારજી વકીલનો ચોપડો પૃ. ૭૧–૭૨.

૪. આદીશ્વર વીવાહલો.

આદિ—

આદિ ધર્મ જિન ઉદ્ધર્યો, અવનિપતિ આધાર,
જુગલા ધરમ નિવારીઓ, પ્રથમ ધર્મ (જિન) અવતાર. ૧
પ્રથમ મુનીશ્વર જે હૂવા, પ્રથમ તે કેવલજ્ઞાન,
પ્રથમ હૂઆ ભિખ્યારૂ, પ્રથમ દીયાં જેણે દાંન. ૨

નાભિરાય કુલિ ઉપનઉં, મરૂદેવા જસ માય
ઋષભદેવ સુત જનમિઉ, સુરગિરિ ઉચ્છવ થાય. ૩
અષ્ટપ્રકાર કલસા કીયા, સાઠિલાખ એક કોડિ
નીર સુગંધઈ તે ભર્યા, ન્હાવણુ કરઇ કરજોડિ. ૪
પૂજી પ્રણમી સુર દીઈ, વીવર કુંડલ સાર,
જિનવર જિનઘરિ મૂંકીયા, હિયડઈ હરષ અપાર. ૫
* * * *

અંતે—

વર તપાગચ્છપાટિઇં પ્રભુ પ્રગટીઓ, શ્રી વિજયસેનસૂરિ પૂરી આસો,
ઋષભના નામથી સકલ સુખ પામીએ, કહે તે કવિતા નર
રીખભદાસો. ૬૯

—શ્રી ઉદેન મધે લખો છે સંવત ૧૭૫૨ માહ વદ ૧૩ દને.
મોરારજી ભાઇનો ચોપડો ૭૮-૮૩.

—સુશ્રાવિકા પદમાં શ્રાવિકા હરબાઇ પઠનાર્થં. સં. ૧૭૩૧ વર્ષે પોષ વદિ ૧૦ રવૌ લિખિતં. પ્ર. કા. —૩-૧૭ સં. લા. નં. ૪૬૪.

૫. શ્રી શેત્રુંજય મંડણ શ્રી રૂષભદેવ જિનસ્તુતિ.

અંતે—

શ્રી વિજેસેન સૂરીશ્વરરાય, શ્રી વિજયદેવ ગુરૂના પ્રણમું પાય,
રીષભદાસ ગુણ ગાય. ૪. (જૈ. એ. તીર્થમાળામાં.)

૬+ સ્થૂલિભદ્ર સઝાય (સ્થૂલિભદ્ર ને કોશાનો સંવાદ)

આદિ—

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણુમાં શિરદારજો,
ચોમાસું આવ્યા કોસ્યા આગારજો,
ચિત્રામણ શાળીયે તપ જપ આદર્યા જો. ૧

અંતે—

પૂરવી થઇને તાર્યા પ્રાણી થોકજો, ઉજ્જલ ધ્યાને તે ગયા દેવલોકજો,
રૂષભ કહે નિત્ય તેને કરીયે વંદના જો. ૧૭

—ચૈસ૦ આદિ સં. ભાગ ૩ પૃ. ૩૬૫.

૭+ ધૂલેવા શ્રી કેસરીયાજી સ્ત. (?)

આદિ—

ધૂલેવા નગરમાંહિ ઋષભ જિનેશ્વર, જગભૂલો કાંઈ ભટકે છે.

અંતે—

પ્રત્યક્ષ દેવ પરમગુરૂપાયો, ઋષભદાસ ગુણ રટકે છે. ધૂલેવા. ૪

૮+ માનપર સઝાય-૧૬ કડી

આદિ—

માન ન કરશોરે માનવી, કાચી કાયાનો શો ગર્વરે
સુરનર કિન્નર રાજીયા, અંતે મરીગયા સર્વરે. માન. ૧

અંતે—

અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઇરે
કવિ ઋષભનીરે શીખડી, સાંભલજો સહુ કોઇરે. માન. ૧૬

—ચૈત્ય૦ આદિ સં. ભાગ ૩.

આણંદજી કલ્યાણજીના ભંડારની હિતશિક્ષાની પ્રતમાં છેવટે નીચેની ટીપ આપી છેઃ—

સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લપીઈ છે.

૧ શ્રી ઋષભદેવનો રાસ ઢાલ ૧૧૮ ગાથા ૧૨૭૧ ગ્રંથા ૧૭૫૦ છે.
૨ શ્રી ભરતેસ્વર રાસ ઢાલ ૮૩ ગાથા ૧૧૧૬ ગ્રંથ ૧૫૦૦ છે.
૩ શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨ ગ્રંથ ૭૧૪ છે.
૪ શ્રી ક્ષેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪ ગ્રંથ ૮૫૬ છે.
૫ શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૬૯ ગ્રંથ ૭૭૫
૬ શ્રી શેત્રુંજ રાસ ગાથા ૩૦૧ ઢાલ ૨૦ ગ્રંથ ૪૧૨ છે.
૭ શ્રી સમકિતસાર રાસ ગાથા ૮૭૯ ગ્રંથ ૧૧૮૨ છે.
૮ શ્રી સમયસ્વરૂપ રાસ ગાથા ૭૯૧ ગ્રંથ ૧૦૦૦ છે.
૯ શ્રી દેવગુરૂ સરૂપ રાસ ગાથા ૭૮૫ ગ્રંથ ૧૦૫૮ છે.
૧૦ શ્રી નવતત્વ રાસ ગાથા ૮૧૧ ગ્રંથ ૧૧૨૭ છે.

૧૧ શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮ ગ્રંથ ૧૦૦૦ છે.
૧૨ શ્રી વ્રતવિચાર રાસ ગાથા ૮૬૨ ગ્રંથ ૧૨૧૨
૧૩ શ્રી સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૪ ગ્રંથ ૫૨૫ છે.
૧૪ શ્રી કુમારપાલ રાજાનો રાસ ગાથા ૪૫૦૬ ગ્રંથ ૫૮૦૦
૧૫ શ્રી કુમારપાલનો નાહનો રાસ ગાથા ૨૧૯૨ ગ્રંથ ૨૭૫૦
૧૬ શ્રી જીવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩ ગ્રંથ ૨૭૫ છે.
૧૭ શ્રી ઉપદેશમાલા રાસ ગાથા ૭૧૨ ગ્રંથ ૧૦૧૮
૧૮ શ્રી શ્રાદ્ધવિધિ રાસ ગાથા ૧૬૨૪ ગ્રંથ ૨૨૫૦
૧૯ શ્રી હિતશિષ્યા રાસ ગાથા ૧૮૬૨ ગ્રંથ ૨૩૨૫ છે.
૨૦ શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૬૬ ગ્રંથ ૭૫૦ છે.
૨૧ શ્રી આર્દ્રકુમારનો રાસ ગાથા ૯૭ ગ્રંથ ૧૨૫
૨૨ શ્રી શ્રેણિકનો રાસ ગાથા ૧૮૩૯ ગ્રંથ ૨૩૦૦
૨૩ તવન ૩૩, ૨૪ નમસ્કાર ૧૩, ૨૫ થોયું ૭, ૨૬ તીર્થંકરનાં કવિત ૨૪
૨૭ ગીત ૩૧ ૨૮ સુભાષિત ૩૭૯

એવં સર્વ એ જોડિ શ્રી સાંગણસુત સંઘવી ઋષભદાસે કીધી તે લષી છે જી. લિ. મુનિ ન્યાનચંદ્રેણ. આ. ક. હિતશિક્ષાની પ્રતમાં.

વળી એક હસ્તલિખિત પાનામાં નીચે પ્રમાણેની ટીપ મળી છે:–

સંઘવી રીષભકૃત રાસની ટીપ લખી છઈ ॥ શ્રી રીષભદેવનો રાસ ગાથા ૧૨૭૧, શ્રી ભરતેશ્વર રાસ ગાથા ૧૧૧૬, શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨, શ્રી ખેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪, શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૫૫, શ્રી શેત્રુંજ રાસ ગા. ૩૦૧, શ્રી સમકીતસાર રાસ ગા. ૮૭૯, શ્રી સમઇ સરૂપ રાસ ગા. ૭૯૧, શ્રી દેવસરૂપ ગા. ૭૮૫, શ્રી નવતત્ત્વ રાસ ગાથા ૮૧૧, શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮, શ્રી વ્રત-વિચાર રાસ ગા. ૮૬૨, સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૬, શ્રી કુમા-રપાલ રાસ ગાથા ૪૫૦૬, કુમારપાલનો નાનો રાસ ગાથા ૨૧૯૨, શ્રી જિવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩, શ્રી ઉપદેશમાલા ગાથા ૭૧૨ શ્રી શ્રાદ્ધવિધિ રાસ ગાથા ૧૬૧૬, શ્રી હિતશિક્ષા રાસ ગા. ૧૮૪૫,

શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૭૧, શ્રી આર્દ્રકુમાર રાસ ગાથા ૯૭, શ્રી શ્રેણિકરાસ ૧૮૩૯, તવન ૩૩, નમસ્કાર ૨૨, થોઓ ૨૭, સુભાષિત ૪૦૦, ગીત ૪૧, હરિયાલી ૫, શ્રી હીરવિજયસૂરિનો રાસ ગાથા....શ્રી મલ્લિનાથ રાસ ગાથા ૨૯૫, શ્રી પુણ્યપ્રશંસા રાસ ગાથા ૩૨૮, કય્વન્નાનો રાસ ૨૮૪, શ્રી વીરસેનનો રાસ ગા. ૪૪૫,

(કવિ ખંભાતના શ્રાવક હતા. પોતાના વતન ખંભાતનું વર્ણન થોડા વિસ્તારથી પોતાની કૃતિઓની અંતે આપેલું છે તે પરથી સંવત સત્તરમી સદીમાં તેની રચના, ત્યાંની જનસ્થિતિ, રાજસ્થિતિ, લોકોનો પહેરવેશ કેવાં પ્રકારનાં હતાં તે જણાઇ આવે છે. આ નગરનાં ખંભનગર, ઋષભનગર, ત્રંબાવતી, ભોગાવતી, લીલાવતી, કર્ણાવતી એ જૂદાં જૂદાં નામ કવિએ કહ્યાં છે તે વાત પણ તેની ઐતિહાસિક બીનામાં વધારો કરે છે. આપણે ત્રંબાવતી નગરી અને તેમાંના માણેકચોક વિષેની લોકવાર્ત્તાઓ ઘણી સાંભળી છે તો તે જનકથાનું વર્ણન કદાચ આ ખંભાત નગરની અપેક્ષાએ હોય. કવિ પોતે વીસા પ્રાગ્વંશીય (પોરવાડ) વણિક હતા. તેમનો જન્મ ખંભાતમાં માતા સરૂપાદે અને પિતા સાંગણથી થયો હતો. તેમના પિતામહનું નામ મહિરાજ હતું. મહિરાજ વિસલનગર કે જે રાજા વિસલદેવે વસાવ્યું હતું ત્યાંના મૂલ વતની હતા. અને પછી તેના પુત્ર સાંગણ ખંભાતમાં વસ્યા ને સમૃદ્ધિ પામ્યા. મહિરાજે સંઘ કાઢી શત્રુંજયની જાત્રા કરી હતી અને સાંગણે પણ તેજ પ્રમાણે 'સંઘવી' (સંઘપતિ) તરીકે ખ્યાતિ મેળવી હતી. કવિ પોતે શ્રાવકના જે આચાર જૈનશાસ્ત્રમાં જણાવેલા છે તે ઘણી દૃઢતાથી પાળતા, મુનિઓની શુશ્રૂષા કરી તેમની પાસેથી બોધ લેતા અને જિનની પૂજા મંદિરમાં જઇ હમેશ કરતા. તેમણે શેત્રુંજય, ગિરિનાર, શંખેશ્વરની યાત્રા કરી હતી અને ઘણા વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. આપરથી જણાય છે કે તેઓ ધર્મચુસ્ત, સંસ્કારી, બહુશ્રુત અને શાસ્ત્રાભ્યાસી હતા. પોતે 'સંઘવી' એ વિશેષણ પોતાને આપે છે તે પરથી તેમણે પણ સંઘ કાઢ્યો હોય એમ જણાય છે. પોતાને સુલક્ષણી પત્ની, બહેન, બાંધવ, અને એકથી વધારે બાળકો

હતાં. ઘેર ગાય ભેંસ દૂઝતી હતી અને લક્ષ્મી પણ પ્રસન્ન હતી. નેમિ-દૂતના કર્તા વિક્રમ કે જે પોતાને સાંગણનો પુત્ર જણાવે છે તે કદાચ આ કવિના બાંધવ હોય. કવિ તરીકે ગૂર્જર પ્રાચીન કવિ શિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલ પ્રેમાનંદ, શામળ અને અખાના પૂર્વગામી પોતે છે અને પોતાની વર્ણનશૈલી શબ્દચમત્કૃતિ, ભાષાગૌરવ તે કવિઓની સર-ખામણીમાં ઉતરતા હોઈ શકે તેમ નથી. સરસ્વતી દેવી પ્રત્યે સંપૂર્ણ ભક્તિ હોઈ તેમની હમેશાં સ્તુતિ કરી પોતાની કૃતિઓનો પ્રારંભ કરેલ છે અને જનશ્રુતિ પ્રમાણે તેમણે તે દેવીને આરાધન કરી પ્રસન્ન કરી હતી અને દેવીનો પ્રાસાદ મેળવ્યો હતો. પોતે શ્વેતામ્બર તપગચ્છના હતા અને પોતાના ગુરૂ તરીકે પ્રસિદ્ધ વિજયસેન સૂરિને અંગિકૃત કર્યા હતા, અને તેમની પછી વિજયદેવસૂરિને થોડો સમય સ્વીકાર્યા પછી વિજયતિલકસૂરિને અને તેમની પછી વિજયાણંદસૂરિને સ્વગુરૂ તરીકે લેખ્યા હતા. તેમના સમયમાંજ પ્રખ્યાત ધર્મસાગરજીના ગ્રંથનો ઝઘડો થયો. દેવ અને અણસુર-આણંદ પક્ષો થયા કે જે ઝઘડાનું સ્વરૂપ ઐતિહાસિક રાસમાળા ભાગ ૪ થામાં આપેલ વિજયતિલકસૂરિરાસ પરથી સ્પષ્ટ જણાશે. કવિએ ઘણી કૃતિઓ રચી છે તેમાં કેટલીક સંસ્કૃત ચરિત્રો પરથી પોતાની કવિ-કેળવણીથી સુંદર અને અલંકૃત બનાવી છે, અને કેટલીક સ્વતંત્ર છે. આ કવિની સર્વકૃતિઓ પ્રસિદ્ધ થવા યોગ્ય છે. વિશેષ વિસ્તારથી હકીકત મારા આ કવિ સંબંધેના નિબંધ પરથી જાણી લેવી.]

૨૧૧ કનકસુંદર (વડતપગચ્છ દેવરત્નસૂરિ-વિદ્યારત્ન શિ.)

(૪૨૫) ગુણધર્મ કનકવતી પ્રબંધ લ. સં. ૧૬૬૩ પહેલાં

આદિ— છંદ.

સકલ જાતિમાઇ સારદરાણી, ત્રિભુવનરાય વદનિ ઇહ ઠાણી,
સુરનર ગુણ ગંધર્વ વષાણી, આપિ માઇ સરસ સુઝવાણી. ૧

દુહા.

જે નવ રસ સરસ સહું સુણઈ, ષંતિ ધરી બહું જન,
મહિમા જનમાંઈ હુઈ, સરસતિ જુ સુપ્રસન્ન. ૨
કવીયણ આગિ જે હુંયા, તે ધુરિ સમરી માઇ,
હુંયા હુસિ જે કવીયણ, થાસિ તુઝ પસાઈ. ૩

* * * *

અંતે—

ભાણેજને યુવરાજ દેઇ, એ ઢાલ.

ઇમ સુણી પ્રાણી ચિત આણી, વિષય છંડઉ વાડ
પરમાદ પાંચઈ દૂરિ કીજઈ, દીજઇ નગર કપાટ. ૩૬૧
એ સીલ સુધું પાલતારે, બુરીઇ ભવખાડ,
રોગ સોગહ સવિ નાસઇં, નવિ નડિ કો કોઈ નાડ. ૩૬૨

* * * *

ચોપાઇ.

ઇમિ જાણી સંસાર અસાર, ગિરૂયા મુંકઈ વિષય વિકાર,
વડતપગછિ ગોયમ અવતાર, શ્રી ધનરત્ન હુઆ સંસારિ. ૩૬૪
તસ પટધારક ગુણે કરી ભુરિ, ગછપતિ શ્રી સુરરત્નહસુરી,
પટ પ્રભાવક વંદિત ઇશિ, શ્રી પુજ્ય દેવરત્ન સુરીસ. ૬૫
સહતાથી તે ગછપતિ તણા, વાચક વિધારત્ન ગુણ ઘણા,
અંતેવાસી તેહનો મુખ્ય, કનકસુંદર નાંમે છે શિષ્ય. ૬૬
શાંતિ જિણેસ્વરતણું ચરિત્ર, કથા પ્રબંધિ કરી વિચિત્ર,
વાંચતાં આવ્યો સંબંધ, ચતુરે જાણ્યો ભલો પ્રબંધ. ૬૭
ભુ પીઢિ તે ચતુરસુજાણ, લહુડા તુહિ પાંમઈ માંણ,
સાવ સલુણાં કેતકી પત્ત, હરષિ નાહના રંજઇ ચિત્ત. ૬૮
તેહનાં વચન લહી આભર્ણ, રચ્યો રાસ સુષદાતા કર્ણ,
પંડિત કનકસુંદર ઇમ કહઇ, ભણે સુણઇ તે સુષજ લહઈ. ૬૯

—ઇતિ ગુણધર્મ્મ કનકવતી કામ પરિત્યકત કૌતક પ્રબંધ ચતુર્થોધિકાર સંપૂર્ણ. સં. ૧૬૬૩ વર્ષે કાર્તિક વદિ ૧૪ શનૌ લિ૦ ઋ. શ્રી ૫ રામામાહાવજી સ્વયં પઠનાર્થં. ૧૩-૧૭ લીં.

(૪૨૬) કર્પૂરમંજરી સં. ૧૬૬૩ (પા. ૪)

(૪૨૭) સગાલસાહ રાસ. સં. ૧૬૬૭ વૈશાખ વદ ૧૨

આદિ— શ્રી ગુરૂભ્યો નમઃ

સકલ સુરપતિ સકલ સુરપતિ નમઈ જસ પાય,
ચુવીસઇ તિથેસરૂ, તાસ નામ હું ચિત્તિ ધ્યાઉં;
સરસતિ સામિણિ મનિ ધરી, સુગુરૂ શુદ્ધ પરસાદ પાઉ,
સત્વસરગુ ગુણ સબલ, તસ ધારક વર્ણુંવ્યોસ,
વંસિ વિશુદ્ધઉ તે હુઉ, નિરમલકુલ ગુણ લ્યોસ. ૧

× × × ×

અંતે

અન્ય અઠસઠિ સબલતીરથ કરઇ જે ફલ હોઈ
સાહશ્રી સગાલ કેરૂ રાસ સુણતાં સોએ. ૪૮૩
વલી જૈન તીરથ કરઇ જે એહ, જન તે સુણઇ એ રાસ,
અધિક ફલ એ સાંભલઈ, ગુણ સેઠની એ ભાસ,
સુણી એહનઉ દાંનમહીમા, અહઈ ગુણ જે એહવઉ,
તે લહઇ સંપદ સકલ અવિચલ, થાઈ નિર્મલ તેહવઉ. ૪૮૪
એ રાસ ભણતાં હર્ષ વાધઇ સુગુણ સુણતાં પાંમીઇ,
વલી આસપૂરણ સકલ હુઇ અનઈ વંછિત કામીઇ,
સોલ સંવત સતસઠઈ માસ વૈશાખઇ વલી,
વદિ બારસઇ એ રાસ પૂરણ હુઇ શુભ મનની રલી. ૪૮૫
વૃદ્ધશાલા ગુણવિશાલા, વિદ્યારત્ન ગછપતી,
તસ આણપાલક કનકસુંદર કહઈ ઉવઝાયાં યતી,
વિબુધ શ્રોતારાસ સુણતાં, હઇઇ ભાવ સુ આણયો,
શશિ સૂરમંડલ તપઈ તાં જાં રાસ એહ વખાંણયો. ૪૮૬

—સંવત ૧૬૭૦ લષિતં. ૧૬-૧૭ (મારી પાસે છે.)

(પ્રસિદ્ધ સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવે મને જણાવ્યું કે " એક બંધુકાર્ય માટે વીનતી છે. ચેલૈયા કિંવા સેલયાની કથા જાણીતી છે. ભોજાભગતે સેલૈયા આખ્યાન લખ્યૂં છે. એક બીજા કવિએ ' શેઠ સગાળસા સાધુને સેવે ' એ શબ્દોથી શરૂ થતો ગરબો લખ્યો છે. આ બે છપાઈ ગયેલ છે. જૈન સાહિત્યમાં પણ એ કથા હશે. એને અવલંબીને જે કંઈ જૂના જૈન સાહિત્યમાં લખાયૂં હોય, તેની મને ચોકસ માહીતી આપશો. " કારણકે તેમને બી. એ. વર્ગમાં ભોજાભગતનું સેલૈયા આખ્યાન શીખવવાનું હતું; એટલે મેં આ કનકસુંદરકૃત સગાળશાનો રાસ મૂળ મોકલી આપ્યો; વળી તેમને અમદાવાદના વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીએ ત્યાંના જૈનભંડારમાંથી બીજી પ્રત આથી ભિન્નજ મેળવી આપી. બંને વાંચી ગયા પછી તેઓશ્રીએ મને ૧૧–૨–૨૫ ના પત્રથી જણાવ્યું કે ' તમે કનકસુંદરકૃત સગાલસાહ રાસ મારા ઉપર મોકલાવ્યો હતો–એ મને સગાલસાહની ઉત્પત્તિ શોધવામાં બહુ ઉપયોગી થયો...... રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ પણ સગાલસાહ ચૂપઇની એક હાથપ્રત મને મેળવી આપી હતી. એ ચૂપઈ કવિ વાસુની કૃતિ છે. તમારી પાસેની પ્રત કરતાં તે જૂની છે. કનકસુંદરે રાસ સં. ૧૬૬૭ માં રચ્યો છે ત્યારે આ ચૂપઇની નકલજ સં. ૧૬૪૭ ની છે.–પ્રત જૈનને માટે ઊતરાયલી છે; પરંતુ ચૂપઈ કોઇ બ્રાહ્મણની કૃતિ જણાય છે. રાસ અને ચૂપઈમાં ઘણી પંક્તિઓ એકની એક અથવા સરખી છે. જો તમે રાસ છપાવવા ઇચ્છતા હો, તો વાસુ કવિની કૃતિ જોઇ જવા જેવી છે. " ત્યારપછી રૂબરૂ મળતાં આ સંબંધે કેટલીક રસભરી વાત થઇ હતી, અને કેટલાક ને ખાસ કરી નરસિંહરાવભાઈ જેવા સગાલસાહનો મૂળ અર્થ શૃંગાલ (શિયાલ) સાહ કરે તે અક્ષંતવ્ય છે. ખરી રીતે સગાલશાહ (એવો શાહ–શેઠીઓ કે જેને ત્યાં હમેશાં સુકાલ હતો, દુષ્કાળ હતોજ નહિ) એ નામ યથાર્થ રીતે સત્ય છે.)

---

૨૧૨ પદ્મકુમાર (ખ. પૂર્ણચંદ્ર શિ.)

(૪૨૮) મૃગધ્વજ ચો૦ લ. સં. ૧૬૬૧ પહેલાં.

અંતે—

મૃગધ્વજ મુનિ તણુઉ ચરિત્ર, સુણુતા હૂઇ જનમ પવિત્ર,
શ્રી નેમિનાથ વારઈ એહ, રિષિ હૂયા ગુણુ ગણુગેહ. ૮૩
ધન ધન મૃગધજ મુનિરાય, પ્રહ ઉઠી પ્રણમું પાય,
તસુ નામઈ નવઇ નિધાન, પામીજઇ સુખ સંતાન. ૮૪
ખરતરગછ સહ ગુરરાય, શ્રી પૂર્ણચંદ્ર ઉવઝાય,
તસુ સીસ સદ સુવિચાર, ઇમ બોલઈ પદમકુમાર. ૮૫

શા. તેજપાલ લાલિણુ લિખતં પ્ર. ૧૬૬૧. (વિ. ધ.) ભાવ.

૨૧૩ સંયમ (મૂર્ત્તિ) (વિનયમૂર્ત્તિ શિ.)

(૪૨૯) ઉદાઈ રાજર્ષિ સંધિ. લ. સં. ૧૬૬૨ પહેલાં.

અંતે—

ઉદાય મુનિવર ગુણુ-નિતિ મનિ ધરઈ, સાધુ સુશ્રાવક સુપ તે અણુસરઈ,
અણુસરઈ બહુ સુષ તેહ અહિનિસિ જે રિષિ ગુણુ ગાવઈ,
શ્રી વીરવાણી ષરી જાણી ધ્યાયઇ તે સુષ પાવઈ,
ઉવઝાય શ્રી વિનયમૂરતિ સીસ સંજિમ ઇમ કહઈ,
જે ભણુઈ ભાવઇ રિદય પાવઇ સયલ સુખ સંપતિ લહઇ. ૪૩

—લાલણુ તેજપાલ લિષિતં સં. ૧૬૬૨ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૨ શનૌ ભાવ.

[બીજા સંયમમૂર્ત્તિ એ નામના ઉપાધ્યાય આ કવિથી અગાઉ થયેલા છે તેમણે ઉપદેશમાલા વિવરણુ લખ્યું છે તેમાં પોતાનો પરિચય આ પ્રમાણે આપે છે:—લિખિતં શ્રી વટપદ્ર નગરે શ્રી સોમસુંદરસૂરિ શિષ્ય શ્રી વિશાલરાજસૂરિ તચ્છિષ્ય પં. મેરરત્નગણિ તચ્છિષ્યાણુ સંયમ-મૂર્ત્તિગણિના, આની ૧૧ પાનાંની પ્રતિ સાવચૂરિ પાટણુના હાલાભાઇ ભંડારમાં દાબડા ૪૮ માં છે. મુનિશ્રી જિનવિજયજીનો પ્રશસ્તિ સંગ્રહ.]

૨૧૩ ક વલ્હપંડિત (જૈનેતર લાગે છે.)

(૪૨૯ ક) કુકડા માજાંરી રાસ. લ. સં. ૧૬૬૨ પહેલાં.

આદિ—

પ્રથમ કિ પ્રણમૌ ગણુપતિ દેવ. કાજ સિદ્ધિ જિઉ કુરઈ તતખેવ,
ગવરીશંકર મલઉતપતિ જાસ, કહઈ વલ્હ પંડિતકઉ દાસ. ૧
પુનિ દૂજઈ સારદ મનિ ધરઈ, કવિત કાવ્ય તસ તૂઠઈ કરઈ,
લાડુ કુસમમાલક કરલેઈ, વિનાયકુ હમ સિદ્ધિ બુદ્ધિ દેઈ. ૨
અવરે માઇપિતા પ્રણુવાઉ, હઉ બલિહારી તિસકઇ જાઉ,
જિનપ્રસાદ દીઠૌ સંસાર, તિન તૂઠા હુઇ મોક્ષ દુવાર. ૩

*   *   *   *

અંતે—

માંજરી તણી સોકં રતિ કરઈ, જિણિ છંદિ લીઅઉ તિણિહિ ઉતરઇ.

—ઇતિ કુકડામંજરી ચઉપઇ સમાપ્તં. સં. ૧૬૬૨ વર્ષે અશ્વિનિ માસે શુકલપક્ષે ચતુર્થ્યાં તિથૌ શુક્રવાસરે શ્રી નાગપુર મધ્યે લિખિતં પાતિસાહ શ્રી અકબર રાજ્યે ૬-૧૨ ડે. કો. નં. ૨૫૪ A. ૧૮૮૨-૮૩

---

૨૧૪ માલમુનિ.

(૪૩૦) અંજનાસતી રાસ ૧૬૬૩ પહેલાં

આદિ—

સરસતિ સામણી પ્રણુમીયઇ, ગોતમ સ્વામિના પાયરે,
અંજનાસુંદરીની કથા, નારિનર સુણહું મન લઇરે. ૧
સીલ ભવિયણ ભલઈ પાલીયઈ, પાઇયઈ સુજસુ સંસારિરે
સબ કુસંગતિ વલી ટાલીયઇ, જાઇયિઇ ભવસમુદ્ર પારિરે
સીલ ભવિયણુ ભલઈ પાલીયઇ. ૨

×   ×   ×   ×

અંતે--

ધન ધન **અંજનાસુંદરી**, સુમિરો ચિત્ત ત્રિકાલરે
સીલ ભલો તિણે પાલીયો, જસુ ગાવઇ મુનિ **માલરે**
સીલ ભલો જગિ પાલીયઇ.

--સંવત ૧૬૬૩ વરષિ ચૈત્ર સુદિ સપ્તમીં બુધ દિનૌ લિપકૃતં રૂપીસ્થાન મધ્યે ગોપાલુ પઠનાર્થં ૮-૧૩ અનંત.

--સંવત ૧૭૨૪ વર્ષે પોષ સુદિ કૃષ્નપક્ષે પ્રતિપદા ભૃગવા દિને પૂર્ણમસ્તિ. ૬-૧૫ અનંત.

---

૨૧૫ વિજયસાગર (ત૦ વિદ્યાસાગર-સહજસાગર શિ.)

(૪૩૨)+ સમ્મેત શિખર તીર્થમાળા સ્ત૦ સં. ૧૬૬૪ આસપાસ.

આદિ—

પ્રણમીય પ્રથમ પરમેસરૂજી, **આગરા** નગર સિંણગાર કઇ, **પાસ** ચિંતામણિ
પરતિખ પરતા એ પૂરવઇજી સુગતિ મૃગતિદાતાર કઇ. પા. ૧
એકવાર જો સિર નામીઇજી, પામીઇ કોડિ કલ્યાણ કઇ, પા.
સામી સેવા ફલ સહુ કહઇજી, મહમહઇ પરિમલ કપુર કઇ. પા. ૨
આનંદદાયક **આગરઇ**જી, દેવ દેહરાસર સાલ કઇ,
સઇહિથ **હીરગુરૂ** થાપીયાજી, સંવત **સોલ અડયાલ**, કઇ. પા. ૩
રાજરાણિમ ઋદ્ધિ રંગરલીજી, રાગ રમણિ રંગરેલિ
ગિરૂઅડે ગયવર ગોરડીજી, ગરજતા ગજ ગુરૂગેલિ.
તેહ પ્રભુપાસ સુપસાઉલેંજી, તપગચ્છ ગુરૂકુલ વાસ,
નગર રતનાગર **આગરે**જી, રહીય ચોમાસિ ઉલ્હાસિ. ૫
પંચકલ્યાણક ભૂમિકા જી ફરસતાં ફલ બહુ જોઈ,
પૂરવ ઉત્તર પૂજીઇ જી તિહાં જિન ચૈત્યબિંબ હોઇ. ૬
સુગુરૂ ગીતારથ સુખિ સુણી જી પુસ્તક વાત પરતીતિ,
જનમ કલ્યાણક ભેટિવાજી અલજયો હું નિજ ચિત્ત. ૭

વંદીય દશદોય દેહરેજી બિંબ બહુ ધાતુમય માણિ,
દરસણ કરીય દેહરાસરેજી **આગરા** પ્રથમ પ્રયાણ.   ૮
પુન્યવંતા જગિ જે નરાજી તે કરઈ તીરથ બુદ્ધિ,
જિમ જિમ તીરથ સેવીઈજી તિમ તિમ સમકિત સુદ્ધિ.   ૯

*   *   *   *

અંતે—   કલસ.

ઇતિ તીરથમાલા અતિ રસાલા પૂરવ ઉત્તર વર્ણવી
સમકિતવેલી સુણિ સહેલી સફલ ફલી નવ પલ્લવી,
તપગચ્છ રાજા બહુ દિવાજા **વિ**જયસેન સૂરીસરો
તસ પટ્ટિ પૂરો જિસો સૂરઓ **વિ**જયદેવ યતીસરો.   ૨૩
તપગચ્છિ રાજે ભવિ નિવાજે વાચક **વિ**ઘાસાગરો,
તસ સીસ પંડિત સુગુણમંડિત **સહજસાગર** ગણિવરો.
વીસાસઓ ચોવીસ જિનવર કલ્યાણક યાત્રા કરી,
તસ સીસલેસિં **પૂ**રવદેશિં **વિ**જયસાગર બહુ સુખકરી,
થુઈ ભણી બહુ સુખ ધરી. ૨૪

—લ. સંવત્ ૧૬૯૮ વર્ષે ફાગણ સુદિ પૂર્ણિમા દિને લિખિતં શ્રી પાડલીપુર મધ્યે તપાગચ્છે પંડિત શ્રી જગકુશલગણિ શિ. ચંદ્રકુશલગણિના ૩–૨૨ પ્ર. કા. નં. ૧૪૪.

—સકલ પંડિતમંડિતાખંડલાયમાન પંડિત શ્રી ૧૯ વિજયસાગર ગણિ શિષ્ય ગણિ હેતુસાગર લિપીકૃતં શ્રી કૃષ્ણગઢ મહાનગરે સંવત્ ૧૭૧૭ વર્ષે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્–શુભં ભવતુ.

—પ્રા૦ તી. સં. પૃ. ૧ થી ૧૩

(આમાં પાલગંજ સમેતશિખરના રક્ષક રાજાનું નામ પૃથ્વીમલ્લ આપ્યું છે અને સં. ૧૬૬૧ માં બનાવેલી જયવિજયકૃત સમ્મેતશિખર તીર્થમાળામાં પણ પૃથ્વીચંદ્ર (પૃથ્વીમલ્લ) આપ્યું છે એટલે આ તીર્થમાળા તે સમયની એટલે સં ૧૬૬૧ આસપાસની હોવા સંભવ છે.)

૨૧૫ ક શ્રીધર (જૈનેતર)

રાવણ મદોદરી સંવાદ. સં. ૧૬૬૫

—પત્ર ૨૪ ગ્રંથમાન ૨૦૬ લખ્યા સં. ૧૮૨૫. દાબડો ૨૨ લીં. ભંડાર. આ ચોપાઇ તથા દૂહામાં છે. કુલ દૂહા ૨૦૬ છે.

---

૨૧૬ હીરાનંદ શ્રાવક (સંઘપતિ.)

(૪૩૨) અધ્યાત્મ બાવની—સં. ૧૬૬૮ લ. સં. પહેલાં.

આદિ—

ॐકાર સરૂપુરૂપ ઇહિ અલષ અગોચર,
અંતરગ્યાન બિચારિ પાર પાવઇ નહિ કો નર,
ધ્યાન મૂલ મનિ જાણિ આણિ અંતરિ ઠહરાવઉ,
આતમ તત્તુ અનૂપુ રૂપ તસુ તતષિણ પાવઉ,
ઇમ કહઇ હીરાનંદ સંઘપતિ અમલ અટલ ઇહુ ધ્યાન થિરિ
સુઇ સુરતિ સહિત મનમઈ ધરઉ ભુગતિ મુગતિ દાયક પવર. ૧
ન કરૂ સુયણ મતિ બિકલ ભરમ મનિ કાહે આંણઈ,
પેષિ રજત સમ સીપ મૂઢ મનિ રજતહિ જાંણઇ,
જબ તઉ કરઈ બિચારસાર પરમારથ પેષઇ,
ભ્રમ જાવઈ બિન મઝિહ મૂઢ તબ દૂરિ ઉવેષઇ,
વિન્નાનભેદ નિજ ચિતિ ધરિ વિસંક સકલ કહુ દૂરિ તજિ,
ઇમ કહઇ હીરાનંદ સંઘપતિ સમઝિ નિજ રૂપ ભજિ. ૨

× × × ×

અંતે—

બાવન અક્ષર સાર વિવધ વરનન કરિ ભાખ્યા,
ચેતન જડ સંબંધ સમઝિ નિજ ચિતમઈ રાખ્યા,
જ્ઞાનતણુઉ નહિ પાર સાર એ અક્ષર કહિયઈ,
નવ નવ ભાંતિ બષાણુ સુતઉ પંડિતપઇ લહિયઈ,

વહ ભેદ વિજ્ઞાન વિવેક રસ સબરસ તઈ યહ અધિક ગણિ,
આતમ લબદ્ધિ અનુ સુજસ જગિ પઢત ગુણત હીરાનંદ ભણિ. ૫૬
મંગલ કરઉ જિન પાસ આસ પૂરણ કલિ સુરતર,
મંગલ કરઉ જિન પાસ દાસ જાકે સબ સુરનર,
મંગલ કરઉ જિન પાસ, જાસ પય સેવઈ સુરપતિ,
મંગલ કરઉ જિન પાસ, તાસ પય પૂજહ દિનપ્રતિ,
મુનિરાજ કહઈ મંગલ કરઉ, સપરિવાર શ્રીકાન્હસુઅ,
બાવન્ન બરન બહુ ફલ કરહુ સંઘપતિ હીરાનંદ તુઅ. ૫૭

—ઇતિશ્રી અધ્યાતમ બાવની સંપૂર્ણ—સંવત ૧૬૬૮ વર્ષે આસાઢ સુદી પંચમી દિને—લાભપુર મધ્યે—લિંષતં ભોજિગ કિસનદાસ સાહ બેણીદાસ પુત્ર—સાહ સંતોષી પઠનાર્થં.

[વિ. ધ. નાનો ચોપડો પા. ૧૧૧—૧૨૫]

(૪૩૩) ઉપદેશરાસ. સં. ૧૬૬૪.

(૪૩૪) વિક્રમરાસ. પ્રત લખ્યા સં. ૧૭૦૦

---

૨૧૭ મેઘરાજ ૨. (અં. ધર્મમૂર્ત્તિ—ભાનુલબ્ધિ શિ.)

(૪૩૫) સત્તરભેદી પૂજા.

આદિ—

सर्व्वज्ञं जिनमानम्य नत्वा सद्गुरुमुत्तमं ।
कुर्व्वे पूजाविधिं सम्यक् भव्यानां सुखहेतवे ॥

વંદી ગોયમ ગણહરેં સમરૂં સરસતિ એક
કવિયણ વર આપેં સદા, વારે વિઘન અનેક. ૨

* * * *

અંતે—

ગીત રાગ ધન્યાસી.

બોલી બોલીરે બોલી પૂજાની વિધિ નીકી
સતરભેદ આગમેં જિન ભાખી, શિવરમણી સિરટીકીરે. બોલી. ૧

જીવાભિગમે જ્ઞાતા ધરમેં રાયપસેણી પ્રસીદ્ધી,
વિજયદેવ દ્રૂપદીએ પૂજ્યા સૂરીયાભેં પણિ કીધીરે. ૨
અંચલ ગચ્છે દિન દિન દીપે, શ્રી ધર્મમૂરતિ સૂરિરાયાં,
તાસતણેં પખેં મહીયલ વિચરેં, ભાનુલબ્ધિ ઉવઝાયાંરે. ૩
તાસ સીસ મેઘરાજ પયંપે, ચિરનંદો જાં ચંદારે,
એ પૂજા જે ભણસેં ગણસેં, તસ ઘર હોઇ આણંદારે, બોલી. ૪

--સં. ૧૮૩૦ વર્ષે શ્રા૦ શુ. ૧૫ ગુરૂવાસરે શ્રી નવાનગરે શ્રી અંચલગચ્છે શ્રી શાંતિનાથપ્રસાદાત્ સા૦ રૂપસી રત્નપાલ પ્રમુખ પઠનાર્થં. ૪-૧૪ મં.

[ધર્મમૂર્ત્તિ સૂરિ અંચલગચ્છની પટ્ટાવલિમાં ૬૩ મા પટ્ટધર-૧૬૦૨ મા આચાર્ય અને ગચ્છનાયક પદ સં. ૧૬૭૦ માં સ્વર્ગવાસ પાટણ.]

(૪૩૬) ઋષભજન્મ.

આદિ—

વિણીય નયરી વિણીય નયરી નાભિ નિયગેહ,
મરૂદેવી ઉઅરસરેં રાયહંસ સારિત્થ સામીય,
રિસહેસર પઢમજિણ પઢમ રાયવર વસહ ગામીય,
વસહ અલંકિઅ કણયતણૂ, જાગો જુગ આધાર,
તસુ પાય વંદી તસુતણો, કહિસું જનમ સુવિચાર. ૧

* * * *

અંતે—

---

૨૧૮ મૂલા વાચક (આં. ધર્મમૂર્ત્તિસૂરિ શિ.) સં. ૧૬૭૦ પહેલાં.

(૪૩૭)+ ચૈત્યવંદન. ૮ ઢાલનું ૩૨૦-૩૨૬ જૈ. પ્ર. વિધિપક્ષ પંચ પ્ર. સૂત્ર.

આદિ—

કેવલનાણિ શ્રી નિરવાણી, સાગર મહાજસ વિમલ તે જાણી,
સર્વાનુભૂતિ શ્રીધર ગુણખાણી, દત્ત દામોદર વંદો પ્રાણી. ૧

અંતે—　　　　　　કલસ.

છન્નુંએ જિનવર છન્નુંએ જિનવર,
　　　　　　અધો ઊર્ધ્વને લોક તીછેં જાણું એ,
સાસય અસાસય જૈન પડિમા તે સવે વખાણુંએ.
ગચ્છ **વિધિપક્ષ** પૂજ્ય પરગટ, શ્રી **ધર્મમૂત્તિ** સૂરિંદુ એ,
વાચક **મૂલા** કહે ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ આણંદુએ.

૨૧૮ક. ક્ષેમકુશલ (મેઘમુનિ શિ.) ૧૬૭૨ પહેલાં.

વિમલાચલ સ્ત૦

શ્રી **હીરવિજય** સુરિંદ રાજિં, **વિજયસેન** સૂરીશ્વર,
શ્રી પંડિત **મેઘ** મુણિંદ સીસઇ, થુણ્યો **ક્ષેમકુશલ** કર.　　૪૨

—ઇતિ શ્રીમત સકલતીર્થ મસ્તક મુકુટાયમાન વિમલાચલસ્ય કાલબદ્ધમાનેકવિંશતિ નામ સપ્તોદ્ધારં સંઘપતિ સિદ્ધસંખ્યાસૂચિત વિચારમય સ્તવન મહા મંગલમય મિતિ ભદ્રં સંપૂર્ણ, સમાપ્તં.

(વિજયસેનસૂરિ—આચાર્યપદ સં. ૧૬૨૮ સ્વ. ૧૬૭૨.)

૨૧૮ખ. હર્ષકીર્ત્તિસૂરિ (નાગોરી ત૦ ચંદ્રકીર્ત્તિસૂરિ શિ.)

વિજયશેઠ વિજયાશેઠાણી સ્વરૂપ પ્રબંધ. ૨૪ ટુંકનું કાવ્ય. સં. ૧૬૬૫ આસપાસ.

આદિ—

ભરતક્ષેત્રેરે સમુદ્રતીરે દક્ષિણ દિસે,
કચ્છ દેશમારે વિજયશેઠ શ્રાવક વસે;
શિયલ વ્રતરે અંધારા પક્ષનો લિયો,
બાલાપણેરે એહવો મન નિશ્ચય કિયો.　　૧

*　　*　　*　　*

અંતે—

તેહના ગુણ ગાવે ભાવે જે નરનારિ,
તેતો વંછિત પામે સંપતિ લહેરશાલિ,
નાગોરિ તપ ગછ આચારજ સુરિરાય,
શ્રી ચંદ્રકીરતિ સુરિ પ્રણમું તેહના પાય,
શ્રી હર્ષકીર્ત્તિસૂરિ પભણે તાસ પસાય. ૨૨

કલસ.

ઇમ કૃષ્ણપક્ષે શુકલપક્ષે જેણિ શિયલ પાલ્યો નિરમલો,
તે દંપતિના ભાવ શુધ્ધે સદા શુભગુણ સાંભલો. ૨૩
જેમ દુરિત દોહગ દુરિ જાય સુખ થાયે બહુ પરે,
સકલ મંગલ મનહ વંછિત કુશલ નિત્ય ધરે અવતરે. ૨૪

—પં. હર્ષવિલાસેન લેલિખીકીયતં–૨–૧૩.

—લિ. ઋ. ડાહ્યા. ૨–૧૨ એ પ્રત મારી પાસે છે.

(પાર્શ્વચંદ્રગચ્છના રાજચંદ્રસૂરિ (જન્મ સં. ૧૬૦૬, આચાર્ય ૧૬૨૬ સ્વ. ૧૬૬૯) ના સમકાલીન રાજરત્નસૂરિ શિષ્ય ચંદ્રકીર્ત્તિસૂરિ હતા. તેના શિષ્ય આ હર્ષકીર્ત્તિસૂરિએ પોતાના ગુરૂના નામની સારસ્વત વ્યાકરણની ટીકા, નવસ્મરણની ટીકા, સિંદુરપ્રકર ટીકા, શારદીય નામમાલા કોષ, ધાતુતરંગિણિ, યોગચિંતામણિ, વૈદ્યકસારોદ્ધાર, વૈદ્યક સારસંગ્રહ, શ્રુતબોધવૃત્તિ, તિજયપહુત્ત અને બૃહત્ શાંતિપર વૃત્તિઓ તેમજ સં. ૧૬૬૩ માં અનિતૃકારિકા વિવરણ અને સં. ૧૬૬૮ માં કલ્યાણ મંદિરસ્તવ વૃત્તિ આદિ અનેક ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે.)

૨૧૯ વિદ્યાકમલ.

(૪૩૮) ભગવતી ગીતા. સં. ૧૬૬૯ ની પહેલાં.

૨૧૯ક. શાંતિકુશલ (ત. વિજયદેવસૂરિ-વિનયકુશલ શિ.)

૧+ ગોડી પાર્શ્વનાથ સ્ત. સં. ૧૬૬૭.

આદિ—

સારદ નામ સોહામણું મનિ આણી હો અવિહડ રંગ,
પાસ તણો મહિમા કહૂં જસ તીરથ હો જિમ ગાજૈ ગંગ. ૧
ગોડી પરતા પૂરવિં ચિંતામણ હો તું લીલવિલાસ,
અંતરીક મોરે મને વરકાણે હો તું સોહે પાસ. ગો. ૨

× × × ×

અંતે—

અલખ નિરંજન તું લિખ્યો અતુલી બલ હો તલભાણ,
શાંતિકુશલ ઇમ વિનવઇ તું ઠાકુર હો સાહિબ સુલતાણ. ૩૦
તપગછ તિલક તડોવડિ પાય પ્રણમી હો વિજયસેનસૂરીસ,
સંવત સોલસતસઠે વીનવીઓ હો ગોડી જગદીસ. ૩૧

કલસ.

ત્રેવીસમો જિનરાજ જાણી હિઇ આંણી વાસના,
નર અમર નારી સેવ સારી ગાઇ ગુણ શ્રી પાસના,
વિનયકુશલ ગુરૂ ચરણ સેવક ગોડી નામઈ ગહગહઈ,
કલિકાલમાંહિં પાસ પરગટ સેવ કરતાં સુખ લહઈ. ૩૨

—પ્રા. તી. સં. પૃ. ૧૯૮-૨૦૦.

૨. ઝાંઝરીઆ મુનિની સઝાય. સં. ૧૬૭૭ વૈ. વ. ૧૧ બુધ શ્યાંણામાં (છાણી ?)

અંતે—

સંવત સોલસત્તોતરે, શ્યાંણા નગર મઝારિ હો,
વઇશાખ વદિ એકાદસી, થુણિઉ મિં બુધવાર હો. ૧૦૦
વિજયદેવસૂરીસરૂ, ગણધરપદ ગણધાર હો,
તપગચ્છ નાયક ગુણનિલઉ, જિનસાસનનઉ સિણગાર હો. ઝાં. ૧

વિનયકુશલ પંડિતવર, પંડિત પદ સિરતાજ હો,
શાંતિકુશલ ભાવિઇં ભણુઈ, સફલ સફલ દિન આજ હો. ૨

—ઇતિ શ્રી ઝાંઝરિઆ ઋષિસઝાય સંપૂર્ણ. ગણિ શ્રી **ભાવ**કુશલ શિષ્ય મુનિ હંસકુશલેનાલિખિ. ગણિ શ્રી ૫ શ્રી રૂચિકુશલ શિષ્ય ગણિ શ્રી રામકુશલ પઠનકૃતે સં. ૧૭૦૧ વર્ષે પોષ સુદિ ૧૫ દિને.

૩+ સનતકુમાર. સ. (સરસતિ સામિણિ પાએ લાગું) ૪૦૩ સ. મા. ભી. (આ. ક.)

૪. ભારતી સ્તોત્ર. ૩૩ કડીનું.

આદિ—

સરસ વચન સમતા મન આંણી, ૐકાર પહિલો ધુરિ જાંણી.

અંતે— કલશ.

સુલલિત સરસ સાકર સમી, અધિક અનોપમ વાંણી,
વિનયકુશલ પંડિત તણી, કરી સેવ મેં લાધી વાંણી,
કવિ **શાંત**કુશલ ઉલટ ધરી, નિજ હીયડેં આણિ,
કીયો છંદ મનરંગઇ ૐકાર, સમરી શારદા વખાંણી,
તવ બોલી શારદા જો છંદ કીધો, ભલી ભગતેં વાચા માહરી,
હું તૂઠી મેં વર દીધો તૂં લીલા કરિસ, આસ ફલસી તાહરી. ૩૩

—ચેલા ષેતસી વાચનાર્થં. ૨-૧૫ મારી પાસે છે.

---

૨૧૯ ખ ગુણવિજય (ત૦ કમલવિજય અને વિદ્યાવિજય શિ૦)

૧-૭૨૦ જિનનામ સ્ત૦ સં. ૧૬૬૮ ચૈત્ર રવિ. જાલોરમાં.

આદિ—

સરસતિ સરસ વચન વરસતી, સજહંસ ગજગતિ મલ્હપતિ
સમરી સૂણસ્યું જિન જગદીસ, સાતસયાં ઊપરિં વલી વીસ. ૧
ભરત ઐરાવત હુઈ દુઇ ક્ષેત્ર, જાણુકિ ભૂમિ ભામિની નેત્ર
જંબૂ ધાતકિ પુષ્કર ખંડ, અઢી દીપ દશક્ષેત્ર અખંડ. ૨

અતીત અનાગત નઇ વર્ત્તતા, ચઉવીસી જિનવર વિહરતા,
ચોવીસીઇં જિન ચોવીસ, દસ ક્ષેત્ર ચોવીસી ત્રીસ. ૩

× × × ×

અંતે—

એ જિનનામ પ્રસાદથકી તુ ભ૦ પૂત્ર કલત્ર પરિવાર તુ
ભાગ સોભાગ સોહામણા તુ ભ૦ લહિઇ જય જય કાર તુ.
તપગચ્છપતિ ગુરૂ મલ્હપતો તુ ભ૦ સકલસૂરિ સિરતાજ તુ,
શ્રી **વિજયસેન** સૂરીસરૂ તુ ભ૦ શ્રી **વિજયદેવ** યુવરાજ તુ.
તસગચ્છિ ગુણરયણાયરૂ તુ ભ૦ સુવિહિત પંડિત સીહ તુ,
શ્રી ગુરૂ કમલવિજય જયુ તુ ભ૦ **વિદ્યાવિજય** બુધ લીહ તુ,
તાસ સીસ ઇણિપરિ કહિ તુ ભ૦ ચૈત્રી દિન રવિવાર તુ,
સંવત **સોલ અડસઠિ** તુ ભ૦ ગઢ **જાલોર** મઝારિ તુ, ૭૯

કલસ.

ઇમ સાધુ સિંધુર ભુવનબંધુર જિનધુરંધર ધ્યાઇયા,
કરકમલ જોડી માન મોડી ભગતિ જુગતિ ગાઇયા,
શ્રી કમલવિજય મુણિંદ વાચક ગુણવિજય કહિ જિનતણાં
નિત નામ ભણતાં શ્રવણિ સુણતાં ઘરે રંગ વધામણાં. ૮૦

—ઇતિશ્રી ઐરવત ક્ષેત્ર ૧૫ ચોવીસી સ્ત૦ પંચભરત પંચ ઐરવત ૩૦ ચોવીસી ૭૨૦ જિનનામ સ્તવનં લિખિતં શ્રી રવિવર્દ્ધન ગણિભિઃ

૨–સામાયક સ૦ આદિ–ગોયમ ગણહર પ્રણમી પાય.

અંતે—

સામાયિક કરજ્યો નિસદીસ, કહિ શ્રી કમલવિજય ગુરૂ સીસ. ૧૩
—ઉપરનાં બંનેની પ્રત ૩–૨૩ જૈ. એ. નં. ૧૧૫૦

૨૨૦ સંઘવિજય (ત૦ હીરવિજયસૂરિ–ઋષિમેઘજી અપર-નામ ઉદ્યોતવિજય–ગુણવિજય શિ.)

(૪૩૯) શ્રી ઋષભદેવાધિદેવજિનરાજ સ્ત. સં. ૧૬૬૯ આસો શુદ ૩.

આદિ— દૂહા.

સરસતિ ભગતિ ભારતી, કવિજન કેરી માય,
અમૃત વચન નિજ ભગતનઈ, આપો કરી પસાય.
શાસનદેવી ચિતિ ધરૂ, પ્રણમું નિજગુરૂ પાય,
પ્રથમ તીર્થંકર વર્ણવું, શ્રી રિસહેસર રાય. ૨
ભવ તેરહ સ્વામીતણા, હું સંષેપિ ભણેસ,
રચું તવન રલીયામણું, સફલ જન્મ કરેસ. ૩

*   *   *   *

અંતે—

સંવત સશિ રસ કાય નિધાન, એ સંવત્સર કહ્યો પરધાન,
આસો માશિ તૃતીઆ ઉજલી, કર્યું તવન પૂરણ મનિરલી. ૬૯
જિહાં ધ્રુ અવિચલ મેરૂ ગિરંદ, જિહાં ગ્રહ ગણતારા રવિચંદ,
તિહાં લગઈ શ્રી ઋષભચરિત્ર, ભણઇ ગણિઈ તસ જન્મ પવિત્ર. ૭૦

(કલશ.)

એ પ્રથમ નરપતિ પ્રથમ મુનિવર પ્રથમ ભિષ્યાચર હવો,
એ પ્રથમ જિનવર પ્રથમ કેવલી ભાવ આંણી મઈ સ્તવ્યો,
તપગચ્છપતિ શ્રી વિજયસેનસૂરિ શ્રી વિજયદેવસૂરિ પટોધરૂ,
ગણિ ગુણવિજય શિષ્ય સિંઘવિજય કહિ સયલ સંઘ મંગલ કરૂ. ૭૧

—ઇતિશ્રી ઋષભદેવાધિદેવ જિનરાજ સ્તવનં સંપૂર્ણં. લિખિતં સંવત ૧૬૭૦ વર્ષે માઘ માસે શુકલપક્ષે પુર્ણિમાતિથૌ સૂર્યસુતદિવસે ગણિશ્રી ગુણવિજય શિષ્યગણિ સિંઘવિજયેન લિખિતં. શ્રી અણહિલ્લ-પત્તન મધ્યે શ્રી પેતલવસહી પાટકે વાસ્તવ્ય સુશ્રાવક પુણ્ય પ્રભાવક શ્રી દેવગુરૂભક્તિકારક સાહ નાનજી પઠન કૃતેતિ ભદ્રં ભૂયાત્ શ્રી–૩–૧૫ (વિ. ધ.)

(સંઘવિજય ગણિએ કલ્પસૂત્રપર પ્રદીપિકાવૃત્તિ સં. ૧૬૭૪ માં રચી છે અને તેની સં. ૧૬૮૧ માં લખેલી પ્રત લીંબડી ભંડારમાં પત્ર ૧૫૫ અને ગ્રંથમાન ૩૩૦૦ ની ૧૨ મા દાબડામાં છે.

(૪૪૦) અમરસેન વૈરસેન રાજર્ષિ આખ્યાનક. સં. ૧૬૭૯ માગ. શુ. ૫.

આદિ--

સકલ સિદ્ધિ સુખ સંપદા, લહીઈ બુદ્ધિ વિનાણ,
પંચપરમેષ્ટી પ્રણમીઈ, હુઈ ધરિ કોડિ કલ્યાણ. ૧
શ્રી **આદીશ્વર શાંતિજિન**, યદુપતિ **નેમિ** જિણંદ,
પાસ વીર પ્રભુ પાય નમું, પંચતીરથ મુખ કંદ. ૨

× × × ×

અમરસેન વયરસેનનઈ પૂર્વે ભવ અધિકાર,
દાન પૂજાલાભ ગુરૂઈ કહ્યો, તેણઇ લહ્યાં સુખ અપાર, ૧૪

× × × ×

પ્રકરણ **પુષ્પમાલા** તણી, ગાથા ભણી સુજાણિ,
રસિક સંબંધ શ્રવણે સુણ્યો, રાસ રચ્યું શુભવાણિ. ૧૬

ઢાલ ૨૭ રાગ આસાઉરિ.

સરસતિ માત સાનિધિ કરી, રચ્યો સંબંધ રસિક
શાસ્ત્ર અનુસારઈ વર્ણવ્યો, નવિ ભણ્યો બોલ અલીક. ૪૮૯
પટ્ટપરંપર **વીર**નો ક્રમઈ હવો યુગહપ્રધાન,
શ્રી **હીરવિજય** સૂરીશ્વર **અકબર** નૃપ દીઈ માન. ૪૯૦
બિરૂદ જગગુરૂ તેણઈ દીઉં, તીરથ **શેત્રુંજ ગિરિનારિ**,
મુગતા થાટ કારાવીઆ, જાત્ર કરઈ નરનારિ. ૪૯૧
છોડાવ્યો જેણઈ જીજીઓ, મુકાવ્યું જગિ દાંણ,
બંધ લાખ મેલ્હાવીઆ, **હીરગુરૂ** વચન પ્રમાંણ. ૪૯૨
ઉદય અધિક શ્રી ગુરૂતણો, **રાજનગર** મઝારિ,
સોલઅઠાવીસઈ આવીઆ, **મેઘજી** ઋષિ ઉદાર. ૪૯૩

લુંકામત મૂંકી કરી, કુમતિ કીઉ પરિત્યાગ,
મન વચન કાયા કરી, ધર્મ્મ તણો મનિ રાગ. ૪૯૪
જિનપ્રતિમા જિનસારિષી, કહી પ્રવચનિ અધિકાર,
સદ્દવહણા સાચી ષરી, આવી તસ હૃદય મઝારિ. ૪૯૫
આચારિજ પદનો ધણી, નહિ અભિમાન લગાર,
હીરગુરૂ ચરણે જઈ નમું, મનસ્યું કર્યો વિચાર. ૪૯૬
ભાખ્યા ગણ્યા સિદ્ધાંત સવિ, પંડિત બહુ શ્રુત જોડિ,
અઠાવીસ ઋષિસ્યું પરવરયા, આવી વંદઇ મન કોડિ. ૪૯૭
પુનરપિ ચારિત્ર આદરઈ, વિશુદ્ધ હીરગુરૂ હાથિ,
પંચમહાવ્રત ઉચ્ચરઇ, અઠાવીસ ઋષિનઇ સાથિ. ૪૯૮
ઋષિ મેઘજી ઉદ્યોતવિજય, નામ અનોપમ દીધ,
ઋષિનો તે ગુણવિજય દીધૂં નામ પરસિદ્ધ. ૪૯૯
નામ થાપના અનુક્રમઈ કીધી શ્રી ગુરૂરાજિ
પાંમ્યો લાભ ગુરૂઇ અતિઘણો, સારયાં તસ બહુ કાજ. ૫૦૦
શ્રી હીરવિજય સૂરીશ્વર, ગુણવંત તસ તણો સીસ,
ગિરૂઓ ગુણવિજય ગણિ, ગુરૂઆણ વહઈ નિજ સીસ. ૫૦૧
તસ વિનયા વગતા વિબુધ, સંઘવિજય પભણંતિ,
સરસ સંબંધ શ્રોતા સુણઇ, પૂરાઈ વક્તા મન ષાંતિ. ૫૦૨
સુખ સંપજઈ સુણતાં શ્રવણિ, તાસઇ તાસ ઉચાટ,
ભણઈ ગુણઈ મનિ ભાવસ્યું, તસ ઘરિ હુઇ ગહટ્ટ. ૫૦૩
ચંદ્રકલા ઉદધિનિધિ વરસે મૃગશિર માસ,
શુદિ પંચમી ઉત્તરારકિં પૂરણ રચીઉ રાસ. ૫૦૪
કવિરાય ચતુરગુણી જિકે, પાય પ્રણમું કરજોડિ,
અધિક ન્યૂન જે મઈ કહ્યું, મુઝ મમ દેજ્યો ષોડિ. ૫૦૫
વિનોદપણાંઈ અજાનપણુઈ બોલ્યાં જેજે વચન,
અખરમતિ શુદ્ધ તે કરયો સંત સુજન્ન. ૫૦૬

ઢાલ અઠાવીસ માની. ૨૮, ઢાલ કડવાની જાતિ.

એહ રાસ કીધો લાભ લીધો સીધું વંછિત કાજ,
જોગુઈ દાન દીધું હતું પ્રસિધું લાધું ત્રિભુવનરાજ. ૫૦૭

* * * *

અંતે—

કલશ–રાગ ધન્યાસી.

શ્રીવીરથી અનુક્રમિ પાટિ તપગછિ શુદ્ધ પરંપરા,
શ્રી વિજયદાન ગુરૂ હીર જેસંગજી, વિજયતિલક સૂરીશ્વરા.
તસ પટોધર ઉદયગિરિ જિમ ઉદયો અવિચલ દિનકરૂ,
અભિનવો ગૌતમ ભવિક વંદો, વિજયાણંદ સૂરીસરૂ. ૫૧૮
સંપ્રતિ વિચરઇ યુગપ્રધાન ગુરૂ છત્રીસ ગુણ અંગઇ ધરઈ,
સાધુ પુરંદર મહિમામંદિર અમૃતવાણિ મુખિ ઉચરઈ,
શ્રી હીરવિજય સૂરીંદ સેવક ગુણવિજય ગણિ મુનિવરૂ
તસ સીસ સંથુણ્યા રાજઋષિ હોય સકલ સંઘ મંગલ કરૂ. ૫૧૯

—મહોપાધ્યાય શ્રી ૫ શ્રી નંદિવિજય ગણિ શિષ્ય શિરોમણિ ગણિશ્રી ધનવિજયગણિ શિષ્ય મુ૦ ભક્તિવિજયેન લિખિતં સ્વવાચનાય સં. ૧૬૯૭ વૈ. વ. ૧૩ દિને શ્રી અમ્હદપુરે. ૨૦–૧૫ વિ. ધ.

(૪૪૧) સિંહાસનબત્રીસી.

અંતે—

તપગછ નાયક ગુણનિલૌ શ્રી હીરવિજય સૂરીંદ
જૈનધરમ દીપાવીયૌ જસ પય નમૈ સુરીંદ. ૯૦
લુંકાપતિ ઋષિ મેઘજી અઠાવીસ ઋષિ પરિવાર
આવી હીરગુરૂ વંદીયા આણી હર્ષ અપાર. ૯૧
કુમતિ તજી સુભમતિ ભજી સાર્યા આતમકાજ
ઉદ્યોતવિજય વિબુધ પદ દીઉ ધન ધન હીરગુરૂરાજ. ૯૨
અઠાવીસ માહે મુખ્ય સિસુ ગુણવિજય ગણિરાય,
તસ સીસઇ ઉદ્યમ કરી પ્રબંધ રચ્યૌ સુખદાય. ૯૩

(હીરવિજય સં. ૧૬૫૨ માં સ્વર્ગસ્થ થયા. તો તે સમયમાં.)
(ઉદયપુર ભં.)

—પ્રસિદ્ધ હીરવિજયસૂરિ પાસે મેઘજી ઋષિએ લોંકામતનો ત્યાગ કરી સં. ૧૬૨૮ માં દીક્ષા લીધી અને મેઘજીનું નામ ઉદ્યોતવિજય રાખ્યું. આ પ્રસંગે અમદાવાદના જૈનસંઘે મોટો ઉત્સવ કર્યો હતો. આ દીક્ષા અવસરે મેઘજીની સાથે તેના ત્રીશ (અઠાવીસ) શિષ્યોએ પણ તપાગચ્છની દીક્ષા લીધી તે પૈકી ગણો નામના શિષ્યનું ગુણવિજય નામ રાખ્યું. અને તેમના શિષ્ય તે કવિ સંઘવિજય. હીરવિજયસૂરિના એક શિષ્ય સંઘવિજય નામના હતા. તેનું સંસારપક્ષે સંઘજી નામ હતું. તે પાટણનો એક ગૃહસ્થ હતો. તેની સ્ત્રીથી એક પુત્રી થઇ હતી. પોતાને ૩૨ વર્ષની ઉમર થતાં હીરવિજયસૂરિના ઉપદેશથી દીક્ષા લેવાનું મન થતાં સ્ત્રીની અનુમતિ છેવટે લઇ પોતાની પુત્રીનું લગ્ન કરી આપવા માટે ખોટી થયા વગર દીક્ષા લીધી અને તેની સાથે બીજા સાત જણાએ દીક્ષા લીધી. સંઘજીનું નામ સૂરિજીએ સંઘવિજય રાખ્યું તેજ સંઘવિજય અને આપણા કવિ-ગુણવિજયના શિષ્ય એ જૂદા યા એકજ છે તે ખાત્રીથી કહી ન શકાય. કદાચ આપણા કવિનું નામ સિંઘવિજય-સિંહવિજય પણ હોઇ શકે. તેથી મને તો બંને જૂદા હોવાનું વધારે સંભવિત લાગે છે. જૂઓ સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ. ૨૧૦ અને ૨૨૫.)

---

૨૨૧ વિજયમેરૂ (ખ૦ રાજસાર-મણિરત્ન-હેમધર્મ શિ૦)

(૪૪૨) હંસરાજ વછરાજ પ્રબંધ. સં. ૧૬૬૯ લાહોરમાં.

આદિ— દુહા.

વીર જિણેસર ચરમ જિણ પ્રણમું, પય અરવિંદ સદગુરૂ પય પ્રણમું,
વલિ મનિ ધરિ પરમાણંદ. ૧

જિનવર વદન નિવાસની, પ્રણમું સરસતિ દેવ
પુણ્યતણા ફલ ગાઇસું, સાંનિધિ કરિ શ્રુતદેવ. ૨

પુણ્યે ધણ કણ સંપજે, પુણ્યે સુખ આનંદ
પુણ્યે અરિ કેશરિ નમે, પણમે સુરનર ઈંદ. ૩
પુણ્યે લખમી વસિ હુવે, દિન દિન અધિક પડૂર
પુણ્યે ગ્રહ પીડા ટલે, જાગ્યે પુણ્ય અંકૂર ૪
પુણ્ય તણા ફ્લ છે બહુ, પુણ્યે જસ વર ચિત્ત
હંસરાજ હછરાજવર, હંસાવલી ઢાલ ચરિત્ત. ૫
સરસ પ્રબંધ છે એહનો, વલિ અધિક ઢાલ રસાલ,
કવિયણ સુણતાં ગહગહી, ચ્યાર ખંડ સુવિશાલ. ૬
એ ચરિત્ર જલધર સમો, વચન અમૃત જલબિંદુ
મધુર સ્વરે તે ગાઇ જવું ભવિક મોર સુખ કંદ. ૭
રસ કલા કર સરંજિકા, સુગાતાં શ્રવણ સુહાય
સાંભલિજ્યો ગુણિયણજના, જો આવૈ તુમ દાય. ૮

× × × ×

અંતે—

ખરતરગચ્છ અતી દીપતો, શ્રી જિનચંદ સૂરિંદ
તાસ સીસ અતિ દીપતો, શ્રી જિનસિંહ મુણિંદ. ૧૦૩ જિ૦
સોલસઇં ઉગણહુત્તરઈં લાહોરનયર મઝાર
સાંતિનાથ સુપસાઉલઇં કીધો પ્રબંધ અપાર. ૪
વાચનાચારિજ દીપતો, રાજસાર સુણ જાણ
મણિરયણ કલાનિલો, શિષ્ય મુખ્ય સુજાણ. ૫ શિ૦
હેમધર્મ ગુણ સાંનિધઈં, મુઝ સદા સુખ આનંદ,
વિનયમેરૂ મુનિવર કહઇ, સુણતાં શ્રાવકવૃંદ. ૬
ચ્યારિ ખંડ એ ચઉપઇ, સરસ પ્રબંધ ઉલ્હાસ,
કવિયણ જનમન ગહગહઈ, ગાવતાં લીલવિલાસ. ૭

—ચાર ખંડ ગ્રંથાગ્ર ૮૯૦ પ્રમાણ. ૧૧-૧૮ સં. લા. વડોદરા.

૨૨૨ જ્ઞાન (હાસ.)

(૪૪૩) સ્ત્રીચરિત્ર રાસ. ૧૬૭૦ પહેલાં રત્નાગર પુરમાં.

અંતે—

નવરઈ એક નાટિક રચિઉં રત્નાગર પુરમાંહિ
ષંતિ કરી નિરાષજ્યો આપ્યુ મનિ ઉચ્છાહિ. ૧૮

ન્યાન ભણઇ હો ભાઇઓ સ્ત્રીચરિત્ર અપાર
જે છયલ એહને છેતરઇ તે નર ધન્ય અવતાર. ૧૯

—સં. ૧૬૮૯ આસો વદ ૧૩ હસ્તાર્કે દિને પંડિત શ્રી દર્શનવિજયગણિ શિ. મુ. પ્રીતિવિજય લિખિતં.

(ડહેરની બાઇઓનો ભં.)

—પ્રત લખ્યા સં. ૧૬૭૦ અમ.

(૪૪૪) યશોધર રાસ.—ડે.

---

૨૨૩ પરમાનંદ (ત૦ વિજયસેનસૂરિ શિ.)

(૪૪૫) નાના દેશદેશીભાષામય સ્ત૦ (સં. ૧૬૭૧ પહેલાં.)

આદિ—

એ ત્રિભુવનતારણ તીરથ પાસ ચિંતામણીરે,
કિ વિજય ચિંતામણીરે,
ચાલિ ચતુર પ્રિઉ યાત્રિ જઇઇ ઇમ ભણઇ ભામનીરે
પ્રિય સેજ વાલિ જો તારા વિકિ ધવલ ધુરંધરારે
તસ સીંગિ સોવન ષોલિ કિ, ઘમ ઘમ ઘૂઘરારે. ૧

* * * *

અંતે—

ઇમ સકલ તીરથ સબલ સમરથ **પાસ** ત્રિભુવનનુ ધણી,
તપગછિ જિણઇ જયકાર દીધુ તિણઇ **વિજય** ચિંતામણી,

ભારમલ્લરાજા વડ દવાજા કરી થાપ્યા જિનવર,
શ્રી વિજયસેન સૂરીંદ સેવક પંડિત પરમાણુંદ જયકર, ૭૭

૪-૧૫ (વિ. ધ.)

(કચ્છનું વિજયચિંતામણિ મંદિર.)
(વિજયસેનસૂરિ સ્વર્ગ ૧૬૭૧. તો તે પહેલાં.)

---

૨૨૪ અજ્ઞાતકવિ.

(૪૪૬) સુદયવચ્છવીર ચરિત્ર લ. સં. ૧૬૫૨ પહેલાં.
અંતે—

સુદયવછનું એહ ચરિત્ર, જે નર નિસૂણઈ સદા પવિત્ર,
તાહં તણઈ મનિ પૂજઈ આસ, લહઈ સિદ્ધિ સુહ લચ્છિ વિલાસ. ૬૧
—સંવત્ ૧૬૫૨ વર્ષે આસોજ માસે શુક્લપક્ષે પ્રતિપદાયાં તિથૌ દેવાલીનગરે રાંણા શ્રી પ્રતાપસિંઘ વિજયરાજ્યે શ્રી સંડેર ગણે ભટ્ટારિક શ્રી યશોભદ્રસૂરિ સંતાને ગચ્છાધિપ ભટ્ટારક શ્રી ઇશ્વરસૂરિભિઃ ચિરંજીયાતઃ તત્ શિષ્ય ઉપાધ્યાય શ્રી વિજયસુંદર વા૦ શ્રી પદમરાજ લિષતં.

(વિ. ધ.)

---

૨૨૫ હીરનંદન (ખ૦ જિનસિંહસૂરિ શિ૦)

(૪૪૭) હરિશ્ચંદ્ર ચોપાઈ. સં. ૧૬૭૦ થી ૧૬૭૪ ની વચ્ચે.
આદિ—

શુભમતિ આપો સારદા, સરસ વચન સરસત્તિ,
બ્રહ્માણી સહુ વિઘન હરિ, ભલો કરે ભારતિ. ૧
ચઉવીસે જિણવર ચતુર, નાંમ હુવઇ નવ નિધિ,
શ્રી ગૌતમ ગણધર સધર, સદા કરો સાંનિધિ. ૨
આદીસર જિણ ઉદય કરિ, શાંતિ જિણંદ સુખવાસ,
નિરમલ મતિ દો નેમિજિણ, પરતા પૂરઉ પાસ. ૩

વિઘન હરે શ્રી વીરજિણુ, સુષ સંપદ દાતાર,
પંચતીરથ જગિ પરગડા, પ્રણમું પ્રહસમિ સાર. ૪
ષરતર ગચ્છનાયક ષરો, જંગમ જુગપરધાન,
શ્રી જિનસિંહ સૂરીસરૂ, નમીયઇ સુગુણનિધાન. ૫
વિનયવંત વિદ્યાનિલો, ગણિ હીરનંદન ગાય,
ગુરૂ સુપસાયઇં ગાયસું, રંગઇં હરચંદરાય. ૬

× × × ×

અંતે—

છેલ્લું પાનું નથી. પા. ૩૬ પં. ૧૫ આ. ક.

---

૨૨૬ વિદ્યાચંદ (ત૦ વીપા શિષ્ય)

(૪૪૮) +શ્રી વિજયસેનસૂરિ નિર્વાણ રાસ. ૧૬૭૧ પછી.

આદિ--

સરસતિ મતિ દ્યઉ નિરમલી, મુખિ ધઉ વચન વિલાસ,
ગાઉં તપગચ્છ રાજવી, વિજયસેન ગુણરાશિ. ૧
જગમાં જગગુરૂ હીરજી, હુઓ અધિક સોભાગ,
મહિમા મહીમાહિં ઘણુઉ, જિમ રામમુની મહાભાગ. ૨
તાસ પાટિ ઉદયાચલિઈં, ઉગ્યુ અભિનવ ભાણ,
શ્રીં વિજયસેન સૂરિસરૂ, જેહથી નિતસ્યુ વિહાણ. ૩
ભાગ્ય વડું શ્રી પૂજ્યનૂં, કુણઈ ન ખંડી આણ,
જિનશાસનમાં જાગતાં, હૂઆ અધિક મંડાણ. ૪
ખરચ પ્રતિષ્ઠા પૂજણાં, સંઘ તીરથ ઉદ્ધાર,
રાસ–ભાસ–કવિ ગ્રંથથી, તે મુણજ્યો અધિકાર. ૫
છેહડઈ જે નિર્વાણનઉ, કહૂં લવલેશ વિચાર,
તાત માત ગુરૂ ગામનઇં, નામ થકી સંભાર. ૬

* * * *

અંતે— કલસ.

જગમાંહિ મહિમા ગુરૂતણુઉ જે, અતિધણુઉ છઇ મઇ સુણ્યઉ,
દોઇ હાથ જોડી બુદ્ધિ થોડી, ઠામિ કોડી સઉ ગુણ્યઉ,
શ્રી વિજયદેવ સૂરિંદ નંદઉ ભાવિ વંદઉ વલી વલી,
વર વિસુધ વીપા સીસ વિદ્યાચંદ આશા સવિ ફલી. ૫૭

—૫૭ ટુંક આમાં છે. પ્ર. જૈ. એ. ગૂર્જ કાવ્ય સંચય.

૧ +રાવણુ મંદોદરીએ આપેલ ઉપદેશ સ૦ ૩૯૧ સ. મા. ભી.

---

૨૨૭ ગંગદાસ (ખ૦ જિનસિંહ–કીર્તિરત્નસૂરિ–હર્ષધર્મ–હર્ષવિશાલ–સાધુમંદિર–વિમલરંગ–લબ્ધિકલ્લોલ શિ.)

(૪૪૯) વંકચૂલ રાસ. સં. ૧૬૭૧ શ્રા૦ શુ. ૨ ગુરૂ પાતિ ગામમાં.

આદિ—

સંતિ જિણેસર ચિર જયતુ, સંતિકરણુ જિનરાજ,
વંકચૂલ રાજા તણુઉ, ચરિત કહિસુ હિતકાજ. ૧
સૂધઇ મન જે પાલિસ્યઇ, ગુરૂમુખ લેઇ નીમ,
વંકચૂલ જિમ પામિસ્યઇ, રિદ્ધિ વૃદ્ધિ નિસ્સીમ. ૨
ગુરૂવિણુ કો જાણુઈ નહી, ધરમાધરમ વિચાર,
સુઘટ ઘાટ સોનાર વિણુ, લાપ મિલઈ લોહાર. ૩
સૂરિપ કિમઇ ન રંજીયઈ, જઉ વિધિ રંજનહાર,
ઠંઠન કિમ યઅરિયઇ, જઉ વરસઇ જલધાર. ૪
ચ્યારિ નીમ ચાવા ચતુર, લીધા ગુરૂનઈ પાસ,
ચમતકાર ચિત ઊપજઇ, સુણતા મન ઉલ્હાસ. ૫

* * * *

અંત—

સંવત સોલઈકિહુત્તરિ જાણિ, પાતિગામ સુઠામ વખાણિ,
શ્રાવણુ સૂદિ બીજઇ ગુરૂવારિ, ગાયઉ વંકચૂલ સૂખકાર. ૧૨૧

યુગવર શ્રી જિનચંદ્રસૂરિ પાટ, સેવઈ સુરનર મુનિવર થાટ,
પરવાદી ભંજન સિરિ સાટ, શુદ્ધ પરૂપઇ જિણવર વાટ. ૧૨૨
યુગવર શ્રી જિનસિંહ સૂરીશ, વિજયમાન પ્રતપઉ સુજગીસ,
રાયરાણા માનઈ જસુ આણ, એહના કેતા કરૂ વખાણ. ૧૨૩
ભૂમિતલ મોટા અવદાત, ચૂભ મંહેવઇ જસુ વિખ્યાત,
આચારિજ આચારઈ ભલઉ, કીરતિરતન સૂરિ જગતિલઉ. ૧૨૪
હરષધરમ વાચક તસુ સીસ, વાચક હરષવિશાલ મુનીસ,
તસુ પાટઇ પરગટ ગુણનિલઉ, સાધુમંદિર વાચક સિરિતિલઉ. ૧૨૫
તાસુ વિનેય વિમલરંગ ગણી, વિનયવંતમાહિ મહિમા ઘણી,
તિહનઉ સીસ વિનયગુણ જાણ, વાચક લબધિકલ્લોલ પ્રધાન. ૧૨૬
તાસુ પ્રસાદઇ એહ રસાલ, વંકચૂલ ગાયઉ ગુણમાલ,
સુણતાં ભણતાં લીલવિલાસ, એહ સંબંધ કહ્યઉ ગંગદાસ. ૧૨૭
જિહાં સાગર જલ ગંગતરંગ, જિહાં કંચનગિરિ વર ઉત્તુંગ,
તિહાં લગિ નંદઉ એહ સંબંધ, સુણતાં ટાલઈ કરમહ બંધ. ૧૨૮

—સં. ૧૬૮૪ પોષ વદિ ૧૦ અર્કવાસરે. પૂર્ણિમાપક્ષે યુગપ્રધાન શ્રી ૪ યુગવર ભટ્ટારક લક્ષ્મીચંદ્રસૂરિ-પ્રથમ શિ. ગણિ શ્રી વીરવિમલ પ્રથમ વાચક વાચનાચાર્ય વા૦ શ્રી લબ્ધિવિજય તત્ શિષ્યાય શિ. સૌભાગ્યવિજય લષિતં-શ્રી સત્યપુરવરે. વિ. ધ. ૫-૧૪

૨૨૮ કૃપાસાગર (નેમિસાગર-વિદ્યાસાગર શિ.)

(૪૫૦)+ નેમિસાગર ઉ૦ નિર્વાણ રાસ. સં. ૧૬૭૨ માગ. શુ. ૧૨ ઉજ્જેણીમાં.

આદિ— વસ્તુ.

સકલ મંગલ સકલ મંગલ મૂલ ભગવંત,
શાંતિ જિણેસર સમરીઇં, રિદ્ધિવૃદ્ધિ સવિસિદ્ધિ કારણ,

મહિમંડલ મહિમાનિલો, પાપ વ્યાપ સંતાપ વારણ,
ઉજ્જેણીપુર જિન જયો, પ્રગટ અવંતી પાસ,
કામકુંભ જિમ પૂરવેં, કવિયણ કેરી આસ. ૧

નેમિસાગર ૨ નામ અભિરામ,
કામિતપૂરણ અભિનવો કલ્પવેલિ સમ સદા કહીઈ,
જપતાં જગિ જસ વિસ્તરિં લલિત લીલ આનંદ લહીઇ,
વર વાચક પદવીધર, અંગિકર્યં ગુરૂ આંણ,
જિમ હૂઉં તિમ કવિ કહિં, તેહતણૂં નિરવાંણ. ૨

× × × ×

અંતે—

ઢાલ ૧૦ મી. રાગ ધન્યાશ્રી.

જય જય સાધુ શિરોમણી, નેમિસાગર વર નામોજી,
કામિતપૂરણ સુરતરૂ, વાચકવૃંદ લલામોજી. ૧૨૯

× × × ×

સંવત સોલ બિહુત્તરઇં નયર ઉજ્જેણી મઝારજી,
માગસિર શુદિ બારસ દિનેં થુણિઉ શ્રી અણગારોજી. ૧૩૪

વાચક વિદ્યાસાગર, તાસ પંચાયણ સીસોજી,
વિબુધ કૃપાસાગર કહિં પૂરો સકલ જગીસોજી. ૧૩૫

—લિ૦ સં. ૧૭૭૦ શ્રાવણ વદિ ૫ બુધે મુનિ જયસૌભાગ્યેન પા. ૬-૧૩ નં. ૩૪-સન ૧૮૭૭-૭૮ ડે. કો.

---

૨૨૯ રાજસાગર ઉ. (પી. ધર્મસાગરસૂરિ-વિમલપ્રભ-સૂરિ-સૌભાગ્યસાગરસુરિ શિ.)

(૪૫૧) લવકુશ રાસ. સં. ૧૬૭૨ જેઠ સુદિ ૩ બુધ.

અંતે—

સંવત સોલ વરસ બહુત્તરી જેઠ સુદી બુધવારે,
તિથિ ત્રીજનિં દિનિં રાસ પૂરણ એહવું મંગલકાર. ૨

નગર થિરપુર રૂઅડું, જિહાં કરઇ કમલાવાસ,
જિહાં વસઈ વડ વ્યવહારીઆ મતિ ધર્મ ઉપરિ જાસ,
પીપલ ગચ્છિં ગુરૂ વડા શ્રી શાંતિસુરિ સુજાણ,
પ્રતિબોધીઆ કુલ સાતસઈ શ્રીમાલપુર અહિઠાણ. ૩

તાસ અનુક્રમિ પાટિ પ્રગટયા શ્રી ધર્મસાગર સૂરિ,
શ્રી વિમલપ્રભ સૂરીસ પ્રણમું, હુઈ આણંદ પૂરિ,
વિબુધ વિદ્યા ધરમદાતા અધિક જસુ ઉપગાર,
જેણિ ટાલ્યા હિત કરી અગન્યાનના અંધકાર. ૪

જેણિં થાપ્યા સૂરિ શ્રી સૌભાગ્યસાગર પાટિ,
જિનવચન મારગ દાખવઇ પ્રીછવઇ પુણ્યહ વાટ,
વીનવઇ વાચક રાજસાગર રાસ એહ રંગિં મુદા,
નરનારિ ભાવિ સંભલઇ તસુ સંપજઈ ઘરિ સંપદા. ૫૦૫

—ઇતિશ્રી લવકુશ રાસ સંપૂર્ણ:—ગ્રંથા. ૯૦૦ પત્ર ૧૨ હા. ભં. પાટણ ડાબડો ૮૩.

(૪૫૨) પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ. સં. ૧૬૯૮.

પત્ર ૧૫ હા. ભં. પાટણ ડા. ૮૩

૨૨૯ક. કીર્ત્તિવિજય (ત૦ કાનજી શિ.)

વિજયસેનસૂરિ નિર્વાણ સજઝાય.

આદિ—

જવહરી સાચોરે અકબ્બર સાહજીરે—એ ઢાલ.

સરસતિ ભગવતિ ચિત્ત ધરીરે, પ્રણમી નિજગુરૂ પાયરે,

હીર પટોધર ગાયતાં રે મુઝ મનિ આણંદ થાયરે,
તું મનમોહન જેસંગજીરે. ૧

× × × ×

અંતે— કલશ.

હીર પટોધર સંઘ સુખકર વિજયસેન સૂરીસરો,
મેં થુણ્યો સૂર સવાઇ અવિચલ બિરૂદ મહિમામંદિરો,
જસ પાટિ પ્રગટ પ્રતાપ દીપે વિજયદેવ દિવાકરો,
કાનજી પંડિત સીસ કીરતિવિજય વંછિતકરો. ૪૭

—૪-૯ માં.

(વિજયસેનસૂરિ-સ્વ૦ ૧૬૭૨ માં થયા ત્યાર પછી તે સમામાં આ થયેલ છે.)

---

૨૩૦ લાલવિજય (૧) (ત. વિજયદેવસૂરિ-શુભવિજય શિ.)

(૪૫૩) જ્ઞાતાધર્મ ઓગણીસ અધ્યયન સઝાય. સં. ૧૬૭૩ આષાડ વદ ૪ રવિ છઠીઆડામાં.

અંતે—

સંવત સોલત્રિહુંતરિ સંવત્સરે, આદિતવારે આસાઢ માસે,
શુભવિજય શિષ્ય લાલવિજય એણિપરે કહે ભણે ગુણે
તે સુખીય થાશે. ૧૦

—ઇતિ પુંડરીક કુંડરીક રિષી સઝાય.

તપગચ્છિ પાટે પરંપર આવ્યા, સુધર્મ ગુરૂથી ભાવ્યા,
શ્રી વિજયદેવ સૂરીશ્વર રાજે, સોલત્રિહુંતરિ છાજે. ૬
આસાઢ વદિ ચોથે દિન આવે, છઠીઆડા માહે ગાવે,
રવિવારે એ અર્થ વિચારો સાંભળતાં સુખ થાયે. ૭
શુભવિજય પંડિત સુખકારી, તાસ પ્રસાદિ જાણી,
સઝાય એકવીસ આસ પુરો મુજ, લાલવિજય કહી વાણી. ૮

સિદ્ધાંત વાણી સરસ જાણી આદર આણી ભણીએ,
ભાવે ભવીયણ કહે એમ કવિયણ કાન દેઇને સુણીએ. ૯
—સર્વરસ સઝાય ગ્રંથાગ્ર ૭૫૦ પ્ર. કા.

(૪૫૪) નંદન મણિયાર રાસ. વિધા.

૧+ ધી સઝાય. ૧૦૨ સ. મા. ભી.

૨. સુદર્શન સ. સં. ૧૬૭૬ માગશર–કડીમાં.

આદિ—

શ્રી ગુરૂપદપંકજ નમી હું માગું વચન વિલાસ,
સુદર્શન શિયલ વખાણીઇ, હું છું તુમ્હ પાયે દાસ.

× × × ×

અંતે—

સંવત સોળ સિલોતરેં, માગશિર કડી મઝારિં,
શ્રી પાર્શ્વનાથ પસાઉલઈ, શીલે કામ કીધું ઉદાર. ૪૧
જે ગાવે વાંચે નિરમલા તે પામે સંપદા કોડિ,
શ્રી શુભવિજય શિષ્ય ઇમ ભણઇ, લાલવિજય નમે કરજોડિ. ૪૨
આ. ક.

—લિ. ઋ. વીરજી પઠનાર્થં ઋ. પ્રેમજી ૨–૧૪ મારી પાસે પ્રત છે.

૩. વિચાર સ. ૫ કડી.

આદિ—પ્રથમ ધરૂં સહગુરૂ નામ, જિમ મનવંછિજૈ કામ,

અંતે—શુભવિજય સીસ લાલવિજય કહે, સુયગડાંગ વૃત્તિથી લહઈ. ૫

૪. ભરતબાહુબલ સ. ૩૧ કડીની.

અંતે—

તપગચ્છનાયક સુંદરરે, શ્રી વિજયસેન સૂરિરાય,
સોહમ તિહાં વાચકવરરે, શ્રી કલ્યાણવિજય ઉવઝાય.

શ્રી કલ્યાણવિજય ઉવઝાયા સીસ, શુભવિજય પ્રણમે નિસિદીસ
લાલવિજય કહે ઇણિ ધ્યાને રહી, બાહુબલિની પરિ મુગતે જઇરે. ૩૧

—પત્ર ૨ શ્લો. ૩૦ દા. ૨૩ લીં.; ૨-૧૬ મારી પાસે છેલ્લું પાનું છે.

૫ કયવન્ના ઋષિ સ. ૧૪ કડીની.

અંતે—

એ હવે વિર આવ્યા, સાતે સ્ત્રી જૂઓ સાથે,
દીક્ષા લીધી તિહાં સાચા શ્રી ગુરૂ હાથે.
પાલે એકમન્નાં કરમ સવે તિહાં ટાલી,
કેવલ પામીને લહસ્યે મુગત લટકાલી
લટકાલી તિણે મુગતજ પામી, તેતો દાંન પ્રભાવે,
ઉતમના ગુણ લેઇ દેઇ કર્યો સઝાય સુભભાવે
શુભવિજય પંડિત પાય સેવી, લાલવિજે કહે પ્રાંણી,
ભાવસહિત દીઓ દાન ભલીપરેં, હીયડે ઉલટ આંણી. ૧૪

(આમ દરેક કડી ૮ ટુંકની છે) લિ૦ શ્રી પુરબંદિરે. ૩-૧૧ મારી પાસે છેલ્લું ત્રીજું પાનું છે.

કલ્યાણસાગરસૂરિ. (આં.) જુઓ નં. ૪૪ પૃ૪ ૪૭.

વીસ વિહરમાન સ્ત૦

પત્ર ૪ દા. ૨૩ લીં.

અગડદત્તરાસ. (સં. ૧૬૪૯ થી ૧૭૧૮ સુધીમાં.)

(અંચલગચ્છના પાટ પર ૬૪ મા કલ્યાણસાગરસૂરિ થયા. લોલાડા ગામે કોઠારી નાનિગની સ્ત્રી નામિલદેના કોડણ નામે પુત્ર સં. ૧૬૩૩ માં જન્મ્યા. સં. ૧૬૪૨ માં ધવલપુરે દીક્ષા લીધી. સં. ૧૬૪૯ માં અમદાવાદમાં આચાર્યપદ, સં. ૧૬૭૦ માં પાટણમાં ગચ્છેશપદ પામ્યા. તેમણે કચ્છદેશના અધિપતિને પ્રતિબોધ આપી આહેડ-શિકાર મૂકાવ-

રાખ્યો. તેમના ઉપદેશથી નવાનગરમાં સં. ૧૬૭૬ માં લાલન ગોત્રે ઓસવાલ જ્ઞાતિના શા. વર્દ્ધમાન પરમસીએ નવલાખ મહમુદી ખર્ચીને એક મોટો જિનપ્રાસાદ કરાવી તેમાં ૫૧ મોટાં બિંબ ભરાવ્યાં તથા ૪૪૧ બીજાં બિંબ ભરાવ્યાં તેમજ તે શેઠે શત્રુંજયપર એક મોટું જિનાલય કરાવ્યું ને બીજાં સાત દેરાસરની ત્યાં પ્રતિષ્ઠા કરાવી. વળી સં. ૧૬૭૫ ના વૈશાખ શુદ ૮ રવિએ નવાનગરવાસી ઓસવાલ જ્ઞાતિના નાગડાગોત્રના શા, રાજસીએ ૫૫૧ જિનબિંબ ભરાવી એક મોટું બાવન-જિનાલયવાળું ચૈત્ય કરાવ્યું તેની પ્રતિષ્ઠામાં આ આચાર્ય હતા. તે રાજ-સીએ એક દેરાસર ઉપર નવ લાખ મહમુદી ખર્ચી. અને બીજા મોટા ૨૧ પ્રાસાદ કરાવ્યા તેનીપર ૮૪ લાખ કોરી ખર્ચી આ આચાર્ય આગરામાં ચોમાસું હતા ત્યાં એમના ઉપદેશથી કોનપાલ અને સોન-પાલે ઘણું ધન સાતક્ષેત્રે વાવર્યું—શ્રી સમેતશિખરજીનો સંઘ કાઢયો ને યાત્રા કરી સં. ૧૬૭૧. આ આચાર્ય સં. ૧૭૧૮ માં ભુજમાં ૮૫ વર્ષની ઉમરે સ્વર્ગસ્થ થયા. વધુ વૃત્તાંત મોટી પટ્ટાવલિમાં તેમજ તેમ-નાપર ઉદયસાગરે રાસ સં. ૧૮૦૨ માં રચેલો પ્રગટ થયો છે. તેમાંથી જોઈ લેવું. પૃ. ૪૭–૫૨ કલ્યાણસાગર આપેલ છે તેજ આ અંચલગચ્છીય હોવા ઘટે તેથી આને જૂદો નંબર નથી આપ્યો.

---

૨૩૧ ઉદયમંદિર (આં. કલ્યાણસાગરસૂરિ–પુણ્યમંદિર શિ૦)

(૪૫૫) ધ્વજભુજંગ આખ્યાન સં. ૧૬૭૫ કા૦ શુ. ૧૩ સોમ. સેરવાટપુરમાં

અંતે—

સંવત સોલપંચોતરેં રે, કારતિક માસ મઝારિરે,
સુદ તેરસ અતિ ઉજ્વલીરે, સોમ સુતન ભલો વારરે. ૧૦
વિધિપક્ષ ગચ્છગુરુ રાજીઆરે, સોહેં નિર્મલ નાણુરે,
દિનદિન મહિમા દીપતોરે, જિમ ઉદયાચલેં ભાણુરે. ૧૧

કલ્યાણસાગર સૂરીસરૂરે, સકલકલા ગુણ ઠાંમરે,
નાનિગનંદન સુંદરરે, મોહન (કોડણ) શ્રીગુરૂ નામરે. ૧૨
તાસ પક્ષ પંડિતવરરે, પુન્યમંદિર મુનિરાયરે,
વિનઇ તેહના વીનવેરે, ઉદયમંદિર ધરી સાયરે. ૧૩
રાસ રચ્યો અંતે કરીરે, સેરવાટપુર માંહિરે,
નરનારી જે સાંભલેરે, તસ હોઈ અધિક ઉચ્છાહિરે. ૧૪

—સકલપંડિત શિરોરત્ન ભૂભામિનીભાલસ્થિતોપમાન પંડિતોત્તમ શ્રી ૨૧ શ્રી લબ્ધિવિજય ગણિ શિષ્ય સકલગણિગજેંદ્રગણિ સુંદરવિજય ભાઇશ્રી પં શ્રી શાંતિવિજય ગણિ લિખિતં મુનિશ્રી નેમવિજય વાચનાર્થે લિખિતં પુસ્તક શ્રી શાંતલપુર નગરે. (પત્ર ૭ પ્ર. કા.)

---

૨૩૨ ધર્મકીર્તિ (ખ૦ ધર્મનિધાન શિ.

(૪૫૬) નેમિરાસ સં. ૧૬૭૫ ફા. શુ. ૫ રવિ

આદિ— હું બલિહારી જાદવા એહની ઢાલ.

સરસતિ માતા મુઝ ભણી, દેજો અવિરલ બુદ્ધિ વિસાલકિ,
નેમિ તણા ગુણ ચિત્ત ધરી, પભણું રંગઇ અતિહિં રસાલ કિ. ૧
સીલસિરોમણિ નેમિજી, ગાઇસુ હું જિણવર સુખકારકિ,
સીલ સુજસ જગિ વિસ્તર્યઉ, જાદવકુલનઉ એ સિણગારકિ. સીલ ૨

* * * *

અંતે—

ખરતરગછિ ગુરૂ ગુણનિલઉ, જુગપ્રધાન જિણચંદ મુણિંદ કિ,
પાઠક ધરમનિધાનજી, ધરમકીરતિ મનિ ધરિઅ આણંદકિ. ૭૦
સોલહસયપચહુત્તરઈ ફાગુણ સુદિ પંચમિ રવિવારકિ,
રાસ ભણ્યઉ જિણવર તણઉ, સયલ સંઘનઈ મંગલકારકિ. સી. ૭૧

—૩-૧૫ સેં લા. નં. ૨૨૩૩.

---

૨૩૩ વિવેકવિજય (ત. હીરવિજયસૂરિ-ઋદ્ધિવિજય-ચતુરવિજય શિ.)

(૪૫૭) રિપુમર્દન રાસ. ૧૬૭૫ (?) વડાવલીમાં

આદિ—

થંભણપુર વરપાસ જિણ, હું પ્રણમું તુમ પાય,
વામાનંદન નામથી, પરમ પામું સુખદાય. ૧

સરસતિ ભગવતિ આપયો, મુઝનઈ બુદ્ધિ પ્રકાસ,
કાલિદાસ જિમ માઘ તિમ, તિમ દ્યો વચનવિલાસ.

* + * *

અંતે—

ઢાલ આવો આવોરે સહીઓ ઉપાસરે આવો એ દેશી.

ગાયા ગાયારે ઉત્તમના ગુણ ગાયા, સુખસંપતિ બહુ પાયારે,
ઉત્તમના ગુણ સુણસેં ભણસેં તસ ઘર ઋદ્ધિ સવાયારે. ૧
દાન સીલ તપ ભાવના કહીઈ, એ જગમાં સહી ચ્યારેરે.
એ ચ્યારેથી અધિકો જાંણો, સીલ વડો સુખકારરે. ગા. ૨
શીલ પાલ્યું રિપુમર્દન રાજા, તો તસ રિદ્ધિ સવાઇરે,
ઇમ જાણીને સંજમ પાલો. પ્રાણી તુમે સહુ કોઇરે. ૩
સીલઉપદેશમાલાથી લીધો, એહનો સહી અધિકારરે.
પંડિત સોઈ શોધીને કરયો, જો હોવે ખોવટ લગાર. ૪
જેહવી બુદ્ધિ તેહવી ચતુરાઈ, આવે તેહવી વાંણીરે,
રંક જાણે હું ધનવંત સમસો, તે સવિ મથ્યા જાણીરે. ૫
અધિકું ઓછું જે મેં ભાખ્યું, તે મુઝ મિચ્છા દુક્કડરે,
એક ધ્યાનેં કરી જોડયો, એહનો રાસ ઘણું અમુલકરે. ૬
સતરસહસ ગુજરાતી સોહાવઈ, પાટણ બારોસારરે,
ગામ વડાલવી અતિ ઘણું સારું, ધરમી લોક દાતારરે. ૭

સંભવનાથ તણેં પરસાદે, ચોપઇ સરસજ કીધીરે,
શ્રી જિનનો દીદાર લહીને મુઝ મનવંછિત સિદ્ધિરે; ૮
સંવત ચૈકસૈલાદ્દિક રાગા, જ્ઞાની નામ ધરીજેરે,
માસ વ્યંક અજુઆલીતિથ સીવા, વાર ભલો ભૃગુ લીજેરે; ૧૦
સકલ ભટ્ટારક અનોપમ સોહે શ્રી હીરવિજય સૂરીરાયારે,
અકબ્બરને બોધ દઇને, શ્રી જિનધર્મ પતાયારે. ૧૧
તાસરે સીસ અતિ ઘણું રૂડા, ઋદ્ધિવિજય સુખકારરે,
તાસરે સીસ પંડિત ગુણભરીઆ, ચતુરવિજય શિષ્ય સારરે. ૧૨
રાગ ધનાસી ઢાલ સતાવીસ, રિપુમર્દન ગુણ ગાયારે,
વિવેકવિજય કહે સુણતાં સહુને, આણંદઋદ્ધિ સવાયારે. ૧૩

—૧૮-૧૫ ગ્રંથમાન ૭૦૦ નં. ૩૭ દા. ૨૫ લીં.

---

૨૩૪ જયસોમ (ખ. પ્રમોદમાણિક્ય ગણિ શિ.)

(૪૫૮) ભાવના સંધિ સં. ૧૬૭૬ વીકાનેરમાં.

આદિ—

આદીસર જિણવર તણાં, પદપંકજ પણમેવિ,
પભણિશુ બારહભાવના, સાનધિ કરિ શ્રુતદેવિ. ૧
દાન દયા જપતપ ક્રિયા, ભાવ પખઇ અપ્રમાણ,
લૂણ વિણા જિમ રસવતી, એ શ્રી જિનવરવાણિ. ૨
દાન શીલ તપ દોહિલા, કરતાં દૂસમકાલિ,
ભાવના ભાવઉ ભવિકજન, પુણ્યસરોવરપાલિ. ૩
અનિત્યપણઉ અશરણપણઉ, ભવસરૂપ એકત્વ,
અન્યથઉ વલિ અશુચિપણ, આશ્રવ સંવરતત્ત્વ. ૪
નવમી નિર્જ્જર ભાવના, ધર્મ્મ સુરલોક સભાવ,
બોધિ દુલભ પરભવ ઇસી, બારહ ભાવન ભાવિ. ૫

* * * *

અંતે— ઢાલ.

ઇણિપરિ બાહર ભાવન જાણી, આણુ જિનદંતણી મનિ આણી,
અહનિસિ જેહ ધરઈ મનમાહિ, તે શ્રી જિનવરધર્મ આરાહઈ, ૭૦
રસવારિધિ રસ સહસ વરસઈ, વીકાનયરિ નયરિમન હરસઈ,
શ્રી જિનચંદ્રસૂરિ ગુરૂરાજઇ, એહ વિચાર ભણ્યઉ હિતકામઇ. ૭૧
પ્રમોદમાણિક ગણિ સુહગુરૂ સીસ, ગણિ જયસોમ કહઇ સુજગીસ,
આદીસર સુરતરૂ સુપસાઇ એહ ભણતાં સવિ સુષ થાઅઈ. ૭૨

—૪-૧૧ ક. આ. (મારી પાસે છે.)

---

૨૩૫ મનોહરદાસ (વિજયગચ્છ ગુણસૂરિ–દેવરાજ –મલ્લિદાસ શિ.)

(૪૫૯) યશોધર ચરિત્ર સં. ૧૬૭૬ શ્રાવણ વદ ૬ ગુરૂ દશપુર (મંદસોર)માં.

આદિ— વસ્તુ

ઋષભ જિણવર ઋષભ જિણવર નાભિનૃપનંદ,
મરૂદેવ્યા ઉવરયં રયણુ કોડિ દેવ જસ સેવ સારય,
ઇંદ્રિ ચંદ્ર સેવયં સદા, અલિય વિઘન સવ દૂરિ વારઇ,
શ્રી શાંતીશ્વર શાંતિકર, પાસ જિણુંદ દયાલ,
તસ પદપંકજ નમવિ કરિ, ચરિત રચિસ સુવિશાલ, ૧
વીર જિનવર વીર જિનવર પ્રણમિ વંદુ ભાય,
સાસનપતિ જિનવર જયો, ઇંદ્રિકોટિ સુગરણુ નિરંતર,
ભક્તિભાવ નિર્ભર સદા, નમઇં ચંદ્રનાગેંદ્ર ગણધર,
પુંડરીક ગોયમ પ્રમુખ, નમીઇ સકલમુણિંદ.
રાય જશોધર ચરિત વર, પભણિસુ પરમાણુંદ. ૨

* * * *

અંતે—

શ્રી જિન વીર કહિઉ સંબંધ, ગોતમ આગલિ એહ પ્રબંધ,
હિંસ્યા તજી દયા આદર, જિમ ભવસાયર હેલાં તર. ૪૩

ગુરૂ મુખથી જાણ્યો જેહવઉ, તેહવઉ રચ્યો નહી કાંઇ નવઉ.
એ સંબંધ સદા સુખકાર, ભણતાં સુણતાં જયજયકાર. ૪૪
સંવત સોલછહુત્તરઈ સાર, શ્રાવણ વદિ ષષ્ઠિ ગુરૂવાર,
દશપુર નવફણ પાસ પસાય, રચ્યો ચરિત્ર સબંધ સુખદાય. ૪૫
વિજયગછિ ગુણસૂરિ સૂરીંદ, જશ દરસણ હુઇ પરમાણંદ,
શ્રી મુનિ દેવરાજ સુખકંદ, તાસ શિષ્ય મલિદાસ મુનીંદ. ૪૫
તસ પદપંકજ સેવક સદા, મનોહરદાસ કહઈ મુનિ મુદા,
જા મંદિર અવની થિર રહઇ, તાં લગિ એ ચરિત્ર ગહગહઈ. ૪૬
રાય જસોધરતણો ચરિત્ર, સાંભલતાં હુઈ પુણ્ય પવિત્ર,
એ ચરિત્ર નરનારી ભણઈ, તેહનઇ લિક્ષમી ઘર આંગણઈ. ૪૭

—સં. ૧૬૮૫ વરષે આસાઢ સુદિ ૯ રવિવારે લિખિતં રામપુરા મધ્યે. ૩૧-૧૨ સેં લા. વડોદરા નં. ૨૨૧૪.

---

૨૩૬ જ્ઞાનમેરૂ (ખ૦ સાધુકીર્ત્તિ-હેમસૂરિ શિ.)

(૪૬૦) **ગુણકરંડ ગુણાવલી** સં. ૧૬૭૬ આસો શુ ૧૩ વિગયપુરીમાં.

આદિ— રાગ અસાવરી.

પ્રણમુ ચોવીસે જિનપાય, વાલી ભાવિ વંદુ ગુરૂ પાય
પુન્યતણાં ફલ કહિસું હેવ, સાનિધિ કરયો શ્રી શ્રુતદેવ. ૧
પુન્યઇ ઘણા કણ કંચણ રિધ્ય, પુન્યઈ પાંમીજિ સર્વ સિધ્ય,
પુન્યઈ ઇઠ મિલિ સંયોગ, પુન્યઈ હોઇ મનવંછિત ભોગ. ૨

* * * *

અંતે—

૧૬ મી ઢાલ ધન્યાસીરાગ.

× × × ×

સંવત્ સોલ છોતિરઈ પ્રથમ મેહઇ આસો માસ,
વિગયપુર તેરસ્ય દિનઈ, સંઘ અનુમતિ ઉલ્હાસ. ૧૮૨

શ્રી ખરતરગચ્છ નાયક ભલા, શ્રી જિનરાજ સૂરીંદ,
શ્રી જિનભદ્ર સાખી વડા, જિહાં વડવડા મુણીંદ. ૧૮૩
શ્રી સાધુકીરતિ પાઠકવરૂ, નાણુ ચરણુ ભંડાર;
શ્રી હેમસૂરિ વાચક વરૂ, તાસુ વિનય ગુણધાર, ૧૮૪
તસ પય પંકજ સેવક, જ્ઞાનમેરૂ કહિ એમ,
ઢાલ ધન્યાસી સોલમી, સુણતાં હોવઇ સર્વ ષેમ. ૧૮૫
ષંડ ત્રીજઇ તપ ગુણ કહ્યા, સુણીજે ભાવના ભાવંતિ,
રિધિ વૃધિ સંપદ સવે, મનવંછિત આવંતિ. ૧૮૬

—તૃતીયખંડે તપોધિકારે ગુણકરંડ ગુણાવલી અધિકાર-સં. ૧૭૦૨ પો. સુ. ૫ ભૃગૌ લિ. ૮-૧૩ (વિ. ધ.); પાનાં ૬-અમ.

—પંડિત ગજરત્ન લિખિતં સંવત ૧૭૧૧ વર્ષે શુભંભવતુ શ્રી જાલો (૨) મહાગઢ દુર્ગ મધ્યે લિષતં. ૫-૧૭ જૈ. એ. નં. ૧૧૩૯

---

૨૩૭ મતિસાગર-(આગમ ગ૦ ગુણમેરૂ શિ.)

(૪૬૧) સંગ્રહિણી-ઢાલબંધ સં. ૧૬૭૫ પોષ માસ.

આદિ—

અરિહંતાદિક પંચ જે, પરમેષ્ટી પ્રધાન,
નમું નિરંજન ચિત્તસ્યું, માગું અવિચલ માન. ૧
કાસ્મીરનિવાસિની, સરસતિ સમરૂં માય,
તાસ ચરણ ભાવઈ નમી, કરૂં કવિત્ત ઉચ્છાહિં. ૨
સદ્દગુરૂ પદપંકજ વલી, વાંદું ભાવ સહીત;
તાસ તણે સુપસાઉલેં, વાધેં અવિચલ મતિ. ૩
એક મનાં આરાહીઈ, શ્રી ઉદયરયણ સૂરીંદ,
તસ પટોધર દીપતાં, આગમ ગચ્છ દીણંદ. ૪
શ્રી સોભાગ્યસુંદર સૂરિની, અનુમતિ લહી ઉલ્લાસિ.
શ્રી સંગ્રહણી સૂત્રનું, રાસ રચું સુપ્રકાસ. ૫

પહેલું દ્વાર ચઉત્રીસ જે, અનુક્રમે કહું વિચારિ,
સાવધાન સહુ કો સુણો, બોલું સૂત્ર અનુસાર. ૬

* * * *

અંતે—

આગમ ગછિ મુનિવર મુગટ, શ્રી ઉદયરયણ સૂરિરાય,
શ્રી સોભાગસુંદર સૂરિગર, ધંધુકીઆ કહિવાય. ૪૩
તસુ પરિવારઇ ગહગહઇ પંડિત શ્રી ગુણમેરૂ,
સકલ કલાઇ દીપતા, મહિમા જસ ભડમેરૂ. ૪૪
તાસુ સીસ ભાવિઈ કરી, રચિઓ રાસ સુવિચાર,
સંવત સોલ પંચોત્તરઇ, પોષ માસ ઉદાર. ૪૫
પહિલુ અક્ષર મન તણું, બીજઓ યતિનું જાણિ,
મનસા ત્રીજુ આણુગો, ચુથઈ વઇરાગ આણિ. ૪૬
વઇરાગરનું પંચમુ, એહજિ કવિના નામ,
શ્રી જીરાઉલિમંડણું, કરૂં તેહનઇ પ્રણામ. ૪૭

—ઉપાધ્યાય શ્રી રતનસાગર ગણિ શિષ્ય પદમસાગર ગણિ શિષ્ય ધર્મસાગર પઠનાર્થં. (ચેનસાગર ભં. ઉદયપુર.)

—સં. ૧૮૭૭ ના વર્ષે માહ સુદિ ૧૫ દિને ભૃગુવાસરે તૃતીય પ્રહરે શ્રી પાલણપુર નયરે શ્રી પાલવીયા પાર્શ્વનાથજી પ્રસાદાત્ લિખિતં ગ્રંથાગ્રથ ૮૨૩ શ્લોક-૨૮-૧૨ પ્ર. કા. નં. ૯૯૨.

૨૩૮ ગુણસાગર સૂરિ (વિજયગચ્છ-વિજય ઋષિ-ધર્મદાસ-ખેમજી-પદ્મસાગર સૂરિ શિ.)

(૪૬૨) ઢાલસાગર સં. ૧૬૭૬ શ્રાવણ શુ. ૩ સોમ કુકેટેશ્વર ગામમાં.

આદિ—

શ્રી જિન આદિ જિનેશ્વરૂ, આદિતણો દાતાર,
યુગલા ધર્મ નિવારણો, વરતાવણ વિવહાર. ૧

શાંતિ સકલ સુખદાયકો, શાંતિકરણ સંસાર,
અરતિ અસુખ દુખ આપદા, મારિ નિવારણહાર. ૨
નેમિનાથ મતિ નિરમલી, અનમન મારણ દેવ,
બાલ બ્રહ્મચારી પ્રભૂ, સુરનર સારઈ સેવ. ૩
પારસ પારસ સારિખઉ, સુખ સંપતિ દાતાર,
ક્ષુદ્રોપદ્રવ ટાલણો, નામિ સદા જયકાર. ૪
વીરસ્વામિ ત્રિભુવનતિલો, ગુણમણિનુ ભંડાર,
તીર્થંકર ચઉવીસમુ, શાસનનો સિણગાર. ૫
કાલ અતીતઇં જે હૂઆ, વર્ત્તમાન જિન ઈસ,
હોણહાર તે સહૂઅના, ચરણ નમું નિસદીસ. ૬
ગણહર ગૌતમ ગુણનિલો, લબ્ધિપાત્ર સુવિચાર,
પનરઈ સઇરે તિડોતરાં, દીધો જેણિ આહાર. ૭
કામધેનુ ગો શબ્દથી, તલઇ તરૂ સુરવૃક્ષ,
મમઈ જુ મણિ ચિંતામણી, ગૌતમ સ્વામિ પ્રત્યક્ષ. ૮
દેશિ દેશાંતર કાં ભમઈ, મૂરિષ લોગ અયાણ,
ઘરિ બયઠાં હરિ પોરસો, ગૌતમ કેરો ધ્યાન. ૯
બ્રહ્માણી બ્રહ્માસુતા, સારદમાત પ્રણામ,
કરિ માગું મતિ નિર્મલી, જિમ પામું કવિ નામ. ૧૦
કવિવાણી વારૂ કહી, જસ તૂઠી તું માય,
તૂઝ તૂઠા વિણ બોલણો, મૂરિષમાંહિ કહાય. ૧૧
પઢઇં ગુણઇં મતિ આગલા, રાજસભા સનમાન,
લહઈ નિવાજ્યા તાહરા, મોટિમ મેરૂ સમાન. ૧૨
માત મયા કરિ સાંભલે, સેવકની અરદાસ,
તિમ કરિ જિમ પહુંચઇ સહી, માહરા મનની આશ. ૧૩
ગુરૂ નમીયઇ ગુરૂતાભણી, ગુરૂવિણ ગુરૂતા નાહિ,
ગુરૂ જનનઇં પ્રગટઉ કરઈ, લોક ત્રિલોકાં માંહિ. ૧૪

ગુરૂ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર,
પાથરથી પ્રતિમા કીયા, પૂજા લહઇ અપાર. ૧૫
અંધકાર અજ્ઞાનતા, જ્ઞાન શલાઈ સાર,
ફેરિ કીયા જગિ દેખતા, ધનિ ગુરૂના ઉપગાર. ૧૬
તીર્થંકર ગણધર સહૂ, સારદ સગુરૂ સકામ,
સહૂ મિલી મુઝ આપિયો, કાવ્ય કલા અભિરામ. ૧૭
ઉત્પત્તિ શ્રી હરિવંશની હલધર કૃષ્ણનરેશ,
નેમ મદનયુગ પાંડવો, ચરિત્ર ભણું સુવિશેષ. ૧૮
યાદવ કથા સોહામણી, જે સુણિસી નરનારિ,
તીર્થનો ફલ પામસે, નહિ સંદેહ લગાર. ૧૯

× × × ×

અંતે—

ગચ્છ સ્વચ્છ પ્રણામસૂંરે, વિજયવંત વિશેષ
શ્રી વિજયગચ્છ રાજીયા, કાંઇ દીપેરે ગુરૂધર્મ નરેસ. કિ. ૧૯
વિજયઋષિ વિદ્યાબલીરે, ધર્મદાસ મુનીશ
ક્ષિમાસાગર ખેમજી, કાંઇ જેહનીરે જગમાંહિ જગીસ. ૨૦
પદ્મસાગર સૂરિજીરે, સુજસ જસુ ભરપૂર,
પાય પ્રણમી પ્રભૂતણા કાંઇ, પભણેરે ગુણસાગર સૂરિકિ. ૨૧
સંવત્સર સોલ છહોતરીરે માસ શ્રાવણ સુદ્ધિ
તિજ સોમ સમુત્તરા, કાંઇ વાસરકે વાર અવિરૂદ્ધ. ૨૨
કુર્કટેશ્વર નગરમાંરે, પાસ સામી પસાય
સંઘને ઉચ્છકપણુંઇ કાંઇ રચિયોરે મેં ચરિત સુભાય કે. ૨૩
ઢાલસાગર નામશ્રી, હંરિવંશનો વિસ્તાર,
શુદ્ધ ભાવે સાંભલે, કાંઈ પામેરે સુખ સંપતિસાર કે. ૨૪
એકસો એકાવનેરે, ઢાલનો સોભાગ,
આદિતો આસાવરી, કાંઇ અંતેરે ધન્યાસી રાગ કે, ૨૫

જાંમ લગિ ગિરિ મેરૂજીરે, સકલ ગિરિવર ઇસ,
તાંમ લગૈ હરિવંશ એ, કાંઇ થાજ્યોરે થિર વિસવાવીસ.

કલસ.

શ્રી હરિવંશ ગાયો સુજસ પાયો, જ્ઞાનબુદ્ધિ પ્રકાસનો
પાપ ત્રાઠો ગયો નાઠો, પુન્ય આયો આસનો
કરત પુત્ર કલત્ર કમલા પઢત સુણત સોહામણો,
પૂજ્યશ્રી ગુણસૂરિ જંપે, સંઘરંગ વધામણો. ૨.

—ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમો અધિકાર–ગ્રંથાગ્રંથ શ્લો. ૫૭૫૦
લિ. ૧૭૯૮ માધવમાસોત્તમ માસે પૂર્ણિમા ગુરૂ ભાંણુવડગ્રામે લિ૦

—લિખિતં મુનિ રાજચંદ્રેણ–પઠનાર્થં સંઘવી શ્રી નાનજી તત્પુત્ર સં, શ્રી હીરાનંદ, તદ્ભાર્યા અનેક ધર્માનુષ્ઠાન કાર્યા સંઘવણિ મનરંગદે. શ્રીરસ્તુ, કલ્યાણમસ્તુ, લેખક પાઠકયોઃ શુભં ભૂયાસ્તાં. ૧૦૧–૧૬ અનંત૦

—ઇતિશ્રી ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમોધિકાર સંપૂર્ણઃ સં. ૧૭૨૯ કાર્ત્તિક સિત ૧૩ દિને ગુરૂવારે પં. શ્રી ૫ વિજયહર્ષગણિ શિ૦ ગણિ સાધુવિજયેન લિખિતા પ્રતિરિયં. સ્વશિષ્ય મુનિ પદ્મવિજય વાચનાર્થં. ૮૦–૧૮ મો૦; ખં. ૧, ચં.

—સં. ૧૮૮૪ ના આસો શુદિ ૨ શુકલપક્ષે લિપિતં ઋ. સુંદરજી સંઘજી સીષ ઋ. પ્રેમજી ત. ઋ. હીરાચંદજી. શ્રી. જેતપૂર મધ્યે રાસ પુરો લખ્યો છે. પા. ૧૦૭–૧૪ મારી પાસે આ અધૂરી પ્રત છે. આ સિવાય બીજી બે પ્રતો છે પણ તેપણ અધુરી છે.

(૪૬૩) કૃતપુણ્ય (કયવન્ના) રાસ સં. ૧૬૭૬.

અંતે— ૨૦ મી ઢાલ.

* * * *

ઇમ સુણી વયરાગીઉજી, જેઠો નંદન થાપિ,
ઘરનઈ ભારિ ષેત સાતમઇ, એ ધન બહુલઉ આપિ. મ૦ ૨૮
વર્ધમાન જિન હાથિ લીધો, કયવન્નઈ વ્રતભાર,
સ્વર્ગ પંચમઈ હોઇ ચવીઈ, પામીસઇ ભવપાર. મ૦ ૨૯

ઢાલ ભલી પણ વીસમીજી, દાન દીયાથી જોઇ,
શ્રી ગુણસાગર સૂરિજીરે, સુધરઇ છઈ ભવ દોઈ. મ૦ ૩૦
—પહેલાં બે પત્ર વગરની પ્રત મારી પાસે છે. ૮-૧૫ આમાં પ્રશસ્તિમાં રચ્યા સંવત નથી. છેલ્લો કલશ ઉડાડી દીધો લાગે છે. બીજી પ્રત લખ્યા સં. ૧૮૫૯ ની છે; રત્ન. ચં; ડે; લીં.

+શાંતિનાથ છંદ.

+શાંતિજિનવિનતિરૂપ સ્ત૦ ૧૭૪ જૈ. પ્ર.

---

૨૩૯ મતિસાર (ખ૦ જિનસિંહસૂરિ શિ.)

(૪૬૪)+ શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા (રાસ) સં. ૧૬૭૮ આસો વદ ૬

આદિ— દૂહા.

સાસણનાયક સમરીયઇ, વર્દ્ધમાન જિનચંદ
અલિય વિઘ્ન દૂરઈ હરઈ, આપઇ પરમાણંદ. ૧
સહૂકો જિનવર સારિખા, પિણ તીરથધણી વિશેષ,
પરણીજઇ તે ગાઇયૈ, લોકનીતિ સંપેષિ. ૨
દાનશીલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર,
સરિખા છઈ તોપિણ ઇહાં, દાનતણઉ અધિકાર. ૩
શાલિભદ્ર સુખસંપદા, પામે દાનપસાય
તાસુ ચરિત વષાણતાં, પાતિક દૂરે પુલાય. ૪
તાસ પ્રસંગે જે થઇ, ધન્નાની પણ વાત,
સાવધાન થઇ સાંભલો, મત કરજ્યો વ્યાઘાત. ૫

* * * *

અંતે—

સાધુચરિત કહિવા મન તરસ્યે, તિણ એ ઉદ્યમ ભાખ્યો હરષેજી
સોલહસત અઠહત્તર વરસ્યે, આસૂ વદિ છઠિ દિવસયજી.
—શાલિભદ્ર ધન્નો રિષરાસ. ૮

શ્રી જિનસિંહસૂરિ સીસ મતિસારે, ભવિયણનિ ઉપગારેજી,
શ્રી જિનરાજવચન અનુસારઇ, ચરિત કહ્યો સુવિચારજી. ૫૯
ઇણિપરિ સાધુતણા ગુણ ગાવે, જે ભવિયન મન ભાવેજી,
અલિય વિઘન તસ દૂરિ પલાયે, મનવંછિત સુખ પાવેજી, ૧૦
એહ સંબંધ ભવિક જે ભણસ્યે, એકમનાં સાંભલિસેજી;
દુખદોહગ સબ દૂરિ ગમસ્યે, મનવાંછિત ફલ લહિસ્યેજી. ૧૭

—સર્વગાથા ૫૨૬ જૈ. એ. નં. ૧૦૫૬; પાનાં ૨૯ ગુ. વિ; ૨૧-૧૩ લીં, પાનાં ૨૩ પ્ર. કા; ખં. ૧; ભા.; વી. પા.

—સં. ૧૭૨૨ વરસે શ્રાવણ વદિ ૧૩ દિને લિખિતં દે. લા. કમલવિજય મુનિ પાસેની.

—સં. ૧૭૪૬ આશો શુદ ૭ દિને લિ૦ પં. પેમાવિજયેન. શ્રીમાલગ્રામે પાર્શ્વનાથપ્રસાદાત્ ૧૫-૧૫ આ. ક.

—સં. ૧૭૯૨ કાર્તિક શુદ ૫ ગુરૂ પુન્યપુર નગરે પં. શ્રી કેસરસાગરજી શિ. વલ્લભસાગર શિ. મનોહરસાગરેણ લિપિતં. પ્ર. કા.

—ઇતિશ્રી શાલિભદ્ર મહામુની ચરિત્રાં બોહિત્થવંસીયાવતંસીયમાન નિસ્સમાન મહિમાનિધાન નિવિગાનયશોવિતાન સાવધાન પ્રધાન વિદ્વજ્જન દસિષ્ટાવધાના ધિગ ચતુર્દશ વિદ્યાસ્થાન શ્રી શત્રુંજયતીર્થાષ્ટમોદ્ધાર પ્રતિષ્ઠા વિધાન લબ્ધમાન યુગપ્રધાન* શ્રી જિનરાજસૂરીભિ રચયાંચક્રે સાહાણ હાપ્ય સ્વભ્રાતુરભ્યર્થનયા ॰ચંદ્રાર્ક ચિરં નધાત્ લિ૦ સં. ૧૮૧૮ વર્ષે શાકે ૧૬૮૪ પ્રવર્ત્તમાને જ્યેષ્ટ સુદિ ૬ શનૌવાસરે વણોદ નગર મધ્યે શ્રી શાંતિજિન પ્રાસાદાત્ સકલ પંડિત પ્રવર પંડિત શ્રી પુન્યવિજય શિ. રત્નવિજય ગણિ શિ. લાલવિજયેન ૧૫-૧૫ ગારીયાધર ભં.

---

* આ કૃતિ જિનરાજસૂરિએ રચી એમ આમાં જણાવ્યું છે પણ ઘણી પ્રતમાં 'શ્રી જિનસિંહસૂરિ સીસ મતિસારે' એ સ્પષ્ટ છે, જ્યારે 'શ્રી જિનરાજ વચન અનુસારે' એ શબ્દોમાંનાં જિનરાજ ભ્રમથી કર્તાતરીકે લેવાય છે એમ લાગે છે.

--લિખિતે ઋષ. સ્યામજી લુંકાગચ્છે. સં.૧૮૧૦ માઘમાસે શુક્લપક્ષે તૃતયાયાં શનૌ. શુભવેલાયાં કચ્છી દ. ઓ. પાઠશાલા મુંબઇ ભં.

—૧૯–૧૫ અનંત. કે જેની આદિમાં શ્રી કુબેરાય નમઃ સકલ પંડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી હસ્તિસાગરગણિચરણકમલેભ્યો નમઃ એમ લખ્યું છે.

+આ કૃતિ પ્રસિદ્ધ થઇ ગઈ છે જુઓ આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૧ લું.

(૪૬૫) ચંપકસેન રાસ ૧૬૭૫ પા. ૩.
(૪૬૬) ગુણધર્મ રાસ ૧૬૯૯ વિધા.
(૪૬૭) ચંદરાજા (ચો.) ૬૫૬ શ્લો. લીં.

૨૩૯ ક પ્રભસેવક (સુખશોધનગચ્છ)

(૪૬૭ ક) ભગવતી સાધુવંદના સં. ૧૬૭૭.

આદિ—

स्तवीमि वीरं जीतसूरमंडलं, प्रतापविस्तारितभूमि मंडलं
सुवर्णकान्ति नतदेवमंडलं चमत्कृतं ताविष राजमंडलं॥१
दहा–पंचम पंचम गणधरं नत्वा परमगणींदुं
वक्ष्ये भगवती भाषितान् मुनिवरान् मुनींदुं ॥२॥
સાધુ તણા ગુણ ગાવતાં, પામૂં સુખ અનંત,
દુષમ કાલિ આલંબનં, ભયભંજન ભગવંત.　　　૩

*　　*　　*　　*

અંતે—　　　　કલશ.

સાધૂતણા ગુણ ગાવત મુઝનિ જે પરમાનંદ સારં
તે મુઝ જંણિ જીવ અનિ વલી કિઓગ નાણી પારં
નિઃકારણ જગબંધુ મિ ગાયા, **મુનિ મુનિ સોલ સુશરદં**
મુખશોધન ગછિ વદિ **પ્રભસેવક**, મંગલકારણ વરદં.　　　૫૯

૬–૭ (વિ. ધ.)

૨૪૦ સુધનહર્ષ (ત. હીરવિજયસૂરિ-ધર્મવિજય શિ.)

(૪૬૮) જંબૂદ્વીપ વિચારસ્ત. સં. ૧૬૭૭ મકરસંક્રાતિ પોસ સુદ ૧૩

આદિ—

ઢાલ આસાઉરી.

શ્રી જિન ચઉવીસઈ પ્રણુમીનઈ, વલિ પ્રણુમી ગુરૂ પાઈ રે,
બ્રહ્માણીનઈ કરીઅ વીનતી, મુઝનઈ તૂસો માઈ રે. ૧
જંબૂદ્વીપ વિચાર લિખેસ્યું, કિંપિ જાણુવા કામિરે,
યથા પ્રકાસ્યો વીર જિણિંદિ, પૂછઈ ગૌતમ સ્વામિરે. જં. ૨

અંતે—

સંવત સોલ સત્યોતરઈ એ, સંક્રાંતિ મકરિ રવિ સંચરઈ એ,
પોસ બહુલ રવિ તેરસિએ, બલિ દશ વાજી મૂલિં વસિએ. ૭
હોઈ વૃદ્ધિ જિહથી સદાએ, તે પોગ વૃદ્ધિ નામા તદાએ,
લિખ્યો જંબૂદીવહતણોએ, ભવિ એ વિચાર ભાવિ ભણોએ. ૮
જે હોઇ શાસ્ત્ર વિરૂદ્ધ એ, પંડિત તે કરયો શુદ્ધ એ,
વીનતડી અવધારયો એ, વલિ એ સ્તવન વિસ્તારાયોરે. ૯
સાહ હીરજી ભણુવા ભણિ એ, વલિ જ્ઞાનવૃદ્ધિ જાણી ઘણીએ,
જોડીઉ ક્ષેત્ર વિચાર એ, ધારયો કંઠિં જિમ હારએ. ૧૦
વિઘ્ન દૂરિ જાઇ સદાએ, વલિ એ ભણુતાં સુખ સંપદાએ,
બહુ પ્રગટઈ પુણ્યનો વૃંદએ, વલિ એ ભણતાં આણંદએ. ૧૧

ઢાલ ૧૩ ધન્યાસી રાગ.

હીરજી હીરલો હીરજી હીરલો, હીરજી હીરલો મુકુટ કેરો
શ્રી તપાગચ્છ તે મુકુટ સમ જાણઈ, ઝગમગઈ જેહ તેજિં ભલેરો.
—હીરજી હીરલો એ. ૧
માત નાથી ઉઅરિ ખાણિથી ઉપનો, શ્રી બિજયદાનસૂરિ હાથિ આયો,
શુદ્ધ જાણી મુકુટ મધ્યિ તે થાપિઉ, તે ભણી મુકુટ તે બહુ સુહાયો. હી. ૨
શ્રી હુમાઉસુતતપો કબ્બરો, તેણિ જસ કીર્તિ જિન શ્રવણિ નિસુણી,
દર્શનાર્થ સમાકારિતો યો ગુરૂ, નિજ સમિપે ભવાંભોધિતરણી. હી. ૩

ધર્મઉપદેશ ગુરૂમુખથકી સાંભલી, પાપકી વાસના બહુત ટારી,
પર્વ પજૂસણિ સકલ નિજ દેસમાં, તિણિ નૃપિ જીવ હિંસા નિવારી. હી. ૪
તેહ ગુરૂ હીરના શિષ્ય સોહાકરા, ધર્મવિજયાભિધા વિબુધચંદા,
તાસ શિશુ ઇમિ કહઈ ક્ષેત્ર સુવિચારએ, ભાવિ ભણતાં સુદ્ધનહર્ષવૃંદા.
ભણતલાં સુણતલાં પુણ્યવૃંદા—હીરજી. ૫

(પત્ર ૫ પ્ર. કા.)

—પંડિત શ્રી ધનહર્ષ ગણિભિઃ કૃતં. સંવત ૧૭૧૮ વર્ષે આષાઢ વદિ ૮ રવિ દિને શ્રી બાઈ નાથબાઈ પઠનાર્થં. ૬-૧૦ જૈ. એ. નં. ૧૧૫૩.

દેવકુરૂક્ષેત્ર વિચાર સ્ત૦

આદિ— દૂહા.

આગમ સવિ તુઝથી હુઆ, વલી એ વેદ પુરાણ,
દેખાવઈ સવિ અર્થ તું સહસકિરણ જિમ ભાણ. ૧
જિનવર વિમલ મુખાંબુજિં, દીસઈ તાહરો વાસ,
વિષ્ણુ બ્રહ્મ શંકર નમઈ, સુરનર તાહરા દાસ. ૨
તું સરસતિ અવધારજે, હું છું સયાઅયાણ,
જં મુઝ મુખથી નીકલઈ, તં સવિ કરે પ્રમાણ. ૩

* * * *

અંતે—

હીરવિજયસૂરિ શિષ્ય સોહાકર, ધર્મવિજય બુધ ચંદ,
શિષ્ય તેહનો ઈણિપરિ જંપઈ, ધર્મ થકી આણંદરે—
ઋદ્ધિ વૃદ્ધિ ધનહર્ષ મહોદય, શિવપદ હોવઇ ધર્મિં
જનમન સકલ સમીહિત પૂગઈ, વલિ સુખ હોઈ ધર્મિરે.

—ત્રણ પાનામાં આ છે. આ અને ઉપરનું જંબુદ્વીપ વિચારસ્તવનની ભેગીપ્રત ૯ પાનાની પ્રત જૈ. એ. પાસે છે. નં. ૧૧૫૩.

(૪૬૯) મદોદરી રાવણ સંવાદ.

સેનાપુરમાં.

અંતે--

મહાસેન વદના હિમકર હરિ, વિક્રમ નૃપસંવત્સરિ
જેમ મધુ નામિં માસ કહિજઈ, તેથી ગુહ મુહ માસ લહિજઈ. ૯૩
તિથિ સંખ્યા ત્રિક વર્ગિં જાણે, **યમી જનક વલિ બાર** વખાણે,
શિતિ પક્ષિં ઉડુ યામક લહયે, સિદ્ધિયે ગતે માટઈ કહયે. ૯૪
ઋષભદેવ કરઈ અનુભાવિં, શ્રી **સેનાપુર** નગરિં આવિ
છંદ રચ્યો મઈ એણુંઈ ટાણુંઈ, ચતુર હોઈ તે તતખિણ જાણુંઈ. ૯૫
+બુધ ૧૩.

હીરવિજય સૂરીસર કેરો, **ધર્મવિજય** બુધ શિષ્ય ભલેરો.
તસ શિશુ **સુધનહર્ષ** ઇમ કહવઈ, ધર્મથકી સુખસંપદ લહવઈ. ૯૪
ઈતિ શ્રી **મંદોદરી રાવણ સંવાદ** સંપૂર્ણ. (પ્ર. કા.)

+પાછળથી માર્જીનમાં સુધારી મૂકેલ છે. કવિએ પોતેજ સુધારેલું લાગે છે.

---

૨૪૧ અમરચંદ્ર (ત. સહજકુશલ-સકલચંદ્ર-શાંતિચંદ્ર શિ.

(૪૭૦) **કુલધ્વજકુમાર** સં. ૧૬૭૮ માઘ સુદ ૧૫ રવિ સાંતલપુરમાં.

આદિ--

જિન **શારદ** ગુરૂપય નમી, અને છંડી વિકથા વાત
શ્રી શ્રી કુલધ્વજ ભૂપનો, પભણીસ વર અવદાત ૧
ભાવઈ ભવજલ જે તર્યો, પામ્યો શિવપુર ઠામ,
તિણિ કારણિ ભાવઇ કરી, કરયો સહુ પુણ્યકામ, ૨

* * * *

અંતે-- ઢાલ મનમોહનજી.

શ્રી જિન વીરપરંપરા, મન મોહનમેરે અનુક્રમે હુઓ ગણધાર, મન૦
સૂરીસર જગચંદ હુઆ મ૦ મહિમાનિધિ અનગાર. ૨૬૩
વરસ બાર આંબિલ કરી મ૦ તપા ઈતિ બિરૂદ સુલદ્ધ મ૦
સંવત બારપંચ્યાસિઇં મ૦ એ વૃત્તાંત પ્રસિદ્ધ મ૦ ૨૬૪

અનુક્રમિ તપગણ રાજીઓ મ૰ હેમવિમલ સૂરીરાય મ૰
તસ પટ્ટિં ગુરૂ દીપતો મ૰ જગિ જસ મહિમા સવાય મ૰ ૨૬૫
સંવત પન્નર બ્યાસીઈ મ૰ કીધો ક્રિયા ઉદ્ધાર મ૰
દુરગતિ પડતા લોકને મ૰ સમઝાવે સુવિચાર મ૰ ૨૬૬
આનંદવિમલ સૂરીસરૂ મ૰ ત્રિભુવન સૂર સમાન મ૰
તસં પટ્ટે ગુરૂ ગાજતો મ૰ સૂરિસર વિજયદાન મ૰ ૨૬૭
તાસ પટોધર પરગડો મ૰ હીરવિજયસૂરી હીર મ૰
અકબર નરવર બૂઝવ્યો મ૰ વાણીસુધા રસખીર મ૰ ૨૬૮
તસ પટ્ટાંબરદિનમણી મ૰ શ્રી વિજયસેન સૂરીસ મ૰
વિદ્યાએ સુરગુરૂ છપ્યો મ૰ જગિ જસ અધિક જગીસ. મ૰ ૨૬૯
મન સ્યાદ્વાદ થાપી કરી મ૰ પામ્યો જિણેં જસવાદ મ૰
અકબર ભૂપતિ દેષતાં મ૰ ઉતાર્યા દ્વિજનાદ મ૰ ૨૭૦
તસ પટ્ટિં પ્રભુ પ્રકટીઉ મ૰ શ્રી વિજયદેવ સૂરીંદ મ૰
સંપ્રતિ તપગચ્છ સાગરેં મ૰ ઉગ્યો અભિનવો ચંદ મ૰ ૨૭૧
શ્રી સહજકુશલ પંડિતવરૂ, કુશલ હુઇ જસ નામિ
કુલટા કામની પરિઇં ભમઈ, જસ કીરતિ ઠામો ઠામિ. ૨૭૨

ઢાલ ગિરૂયારે ગુણ૰

તાસ સીસ ગુરૂ ચિર જયો, શ્રી સકલચંદ્ર ઉવઝાય
કવિકુલકમલ વિકાસવા, પ્રભુ પ્રકટ્યો એ દિનરાયરે. તાસ૰ ૨૭૩
તાસ સીસ વાચકવરૂ, શાંતિચંદ્ર ગુરૂ સીસરે,
સુરગુરૂની પરિ જિણિ વિદ્યાઈં, રાખી જગમાં લીહરે. ૨૭૪
રાય નારાયણ રાજ સભાઇ, ઈડર નયર મઝારિરે
વાદીભૂષણ દિગપટ જીતી, પામ્યો જય જય કારરે. ૨૭૫
વડ તરૂઅર પરિ પુહવી પરગટ, જાણઇ સહુ સંસારરે
સીસ પરંપર જેહની જાચી, શત શાખા વિસ્તાર, ૭૬
જંબુદ્વીપ ઉપાંગની, પ્રમેયરત્ન મંજૂષારે.
વૃત્તી રચી રલીઆમણી, સકલશાસ્ત્ર શિરભૂષારે. ૭૭

તસ પદપંકજસેવા રસીઉ, ભમરતણી પરિં ભાસઈ,
અમરચંદ્ર કવિ ઇમ આનંદિં, કુલધ્વજ રાસ પ્રકાસઇ. ૭૮
સંવત **વસુમુનિ રસ શશી**, મધુમાસિ સિતપક્ષરે,
પૂર્ણિમાતિથી રવિવારઈ, તુમ્હે જોઇ લેયો દક્ષરે. ૭૯
શ્રી *ગુણવિજયગણિ કવિજન કેરો, આગ્રહ અધિકો જાણીરે.
રાસ રચ્યો મઈ **સાતલપુર**માં, મનમાં આનંદ આણીરે. ૨૮૦

—ઇતિ શ્રી કુલધ્વજ રાસ લિ. સકલ પં. નિત્યવિજયગણિ શિ૦ પં. અમરવિજયગણિભિઃ સ. ૧૭૬૮ વર્ષે વૈ. શુ. ૧૦,-૧૨-૧૭ ગ્રથમાન ૨૮૦ નં. ૩૩ દા. ૨૫ લીં. *ગુણવિજય માટે જુઓ પૃ. ૫૧૯.

(૪૭૧) સીતાવિરહ સં. ૧૬૭૯ બીજે આષાઢ શુદ ૧૫

આદિ—

સ્વસ્તિ શ્રી **લં**કાપુરી, જિહાં છે વર આરામ.
રામ લિખે **સીતા**પ્રતિં, વિરહ લેખ અભિરામ. ૧
નામાંકિત વલી મુદ્રિકા, આપે હનુમંત સાથિ,
લેખ સહિત તું આપજે, જનકસુતાને હાથિ. ૨

× × × ×

અંતે—

સંવત **સોલ ઉગણ્યાસીઈ** બીજે માસ આષાઢ રે
લેખ લિખ્યો મેં પુનિમ દિવસિં ઋક્ષ ઉત્તરાષાઢરે. ૫૯ સુ.
વક્તા જનનેં મન રીઝવણું શ્રોતાને સુખકારી રે
વિરહીનેં મન દુખ ઓલ્હવણું, લિખ્યો લેખ વિસ્તારીરે ૬૦ સુ.
અમરચંદ્ર કવિ ઇણિપરિ બોલે, નરનારી સુણો સાચોરે.
વિરહ તણાં દુઃખ ટાળવા, લેખ અનોપમ વાંચોરે, સુગુણ ૬૧ સુ૦

—૨—૧૪ માં.

(સહજકુશલે સિદ્ધાંત હુંડી–સિદ્ધાંતશ્રુત હુંડિકા નામે સારો ગ્રંથ જૈન અંગ ઉપાંગ આદિનાં પ્રમાણો ટાંકી ભાષા ગદ્યમાં રચેલ છે અને તેમાં તેમણે પોતાના ગુરૂ તરીકે કુશલ માણિકનું નામ આપ્યું છે.

૨૪૨ કર્મસિંહ—(ઉપકેશ ગ. સિદ્ધસૂરિ—દેવકલ્લોલ—પદ્મસુંદર ગણિ—દેવસુંદર ગણિ—પુન્યદેવ શિ.)

(૪૭૨) **નર્મદાસુંદરી ચોપાઈ**—સં. ૧૬૭૮ ચૈત્ર શુદ ૧૦ સોમ દશાડામાં.—અમ૦

---

૨૪૩ **લલિતકીર્તિ**—(ખ૦ કીર્તિરત્ન—હર્ષવિશાલ—હર્ષધર્મ—વિનયરંગ—લબ્ધિકલ્લોલ શિ૦ જિનરાજસૂરિના વારામાં.)

(૪૭૩) **અગડદત્ત મુનિરાસ** ૧૬૭૯ જેઠ શુ. ૧૫ રવિ. ભુજમાં

આદિ— દૂહા.

નાભિ મહીપતિ સિરિતિલઉ, આદીસર અરિહંત
મન વચનઇ કાયા કરી, પણમી શ્રી ભગવંત. ૧
વચન સુધારસ વરસતી, સરસતી પ્રણમી પાય,
કાલિદાસ નઈ તઈ કીયઉ, મૂરખથી કવિરાય. ૨
હિતકારણ માતાપિતા, વલિ વિશેષ ગુરૂરાજ
એ તીનેઇ પ્રણમું સદા, સારૂઇ વંછિત કાજ. ૩
શ્રી ગૌતમ ગણધર પ્રમુખ, નિજ તીરથ સિણગાર
સેવકનઇ સાંનિધિ કરઇ, એ મોટઉ ઉપકાર. ૪
દ્રવ્યભાવ નિદ્રા તજી, જિણ જીતઉ પરમાદ,
અગડદત્ત ગુણ ગાવતાં, નાંખિ દીયઉ વિષવાદ. ૫
સાધુ તણા ગુણ ગાવતાં, રસના હોઇ પવિત્ર
નવનિધિ રિધિ સિધિ સંપજઇ, કલ્યાણકારિયા પુત્ર. ૬
ભારંડ પંખીની પરઇ, જે વિચરઇ અણગાર,
અગડદત્ત રિષિની પરઇ, લહિસ્યઇ સુખ અપાર. ૭
રસિકતણા મન રંજીયઈ, સુણતાં એહ સંબંધ
ચતુરાઈ વાધઇ અધિક, ટલઈ કરમનઉ બંધ. ૮

સાહસીક સિરિસેહરઉ, જસુ મોટા અવદાત,
એકમણા થઇ સાંભલઉ, અગડદત્તની વાત. ૯

× × × ×

અંતે—

સંવત સોલ ઇગિણાસી વચ્છરઇરે શ્રી ભુજનયર મઝારિ
જેઠ સુદિ પુનમ રલિયામણીરે દિનકર મોટો વાર
શ્રી ષરતર ગચ્છનાયક દીપતો રે શ્રી જિનરાજ સુરીંદ ૧૨ ઇમ.
તેહનઇ રાજઇ ઇણિ મુનિવર તણારે ગુણ ગાયા આણંદ. ૧૩ ઇમ.
સકલ આચારજ માહિ દીપતો રે કીરતિરતન સૂરીશ,
જેહની સાષા ગચ્છમાહિ ગહગહઇ રે પૂરઇ મનહ જગીશ. ૧૪ ઇમ.
હરષવિશાલા સુવાચક તેહનઇ રે પાટઇ ઉગ્યો ભાણુ,
હરષધરમ વાચક વલિ તસુ તણારે સાધુમંદિર ગુણ જાણ. ૧૫ ઇમ.
તેહનો સીસ વિનય ગુણ આગલો રે વિમલરંગ મુનિ તાસ.
લબધિકલ્લોલ ગણિ વાચક તે સોભતારે તાસ સીસ ઉલ્લાસ. ૧૬ ઇમ.
ઇમ લલિતકીરતિ કહઇ ભવિયણ સાંભલોરે સાધુ તણા ગુણ ગાઇ,
રસના કીધ પવિત્ર મઇ આપણીરે લબધિકલ્લોલ સુપસાય. ૧૭ ઇમ.
સાંભલતાં ભણતાં ગુણ સાધુનારે, રોમ રોમ સુખ થાય,
નિતુ નિતુ રંગ વધામણા રે અવિચલ સંપદ થાય. ૧૮ ઇમ.

—સર્વ ગાથા ૩૦૩૯. શ્લોક સંખ્યા ૫૦૪૩. લિખિતા પં. ભક્તિવિશાલેન, સાધ્વી કનકમાલા શિ. કીર્તિમાલા વાચનાર્થં. ૧૦-૧૭ મારી પાસે જૂની પ્રત છે.

—સં. સતરઇ બાવીસા વર્ષે શ્રાવણ શુદિ તેરસિ શુક્રઇ...... લિખ્યતં સેવક દુર્ગસી. વિજયધર્મ સૂરિ ભંડાર; વિમળ.

૨૪૩ ક કલ્યાણમુનિ—(લોં. વરસિંહ-જશવંત-પકરાજ-કૃષ્ણદાસ શિ૦)

નેમિનાથ સ્ત૦ સં. ૧૬૭૩ આસો શુ. ૬ સિદ્ધપુરમાં.

અંતે—

શ્રી નેમિ જિનવર સયલ સુષકર દુખહરણુ મંગલ મુદા
શ્રી રૂપ જીવજી પાટિધારક શ્રી વરસિંઘજી સુવર સદા.
શ્રી વરસિંહ પાટિ શ્રી જસવંત સોભર જિંગમ તિર્થ જાણીએ.
તાસ સીસ પવર મુનીવર શ્રીપકરાજ વષાણીએ,
તાસ પાટિ પંડિત સોભિ શ્રી કૃષ્ણદાસ મુનીસરા,
તાસ સીસ કુલ્યાણુ જંપઈ સકલસંઘ અણુંદ કર્યા.
સંવત ૧૬ સોલ ત્રહુત્તરા વર્ષે આસો શુદિ છઠિ સારએ,
ગુરૂ સવારિ નેમ ગાઉં સિદ્ધપુર મઝારિએ.
ભાવ ભણસઇ જેહ સુણસઈ તે પામિ સુષ અવારએ,
કહિ મુની મન હરષ આણી સંઘ જઇ જઇકારએ.

—લક્ષત્રં. ઋ. લઘૂ, વિ. ધ. ભં.

(લઘુવરસીંગજી ૧૬૨૯ માં ગાદીએ બેઠા ને ૧૬૬૨ માં દીક્ષીમાં સ્વર્ગસ્થ થયા તેની પાટે જસવંતજી થયા.)

---

૨૪૪ જિનોદયસૂરિ બીજા (ખ૦ ભાવહર્ષસૂરિ-જયતિલક-સૂરિ શિ.)

(૪૭૪) +હંસરાજ વચ્છરાજનો રાસ સં. ૧૬૮૦ વિજયાદશમી રવિ

આદિ— દોહા—આશાવરી રાગ.

આદીશ્વર આદે કરી, ચઉવીસે જિણચંદ,
સરસતી મન સમરૂં સદા, શ્રી જયતિલક સૂરીંદ. ૧
સદ્‌ગુરૂ પય પ્રણમી કરી, પામી ગુરૂ આદેશ,
પુણ્ય તણાં ફલ બોલશું, કહીશું હું લવલેશ. ૨

પુણ્યે શિવસુખ સંપજે, પુણ્યે સંપત્તિ હોય,
રાજ ઋદ્ધિ લીલા ઘણી, પુણ્યે પામે સોય. ૩
પુણ્યે ઉત્તમ કુલ હુવે, પુણ્યે રૂપ પ્રધાન,
પુણ્યે પૂરૂં આઉખું, પુણ્યે બુદ્ધિ નિધાન. ૪
પુણ્ય ઉપર સુણજો કથા, સુણતાં અચરિજ થાય,
હંસરાજ વત્સરાજ નૃપ, હુવા પુણ્ય પસાય. ૫

* * * *

અંતે—

ખંડ ૪—ઢાલ ૧૬ ધન્યાશ્રી.

* * * *

શ્રી ખરતર ગચ્છ ગુરૂનિલોજી, શ્રી ભાવહર્ષ સુરીંદ,
ગચ્છ ચોરાસી પરગડોજી, સાધુ માંહે મુણીંદ. ૬
તસ પાટે મહિમાનિલોજી, શ્રી જયતિલક સૂરિરાય,
મહોટા મહોટા ભૂપતિજી, પ્રણમે જેહના પાય. ૭
સંવત **સોલ એંસીએ** સમેજી, આસો શુદિ રવિવાર,
વિજયદશમીએ સંથુણ્યોજી, શ્રી સંઘને સુખકાર. ૮
એહ પ્રબંધ સોહામણોજી, કહે શ્રી જિનોદયસૂરિ,
ભણે ગુણે શ્રવણે સુણેજી, તિણ ઘરે આણંદ પૂર. ૯
ચાર ખંડ ચોપાઈ કરીજી, શ્રી સંઘ સુણવાકાજ,
પુણ્યે શિવસુખ પામિયાજી, હંસ અને વચ્છરાજ. ૧૦

—સર્વગાથા ૯૧૯ (પૃ. ૪૨ પ્ર. કા. લીં, રત્ન, ડે. ભા.)

—(લ. સં. ૧૮૭૧ ઘો. સ. ભં)

—સં. ૧૭૬૫ વર્ષે મૃગસિર માસે અષ્ટમ્યાં તિથૌ લિષિતં શ્રી વિજૈગચ્છે શ્રી પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી દયાસાગર સૂરિંદ્રજી તત્ શિષ્ય ઋષિ શ્રી ૨૭ શ્રી રાયચંદજી તત્ શિષ્ય લિપીકૃતં ચેલા સદારામજી આત્માર્થે (ઉદયપુર ભં.)

—સં. ૧૭૫૨ ચૈ. વ. ૮ ૩૨–૧૫ લીં; ૩૪–૧૩ તથા ૨૬–૧૬ અનંત.

—સં. ૧૭૮૫ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે ૧૨ તિથૌ શુક્રવાસરે નવાનગર મધ્યે લખીતં પુજ ઋષિ શ્રી ૫ આસકર્ણજી તત્ શિષ્ય શ્રી ૫ મેઘજી તત્ શિષ્ય મુનિ કૃષ્ણજી આત્માર્થે. પાનાં ૨૩-૧૯ રાજકોટ પૂ. અપાસરો. પ્ર૦ ભીમશી માણેક.

---

૨૪૫ કમલવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયસેનસૂરિ શિ.)

(૪૭૫) દંડક સ્તવન. સં. ૧૬૩૧

(૪૭૬) સીમંધર સ્વામિ વિજ્ઞપ્તિરૂપ સ્ત. સં. ૧૬૮૨ દીવાલી ગુરૂવાર ઝાલોરમાં વિજયદેવ રાજ્યે-કુલ ૧૦૫ પદ્ય.

(સાગર ભં. પાટણ.)

આદિ—

સ્વસ્તિ શ્રી પુઃકલવતીજી, વિજયઈં વિજય જયવંત,
પ્રગટપુરી પુંડરિગિણીજી, જિહાં વિચરઈં ભગવંત. ૧
સોભાગી જિન સાંભલયો સંદેશ,
હું તઉ લેખ લિખું લવલેશ.
મુઝ તુઝ આધાર જિનેશ, સાહિબજી સુણજ્યો તુઝ સંદેશ. સો. ૧

* * * *

અંતે— ઢાલ

સંવત **સોલઇ બ્યાસીઈરે**, સુર ગુરૂવાર પ્રસંગિ,
દીવાલી દિવસઈં લિખ્યોરે, કાગલ, કાગલ મનનઇં રંગિ. ૮

કલશ.

સિરિ તવ ગણુ ગયણુંગણુ દિણુયર સિરિ વિજયસેણુ સૂરીણું,
સીસેણું સંથુણિઉં, સહ રિસ કવિ કમલવિજએણું. ૧
ચઉતીસાઇ સયતિહી, અઠ મહા પાડિહેર પડિયુણો,
સુરરઇઅ સમવસરણો, તિહુઅણુ જલલોઅણાણંદો. ૨
પુખલવઇંઘિ વિજએ, સામી પુંડરિગિણીઇ નયરીએ,
સીમંધર જિણચંદો, વિહરંતો દેઉ મે ભદ્દમ. ૩

—ઇતિ શ્રી સીમંધર સ્વામી લેખરૂપં સ્તવન. લિ. માંડવદુર્ગે.
૫—૧૩ આ. ક.; ૩—૧૬ ચા૦

બીજી પ્રતમાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

અંતે—

સંવત **સોલ બ્યાસીઈ** ૧૬૮૨ શ્રી **જાલોર** મઝારિ
ચૈત્ર ધવલ પંચમી દિનઈ બલવત્તર બુધવાર. ૧૦૦
મણ મક્કડ જંતણુ કરણુ રિઉબલ ભંજણુ કજ્જિ
વિજયસેન ગુરૂ પટ્ટધર **વિજયદેવ** ગુરૂ રજ્જિ. ૨
વિવિહ પરિ મિં વીનવ્યો સીમંધર સવિલાસ,
કમલવિજય કવિ ઇમિ કહિ પૂરૂ પૂરણુ આસ. ૩

—સંવત ૧૬૯૪ વર્ષે માહ સુદિ ૧૨ બુધે વાલ્હો ગ્રામ મધ્યે મુ૦ કેસવ લિષતં. ગણિ શ્રી દેવવિજયજી તત્ શિષ્ય ગણિ દીપવિજય વાચનાર્થં (યતિ ગુલાબવિજય ભં. ઉદયપુર)

---

૨૪૬ રાયચંદ પહેલા–(પદ્મસાગર–ગુણસાગર શિ૦)

(૪૭૭) વિજયશેઠ વિજયાસતી રાસ. સં. ૧૬૮૨ કા, શુ, ૫. ગુરૂ સોપરગઢમાં,

અંતે—

સંવત **સોલ બયાસીયઇ** કાતી સુદિ પંચમિ ગુરૂવાર તઓ,
શ્રી **સોપરગઢ** મઇ ભલઉ રાસ રચ્યો મન હર્ષ અપાર તઉ. ધ૦ ૮૮

(કલસ)

મન હર્ષ આંણી સરસ બાણી સીલ એમ વષાણીયો,
બહુ પાપ શઠા ગયા નાઠા પુન્ય પોતઇ આણીયો
શ્રી **પદ્મસાગર** પાટિ પ્રતપઇ શ્રી **ગુણસાગર** પ્રભુ સદા
રાયચંદ મુનિ તસુ પાય પ્રણમી રચ્યો પકૃત ધરિ મુદા.

—વિજયધર્મ ભં.

---

૨૪૭ નારાયણ—(સમરચંદ શિ૦) રત્નસિંહ સૂરિનાવારામાં.

(૪૭૮) અયમુત્તા કુમારરાસ. ૧૬૮૩ પોષ વદિ શુધ. કલ્પવલ્લીમાં.

આદિ— રાગ અસાઉરી.

વીર જિણુંદ નમૂં સદા સુખ સંપત્તિકારી
શ્રી જિનવાણી શારદા નિજ મનિ સંભારી. ૧
ગચ્છનાયક ગણી રત્નસીંહ તસ ગુણુ બલિહારી,
નેમ રાજિમતીનામા લઈ સોહે બંભચારી. ૨
લઘુ-વય સંયમ આદરી, જેણે કીર્ત્તિ વિસ્તારી
પ્રાતુ સમય નિત વંદીએ શુભ ગુણુ ભંડારી. ૩
અમરચંદ મુનીશ્વર, ગુરૂ પર ઉપગારી
ચરિત્ર રચૂં હું તેહનું ચરણે ચિત્ત ધારી. ૪
અઠમે અંગે કેવલી ભાષે સુવિચારી
કુમરે અઇમત્તુ ગાયસુ સુણજ્યો નરનારી. ૫

× × × ×

અંતે— ૨૧ ઢાલ છે—નાની નાની.

કલશ.

અરિહંતવાણી હૃદય આણી પૂરી ઇતિ નિજ આસ એ
શ્રી રત્નસીંહ ગણિ ગચ્છનાયક પાય પ્રણમી તાસ એ. ૧૩૩
સંવત **સોલ ત્રિહાસીઆ** વર્ષે શુધિ વદિ પોસ માસ એ
કલ્પવલ્લીમાંહિ રંગે રચ્યો સુંદર રાસ એ. ૧૩૪
ચાવા ઋષિ શિષ્ય **સમરચંદ** મુનિ વિમલ ગુણુ આવાસ એ
તસ શિષ્ય મુનિ **નારાયણુ** જંપે ધરી મનિ ઉલ્હાસ એ. ૧૩૫

—૮—૧૧ લીં.; માણેક૦

(૪૭૯) અંતરંગ રાસ સં. ૧૬૮૩—લીં.

(૪૮૦) કુંડરિક પુંડરિક રાસ સં. ૧૬૮૩—અમ૦

(૪૮૧) શ્રેણિક રાસ.

આદિ—

પરમ પુરૂષ પ્રણમું સદા, શ્રી મહાવીર જિણુંદ,
ત્રિશલાનંદન જગગુરૂ સીદ્ધારથ કુલિ ચંદ. ૧
ષટ કલ્યાણિક જેહનાં સુણતાં પાતિક જાય,
વર્ણવતાં ધી વિસ્તરઈ મનવંછિત સુખ થાય. ૨
આષાઢી શુદિ છઠિ દિને હસ્તોતરા નક્ષત્ર,
પુંડરીક વિમાનથી સુરવર પુજ્ય પવિત્ર. ૩
દેવાનંદ માહણી તરત ઉયરઈ અવતાર,
લીધું ચમર જિનેશરઇં સુપન લહ્યાં દસ ચ્યાર. ૪
ઇંદ્રાદેસઇં દેવતા હરણેગમેસી નામિ,
આસોવદિ તેરસિ દિને કરસંપુટ ગ્રહી સ્વામિ. ૫
ત્રિસલા કુખઈ જિન ઠવ્યા પુહુતી સયલ જગીસ,
ચૈત્ર શુદિ તેરશિ દિને જનમ્યા શ્રી જગદીસ. ૬
માગશિર વદિ દસમી તણઇ, દિવસિઇં શ્રી મહાવીર;
એકાકી સંયમ લીઉ મેરૂતણી પરિ ધીર. ૭
વૈશાકી શુદિ દસમી દિનિ પામ્યા કેવલજ્ઞાન,
સમવસરણ સુરવર રચ્યઉં બઇઠા શ્રીવર્દ્ધમાન. ૮
કાત્તિ વદિ પક્ષિ જાંણીઇ અમાવાશા અભિરામ,
સ્વાતિ તણિઇ યોગઈ પ્રભુ પામ્યા અવિચલ ઠાંમ. ૯
સો પરમેશ્વરનું સદા પ્રાતુ સમય અભિધાન,
જપતાં પાતિક પરજલિ, વાધઇ મહિમાવાંન. ૧૦
તારણનૌકા ભવદધિ ભવિક પ્રતિઈ ભગવંતિ,
ક્ષાયક સમકિત આપીઉ, જે દિઈ સુખ અનંત. ૧૧
અનંતાનુબંધી કહ્યા ચ્યારઇ જેહ કષાય,
મૂળથકી એ ટાલવા ઇમ ભાખિ જિનરાય. ૧૨

સમકિત મિશ્રજ મોહની મિથ્યા મોહની જેહ,
સાત ક્ષાયકી જે કરઇ, ક્ષાયક સમકિત તેહ. ૧૩
એ ક્ષાયક સમકીતથી શ્રી શ્રેણિક ભૂપાલ,
તીર્થંકર પદ પાંમસઈ, લહિસિ સુખ વિશાળ. ૧૪
પદ્મનાભ ઇતિ જેહનું હોસિઈ નામ ઉદાર.
અનાગત ચુવીસીઇ પ્રથમ જિણેસર સાર. ૧૫

ચુપઇ રાગ ગુડી.

પ્રથમ જિણેસર શ્રેણિક સાર, હોસઇ ભરતક્ષેત્ર મઝારિ
તેહતણું છઇ ચરિત્ર રસાલ ભણતાં સુણતાં મંગલમાલ. ૧૬
કહિસિ કવિતા ગ્રંથાધારિ, કિંચિત નિજમતિથી વિસ્તારિ,
તે અધિકાર અછઇ જૂજૂઆ, આગઇ કવિજન મોટા હુઆ. ૧૭
તેણે રચ્યા છઇ ભલા પ્રબંધ, શ્રેણિક રાયતણા સમંધ,
તુહિ મુઝ મતિ હુઉ કોડ, શ્રોતા કોઇ મ દેયો ખોડિ. ૧૮
ચુહુટઇ વેચાઇ સુખડી, જે લિઇ તસ ભાજઇ ભૂખડી,
તિમ જેણઈ શ્રેણિકનૃપ તણાં, રચ્યાં ચરિત્ર અતિ સોહામણાં. ૧૯
તેણે પુન્ય ભર્યાં ભંડાર, મુઝનઇ પણ છઈ મોદ અપાર,
કોઇક શ્રોતા કહિસિઇ અશું, એહ કથાનું કારિજ કશું. ૨૦
પણિ તે જોયો હૃદય વિચારિ, ષટ દર્શનનાં શાસ્ત્ર ઉદાર,
સઘલિ નિજ મતિનઇ અનુસારિ, કથા કેલવી કહિવિ સારી. ૨૧
ધર્મકથા સુણતાં સુખ હોય, મનસુદ્ધિઇ કવિ ભાખે સોય,
આદિઅંત સુણસઇ જે એહ, ભાવ ભેદ સર્વ લહિસિ તેહ. ૨૨

* * * *

રાગ ધન્યાસી–વિરાગી ધનિધનિ રતનમુણિંદ એ ઢાલ.

શુભમતી સંજતી રત્નસીંહ ગચ્છપતિ રતિપતિ વશિ કીયો હેવ,
ભવિક જણ રંજણ દુર્મતિગંજણ વંદણ યોગ્ય નરદેવ વિ૦ ૬૨

તાસપદ દ્યહ સમુહગુણ નિર્મલા વંદતાં પાતિક જાય,
ગ્રહગણ નક્ષત્ર પરિવારિ જિમ ઉડુપતિ સોહએ તિમ ગણિરાય.
વિ. ૮૬૩

સાસન સોહકર સમરચંદ મુનિવરા ધર્મધોરંધરા ધીર,
અતિહિ ઉદાર સહિકાર ગુણ તેહને નિતિ રમઈ કવિ મનકીર વિ. ૮૬૪
તાસ શિષ્ય ઋષિ નારાયણ હરખે ઇમ ભણઈ વચન રસાલ,
જેહ ભાવિઈ ભણઈ મોદ આણી સુણઈ, તેહનઈ મંગલમાલ વિ. ૮૬૫
ખંડ પહિલા તણી રંગ આણી ભણી, ઉગણચ્યાલીસમી ઢાલ,
દ્વિતીય ખંડઈ ચેલ્લણા તણી ભાખશું સરસ કથા સુવિશાલ. વિ. ૮૬૬

ચુપઈ.

શ્રેણિક અભયકુમાર ચરિત્ર, ભણતાં સુણતાં અતિહિ પવિત્ર,
મુનિ નારાયણ કહિ શુભવાણિ, પ્રથમ સંપૂર્ણ જાણિ. ૮૬૭
—ઇતિ શ્રી શ્રેણિકકુમાર ચરિત્રે પ્રથમ ખંડ સનાપ્ત.

દૂહા.

શ્રી જિનનાયક ભાવશું વંદુ હું જગદાધાર,
વર્દ્ધમાન સ્વામી જયુ સેવક જનહિતકાર. ૧
ગછનાયક ગુણ આગલા રતનાગર ગણિરાજ,
ચમલકમલ પદ તેહના પ્રણમું પ્રેમઈ આજ. ૨
શ્રી શ્રેણિક મહિપતિની કથાનઇ વિષઇ સાર,
દ્વિતીયખંડ રચુ હવઈ સદ્ગુરૂનઇ આધારિ. ૩
સમરચંદ ઋષિ નિતિ નમું સંયમ સુખદાતાર,
તાસ પ્રસાદઈ વર્ણવું સરસ કથા સુવિચાર. ૪

* * * *

અંતે— . ૫૮ મી ઢાલ.

અઠાવનમી ઢાલ સુંદર, રાગ ધન્યાસી સાર,
ભણુ ગુણ સહૂ સાંભલુ, તિમ પુગઈ રે ભલુ ધર્મયકારકિ ધન્ય. ૩૭

રત્નાગર ઋષિરાય સુંદર ભુવનભુષણુ સ્વામિ,
યુગપ્રધાન જગિ દીપતા, સુષ લહીઈરે સહિ ગુરજનિ નામઈ. ૩૮
નેમ યદુપતિ જામલિ દુષ્કર મહાવ્રત ઘાટ,
શ્રી સદ્‌ગુરૂ સુપસાઉલિઈ, મિ રચીઉ રે ખંડ બીજુ સારરિ. ૩૯
સાસન સોહકર સમરચંદ મુનીવરા, ધર્મધોરંધર ધીર,
અતિ ઉદાર સહિક ગુણુ તેહને નિતિ નિતિ મર કવી મનકીર. ૪૦
તસ શિષ્ય ઋષિ નારાયણુ હરષસુ, ઇમ ભણિ વચન રસાલ,
જેહ ભાવિ ભણુઈ મોદ આણી, તેહનઇ મંગલમાલ. ૪૧

—ઇતિ શ્રેણિક ખંડ બીજઉ સં. પઠનાર્થં શ્રીમાલી જ્ઞાતી સાહા શ્રી ૫ નાવા ઘરે ભાર્યાબાઈ પૂજાનો બેટઉ શ્રી શ્રી ૫ આણુંદજીની બહિન આર્યા શ્રી ૫ સોભાં લિખતં. ધોલકઇ વાસ્તવ્ય પોરવાડ જ્ઞાતી વડી શાષાયા પા. ઋક્ષિ શ્રી ૫ દેવરાજ સુત વિમલદાસ સંવત્ ૧૭૦૯ વર્ષે ફાગુણ વદિ ૧૧ સોમે પૂરૂં કીધૂ છઇ. ૩૪—૧૭ આ. ક.

---

૨૪૮ ગુણુવિજય પહેલા (ત. વિજયસેનસૂરિ-કનકવિજયશિ.

(૪૮૨) પ્રિયંકરનૃપ ચોપઈ—સં. ૧૬૭૮ પાનાં ૧૫ અમ.

(૪૮૩) જયચંદ્ર (જયતચંદ્ર) રાસ. સં. ૧૬૮૩ (૭) આસો શુ. ૯ ડીસામાં.

આદિ— દૂહા.

બ્રહ્મસુતા ભલ ભગવતી, બ્રહ્માણી વિખ્યાત,
કવિજનની જનની નમઉં, નિર્મલ જસ અવદાત. ૧
ઉતપતિ નૈષધકાવ્યની, વિગતિં સયલ કહેસિ,
નૃપ જયંતચંદ્રહ તણુઉ, સરસ પ્રબંધ રચેસિ. ૨

અંતે—

શ્રી તપગચ્છનો રાજીઓ, વિજયસેન સૂરિંદ,
વિજયદેવ સૂરીસરૂ, વિજયસિંહ મુનિચંદ. ૨૭૨

કોવિદ કનકવિજયતણાં, પ્રણમી પદ અરવિંદ,
ગણિ ગુણવિજય ભણિ મુદા, પામીયે પરમાનંદ. ૨૭૩
ગિરૂઆ ગ્રંથ નિહાળતાં, દીઠો જિમ સંબંધ,
રાસ રચ્યઉ એ રંગભરિ, બંધુ રચઉ બંધ. ૨૭૪
સંવત સોલસિત્યાસીઈ, આસો મહીનઈ એહ,
નવ દિવસે રચના કરી, ડીસઇ આંણીનેહ. ૨૭૫
નર હુંસી હરના ધણી, સબલ દિવનો દીજેહ,
ભણો ગણો સહુ સાંભલો, તોષ ધરીનઈ તેહ. ૨૭૬

—ઇતિ શ્રી કાશી દેશાધીશ શ્રી જયચંદ્ર રાસ.

(પ્ર. કા.)

(૪૮૪) +કોચર વ્યવહારી રાસ સં. ૧૬૮૩ (૭) આસો વ. ૯ ડીસામાં.

આદિ—

પંડિત કનકવિજય તણા, પ્રેમિં પ્રણમી પાય,
કવિ ગુણવિજય કહઈ મુદા, સુઝનિ હરષ ન માય. ૧

ઊલટ અતિઘણો ઉપનઉ, સુણયો સહુ નરનારિ,
રાસ રચઉં કોચરતણુઉ, કરૂણાનઈ અધિકારી. ૨

વિશ્વાનંદી બ્રહ્મધૂ, કવિજન કેરી માય,
બ્રહ્માણી વાગીસરી, નવરંગી નિરમાય. ૩

ચંદકિરણ પરિંચાહીઈ, અદભુત ઉજ્જલ અંગ,
જાયઉ જેહનઈ હંસ ભલ, બ્રાહન વિમલવિહંગ. ૪

તે સરસતિ સમરી કરી, સદગુરૂનઇ આધારિ,
ગુણ ગાઉં કોચર તણા, કીધી જેણુ અમારિ. ૫

તપગચ્છપતિ ગૌતમ અવતાર, સુમતિસાધુ શુભમતિદાતાર,
વાસન ગુણમણિ કેરઉં હાટ, નૃપતિ નમઈ ચઉપનમઇ પાટિ. ૬

* * * *

અંતે— ધન્યાશી.

શ્રી તપગછનાયક ગુરૂગિરૂઆ, વિજયસેન ગણધારરે,
સા હુકમાનંદન મનમોહન, મુનિજનનો આધારરે. ૧૧૮
તાસ વિનેય વિબુધકુલમંડન, કનકવિજય કવિરાયરે,
જસ અભિધાનિ જાગઈ શુભમતિ, દુર્મતિ કુરિત પલાઇરે. ૧૧૯
તસ પદ પંકજ મધુકર સરિખો, લહી સરસતિ સુપસાયરે,
ઇમ ગુણવિજય સુકવિ મનહરષિં, કોચરના ગુણ ગાયરે, ૧૨૦
સંવત **સોલસિત્યાસી** વરષે, ડીસાનયર મઝારિરે,
આસો વદિ નુંમિએ નિરૂપમ, કીધઉ રાસ ઉદારરે. ૧૨૧
ભણિઈ ગણિઈ ભાવ ધરીનઇ, અતિ રૂડો એ રાસરે,
પાતકવૃંદ પુરાતન વિઘટઇ, પુણ્ય પ્રકાસરે. ૧૨૨
ઉત્તમ ગુણ ગાતાં રંગિ, રસના પાવન થાયરે,
શુભ ભાવન આવઈ મનમાંહિં, વિઘન વિલય સવિ જાઇરે. ૧૨૩
મંગલમાલા લચ્છિ વિસાલા, લહીઈ લીલા ભોગરે,
ઇષ્ટ મિલઈ વલી ફલઇ મનોરથ, સિદ્ધિ સકલ સંયોગરે. ૧૨૪

—પ્ર. કા; પ્રસિદ્ધ ઐ. રા. સં. ભાગ ૧.

(૪૮૫) +વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય. મેડતામાં

આદિ—

સરસતિ ભગવતિ ભારતીજી, ભગતિ ધરી મનિ માય,
પાય નમી નિજગુરૂ તણાજી, થુણસ્યું તપગચ્છરાય;
જયંકર જેસંગજી ગુરૂરાય, નામિ નવનિધિ પામિઇજી,
દર્શનિ દારિદ્ર જાય, જયંકર જેસંગજી ગુરૂરાય.

* * * *

અંતે—

સઘલા પંડિત માંહિ વડો, શ્રી કમલવિજય ગુરૂસીંહ,
તાસ સીસ વિદ્યાવિજય, સુવિહિત પંડિત લીહોરે. ગુરૂ૦ ૫૧
વીર હીર દુઇ દીપતા, મેડતા નગર મઝાર,
તસ પસાય પામી કરી, ગાયો એ ગણધારોરે. ગુરૂ૦ ૫૨

કલશ.

ઇમ થુણ્યો ગણધર સાધુસિંધુર, ભૂવનબંધુર ગુણધરો
શ્રી વિજયસેન સૂરિંદ સુંદર, સકલ સંઘ સુહંકરો.
તસ પટ્ટ ભૂષણ દલિત દૂષણ, વિજયદેવ દિવામણી,
ગુણવિજય પંડિત ઇમ પયંપઇ, ચિરતપો તપગચ્છધણી. ૫૩

—૫૩ ટૂંક છે. પ્ર. જૈ. ઐ. ગૂર્જરકાવ્ય સંચય, તથા ઐ૦ સઝાયમાલા ભાગ ૧.

---

૨૪૯ કેશરાજ (વિજયગચ્છ—વિજયઋષિ—ધર્મદાસ—ક્ષમાસાગર—પદ્મસાગર—ગુણસાગર શિ૦)

(૪૮૬) +રામયશોરસાયન રાસ સં. ૧૬૮૩ આસો શુ. ૧૩ અંતરપુરમાં.

આદિ—

વેલાવલ રાગ—દૂહા.

શ્રી મુનિસુવ્રત સ્વામીજી, ત્રિભુવનતારણ દેવ,
તીર્થંકર પ્રભુ વીશમા, સુરનર સારે સેવ. ૧
પુત્ર સુમિત્ર નરિંદનો, પદ્માદેવી તસ માય,
જનમભોમિ જિનવરતણી, રાજગૃહી કહિવાય. ૨
અવતરિયા હરિવંશમેં, હરિ સાચવિયા સાર,
કલ્યાણક પાંચે ભલાં, નામ સદા જયકાર. ૩
ચરણકમળ તેહના નમી, રામ સુલક્ષમણરાય,
સીતા ને રાવણતણો, ચરિત્ર રચું સુખદાય. ૪
સુખદાઇ સહુ લોકને, 'રામકથા અભિરામ,
શ્રવણ સુણંત સરે સહી, મનના વંછિત કામ. ૫
'રા' ઉચ્ચરતાં મુખથકી, પાપ પુલાઇ જાય,
મતિ ફિરી આવે તેહથી, 'મ' મો કમાડી થાય. ૬
પાવનમેં પાવન મહા, કલિમલહરણ અપાર,

મોક્ષ પંથનો સાંભલો, સજ્જન જીવનો સાર. ૭
વીસમા થાનક ભલો, એમ કુશલકો ઠામ,
બીજ ધર્મતરૂવર તણો, શ્રી રામચંદ્રનું નામ. ૮
લક્ષ્મણ રાવણ રાજીયા, તીર્થંકર પદ પાય
મુગતિપુરી જઇ થાયસ્યૈ, સકલ જગતકા રાય. ૯
સત્યવતી સાચી સતી, શીલતણી અવદાત,
સ્વર્ગે પોહુંતી બારમેં, વસુધામેં વિખ્યાત. ૧૦

* * * *

અંતે— ઢાલ ૬૨

સંવત સોલે ત્રાસીયેંરે, આછો આસૂ માસ,
તિથિ તેરસી અંતરપુરમાંહિ, આણી અતિહિ ઉલ્હાસ. ૪૯
વિજયગચ્છ ગચ્છનાયક ગિરિવો, ગોયમનો અવતાર,
વિજયવંત વિજય ઋષિરાજા, કીવો ધર્મ ઉદ્ધાર, ૫૦
ધર્મમુનિ ધર્મજનો ધોરી, ધર્મતણો ભંડાર,
ખિમા દયાગુણ કેરા નાયક, સાગરએમ ઉદાર. ૫૧
શ્રીગુરૂ પદ્મ મુનીશ્વર મોટો, મોટો જેહનો વંશ,
ચઉરાસી ગચ્છમાંહિ જાણીતો, પ્રગટપણેં પરશંસ. ૫૨
તસ પાટોધર ગુણ કરી ગાજે, ગુણસાગર ગુણવંત,
કડસુતન કલપતરૂ કલિમેં, સૂરિ શિરોમણિ સંત. ૫૩
એ ગુરૂદેવ તણે સુપસાયેં, કીધી રચના જાણ,
ગ્રંથગુણે ગિરિમેરૂ સરીખો નવરસમાંહિ વખાણ. ૫૪
એવં બાસઠિ ઢાલ સુધારી, વચન રચન સુવિશાલ,
રામ યશોરે રસાયણ નામા, ગ્રંથ રચિઓ સુરસાલ. ૫૫
કવિજનતો કરજોડિને, પંડિતસું અરદાસ,
પાંચો આગે વાચેવોજ્યો, હૂવે રાગ અભ્યાસ. ૫૬
અક્ષર ભાંગે ઢાલજ ભાગેં, રાગજ ભાંગે સોઇ,
વાંચતાંરે વચનને ભાંગેં, રસ નહીં ઉપજે કોઇ. ૫૭

અક્ષર જાણી ઢાલજ જાણી, રાગજ જાણી એક,
પાચાં આગે વાંચતાં રે, ઉપજિસિ અતિનેહ. ૫૮
જબલગિ સાયરનો જલ ગાજે, જબ લગિ સૂરજચંદ,
કેશરાજ કહે તબ લગએ, ગ્રંથ કરો આનંદ. ૫૯

કલશ.

ઇમ રામ લક્ષ્મણ અંતે રાવણ, સતી સીતાની ચિરી,
કહી ભાખી ચરિત સાખી વચન રચના કરી ખરી,
સંઘ રંગ વિનોદ વક્તા અને શ્રોતા સુખ ભણી,
કેશરાજ મુનીંદ જંપે સદા હરખ વધામણી. ૧

—લ. સં. ૧૯૪૨ વૈશાખ શુ. ૯ વઢવાણ ઉપાધ્યાય નારણજી જેષ્ટારામ લખાવીતં મુનિ માણકચંદજી આત્મ પઠનાર્થે આમાં ઉપરની પ્રશસ્તિની કડી ૫૦ થી ૫૩ મી નથી. પત્ર–૫૬–૨૧ ઘો. સ. ભં. બીજી ત્યાંની પત્ર ૧૧૬ પં. ૧૪ આમાં પણ તેમજ છે. લ. સં. ૧૯૫૫ જેઠ શુ. ૬ બુધ લ. ભાવસાર પીતાંબર હરી રહેવાસી ગોંડલના.

(પ્રસિદ્ધ થયું છે—આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૨ જાું).

[આ કવિના ગુરૂ ગુણસાગરે શાંતિજિન વિનતિરૂપ છંદ ૨૧ કડીનો રચ્યો છે કે જેની આદિ

શારદામાય નમું શિરનામિ, હું ગાઉં ત્રિભુવનકો સ્વામી, છે અને અંતે એમ છેકે.

પદ્મસાગર ગુરૂરાજ પસાયા, શ્રી ગુણસાગર કે મન ભાયા.
નરનારી જે ચિત્તેં ગાવે, તે મનોવાંછિત નિશ્ચે પાવે. ૨૧

આ સ્તવન જૈનપ્રબોધમાં તથા અન્યત્ર પ્રસિદ્ધ થયું છે.

—ગૌતમ પૃચ્છા બાલાવબોધના અંતે જણાવેલ છેકે સંવત્ ૧૭૬૩ વર્ષે શ્રી વિજૈગચ્છે શ્રી ભટ્ટારિક શ્રી પુજ્ય શ્રી સુમતિસાગરસૂરિજી તત્ શિષ્ય ઋષિશ્રી વીરચંદજી, ઋષિશ્રી ભવાનીદાસજી ઋષિશ્રી બાલચંદજી તત્ શિષ્ય ઋષિશ્રી ચતુરાજી તત્ શિષ્ય ઋષિશ્રી મયાચંદજી. આસોજ

માસે કૃષ્ણપક્ષે દ્વાદશી તિથૈ રવિવાસરે મીમ્રનગરે લિપીકૃતં પીતાંબર શ્રી મહારાજધિરાજ રાંણા શ્રી અમરસીંઘરાજ્યેઃ—ઉદયપુર ભં.

૨૫૦ સહજકીર્ત્તિ (ખ૦ ક્ષેમશાખા જિનસાગર-રત્નસાર-રત્નહર્ષ-હેમનંદન શિ૦)

(૪૮૭) શત્રુંજય માહાત્મ્ય રાસ. સં. ૧૬૮૪ આસણિકોટમાં

અંતે—

શ્રી ખરતરગચ્છસૂરિ જિણેસર, વીરપાટ દીપાવઈ,
ખરતર બિરદ લહિઉ ગુણસાયઇ, જસકપૂર મહકાવઇરે. ૬૯
અનુક્રમિ તસુ પાટઈ જસ ખાટયઉ, જુગપ્રધાન ગુણચાવઇ,
શ્રી જિનચંદ્ર સૂરીસર સદગુરૂ, નામ મંત્ર જસુ ધ્યાવઇરે. ૭૦
શ્રી જિનસિંહ સિંહ જિમ દિપ્યઉ, તસુ પાટઈ ચિત લાવઈ,
અકબરસાહિ સભામન રંજી, જલનિધિ મીન છુડાવઇરે. ૭૧
વિજયમાન ગુણ જાણ ભટારક શ્રી જિનરાજ સુહાવઈ,
વિદ્યાબલ અતિસય બલ સબલઉ, સહુનઈ આણ મનાવઇરે. ૭૨
આચારિજપદ ધાર અમૃતરસ, મીઠાં વચન સુણાવઇ,
શ્રી જિનસાગર સાગર જિમ નિજ, ગુણ ગંભીર ગવાવઇરે. ૭૩
ષેમ સાખ દિનદિન ઉદયવંતા, મહિમા અધિક વધાવઈ,
રતનસાર વાચક ગુણનિધિ ગુરૂ, અતિસય અધિક જણાવઇરે. ૭૪
રતનહરષવાચક હેમનંદન, સીસ ભગતિ ચિત ઠાવઈ,
સહજકીરતિવાચક વિમલાચલ, ગિરિવર એમ મલ્હાવઇરે. ૭૫
સંવત સોલ ચઉરાસી વરસઈ, શ્રી **નમિનાથ** પ્રભાવઈ,
આસણિકોટ શ્રાવક બહુ સુખીયા, ધરમઈ ચિત્ત લગાવઇરે. ૭૬
વાચાસૂર અધિક ગુણવંતા, ધરમપક્ષ સમઝાવઈ,
અધિક આનંદ અધિક રંગરતીયાં, શ્રી જિન ધરમ વધાવઇરે. ૭૭
છઠેઇ ખંડઈ ઢાલ એ દશમી, પુણ્ય રૂંખહો પાવઇ,
સહજકીરતિ પુંડરીક મધુરસ, ગુણજલધર વરસાવઇરે. વિ૦ ૭૮

—ઇતિ શ્રી શિત્રુંજય માહાત્મ્યે શ્રી પાર્શ્વનાથપંચકલ્યાણિક વર્ણન શ્રી ભાવશ્રેષ્ઠિત જાવડા સંબંધ તત્કૃતોદ્ધાર વર્ણન કલ્કી સંબંધ તત્ સુતદત્તોદ્ધાર વર્ણન. પંચમારકાંત્ય સ્થિતિ વર્ણન. દુપ્રસહ નામાંત્ય યુગપ્રધાન વર્ણન. તત્ શ્રાવક વિમલવાહનવિહિતોદ્ધાર વર્ણનાધિકારો નામ ષષ્ઠઃ ખંડ સમાપ્ત. સં. ૧૮૪૫ ફા. શુ. ૫ દિને ચીરાલા મધ્યે.
(પૃ. ૧૨૮ પં.—૧૪ ગુ. વિ.)

પ્રીતિ છત્રીશી સં. ૧૬૮૮ વિજયદશમી સાંગાનેરમાં.
આદિ—

ઉપશમતરૂ છાયા રસ લીજઇ–એહની ઢાલ.
પ્રીતિ ન કિણિહી જીતી જાયઈ, ઇકઇવિણુ અરિહંતજી,
ભાવઈ કોડિ ઉપાય કરઉ કોઇ, લાગઈ મંત ન તંતજી. પ્રી. ૧

* * * *

અંતે

સંવત **સોલવરસ અઠયાસી,** જિહાં હુઉ સબલ સુકાલજી,
વિજયદસમિ **સાંગારે** (ને) ર પુરવરિ, એહ વિચાર રસાલજી. પ્રી ૩૫
પ્રીતિ છત્રીસી એ વયરાગિ, ભવિક ભણિ હિતકારજી,
વાચક **સહજકીરતિ** કહઇ ભાવઇ, શ્રી સંઘ જય જયકારજી. ૩૬

—ઇતિ શ્રી પ્રીતિ ષટ્ત્રિંશિકા–પં. રાજકીર્ત્તિ ગણિ–તત્ શિષ્ય પં. તિલકવિજય–તત્ શિષ્ય ગોદા લિખિતં. શ્રાવિકા સભલદે પઠનાર્થં.
૨—૧૫ પ્ર. કા. નં. ૮૦

---

૨૫૧ કલ્યાણ બીજા.

(૪૮૮) ધન્યવિલાસ રાસ. સં. ૧૬૮૫ જેઠ સુદ ૫
આદિ—

પ્રથમ જિણેસર પ્રણમીઈ, પ્રથમ કરી જિણે આદિ
પ્રથમ ધર્મ્મ પ્રકાસીઉ, તે પ્રથમ નમું યુગાદિ. ૧

શાંતિ જિનેસર સોલમઈ, ગરભ થિકી કરી શાંતિ
મારી નિવારી દેસથી, પસરી ઘરિ ઘરિ શાંતિ. ૨
યદુનંદન જગમાં જયો, બ્રહ્મચારિ શણગાર,
નામિ નવનિધિ સંપજઇ, ધન ધન નેમિકુમાર. ૩

× × × ×

અંતે—

ઢાલ ૪૩ રાગ ધન્યાસી. સકલ મંગલતણી એ દેશી.

દાન કલ્પતરૂ દાનમણી સુંદર, દાનથી વંછિત ઋદ્ધિ વૃદ્ધિ,
દાનથી નરસુખ દાનથી સુરસુખ, દાનથી અનુક્રમે હોઇ સિદ્ધિ. ૧
દાનથી નરભવે દેવ ભોગીપણું, ભૂપ ક્રિયાણું જેણુ કીધું,
રાજછત્રંગણી નારિ ક્રમિ પરહરી, ભગનીપતિ વચનથી વ્રત લીધું. ૨
દાનથી ઋષભદેવો ત્રિભોવનધણી, સાધુનિ પ્રાગ ભવિ હવિષદાનું,
બાકલડા બદલિજુઓ દાનથી, ચંદનાઇં પણિ કેવલ લીનું. ૩
દાનથી ધન્યનિ ઋદ્ધિ બહુલી હવી, દાન દીઉ ભવી ભાવ આણી,
ધન્યવિલાસનો તુર્ય પ્રસ્તાવ એ, ભણુત ગુણુત લહિ સુખ પ્રાણી. ૪
ધન્યવિલાસ કીઓ ચરીત્રાપરિ, અલ્પબુદ્ધિથિ હું પ્રેમ આણી,
ન્યૂનતા અધિકતા જે હુઇ એહમાંહિ, સોધયો પંડિતો પ્રીત આણી. ૫
ધન્યવિલાસના ચ્યાર પ્રસ્તાવ છે, ઢાલ ત્રહતાલીસ તસ પ્રમાણું,
શત એકાદશ ગ્રંથનો માઝનો, જિનપ્રસાદે સેવક કલ્યાણું. ૬
સંવત **સોલપંચ્યાસી** ૧૬૮૫ સંવત્સરિ જ્યેષ્ટ શુદિ પંચમી પુણ્યમાણું,
ધન્યવિલાસ થયો સંપૂર્ણ દિન દિન સંઘનિ મંગલમાલં.

—ઢાલ ૪૩ પ્રમાણું લિ૦ ગણિ લાલવિજયેન પં. શ્રી હર્ષવિજય-ગણિ શિષ્યેણુ–વાવિનગરે ૨૨–૧૭ ગ્રંથ ૧૧૦૦ નં. ૩૩ દા. ૨૫ લીં; ડે૦

(આ કદાચ ૨૪૩ ક નં. નાં કલ્યાણમુનિ હોય. જુઓ પૃ. ૫૧૧)

૨૫૨ સ્થાનસાગર (આ. પુણ્યચંદ્ર-કનકચંદ્ર-વીરચંદ્ર શિ.)

(૪૮૯) અગડદત્ત રાસ સં. ૧૬૮૫ ઓશો વદ ૫ (ખંભાત)ત્રંબાવતીમાં.

આદિ—

શ્રી ગુડી પાર્શ્વનાથ નમઃ ઐં શ્રી ભગવત્યૈ નમઃ

શ્રી જિનપદપંકજ નમી, સમરી સરસતિ માય,
વીણાપુસ્તકધારિણી, પ્રણમઈ સુરનર પાય. ૧
હંસગામિનિ હંસવાહિની, આપો બુદ્ધિ વિલાસ,
જે નર સરસતિ પરિહર્યા, તે નર કહીઇ બાલ. ૨
સેવકનઇ સુપ્રસન્ન થઇ, આપો અવિરસ વાણિ,
કાલિદાસ કવિતા હુઈ, તે તુઝ શક્તિ પ્રમાણિ. ૩
ત્રિહું ભુવનિ જસ તાહરો, ગાવઈ સુરનર કોડિ,
અકલ અતુલ બલ તું સદા, નાવઇ કો તુઝ હોડિ. ૪
શ્રી ભારતી ચરણઇ નમી, લહી નિજ સુગુરૂ પસાય,
જ્ઞાનદૃષ્ટિ આપઈ સદા, પ્રણમઈ સવ સુખ થાઈ. ૫
મૂલ ગ્રંથમાંહિ કરિઉ, અધ્યયન ચઉથઈ જેહ,
અગડદત્ત નૃપ કેરડો, ચરિત સુણુ ધરી નેહ. ૬
કુણ તે અગડદત્ત નૃપ, કિમ લીધુ ચારિત્ર,
તસ સંબંધ વખાણસિઉં, જિમ હોઇ જન્મપવિત્ર. ૭

* * * *

અંતે— ઢાલ ૩૯ રાગ ધન્યાસી દેશી ધમાલિની.

નયરી ત્રંબાવતી જાણીઇ, અલકાપુરીય સમાન,
દેવભુવન સોભઇ ભલાં, જાણુ હો ઇંદ્ર વિમાન. ૭૫૫
મન રંગઈ ભવિયણ સાંભલો હો, એહ સંબંધ રસાલ,—મન.
ધવલિત ધવલગૃહ ભલાં, સોભિત માલિ અટાલિ,
કામિની જનમન મોહતી, સોહતિ ગજગતિ ચાલિ. મ૦ ૭૫૬
પુન્યવંત નર તિહાં વસઈ, પાલઇ નિજ આચાર,
જિન મંદિર નિત રૂયડાં, પૂજા રચઇ નરનારિ. મ૦ ૭૫૭

વડ વ્યવહારી જાણીઇ, ભૂપ દીઇ જસ માંન,
સાવત્થા સુત નાગજી, ઉત્તમ પુરૂષ પ્રધાન. મ૦ ૫૮
દૃઢ સમકિત નિત ચિત્ત ધરઈ, સારઇ જિણવર સેવ,
ભક્તિ કરઇ સાહમી તણી, કુમતિ તણી નહીં ટેવ. મ૦ ૫૯
રૂપવંત સોહઇ સદા, સુંદર સુત અભિરાંમ,
સકલ કલા ગુણ આગરૂ, સોહઈ જિસ્યો કાંમ. મ૦ ૬૦
મુનિસુવ્રત પસાઉલે, દિન અધિકુ નૂર,
વિધપક્ષ ગછિ સોહાવીઉ, પુન્યતણું કરિ પૂર. મ૦ ૬૧
તસ આગ્રહ જાણી ઘણો, ચરિત રચિઉ મનોહાર,
અગડદત્ત ઋષિરાયનો, એહ સંબંધ ઉદાર. મ૦ ૬૨
શ્રી ગોડીપાસ પસાઉલઇ, સીધાં વંછિત કાંમ,
રાસ રચિઉ મહારિષિ તણો, સમવસરણ સુભ ઠાંમ. મ૦ ૬૩
વિહરમાન ગણધર ભલા. શ્રી કલ્યાણસાગર સૂરીરાય,
અંચલ ગછપતિ જાગિ જયો, દેષનિ પાતિગ જાય. મ૦ ૬૪
વિમલવંશ વાચકતણો, કીરતિ જસ સુપ્રકાસ,
પુન્યચંદ્ર વાચક વરૂ, ધર્મ તણો મનિ વાસ. મ૦ ૬૫
તાસ સીસ સુંદર સોભાગી, પાલઈ સાધનો પંથ,
કનકચંદ્ર વાચક ગુણિ ભરીયા, મહામુનિ એહ નિગ્રંથ. મ૦ ૬૬
તાસ સીસ વિદ્યાના આગર, વાચક શ્રી વીરચંદ,
તપ જપ સંજિમ કિરિયા પાલઇ, સુંદર એહ મુણિંદ. મ૦ ૬૭
તસ પદપંકજ મધુકરની પરિ, રહઈ સદા એક ચિત્તિ,
વિનયવંત નઈ વિમલ મનઈ નિત, રંગી કરઇ ગુરૂ ભત્તિ. મ૦ ૬૮
તાસ તણુ સુપસાય લહીનઈ, ચરિત રચિઉ મન ભાય,
થાંનસાગર મુનિવર ઇમિ જંપઇ, ભવિજન સુણઉ ચિત્ત લાય. મ૦ ૬૯
સંવત શશિરસ જાણીઇ, સિદ્ધિ તણી વલી સંખ,
મહાવ્રત પદ આગલિ ધરઉ, સમકરી ગુણો સવિ અંક. મ૦ ૭૦

અશ્વનિમાસિ મનોહર, પૂર્ણા તિથિ વલી જાણિ,
અસિત પંચમી એ સહી, ભૂસુત વાર વષાણિ. મ૦ ૭૧
એહ ચરિત જે સાંભલઈ, તેહ ધરિ લીલવિલાસ,
સાધુ તણા ગુણ ગાઇતાં, પૂરઇ હો મનતણી આસ. મ૦ ૭૨

—સંવત્ ૧૬૮૫ વર્ષે જ્યેષ્ટમાસે સિતપક્ષે ત્રયોદશ્યાં રવિવાસરે લિખિતં રાયધનપુરે મુનિ સ્થાનસાગરેણ પ્રવાચનાય ૨૪-૧૫ સં. લા. વડોદરા નં. ૫૩૨૫; કવિની હસ્તલિખિત પ્રત છે.

૨૫૩ પુણ્યસાગર (પીંપલગચ્છ લક્ષ્મીસાગરસૂરિ-વિનયરાજ ને કર્મસાગર શિ.)

(૪૯૦) નયપ્રકાશ રાસ. સં. ૧૬૭૭

(૪૯૧) અંજનાસુંદરી રાસ. સં. ૧૬૮૯ શ્રાવણ શુ. ૫.

આદિ—

શ્રી ગૌતમ ગણધર પ્રમુખ, એકાદશ અભિરામ,
મનવાંછિત સુખ સંપજઈ, નિત સમરતાં નામ. ૧
પ્રથમ ઉદયમઈં મંડીઉ, મતિ દીસઈ ડિતિમંદુ,
તિણ કારણિ પહિલા નમું, શ્રી ગણધર સુખકંદ. ૨
સરસતિ પદપંકજ સદા, પૂજું બે કરજોડિ,
કહણ કથા ઉદ્યમ ઘણો, માત ! મ આણો ખોડિ. ૩
સેવકનિ સાનિધ કરી, દેયો અવિરલ વાણિ,
જિમ વેગો સિદ્ધિ સદ્ઇ, કાઇ મા રાખિસ કાણિ. ૪
વલિ પ્રણમું સદગુરૂ વડા, જેણથી થઉ સનાથ,
પાપ પડલ પાંછાં કર્યાં, સૂત્ર શાસ્ત્ર દે હાથ. ૫
જગમાંહિ મોટાડછઇ, સહગુરૂનો ઉપગાર,
જાણિનઈ માનિ નહી, સાચા તેહ ગમાર. ૬
મનસુધિ સહુ પણમી કરી, કરસુ સતી વખાણ,
સુણજ્યો એકમના થઈ, જિમ હોઇ જન્મ પ્રમાણ. ૭

પવનંજય રાજા તણી, અંજનાસુંદરી નારિ,
તાસુ કથા સુણતાં થકા, હોસ્યઇ અલ્પ સંસાર. ૮

સતિ શિરોમણિ અંજના, શીલવિભૂષણ દેહ,
નામ જપંતાં પ્રહ સમઈ, આપે રિદ્ધિ ઽ છેહ. ૯

તિણરો સખર સંબંધ છઇ, મીઠા સાકર દ્રાષ,
રસ લેજ્યો ભવીયણ તુમ્હે, ભાખે કવીઅણ ભાષ. ૧૦

કિમ તિણ સુધો મન કરી, કીધો સીલયતન,
સવે રસ લેજ્યો ભવિયણ તુમ્હે, સાંભલવા સુવચન. ૧૧

અંતે— ૮ મી ઢાલ ફાગની.

(આહે) અંજના કેરીય ચુપઇ, પુરણ કીધી એહ,
જે નર ભણસીઇ ભાવસિઉ, મંગલ લહઇસ્યિ તેહ.
(આહે) સતીયાનિ સિરિ અંજના, વખાણિયે કવિરાય,
સાંભલતાં મન ઉલસઈ, હીયડઇ હર્ષ ન માય. ૧

ષટ દરશનના ગ્રંથમિંઈ, અંજના કેરી વાત,
પવનસુત હનુમંતરાય, પ્રકટ ઘણા અવદાત.
(આહે) ગુણયશતા સુવખાણિયઈ, જાસુ વદઈ સંસાર,
આપરો નામ સોઇજ લહઈ, જે હોઇ મૂઢ ગમાર. ૨

(આહા) જનમાંહિ ઠામિ ઠામિ, દીસઇ એ અધિકાર,
•પણિ પરમારથ જુજીઆ, નામ તણા નિરધાર,
(આહે) શીલતરંગીણી ગ્રંથથી, એ રચીઉ સંકેત,
કાઇક કવીમતી કેલવી, તિનકા યુછઈ હેત. ૩
(આહે) તે દુષણ મત કાઢજ્યો, ગ્રહજ્યો કવિ ગુણરંગ,
સો ભિઇં તો મઈ આણીઉ, લાગઇ સરસ સુચંગ.
શ્રી મુનિસુવ્રત સામિરઈ, વારઈ હુઈવાત,
ચ્યાર વહિ જિણ વરચીઆ, કુણ જાણઇ અવદાત. ૪
(વાંચે જગબહુ વહી ગયા—પાઠાંતર).

શ્રી વડગચ્છ ગુરૂ ગાઇઇ, **શાંતિ** સૂરિ ગણધાર,
ચક્રેસરી પદ્માવતી, ભગતિ કરઇ વારવાર.
ભંગક છેવટ્ટણુ (ભગવઅટણુ) ભાષીયુ, ધૂલીકોટ સંકેત,
કુટુંબ **શ્રી**માલી સાતસઈ, ઊગાર્યો ગુણ હેત. ૬
ભોજ ચુરાસી રાજમઈ, જીત્યા વાદ વિશાલ,
શાસન જિન સોભાવીઉ, વાદી **બિરૂદ વૈતાલ**.
તિણ ગચ્છ **પીંપલ** થાપીઉ, આઠ શાષા વિસ્તાર,
સંવત રૂદ્ર બાવીસઈ સમઈ હુઇ સુખકાર. ૭
તે ગચ્છ દીસઇ-દીપતુ, નયર **સાચોર** મઝારી,
વીર જિણેસરનુ તિહાં, તીરથ પ્રગટ ઉદાર.
તાસુ પાટી અનુક્રમઈ હુયા, શ્રી **લક્ષ્મીસાગરસૂરી**,
વિનયરાજ કરમસાગર, વાચક દોઇ સનુરા. ૮
તાસુ સીસ **પુણ્યસાગર**, વાચક પભણઇ એમ,
અંજનાસુંદરી ચુપઇ, પૂરણ વધતઇ પ્રેમ.
સંવત **સોલ નેવ્યાસીઈ**, શ્રાવણ માસ રસાલ,
સુદી તીથિ પંચમી નીરમલા, ઋદ્ધિવૃદ્ધિ મંગલ માલ. ૯

—ઇતિશ્રી અંજના સુંદરીની ચુપઇ સંપૂર્ણ

(અશુદ્ધ) ૩૮—૧૧ આ. ક., ઉદયપુર ભં—માણેક.

—ઇતિશ્રી અંજનાસુંદરી પવનંજય કુમાર સંબંધે પૂર્વ ભવ વર્ણન માતુલપુરે સમગમન પવનંજયગૃહાગમન અંજનાસુંદરીદર્શનાય વિલાપકરણાય ઋષભદત્તશુદ્ધિકરણાય ઋષભમાતુલપુરે સમાગમન અંજના-મિલન પુનઃ પવનંજય અંજનામિલન પુનઃ સાધુસમીપ દીક્ષા ગ્રહણાય સુરલોકગમનાધિકારવર્ણનો નામ તૃતીયખંડ સંપૂર્ણ. પંડિત શ્રી ૫ શ્રી અમૃતવિજયગણિ શિષ્ય મુનિ દેવવિજય પઠનાર્થં. ૧૨—૧૪ લીં૦

—પ્રથમ ખંડે ઢાલ ૪ ગાથા ૧૮૨ દ્વિતીય ખંડે ઢાલે ૭ ગાથા ૨૦૭ તૃતીયખંડે ગાથા ૨૪૩ ઢાલ ૮ સર્વ ઢાલ ૨૨ ગાથા સર્વ ૬૩૨

ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૯૦૫ સં. ૧૭૫૩ વર્ષે મા સુદિ ૮ દિને સંપૂર્ણ કીધો. શ્રી સોહીગ્રામ મધ્યે દેરધાં.લિ૦ ગણિ કેસરવિજયેન. ૧૭—૧૮ લીં.-ગ્રંથાગ્ર ૯૩૯ રાજસુંદર લખીકૃતા (૧૭૦૦ ની આસપાસ. મ. બ)

બીજી પ્રતમાં પ્રશસ્તિ કંઇ જૂદી આપી છે તે નીચે પ્રમાણે છેઃ-

શ્રી જિનરાજસૂરિ પાટિ દિનકરા, આગમ અર્થ નિધાન,
શ્રી જિનરંગ સૂરીસરૂ સત્યવર જાણે, સર્વ નિધાન.

તાસુ આદેશ સંવત **સોલ ચોરાસીઈ,** ઉદેપુરિ સોમાસિ,
જગતસંઘ રાણો ગાજે તિહાંકણિ, હાદુ ઉપતાં જસવાસ.

સંઘ કથન ધરી માઘ સુદિ તૃતીયા દિને શુભયોગે ગુરૂવાર
અવિછિન રસ ઇણિમે લેજયો જોઇને અધિકારે અધિકાર.

પુણ્યભુવન કહે ભાવ ધરી ઘણો, ગિરૂયાનો જસવાસ,
અધિક ઓછો ઇહાંકણિ જે કર્યો, હુવે મિછામિ દુક્કડ તાસ.

શીલ સમકિત ગુણ દેહ પ્રતિધારને દિન પ્રતિ કોડિ કલ્યાણ,
તિણિએ ભણે ગુણે સુણે ભાવસું, જીવિત જનમ પ્રમાણ.

—લિ. ૧૭૪૫ આસો વ૦ ૧૩ ગુરૂ કલ્યાણપુરમાં.
રાજકોટ પૂજ્યના અપાસરાનો ભંડાર.

આમાં કર્ત્તાનું નામ પુણ્યભુવન (ખ૦) આપેલ છે ને રચ્યા સાલ સં. ૧૬૮૪ માહ શુ. ૩ ગુરૂ, ઉદયપુરમાં જગતસિંહ રાજ્ય કરતા હતા ત્યારે, એમ જણાવ્યું છે. મને તો પુણ્યસાગર (પી. ગચ્છીય)ની પહેલી પ્રશસ્તિ વિશ્વસનીય ભાસે છે.

—મારી પાસે મોટા અને સારા અક્ષરવાળી ૨૭ પાનાની પ્રત છે, પણ તેમાંથી કર્ત્તાનું નામ ઉડાડી દીધું છે. ૨૭—૧૨.

—પત્ર ૨૨ ગ્રંથમાન ૬૦૦ નં. ૩૧ દા. ૨૫ લી. કે જેમાં કર્ત્તાનું નામ પુણ્યસાગર સ્પષ્ટ છે.

૨૫૩ ક લાભોદય

નેમિરાજિમતિ બારમાસ. ૧૫ કડી સં. ૧૬૮૯ આસો શુ. ૧૫

આદિ—

સખીરી સાંભલિ હે તૂં વાણી, ઈમ બોલે રાજુલ રાણી,
નેમજી મુઝ જીવન પ્રાંણી, તિણ તોડી પ્રીતિ પુરાણી હોલાલ
નેમજી નેમજી કરતી, નેમજી નિજ ધ્યાન ધરતી હો લાલ. ૧

* * * *

અંતે—

સખીરી **સંવત સોલસૈ નિવ્યાસી**, આસૂ પૂનિમ ઉજાસી,
ભણતાં ગુણતાં સુખ ખાસી, **લાભોદય** લીલ વિલાસી હો લાલ. ૧
નેમજી નેમજી કરતી.
—(મારી પાસે પ્રત છે.)

---

૨૫૪ શ્રીસાર (ખ૦ ખેમશાખા રત્નહર્ષ વાચક શિષ્ય)

(૪૯૨) આનંદ શ્રાવકસંધિ. સં. ૧૬૮૪ પુષ્કરણી નગરીમાં.

આદિ—

વર્દ્ધમાન જિનવર ચરણ, નમતાં નવ નિધિ હોઇ,
સંધિ કરૂં આણંદની, સાંભલિજ્યો સહુ કોઈ. ૧

* * * *

અંતે—

ઢાલ ૧૫ આશ્રવ કારણ એ જગિ જાણીયઈ—એહની.
ધન ધન સૂધી શ્રાવક એહવા, નામૈ નવ નિધિ થાઇ,
સૈ મુખિ વીર વખાણ્યઉ જેહને, પ્રણમૈ સુરનર પાય. ૨૪૧ ધ.
નિરતા બારહ વ્રત પરિપાલીયા, ન લગાયા અતિચાર,
ભલીપરૈ વિધિસું શ્રાવકતણી, પ્રતિમા વહી ઇગ્યાર. ૨૪૨ ધ.
દાનસીલ તપ જપ નૈ ભાવના, કીધા ધરમ અનેક,
ઇણિપરિ માનવ ભવ સફલો કિયૌ, અહનિસિ ચિત્ત વિવેક. ૨૪૩ ધ.

માસ તણી કીધી સંલેષણા, સમરૈ જિનવર નામ.
સાઠ ભગતઇ છેદ્યા અણુસણૈ, સૂધૈ મન પરિણામ. ૨૪૪ ધ.
પાપ ઠાંમ આલોઇ પડિક્રમી, કાલ માસ કરિકાલ,
સૌધરમૈ દેવલોકઇ સાસતો, સુર અપચ્છર સુવિશાલ. ૨૪૫ ધ.
ઈંદ્રિ વિમાનથકી અતિ દીપતઉ, કૂણ અછૈ ઇસાણ,
આણંદ ગાથાપતિ હિવ ઊપનઉ, તિણ અરૂણાભવિમાન. ૨૪૬ ધ.
પલ્યોપમ ચિહુનૈં આઉષૌ, સુષ ભોગવૈ અપાર,
મહાવિદેહ તિહાંથી સીઝિસ્યૈ, કરિસ્યૈ એક અવતાર. ૨૪૭ ધ.
સાંભલિ જંબૂ સોહમ ઇમ કહૈ, સાતમ અંગ મઝાર,
પ્રથમ અધ્યયનૈ ભાષ્યા એહવા, વીરજિણંદ વિચાર. ૨૪૮ ધ.
જિમ જિમ ચરિત સુણીજૈ એહવા, તિમ તિમ મન થિર થાય,
થિર મન રાખ્યાં લાભ હુવૈ ઘણો, પાતક દૂરિ પલાય. ૨૪૯ ધ.
પુહકરણી નયરી અતિ દીપતી, શ્રાવક ચતુરસુજાણ,
આદીસર જિનવર સુપસાઉલે, રાજપ્રજા કલ્યાણ. ૨૫૦ ધ.
સંવત્ દિશીં સિદ્ધિ રસ સસિ ૧૬૮૪ તિણપુરીમઈ કીધી ચઉમાસિ,
એ સંબંધ કીયૌ રલિયામણઉ સુણતાં થાઇ ઉલ્લાસ. ૨૫૧ ધ.
રત્નહરષવાચક ગુરૂ માહરઉ, હેમનંદન સુખકાર,
હેમકીરતિ ગુરૂ બંધવનૈ કહૈ, પભણૈ મુનિ શ્રીસારિ. ૨૫૨ ધ.

ઇતિ શ્રી આણંદસંધિ સમાપ્ત.

(ભાવ૦ શુદ્ધ અક્ષરની પ્રત પા. ૭ પં-૧૮ અને બીજી પ્રત પા. ૧૮ પં-૯) ૧૫-૧૧. આ. ક. ૧૨-૧૩ આ. ક.

—સં. ૧૮૫૨ જેષ્ટવદિ ૧૧ દિને લિ૦ પં. અભૈચંદ ૧૦-૧૫ ઘો.

—સં. ૧૯૨૨ લિ. પં ગુણસોમ વાલોચર મધ્યે ૧૯-૧૧ ઘો.

—(વિ. ધ. ભંડાર)-સં. ૧૮૦૩ માગશર વદ ૧૧ પ્રે. ૨.

—લિ૦ શ્રી ૧૦૮ શ્રી પુજે મલુકચંદજી, તત્ સીષ પુજ્યે શ્રી મ્હાસીંઘજી, તત્ સીષ લિષતં અમોલકચંદ કાત્યાસની મદ્ધિ સહેર મેડતા સૌહી કોસ દોય, સંવત ૧૮૪૩ માસ અસૂદ વદી ૬ વાર બુધવારિ કિસ્નપક્ષે

લિષતં કોઠારી કુસાલેચંદજી નાન્હો રાસદિ. અશુદ્ધ પ્રત. ૧૮-૧૧ અનંત.

(૪૯૩) મોતી કપાસીયા સંબંધ સંવાદ. સં. ૧૬૮૯ ફલોધીમાં

આદિ— દૂહા.

સુંદર રૂપ સોહામણો, આદિસર અરિહંત,
પરતા પૂરણ પ્રણમીયૈ, ભયભંજણ ભગવંત. ૧

જિણવર ચોવીસે નમી, સમરૂં સરસતિ માય,
એહ પ્રબંધ માંડયો સરસ, શ્રી સહગુરૂ સુપસાય. ૨

આદિનાથ આણંદસું, હથિણાઉર મઝારિ
વિચરઈ જિનવર ગોચરી, ન લહૈ સુદ્ધ આહાર. ૩

પાએ લાગી પદમણી, મોતીયડૈ ભરિ થાલ
મોતીસું કરે નિમંછણા, લોક સહુ સુવિસાલ. ૪

મોતી ગરવ્યઉ મહીયલઈ, હું મોટો સંસાર
મો સમવડિ કોઈ નહી, હું સગલઇ સિરદાર. ૫

* * * * *

અંતે—

ઢાલ ૮ રાગ ધન્યાશ્રી. ધન્ય ધન્ય આઈ કુમર વર સેજની. દેશી.

સંપ હુઓ મોતી કપાસીયેં, મિલીયા માહોમાહિં
વાદ એ ભગવંતે ભાજીઓ, ચતુર નરા ચિત્ત ચાહિ. સંપ. ૧૦૧

કપાસીયાને મોતી મળપતો, પાઈ લાગો આય
તું ગિરુઓ ભાઇ ભારીખમો, ખમજે મુજ અન્યાય. સંપ. ૧૦૨

તુમ કરીનિં સોભા છે માહરી, મુજ કરી તાહરી સોભ
બાંધી મૂઠી લાખ સવા લહે, ધર્મતણો છે લોભ, સંપ. ૧૦૩

ધર્મભાઈ હિવેં તૂં છે માહરો, આપો અવિહડ પ્રીતિ,
ઇણિ ભવિતો સ્યૂં હું વિસ્વીસ નહીં, માને મુજ પરતીત. સંપ. ૧૦૪

કપાસીઓ મોતી ઇણિ પરિ મલ્યા સયણ તણે સબંધ.
સંવત સોલનવ્યાસીઇં, કીધો એહ પ્રબંધ. સંપ. ૧૦૫

શ્રીફૂલવર્ધીપુર નગર સોહામણો, જિહાં શ્રાવક સુવિસાલ,
ન્યાયવંત ચિહું અખિ નિરમલાં, જીવદયા પ્રતિપાલ. સંપ. ૧૦૬
શ્રી ખેમસાખા વાચક દીપતા, રતનહરખ મુનિરાય,
નામ લીયાં સુખ સંપજે, તિણિ સહગુરૂ સુપસાય, સંપ. ૧૦૭
એ સંબંધ સરસ સોહામણો, કીધૂં મુનિ **શ્રીસાર,**
સુણતાં ખ્યાલ સને ઉપજે, ચતુર નરાં ચમત્કાર. સંપ. ૧૦૮

૬-૧૩ ક. મુ. (પા. ૪. પ્રે. ૨.-વિધા.)-૬.

—સં. ૧૭૩૩ પોસ વદિ ૧૩ દિને શ્રી સિણધરી ગ્રામે પં. શ્રી ઉદયહર્ષ ગણિવરાણાં શિ૦ મતિવિમલેન લિ. ૩-૧૫.

(૪૯૪) સારબાવની સં. ૧૬૮૯ આસો શુદિ ૧૦ પાલીમાં.

(પ્રાસ્તાવિક કવિતોનું આ કાવ્ય મારવાડી ગૂજરાતી (પ્રાચીન ગૂજરાતીનું એક રૂપ) ભાષામાં છે. કાવ્યમાં દરેક ટુંકમાં અધાક્ષર કક્કાને અનુક્રમે લઇને એક એક કવિત રચ્યું છે. કવિનું અંતિમ લક્ષ્યબિંદુ 'ભક્તિ' અને 'ભગવંત' છે. મ૦ અ૦)

આદિ—

ૐ ૐકાર અપાર પાર તસુ કોઇ ન લબ્ભાય,
સવ્વક્ખર સિરતાજ મંત્ર ધુરિ કવિયણ ગબ્ભય,
અર્ધચંદ આકારિ ઉવરિ મીડઉ જસુ સોહઈ,
જે સેવઈ ચિત લાઇ તિકે તિહુઅણ મન મોહઈ,
સાધિક સિદ્ધ જોગી જતી, જાસુ ધ્યાન અહનિસિ કરઇ,
કવિ **સાર** કહઈ ૐકાર જપિ, કાંઇ સયણ ભુલ્લો ફિરઇ. ૧

× × × ×

મહીયલિ ઉ નર અચલ, જિકો પર *તાત ન જાણઇ,
મહીયલિ ઉ નર અચલ જિકો આપો ન વિખાંણઈ,
મહીયલિ ઉ નર અચલ દીયઈ ધર દેખે પગલા,
મહીયલિ ઉ નર અચલ જિકો ×સાંસહૈ સગલા,

* તંત-નિંદા. × આશ્વાસન આપે.

એહવઉ પુરૂષ અવિચલ જિકો, આપદ સંપદ એક બલ,
કવિ સાર કહે જારે અજર, મહિ મંડલ સો નરઅચલ, ૪

* * * *

ઓ ઓછઉ આદમી, જિકો ઉપગાર ન જાંણઈ,
ઓ ઓછઉ આદમી, જિકો ત્રૂટી દિસિ તાંણઈ,
ઓ ઓછઉ આદમી, જિકો ગુણ પોતઇ ગાવઈ,
ઓ ઓછઉ આદમી, જિકો કહિનઈં નટિ જાવઇ,
ઓછો સુ પુઠિ કચપચ કરૈ, મુંહ મિલિયાં મુસકઇ નહી,
કવિ સાર કહઇ ઓછઉ તિકો, જિકો વાદ મંડઇ બહી. ૧૯

* * * *

અંતે—

ક્ષિતિમંડન ક્ષિતિતિલક, સહર પાલીપુર સોહઈ,
ગઢમઢ મંદિર પઉલ, બાગ વાડી મન મોહઇ,
રાજ કરૈ જગનાથ સૂર સામંત સવાયો,
સોનિગિરઈ સુસમથ, સુજસ વસુધા વર્ત્તાયો,
સંવત સોલ નિવ્યાસીયઈ, આસૂ સુદિ દસમી દિનઈ,
શ્રીસાર કવિત બાવન કહ્યા, સાંભલિજયો સાચઇ મનઈં. ૫૫

ભલે ૐ નમઃ સિદ્ધં, અ આ ઇ ઈ ભણિઉ ઊ,
ઋ ૠ ऌ ॡ વર્ણું, વલે એ ઐ નઈ ઓ ઔ,
ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ તથ દ ધ ન પ ફ બ ભ,
મ ય ર લ વ શ સ હ લ્લ ક્ષ તેમ અક્ષર સપ્રભઃ
બાવન એહ અક્ખર અકલ કિયા કવિત ધુરિ સંકલી,
સુવિચાર સાર ઈમિ ઉચ્ચરઇ, સાંભલતાં પૂગૈ રલી. ૫૬

—સં. ૧૭૩૦ વર્ષે આસોજ સુદિ ૫ તિથૌ શ્રી બૃહત શ્રી ખરતર ગચ્છે યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ વિજયરાજ્યે મહોપાધ્યાય શ્રી શિવનિધાન ગણિવરાણાં તત્શિષ્ય વા૦ મતિસિંહગણિ તત્શિષ્ય વા૦ શ્રી

રત્નજય ગણિભિ તશિષ્ય પ. રત્નવર્દ્ધનજી પં. દયાતિલકેન લેખિ. શ્રી સુસૂગ્રામે કોઠારી રાયપાલજી તત્પુત્ર વરદ્ધમાન કોઠારી પઠનાર્થમ.

(મ. બ. ની નોંધ.)

૧ ઉપદેશ સત્તરી=જીવઉત્પત્તિની સઝાય=તંદુલવેયાલી સૂત્ર સ૦

આદિ—

ઉત્પત્તિ જો જો આપણી મનમાંહિ વિમાસ
ગર્ભાવસિં જીવડો વસિયો નવ માસ. ૧ ઉત્પત્તિ.

* * * * *

અંતે— કલશ.

એહ જૈન ધર્મ વિચાર સાંભલી લીગે સંયમ ભાર એ
વલિ સીહની પરે સદા પાલઇં નિયમ નિરતિચાર એ
સંસારના સુખ સકલ ભોગવિ તે લહઇ ભવ પાર એ
શ્રી રત્નહર્ષ સુસીસ રંગે ઇમિ **કહે શ્રીસાર** એ. ૭૧

—લિ. ૧૮૨૧ માગ૦ વ. ૧૧ સોમ. ઋ. થિરપાલા. આર્યા માહુ વાચનાર્થં નાગોરી લુંકે ગચ્છે અકબરાબાદ મધ્યે. ૩–૧૪ (ચા.) ×–૫–૧૨ માં; ૩–૧૬ (મારી પાસે છે.) પ્ર, જૈ. પ્ર. ૩૯૩–૩૯૯.

૨ દશ શ્રાવક ગીત—કડી ૧૪ (આદિ–પહિ પઠી પ્રણમું દશે શ્રાવક જેમ પાતક જાઇરે......અંતે–સાતમઇ અંગઈ ઉપદિસ્યઉ એ, કહઈ મુનિ શ્રીસાર રે.)

—આની એક એક પાના વાળી બે પ્રત મારી પાસે છે.

૩ ફલોધીપાર્શ્વનાથ સ્ત.

આદિ—

પરતાપ પૂરણ પ્રણમીયઇ, અરિગંજણ અરિહંત,
સાચઉ સાહિબ તું સહી, ભયભંજણ ભગવંત. ૧
વામાનંદન વંદીયઇ, દઉલતિનઉ દાતાર,
કીડીથી કુંજર કરઈ, સેવક નઈ સાધાર. ૨

* * * * *

અંતે— કલસ.

ઇચ્છા પૂરો આજ, સુપરિ સેવક સાધારઉ,
જિણવાર પાસ જિણંદ, સદા હું સેવક થારઉ,
કલ્પવૃક્ષથી અધિક, કૃપા મો ઉપરિ કીજઇ,
શ્રી અસસેન સુતન્ન, ધણી મુઝ દઉલતિ દીજઈ,
રતનહર્ષ સુપસાઉલઈ, શ્રીસાર એમજ ઉચ્ચરઈ
ફૂલવર્ધો રાય મોટો ધણી, સેવકનઇ સાનિધિ કરઇ. ૨૧

—પં. સિદ્ધિવિલાસગણિ લિખતં. ૧-૧૫ (મારી પાસે છે.)

૪ વાસુપૂજ્ય રોહિણી સ્ત૦ સં. ૧૭૦૨,

આદિ—

સાસણ દેવિ સાંમણિએ, મૂઝ સાનિધ કીજે,
ભૂલો અક્ષર ભાતિ ભણીએ, સમઝાવી દિજે. ૧
મોટો તપ રોહિણિ તણોએ, તેહના ગુંણ ગાઉ,
જિમ સુખ સોહગ સંપદાએ, મનવંછિત પાઉ. ૨

× × × × ×

અંતે— કલસ.

ઇમ ગગન દોય મુનિચંદ્ર વરણી, મહિમા ગુરૂ મૂખ સાંભલી,
વાસુપૂજ્ય અમને થયા સૂપ્રસન, ચિત્તની ચિંતા ટલી,
ઇણ પરિં રોહિણિં તપ આરાધઇ, જે ભવિયણ મનનિ રલી,
શ્રીસાર જિનગુણ ગાવતાં હિવેં સકલ મન આસ્યા ફલી. ૨૭

—લ૦ જંબુસરે પં. દિપવિજયેન. ૨-૧૭.

—સં. ૧૮૪૨ ચૈત્ર સુદિ ૭ બુધે શ્રી સુરતિ બંદિરે લિખિતં પ્રમોદસાગર શ્રાવિકા વજીબાઈ પઠનાર્થ. ૩-૧૩) જૈ. એ.

૫ ગૌતમપૃચ્છાનો સ્ત૦

આદિ— (પ્રભુ પ્રણમુંરે પાસ જિણેસર થંભણો એ દેશી.)

પ્રભુ પ્રણમુરે પરમેસર ત્રિભુવનતિલો,
સુખદાય રે સાસણનાયક ગુણતિલો,

મુખ દીઠેરે મીઠો લાગે તાંહરો,
તિણુ મિલવારે ઉમાહ્યો મન માંહરો. ૧

અં. (કલશ.)

ઇમ **વીર** જિનવર તણે આગે, પ્રથમ ગણધર અટકલી,
ચાલીસ ને વલિ આઠ ઉપર પ્રશ્ન પૂછ્યા મન રલી,
નિધિ ૨ કલા યુગ ચંદ્ર વરસે, આદિજિન પારણુ દિને,
શ્રીસાર પાઠક તેહ વખાણે, સાંભલો સાચે મને. ૩૩

૨ા–૧૫ આ. ક.

૬ જિન પ્રતિમા સ્થાપન સ્ત૦

આદિ—

સમકિત દૃષ્ટિ જિનપ્રતિમા સેવા, ન કરો વાદવિવાદને ભાઈ,
જિનપૂજક પંચમ ગુણ ઠાણે, નવી પૂજે તે મિથ્યાતી રે ભાઇ. સ. ૧

* * * * *

અંતે—

હંસતણી પરે કરો પરિખ્યા, મકરો કૂડા વાદ રે ભાઇ,
કહે **શ્રીસાર** ધરો સમતા રસ, સુગુરૂતણો સુપસાયરે ભાઇ. સ. ૨૭

—લિ. ૧૭૧૨ આસો સુ. ૧૩. ૨ા–૧૧ આ. ક.

---

૨૫૪ ક બાલચંદ (રૂપજી–કુંવર–શ્રીમલ્લ–ગંગદાસ શિ.)

+બાલચંદ બત્રીશી ૧૬૮૫ દીવાલી અમદાવાદ.

આદિ—

સકલ પાતિક હર, વિમલ કેવલધર, જાકો વાસો શિવપુર
તાસુ લય લાઇયે.
નાદબિંદ રૂપરંગ, પાણિપાદ ઉત્તમંગ, આદિ અંત મધ્ય ભંગા
જાકૂં નહિ પાઇયેં,
સંર્વણ સંઠાણ જાણ, નહિ કોઈ અનુમાન, તાહીકો કરત ધ્યાન
શિવપુર જાઇયેં,

ભણે મુનિ બાલચંદ સુનો હો ભવિક વૃંદ, અજર અમરપદ
પરમેસરકો ધ્યાઇયેં. ૧

અંતે—

મહાનંદ સુખકંદ રૂપચંદ જાનિયેં,
શ્રીયરૂપ જીવગણિ કુંઅર શ્રીમલ્લમુનિ, રતન સીસ જસ ધની
ત્રિભુવન માનિયેં,
વિમલશાસન જાસ મુનિ શ્રીય ગંગદાસ હસ્તદીક્ષિત તાસ
બત્રિશી વખાનિયેં,
બાણ વસુ રસચંદ ૧૬૮૫ દીવાલી મંગલ વૃંદ, અહમ્મદાવાદ
ઇંદ્રિ રંગ મન આનિયેં
ભણે મુનિ બાલચંદ સુનોહો ભવિક વૃંદ, મહાનંદ સુખકંદ
રૂપચંદ જાનિયેં. ૩૩

પ્ર. પૃ. ૩૦૩–૩૧૨ જૈ. પ્ર.

---

૨૫૫ વાના શ્રાવક (વિજયાનંદસૂરિનો શ્રાવક શિ૦)

(૪૯૫) +જયાનંદ રાસ સં. ૧૬૮૬ પોષ શુદિ ૧૩ ગુરૂ બારેજામાં
(અમદાવાદ પાસે)

ભટ્ટારક પ્રભુ શ્રીવિજયાનંદસૂરિ ગુરૂભ્યો નમઃ

આદિ— વસ્તુ

શાંતિજિનવર શાંતિ જિનવર નમીય બહુ ભત્તિ,
શ્રી સારદા સમરી સદા કરૂં, ચરિત્ર મનિ રંગ (પા રસ સુરંગ) આણીય,
જયાનંદ ગુણ વર્ણવું શ્રી વિજયાનંદ ગુરૂ લહીય વાણીય,
તાસ તણઈ સુપસાઉલઈ હુઉ મનિ ઉલ્હાસ,
સરસ કથા સુણયો સહુ, જિમ મનિ પુંહચઇ આસ. ૧

દૂહા

બ્રહ્માણી તુજ વીનવું આપે મતિ તું માય,
સુઝ મનિ આણુંદ ઉપનો ગાઉં જયાનંદરાય. ૨

હંસાસનિ સેવું સદા, કવિયણુની આધાર,
સરસ કથા જયાનંદની, આવી કરજો સાર. ૩

કમળ કમંડળ ધારિણી, વીણા પુસ્તક હાથ,
કવિયણને હિતકારિણી, નિશ્ચે આવે સાથ. ૪

તુજ સમવડ જગ કો નહીં, ત્રિહું ભુવને તુજ વાસ,
કવિજન આશા પૂરણી, તું સહી કરજે રાસ. ૫

તું જગદંબ ત્રિપુરા સતી, તું કવિયણની આસ,
સ્વપ્ને જે નરને મિલી, તેહને કિયો પ્રકાસ. ૬

કવણ જયા તે કિહાં હવો, કવણ ગામ કુણ ઠાણ,
શ્રી વિજયાનંદ મુખથકી, લહું તે મધુરી વાણ. ૭

કુણ સંવત્સર કુણ દિને, હુવો કેમ હુલ્લાસ,
સંવત સોળે છયાસિયે, ગુરૂ બારેજે ચોમાસ. ૮

સંઘ સહુ આદર ઘણે, વાવે વિત્ત સુઠાંમ,
દિનદિન ઉત્સવ બહુ થયા, પસર્યા ઠામોઠામ. ૯

શ્રી જયાનંદતણું ચરિત, શ્રી ગુરૂનેં ઉપદેશ,
સરસ કથા કવિયણ કહે, જેહના ગુણહ અશેષ. ૧૦

*   *   *   *

અંતે—

માતા ભારતિ તણઇ પસાય, મઈં સહી કહ્યું જયાનંદરાય,
શ્રી વિજયાણુંદ ગુરૂ ઉપદેશ, કરી ચુપઇ એ લવલેસ. ૫૦
પંચમ ગણહર સોહમ સ્વામિ, જાય પાપ તસ લીધઈં નામિ,
તેહ તણ પટિ સહી દિનકાર, જગચંદ્રસૂરિ થયા ગણધાર. ૫૧
બાર વરસ આંબિલ તપ કરી, પુન્યતણ ભંડારજ ભરી,
ચિહુંહાલીસમઈં પાટઈં જયકાર, તપા બિરૂદ ધરાવિઉ સાર. ૫૨
અનુક્રમિં ગુરૂ ગચ્છપતિ જેહ, શ્રી મુનિસુંદર કહીઈં તેહ,
એકાવનમઈ થાનકિ કહિયા, પિમાદયા વિદ્યાવંત લહિયા. ૫૩

તિણઇ ગુરૂઈં ગ્રંથજ કીધા ઘણા, કહતાં પાર ન આવઇ તેહ તણા,
શ્રી જયાનંદનું ચરિતજ સાર, કીધું શાસનનઇ હિતકાર. ૫૪
આઠ સહસ તે કીધું વલી, તે વાંચઇ સહુઈ મનિ રૂલી,
પટિ એકસઠિમઇ ઉદઉ ભાણ,શ્રી વિજયાણુંદ ગુર ગુણની ષાણિ ૫૫
તસ મુખકમલથી એ લહી વાણિ, મઈં રાસ કર્યો સહિ જાણિ,
બારેજા વરનગર મઝારિ, અલ્પ બુદ્ધિ કર્યો ગુરૂ આધારિ. ૫૫
મુરખ માત્ર હું જાણું નહીં, સહગુરૂ વચને શક્તિજ થઇ,
ભણઇ ગુણઇ તસ નવઈ નિધાન, હર્ષધરી કવિ બોલઈ વાન. ૫૭
જિહાં મહીઅલિ ધરઈ વલી મેર, ધ્રુ મંડલ ચાલઇ નહીં સેર,
જિહાં લગઈ તારા નઈ રવિચંદ્ર, તિહાં લગિ રાસ કરો આણુંદ. ૫૮
વસ્તુ પાંચ ચુપઈ કહું વલી, નવસઇં પંચોતરિ મનની રૂલી,
દૂહા બિસઈં સતાવીસ જોઇ, બારસઈં સાત તે પૂરા હોઈ. ૫૯
એ કીધો મનનઈ કોડિ, સરષા સરષી જોયો જોડિ,
વિબુધ પરો કરેજ્યો સહી, કરજોડીનઈં વાણી કહી. ૬૦
સંવત ૧૬ **સોલ છયાસીઇ** ૮૬ જાણિ, પોસ સુદિ તેરસિ ચઢિઉ ઘમાણ,
વાર ગુરૌ સર્વાંકજ સાર, ભણઈ ગુણઈ તસ જય જયકાર, ૬૧

—ઇતિ શ્રી જયાનંદ ચરિત્રે રાસ-પ્રબંધે વાના કવિ વિરચિતે ચક્રાયુધ દીક્ષાગ્રહણ મોક્ષપ્રાપ્તિ, શ્રીજયાનંદ રાજ્યપાલન દીક્ષાગ્રહણ નિર્વાણગમનો પંચમોલ્લાસઃ સમાપ્તઃ—ઉલાસ ૫ પ્ર૦ ૨૪૦ દ્વિ૦ ૨૭૦ ત્રિ૦ ૨૮૪ ચ૦ ૨૪૪ પં૦ ૧૬૧ એવં સર્વાંકે ૧૨૦૭ શુભં ભવતુ લેખકપાઠકયોઃ આ વાના કવિની સ્વહસ્ત લેખિત પ્રતિ લાગે છે. નં. ૩૨/૧૮૭૭-૭૮ ડે૦ કો. પાનાં ૭૧-૧૧.

+પ્ર. આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩જું.

[વિજયાણુંદ સૂરિનો જન્મ સં. ૧૬૪૨ માં મારવાડના રોહ ગામમાં થયો હતો. પિતાનું નામ શ્રીવંત પોરવાડ, માતાનું નામ સિણગારદે અને પોતાનું મૂળ નામ કલો હતાં. સં. ૧૬૫૧ માં હીર-

વિજય સૂરિએ દીક્ષા આપી કમલવિજય નામ રાખ્યું અને સોમવિજય ઉપાધ્યાયના શિષ્ય બનાવ્યા. સં. ૧૬૭૦ માં વિજયસેનસૂરિએ પંડિત પદ આપ્યું ને સં. ૧૬૭૬ ના પૌષ સુદિ ૧૩ દિને વિજયતિલકસૂરિએ શિરોહીમાં આચાર્યપદ આપી વિજયાણુંદ સૂરિ નામ સ્થાપ્યું.

વિજયદેવસૂરિ સાગરના પક્ષમાં ભળી જવાથી સોમવિજય ઉપાધ્યાય વગેરે સમુદાયે મળીને બીજા આચાર્ય નામે વિજયતિલકસૂરિને સ્થાપન કર્યા હતા, તેમની પાટે વિજયાણુંદસૂરિ થયા. તેમને ચાલતા કલેશ તરફ અણગમો હતો તેથી સંપના સર્વ પ્રયત્નો કર્યા હતા અને કહેવા પ્રમાણે અમદાવાદમાં વિજયાણુંદસૂરિએ વિજયદેવસૂરિને વંદના કરી મેળ કર્યો હતો. આ મેળ સં. ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ ને દિને થયો. આ રીતે સંપ કેટલોક વખત ચાલ્યો પણ પાછળથી મમત્વની મારામારીથી બંનેમાં ભેદ પડતાં વિજયાણુંદસૂરિને પણ પોતાની પાટ ઉપર વિજયરાજસૂરિને સ્થાપવાની ફરજ પડી હતી. વિજયાણુંદસૂરિએ તેર માસિક તપ, વીશ સ્થાનકપદની આરાધના, સિદ્ધચક્રની ઓળી અને છુટક છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપસ્યાઓ ઘણી કરી હતી. વળી તેમણે એક વખત ત્રણ માસનો તપ કરી ધ્યાન પણ કર્યું હતું. તેમણે છ આબુની, પાંચ શંખેશ્વરની, બે તારંગાની, બે અંતરીક્ષ પાર્શ્વનાથની બે સિદ્ધાચલની અને એક ગિરનારની એમ યાત્રાઓ કરી હતી. તેમજ તેમણે જિનબિંબોની પ્રતિષ્ટાઓ પણ ઘણી કરી હતી. એકલા કપરવાડામાંજ એક સાથે અઢીસો બિંબોની પ્રતિષ્ઠા કરી હતી. છેવટે સં. ૧૭૧૧ ના આષાઢ વદિ ૧ ને મંગળવારે ખંભાતમાં સ્વર્ગસ્થ થયા હતા. ઋષભદાસ કવિએ પણ આ સૂરિની આજ્ઞા શિરોધાર્ય કરી હતી. આ વાના કવિને બદલે એક ઠેકાણે ભંડારની ટીપમાં ચાન્તક નામઆપ્યું તે બરાબર લાગતું નથી.)

૨૫૬ સુમતિહંસ (ખ૦ જિનચંદ્રસૂરિ–હર્ષકુશલ શિ૦)

(૪૯૬) મેઘકુમાર ચોપઇ સં. ૧૬૮૬ વિજયાદશમી. પીપાડીમાં.

અંત—

સંવત સોલઇસય છયાસીયઇરે, વિજયદશમિ સુપ્રકાસ,
રાજઇ શ્રી જિણચંદ્રસૂરિ રાજવીરે ષરતરગચ્છ સિણગાર,
વાંણી સરસ સુધારસ ઉપદિસઇરે ઇમ ગોયમ અવતાર, ૭ મે.
તાસ સીસ સદા ગુણગણનિધિરે શ્રી હરષ્યકુશલ સુષકાર.
વાદીગજ પંચાનન સારિ સારે રૂપઈ મદનકુમાર ૮ મે.
તાસ સીસ લવલેશ કરી કહઇરે સુમતહંસ મતિસાર,
વામાનંદન પાસ પસાહુ લઇને શ્રી પીપાડિ મઝારિ. ૯ મે.
સદગુરૂ શ્રી જિનકુસલ સુરીસનીરે સાંનિધિ સંઘ મઝાર,
પરમપ્રમોદ ઉદય આણંદસુરે નંદઉ સહિ પરિવાર. ૧૧ મે.

—યતિ ચેતનસાગરજી ભં. ઉદયપુર.

---

૨૫૭ રાજસિંહ (ખ. નયરંગ વાચક–વિમલવિજય શિ.)

(૪૯૭) આરામશોભા ચોપાઈ સં. ૧૬૮૭ જેઠ શુ. ૯ બાહડમેરમાં

આદિ—

સકલ કલા ગુણ આગલા, આદીસર અરિહંત,
નાભિરાય કુલસેહરૂ, પ્રણમૂં શ્રી ભગવંત. ૧
શાંતિનાથ જિન સોળમુ, બાવીસમુ જિણ નેમિ,
પાર્શ્વ વીર જિન વિમલ ગુણ, નમતાં લહીએ પેમ. ૨

× × × ×

અંતે— ઢાલ ૨૭ વંસી વાજઇ વેણુ એહની.

સંવત સોલહ સત્યાસીઈ હો૦ જેઠ માષ સુષ વાસ ધ૦
ધવલી નુંમિ દિનઇ ભલઇ, હાં૦ દિ૦ કવિઉ પૂજાફલ પાસ. ધ૦ ૫

બાહડમેર નિત ગહગહઈ નિ૰ શ્રી સુમતિનાથ જિણરાઇ ધ૰
તસ પ્રસાદિ મઈ રચ્યું હાં એ૰ શ્રી સંઘનઇ સુષદાઇ ધ૰ ૬
શ્રી ષરતરગચ્છ રાજીઉ હાં રા૰ શ્રી જિનરાજ સૂરીંદ
વિજયમાન શ્રી પૂજ્યજી શ્રી૰ એહ રચ્યુ સુષકંદ. ધ૰ ૭
જિનભદ્રસૂરિ સાષા વડી શા૰ વાચક શ્રી નયરંગ. ધ૰
તાસ સીસ વાચકવરૂ, શ્રી વિમલવિનય અતિચંગ. ધ૰ ૮
તાસ સીસ હરષિઈ ભણઈ હાં રાજસંઘ આણંદ ધ.
એહ સંબંધ સોહામણું હાં શુ. વાચ્યમાન ચિરનંદ ધ. ૯
જે ગાવઈ ભાવઇ ભલઈ, ભણિ જે ચિત સુહાઈ ધ.
તિહાં ધરિ સુખસંપતિ ઘણી, સં૰ દિન દિન અધિક દિપાઇ ધ. ૧૦
—ગ્રંથાગ્ર ૫૫૧ વિમલેન લિ૰ ૧૬-૧૬ વી. પા.

(૪૯૮) વિનયરાસ.

---

૨૫૮. લૂણસાગર.

(૪૯૯) અંજનાસુંદરી સંવાદ. સં. ૧૬૮૯.

---

૨૫૯ ચંદ્રકીર્તિ. (ખ૰ કીર્તિરત્નસૂરિ-લાવણ્યસમય -પુણ્યધીર-જ્ઞાનકીર્ત્તિ-ગુણપ્રમોદ-સમયકીર્ત્તિ-વિનયકલ્લોલ-હર્ષકલ્લોલ શિ.) જિનરાજસૂરિ રાજ્યે.

(૫૦૦) શ્રી યામની ભાનુ મૃગાવતી ચોપઇ. સં. ૧૬૮૯ આસુ શુ. ૭ બુધ. બાહડમેર (જેસલમીર)માં.

અંતે—

કથાકોસથી મેં કહ્યઉ એ, મૃગાવતી યામની ભાન,
સંબંધ સોહામણઉએ, સુણતાં સફલ વિહાંણ. ૨૮
અધિકઉ ઓછઉ જે કહ્યઉ, મિચ્છામિ દુક્કડ તેહ,
સંઘ સહૂ સંભલઉએ, કવીયણ કહીયઉ જેહ. ૨૯

ખરતર ગછમાંહિ સોભતાએ, કીર્ત્તિરત્ન સૂરીસ,
પાટ ઉવઝાય થયા એ, લાવણ્યસમય તસુ સીસ. ૩૦
તાસ સીસ વાચક થયાએ, શ્રી પુણ્યધીર પ્રધાન,
શિષ્ય વાચક ભલઉએ, જ્ઞાનકીરતિ... ૩૧
વાચક શિષ્ય વલિ તેહના, ગુણપ્રમોદ રિષરાય,
વાચક શિષ્ય તે ભલઉ, સમયકીરતિ સુપસાય. ૩૨
પંડિત શિષ્ય સદા ભલઉ, વિનયકલ્લોલ નિધાન,
પંડિત વિધમાન છે એ, હરષકલ્લોલ પ્રધાંન. ૩૩
શિષ્ય તેહના માલતાએ, ચંદ્રકીરતિ બોલંતિ,
ઉદયકારક ભલઉઈ, સકમરાજ ગુણવંત. ૩૪
શિષ્ય ભલા છે જોડલાએ, ષેમરાજ સુષકાર,
તાસ આગ્રહ કરીએ, ચઉપઇ જોડી સાર. ૩૫
શ્રી ષરતર ગચ્છ રાજીયૈ એ, શ્રી જિનરાજ સૂરિંદ,
સોલસૈ નવ્યાસીયૈ એ, આસૂ સાતમિચંદ. ૩૬
પ્રથમ પહુર બુદ્ધિવારનઉ એ, પ્રથમ ઘડી સિદ્ધ યોગ,
શ્રાવક સુપીયા વસૈએ, બાહડમેર રસભોગ. ૩૭
વિધિ ચૈત્યાલય પૂજીયૈએ, શ્રી સુમતિનાથ જિણંદ,
થયાહ પૂરઉ થયૌ, ભણતાં સુખ આણંદ. ૩૮
ઢાલ સૌલે ઇણિ ચૌપઇએ, બિસૈ ઇકયાસી એહ,
કહી ચંદકીરતંએ, ભણત સુણત ઉછાહ. ૩૯

—ઇતિ શ્રી યામની ભાનુ મૃગાવતી ચૌપઇ સંપૂર્ણ. વાચનાચાર્ય શ્રી ૧૦૬ શ્રી જિનહંસગણિ શિષ્ય પં. મહિરચંદ લિપિકૃતં સં. ૧૭૮૪ વર્ષે શ્રાવણ શુદિ ૧૪ દિને ભીમરસા મધ્યે.

(૧૨ પં. ૧૪ ગુ. વિ)

૨૬૦ દર્શનવિજય (ત. રાજવિમલ-મુનિવિજય ઉ. શિ.)

(૫૦૧)+ પ્રેમલાલચ્છીરાસ અથવા ચંદચરિત. સં. ૧૬૮૯ કાર્તિક શુ. ૧૦ બર્હાનપુરમાં (પ્રસિદ્ધ—આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૧ લું.)

આદિ—

શ્રી સુખદાયક જિનવર, નામિં પરમાણંદ,
પ્રણમી ગૌતમ ગણધર, શ્રી વસુભૂતિ-નંદ. ૧
સારદ સાર પસાઉલઇ, ચિન્તીત કવિત કરાય,
માતા ! રસ મુજ વાણીઈં, દેજો બહુ સુખ થાય. ૨
શ્રી વિજયાણંદ સૂરીસર, તપગચ્છપતિ સુપ્રસાદિ,
વાચક મુનિવિજય ગુરૂ, ગુણ સમરૂ આલ્હાદિ. ૩
શીલપ્રભાવિં સુખ ઘણું, શીલ સુમતિદાતાર,
શીલિં શોભા અતિ ઘણી, શીલ સદાનંદ નાર. ૪
શીલ અધિકાર કહઈ કવિ, દેવગુરૂ ધર્મ પસાય,
ચંદનરેશર મનિ ધરી, રાસ રચું સુખદાય. ૫
નવ અધિકારઈ વર્ણના, નવ રસમાંહિં પ્રધાન,
ચંદચરિત સુણતાં લહો, કમલા સુખ સંતાન. ૬
સાંભલતાં સુખ ઉપજઈ, વિસ્મય પામઈ મન્ન,
પહેલઈ અધિકારઇ વર્ણવું, ચંદચરિત્ર રતન્ન. ૭

* * * *

અંતે—

ધન્ય ધન્ય ચંદમનિ મહામુનિ...ઢાલ ૫૩. રાગ ધન્યાસી.
જુઓ જુઓ સાચલ મહિમા નહિ મંડલિ, જાગતો આજપણિ એમ દીસઈ,
શ્રી ગુરૂ હીરવિજયસૂરી જયકર, નામ સુણતાં ઘણું હર્ષ હું હીસઈ. ૫૧

જેણઇં યવનપતિ અકબર ભૂપતિ તેહ પ્રતિ બુઝવિ સુયશ લીધો,
પડહ અમારિનો માસ છબરસપ્રતિ, જગ જનનઈ ઉપગારી કીધો. ૫૨
તાસ પાટિં પ્રગટ પુણ્ય પૂરણ પ્રભુ, જેણઇં અકબર સભાઈં પ્રસીધો,
ત્રિણિસઈં ભટ્ટ જીપી જય પામીઓ, શ્રી વિજયસેનસૂરી જગ
પ્રસીધ્ધો. ૫૩

પાટિં તસ શ્રી વિજયતિલકસૂરી શુભ ચરી જેણઈં જણિં કુમત
મત દૂરી ટાલ્યો,

જ્ઞાન વૈરાગ્ય જગિ દીપતો ત્રિકરણ શુદ્ધિ ગુરૂ વયણ પાલ્યો. ૫૪
તાસ પટ્ટોધર ભવિકજન સુખકર દર્શન દુખહર જાસ દીપઈં,
અતુલ સૌભાગ્ય જયઉદય અધિકો પ્રભુ સકલ ભટ્ટારક માન જીપઈં. ૫૫
શ્રી તપાગછપ્રભુ સૂરીમુકુટામણી, શ્રી વિજયાણુંદસૂરી સીહો,
તેહના જેહ સેવા અહનિસિં કરઇ તે ભવિજન તણા સફ્લ દીહો. ૫૬
વિજયજયકારિં તસ રાજિં જગિ જયકરૂ, વાચકાધીશ સિર ઈશ મોટો,
અતિહિં સુપવિત્ર ચારિત્ર જગિ જેહનું ચાલતો હાસ વૈરાગ્ય કોટી. ૫૭
સાર અવતાર ઉપગારમય જેહનો, જેણઇ બઇંશાસ્ત્ર આંપિ ભણાંવી,
મંદમતિ તેહુ પણિ જણઇં કોવિદ કર્યા, બુઝવ્યા ભાવિ બહુનિ જગિ
સુણાવી. ૫૮

શ્રી મુનિવિજય ઉવઝાય સુપસાયથી, સાસનિ દાસ તસ ધ્યાન
ધ્યાતો,

સયલ તસ સીસ સંદેહમાં કણુ સમો, શ્રી ગુરૂ ગુણહિતે અતિહિં
રાતો. ૫૯

સીલ અધિકારઈં એ ચંદમુનિ મહામુનિ સતીય પ્રેમલા પુહુચિં
પ્રસીધી,

સંયમ અણુંસરી સાર કેવલવરી અનુંક્રમિં પામીઆં સયલ
સિદ્ધિ. ૬૦

કવિ દર્શનવિજય વિરતચરિત એમ ભણઈં, આપિં સંસાર
નિસ્તાર કાજિં,

સીલધારી બહુ સુગુણ ગુણ ગાયતાં, શુદ્ધ પરિણામિં સવિ
આરતિ ભાજિં. ૬૧

ચરિત એ ભણતાં સુણતાં સુણતાં સદા હોઈ કલ્યાણકારી દેવ,
સંવત **સોલ નિવ્યાસી** કાર્તિક સુદિ દસમી વાર ગુરૂ પુષ્પ તે
દિવસમેવ. ૬૨

શ્રી બર્હાનપુર નયરવરમંડણો જાહા મનમોહન પાસ રાજઈ,
સંઘ જય જયકર ભવિકજન દુષહર દેવસેવા કરઈ બહુ દિવાજઇં. ૬૩

તત્ર શાષા પુરઈ દલપુરવરે જિહાં જિનરાજ સદા દેવ સુપાસો,
ધ્યાન તસ ચિત ધરી ત્રિકરણ શુદ્ધિ કરી, જગતની જ્યોતિ જગમાં
વિસેસો. ૬૪

તાસ સુપસાયથી સીલ ગુણે કરી, ગાઇગો સરસરસ એહ રાસો,
જિહાં લગઈ સરસસિ ભુમિં થિર થાયયો, વિસ્તરો જગમાંહિ ગુણ
વિલાસો. ૬૫

—ઇતિ શ્રી સીલાધિકારો ચંદમુનિ પ્રેમલાસતી રાસ સંપૂર્ણઃ ૧૭૩૧ વર્ષે જ્યેષ્ટ વદિ ૧૦ દિને રવિવાસરે લષિતં પંડિત શ્રી ધર્મહર્ષેણ. શ્રી રાજનગર શ્રી વીર પ્રસાદાત્-(ગુ. વિ.). ઇતિ શ્રી ચંદાયણિ નામરાસે નવમો ધિકારઃ શ્રી શીલાધિકારે ચંદમુનિ પ્રેમલાલચ્છી સતીરાસ સંપૂર્ણઃ-ગ્રંથાગ્રંથ ૨૧૦૧ શ્લોક સંખ્યા સંવત ૧૭૬૦ વર્ષે આસો વ. ૭ શુક્રે (દે. લા. પા. ૫૪)

(૫૦૨)+ વિજયતિલકસૂરિ રાસ. સં. ૧૬૯૭ પોસ સુદિ રવિ.
બુરહાનપુરમાં.

આદિ—

ઉદય અધિક મહિમા ઘણો, મનમોહન પાસ,
સંઘ સયલ આણંદકર, સુખ સંપદ બહુ વાસ. ૧

નયર બરહાનપુરમંડણો, મૂરતિ દીઠે મોદ,
પ્રણમું પ્રભુપ્રતિં હઇડે ધરી પ્રમોદ. ૨

અઈયાણાગય સંપ્રતિ વંદું જિન ચોવીસ,
ચાર તિર્થંકર શાશ્વતા વિહરમાન વલી વીસ. ૩
કરમ ષપી મુગતિં વસ્યા સિદ્ધાસિદ્ધ અનંત,
તે અહનિસિ આરાહીઇ, અનંત ગ્નાન ગુણવંત. ૪
ગુણ છત્રીસે નિરમલા, સોહે અંગ અનૂપ.
આચારજિ નિત વંદીઈ, કલિકાલે જિનરૂપ. ૫
સકલ સૂત્ર સિદ્ધાંત તે ભણે ભણાવે સાર,
વાચક ગુણ પંચવીસસિઉં આરાધું સુખકાર. ૬

* * * *

અંતે—

રાગ ધન્યાસી.

રાજનગર ગુરૂરાજ પધાર્યા, ભવિયણ અતિ આણંદજી,
ધર્મધ્યાન બહુ માન ઉપાયા પામે પરમાણંદજી. ૮૭
દાન દીએ બહુ ગુરૂ ઉપદેસેં પાલે સીલ સુભાવેજી,
તપ તપે વર ભાવન ભાવે ધન વાવરે ગુરૂ આવેજી. ૮૮
વાચક વિબુધ બહુ મનિ પરવરીઓ, રાજે શ્રી ગુરૂરાજજી,
વિજયતિલકસૂરિ પાટ પનોતો દીપાવે ધર્મકાજજી. ૮૯
ઉદયવંત અધિકો મહિમંડલે પ્રતપો જગ ઉપકારીજી,
મેરૂ મહિધર મહી રવિ સસિ હર સાયર થિરતા ધારીજી ૯૦
તિહાં લગેં એ આસીસ અનોપમ તાર્યા બહુ નરનારીજી,
એ ગછધારી બહુ હિતકારી સાચો પર ઉપગારીજી. ૯૧
સંવત સસિ રસનિધિ મુનિવરસિં પોસ સુદિ રવિ કર યોગેજી,
રાસ રચ્યો એ આદર કરીનેં શાસ્ત્ર તણે ઉપયોગેજી. ૯૨
વીસલનયર કેસવસા નંદન ધિન્ન સોમાઇ માયજી,
શ્રી રાજવિમલ વાચક સીસ અનોપમ મુનિવિજય ઉવઝાયજી. ૯૩
તાસ સીસ પભણે બહુ ભગતેં દર્શનવિજય જયકારીજી,
નયર બરહાનપુર મંડણ મોટા શ્રી મનમોહન પાસજી. ૯૪

તાસ પ્રસાદેં એ વિસ્તરયો, મહિમંડલિ એ રાસજી,
જે ગીતારથ જગ હિતકારી તેહતણો હું દાસજી,
ધર્મવંત વલી ગુણુના રાગી આણી અધિક ઉલ્લાસજી. ૯૪
કૃપા કરી મુઝ ઉપરિ સહુએ કરવો શુદ્ધ પ્રબંધજી,
કાનો માત્ર ગાથા છંદે જેહ અશુદ્ધ હોઇ બંધજી. ૯૭
જિહાં લગેં એ શાસન શ્રી જિનનું, જિન આણાના ધારીજી,
તિહાં લગેં એ ભણુયો સુણુયો રાસ વિજય જયકારીજી. ૯૮

—તપાગચ્છાધિરાજ શ્રી હીરવિજયસૂરિ વચનારાધક ભટ્ટારક શ્રી વિજયતિલકસૂરિ રાસઃ સાગર હુંડી ગર્ભિતઃ સંપૂર્ણઃ ચિરંજીયાત્ શ્રી બરહાનપુર નગરે લિખિત પં. દર્શનવિજયેન–સ્વાન્ય પરોપકાર બુદ્ધિયુકતેન કુમત નિરાકરણાય, કર્મ્મ નિર્જરણાય ચ–શ્રી રસ્તુ–કલ્યાણ ભવતુ. (આ પ્રત કવિના સ્વહસ્તની છે.) —૬૯–૧૭ લીં.

(પ્ર૦ ઐ૦ રાસસંગ્રહ ભા. ૪.)

---

૨૬૧ જિનરાજસૂરિ. (ખ૦)

(૫૭૩) ગજસુકુમાલ રાસ. સં. ૧૬૯૯ વૈશાખ, શુદ ૫. અમદાવાદમાં.

આદિ— દૂહા.

નેમીસર જિનવરતણા, ચરણુ કમલ પ્રણુમેવિ,
સાધુ સાધુ ગુણુ ગાવતાં, સાંનિધિ કરિ શ્રુતદેવિ. ૧
સુધઉ મારગ ઉપદિસિઇ, પાલઇ વિસવાવીસ,
દૂસમ કાલઇ તઉ મિલઇ, જૈ તૂસઇ જગદીસ. ૨
હૂઆ અપૂરવ પૂરવઇ, ચારિતધર ચઉસાલ,
ગાતાં જિમ તિમ ગુણુ હુવઇ, જાતાં જિમ મઉસાલ. ૩
કહઇ કેવલી કેવલી, સ્યૂં ન કહઇ એ સાર,
સાધુ ધરમ દસવિધ તિહાં, ક્ષમા તણુઇ અધિકાર. ૪

સોહમ વચન હિયઇ ધરી, ગયસુકુમાલ ચરિત્ર,
કહિવા મુઝ મન અલજયૌ, કરિવા જનમ પવિત્ર. ૫
તાસુ પ્રસંગિ અનીક જસ, પ્રમુખ ચરિત્ર હિતકામિ,
ચતુર ચતુરવિધ સંઘ મિલી, સુણુઉ ભણુઉ મતિ સારિ. ૬
સરસ વચન તેહવા ન છઈ, પિણ સરસ ચરિત્ર છઈ તાસ,
સાકર કેલવણી પખઈ, સ્યૂં ન ધરૈ મીઠાસ. ૭

(ધોરાજી પ્રત)

* * * *

અંo—

ઢાલ ૩૦ રાગ ધન્યાસી–શાંતિજિન ભાંમણુઇ જાઉં. એ દેશી.

* * * *

સંવત સોલનિનાનૂ વરસઈ, વૈશાષે શુભ દિવસૈ,
સુદિ પાંચમિ સુભ દિને સુભ વારૈ, એહ રચ્યો સુભવારઇ. ૧૨
શ્રી જિનસિંહસૂરિ ગણધારી, ખરતર ગછ ઉદારા,
શ્રી જિનરાજ તાસુ પરભાવૈ, ઇણવિધિ મુનિગુણ ગાવૈ. ૧૩
એહ સંબંધ સદા સાંભલિસ્યૈ, તાસુ મનોરથ ફલિસ્યૈ,
આઠમિ અંગતણૈ અનુહારૈ, જોડિ સ્વમતિસારૈ. ૧૬
કવિ કલપન જે અધિક રચી જૈ, મિચ્છાદુક્કડ દીજૈ,
શ્રી જિનધરમતણૈ સુપ્રસાદૈ, અધિક સદા જસવાદૈ. ૧૮
મંગલ સુખસોહગ પામીજૈ, જિનવર ચરણાં નમીજૈ,
પહિલી જોડ કરી જિનરાજે, સાધી શિવપુર રાજે,
શ્રી જિનરતન તસુ પાટ વિરાજૈ, ખરતર બિરૂદ સહુછાજઇ. ૨૧

સાધુજીરી ભાવના ભાવો૦

—ઇતિશ્રી ગજસુકમાલ મહામુનીશ્વર ચતુષ્પદી સમાપ્તા સં. ૧૭૪૩ વર્ષે જ્યેષ્ટ માસે શુક્લપક્ષે ત્રયોદિસી તિથૌ રવિવારે લિષિતં અહિપુર મધ્યે શ્રી જિનચંદસૂરિ વિજય રાજ્યે.

તે પરથી સં. ૧૯૦૮ માં લખી. ૧૧૧-૯ ગુ. વિ. ઉ. રત્ન.

—ઢાલ ૩૦ ગ્રંથાગ્રં ૭પ૦ લિખિતં-સંવત્ ૧૭૪પ વર્ષે પોસ શુદિ ૧ દિને શ્રાવિકા કપુરબાઈ વાચનાર્થ.

શ્રીરસ્તુ. પા. ૩પ પં. ૧૧—આ. ક.

—દૂહા ૩૦ ગાથા પ૦૦-પ૪ સંવત ૧૮૦૮ વર્ષે આસોજ સુદિ વિજય ૧૦ દિને બુધવાસરે સંપૂર્ણ કીધો. શ્રીમદ્ ચંદ્રગચ્છાધિરાજ ભટ્ટાર્ક ૧૦૮ શ્રી નન્હ સૂરિજી તત્પટ્ટે ભટ્ટાર્ક ૧૦૮ શ્રી ઉદ્યોતનસૂરિજી તતસિષ્ય ખુસ્યાલચંદ્રેણ લિષિતં શ્રી ઉદયપુર નગરે પા. ૧૭-૧૪ આ. ક.

—સં. ૧૭પ૯ વર્ષે જ્યેષ્ટ માસે કૃષ્ણપક્ષે દસમી તિથૌ શ્રી સ્વર્ણગિરે પંડિત દયામૂર્તેન લપીચક્રે. ૧૭-૧૭ હં. ભં. નં. ૧૭૮૩

ધોરાજી પ્રતિમાં.

અંતે—

આજ નિહેજો દીસૈ નાહરે—એ જાતિ.

ઇણિપરિ ગજસુકુમાલ મહામુણી, ધ્યાની થિર કરી ચીત,
રહિ સમસાનૈ ષટવિધ જીવસૂં, મીતપણૈ પરચીત. ઇં૦ ૧

ઢાઈ કરમ ગઢ કેવલ સંપદા, લહિ પહુતો નિરવાણિ,
સ્ત્રીનર પંડગ વેદ જિહાં નહી, આતમરૂપ વખાણિ. ઈ. ૨

ગરૂઅઉ પિણ ગુણિ અગુરૂલઘુપણૈ, લીન કરૈ સંસાર,
ચઉપપણે ગુણ કહતાં એહના, ઉત્તમ હુઇ અવતાર. ઇ. ૩

પદ્મનાભ વચનૈ જિણ આદર્યૌ, ઇસપણો દિન એક,
જિનવર વચને તે તજિ, વ્રત ભજ્યો રંગતણી ધરિ ટેક. ઈ. ૪

સૂરિ જસ સહર બેઉ સાધિયા, જીયૈ રાખ્યા જાણિ,
પૂરિ કરણી હરણી ભવતણી, કીધી સુણિ જિણવાણિ. ઇ. પ

સંવત સોલહસૈ ણિણાણવૈ, રાજનગરિ વૈસાખિ
સુદિ પાંચમિદિનિ **અઠમઅંગની**, સાખિ ખરી મનરાખિ. ઈ. ૬

સોહમ જંબુપાટિ અનુક્રમે, **ખરતર** ગુરૂ સિરદાર,
શ્રી **જિનચંદ** જયો જિનસાસને, જુગવર પદવી ધાર. ઇ. ૭

અકબરસાહિ ભણી જિણ રીઝવી, ખાટયા મોટાબોલ,
દીપાયો જિનધર્મ દયાગુણે, ગચ્છપતિ ગુણહિ અમોલ. ઇ. ૮
જહાંગીર સાહૈ ગુણ જોઇનૈ, જુગપવર પદવી જાસ,
આપી થાપી આજદિવસ લગૈ, કીરતિ કરૈ પ્રકાસ. ઈ. ૯
શ્રી જિનસિંહ સુગુરૂ સુપસાઉલૈ, પભણૈ શ્રી જિનરાજ,
સાધુ તણાં ગુણ કરતાં ચીતવ્યાં, સીઝે આતમ કાજ. ઇ. ૧૦
ચૌત્ર વિનેય વિનય નયકરિ ભલો, રંગવિનય ઇણ નામિ,
તાસ તણો મણિ આદર ધરિ ઘણો, તિમ હિત સુખફલ પામિ. ઇ. ૧૧
ધૂરિથી અક્ષર ઢાલૈ પદપદે, ઇકિઇકિ દુઈ તીન
અનુક્રમિ વાચી નામ કવીતણો, પામે જયો લયલીન. ઇ. ૧૨
મંગલરૂપ મહામુનિ નામ ગૈ, નવનવ મંગલ થાઇ
દીપક દીપથકી હુઇ ઇહિકિણૈ, અચરિજ વાત ન કાય. ઇ. ૧૩
એહ સંબંધ નિબંધ સુકૃતતણો, સાંભલિ ત્રિકરણ સાર,
તત્ત્વજાણિ કરિ કરિવો મનથકી, ક્રોધતણો પરિહાર. ઇ. ૧૪
ઇણ પરિહારે ઉપસમ વિસતરૈ, ઇણહિજ ગુણ નિસતાર,
નિસતારૈ વિસતાર સુજસતણો, સુજસૈ જયજયકાર. ઇ. ૧૫

—ઇતિશ્રીમદુપસમ નિરૂપમ ગુણરસાલ કીરધીરતામરનર નિકર મધુકર પરિચુંબ્યમાન મધુરતરયશઃ સુધાધારદુઃસહ મહોષ્ણ પરીષહ સહન મહાદહન દગ્ધ સુસ્નિગ્ધ કર્મ દ્રુમલતાવનગહન સંપ્રાપ્ત પર્યાપ્ત દૈવતમહનઃ શ્રી વસુદેવદેવકી સૂનુ સ્વેવાર્પનોદન પવિત્ર વિકલ્પ જલ્પ વલ્લરી લવિત્ર શ્રી ગજસુકુમાલ ચરિત્ર મખંડ દંડાયમાનં શ્રી વસુદેવ દેવકી ચરિત્ર સહિતં શ્રીમચ્છ્રી જિનરાજસૂરીસ્વર વિરચિત મુપચિત મમિત સુકૃત શ્રિયા પિયાર્હત મતરત પ્રાણિમનઃ પ્રીણનાય તદ્વાચ્યમાન મુખાસૌ મૌને દતાહ્વાનં દાય. લિ૦ શ્રી પટ્ટણા નગરે ૧૭–૧૭ ઘો૦ (આ જૂની પ્રત લાગે છે.)

ધન્યાશાલિભદ્ર રાસ. સં. ૧૬૭૮ નો આ કવિએ રચ્યો છે એમ તેની પ્રશસ્તિ પરથી કદાચ કોઇ લઇ શકે. જુઓ **મતિસાર**

નં. ૨૩૯ પૃ. ૫૦૧. કદાચ મતિસાર એ મૂળનામ યા તખલ્લુસ હોય ને પછી જિનરાજસૂરિ નામ પડયું હોય. આ વિચારવા યોગ્ય છે.)

(૫૦૪) +ચતુર્વિંશતિ જિનગીત (ચોવીશી)

આદિ—

મન મધુકર મોહી રહિઉ, રિષભચરણ અરવિંદરે,
ઊડાયો ઊડઇ નહી, લીણું ગુણ મકરંદરે—મન૦ ૧
રૂપઈ રૂડે ફૂલડે, અલવિન ઊડી જાયરે,
તીષાહી કેતકીતણા, કંટક આવઈ દાયરે—મન૦ ૨

* * * *

ચઉવિહસુર મધુકર સદા, અણહૂંતઇ ઇક કોડિરે,
ચરણકમલ જિનરાજના, સેવઇ બે કરજોડિરે—મન૦ ૫

—આદીશ્વરી ગીત.

* * * *

અંતે—

વીરગીત સમું ગીત રચ્યા પછી.

ઇણ પરિ ભાવ ભગત મનિ આણી, સુધ સમકિત સહિનાણીજી
વર્તમાન ચઉવીસી જાણી, શ્રી જિનરાજ વષાણીજી. ૧
જો મૂરતિ નયણે નિરષીજે, જો હાથઇ પૂજીજઈજી,
જો રસનાયઇ ગુણ ગાઇજઈ, નરભવ લાહો લીજાઇજી. ઇણ. ૨
યુગવર જિનસિંહસૂરિ સવાઇ, ખરતર ગુરૂ બરદાઇજી,
પામઇ જિનવરના ગુણગાઈ, અવિચલ રાજ સદાઇજી. ઇણ. ૩
પહલી પરત લિષાઇ સાચી, વાર ગુરૂમુષિ વાચીજી,
સમઝી અરથ વિશેષઇ રાચી, ઢાલ કહેજ્યો જાચીજી. ૪
કેઇ ગુરૂમુષિ ઢાલ કહાવઉ, કેઇ ભાવન ભાવઉજી,
કે જિનરાજતણા ગુણ ગાવો, ચઢતી દઉલતિ પાવઉજી. ૫

—ઇતિશ્રી ચતુર્વિંશત ગીતમ્. ૨૫ શુભંભવતુઃ શ્રી સંવત્ ૧૭૬૨ વર્ષે આસ્વનિ માસે કૃષ્ણપક્ષે ૧૦ તિથૌ શનિવાસરે શ્રી બૃહત્ ખરતર

ગચ્છે શ્રી સાગરચંદ્રસૂરિ સંતાનીયે વા૦ શ્રી ૫ મહિમા મેરૂગણિ તત્સષ્ય-દ્દષ્યમુષ્ય પં. પ્રવર શ્રી કલ્યાણસાગરજી, તત્ શિષ્યમુષ્ય પં. પ્રવર દેવધીર, તત્ શિષ્ય સુખહેમ લિપીચક્રે શ્રી કોલૂ મધ્યે. શુભં ભૂયાત્ (પાછળથી બીજાના અક્ષરમાં ઉમેર્યું છે કે સાધ્વી શ્રી સરૂપાંજી શિષ્યણી ચિરંજીવ સજ્જનાં પઠનાર્થં શુભંભવતુ) ૫-૧૫ ક. મુ. (મારી પાસે છે). પ્ર૦ ચોવીશીવીશી/સંગ્રહ.

(૫૦૫) +વીસવિહરમાન જિનગીત (વીશી)

આદિ—

સીમંધર જિનસ્ત૦

મુજ હીયડો હેજાળુઆ, ભાખર ગણે ન ભીંત
આવે જાવેરે એકલો, કરવા તુમસુંજી પ્રીત. ૧
સીમંધર કરજ્યો મયા, ધરિજ્યો અવિહડ નેહ
અમ્હચા અવગુણ જોયને, રિષે દિષાડો જી છેહ. સીમંધર. ૨

× + × ×

અંતે—

અજિતવીર્ય જિનસ્ત૦

મિલઆવોરે મિલઆવોરે, શ્રી **અ**જિતવીરજ ગુણ ગાવોરે. મિલ.

* * * *

ચિતભગતિ વસે પૂરીજેરે, માનવભવ લાહો લીજેરે,
જિનરાજ સષાઈ કીજઇરે, મનિ વંછિતિ સુખ પામીજેરે. મિલ. ૫

ઢાલ લોકસરૂપની જાતિ.

વીસ જિણેસર જગ જયવંતા જાણીયેરે, અઢીયદ્વીપ મઝાર,
ધન તે ગામાગર પુર વિહરતારે, સાધુતણે પરિવાર— વીસ.
વાસુદેવ બલદેવ ભગતિ નિત સાચવેરે, લહિવા ભવજલ તીર,
ચોરાસી પૂરવ લષ સહુનાં આઉષોરે, ગુણ ગરૂવા ગંભીર— વીસ.
વૃષભલંછણ તનુની અવગાહનારે, ધનુસય પંચ પ્રમાણ,
સમવસરણ બારહ પરષદ પ્રતિબોધતારે, જગગુરૂ અમૃતવાણ—વીસ.

ધન ધન તે જીહા, પ્રભુગુણ ગાઇયેરે, આંણી મન આણંદ,
ધન ધન તે દિન જિણ દિન ભાવે ભેટીયેરે, વિહરમાંણ જિણચંદ—
વીસ.

ખરતર જુગવર શ્રી જિનસિંહ સૂરીંદનેરે, સીસે ધરીય જગીસ,
શ્રી જિનરાજવચન અનુસારે સંથુણ્યારે, વિહરમાણ જિનવીસ—
વીસ.

—શ્રી વીકાનેર મધે લિપીકૃતં પઠનાર્થં. ૭–૧૧ ક. મુ (મારી પાસે)
પ્ર૦ ચોવીશીવીશી સંગ્રહ, આમાં આ છેલ્લી ઢાલ નથી.

ગોડી લઘુસ્ત૦ ૭ કડીનું.

આદિ—

વાલ્હેસર મુઝ વીનતિ, ગોડીચા, અવલેસર અવધાર હો ગઉડીચા રાય,

અંતે—

વલિ અલવેસર સંભારિજ્યો ગ૦ ઇમ જંપે જિનરાજ હો. ગ. ૭ વા૦

—વ્યલેખિતુ લછીદાસગણિના–૧–૧૨ મારી પાસે છે.

[આ જિનરાજસૂરિ–પિતા વોથરા ગોત્રીય શાહ ધર્મસિંહ અને માતાનું નામ ધારલદેવી. જન્મ સં૦ ૧૬૪૭ વૈશાખ શુદિ ૭, દીક્ષા સં. ૧૫૫૬ માગશર શુદિ ૩ વીકાનેરમાં, દીક્ષાનામ રાજસમુદ્ર, વાચકપદ સં. ૧૬૬૦ જિનચંદસૂરિએ આસાઓલી શહેરમાં, આચાર્યપદ સં. ૧૬૭૪ ફા. શુ. ૭ મેડતામાં ચોપડાગોત્રીય શાહ કરણે કરેલા મહોત્સવપૂર્વક લઇ નામ જિનરાજસૂરિ રાખ્યું. પછી તેમણે ભણશાલી થેરૂ શાહે ઉદ્ધાર કરેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ચૈત્યની પ્રતિષ્ઠા જેસલમેરમાં કરી–જુઓ પ્રશસ્તિ જેસલમેરના પુસ્તક ભંડારની સૂચિ (ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝમાંની) પૃ. ત્યાર બાદ સં. ૧૬૭૫ વૈશાખ શુદ ૧૩ શુક્રવારે અમદાવાદના પોરવાડ સંઘપતિ સોમજીના પુત્ર રૂપજીએ શત્રુંજય પર બનાવેલા ચતુર્મુખ દેવાલયમાં શ્રી ઋષભ ચોમુખજી આદિ ૫૦૧ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. આ માટે જુઓ લેખાંક ૧૪ થી ૨૦, ૨૩ અને ૨૪ મુનિ શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન

જૈન લેખ સંગ્રહ ભાગ બીજો. તે સિવાય બીજા ઘણાં સ્થળોએ જિનબિંબની પ્રતિષ્ઠા ને સ્થાપના કરી. સં. ૧૬૮૨ નો શત્રુંજય પર શિલાલેખ માટે જુઓ લેખાંક ૨૬, સં. ૧૬૭૭ ના મેડતાના મંદિરમાંનો લેખ જુઓ લેખાંક ૪૩૪, ૪૩૯ ઉપરોક્ત સંગ્રહ. આચાર્યને અંબિકા દેવીએ વરદાન આપ્યું હતું. તેમણે ઘંઘાણી નગરમાં ઘણો વખત થયાં જમીનમાં રહેલી પ્રતિમાને પ્રશસ્તિના અક્ષરો જોઇને પ્રકટ કરી હતી. તેમણે તર્ક, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ કાવ્યાદિનો સારો અભ્યાસ કર્યો હતો, તથા શ્રી હર્ષના નૈષધી મહાકાવ્ય પર જૈનરાજી નામની સંસ્કૃત ટીકા રચી હતી. એમના વખતમાં ખરતરગચ્છમાં સં. ૧૬૮૬ માં જિનસાગર સૂરિથી લઘુ આચાર્ય ખરતર શાખા નીકળી. પોતે સં. ૧૬૯૯ ના અષાઢ શુદિ નવમીને દિવસ પાટણમાં સ્વર્ગે ગયા. તેમની પછી તેમના પટ્ટધર (૬૪મા) જિનરત્નસૂરિ થયા. નાહરકૃત જૈ. લે. સં. માં સં. ૧૬૭૭, ૧૬૮૬-૮-૯૦ ના શિલાલેખો તેમના મળે છે. તે પૈકી સં. ૧૬૭૭ માં એક લેખમાં આ પ્રમાણે જણાવ્યું છેઃ-શ્રી બૃહત્ખરતર ગચ્છાધીશ્વર સાધૂપદ્રવવારક પ્રતિબોધિત સાહિ શ્રીમદકબર પ્રદત્ત યુગપ્રધાનપદધારક શ્રી જિનચંદ્રસૂરિ જહાંગીર સાહિ પ્રદત્ત યુગપ્રધાન પદધારક શ્રી જિનસિંહસૂરિપટ્ટ પૂર્વાચલ સહસ્રકરાવતાર પ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર શ્રી ભાણવટ નગરશ્રી શાંતિનાથાદિ બિંબ પ્રતિષ્ઠા સમયનિ-રસ્તુ(ત્ર)ધાર શ્રી પાર્શ્વપ્રતિહાર સકલ ભટ્ટારક ચક્રવર્ત્તિ શ્રી જિનરાજસૂરિ શિરઃ-શૃંગારસાર મુકુટોપમાન પ્રધાનૈઃ ॥ તેજ વર્ષના બીજા લેખમાં એમ છે કેઃ—

...શ્રી જિનસિંહસૂરિ પટ્ટોત્તંસ લબ્ધશ્રી અંબિકાવર પ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર પ્રદર્શિત ભાણવડ મધ્યે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રતિમા પીયૂષવર્ષણ પ્રભાવ બોહિત્થ વંશમંડન ધર્મસી ધારલદે નન્દન ભટ્ટારક ચક્રવર્ત્તિ શ્રી જિનરાજસૂરિ દિનકરૈઃ-આચાર્યશ્રી જિનસાગરસૂરિ પ્રભૃતિ યતિરાજૈઃ-પ્રતિષ્ઠિતં ભટ્ટારક પ્રભુ શ્રી જિનરાજસૂરિ પુરંદરૈઃ શ્રી મેડતા નગર મધ્યે. સં. ૧૬૮૬ અને ૮૮ ના લેખમાં ઉ. અભયધર્મ હતા,

અને સં. ૧૬૯૦ ના લેખમાં પોતાની સાથે ઉ. કમલલાભ, પં. લબ્ધિ-
કીર્તિ, પં. રાજહંસ વગેરે પરિવાર હતો એમ જણાવ્યું છે.

---

૨૬૨ ભુવનકીર્તિ બીજા (ખ૦ ખેમશાખા સ્થાપક ક્ષેમ-કીર્ત્તિ સંતાનીય શિવસુંદર પાઠક-પદ્મનિધાન-હેમસોમ-જ્ઞાનાનંદ શિ.)

(૫૦૬) જંબુસ્વામી. સં. ૧૬૯૧ આ. શુ. ૧૧

આદિ—

જ્યોતિ પુરાતન મન ધરિ, કરી ત્રિકાલ પ્રણામ,
તુરત ફલે સવિ તેહના, મનના વંછિત કામ. ૧
ધ્યાન ધરો તિણુ તેહનો, વિઘન સહુ જિમ જાઇ,
દીપક દીપે કિમ તિહાં, અંધારે રહિવાઇ. ૨
પ્રણમું વીર જિણંદના, ચરણસરોરૂહ દોઇ,
છત્રછાયા થઇ જેહની, વસીયે નમીયે સોઈ. ૩
પિરિયે દેખી માનીયે, થેવર નઉમી હાસ,
તિમ સદગુરૂને નામ ગઇ, શિષ્ય તણો જસવાસ. ૪
નામ ગ્રહું ઇણિ કારણે, શ્રુત નિધિ સોહમ સ્વામિ,
આજસમે જે સાધુજન, તે વરતે જસ નામિ. ૫
પાથર સરિખો પ્રાણિયો, પ્રતિમા જિમ પૂજાઇ,
ગુરૂ કારીગર હાથ વસે, પ્રણમું તેહના પાય. ૬
જેઅ કંતપિય ભોગરસ, સઈ વસિ લહિ છોડંતિ,
ત્યાગી તે ઇમ આગમી, આગમ માહિ કહંતિ. ૭
ઉક્તંચ જે અકતે પિએણુતીયં,
ત્યાગી જનસિરઇ, વહતો અધિક વખાણ,
બાલ વયે અબ્રહ્મનો, તિમ કિધો પચખાણ. ૮

જંબુસામિ મુણિંદનો, રચિ હું રાસ રસાલ,
સાંભલિજ્યો વિકથા તજી, બાલ તથા ગોપાલ. ૯
જો પિણ કેઇ ચઉપઇ, કીણુ અછે અનેક,
તોહી જીહા આપણી, પાવન કરવા વિવેક. ૧૦
ગિરૂયાના ગુણ ગાવતાં, સફલ હુવે અવતાર,
પાપ ટલે ચિર કાલનાં, તરીયઈ લહું સંસાર. ૧૧

અંતે—

ઢાલ ૫ ગીતા છંદની.

સોહમ જંબૂ પટ્ટ અનુક્રમે, કૌટિક ગણ કુલચંદ હિયડે રમે,
વઇરી શાખા ખરતર ગછપતિ, શ્રી જિનરાજ સૂરીસર ગજપતિ,
શ્રાવક જતી જતિની શ્રાવિકા સેવા કરે,
પાતસાહિ ઝી લગિ જાસ પૂરણ પહુંચિ અતિશય જે ધરે.
ઉબરાઓ આલમતણા જાણે કવિ વખાણે વડ વડા,
કુમતિ હઠિ લાજીયઈ આગલિ ગયા બીહતા બાપડા. ૧
વાદિ મઇગલ મદ ગાલણ ભણી, કેહરિ સમવડિ સોભ લહઈ ઘણી,
સરસતિકંઠાભરણ ગવાવએ, અવિરલ વાણી મધુર સુહાવએ,
સોહાવએ સહુ સુરિમાહે બોલ લીધા નિરવહઇ,
જિનરાજ સૂરિસર સવાઇ જે તહથ જગિ ગહગહે.
તેહનિ શાસનિ વિજયમાને થંભ તીરથ પૂરવરે,
શ્રી થંભણાધિપ પાસજિનનો લહિ પસાય ભલી પરે. ૨
શ્રી જિનકુશલ સુગુરૂ સંતાનીયા, ખેમ કીરતિવાચક બહુ માનયા,
ધરણિંદ પદમાવતિ નિતુ જેહને, સાચે સાંનિધ કરતા તેહને,
ઇકઓ દસે (પા. તેહને સઉ ઇકિદસે) છંદ અધિકા સીસ જાતિલા થયા,
ખરતરે ગચ્છે કીધ ઉન્નતિ ઇષ્ટ સુરની લહિ મયા.
તિહા થકી પસરી ખેમશાખા તિહાં પટ ભાષા તણા,
વર જાણ વીણ પ્રવીણ જિહના કહે કવિયણ ગુણ ઘણા. ૩
શ્રી શીવસુંદર પાઠક સીસએ, વાચક પદ્મનિધાન સુસીસએ,

હેમસોમગણિ તસુ શિષ્ય સુસંજતી, જ્ઞાનનંદિ ગુરૂવાચક વરમતિ,
વરમતી તાસુ સુશિષ્ય પાઠક ભુવનકીરતિ ગણિવરો.
કહે સરસ જંબુરાસ નવનવ ઢાલ બંધે સુંદરો,
આગ્રહે ભાવોદય ગણીને રાજરંગ તણે તથા,
વર જ્ઞાનરંગ સુબુદ્ધિ વાધે નિસુણતાં જંબૂ કથા.   ૪
સંવત ×સોલસહહેં એકાણુયે, શ્રાવણ શુદિ ઇગ્યારસિ વાસરે,
દૂહા ઢાલ તણી ગાથા મિલી, તેરહસય ગુણુહત્તરે છંદ છે વલી,
છે વલી ઢાલ ઇહાં પંચાવન ચ્યાર તિમ અધિકાર એ,
પરિશિષ્ટ પર્વ તણી ગ્રહી છે સાખિ ઇહાં કિણિ સારએ,
પુણ્યાઢયૠ પુરષ તણા કથાનક જિમ કહીજે ઊમહી,
તિમ થાઈ રંગરલી વધાવા નવ નવી સાતા સહી.   ૫

*   *   *   *

—સર્વ ગાથા ૫૫ ઇતિ શ્રી ભુવનકીરતિ વિરચિતે જંબુચરિતે ચતુર્થોધિકારઃ-જંબુ ચતુષ્પદી સંપૂર્ણ સં. ૧૭૬૯ વર્ષે મૃગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ત્રયોદસી તિથૌ રવિવાસરે પાટણ મધ્યે ઋ૦ શ્રી પઉત્તમચંદજી શિ૦ ઋવેલજી ઋ. કુશલચંદેન લિ૦ પા. ૨૭-૧૯ (સારી પ્રત છે.)
રાજકોટ પૂ૦ અ.

(૫૦૭) **ગજસુકુમાલ ચોપાઇ** સંવત ૧૭૦૩ માહા વદ ૧૧ ગુરૂ ખંભાતમાં.

અંતે—

ગજસુકુમાલ મહામુનિ આ ચૌપૈરે ઉપસમનેં અધિકાર
સાંભલ ગુણ એહજ ધરજ્યો જીવમેંરે પરમ રહસ્ય વિચાર.   ૨

× પાઠાંતર–સંવત સતરૈસે પંચોત્તરે, આમ અનંતનાથજી ભંડારની પ્રતમાં છે. તે સંવત ૧૯૨૫ રા. વર્ષે શાકે ૧૭૯૦ પ્રવર્ત્તમાને માસોત્તમ માસે ઉત્તમ માસે ચેષ્ટ માસે કૃષ્ણ પક્ષે દ્વિતિય ૬ તિથૌ બુધવાસરે લપીકૃતં શ્રીમત્તપાગચ્છ પં. ગંભીરસાગર ગ૦ નાગોર નયર મધે. ૪૨-૧૭ અનંત.

તીન ગગનિ રિસ સસિ વદિ મધ ઇકાદસીરે મૂલનક્ષત્ર ગુરૂવાર
થંભતીરથ પુરિ થંભણપાસ પસાઉલેરે ધ્યાન હિયે તસુ ધાર. ૩
સોહમ સાંમિ પરંપર પાટિ અનુક્રમેરે કોટિક ગણ કુલચંદ,
વેરી સાષા બિરૂદ લહ્યોં વાદે પરેરે ષરતર તિણ સુષકંદ. ૪
અભયદેવ જિનવલ્લભ દત્ત જિહાં થયારે કુશલ સુરિંદ સરીક,
જીવનશ્રી જિનરાજ પટોધર પરગડોરે નૂર ઘણું નિરભીક. ૫
સકબંધી શ્રી સાહજહાંન જહાનમેરે પતસાહેં સિરદાર
તાસ હુકમ ફુરમાણેં જયત તણોં ધણીરે અછપતિ ગુણભંડાર. ૬
સૂરસવાઇ શ્રી જિનરંગ સૂરીસરૂરે વિજયમાંન વરરાજ,
ષેમસાષ પટભાષા આગમ કસવટીરે ઉવજાય સિરતાજ. ૭
શ્રી સિવસુંદર શિષ્ય પવર વાચક પદેરે પદ્મનિધાન ગણીસ
હેમસોમગણી સેવક વાચક ગુણનિલારે ગ્યાનનંદ ગુરૂસીસ. ૮
ભુવનકીરતિ કહે પાકકિ ભાવઇ અતિઘણેરે ઉપસમ ધરિ સંબંધ,
સિષ્ય ભગત ભાવોદય ગણિને આદરેરે લહિવા સુભ અનુબંધ. ૯

(કલશ,)

શ્રી વીરજિનવર પાટપાટેં ગચ્છ ખરતરસેં ધણી,
શ્રી જિનરંગ સૂરીંદરાજેં ષેમસાષેં દિણમણી,
શ્રી ગ્યાંનનંદ ગણીંદ વાચક ચરણ સેવક તાસ એ,
શ્રી ભુવનકીરતિ કહેં ગજસુકુમાલ મુનિનોં રાસ એ. ૧

—સંવત ૧૭૫૫ વર્ષે આસો સુદિ ૧૧ બુધે શ્રી ઉદયપુર મધ્યે લપિકૃતં. (ઈડર બાઇઓનો ભં.) ડે. રત્ન.

(૫૦૮) અંજનાસુંદરી રાસ. સં. ૧૭૦૬ માહા શુ. ૩ ગુરૂ ઉદયપુર

ૐ૦ શ્રીમદ્ વૃષભદેવાય નમઃ શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ

આદિ—

દોહા કેદાર રાગે.

કરતાં સગલી સાધના, સત્ય ગુરૂ કહવાય,
હૂં પિણ ઇહાંકિણિ તે ભણી, પ્રથમ નમું ગુરૂપાય, ૧

અરિહંતા સરીરગા, આચારિજ ઉવઝાય,
મુનિવર પહિલે અક્ષરે, સિદ્ધિ જીયઇની થાઇ. ૨

ૐકાર અપાર જસુ, મહિમા કહી ન જાઇ,
સર્વ મંત્ર પહનેં ધુરઇં, લીજઇ સીસ ચઢાઇ. ૩

વિઘનવિડારણુ એહનઉ, ધ્યાન હીયઇ દઢ રાખિ,
હેમસૂરિ કૃત પદમવર, ચરિત્ત તણી ધર સાખિ. ૪

* * * *

અંતે—

'મહાવીર રાજાનતણુ પટ્ટક્રમઇરે વઇરી શાખિ પ્રસિદ્ધ
કોટિક ગણ કુલચંદ કલાનિલોરે ખરતર ગચ્છ વિસુદ્ધ. સી. ૨
શ્રી જિનરાજ સૂરીસરૂ પાટઈ દિનકરૂરે આગમ અરથનિધાંન
શ્રી જિનરંગ સૂરીસર સરસતિવર વસઇરે જાંણે સરવ વિધાંન સી. ૩
તસુ આદેસઇ સંવત સતર છડોતરઇરે ઉદયાપુર ચોમાસ
જગતસિઘરાણો ગાજઈ જિહાંરે હિંદૂપતિ તસ વાસિ. સી. ૪
જંબુવતી જસ માતા જગમિં પરગડીરે તેહતણાં પરધાંન
કેસરિ મંત્રતણા સુત કેસરીરે જિહાં તિહાં લહતાં માંન. સી. ૫
દેવભગતિ ગુરૂભગત યથા સગતેં કરીરે ગચ્છ દીપાવણહાર,
મંત્રીસર મનમોટઇ હાસો માનીયઇરે તસ બંધવ જડધાર. સી. ૬
ત્યાગ ભોગ સોભાગગુણે કરી આગલોરે ગુણરાગી નિતમેવ,
શ્રી સુપાસજિણુંદ તણી એકણુપગઇરે સાધે મન સુદ્ધ સેવ. સી. ૭
જાચક ભમર ભમૈ જસુ પાધલઇરે મઉજી [મોજ) દીયઈ મકરંદ,
ભાગચંદ વડભાગી વિકસિત મુખિ સદારે નિરૂપમ જૈ અરવિંદ. સી. ૮
તસ કથનિ સુદિ માઘ તણી તૃતીયા દિનઇરે સુભજોગિ ગુરૂવાર,
અચ્છઈ નવેરસ ઇણ મેલેયો જોઇનેરે અધિકારઈ અધિકાર. સી. ૯
ખરતર ગચ્છ સદાઈ સુરૂતરૂ સારિષોરે સાખિ વડી એમ સાખિ,
ફલ સરીષા ગુરૂ હૂઆ ઇણમઇ વડવડારે મીઠા હીયમઇં રાખિ. સી. ૧૦

હેમસોમ ગુરૂરાય સુસીસ તિયાંતણુારે વાચક પદવી ધાર,
આંનનંદી ગુરૂરાજ તણુઇ સુપસાઉલઇરે જયવંતો પરિવાર. સી. ૧૧
ઇમ શ્રી ભુવનકીરતિ કહિ ભાવધરી ઘણુંરે ગિરૂઆનો જસવાસ,
અધિકો ઓછો ઇહાંકિણુ જેહ કહ્યોરે હુવઇરે મિછાદુકડ તાસ. સી. ૧૨
સીલ પ્રભાવઇ સમકિત ગુણુનઇ ધારવિઇરે, દિનપ્રતિ કોટિ કલ્યાંણુ,
તિણિ એ ભણુતાં ગુણુતાં સુણુતાં ચઉપઇરે, જીવિત જનમ પ્રમાણુ. સી. ૧૩

દૂહા સોરઠીયા.

સાત અધિક સઇ સાત, દૂહા ગાથા દુઈ મિલ્યાં
શ્લોક તણુા સંખ્યાત, સાધિક એક સહસ્ર છઈ. ૧

તિમ છઈ ઢાલ ત્રયાલ, નવલી જાતઈ નિરખિજ્યો,
અંજનાચરિત ઉરાલ, ભુવનકીરતિ ઇણુપરિ ભણુઈ. ૨

—સર્વ ગાથા ૨૫૩ અધિકાર ત્રયઅ, સર્વ ગાથા દૂહા ૭૦૭ પ્રમાણુ.

—સંવત્ ૧૭૫૩ વર્ષે મિતી વૈશાષ વદિ ૧૩ દિને શ્રી ષરતર ગચ્છે શ્રી જિનચંદ્રસૂરિ શાષાયાં શ્રી જિનચંદ્રસૂરિ વિજયરાજ્યે વાચનાચાર્ય ધુર્યવર્ય ગાંભીર્ય વા૦ શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી દયાશેષરજી ગણિ ગજેંદ્રાન્ વા૦ શ્રી શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી કલ્યાણુહર્ષજી ગજેંદ્રાન્ તત્ શિષ્ય પં૦ પ્ર૦ શ્રી પદ્મતિલકજીમુનિ તચ્છિષ્ય પં૦ ધર્મસુંદર લિષતં. (વિવેકવિજય ભં. ઉદયપુર)–(ડે.)

—સંવત ૧૭૨૬ વર્ષે કાર્ત્તિક વદિ ૬ દિને ભોમવાસરે શુક્લપક્ષે. શ્રી અંચલગચ્છે શ્રી પંડિતશ્રી ૫ રવિસાગરજી ગણિ તત્ શિષ્ય મુનિશ્રી હિતસાગરજી ગણિ તત શિષ્ય મુનિ દીપસાગરેણુ લપીકૃતં ગુઢલામધ્યે મહારાણા શ્રી રાજયસિંઘનઇ રાજ્યઈ ચોપઇ લિપીકૃત કીધી. મેદપાટ દેસ મધ્યે શ્રી ॐ હ્રીં શ્રીં ક્લીં નમઃ ૨૮–૧૪ અનંત.

૨૬૩ પ્રેમમુનિ પહેલા

(૫૦૯) મંગલ કલશ રાસ સં. ૧૬૭૨—લીં.

---

૨૬૪ કમલવિજય જુઓ પ્રશિષ્ય મેઘવિજય આગળ

(ત૦ કનકવિજય-શીલવિજય શિ.)

(૫૧૦) જંબૂ ચોપાઇ સં. ૧૬૭૨ સિવાણામાં.

* * * *

અંતે—

તપગચ્છ મંડણ મહિમામંદિર સકલપંડિત પરધાનરે
કનકવિજય ગુરૂ ગુણમણિ દરિયો મહિમા મેરૂ સમાંનરે. પા૦ ૪૧
સકલશાસ્ત્ર સિદ્ધાંત વખાંણે શીલવિજય ગુરૂરાયરે,
જસ કીરતિ જગમાંહિ જયવંતી નામૈ નવનિધિ થાયરે. પા૦ ૪૨
તાસ સીસ બુદ્ધિ કમલવિજૈ કીયો એહ પ્રબંધ રસાલરે,
જે નરનારી ભણૈ સુણૈ નૈ તિહાં ઘરિ મંગલમાલરે. પા૦ ૪૩
ગોત્ર ગદહીયા પુહવી પસાટ જાંણૈ સહૂ નરનારિરે,
વંશ વિભૂષણ વિનયાદિક બહુ ગુણ કેરો ભંડારરે. પા૦ ૪૪
કુંમતિ માંન મદન પ્રગટયો પ્રબલ પંચાઇણ સીહરે,
ત્રિપુરદાસ નાંમૈ શ્રાવક ગુણ પૂરણ અકલ અબીહરે. પા૦ ૪૫
તાસ તણી વીનતડી વારૂ આંણી ચિત્ત મઝારિરે.
સહર સિવાણામાંહિ કીધો એહ પ્રબંધ વિચારરે. પા૦ ૪૬
પર્વતરાસિ રિપુચંદ્ર છણપરિ સંખ્યા એહ કહાયા,
એ સંવચ્છર જાણી લીજૈ ચરણકમલ લય લાયા. પા૦ ૪૮

—સંવત્ ૧૭૮૨ વર્ષે આસોજ વદિ ૫ લિપીકૃતં રિષ ષેમજી

—(વિ. ધ.)

---

૨૬૫ કનકકીર્ત્તિ (ખ૦ જિનચંદ્રસૂરિ-નયનકમલ-જયમંદિર શિ.)

(૫૧૧) **નેમનાથ** રાસ. સં. ૧૬૯૨ માહ શુ. ૫ વીકાનેરમાં.

આદિ— ઢાલ.

સકલ જૈન ગુરૂ પ્રણમું પાયાં, શ્રુતદેવી પદપંકજ ધ્યાવું,
શ્રી ગુરૂચરણ કમલ ચિત લાવું, **નેમ**કુમર **જાદવ** ગુણ ગાવું.
મનવંછિત સુખ સંપતિ પાવું. ૧
સોરઠ દેસ સદા સુખ આગર, નારી પુરૂષતણો બહુ રાગર,
જિહાં **વિમલાચલ** તીર્થરાયા, ઉજવલ ગિરિ તીરથ મન ભાયા. ૨
દ્વારવતી નગરી નવરંગી, ધનદ નીપાઇ સુજન સુરંગી,
કંચણમણ મઇ કોઠ વિરાજઇ, જિણિ દીઠાં અલકાપુરુ લાજઇ. ૩
રતનજડિત કોસીસા સોહઈ, તીન ભુવન જનતા મનમોહઇ,
જાદવકુલ અરવિંદ દિનેસર, રાજ કરઇ તિહાં કૃષ્ણ નરેસર. ૪

× × × ×

અંતે— ઢાલ ૧૩

* * * *

કુણ રંક સુરગિરિ કર ધરઇ, કુણ ધરઈ જલનિધિ બાંહ,
કુણ ગગન લગ જાય પંખિયઉ, કુણ ઝાલઈ નિજછાંહ. સા. ૨૭
કુણ નાગરાજમણી ગ્રહઇ, કુણ સિંધ ઝાલઇ કાનિ,
કુણ સકલ વસુધા વસુ કરઈ, કુંણ તારા કરઇ માન. સા. ૨૮
તિમ **નેમ**જિન ગુણ કુંણ કરઈ, કહતાં ન પામઇ પાર,
તઉ પણ જિમ તિમ ગુણ ભણઇ, તાસુ સફલ અવતાર. સા. ૨૯
નેમનાથનાં ગુણ ગાવતાં, પામીયઈ પરમાણંદ,
અસુભ કરમ દૂરઈ ટલઇ, નાસઇ દુરગતિ દંદ. સા. ૩૦
ધન ધન **રાજમતી** સતી, કરજોડ કરૂં પ્રણામ,
રથનેમ મારગ આણીયઉ, ન્યાય રહ્યો જગિ નામ. સા. ૩૧

સંવત સોલહ બાણુવઇ, સુદિ માહ પાંચમ જાણુ,
બડનગર બીકાનેરમઈ, રાસ ચઢયઉ પરમાણુ. સા. ૩૨
દીપતઉ ગચ્છ ખરતર તણુઉ, જિહાં નાંમ જાદ સુરિંદ,
જિનદત્ત જુગવર સારિષા, શ્રી જિનકુસલ મુણિંદ. સા. ૩૩
અનુક્રમઇં પાટ પરંપરા, જિનચંદ સૂરિ સુજાણ,
પદ હીયઉ યુગવર જેહનઈ, અકબ્બર નૃપ સુરતાણ. સા. ૩૪
જિન ટેક રાખી જૈનરી, જિનચંદ સૂર દયાલ,
જહાંગીર ભૂપતિ રંજીયઉ, ષટ દરસન પ્રતિપાલ. સા. ૩૫
તસ પાટ પરગટ ગુણનિલઉ, જિનસિંઘ સૂર પ્રધાન,
જિણ કુમતિગજ ભંજિયા, સાચઉ સિંઘ સમાન. સા. ૩૬
તસુ પાટિ સૂરજ સારિષઉ, પાય નમઈ જસુ નરરાજ,
ગચ્છરાજ્યમાંહે દીપતઉ, ચિર જીવઉ જિનરાજ. સા. ૩૭
જિનચંદસૂરિ સુરિંદજી, તસુ નયનકમલ સુસીસ,
તસુ સીસ જયમંદિર જયઉ, પૂરવઇ મનહ જગીસ. સા. ૩૮
તસુ સીસ પભણઈ ભાવસું, એ નેમરાસ રસાલ,
કનકકીરતિ વાચક કહઇ, ફલઈ મનોરથ માલ. સા. ૩૯
કલ્યાણકમલા સુખ લહઇ, મનતણી પૂરઈ આસ,
એ રાસ જે નર સાંભલઇ, પામઇ લીલવિલાસ. સા. ૪૦
ચઉવીસ જિનવર ધ્યાવતાં, થાયઈ સદા જયકાર,
જિનરાજસૂરિ પ્રસાદથી, દિન દિન મંગલ ચાર. સા. ૪૧

—સંવત્ ૧૭૧૪ વર્ષે લિષતં પાંડે જાદૈં લિષાવતં આ૰ ગૌર્યા શુભં. ૧૨-૧૬ અનંત; ચં. માણેક.

(૫૧૨) દ્રૌપદી રાસ. સં. ૧૬૯૩ વૈશાખ શુદ ૧૩ જેસલમેરમાં

અંતે—

ઢાલ ૩૯ ધન ધન આદ્રકુમાર વરસંયતી આજને વધાવો
ગચ્છપતી મોતીએ—એ દેશી.

ધનધન શીલવતી સતી દ્રૂપદી, પાંચે પાંડવ નારિ,
શીલ પ્રભાવે લહસ્યેં સાસતા, શિવપુર સુખ અપાર. ૧ ધન.

સીલે હુઈ સુખ મંગલ માલિકા, સીલે અવિચલ લીલ,
દ્રૂપદ સુતા જિમ પાલજ્યો નવિ ખંડયોં નિજ સીલ. ૨ ધન.
(સંવતાઈ રસ રસ નયન નિધનથું) રસ સસિ,
સંવત ઇસરયન નિધાનથું રસ સસિ વૈશાખ માસ. ૧૬૯૩
સંવત ઇસરયન નિધાનસુ રસ સસિ વૈશાખ માસ,
શુદિ તેરસિ કીધી એ ચુઉપઇ, સુણતાં લીલવિલાસ. ૩ ધન.
શ્રી ખરતર ગચ્છ મોટા જાંણીઈ, ગચ્છ ચઉરાસી મૂલ,
કમલા માંહે જિમ સુરભ ગુણે; સહસકમલદલ ફૂલ. ૪ ધન.
ગણધર **સુધરમ** સામી પરંપરા, **રાજ**ગચ્છ કહિવાય,
અભયદેવ જિનવલ્લભ સારિખા, થયા સૂરિ દિનરાય. ૫ ધન.
યુગપ્રધાન **જિનદત્ત** સુરીસર, ચઉસઠિ યોગિણી જીત,
પાંચે પરવર દીધા જેહનઈ, ગુરૂ અવદાત વદીત. ૬ ધન.
શ્રી **જિનકુસલ** સૂરીસર દીપતા, સદગુરૂ સાંનિધકારિ,
સેવક જનસપરતા પૂરવેં, ગુરૂ સુરતરૂ અવતાર. ૭ ધન.
અનુક્રમે શ્રી **જિનમાણિક** ગચ્છધણિ, હૂઆ સુગુરૂ ગણધાર,
તસુપાટે **જિનચંદ** સૂરીસર, બહુ વિધિ લબધિ ભંડાર. ૮ ધન.
તસુ પટધારી સૂરિ શિરોમણી, શ્રી **જિનસિંધસૂરીંદ**,
વિદ્યાવચન કલા સમતા ધણી, નમીઆ જાસુ નરિંદ, ૯ ધન.
કુલમંડણુ તસુપાટે દીપતો, સૂરરાજ **જિનરાજ**,
વિજયરાજ ગુરૂ સુરગુરૂ સારિખા, સકલસૂરિ તાજ. ૧૦ ધન.
રીહડ વંશ સરોરૂહ દિનમણિં, યુગપ્રધાન **જિનચંદ**,
સરિસોભાગી ભાગબલી સદા, મુનિજન સુરતરૂ કંદ. ૧૧ ધન.
અકબ્બરશાહ જિણે પ્રતિબોધઓ, ઘણા કીયા અવદાત,
જાહાંગીરા જિણને આદરીઓ, રાખી જગિ અખિયાત. ૧૨ ધન.
તસુ સીસ સંવેગી સિરતલો, **નયણકમલ** ગીણિં જાંણિ,
તાસુ સીસ **જયમંદિરગણિં** જયો, સકલકલા ગુણજાણુ. ૧૩ ધન.

તાસુ સીસ ઇમ ભાખે ચઉપઈ, દ્રૂપદીની સસનેહ,
કનકકીરતિ વાચક મન રંગસ્યોં, સીલતણા ગુણ એહ. ૧૪ ધન.

નવ નવ રાગ સુરંગી ચઉપઇ, ઓગણ ચ્યાલીસેં ઢાલ,
સખર સાદ શું જો ગાઇઇ, તો લહીઈ ગુણમાલ. ૧૫ ધન

જેસલમેર નગર રલીઆમણો, જિહાં જિનપર ચઉસાલ,
પાસ જિણંદ તણો વલી દીપતો, સેવક જન સુરસાલ. ૧૬ ધન.

શ્રાવક જહાં દીપે ધન દીપતા, ધર્મ્મ મર્મ્મના જાણ,
સરમ વચન સહિનાણ. ૧૭ ધ.

જિનવચનેં રાતા જિમ ચોલજ્યું, માને જિનવર આણ. ૧૮ ધ.

સમકિત ધારણ છેં જિહાં શ્રાવકા, એક નમે જિનરાજ,
બીજા દેવ ન માને પાતરી, એક પંથ દો કાજ. ૧૯ ધ.

શ્રી **જિનરાજસૂરીશ્વર** ગછ ધણી સોમ નિજ રગ્રહ થોક,
તાસુપસાઈ સરસી ચઉપઈ, થઇ વખાણી લોક. ૨૦ ધ.

વાંચ્યાં માંનનંદ ચઉપઇ, જાં લગે સાસનવીર,
ખરતરગછ જાં લગે દીપતોં, જાં લગે સુર ગિરિધીર. ૨૧ ધ.

ઓછઉ અધિકોં જે મેં ભાખીઉં, મિછા દુક્કડ તેહ,
આગમ મિલતો તે સાચો, સહી, કવિજન વાણી એહ. ૨૨ ધ.

ભણસ્યે ગુણસ્યેં થુણસ્યેં ભાવશું, જે નરનારી આંણ,
દ્રૂપદ સુતારી એ છે ચઉપઈ, થાસ્યૈ તાસુ કલ્યાણ. ૨૩ ધ.

સુરનર કિન્નર તાસુ પ્રણમે સદા જે નર પાલે સીલ,
જસ પરિમલ મહકેં ત્રિહું લોકમેં પામે શિવસુખ લીલ. ૨૪ ધ.

એ સંબંધ કહ્યોં જિમ સાંભલ્યો, ગુરૂ મુખમતિ અનુસાર,
શીલ તણાં ગુણ ગાવણ મનરૂલી, કનકકીરતિ સુખકાર. ૨૫ ધ.

લ૦ સં. ૧૮૦૦ આશ્વિન વદ ૩

(પ્ર. કા. અમ. ગુ. નિ.)

—સં. ૧૭૬૨ કા૦ વ૦ ૧૧ મેવાડ દેશ કપાસણ ગ્રામે લી૦ પુજ્યઋષિ જીવરાજી–ઋ૦ રાઘવજી–કહાનજી ગછ લ૦ પ્રે૦ લી૦ ૨૮–૧૯ આ. ક; રત્ન; ડે.

ભરતચક્રી સ૦ (મનહીમેં વૈરાગી ભરતજી) પૃ. ૫૯ સ. મા. બી.

* આ કવિએ સંસ્કૃતમાં મેઘદૂતપર ટીકા રચી છે.

---

(૨૬૬) લક્ષ્મીકુશલ (ત૦ સોમવિમલસૂરિ–હંસસોમસૂરિ–વિશાલસોમસૂરિ–જિનકુશલ શિ.)

(૫૧૩) વૈદ્યકસાર રત્નપ્રકાશ સં. ૧૬૯૪ ફા. શુ. ૧૩ શુક્રવાર. ઇડર પાસેના ઓડા ગામમાં

અંતે—

ભૂલો અક્ષર વિસમુ જેહ, સો જાનિ સવિ કરજ્યો તેહ,
તપગચ્છ મૂલ લહુઠી પોસાલ, જાણિ જેહનિ બાલગોપાલ, ૪૯
વીરપાટિ પટોધર ઘણા, પાર ન પામું તેહ ગુણતણા,
સતાવનમિ પાટિં સાર, શ્રી સુમતિ સાધુ સૂરિ અણગાર, ૫૦
તાસ પાટિ હેમવિમલસૂરિ, જેહ સમરિં પાપ જાઈ દૂરિ,
તાસ પાટિ સોભાગ્યહર્ષ જાંણિ, તપસંયમ કેરી ગુણખાંણિ. ૫૧
તાસ પાટિ અતિ ગુણ ભંડાર, સકલસૂરિ સિરોમણિ સાર,
શ્રી સોમવિમલસૂરિ તે માંણિ, જસ નામિં સંપતિ શ્રેઇ આંણિ. ૫૨
તેહતણો પટોધર જેહ, હેમસોમસૂરિ નાંમિ તેહ,
તાસ પાટિં વિમલસોમસૂરિ, જસ નાંમિ દૂરિત જાયે દૂરિ, ૫૩
તાસ પાટિ પટોધર ભલો, શ્રી વિશાલસોમસૂરિ ગુણનિલો,
પ્રતિરૂપી તેજસ્વી સહી, છત્રીસઇ ગુણપાંણિજ કહી. ૫૪
આચારજિના ગુણ જેતલા, શ્રી વિશાલસોમસૂરિમાં તેતલા,
પ્રૌઢ પરિવાર તેહનો સાર, પંડિત તણો નવિ લાભઇ પાર. ૫૫
જિનકુશલ પંડિત તેહમાં જાંણુ, ગ્રહગણમાંહિ દીપઈ જિમ ભાંણુ,
લક્ષ્મીકુશલ તસુ કેરો સીસ, ગુરૂ પ્રસાદઇ હુઈ જગીસ. ૫૬

ગુરૂવિણ માઇ પ્રસન્ન ન હોઈ, ગુરૂવિણ જ્ઞાન ન પામઈ કોઇ,
ગુરૂ પ્રસાદિ સર્વ સિદ્ધિ મિલઇ, અલીય વિઘ્ન સવિ દૂરિં ટલિં ૫૭
અડસઠિ તીરથ બોલ્યાં સાર, માત ગંગા નિ ગુરૂ કેદાર,
પિતા પુષ્કર જાણો સહી, શાસ્ત્રઇં એહવી વાતજ કહી. ૫૮
રાયદેસ જગમાંહિં પ્રસિદ્ધ, ઈડરનગર અછઈ સમૃદ્ધ,
તે પાસઈ છઇ **ઓડા** ગામ, ધર્મતણાં જિહાં મોટાં ઠાંમ. ૫૯
જિનમંદિર **અભિનંદન** દેવ, **પ્રાગવંશ** સહુ સારઈ સેવ,
ગુરૂતણો આદેશજ લહી, **લક્ષ્મીકુશલ** ચઉમાસું રહી. ૬૦
સંવત સોલચુરાણું જેહ, ફાગુણ સુદિ તેરસ વલી તેહ,
શુક્રવાર સંયોગઈ સહી, લક્ષ્મીકુશલઈ એ ચઉપઈ કહી. ૬૧
દેવગુરૂ પ્રસાદિં કરી, રત્નપ્રકાસ એ ચઉપઈ પરી,
આત્રેયનિદાંન સુશ્રુતનું સાર, અપર ગ્રંથતણો ઉદ્ધાર. ૬૨
ગ્રહી નામ રતન તે જાંણિ, શાસ્ત્ર વિચારી બોલી વાંણી,
હિતકારિણી એ ચઉપઇ સાર, રચ્યા એકાદશ અધિકાર. ૬૩

—સં. ૧૭૧૮ વર્ષે ફા. વદિ ૨ સોમે શ્રી સંઘપુર ગ્રામે લિ૰
(ઈડર બાઇઓનો ભં.)

---

૨૬૭ દયારત્ન (ખ. જિનદેવસૂરિ-જિનસિંહસૂરિ-જિનચંદ્ર સૂરિ-જિનહર્ષસૂરિ શિ૰)

(૫૧૪) +કાપડહેડા રાસ. સં. ૧૬૯૫

આદિ—

હું બલિહારી **પાસજી**, કાપડહેડા સામિ સયંભ કિ
ગુણ ગાવણ મનિ ગહગહૈ, આપો સદગુરૂ વચન અચંભ કિ—હું ૧
નયણે નિરખી નેહસું ઇણજુગિ એહ અચંભમ વાત કિ,
પરગટ આપ હુંતા પ્રગટ, બહુવે જણ દીઠી વિખ્યાત કિ.—હું ૨
આચારજિયા નખઅવલ ગછ ખરતર રાજે ગુણવંત કિ,
શ્રી જિણચંદસુરિંદજી મનિ આસ તિ મોટા મહંત કિ—હું. ૩

સંવત સોલે સત્તરે પ્રથમણુ હુઈ પરમાણુ કિ,
જોધનયર માંહિ જાગતા આખે ઇણિવિધિ અહિઠાણુ.કિ. હું. ૪

* * * *

અંતે—

પરતો દીઠો પાસરે પરખિ નયણે આણું પૂર કિ,
કાપડહેડે તિણુ કિયો હરખૈ ઐસી રાસ હજૂર કિ. હું. ૪૧
ભવિક ભણઇ જે રાસ ભલ કાને વલિ સંભલૈ કલ્યાણુ કિ,
મનવંછિત સગલા ફલૈ હુવૈ નહી કિણુહી વિધ હાણુ કિ. હું, ૪૨
સંવત સોલ પચાણુવૈ રાજે શ્રી હરખ સૂરીસ કિ,
પાસતણા ગુણ પૂરિયા સવિહિં દયારતન સુસીસ, કિ. હું. ૪૩

નોટ—કાપડહેડા—જોધપુર રાજ્યમાં એક કાપરડા નામનું હાલ ગામ છે તે. ત્યાં સ્વયંભૂ પાર્શ્વનાથનું મંદિર સં. ૧૬૮૧ માં પૂરૂં થતાં પ્રતિષ્ઠા થઇ તેનું ટુંક વર્ણન આ રાસમાં છે. વધુ માટે જૂઓ એ. રા. સં. ભાગ ૩.

---

૨૬૮ રાજરત્ન ગણિ

(૫૧૫) નર્મદાસુન્દરી રાસ સં. ૧૬૯૫ માણેક.

---

૨૬૮ ક સુમતિસિંધુ (મતિકીર્તિ શિ૦)

ગોડી પાર્શ્વનાથ સ્ત૦ ૨૦ કડી સં. ૧૬૯૬ માહા શુદ ૮

આદિ—

પુરષાદેય ઉદયકર, શ્રી ગોડી પ્રભુ પાસ.

અંતે—

સંવત સોલ છયાણુવઈ, માહા હે આઠમિ દીહ ઉદારકિ,
ભેટવા હે ગોડી પાસજી દુખ મેટવા હે ભવના સંચ્યા હે પારકિ.

૧૭ ભે.

સેરીસઇ સંખેસરઇ ખંભ નયરઈ હે જાગઈ થંભણ પાસ કિ, ભે.
ગામ નગર પદ્દણ પુરઈ રહેવા પૂરઈ હે નિજ ભગતાની હે આસ
કિ, ભે. ૧૮

કલસ

ઇમ આસપુરઈ પાસ ગઉડી, સમરિઉ સાનિધિ કરઇ,
શુભ વાસ ખાસ નિવાસ આપઇ દૂખ દૂરઈ પરિહરઇ,
પાઠક મતિકીરતિ પ્રસાદઇ, સીસ સુમતિસિંધુર કહઈ
જે કરઈ જાત્રા ભલ્લઈ ભાવઇ, મનવંછિત ફલ તે લહઇ.　　૨૦

—લિખતં પં. દયાવર્દ્ધન ગણિવરાન્ સં, ૧૭૫૪ વર્ષે.

૧—૧૮ મારી પાસે છે.

મતિકીર્ત્તિ માટે જુઓ નં. ૨૭૧ પૃ. ૫૭૭.

---

૨૬૯ કલ્યાણ (કડવા ગચ્છની આઠમી પાટે તેજપાલનો શિ.)

(૫૧૬) વાસુપૂજ્ય મનોરમ ફાગ સં. ૧૬૯૬ માહ શુ. ૮ સોમ.
થિરપુર-થરાદમાં.

આદિ—

સરસ્વતીં નમસ્કૃત્ય, પ્રણમ્ય સદ્ગુરૂનપિ,
વક્ષ્યે મનોરમં ફાગં, વાસુપૂજ્યજિનસ્ય ચ.　　સ. ૧

ઢાલ ૧ પ્રથમ અઢીયા.

પ્રણમીઅ જિન ચઉવીસ, પાય નમાડીઅ સીસ.
વાસપૂજ્ય જિનતણઉએ, ફાગ રલીઆમણઉઅ,
ફાગુ તે ફાગુણમાસિ, લોક તે રમઈ ઉહલાસિ,
રામતિ નવનવીએ, કિમ જાઇ વર્ણવીએ.　　૨
બાંધઈ કરમની કોડિ, ન સકઇ કાંઇ વછોડિ,
તે રામતિ કસી એ, રાગમતિ જસ વસીએ.　　૩
થિન થિન શ્રી વાસપૂજય, ફાગ રમતઇથી રમ્ય,
સંજિમ આદરઇએ શિવરમણી વરઈ એ.　　૪

ત્રિણુ ભવની સુણુઇ વાત, તીરથપતિ થયા વિખ્યાત,
સહુકો સાંભલઉએ, મૂંકી આમલઉએ, ૫

× × × ×

અંતે—

ચઉવિહ સંઘશ્રી વાસપૂજ્યનઉ, દીઉ સેવકનઇ કલ્યાણ. ૯
જિનચંદસૂરિ જગિ રાજીઉ, નમિઈ સદા નવાંનધિ,
સોલસતાણુઉંઈ અમર થાસઈ, એક ભવિઇ લહઇસઇ સિદ્ધિ. ૧૦
જિનવલ્લભ તસુ પાટિ હોસઇ, સતર સતાવીસ માંન,
અનુક્રમિઇ પાટ તે ચાલશઈ, જાવ દુપ્પસહ યુગહપ્રધાન. ૧૧
સોલછન્નૂ માઘમાસે સુદિ અષ્ટમી સોમવાર
મનોરમ ફાગ વાસ પૂજ્યનઉ સેવક કલ્યાણકાર. ૧૨
ગણુ લઘુ મહાવીર પસાદિઈ, થિરપુર કીઉ ઉછાહઇ,
કુટુકગચ્છ સદા દીપાયા, ચંદ સૂર જિહાં જગમાહઇ. ૧૩

—ગ્રંથાગ્રશ્લોક ૩૭૬ અક્ષર ૧૫ અક્ષર ગણુનાઇ. છ. સં. ૧૮૮૯ પોસ માસે સુદ્ધપક્ષે તિથિ ૮ રવિવાસરે શ્રી વિરમગ્રામ મધ્યે. ૨૦-૧૧ સેં. લા. વડો. નં. ૫૩૨૨

(૫૧૭) અમર ગુપ્ત ચરિત્ર. સં. ૧૬૯૭ પોશ સુ. ૧૩ ભોમ. અમદાવાદમાં.

આદિ—

ઋષભાદિક ચઉવીસ જિન, નામિઇ નિત્ય નિત્ય રંગ,
વૈર વિરોધ ને પરિહરઉ, સંભલી અમરતરંગ. ૧
વૈર ન કીજઇ ભવીકજન, વૈરઈ વૈર વિવૃધિ,
સુંદર સુરપ્રીયની પરઇ, મૂકઉ સુણી સંબંધ. ૨
એક પખુઇ ભલઉ નહી, તેથી દુખ અપાર,
સમરાદિત્ય શ્રી પાસનઉ, ચિત્ત ધારઉ અધિકાર. ૩
એક પખા વૈરોપરી, ગ્રથમાહઈ પ્રબંધ,
તેર ભવંતર વરિતવર, સુણુગે તેહ સંબંધ. ૪

અમરગુપ્ત તે કિહાં હવઉ, કિમ લહી કેવલરિધ,
સકલ કરમ નિરમુક્ત થઈ, સણુ પામી જિમ સિદ્ધિ. ૫

* * * *

અંતે—

કડુકગચ્છિ સાહ કડુઉનાયક, **ષીમ વીર** જીવરાજજી,
તેજપાલ રત્નપાલ જિણુદાસો, જેહની કીરતિ આજજી,
અષ્ટમા પાટિઇં સાહ **તેજપાલો**, પંડિતમા શરદારજી,
તાસ સીસ તે સહુ કો જાણુઈ, સેવક કલ્યાણકારજી. ૨
પોસમાસ નઈ **સોલ સત્તાણું** (૧૬૯૭) સુદિ તેરસિ ભોમવારજી,
અમરતરંગ કીઉ મનિરંગઈ, સુખસંપદ તારજી,
અમદાવાદ હબતપુર માહઈ, ચંદ્રપ્રભુ પસાયજી,
કડુકગણુ સદા જયવંતુ, સેવેં કલાણુ થાયજી. ૩

—વિ. ધ. ૨૪-૧૧; અમ૦

૨૭૦ વિવેકચંદ્ર (ગુણુચંદ્ર ગણિ શિ.)

(૫૧૮) સુરપાળનો રાસ. સં. ૧૬૯૭ પોસ શુ. ૧૫ ૬૦૦ શ્લો.—રત્ન૦

૨૭૧ મતિકીર્ત્તિ (ખ. જયસોમઉ-ગુણુવિનય શિ)

(૫૧૯) ધર્મબુદ્ધિ મંત્રીશ્વર ચોપઈ સં. ૧૬૯૭ રાજનગરમાં

આદિ—

આણી આણુદ અંગમઇ, પણુમિ **પાસ** જિણુંદ,
ફલદાઇ ફલવધિપુરઇ, કલિયુગિ સુરતરૂકંદ. ૧
વચન સુધારસ વરસતી, શ્રુતદેવી સુખકાર,
મનિ ધરિ મધુર વચન સુણી, ચરિત કહિસ સુવિચાર. ૨

કુશલકરણ જિનકુશલ ગુરૂ, વિઘન વિડારણ વીર,
સુખઈ મન નિત સમરતાં, ભલઇ કરઈ પ્રભુ ભીર. ૩
છોકર ઘર છણુહામણા, કમલા કરઇ કલોલ,
પુણ્ય પસાયઇ પામીયે રાજરિદ્ધિ રંગરોલ. ૪
નિસારયણ જિમ નિરમલઉ, જસ લહીયઇ જગમાંહિ,
બલ પામીજૈ અતિ પ્રબલ, બાહુબલિ જિમ બાંહિ. ૫
ચતુરાઇ અતિ ચતુરનર, ચિત ચોરણ ચોસાલ,
સહજઇ સુંદર સંપજઈ, સોહગસિર સુવિસાલ. ૬
ચિંતામણિ જિમ ચિતતણી, ચિંતા ચૂરણહાર,
સુરતરૂ જિમ સુખ ઘૈ સદા, ધરમ કીઉ નિરધાર. ૭

× × × ×

અંતે—

સંવત મુનિ નિધિ રસ સસિ વરસઇ,
એ સંબંધ રચ્યો મન હરસઈ
રાજનગરિ સપદ ભરિ સરસઇ, જસુ શોભા ગુકુણપુર ફરસઇ,
પાપતણી મતિ દૂરઇ કરિસઈ, સંગ કુસંગ તિનઉ પરિહરસઈ,
પુણ્યતણુઉ ફલ સુખિ મનિ ધરસઈ, મતિસાગર જિમ તે સુખ
વરિસઇ-૫
પુણ્યતણુઉ ફલ જેહ ન માનઈ, મોહ મલિન મતિ આપ ગુમાનઇ,
ઉચ નીચ ગતિ મઈ બહુથાનઈ, દુખ લહઈસિહઈ નરતેહ અગાનઈ.૬
પાછઇ ઇમિત્રાવિક કહણુઇ, રાજરિદ્ધ સંપદ સુખ ન હણુઇ,
કારણ ધરમ ધરઇ મનમાહઈ, શ્રી જિતારિ જિમ તે સુખ સાહઇ. ૭
શ્રી જિનરાજસૂરિ ગુરરાજઇ, ગુરૂ અતિસયઇ કરિ છે જગિ બાજઈ,
દેસન સમય જલદ જિમ ગાજઇ, સંસય સકલ તુરત જે ભાજઇ.૮
ઉવઝાય શ્રી જયસોમ જતીસ, ધરઈ આણ નરવર જસુ સીસિ,
તાસુ સીસ પાઠક પદધારી, શ્રી ગુણવિનય સુગુણ ભંડાર. ૯

શ્રવણિ સુણી સરસીજુ વાણી, હિતસુખ શિવકર નિજ મનિ આણી,
સુધા પ્રતિબુધા ભવિ પ્રાણી, ધર્યો ધરમ અનુપમ ગુણખાણી, ૧૦
તાસુ સીસ શ્રી મતિકીરતિ એહ, પ્રભણ્યઉ ચરિત સંપદ ગુણગેહ,
ભણુઈ ગુણુઇ નિસુણુઇ ભવિ જેહ, ધરમ મરમ પામઇ જગિ તેહ ૧૧
શ્રી જિનદત્ત સૂરિશ્વર સદઇ, અવિજલ જય પામઇ વરવાદઈ,
શ્રી જિનકુશલસૂરિ સાનિધ્યઇ, સુખી હુવઇ વધતી રિદ્ધિ વૃદ્ધઇ. ૧૨

—સં. ૧૭૮૧ મિગસિર શુકલ દ્વાદશી તિથૌ ચંદ્ર વારે શ્રી અજીમગંજ મધ્યે લિ. પં. રંગપ્રમોદ મુનિના ૧૩—૧૪ પો.

ગુણવિનય માટે જુઓ આની અગાઉ.

---

૨૭૨ દેવચંદ્ર બીજા (ત. સકલચંદઉ–સૂરચંદ–ભાનુચંદ શિ૦)

(૫૨૦) નવતત્ત્વ ચોપાઈ.

અંતે—

સુવિહિત સાધુતણો શૃંગાર, શ્રી **વિજયદેવસૂરિ** ગણધાર,
તાસ પાટે પ્રગટયો સૂરિસિંહ, **વિજયસિંહસૂરિ** રાખી લીહ. ૩૩
ગુરૂ શ્રી **સકલચંદ** ઉવઝાય, **સૂરચંદ** પંડિત કવિરાય,
ભાનુચંદ વાચક જગચંદ, તાસ સીસ કહે **દેવચંદ**. ૩૪
એ ચોપઇ રચી કરજોડ, કવિતા કોઇ મ દેજો ખોડ,
અધિકો ઓછો સોધી જોડી, ભણતાં ગુણતાં સંપતિ કોડ. ૩૫

(૫૨૧) પૃથ્વીચંદ્ર સં. ૧૬૮૬ ખં. ૧ રત્ન.

(વિજયસિંહસૂરિ–આચાર્ય ખ. ૬ સં. ૧૬૮૪ ને સ્વર્ગવાસ સં. ૧૭૦૯.)

સૌભાગ્ય પંચમી સ્તુતિ.

(૫૨૨)+ શત્રુંજય તીર્થ પરિપાટી. સં. ૧૬૯૫

આદિ—

સકલ સભારંજન કલા, દિઓ **સરસતિ** વરદાનોજી,
શ્રી **વિમલાચલ** સ્તવન ભણું, પામી શ્રી ગુરૂમાનોજી. ૧

આવો શેત્રુંજયઈ, ચઢીય નવાણુ વારોજી
મનમાં ઉલટ અતિ ઘણો, હઈડે હર્ષ અપારોજી. આવો૦ ૨
ઉમાહો મનમાહિ ઘણો, કરસ્યું ચૈત્ર પ્રવાડયોજી,
શ્રી શેત્રુંજય ભાવસું, લાગી મનહરૂ હારોજી. આવો૦ ૩
સંવત સોલ પંચાણુયેં, ઈડર રહી ચોમાસોજી
યાત્રા કરવા સંચર્યા, શુભ દિવસ શુભ માસોજી. આવો૦ ૪

× × × ×

અંતે—

પાલીતાણાથી ચાલીયાએ મા૦, કરતા પંથ પ્રયાણ,
કુશલે રાજનગર ગયા એ મા૦ કીધાં કોડિ કલ્યાણ. સુ. ૯
ભણેં ગણેં નેં સાંભલેં એ મા૦ એહ તવન જે જાંણ,
ઘરિ બેઠાં યાત્રાતણો એ મા૦ ફલ પાંમઈ સુવિહાણ. સુ. ૧૦
શ્રી તપગછપતિ ગુણનિલો એ મા૦ શ્રી વિજયદેવ સૂરીંદ,
જાંણે જગિં ઉદયો સહી એ મા૦ મૂરતિવંતો ચંદ. સુ. ૧૧
સાહ થિરા નંદનવરૂ એ મા૦ મોહન વલી કંદ
જે સેવઈ ભાવઈ કરી એ મા૦ તસ ઘરિ નિત્ય આણંદ. સુ. ૧૨
શ્રી વિજયદેવસૂરિ પાટિં ગયો એ મા૦ શ્રી વિજયસિંહ સૂરિરાય,
જેહનેં પ્રણમેં નિત પ્રતિં એ મા૦ સુરનર ભૂપતિ પાય. સુ. ૧૩
સીસ વાચક ભાનુંચંદનો એ મા૦ માગઈ દેવચંદ દેવ
વલી વલી મુઝનેં આલયો એ મા૦ શેત્રુંજય કેરી સેવ. સુ. ૧૪

કલસ.

ગુરૂશ્રી હીરવિજયસૂરિ પસાયેં શ્રી ભાનુચંદ ઉવઝાયા
કાસમીર અકબરસા પાસઈ શેત્રુંજય દાણ છુરાયા
તાસ સીસ દેવચંદ કહેં એ ગિર ગિરનો રાયા,
ભેટયો ભાવ ધરી એ તીરથ, મનવંછિત સુખદાયા
આજ મનવાંછિત સુખ પાયા. ૧૫

—સંવત્ ૧૭૬૯ વર્ષે પં. દાનચંદ્રેણ લિષતં પત્તનનગરે. પ્ર૦ પ્રાચીનતીર્થમાળા પૃ. ૩૮–૪૭.

(આમાંથી સ્પષ્ટ છે કે કવિએ શેત્રુંજયની યાત્રા સં. ૧૬૯૫ ના મહાવદિ ૧૪ ને ગુરૂવારે કરી. ૧૬૯૫ નું ચોમાસું ઇડરમાં કરીને યાત્રાર્થે નીકળી રીચોટ (રીચોદ), વલ્લાસણ, વડનગર, વીસનગર, સિવાલા (સાઉલા), મહેસાણા, અમદાવાદ અને પાલીતાણા આવ્યા. પછી અમદાવાદ ગયા. કવિના ગુરૂ ભાનુચંદ્ર અકબરની ધર્મસભાના ૧૪૦ મા નંબરના (પાંચમી શ્રેણીના) સભાસદ પ્રસિદ્ધ છે. તે અને તેમના શિષ્ય સિદ્ધિચંદ્ર બને અકબર પાસે રહી પોતાની વિદ્વત્તાથી બાદશાહની પ્રીત્તિ સંપાદન કરી હતી. અને તે બંનેએ કાદંબરી પર સુંદર સંસ્કૃત ટીકા રચી છે. બાદશાહ સૂર્યનાં હજાર નામો સાંભળતો હતો. તે માટે ભાનુચંદ્રે સૂર્યસહસ્રનામ સ્તોત્ર રચ્યું હતું. ઇ. સ. ૧૫૯૩ માં (સં. ૧૬૪૮) તેણે સમ્રાટ્ અકબર પાસેથી પાલીતાણાના શત્રુંજય તીર્થના યાત્રાળુઓ ઉપરથી કર ઉઠાવી લેવાનું ફર્માન જારી કરાવ્યું હતું અને એ પણ આજ્ઞા પ્રાપ્ત કરી હતી કે સર્વ જૈનોનાં પવિત્ર સ્થાનો હીરવિજયસૂરિને હવાલે કરી આપવા. સંભવતઃ ભાનુચંદ્ર તેના દરબારમાં બાદશાહના મૃત્યુ સુધી (ઈ. સ. ૧૬૦૫) સુધી રહ્યા હતા.

સકલચંદ્ર ઉપાધ્યાય માટે આની અગાઉ જુઓ.

---

૨૭૩ ભાવવિજય (ત. વિમલહર્ષ ઉ. શિ. મુનિવિમલ શિ.)

(૫૨૩) ધ્યાનસ્વરૂપ (નિરૂપણ) ચોપાઈ સં. ૧૬૯૬ ચૈત્ર વદિ ૧૦, રવિ ખંભાતમાં.

આદિ—

સકલ જિનેસર પાય વંદેવિ, સમરી માતા શારદ દેવિ,
ધ્યાનતણો હું કરૂં વિચાર, શ્રી જિનવચનતણેં અનુસારિ. ૧
જીવ તણો જે થિર પરિણામ, કહિઇ ધ્યાન તેહનું નામ,
તેહે તણા છે ચ્યાર પ્રકાર, દોય અશુભ દોય શુભ મનિ ધાર. ૨

* * * * *

અંતે—

શ્રી તપાગચ્છ સોહાકરો ગણધરો, શ્રી હીરવિજયો ગુરૂ યુગપ્રધાનો,
દેશના જસ સુણી શાહિ અકબ્બર ગુણી, ધર્મકામઈ થયો સાવધાનો. ૯
તાસ પાટઈં વિજયસેન સૂરીસરૂ, શ્રી વિજયતિલક સૂરિ તાસ પાટઈં
તાસ પાટઈં વિજયાણુંદ સૂરીસરૂ, વિજયવંતો સદા ધર્મ માટઈં, ૧૦
શ્રી વિમલહર્ષ ઉવજઝાયશ્રી મુનિવિમલ સકલ વાચક શિરોમણિ વિરાજઈ,
સીસ તસ ભાવવિજયો ભણઇ સેવીઇએ ધ્યાન સુરતરૂ સદા સિદ્ધિકાજઇં ૧૧
વર્ષ ધર નિધિ સુધારૂચિકલા વછરઇ ૧૬૯૬ ચૈત્ર વદિ દસમિ રવિવાર સંગઇ,
ધ્યાન અધિકાર અવિકાર સુખકારણા, ખંભ નયરિ રચ્યો ચિત્ત રંગઇં. ૧૨
ધ્યાન સુવિચાર ઇમ મનિ ધરી ભવિજના અશુભ છંડી વિમલધ્યાન સેવો
જેહથી દુખ ટલઇ સયલ વંછિત ફલઈ આપીઇં મુગતિ સુખ સખરસેવો. ૧૩
—ધ્યાન સુવિચાર ઇમ મન ધરિ ભવિજના.

—ઇતિ ધ્યાનસ્વરૂપ ગાથા સર્વ થઇ ૬૩ ગ્રંથાગ્રં ૨૮૫ પાનાં ૧૭ દા. ૪૮ હાલાભાઈ ભંડાર પાટણ.

પ્ર. કા. (વિ. ધ.)

શાંતિજિન સ્તo

(કલશ) ઇમ શાંત પાલક શાંતિ સુહકર, શુણ્યો શાંતિ જિણેસરો,
શ્રી કુહેલવાડા નયર મંડણ, કર્મપંક દિવાકરો,
જગજંતુનાયક મુગતિદાયક કામસાયક શંકરો,
ઉવઝાય શ્રી મુનિવિમલ સેવક ભાવ સુખ સંતતિ કરો, ૨૧

શંખેશ્વર પાર્શ્વનાથ સ્તo

(કલશ) ઇતિ દુખ્ખવારક સુખકારક શ્રી શંખેસર જિનવરૂ
મઇં થુણ્યો ભગતિં આપસગતિં ભવિઅ વંછિય સુરતરૂ,
ઉવઝાય વિમલહરખ સોહઈ સુકૃત ભૂરૂહ જલધરો,
ઉવઝાય શ્રી મુનિવિમલ સેવક ભાવવિજય જયંકરો.

(પ્ર. ૩ પ્ર. કા.)

૨૭૩ ક કનકકુશળ (જુઓ કનકસુંદર.)

(૫૨૩ ક) ? હરિશ્ચંદ્ર રાજાનો રાસ. સં. ૧૬૯૭

સૌભાગ્યપંચમી માહાત્મ્ય વિષયે તેણે વરદત્તગુણમંજરી કથા સંસ્કૃતમાં રચી છે, તેની પ્રશસ્તિ એ છે કે:—**श्रीमत्तपगगनांगन द्विनमणि विजयसेन सूरीणां शिष्याणुना कथेयं विनिर्मिता कनककुशलेन ५० बुद्ध पद्मविजय गणिभिः प्रवरै लाभादि- विजयगणिभिश्च संशोधिता कथेयं भूतेषु रसेंदु मित वर्षे. (१६५५)** (૬-૧૩ આગ્રાભંડાર.)

શોભનમુનિની સં. શોભનસ્તુતિઓપર કનકકુશળે સંસ્કૃતમાં ટીકા પણ રચી છે. સંસ્કૃતમાં પંચમી સ્તુતિ (શ્રી નેમિઃ પંચરૂપત્રિદશ પતિ- કૃત પ્રાજ્યજન્માભિષેકઃ એથી શરૂ થતી ૪ શ્લોકની) પર વૃત્તિ સં. ૧૬૫૨ માં રચી છે.

---

૨૭૪ કનકસુંદર (૨) (ભાવડગચ્છ મહેશજી ઉપાધ્યાયશિ.)

(૫૨૪)+ હરિશ્ચંદ્ર રાજાનો રાસ. સં. ૧૬૯૭ શ્રાવણ શુ. ૫ મરૂ- ધરના સોજત શહેરમાં.

આદિ—

પાસ જિનેસર પાય નમી, થંભણપુર થિરવાસ,
જુગ જુગમાંહે દીપતો,પૂરે વાંછિત આશ. ૧

આદિ લખે કુણ એહની, વર્ષ ઇગ્યારે લક્ષ,
વરુણ પશ્ચિમ દેવતા, કીધી પૂજ પ્રત્યક્ષ.
(પશ્ચિમપતિ નામે વરણ, કીધી સેવ પ્રત્યક્ષ—પાઠાં.) ૨

એંસી સહસ વર્ષ અચલ, સેવા કીધી સાર,
વાસુક વિષ હરતા હરિ, પ્રભુ પાતાલ મઝાર. ૩

* * * *

અંતે—

મરૂધર દેશ મહીપતિ, જશવંત સબલી હાક,
સોઝત શહેર સોહામણો, નવકોટીનું નાક. ચં. ૬

આવડગચ્છ ગુરૂ સાધુજી, સાધુ ગુણે ભંડાર,
શિષ્ય પટોધર તેહના, શીલવંત સુવિચાર. ચં. ૭

ઉપાધ્યાય મહેશજી, ગુરૂ ગૌતમ અવતાર,
મુનિવર મહોટા માહાજને, આગમજ્ઞાન અપાર. ચં. ૮

કનકસુંદર શિષ્ય તેહનો, ગાયો એહ પ્રબંધ,
શ્રી હરિચંદ નરિંદનો, શાંતિનાથ સંબંધ. ચં. ૯

નવરસ ભેદ જૂજુઆ, ઢાલ એગુણચાલીસ,
ભાવભેદ બહુ ભાતના, વિધિશું વિશ્વાવીશ. ચં. ૧૦

સંવત સોળ સત્તાણુવે, શુદ્ધ પક્ષ શ્રાવણમાસ,
પંચમી તિથિ પૂરો હુઉ, શ્રી હરિચંદનો રાસ. ચં. ૧૧

(દૂહા) ગાથા સાડીસાતશેં તિણુ ઉપર ઇગતીસ, (ત્રિસવીસ)
સાંભળતાં શ્રી સંઘને પૂગે આશ જગદીશ.

(પ્ર૦ ભીમશી માણેક)

—સં. ૧૮૩૩ કા૦ શુ. ૧૨ શુક્રે શ્રી સવાઈજયપુર મધ્યે શ્રી અંચલગચ્છેશ ભટ્ટારકજી શ્રી કીર્ત્તિસાગરસૂરીશ્વરજી તસ્યાદેશકારી વા. શ્રી ખિમારાજજી શિ૦ પં. જ્ઞાનરાજ લિ૦ દેવાનંદશિષા ગોત્રેશ્યાંણે શા વોહરાં અવટંકે સંઘવી દીવાન માણકચંદ દેવજી જીવરાજ દીવાન ગુલાબચંદ નિહાલચંદ ચંદપભ ભગવાન રાજેર્બિ શ્રી મહારાજધિરાજ મહારાજા સવાઇ પૃથ્વીસિંઘજી વિજયરાજ્યે કછવાહ વંશે રઘુવંશીય.

૧૨—૧૫ ઘો.

—૧૫-૧૯ માં૦ જૂની પ્રત છે.

૨૭૫ દેવરત્ન (૧) (ખ૦ જિનભદ્રસૂરિ–દયાકમળ–શિવનંદન–દેવકીર્ત્તિ શિ.)

(૫૨૫) શીલવતી ચોપાઈ. સં. ૧૬૯૮ કાર્ત્તિક વાલસીસરમાં.

અંતે—

સંવત **સોલઅઠાણુ કાતી** સમેરે, **વાલસીસ** (સર) નયર મઝારી,
સીલવતીની કીધી ચોપઇરે, સીલતણે અધિકારી
શ્રી ખરતરગચ્છ નાયક સોહતારે, શ્રી જિનરાજ સૂરીસ,
કુમતિગજભંજન કેસરીરે, પ્રતપો કોડી વરિસ.
શાખા શ્રી જિનભદ્રસૂરિનીરે, જાણે સહૂ સંસાર
વાચક શ્રી દયાકમળ ગણિવરૂરે, ગુણમણિરયણભંડાર.
તાસુ સીસ સિવનંદન ગણિરે, વાચક દેવકીરતિ ગણિંદ
મહિયલમાં જીવો ચિર લગેરે, જાં લગે છે રવિચંદ.
તાસુ સીસ લવલેસે ઉપદિશેરે, દેવરતન કહે એમ,
ખંડ ત્રીજે ને ઢાલ ધન્યાસીરીરે, ચઢી પરિણામે તેમ.
સતીય ચરિત્ર સાંભલતાં ભણતાં છતાં રે હુઈ આણંદ રંગરોલ,
દેવરતન કહઇ તેહને સંપજઇરે, લખિમી તણા કલ્લોલ.

(૧૬ પત્ર પ્ર. કા.) વિધા૦ માણેક. ભાવ.

—સંવત્ ૧૭૨૫ ચૈત્ર સુદિ ૨ યાં શ્રીમલ્લપુરે (ઉદયપુર ભં.)
—પા. ૧૭ પ્રે. ૨.

---

૨૭૬ ધર્મસિંહ (૧) (લું.)

(૫૨૬) શિવજી આચાર્ય રાસ. (ઐ. મોહનવેલિ) સં. ૧૬૯૭ શ્રાવણ શુ. ૧૫ ઉદયપુરમાં.

આદિ—

શ્રી મહાવીર મુગતિગયા પીછિ, વરસ દોઇહિજાર,
રૂપિ ઋષિ આચાર્ય પ્રગટયા, કરવા પર ઉપગાર. ૪

સાર સિદ્ધાંતપરૂપક ઉદયા, તસ પાટિ જીવરાજ,
તસ પાટિ કુંયરજી ગણિવર, વરનીર્મલ જસ લાજ. ૫
જન મનમોહન શ્રીમલજી, તસપાટિં રતનઋષિરાય,
નારિ સહિત સંયમ જેણિ લીનો, મહીયલ જસ મહીમાય. ૬
મહિમાવંત તસ પાટિ અલંકૃત, કેશવજી ગુણવંત,
તસ પાટિ ઋષિરાય મહામુનિ, શ્રી શિવજી જયવંત. ૭
સુરતરૂ ચંદનકનક મોહનમણિ, એ પંચિ ગુણ ઋષિરાય,
વસ્તુ વાસ શોભા વૃદ્ધિ વંછિત ફલ સકલ સુખદાય. ૮
સુખદાયક શિવજીતણિ ગાઉ, રાસ રસીક કરિ રંગ,
ઢાલ વિશાલ પ્રથમ આખ્યાંનિ, કહિં મુનિ ધર્મસંઘ

૨૫ ઢાલ.

લી. ૧૬૯૬ વર્ષે જ્યેષ્ઠ શુદિ (પાટણમાં-ધર્મસંગ ધર્મસિંહ કૃત શીળકુમાર રાસ અથવા મોહનવેલિ રાસની પ્રતિ છે તેજ આ રાસ જણાય છે તેમાં નયનંદનરસ ચંદ સંવસરા શ્રાવણ સુદિ ૧૫એ સંવત્સર રચ્યાનો આપ્યો છે ને રચ્યાસ્થાન ઉદેપુર જણાવેલું છે.

—પાટણ ભં.

+ ૫૬ સાધુની સઝાય પૃ. ૧૯૯ સ. મા.

+ સામાયિક ૪૦૭ જૈ. પ્ર.

+ સઝાય ૩૨૪ સ. મા. ભી.

---

૨૭૭ કીર્ત્તિવર્દ્ધન.

(૫૨૭) સુદયવત્સ (સદેવંત) સાવલિંગા રાસ. (લ૦ સં. ૧૬૯૭)

---

૨૭૮ જ્ઞાનચંદ.

(૫૨૮) પ્રદેશી રાજાનો રાસ. લ. સં. ૧૬૯૮ તેથી તે પહેલાં.

આદિ—

પ્રણમી શ્રી અરિહંત પય, સમરી સિદ્ધ અનંત
આચારિજ્જ ઉવઝાય ધવલિ, સાધુ સહૂ ભગવંત. ૧
શાસનનાયક સલહીયઇં વરદાઇ પ્રધમાન,
ગુરૂ ગૌતમગુણ ગાઇયે દાયક વંછિત દાન. ૨
ધર્મ્માચારજ્જ ધર્મગુરૂ મન ધરી સુધર્મ સામી,
જંબૂ પ્રમુખ મહાજતી, સમરી શ્રુત શુભનામ ૩
બીયોવંગે બુઝવ્યા, રાયપાસણી રંગ
પરદેશી રાજા પ્રવર સદ્ગુરૂ કેશી સંગ. ૪
રચના તે અધિકારની, રચવા મુઝ મનિરંગ,
પિણ મનવંછિત પૂરવા, સૂધો સદ્ગુરૂ લાગ. ૫

* * * *

અંતે—

ઢાલ ૪૧ રાગ ધન્યાસિરિ.

રાયપસેણી બીયો ઉપાંગથી, ઉદ્ધરી એ અધિકાર
પરદેસીય પ્રરબોધ મઇ એ રચ્યો રંગસું પ્રશ્નોત્તર વિસ્તાર. ૭૮
જગત્રગુરૂ શ્રી દયાધરમ જયકાર, પામીયે ભવતણો પાર,
જગત્રગુરૂ સમકિત શુદ્ધ આધાર, જ૦ આંકણી.

ગહન અરથ છે શ્રી પ્રવચન તણો, જાણીયે કેણ ઉપાય
આપણી બુદ્ધિ કરિ કેલવી જે કહ્યો, સાખીય શ્રી જિનરાય. ૭૯

* * * *

ધન્ય શાસન મહાવીરનો સેવીયે, જિહાં રહ્યા એ અધિકાર,
કહે જ્ઞાનચંદ ઇમ સદ્ગુરૂ સેવતાં પામીયે શિવ સુખસાર. ૮૧

—લી. ૧૬૯૮ પોસ શુ. ૭ ભોમ. ગ્રંથાગ્ર ૮૦૦—પા. ૩૭—૧૧

—લી. ૧૭૯૯ પોસ વ. ૬ ભોમ—ભુજનગરે. ૧૭—૧૭ રાજકોટ પૂ૦ અ૦ પ્ર૦ કા, ભા૦

(૫૨૯) શીલપ્રકાશ. —જેસ૦

---

૨૭૯ ત્રિકમમુનિ. (નાગોરગચ્છી આસકર્ણ—વણવીર શિ૦)

(૫૩૦) રૂપચંદ ઋષિનો રાસ. (ઐ૦) સં. ૧૬૫૯ ભાદ્ર. વ. ૩ બુધ અકબરપુરમાં.

આદિ—

આસા રાગે દોહા

મહાવીર ત્રિભુવનધણી, કેવલન્યાન પડૂર
સેવ કરઇ સુરનર સદા, પુરઇ વંછિત પૂર. ૧
તાસ સીસ ગણધર નમું, શ્રી ગોતમ મુનિરાજ,
અષ્ટ મહાસિધિ સંપજઇ, પૂરઈ વંછિત કાજ. ૨
વલિ પ્રણમી સદ્દગુરૂ સગુણ, સંસયભંજણહાર
રૂપચંદ રિષિ રાજનઉ, રસિક કહું અધિકાર. ૩

* * * *

અંતે—

હીરાગર રિષરાયારે હે સખી હી૦ નગર ઉજેણી સુરપદવી લહી હે,
વંદઇ જે નરનારિ હે સખી વં૦ ત્યાં ઘરિ દુખદોહગ આવઇ નહી હે. ૫
કરતા પંથ વિહાર હે સખી ક૦ પુન્યસંજોગઈ મહિમાં પધારિઆ હે,
લોક કહઇ સવકોઈ હે સખીલો. શ્રી આચારજ રૂપચંદ આવિઆ હે. ૬
દે ઉપદેસ અનુપ, સુધકમલ ધણજણ સમઝારીઆ હે,
અમૃતવાણિ રસાલ, ચ્યાર વરણ સુણિ અતિ સુખ પાવિયા હે, ૭

તેહીજ નગરમઝાર, અંતસમઇ અણસણ ક્રિયઉ હે,
શ્રી રૂપચંદ મુણિંદ, દેવવિમાણ અનોપમ પાવિયઉ હે. ૮
દેપાગર તસપાટ, વઇરાગર વઇરાગઈ પૂરીયઉ હે,
શ્રી મુનિવર વસ્તપાલ, શ્રી ગચ્છરાજ કલ્યાણ વધાવિયઉ હે. ૯
શ્રી ભઇરવ સુખકાર, નેમીદાસ ગચ્છાધિપ દીપતઉ હે,
શ્રી આચારજ એ, આસકરણ વાદી વડ દીપતઉહે, ૧૦
અનુક્રમિએ મુનિપાટ, કહીઆ મઇ કરી કીરતિ મન રલી હે,
સોભાગી સસનેહ, ભવિયણ વંદઉ દિન પ્રતિ વલિવલી હે. ૧૧
સંવત સોલનન્યાણું માસ વિરાજઈ ભાદવ સુખકર હે,
વરસઇ અતિ અસરાલ, કાંઠલિ બાંધિ ચિહુંદિસ મનહર હે. ૧૨
પક્ષ બહુલ તિથિ તીજ, શ્રી બુધવાર મહા મહિમાનિલઉહે,
અકબરપુર અભિરામ, મહિયલમંડણ નગર સિરાં તિલઉ હે. ૧૩
તેથ કિયઉ ચઉમાસ, શ્રી વણવીર સદ્‌ગુરૂ મહિમા રલીહે,
તાસ પ્રસાદઇ એહ, ગ્રંથ કિયઉ એ મન આસા ફલીહે. ૧૪
શ્રાવક વંસ સુરાણ, વીરદાસ ચતુર સોભા ઘણી હે,
તસ આગ્રહિ કરિ એહ, અધિક મહારસ કીધી મંડણી હે. ૧૫
સોરઠરાગ સુરંગ, ઢાલ ભણી એકાદસમી મુદાહે,
તીકમ જે નરનારિ, ગાવઈ તે મનવંછિત લહઇ સદા હે. ૧૬

—સર્વ ગાથા ૨૨૪ ઇતિશ્રી રૂપચંદ મંડણી સંપૂર્ણેતિ. સંવત ૧૬૯૯ વર્ષે મૃગસર માસે કૃષ્ણપક્ષે તૃતીય તિથૌ આદિત્યવારે અકબરપુર મહાનગરે. રિષ શ્રી પંચાયણજી લિખિતં. આતમપઠનાર્થં ૭–૧૪ સેં. લા. નં. ૨૦૮૦

(૫૩૧) અમરસેન ૧૬૯૮ વિદ્યા.

(૫૩૨) વંકચૂલનો રાસ. સં. ૧૭૦૬ ભાદરવા શુ. ૧૧ ગુરૂ. કીસનગઢમાં.

આદિ—

શ્રી રિસહેસર પય નમી, આદિ પુરૂષ પરધાન,
જિણ ચઉવીસી ઉપનો પ્રથમહિ કેવલજ્ઞાન. ૧

અંતે—

કેવલ પામ્યો નિરમલો, મૃ૦ પામી સિવ સુખ ઠામ હો,
ગછ નાગોરી દીપતા, મૃ૦ ગુરૂ ખેત્રસિંહ ગુણધાર હો.
મુનિ એમ ભણે કરજોડને, મૃ૦ તિકરણ સુધ પ્રણામ હો, ૧૨

—સં. ૧૭૬૩ વર્ષે, શાકે ૧૬૨૮ પ્રવર્ત્તમાને મેઘમાસે કૃષ્ણપક્ષે ષષ્ઠી તિથૌ સોમવાસરે. શ્રી વીકાનેર નગરે પં. ધર્મવિલાસ લિપીકૃતા. ૧-૧૪ મારી પાસે છે.

અનાથી સ૦ ૧૫ કડી સં. ૧૭૦૦ આઠમ દિને.

આદિ—

સરસતિ સાંમણિ તુઝ સમરંતાં, વાણી ઘઉ મહારાણી,
અનાથીરાય સઝાય ભણતાં, આખર આવે છે ઠાવકા,
રાજિંદ શ્રેણિક વંન સંચરિઉ. ૧

અંતે—

સંવત સતરે સૈ દિન આઠમિ, જેસી ખરખરી છાયાઈ,
એમ સહી સિઝાય પ્રકાસી, પજૂસણરી આ પાખી કિં.
રાજિંદ૦ ૧૫

—સં. ૧૮૯૦ વર્ષે મિતી ફાગુણ શુદિ ૧૦ દિને લિખતં પં. મૂર્ત્તિભક્તિ મુનિના. પૃ૪ ૧ ૧૬ પં. મારી પાસે છે.

---

૨૮૦ નયસાગર (આં. કલ્યાણસગિરસૂરિ–રત્નસાગર ઉ. શિ.)

(૫૩૩) ચૈત્યવંદન આઠ ઢાલનું સં. ૧૬૭૦ ને ૧૭૧૮ વચ્ચમાં.

અંતે— કલસ.

ઇમ ત્રિજગવંદન દુખનિકંદન સકલ જનમન સુંદરો,
સાસય અસાસય ચૈત્ય પડિમા થુણ્યો મઇં ઉલ્લટ ધરો,
વિધિપક્ષ ઉદયાચલ દિવાકર, શ્રી કલ્યાણસાગર સૂરીસરો,

તસ સીસ સુંદર સુગુણમંદિર, શ્રી રત્નસાગર ઉવઝાયરો,
તસ સીસ સાદર નયસાગર રચ્યો ચૈત્યવંદન વરો,

(પ્ર. કા.)

(૫૩૪) ચોવીશી.

અંતે—

શ્રી અંચલ ગણુ દિનમણી, શ્રી કલ્યાણુસાગર સૂરિરાય,
તાસ સીસ શોભાનિલો, શ્રી રતનસાગર ઉવઝાય કિ. ભેટયો. ૬
સીસ તાસ હરષિં રી, એહ કરી તવનની જોડિ
ઉવઝાય નયસાગર ભણુઇ, નિત ભણુતાં રે હોઇ મંગલીક,
કોડિ કિ-ભેટયો શ્રી મહાવીર. ૭

૫–૧૩. આ. ક.

(કલ્યાણુસાગર સૂરિ—આચાર્યપદ સં. ૧૬૪૯ અમદાવાદ, ગચ્છેશ-પદ ૧૬૭૦ માં પાટણુ, સ્વર્ગ. ૧૭૧૮ માં.)

---

૨૮૧ શુભવિજય (૧) (ત૦ કલ્યાણુવિજય શિ.)

(૫૩૫) મહાવીર ૨૭ ભવ-સ્તવન (સં. ૧૬૭૧ થી સં. ૧૭૧૩ ની વચમાં.)

આદિ—

વિમલ કમલ દલ લોઅણું, દીસઇ વદન પ્રસન,
આદર આણિ વીરજિન, વાંદી કરૂં સ્તવન. ૧

* * * * *

અંતે— કલશ.

શ્રી વીરપાટ પરંપરા ગત આણુંદવિમલ સૂરીસરો,
શ્રી વિજયદાન સૂરિ તાસ પાટિ હીરવિજયસૂરિ ગણુધરો,
શ્રી વિજયસેનસૂરિ તાસ પાટિ વિજયદેવસૂરિ હિતધરો,

શ્રી કલ્યાણવિજય ઉવઝાય પંડિત શ્રી શુભવિજય શિષ્ય જયકરો.
--સાગર ભં. પાટણ.)
પત્ર ૪ પ્ર. કા. લીં.

—૨૪ મા તીર્થંકર મહાવીર ૨૭ ભવસ્ત. સં. ૧૭૯૩ ફા. શુ. ૧૫ રવૌ દિને લિ૦ ૭-૧૧ આ. ક.

—એક શુભવિજયે (હીરવિજયસૂરિના શિષ્ય) તર્કભાષા વાર્તિક, કાવ્યકલ્પલતામકરંદ, સ્યાદ્વાદ ભાષાસૂત્ર, તે પરવૃત્તિ, કાવ્યકલ્પલતા પર વૃત્તિ, સેનપ્રશ્નનો સંગ્રહ આદિ ગ્રંથો રચ્યા છે. તે અને આ બંને એક હોવાનો સંભવ છે.

---

૨૮૧ ક ગુણવિજય (૩) (ત. વિજયાણંદસૂરિ-કુંઅરવિજય શિ.)

૫૩૫ ક ગુણમંજરી વરદત્ત-પંચમી (સૌભાગ્યપંચમી) સ્ત૦

આદિ— દેશી રસિયાની.

પ્રણમી પાસજિનેસર પ્રેમસ્યૂં, આણિ અતિ ઘણો નેહ, ચતુર નર૦
પંચમિ તપમાંહિ મહિમા ઘણો, કેહતાં સુણજો રે તેહ. ચતુર નર૦ ૧

* * * * *

અંતે— કલશ.

સકલ સુખકર સયલ દુખહર ગાઇઓ નેમિસરો
તપગછ રાજા વડ દિવાજા, શ્રી વિજયઆણંદસૂરીસરૂ,
તસ શિષ્ય પદમ પ્રાગ મધુકર કોવિદ કુઅરવિજય ગણી,
તસ શિષ્ય પંચમીતવન ભાખે શ્રી ગુણવિજય રંગે ગુણિ. ૪૯

--૨-૧૨ માં., ૩-૧૧ આ. ક., પ્ર. કા., અને મારી પાસે છે.

—સંવત ૧૯૧૭ અસાડ માસે કૃષ્ણપક્ષે તિથૌ ૬ ષષ્ટમ્યાં ભાનુવાસરે લિખિતં મુંબાઈ મધ્યે બ્રા. ચતુર્ભુજેણ. ૩-૧૨ અનંત.
(વિજયાણંદસૂરિ—આચાર્ય પદ સં. ૧૬૭૬ સ્વ. ૧૭૧૧.)

---

૨૮૨ ગુણહર્ષ (ત. વિજયદેવસૂરિ શિ.)

(૫૩૬) મહાવીર નિર્વાણ સ્તવન.

જિન તું નિરંજન સજનરંજન દુખભંજન દેવતા
દો સુખ સ્વામી મુક્તિગામી વીર તુજ પાએ સેવતા
તપગચ્છ ગયણ દિણંદ દશ દિશે દિપતો જગ જાણીયે
શ્રી હીરવિજયસૂરિંદ સહગુરૂ તાસ પાટ વખાણીએ
શ્રી વિજયસેન સૂરીશ સહગુરૂ શ્રી વિજયદેવ સૂરિશરૂ
જે જપે અહનિશે નામ જેહનું વર્ધમાન જિણેશરૂ.
નિર્વાણ તવન મહિમા ભવન વીરજિનનું જે ભણે
તે લહે લીલા લખધિ લક્ષ્મી શ્રી ગુણહર્ષ વધામણે.

ઢાલ ૧૦.—પા. ૮ પ્રે. ૨.

—શ્રી હીરરત્નસૂરિ શિ૦ ધનરત્નજી શિ૦ તેજરત્ન શિ૦ જોધરત્ન શિ૦ લાવણ્યરત્ન શિ૦ ગોવિંદરત્ને લીપિકૃત સં. ૧૮૬૧ શક ૧૭૨૬ જેષ્ટ માસ કૃષ્ણ પક્ષે પંચમ્યાં ચંદ્રવાસરે સાયલે ચોમાસું રહીને અજીતનાથ પ્રસાદાત્ ઝાલા શ્રીપ વિક્રમસંઘ રાજ્યે—જૈ. એ. ઇં. પાસેના ભંડારમાં.

(વિજયદેવસૂરિ આચાર્યપદ સં. ૧૬૫૮ પાટણ, ભટ્ટારકપદ ૧૬૭૧ સ્વ. ૧૭૧૩)

---

૨૮૩ કીર્ત્તિવિમલ (ત૦ વિજયવિમલ-લાલજી શિ.)

ચતુર્વિંશતિ જિનસ્તવન-વિજયદેવ વારે.

શ્રી વિજયવિમલ વિમલ વિબુધસીસ સિરોમણિ પંડિત લાલજી ગણિ વર

તસ સીસ પભણઈ કીર્તિવિમલ બુધ ઋષી મંગલ કરૂ.

(સા. ભ. પાટણ.)

(૫૩૭) ગંજસિંહ કુમાર-(ચં.)

૨૮૪ લક્ષ્મીવિમલ (કીર્તિવિમલ શિ.)

(૫૩૮) ચોવીસી.

આદિ—

તારક ઋષભજિનેસર તું મિલ્યો, પ્રત્યક્ષ પોત સમાન હો,
તારક જે તુઝનિ અવલંબિયા, તેણે લહું ઉત્તમ સ્થાન હો.
તારક૦ ૧

× × × ×

અંતે—

વીર ધીર શાસનપતિ સાચો, ગાતાં કોડિ કલ્યાંણ,
કીર્તિવિમલ પ્રભુ પરમ સોભાગી, લક્ષ્મી વાંણી પ્રમાણરે.
—ગ્રંથાગ્ર ૨૩૧-૧૨-૧૧ પ્ર. કા. નં. ૧૪૭.

---

૨૮૫ ભદ્રસેન (૧૬૭૫ લગભગ)

(૫૩૯) ચંદનમલયાગિરિ ચો૦ વિક્રમપુરમાં (વીકાનેરમાં) લ. સ. ૧૭૨૨ પહેલાં.

આદિ— દૂહા.

સ્વસ્તિ શ્રી વિક્રમપુરે, પ્રણમી શ્રી જગદીસ,
તનમન જીવન સુષકરણ, પૂરણ જગત જગીસ. ૧
વરદાયક વર સરસતી, મતિ વિસ્તારણ માત,
પ્રણમી મન ધર મોદસ્યું, હરણ વિઘ્ન સંતાપ. ૨
મમ ઉપગારી પરમગુરૂ, ગુણ અક્ષર દાતાર,
બંદી તાકે ચરણયુગ, ભદ્રસેન મુની સાર. ૩

કિહાં ચંદન કહાં મલયાગરી, કહાં સાયર કહાં નીર,
જિતું જિતું પડઇ અવધડી, તિઉં તિઉં સહઈ સરીર. ૪
પા૦ કહીઇં તાકી વારતા, સુનો સબે વરવીર.

× × × ×

અંતે—

દુષ ગયો મન સુષ ભયો, ભાગો વિરહ વિયોગ,
માતાપિતા સુત મિલતહી, ભયો અપુર્વ યોગ. ૧૯૫

ગાહા.

કથવિ ચંદનરાયા, કથવિ મલયાગરી,
મિતકથજઇ પુણ્યલહ હોઇ, તા સંજોવો હવઈ એચ. ૧૯૬

—ઇતિશ્રી ચંદન મલયાગરી તસ્સ સુત સાયર નીરકો પ્રબંધ કથાનક સંપૂર્ણ સંવત્ ૧૭૨૨ વર્ષે માગસિર વદિ ૭ રવૌ પૂજ્યજી ઋષિશ્રી ૫ તેજપાલજી તત્ શિષ્ય લિષતં મનોહર. શુભ શ્રાવિકા પુણ્ય-પ્રભાવ ગુરૂભક્ત બાઈ લછો પઠનાર્થે. ૬-૧૬ અનંત.

બીજી પ્રતમાં અંત ભાગ નીચે પ્રમાણે છેઃ-

અંતે—

રાજા બોલ્યો કયા કરૂં સોદાગરકું દંડ,
રાની બોલી છોરિ દો, હમ તુમ પ્રીત અખંડ. ૨૦૧
સોદાગર છોડયો તબેં, રાય રહો સુખચેન,
સપરિવાર સુખ ભોગવેં, જાંનિ ઇંદ્રિ મહિઅયન. ૨૦૨
જાય લઇ પુનિ નિજપુરી, મિલે સજન સબ લોગ,
ભદ્રસેન કહે પુણ્યતેં ભએ સુવંછિત ભોગ. ૨૦૩

—ઇતિ ચંદન મલયાગરી દૂહા સંપૂર્ણ, સં. ૧૮૧૨ વરષે માગ-શિર વદિ ૧૩ ભૃગુ વાસરે પં. શ્રી ભાણુવિજય લિ૦ સાધ્વી શ્રી દીપાંજી શિષ્યણી પ્રભાંજીકર્મે માહારાજપૂરે—૫—૧૯ ઘો.

(ભદ્રસેન નામના એક ખરતરગચ્છના સાધુનો ઉલ્લેખ શત્રુંજય પરના સં. ૧૬૭૫ માં ખ૦ જિનરાજસૂરિએ પ્રતિષ્ઠા કરેલા પ્રતિમા

લેખમાં છેવટે આ પ્રમાણે લખ્યું છે તેમાં મળી આવે છેઃ—આચાર્યશ્રી જિનસાગરસૂરિ શ્રી જયસોમ મહોપાધ્યાય શ્રી ગુણવિનયોપાધ્યાય (જુઓ નં. ૧૯૫ પૃ. ૩૨૬) શ્રી ધર્મનિધાનોપાધ્યાય પં. આનંદકીર્તિ સ્વલઘુ ભ્રાતૃ વા૦ ભદ્રસેન પં. રાજધીર પં. ભુવનરાજાદિ સત્પરિકરૈઃ—એટલે તે પ્રતિષ્ઠા વખતે તે હાજર હતા. તેજ ભદ્રસેન વાચક આ ભદ્રસેન હોવાનો સંભવ છે.)

૨૮૬ તેજચંદ (ઉપાધ્યાય સકલચંદ–લક્ષ્મીચન્દ–મુનિચંદ–વૃદ્ધિચંદ–માનચંદ શિ૦)

(૫૪૦) પુન્યસાર ચરિત્ર (ચોપાઈ)

વિજયદેવ વારે?—દશાડામાંહિ કોઠારી અમથાના આગ્રહથી પત્ર ૨૦ સા૦ ભં. પાટણ.

---

૨૮૭ ભીમમુનિ.

(૫૪૧) વૈકુંઠપંથ સં. ૧૬૯૯ આસો ૨ બુધ છીકારીમાં.

આદિ—

> વૈકુંઠપંથ બીહામણો, દોહિલો છે ઘાટ,
> આપણનો તિહાં કોઈ નહી જે દેખાડે વાટ. ૧
> માર્ગ વહે રે ઉતાવલો.
>
> × × × ×
>
> સુગુરૂ સુસાધુ વંદિયે, મંત્ર મોહોટો નવકાર,
> દેવ અરિહંતને પૂજીયેં, જેમ તરીયેં સંસાર. ૨૭
> શાલિભદ્ર સુખ ભોગવ્યાં, પાત્રતણે અધિકાર,
> ખીરખાંડ ધૃત વહોરાવીયાં, પોહોતા મુક્તિમઝાર. ૨૮

* * * *

અંતે—

ચોરાશી લખ જીવાજોનિમાં, ફિરિયા વાર અનંત,
મુનિ **ભીમ** ભણે અરિહંત જપો, જિમ પામો ભવઅંત. ૫૬
સંવત **સોલનવાણુયે**, બીજને બુધવાર
આસો માસેં ગાઇયો, છીકારી નગરી મઝાર. ૫૭
ભીમ ભણે સહુ સાંભલો, મત સંચો દામ,
જિમણે હાથે વાપરો, તો અહિ આવશે કામ. ૫૮
ભીમ ભણે સહુ સાંભલો, નવિ કીજે પાપ,
ઉછો અધિકો જે મેં કહ્યો, તે તમેં કરજો માફ.
માર્ગ વહે રે ઉતાવલો. ૫૯

—પૃ. ૪૦૩-૪૦૮ જૈ. પ્ર.

ગદ્યકૃતિઓ.

સત્તરમા સૈકામાં થયેલી ગદ્યકૃતિઓ પૈકી એકનો નમુનો નીચે પ્રમાણે આપીએ છીએઃ—

સહજકુશલે સિદ્ધાંત હુંડી-સિદ્ધાંત શ્રુત હુંડિકા જૈન અંગ ઉપાંગ આદિનાં પ્રમાણો ટાંકી ભાષાગદ્યમાં રચેલ છે.

આદિ—

નમિઊણ જિણવરાઈ, સુય વિયારેણ કિંચિ બુચ્છામિ,
જે સંસયંમિ પડિયા, ભવિયજીયા તંપિ બુચ્છેઉં. ૧

—શ્રી જિનાદિક પ્રતિમા નમસ્કાર કરી, સિદ્ધાંતનું શ્રુત વિચાર કાંઇએક બોલીઉં લિખું, ભવિક જીવ જે સંસઈ પડયા છઈ, તેહના સંદેહ છેદવાનઈ કાજઈ, જે શ્રુતસિદ્ધાંતસ્યું કહીઈ, અરિહંતના કહ્યા અર્થ, ગણધરના ગૂંથ્યા સૂત્ર, તેહના ભેદ શ્રી નંદીસૂત્ર થકી જાંણીઇ, તે આલાવઉં સંખેપઈ લિખીઈ છઈ, વિચારી જોયો.

અંતે—

ઇમ અનંતા જીવ દ્વાદશાંગી આરાધી મોક્ષ પહુતા, અનેક પુહચૈછઈ, અનંતા મુક્તિ જાસ્યઈ, ઇમિ જાંણી, સિદ્ધાંતની આશાતના ટાલી સૂત્ર સર્વ સદ્દહીઇં, સજ્ઝાયનું ઉદ્યમ કરિવઉ, એતલઈ તપની આરાધના, સંક્ષેપમાત્ર લિખી વલી વિશેષ સૂત્ર અર્થના ભાવ પ્રીછયો, અનઇ સૂત્રના અર્થ નિર્યુક્તિ વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પઇન્ના પ્રકરણ જે બહુશ્રુત—પરંપરાઈ માંનઇછિઇ, તે પુણ માનવા. તેહમાંહિ જે હેતુ કારણ ઉત્સર્ગ ઉપવાદ હુઈ તે સદૃહીઇં, કદાચિત્ત કર્મ્મયોગ ઊપરિ આસતા નાવઈ તો અપ્રાપ્તિ છઇ; બહુશ્રુત કનઇ અણસાંભલ્યઇ સ્વચ્છંદમતિઇં ઉથાપીઈ નહીં. અસંબદ્ધપણુઈ અવર્ણવાદ ન બોલીઈ. હેતુકારણ સૂત્રે ઘણાઈ દીસઈ છઈ. તે કિમ સદૃહીઈ છઈ. તિમ નિર્યુક્તાદિકના હેતુકારણ સદૃહીઇં. કદાચિત ન પ્રીછીઇ તો મધ્યસ્થ રહીઈ. બહુશ્રુત પૂછી ક્રાંમઇ પાડીઈ. પિણ એકાંતિં ઉથાપીઇં નહીં. ઘણૂં સ્યૂં લિખીઇં, થોડઈ લિખીઇ ઘણૂં પ્રીછયો. હિવઇ જે ધર્મ્માર્થીનિં સૂત્ર ટાલી બીજા સૂત્ર નિર્યુક્તિ પઇન્ના વૃત્તિ ભાષ્ય છેદસૂત્ર ચૂર્ણિ પ્રકરણ નામ દૈછઈ, તે માટઈ તે સૂત્રના બોલ નથી લિખ્યા. ઇણમાંહિં પ્રતિમા પ્રતિષ્ટા પૂજા આલોયણ અનેક ભેદ ઘણા છઈ. ભત્ત પઇન્નામાંહિં ૯ ક્ષેત્રછઈ, તે નથી લિખ્યા, સ્યા માટઈ, જે માટઇ તુમ્હનઇ પ્રતીતિ નથી, ૩૦ સૂત્રના બોલ ટબા માત્ર લિખ્યા છઇ, એહવા સૂત્રના ભાવ ગંભીર પ્રીછી, કુમત કદાગ્રહ મૂંકી સધા જ્ઞાન દર્શન ચારિત્રતપ પાલિવા, એ પાલ્યા વિના મોક્ષ નથી, **શ્રી ઉત્તરાધ્યયને** ૨૮ મઈ, નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવોતહા, એવમગ્ગમણુપ્પત્તા, જીવા ગચ્છંતિ સુગ્ગઈ ૧ જિનવચન વિરૂદ્ધ આપ બુધ્ધેં કાંઇ હેતુયુક્તિની રચના કરીહુઇ, તે શ્રી સંઘ સાથૈ ખમાવઉછું, મિછામિદુક્કડં, વલી ર કાંઇ મંદમતિં મૂઢમતિં વીસારીઉ હુઇ, કૂડું લિખ્યું હુઇ તે બહુશ્રુતેં સોધવું, ભવ્યજીવનેં બુઝવવું.

યતઃ ॥

કુશલમાણિક ગુરણું, તસ્સ સીસસ્સ સહજકુશલેણું,
ભવિયણ બોહણત્થં, ઉદ્ધરિયં સુઅસમુદાઉ ॥૧॥

જં જિણવયણ વિરૂદ્ધં, સચ્છંદ બુધ્ધેણ જં મએ રઇયં,
ત ખમહ સંઘસવ્વં, મિચ્છામિદુક્કડં તસ્સ ॥૨॥
મંદમઇ મૂઢ બુધ્ધેણ, કૂડં લિહિયં જં ચ વિસ્સરિયં,
બહુ સુએય સોહિયવ્વં, ભવિય જીવાણું ચ બોહિવ્વં ॥૩॥
—ગ્રંથાગ્રંથ સંખ્યા ૨૦૫૦ પ્રમાણ–પાનાં ૫૫–૧૩ અનંત.

આ ઢુંઢક મતના ખંડન માટે સરસ ગ્રંથ છે. પત્ર ૫૨ શ્લો. ૧૮૫૦ દા. ૨૧ લીં. માં છે.

આ વિક્રમના સત્તરમા સૈકામાં અનેક ગદ્યકૃતિઓ–બાળાવબોધો–ચર્ચાઓ–વગેરે થયેલ છે પણ તે સર્વ જોઇ તપાસ્યા વગર તેના રચ્યા સંવત્ તથા રચનારના સમય નક્કી થઇ શકે તેમ નથી; કેટલેક સ્થળે રચ્યા સંવત્ મળી શકતો નથી પણ લખ્યા સંવત્ મળી આવે છે. આ સર્વ ગદ્યકૃતિઓ ઘણી છે પણ તેમાંની જે કાંઇ નજરે રચ્યા કે લખ્યા સંવત્‌ની ઉલ્લેખિત માલૂમ પડી યા આ સૈકામાં વિદ્યમાન એવા રચનારની જણાઇ તેજ માત્ર નામનિર્દેશરૂપે નોંધી છેઃ—

લ. સં. ૧૫૭૫	મેરૂસુંદરઉપાધ્યાય	(૧)શીલોપદેશમાળા	બા.૧૩–૪૦૦	દા.૨૧લીં.
લ. સં. ૧૬૦૮	,,	,,	બા.૧૩૧–૬૦૦૦	દા.૧૪ ,,
	,,	,,	૧૯૦	પા. ૩
	,,	,,	૧૨૨–૬૪૬૫	પા. ૪
	,,	,,	૧૭૬–૬૪૮૫	ખં.૧
	,,	,,	૨૨૨–૮૪૮૫	દા.૨૮લીં.
	,,	(૨) કલ્પપ્રકરણ બા.	૧૧૦–૬૨૬૯	પા. ૪
	,,	(૩)પુષ્પમાલાપ્રકરણબા.	૧૬૬–૪૫૯૦	પા. ૪
	,,	,,	૧૩૯–૬૦૯૦	લીં.
	,,	,,	૭૦–૧૫૦૦	લીં.
લ. સં. ૧૫૨૯	,,	,, નર્મકોશની પ્રસ્તાવનામાં ઉલ્લેખિત.		
	,,	(૪) કર્પૂરપ્રકર બા.	૧૨૧–૫૨૭૦	પા. ૪
	,,	(૫) ષષ્ટીશતક બા.	૧૬—૬૦૦	પા. ૪

„ (૬) યોગપ્રકાશ ૯ ૨૭—૭૫૦ પા. ૪

લ. સં. ૧૬૧૧ વિજયતિલકકૃત બાળાવબોધ મૂળ ગૂ. દાબડો ૩૭ નં ૪૬ લીં.

વિચારસ્તવપર માં ૩૫ કડી

ર૰યા.સં.૧૬૨૫ સોમવિમલસૂરિ (૧)કલ્પસૂત્ર બા. ૧૩૩-૪૯૦૦ દા. ૮ લીં.

(લ. સં. ૧૬૫૯)

„ „ (લ.સં.૧૬૭૮)૧૧૩-૫૦૦૦ દા.૧૨ લીં.

„ „ ૧૭૧ ચં.

„ (૨) દશવૈકાલિક બા. ૪૦ ચં.

લ. સં. ૧૬૨૭ વિપાકસૂત્ર બા. ૫૨ દા. ૧૫ લીં.

લ. સં. ૧૬૪૫ ગૌતમપૃચ્છા બા. ૪ દા. ૨૧ લીં.

(સંક્ષેપાર્થરૂપે)મૂળ ગાથા ૬૪

લ. સં. ૧૬૫૪ ત્રણ ભાષ્ય બા. ૧૦ દા. ૨૩ લીં.

લ. સં. ૧૬૪૫ તંદુલવેયાલી બા. દા. ૩૯ લીં.

ર.-સં. ૧૬૫૫ કનકકુશલ વરદત્તગુણમંજરીકથા બા. ૧૯-૧૪૭ લીં.

„ „ „ સૌભાગ્યપંચમી ૯ લીં.

„ „ „ જ્ઞાનપંચમીકથા ૧૨ પા. ૨

લ. સં. ૧૬૬૩ ઢૂંઢક. દંડકના ત્રીશ બોલ ૨૦-૭૦૦ દા.૨૯ લીં.

ર. સ. ૧૬૬૪ શ્રીપાળઋષિ(ઢું.) દશવૈકાલિકસૂત્ર બા. ૫૭-૨૦૩૧દા. ૬ લીં.

„ ૫૩-૩૦૦૦ ક. દ. ઓ. મુંબઇ

લ. સં. ૧૬૬૪ નંદીસૂત્ર બા. ૫૫- દા.૧૨ લીં.

ર. સં. ૧૬૭૬ રત્નચંદ્રગણિ સમ્યકત્વસપ્તતિ બા. ૧૪૮-૫૫૫૨ ચં.

(શાંતિચંદ્રગણિશિ.) „ ૧૪૫ „

(લ. સં. ૧૯૪૩)„ „ ૧૬૮-૫૫૦૦દા.૨૦ લીં.

ર. સ. ૧૬૯૨ હર્ષવલ્લભઉ.(ખ.) ઉપાસકદશાંગ બા. ૫૪-૩૦૧૧ ક. દ. ઓ. મુંબઈ

„ „ ૫૪ દા. ૧૩ હા. ભં. પાટણ.

૨. સં. ૧૭૦૦	ધનવિજય (ત. કલ્યાણ વિજય શિ.)	કર્મગ્રંથ બા.	૫૪	દા.૬૨ હા. ભં. પાટણ.
	પદ્મસુંદર ઉ.(વૃ. ત. ધનરત્નસૂરિ-રત્નસુંદર શિ.)	*ભગવતીસૂત્રબા.	૭૬૨ ૯૩૮-૧૬૦૦૦ ૮૮૫-૪૦૦૦૦ ૩૨૯ ૯૮૮	પ્ર. કા. પા.નં.૨ જે. દા. ૯ અને દા. ૮ હા.ભં. પાટ. દા. ૧૦ ,,
	સૂરચંદ્ર	ચાતુર્માસી વ્યાખ્યાન બા.	૧૨	પા. ૧
	શ્રીસાર	ગુણસ્થાનક્રમારોહ બા.	૩૧	પા. ૩
	ગુણવિજય	અલ્પબહુત્વ	૧૩	પા. ૩
	રાજહંસ ઉ. (ખ. હર્ષતિલકગણિ શિ.)	દશવૈકાલિક બા. જિન રાજસૂરિ રાજ્યે)	૫૮ ૬૦	દા. ૩૬ હા. ,, ભં.પા.

*આ બાલાવબોધ-સ્તબુક-ટબો ઘણા ઉત્તમ અને સુંદર અર્થવાળો પદ્મસુંદરે કર્યો છે. પાટણના હાલાભાઇના ભંડાર દાબડા ૮ માંની પ્રત સં. ૧૭૫૨ મહા વદ ૭ શનિવારે અવરંગાબાદમાં લખેલી છે તે શુદ્ધ છે. દાબડા ૧૦ માંની પ્રત સં. ૧૭૬૫ ના ચૈત્ર વદિ ૧૩ રવિએ બારેજા નગરમાં પદ્મવિજયગણિ શિષ્ય સુમતિવિજયે લખેલી છે તેના અક્ષરો બહુજ સુંદર અને સુવાચ્ય છે.

ઉપરના બાળાવબોધો પૈકી મેરૂસુંદરકૃત લખ્યા સં. ૧૫૨૯ અને ૧૫૭૫ ના મળી આવે છે તે પરથી મેરૂસુંદર તેની પહેલાં થયેલા નિશ્ચિત થાય છે તેથી તેમની ગદ્ય કૃતિઓને વિક્રમ સોળમા સૈકાની ગણવાની છે. કારણકે માંડવગઢમાં સં. ૧૫૨૫ના વૈશાખ સુદિ ૫ ના દિવસે આજ મેરૂસુંદરે (ખરતરગચ્છીય વાચનાચાર્ય રત્નમૂર્ત્તિ ગણિ શિષ્ય) સંઘની પ્રાર્થનાથી શ્રી ષડાવશ્યક વાર્ત્તા-બાલાવબોધ તરૂણ પ્રભાચાર્યના બાલાવબોધને અનુસારે કર્યો હતો. (ઐ. રા. સં. ભાગ ૩ પ્રસ્તાવના પૃ. ૧૭ ની ફુટનોટ.)

કવિઓની અનુક્રમણિકા.

કવિનાં નામ અક્ષરાનુક્રમે આપ્યાં છે ને તેની સામે મૂકેલા બે આંકડા પૈકી પહેલો અંક તે કવિનો નંબર સૂચવે છે અને :બીજો અંક પૃષ્ઠ સૂચવે છે.

[ઉપરની અનુક્રમણિકામાં ભૂલથી રહી ગયેલા કવિઓ.]

કૃતિઓની અનુક્રમણિકા.

નાની કૃતિઓની અનુક્રમણિકા.

(આમાં એકજ નંબર છે ને તે પૃષ્ઠ સૂચવે છે.)

સંવત્વાર અનુક્રમણિકા.

[આ૦=આશરે, આસપાસ પ૦=પહેલાં, લ૦=લખ્યા સંવત્; લે૦=લેખક. ચો. ચોપાઇ, બા૦=બાલાવબોધ, ટબો. સ્ત=સ્તવન+=મુદ્રિત.]

સંવત્	કૃતિ	કર્તા	પૃષ્ઠ
૧૪૧૨	+ ગૌતમ સ્વામી રાસ	વિનયપ્રભ	૧૫
૧૪૧૩ ?	મયણુરેહા રાસ	હરસેવક	૧૭
૧૪૧૫	ત્રિવિક્રમ રાસ	જિનોદયસૂરિ	૧૭
,,	જિનોદયસૂરિ પટ્ટાભિષેક રાસ	જ્ઞાનકલશ	૧૮
૧૪૩૨	જિનોદયસૂરિ વિવાહલો	મેરુનન્દન	૧૮
	અજિત શાંતિ સ્ત.	,,	૧૯
આ૦૧૪૪૦	કાકબંધિ ચો.	દેવસુંદરસૂરિ શિ.	૨૦
૧૪૫૫	શાલિભદ્ર રાસ	સાધુહંસ	૨૨
લ૦ ૧૪૬૨પહેલાં	ચિહુંગતિ રાસ	વસ્તિગ	૨૩
આ૦૧૪૬૨	ત્રિભુવનદીપક પ્રબંધ	જયશેખર	૨૪
આ૦૧૪૭૦	ચંદ્રધવલ ધર્મદત્તકથા (સં.)	માણિક્યસુંદર	૩૫
૧૪૮૫	વિદ્યાવિલાસ પવાડો	હીરાનંદ	૨૫
	દશાર્ણભદ્ર રાસ	,,	૨૬
	કલિકાળ	,,	૨૭
૧૪૮૫	ઉપદેશમાલા બા૦	સોમસુંદર	૩૨
	નેમિનાથ નવરસ ફાગ	,,	૩૨
	આરાધના (રાસ ?)	,,	૩૨
૧૪૮૬	ધમદત્ત ચરિત્ર	દયાસાગર	૨૭
૧૪૮૯	વજ્રસ્વામી રાસ	જયસાગર	૨૭
	કલ્યાણમંદિર ભાષા	,,	૨૭
૧૪૯૫	જંબુસ્વામી વિવાહલો	હીરાનંદ	૨૭
	તીર્થમાળા સ્ત.	મેહો	૨૮
૧૪૯૬(૧)	ષષ્ઠીશતક બા૦	સોમસુંદર	૩૨
આ૦૧૪૯૬	મહાવીર સ્ત.	સોમસુંદર શિ.	૩૩
૧૪૯૯	રાણકપુર સ્ત.	,,	૨૮

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
,,	+ દેવરત્નસૂરિ ફાગ	દેવરત્ન શિ.	૨૮
,,	વિક્રમચરિત્ર કુમાર રાસ	સાધુકીર્ત્તિ	૩૫
આ૦૧૫૦૦	ઋષભ રાસ	ગુણરત્ન	૨૯
	ભરત બાહુબલી પ્રબંધ	,,	૩૦
	,,	તેજવર્ધન	૩૫
	મંગલકલશ ચો.	સર્વાનન્દ	૩૫
	પેથડ રાસ	મંડલિક	૩૬
૧૫૦૧	ષડાવશ્યક બા૦	હેમહંસગણિ	૧૮૦
,,	ભવભાવનાસૂત્ર બા.	માણિકસુંદર	૧૮૦
આ૦૧૫૦૧	જાવડભાવડ રાસ	દેપાલ	૩૭
	રોહિણીયા ચોર રાસ	,,	,,
	આર્દ્રકુમારનું સૂડ	,,	,,
	,, ધવલ	,,	૩૯
	ચંદનબાલા ચો.	,,	૩૮
	હરીયાળી	,,	૩૮
	સ્થૂલિભદ્ર કક્કાવાળી	,,	૩૮
	,, ફાગ	,,	૩૮
	+ સ્નાત્ર પૂજા	,,	૩૯
	થાવચ્ચા કુમાર ભાસ	,,	૪૦
આ૦૧૫૦૬	+ આદિનાથ જન્માભિષેક	રત્નાકર	૪૦
૧૫૦૧	સુદર્શન શ્રેષ્ઠીરાસ	સંઘવિમલ	૪૨
,,	પુણ્યસાર ચરિત્ર	સાધુમેરૂ	૧૩૨
૧૫૦૨	સુરંગાભિધાન નેમિફાગ	ધનદેવ	૪૩
૧૫૦૫	સમ્યકત્વ રાસ	સંઘકલશ	૪૪
આ૦૧૫૦૫	ગૌતમપૃચ્છા બા૦	વિશાલરાજ	૧૮૦
૧૫૦૭	+ ધર્મલક્ષ્મીભાસ	આનંદ	૪૫

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
આ૦૧૫૧૦ ?	અગડદત્ત રાસ	કલ્યાણસાગર ?	૪૭
આ૦૧૫૧૦	રત્નચૂડ રાસ	રત્નશેખર	૪૭
૧૫૧૨	નલ દવદંતી રાસ	ઋષિવર્દ્ધન	૪૮
લ૦ ૧૫૧૩	પહેલાં હંસવત્સકથા ચો.	આસાયત	૪૬
૧૫૨૪	ધન્નારાસ	મતિશેખર	૪૯
	નેમિનાથ વસંતફુલડાં	,,	૫૦
આ૦૧૫૧૫	ધન્ના રાસ	જિનવર્દ્ધન	૫૧
૧૫૧૬	વિદ્યાવિલાસ ચો.	ન્યાયસુંદર	૫૧
,,	જંબુસ્વામિ રાસ	રત્નસિંહસૂરિ શિ.	૫૨
આ૦૧૫૧૭	શાલિભદ્ર રાસ	રાજતિલક	૫૨
૧૫૨૦	હરિવંશ રાસ	બ્ર૦ જિનદાસ	૫૩
	યશોધર રાસ	,,	૫૫
	આદિનાથ રાસ	,,	૫૫
	શ્રેણિક રાસ	,,	૫૫
૧૫૨૦	જીવભવસ્થિતિ રાસ	જ્ઞાનસાગરસૂરિ શિ.	૫૬
૧૫૨૨	ચિત્રસેન પદ્માવતિ રાસ	ભક્તિવિજય	૫૬
આ૦૧૫૨૨	પાર્શ્વનાથ દશભવ વિવાહલો	પેથો	૫૬
આ૦૧૫૨૨	સુરપ્રિય કુમારરાસ	લક્ષ્મીરત્ન	૫૭
૧૫૨૨	વજ્રસ્વામી ચો.	દેપાલ	૩૮
,,	જંબૂ પંચભવ ચો.	,,	૪૦
૧૫૨૩	જીવભવસ્થિતિ રાસ	જ્ઞાનસાગર	૫૮
આ૦૧૫૨૩	મૃગાંકલેખા રાસ	વચ્છ	૬૩
	+ નવપલ્લવ પાર્શ્વનાથ કલશ	વચ્છભંડારી	૬૫
૧૫૨૫	મંગલકલશ રાસ	મંગલધર્મ	૫૯
,,	ષડાવશ્યક બા૦	મેરૂસુંદર	૬૦૩ (ફુટનોટ)

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
૧૫૨૯	ક્ષેત્રસમાસ બા૦	દયાસિંહગણિ	૧૮૦
લ૦ ,,	શીલોપદેશમાળા બા૦	મેરૂસુંદર	૬૦૧
૧૫૩૧	સિદ્ધચક્ર–શ્રીપાલ રાસ	જ્ઞાનસાગર	૫૮
,,	ધન્નાશાલિભદ્ર રાસ	દેવકીર્ત્તિ	૬૦
આ૦૧૫૩૧	રૂપકમાલા	પુણ્યનંદી	૬૧
લ૦ ૧૫૩૨	વિદ્યાવિલાસ પવાડો		૨૬
૧૫૩૭	કુરગડુ રાસ	મતિશેખર	૫૧
,,	મયણરેહા રાસ	,,	૫૧
લ૦ ૧૫૩૮	સમ્યકત્વ રાસ	લે. લાવણ્યધીર	૪૫
લ૦ ૧૫૪૦ પહેલાં	કુમારપાલ રાસ	કર્ત્તા દેવપ્રભ	૬૧
લ૦ ,,	,,	લે. ચરણનંદન	૬૨
૧૫૪૩	સિદ્ધાંત ચો.	લાવણ્યસમય	૬૯
૧૫૪૪	વિચારચોસઠી	નન્નસૂરિ	૯૬
૧૫૪૫	નંદબત્રીસી	નરપતિ	૮૮
૧૫૪૮	સારશિખામણ રાસ	સંવેગસુંદર	૬૬
૧૫૪૮–૧૫૬૮	મૃગાપુત્ર સ.	હેમવિમલ	૬૮
૧૫૫૦	મુનિપતિ ચરિત્ર	અજ્ઞાત	૯૦
આ૦૧૫૫૦	સાગરદત્ત રાસ	શાંતિસૂરિ	૯૧
૧૫૫૧	સનતકુમાર ચો.	કીર્તિહર્ષ	૯૧
	કુલધ્વજ કુમાર રાસ	કક્કસૂરિ શિ.	૯૨
૧૫૫૧	સુંદર રાજા રાસ	ક્ષમાકલશ	૯૩
૧૫૫૩	લલિતાંગકુમાર રાસ	,,	૯૩
,,	ગજસુકુમાર સંધિ	મૂલપ્રભ	૯૫
,,	મત્સ્યોદર રાસ	જયરાજ	૯૫
,,	સ્થૂલભદ્ર એકવીસો	લાવણ્યસમય	૭૧
,,	દશશ્રાવક બત્રીશી	નન્નસૂરિ	૯૭

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
૧૫૫૪	ગૌતમ પૃચ્છા ચો.	લાવણ્યસમય	૭૨
,,	+ હેમવિમલસૂરિ ફાગ	હંસધીર	૯૯
,,	હરિશ્ચંદ્ર રાસ	ધર્મદેવ	૧૦૮
૧૫૫૫	હરિબળ રાસ	કુશલસંયમ	૧૨૯
૧૫૫૬	વિક્રમચરિત્ર	જિનહર	૯૯
,,	ગજસિંહકુમાર ચરિત્ર	નેમિકુંજર	૧૦૦
૧૫૫૭	શ્રીપાલ રાસ	લબ્ધિસાગર	૧૦૧
	ધ્વજભુજંગ ચો.	,,	૧૦૧
૧૫૫૭	વસુદેવ ચો.	હર્ષકુલ (કલશ ?)	૧૦૨
૧૫૫૮	ગજસુકુમાર સ.	નન્નસૂરિ	૯૬
૧૫૬૦	+ નંદબત્રીશી ચો.	સિંહકુલ (કુશલ ?)	૧૦૩
,,	ચંદ્રલેખા ચો.	હર્ષમૂર્ત્તિ	૧૦૫
૧૫૬૧	લલિતાંગચરિત્ર	ઇશ્વરસૂરિ	૧૦૫
,,	અજાપુત્ર રાસ	ધર્મદેવ	૧૦૮
લ૦ ,,	લલિતાંગ ચરિત્ર		૧૦૬
૧૫૬૨	૨૪ જિનસ્ત૦	આણંદ	૧૦૭
આ૦૧૫૬૨	લીલાવતી રાસ	કડવો	૧૧૦
૧૫૬૨	આલોયણ વિનતિ	લાવણ્યસમય	૭૩
,,	નેમનાથ હમચડી	,,	૭૪
,,	સેરીસાપાર્શ્વ સ્ત.	,,	૭૪
,,	રાણુવમંદોદરી સં.	,,	૭૫
,,	વૈરાગ્ય વિનતિ	,,	,,
૧૫૬૩	વજ્રસ્વામી રાસ	ધર્મદેવ	૧૦૯
,,	કયવન્ના ચો.	પદ્મસાગર	૧૧૧
,,	લીલાવતી સુમતિવિલાસ	,,	૧૧૨
૧૫૬૪	રંગ રત્નાકરનેમિ—		

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	નાથ પ્રબંધ	લાવણ્યસમય	૮૫
૧૫૬૫	મંદોદરી સંવાદ	અજ્ઞાત	૧૧૨
,,	વિદ્યાવિલાસ પવાડો	હીરાનંદ	૧૧૨
,,	પૂર્વદેશચૈત્ય રાસ	હંસસોમ	૧૧૩
,,	વિક્રમસેન રાસ	ઉદયભાનુ	૧૧૩
લ૦ ,,	વિદ્યાવિલાસ પવાડો	લે. હીરાણંદ	૨૬
૧૫૬૭	સુરપ્રિય કેવલિરાસ	લાવણ્યસમય	૭૫
,,	સુમિત્રકુમાર રાસ	ધર્મસમુદ્ર	૧૧૬
લ૦ ૧૫૬૮ પહેલાં	શાલિભદ્ર વિવાહલુ	લક્ષ્મણ	૧૧૬
૧૫૬૮	+ વિમલપ્રબંધ	લાવણ્યસમય	૭૬
૧૫૬૯	ઋષિદત્તા ચો.	દેવકલશ	૧૨૦
૧૫૭૦ પહેલાં	બારવ્રત સં૦	અનંતહંસ	૧૨૦
	ઇલાપ્રાકારચૈત્ય પરિપાટી	,,	,,
૧૫૭૦	ઇલાતીપુત્ર સ.	સહજસુંદર	૧૨૦
૧૫૭૧	રત્નચૂડ મણિચૂડ રાસ	રત્નસિંહ સૂરિ શિ.	૧૩૨
,,	વત્સરાજ દેવરાજરાસ	લાવણ્ય રત્ન	૧૩૦
૧૫૭૨	ગુણ રત્નાકર છંદ	સહજસુંદર	૧૨૧
,,	ઋષિદત્તા રાસ	,,	૧૨૩
આ. ૧૫૭૨	જંબુ અંતરંગ રાસ	,,	૧૨૮
૧૫૭૩	યશોધર ચરિત્ર	લાવણ્યરત્ન	૧૩૦
લ. ,,	સુદર્શનરાસ		૪૩
૧૫૭૪	મત્સ્યોદરરાસ	લાવણ્યરત્ન	૧૩૧
	કલાવતીરાસ	,,	,,
	કમલાવતીરાસ	,,	,,
૧૫૭૫	કરસંવાદ	લાવણ્યસમય	૭૯
,,	નવતત્ત્વરાસ	ભાવસાગર (સૂરિશિ.)	૧૩૨

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
લ. ૧૫૭૬	નેમિનાથ વસંત ફુલડાં	લે. શિવલાભ	૫૧
આ. ૧૫૭૭	રસાઉલો	મુનિચંદ્ર સૂરિ	૧૩૯
૧૫૭૮	ચંપકમાલારાસ	સૌભાગ્યસાગર–સૂરિશિ.	૧૩૩
આ. ૧૫૭૯	કયવન્નારાસ	સાધુરત્ન સૂરિ	૧૩૮
૧૫૮૦	કલાવતી ચરિત્ર	ભુવનકીર્ત્તિ (૧)	૧૩૪
૧૫૮૨	રત્નસાર કુમાર ચો.	સહજસુંદર	૧૨૪
,,	આત્મરાજ રાસ	,,	૧૨૬
,,	રૂપકમાલા બા૦	રત્નરંગ	૬૨
લ. ,,	વિક્રમચરિત્ર–પચદંડ		૯૯
૧૫૮૩	ધનસાર પંચશાલ રાસ	લાભમંડન	૧૩૫
૧૫૮૪	અગડદત્ત રાસ	ભીમ (૧)	૧૩૮
,,	કુલધ્વજકુમાર રાસ	ધર્મસમુદ્ર	૧૧૭
	રાત્રિભોજન રાસ	,,	૧૧૮
૧૫૮૫	સુરપ્રિય ચરિતરાસ	જયનિધાન	૧૩૭
	ધર્મદત્ત ધનપતિરાસ	,,	૧૩૭
૧૫૮૫	અંતરીક પાર્શ્વછંદ	લાવણ્યસમય	૮૦
૧૫૮૬	રૂપકમાલા	પાર્શ્વચંદ્ર	૧૪૭
૧૫૮૮	૨૪ જિન નમસ્કાર	સમરચંદ્ર	૧૫૧
	શ્રેણિકરાસ	,,	૧૫૦
૧૫૮૯	+ખિમ–બલિભદ્ર–યશોભદ્ર રાસ	લાવણ્યસમય	૮૦
	+દેવરાજ વત્સરાજ રાસ	,,	૮૩
	સુમતિ સાધુ વિવાહલો વગેરે	,,	૮૫
૧૫૯૧	ધમ્મિલરાસ	સોમવિમલ સૂરિ	૧૮૫
૧૫૯૨	આરાધના મોટા	પાર્શ્વચંદ્ર	૧૪૩

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	શીલરાસ	વિજયદેવ સૂરિ	૧૪૮
૧૫૯૪	કૃત કર્મરાજ રાસ	કલ્યાણ	૧૬૦
લ. ,,	મલયસુંદરી રાસ	લે. આનંદરત્ન	૬૩
૧૫૯૫(?)	તેતલીપુત્ર રાસ	કવિયણ	૧૫૯
૧૫૯૬ પહેલાં	દીવાળીરાસ	ધર્મસિંહ	૧૬૫
	વિક્રમરાસ	,,	,,
૧૫૯૬	હીરવિજય બાર માસ	ગજરાજ	૧૭૧
લ. ૧૫૯૬	નેમિરાસ–યાદવરાસ	પુણ્યરત્ન	૨૪૩
૧૫૯૭	વસ્તુપાલ તેજપાલ રાસ	પાર્શ્વચંદ્ર	૧૪૦
,,	ચાર પ્રત્યેક બુદ્ધ રાસ	બ્રહ્મમુનિ	૧૫૩
	+સુધર્મગચ્છ પરીક્ષા	,,	૧૫૪
	સુદર્શન ચરિત્ર ચો.	,,	૧૫૪
૧૫૯૭	+આનંદવિમલ સૂરિ રાસ	વાસણ	૧૬૮
૧૫૯૯	અંબડ ચો.	વિનયસમુદ્ર	૧૬૮
૧૬૦૦	ખંધક ચરિત્ર સ.	પાર્શ્વચંદ્ર	૧૪૪
	હરિશ્ચંદ્ર રાસ	ગુણમાણિક્ય શિ.	૧૭૧
	બિલ્હણ પંચાશિકા	જ્ઞાનાચાર્ય	૧૭૩
	શશિકલા પંચાશિકા	,,	૧૭૪
૧૬૦૧	અગડદત્ત રાસ	સુમતિ મુનિ	૧૮૧
,,	ચંદાયણા રાસ	દર્શન	૧૮૨
૧૬૦૨	પટ્ટાવલિ સ૦	સોમવિમલ	૧૮૮
૧૬૦૩	વિચાર મંજરી	જગો (ગુણવિમલ)	૧૮૨
,,	શ્રેણિક રાસ	સોમવિમલ	૧૮૩
,,	શીલવતી કથા	હેમરત્ન સૂરિ	૨૦૭
,,	લીલાવતી	,,	૨૦૮
૧૬૦૪	પદ્મચરિત્ર	વિનયસમુદ્ર	૧૬૯

	સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	૧૬૦૪	સુબાહુ સંધિ	પુણ્યસાગર	૧૮૮
	૧૬૦૫	રાજસિંહ રાસ-નવકાર ચો.	વિમલચારિત્ર (૧)	૧૮૮
	,,	વૈરાગ્ય વિનતિ	સહજરત્ન	૧૯૯
	૧૬૦૬ ?	(૧૬૨૨) જંબુ રાસ	રાજપાળ	૧૮૯
	૧૬૦૬	૩૪ અતિશય સ્ત.	કમલસાગર	૨૦૦
	,,	અમરદત્ત મિત્રાનંદ રાસ	દેવગુપ્ત સૂરિ શિ.	૨૦૦
લ.	૧૬૦૮	શીલોપદેશ માળા	મેરૂસુંદર	૬૦૧
	૧૬૦૯	ધન્નારાસ	હેમરાજ	૨૦૨
લ.	૧૬૧૧	વિચારસ્તવ બા૦	,,	૬૦૨
	૧૬૧૧	ષડારક મહાવીરસ્તો	દેવીદાસદ્વિજ	૨૦૨
લ.	૧૬૧૧	બોહાદિ રાસ	લે. ઇંદ્રસહજ	૮૩
	૧૬૧૨	સુમતિ નાગિલ રાસ	બ્રહ્મ (વિનયદેવ સૂરિ)	૧૫૮
	,,	બારવ્રત રાસ	પ્રીતિવિજય	૨૦૩
લ.	,,	રસાઉલો	લે. સારંગ	૧૩૯
	૧૬૧૩	સીમંધર સ્તોત્ર	પ્રમોદશીલ શિ.	૧૯૧
	,,	૧૭૦ જિનસ્ત૦	,,	૧૯૨
	,,	સુરસેન રાસ	હર્ષરાજ	૨૦૪
લ.	,,	શ્રેણિક રાસ	લે૦ વસા વનુ કાયસ્થ	૫૫
	૧૬૧૪	શૃંગાર મંજરી	જયવંત સૂરિ	૧૯૩
	,,	૨૦ વિરહમાન જિન સ્ત.	સહજરત્ન	૧૯૯
લ.	,,	સુરપ્રિય કેવલી રાસ		૭૬
	૧૬૧૬	સિંહાસન બત્રીશી	સિદ્ધિ સૂરિ	૨૦૫
	,,	+માધવાનળ કથા	કુશલલાભ	૨૧૧
	૧૬૧૭	+મારૂ ઢોલાની ચો.	,,	૨૧૭
	,,	રામકૃષ્ણ ચો.	લાવણ્યકીર્ત્તિ	૨૧૭
	,,	ગજસુકુમાલ રાસ	,,	૨૧૭

સંવત્	કૃતિ	કર્તા	પૃષ્ઠ
,,	સોમચંદ ચો.	વિજયસાગર	૨૧૮
	ચિત્રસેન પદ્માવતી રાસ	,,	,,
૧૬૧૭	કીર્તિધર સુકોમલ પ્રબંધ	માન	૨૧૯
૧૬૧૮	સત્તર ભેદી પૂજા	સાધુકીર્ત્તિ	૨૧૯
લ. ,,	મુનિપતિ ચરિત્ર		૯૦
૧૬૧૯	+વેતાલ પચવીસી	દેવશીલ	૨૨૧
,,	+સોમવિમલ સૂરિ રાસ	આણંદસોમ	૨૨૩
આ. ૧૬૧૯	શાંબ પ્રદ્યુમ્ન ચો.	જિનચંદ્ર સૂરિ	૨૨૯
લ. ,,	નલદવદંતી રાસ		૪૯
૧૬૨૧	શ્રેણિક રાસ	ભીમ	૨૨૬
૧૬૨૨ પહેલાં	નવતત્ત્વ જોડ	સોમવિમલ	૧૮૬
,,	સ્થૂલભદ્ર સ૦	આણંદસોમ	૨૨૫
,,	પંચોપાખ્યાન ચો.	રત્નસુંદર	૨૩૦
લ. ,,	ત્રિભુવનદીપક પ્રબંધ	લે. જયસિંહ સૂરિ	૨૫
૧૬૨૩	શિવદત્ત રાસ	સિદ્ધિ સૂરિ	૨૦૭
,,	યશોધર રાસ	જ્ઞાન	૪૮૦
૧૬૨૪	આષાઢ ભૂતિ પ્રબંધ	સાધુકીર્ત્તિ	૨૨૦
,,	સમ્યકત્વ કૌમુદી રાસ	હીરકલશ	૨૩૪
,,	ધન્નાશાલિભદ્ર રાસ	અજ્ઞાત	૨૪૧
લ. ,,	મૃગાંકલેખા રાસ	લે. લક્ષ્મીસૌભાગ્ય	૬૪
૧૬૨૫	ધર્મપરીક્ષા	સુમતિ કીર્ત્તિ	૨૨૭
,,	કલ્પ સૂત્ર બા૦	સોમવિમલ	૬૦૨
લ. ૧૬૨૬	લલિતાંગ રાસ		૯૫
,, ,,	બિલ્હણ પંચાશિકા		૧૭૪
લ. ૧૬૨૭	વિપાક સૂત્ર બા૦		૬૦૨
લ. ૧૬૨૮	મૃગાંક લેખા રાસ.		૬૪

સંવત્		કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
આ.	૧૬૩૦	શાંતિનાથ રાસ	હીરવિજય સૂરિ	૨૪૧
	૧૬૩૧	દંડકસ્ત.	કમલ વિજય	૫૧૩
	૧૬૩૨	કનકશ્રેષ્ઠી રાસ	ભાવરત્ન	૨૪૫
	૧૬૩૩	ક્ષુલ્લક કુમાર રાસ	સોમવિમલ	૧૮૬
	,,	બાર વ્રતતો રાસ	જિનચંદ્ર સૂરિ (શિ૦)	૨૨૯
લ.	,,	રાત્રિ ભોજન રાસ	લે. ચારિત્રોદય	૧૧૯
	૧૬૩૬	સિંહાસન બત્રીશી	હીરકલશ	૨૩૫
	,,	મહીપાલ ચો.	હેમરત્ન સૂરિ	૨૦૮
	,,	મુનિમાાલકા	ચારિત્રસિંહ	૨૪૨
	૧૭૩૭	સનત્ કુમાર રાસ	પુણ્ય રત્ન	૨૪૪
	,,	+રૂપચંદ રાસ	નયસુંદર	૨૫૪
લ.	,,	અગડદત્ત રાસ	લે. સત્યલક્ષ્મી	૧૮૨
લ.	,,	ધમ્મિલ રાસ		૧૮૬
	૧૬૩૮	શુક બહોતરી	રત્ન સુંદર	૨૩૨
	,,	આષાઢ ભૂતિ સ૦	કનકસોમ	૨૪૫
	,,	વિક્રમખાપરા રાસ	મંગલ માણેક	૨૪૭
	,,	અંબડ ચો.	,,	૨૪૮
	,,	+શત્રુંજય રાસ	નયસુંદર	૨૫૭
૧૬૩૯ પહેલાં		પુણ્યપાપ રાસ	હરખજી	૨૪૦
	૧૬૩૯	બિલ્હણ પંચાશિકા	સારંગ	૩૦૩
લ.	,,	વસુદેવ ચોપઇ		૧૦૨
,,	,,	નેમિરાસ		૨૪૪
૧૬૪૦ પહેલાં		મહાબળ રાસ	લાઇઆ શિ.	૨૪૦
	૧૬૪૦	કુમારપાલ રાસ	હીરકુશલ	૨૫૩
	,,	પ્રભાવતી રાસ	નયસુંદર	૨૫૮
	,,	અભયકુમાર	પદ્મરાજ	૩૯૩

	સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	૧૬૪૧	જય વિજય ચો,	ધર્મરત્ન	૨૬૭
	,,	સિદ્ધપુર ચૈત્ય સ્ત૦	કુશલવર્દ્ધન	૨૬૮
લ.	,,	મૃગાંકલેખા રાસ		૬૪
લ.	,,	ગજસિંહ રાસ		૧૦૧
લ.	,,	વજ્રસ્વામી રાસ		૧૧૦
	૧૬૪૨	સમ્યક્ત્વ કૌમુદી રાસ	વચ્છરાજ	૨૬૯
લ.	,,	મુનિપતિ ચરિત્ર		૯૦
	૧૬૪૩ પહેલાં	મૃગાવતી	સકલચંદ્ર	૨૭૫
	૧૬૪૩	દેવરાજ વચ્છરાજ ચો.	કલ્યાણદેવ	૨૭૫
	,,	યશોભદ્ર ચો.	વિનયશેખર	૨૮૫
	,,	રત્નકુમાર રાસ	,,	૨૮૫
લ.	૧૬૪૩	મૃગાવતી આખ્યાન	લે. મહીપાલ	૨૭૬
	૧૬૪૪	આર્દ્રકુમાર ચો.	કનકસોમ	૨૪૬
	,,	કનકાવતી આખ્યાન	હેમશ્રી	૨૮૬
લ.	,,	ઉત્તરાધ્યયન સ.		૧૫૭
લ.	,,	તેજસાર રાસ	લે. સહજવિમલ	૨૧૫
લ.	,,	યશોભદ્ર ચો.	લે. કર્ત્તા વિનય શેખર	૨૮૫
	૧૬૪૫	સાગર શ્રેષ્ઠી કથા	રત્નસાર	૨૮૭
લ.	૧૬૪૫	ગૌતમ પૃચ્છા બા૦		૬૦૨
લ.	૧૬૪૫	તંદુલવેયાલી બા૦		૬૦૨
લ.	,,	ગુણ રત્નાકર છંદ	લે. ગુણીયલ	૧૨૩
	૧૬૪૬	+સુરસુંદરી રાસ	નયસુંદર	૨૬૧
	,,	+વિનયદેવ સૂરિ રાસ	મનજી	૨૮૭
	,,	વૈતાલ પચીસી	હેમાણંદ	૨૮૮
		ભોજચરિત્ર ચો.	,,	૨૮૯
લ.	૧૬૪૬	સિદ્ધાંત ચો.	લે. કલ્યાણતિલક	૭૧

સંવત	કૃતિ	કર્તા	પૃષ્ઠ
૧૬૪૭	ગોરાબાદલ કથા (પદમણી ચો.)—હેમરત્ન		૨૦૮
લ. ,,	મૃગાવતી આખ્યાન	લે. વીરવિમલ	૨૭૬
૧૬૪૮	નીતિશાસ્ત્ર-પંચતંત્ર ચો.	વચ્છરાજ	૨૭૧
,,	કર્મવિપાક રાસ	મલ્લિદેવ	૨૯૦
૧૬૪૯	મંગલકલશ ચો.	કનકસોમ	૨૪૬
,,	રામ સીતા રાસ	નગર્ષિગણિ	૨૯૦
,,	વિક્રમાદિત્ય ચો૦	નરપતિ	૨૯૧
,,	મૃગાંકકુમાર પદ્માવતિ ચો૦	પ્રીતિવિમલ	૨૯૩
,,	લાભોદય રાસ	દયાકુશલ	૨૯૬
આ. ૧૬૫૦	હરિષેણ શ્રીષેણ રાસ	ધનવિજય	૨૯૬
લ. ,,	નલદવદંતિ રાસ		૪૮
૧૬૫૧	દુર્જનસાલ બાવની	કૃષ્ણદાસ	૩૦૦
,,	ભોજપ્રબંધ ચો.	સારંગ	૩૦૩
૧૬૫૨ પહેલાં	તીર્થમાલા	પદ્મવિજય	૩૦૪
,, ,,	પુરંદર ચો.	માલદેવ	૩૦૫
	ભોજપ્રબંધ	,,	૩૧૦
આ૦૧૬૫૨	પાર્શ્વનાથ સંખ્યા સ્ત.	રત્નકુશલ	૩૯૨
લ૦ ૧૬૫૨	સુદયવચ્છ (સદેવંત) ચરિત્ર	અજ્ઞાત	૪૮૧
,, ,,	,,	લે. પદ્મરાજ	,,
લ૦ ,,	સમ્યકત્વ કૌમુદી રાસ	લે. વીરદાસ	૨૩૫
લ૦ ,,	પુરંદર રાસ	લે. શિવચંદ્ર	૩૦૯
૧૬૫૨	હીરવિજયસૂરિ નિર્વાણ	પરમાણંદ	૩૧૦
લ૦ ,,	,,	લે. સખીદાસ	૩૧૦
,,	,, રાસ	વિવેકહર્ષ	૩૧૧
,, પછી +	,, શલોકો	કુંઅરવિજય	૩૧૩
+	,, પુણ્યખાણિ સ.	જયવિજય	૩૧૭

સંવત	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
૧૬૫૩	તીર્થમાલા સ્તો૦	ધનહર્ષ	૩૧૨
લ૦ ,,	સુમિત્ર રાસ		૧૧૭
લ૦ ,,	પ્રભાવતી રાસ		૨૬૧
૧૬૫૪	+ રસરત્ન રાસ	જયચંદ્ર	૩૧૩
લ૦ ,,	ત્રણ ભાષ્ય બા૦		૬૦૨
૧૬૫૫	+ અષ્ટપ્રકારી પૂજા	પ્રીતિવિમલ	૨૯૪
,,	કોકશાસ્ત્ર ચો.	નર્બુદાચાર્ય	૩૨૩
,,	ચંદરાજા રાસ	લલિતપ્રભ	૩૨૦
,,	+ કર્મચંદ્ર પ્રબંધ	ગુણવિનય	૩૨૬
,,	વરદત્ત ગુણમંજરી બા૦	કનકકુશલ	૬૦૨
,,	સૌભાગ્ય પંચમી	,,	,,
,,	જ્ઞાનપંચમી કથા	,,	,,
લ૦ ૧૬૫૬	હીરવિજય સ.	લે. જયહર્ષ	૩૧૨
લ૦ ૧૬૫૭	+ દેવરાજ વચ્છરાજ ચો.	વૈરસાલ	૮૪
લ૦ ,,	વસુદેવ ચોપઇ		૧૦૨
લ૦ ,,	શીલરાસ		૧૪૯
લ૦ ,,	ભોજપ્રબંધ ચો.	લે. ચારિત્રવિમલ	૩૦૩
૧૬૫૮	ચોવીશી	સમયસુંદર	૩૩૧
,,	જિનપાલ જિન-		
	રક્ષિત રાસ	મુનિશીલ	૩૯૨
૧૬૫૮ પછી	દાનશીલાદિ રાસ	પ્રીતિવિમલ	૨૯૪
૧૬૫૯	ગુણરત્નાકર છંદ	સમયસુંદર	૩૩૧
,,	સાંબ પ્રદ્યુમ્ન પ્રબંધ	,,	૩૩૧
લ૦ ,,	,,	લે. હેમચંદ્ર	૩૩૪
૧૬૫૯	સનત્ કુમાર	પદ્મરાજ	૩૯૩
લ૦ ,,	હંસવત્સકથા ચો.	લે. મનોહર	૪૭

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
લ. ,,	ગુણધર્મ કનકાવતી	લે. રામા	૪૬૦
૧૬૬૪	+સમેત શિખર રાસ	જયવિજય	૩૧૯
,,	+નલદવદંતી રાસ	મેઘરાજ	૪૦૧
,,	ઉપદેશ રાસ	હીરાનંદ	૪૬૬
,,	દશવૈકાલિક બા૦	શ્રીપાળ	૬૦૨
લ. ૧૬૬૪	નંદીસૂત્ર બા૦		૬૦૨
આ. ૧૬૬૪	+સમ્મેતશિખર તીર્થમાલા	વિજયસાગર	૪૬૪
આ. ૧૬૬૫	વિજયવિજયા પ્રબંધ	હર્ષકીર્ત્તિસૂરિ	૪૬૯
૧૬૬૫	ગુણસુંદરી ચો.	ગુણવિનય	૩૨૯
,,	+નલદમયંતી ચરિત્ર	નયસુંદર	૨૬૨
,,	+ચાર પ્રત્યેક બુદ્ધરાસ	સમયસુંદર	૩૩૮
,,	નેમિફાગ	ગજસાગરસૂરિ શિ૦	૪૦૩
,,	સુરપતિકુમાર ચોં.	દામોદર=દયાકુશલ	૪૦૩
,,	રાવણ મંદોદરી સં.	શ્રીધર (જૈનેતર)	૪૬૬
૧૬૬૬	પુણ્યસાર રાસ	પુણ્યકીર્ત્તિ	૪૦૫
,,	વ્રતવિચાર રાસ	ઋષભદાસ	૪૦૯
૧૬૬૭	આદીશ્વર આલોયણ સ્ત૦	ઋષભદાસ	૪૫૨
,,	નેમિનાથ નવરસો	,,	૪૧૭, ૪૫૧
,,	વ્રતવિચાર રાસ	,,	૪૦૯
,,	સગાલશાહ રાસ	કનકસુંદર	૪૬૦
,,	+ગોડી પાર્શ્વ સ્ત૦	શાંતિકુશલ	૪૭૧
લ. ,,	સુમિત્ર રાસ	લે. લલિતસાગર.	૧૧૭
૧૬૬૮	મૃગાવતી ચો.	સમયસુંદર	૩૪૩
,,	કર્મછત્રીશી	,,	૩૭૩
,,	સુમિત્ર રાજર્ષિ રાસ	ઋષભદાસ	૪૧૩
,,	સ્થૂલિભદ્ર રાસ	,,	૪૧૫

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
,,	૧૭૦ જિનનામ સ્ત૦	ગુણવિજય	૪૭૨
લ. ૧૬૬૮	અધ્યાત્મબાવની	હીરાનંદ	૪૬૬
લ. ,,	સુરપ્રિય ચરિત		૧૩૭
લ. ,,	અધ્યાત્મબાવની	લે. કીસનદાસ	૪૬૭
૧૬૬૯ પહેલાં	ભગવતી ગીતા	વિદ્યાકમલ	૪૭૦
૧૬૬૯	શીલશિક્ષા રાસ	નયસુંદર	૨૬૭
,,	શીલાદિ છત્રીશી	સમયસુંદર	૩૭૩
,,	મદન ચો.	દયાકુશલ=દામોદર	૪૦૪
,,	ઋષભદેવ સ્ત૦	સંઘવિજય	૪૭૪
,,	હંસરાજ વચ્છરાજ પ્રબંધ	વિજય મેરૂ	૪૭૮
લ. ,,	શીલ રાસ.		૧૪૯
લ. ,,	પુરંદર રાસ	લે. કલ્યાણ	૩૦૯
લ. ,,	અંજના સુંદરી પ્રબંધ	લે. જયકીર્ત્તિ	૩૨૯
લ. ,,	ગજસુકુમાર રાસ	લે. મેઘા	૪૦૮
આ. ૧૬૭૦	સત્તરભેદી પૂજા	મેઘરાજ (૨)	૪૬૭
આ. ,,	ચૈત્યવંદન	મૂલાવાચક	૪૬૮
૧૬૭૦	કુમારપાલ રાસ	ઋષભદાસ	૪૧૭
લ. ,,	મૃગાવતી આખ્યાન	લે. હરજી	૨૭૬
લ. ,,	શાંબપ્રદ્યુમ્ન ચો.		૩૩૫
લ૦ ૧૬૭૦	સગાલશાહ રાસ		૪૬૦
,, ,,	ઋષભસ્ત.	લે. કર્ત્તા સિંધવિજય	૪૭૪
,, ,,	સ્ત્રીચરિત્ર રાસ		૪૮૦
૧૬૭૦—૧૬૭૪	હરિશ્ચંદ્ર ચો.	હીરનંદન	૪૮૧
૧૬૭૦—૧૭૧૩	૨૭ વીરભવ સ્ત૦	શુભવિજય (૧)	૫૯૩
૧૬૭૧—૧૭૧૮	ચૈત્યવંદન	નયસાગર	૫૯૨

	સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	,,	નવતત્ત્વ રાસ	,,	૪૨૨
	,,	સુદર્શન સ૦	લાલવિજય (૧)	૪૮૮
	,,	ભાવના સંધિ	જયસોમ	૪૯૩
	,,	યશોધર ચરિત્ર	મનોહરદાસ	૪૯૪
	,,	ગુણકરંડ ગુણાવલી	જ્ઞાનમેરૂ	૪૯૫
	,,	સંગ્રહિણી	મતિસાગર	૪૯૬
	,,	ઢાલસાગર	ગુણસાગર	૪૯૭
	,,	કૃતપુણ્ય (કયવન્ના) રાસ	,,	૫૦૦
	,,	સમ્યકત્વ સપ્તતિ બા૦	રત્નચંદ્ર	૬૦૨
લ.	,,	રત્નસાર ચો.	લે. વિજયમૂર્ત્તિ	૧૨૫
લ.	,,	ચંપકમાલા રાસ		૧૩૩
લ.	,,	+ઢોલા મારવણી ચો,	લે. ગુણરત્ન	૨૧૪
લ.	૧૬૭૬	સિંહાસન બત્રીશી	લે. દયાકીર્ત્તિ	૨૩૮
	૧૬૭૭	કુમતિ વિધ્વંસ ચો.	હીરકલશ	૨૩૮
	,,	અજાપુત્ર રાસ	ઋષભદાસ	૪૨૪
	,,	+ઝાંઝરીઆ મુનિ સ.	શાંતિકુશલ	૪૦૧
	,,	ભગવતી સાધુવંદના	પ્રભસેવક	૫૦૩
	,,	જંબૂદ્વીપ સ્ત૦	સુધનહર્ષ	૫૦૪
	,,	નયપ્રકાશ રાસ	પુણ્યસાગર	૫૩૦
	૧૬૭૮	તીર્થમાલા સ્ત.	દયાકુશલ	૨૯૭
	,,	ભરત બાહુબલી રાસ	ઋષભદાસ	૪૨૪
	,,	સમકીતસાર રાસ	,,	૪૨૫
	,,	બારઆરા સ્ત૦	,,	૪૨૮
	,,	સિંહાસન બત્રીસી	સંઘવિજય	૪૭૭
	,,	+શાલિભદ્ર ચો.	મતિસાર	૫૦૧
	,,	કુલધ્વજકુમાર	અમરચંદ્ર	૫૦૬

	સંવત	કૃતિ	કર્તા	પૃષ્ઠ
	,,	નર્મદા સુંદરી ચો.	કર્મસિંહ	૫૦૯
	,,	પ્રિયંકર ચો.	ગુણુવિજય (૧)	૫૧૯
	,,	કુલધ્વજ રાસ		૯૨
	,,	અજાપુત્ર રાસ		૧૦૯
	૧૬૭૯	અમરસેન વૈરસેન આખ્યાન	સંઘવિજય	૪૭૫
	,,	સીતાવિરહ	અમરચંદ્ર	૫૦૮
	,,	અગડદત્ત રાસ	લલિતકીર્ત્તિ	૫૦૯
લ.	,,	વ્રતવિચાર રાસ	લે. કર્ત્તા ઋષભદાસ	૪૧૩
લ.	,,	સમકીતસાર રાસ	લે. કાનજી	૪૨૭
	૧૬૮૦	+હંસરાજ વચ્છરાજ રાસ	જિનોદય સૂરિ	૫૧૧
	,,	ઉપદેશમાળા રાસ	ઋષભદાસ	૪૫૧
લ.	,,	૧૮ પાપસ્થાન ભાષા	લે. વિમલદાસ	૧૫૬
	૧૬૮૧	વલ્કલચીરી રાસ	સમયસુંદર	૩૫૩
	,,	કુમાર (રૂપચંદ) રાસ	પુણ્યકીર્ત્તિ	૪૦૬
	૧૬૮૨	૬૩ શલાકા પુરૂષ સ્તોત્ર	દયાકુશલ	૨૯૯
	,,	વસ્તુપાલ તેજપાલ રાસ	સમય સુંદર	૩૫૪
	,,	પૂજાવિધિ રાસ	ઋષભદાસ	૪૨૯
	,,	શ્રેણિક રાસ	,,	૪૩૦
	,,	હિતશિક્ષા રાસ	,,	૪૩૩
	,,	સીમંધર સ્ત૦	કમલવિજય	૫૧૩
	,,	વિજય વિજયા રાસ	રાયચંદ (૧)	૫૧૪
લ.	,,	રાવણુ મંદોદરી સંવાદ	લે. રાઘવ	૮૩
લ.	,,	નલ દમયંતી ચ૦		૨૬૬
	૧૬૮૩	અયમત્તા રાસ	,,	૫૧૫
	,,	અંતરંગ રાસ	,,	૫૧૫
	,,	કુંડરીક પુંડરીક રાસ	,,	,,

સંવત્		કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
		શ્રેણિક રાસ	,,	૫૧૬
	૧૬૮૩	+રામ યશો રસાયન રાસ	કેશરાજ	૫૨૨
લ.	,,	પુરંદર રાસ	લે. ચરિત્રવિમલ	૩૦૯
	૧૬૮૩	(૭) જયચંદ્ર રાસ	ગુણવિજય	૫૧૯
		+કોચર રાસ	,,	૫૨૦
	૧૬૪૮	રોહણિયા રાસ	ઋષભદાસ	૪૩૭
	,,	હીરવિજય ૧૨ બોલ રાસ	,,	૪૩૯
	,,	શત્રુંજય માહાત્મ્ય રાસ	સહજકીર્ત્તિ	૫૨૫
	,,	આનંદ શ્રાવક સંધિ	શ્રીસાર	૫૩૪
લ.	,,	રાત્રિભોજન રાસ.		૧૧૮
લ.	,,	સમ્યકત્વ કૌમુદી રાસ	લે. કુંવરજી	૨૭૧
લ.	,,	વંકચૂલ રાસ	લે. સૌભાગ્ય વિજય	૪૮૪
	૧૬૮૫	પદમહોત્સવ રાસ	દયાકુશલ	૨૯૯
	,,	વિજયસિંહ સૂરિ રાસ	,,	૨૯૮
	,,	બારવ્રત રાસ	સમયસુંદર	૩૬૫
	,,	મલ્લિનાથ રાસ	ઋષભદાસ	૪૪૧
	,,	હીરવિજય સૂરિ રાસ	,,	૪૪૨
	,,	ધન્ય વિલાસ રાસ	કલ્યાણશા	૫૨૬
	,,	અગડદત્ત રાસ	સ્થાનસાગર	૫૨૮
	,,	બાલચંદ બત્રીશી	બાલચંદ	૫૪૧
લ.	,,	યશોધર ચરિત્ર		૪૯૫
લ.	,,	અગડદત્ત રાસ	લે. કર્ત્તા સ્થાનસાગર	૫૩૦
	૧૬૮૬	ગૌતમપૃચ્છા	સમયસુંદર	૩૬૫
	,,	+શત્રુંજય રાસ	,,	,,
	,,	+જયાનંદ રાસ	વાનો	૫૪૨
	,,	મેઘકુમાર ચો.	સુમતિરસ	૫૪૬

સંવત્		કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
	,,	+પ્રેમલાલચ્છી રાસ (ચંદચરિત)	દર્શન વિજય	૫૪૯
લ.	,,	સ્ત્રી ચરિત્ર રાસ	લે. પ્રીતિવિજય	૪૮૦
લ.	૧૬૯૦	બાર આરાસ્ત.		૪૨૮
	૧૬૯૧	જંબુ સ્વામી રાસ	ભુવનકીર્ત્તિ (૨)	૫૬૧
લ.	,,	વેતાલપચીસી	લે. કલ્યાણ	૨૨૩
લ.	,,	સીતારામ ચો.	લે. રૂપા	૩૬૫
	૧૬૯૨	મંગલ કલશ રાસ	પ્રેમમુનિ	૫૬૭
	,,	જંબૂ ચો૦	કમલવિજય (૨)	૫૬૭
	,,	નેમનાથ રાસ	કનક કીર્ત્તિ	૫૬૮
	,,	ઉપાસક દશાંગ બા૦	હર્ષવલ્લભ	૬૦૨
લ.	,,	વાસુ પૂજ્યરાસ		૨૭૭
લ.	,,	શાંબ પ્રદ્યુમ્ન ચો.	લે. વણુવીર	૩૩૫
	૧૬૯૩	દ્રૌપદી રાસ	કનકકીર્ત્તિ	૫૬૯
લ૦	,,	જંબૂપંચભવ વર્ણન ચો.	લે. જીવા	૪૧
	૧૬૯૪	વૈદ્યકસાર રત્નપ્રકાશ	લક્ષ્મીકુશલ	૫૭૨
લ૦	,,	જિનપાલ જિનરક્ષિત રાસ		૩૯૩
લ૦	,,	સીમંધર સ્ત.		૫૧૪
	૧૬૯૫	+ કાપડહેડા રાસ	દયારત્ન	૫૭૩
	,,	નર્મદાસુંદરી રાસ	રાજરત્ન	૫૭૪
	,,	શત્રુંજયતીર્થ પરિપાટી	દેવચંદ્ર (૧)	૫૭૯
	૧૬૯૬	ધનદત્ત ચો.	સમયસુંદર	૩૬૮
	,,	ગોડીપાર્શ્વ સ્ત.	સુમતિસિંધુ	૫૭૪
	,,	વાસુપૂજ્ય મનોરમ ફાગ	કલ્યાણુશા	૫૭૫
	,,	ધ્યાનસ્વરૂપ ચો.	ભાવવિજય	૫૮૧
લ૦	,,	સુબાહુસંધિ	લે. ગોડીદાસ	૧૮૮
લ૦	,,	શિવજી આચાર્ય રાસ		૫૮૬

સંવત્	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
૧૬૯૭	સાધુવંદના	સમયસુંદર	૪૭૦
,,	+ વિજયતિલકસૂરિ રાસ	દર્શનવિજય	૫૫૧
,,	અમરગુપ્ત ચરિત્ર	કલ્યાણુશા	૫૭૬
,,	સુરપાળનો રાસ	વિવેકચંદ્ર	૫૭૭
,,	ધર્મબુદ્ધિ રાસ	મતિકીર્ત્તિ	૫૭૭
,,	હરિશ્ચંદ્ર રાસ	કનકકુશલ (?)	૫૮૩
,,	,,	કનકસુંદર	૫૮૩
,,	શિવજી આચાર્ય રાસ	ધર્મસિંહ (૧)	૫૮૫
લ૦ ૧૬૯૭	સુદયવત્સ (સદેવંત) રાસ	કીર્ત્તિવર્ધન	૫૮૬
લ૦ ,,	સિંહાસન બત્રીશી		૨૩૭
લ૦ ,,	નેમિરાસ	લે. કીકા	૨૪૪
લ૦ ,,	મૃગાવતી ચો-	લે. સૌભાગ્યવિમલ	૩૪૮
લ૦ ,,	આષાઢભૂતિ રાસ	લે. કુશલવિજય	૪૦૮
લ૦ ,,	શ્રેણિક રાસ	લે. વર્ધમાંન	૪૩૩
૧૬૯૮	આલોયણુ છત્રીશી	સમયસુંદર	૩૮૯
,,	પ્રસન્નચંદ્ર રાસ	રાજસાગર	૪૮૬
,,	શીલવતી ચો.	દેવરત્ન (૧)	૫૮૫
,,	અમરસેન રાસ	ત્રિકમ	૫૮૯
લ૦ ૧૬૯૮	પ્રદેશી રાજા રાસ	જ્ઞાનચંદ	૫૮૭
,, ,,	+ સમ્મેતશિખર તીર્થમાળા	લે. ચંદ્રકુશલ	૪૬૫
૧૬૯૯	ગુણુધર્મ રાસ	મતિસાર	૫૦૩
,,	ગજસુકુમાર રાસ	જિનરાજસૂરિ	૫૫૩
,,	રૂપચંદ ઋષિરાસ	ત્રિકમ	૫૮૮
,,	+ વૈકુંઠ પંથ	ભીમ	૫૯૮
લ૦ ,,	પાંચ પાંડવ સ.	લે. સુમતિરુચિ	૧૫૯
લ૦ ,,	તેજસાર રાસ	જયસાગર	૨૧૬

સંવત્		કૃતિ	કર્તા	પૃષ્ઠ
લ૦	૧૭૧૨	શાંબપ્રદ્યુમ્ન ચો.	લે. મહિમોદય	૩૩૫
,,	,,	ચાર પ્રત્યેકબુદ્ધ ચો.	લે. માનવિજય	૩૪૨
લ૦	૧૭૧૩	રામકૃષ્ણ ચો.		૨૧૭
લ૦	૧૭૧૪	નેમનાથ રાસ		૫૬૯
લ૦	૧૭૧૬	સિંહાસન બત્રીશી	લે. વૈરાગ્યસમુદ્ર	૨૩૭
લ૦	૧૭૧૭	સિદ્ધચક્ર (શ્રીપાલ)રાસ	લે. ધનવિજય	૫૯
લ૦	,,	પુરંદર ચો.		૩૦૯
લ૦	,,	સમેતશિખર તીર્થમાળા	લે. હેતુસાગર	૪૬૫
લ૦	૧૭૧૮	જંબૂદ્વીપ વિચાર સ્ત.	લે. ધનહર્ષ	૫૦૫
લ૦	,,	વૈદ્યકસાર રત્નપ્રકાશ		૫૭૩
લ૦	૧૭૨૨	ચંદન મલયાગિરિ રાસ	ભદ્રસેન	૫૯૬
લ૦	,,	,,	લે. મનોહર	૫૯૭
લ૦	,,	આષાઢભૂતિ સ.	લે. સુમતિવિજય	૨૪૬
લ૦	,,	બારઆરા સ્ત.		૪૨૮
લ૦	,,	શાલિભદ્ર રાસ		૫૦૨
લ૦	,,	અગડદત્ત રાસ	લે. દુર્ગસિંહ	૫૧૦
લ૦	૧૭૨૪	ધનદત્ત ચો.	લે. દીપ્તિવિજય	૩૬૯
લ૦	,,	હીરવિજયસૂરિ રાસ	લે. સૂરવિજય	૪૯૯
લ૦	૧૭૨૫	શીલવતી ચો.		૫૮૫
લ૦	૧૭૨૬	અંજનાસુંદરી રાસ	લે. દીપસાગર	૫૬૬
લ૦	૧૭૨૯	ઢાલસાગર	લે. સાધુવિજય	૫૦૦
લ૦	૧૭૩૦	સિદ્ધચક્ર (શ્રીપાલ) રાસ		૫૯
લ૦	,,	સારબાવની	લે. દયાતિલક	૫૩૯
લ૦	૧૭૩૧	આદિનાથ વિવાહલો		૪૫૪
લ૦	૧૭૩૩	મોતી કપાસીયા સંવાદ	લે. મતિવિમલ	૫૩૭
લ૦	,,	વંકચૂલ રાસ	લે. શાંતિવિજય	૫૯૧

સંવત્	કૃતિ	કર્તા	પૃષ્ઠ
લ૦ ૧૭૩૫	શીલ રાસ		૧૪૯
,, ,,	વિજયસિંહસૂરિ રાસ	લે, ક્ષમાવિજય	૨૯૯
લ૦ ૧૭૩૬	નેમિરાસ		૨૪૪
લ૦ ૧૭૩૭	સિદ્ધચક્ર (શ્રીપાલ) રાસ		૫૯
લ૦ ૧૭૩૮	કલાવતી રાસ		૧૫
લ૦ ૧૭૪૧	હરિબળ રાસ	લે. અજયસાગર	૧૩૦
લ૦ ૧૭૪૨	તેજસાર રાસ	લે. પ્રેમવિજય	૨૧૫
લ૦ ૧૭૪૩	જ્ઞાનપંચમી સ્ત.	લે. આણંદકુશલ	૩૦૦
લ૦ ,,	ગજસુકુમાલ રાસ		૫૫૪
લ૦ ૧૭૪૫	,,		૫૫૫
લ૦ ૧૭૪૬	શાલિભદ્ર રાસ	લે. ખેમાવિજય	૫૦૨
લ૦ ૧૭૪૭	+ દાનાદિ સંવાદ		૩૩૬
લ૦ ૧૭૪૮	આષાઢભૂતિ રાસ		૪૦૮
લ૦ ૧૭૪૯	ધનદત્ત ચો.		૪૬૯
લ૦ ૧૭૫૦	શુકબહોતરી	લે. જ્ઞાનવિજય	૨૩૩
લ૦ ૧૭૫૧	હરિવંશ રાસ		૫૫
લ૦ ,,	તીર્થમાલા સ્ત.	રાયચંદ	૨૨૮
લ૦ ,,	મહાવીર સ્ત.	,,	૩૭૫
લ૦ ૧૭૫૨	+ હંસરાજ વત્સરાજ રાસ		૫૧૨
લ૦ ૧૭૫૩	સિદ્ધચક્ર (શ્રીપાલ) રાસ	લે. જીવનચંદ્ર	૫૯
લ૦ ,,	અંજનાસુંદરી રાસ	લે. ધર્મસુંદર	૫૩૩
લ૦ ૧૭૫૫	ગજસુકુમાર ચો.		૫૬૪
લ૦ ૧૭૫૮	જિનધર્મ મંજરી		૩૯૭
લ૦ ૧૭૫૯	કુમતિ કુધ્વંસ ચો.	લે. ઉત્તમવિજય	૨૪૦
લ૦ ,,	શ્રેણિક રાસ	લે. રામવિજય	૪૩૩
લ૦ ૧૭૫૯	હીરવિજયસૂરિ રાસ		૪૪૯

સંવત્		કૃતિ	કર્તા	પૃષ્ઠ
લ૦	,,	ગજસુકુમાલ રાસ	લે. દયામૂર્ત્તિ	૫૫૫
લ૦	૧૭૬૦	+ પ્રેમલાલચ્છી રાસ (ચંદરાસ)		૫૫૧
લ૦	૧૭૬૨	નીતિશાસ્ત્ર પંચાખ્યાન ચો.	લે. મગયલસાગર	૨૭૪
લ૦	,,	+ ચોવીશી	લે. સુખહેમ	૫૫૮
લ૦	,,	દ્રૌપદી રાસ	લે. કહાનજી	૫૭૨
લ૦	૧૭૬૩	શુકરાજ સાહેલી	લે. પદ્મવિજય	૧૨૮
,,	,,	મૃગાપુત્ર સ.	લે. ધર્મવિલાસ	૫૯૨
લ૦	૧૭૬૪	અંબડ કથાનક ચો.		૨૫૨
લ૦	૧૭૬૫	વેતાલપચીસી	લે. સુજાણહંસ	૨૮૯
લ૦	,,	પુન્યસાર રાસ	લે. કુશલચંદ	૪૦૬
લ૦	,,	+ હંસરાજ વચ્છરાજ રાસ	લે. સદારામ	૫૧૨
લ૦	૧૭૬૬	શીલરાસ	લે. લાલચંદ્ર	૧૪૯
લ૦	,,	નલદવદંતી રાસ	લે. જીતકુશલ	૩૫૧
લ૦	,,	નવતત્ત્વ રાસ		૪૨૪
લ૦	૧૭૬૭	ગોરાવાદલ–પદ્મણી રાસ		૨૧૧
લ૦	૧૭૬૭	ગજસુકુમાલ રાસ	લે. માનચંદ	૪૦૯
લ૦	૧૭૬૮	કુલધ્વજ રાસ	લે. અમરવિજય	૫૦૮
લ૦	૧૭૬૯	જંબુચરિત	લે. કુશલચંદ	૫૬૩
લ૦	,,	+ શત્રુંજય પરિપાટી	લે. ગુણચંદ્ર	૫૮૧
લ૦	૧૭૭૦	+ચાર પ્રત્યેકબુદ્ધ ચો.	લે. સમયધીર	૩૪૨
,,	,,	સુમિત્ર રાજર્ષિ રાસ	લે. ધનજી	૩૪૨
,,	,,	+ નેમિસાગર રાસ	લે. વિંનીતવિજય	૪૧૫
લ૦	૧૭૭૧	+ ચાર પ્રત્યેકબુદ્ધ ચો.	લે. જયસૌભાગ્ય	૪૮૫
લ૦	,,	અભયકુમાર રાસ		૪૫૧
લ૦	૧૭૭૮	રત્નસાર ચો.	લે. દોલતચંદ્ર	૧૨૫
લ૦	૧૭૮૧	ધર્મબુદ્ધિમંત્રી ચો.	લે. રંગપ્રમોદ	૫૭૯

સંવત્	કૃતિ	કર્તા	પૃષ્ઠ
લ૦ ૧૭૮૨	કોકશાસ્ત્ર ચો.		૩૨૫
લ૦ ,,	ગજસુકુમાલ રાસ		૪૦૮
લ૦ ,,	જંબૂ ચો.	લે. ખેમજી	૫૬૭
લ૦ ૧૭૮૪	શામનીભાનુ મૃગાવતી ચો.	લે. મહિરચંદ	૫૪૯
લ૦ ૧૭૮૫	+ હંસરાજ વચ્છરાજ રાસ	લે. કૃષ્ણજી	૫૧૩
લ૦ ૧૭૮૭	શાંબપ્રદ્યુમ્ન ચો.	લે. પ્રતાપવિજય	૩૩૫
લ૦ ૧૭૮૯	મૃગાવતી ચો.		૩૪૮
લ૦ ૧૭૯૨	શાલિભદ્ર ચો.	લે. મનોહરસાગર	૫૦૨
લ૦ ૧૭૯૩	મહાવીર ૨૭ ભવસ્ત.		૫૯૪
લ૦ ૧૭૯૮	ઢાલસાગર		૫૦૦
લ૦ ૧૭૯૯	પ્રદેશીરાજા રાસ		૫૮૮
લ૦ ૧૮૦૦	વિક્રમાદિત્ય ચો.		૨૯૧
લ૦ ૧૮૦૩	મૃગાવતી ચો.		૩૪૮
લ૦ ૧૮૦૮	રાત્રિભોજન રાસ	લે. પ્રસિદ્ધસાગર	૧૧૯
લ૦ ,,	ગજસુકુમાલ રાસ	લે. ખુશ્યાલચંદ્ર	૫૫૫
લ૦ ૧૮૧૦	શાલિભદ્ર રાસ	લે. શ્યામજી	૫૦૩
લ૦ ૧૮૧૧	ગોડી પાર્શ્વસ્ત.		૨૯૬
લ૦ ૧૮૧૨	ચંદનમલયાગિરિ રાસ	લે. ભાણુવિજય	૫૯૭
લ૦ ૧૮૧૩	(રૂપચંદ) કુમારરાસ		૪૦૬
લ૦ ૧૮૧૫	વીર જિનવેલી		૨૮૧
લ૦ ૧૮૧૮	મૃગાવતી ચો.		૩૪૮
લ૦ ,,	શાલિભદ્ર ચો.	લે. લાલવિજય	૫૦૨
લ૦ ૧૮૧૯	સત્તરભેદી પૂજા		૨૨૦
લ૦ ૧૮૨૧	ઉપદેશ સત્તરી	લે. થિરપાલ	૫૩૯
લ૦ ૧૮૨૫	સત્તરભેદી પૂજા		૨૨૦
લ૦ ,,	હીરવિજયસૂરિ રાસ	લે. અમૃતવિજય	૪૪૯, ૪૫૦

સંવત	કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
લ૦ ૧૮૨૮	પુન્યસાર રાસ	લે. સુજ્ઞાનસાગર	૪૦૬
લ૦ ૧૮૨૯	વેતાલ પચીસી	લે. કૃષ્ણુવિજય	૨૨૩
લ૦ ,,	રાવણુ મંદોદરી સં.	શ્રીધર (જૈનેતર)	૪૬૬
લ૦ ૧૮૩૦	નલ દવદંતી રાસ	લે. કનકરૂચિ	૩૫૨
,, ,,	સત્તરભેદી પૂજા		૪૬૭
લ૦ ૧૮૩૩	+ હરિશ્ચંદ્ર રાસ	લે. જ્ઞાનરાજ	૫૮૪
લ૦ ૧૮૩૭	+ નવપલ્લવ પાર્શ્વનાથ કલશ	લે. કાંતિકુશલ	૬૬
લ૦ ૧૮૪૦	સુદર્શન ચો.		૧૫૫
,, ,,	શુકબહોતરી		૨૩૩
,, ,,	પુરંદર ચો.		૩૦૯
લ૦ ૧૮૪૨	તીર્થમાલા	લે. વિનોદરૂચિ	૩૦૪
લ૦ ૧૮૪૨	વાસુપૂજ્ય રોહિણી સ્ત.	લે. પ્રમોદસાગર	૫૪૦
લ૦ ૧૮૪૩	આનંદસંધિ	લે. અમોલકચંદ	૫૩૫
લ૦ ૧૮૪૪	નલ દવદંતી રાસ		૩૫૨
લ૦ ૧૮૪૫	કુમારપાલ રાસ		૪૧૯
લ૦ ૧૮૪૫	શત્રુંજય માહાત્મ્ય		૫૨૫
લ૦ ૧૮૫૨	આનંદસંધિ		૫૩૫
લ૦ ૧૮૫૫	+ શત્રુંજય રાસ	લે. લખમીચંદ	૨૫૮
લ૦ ,,	તીર્થમાલા		૩૦૪
લ૦ ,,	હિતશિક્ષા રાસ	લે. જ્ઞાનચંદ્ર	૪૩૭
લ૦ ૧૮૫૬	કૃતપુણ્ય રાસ		૫૦૧
લ૦ ૧૮૬૧	મહાવીર નિર્વાણુ સ્ત.	લે. ગોવિંદરત્ન	૫૯૫
લ૦ ૧૮૬૪	નલદવદંતી રાસ	લે. શિવજી	૩૫૨
લ૦ ૧૮૬૭	ગજસુકુમાલ રાસ		૩૧૮
લ. ૧૮૭૦	+સુરસુંદરી રાસ	લે. જેચંદ	૨૬૨

સંવત્		કૃતિ	કર્ત્તા	પૃષ્ઠ
લ.	૧૮૭૩	રત્નસાર ચો.		૧૨૫
લ.	૧૮૭૬	ચંપકશ્રેષ્ઠી ચો.	લે. શિવજી	૩૬૮
લ.	૧૮૭૭	સંગ્રહિણી		૪૯૭
લ.	૧૮૮૪	ઢાલસાગર	લે. હીરાચંદજી	૫૦૦
લ.	૧૮૮૬	સીતારામ ચો.	લે. ક્ષમાવર્ધન	૩૬૫
લ.	૧૮૮૯	વાસુપૂજ્ય ફાગ.		૨૭૬
લ.	૧૮૯૫	અંતરિક પાર્શ્વછંદ	રંગવિજય (!)	૮૦
લ.	૧૮૯૯	+ચાર પ્રત્યેક બુદ્ધ ચો.	લે. ગંડારામ	૩૪૨
લ.	૧૯૦૧	સિંહાસન બત્રીસી.		૨૩૭
લ.	૧૯૦૭	+ગૌતમ પૃચ્છા ચોપઇ		૭૩
લ.	૧૯૦૮	ગજસુકુમાલ રાસ		૫૫૫
લ.	૧૯૧૨	જિનપ્રતિમા સ્ત.		૫૪૧
લ.	૧૯૧૭	સૌભાગ્ય પંચમી સ્ત૦	લે. ચતુર્ભુજ	૫૯૪
લ.	૧૯૨૨	આનંદ સંધિ		૫૩૫
લ.	૧૯૩૧	ગુરૂ છત્રીશી		૧૪૧
લ.	૧૯૩૨	નેમિચંદ્રાવલા	લે. ધર્મવિજય	૩૧૭
લ.	૧૯૪૨	+રામયશો રસાયન રાસ	લે. નારણજી	૫૨૪
લ.	૧૯૭૫	પૂજાવિધિ રાસ		૪૩૦